ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૨૧

મંગળવાર, તા. ૨૧ મી માર્ચ, ૨૦૦૬
ફાલ્ગુન ૩૦, ૧૯૨૭ શાકે

થી

શુક્રવાર, તા. ૨૪મી માર્ચ, ૨૦૦૬
ચૈત્ર ૩, ૧૯૨૮ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**અગિયારમી ગુજરાત વિધાનસભા**

**નવમું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **મંગળવાર, તા.૨૧મી માર્ચ, ૨૦૦૬ / ફાલ્ગુન ૩૦, ૧૯૨૭ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧ - ૪૫ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૪૬ - ૫૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૬૦ - ૧૧૧ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૧૧૨ - ૧૧૫ |
| સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો | ૧૧૬ - ૧૧૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૧૭ - ૧૫૩ |
| **બુધવાર, તા. ૨૨ મી માર્ચ, ૨૦૦૬ / ચૈત્ર ૧, ૧૯૨૮ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૫૪ - ૧૬૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૬૭ - ૨૩૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૩૩ - ૨૩૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૩૫ - ૩૧૦ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૩૧૧ - ૩૧૩ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૩૧૪ - ૩૧૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૩૧૫ - ૩૬૩ |

## અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **ગુરુવાર, તા. ૨૩મી માર્ચ, ૨૦૦૬ / ચૈત્ર ૨, ૧૯૨૮ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૩૬૪ - ૩૭૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૭૬ - ૪૧૮ |
| મુખ્ય મંત્રીશ્રીનું નિવેદન (નિયમ- ૪૪) | ૪૧૯ - ૪૧૯ |
| સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો | ૪૨૦ - ૪૨૦ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૪૨૧ - ૪૨૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૨૨ - ૪૬૦ |
| બિન સરકારી સંકલ્પો | ૪૬૧ - ૪૮૦ |
| **શુક્રવાર, તા. ૨૪મી માર્ચ, ૨૦૦૬ / ચૈત્ર ૩, ૧૯૨૮ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૪૮૧ - ૪૯૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૯૪ - ૫૪૪ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૫૪૫ - ૫૪૬ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૫૪૭ - ૫૪૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) | ૫૪૮ - ૫૬૫ |
| ગિલોટીન થયેલી માગણીઓ | ૫૬૬ - ૫૬૭ |


***

**ગુજરાત વિધાનભા**
**મંગળવાર, તા. ૨૧ મી માર્ચ, ૨૦૦૬**
**ફાલ્ગુન ૩૦, ૧૯૨૭ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

**શ્રમ અને રોજગાર વિભાગ**

**માગણી ક્રમાંક ૫૬**

**શ્રી મુળુભાઈ હ. બેરા (રાજય કક્ષાના શ્રમ અને રોજગારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગની સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૪૫,૨૦,૦૦૦ ની માગણી ક્રમાંક ૫૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૫૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૫૭**

**શ્રી મુળુભાઈ હ. બેરા (રાજય કક્ષાના શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧,૨૫,૬૫,૨૩,૦૦૦ ની માગણી ક્રમાંક ૫૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૫૭ રજૂકરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૯૨**

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણ સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૩,૦૪,૩૭,૦૭,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૫,૯૧,૯૧,૦૦૦ ની માગણી ક્રમાંક ૯૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૯૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.**

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૯૫**

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ રૂા. ૩,૩૫,૮૧,૧૪,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની રૂા.૪૪,૯૮,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૯૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૯૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરવામાં આવી.**

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરવામાં આવી.**

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૬–૨૦૦૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા.૨૧–૩–૨૦૦૬ (પહેલી બેઠક) (આઠમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **શ્રમ અને રોજગાર વિભાગ**<br>**માગણી નં. ૫૬** | |
| * ૧. | ૨૨૫૧–સચિવાલય....સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–શ્રમ અને રોજગાર વિભાગ<br>રૂા.૩,૪૫,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૮૦–૮૧ | ૧૦૦ | બેરોજગારોને રોજગારી પૂરી પાડવા માટેનું જરૂરી આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૨. | –– " –– | ૧૦૦ | બેરોજગાર યુવાનોને બેરોજગારી ભથ્થું આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૩. | –– " –– | ૧૦૦ | ઉદ્યોગો દ્વારા ઈરાદાપૂર્વક તાળાબંધી કરી છૂટા કરવામાં આવતા કામદારોના હિતની રક્ષા કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| * ૪. | –– " –– | ૧૦૦ | ઉદ્યોગપતિઓ મારફત શ્રમિકોનું થતું શોષણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૫. | –– " –– | ૧૦૦ | કારીગરોને લઘુત્તમ વેતન ચૂકવવામાં આવે તે માટે ઘટતી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૬. | –– " –– | ૧૦૦ | મોટા ઉદ્યોગ માલિકોની તરફદારી કરવાથી કામદારોને થતો અન્યાય નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૭. | –– " –– | ૧૦૦ | સ્થાનિક બેરોજગારોની ભરતી ન કરતા ઉદ્યોગકારો સામે સખતાઈપૂર્વક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૮. | –– " –– | ૧૦૦ | કામદારોના વેતન તેમજ તેમને અપાતી સુવિધાઓને લગતા પ્રશ્નોનું નિરાકરણ સત્વરે લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| * ૯. | –– " –– | ૧૦૦ | આઈ.ટી.આઈ. જેવી સંસ્થાઓનો વ્યાપ વધારી તેના આધુનિકીકરણનો લાભ લોકોને અપાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૧૦. | ૨૨૫૧–સચિવાલય....સેવાઓ<br>૦૯૦–સચિવાલય | ૧૦૦ | પુરૂષ અને મહિલા કારીગરોને વેતન આપવામાં થતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧–શ્રમ અને રોજગાર વિભાગ<br>રૂા.૩,૪૫,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૮૦–૮૧ | | | |
| ૧૧. | –– " –– | ૧૦૦ | નિવૃત્ત થયેલા કામદારોને મળવાપાત્ર લાભ સત્વરે અપાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. દિનેશ પરમાર |
| * ૧૨. | –– " –– | ૧૦૦ | ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પાટણ જિલ્લાની બાલીસણા આઈ.ટી.આઈ. તેમજ અન્ય આઈ.ટી.આઈ ખાતે ફરજ બજાવતા કર્મચારીઓની સરકારની નીતિ અનુસાર બદલી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માગણી નં. ૫૭** | | |
| * ૧૩. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–એલ.બી.આર.–૧–શ્રમ આયુકત<br>રૂા.૩,૭૫,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૬–૭ | ૧૦૦ | કામદારોને વિવિધ યોજનાઓની સંપૂર્ણ અને વિગતવાર માહિતી સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૧૪. | –– " –– | ૧૦૦ | કામદારોની તરફેણમાં આવેલા હુકમોનો સત્વરે અમલ કરાવી તેઓને મળવા પાત્ર રકમ ઝડપથી અપાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૧૫. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૧૦૧–ઔદ્યોગિક સંબંધો<br>રૂા.૩,૮૧,૯૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૧૪–૨૬ | ૧૦૦ | જિલ્લા કક્ષાએ મજૂર અને માલિકો વચ્ચેના ઔદ્યોગિક સંબંધો સુમેળ ભર્યા બની રહે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| * ૧૬. | –– " –– | ૧૦૦ | ઔદ્યોગિક સંબંધો જાળવવા કામદારો અને માલીકો વચ્ચે કડીરુપ બને તેવા અધિકારીની નિમણૂક કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| * ૧૭. | –– " –– | ૧૦૦ | ખેડા તથા આણંદ જિલ્લામાં બીડી ઉદ્યોગ સાથે સંકળાયેલા શ્રમિકોના હિતને પ્રાધાન્ય આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૮. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૧૦૨–કામકાજની....સલામતી<br>૦૧–એલ.બી.આર૧૦–<br>અકસ્માતો...એકમ<br>રૂા.૧,૦૦,૬૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૨૭–૨૮ | ૧૦૦ | અકસ્માતમાં ભોગ બનતા કામદારોને સત્વરે આર્થિક સહાય મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| * ૧૯. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૧૦૨–કામકાજની....સલામતી<br>૦૧–એલ.બી.આર.–૧૦–અકસ્માતો...એકમ<br>રૂા.૧,૦૦,૬૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૨૭–૨૮ | ૧૦૦ | ઔદ્યોગિક એકમોમાં શ્રમિકોના કામકાજની સ્થિતિ અને સલામતી માટે પૂરતાં પગલાં લેવામાં તંત્રીની ઉદાસીનતા. | |

| | | | | |
|---|---|---|---|---|
| * ૨૦. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧– શ્રમ<br>૧૦૨–કામકાજની....સલામતી<br>૦૪–એલ.બી.આર.–૧૩–<br>મુખ્ય ..... મહેકમ<br>રૂા.૧,૧૭,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૩૧–૩૨ | ૧૦૦ | ઔદ્યોગિક એકમોમાં વરાળથી ચાલતા બોઈલરોની ક્ષમતાની નિયમિત ચકાસણી કરવામાં તંત્રની અક્ષમ્ય બેદરકારી | |
| * ૨૧. | –– " –– | ૧૦૦ | મુખ્ય વરાળ બોઈલર નિરીક્ષકની કચેરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૨૨. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧– શ્રમ<br>૧૦૩–સામાન્ય મજૂર કલ્યાણ<br>૧૬–બાળ.અમલીકરણ<br>રૂા. ૩,૮૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૩૮ | ૧૦૦ | બાળમજૂર ધારાનો સખતાઈથી અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૨૩. | –– " –– | ૧૦૦ | હોટલ અને ઔદ્યોગિક એકમોમાં મજૂરો તરીકે બાળકો પાસે કરાવાતી મજૂરી બંધ કરાવવામાં તંત્રની સરિયામ નિષ્ફળતા | |
| * ૨૪. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૨– રોજગાર<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂા.૭,૪૫,૨૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૪૩–૪૬ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોના બેરોજગાર યુવાનોને રોજગારી મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૨૫. | –– " –– | ૧૦૦ | સ્નાતક બેરોજગાર યુવાનોને રોજગારીની તકો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૨૬. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૩– તાલીમ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–ઈ.એમ.પી.–૫<br>રોજગાર...બનાવવી<br>રૂા.૧,૦૩,૯૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૬૧–૬૨ | ૧૦૦ | ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં અનુભવી શિક્ષકોની ભરતી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૨૭. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૩– તાલીમ<br>૧૦૧–ઔદ્યોગિક તાલીમ<br>સંસ્થા<br>૦૧–ઈ.એમ.પી.–૧–<br>સરકારી.....યોજના<br>રૂા. ૬૪,૬૩,૭૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પા.નં. ૭૩–૭૪ | ૧૦૦ | ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં યુવાનોને સંપૂર્ણ જ્ઞાન મળે તેવી રોજગારલક્ષી તાલીમ આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| | **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>**માગણી નં. ૯૨** | | | |
| * ૨૮. | ૨૨૨૫–અનુસૂચિત.....કલ્યાણ<br>૦૩–પછાત વર્ગોનું કલ્યાણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૨–બી.સી.કે. ૧૨૮<br>સામાજિક....બનાવવું | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઇસમોને જાતિના દાખલા આપવામાં ચાલતી વ્યાપક ગેરરીતિ અટકાવવામાં તંત્રની ઘોર નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા.૨,૬૩,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૨૨–૨૩ | | | |
| *<br>૨૯. | –– " –– | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિકાસ માટે જરૂરી નાણાંકીય આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| *<br>૩૦. | –– " –– | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની જુદી જુદી યોજનાઓ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટ ની રકમમાં દર વર્ષે થતો જતો ઘટાડો નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| *<br>૩૧. | –– " –– | ૧૦૦ | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના કલ્યાણ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| *<br>૩૨. | –– " –– | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેની જુદી જુદી યોજનાઓને મૃતઃપ્રાય થતી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૩. | –– " –– | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેની યોજનાઓ માટે સમયસર નાણાકીય સહાય ચૂકવવામાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| *<br>૩૪. | ૨૨૨૫–અનુસુચિત.....કલ્યાણ<br>૦૩–પછાત વર્ગોનું કલ્યાણ<br>૧૦૨–આર્થિક વિકાસ<br>૦૧–બી.સી.કે. ૧૦૦–<br>કુટિર..... સહાય<br>રૂા.૨,૭૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૩૦ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના યુવાનોને કુટિર ઉદ્યોગ દ્વારા સ્વરોજગાર મળી રહે તે માટે પૂરતી નાણાંકીય સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| *<br>૩૫. | ૨૨૨૫–અનુસુચિત.....કલ્યાણ<br>૦૩–પછાત વર્ગોનું કલ્યાણ<br>૧૦૨–આર્થિક વિકાસ<br>૦૧–બી.સી.કે. ૧૦૦–<br>કુટિર..... સહાય<br>રૂા.૨,૭૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૩૦ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના લોકોને કુટિર ઉદ્યોગો માટે જરૂરી નાણાંકીય સહાય પૂરી પાડવામાં ચાલતી ગેરરીતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| *<br>૩૬. | ૨૨૨૫–અનુસુચિત.....કલ્યાણ<br>૦૩–પછાત વર્ગોનું કલ્યાણ<br>૧૦૨–આર્થિક વિકાસ<br>૦૪–બી.સી.કે. ૧૦૨–<br>લેખકો .... સહાય<br>રૂા.૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ ભાગ–૧)<br>પા.નં. ૩૨ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લેખકો અને કવિઓને તેમના લેખોના પ્રકાશન માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *<br>૩૭. | ૨૨૨૫–અનુસુચિત.....કલ્યાણ<br>૦૩–પછાત......કલ્યાણ<br>૧૦૨–આર્થિક વિકાસ<br>૧૨–બી.સી.કે. ૧૧૪–<br>સામાજિક .... સહાય<br>રૂા.૨૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૩૫ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની ભરવાડ અને રબારી જાતિની વ્યકિતઓને ઘાસચારા અંગે સમયસર સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| *<br>૩૮. | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ભરવાડ અને રબારી જાતિના ઈસમોને ઘાસચારા માટે પૂરતુ અનુદાન ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૯. | ૨૨૨૫–અનુસુચિત.....કલ્યાણ<br>૦૩–પછાત વર્ગોનુ કલ્યાણ<br>૨૭૭–શિક્ષણ<br>૦૨–બી.સી.કે. ૧૨૯–<br>શિક્ષણ .... શિષ્યવૃત્તિ<br>રૂા. ૬,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૪૦ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના બાળકો માટે શિક્ષણ ગરીબી નાબૂદી કાર્યક્રમને ચેતનવંતો બનાવી એસ.એસ.સી. પહેલાંના વિદ્યાર્થીઓને સત્વરે રાજય શિષ્યવૃત્તિ ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. દિનેશ પરમાર |
| ૪૦. | ૨૨૨૫–અનુસુચિત.....કલ્યાણ<br>૦૩–પછાત વર્ગોનું કલ્યાણ<br>૨૭૭–શિક્ષણ<br>૦૮–બી.સી.કે. ૧૩૦–<br>ગરીબી .... કપડાં<br>રૂા.૪,૮૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૪૪ | ૧૦૦ | ગરીબી નિવારણ કાર્યક્રમ હેઠળ ધો. ૧ થી ૭માં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના બાળકોને મફત પુસ્તકો અને કપડાં આપવાની યોજનાને સફળ બનાવવા પ્રત્યે તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૪૧. | ૨૨૨૫–અનુસૂચિત.....કલ્યાણ<br>૦૩–પછાત વર્ગોનું કલ્યાણ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૧–બી.સી.કે. ૧૨૧–<br>સમાજ શિક્ષણ શિબિરો<br>રૂા.૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૫૯ | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટે સમાજ શિક્ષણ શિબિરો નિયમિત સમયાંતરે યોજવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મનહરલાલ મકવાણા |
| ૪૨. | ૨૨૩૫–સામાજિક.....કલ્યાણ<br>૦૨–સમાજ કલ્યાણ<br>૧૦૪–વૃઘ્ધો... કલ્યાણ<br>૦૨–ગરીબ .....કલ્યાણ<br>રૂા.૧,૫૧,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ ભાગ–૧)<br>પા.નં. ૭૯–૮૦ | ૧૦૦ | વૃઘ્ધ, અશકત અને નિરાધાર વ્યકિતઓને સમયસર સહાય ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| *<br>૪૩. | ૨૨૩૫–સામાજિક ....કલ્યાણ<br>૦૨–સમાજ કલ્યાણ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૧–એસ.સી.ડબલ્યુ–૨૩–<br>ભિક્ષા... કાર્યક્રમ<br>રૂા.૨,૯૨,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૧)<br>પા.નં. ૮૫–૮૬ | ૧૦૦ | ભિક્ષા નાબૂદી કાર્યક્રમનો અમલ કરી ભિક્ષુકોના પુનઃ સ્થાપના માટેનો કાર્યક્રમ સફળ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| | **માગણી નં. ૯૫** | | | |
| ૪૪. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬–શિક્ષક..... સેવાઓ<br>૦૨–પ્રાથમિક..... સમાયોજન<br>રૂા.૪,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૨)<br>પા.નં. ૧૧ | ૧૦૦ | કોમ્પ્યુટીકરણ કાર્યક્રમ હેઠળ પ્રાથમિક શાળાઓનું કોમ્પ્યુટીકરણ કરી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું જ્ઞાન આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રવિણભાઈ મારૂ |
| ૪૫. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રારંભિક શિક્ષણ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓના અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓને ખાસ અંગભૂત યોજના હેઠળ મફત | શ્રી કુંવરજીભાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૮–પાઠય પુસ્તકો<br>૦૧–ઈ.એન.ડી.–૪–<br>અનુસૂચિત.....પાડવા<br>રૂા.૩,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૨)<br>પા.નં. ૧૨ | | પાઠય પુસ્તકો સમયસર પૂરાં પાડવામાં તંત્રની ઉદાસીનતા | બાવળીયા |
| *<br>૪૬. | ૨૨૧૦–તબીબી.....આરોગ્ય<br>૦૬–જાહેર આરોગ્ય<br>૧૦૧–રોગ..... નિયંત્રણ<br>૦૧–એચ.એલ.ટી.–૩૩–<br>રાષ્ટ્રીય.....કેન્દ્રો<br>રૂા.૨,૫૩,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૨)<br>પા.નં. ૨૨ | ૧૦૦ | રાષ્ટ્રીય મેલેરીયા નાબૂદી કાર્યક્રમ અન્વયે સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મેલેરીયાના દર્દીઓના લોહીની તપાસ માટે લેબોરેટરીની સગવડ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪૭. | ૨૨૧૦–તબીબી.....આરોગ્ય<br>૦૬–જાહેર આરોગ્ય<br>૧૦૧–રોગ..... નિયંત્રણ<br>૦૧–એચ.એલ.ટી.–૩૩–<br>રાષ્ટ્રીય.....કેન્દ્રો<br>રૂા.૨,૫૩,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૨)<br>પા.નં. ૨૨ | ૧૦૦ | રાષ્ટ્રીય મેલેરીયા નાબૂદી કાર્યક્રમ અન્વયે સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સમયસર અને પૂરતી દવાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. દિનેશ પરમાર |
| ૪૮. | ૨૨૨૫–અનુસૂચિત જાતિ કલ્યાણ<br>૦૧–અનુસૂચિત......કલ્યાણ<br>૨૮૩–આવાસન....<br>૦૧–બી.સી.કે–૫૦–<br>અનુસૂચિત....સહાય<br>રૂા.૮,૨૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૨)<br>પા.નં. ૭૪ | ૧૦૦ | અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના અન્વયે ડૉ. આંબેડકર આવાસ યોજના માટે વ્યકિતગત ધોરણે નાણાંકીય સહાય આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મનહરલાલ મકવાણા |
| ૪૯. | ૨૨૨૫–અનુસૂચિત... કલ્યાણ<br>૦૧–અનુસૂચિત......કલ્યાણ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૬–બી.સી.કે.–૫૫–<br>અનુસૂચિત.....સહાય<br>રૂા.૩,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૨)<br>પા.નં. ૭૯ | ૧૦૦ | અનુસૂચિત જાતિની કન્યાઓને કુંવરબાઈના મામેરા પેટે નાણાકીય સહાય તાકીદે ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઈ મારૂ |
| ૫૦. | ૨૨૨૫–અનુસૂચિત... કલ્યાણ<br>૦૧–અનુસૂચિત......કલ્યાણ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૯–બી.સી.કે.–૫૭–<br>માઈ.....સહાય<br>રૂા.૩૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૨)<br>પા.નં. ૮૦ | ૧૦૦ | માઈ રમાબાઈ આંબેડકર "સાત ફેરા સમૂહ લગ્નમાં" યોજના હેઠળ થયેલા સમૂહ લગ્નો માટે સમયસર નાણાકીય સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. દિનેશ પરમાર |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને તેની ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**ડૉ. દિનેશ પરમાર (જામનગર(રુરલ)** :માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી માગણી ક્રમાંક-૯૨ અને ૯૫ લઈને આવ્યા છે એની ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના બંધારણના રચયિતા ડો. બી.આર. આંબેડકરે જે રીતે બંધારણ બનાવ્યું અને અધિકારોથી વંચિત લોકોને એમના અધિકાર આપ્યા અને એ અધિકાર સંપન્ન લોકોને જે રીતના અપમાનિત જીવન જીવતા હતા એના બદલે સન્માનનીય જીવન જીવવા માટેની તક પૂરી પાડી હતી. ડો. આંબેડકરે એમ કહયું છે કે દલિતોનો પ્રશ્ન એ માત્ર રોટલો નથી, પરંતુ તેમના સ્વાભિમાનનો પ્રશ્ન છે, એટલે આત્મ સન્માન અને સ્વાભિમાનના ભોગે કોઈપણ ચલાવી ના લેવું જોઈએ એ જાતનો મંત્ર ડો. બાબાસાહેબે આ સમાજના લોકોને આપ્યો છે અને એટલા માટે તો બંધારણના મૂળભૂત અધિકાર આપીને અને એનું પ્રાવધાન કરવામાં આવ્યું છે એટલે આ ગુજરાતમાં દલિત ચળવળ અને દલિત મૂવમેન્ટ ચાલી રહી છે એ આખા આત્મસન્માન અને સ્વાભિમાનની મૂવમેન્ટ ચાલી રહી છે અને આ બાબતે મારે એટલું કહેવું જોઈએ કે સન્માનનીય ગૃહને હું જણાવવા માગું છું કે અનુસૂચિત જાતિઓના કલ્યાણની યોજનામાં જેમ ગયા વર્ષે પણ મેં કહયું હતું કે શૂન્ય બજેટ ફાળવવામાં આવ્યું છે. ઘણી જગ્યાએ ૫૦ ટકા કાપ મૂકવામાં આવ્યો છે અને ઘણામાં જે રકમ ફાળવવામાં આવી છે એમાંણી ૫૦ ટકા વપરાય નહીં અને બાકીના જમા કરાવવામાં આવે છે અને રહી સહી રકમ ફાળવવામાં આવે એના પણ ૫૦ ટકા વપરાય નહીં તો જે કાંઈ અપેક્ષા છે એ પરિપૂર્ણ થઈ શકે એમ હું માનતો નથી. ત્યારે મારે કહેવું જોઈએ કે દલિત સમાજના સ્વાભિમાન અને આત્મસન્માનના ભોગે કોઈપણ બાબત ન ચલાવી લેવી જોઈએ એના માટે વાત કરવા માટે હું આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રિવેન્શન ઓફ એટ્રોસિટી એકટ, ૧૯૮૯ જે દાખલ કરવામાં આવ્યો એ બાબતે કાયદાની જોગવાઈઓ ફરજિયાત-મેન્ડેન્ટરી છે, તેમ છતાં કાયદામાં સરકારી વકીલોએ કોર્ટમાં એ રીતનું બોલે કે આ કાયદો ફરજિયાત કે મેન્ડેન્ટરી નથી અને અનેક સરકારી વકીલો વિરુધ્ધ રજૂઆત કરવામાં આવતી હોય છે અને તેવા ચુકાદાઓમાં સરકારી વકીલો વિરુધ્ધ નામદાર કોર્ટે સ્ટ્રીકચર પસાર કરેલ છે એ જજમેન્ટમાં કહયું છે કે આ વકીલો કાયદા બાબતે ખોટી રજૂઆત કરી અર્થઘટન બરાબર કરતા નથી ત્યારે પાટણ જિલ્લાના કેસ નંબર ૧૫૧/૨, ૪૮/૦૨, અને ૪૯/૦૨ ના ચુકાદા સાથે રજૂઆતો અને ફરિયાદો સરકારમાં કરી એ બાબતમાં હજુસુધી સરકાર તરફથી કોઈ પગલાં લેવામાં આવતાં નથી. આવા ગંભીર પ્રકારની બેદરકારી દાખવનાર સરકારી વકીલો સામે પગલાં લેવા માટે દસ્તાવેજી પુરાવાઓ સાથે રજૂઆત કરવા છતાં વર્ષો સુધી પગલાં ના લેવામાં આવે. આ બાબતે કાયદા વિભાગે એવો લેખિત જવાબ આપ્યો છે કે સામાજિક ન્યાય અને અધિકારી વિભાગ સહકાર આપતો નથી. આ હું નથી બોલતો, પરંતુ કાયદા વિભાગનો લખેલો પત્ર એમ કહે છે કે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સહકાર આપતો નથી અને તેથી ગુનેગારો સરકારી વકીલો સામે પગલાં લઈ શકાતાં નથી. કાયદા વિભાગના પત્ર નંબર ૧૧-૧-૨૦૦૫, ૨૯-૩-૨૦૦૫, ૧૭-૧૧-૨૦૦૫ અને ૧૭-૨-૨૦૦૬ થી પત્રો લખીને આ સરકારી તંત્રને જાણ કરી હોવા છતાં એ પત્રોની સમીક્ષા કરી અહેવાલ આપવા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને જણાવેલ તેઓના અહેવાલ મધ્યે કાયદા વિભાગે પગલાં લેવાનાં હોય છે, પરંતુ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી સહકાર ન મળવાને કારણે જવાબદાર સરકારી વકીલો સામે નિયમાનુસાર પગલાં ભરી તેનો અહેવાલ સામાજિક ન્યાય અને અધિકારી વિભાગને આપી શકાયો નથી આ કેટલી ગંભીર બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં એટ્રોસિટી એકટના કેસોના રિવ્યુ માટે રાજય કક્ષાની મોનિટરિંગ કમિટીની બેઠક તા. ૨૨-૯-૨૦૦૫ ના દિવસે મળેલ. આવી મોનીટરીંગ સમિતિના અધ્યક્ષ, સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સચિવ હોય છે, તેની મીટિંગ ૨૨-૯-૨૦૦૫ના દિવસે મળેલી અને ચર્ચા અને પરામર્શ કરવા માટે આ મીટિંગ મળતી હોય છે. એમાં નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા એટ્રોસિટીના કેટલા કેસોમાં આરોપીઓ છૂટી ગયા છે અને કેટલા કેસોમાં સજા થઈ છે તેની જિલ્લા વાર માહિતી કાયદા વિભાગના કહેવા છતાં નહીં સુપરત કરવાને કારણે પણ આવા એકશન લઈ શકાતા નથી. જેથી સરકારી વકીલ સામે આજ દિન પર્યન્ત શિક્ષા અંગેની કોઈ કાર્યવાહી હાથ ધરી શકાઈ નથી. એવું કાયદા વિભાગના ૧૩મી માર્ચ ૨૦૦૬ના પત્રમાં લેખિત જણાવવામાં આવેલ છે. કેટલી ગંભીર બાબત કહી શકાય, કે રાજય કક્ષાની મોનીટરીંગ સમિતિ હોય અને આ વિભાગના વડા પોતે તેના ચેરમેન હોય અને છતાં જો પરિણામ લાવતા ન હોય તો તો આ તંત્ર કેટલું નિરર્થક થઈ ગયું છે કેટલું અસફળ છે અથવા તો કેવું મૂક પ્રેક્ષક થઈને જોઈ રહ્યું છે તે આપણે નજરે જોઈ શકીએ છીએ. એટ્રોસિટી એકટ ૧૯૯૫ ના નિયમ ૧૩ મુજબ રાજય સરકારે એ પણ સુનિશ્ચિત કરવાનું રહે છે કે વહિવટી તંત્રમાં અને પોલીસ દળમાં તમામ સ્થળે ખાસ કરીને પોલીસ ચોકી અને પોલીસ સ્ટેશનમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિ જાતિના લોકોની નિમણૂક થવી જોઈએ. જેથી આ જ્ઞાતિના લોકોને અન્યાય ન થાય અને સ્થાપિત હિતો અથવા તો જે માનસિકતા વાળા લોકો ત્યાં બેઠા છે તેનાથી આ લોકોને ન્યાય અપાવી શકાય. આનો અમલ થયો છે ખરો? એક પણ જગ્યાએ આનો અમલ કરવામાં આવતો નથી. તેથી પર્યાપ્ત પ્રતિનિધિત્વ આ સમાજના લોકોને મળતું નથી. અને તેના લીધે આવા કાયદાની જે

અમલવારી થવી જોઈએ તે અમલવારી પણ થતી નથી. આમ છતાં આ પ્રમાણે બનતું નથી સરકાર પોતે પણ કાયદાના નિયમની ખુલ્લી અવગણના કરે છે. અને તેનો અમલ થતો નથી. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ કામ કરતો નથી એમ ખુલ્લેઆમ હું કહું તો જરા પણ અતિશયોકિત નહીં લાગે. •* (XXX) મારે કહેવું જોઈએ કે એટ્રોસિટી એકટના નિયમ ૪(૧) અન્વયે દરેક જિલ્લામાં પ્રવર ધારા શાસ્ત્રીઓની પેનલ બનાવવાની હોય છે. અને તે પેનલમાંથી અનુસૂચિત જાતિના ફરિયાદીઓ જે તે સિનિયર વકીલને પોતે પસંદ કરી શકતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, દસ દસ વર્ષના વહાણા વાઈ ગયા છતાં પણ આ તંત્રને હજુ સમય મળ્યો નથી, કે એક પણ જિલ્લામાં આવી પ્રવર ધારા શાસ્ત્રીઓની પેનલ બનાવી શકે અને તેની રચના કરવાની કોઈ કાર્યવાહી કરી શકે. તેના ઉપરથી આપણે કલ્પના કરી શકીએ કે આ તંત્ર શું કરી રહ્યું છે. કઈ રીતે કાયદાઓથી પ્રસ્થાપિત કાર્યને પણ અવગણના કરતું હોય છે, અને એ રીતે આ તંત્ર પેનલ બનાવવા માટે પણ નિષ્ફળ ગયું છે ત્યારે મારે કહેવું જોઈએ. અને એમાં પણ કાયદા વિભાગે એમ કહ્યું છે કે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અમને સહકાર આપતો નથી. તેમણે આવો આક્ષેપ કરેલ છે, કાયદા વિભાગે કહેલ છે કે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે દરખાસ્ત કરવી જોઈએ તે કરવામાં આવતી નથી જેના લીધે આ જાતની પ્રવર ધારાશાસ્ત્રીઓની પેનલ બનતી નથી. એટ્રોસિટી કાયદાના નિયમ ૮ અન્વયે આઈ.જી.પી. કક્ષાના પોલીસ અધિકારીના વડપણ હેઠળ એક ખાસ પોલીસ રક્ષક એકમ બનાવવાનું હોય છે. આ પોલીસ એકમ તો બનાવવામાં આવ્યું પણ છેલ્લા દસ વર્ષમાં દર મહિને આ એકમની મીટિંગ કરી અને તેનો અહેવાલ દર મહિને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નોડલ ઓફિસર, સચિવ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને મોકલવાનો હોય છે. જ્યારે માહિતીના અધિકારો પ્રાપ્ત થયા ત્યારે તેના અનુસંધાનમાં અમે લખીને મોકલ્યું કે છેલ્લા દસ વર્ષમાં આઈ.જી.પી. કક્ષાએથી કેટલા કેસોમાં, કેટલી મીટિંગમાં રીવ્યુ કરવામાં આવ્યા અને કેટલા રિપોર્ટસ સરકારમાં રજૂ કરવામાં આવ્યા? તો નોડલ ઓફિસરે, પોલીસ મહાનિર્દેશકનો પત્ર ૩૧-૧-૨૦૦૬ ના જણાવ્યા મુજબ "માગ્યા મુજબની માહિતી અત્રેની કચેરીમાં ઉપલબ્ધ નથી તેથી માહિતી આપવામાં આવતી નથી" એવું જણાવેલ છે, હકીકતમાં આવા રિપોર્ટસ મોકલવામાં આવતા જ નથી. તો શું આ સરકાર કાગળ ઉપર ચાલે છે? આ સરકાર કોઈ ગંભીરતા લેવા માગે છે કે નહીં? અને સચિવશ્રી આ બાબતે શું કરે છે તેની પણ તેને જાણ નથી. દલિત મંત્રીશ્રી યોજનાના આંકડાઓથી ઉપરવટ જઈ અને વિચારે તો સાચા અર્થમાં આ સમાજના લોકોને ન્યાય અપાવ્યો ગણી શકાશે. દરેક જિલ્લામાં જિલ્લા તકેદારી સમિતિ, કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને મળેલી હોય છે. આ સમિતિમાં સુરેન્દ્રનગર જિલ્લાના કલેકટરશ્રીએ ગંભીર નોંધ લીધી છે મીટિંગની અંદર, પત્ર નંબર પવક તકેદારી સેલ પ૬૯૯/૪, તા. ૪-૯-૨૦૦૪થી લેખિતમાં ફરિયાદ કરી છે કલેકટરે કે સરકારી વકીલ મીટિંગમાં હાજર રહેતા નથી તેમની ગેરહાજરીના કારણે પેન્ડિંગ કેસોની ચર્ચા થઈ શકતી નથી. માગણી છતાં કોઈ વિગતો રજૂ કરતાં નથી. તેમજ સરકારી વકીલ કોઈ પ્રત્યુત્તર પાઠવતા નથી. આથી પણ વધારે ગંભીર ફરિયાદ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી વર્ગ-૧ સુરેન્દ્રનગર તેના પત્ર નં. પવક/સેલ/૦૪-૦૫/૩૭૧૭ તા. ૨૫-૬-૨૦૦૪ થી નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણને લેખિત ફરિયાદ કરેલ છે કે સરકારી વકીલ જજમેન્ટોની નકલો આપતા નથી. જેથી અમોએ તા. ૨૦-૫-૨૦૦૪ના રોજ સરકારી વકીલશ્રી જિલ્લા ન્યાયાલય સુરેન્દ્રનગરની કચેરીની રૂબરૂ મુલાકાત લઈ ના સાબિત થયેલ કેસો અને ના સાબિત થવાના કારણો-તારણો અંગેની વાત કરતા સરકારી વકીલ શ્રી * (XXXX)એકદમ ગુસ્સે થઈ ગયેલ અને નકલો નહિ આપવા જણાવેલ અને ફરીથી નિયામકશ્રીના તા. ૨૬-૫-૦૪ના પત્ર જે જિલ્લા સરકારી વકીલને સંબોધીને લખેલ તે અનુસંધાને જિલ્લા પછાત કલ્યાણ અધિકારીની કચેરીએથી તા. ૨૮-૫-૦૪ના રોજ પત્ર લખેલ છે. ત્યારબાદ ૧૭-૬-૦૪ના રોજ રીમાઈન્ડર કરેલ અને રૂબરૂ પણ મળેલ આમછતાં સરકારી વકીલ જજમેન્ટની નકલો આપવા તૈયાર નથી અને કાગળો ફાઈલ કરેલ છે તેમ જણાવેલ છે. આ બધી જ રજૂઆતો સરકારમાં કરેલ હોવા છતાં કોઈ કાર્યવાહી થતી નથી. ભયંકર બેદરકારી કરનાર સામે પગલાં લેવાતા નથી અને સરકારી વકીલ શ્રી •* (XXXX)કોલર ઊંચા કરીને ફરે છે. મારે એ જાણવું છે કે આ દલિત વિરોધી માનસ ધરાવતાં * (XXXX) કોનું બેકીંગ છે? આમ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની પોટેન્શિયાલિટી ખતમ થઈ ગઈ છે. આવા સરકારી વકીલોને તાત્કાલિક અસરથી નિયમ ૪/૩નો અમલ કરીને છૂટા કરી દેવા જોઈએ જેથી અન્ય વકીલોને પણ કાયદાની અસરકારકતા બાબતે સજાગ થાય. તેની સામે ધારાકીય પગલાં લેવા જોઈએ. કાયદેસર કાર્યવાહી થવી જોઈએ. આ સરકારની બેદરકારી અને વિશ્વસનીયતા સામે પડકાર ઊભો થાય તેવી વિગતો મારા ધ્યાને આવેલ છે.

સરકાર તરફથી આવા એટ્રોસિટી એકટ અન્વયેના કેસોમાં નામદાર કોર્ટોમાં એવી રજૂઆતો થઈ છે કે એટ્રોસિટી એકટ ૧૯૮૯માં ગુજરાત સરકારે ૧૯૯૯માં સુધારો કર્યો છે અને આવા ગુનાની તપાસ પોલીસ

---

• * (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

• * (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ઈન્સ્પેકટર કક્ષાના અધિકારી પણ કરી શકે છે. ભારત સરકારના કાયદાની અંદર એક શબ્દના ફેરફારની સત્તા ગુજરાત સરકારને નહિ હોવા છતાં પરિપત્રથી લેખિતમાં મોકલીને ૧૯૯૯માં ગુજરાત સરકારે સુધારો કર્યો છે. ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારીની ડી.એસ.પી નિયુકિત કરે નોટિફાઈ કરે ત્યારપછીથી એની નોટિફિકેશનની દરખાસ્ત જજને મોકલે પછી કેસ ચાલતો હોય છે. ત્યારે એમાં લખાણ મોકલાવીને ઈન્સ્પેકટર કક્ષાના અધિકારી તપાસ કરી શકશે તો હકીકતમાં આ કાયદાનો ભંગ છે એમાં સુધારો કરી શકાય નહિ, એક પણ શબ્દનો ફેરફાર કરી શકાય નહિ. આવા જજમેન્ટોના દસ્તાવેજી પુરાવા સાથે સરકારમાં રજૂઆતો કરવા છતાં વર્ષો થયા આજદિન સુધી કોઈ પગલાં ભરવામાં આવતા નથી. કારણ કે સરકાર અને તેનું તંત્ર આ કાયદાને ઓરફેન એકટ લાવારીશ કાયદો માનતી હોય તેવું લાગે છે.

એટ્રોસિટીના કેસોના ચુકાદાઓમાં નામદાર જજશ્રીઓએ ચુકાદાના હુકમમાં સ્ટીકચર પસાર કરેલ છે કે સબંધિત પોલીસ ઓફિસરોએ ખોટી તપાસ કરી છે માટે તહોમતદાર છૂટી ગયા છે અને પોલીસ ઓફિસરોએ ખોટુ કર્યુ છે. પોલીસે જાણી જોઈને બેદરકારી દાખવી છે તેવા સ્ટીકચર પસાર કરેલ હોવા છતાં તેમજ તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ હોવા છતાં સંખ્યાબદ્ધ કેસો સરકારમાં રજૂ કરેલ હોવા છતાં પગલાં ભરવામાં આવતા નથી.

કાયદાની કલમ ૪ હેઠળ આવા બેદરકાર પોલીસ અધિકારીઓ સામે કાયદેસર કાર્યવાહી કરીને કારણ કે એટ્રોસિટીના કાયદામાં તો નિયમ એવો છે કે જે અધિકારીઓ આને નડતરરૂપ થાય આ કાયદાની અંદર માંડવાળ કરવા પ્રયત્ન કરે એની સામે પણ એટ્રોસિટી લાગુ પાડવી જોઈએ તો કેમ આ અધિકારીઓને છાવરવામાં આવી રહ્યા છે? કાયદાની કલમ-૪ હેઠળ આવા બેદરકાર પોલીસ અધિકારીઓ સામે કાયદેસર કાર્યવાહી કરીને છ માસથી એક વર્ષ સુધીની સજાની જોગવાઈ હોવા છતાં સમગ્ર ગુજરાતમાં સરકારે એક પણ આરોપી સામે કેમ કેસ દાખલ કર્યો નથી.

એટ્રોસિટી એકના કાયદામાં આગોતરા જામીનનું કોઈ પ્રાવધાન નથી અને એ અંગેના સુપ્રીમકોર્ટના ચુકાદા પણ છે કે કોઈપણ જાતના આગોતરા જામીન આપવામાં ન આવે તેમ છતાં ગુજરાતમાં ૨૩૬ જેટલા કેસોમાં કાયદાની જોગવાઈ વિરુદ્ધ આગોતરા જામીન આપવામાં આવ્યા છે તેની સામે આજ સુધી સરકારે તેને ચેલેન્જ કરેલ નથી તે ખૂબ જ ગંભીર બાબત છે. કાયદાની જોગવાઈ હોવા ઉપરાંત સુપ્રીમ કોર્ટના અને હાઈકોર્ટના જજમેન્ટ આવેલા છે કે નોટિફિકેશન દ્વારા સબંધિત અધિકારીઓ જે તે કેસ માટે નિમણૂક વર્ગ-૧ની કક્ષાના અધિકારી ડી.વાય.એસ.પી.ની કરવાની હોય છે. આ નકલ કોર્ટમાં રજૂ કરવાને કારણે આમ ન કરવાને કારણે આરોપીઓ નિર્દોષ છોડવામાં આવે છે. દુ:ખની વાત એ છે કે મુખ્ય પોલીસ અધિકારીએ પરિપત્ર બહાર પાડેલ છે કે એટ્રોસિટીના કેસની તપાસ ગમે તે ડી.વાય.એસ.પી. કરી શકે છે. તો તેના ઉપરથી આપણે કલ્પના કરીએ કે આ રાજયની કાયદો અને વ્યવસ્થા જાળવવાના ટોચના અધિકારીને પણ જો આ કાયદાનું પૂરું ભાન ન હોય તો ભાન કોણ કરાવશે? તેને સમજદારી કોણ આપશે? તેને જાણકારી કોણ આપશે? કોણ જવાબદાર છે? એટ્રોસીટી એકટના કાયદામાં આગોતરા જામીન આપવાની જોગવાઈ નથી, છતાં પણ આપવામાં આવતા હોય તો They are public servants. જે આ કામ કરી રહ્યા છે અધિકારીઓ, They are public servaets. Law of the land is applicable to them also. શા માટે તેને છાવરવામાં આવી રહ્યા છે? કેમ અધિકારીઓ પાસેથી પૂરતું કામ લેવામાં આવતું નથી? પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ શું કરી રહ્યા છે? અને ચૂંટાઈને પ્રધાન બનેલા લોકો શું કરી રહ્યા છે? શું મનસ્વી રીતે વર્તતા અધિકારીઓને બેલગામ કામ કરવા દેવા છે? એ લોકો મનસ્વી રીતે વર્તે એ રીતનું ચાલવા દેવાનું છે? અને કાયદાઓની પણ ઐસીતૈસી કરવાવાળા લોકો ઉપર કાર્યવાહી કરવામાં ન આવે તેની નિષ્ક્રિયતા માટે આપણે કંઈ કામ કરવાનું કે નહીં?

માનનીય અધ્યક્ષશ્રી, મને તો દુ:ખ એ બાબતનું થાય છે કે સામાજિક ન્યાય પ્રસ્થાપિત કરવામાં અધિકારીઓ નિષ્ફળ ગયા છે અને સિનારિયો જોયા પછી સરકારી તંત્ર નિષ્ફળ ગયું છે. પરંતુ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓનું જે શાસન છે એ પણ કેમ નિષ્ક્રિય છે? એ મને સમજાતું નથી અને મને તો એમ લાગે છે કે શાસનની ધૂરા સંભાળવાવાળા લોકોની મતિ કેમ મૂંઝાઈ ગઈ છે? તેઓને કોણ રોકે છે? કેમ આ બાબતે નિષ્ક્રિયતા રાખેલ છે? શું કાર્ય કરવાની દૃષ્ટિ નથી? શું રાજ કરવા માટેની રાજ ઈચ્છાશકિત મરી પરવારી છે? Show me, you stand for social justice, whether you are having political will or not. મારે આપની પાસેથી એ જાણવું છે. એમ્પાવરમેન્ટની વાત તો બાજુમાં રહી. આ સમાજના લોકોને શકિતશાળી અને સક્ષમ બનાવવાની વાત તો બાજુમાં રહી પણ તમે લોકો તેને સામાજિક ન્યાય અપાવી શકો તેમ છો કે નહીં? એ મારે જાણવું છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગમાં કેન્દ્ર સરકાર દ્વારા ૧૦૦ ટકા ગ્રાન્ટ આપવામાં આવે છે. અરુણાચલ અને મેઘાલય જેવા નાના નાના રાજયો ૫૦થી ૧૦૦ કરોડ રૂપિયા મેળવી જતા હોય છે. કારણ કે ત્યાં અધિકારી લેવલથી તેની દરખાસ્તો સીધી ભારત સરકારમાં મોકલવામાં આવે છે. ગુજરાતમાં આ સરકાર આવ્યા પછી મંત્રીશ્રીને બતાવો ત્યાર પછી જ આ દરખાસ્ત આગળ વધી શકે. અમે અધિકારીને જઈને વાત કરીએ કે આમાં પ્રોબ્લેમ શું છે? કોઈ વાંધો હોય તો કહો, અમે પૂર્તતા કરીએ. તો કહે નહીં, મંત્રીશ્રી પોતે

ફાઈલ મગાવે, અમને રૂબરૂ બોલાવે. રૂબરૂ સૂચના આપે તો જ થાય. પણ મંત્રીએ ત્રણ-ત્રણ કાગળો લખ્યા છતાં પણ તમે કેમ ધ્યાન નથી આપતા? તો તેણે કહ્યું કે નહીં સાહેબ, એ કાગળો ઉપર તો નહીં થાય. તો મારે એ પૂછવું છે કે ભારત સરકારની ૧૦૦ ટકા ગ્રાન્ટ ૫૦થી ૧૦૦ કરોડ રૂપિયા ગુજરાતમાં આવે તેમાં તમને શું ખૂંચે છે? તમે તો એ પૈસા વાપરી શકતા નથી. તમારામાં તાકાત નથી, પૈસા વાપરવાની, લોકોનું ભલું કરવાની, ભારત સરકારના પૈસા પણ વાપરવા માટેની ક્ષમતા તમારામાં નથી. તો તમે કઈ જાતના કન્સીડરેશનથી કામ કરી રહ્યા છો? સાત-સાત વખત ડો. દિનેશ પરમાર વિકાસના કામો માટે, આવી યોજનાઓ માટે સુરેન્દ્રનગર જિલ્લાની ત્રણ યોજનાઓ માટે રૂબરૂ મંત્રીશ્રીને મળ્યા પછી મંત્રીશ્રી અફસોસ વ્યક્ત કરે, કેમ હજી નથી થયું, અરે, આવો અફસોસ વ્યક્ત કરવાથી પ્રશ્ન હલ થવાનો છે? મારે મંત્રીશ્રીને પૂછવું છે કે શું તમે કરવા માગો છો? તમારા ધોરણો શું છે? તમારા કન્સીડરેશન શું છે? અમને કહો તો ખરા, તો અમે સાત-સાત ધક્કા ન ખાઈએ અને જે લોકો હોય તેને મોકલવા પ્રયત્ન કરીએ. મારે આ પ્રોજેકટની ભલામણો જે ભૂતકાળમાં સરકારો કરતી હતી અને ગુજરાતને જે લાભો મળતા હતા એ લાભોથી વંચિત કરવાનું આ ગુનાહિત કૃત્ય જો આ સરકાર કરી રહી હોય તો હરગીઝ ચલાવી શકાય નહીં. લોકોને રોજી-રોટી મળે, લોકોનું વેલ્ફેર થાય, લોકો શૈક્ષણિક પ્રવૃતિમાં આગળ વધી શકે તેના માટે તો તમે કાપ મૂક્યા રાખો છો. ભારત સરકારની મહેરબાની છે પણ એ મહેરબાની તમારે જોઈતી ન હોય તો તમે કોની મહેરબાની ઉપર આ સમાજના લોકોને જીવવા માટે મૂકવા માગો છો? એ મારે જાણવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ કહેવું છે કે ગુજરાત જળસંપત્તિ નિગમના એમ.ડી., સામે એટ્રોસીટીનો કેસ તા. ૧૭-૧૧-૧૯૯૮ના દિવસે થયો •* (XXXX) બી-સમરી ભરવામાં આવી. કોર્ટે બી-સમરી રદ કરી નાખી. રદ કર્યા પછી તેના જામીન લેવામાં આવ્યા. સરકાર હજુ તેને મંજૂરી આપતી નથી. એટલું જ નહીં, ફરિયાદ કરવાવાળો ૩૩ વર્ષ થયા નોકરી કરતો પટાવાળો એ માણસની ૩૩ વર્ષની નોકરીમાં એક પણ ફરિયાદ નથી. માત્ર એટ્રોસીટીની ફરિયાદ કરી અને સાચી ફરિયાદ કરી તેના માટે નોકરીમાંથી રુખસદ આપી દેવામાં આવી. આ સરકારની માનસિકતા, દલિત સમાજ વિરોધી માનસિકતા બદલવી પડશે. આ સમાજમાં જે રીતે આ સમાજના લોકો સરકાર પાસે અપેક્ષા રાખે છે એ અપેક્ષા પૂરી કરવી પડશે. એન.એમ. ચાવડા નામના સિનિયર ઑફિસર જેને કલેકટર તરીકે પ્રોજેકટ કરવાના હતા. જેમને નોમિનેટ કરવાના હતા. નોમિનેટ થઈ ગયા, યુનિયન પબ્લિક સર્વીસ કમિશને મંજૂરી આપી દીધી. મંજૂરી આપતાં પહેલાં અહીંથી તેનું integrity certificate પાછું લઈ લેવામાં આવે અને તેને લીધે તેને રોકી દેવામાં આવે. પાછળથી તેના વિરુદ્ધમાં ખોટી ઈન્કવાયરી શરૂ કરવામાં આવે અને આવા તો અનેક કેસોની અંદર અનુસૂચિત જાતિના લોકોને સહન કરવાનું આવે છે. કી પોસ્ટ ઉપર જવાનું હોય ત્યારે ખોટી ઈન્કવાયરીઓ ઊભી કરીને ફીટ કરી દેવામાં આવે છે, પ્રમોશન રોકી દેવામાં આવે છે. તો મારે એ જાણવું છે કે, શું આ રાજયમાં માત્ર સ્થાપિત હિતો, મૂડીવાદીઓ કોઈ માનસિક રીતે વર્તતા લોકોનું શાસન ચાલે છે? શું આ સમાજના દલિત સમાજના લોકોના હક્ક આ તંત્રની અંદર નથી અને આ તંત્રનો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ન્યાય આપી શકે તેમ નથી? અનેક એવા અધિકારીઓ છે કે, જેમને છેલ્લા ટાઇમે ઈન્કવાયરીમાં ફીટ કરીને નોકરીમાંથી રુખસત અપાવી હોય, એ કોર્ટમાં જઈને જીતીને આવ્યો હોય છતાં પણ એને પૈસા આપવામાં આવતા ન હોય. એને ગ્રેચ્યુઈટી, એના પી.એફ. કે એના પેન્શનના પૈસા આપવામાં આવતા ન હોય.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી કવાડીયા, ગઈ હું વખતે બોલ્યો કે, દલિત સમાજના લોકોએ ભણી-ગણીને શિક્ષણ પ્રાપ્ત કરવા માંડ્યું છે. મધ્યાહન ભોજન યોજનાના લીધે પૂરી હાજરી થવા માંડી છે. એટલે કે, હવે એ ભણવા માંડ્યા છે એટલે હવે તેઓ ખેતરનું કામ કરવાના નથી. તો એમની નીચે રેલો આવ્યો, એ ઊભા થઈને બોલવા માંડ્યા કે દિનેશભાઈ, તમે એક જ કોમના પ્રતિનિધિ નથી, હું ચોક્કસ કહીશ કે એક જ કોમનો પ્રતિનિધિ નથી આખા સમાજના પ્રતિનિધિ છો, આખા સમાજ માટે કામ કરો છો. પણ જે સમાજને અન્યાય થતો હોય એ અન્યાયને કોઈપણ રીતે ચલાવી શકાય નહીં. પછી મોટો ચમરબંધી હોય તો પણ મારી એની સામે પડવાની ક્ષમતા છે અને શકિત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે જે બનાવ બન્યો. આ ચેરનું માન જાળવી, એ બાબતમાં કોઈપણ કરવાનો મેં પ્રયત્ન ન કર્યો અને મેં ચલાવી લીધું. કારણ કે, આ બાબતમાં મારી માનહાનિ થતી હતી અને મારું અપમાન થતું હતું છતાં પણ હું ઘૂંટડો ગળે ઉતારી ગયો હતો. કારણ કે, મારે ચેરની ઇજ્જત રાખવી જોઈએ. એટલા માટે કે, હું અન્યાય સામે કોઈ દિવસ ન ઝુંકું આ જાતનો મારો સ્વભાવ છે. મંત્રીશ્રી મારી બાબતને ગંભીરતાથી લે અને અધિકારીઓ પણ ગંભીરતાથી લઈને થોડો ઘણો પણ આમાં સુધારો કરવાનો પ્રયત્ન કરશે તો એમાં મને સંતોષ થશે. બાકી આ માગણીઓ લઈને આવ્યા છે એમાં હું કોઈ રીતે સહમત થઈ શકું તેમ નથી.

•* (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ માગણી ક્રમાંક- ૫૬,૫૭, ૯૨ અને ૯૫ શ્રમ રોજગાર અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે અને મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગનું નામ સમાજ કલ્યાણ વિભાગમાંથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ એટલા માટે રાખ્યું છે કે, બંધારણે આપેલા અધિકારોનું રક્ષણ થઈ શકે અને એટલે આપણા ભારતના બંધારણમાં in it's Directive Principles of State Policy એના article ૩૮ ઉપર એવું કહ્યું છે કે, "State to secure a social order for the promotion of welfare of the people" એટલે કે લોકોના કલ્યાણ માટેની આ માગણીઓ આ ગૃહમાં આવી છે ત્યારે આપણે બધાએ મનન, ચિંતન અને ચિંતા કરવી પડે એવા કેટલાક મુદ્દાઓ આ ગૃહ સમક્ષ મૂકવા માગું છું. આઝાદી પછીના આટલા વર્ષો પછી, આપણા ગરીબી નિવારણના અનેક પ્રોગ્રામો પછી આપણે સફળ કેમ ન થયા? લગભગ ૧૨ પંચવર્ષીય યોજનાઓ, પ્રતિવર્ષ વાર્ષિક યોજનાઓ બનતી રહી છતાં ગરીબી દૂર કેમ ન કરી શક્યા? અને આ દરિદ્રતા એક દૂષણ છે. સંસ્કૃતમાં એક સુભાષિત છે.

"દદામ ખાંડવ વનમ અર્જુનેમ, અર્જુન ખાંડવવન બાળી શક્યો,
દદામ કામદેવમ શંકરેણ, શંકર કામદેવને બાળી શક્યા
દત્તાવાય સુતેનમ હેમનગરે લંકા પુનસ્વર્ણમ્ હનુમાન સોનાની લંકાને બાળી શક્યા
પણ આ દરિદ્રતા, દારીદ્રયમ જગત તાપકાયમ,
આ ગરીબી આખા જગતને દઝાડે છે.
ઈદમ કેન અપી દદામ નાહીં?"

માનનીય અધ્યક્ષશ્રી, આ કોઈપણ ઉપાયે ગરીબી દૂર નથી થઈ અને આ ગૃહ સમક્ષ આઝાદી પછીના કેટલાક આંકડા મૂકવા માગું છું કે, કૉન્ગ્રેસે ૪૦ વર્ષના શાસનમાં નથી કર્યું એમ અમે કહીએ છીએ અને દિનેશભાઈ જેવા કેટલાક મિત્રો ૫-૧૦ વર્ષથી અમે શાસન ઉપર આવ્યા છીએ એમાં આક્રોશ કાઢે છે. મારે આંકડા ઉપર એટલા માટે જવું છે કે સાચા અર્થમાં વિકાસનો દર ૧૦ ટકા, ૧૫ ટકા કે ૨૦ ટકા ગરીબો સુધી પહોંચ્યો છે ખરો? એટલે આ દેશમાં ૧૯૫૦-૫૧માં ૫૦ લાખ ટન અનાજનું ઉત્પાદન થયું છે અને વિકાસને આંકડાઓમાં માપતા માપતા ૧૯૯૫-૯૬ માં ૧૭૯.૨ લાખ અનાજ આ દેશમાં પાક્યું પણ ગરીબી ભૂખમરો દૂર ન થયા. ૧૯૪૭માં સરેરાશ આયુષ્ય આ દેશમાં ૩૨ વર્ષમાંથી આજની તારીખે ૬૨ વર્ષ સુધી લઈ ગયા પણ આ સરેરાશ આયુષ્ય આદિવાસી જંગલમાં રહેતા આપણા ભાઈ બહેનોને મળ્યું છે ખરું? ઝુંપડામાં રહેતા આપણા ગરીબ ભાઈ બહેનનું આયુષ્ય આપણે ૬૨ વર્ષનું કરી શકયા છીએ ખરા? ખરી ચિંતા એ વાતની છે કે બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરે કરી અને બંધારણના ઘડવૈયાઓએ જોગવાઈ તો કરી એટલા માટે જ કેટલાક લોકો અહીં અને લોકસભામાં બેઠા છે. આ જોગવાઈ ન કરી હોત કદાચ , ઘણાને એવું લાગશે કે આ કેમ આવું કહે છે પણ હું એટલા માટે કહું છું કે વિકાસના આંકડા જો સરખા ન પહોંચ્યા હોત તો પ્રતિનિધિત્વ પણ સરખું ન મળે, હું તો ગરીબોની ચિંતા કરવા માટે બાબા સાહેબના શબ્દોમાં કહું તો એમણે આક્રોશ નથી કાઢયો, એમણે શું કહ્યું છે,

"ભૂખો કાહી સંગ ભીમ કા ભૂખો કા ગુણ ગાયા થા,
ભૂખ ભયંકર જાગો જાગો જન જનકો સમજાયા થા,
કલિયુગ કે કરુણાકા સ્વામી ભીમ બુદ્ધ બનકર આયા થા."

ડૉ. ભીમરાવ આંબેડકર એ બુદ્ધ બનીને ગરીબોની સેવા કરવા માટે આવ્યા હતા. એમણે આક્રોશ નહોતો કર્યો, આજે પણ ગામડામાં લાકડા કાપવાવાળો માણસ લાકડા કાપે છે, મરેલા ઢોર ઢસડવાવાળો ૫૭ વર્ષની આઝાદી પછી પણ ઢોર જ ઢસડે છે કદાચ કાયદામાં અનટચેબીલીટી ગઈ છે પણ મારે દુ:ખ સાથે કહેવું છે કે મોટરકારમાં પોતાના કૂતરાને પપ્પી કરતા માણસ શરમાતો નથી પણ જીવતા જાગતા ઈશ્વરના દીકરાને અડકતા હાથ સંકોચાય છે. કેટલાક એવા કિસ્સાઓ આજે પણ જોયા છે અને એટલા માટે જ આજે માગણીનો વિષય છે એ ટીકા ટિપ્પણી કરતા વધારે ચિંતનનો વિષય છે અને એટલે સહુને કહીએ છીએ કે આઝાદી મળ્યા પછી આ દેશના કચડાયેલા લોકોને એક વિશ્વાસ જાગ્યો હતો કે મહાત્મા ગાંધીના રામ રાજયની કલ્પના, સ્વ.ઈન્દિરા ગાંધીજીએ ગરીબી હટાવવાના લગાવેલા નારાથી ગરીબોના મનમાં એક આશા પેદા થઈ હતી, પરંતુ એક પેઢી જે ગાંધીજીના વારસદારોની હતી એ આ દેશમાંથી ખતમ થઈ ગઈ અને સત્તાના રાજકારણમાં ગરીબ ખોવાઈ ગયા અને હું એટલા માટે કહુ છું કે ૩ ટમથી આ હાઉસમાં આવું છું હું આ ગૃહને કહેવા માગું છું કે ૧૯૯૫માં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૦ યોજના એવી કરી હતી કે ગુજરાતના જ નહીં, દેશના ઈતિહાસમાં ગરીબો માટે આ યોજના કયારેય નહોતી થઈ. રકિલો ઘઉં મારી ભારતીય જનતા પક્ષની સરકારે શરૂ કર્યા હતા, કુંવરબાઈનું મામેરૂં સમજવું હોય તો નરસૈયાને સમજવો પડે, આ કુંવરબાઈનું મામેરું અમે શરૂ કર્યુ ,સાત ફેરા સમૂહલગ્ન, સાત ફેરાના કુરિવાજો દૂર કરવાનું અમારું કામ છે. સફાઈ કામદારોનું નાનકડું

બોર્ડ બનાવ્યું હતું  કોંગ્રેસે, અમે એનું નિગમ બનાવ્યું, ઢોર ચરાવવાની જગ્યા નહોતી એવા માલધારીઓના બોર્ડને અમે નિગમ કર્યુ છે. ૧૯૯૫માં આ કામ અમે કર્યુ છે. દીકરીઓને સાઈકલો અમે આપીએ છીએ કે એ ભણવા જાય, તમે જે અનુસૂચિત જાતિની વાત કરી છે, ગરીબોની વકીલાત કરવા માટેની શિષ્યવૃત્તિ અમે શરૂ કરી છે અને અત્યાર સુધીમાં .ઘણા પ્રયત્નો થયા છે પણ હું આપ સૌને વિનંતી કરું છું, માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી કરું છું  કે જયારે ધારાસભ્યશ્રીઓ ગરીબોના પ્રશ્નો અહીં દાખલ કરે તો તમે એને રીજેકટ ઓછા કરો. એકાદો રોડ નહીં બને તો ચાલશે પણ કોઈ ગરીબ માણસનો ચૂલો ઓલવાઈ જશે એ નહીં ચલાવી શકાય. સ્વામી વિવેકાનંદ કહેતા હતા કે કલકત્તાનો ઝાડુ મારવાવાળો એક દિવસ જાડુ ન મારે તો આખું કલકત્તા સાફ થઈ જાય. ડોકટર કરતા જાડુ મારવાવાળો મોટો છે અને ભગવાન કૃષ્ણે ગીતામાં પણ કહ્યું છે કે,

ચર્તુવર્ણમ સર્જામ્યહમ ગુણકર્મ વિભાગ:  અને ૪ વર્ણનું સર્જન  ભગવાને કામના આધારે કર્યુ છે. જન્મના આધારે કર્યુ હોત તો રોહિદાસ ચમાર સંતસિરોમણી ન થાત. જંગલમાં રહેતો વાલિયો લૂંટારો વાલ્મિકી ન થાત. ભગવાન રામે માત્ર માણસને નહિ પણ પશુને પણ સાથે રાખ્યા, જટાયુને સાથે રાખ્યા અને વાનરોને સાથે લઈને સમરસતાનો સિદ્ધાંત આ દેશમાં પ્રસ્થાપિત કર્યો છે. એટલા માટે આપણે કહીએ છીએ કે હેવ એન્ડ હેવ નોટ્સ વચ્ચેની ખાઈ મોટી ન થાય એ આપણા માટેની ચિંતા છે. હું રમણભાઈને પણ અભિનંદન આપું છું કે આ વખતે બજેટમાં બે-ત્રણ એવી જોગવાઈઓ લઈને આવ્યા છે જેમાં ક્યારેક સયાજીરાવ ગાયકવાડને યાદ કરવા પડે. વિદેશ જનાર દીકરાને પાંચ લાખ આપતા હતા એમાં આ વખતે દસ લાખ રૂપિયા દલિતના દીકરાને સહાય મળશે. જે રીતે વિકલાંગો છે, ઘરમાં જેને કોઈ સંઘરતું નથી એવા ૭૫ ટકાથી વધારે વિકલાંગ થયેલ  ૧ થી ૧૮ વર્ષના લોકોને પ્રતિ માસ ૧૦૦ રૂપિયા મળતા હતા એને આ વર્ષથી પ્રતિ માસ ૫૦૦ રૂપિયા મળશે. ડોકટર, એન્જિનિયર, એન.આઈ.ડી, એન.આઈ.એફ.ટી, એમ.સી.એ., એમ.બી.એ આ બધા અભ્યાસો માટે વંચિતોના વિકાસ માટે આ સરકાર કટિબદ્ધ છે. ગરીબોના બેલી બનવામાં હજુ આપણે પુરા સફળ થયા નથી. એમાં પણ ક્યારેક ક્યારેક વિકાસના આંકડાથી અંજાઈ જઈએ. વિપક્ષો ટકોર કરે પણ આંકડાથી અંજાઈ જવું એટલા માટે નથી કે દેશના આંકડા માનવ વિકાસનો સૂચકાંક બતાવે છે એ ચિંતાજનક  છે. આપણા ગુજરાતમાં આજે પણ ૫૫ થી ૬૦ ટકા મા-બહેનો કુદરતી હાજતે જવા માટે અંધારાની રાહ જુએ છે. આઝાદીના ૫૮ વર્ષ પછી પણ સેનિટેશનમાં અંધારાની રાહ જોવી પડે તો આપણા બધા માટે એ ચિંતાનો વિષય છે. હું પણ એક ગરીબ વિસ્તારમાંથી આવું છું કે જ્યાં ૧૪૪ ચાલીઓ છે, એક લાખ લોકો કાચી ઝૂંપડીમાં રહે છે. એટલે ગરીબી અમે નજીકથી જોઈ છે. આજની તારીખમાં આ દશા આપણા સૌની છે અને કાચા મકાનો હજી ૪૦ ટકા એટલે કે ૨ કરોડ લોકો કાચા મકાનમાં જીવે છે. આપણને એમ હતું કે આ પંચવર્ષીય યોજનાઓ શરૂ કરી ત્યારે પંડિત નહેરુજીએ કહ્યું હતું કે, હિન્દુસ્તાનમાં આપણે આર્થિક કાર્યક્રમો થકી આર્થિક લોકશાહી સ્થાપવાનો નિર્ણય કર્યો છે અને સંપન્ન અને ગરીબ લોકો વચ્ચેનું અંતર નાબૂદ કરવાનું આપણું અંતિમ ધ્યેય છે. પરંતુ ૧૨ પંચવર્ષીય યોજનાઓ પછી આપણે આ અંતર દૂર કરી શક્યા નથી. કારણ કે આપણી દિશા ખોટી છે. ગરીબોના પ્રશ્નો ઉકેલવામાં કેટલા સફળ થયા એનો ક્યારેય વિચાર કર્યો છે? આપણા ઉકેલની દિશા ઠીક છે કે નહિ? મહાત્મા ગાંધીજીની ઈચ્છા પ્રમાણે છેવાડાના માનવીને લાભ મળે છે ખરો? દિનેશભાઈ જે રીતે આત્મ સન્માન વિશે કહેતા હતા, હું એક ઉદાહરણ આપું છું. આ ગુજરાતમાં વાઘરી શબ્દથી દેવીપૂજકોને સદીઓથી અપમાનિત દશામાં રાખતા હતા એને દેવીપૂજકનો દરજ્જો આપ્યો. ભંગી કહીને આ સમાજમાં જે અપમાનિત થતો હતો એને અમે વાલ્મિકી બનાવ્યા છે. ચમાર નામનો શબ્દ હતો એને ગૌરવ સાથે રોહીદાસ બનાવ્યા છે. વિશ્વમાં આ ગુજરાતમાં નહિ પણ આખા હિન્દુસ્તાનમાં આપણી ઓળખ આપણે ભૂલી ગયા છીએ. હું બહુ ગંભીરતાથી સભ્યશ્રીઓને પણ કહીશ કે આજે ગંભીર ચિંતા માટે ઉપસ્થિત થયો છું. અહીંયા આપને કહેવા માગું છું કે જો સાચા અર્થમાં ગરીબોની ચિંતા કરી હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે જેટલી પણ થઈ શકી છે એટલી કરી છે. મારે એ પણ કહેવું છે કે કોંગ્રેસે ૪૦ વર્ષ રાજ કર્યું. ભારતના બંધારણમાં આમુખમાં લખ્યું છે કે India is the democratic sovereign and socialistic country. democracy અને socialisum ની ભૂલમાં આપણે અટવાયા. ૪૦ વર્ષ કોંગ્રેસ રાજ કર્યું પણ ગરીબી કેમ દૂર ન કરી? દાસ કેપિટલ અને કાર્લ માર્કસના સિદ્ધાંતો લઈને બંગાળમાં બેઠેલા લોકો ગરીબી કેમ દૂર ન કરી શક્યા? કારણ કે દિશા ખોટી હતી. સાચી દિશા ભારતીય જનતા પાર્ટીની દિન દયાળ ઉપાધ્યાયજીના ચિંતનમાંથી આજે હું કહેવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, દિનદયાળજીના શબ્દમાં આ ભારતને જો સાચા અર્થમાં ઓળખી શક્યા હોત, મારે એટલું જ કહેવું છે કે પંડિત દિનદયાળ ઉપાધ્યાયએ બતાવેલ એકાત્મ માનવદર્શનમાં આનો ઉકેલ છે, ભારતીય પરંપરામાં એનો ઉકેલ છે. દર્દ ભારતને છે અને દવા બહાર શોધીએ છીએ. ઔષધી અહીંયા પડી છે અને આપણે બીજે આંખો ફાડી બેઠા છીએ. ભારતના આત્માને સમજવો હોય તો એને રાજનીતિ કે અર્થનીતિના ચશ્માથી નહિ જોઈ શકાય. ભારતીયતાની અભિવ્યકિત તેની સંસ્કૃત્તિમાં છે. એટલે ઈશા ઉપનિષદમાં 'દૈત દેન ત્યાગ' એને ત્યાગીને ભોગવ. ભોગવવાને બદલે ત્યાગ, અધિકારના બદલે કર્તવ્ય, અસહિષ્ણુતાને બદલે એકાત્મતા અને એટલેજ મારે કહેવું છે કે આજનો જે વણકર સમાજ છે બહૃષ્પતિ ઋષિનો વંશજ છે એનું એમને ગૌરવ

છે. આ ભારતની આખી અસ્મિતાની ઓળખ અને આજની જે માગણી છે એ મને લાગે છે કે આપણે બધાએ ચિંતન કરવાની જરૂર છે. ૨૦૦૩-૦૪માં સામાજિક સેવાનો ફાળો ૩૩૧૫.૫૫ કરોડ હતો. ૨૦૦૬-૦૭માં ૪૪૨૬.૨૪ કરોડ ૧૧૦૯ કરોડ રૂપિયા આ ચાર વર્ષમાં સામાજિક સેવામાં વધાર્યા છે, મારે મંત્રીશ્રીને કહેવું છે કે યોજનાનું કદ ૭૮૬૦ થી વધીને ૧૨૫૦૩ એટલે ૬૨ ટકા વધે તો સામાજિક સેવામાં પણ ૬૨ ટકા વધવી જોઈએ. એકાદો રોડ નહિ બને તો ચાલી જશે. જંગલમાં રહેતા કપડા ના પહેરી શકતા આપણા બાંધવોને પણ એટલા માટે ખુશ થવાની જરૂર નથી કે વિકાસના આંકડા અને statisticsની માયાજાળમાં ગરીબ માણસ ભૂલાઈ ના જાય, એને બે ટાઈમનું ખાવાનું, બે જોડી કપડા મળી શકે નહિ આ સાચો વિકાસ? માનનીય અધ્યક્ષશ્રી, કોઈ આપણને કહે ગુજરાત પ્રગતિના પંથે છે, ચોક્કસ આપણે છીએ. અન્ય રાજ્ય કરતાં ગુજરાત આગળ છે પણ હજુ ઘણું કરવાનું બાકી છે. હું દિનેશભાઈને એટલું કહીશ કે આપણે સૌ અનેક જાતિ, પંથ, સંપ્રદાયનો આ ભારત દેશ વસેલો છે ત્યારે આનો ઉકેલ એકજ છે અને એટલે ડો. બાબા સાહેબે પણ કહ્યું હતું કે, બાબા સાહેબે વિચાર્યુ હોત તો તેણે આ દેશની વિચારધારાથી બહાર જઈને ધર્મ પરિવર્તન કર્યુ હોત. મહાણના તળાવમાંથી સંકલ્પ કર્યો હતો કે હું અસમાનતા દૂર કરીશ, untouchability દૂર કરીશ અને એણે કરી અને એમાંથી પ્રેરણા લઈને આજે આપણે કેટલું કરવાની જરૂર છે. ચાલી-ઝૂંપડપટ્ટીમાં ૧૦ યુવાનોમાંથી ૭ યુવાનો બેકાર જડે છે. આદિવાસી અને જંગલમાં રહેતા ખપાટિયા લગાડેલ છાણથી લીપેલ દીવાલ એટલે આપણે હજુ ઘ ણું કરવાનું બાકી છે અને હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે આપણો વિભાગ અને અહીંયા જે કોઈ ચર્ચા કરીએ એ પાટલિયો થપથપાવાનો કે ટીકા કરવાનો વિષય નથી એટલે આપણે ઘણું કરવાનું બાકી છે અને આમાં જે કાંઈ ફાળવી શકીએ એ વધારે માનનીય મંત્રીશ્રી ફાળવે અને કોંગ્રેસના મિત્રો પણ કહીશ દુનિયામાં દાસ કેપિટલ અને કાર્લમાકર્સ નિષ્ફળ ગયા. મહાત્મા ગાંધીજીની વિચારધારાને વહન કરવાવાળા દેશમાં સાથીઓ ના મળ્યા, ગરીબોને અંતરિયાળ રહેવા દઈને સત્તાની મથામણમાં આપણે ગરીબોને ભૂલી ગયા અને એના કારણે ભાજપને દોષ દેવો કાંઈ કારણ નથી. અમે તો ૧૦ વર્ષથી કામે લાગ્યા છીએ. પાશેરામાં પહેલી પૂણી અમે શરૂ કરી છે. ૧૯૯૫થી માંડીને આજસુધી જે કામ વિભાગોએ કામ કર્યુ છે, એકવાર ફકીરભાઈને પણ યાદ કરીશ. પોતે પોતાની યોજના માટે ઝઝૂમે, ઝઘડે અને મહેનત કરી અને રમણભાઈ પણ આ વર્ષના જે બજેટમાં ગરીબોની દયા, સાચા અર્થમાં ખાવાની નથી. ગરીબોને એનો અધિકાર આપવાનો છે એટલે Social Justice and Empowerment આ કોઈ દયાદાન ના અમે કરીએ છીએ ના તમે કરતા હતા. આ દેશના મૂળભૂત અધિકારો બંધારણમાં આપેલા છે, તેનું રક્ષણ કરવાની આપણી જવાબદારી અને પૂરી પ્રાર્થના કરીશ, છેલ્લે બાબા સાહેબની એક વાત સર્મપિત કરીને મારી વાત હું સમાપ્ત કરીશ. બાબા સાહેબને મારું ચિંતન આ ગૃહને સર્મપિત એટલા માટે કરીશ. કયારેય મૂંઝાવવાની જરૂર નથી. "ત્યકત્વા હૃદય દુર્બલ્યંમૃ મૂતિષ્ઠ પરંતમૃ" , ભૂતકાળમાં જે થયું હશે તે આપણે હદયની દુર્બળતાને ખંખેરીને ઊભા થઈએ અને આપણે આપણા આત્મ ગૌરવ, આત્મ સન્માન અને સ્વાભિમાન સાથે જીવવું હશે તો,

"ક્ષમતા, ત્યાગ, દયા કે પથ પર હમ કો આગે બઢના હે,
ઘર મેં અપને જો હે અંધેરા, ઉસકો દૂર ભગાના હે,
કર્મયોગ સંદેશ ભીમ કા, પથ પર ઉસકે જાના હે,
પંચશીલ કે પંચતત્વ પર જીવન નયા બનાના હે,
જીવન નયા બનાના હે". અસ્તુ.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રીઓ પોતાના વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગની કામગીરી એ ગામડાના છેવાડાના માણસની તકલીફો અને મુશ્કેલીઓ દૂર કરવા માટે આ વિભાગ દ્વારા કામગીરી થાય છે. આઝાદીના ઇતિહાસમાં અને આ ગૃહમાં તમામ સન્માનીય સભ્યો, આ વિષયની ચર્ચા ચાલુ થાય છે ત્યારે તેની ગંભીરપણે ચિંતા કરે છે અને એ ગંભીરપણે ચિંતા કરે છે ત્યારે નરી વાસ્તવિકતા સ્વીકાર્યા વિના છૂટકો પણ નથી. કોઈપણ સરકારો હોય એ કોંગ્રેસની હોય કે ભા.જ.પ.ની હોય પણ એ સરકારોએ ગરીબી નિવારણ માટેના કાર્યક્રમો, એની યોજનાઓ અમલમાં મૂકી અને નિષ્ઠા અને પ્રામાણિકપણે પ્રયત્નો કર્યા છે અને પ્રામાણિક પ્રયત્નો કરવા છતાં આજે જે ગરીબાઈ છે, આજે જે મુશ્કેલીઓ છે એ હકીકતોનો આપણે સ્વીકાર કરવો પડે. કોંગ્રેસે ચાળીસ વર્ષની અંદર ઘણું બધું કર્યુ છે, ગરીબી નિવારણ માટે સ્વ.ઇન્દિરા ગાંધીએ ઘણા બધા કાર્યક્રમો આપ્યા, સ્વ. રાજીવ ગાંધીએ કાર્યક્રમો આપ્યા, હમણાં અહીંયા સભ્યશ્રી ગોરધનભાઈએ વાત કરી હતી કે, અમારી આ ભા.જ.પ.ની સરકાર આવ્યા પછી આ ગરીબી હટાવવા માટે જુદી જુદી યોજનાઓ આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, વાસ્તવિકતા એ છે કે, યોજનાઓ આપણે મૂકીએ છીએ, નવી નવી યોજનાઓ મૂકીએ છીએ, તેની પાછળ બજૅટની ફાળવણી કરીએ છીએ અને જે બજૅટમાં ફાળવણી આપણે કરીએ છીએ એ પૈસા ગામડાના છેવાડાના માણસ સુધી કેટલા પહોંચે છે એ

મહત્ત્વની વસ્તુ છે. એક રૂપિયો મોકલવામાં આવે છે ત્યારે ગરીબ અને છેવાડાના માણસ પાસે દસ થી પંદર પૈસા જ પહોંચે છે, આ વાસ્તવિકતા છે અને એ વાસ્તવિકતા કોંગ્રેસને કહેવાની કે એમાંથી આપણે બાકાત છીએ એવું માનવાને કોઈ કારણ નથી. ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર નાબૂદ કરવાનું વચન આપીને આપ સત્તા ઉપર આવ્યા હતા. મારે કહેવું જોઈએ આ મિત્રોને કે મોગલોએ ચારસો વર્ષોમાં નથી કર્યુ, અંગ્રેજોએ બસો વર્ષોમાં નથી કર્યુ, કોંગ્રેસે પચાસ વર્ષોમાં નથી કર્યુ એવો દસ વર્ષોમાં તમે ભ્રષ્ટાચાર કર્યો છે, આ ભા.જ.પ.ની સરકારે. માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં જોગવાઈ થાય છે, વંચિતોની વાતો કરીએ છીએ પણ જે જોગવાઈ કરવામાં આવે છે, માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મારે મૂકવું છે કે, છેલ્લા ત્રણ-ચાર વર્ષના બજેટ ઉપર ધ્યાન દઈએ તો આપ જે વંચિતોના વિકાસની વાતો કરો છો એમાં ઉત્તરોત્તર ઘટાડો આવ્યો છે અને એમાં જે યોજનાઓ દાખલ કરવામાં આવી, છેલ્લા ત્રણ વર્ષમાં પછાત વર્ગોના કલ્યાણ માટેની, ખર્ચમાં પંદર-પંદર ટકાનો ઘટાડો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિમુકત અને અસ્થાયી જાતિના કલ્યાણ માટેના ખર્ચમાં ઘટાડો થયો છે. મફત ગણવેશ યોજનાની અંદર રાજય સરકારે ઘટાડો કર્યો છે. એકબાજુ મોટી જાહેરાતો આપણે કરીએ છીએ. ગરીબોની મદદ કરવાની વાતો કરીએ છીએ અને બીજી બાજુ ઘટાડો કરીએ છીએ અને જયારે આ યોજનાનો અમલ કરવામાં આવે ત્યાં જ મોટી ગેરરીતિ અને ભ્રષ્ટાચારની બદબુ આવે. ગરીબોને મદદ કરવાની વાત કરીએ ત્યારે અસરકારક રીતે અમલીકરણ કરી શકતા નથી. વ્યકિતગત ધોરણે સહાય આપવાની યોજના છે એમાં મંત્રીશ્રીએ વધારો કર્યો છે. એને આવકારું છું અને અભિનંદન આપું છું. ટી.બી. અને કેન્સર જેવા મોટાભાગના જીવલેણ રોગો થાય છે, એમાં ગરીબ અને વંચિતોને સહાય આપવામાં આવે છે એમાં પણ ચાલુ વર્ષના બજેટમાં ઘટાડો કરવામાં આવે છે.

મામેરા યોજનાની વાત કરી  ગોરધનભાઈએ. કેશુભાઈ જયારે મુખ્યમંત્રી હતા ત્યારે આ યોજના દાખલ કરી હતી અને સમગ્ર ગુજરાતમાં કહેવામાં આવ્યું હતું કે બક્ષીપંચ, ઓ.બી.સી., એસ.સી., એસ.ટી.  માટે કેશુમામાએ આ યોજના દાખલ કરી અને અમને સહુને લાભ મળશે પણ આ યોજના ૩-૩ વર્ષથી કુંવરબાઈ મામેરું યોજના પેન્ડીંગ પડી છે. સહાય ચૂકવાતી નથી ગ્રાન્ટના અભાવે. વાતો મોટી મોટી કરીએ છીએ. આજે પણ થોડીઘણી અરજીઓ જિલ્લાકક્ષાએ પેન્ડીંગ છે. સાત ફેરા સમૂહ યોજનાની વાત કરવામાં આવી એમાં ઘટાડો કરવામાં આવ્યો. ધોરણ-૮માં વિનામૂલ્યે સાયકલ આપવાની યોજના છે એમાં ઘટાડો કરવામાં આવ્યો. ખાસ અંગભૂત યોજનામાં ઘટાડો કરવામાં આવ્યો. આ બજેટની જોગવાઈ અને તમારા આંકડા ઉપરથી વાત કરું છું. આ અમારા આંકડા નથી. પણ યોજનામાં ઘટાડો કરવામાં આવ્યો છે. સ્કોલરશીપમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ગરીબીની રેખા નીચે જીવતા અન્ય બાળકોની યોજનામાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. એ વાસ્તવિકતા સ્વીકાર્યા વિના છૂટકો નથી. પર ટકા વસ્તી ઓ.બી.સી. બક્ષીપંચની છે. બક્ષીપંચની ૭૮ જ્ઞાતિઓ હતી એમાં માંડલપંચ અને પરીક્ષિત મજમુદારની કમિટીએ જે જ્ઞાતિનો સમાવેશ કર્યો હતો અને ત્યારપછી અન્ય પંચ આવ્યા એ પંચોએ ૫૯ જ્ઞાતિનો સમાવેશ કર્યો. આજની તારીખે ૧૩૭ જ્ઞાતિનો ઓ.બી.સી.માં સમાવેશ થાય છે. ૧૩૭ જ્ઞાતિ રાજયની કુલ વસ્તીના પરટકા વસ્તી એની પાછળ આપણે બજેટ ફાળવીએ છીએ. એ પૂરતા પ્રમાણમાં બજેટ નથી. જયારે બજેટ પૂરતા પ્રમાણમાં નથી ત્યારે એસ.સી. એસ.ટી.ને જે ફાળવણી કરવામાં આવી છે એ સારી વાત છે. છેવાડાના આદિવાસી વિસ્તાર, પછાત વિસ્તારનો વિકાસ થાય, સર્વાંગી વિકાસ થાય એ જરૂરી છે. પણ એની સાથેસાથે પરટકા જેમની વસ્તી છે એમને સરકાર દ્વારા આ રાજય સરકાર દ્વારા અન્યાય થઈ રહ્યો છે. એ અન્યાય નિવારવા માટે એસ.સી. એસ.ટી.ના ધોરણે ગુજરાત પેટર્ન મુજબ બક્ષીપંચના તાલુકામાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે એવી ઓ.બી.સી.ના લોકો માટે રાજય સરકાર પાસે હું માગણી કરું છું. બક્ષીપંચના તાલુકાને રૂા. ૫ લાખની આયોજન સદરે ગ્રાન્ટ આપવામાં આવતી હતી એ છેલ્લા દસ વર્ષમાં બંધ કરવામાં આવી છે એ જાતિની મશ્કરી કરવામાં આવતી હોય એ જાતની ફાળવણી કરવામાં આવે છે. પાંચલાખમાંથી ચાર, ચારમાંથી ત્રણ, ત્રણમાંથી બે અને બેમાંથી એક થયા. કઈ પ્રકારની આપણે વાતો કરીએ છીએ. ગરીબોને હઠાવવા, મદદ કરવાની હકીકતમાં વાસ્તવિકતા નથી.  ઉપલા સ્તરના લોકોની તમામ જીવન જરૂરિયાતની ચીજવસ્તુની સંપૂર્ણ અપેક્ષાઓ સંતોષાય છે.  નીચલા સ્તરના લોકોની આપેક્ષાઓ સંતોષાતી નથી.  આ વાસ્તવિકતા છે. આ વાસ્તવિકતાને  આ પાટલી ઉપરના કે આ પાટલી ઉપરના હોય એમણે સ્વીકાર્યા વીના છુટકો નથી.  વિકાસની વાત કરીએ છીએ.  વિકાસની વેદી ઉપર આ ગરીબ માણસોના બલિદાનો દેવાય છે. વિકાસની વેદી ઉપર આ લોકોના બલિદાનો દેવાય છે અને ગરીબોની, વંચિતોની વાત કરીએ.  તાજેતરની અંદર મહેસૂલ વિભાગે પરિપત્ર કર્યો કે જે પડતર જમીનો છે, એ ઉદ્યોગ ગૃહોને આપવા માટેનો નિર્ણય કર્યો, પણ ગરીબ ગરીબ વધતો જાય છે, ખેત મજૂર વધતો જાય છે, ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા વધતી જાય છે, જમીન વિહોણો થતો જાય છે, ત્યારે એમને જમીન આપવાને બદલે ઉદ્યોગ ગૃહોને આપીએ, છતાં રાજ્ય સરકાર દાવો કરે કે આ જમીન મારફતે ગરીબોને રોજગારી મળશે. જે ઉદ્યોગ ગૃહોને જમીન આપવામાં આવશે, એ સમતળ કરવા, સરખી કરવામાં ગરીબોને કામે લઈ જવાના નથી, એ તો જે.સી.બી. જેવાં મશીનો દ્વારા રિપેર કરવાનાં છે. એમાથી કોઈ રોજગારી મળવાની નથી.  રાજ્ય સરકારને કહેવું છે કે ઉદ્યોગ ગૃહોને

આપવાના બદલે તમે ગામડાના છેવાડાના ગરીબ માણસને, જમીન વિહોણા છે, એ માણસને જમીનનો એક ટુકડો આપો તો કહેવાશે કે રાજ્ય સરકારે ગરીબોની મદદ કરી છે. ઘરથાળના પ્લૉટ આપી શકાતા નથી. મંત્રીશ્રીની લાગણી સાથે સંમત છું. સંવેદનશીલ છે. ગરીબોની વાત કરીએ. વાવ-થરાદનો પ્રશ્ન હતો. માનનીય મંત્રીશ્રીએ સિફતપૂર્વક પ્રશ્ન ઉડાવી દીધો અને એમાં જે કાઈ પરિસ્થિતિ નિર્માણ થઈ એ સમગ્ર ગુજરાત જાણે છે. આ સન્માનનીય ગૃહના સભ્યો જાણે છે. વાસ્તવિકતા એ છે કે ગરીબોની વાત કરીએ અને એમને મદદ કરવાની છે. ઘરથાળના પ્લૉટ, ગામતળના પ્લૉટ આપવાની શક્યતા છે, સમયસર આપી શકતા નથી. આવાસો આપવાની વાત છે, આવાસોની અંદર વસાહતો કરવામાં આવી. વસાહતોની અંદર રાજ્ય સરકારની નીતિ અને એ કામગીરીને હ્રદયપૂર્વક આવકારું છું. જે આવાસો, વસાહતો બનાવવામાં આવી છે, એટલું પર્યાપ્ત નથી. પાંચ-દસ-પચ્ચીસ વસાહતો બનાવી દઈએ. અધિકારીઓની, સરકારની બંનેની લાગણીથી સારી રીતે અસરકારક કામગીરી થઈ છે, એટલે વસાહતો બની શકી પણ આટલી વસાહતોથી પૂર્ણ થઈ જશે એવું નથી. ગોરધનભાઈએ હમણા કહ્યું તેમ ઘણું બધું કરવાનું બાકી છે, ત્યારે ગામડાના છેવાડાના ગરીબ માણસને મદદરૂપ થવા માટે રાજ્ય સરકારને સૂચન છે કે આ બજેટની અંદર રાજ્યની કુલ વસ્તીના બક્ષિપંચના ૫૨ ટકા છે, એવા આ જાતિનાં બાળકોને સરળતાથી, સહેલાઈથી ઓછા ખર્ચે શિક્ષણ મળી રહે એવી વ્યવસ્થા કરવા માટે છાત્રાલયની આવશ્યકતા છે, પણ આ બજેટની અંદર એક પણ છાત્રાલય ખોલવા માટેની જોગવાઈ કરવામાં આવી નથી. મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ જાતિના લોકોને મદદ કરવા માટે...

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થયું. નેકસ્ટ, માનનીય વસુબેન ત્રિવેદી.

**શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નં. ૫૬, ૫૭, ૯૨, ૯૫ લઈને આવ્યા છે, એને મારું અનુમોદન આપવા માટે ઊભી થઈ છું. માગણી નં. ૫૭ શ્રમ રોજગારની સેવા માટે ૧,૨૫,૬૫,૨૩,૦૦૦ ના ખર્ચની જોગવાઈ કરેલ છે. જેમાં ૨૫,૫૦,૭૭,૦૦૦ શ્રમ હેઠળ અને ૭,૬૭,૫૯,૦૦૦ રોજગાર માટે તેમજ તાલીમ હેડ હેઠળ ૯૨,૪૬,૮૭,૦૦૦ ખર્ચ થવાનો છે. હું હમણાં આ વિષય ઉપર સાંભળતી હતી. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને શ્રમ રોજગારની વાત થઈ. મને એમ લાગતું હતું કે• * (XXXX) પાડીને બોલવાથી બધી વાત સાચી રજૂ કરી શકાય એમ માનતી હતી.

**અધ્યક્ષશ્રી** : * (XXXX) શબ્દ એ શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી** : માફી માગું છું. રદ કરી નાખું છું. આનંદની પળોમાં આજે ગુજરાત આનંદમય જીવન જીવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું જનજીવન, ગુજરાતનું જીવન ધોરણ ઊંચું આવ્યું છે. ગુજરાતની ઉત્સાહ પ્રિય અને આનંદપ્રિય પ્રજામાં સમગ્ર ગુજરાતમાં એક નવું પરિવર્તન, દરેક ગુજરાતીને એમ થાય છે કે મારું ગુજરાત, મારું પોતાનું ગુજરાત અને આ ગુજરાત માટે સ્વમાનની ભાવના ઉભી થઈ છે. આનંદની પળોમાં દુ:ખી કેમ થાય છે તે મને સમજાતું નથી? મને લાગે છે કે એમને થતું હશે કે આવતીકાલે શું થશે? મને લાગે છે કે આવતીકાલની ચિંતાની વાત થતી હશે. આંબાની મીઠાશ હોય તો તે મીઠાશને માણવાને બદલે ગોટલાના કદને મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. ખરેખર તો સ્વાદ અને પરિણામો તેની ઉપર દ્દષ્ટિકોણ કરવો જોઈએ. તેના બદલે ગોટલીનું કદ કેવડું છે તે કદ આપણે જોતા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, દરરોજ સૂર્ય ઊગે છે. મક્કમપણે ઊગે છે. તેના આશિર્વાદ સમગ્ર જનતા ઉપર, સમગ્ર વિશ્વ ઉપર પડી રહ્યા છે તે નથી જોતા. પરંતુ મળેલા આશિર્વાદને બદલે સૂર્યનું કામ માત્ર પડછાયો આપવાનું, આ પડછાયાને આપણે જોઈએ છીએ અને તકલીફોનો હિસાબ કરીને અહીંયો તકલીફોના હિસાબ રજૂ થતો હતો તેવું મને લાગે છે. રચનાત્મક દ્દષ્ટિકોણની જો નીતિ અપનાવી હોય તો મને લાગે છે કે ઘણું બધું સારું જોઈ શકાત. પ્રગતિ કરાવવાનો સંતોષ હોય, મારે કરવું છે, અમારે આ કરવું જોઈએ એવો સંતોષ હોત તો મને લાગે છે કે પોલિટીકલી એનાલિસીસ ન કર્યા હોત. અમે શ્રમની નીતિ ઘડી છે. શ્રમની નીતિ બહુ સારી ઘડી છે. કોમ્યુનિસ્ટ, સોશ્યાલિસ્ટ, કૉંગ્રેસની સરકારોમાં જે ઈન્ડસ્ટ્રીઝની અંદર નીતિ ઘડી હતી તેની પ્રગતિ ન થવા દીધી. શ્રમ અને રોજગારની વાત કરીએ છીએ ત્યારે ઉદ્યોગોમાં કેટલી અશાંતિ છે. મને લાગે છે કે તે સમયની અંદર કેટલા ખૂન ખરાબાને લીધે ઉદ્યોગો બંધ થતા તેનો હિસાબ કરીએ તો બધાનો જવાબ મળી શકે તેમ છે. તેમનું સૂત્ર હતું "રઘુપતિ રાઘવ રાજા રામ". રઘુપતિ રાઘવ રાજા રામ આપણે બધાને ગમે છે. પરંતુ "આધી મહેનત પૂરા દામ" મહેનત અડઘી કરવાની અને પૂરી કમાણી લેવાની અને ન થાય તો યુનિયનો દ્વારા સ્ટ્રાઈકો પડાવવાની અને સમગ્ર પરિવારોને નુકસાન થાય તે રીતે કંપનીઓ બંધ કરાવવાની દિશામાં જવાનું. મારી સરકારની જે નીતિ છે, શ્રમ અને રોજગારની જે નીતિ છે તેમાં એમ કહ્યું છે કે રઘુપતિ રાઘવ રાજા રામ. આપણા બધાના છે. પરંતુ અમે કહ્યું છે " દેશ કે લિયે કરેંગે કામ, કામ કા લેંગે પૂરા દામ." દેશ માટે કામ

• (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કરીશું, મારા સમાજ માટે, મારા પરિવાર માટે કામ કરીશું. જે કામ કરીશું તે કામનું પૂરેપૂરું વળતર મેળવીશું. આજે ઉદ્યોગોમાં અશાંતિ છે તેમાં મોટાભાગની અશાંતિનું મૂળ કારણ કામચોરી છે. આપણે કામ કરવાની નીતિ અપનાવીએ તો મને લાગે છે કે આ કશું ન થયું હોત. પશ્ચિમ બંગાળ, કર્ણાટક અને ઈવન બિહારમાં જયાં કોઈ રોજીરોટી નથી. બીજી વિટંબણાઓ છે તેનાથી ત્યાં કામ થતા નથી. ગુજરાત નંબર વન છે, રાજયના મુખ્યમંત્રી નંબર વન છે તેના પર હસીને વાત કરે છે. હસવું આવે છે પણ હસો. મેં કહ્યું જે કે સૂર્યનું ઉગવું આશિર્વાદ સમાન છે. મને લાગે છે કે આ રાજયના મુખ્યમંત્રી વિકાસની દિશામાં જે કામગીરી કરી રહ્યા છે તે ભવિષ્યમાં સૂર્યની જેમ લોકોની સામે આવવાની છે. સુરત, કર્ણાવતી, જામનગર, રાજકોટ, આવા મોટા મોટા શહેરો તરફ નજર કરીશું તો પર પ્રાંતના લોકો આવીને કામ કરવાનું પસંદ કરે છે. શું કામ? શ્રમ અને રોજગારની નીતિ તેમને મળી છે, અધિકાર તેમને મળ્યા છે, ન્યાય મળ્યો છે તેના કારણે આપણા દેશના બીજા રાજયોના લોકો ગુજરાતમાં આવીને કામ કરે છે. મને ગૌરવ છે કે શ્રમ અને રોજગારની નીતિને કારણે વાદવિવાદ થવા જોઈએ, મુશ્કેલીઓ પડવી જોઈએ તે ગુજરાતમાં નથી પડતી.

મારા જામનગરની વાત કરું તો એસ્સાર, રિલાયન્સ, આશાપુરા, દિગ્જામ અને અનેક મોટી મોટી કંપનીઓ જામનગરમાં છે. માનનીય સાથી સભ્ય દિનેશભાઈ કહેતા હતા, એસ્સારની ગઈકાલે વાત કરતા હતા. મને દુ:ખ થતું હતું કે એસ્સાર એવડી મોટી કંપની રાતોરાત થઈ જાય થોડી. આવડું મોટું સાહસ કરવા માટે થોડો સમય જોઈએ. કામ ચાલુ ન કર્યુ? સરકાર ચાલુ કરે? સરકારની નીતિ અપનાવવી હોય તો વાર લાગે. સરકારના નીતિ નિયમો પ્રમાણે ચાલુ થવા દેવી હોય તો વાર લાગે અને નીતિ નિયમો નેવે મૂકીને આ ઉદ્યોગો શરૂ કરાવવા હોય અમારી સરકાર તેમાં માનતી નથી. હમણાં નગરપાલિકાના ઈલેકશન હતા. મારે અમારી સિકકા નગરપાલિકામાં પ્રચારમાં જવાનું થયું. એક-એક ઘરમાં પ્રચાર માટે જતા ત્યારે પૂછતાં કે તમે શું કરો છો? તો કહે કે જી.એસ.એફ.સી.માં કામ કરીએ છીએ, એસ્સારમાં કોન્ટ્રાકટ કરીએ છીએ, એસ્સારમાં અમારા વાહનો છે. રિલાયન્સમાં કામ કરી, મારા નગરના અને જિલ્લાના અનેક લોકોનો રોજગારીનો પ્રશ્ન હલ થયો છે અને વિશેષ વાત કરું તો દિગ્જામની અંદર આઈ.ટી.આઈ. ફિટરની ભરતી કરવાની હતી, પાંચ હજાર રૂપિયાના પગારથી ત્યાં ફિટરો નથી મળતા એનું કારણ આ વિસ્તારમાં થયેલ ઔદ્યોગિક વિકાસ અને માત્ર થોડાક પૈસાથી નોકરી નહીં પણ એના પગારધોરણો એટલા સારા છે કે જેના કારણે ઓછા પગારમાં ઉદ્યોગોની અંદર પણ આઈ.ટી.આઈ.ની તાલીમ લીધેલા વિદ્યાર્થીઓ મળતા નથી એ આ સરકારની સફળતા છે. ખાસ વાત એ કરવાની છે, ઔદ્યોગિક શાંતિની તો વાત કરી, એક વિશેષ વાત કરવા માગું છું, સૌરાષ્ટ્રમાં મોરબીમાં ઓરપેટ કંપની છે સમગ્ર વિશ્વ એના ઉપર ગૌરવ લઈ શકે એવી વાત છે, ઓરપેટમાં ૫૭૦૦ બહેનો કામ કરે છે, એંજિનિયરોમાં બહેનો છે, ડ્રાઇવર તરીકે બહેનો છે, ત્યાં વહીવટકર્તા બહેનો છે અને વિશ્વના કેટલાય દેશોની અંદર અહીંયાં બનતી ઘડિયાડોની નિકાસ કરવામાં આવી રહી છે, એકદમ અદ્યતન ઇન્ડસ્ટ્રીઝ છે, બહેનો ઇન્ડસ્ટ્રીઝ ચલાવતી હોય એવો નમૂનો વિશ્વના દેશોમાં ગોતવા જાઓ તો આપણા સૌ માટે આ ગૌરવની વાત છે અને એનું કારણ કે જે નીતિનું પાલન થઈ રહ્યું છે, ત્યાં રોજગારી મળી રહી છે, માત્ર બહેનોને અને ઔદ્યોગિક શાંતિને કારણે આ શકય બની શક્યું છે.

આ વર્ષ પ્રવાસન વર્ષ છે, આ પ્રવાસન વર્ષની અંદર એક જબરજસ્ત આંદોલન સમગ્ર ગુજરાતમાં થયું એ વૈચારિક આંદોલન થયું છે. આપણે સૌ આપણી ઓળખ ભૂલી ગયા હતા, આપણે વાત કરીએ મહાભારત અને મનુના શ્લોકોની પણ હું ગુજરાતી છું અને ગુજરાતી હોવાનું ગૌરવ આપણું રહ્યું નથી, પ્રવાસન વર્ષ નિમિત્તે એક નૈતિક મૂલ્યોને ઉપર ઉઠાવવાનું કામ જે થયું છે, એક વૈચારિક ક્રાંતિનું કામ થયું છે એ સમગ્ર વિશ્વને દર્શન કરાવનારું કામ થયું છે. મારા જામનગરમાં થયેલા પતંગોત્સવને કારણે ઘણા લોકોને રોજગારી મળી છે, પતંગોત્સવની હમણાં ટીકા કરતા હતા, પતંગોત્સવને કારણે કેટલાય લોકોને રોજગારી મળી, આ ઉત્સવોને કારણે કેટલાય લોકોને રોજગારી મળી, આપણે સૌ ઉત્સવો પૈસાદાર હોવાના કારણે માણ્યા છે, પણ ત્યાં હેન્ડીક્રાફટનું વેચાણ થયું છે, ત્યાં નાના નાના લોકોને ચા-પાણી, હોટલ બીજનેશ, રોડ ઉપર નાના નાના ફેરિયાઓને આવક મળી છે અને રોજગારી મળી છે એ અવર્ણનીય છે એ આપણે સૌએ માણી છે, હું જામનગર જિલ્લાની વાત કરું તો પતંગોત્સવમાં આવેલા લોકોએ ૧૮૨ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. સાઈન કરી, એમાં સમર્પણ હૉસ્પિટલ, હેલ્થ ટુરિઝમ, અને રાજન સીન્ટેક્ષ નામની એક કંપનીએ, અને માનનીય અધ્યક્ષશ્રી, એણે એક વર્ષની અંદર એક કરોડ રૂપિયાનું ટર્નઓવર કરી એણે પોતે ઉત્પાદન કરેલી વસ્તુને અમૅરિકા અને રશિયાની અંદર નિકાસ કરી છે. એ નાનીસૂની વાત નથી .

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગારની અંદર આખા દેશમાંથી લોકો, ગુજરાતમાં આવે એવી ફરજ પડવાના છે, અહીંયા ગુજરાતમાં આવી શકશે. પ્રવાસન નિગમના ચેરપર્સન હતી, હું ઘણું બધું કહી શકું એમ છું, એકેએક ક્ષેત્રના ડૅવલપમેન્ટનો જે વિચાર કર્યો છે ત્યારે એ વિચાર પ્રવાસન ક્ષેત્રની સાથે સાથે ત્યાં રહેતા લોકલ લોકો, ત્યાં રહેતા છેવાડાના માનવીઓ એમને રોજગારી મળી શકે એ માટેના પ્રયત્નો થયા છે, કાલે સાપુતારાની વાત થઈ હતી, ડાંગના જંગલોમાં રહેતા માણસોની દશા મેં જોઈ છે, અમાનવીય દશામાં જીવન

જીવતા, જંગલમાં રખડતા લોકોને જે મળે તે ખાઈ લેતા માણસો આજે વાંસમાંથી નાની નાની વસ્તુઓ હેન્ડીક્રાફટની બનાવીને એનું માર્કેટિંગ કરવા ગુજરાત તરફ ઉત્સવોમાં આવતા થયા છે, ઉત્સવોની વાત વિશેષ કંઈ કરવા માગતી નથી પણ શૈક્ષણિક ક્ષેત્રે પણ વિકાસ થયો છે. હોટલ મેનેજમેન્ટની કૉલેજો શરૂ થઈ છે અને આપણે ત્યાં હોટલ મેનેજમેન્ટ ભણેલા લોકો એ વિદેશમાં એની ડાયટ થેરાપી વગેરેને ધ્યાનમાં રાખીને એ ત્યાં વિશેષ સૂચનો કરવા, વિશેષ માર્ગદશર્ન આપવા માટે અહીંથી ત્યાં જતા થયા છે.

એક નાનકડી વાત કરવા માગું છું સાહેબ, ટુરિસ્ટ ગાઈડનો વ્યવસાય, ડ્રાઈવર કમ પસર્નલ બોડી ગાર્ડનો વ્યવસાય, મોટર ડ્રાઈવીંગનો વ્યવસાય વધ્યો છે. એર હોસ્ટેસ અને ફલાઈટ સ્ટુઅર્ડ, કોલ સૅન્ટરનો વ્યવસાય, હીરા આધારિત વ્યવસાય અને કૉમ્પ્યુટર તાલીમના વર્ગોની સંખ્યાનો જો વિચાર કરવામાં આવે તો આ વિષય કેટલો આગળ વધ્યો છે એનો આપણને ખ્યાલ આવે અને તો મને લાગે છે કે, શ્રમ અને રોજગારની વાત વિશે જે આપણા સૌના મનમાં પ્રશ્નો ઊભા થાય છે એ ઊભા ન થાય. જીવનના મૂલ્યો સ્પષ્ટ હોય ત્યારે નિર્ણય લેવો અને વચનબદ્ધ થવું બહું સહેલું છે. અમારી સરકાર અને આ રાજયના મુખ્યમંત્રીશ્રીના જીવનના મૂલ્યો સ્પષ્ટ છે, વિકાસની દિશા સ્પષ્ટ છે, વિકાસની નીતિ સ્પષ્ટ છે અને એના કારણે અનેક નિર્ણયો લઈ અને વિકાસની દિશામાં આપણે આગળ વધી રહ્યાં છીએ. કોઈ બોલવું હોય તે બોલે માત્ર કામ કરવું 'ચરેવતી ચરેવતી'ના સિદ્ધાન્તને આધારે આગળ વધવાનું અમે નક્કી કર્યું છે. એમ નથી કહેતા કે કોઈ સારી ઑફર ન મળે ત્યાં સુધી અમે તમારી સાથે છીએ, કોઈ ઑફરો આપવાની નથી માત્ર કામની દિશામાં, ગતિની દિશામાં, વિકાસની દિશામાં અમે સૌ આગળ વધીએ એજ લક્ષ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે તો હજુ બીજી એક વાત કરવી હતી. સામાજિક ન્યાય અને અધિકારીતાની. ન્યાયના સંદર્ભમાં અન્યાય થઈ રહ્યો છે બધાને, અન્યાય સિવાય કંઈ છે જ નહીં. મને લાગે છે કે ગુજરાત ન્યાલ થઈ ગયું હોત. એટલે મને લાગે છે કે, ન્યાયની વાત વિશે અમારા મંત્રીશ્રી જવાબ આપશે, એટલે એ વિશે હું કંઈ નથી કહેતી. 'અસ્તુ'

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી સભાગૃહ સમક્ષ આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦મી સદીના સંત ઋષિ વિનોબા ભાવેએ એમ કહ્યું હતું કે, આ દેશમાં પછાત વર્ગો, આદિવાસીઓ અને બહેનો સમાજની સહાનુભૂતિને પાત્ર છે. આ વર્ગ સામે અન્યાયના મૂળ ઘણાં ઊંડા છે. ગુરુ દ્રોણે એકલવ્ય પાસે અંગૂઠો માગ્યો, સગર્ભા સીતાને વનમાં જવું પડયું અને દ્રૌપદીના ચીર ખેંચાયા આ બધા અન્યાયની પ્રક્રિયાઓના મૂળ ઘણાં ઊંડા છે. પરંતુ દેશ આઝાદ થયો અને આઝાદી પહેલા પણ મહાત્મા ગાંધીજી, હોલેસાહેબ, આંબેડકર આવા મહાપુરુષોના પ્રતાપે પછાત વર્ગો અને સહાનુભૂતિને પાત્ર એવા વર્ગો માટે આ દેશમાં એક વાતાવરણ, એક સહાનુભૂતિની વિચારધારા ઊભી થઈ. અને એમાં મોટામાં મોટું પ્રદાન ગુજરાતનું રહ્યું છે. છેલ્લા ૫૦-૬૦ વર્ષના ઈતિહાસનો હું પોતે પણ સાક્ષી રહ્યો છું. આઝાદી પહેલા પણ મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ પૂજ્ય રવિ શંકર મહારાજ આ બધાએ વર્ષોથી ગુજરાતમાં સમર્પિત લોકોએ પોતાના જીવનની ઊજળી કારકિર્દી અને જીવનના અનેક સ્વપ્નોને બાજુમાં મૂકીને રાજયના એવા વિસ્તારોમાં જઈને એ લોકો બેઠા. જુગતરામ દવેએ ૧૯૨૦માં વેડછી જેવા આદિવાસી વિસ્તારમાં જ્યાં કોઈ વ્યવહાર ન હતો ત્યાં આગળ જઈને બેઠા અને આખા સુરત જિલ્લાના આદિવાસીઓની કાયા પલટ થઈ. ગુજરાતમાં એવા અનેક દાખલા છે એને લંબાવવા માગતો નથી. પરંતુ ગુજરાતમાં કામ કરનારી સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ છે એની બહુ મોટી ઈમેજ હતી. મને બરાબર યાદ છે ૧૯૬૫-૭૦ના ગાળામાં હું તાલુકા પંચાયતનો પ્રમુખ હતો, ત્યારે મારે એક નવયુવાન આઈ.એ.એસ. અધિકારીના સંપર્કમાં આવવાનું થયું. ગુજરાતમાં ફરતા અને સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ જોતા હતા મને બરાબર યાદ છે ત્યારે એક વાકયમાં એમણે કહ્યું હતું કે, અમારી દેશ વ્યાપી બદલી થાય છે એજ રીતે જો મારું ચાલે તો ગુજરાતના સામાજિક સેવાના ક્ષેત્રના ભેખધારીઓ છે એવા લોકોની હું ગુજરાતની બહાર દેશના અન્ય રાજયોમાં બદલી કરું. આવી એક છાપ આપણા આઈ.એ.એસ. અધિકારીના માનસ ઉપર ગુજરાતના લોક સેવકોની, સમાજ સેવકોની હતી.

માનનીય અધ્યક્ષશ્રી, એની સાથે સાથે મારે બીજી એક વાત કરવી છે છેલ્લા ૧૦-૧૫ વર્ષથી આ રાજયમાં દરેક ક્ષેત્રમાં કેટલીક એન.જી.ઓ.આગળ આવી રહી છે, કેટલાક નવયુવાનો-વિચારશીલ લોકો છે એવા લોકોને વ્યકિતગત હું ઓળખું છું. પરંતુ કેટલાક લોકો પોતાની અંગત માલિકીની આ સંસ્થાઓ છે એ સરકારની મદદ લઈને

અને સરકારની મદદ લઈને એમાં એને પૂરો ન્યાય ન આપે એની સામે સરકારે કડક થવાની ખૂબ જરૂર છે અને ખાસ કરીને જ્યારે શિક્ષણ સાથે જોડાયેલી સંસ્થાઓ છે એમાં રાજય સરકાર પોતે જેનો વહીવટ કરે છે. સરકાર પોતે હોસ્ટેલ ચલાવે છે એનું ફુડ બિલ, એની વ્યવસ્થા, એના ખરચા અને સામાજિક સંસ્થાઓ જે કામ કરે છે એનું ફુડ બિલ, એની વ્યવસ્થા, એના ખરચામાં જે મોટો ફરક છે એ ફરક રાજય સરકાર વહેલી તકે ઘટાડે

એવી મારી એક વિનંતી છે. એટલું જ નહિ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે જે લોકો વરસોથી કામ કરે છે એમાં ગૃહપતિ, રસોઈઆ, ચોકીદાર એ લોકોના વેતનમાં થોડોક વધારો થાય તે જરૂરી છે કારણકે મને લાગે છે કે એમને જે હાલ વેતન મળે છે એ પર્યાપ્ત નથી. મારી વિનંતી છે રાજયના મંત્રીશ્રીને કે આવા કર્મચારીઓ જેની કૅરિયર ૧૦-૧૫ વર્ષ ઉપરની છે અથવા તો કંઈક સારું એવું કામ કરી રહ્યા છે એવા લોકોને કમસેકમ બહુ ન આપી શકો તો એને કલાસ-ફૉરમાં પણ મૂકીને એમના વેતનમાં વધારો થાય.. આ જમાનામાં જ્યારે મોંઘવારીનો જમાનો છે ત્યારે એવા લોકોને એમના વેતનમાં સુધારો થાય એવું પણ હું સૂચન કરું છું.

આપણી શૈક્ષણિક સંસ્થાઓમાં હવે પછી ગુજરાતમાં જે નવી એક તરાહ આવી ગઈ છે સેલ્ફ ફાઈનાન્સની, એને કારણે હું જોઈ રહ્યો છું કે આવા પછાત વર્ગોને ગરીબ વર્ગના લોકોને જેની પોતાની આર્થિક સ્થિતિ સારી નથી, સધ્ધરતા નથી એવા લોકો મને લાગે છે આનાથી વંચિત રહેશે એના અંગે રાજયે વહેલી તકે કંઈકને કંઈક વિચારવું જોઈએ. ખાસ કરીને આ વિભાગ પાસે ૭૦-૭૨ ટકા વસતિના આયોજનનો એમની પાસે ભાગ છે પર-પ૩ ટકા બક્ષી પંચની કોમો, ૧૦ ટકા ઓ.બી.સી. ઇકોનોમિકલ બેકવર્ડ પછી બ્રાહ્મણનો દીકરો કે ગરીબમાં ગરીબ દીકરો હોય એ અને ૧૦ ટકા લઘુમતીઓ આટલું તંત્ર આ વિભાગના અન્ડરમાં છે તો એના માટે વહેલીતકે વિચારવાની જરૂર છે અને નાણાકીય જે આયોજન છે એ પણ ખૂબ જ અપૂરતું છે. રાજયની અંદર આવો જે વર્ગ છે કે એના માટે રાજયે એ નક્કી કરવા માટે ઘણી મહેનત કરી છે એમાં બક્ષીપંચથી માંડીને રાણે સાહેબનું પંચ આવ્યું, માંકડ પંચ આવ્યું આજે શુકલબેનનું પંચ પણ ચાલી રહ્યું છે. એમાં એક પછી એક કોમો ઉમેરાતી જ જાય છે પણ બજૅટમાં જોઈએ તેવો વધારો થતો નથી. એટલે ખૂબજ એની જરૂરિયાત છે. હું થોડીક વિગત આપીને મારી વાત પૂરી કરીશ. આજે આ રાજયની જે વાર્ષિક યોજના છે એ ૧૨૫૦૩ કરોડની છે. ફક્ત અનુસૂચિત જાતિ, આદિજાતિ અને પછાત વર્ગોના કલ્યાણ ખર્ચમાં જે વધારો થયો એની વાર્ષિક ટકાવારી જે છે આ રાજયના વાર્ષિક બજૅટની યોજનામાં ૨.૫૩ ટકા છે એ ખૂબજ ઓછી કહેવાય મારી દૃષ્ટિએ અને છેલ્લાં બે વર્ષમાં ૨૦૦૪-૦૫ અને ૨૦૦૬-૦૭ માં ફક્ત ૧ ટકાનો વધારો આ યોજનાઓ પર થયો છે એમાં વહેલી તકે માનનીય મંત્રીશ્રી વિચારે એ મારી દૃષ્ટિએ ખૂબજ જરૂરી છે એટલું જ નહિ અનુસૂચિત જાતિના વિકાસ ખર્ચમાં કરાયેલ ઘટાડો આ છેલ્લાં બે વર્ષમાં ૧૬.૭૧ કરોડ જેટલો ઘટાડો થયો છે. સફાઈ કામદારોના પુનઃ વસવાટમાં ૧૩.૮૦ લાખનો ઘટાડો થયો છે અને ગરીબ લક્ષી અનુસૂચિત જાતિઓ એમાં છેલ્લાં બે વર્ષમાં ૧૫ લાખનો ઘટાડો થયો છે આ બધાની અંદર આપણે જો પહોંચવું હોય તો આ આપણી જે કલ્યાણકારી યોજનાઓ છે અને આપણે એમ કહીએ છીએ કે બહુજન હિતાય, બહુજન સખાય.. એમાં આ વર્ગ ક્યાં છે શરૂઆતમાં આપણે સ્વરાજ માટે લડ્યા અને લાવ્યા તો કઈ અપેક્ષાઓ હતી કેવી લાગણી હતી? કોના માટે લડ્યા, આ વર્ગની અંદર.. જેમ કુટુંબની અંદર બે બાળક હોય એક બાળક સશક્ત હોય. બીજો બાળક શારીરિક રીતે નરમ હોય તો એ બાળકને હાથ પકડીને ઉઠાવવો પડે, તેને મદદ કરવી પડે, તેને ટેકો કરવો પડે, તેને સારો ખોરાક આપવો પડે તે દ્રષ્ટિએ રાજયની પહેલી ફરજ છે. અને એટલા માટે આજે જે કંઈ ઘટાડાઓ થઈ રહ્યા છે, એક વાત મને બરાબર યાદ છે રાજયના પૂર્વ મુખ્યમંત્રી સુરેશભાઈ મહેતાએ ઉટડીની જાહેરાત કરેલી. રબારી ભરવાડ લોકો માટે કે આનાથી દૂધ થશે, આનાથી ઘી થશે. મને બરાબર તે વખતે હસવું આવેલું કે ઉંટડું દૂધ કોઈ દિવસ જામતું નથી એ કુદરતી હશે અને ખબર નહીં આનાથી વધુ વિકાસ થશે. આજે એ સ્કીમ પણ બંધ થઈ ગઈ. તે સ્કીમ પણ પુનઃ ચાલુ થાય અને તે લોકોને મદદ થાય, ઘાસચારામાં જે મદદો થતી હતી તેમાં પણ જે ઘટાડો થઈ રહ્યો છે તેમાં પણ વધારો થાય એવી મારી અપેક્ષા છે. પછાત વર્ગો, અનુસૂચિત જાતિઓ અને ટ્રાયબલ વિસ્તારો તેના માટે જેટલું બને એટલું વધારે થઈ શકે તેમાં કોઈ ઇન્કાર હાઈ શકે નહીં. પણ તેની સાથે આ રાજયની અંદર મેં જેમ કહ્યું તેમ ૭૦ ટકા ઉપરનો જે વર્ગ છે તેને માટે ફક્ત ૨૦૦ કરોડનું આયોજન છે તે આયોજન મારી દ્રષ્ટિએ એક હજાર રૂપિયા તમે કરો તો ઓછું પડે એટલો બધો મોટો વિશાળ વર્ગ આ ગુજરાતની અંદર પથરાયેલો છે. તો તેવા વર્ગો માટે પણ આ વિભાગ ચિંતા કરે અને વધારે દિન-પ્રતિદિન આગળ વધે. જરૂરી મદદ રમણભાઈ અને વિકસતી જાતિનો જે વિભાગ છે તે લોકો પ્રમાણમાં સારું કામ કરી રહ્યા છે. ખાસ કરીને મારા જેવાનું મન રાજી થાય તેવું બજાણિયા, સરાણિયા લોકોની જે વસાહતો શરૂ કરી છે તે ખરેખર ઉત્તમ અને મહત્ત્વનું કદમ ઉઠાવ્યું છે તેવા નાના નાના વર્ગો પકડીને સાબરકાંઠાની અંદર ખૂબ વર્ષો પહેલાં મારે એક પ્રસંગમાં જવાનું થયું કાથોળીયા કોમ છે, તે કાથોળીયા કોમો તે બધાને વધારે શેટલ કરીને અને આવા બધા જે વર્ગો છે જે રાજયમાં ભટકતા છે એવા લોકોને શેટલ કરીને તેમની રોજગારીની તકો, રોજગારી નહીં મળે તો પાછા તે લોકો સ્થિત ના રહી શકે એટલા માટે આ વિભાગે જે રીતે કામ કરી રહ્યું છે તેમાં રાજય પોતે બજૅટમાં વધારો કરે અને ખૂબ જ લાગણીપૂર્વક આ વર્ગોને પૂરો ન્યાય આપે એવી અપેક્ષા રાખું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારી વાત મૂકી અને સમર્થન કરું છું. સમાજ જીવનમાં કેટલાંક એવા પણ વર્ગો હોય છે કે જેને મૂળ પ્રવાહ કરતાં પાછળ રહી ગયા હોય અને તેને મૂળ

પ્રવાહ સુધી લાવવા માટે, આર્થિક મૂળ પ્રવાહ સુધી લાવવા માટે ૪૦-૫૦ વર્ષથી અનેક પંચવર્ષીય યોજનાઓ થઈ તેની અંદર આયોજનમાં ઘણાં પ્રયત્નો કર્યા હશે, પરંતુ આજે પણ તે સ્થિતિ છે. અત્યારે પણ તેમનું દર્દ જોઈને આપણાથી રહેવાય નહિ, સહેવાય નહિ એવી સ્થિતિ ૪૦-૫૦ વર્ષના અંત સુધી પણ હોય તો એ વાતના મૂળમાં જવું પડે કે કાં તો એ નીતિ આપણે બનાવી હતી તે નીતિ યોગ્ય નહોતી અથવા તો જેને માટે આપણે બનાવી હતી તેના સુધી તે પહોંચી નહિ. આટલી પંચવર્ષીય યોજનાઓ પછી પણ ૪૦-૫૦ વર્ષ પછી પણ ગરીબ તે ગરીબ રહે તો હું માનું છું કે, કંઈક મૂળ નીતિની અંદર જ કંઈક મુશ્કેલી હશે. ગરીબ છે તો તેને બેઠો કરવા માટે શું કરવું ? તો તેના માટે યોજનાઓ કેવી મૂકે કે ૪૦૦ રૂપિયાની મુરઘી આપીશું જા તને ગરીબીમાંથી મુકત કરવો છે. ૧૨૦૦ રૂપિયાની બકરી આપીશું, જા તને ગરીબીમાંથી મુકત કરવો છે. આ ૪૦૦ રૂપિયાની અને ૧૨૦૦ રૂપિયાની બકરીથી ગરીબાઈ દૂર થઈ શકે નહીં. સમય બદલાય છે અને સમય બદલાતો હોય ત્યારે તેની કેટલીક પરંપરાઓ, વ્યવહારો બધું બદલાતું હોય છે. પેલા વાદી જ્ઞાતિના લોકો સાપ લઈને ત્યાં આગળ પોતાનો વ્યવસાય કરતા. સપેરા તરીકે જાદુના ખેલ કરે, સાપને લાવે. હવે સાપને પકડી શકાતો નથી. નટ લોકો ખેલ કરતા, મનોરંજનના સાધનો પહેલાં નહોતા એટલે તેની ઉપર જ આજીવિકા ચાલતી. બજણીયા લોકો પોતે નાનકડા હાથમાં બેગ લઈ અને ગામડે ગામડે ફરે ફેરિયા તરીકે અને તેની અંદરથી પોતાની રોજગારી મેળવતા. સમય જે બદલાયો અને બદલાયેલા સમયની અંદર આ બધા વ્યવહારો પડી ભાંગ્યા છે. હવે તેમના માટે કંઈક નવો જ વિચાર કરવો પડશે, પરંતુ સતત ૩૦, ૪૦ વર્ષ આ પરંપરા રહી. એમાં કોઈ બદલાવ ન કર્યો. ગરીબ ગરીબ જ રહ્યો. પુંજાભાઈએ સાચી વાત કહી કે ૧ રૂપિયો મૂકે અને ૧૫ પૈસા પહોંચે. કયાંથી ગરીબ બેઠો થાય? કયાંથી ગરીબાઈ દૂર થાય? બાકીના ૮૫ પૈસા તો વચ્ચે જ પતી જતા હોય. ગરીબ સુધી પહોંચે જ નહીં. (અંતરાય) ગોવાભાઈ, આ તો તમારા માનનીય વડાપ્રધાનશ્રીએ પણ કહેલું. (અંતરાય) આ વાત પુંજાભાઈએ કરી. આ સ્થિતિ અને વાસ્તવિકતાને કારણે ગરીબાઈ દૂર ન થાય. આવી જ યોજનાઓથી તો ગરીબો દૂર થાય. હું માનું છું કે રાજય સરકારે નવો અભિગમ લીધો છે અને એના પરિણામ આવવા માંડયા છે. માનનીય મુખ્યમંત્રીશ્રી માને છે, અને એમણે એક વખત કહ્યું કે સમસ્યાઓના સમાધાન થાગડ થીગડ ન ચાલે. સમસ્યાઓના સમાધાન નકકર અને કાયમી હોવા જોઈએ. કાયમી ઉકેલ કરો કે જેથી સમસ્યા ફરી ઉભી ન થાય. ૪૦ વર્ષ સુધી કાયમી ઉકેલ કર્યો હોત તો આ પરિસ્થિતિ ના હોત. નીતિઓમાં બદલાવ જે કરવામાં આવ્યો છે એના માટે હું રાજય સરકારને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેવી જ્ઞાતિઓ છે, પહેલા કોઈએ કામ કર્યુ હોત. મારા વિસ્તારમાં વાદી જ્ઞાતિ છે. એ લોકોને સ્થાયી કર્યા છે. આ જ્ઞાતિ ૩૦, ૪૦, ૫૦ વર્ષથી, દેશ આઝાદ થયો તે પહેલાથી વાદીઓ રખડતા અને ભટકતા. કોઈ જમીન નહીં. વસતિ ગણતરીમાં એમનું નામ નહીં. રેશન કાર્ડ નહીં. એક ઈંચ પણ ધરતી એમના માટે નહીં. ૪૦, ૫૦ વર્ષ પછી અને આટલી પંચવર્ષીય યોજનાઓ પછી એમની આ હાલત. એમના બાળકોના જન્મ ખુલ્લા આકાશ નીચે થાય. કુટુંબનો કોઈ વડીલ મૃત્યુ પામે તો પણ ખુલ્લા આકાશ નીચે. અમે એમના માટે એક નાનકડો પ્રોજેકટ કર્યો. આવા લોકોને ભેગા કરીને સ્થાયી કર્યા છે. મારી પોતાની ૧૦ વીઘા જમીન આપીને એમને વસાવવાનો પ્રયત્ન કર્યો છે. કેવા લોકો? આ વાદીઓ માટે સરકારશ્રીએ નિર્ણય કર્યો કે સરકારી જમીન હોય, જયાં હોય ત્યાં, એમને જમીન આપશે, એમને મકાનની પણ વ્યવસ્થા કરી આપશે.

સામાજિક બદલાવ કરવાની પણ જરૂર છે. અમે ગામમાં કહીએ કે અહીં વાદીઓને વસાવવાના છે, તો આખું ગામ ભેગું થઈને કહે કે ના, વાદીઓ અહીંયા નહીં. હું એ વાત કહેવા માગું છું કે આપણી આ નબળાઈઓ છે. સમાજ પ્રત્યેની નબળાઈ છે. સામાજિક કામ કરતા તમામ લોક પ્રતિનિધિઓએ પણ જાગૃતિ ઉભી કરવી પડે. એ આપણો ભાઈ છે. માણસ છે. પશુને પણ આપણે ઘરમાં આવવા દઈએ અને વાદીને ન આવવા દઈએ એ કયાંનો ન્યાય છે? આમાં બદલાવ કરવો પડે. મેં શરૂઆત કરી છે. બધા આગેવાનોને બોલાવીને મારા બાપુજીએ લાડુનુ જમણ કરાવીને બધાને અંદર બેસાડી તેમને એકીસાથે બેસાડીને જમવાની વ્યવસ્થા કરી છે. આપણા જ ભાઈઓ છે. એમની નસોમાં જે લોહી વહે છે તેવું જ આપણી નસોમાં વહે છે. એને આવી રીતે અન્યાય ન કરી શકાય. હું માનું છું કે આમાં બદલાવ કરવાની જરૂર છે. એ બદલાવ ન કરવામાં આવે તો આપણા બધાની સામે મોટી સમસ્યાઓ આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, વાદીઓની કરૂણતા ઘણા લોકો મજાકમાં લેતા હોય છે. સાપની અને એવી વાતો કરીને, પણ એમની કેવી દુર્દશા હોય છે. હું મારા બાળકો સાથે પંદર દિવસે એ વસાહતમાં જતો હોઉં છું. વરસાદ થયો ત્યારે મારી નાની દીકરી મને કહે છે કે પપ્પા, આ બારી બંધ કરી છે, તો પણ ઠંડી હવા આવે છે. તમે જે છોકરું તેડીને બેઠા હતા, તેમને તો મકાન નથી, બારી જ નથી, તો એ શું કરતા હશે? આ વાત જયારે પ્રત્યક્ષ અનુભવ કરીએ ત્યારે ધ્યાનમાં આવતી હોય છે. આ સ્થિતિ આજે પણ માણસની હોય અને આઝાદીના ૪૦ વર્ષ સુધી એને રહેવા માટે એક નાનકડું મકાન પણ ન આપી શકીએ તો એ કેવી દુર્દશા કહેવાય. આવા એક બે નહીં અનેક લોકો ભટકતા હોય એ સ્થિતિમાં રાજય સરકાર પાસે રજૂઆત મૂકી કે આવા લોકોને

મકાનની જરૂર છે. રાજય સરકારે કહ્યું કે આખી વસાહત બનાવી આપીશું. આવા વાદીઓની એક વસાહત હારીજમાં ૪૦, ૪૦ હજાર રૂપિયા ખર્ચી તૈયાર થઈ ગઈ.

એક કાકર ગામે વાદી વસાહત અને મંત્રીશ્રી પણ ત્યાં હાજર હતા,એ પણ તૈયાર થઈ ગઈ છે, રાધનપુરમાં બે વસાહત અને વડનગરમાં વસાહતું કામ ચાલુ કર્યુ છે એના માટે મારે આ વિભાગને અને રાજય સરકારને લાખ લાખ અભિનંદન આપવાં છે. ઘણી વખત લોકો કહેતા હોય છે કે નરેન્દ્રભાઈ ઉપર આટલી બધી આફતો આવતી હોય છે, આ સરકાર ઉપર આફતો આવતી હોય છે અને કુદરત તેમને મદદ કરે છે, શેના કારણે કુદરત તેમની સાથે રહે છે. તો આવા જે ગરીબ લોકો હોય છે, જેનો કોઈ હાથ પકડનાર નહોતું અને આ સરકારે તેમને બેઠા કરવા માટેનું કામ કર્યુ છે એના કારણે આ બધી આફતો ટળી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, બજાણીયા જ્ઞાતિની પણ આવી જ સ્થિતિ છે. આ જ્ઞાતિ માટે પણ રાજય સરકારે આ કામ ઉપાડયું છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે. તેઓ પણ ગામની દૂર રહે છે અને ગ્ગામથી નજીક તેમને લોકો આવવા જ ના દે, ગામથી દૂર તેમની વસાહત અને ઝૂંપડામાં એ રહેતા હોય છે એવા લોકો માટેની વસાહત રાજય સરકાર કરી રહી છે એના માટે પણ લાખ લાખ અભિનંદન આપું છું. આજે સમાજમાં પણ બદલાવ આવી રહયો છે, લોકો હવે આ બાબતે આ પોતાનું કર્તવ્ય છે એમ સમજીને કામ કરે છે. એની નીતિને કારણે નૈતિક જવાબદારી સ્વીકારતો સમાજ થયો છે, હવે લોકો મફત જમીન આપતા થયા છે. આ આપણા જ લોકો છે, અત્યારસુધી આપણે એમને અન્યાય કર્યો છે એના લીધે એ પાછળ રહી ગયા છે અને રાજા કાલસ્ય કારણમ્, પહેલાં એવું કહેવાતું હતું કે પ્રજા હોય એવો રાજા આવે આ વાત જેટલી સત્ય છે, રાજા જેવો હોય એ પ્રમાણેની પ્રજાનું નિર્માણ થઈ શકે છે. રાજાની પ્રામાણિકતા, એ શાસકની કામ કરવાની પધ્ધતિ એની અસર પ્રજા ઉપર થતી હોય છે અને પ્રજાનું પ્રશિક્ષણ થાય છે અને એના આધારે આમૂલ પરિવર્તન થતું હોય છે અને આજે આનાં પરિણામ દેખાવા માંડયાં છે. સામેથી લોકો કહે છે કે સરકાર મકાન બનાવવા માટે ૪૦ હજાર રૂપિયા આપતી હોય તો અમે પણ ૫ હજાર આપીશું અને એ રીતે બદલાવ થયો છે અને એ આવતા દિવસોમાં ગુજરાત માટે ખૂબ સારાં પરિણામો લાવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ મકાન બનાવવાની વાત ચાલતી હતી ત્યારે હું માનું છું કે પહેલાં ૧૨ હજાર, ૧૪ હજાર, ૧૬ હજાર કે ૧૮ હજાર રૂપિયા આપતા હતા તો એનાથી આ મકાન ના થઈ શકે. આ ૪૦ હજાર રૂપિયાનું મકાન બનાવવાની વાત છે એમાં ઠીક પ્રમાણેનું મકાન બની શકે અને એમાં પણ આપણે કોઈ સ્વૈચ્છિક સંસ્થાઓને જોડીને કે જેઓ આપવા ટેવાયેલા છે એમની પાસેથી લઈને એમાં ઉમેરો કરીને, લોકો પાસેથી પણ સહયોગ લઈને આનાથી વધારે સારાં મકાન બનાવી શકાય અને આવું થાય એ સમગ્ર વસાહતો માટે આશીર્વાદરૂપ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આશ્રમશાળાઓ બાબતે વાત કરું તો આજે એમાં પણ સારો બદલાવ આવી રહયો છે. એમાં સરકારે એવોર્ડ આપવાની ને સન્માન કરવાની વાત કરી છે એના કારણે નૈતિક મૂલ્યો જળવાશે. પહેલાં તો કોઈ સારું કરે કે કોઈ ખરાબ કરે તો કોઈપણ જાતની નોંધ લેવાતી નહોતી તેથી કોઈને સારું કરવાનું મન થાય નહીં, પરંતુ હું સારું કરીશ તો એની નોંધ લેવાશે અને આ એવોર્ડ આપવાની વાત થઈ છે તો આપણે પણ એમાં સારું કરીએ તો એની નોંધ લેવાશે અને આપણને પણ એવોર્ડ મળશે અને એટલે સારું કરવું એવી ભાવના લોકોમાં આવશે, આપણે સારું કરીશું તો આપણી નોંધ લેવાશે, એટલે એક મોટું પરિવર્તન આ આશ્રમશાળાઓમાં આવી રહયું છે અને આવતા દિવસોમાં મોટો ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારું સૂચન છે કે ૧ થી ૭ ધોરણના વિદ્યાર્થીઓ હોય છે હવે પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશોત્સવનો ઉત્સવ ચાલ્યો અને મોટા પ્રમાણમાં પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ આવવાને કારણે ડ્રોપ આઉટ રેશિયો પણ ઘટયો છે અને ધોરણ ૮,૯ અને ૧૦ માં એ વિદ્યાર્થીઓ પ્રવેશ લઈ રહયા છે ત્યારે આશ્રમશાળાઓમાં પણ ૧ થી ૭ ની જગ્યાએ ૫ થી ૧૦ આવું ગોઠવવામાં આવે તો હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ પણ રેસિડેન્શિયલ સ્કૂલો ચલાવતી હોય એ જગ્યાએથી જ એમને મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની જે માગણીઓ છે એને સમર્થન કરીને શ્રમ અને રોજગર વિભાગની વાત કરું તો શ્રમ અને રોજગાર વિભાગમાં જે નવી તાલીમનો કન્સેપ્ટ ઉભો કર્યો છે એમાં આજે ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ થઈ રહયો છે ત્યારે નવા નવા ટ્રેડ ઉભા કરીને તાલીમ આપવા માટેનો જે અભિગમ સરકારે બતાવ્યો છે એના કારણે આવનાર સમયમાં ઘણા મોટાપાયા ઉપર રોજગારી મળી શકે એવો સ્કોપ ઉભો થયો છે એની વાત કરીને સરકારને અભિનંદન આપું છું કે ગુજરાતના યુવાન વર્ગ માટે તેમની આવતીકાલ ઉજજવળ બને એ માટે આ પગલું ખૂબ જ ઉપયોગી થઈ પડશે. આ બન્ને વિભાગની માગણીઓને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર: ૫૬, ૫૭, ૯૨ અને ૯૫ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, તેના ઉપર મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું. રાજયના બેરોજગાર યુવાનો માટે જે આ રાજય સરકાર કરી રહી છે તેની પણ થોડી વાત આપના દ્વારા કરવા માગું છું. બેરોજગાર

યુવાનોની નોંધણી રોજગાર વિનિમય કચેરીમાં થતી હોય છે. આ બેરોજગારો સરકારી ચોપડે નોંધાયેલા દસ લાખ કે અગિયાર લાખ હશે. સાચો આંકડો જો માનનીય અધ્યક્ષશ્રી, સરકારને બેરોજગારોનો જાણવો હોય, શિક્ષિત અને અશિક્ષિત બેરોજગારોનો જાણવો હોય તો મારું એક સૂચન છે માનનીય મંત્રીશ્રી રમણભાઈ સાહેબને, અને માનનીય પંચાયત મંત્રીશ્રી પણ અહીં બેઠા છે એમને પણ, કે જે ગ્રામસભા થાય છે તે ગ્રામ સભામાં તમે કંઈક એવી વ્યવસ્થા ઊભી કરો કે જેથી ગ્રામ્ય વિસ્તારના શિક્ષિત અને અશિક્ષિત બેરોજગાર ભાઈઓ અને બહેનો છે તે રોજીરોટી વગરના કેટલા છે, તેને કામ વર્ષમાં કેટલા દિવસ મળે છે, તેને કામ નથી મળતું તો તેનું શું કારણ છે? તેનું જો ગ્રામસભા દ્વારા આયોજન થાય તો ગુજરાતમાં સાચો એક આંકડો આવે કે ગ્રામ્ય વિસ્તારોમાં અને શહેરી વિસ્તારોમાં, સાહેબ આપણે આના બે ભાગ પાડવા પડશે. શહેરી વિસ્તારોમાં ભણતર અને યોગ્ય દોરવણી અને તેના હિસાબે ક્યાંક ક્યાંક સરકારના લાભની તેને વધારે ખબર પડતી હોય છે. ગ્રામ્ય વિસ્તારનો એક તબક્કો એવો છે કે તે તબક્કામાં તે ગામના વાતાવરણમાંથી યુવાન બહાર નથી નીકળી શકતો. ભણેલ ગણેલ છે શિક્ષિત છે તો તેને આ યોજનાનો લાભ આપવા માટે કોઈક આયોજન કરવું પડે. સરકારે પોતાના સંકલ્પ પત્રમાં બેરોજગારી ઘટાડવા માટેનો સંકલ્પ કર્યો હતો. ચૂંટણી પહેલા. બેરોજગારી ઘ ટાડવા માટે ગ્રામ મિત્ર યોજના, પંચ મિત્ર યોજના, શ્રમ રોગી યોજના, વિદ્યા પ્રેરક યોજના બનાવી હતી. આ યોજનાઓ બની તે ગઈ કયાં? માનનીય માલજીભાઈ અને પુંજાભાઈએ ખૂબ સરસ વાત કરી. અમારા વિદ્વાન સભ્યો બોલ્યા છે ત્યારે મારે કહેવું છે કે ગુજરાતીના નામે વાત કરવાનો તમને અને અમને સૌને એક અધિકાર મળ્યો છે એક ગૌરવ મળ્યું છે. પણ માત્ર ગુજરાતીની વાત કરીને સુખી, સંપન્ન વીસ-પચીસ ટકા લોકોની જ તમારે ચિંતા કરવાની હોય અને ૭૫ થી ૮૦ ટકા ગરીબ લોકોની વાતને કયાંય ન્યાય ન આપવો હોય, બજેટમાં પણ. તો હું માનું છું કે મોટો અન્યાય કરી રહ્યા છીએ. બજેટમાં પૈસા ફળવાય, ઓછા ફાળવે છે, મંજૂર છે, પણ ફળવાયેલા પૈસા વપરાતા નથી તેના કારણો તો કોઈ આ સરકાર આપશે કે નહીં? એક પણ યોજના એવી નથી કે બજેટના નાણા ફળવાયા હોય અને પૂરેપૂરા વપરાયા હોય. બક્ષીપંચની, એસ.સી.ની એસ.ટી.ની એક પણ યોજના એવી નથી કે પૂરેપૂરા નાણા વપરાયા હોય. માનનીય મંત્રીશ્રી જ્યારે જવાબ આપે ત્યારે આની સ્પષ્ટતા કરે તેવી વિનંતી કરું છું. ખૂબ વ્યવસ્થિત ચાલાકી પૂર્વક ગરીબોને, વિકાસથી વંચિત લોકોને આ રાજયમાં હાંસિયા ઉપર ધકેલવાનું કામ ચાલી રહ્યું છે. આ જ વિધાનસભા ગૃહમાં ઓ.બી.સી., એસ.સી. અને એસ.ટી.ના ખોટા પ્રમાણપત્ર બાબતનો સંકલ્પ આવ્યો ત્યારે મેં આ ફલોર ઉપર માનનીય મુખ્ય મંત્રીશ્રી અને વિભાગના માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપ્યા હતા. એ અભિનંદન સારુ કામ થાય એટલા માટે આપ્યા હતા. એમાં પણ મારો ભ્રમ ભાંગ્યો છે. એક લાખ દબાણો, ઝૂંપડાઓ તમે શહેરી વિસ્તારમાં દૂર કર્યા, કોણ હતાં એમાં? આજે પણ દબાણો દૂર કરવાની તમે વાતો કરો છો , કોણ છે એમાં? ઓ.બી.સી., એસ.સી. અને એસ.ટી., માનનીય શંકરભાઈએ ખૂબ સારી વાત કરી, વાદીઓને રાધનપુરમાં તમે જગ્યા આપી. માનનીય હેમાભાઈ રાજપુત સાહેબે એ જ વાદીનો પ્રશ્ન વાવ અને થરાદમાં ઉઠાવ્યો, અને સરકારે જવાબ આપ્યો કે એમની પાસે જમીન નથી. એટલે આ લાભ અમે આપી શકતા નથી. તેની ચર્ચા થઈ, આ જમીન કોણ આપશે? એક ખાતાના મંત્રીશ્રી કહે કે જમીન નથી, બીજા ખાતાના મંત્રીશ્રી જગ્યા ન આપે, અને તેના પછીના જે દૃશ્યો સમગ્ર ગુજરાતે અને આ વિધાનસભામાં આપણે જોયા છે. તેના સાક્ષી આપણે બધા છીએ. અને છ-છ પ્રતિનિધિઓને આ વિધાનસભાગૃહની બહાર જવું પડ્યું.

માનનીય ગોરધનભાઈ સાહેબ બોલતા હતા ત્યારે ખૂબ આનંદ થયો. સરકારના આંકડા ખૂબ લઈને આવ્યો હતો પણ એમાં હું નહિ ઉતરુ. મારે કહેવું છે કે ગરીબો અને વંચિતો માટે બોલવાનું સારું છે. આ ગરીબો માટેની વાત કરવી આ વાતની ધૂન ઉપર નચાવવા સહેલા છે. કારણ કે એ અશિક્ષિત છે, અભણ છે એને દોરવણી નથી એને તમારી વાણીમાં નચાવવા સહેલા છે. અહીંયા વાત કરું છું કે તમારા પક્ષમાં તમે કયા કામો કરો છો કે એકબાજુ શિસ્તભંગની નોટિસ મળે છે ત્યારે માનનીય ગોરધનભાઈની નોટિસ પાછી ખેંચી લેવામાં આવે છે. અમારા સિદ્ધાર્થભાઈ પરમાર, રમીલાબેન દેસાઈ અને રાકેશભાઈ રાવ કે જેઓ દલિત છે, પછાત વર્ગના છે એને બરતરફ કરો છો. અહીંયા બક્ષીપંચની વાતો કરવી, દલિતોની વાતો કરવી અને એ જ વર્ગના શ્રી સિદ્ધાર્થ પરમાર, રાકેશભાઈ રાવ અને રમીલાબેન દેસાઈને સસ્પેન્ડ કરવામાં આવે છે. એટલે ગરીબોની બક્ષીપંચની વાતો કરવી અને વ્યવહારમાં ક્યાંક સામ્યતા રાખજો. (અંતરાય) તમે શ્રીમતી રમીલાબહેની વ્યથા સાંભળો. (અંતરાય) એટલા માટે સાંભળો, તમને આ વાત એટલા માટે કરવી પડે છે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, સત્ય હકીકતની વાત આવે ત્યારે બહુ મજાથી સ્વીકારવાનું રાખો. અમે ભૂલો કરી હતી એટલે અમને અહીંયા બેસાડયા છે પરંતુ અમે એ ભૂલો સ્વીકારી છે. પરંતુ માનનીય સભ્યશ્રી સિદ્ધાર્થ પરમાર, શ્રી રાકેશ રાવ અને શ્રીમતી રમીલાબેન દેસાઈ સાથે આવો વ્યવહાર ન કરો અને માનનીય સભ્યશ્રી ગોરધનભાઈ જેવો વ્યવહાર કરો તો લોકો તમને કંઈક સારુ કહેશે. માત્રને માત્ર ગરીબ માણસોને ધર્મ આધારિત બનાવવામાં આવી રહ્યા છે. પાકિસ્તાન ઘેટ આફટર નામનું પુસ્તક ડોકટર આંબેડકર સાહેબે લખ્યું છે. એમાં જણાવ્યું છે કે દેશના નાગરિકોની નિષ્ઠા ધર્મ પ્રત્યે બળવાન બને એનો વાંધો નથી, પરંતુ ધાર્મિકતા પ્રત્યે

બળવાન બને અને વહીવટ પ્રત્યે ઓછુ તે દેશમાં લોકશાહી ટકી શકે નહિ. જો પાકિસ્તાન નામનો દેશ રચાશે તો તે દેશમાં લોકશાહી નામનું શાસન રહેશે નહિ. મારુ કહેવાનું છે કે આ સરકાર કારણોનો ભ્રષ્ટાચાર કરી રહી છે. ચૂંટણીઓ આવે ત્યારે ફાગવેલ યાદ આવે, ચૂંટણીઓ આવે ત્યારે ઝાંઝરકાનું મંદિર યાદ આવે, ચૂંટણી આવે એટલે એને પાવાગઢનું મંદિર યાદ આવે, ચૂંટણી આવે એટલે ક્યાંક યાત્રા અને રથયાત્રા યાદ આવે. ચૂંટણી પૂરી થયા પછી સત્તા ઉપર બેસે પછી તમામ બાબતોને બજેટમાં હાંસિયા ઉપર મૂકી દેવામાં આવે છે. પેટ અને ધર્મની વચ્ચે ગરીબ પ્રજાને જ્યારે ધર્મની પટ્ટી બાંધવાનો પ્રયત્ન કરી રહ્યા છો ત્યારે સમજી લેજો કે આ પટ્ટી લાંબો સમય એટલા માટે નહિ ચાલે જે દિવસે પેટનો ખાડો પડશે લોકો ભૂખથી તરફડશે અને તમારી ભ્રામક માયાજાળની ખબર પડશે તે દિવસે આ ગરીબ માણસની ભૂખ તમારા ખોરાકથી સંતોષાશે એ પહેલા તમને પડકારશે. આ ગરીબ વર્ગની પ્રજા, આ ગ્રામ્ય વિસ્તારની પ્રજા પડકારે છે. જે દિવસે એના હાથ આ કૃત્ય કરવાવાળાના ગરદન સુધી જાય એ પહેલા આ કૃત્યો કરનાર ક્યાંકને ક્યાંક એની ચિંતા થાય તેવી વિનંતી કરું છું.

રોજગારીની વાત, મેં આપને કહ્યું કે ગુજરાતમાં ખૂબ મોટો ઓ.બી.સી. વર્ગ છે. માનનીય મંત્રીશ્રી બેઠા છે એ કેટલીક બાબતો સારી કરે છે અને અમે એમને સહકાર પણ આપીએ છીએ અને વધાવીએ છીએ. માનનીય મંત્રીશ્રી શહેરી વિસ્તારમાંથી પછાત વિસ્તારનું નેતૃત્વ કરી રહ્યા છે. ગરીબ ઓ.બી.સી. વિસ્તારની આજે જે દશા છે એનો જવાબ છે આપણી પાસે? અને એટલા માટે પૂછવા માગું છું કે બાલવાડી તેડાગર બહેનો હોય, સંચાલિકા હોય. એસ.સી.ને જે પગાર મળે છે તે ઓ.બી.સી.ને આપો તો શું વાંધો છે? ઓ.બી.સી.ના લોકો, એસ.સી., એસ.ટી.ના લોકો એમ.બી.બી.એસ.માં જાય છે. તેની ખબર હોય આપણને તેવા વિદ્યાર્થીઓને બોલાવો. ક્યાંક આપના ઘરે માંડવો નાખો. રસોડું કરો અને કહો કે તમારા કેટલામાં પહોંચી વળવાની આર્થિક પરિસ્થિતિ છે કેટલાની પહોંચી વળવાની આર્થિક પરિસ્થિતિ નથી. તેની ચિંતા કરો, સારું લાગશે. આપણને તેના આશીર્વાદ મળશે. બે-પાંચ દીકરા-દીકરીઓને વિદેશ ભણવા મોકલવાથી આખા સમાજનું ભલું થાય છે. છેલ્લા તબક્કાનો માનવી છે તેની સામે આપણે ક્યાંકને ક્યાંક જોવું પડશે. આ એટલા માટે કહેવું પડે છે કે ગરીબ વિસ્તારમાંથી પી.ટી.સી.માં છે. ક્યાંક શાળામાં અભ્યાસ કરે છે. પણ માત્રને માત્ર તેનું આર્થિક પાસું નબળું હોવાને કારણે તેની ચિંતાથી ભણવાનું મળતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગારીનો પ્રશ્ન. સમગ્ર ગુજરાતમાં કેટરીંગના ધંધામાં રાજસ્થાન હાવી થઈ ગયું છે. ફાસ્ટફૂડના ધંધામાં કારીગરોમાં રાજસ્થાન હાવી થઈ ગયું છે ત્યારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આવા તાલુકા મથકો ઉપર, નાના-નાના ટાઉન ઉપર આવા નાના-નાના કોર્સીસ ચાલુ કરવામાં આવે કે નાનો મોટો લારી-ગલ્લો કરીને ક્યાંક રોજી-રોટી મેળવી શકે. રોજગારી મેળવી શકે. આ બાબતોને માનનીય મંત્રીશ્રી ખૂબ ચિંતાથી લે એવી આપના દ્વારા વિનંતી કરું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, અનુસૂચિત જાતિઓની ખાસ અંગભૂત યોજનાઓ અને સમાજ સુરક્ષા યોજનાઓની માગણી નં. ૯૨ અને ૯૫ લઈને સભાગૃહ સમક્ષ આવ્યા છે તેના સંદર્ભમાં હું મારા વિચારો વ્યક્ત કરીને આ માગણીઓને મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં વિશદ ચર્ચાઓ થઈ છે. ગુજરાત સરકારે ગુજરાતમાં દલિતોના વિકાસ માટે, વંચિતોના વિકાસ માટે જે કામ કર્યું છે એ કામ "ન ભૂતો ન ભવિષ્યતિ" એ પ્રકારનું છે. આ વિકાસનો માર્ગ વંચિતોના છેવાડાના ઘર સુધી પહોંચે તેના માટે આ રાજય સરકાર કૃતસંકલ્પી છે. આદરણીય પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીનું સ્વપ્ન હતું કે છેવાડાના માણસ સુધી યોજનાઓનો વ્યાપ વિસ્તરીને જાય અને "સબ સમાજ કો લીયે સાથમેં, આગે બઢકે જાના હૈ" ની સંકલ્પના મજબૂત બને એ દિશામાં અમારી સરકાર કામગીરી કરી રહી છે. મારા પૂર્વના વક્તાઓએ ઘણાં બધાં રાજકીય અવલોકનો કર્યા છે. આ પ્રશ્ન કોઈ પાર્ટી કે પૉલિટિક્સથી ઉપર ઉઠીને વંચિતોના વિકાસમાં સૌ કોઈએ સાથે મળીને કામ કરવું જોઈએ. પરંતુ મને લાગે છે કે જે લોકો જ્યારે સત્તામાં હતા ત્યારે તેમણે દલિત સમાજને જ મોટો અન્યાય કર્યો છે. તેમણે દલિત સમાજને સત્તામાં હિસ્સેદાર બનાવ્યો નથી. જેણે દલિત સમાજ ઉપર અત્યાચાર બેરોકટોક ચાલુ રાખ્યા. આઝાદીના ૫૮ વર્ષમાંથી ૫૦ વર્ષ જેણે આ દેશ ઉપર શાસન કર્યું તે લોકોના શાસનમાં રણમલપુરા, સાંબરડા, ભીમજી અરણીયામાંથી દલિતોએ સામૂહિક હિજરત કરવી પડી હતી.
ખૂનોની પરંપરા વહેતી હતી.

મને કહેતાં આનંદ છે કે, જ્યારથી અમે સત્તાના સૂત્રો સંભાળ્યા છે ત્યારથી ગુજરાતના એકપણ ગામડાની અંદર દલિતોએ હિજરત કરી હોય એવો પ્રસંગ નોંધાયો નથી. એટલું જ નહીં પણ જે સામાજિક વ્યવસ્થાઓ હતી, જે સદીઓ જૂના આ સમાજ ઉપર અત્યાચારો હતા એ અત્યાચારોનું પ્રાયશ્ચિત કરવાના ભાગરૂપે અને મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકરની કલ્પના હતી કે, સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સમાનતા વગર રાજકીય સ્વાતંત્ર્યનો કોઈ અર્થ

નથી. એ દિશામાં જવા માટે અમે મક્કમપણે આગળ વધી રહ્યા છીએ. જે કૉન્ગ્રેસના શાસનની અંદર, જે કૉંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ હતાને, એમના ગામ સાંબરડામાં દલિતો ઉપર અત્યાચાર થયો હતો. એ ગામના લોકોનું પુનઃવસનનું કામ અમારી સરકારે કર્યું છે. એમને ત્યાં રસ્તાઓ, પાણી, લાઈટ, આવાસ અને આરોગ્ય વિષયક સુવિધાઓ અમે આપી. એટલું જ નહીં પણ અમારા શાસનની અંદર કયારેય પણ અત્યાચાર ન બને એના માટેની જડબેસલાક વ્યવસ્થા કરી છે. હું અહીંયાં કહીશ. બધાએ ઘણી બધી વાતો કરી કે આમ થાય છે અને તેમ થાય છે. પણ જ્યારે સત્તા પર હતા ત્યારે માત્ર સેવા નહીં પણ મેવાના સ્વપ્નની અંદર રાચનારા લોકો જન સેવા એ જ પ્રભુ સેવાને એક બાજુ મૂકી દેનારા લોકોએ અમને આ શિખામણ આપવાની જરૂર નથી. આજે ડો. બાબાસાહેબ આંબેડકરની વાત કરી. આ બાબાસાહેબ આંબેડકર જ્યારે હયાત હતા ત્યારે કૉંગ્રેસીઓએ કયા પ્રકારનો અન્યાય કર્યો છે? ડો. બાબાસાહેબ આંબેડકરને પાર્લામેન્ટની અંદર બે-બે વખત જતા રોકનારા પણ આ કૉન્ગ્રેસીઓ જ હતા. એ ડો. બાબાસાહેબ આંબેડકરનું તૈલચિત્ર પાર્લામેન્ટ હાઉસની અંદર મૂકવાનો ઇન્કાર કરનારા પણ આ કૉન્ગ્રેસીઓ જ હતા. આજે ડો. બાબાસાહેબ આંબેડકરના નામે દુહાઈ દેનારા લોકોને મારે પૂછવું છે કે, ડો. બાબાસાહેબ આંબેડકરને ૧૯૯૦ સુધી મરણોત્તર એવોર્ડ ન આપનારા પણ તમે જ છો. ડો. બાબાસાહેબ આંબેડકરનું યોગ્ય સન્માન, દલિતોની આકાંક્ષાઓનું પ્રતીક એનું પ્રતિબિંબ પાડતો નિર્ણય ૧૯૯૦ની અંદર પહેલીવાર દિલ્હીની ગાદી ઉપર જે બિનકોંગ્રેસી સરકાર સ્થાપિત થઈ અને એ સરકારમાં અમારા અટલજી અને અડવાણીજી પણ હતા. એ સરકારની અંદર અમે ડો. બાબાસાહેબ આંબેડકરને ભારતરત્નનો એવોર્ડ આપ્યો. આજે આ લોકો સાહેબ, મગરનાં આંસું સારે છે?, દલિતોના નામે વંચિનોના વિકાસની વાતો કરે છે? અરે વંચિતોના વિકાસની વાતો કરનારાઓને એકપણ અધિકાર નથી. હું કહીશ કે, આજે વંચિતોના વિકાસની વાતો કરનારા લોકો કહે છે કે આ સરકારે યોજનાઓ બંધ કરી છે, આ સરકારે યોજનાઓને રૂડા રૂપાળા નામ આપ્યા છે. પરંતુ યોજનાઓ તો અમારા વખતની હતી. મારો એમને પડકાર છે, પડકાર કે, તમારા વખતમાં કઈ કઈ યોજનાઓ હતી? અમારા શાસનમાં અમે જે યોજનાઓ બનાવી છે એની કલ્પના પણ આ કૉન્ગ્રેસીઓને ન આવે. કારણ કે, કૉન્ગ્રેસીઓ તો દલિત સમાજ, આદિજાતિ સમાજ, બક્ષીપંચના સમાજને માનવી નહીં પણ મતદાર તરીકે અત્યાર સુધી મૂલવતા હતા. એમને એ સમજદાર બને, એ જાગૃત બને અને એમની સામે થાય એવું કૉન્ગ્રેસીઓને કયારેય પસંદ નહોતું. માટે માત્રને માત્ર એમને અંધકારની અંદર રાખીને, એ માત્રને માત્ર અજ્ઞાનતામાં રહે એવું શાસન આપીને એમણે માત્ર એમની અજ્ઞાનતાનો લાભ ઉઠાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પેલા ઉમાશંકર જોષીની એક પંકિત છે કે,

" ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે,
ખંડેરની ભસ્મકણી ન લાદશે."

માનનીય અધ્યક્ષશ્રી, એ ન્યાય પ્રમાણે ગુજરાતની અંદર ૧૯૯૦થી ગુજરાતની સમજુ અને શાણી જનતાએ આ કૉન્ગ્રેસીઓને એમનું સ્થાન આપી દીધું છે. ૧૫ વર્ષ પછી પણ એમનો અત્તો-પત્તો હજુ લાગ્યો નથી અને હમણાં જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂરી થઈ, એ કૉર્પોરેશનની, નગરપાલિકાઓની, ગ્રામ પંચાયતની, જિલ્લા પંચાયતની અંદર આ ઓ.બી.સી. વર્ગના લોકો, દલિતવર્ગના લોકો, આદિજાતિના લોકોના, જોરદાર જનસમર્થનના કારણે ભારતીય જનતા પાર્ટીના શાસનને મંજૂરીની મહોર લાગી છે. હું એ કહેવા જઈ રહ્યો હતો કે તમે દલિતોના નામે વાતો કરી છે. તમે દલિતોના નામે મગરના આંસુ સારો છો. મારે પૂછવું છે કે તમારા શાસનની અંદર કઈ કઈ યોજનાઓ હતી? અમે વેદનાની સંવેદનાની અનેક યોજનાઓ આપી છે. અમે વેદનાનો અનુભવ કર્યો છે. હું દલિત સમાજમાંથી આવું છું. આ લોકો જે વાતો કરનારા લોકો છે એ દલિત સમાજની વેદનાઓ કયા કયા પ્રકારની હોય, એમની યાતનાઓ કયા પ્રકારની હોય એનો અહેસાસ એમને ન થાય. કુંવારી હોય એ પ્રસુતાની વેદના ન જાણી શકે. પ્રસૂતિની વેદના તો જેને પીડા ભોગવી હોય એને જ ખબર પડે. જેને પ્રસુતિ આવી હોય એને વેદનાની ખબર પડે અને આ વેદના સંવેદના સત્તાની અંદર બેઠા પછી જ્યારથી કેશુભાઈની સરકાર આવી ત્યારથી નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં અમે એ સમાજને ન્યાય આપવા માટેનો પ્રયાસ કર્યો છે. અમે વંચીતોને ચોકકસપણે ન્યાય અપાવવા માટેનો પ્રયત્ન કર્યો છે. કોંગ્રેસના શાસનની અંદર શિષ્યવૃત્તિ ભણતર માટે કેટલી હતી? ડૉ. બાબાસાહેબ આંબેડકર સમાજના નબળા વર્ગની મહિલાઓ, અનુસૂચિત જાતી આદિજાતિ અને ઓ.બી.સી.ને સમાન અધિકાર આપવા માટે એને સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સમાનતાની વાત કરી હતી. એ શિક્ષણના વિકાસ માટે કઈ કઈ યોજના ભૂતકાળની સરકારોએ કરી હતી? અમારી સરકારે પ્રથમ વખત સમગ્ર હિન્દુસ્તાનની અંદર આજે પણ એક પણ રાજય એનો અમલ કરી શકયું નથી. આજે પણ એક પણ રાજય એનું અનુકરણ કરી શકયું નથી એવી સરસ્વતી સાધન યોજના એ અમારી ભારતીય જનતા પક્ષની સરકારની દેન છે કે અમે એમાં કન્યાઓને એક ગામથી બીજે ગામ ભણવા જવું હોય તો અમે ૧૫૦૦ રૂપિયાની સાઈકલ આપીએ છીએ. અમે ૫૦ રૂપિયા કે ૭૫ રૂપિયાની શિષ્યવૃત્તિથી મન મનાવી લેવાવાળા લોકો નથી. એ તો કોંગ્રેસનું કામ છે અને હું બીજી યોજનાની વાત કરીશ. માનવ ગરિમા યોજના જેને કંઈ આજીવિકાનું સાધન નથી એને આજીવિકા માટે ૩૦૦૦ રૂપિયાની

માનવ ગરિમા યોજનાનો લાખો લોકો લાભ લેતા થયા છે. શું આ કોંગ્રેસની યોજના હતી? વિદેશમાં અભ્યાસ માટે સરસ્વતી યોજના, લોન યોજના, ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશમાં ભણવા ગયા માટે પ્રકાંડ પંડિત થઈ શકયા અને ભારતીય બંધારણ ઘડી શકયા. એ અનુસૂચિત જાતિ અને સમાજના નબળા વર્ગોને સમાન હક્ક અપાવી શક્યા. ભારતીય જનતા પક્ષની સરકારે વિચાર કર્યો કે કોઈ અનુસૂચિત જાતિનો ભાઈ, કોઈ બક્ષી જાતિનો ભાઈ એને વધારે સારો અભ્યાસ માટે ભણવા જવું હોય તો એને ૫ લાખ રૂપિયાની મદદ કરે, આ અમારી યોજના છે. સંત સુરદાસ યોજના આ કોંગ્રેસના શાસનની યોજના છે. સંત સુરદાસ યોજના એ પણ ભા.જ.પ.ની ૯/૨૦૦૦થી અમલમાં આવેલ યોજના છે. કુંવરબાઈનું મામેરુ ઉચ્ચતર માધ્યમિક શાળાની અંદર ભણતા બાળકોને વધારે સારું શિક્ષણ મળે એના માટે છાત્રાલયની યોજના ડૉ.. બાબાસાહેબ આંબેડકર ભવન જિલ્લે જિલ્લે બને એના માટેની યોજના અને અમદાવાદની અંદર નેશનલ ફાઉન્ડેશન ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે બને એના માટેની યોજના, ટયુશન ફીની યોજના અને સમાજની અંદર દલિત સમાજની અંદર અતિ પછાત જ્ઞાતિ છે, એવા ગરો બ્રાહ્મણની કર્મકાંડની યોજના એ જ રીતે બક્ષી પંચ માટે પંડિત દિનદયાળજી આવાસ યોજના, એસ.સી. માટે. ડૉકટર આંબેડકર આવાસ યોજના એ અમારી યોજના છે એટલું જ નહીં પણ ડૉકટર બાબા સાહેબ આંબેડકરના નામની વાતો કરે છે, પણ મારે એમને કહેવું છે કે ડૉકટર બાબાસાહેબ આંબેડકરના નામ સાથે જોડતી યોજનાઓ અમારી સરકારે આપી છે પછી એ આંબેડકર આવાસ યોજના હોય, એ ડૉકટર બાબાસાહેબ વિદેશ અભ્યાસ કરવાની યોજના હોય, એ સૂબેદાર રામજી આંબેડકર છાત્રાલય યોજના હોય, એ માં ભીમાબાઈ આંબેડકર બાલવાડી યોજના હોય એ ડૉકટર સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નની યોજના હોય, માં રમાબાઈ આંબેડકર સમૂહલગ્ન યોજના હોય આમ ડૉકટર બાબાસાહેબ આંબેડકર સાથે અનેક રીતે સંકળાયેલી યોજનાઓ એ અમારી સરકારની દેન છે. મારે વાત કરવી છે કે આ સરકારે અનુસૂચિત જાતી વિકાસ નિગમના માધ્યમથી ૧૯૭૫થી લઈને ૨૦૦૦ સુધીમાં જે કામ નહોતું થયું આખા ઈતિહાસની અંદર એના કરતા દસગણું વધારે કામ અમારી સરકારે સંપન્ન કર્યુ છે. અનુસૂચિત જાતિની અંદર પણ અતિપછાત લોકો છે એવા તુરી, હાડીયા, નાડીયા, સેનવા, ગરો, વણકર, બાવા સાધુ એના માટેના બેચરસ્વામી અતિપછાત, પછાત જાતી બોર્ડની રચના પણ અમારી સરકારની દેન છે.

**અધ્યક્ષશ્રી .** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

**શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી નંબર: ૫૬, ૫૭, ૯૨ અને ૯૫ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં જ્યારે આ માગણીઓ વિશે ચર્ચાઓ ચાલતી હતી ત્યારે હું મંથન કરતો હતો, વિચાર કરતો હતો. જ્યારે વાત કરવામાં આવી કે દલિતોના ઉદ્ધાર માટે ભારતીય જનતા પાર્ટીએ આવી અને નવી યોજનાઓ લાવીને અમે જે કર્યું છે એ કોંગ્રેસે આટલા વર્ષોમાં કર્યું નથી. મારે ભારતીય જનતા પાર્ટીના મિત્રોને કહેવું છે કે, આટલા મોટા ઉત્સવો કરો છો, આટલા બધા પ્રોગ્રામો પ્રવાસ નિગમમાં કરો છો ત્યારે ઉત્સવો માટે, સાંસ્કૃત્તિક કાર્યક્રમો માટે જ્યારે કલાકારોની જરૂર પડે ત્યારે વિદેશથી અને બહારથી કલાકારો બોલાવવામાં આવે છે અને એમની જ પાર્ટીમાં રહેલા કાલાકાર, ગુજરાતના ઈતિહાસમાં જેઓનું નામ છે અને જેઓનું કલા અને સંસ્કૃતિ પ્રત્યે ૫૦-૫૦ વર્ષથી પોતાનું આગવું પ્રદાન છે એવા બન્ને કલાકાર ભાઈઓની નોંધ આજ સુધી આ ભારતીય જનતા પાર્ટીએ લીધી નથી. આનાથી એમની માનસિકતા છતી થાય છે કે દલિતો પ્રત્યેની તેમની માનસિકતા કેવી છે. બીજી વાત એ કહેવા માગું છું કે હમણાં માધાભાઈ વાત કરતા હતા કે કોંગ્રેસના સમયમાં રણમલપુરનો બનાવ બન્યો. કોંગ્રેસના સમયમાં દલિતોએ હિજરત કરવી પડી. મારે એમને યાદ દેવડાવવું છે કે ગયા વર્ષે મોરબી તાલુકાના મોટી વાવડીમાં દલિતોની હત્યા થઈ. આગલા વર્ષે બરવાળા તાલુકાના એક ગામમાં માનનીય મંત્રીશ્રી જાણે છે કે હિજરતીઓ ૪૦ દિવસ સુધી પડી રહ્યા હતા. સમાધાન કરવા માટે અમે ગયા હતા. લખતર તાલુકાના દેવળીયા ગામમાં સેનવા સમાજના માણસોએ હિજરત કરીને કલેકટર કચેરીમાં બેસી રહ્યા હતા. આ શું બતાવે છે? માનનીય આઈ.કે. જાડેજા સાહેબ અહીંયા નથી પણ એમના તાલુકાના ગામની વાત કરું તો કુપેણીની અંદર સમગ્ર દલિતોએ હિજરત કરીને જીગડવાની સીમમાં રાખવા પડ્યા હતા. તમે કહો છો કે કોંગ્રેસના શાસનમાં આવું થતું હતું. માનનીય અધ્યક્ષશ્રી, અહીં કમ્પેરેટીવ સ્ટેટમેન્ટોની વાતો થાય છે. દલિત સમાજનો વિકાસ કેવી રીતે કરવો જોઈએ એના કોઈ સૂચનો થતા નથી. માનનીય જાડેજા સાહેબ કહેતા હતા કે અમે ભંગી સમાજમાંથી વાલ્મિકી બનાવ્યા. સાચી વાત છે પણ આજે વિદ્યા સહાયકોને નોકરી આપવાની વાત આવી ત્યારે સરકારે તાલુકા મથકે વિકલાંગો અને વિદ્યા સહાયકો માટેનો જી.આર. હતો એમાં સુધારો કરીને વાલ્મિકી સમાજની વસતિના આધારે ભરતી કરવાનું કર્યું. આ બાબતથી સરકાર શું સૂચવવા માગે છે? રોહિત સમાજની વાત કરી. ચમારનું નામ રોહિત કર્યું. બસ સ્ટેન્ડમાં

બેસીને લોકોના ચપ્પલો સાંધીને, પોલિશ કરીને પેટિયું રળતા એ સમાજના માણસને આજે બસ સ્ટેશનની બહાર કાઢવાનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વધુમાં જણાવું તો શિક્ષણના બજેટમાં આજે ૧૯.૭૨ ટકાનો ઘટાડો થયો છે. છેલ્લા ત્રણ વર્ષમાં પછાત વર્ગના વિકાસ અને કલ્યાણ માટેની યોજનાઓમાં ૧૫.૫૩ ટકાનો ઘટાડો થયો છે. શૈક્ષણિક પછાત વર્ગની કન્યાના લગ્નમાં મામેરાની યોજનામાં ૧૨.,૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. સરસ્વતી વિદ્યા સહાયકની વાત કરીએ તો એમાં ૪૫.૧૬ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. શિક્ષણમાં વાતો કરીએ છીએ. શિક્ષણમાં આજે ખાનગીકરણ થઈ રહ્યું છે એના કારણે શિક્ષણ મોંઘું થઈ રહ્યું છે. એની સામે છેલ્લા ત્રણ વર્ષમાં એક પણ નવું છાત્રાલય સરકાર તરફથી શરૂ કરવામાં આવ્યું નથી. જૂના છાત્રાલયોમાં જે વિદ્યાર્થીઓની સંખ્યામાં ૮૦૦ થી ૯૦૦નો વધારો માગવામાં આવ્યો છે એમાં માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ વધારો જે માગ્યો છે, નવા છાત્રાલય ન વધારો તો કંઈ નહિ પણ વિદ્યાર્થીઓની સંખ્યાનો વધારો કરી આપો. નિભાવ ખર્ચની અંદર સંસ્થાઓ અને સરકારનો નિભાવ ખર્ચનો જે તફાવત છે એમાં થોડો વધારો કરવાની જરૂર છે એવું આ સરકારને મારું સૂચન છે. વિદેશ સહાયમાં હમણાં કહ્યું કે ૧૦ લાખની જાહેરાત કરી છે એ આવકાર્ય છે. કુંવરબાઈનું મામેરું યોજનામાં જે ત્રણ મહિનાની સમય મર્યાદા છે એમાં થોડી સમય મર્યાદા વધારે તો કોઈ લાભ લઈ શકે. વધુ વિદ્યાર્થીઓને લાભ થઈ શકે તે માટે વિજ્ઞાન પ્રવાહમાં ટ્યુશન સહાય માટે ૮૦ ટકાનું ધોરણ છે એમાં ઘટાડીને સુધારો કરે તો વધુ વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહના ક્ષેત્રમાં જઈ શકે એમ હું માનું છું. મેડિકલ અને એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષમાં અપાતી સાધન ગ્રાન્ટ ૧૦૦૦ રૂપિયા જેવી સામાન્ય કહેવાય તો એમાં પણ વધારો કરે એવું મારું સૂચન છે. ગ્રાંટ ઈન એડ છાત્રાલયની હાલના મકાનોના પાયાના દરમાં પણ સરકારે સુવિધા માટે થોડો વધારો કરવો જોઈએ એવું પણ મારું સૂચન છે. હાલનો યુગ સોલાર યુગ છે અને દરેક જગ્યાએ સોલારનો ઉપયોગ અનિવાર્ય થતો આવે છે ત્યારે ગમે તેવી વાવાઝોડાની ખરાબ પરિસ્થિતિમાં પાવર ગયો હોય ત્યારે જ્યારે જે છાત્રાલય ચાલે છે એમાં સોલાર લાઈટની વ્યવસ્થા સરકાર તરફથી ગરીબ સમાજના છાત્રાલય, પછાતવર્ગના છાત્રાલયમાં આપવાની મારી વિનંતી છે. સરકારી છાત્રાલય, આદર્શ નિવાસી શાળા જ્યાં ભાડાના મકાનમાં ચાલે છે ત્યાં જમીન મેળવીને સરકારે એના પોતાના મકાન બનાવી દેવા જોઈએ. બીજી ખાસ વાત કરું કે, પાટડી તાલુકાની અંદર આજથી પંદર વર્ષ પહેલા આંબેડકર હોલ બનાવવામાં આવેલો છે એ આજની તારીખે બનાવવા જઈએ તો ૧૫ થી ૨૦ લાખનો ખર્ચ થાય, એ હોલની આજે કોઈ સમાજ કલ્યાણ કે સ્ટેટ સંભાળ લેતું નથી અને આજે નવા હોલ બનાવવાની આપણે યોજના કરી છે તેની જગ્યાએ ત્યાં રીનોવેશન કરીને કોઈપણ ખાતાને સોંપે અથવા તો સ્ટેટને સોંપે તો એની જાળવણી થઈ શકે, એનો ઉપયોગ થઈ શકે આ અંગે થોડી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

બીજી ખાસ વાત એ કહેવાની કે છત્રીસગઢ સરકારે હમણાં એક નવી યોજના જાહેર કરી છે, દલિત સમાજ માટે એસ.સી., એસ.ટી. માટે કોઈપણને નોકરીએ રાખવો હોય તો એને જ્યારે ઈન્ટરવ્યૂમાં અન્યાય થાય છે તેને કવોલીફીકેશન ઉપરથી, ટકાવારી ઉપરથી સીધી અરજી મંગાવીને તેને ડાયરેકટ નોકરી આપવાની છત્રીસગઢ સરકારે હમણા જાહેરાત કરી છે અને એના નિયમો પણ બનાવ્યા છે. કર્ણાટક રાજ્યમાં દર વર્ષે ૨૦ દલિતોને પાયલોટની ટ્રેનિંગ વગર ખર્ચે આપવામાં આવે છે, તો ગુજરાત સરકાર આ બાબતમાં થોડો વિચાર કરે. મહારાષ્ટ્ર સરકારમાં અનુસૂચિત જાતિના જે પીટી કેસ (અંતરાય) નક્કી કરી આપવાના છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી જીતુભાઈ વાઘેલા..

**શ્રી જીતેનદ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર મંત્રીશ્રી એમના વિભાગની માગણી નંબર ૫૬ અને ૫૭ તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી માગણી નંબર ૯૨ અને ૯૫ લઈને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના સ્થાપક એવા પંડિત દિનદયાળજી જે આજથી ૨૫-૩૦ વર્ષ પહેલા એમણે એકવાત કહી હતી કે ' હર હાથકો કામ, કામ કે સહી દામ, ઓર હર જગ પે વહી કામ.' આ કહેવાનો અર્થ એ હતો કે ૫૦ વર્ષ પછી આગામી વર્ષોની અંદર જ્યારે ૨૧મી સદીમાં ભારત જઈ રહ્યું હોય, કોમ્પ્યુટરાઈઝેશનનો જમાનો થવાનો હોય અને રોજગારીની તકો ઓછી થવાની હોય એના અનુસંધાનમાં એમણે આ વાત કહી હતી. આજે ગ્રામીણ લોકો કામ-ધંધા અર્થે શહેરોમાં આવે છે. શહેરોની વસ્તી વધવાના કારણે અનેક સમસ્યાઓનો ઉદ્ભવ થવા પામેલ છે, આના પરિણામે આ સમસ્યાઓનો ઉદ્ભવ ના થાય એ માટે એમણે એક સૂત્ર કહ્યું હતું. અમારાં મુરબ્બી સભ્ય કહેતા હતા 'અમીરી-ગરીબી' બાબતમાં છેલ્લા ૪૫ વર્ષની અંદર આ કોંગ્રેસના શાસનની અંદર એ કેન્દ્રમાં હોય કે કોઈપણ રાજ્યમાં હોય 'અમીરી-ગરીબીનો ખાડો, સૌથી મોટી ખાઈ કરાવાવાળા હોય તો આ કોંગ્રેસીઓ છે. હું ગરીબ વિસ્તારમાંથી આવું છું. શ્રમિક તરીકે શ્રમ વિસ્તારમાંથી આવું છું. (અંતરાય) સાચું બોલું છું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, સાચું હંમેશા કડવું લાગે, સહન કરવાની શકિત રાખો. આ આંકડાઓ મારા નથી, આ કેન્દ્ર સરકારે બહાર પાડેલા આંકડાઓ છે, સમગ્ર

દેશમાં ઔદ્યોગિક શાંતિ જાળવવામાં જેનું અગ્રસ્થાન આવતું હોય એમાંનુ એક ગુજરાત છે અને એટલા માટે અમે કહીએ છીએ કે, ગુજરાત અમારું નંબર વન.

માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈની દીર્ઘ દૃષ્ટિના કારણે આજે ગુજરાત આગળ વધી રહ્યું છે. આ સરકાર દ્વારા કોઈપણ કાર્યક્રમો હોય, યોજનાઓ હોય કે મેળાવડા હોય કે તહેવારો હોય કે રાસગરબાના કાર્યક્રમો હોય કે પતંગોત્સવ હોય એમાં પણ રોજગારી સામેલ કરી છે. આ સરકારે બધા લોકોને રોજગારી મળે, જેટલી પણ યોજનાઓ બનાવી એ કોઈપણ વિભાગની હોય, ઊર્જા વિભાગની યોજના હોય કે શહેરી વિકાસની યોજના હોય એ યોજનાઓના મુખ્ય હાર્દમાં આ ગરીબ લોકોને રોજગારી મળે એના માટેનો પ્રયત્ન હોય છે અને એના ભાગરૂપે પતંગોત્સવ અમદાવાદમાં યોજ્યો એમાં અનેક લોકોને રોજગારી મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરસ્વતી નદીમાં "મા" નર્મદાનું પાણી નાખવામાં આવ્યું એ પાણી જ્યારે ઠલવાયું ત્યારે આજુબાજુના ગામના લોકોએ જે રોજગારી પ્રાપ્ત કરી હતી એ આજ સુધીમાં કયારેય પ્રાપ્ત નથી કરી એ ચાર-પાંચ દિવસમાં પ્રાપ્ત કરી છે. આજે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા, લોકોના જે વર્ષો જૂના પ્રશ્નો હતા એનો લોક અદાલતો દ્વારા નિકાલ કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેર એ કાપડ ઉદ્યોગ માટે માનચેસ્ટર ગણાતું, કાપડ ઉદ્યોગની મિલો ધમધમતી હતી, કોંગ્રેસના શાસનમાં આ બધી મિલોને ખંભાતી તાળા લગાવનારા કોંગ્રેસ છે. એક સાથે ૭૦,૦૦૦ લોકોને બેરોજગાર કરનાર આ કોંગ્રેસ છે.

આજે માનનીય શ્રી નરેન્દ્રભાઈની દીર્ઘ દૃષ્ટિના કારણે અમદાવાદમાં એપેરલ પાર્કનું આયોજન થયેલ છે એમાં એક હજાર, બે હજાર કે પાંચ હજાર નહીં પરંતુ એક લાખ સાઠ હજાર લોકોને રોજગારી પ્રાપ્ત થવાની છે, એ માત્ર એપેરલ પાર્કમાં કામ કરતા લોકોની છે પરંતુ આ એપેરલ પાર્કની આજુબાજુ વસતા લોકો, ચ્હાની કીટલીવાળા, લારી-ગલ્લાવાળા, પાન-બીડીના ગલ્લાવાળા એને પણ રોજગારી આનાથી મળનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, સીમાંત ખેડૂતો અને નાના ખેડૂતોની વ્યાખ્યા જો કોઈએ આપી હોય તો આ કોંગ્રેસના લોકોએ આપી છે, એમના વખતમાં સીમાંત ખેડૂતોને જ પેટ ભરીને એમની યોજનામાં એમને જ મળતું અને ગરીબને કાંઈ મળતું જ નહીં અને ગરીબ ખેડૂત ગરીબ જ રહેતો હતો. આ સરકાર દ્વારા આ બંને વચ્ચેનો જે તફાવત હતો એ દૂર કરવાનો શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા જે પ્રયત્ન થયો છે. એ અભિનંદનને પાત્ર છે. સીમાંત ખેડૂત અને ખેત મજૂરોને ભેગા કરી તેવા લોકો વચ્ચે મીટિંગ કરાવી આવો ઇતિહાસ બનાવ્યો હોય તો એ આ ભા.જ.પ.ની ગુજરાત સરકારે બનાવ્યો છે. આ લોકોને સમજાવી અને રોજગારી આપવા માટેના પ્રયત્નો થયા છે.

આજે અમદાવાદની આઈ.ટી.આઈ.ની વાત કરું, અમદાવાદમાં નરોડા, સરસપુર અને નારોલમાં જે આઈ.ટી.આઈ. છે એમાં આજે અસંખ્ય વિદ્યાર્થીઓ પોતે તાલીમ લઈ પોતાની સ્વ-રોજગારી મેળવી રહ્યા છે. મારા મતે આ આઈ.ટી.આઈ.નો અર્થ, "આઈ" એટલે હું જાતે , "ટી" એટલે ટેકનીકથી અને "આઈ" એટલે ઈન્કમ. પોતાની ટૅક્નીકથી પોતે ઈન્કમ ઊભી કરી પોતાનું ગુજરાન ચલાવનાર આઈટીઆઈ ધમધમતી થઈ, સરસપુર આઈ.ટી.આઈ.ની વાત કરું તો અમારા મંત્રીશ્રી, ધારાસભ્ય, શ્રમ રોજગાર મંત્રીશ્રી અને અનાજ વિભાગના મંત્રી રહી ચૂકયા છે, પહેલા ખખડધજ દશા હતી આઈટીઆઈની અને આજે આઈટીઆઈમાં એટલા વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ કરી પોતાનું ગુજરાત ચલાવે છે. આજે શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રીની માગણીઓ લઈને આવ્યા છે એમા પણ હું મારો સૂર પુરાવું છુ. ગરીબોની વાતો કરનારા એમના શાસનમાં "પંજો લાવો અને ગરીબી હટાવો" એ એમનું સૂત્ર હતું, પણ હું કહીશ કે, કોંગેસનું "ગરીબી નહીં પણ ગરીબોને હટાવો" એ એમનું સૂત્ર હતું, આ ભા.જ.પ.ની સરકારે ( અંતરાય) ડો. બાબાસાહેબ એવી વ્યકિત હતી જેણે સમાજ માટે અને ગરીબ, પછાત લોકો માટે જે પ્રયત્ન કર્યા હતા એનો વિરોધ કરનારા જો કોઈ હોય તો આ કોંગ્રેસ છે. કયારેય એમણે ડો.બાબાસાહેબ આંબેડકરની ચિંતા કરી નથી. અમે ભા.જ.પા. સરકારે ડો.બાબાસાહેબના પરિવારના નામે અને એમના નામે અનેક યોજનાઓ બનાવી અને દલિતોના ચરણે ધરી છે. આજે પણ એ યોજનાઓ ચાલુ છે. આજે પણ ગરીબની દીકરીને ભણવા માટે એક ગામમાંથી બીજા ગામમાં ચાલતા ન જવું પડે એ માટે સાયકલ મા સરસ્વતિ સાધના યોજનાના નામે, દલિત વિદ્યાર્થીઓને ફાટેલા કપડા પહેરી ભણવા ન જવું પડે એ માટે ગણવેશ યોજના, પુસ્તકો વાંચવા મળે એ માટે શિષ્યવૃત્તિમાંથી પુસ્તકો ખરીદી શકે એવી અનેક યોજનાઓ કરી અને દલિતોના કલ્યાણ માટેની ચિંતા કરી માટે સરકારને અભિનંદન આપું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી માગણી નં. ૫૬, ૫૭ અને માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી માગણી નં. ૯૨ અને ૯૫ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. બેકારીનું પ્રમાણ ખૂબ વધતું ગયું છે. એમાં શિક્ષિત બેકારો અને અનસ્કીલ્ડ લેબરનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. જયાં નોંધણી થાય છે એવી આપણી ૪૨ જેટલી કચેરીઓમાં નોંધણી કયાંક કયાંક થાય છે પણ પહેલાં કરતાં નામ નોંધાવવાનું પ્રમાણ ઘટતું જાય છે, કારણકે શિક્ષિતો બેકાર થયા છે. નામ નોંધાવો તો પણ નોકરી મળવાની શકયતા ઓછી છે.એટલે શિક્ષિત બેકારો

અસામાજિક પ્રવૃત્તિ તરફ વળ્યા છે અને ગુનાખોરીનું પ્રમાણ વધ્યું છે. સરકારે જાહેરાત કરી હતી કે લોકલ ઉદ્યોગમાં ૮૫ટકા નોકરી આપીશું અને મફત મુસાફરી કરવા મળશે. પણ પરિસ્થિતિ એ થઈ કે બસોની પણ નોકરીના સ્થળ સુધી લઈ જઈ શકે એવી પરિસ્થિતિ નથી કારણકે બસ રોડ ઉપર પડેલી હોય છે. કયાંક ટાયર પંકચર થાય છે તો કયાંક ટયૂબ ફાટી ગઈ હોય છે. શિક્ષિત બેકારોની આશા ઉપર પાણી ફરી વળ્યું છે. કૅમીકલ ઉદ્યોગનું પ્રમાણ વધ્યું છે, જે ઉદ્યોગમાં  નોકરી મળે છે એના કામદારોમાં રોગનું પ્રમાણ વધતું જાય છે. કૅમિકલ્સના લીધે એકસીડન્ટ થાય છે. એનું ચેકીંગ પણ બહુ ઓછું છે. એના ઘણા બધા કારણો છે. કારણકે સરકારે એવી જાહેરાત કરી છે કે બોઈલરનું ચેકીંગ થર્ડ પાર્ટી કરે. સરકાર પાસે અધિકારી છે એના દ્વારા નહીં પણ થર્ડ પાર્ટી ચેકીંગ કરે. મોટા ઉદ્યોગોએ જાતે જ સર્ટિફિકેટ આપી દેવાનું અને જયારે ચેકીંગ કરવા જવાનું થાય ત્યારે ઉદ્યોગને એક મહીના પહેલા જાણ કરી દેવાની એટલે પરિસ્થિતિ એ થઈ કે પેલો માણસ જાગતો થઈ જાય એટલે નોકરીમાં માણસની સલામતીની વ્યવસ્થા હોવી જોઈએ એ જળવાતી નથી. અત્યારે મોટા મોટા એકસીડન્ટ થાય છે. ભોપાલ જેવી પરિસ્થિતિ પેદા ન થાય એ માટે સાવચેતીની જરૂરિયાત છે.સાથે એ જ ખાતામાં ઘણી બધી જગ્યા ખાલી છે ઈન્ડસ્ટ્રીટલ સેફટી એન્ડ હેલ્થમાં ૪૫માંથી ૨૧ જગ્યા ખાલી છે. આસિસ્ટંટ ડાયરેકટર અને ડૅપ્યુટી ડાયરેકટરની ઘણી બધી જગ્યાઓ ખાલી છે ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે ફેકટરી ચેક કરવા માટે માણસોની ભરતી કરો જેથી વ્યવસ્થિત ચેકીંગ થાય. પછાત વર્ગોના કલ્યાણ માટે છેલ્લા ૩ વર્ષથી જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે એ દિવસે દિવસે ઘટતી જાય છે. સાડા પંદર ટકા જેટલો ઘટાડો ત્રણ વર્ષમાં થયો છે. સરકારે ઘણી બધી મોટી મોટી જાહેરાતો કરી છે. સરકાર ઘણીબધી યોજનાઓ લાવી છે. સરકાર નામ બદલીને ઘણીબધી મોટી મોટી જાહેરાતો કરે છે. પણ ગરીબ માણસ ત્યાંનો ત્યાં જ રહ્યો છે એનું આ કારણ છે. પ્રશ્નોત્તરી વખતે વાત થઈ ગરીબ મદારી, તુરી, નટ, વાદી, બજાણીયાને ઘરથાળના પ્લોટની વાત થઈ હતી પણ સરકારે ઉડાવી દીધી. કારણકે કયાંક જાહેરાત કરે, ૫-૨૫ ઘર બનાવે અને મોટા મોટા ફંકશન કરે. મોટી જાહેરાતો કરે પણ મોટેભાગે મદારી, તુરી સ્થાયી થવા માગે છે પણ સ્થાયી થાય એ માટે સરકાર કોઈ ચોકકસ પગલાં ભરતી નથી. ભીલોડામાં ઘણા બધા મદારી તુરી આવે છે. વર્ષોથી બધા એક જગ્યાએ રહે છે પણ સરકારે કહ્યું તમારે જગ્યા ઘણાં બધાએ ખાલી કરી દીધાં, વરસાદમાં હેરાન થવું પડ્યું, પ્લૉટની ફાળવણી ન કરી અને એ લોકોને ફરી પાછા વરસાદમાં હેરાન થવું પડ્યું.  માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે એક વખત મંત્રીશ્રીએ આવીને જાહેરાત કરી હતી કે મદારી, તુરી, નટો અને બજાણિયા એના માટે ચોક્કસ યોજના બનાવે, કારણ કે અમારા મદારી સમાજમાંથી એક માણસ ભણેલ છે. કદાચ આખા વિસ્તારમાં ગુજરાતમાં ક્યાંય નહિ હોય. એક માણસ ગ્રૅજ્યુએટ થયેલ છે. રમેશનાથ રુગનાથ અને આ પછાત વર્ગને આગળ લઈને ઘરોની વ્યવસ્થા થાય, એના માટેનો પ્રયત્ન કરે છે.  સરકારશ્રીને વિનંતી છે કે આ જાતિઓ માટે ચોક્કસ ઘરથાળના પ્લૉટ ફાળવવામાં આવે અને ઘર બનાવવા માટેની ચોક્કસ જાહેરાત કરવામાં આવે તો વધારે સારું. પછાત વર્ગના કલ્યાણ માટેની બીજી ઘણી બધી યોજના છે.  પછાત વર્ગની મહિલા માટે આજે તો નવી ફૅશન આવી છે. એમને તાલીમ મળી શકે એમ છે. એ બે પૈસા કમાઈ શકે તેમ છે.  સરકારે સીવણની તાલીમ માટેના પૈસામાં એક કરોડ જેટલો ઘટાડો કર્યો છે.  સાથે સાથે પૂર્વ એસ.એસ.સી. ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.  વિચરતી, વિમુક્ત જાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત અને લઘુમતીઓને એમાં પણ ૩ કરોડ જેટલો ઘટાડો આ સરકારે કર્યો છે.  સરકાર જાહેરાતો કરે છે કે મફત ગણવેશ આપવાની જાહેરાત ઘણી કરી, પણ થોડા લોકોને મફત ગણવેશ મળી જાય અને બાકીના રહી જાય છે, એમાં આ વખતે ૩૩ કરોડની ઓછી ફાળવણી બજેટમાં કરી છે.  ૨૦૦૪-૦૫માં ૮૪,૨૪,૯૧,૦૦૦ ફાળવવામાં આવ્યા હતા,  જે આ વખતે ૫૧ કરોડની ફાળવણી કરી છે. આટલો મોટો ઘટાડો આ સરકારે કર્યો છે.  લગ્ન પ્રસંગ માટે ઘણી બધી યોજનાઓ સરકાર લાવી, કુંવરબાઈનું મામેરું, મંગળસૂત્ર, સાતફેરા સમૂહ લગ્ન કે જેથી બીજા સમાજની હરોળમાં અમે આવી શકીએ એમ આ પછાત વર્ગ ઇચ્છે અને એમના રિવાજો પ્રમાણે સમાજ એડ્જસ્ટ થવા કોશિશ કરે છે, પણ આ સરકાર જાહેરાત કરે છે, પણ આવી ઘણી બધી અરજીઓ તાલુકા લેવલે, જિલ્લા લેવલે પેન્ડિંગ છે.  એમના કેસોનો નિકાલ થતો નથી. ૮માં ધોરણમાં બહેનોને સાઈકલ આપવાની વાત સરકારે કરી હતી.  થોડા ઘણાને આપી, પણ આ વખતના બજેટમાં ઘાટો છે. ૨,૮૮,૦૦,૦૦૦ ઓછા ફાળવેલ છે. ખાસ અંગભૂત યોજના માટે પ્રાથમિક શાળાનાં બાળકો માટે જે સરકાર પાઠ્યપુસ્તક આપે છે, એમાં ખૂબ ૯૨ લાખ ઓછા ફાળવેલા છે. હમણાં સભ્યશ્રી ગોરધનભાઈ કહેતા હતા કે આ વ્યવસાયમાં રોકાયેલ હોય એમનાં બાળકોને પ્રી-મૅટ્રિક સ્કૉલરશિપની વાત છે.  આ બાળકોને સ્કૉલરશિપ આપવાની ખૂબ જરૂર છે. સરકાર જાહેરાત મોટી કરે છે.  મોટી રકમ મૂકે છે, પણ ગઈ વખતે ૨૦૦૪-૦૫ માં ૨૯ કરોડ જેટલી મૂકી હતી અને આ વખતે ૬,૦૮,૫૭,૦૦૦ જેટલા ઓછા ફાળવ્યા છે.  મંત્રીશ્રીને વિનંતી છે કે આ જાતિઓ છે, એ ખરેખર ખૂબ સફાઈનું કામ કરે છે,  એમનાં બાળકો વ્યવસ્થિત ભણી શકે એટલા માટે ખાસ જોગવાઈ વધારે કરવામાં આવે, ગરીબી રેખા નીચેનાં જે બાળકો ભણે છે, એમના માટે ગણવેશમાં આ જ પરિસ્થિતિ કરી છે.  વાલ્મિકી, હાડી, સેનમા, સુરી, વણકર, સાધુ એમના માટે જે યોજના મૂકી હતી, એ યોજનાઓમાં સરકારે શરૂઆતમાં

જાહેરાત કરી. ૨૦૦૩-૦૪ માં ૭,૧૦,૦૦,૦૦૦ મૂકી દીધા. આ જાતિઓને આકર્ષવાની કોશિશ કરી, એના લીધે વોટ કેમ કરીને આવે, એવો પ્રયત્ન પણ કરેલ, પણ ધીરે ધીરે ગ્રાન્ટ ૨૦૦૬-૦૭ માં ૫,૧૦,૦૦,૦૦૦ જેટલી ફાળવી છે. શરૂઆતમાં સૂરા અને પાછળથી ધીરે ધીરે આ જાતિઓ માટેનું વલણ દેખાઈ આવતું હોય છે. આ જે અનુસૂચિત જાતિની બહેનો છે, એમાં સરસ્વતિ સાધના યોજનામાં ખૂબ ઓછું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ માગણી સાથે હું સંમત થતો નથી.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા (જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તેમજ શ્રમ અને રોજગાર વિભાગની માગણી લઈને માનનીય મંત્રીશ્રી ગૃહ સમક્ષ આવ્યા છે, તે માગણીના સમર્થનમાં મારી વાત કરવા માટે ઊભો થયો છું. ગૃહમાં હું સાંભળું છું કે સાચું કરવું અને સાચું બોલવું એમાં ફરક છે. હવે એમને યાદ કરાવીને કહી દઉં.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૦ના દાયકા પછી આ રાજયમાં દલિત સમાજે કરવટ બદલી છે અને ૧૯૯૦ના દાયકામાં આ રાજયમાં ભારતીય જનતા પાર્ટી તરફથી સત્તામાં વધારો કરતાં દલિતોની સંખ્યામાં પણ વધારો થયો છે અને એક હકારાત્મક દલિત સમાજનો જે દૃષ્ટિકોણ લઈને મારા કોંગ્રેસના મિત્રો અકળાયા છે. એમને એવું થયું છે કે અમારે મતબેંક તૂટી રહી છે. એક મહાન તત્વચિંતક પંડિત દિનદયાળજીએ બહુ સરસ વાત કરી છે. એમણે કોંગ્રેસનો પરિચય આપ્યો છે. તેઓએ બહુ સરસ કોંગ્રેસની વ્યાખ્યા કરી. માનનીય મનહરભાઈ. તેમણે કહ્યું કે કોંગ્રેસ એટલે ઝૂંપડપટ્ટી જેનો આધાર છે. ઝૂંપડપટ્ટી જેનો આધાર છે અને ગરીબી જેનો પાયો છે તે ગરીબી, ઝૂંપડપટ્ટી મટી જાય અને ઝૂંપડપટ્ટી ખસી જાય તો અને ગરીબી દૂર થાય તો કોંગ્રેસને કંઈક એવું છે કે તે કોંગ્રેસ પતી જાય. મટી જાય. એટલે આ મતનો જે આધાર છે તે ઝૂંપડપટ્ટી અને ગરીબી વધવા જોઈએ. દિનપ્રતિદિન વધવા જોઈએ. આ વધે તો આપણા મત વધેને? આ વધે તો આપણી તાકાત વધે ને. આ વધે તો આપણા હાથમાં સત્તા રહેને. એટલે ગરીબોને, દલિતોને, લઘુમતિઓને થાબડતાં રહ્યાં, થાબડતાં રહ્યાં. મેં કહ્યું તેમ ૧૯૮૦ના દાયકા પછી અનામત આંદોલન પછી આ રાજયના દલિત સમાજે કરવટ બદલી. દિશા બદલી. બેસો. ભાઈ પ્રવિણભાઈ.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ બેસો, પ્રવિણભાઈ પ્લીઝ બેસો.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, દિશા બદલાઈ ગઈ છે. આખી દિશાનું જે રીતે સંચાલન થઈ રહયું છે. આ રાજયની અંદર અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટે પ્રવિણભાઈ સાંભળો. સાહેબ મને ડીસ્ટર્બ કરે છે. મારે રક્ષણ જોઈએ છે. મારે એક સારી વાત કરવી છે.

**અધ્યક્ષશ્રી** : દરેક સભ્યશ્રીને પાંચ મિનિટ મળે છે. એમને વચ્ચે ડિસ્ટર્બ ન કરો.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, મને સમય આપવો પડશે. દલિત સમાજે જયારે દિશા બદલી છે અને તેને ખબર પડી કે આપણે ખાલી મતદાર નથી. આપણે તો માનવી છીએ માનવી. માનવી તરીકેનું ઔચિત્ય, માનવી તરીકેનું ગૌરવ, માનવી તરીકેની સ્વતંત્રતા, માનવી તરીકેનું સ્વમાન અમને મળવું જોઈએ. અમે તો પાંચ વર્ષ તેમાં મત આપીને પાછા તે લોકો અમારી સામે જ ન જુએ. તેના માટે ૧૯૯૫ પછી આ રાજયમાં ૧૯૯૫ પછી અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની જે યોજનાઓ સતત ચાલતી રહી છે અને શિક્ષણમાં આમૂલ પરિવર્તન અને જૂની પુરાણી, રૂઢિગત કોઈપણ જાતના પરિણામ ન આવે તેવી યોજનાઓને પુનઃસ્થાપિત કરી, પ્રાણ પૂર્યા અને આ યોજનાઓને વધારે કાર્યાન્વિત કરીને, તેને શકિતશાળી અને સક્ષમ બનાવીને દલિત સમાજનો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે વિકાસ થાય તે પ્રમાણેની કાર્યરચના જ નહીં પણ સંકલ્પના સાથેનો દૃઢ મનોબળ રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકારે વ્યકત કર્યો છે. એટલે જ સફળતા સાથે અમે જઈ રહ્યા છીએ. એટલા માટે કહું કે રાજયની અંદર હમણાં મારા સાથી મિત્ર શંકરભાઈ ચૌધરીએ સરસ વાત કરી. વાદી સમાજ, ફૂલવાદી સમાજ, મદારી સમાજ. સતત ભટકતી કોમ બિચારી. બેસવા માટે, રહેવા માટે અને સાહેબ માણસ જેવું કોઈ જીવન જ નહીં. સપેરા, સાપ લઈને ફરે, કયાંક વાંસળી, મોરલી વગાડી પોતાનું ગુજરાન ચલાવે. આવી કોમને પ્રસ્થાપિત કરી છે. તેને રખડતી બંધ કરીને સ્થાયી કરવા માટેના અને તેમને સારું જીવન પ્રાપ્ત થાય, પોતાના બાળકોને ભણાવવાની તક મળે, સતત રખડતી કોમ, વિચરતી કોમ અને સાહેબ તેમના બાળકો કયાંય ભણી ન શકે એવા બાળકોને ભણતર મળે, ગણતર મળે, શિક્ષણ પ્રાપ્ત થાય તેમને આજીવિકાના સાધનો પ્રાપ્ત થાય, પોતાને ઘર મળે, તે સાહેબ અત્યાર સુધી કાપડના ટેન્ટમાં રહે. તે સાહેબ આજે પાકા મકાનમાં રહેતા થયા છે. ડોકટર જોષીયારા સાહેબ તેઓની ટીકા કરે તે દુ:ખદ બાબત છે. મારે એ કહેવું છે કે હું જયારે યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓનો મંત્રી હતો ત્યારે આઈ.કે.જાડેજા સાહેબના વિસ્તારમાં સાહેબ બહુ લાલવાદી રહે છે. તે દિવસે જે વિચાર કર્યો, માનનીય મંત્રીશ્રી આઈ. કે. જાડેજા સાહેબને અહીંયાં પણ યાદ કરું છું, અને માનનીય અધ્યક્ષશ્રી, હું અહીયાં એટલા માટે કહું છું કે, આ કોમના એક જબરજસ્ત વાંસળી વાદક અને જબરજસ્ત જાદુના ખેલ ખેલનારો માનવી, એનું નામ સરજુભાઈ, એનું જ્યારે ચાંદીની વાંસળી આપીને સન્માન કર્યુને ત્યારે એ ગામના લાલ વાદી- ફુલ વાદીઓ કેટલા હરખઘેલા

બની ગયા હતા, આ સરકાર આ દલિતો અને વંચિતોનું સન્માન પ્રાપ્ત થાય, એને માન અને મોભો મળે એ કામ કરનારી આ સરકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય જગદીશભાઈ બોલતા હતા કે આ સરકાર ગરીબ માણસને ધર્મ આધારિત બનાવવા માગે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ માણસ ક્યારે ધર્મ વગરનો હતો? એ તો જન્મથી ધર્મથી જીવતો હતો અને ધર્મ તો એનો આધાર, પ્રાણ અને વિશ્વાસ હતો. માનનીય જગદીશભાઈ તો એમ કહે છે કે, આ સરકાર એને ધર્મ આધારિત બનાવવા માગે છે, ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, બાબા સાહેબ આંબેડકરે બહુ સરસ વાત કરી છે કે જગતમાં કોઈપણ માનવી જીવે કે મરે એની મને પડી નથી, દુનિયાભરમાં કોઈપણ માનવી જીવે કે મરે એની મને નથી પડી પણ એના જીવનધોરણની મને ચિંતા છે એનું જીવન ધોરણ કેવા પ્રકારનું છે એ મારે જોવું છે. એના જીવન ધોરણમાં પરિવર્તન આવે છે, એ ભૂખે મરે છે તો કેમ મરે છે, દુ:ખી છે તો કેમ છે એનું દારિદ્રય કેમ જતું નથી એ જોવું છે અને એના રસ્તા બતાવવા છે અને માનનીય સભ્યશ્રી જગદીશભાઈએ કહ્યું કે, બે- પાંચ વકીલોને વિદેશમાં ભણવા મોકલ્યા એનાથી કોઈ ફરક પડવાનો નથી એ પ્રમાણે એમણે કહ્યું તો ડો. બાબા સાહેબ આંબેડકરને મહારાજા સયાજીરાવ ગાયકવાડે વિદેશમાં ભણવા મોકલ્યા હતા અને ડો. બાબા સાહેબ આંબેડકરે દલિતોની નહીં પણ દેશની અને દુનિયાની કરવટ બદલી નાખી, મને વિશ્વાસ છે કે વિદેશમાં અભ્યાસ કરીને આવનારો મારા દલિત ભાઈ-બેન આ સમાજને ઉપયોગી બને અને એવું ગૌરવવંતુ જીવન પ્રાપ્ત કરે, આટલું કહીને વિરમું છું.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નંબર : ૫૬ અને ૫૭ લઈને આવ્યા છે અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી માગણી નંબર ૯૨ અને ૯૫ લઈને આવ્યા છે, એને હું સમર્થન આપી શકું એમ નથી, એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર રોજ ગરીબો અને દલિતોની તેમજ વિચરતી જાતિના તમામ લોકોની ચિંતા કરે છે તો સરકારનું ધ્યાન દોરવા માગું છું કે, વલસાડ જિલ્લાના વાપી વિસ્તારમાં ૪૦ થી ૫૦ હજાર જેટલા કામદારો રજિસ્ટર પર નોંધાયેલા છે, જેઓની કામદાર વીમા યોજના હૉસ્પિટલ, વાપીમાં છે, દર મહિને ૪૦ થી ૪૫ લાખ રૂપિયા એમના કપાઈને આ હૉસ્પિટલમાં આવે છે પણ ફક્ત એ હૉસ્પિટલમાં એક ડૉકટર, ચાર નર્સ, અને બે ડૉકટર પાર્ટટાઈમ આવીને સેવા આપે છે, સરકાર ગરીબો અને કામદારોની ચિંતા કરે છે એ જ સમયે આ વર્ષના અંતમાં સમિતિઓ પણ ત્યાં મુલાકત અને તપાસ કરી ગઈ છે અને એમણે જાતે નિહાળ્યું હતું, કે આ વિસ્તારના કામદારોની શું સ્થિતિ છે? તો એ કામદારોની સ્થિતિની ચિંતા જો આ સરકાર કરતી હોય તો કામદારોને જે સુવિધાઓ મળવી જોઈએ એ મળતી નથી, કામદારોને સારવાર લેવા માટે ખાનગી હૉસ્પિટલોમાં જવું પડે છે એને જે સુવિધાઓ મળવી જોઈએ એ સુવિધાઓ નહીં મળવાને કારણે પૈસા ખર્ચીને એને સારવાર લેવી પડે છે, એ વિસ્તારના કામદારોની વાત કરું તો, એ લોકોને રોજી-રોટી માટે સવાર-સાંજ કામ ઉપર જવું -આવવું પડતું હોય છે પણ એ માટે આવ-જાવ કરવા માટેની કોઈ સુવિધા નથી એટલે કામદારોને છકડા અને ખટારામાં જવું -આવવું પડે છે ત્યારે પોલીસો એમને હેરાન કરે છે, જેથી મા-દીકરી રાત્રે નવ-દશ વાગે ઘરે આવે છે કેમકે અર્ધે રસ્તા ઉપર એમને છોડી દેવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત કહું તો, વલસાડ જિલ્લામાં દલિત સમાજની અને વિચરતી જાતિની વસતિ છે એ ઓછામાં ઓછી ૭૫૦૦૦ થી ૧૦૦૦૦૦ની વસતિ છે. ૧૪ લાખ વસતિમાંથી તોયે વલસાડ જિલ્લામાં એકે કન્યા છાત્રાલય નથી, આશ્રમ શાળા નથી, એમના માટે કોઈ કુમાર છાત્રાલય કે અન્ય સુવિધા વલસાડ જિલ્લામાં નથી. સરકાર રોજ એમ ચિંતા કરે છે કે દલિતો માટે અમે આટલું કર્યું (અંતરાય) રોકયા કોઈએ નથી, રોકશે તો એનો સમયબદ્ધ જવાબ મળશે. પરંતુ રોજ સવારે ઊઠીને હાઉસમાં સાંભળીએ છીએ કે, આ અમે કર્યું, જે તે સમયે જેની સરકાર હોય એની ફરજમાં આવતું હોય એ કરવું પડે. દલિત અને ગરીબ સમાજના લોકોને ભણતા કરેલ હોય, સારા કપડા પહેરીને ફરતા કરેલ હોય તો એ અમારી કૉન્ગ્રેસની સરકારે કર્યા છે. બાબાસાહેબ આંબેડકરે બંધારણ ઘડ્યું અને એનો અમલ થયો તે દિવસથી આ કૉન્ગ્રેસની સરકારમાં દલિત આદિવાસી સામાજિક રીતે અને શૈક્ષણિક રીતે આવળ આવતો થયો છે. હું લાંબી વાત નહીં કરું. ૨૬મી જાન્યુઆરીના દિવસે સુરત શહેરના મેયરે જાહેરમાં એમ કહ્યું હતું કે, દલિતોના હકો ખેંચી લો, એમને મળતી તમામ સુવિધાઓ બંધ કરો. આ વાત દક્ષિણ ગુજરાતના દરેક દૈનિક પેપરમાં હેડ લાઈન તરીકે આવી હતી. એના ઉપરથી એમ કહી શકાય કે આ વાત એ મેયર નથી બોલતા એ પક્ષની માનસિકતા બોલે છે એવું દેખાય છે. એ પણ એક જવાબદાર માજી ધારાસભ્ય છે. આપણે રોજ સવારે ઊઠીને ગરીબોની અને દલિતોની ચિંતાની વાતો કરીએ છીએ ત્યારે મારે એક દાખલો આપવો છે વલસાડ જિલ્લાનો, વલસાડ જિલ્લામાં દલિત સમાજની એક બાઈએ એમનું મકાન બનાવી દીધું પછી એમને સર્ટિફિકેટ જોઈતું હતું એટલે તાલુકા પંચાયત-જિલ્લા પંચાયતના બાંધકામ ખાતામાં જઈને એમણે કહ્યું કે પ્રમાણ પત્ર જોઈએ છે. ત્યારે ત્યાંથી એને એમ જવાબ મળ્યો કે અમને ખબર નથી કે પ્રમાણ પત્ર કોણે આપવાનું છે? તમે લખીને લાવો કે કોનું પ્રમાણ પત્ર જોઈએ છે.

ડેપ્યુટી એંજિનિયરે એમ કહ્યું કે, આમાં તમારું નામ લખ્યું છે એટલે મ.મા. વિભાગ એનું સર્ટિફિકેટ આપશે. તો માનનીય મંત્રીશ્રી, આપના અધિકારીઓને એટલી તો સૂચના આપો કે કમસે કમ ગરીબ આદિવાસી-દલિતોને સર્ટિફિકેટ આપવાની કોની જવાબદારી છે એ અધિકારીઓને ખબર હોવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ સમાજ, આદિવાસી સમાજના માનવી માટે આજના દિવસે એમ કહેવાય છે કે રોજ સવારે ઊઠીને એમ વિચાર કરે છે કે, ગામમાં એક સામાન્ય માણસને પાકું ઘર હોય તો મારે પણ પાકું દ ાર હોવું જોઈએ. ગરીબમાં ગરીબ માણસને આવાસની યોજના અંગેનું પૂરું એને માર્ગદર્શન પણ મળતું નથી અને જેણે યોજનાના ફૉર્મ ભર્યા છે એને બે બે વર્ષ થઈ જવા છતાં અને એની સંપૂર્ણ પૂર્તતા કરી હોવા છતાં એને આવાસ મળતું નથી. આપણે રોજ સવારે ઊઠીને એમ કહીએ છીએ કે અમે આ બધું કર્યું છે. ત્યારે મારે કહેવું છે કે, આ જવાબદારી બધાની છે, પ્રજાના પ્રતિનિધિ તરીકે આપણે સૌ બેઠા છીએ એટલે તમામની આ જવાબદારી છે કે જે કોઈ યોજના છે એનો લાભ આ ગરીબ માણસોને મળે. આ આપણા સૌની જવાબદારી છે. આ અમે કર્યું, આ અમે કરીએ છીએ, એમ કહેવું યોગ્ય નથી. કેમ કે, અપણા બધાની સંપૂર્ણ જવાબદારી છે કે ગરીબ માણસને આરોગ્યની સુવિધા મળે, હૉસ્પિટલની સુવિધા મળે, રોજગારી મળે. પણ આપણે જોઈએ છીએ કે આવી કોઈ પણ સુવિધા એ સમાજના લોકોને જોઈતી હોય ત્યારે એને ખૂબ તકલીફ પડે છે અને એને ધક્કા ખાવાનો વારો આવે છે છતાં સુવિધા મળતી નથી, માર્ગદર્શન મળતું નથી અને એના માટે એને ધક્કા ખાવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. આપણે મોટી મોટી વાતો કરીએ છીએ કે અમે આમ કર્યું, તેમ કર્યું, પણ આપણી બધી યોજનાઓ કાગળ ઉપર થયેલી છે એનું અમલીકરણ કરવાવાળા અધિકારીઓ નાના અને ગરીબ માણસોને દાદ આપતા નથી. અધિકારીઓ અને ગરીબ માણસો વચ્ચે ખાય છે એ ખાય દૂર કરવાની જરૂર છે. અહીં વારંવાર એમ કહેવામાં આવે છે કે, વર્ષો પહેલા કૉન્ગ્રેસની સરકારો હતી ત્યારે કૉન્ગ્રેસે આમ કર્યું હતું. પણ ખરેખર ગરીબો અને દલિતો અને વિચરતી જાતિના સમાજને બેઠો કરવાનું કામ જો કોઈએ કર્યું હોય તો કૉન્ગ્રેસે કરેલું છે. ૧૯૪૭માં દેશ આઝાદ થયા પછી આજ દિન સુધી આ સમાજને આગળ લાવવાનું કામ કૉન્ગ્રેસે કર્યું છે. આ હાઉસમાં સામી પાટલીએ બેઠેલા મારા મિત્રો એમ કહે છે કે, શિક્ષણની નીતિ અમે સુધારી. પણ મારું કહેવું છે કે આપણે સૌ ભણેલા છીએ ત્યારે અહીં સુધી આવ્યા છીએ. ડો. બાબા સાહેબ આંબેડકરનું બંધારણ છે એટલે વ્હાઈટ કપડા પહેરીને આપણે અહીંયા બેઠા છીએ બાકી આપણે બહાર બેસવાનો વારો આવ્યો હોત. એટલે તમામ ઉપસ્થિત માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે ગરીબો અને આદિવાસીઓ ઉપર બોલતા પહેલા વિચાર કરો અને સારું બોલો એવી મારી વિનંતી છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી માગણી નંબર-૫૬ અને ૫૭ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી માગણી નંબર-૯૨ અને ૯૫ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

શ્રમ અને રોજગારની વાત કરીએ તો ગુજરાતની અંદર શ્રમ અને રોજગારીના કુલ ૩૫૦ મેળાઓ થયા છે એની સામે ચાલુ વરસે બેકારોને રોજગારી આપવા માટેનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગારનાએ કરેલું છે. શ્રમ કલ્યાણ બોર્ડની અંદર રાજયની અંદર શ્રમિકોની સંખ્યા બાવન લાખ જેટલી હતી એનું શોષણ ન થાય એના માટે લઘુત્તમ વેતન ધારો દાખલ કરી એનો અમલ કરાવવાનું કામ અને એ માટે ગુજરાતની અંદર એક લાખ નિરીક્ષકો નીમવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. શ્રમિકોને રોજગારી મળે એને સારી સારી તાલીમ મળે, ભરતી મેળા કરવામાં આવે, બેકારો માટે જોબફેર કરવામાં આવે અને ઉદ્યોગપતિઓ અને બેરોજગારોને એકસાથે મંચ પર લાવીને રોજગારી અપાવવાનું કામ ગુજરાતમાં નહિ પણ દેશમાં સૌ પ્રથમ કર્યુ હોય તો આ ગુજરાતની સરકારે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. આજસુધી કોઈએ આવા જે બેરોજગાર માણસો હતા એમને રોજગારી અપાવવાનું કામ કર્યુ નથી એ કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે શ્રમ અને રોજગાર વિભાગની જે કામગીરી થઈ છે એ એકંદરે ખૂબ સારી કામગીરી થઈ છે. આઈ.ટી.આઈ.ની અંદર જોઈએ તો નવા નવા તાલીમાર્થીઓ ઊભા કર્યા છે, માનનીય જગદીશભાઈ જે કહેતા હતા કે ફુડ પ્રોસેસીંગ માટે રાજસ્થાનથી કારીગરો લાવવામાં આવે છે અને એમના મારફતે ધંધો કરવામાં આવે છે. પણ ગુજરાતની અંદર આઈ.ટી.આઈ. ની અંદર પણ આ ફુડ પ્રોસેસીંગના તાલીમ વર્ગો શરૂ કરીને બેકાર જે તાલીમાર્થીઓ હતા એ લોકોને રોજગારી આપવા માટે આ તાલીમ વર્ગો કરવાનું પણ ચાલુ કર્યુ છે. પ્રથમ વખત જ આ ચાલુ કરવામાં આવ્યું છે. ઈન્ટરવ્યુ માટે જો કોઈ શ્રમિક રોજગાર હોય એને ઈન્ટરવ્યુ માટે જવાનું હોય તો સૌ પ્રથમ એસ.ટી.ની કૂપન આપવાનું કામ અને મફત ભાડાથી એને બોલાવી અને રોજગારી આપવાનું કામ કોઈ સરકારે કર્યુ હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. બક્ષી પંચના લોકો માટેની જો કોઈ કામગીરી સારી કરી હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. તેમાં વાદી, મદારી, નટ, બજાણિયા, દેવી પૂજક, ઠાકરડા, ભરથરી, રાવળ, ઓડ, સરાણિયા, ચુવાળિયા જેવા છેવાડાના માનવી એવા લોકો માટે કોઈ

આવાસ યોજના કરી હોય અને એ લોકો માટે કોઈએ કામ કર્યુ હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારના માનનીય મંત્રીશ્રીએ અને આ સરકારે કર્યુ છે. એ માટેના મકાનો બનાવી અને લોકો માટે વસાહતો ઊભી કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારના માનનીય મંત્રીશ્રીએ કર્યુ છે. સમાજ કલ્યાણ વિભાગ તરફથી વિકાસ માટેની ગ્રાન્ટ પંચમહાલ જિલ્લામાં લેવામાં આવે છે અને રાજયના બીજા જિલ્લાઓમાં પણ લેવામાં આવે છે તો પંચમહાલ જિલ્લામાં આ ગ્રાન્ટ જમા લેવામાં આવે તેવી કાર્યવાહી કરવા માટે મારું સૂચન છે અને બીજી વાત કે કન્યાઓ માટે સાયકલ યોજના, બાળાઓ એમને સ્કૂલે દૂર જવાનું હોય તો જતી ન હતી અને ડ્રોપ આઉટ રેટ વધારે થતો હતો એના માટે બક્ષીપંચની બાળાઓને સાયકલ આપવાનું કામ આ સરકારે કર્યુ છે અને ચેકથી આપી અને પારદર્શકતા બતાવવામાં આવી છે. ડ્રેસ આપવાનું કામ કર્યુ હોય તો તે પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. બક્ષીપંચના બાળકો વિદેશ જવા ઇચ્છતા હોય તો એમને લોન આપવાનું કામ પણ આ સરકારે કર્યુ છે ૧૦૦ ટકા શિષ્યવૃત્તિ મળે અને ૭૫૦ થી ૩ હજાર જેટલી શિષ્યવૃત્તિ મળે એ માટેનું કામ પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. અગાઉ ૧૫૦ ગણવેશ સિવડાવી અને બાળાઓને આપવાનું કામ પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે અને તેમાં જે ભ્રષ્ટાચાર ચાલતો હતો એને નાબૂદ કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે નરેન્દ્રભાઈ મોદી અને માનનીય રમણભાઈ વોરા અને આ સરકારે ખૂબ સારી કામગીરી બક્ષીપંચ, શ્રમ રોજગારની અંદર કરી છે.

**શ્રી છનાભાઈ કો. ચૌધરી (ધરમપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી તેમની માગણી ક્રમાંકઃ ૫૬, ૫૭, ૯૨, અને ૯૫ લઈને આવ્યા છે ત્યારે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. શ્રમ અને રોજગાર વિભાગમાં સરકાશ્રીની અનેકવિધ યોજનાઓ અહીંયા બજૅટમાં રજૂ કરી છે. રોજગાર વિનિમય કચેરીઓમાં જે કંઈ નોકરી વાંચ્છુઓ હોય, જે કંઈ બેકારો હોય તેની નોંધણી થાય છે. રોજગાર વાંચ્છુઓ માટે જે માર્ગદર્શન, સલાહ જેવી અનેક યોજનાઓ બતાવી છે. આજે અમારા વલસાડ જિલ્લામાં પણ ઔદ્યોગિક વિસ્તાર છે અને તેમાં રોજગાર માટે જ્યારે યુવાનો જાય છે ત્યારે ત્યાંના ઉદ્યોગપતિઓ દ્વારા એમ કહેવાય છે કે અમારે ત્યાં જગ્યા નથી, તમે સ્થાનિકો કામ કરતા નથી અને આવા અનેક બહાનાઓ હેઠળ તેઓને પાછા મોકલવામાં આવે છે. તે લોકોને રોજગારી માટે રાખવામાં આવતા નથી અને આવા અનેક બેકારો કોઈ બીજા રસ્તે, કોઈ બીજા રવાડે ચડી જાય છે. તો તેને માટે સરકારે જે કંઈ બેકારો નોંધાયેલા હોય તેને માટે આવા રોજગાર મેળાઓ યોજી તેને માર્ગદર્શન આપવું જોઈએ. તે લોકોને તાલીમ આપવી જોઈએ અને તે લોકોને વધુને વધુ નોકરી મળે અને તે નોકરી મળવાથી તેનું આર્થિક પાસુ સધ્ધર થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ. ઉદ્યોગોમાં અત્યારે જોઈએ તો ઘણાં પરપ્રાંતિઓ અહીં આવીને તે લોકો કામ કરે છે. પણ સ્થાનિક જે કંઈ ટકાવારી હોય, તે સ્થાનિક રોજગાર વાંચ્છુઓને વધુમાં વધુ લાભ મળવો જોઈએ ત્યારે તે લાભ મળતો નથી. છેલ્લાં એક વર્ષમાં અમે અમારા ધારાસભ્યશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ સાથે ઉદ્યોગપતિઓ સાથે મીટિંગો કરીને આ એક બાબત ચાલુ કરી અને ઉદ્યોગપતિઓ સાથે મળીને, ભરતી મેળાઓ યોજીને ઘણા યુવાન મિત્રોને આજે નોકરીએ રાખ્યા છે. ત્યારે તેમાં પણ સરકારે થોડું જાગૃત થઈને જો એમાં સરકાર દાખલ થાય અને ઉદ્યોગપતિઓને એમ કહે કે સ્થાનિકોને પ્રથમ રોજગારી આપો ત્યાર બાદ ખાલી જગ્યાઓ હોય તેમાં પરપ્રાંતિઓને જો લેવામાં આવે તો ઘણો રોજગારીનો પ્રશ્ન હલ થાય એવું છે. આઈ.ટી.આઈ.સંસ્થાઓમાં જે રોજગારલક્ષી યુવાનો છે તે લોકોને તાલીમ અપાય છે પણ તે તાલીમ પૂરી થયા બાદ તેમને રોજગારી મળવી જોઈએ તે રોજગારીની તકો તેમને મળતી નથી. સાથે સાથે તેમને આઈ.ટી.આઈ.કરીને કોઈ ધંધો કરવો હોય અને તેમની પાસે મૂડી ના હોય ત્યારે મૂડી માટે બૅન્કોમાં જાય છે ત્યારે બૅન્કો તેમની અરજીઓ એન કેન પ્રકારે કાઢી નાખતી હોય છે. અને એમ કહેવામાં આવે છે કે તમારા ભાઈ બાકીદાર છે, તમારા કટુંબમાં કોઈ બાકીદાર છે અને એવી અરજીઓ રિજેકટ કરીને તેમને ધંધો કરતા અટકાવે છે. તો મો આપના મારફતે મંત્રીશ્રીને કહેવાનું છે કે એવા બેકાર યુવાનો છે કે તે લોકોને કંઈક એવી સ્કીમ આપો કે તે લોકો પોતાનો સ્વતંત્ર ધંધો કરીને અને તેને માટે લોનની વ્યવસ્થા થઈ શકે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં ઘણી યોજનાઓ અહીંયા આપવામાં આવી છે. કુંવરબાઈનું મામેરું યોજના, મફત ગણવેશ યોજના છે, આવાસ અને મરામત છે, જીવલેણ રોગો માટેની યોજનાઓ છે. તો એ યોજનાઓમાં બજૅટમાં દર વર્ષ કરતાં ઘણો કાપ મૂક્યો છે એવું લાગે છે. જે સરસ્વતી સાધના યોજના છે. જે આઠમા ધોરણની બાળાઓને સાયકલ વિતરણ કરવામાં આવે છે તેમાં પણ ઓછી જોગવાઈ છે અને એવી બાળાઓને મને લાગે છે કે બી.પી.એલ.હેઠળ નોંધાયેલ હોય એવી બાળાઓને આ સાયકલ આપવામાં આવે છે. આભાર.

**શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૫૬, ૫૭, ૯૨ અને ૯૫ લઈને આવ્યા છે, તેના પર મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો પછાત વર્ગના ઉત્થાન માટે ઘણીબધી વાતો થઈ છે. કોંગ્રેસના મિત્રોએ ઘ ણી બધી વાત કરી. ભાજપ-કોંગ્રેસ બાજૂ પર રાખીએ, છતાં જયારે ગુજરાતમાં પર ટકા જેટલી વસતિ બક્ષી પંચની હોય તો સતત આપણે એની ચિંતા કરવી રહી. ગોરધનભાઈ પણ કહેતા હતા, કોંગ્રેસના મિત્રો પણ

કહેતા હતા કે સતત ગરીબ લોકોની ચિંતા કરવી પડે તેમ છે. ભૂતકાળની સરકારોએ આ ચિંતા કરવાને બદલે માનનીય પુંજાભાઈએ કહ્યું કે ૧ રૂપિયાનું આયોજન થાય અને ૧૫ પૈસા પહોંચે, પણ એ ભૂતકાળ હતો. આજે સ્વાભાવિક આપણે જોઈએ છીએ કે એક રૂપિયાનું આયોજન કરીએ અને રૂપિયો પહોંચે છે. કંઈક મુશ્કેલીઓ હશે, કંઈક તકલીફો હશે, પણ પછાત વર્ગો માટે જયારે માનનીય મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઈએ છેલ્લા વર્ષોમાં કેન્દ્ર સરકારમાંથી ૨૧ કરોડ રૂપિયા લાવીને, કલ્પના પણ ન કરી હોય, એ લાવી શકયા છે, ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય રમણલાલ વોરાને અભિનંદન પાઠવું છું. ભૂતકાળમાં જો આ વિષય ઉપર ચિંતા થઈ હોત, અગાઉ પૈસા આવ્યા હોત તો ચોકકસ આ વર્ગોનું ઉત્થાન થઈ શકયું હોત.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક રીતે આપણે વિચારીએ કે પર ટકા વસતિ બક્ષી પંચમાં હોય ત્યારે ચોકકસ ભૂતકાળમાં એના તરફ કોઈએ ધ્યાન આપ્યું નહોતું. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ૨૭ ટકા અનામત કરવામાં આવી હતી, એ આ સરકારે જ કરી હતી, કોંગ્રેસવાળા વાતો જ કરતા હતા, વિચાર્યુ નહોતું. આજે પણ વિચારીએ તો સ્વાભાવિક વાત છે કે પછાત વર્ગના જે લોકો હોય, દાખલા તરીકે વાદી, વણઝારા, દેવીપૂજક. એના માટે ચિંતા થઈ હોત ભૂતકાળમાં, તો તેઓ આજે કયાં હોત? આ લોકો માટે, વણઝારા કોમ તો વેપારી કોમ હતી. આજે પણ ઈતિહાસમાં જોઈએ છીએ કે વાવો બનાવેલી હોય અને એમના નામથી પ્રચલિત હોય, સંજોગો અને કાળના લીધે, જેમ દિવસ ઉગે છે અને દિવસ આથમે છે, તેવી રીતે એમનો કાળ આથમ્યો અને તેઓ ભટકતા રહ્યા, છતાં આ સરકારે જે પંડિત દિનદયાળમાં એમની વસાહતો બનાવી છે. મારા જિલ્લામાં મેઘરજ તાલુકામાં ભીલોડા, વડાલી, ઈડર અને હિંમતનગરમાં આવી વસાહતો ઉભી કરીને સ્થિર કરવાનું કામ કર્યુ છે. ભૂતકાળમાં મારા આ મિત્રોએ વિચાર્યુ હોત તો ૫૦ વર્ષમાં કેટલા બધા આગળ નીકળી શકયા હોત? કેટલી બધી વસાહતો ઉભી થઈ હોત. એમને આ સમાજની ચિંતા કરવાની ન હતી. એમને તો એમની ચિંતા કરવાના બદલે વોટની ચિંતા કરવાની હતી. સ્વાભાવિક જ ચૂંટણી આવે ત્યારે કહે કે કામ નહીં કરવાનું, છેલ્લા ૨ દિવસમાં થેલીઓ લઈને પહોંચી જવાનું, એટલે પરિણામ મળી જાય. આ સરકારે જાગૃતિ લાવીને જયારે પ્રયાસો કર્યા અને એને પરિણામે જ એમને સામી પાટલીએ જવું પડયું છે. એમણે ચિંતા કરી હોત તો આ જગ્યાએ હોત. હજુ હું એમને કહું છું કે ચિંતન કરો. ગરીબો માટે કંઈક વિચારો. એમની હાય લાગી હોય તમને, એમ હું કહું તો ખોટું નથી.

વિશેષ જયારે માનનીય શંકરભાઈ હમણા બોલતા હતા, એમણે એમના પિતાશ્રીના નામ પર ૧૦ વીઘા જમીન આપીને આવા ગરીબ લોકો માટે એક વસાહત બનાવી. આ કદાચ દેશભરમાં પ્રથમ કિસ્સો હશે કે સામાન્ય ગરીબ લોકો માટે પોતાની લાખો રૂપિયાની કિંમતી ૧૦ વીઘા જમીન આપવી અને એ સમાજના ઉત્થાન માટે કામ કરવું. એ ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર જ કરી શકે, નહીં કે કોંગ્રેસવાળા કરી શકે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી અને માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી એમના વિભાગોની માગણી ક્રમાંકઃ ૫૬, ૫૭, ૯૨ અને ૯૫ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, તમામ માગણીઓમાં આજના દિવસની માગણીઓ આ ગુજરાતના લોકો માટે ખૂબ મોટી છે, આ બન્ને માગણીમાં લગભગ ૭૦ ટકા લોકવર્ગ આમાં આવી જાય છે, પરંતુ આ આંકડાની માયાજાળ આ ગરીબોના ખાતામાં જોઈ, બીજે તો આવું નહોતું જોયું. તો કોઈ ગરીબ છોકરાને રડતો હોય તો તમે ચોકલેટ આપીને છાનો રાખો એમ આ લોકોને ચોકલેટ બતાવવાનું કામ તમે કર્યુ છે, બાકી તો કશું દેખાતું નથી.

**અધ્યક્ષશ્રી** : બધાંનાં છોકરાં ચોકલેટથી શાંત રહે છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી ખૂબ ચિંતિત છે અને ગરીબ પરિવારોની વેદના એ સમજે છે, પરંતુ આ નાણામાં તેમનું કાંઈ ચાલ્યું નથી એમ લાગે છે, બાકી આટલી ઓછી જોગવાઈ આપી નાહોત.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આ ખાતું છે એ ગરીબ છે, જિલ્લા કક્ષાએ જઈએ તો કયું ખાતું તો કહે કે સમાજ કલ્યાણ ખાતું, એની તૂટેલી-ફૂટેલી ઓફિસ હોય, એના અધિકારી ગરીબ, એના કર્મચારી ગરીબ અને ખાતું પણ ગરીબ છે. તો આ બક્ષીપંચ, એસ.સી., એસ.ટી. નું ખાતું છે એની અંદર કમસેકમ નાણા વિભાગના અધિકારીઓ અહીં બેઠા હોય તો એમાં વિચાર કરવા જેવું છે. ગયા વખતે તો વજુભાઈ હતા અને થોડુંક બજેટ હતું અને આ તો એનાથી પણ વધારે કાપ મૂકાયો છે. અંગભૂત યોજનામાં તમામ ડિપાર્ટમેન્ટમાં સરવે કરો કે ગાન્ટ ખર્ચાઈ છે કે નહીં, નિયમ મુજબ જોગવાઈ તો કરવી પડે અને ખર્ચવાની ના હોય તો પછી શું થશે? આ ગરીબ માણસો તો રજૂઆત કરી શકવાના નથી, એ બોલી શકવાના નથી, મજૂરી કરનાર વર્ગ છે એને તો કાંઈ ખબર પડવાની નથી. એક તો ઓછી ગ્રાન્ટ ફાળવી હોય અને પાછી એમાંથી પણ વપરાય નહીં, તો એના માટે પણ કડકાઈ જેમ બીજામાં રાખો છો એવી કડકાઈ આમાં પણ રાખો અને ખાસ કરીને આ જે દ ટાડો કર્યો છે એમાં પણ કાંઈક કરવું જોઈએ.

ખાસ કરીને બાવા જાતિની વાત કરું તો માનનીય સભ્યશ્રી શંકરભાઈ ચૌધરીએ એમના પિતાના નામે ૧૦ વીઘા જમીન આ જાતિની વસાહત માટે આપી છે એ બદલ તેમને ધન્યવાદ આપું છું, એમના પિતાશ્રીને વંદન કરું છું કે ગરીબ માણસો માટે ખૂબ સારું કાર્ય કર્યુ છે, ભટકતી જાતિ માટે ઘર અપાય એનાથી ઉત્તમ કાર્ય બીજું ના હોઈ શકે, પરંતુ સાથે સાથે મને કોઈકે કહયું કે હિન્દુસ્તાનમાં આવો દાખલો પહેલો છે. તો મારું કહેવું છે કે આમાં સરકારની પણ કોઈ જવાબદારી ખરી કે નહીં? આ ગરીબ માણસો માટે, ભટકતી જાતિ માટે તેમને જમીનના પ્લોટ આપવા માટે તમે કેમ કાંઈ કરતા નથી. આજે હજારો એકર જમીન ખેડાઈ જાય, એના ઉપર દબાણો થઈ જાય છે અને એ દબાણો પાછાં રેગ્યુલર થઈ જાય છે તો આ ગરીબ ભટકતી જાતિના લોકોનો કોઈ અધિકાર છે કે નહીં? જયાં જયાં આવી ભટકતી જાતિઓ, ગરીબ જાતિઓ છે, ઘર વિહોણી જાતિઓ છે. તેમના માટે ડેપ્યુટી કલેકટરને ફરજીયાત ફરજ પાડવામાં આવે કે તેમને પ્લોટ ફાળવવા તો સાચું કાર્ય કર્યુ કહેવાય. આ તો કોઈકે આપ્યા અને આપણે એના નામે ઉલાળીએ એ બરાબર નથી, તેમનો આ પ્લોટ મેળવવાનો અધિકાર છે. એ પણ આ ગુજરાની ધરતી ઉપર રહે છે અને ગુજરાતના તમામ કામોમાં તેમનો અધિકાર છે. તો આના માટે પણ એક કાયદો કરવો જોઈએ અને આવા જે પ્લોટ વિનાના લોકો હોય એમને આપવા જોઈએ. મેં મારા વિસ્તારમાં લેન્ડ કમિટીની મિટિંગ રાખી હતી, છતાં ૧ાા વર્ષથી ગામતળ નીમ થતું નથી અને પ્લોટ મળતા નથી. તો આ લેન્ડ કમિટી રાખીને શું કરવાનું? તો આ ગરીબ માણસોને પ્લોટ મળી રહે એ માટે નિયમોમાં કડકાઈ કરો. ગરીબોની બધા મશ્કરી કરો નહીં. બીજી બાબતમાં ફટાફટ કરીને જોગવાઈ કરો છો તો આમાં કાંઈ કેમ કરતા નથી. બાવા જાતિના ૧ થી ૧૦ માં ભણતા વિદ્યાર્થીઓ હતા તેમના માટેની સહાયમાં પણ ઘટાડો કર્યો છે, જે શિષ્યવૃત્તિ હતી, આ ભટકતી જાતિ છે, બાવા જાતિ છે તેમનાં છોકરાને માટેની શિષ્યવૃત્તિમાં પણ ઘટાડો આ વર્ષે કર્યો છે, સાત ફેરા સમૂહ લગ્નની આપણે મોટી મોટી વાતો કરતા હતા એમાં પણ જોગવાઈમાં ઘટાડો કર્યો છે, એની સાથે સાથે દીકરીઓ માટે આપણે વાત કરીએ છીએ કે 'દીકરી રૂડી, સાચી મૂડી' એની તો આખી યોજના જ બંધ કરી દીધી છે. ગયા વર્ષે એમાં એક કરોડ રૂપિયા ફાળવ્યા હતા અને આ વર્ષે તો ફાળવેલા દેખાતા જ નથી. આખી યોજના જ જાણેબંધ કરી હોય એમ લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે બક્ષીપંચનાં ૧ થી ૪ ધોરણમાં ભણતાં બાળકો માટેની સહાયમાં પણ ઘટાડો કરીને ૧૨ કરોડ જેટલો ઘટાડો કર્યો છે. ગરીબ માણસોને પ્રોત્સાહિત કરવાની વાત કરીએ છીએ જયારે તેમને કપડાં આપવામાં પણ ઘટાડો કર્યો છે. આ ગરીબ માણસો એ રીતે એમનું ઘર ચલાવતા હોય છે તો એમાં પણ ઘટાડો કર્યો છે. તો બીજી તમામ માગણીઓમાં કાપ મૂકો, પરંતુ આ ગરીબ માણસો ઉપર કેમ આમ કરો છો? તો આ આખું ડિપાર્ટમેન્ટ ગરીબોનું છે, તો બીજે કાપ મૂકવો હોય તો મૂકો, પરંતુ આમાં વધારો કરો અને આમને પ્રોત્સાહિત કરો, પરંતુ અહીં તો દરેકે દરેકમાં કાપ જ કાપ દેખાય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અંબાલાલભાઈ, આપ પ્રવચન ચાલુ કરો.

**શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, માગણી ક્રમાંકઃ ૫૬, ૫૯, ૯૨ અને ૯૫ લઈને આવ્ય છે એને હું મારું સમર્થન આપવા માગે ઊભો થયો છું.

દલિત સમાજની વાત કરીએ તો આ ગુજરાતમાં કાઠિયાવાડમાં ૧૯૨૨ ની સાલમાં નવેમ્બરમાં રાજકીય પરિષદ ભરાઈ હતી. તે રાજકીય પરિષદમાં દલિત સમાજના અને સવર્ણ સમાજના એમ બે દરવાજા હતા, આ રાજકીય પરિષદના અધ્યક્ષ આદરણીય સરદાર પટેલ સાહેબ હતા. તેઓ જ્યારે એ રાજકીય પરિષદમાં ગયા અને એમણે બે દરવાજા જોયા ત્યારે એમને અચરજ થયું, પરંતુ મૂલ્યવાન માટીના માનવીએ દલિત સમાજના દરવાજાથી અંદર જઈ અને દલિત સમાજના અલગ પડેલા લોકોની વચ્ચે જઈ અને બેઠા, એમની જોડે અમારા વસોના ગોપાલદાસ અમીન પણ બેઠા, અને દલિત સમાજની માનવ ગરિમા વધારવાનું કામ પ્રથમ કોંગ્રેસના સરદાર વલ્લભભાઈ પટેલ હતા એમણે આ કામ શરૂ કર્યુ અને એ કામ કરતા કરતા તેઓ નાયબ વડા પ્રધાન પદ સુધી પહોંચ્યા, સરદાર પટેલ જ્યાં સુધી કોંગ્રેસમાં હતા ત્યાં સુધી ખૂબ સારી કામગીરી થઈ. તેઓને હું વંદન કરું છું. પરંતુ ૧૯૫૦ માં તેમનું અવસાન થયું, તેના પછીની એક બે વાત મારે કરવી છે.

ભારતના બંધારણમાં દરેક રાજયમાં અનુસૂચિત જાતિ, આદિવાસી અને જે પછાત સમાજની કોમ છે તેઓને સાંભળવા માટે કદાચ તેને મુખ્ય મંત્રીશ્રી ન સાંભળે, તેને રાજ્યપાલ ન સાંભળે, સામાજિક ન્યાય અને અધિકારીતાના મંત્રીશ્રી ન સાંભળે તો તેને સાંભળવા માટે ભારત સરકારે તે વખતે બંધારણમાં કમિશનરની નિમણૂક કરી હતી. અને વ્યકિત સીધા એમની પાસે પાવર હતા, મુખ્ય મંત્રીશ્રી કરતા પણ વધારે હતા અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી કરતા પણ તેની પાસે વધારે પાવર હતા. ૧૯૬૮ માં અમારા દલિત સમાજના નેતા આદરણીય સૂરજભાણજીએ સખત વિરોધ કર્યો હોવા છતાં પણ આ દલિતોની વિરોધી, જેનું નામ ઈન્દિરા કોંગ્રેસ, કોંગ્રેસ તો ૧૯૫૦ માં પતી ગઈ હતી, અને આ ઈન્દિરા કોંગ્રેસે આ કમિશનરની નિયુકિત ઉઠાવી લીધી. આ ઈન્દિરા કોંગ્રેસની વાત કરું છું, કોંગ્રેસ તો છે જ નહીં, કોંગ્રેસ હોત તો વંદન કરત, લાલા લજપતરાય અને સરદાર પટેલની સાથે કોંગ્રેસ તો જતી રહી. હું આ દેશના અને સમાજના મસીહા સરદાર પટેલ સાહેબને કહું છું. બીજા એક મસીહા ગાયકવાડ સરકાર હતા. એમને વંદન કરું છું. કે એમણે ડૉકટર

બાબા સાહેબ આંબેડકરને ભણાવ્યા, ભણવા માટે વિદેશ મોકલ્યા, એક દલિત આટલું ભણ્યો અને આખા દેશમાં બંધારણ ઘડયું, જો વધારે દલિતોને ભણાવ્યા હોત તો શું થાત, અમારા આદરણીય કેશુભાઈની સરકારે અને આદરણીય નરેન્દ્રભાઈ મોદીની સરકારે એવો નિર્ણય કર્યો હતો, આ વર્ષે વધારે નિર્ણય કર્યો છે અને પાંચ લાખ થી દસ લાખનો ફાળો કરવાની તૈયારી છે, કદાચ થઈ ગયો હશે. ભારતીય જનતા પાર્ટીની સરકાર જ આ કરી શકે. મારે બીજી વાત કરવી છે ૧૯૮૦માં જનસંઘમાંથી ભારતીય જનતા પાર્ટી બની, ત્યારથી અમારા આદરણીય શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા બેસતું વર્ષ અને ૧૪મી એપ્રિલ ધોળકામાં દલિત વાસમાં જઈ અને એ બેસતું વર્ષ ઉજવે છે, ત્યાં જઈને બેસવાનું, નાસ્તો કરવાનો ચા-પાણી પીવાના અને જમવાનું, દલિતોને ભેગા કરવાના ઝગડામાં સલાહ સૂચનો કરવા આ રીતે ઉજવણી કરે છે. મને એક દાખલો તો બતાવો કે કોઈ આવું કામ કરતું હોય? તેનાથી વિશેષ દલિત સમાજના ૧૩ ધારાભ્યો જે રિઝર્વ સીટ ઉપર ચૂંટાયા છે આંબેડકરનો કાયદો કહે કે ભારતના બંધારણનો કાયદો કહે, કયારેય દલિતોની એમણે ચિંતા કરી છે ખરી? અહીં વિધાનસભાના ફ્લોર ઉપર નાની મોટી વાતો કરવી એ બે નંબરની વાત છે. સાચા અર્થમાં માનવતા દાખવે તો ઘણું કલ્યાણ કરી શકાય એમ છે. આજે માનનીય મંત્રીશ્રી જે ફંડ લઈને આવ્યા છે તેનો સાચો ઉપયોગ તમે તમારા મહોલ્લામાં જઈને દલિત લોકોના મહોલ્લામાં મીટિંગ કરીને લાભ અપાવવાનો પ્રયત્ન કરો તો આટલા પૈસા પણ ત્યાં સુધી પહોંચે તો ઘણા બધા છે. અત્યારે એવું શાસન નથી કે એક રૂપિયો મોકલે તો ૧૫ પૈસા પહોંચે, અત્યારે તો રૂપિયો મોકલે તો રૂપિયો પૂરો પહોંચે છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબરઃ ૫૬, ૫૭, ૯૨ અને ૯૫ લઈને આવ્યા છે, એમાં હું મારાં થોડાં સૂચનો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

માનનીય મંત્રીશ્રી ખૂબ હોંશિયાર છે અને અમને એમના પ્રત્યે માન છે. પરંતુ સાથે સાથે મારે એક-બે વાત એમના ધ્યાન ઉપર મૂકવી છે. આ રાજય સરકારની અંદર મારા ઘણા મિત્રો ખૂબ ઠેકી ઠેકીને બૂમો પાડે છે ત્યારે મારે એક સૂચન કરવું છે કે ભારતીય જનતા પક્ષની અંદર મોટી સંખ્યામાં બક્ષીપંચના ધારાસભ્યશ્રીઓ ચૂંટાઈને આવ્યા છે. આ રાજય સરકારમાં આ વિકસિત જાતિનો વિભાગ છે એ અલગથી બક્ષીપંચની જાતિના ધારાસભ્યશ્રીને આપ્યો હોત તો સહ વિશેષ કામ હજી થઈ શકયું હોત. માનનીય મંત્રીશ્રી રમણભાઈ ખૂબ હોંશિયાર છે પરંતુ એમની પાસે કામનું ભારણ એટલું છે કે જેટલો ન્યાય આ વિભાગને મળવો જોઈએ એટલો ન્યાય કામના ભારણના લીધે ન આપી શકે એ સ્વાભાવિક છે.

બીજા ઘણા ધારાસભ્યશ્રીઓ એસ.ટી. ના એસ.સી.ના બોલતા હતા કે કોંગ્રેસની સરકારોએ આ કર્યુ તે કર્યુ મારે એમને એટલું જ કહેવું છે કે રાજયમાં કે કેન્દ્રમાં એસ.ટી., એસ.સી., ઓ.બી.સી. ના ધારાસભ્યો બેઠા હોય તો એ કોંગ્રેસની દેનના કારણે છે. હું એમ કહેવા માગું છું કે ભારતીય જનતા પાર્ટીની આ સરકારને વિકસતી જાતિ પ્રત્યે આદર ભાવ હોય, એ જાતિના વિકાસ માટે કંઈક કરી બતાવવાની તૈયારી હોય તો એટલું જ કહીશ કે અમારી કોંગ્રેસ સરકાર વખતે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં પંચાયત હોય કે નગરપાલિકા હોય એમાં ઓ.બી.સી.ની સીટો અનામત કરવાનું કામ કોંગ્રેસ સરકાર વખતે થયું હતું. મારે આ તબક્કે એ કહેવું છે કે આ હાઉસમાં ઘણા બધા જ બક્ષીપંચના ધારાસભ્યો છે. અહીંયા એસ.સી., એસ.ટી.ની ધારાસભ્યો માટે અનામત સીટો છે એ જ રીતે બક્ષીપંચની ઘનિષ્ઠ વસતિ હોય ત્યાં અનામત સીટો દાખલ કરીને ધારાસભ્યોને મોકલવા જોઈએ તો આ રાજય સરકારની અંદર ભારતીય જનતા પક્ષના લોકોને બક્ષીપંચ માટે માન છે એવું દેખાશે.

આ રાજયમાં બક્ષીપંચની ૫૨ ટકા વસતિ છે. એસ.સી., એસ.ટી.નો વિભાગ અલગ છે ત્યારે બક્ષીપંચનો પણ અલગ વિભાગ થવો જોઈએ અને અલગ બજેટની ફાળવણી થવી જોઈએ.

સામાન્ય રીતે ઘનિષ્ઠ વસતિ ધરાવતા બક્ષીપંચના તાલુકા છે એ તાલુકા મથકો ઉપર એને ત્યાં અધિકારી કક્ષાનો યુનિટ ઊભો થવો જોઈએ જેથી કરીને તાલુકાની અંદર બક્ષીપંચની જાતિ હોય એની અમલવારી થઈ શકે.

છેલ્લા વરસોમાં જ્ઞાતિના ખોટા સર્ટિફિકેટો લઈને નોકરીઓમાં અને પ્રવેશમાં અન્ય લોકો પ્રવેશી જતા હતાં. આ વિભાગ તરફથી એના માટે ખૂબ સારી કામગીરી થઈ છે હું એમને ધન્યવાદ અને અભિનંદન આપું છું. કારણ કે એના લીધે ખોટા લોકોનો પ્રવેશ અટકયો છે. એની સાથે સાથે મહારાષ્ટ્રની અંદર જેમ છે તેમ અલગ રાજય કક્ષાનું તંત્ર ઊભું થાય અને કાયદામાં જોગવાઈ થાય કે હવે પછી ખોટા સર્ટિફિકેટ સાથેના પ્રવેશ ન લે તે માટેની જોગવાઈ થવી જોઈએ. રાજકીય રીતે ખોટા સર્ટિફિકેટ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં પ્રવેશી જાય છે. એના લીધે ખોટા સર્ટિફિકેટ લેનાર પ્રતિનિધિઓ બની જાય છે. આના માટે પણ અલગથી જોગવાઈ થવી જોઈએ. ચોક્કસ ધારામાં જોગવાઈ થવી જોઈએ, આવા પ્રવેશ અને એના માટે અલગથી જોગવાઈ થાય તે ખૂબ જ જરૂરી છે.

સહકારી પ્રવૃત્તિ છે એમાં ખાસ કરીને સહકારી મંડળીઓ અને બેંકો છે એમાં બક્ષીપંચની મહિલાઓ માટે ટકાવારીનું ધોરણ નક્કી થાય અથવા તો નિમણૂક થાય અથવા એની જગ્યાઓ અલગ થાય તેવું મારું સૂચન છે.

હયાત છાત્રાલયો અને આશ્રમશાળાઓ ચાલે છે આ હયાત છાત્રાલયો અને આશ્રમશાળાઓની નિભાવણી પૂરતી જ આ બજેટમાં જોગવાઈ છે. પરંતુ નવી આશ્રમશાળાઓ અને છાત્રાલયો માટે કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી તો આ નવા માટે જોગવાઈ થાય તે ખૂબ જરૂરી છે.

બીજી વાત શ્રમ અને રોજગારની કરવી છે. ખાસ કરીને ગ્રામ્ય કક્ષામાં ખેતરોમાં કામ કરતાં મજૂરો છે એમને લઘુત્તમ વેતન મળતું નથી. જે બાળ મજૂર છે એમનું મોટા પાયે શોષણ થાય છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય કાંતિભાઈ,

**શ્રી કાંતિભાઈ રા. લકુમ (બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક-૫૬, ૫૭, ૯૨ અને ૯૫ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ અંગભૂત યોજનામાં ૩૫ કરોડ ૮૧ લાખની જોગવાઈ કરવામાં આવી છે અને તેમાંય ખાસ કરીને દલિતોમાં પણ જે સફાઈ કામદારો છે એ લોકો જે સફાઈ કામ કરતા હોય ત્યારે ગટરમાં ઉતરતા હોય છે અને તેમનું મૃત્યુ થતું હોય ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ તેમને જે વીમા કવચ આપ્યું છે અને એક લાખ રૂપિયાની જે જાહેરાત કરી છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે. આવા લોકોને સહાયરૂપ થઈ શકાય એવી આ યોજના છે. કોંગ્રેસના લોકો કહે છે કે દલિતો માટે કંઈ કર્યું નથી. અરે, દલિતો માટે કંઈ કર્યું ન હોય તો વિધાનસભામાં ૧૫ અનુસૂચિત જાતિના લોકો છે તેમાં ૯ ધારાસભ્યો દલિતોના ચૂંટાઈને આવ્યા છે અને બે સીટ સંસદની છે આ બે સીટ ભારતીય જનતા પાર્ટી પાસે છે. તમે ઉદ્ધાર કરી નાખ્યો હોત તો તમારી સીટ હોત. બધા દલિતોએ ભારતીય જનતા પાર્ટીમાં વિશ્વાસ મૂકીને તેમને ચૂંટીને મોકલ્યા છે. આંબેડકર સાહેબ અમારા રાહબર છે અને તેમણે જે દલિતોના ઉદ્ધાર માટે કર્યું છે તો સરકારે તેમના નામ માટે જિલ્લા કક્ષાએ આંબેડકર ભવન ઉભું કરવાની યોજના કરી છે. તેમાં ૩૫ લાખ રૂપિયાની માતબર રકમ મૂકી છે અને જિલ્લા કક્ષાએ આવા આંબેડકર ભવન ઉભા થશે. આઠ આંબેડકર ભવનમાં અમુકનું કામ પૂરું થયું છે, અમુકનું કામ પ્રગતિમાં છે.

દલિતોને વિદેશમાં ભણવા મોકલવા માટેની વાત કરવામાં આવી. દલિતોએ વિદેશ કયાં છે એ નકશામાં પણ જોયું ન હોય. આવા દલિતોને સરકાર વિદેશમાં ભણવા મોકલે એ ખૂબ અભિનંદનને પાત્ર છે. એ જ રીતે જ્યારે સફાઈ કામદારોને આ વીમા કવચ આપ્યું છે તેમને સહાય આપવાની છે ત્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે લઠ્ઠો પીને મરી જાય તેને પૈસા આપતા હતા. આ દલિતો તેમને યાદ આવતા નહોતા. સરસ્વતી સાધના યોજનામાં ૮માં ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓને ૪,૮૩૩ સાઈકલો આ વખતે અપાશે. તેમાં ૭.૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જુનાગઢ અને મહેસાણામાં નવા કન્યા છાત્રાલયો ઉભા કરવા માટે આ વખતે જોગવાઈ કરવામાં આવી છે. નિવાસી શાળાઓ, કન્યા છાત્રાલયો, આશ્રમશાળાઓ તે ઉપરાંત બે કન્યા છાત્રાલયો ઉભા કરવાની જોગવાઈ કરવામાં આવી છે. દલિત બ્રાહ્મણોને ધર્મમાં અને સમાજમાં કર્મકાંડ કરવા માટે તેમની પાસે ટ્રેનિંગ નહોતી. તો તેમને ટ્રેનિંગ આપવાની યોજના પણ કરવામાં આવી છે. તે જ પ્રમાણે બીજી યોજનાઓ છે. જેવી કે કૃષિ યોજના. કૃષિ યોજનામાં ૮.૧૫ કરોડનું આયોજન કરવામાં આવેલું છે. તાલુકા આયોજન, જિલ્લા આયોજન હોય આ બધી જગ્યાએ દલિતોને તેના વિસ્તારમાં કામ કરી શકે તે માટે આયોજન કરવામાં આવ્યું છે. દલિતો એ છેવાડામાં રહેલા લોકો છે. હજુ પણ ગામડાંમાં દલિતોની એ જ સ્થિતિ છે. જો કોંગ્રેસે વિચાર્યું હોત તો આટલા વર્ષો રાજ કર્યું તેમને ઉંચા સ્થાને લઈ જઈ શક્યા હોત. પરંતુ તેમને તો હમણાં વાત થઈ તેમ ઝૂંપડપટ્ટી વિકસાવવામાં રસ હતો, કારણ કે વોટબૅન્ક જળવાઈ રહે. હવે દલિતો જાગ્યા છે. એ પણ પોતાના મતાધિકારનો સારી રીતે ઉપયોગ કરી શકે છે. તે વિધાનસભામાં દલિતો ચૂંટાઈને

આવ્યા છે તેના ઉપરથી સાબિત થાય છે. આંબેડકર આવાસ યોજના હોય કે અન્ય યોજના હોય તેમાં દલિતોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. એ રીતે દલિતોને જે સહાય કરવામાં આવી છે એ સહાયમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર ખૂબ આગળ છે. હું બે ત્રણ સૂચનો કરીને મારી વાત પૂરી કરું છું,

માનનીય અધ્યક્ષશ્રી, સરકારમાં નોકરી કરતાં અનુસૂચિત જાતિના દલિત કર્મચારીઓ એમને બઢતી કે પ્રમોશન આવતું હોય છે ત્યારે એમની ઉપર તપાસો મૂકીને એમનું પ્રમોશન યેનકેન પ્રકારેણ અટકાવવામાં આવતું હોય છે.

**અધ્યક્ષશ્રી** : નો, પ્લીઝ મારી પાસે સમય નથી, માનનીય મંત્રીશ્રી, .

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, મારી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ અન્વયે ૨૦ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના સૂચનો કર્યા છે. જે પણ સારાં સૂચનો આ સમાજ માટે ઉપયોગી છે એ તમામને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબાસાહેબ આંબેડકરે આ દેશને જ્યારે બંધારણ આપ્યું એ વખતે એમણે સમાનતાનો સિદ્ધાંત સ્વીકારેલો છે. જ્યાં સુધી આ સમાજની વાત છે ત્યાં સુધી સ્વામી વિવેકાનંદે દરિદ્રને દરિદ્ર નારાયણ ગણીને એની પૂજા કરવાની વાત કરી છે. મહાત્મા ગાંધીજીએ દરિદ્ર ઉદ્ધારને સમર્થન આપ્યું છે. અમારા પંડિત દિન દયાળ ઉપાધ્યાયજીએ જેમણે દરેક આત્માને એક વિશ્વાત્માનો હિસ્સો ગણીને એકાત્મ માનવવાદનો મંત્ર આપીને સમાજના અંતિમ સીડી ઉપર બૈઠા હુઆ આદમી હમારા લક્ષ્ય હૈ. આ કહ્યું છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના દ્વિતિય સરસંઘચાલક માનનીય પરમ પૂજ્ય ગુરુજીએ દલિતોદ્ધારની વાત કરતા કહ્યું છે કે, અસ્પૃશ્યતાએ હિન્દુ સમાજનું કલંક છે, એને શાસ્ત્રીય આધાર નથી તે પાછલે બારણેથી ઘૂસેલી વ્યવસ્થા છે અને એને ધરમૂળથી ઉખેડવી જ પડશે. આ દલિત, પીડિત, શોષિત સમાજની વાત લઈને આ રાજય સરકાર ચાલે છે. ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ સરકારે અનેકવિધ ધ્યેયો હાંસલ કર્યા છે. આઝાદીના આટલા વર્ષોમાં દલિત ઉદ્ધાર માટે જે ન થઈ શક્યું એ નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયું છે. આવા સક્ષમ નેતૃત્વની સામે ઘણી વખત અંગુલિ નિર્દેશ જ્યારે કરવામાં આવ્યો છે ત્યારે અમારા એ માનનીય મુખ્યમંત્રીશ્રી સમગ્ર ગુજરાતનું ગૌરવ છે એ મુખ્યમંત્રીશ્રી માટે આ સભાગૃહમાં એટલું મારે કહેવું છે કે,

" વો જબ મચલતે હૈ તો ભૂચલ મચલ જાતા હૈ,
વો જબ ઉબલતે હૈ તો સાગર ખનક જાતે હૈ,
નરેન્દ્રભાઈ કો બદલને કી કોશિશ કયા કરેગા જમાના,
વો જબ બદલતે હૈ તો ઇતિહાસ બદલ જાતા હૈ,"

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં ઘણા બધા મિત્રોએ આ યોજનાઓ પૂરી થઈ નથી, પૂરતુ બજૅટ ફાળવ્યું નથી. એવી બધી વાતો કરી છે. અનુસૂચિત જાતિની અંદર ૨૦૦૪-૦૫માં ૯૬.૧૭ કરોડની જોગવાઈ હતી એ પૈકી ૯૭.૭૭ કરોડનો એટલે કે, ૧૦૦ ટકા કરતાં પણ વધારે ખર્ચ કરવામાં આવ્યો છે. વિકસતી જાતિ માટે ૮૯.૧૭ કરોડની જોગવાઈ હતી એની સામે ૨૧૦.૪૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ વર્ષને લાગુ પડે છે ત્યાં સુધી ૯૬થી શરૂ કરીને અનુસૂચિત જાતિના બજૅટમાં ૧૧૨.૦૪ કરોડની યોજનામાં વધારો કરવામાં આવ્યો છે. વિકસતી જાતિઓમાં ૮૯.૧૭થી વધારો કર્યો છે. ૧૯૦.૨૫ કરોડનો જંગી વધારો કરવામાં આવ્યો છે. આ બન્ને પૈકી ૧૦૦ કરોડ રૂપિયાનો વધારો આ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમાજો માટે જે કાંઈ પણ કરવાનું છે, એમને આત્મ સન્માન સાથે એને રોટી, કપડા ઔર મકાનની વાત આ રાજય સરકાર પહેલી વખત સ્વીકારી છે અને જ્યારે રોટી, કપડા ઔર મકાનની વાત કરીએ છીએ ત્યારે એનું આર્થિક પાસુ વધારે મજબૂત થાય એટલા માટે અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમને ફેબ્રુઆરી ૨૦૦૬ના અંત સુધીમાં ૬૯૯૩ લાભાર્થીઓને ૧૩૦૦.૨૫ લાખનું ધિરાણ આપીને ૨૭૦ લાખની સબસિડી ચૂકવવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. એન.એફ.સી.ડી. યોજના હોય, તાલીમની યોજનાની વાત હોય, માનવ ગરીમા યોજનાની વાત હોય, માનવ ગરીમા યોજનાની અંદર સ્વરોજગારી કરવાવાળા લોકોને ૩૦૦૦ રૂપિયાની કિટસ્ અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિમાં આપવામાં આવે છે. છેલ્લા ૩ વર્ષમાં અનુસૂચિત જાતિના ૧૪૪૨૭ લાભાર્થીઓને ૪.૧૨ કરોડની કીટ આપવામાં આવી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત લોકોની ૧૮૦૦ જેટલી વ્યકિતઓને ૭.૩૫ કરોડની કીટ આપવાનું રાજય સરકારે અભિયાન શરૂ કર્યુ છે. ૨૦૦૬-૦૭ના વર્ષમાં અનુસૂચિત જાતિના ૧૦ હજાર લોકોને અને વિકસતી જાતિના ૭૪૦૦ લોકોને માનવા ગરિમા યોજનાની કીટ આપવાનું રાજય સરકારે નક્કી કર્યુ છે. અનુસૂચિત જાતી આર્થિક વિકાસ નિગમની સાથેસાથે પછાત વર્ગ વિકાસ નિગમની અંદર પણ આ વખતે ૨૪૩૧ ઈસમોને ૩ કરોડ ૨૪ લાખની સહાય આપવામાં આવી છે. સફાઈ કામદારોની જયાં સુધી વાત છે ત્યાં સુધી આ તબક્કે હું જાહેરાત કરતા ખૂબ જ આનંદ અને ગૌરવની લાગણી અનુભવુ છું કે સમગ્ર ગુજરાતની અંદર જે સફાઈ કામદારો, અમારા મિત્રો કહે છે એ પ્રમાણે ગટરનું કામ કરતા હોય અને એનું અવસાન થાય તો એવા ૫૦ હજાર સફાઈ કામદારો માટેનો ૧ લાખ રૂપિયાનો વીમો એ આ રાજય સરકારે કર્યો છે. સીધા ધિરાણની યોજના, બેંકેબલ યોજના છે, સેનેટરી માર્ટની યોજના છે અને જે પણ ધંધો શરૂ કરવાવાળા લોકો હોય એના માટેની તાલીમની યોજના પણ આ સરકારે નક્કી કરી છે. જયાં સુધી આવાસની યોજનાને લાગુ પડે છે ત્યાં સુધી રાજય સરકારે જે પણ નગરપાલિકામાં કૉર્પોરેશનમાં જે કર્મચારીઓ કામ કરતા હોય એ કર્મચારીઓને ૧ લાખ રૂપીયા સુધીની મર્યાદામાં રાજય સરકાર તરફથી ૪૦ હજાર રૂપિયાની સબસીડી અને ૬૦ હજાર રૂપિયા વગર વ્યાજની લોન એટલે કે ૧ લાખ રૂપિયા વગર વ્યાજની લોન સાથે આ જે પણ સફાઈ કામદારો કામ કરે છે એને આપવાની યોજના છે. જે પણ નગરપાલિકાઓ આવે છે એ બધી નગરપાલિકાઓમાં અમે આ સ્વીકારવાના છીએ. માત્ર કર્ણાવતી મહાનગર અમદાવાદની વાત કરું તો એકલા કર્ણાવતી મહાનગરમાં આ સફાઈ કામદારો માટે ૩ હજાર જેટલા મકાનો આ નવા આવનારા વર્ષમાં અમે ઉભા કરવાના છીએ.

ડૉકટર અને વકીલોને સહાય આપવામાં આ બંને અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિમાં પહેલા વર્ષે જે ડૉકટરો, વકીલો કામ કરતા હોય એને ૧,૦૦૦, બીજા વર્ષે ૮૦૦ , ત્રીજા વર્ષે ૬૦૦ આ રકમ ચૂકવવામાં આવે છે. એની સાથે સાથે સહાય વકીલો માટે ૧૨,૦૦૦ અને ૬૫૦૦૦ની છે, મને લાગે છે કે આગામી દિવસોમાં આ સહાયમાં પણ રાજય સરકાર વધારો કરવાનું વિચારી રહી છે. છેલ્લા ૩ વર્ષમાં ૯૦૫ વકીલોને માટે ૩.૮૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. વિકસતી જાતિની અંદર ૩૧૨ ડૉકટરો અને વકીલોને ૨૫ લાખની લોન સહાય આપવામાં આવે છે. જે ગ્રામ્ય વિસ્તારના લોકો છે એ વકીલોને પણ એના લાભ મળે એટલા માટે રાજય સરકારે પહેલી વખત ગ્રામ્ય વિસ્તારના જુનિયર વકીલોને લાભ મળે તે હેતુથી ૧૯-૭-૦૪ના ઠરાવથી તાલુકાના મથકોએ પણ આ લાભ આપવાનું રાજય સરકારે વિચાર્યુ છે. ઘણા બધા લોકોએ કહ્યું છે કે શિષ્યવૃત્તિની અંદર ઘટાડો થયો છે. અનુસૂચિત જાતિઓના પોસ્ટ મૅટ્રિકમાં જે જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે એમાં ૯૦૦ની જે શિષ્યવૃત્તિ આપવાની હતી એની અંદર વધારો કરીને ૧૪૦૦ કરી છે. જે લોકો હોસ્ટેલમાં કામ કરે છે એને ૪૨૫૦થી વધારો કરીને ૭૪૦૦ની મર્યાદામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વધારો કરવામાં આવ્યો છે. પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિમાં ૭૫૦થી વધારો કરીને ૧૦૦૦, ૨૫૦૦ થી વધારો કરીને ૩૦૦૦ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. વિકસતી જાતિની અંદર ૧૧૫૦ રૂપિયા સ્કૉલરશિપ હતી એની જગ્યાએ ૧૫૦૦રૂપિયા ૨૮૦૦ સ્કૉલરશિપ હતી એની અંદર ૪૨૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. અતી પછાત જે જાતિઓ છે એ જાતિઓ માટે ૪૫૦ થી વધારો કરીને ૬૦૦ રૂપિયા અને ૭૫૦ થી વધારો કરીને ૩૦૦૦ સુધીની શિષ્યવૃત્તિ કરવામાં આવી છે. જે વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહની અંદર અભ્યાસ કરે છે એને ધોરણ ૧૧માં ૧૫,૦૦૦ અને ૧૨માં ૧૦,૦૦૦ રૂપિયા આપવાની રાજય સરકારે ૨૦૦૨-૦૩થી આ યોજના શરૂ કરી છે એનું ધોરણ ૮૦ ટકા હતું. વધારે વિદ્યાર્થીઓને લાભ મળે એટલા માટે આ ધોરણની અંદર ૮૦ ટકાનું હતું એ ધટાડીને ૭૫ ટકા કરવામાં આવ્યું છે અને ૩૬૮ વિદ્યાર્થીઓને ૪૦.૫૩ લાખની ટયુશન ફી આપવામાં આવે છે. આ વખતે નવા વર્ષોથી અનુસૂચિત જાતી અને વિકસતી જાતિની અંદર પોસ્ટ એસ.એસ.સી. માં જે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળે છે એને આગામી દિવસોથી ચેકથી એમાં વિતરણ કરવાનું વિચાર્યુ છે. કુંવરબાઈના મામેરા પેટે રાજય સરકારે ૨ હજાર રૂપિયા એના વાલીને અને ૩ હજાર રૂપિયાના વિકાસ પત્રો આ બંને જાતિઓ માટે ૫ હજાર રૂપિયા આપે છે. છેલ્લા ૩ વર્ષમાં અનુસૂચિત જાતિની કન્યાઓને ૧૭૯૧૨ કન્યાઓને મામેરા સાથે ૮.૯૧ કરોડની સહાય આપવામાં આવે છે. વિકસતી જાતિમાં ૨૩૮૦૦ કન્યાઓને મામેરા પેટે ૧૨ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

૨૦૦૭માં આ કન્યાઓ માટે ૩.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વિકસતી જાતિમાં ૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રોટી, કપડા અને મકાનની સાથે કાપડ ઉદ્યોગ માટે અગાઉ મેં કહ્યું એ પ્રમાણે દરેક વિદ્યાર્થીને રૂપિયા ૧૫૦ની મર્યાદામાં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિમાં બે જોડી ગણવેશ આપવામાં આવે છે. ત્રણ વર્ષમાં ૬,૭૭૫૧૩૫ બાળકોને ૯.૨૪ કરોડના ગણવેશ આપવામાં આવ્યા છે. વિકસતી જાતિમાં ૯૫ લાખ બાળકોને ૧૨૭ કરોડના ગણવેશ આપવામાં આવ્યા છે. આગામી ૨૦૦૭માં ૨.૪૦ લાખ અનુસૂચિત જાતિના અને ૩૪ લાખ વિકસતી જાતિના બાળકોને ગણવેશ આપવાની રાજ્ય સરકારની યોજના છે. આવાસ યોજનામાં રાજ્ય સરકારે આ વર્ષથી બે નવી યોજનાઓ અમલમાં મૂકી છે. એક યોજના છે ડૉકટર બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના. આ યોજનાની અંદર વર્ષો સુધી પડતર અરજીઓ હતી એમાં ત્રણ વર્ષમાં આ રાજ્ય સરકારે ૧૭૨૩૪ અધૂરા મકાનો પૂરા કર્યા છે અને એના માટે એ વખતના નાણામંત્રી માનનીયશ્રી વજુભાઈનો આભાર માનું કે મને ૧૦ કરોડ રૂપિયા વધારે આપ્યા અને યોજના પાછળ રૂપિયા ૧૭.૮૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. અત્યારે રાજ્ય સરકારની નીતિ રહી છે કે જે તે કેલેન્ડર યરમાં મકાન પૂરું થાય એ દિશામાં રાજ્ય સરકારે નવો પરિપત્ર કર્યો છે અને નવા પરિપત્ર પ્રમાણે અનુસૂચિત જાતિમાં ૧૧.૨૫ કરોડની જોગવાઈ સાથે ૨૮૧૨ લાભાર્થીઓને લાભ આપવાના છીએ. વિકસતી જાતિ માટે પંડિત દિન દયાળ આવાસ યોજના છે. ઘણા મિત્રોએ આની પ્રશંસા કરી છે. પંડિત દિન દયાળ આવાસ યોજનામાં વાદી, મદારી, નટ, બજાણિયા, દેવીપૂજક, કાંગસિયા, ચામઠા, ભરથરી, ઠાકોર, ઠાકરડા, ડફેર, ફકીર, ચુંવાળિયા આવી અનેક જાતિઓ માટે ૭.૮૬ કરોડના ખર્ચે ૮૭ વસાહતો પૂર્ણ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં વસાહતો પાછળ ૧૫.૭૫ લાખ ખર્ચ કરવામાં આવ્યો છે. ૮૮ વસાહતોનું કામ ચાલું છે અને આવી ૧૧૩ વસાહતોમાં જમીન રાજ્ય સરકારે આપી છે અને મકાનો બાંધી આપ્યા છે. વિચરતી અને વિકસતી જાતિના જે લોકો બેઠા છે એમના માટે વિચારણા કરી છે. આગામી દિવસોમાં વિકસતી જાતિ માટે વર્ષ ૨૦૦૬-૦૭માં ૧૫ કરોડની જોગવાઈ કરીને ૫૧૩૦ નવા મકાનો આ લોકોને આપવાના છે. ગૃહમાં બે વાત થઈ છે.

મારે અત્યારે સભાગૃહના ધ્યાન ઉપર મૂકવું જોઈએ કે શ્રી દિપસિંહભાઈ રાઠોડે કહ્યું એ પ્રમાણે રાધનપુર વિસ્તારના ધારાસભ્યશ્રી શંકરભાઈ ચૌધરીએ પોતાને ત્યાં ૧૦ વીઘા જમીન આ વાદી, મદારી લોકો છે એની વસાહત માટે સરકારને ડોનેટ કરવામાં આવી છે. એ જમીન ઉપર જેટલા આ લોકો છે એમને સંપૂર્ણ મકાન આ રાજ્ય સરકાર તરફથી બાંધીને આપવામાં આવશે. માનનીય પ્રવિણભાઈ માંકડિયા ઉપલેટાના

ધારાસભ્યશ્રી છે. આ વસાહત પાછળ રાજ્ય સરકાર ૪૦ હજાર રૂપિયા આપે છે. અરવિંદ મણિયાર ટ્રસ્ટ તરફથી પ્રવિણભાઈ માંકડિયાએ બીજા ૧૦ હજાર વધારીને ૫૦ હજારના મકાનો આ લોકોએ આપ્યા છે. સાથોસાથ આ વસાહતોના કામો થયા છે તેમાં ઘણા બધા ધારાસભ્યશ્રીઓ સાબરકાંઠાના દિપસિહભાઈ, ભીખીબેન, ચાવડા સાહેબ હોય એ લોકોએ આ વસાહતમાં લાઈટ, પાણી વગેરે વ્યવસ્થા માટે ધારાસભ્ય ફંડમાંથી મદદ કરી છે. ઘ ણા લોકોએ ટીકા કરી છે. આઝાદીના આટલા વર્ષોમાં આ પહેલી વખત આ યોજના આવી છે. આઝાદીના આટલા વર્ષમાં પહેલેથી જો આ યોજના આવી હોત તો આ વિમુક્ત અને વિચરતી જાતિના કોઈપણ ભાઈ મકાન વગરના રહ્યા ન હોત. રોટી, કપડા ઓર મકાન સાથેની એની પ્રાથમિકતા છે શૈક્ષણિક બાબત. રાજ્ય સરકાર જ્યારે શિક્ષણ ઉપર ભાર મૂકી રહી છે ત્યારે ૫૫૨ ગ્રાન્ટ ઈન એઈડ અનુસૂચિત જાતિના છાત્રાલયો, ૮૯ આશ્રમશાળાઓ, ૭૩૭ બાલવાડીઓ, ૩૮ સરકારી છાત્રાલયો, ૧૭ નિવાસી શાળાઓમાં ૪૫,૮૯૨ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવા, જમવા અને ભણવાની સુવિધા રાજ્ય સરકાર તરફથી મળે છે. વિકસતિ જાતિના ૫૨,૮૨૮ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવા, જમવા અને ભણવાની સુવિધા આ રાજ્ય સરકાર તરફથી આપવામાં આવે છે. આશ્રમ શાળાઓમાં શિક્ષકોની ઘટ પૂરવા માટે જ્યાં પી.ટી.સી. શિક્ષકો ન મળે ત્યાં તાલીમી સ્નાતક અને તાલીમી સ્નાતક ન મળે ત્યાં ધોરણ-૧૨ના વિદ્યાર્થીને લેવામાં આવે છે. ઘણા ધારાસભ્યશ્રીઓએ માગણી કરી છે એ પ્રમાણે આ છાત્રાલયોના ગૃહપતિઓના માનદ વેતનમાં ૪૦૦ રૂપિયાનો, રસોઈયા અને ચોકીદાર હોય એમાં ૩૦૦ રૂપિયા વધારો કર્યો. સરસ્વતી સાધના સહાય યોજના અન્વયે બંને વિકસિત જાતિ અને અનુસૂચિત જાતિની અંદર ૧૫૦૦ રૂપિયાની રોકડા આપવામાં આવે છે. ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન ૧,૮૪,૪૫૭ કન્યાઓને ૨૨.૩૨ કરોડની સાઈકલોનું વિતરણ કરવામાં આવ્યું છે. વિકસિત જાતિ ૨,૨૩,૦૦૦ કન્યાઓને ૩૦ કરોડના ખર્ચે સાઈકલો આપવામાં આવી છે. ૨૦૦૬-૦૭ના વર્ષમાં અનુસૂચિત જાતિમાં ૫૦૦૦ કન્યાઓ અને વિકસિત જાતિની અંદર ૨૩૦૦૦ કન્યાઓને સાઈકલો આપવાનું આયોજન છે.

વિદેશ અભ્યાસ લોનની ઘણાં બધાએ વાત કરી છે. રાજ્ય સરકાર પાંચ લાખ આપે છે. આગામી દિવસોમાં અમે વધારો કરવાના છીએ અને જ્યારે વધારો કરવાના છીએ ત્યારે છેલ્લા ૭ વર્ષની અંદર ૧૨૫ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને વિદેશની ધરતી પર પોતાનો અભ્યાસ લઈ રહ્યાં છે, જેમાં ૧૯ જેટલી દીકરીઓ અને ૭ અતિપછાત જાતિઓના લોકો આમાં કામ કરે છે. દર વર્ષે વિદેશ અભ્યાસની અંદર ૪૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. વિકસિત જાતિમાં અત્યાર સુધીમાં ૧૧ લોકોએ લાભ લીધો છે. આગામી દિવસોમાં વિકસિત જાતિઓમાં જેટલા પણ વિદ્યાર્થીઓ જવા માગશે તો રાજ્ય સરકાર આની અંદર વધારો કરી મોકલવામાં આવશે. વધારે વિદ્યાથીઓ પરદેશની ધરતી પર જાય એટલા માટે જે ગ્રેજ્યુએટ કક્ષામાં ૫૦ ટકા ગુણ હોય એને લાભ આપવાનો રાજ્ય સરકારે નક્કી કર્યુ છે. એ સાથે સાથે ધોરણ ૧૨ પછી ડિપ્લોમા અને ટેકનિકલ શિક્ષણમાં કામ કરતા હોય એના માટે ૧૦ ટકા લાભાર્થીઓને લાભ આપવાનું આ રાજ્ય સરકારે વિચાર્યું છે. અત્યાર સુધીમાં વિકસિત જાતિને પ્રમાણપત્રની વાત થઈ છે. અમારા વિભાગે વધીને ૯૦,૦૦૦ જેટલા પ્રમાણપત્રોની ચકાસણી કરી છે. ૨૦૦૦ જેટલા પ્રમાણપત્રોને રદ કર્યા છે. ૫૦,૦૦૦ જેટલા ખોટી જાતિના પ્રમાણપત્રોવાળા ઈસમોને અમે અટકાવવાનો પ્રયાસ કર્યો છે અને એની સામે ૬૦ જેટલા લોકો નામદાર હાઈકોર્ટની અંદર ગયા છે અને મને જણાવતા આનંદ થાય છે કે ૬૦ - ૬૦ કેસોની અંદર રાજ્ય સરકારની જીત થઈ છે અને આ અભિયાન માટે ભારત સરકારે રાજ્ય સરકારને લેખિત અભિનંદન આપ્યાં છે. અનુસૂચિત જાતિ અને વિકસિત જાતિ બંને અને અતિ પછાત જાતિ માટે અનુસૂચિત જાતિમાં ૧૫ ટકા જેમાં ૨,૨૬,૮૬૦ અતિ પછાત લોકો માટે ૧૪.૯૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. વિકસિત જાતિમાં ૨૦ ટકા જોગવાઈ આને નવા વર્ષથી આ નીતિ અમે અમલમાં મૂકી છે.

માનનીય ડો. બાબા સાહેબ આંબેડકરના નામ સામે આંબેડકર ભવન બાંધવાનું કામ ૧૯૯૨ની અંદર એમની જન્મ જયંતિના વખતે આનું ભંડોળ આપવાની વાત હતી ત્યારે માત્ર ૨ લાખ ૫૦ હજારમાં આંબેડકર ભવન બાંધવાના હતા. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ૧૯૯૬માં બે લાખમાંથી પાંચ લાખ. ૨૦૦૧માં આંબેડકર ભવનમાં ૨૫ લાખ કર્યા. તા.૧૮-૧૨-૨૦૦૪ નાં રોજથી આંબેડકર ભવન બાંધવા માટે ૩૫ લાખ રૂપિયાની મર્યાદા બાંધી છે અને આ વર્ષે રાજ્ય સરકારે જે પણ જિલ્લાના S.O.R. વધારે હોય અને ૩૫ લાખ કરતા વધારે કિંમત આંબેડકર ભવનમાં થવાની હોય તો જેટલી થશે એટલી પૂરેપૂરી, ૧૦૦ ટકા ખર્ચો રાજ્ય સરકાર આંબેડકર ભવન બાંધવા માટે કરશે. કોંગ્રેસના મિત્રોએ ઘણી બધી વાત કરી છે. માત્ર નાની સરખી વાત બાબા સાહેબના નામે કહે છે ૧૯૯૨ થી ૧૯૯૫ સુધીમાં એકપણ આંબેડકર ભવન બંધાયું નહતું. ૧૯૯૫ થી ૨૦૦૨ સુધીમાં માત્ર ૩, માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારની અંદર ૫ આંબેડકર ભવનો પૂરાં કર્યા છે અને ૭ આંબેડકર ભવનોના કામ ચાલુ છે. આ ૧૪મી એપ્રિલ સુધીમાં ૧૨ આંબેડકર ભવનોના કામ માત્ર ૨ વર્ષના સમયગાળામાં આ સરકારે પૂરા કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ઘણાં બધા મિત્રોએ ડો. બાબાસાહેબ આંબેડકરના નામે વાત કરી છે. કોંગ્રેસના કોઈપણ મિત્રો ડો. બાબાસાહેબના નામે વાત કરી શકે એવી સ્થિતિમાં નથી. એની લાંબી ચર્ચા

દિનેશભાઈને જવાબ આપ્યો છે એમાં મારે કહેવું છે, પરંતુ આ રાજ્ય સરકારે આપણા હિંદુઓના દેવતા શંકર ભગવાન, એમને આપણે મહાશીવ કહીએ છીએ. શંકર ભગવાનની એમના કોટે શેષનાગની પૂજા થાય, ડમરુંની પૂજા થાય, પોઠિયાની પૂજા થાય, ગણેશની પૂજા જાય, કાર્તિકેયની પૂજા થાય, રિદ્ધિ-સિદ્ધિની પૂજા થાય, લાભની પૂજા થાય, શુભની પૂજા થાય એમ સાત પેઢી સુધી પૂજા થાય છે એટલા માટે મહાશીવ કહેવામાં આવે છે. ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ડો. બાબાસાહેબ આંબેડકરના સમગ્ર કુટુંબના નામે અનેકવિધ યોજનાઓ આપીને સાચી શ્રધ્ધાંજલિ આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે.
<#FN/BCT૧૨૩૫-AR.DOC/FN#>
એમાં ર્ડા.આંબેડકર ભવન, ર્ડા.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન, ર્ડા.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ, ર્ડા.બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના, સૂબેદાર રામજી આંબેડકર ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય, ભીમાબાઈ આંબેડકર બાલવાડી યોજના, બાઈરમાબાઈ આંબેડકર સાત ફેરા સમૂહ લગ્ન જે આ વિભાગમાંથી મહિલા અને બાળ કલ્યાણમાં તબદીલ થઈ છે ગોવાભાઈ તમારા જોવામાં નહીં આવ્યું, ર્ડા.સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય સમૂલ લગ્ન, ર્ડા.બાબાસાહેબ આંબેડકર સરકારી કુમાર છાત્રાલય, આ બધી વાતો ર્ડા.બાબાસાહેબ આંબેડકરની એટલા માટે કરવામાં આવે છે કે, જ્યાં સુધી કોંગ્રેસને સંબંધ છે ત્યાં સુધી ર્ડા.બાબાસાહેબ આંબેડકર જીવ્યા ત્યાં સુધી આ કોંગ્રેસે એમને હેરાન કરવાની એક પણ તક છોડી નથી, એટલેથી પૂરતું થતું નથી ર્ડા.બાબાસાહેબ આંબેડકરના અવસાન પછી પણ એમના સ્વર્ગવાસ પછી પણ આ કોંગ્રેસે એક પણ તક છોડી નથી, એટલા માટે ૧૯૭૫માં જ્યારે પ્રાયવેટ મેમ્બરનું બીલ જ્યારે અટલજીએ મૂક્યું અને એ વખતે સ્વ.ઇન્દિરા ગાંધીનો સૂરજ મધ્યાહ્‌ને તપતો હતો અને દિલ્હીના પાર્લામેન્ટના સેન્ટ્રલ હૉલમાં જ્યારે તૈલ ચિત્ર મૂકવાનું હતું, તમારા સંસદસભ્યો અભ્યાસું છે એવું તમે બધા કહો છો, એમને કહેજો પ્રાયવેટ મેમ્બર બીલમાં શ્રીમતી ઇન્દિરા ગાંધીએ કહ્યું હતું કે, સંસદ કે સેન્ટ્રલ હોલ મેં જગા નહીં હે. અટલ બિહારી બાજપાઈએ કહ્યું હતું કે, સેન્ટ્રલ હૉલ મેં બહોત જગા હે લેકિન કોંગ્રેસ કે દિલમે જગા નહીં હે. આ ૧૯૭૫માં જે ના પાડી હતી, ૧૯૮૯માં ર્ડા.બાબાસાહેબનું તૈલ ચિત્ર આ સરકારમાં મુકાયું. મિત્રો. આ દેશના જે પણ મહાનુભાવોએ કામ કર્યુ છે એને ભારત રત્ન એવોર્ડ મળે એમાં કાંઈ ખોટું નથી. રાજીવ ગાંધીજીએ પણ આ દેશ માટે કામ કર્યુ છે, આ દેશ માટે ફના થયા છે તો એમને પણ ભારત રત્ન એવોર્ડ મળે એમાં અમને વાંધો નથી પરંતુ ર્ડા.બાબાસાહેબ આંબેડકરને પણ એવોર્ડ મળવો જોઈતો હતો. કારણ કે, દલિતોના ખભા ઉપર બંદૂક ફોડીને તમે ગુજરાત અને દિલ્હી પર વર્ષો સુધી જ્યારે શાસન કર્યુ છે ત્યારે ર્ડા.બાબાસાહેબ આંબેડકરને પણ ભારત રત્ન એવોર્ડ મળવો જોઈતો હતો, ૪૪ વર્ષ પછી મરતોત્તર ભારત રત્નનો એવોર્ડ, માનનીય અટલજીના પ્રયત્નોના કારણે આ સરકારમાં આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી ૨૦ જેટલા જે ધારાસભ્યશ્રીઓએ વાત કરી છે એમાં મારા આ સમાજ સુરક્ષાના જે પણ મિત્રો છે, બહેરા છે મૂંગા છે આવા બધા લોકો માટેની જે વાત કરવાની છે એમાં આ ગૃહમાં પહેલી વખત સશ્કતા આયુષના દૃષ્ટિહિન માટેના કમિશનરની નિમણૂક આ ભા.જ.પ. સરકારે કરી છે. શૈક્ષણિક કાપમાંથી આ સંસ્થાઓને એમાં મૂકિત આપવામાં આવી છે. ૬૯,૫૧૨ વિકલાંગોને ૫૯૨.૬૦ લાખની શિષ્યવૃત્તિ આ સરકારે આપી છે. સંત સુરદાસ યોજનામાં ૩૬,૩૭૮ વિકલાંગોને ૪૬૧.૯૯ લાખની આર્થિક સહાય કરવામાં આવી છે. નિરાધાર વૃદ્ધો માટે વય વંદના યોજના ૬૦ વર્ષથી ઉપરના લોકોને આપવામાં આવે છે એમાં ૯૨,૦૧૫ નિરાધાર વૃદ્ધોને ૧૧૫.૩૬ કરોડની સહાય કરી છે. અપંગો હોય આ તમામ લોકોને જયારે રાજય સરકારે સહાય આપવાનું કર્યુ છે ત્યારે આજે હું જાહેરાત કરતાં આનંદની લાગણી અનુભવું છું કે, સમગ્ર ગુજરાતના ત્રણ લાખ વિકલાંગોને પહેલી વખત આ રાજય સરકાર તરફથી એક લાખ રૂપિયાના વીમા સુરક્ષાના કવચ સાથે એમને સાંકળવામાં આવ્યા છે આ માટેની ૭૫લાખની જોગવાઈ કરી છે અને એનું તમામ પ્રીમિયમ રાજય સરકાર ભરશે. ત્રણ લાખ વિકલાંગોને એક લાખ રૂપિયાનું સુરક્ષા કવચ મળશે. આ વિકલાંગોની શિષ્ય વૃત્તિમાં ૫૦૦ થી ૧,૦૦૦નો વધારો, ૮૫૦ થી ૧૫૦૦નો વધારો અને ૩૪૦૦ થી ૫૦૦૦ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. સંત સુરદાસ યોજના અન્વયે ૧૮ વર્ષથી નીચેની વયના જે લોકો છે એના માટે ૧૦૦ રૂપિયાની સહાયનો દર હતો એમાથી ૩૦૦ કરવામાં આવી છે, ૧૮ થી ૪૫ વય માટે ૨૦૦નો હતો એમાં વધારો કરી ૫૦૦ કરીને, ૪૫૪ લાખની જોગવાઈ કરવામાં આવી છે એ સાથે સાથે જે પણ અમારા સરકારી સંકુલો છે એમાં સોલાર લાઈટનું આ પહેલી વખત સ્વીકાર્યુ છે. આ મારી યોજનાઓ, સાથે સાથે જે પણ ધારાસભ્યોશ્રીઓએ પોતાના સૂચનો કર્યા છે એમાં વિશેષ કરીને ભાઈશ્રી દિનેશભાઈ, 'ખાઈને સૂઈ જવું અને મારીને ભાગી જવું' , અને એટલા માટે જ્યારે એમણે ઘણી બધી વાતો કરી છે, આ વિધાનસભા ગૃહમાં આપણે બધા લોકો બેઠેલા છીએ, એમની બોડી લેંગ્વેજ જુઓ, આખા ગૃહ દરમિયાન માત્ર એટ્રોસિટી સિવાય એમણે કશી વાત કરી નથી. કોઈ યોજનાની વાત નથી કરી, કોઈ સજેશનો કર્યા નથી , મને એમ કે, આટલા મોટા સિનિયર આગેવાન છે એના કારણે મને પણ શીખવા મળશે, એમાં એમણે એક વાત એ પણ કરી કે, ૧૯૮૯ થી ૧૯૯૯ માં એટ્રોસિટીમાં સુધારો આ સરકારે કર્યો અને ગૃહના રેકર્ડ ઉપર છે, એમણે એ પણ કહ્યું કે, આ

કાયદો એ કેન્દ્ર સરકારનો છે. આ કાયદો કેન્દ્ર સરકારનો છે. કેન્દ્ર સરકારનો કાયદો છે રાજય સરકાર કશુ કરી ન શકે તો તમે કેવી રીતે વાત કરો છો. આ વાત એમણે કરી છે ત્યારે એમની કેન્દ્ર સરકારની દરખાસ્તની વાત કરું છું. ૨૦૦૪-૦૫માં જાહેરાત આપી. ૮૬૪ અરજી મોકલી, ૩૪૦ અરજીમાંથી એક પણ અરજી કેન્દ્ર સરકારે મંજૂર કરી નથી. એટલેથી અટકતું નથી. કર્ણાવતી મહાનગર ખાતે ડો.બાબાસાહેબ આંબેડકરના નામ સાથે દસ કરોડનું આંબેડકર ભવન બાંધવાની રાજય સરકારની યોજના હતી. કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં ૫૦ટકા કેન્દ્રે આપવાના હતા ૩ વર્ષના સમયગાળામાં કેન્દ્ર સરકારે ડો.બાબાસાહેબ આંબેડકરનું ભવન બાંધવા માટે એક પણ પૈસો કેન્દ્રમાંથી અમને આપ્યો નથી.(અંતરાય) એમણે જયારે સ્વમાનની વાત કરી. મુકેશભાઈ બેઠા છે મારે નહોતુ કહેવું પણ હવે તો કહેવું જ પડશે. કોંગ્રેસના શાસનમાં બીલીયા સિદ્ધપુરમાં ૧૨૦ કુટુંબોએ ૧૯૮૧માં ત્યાંથી હિજરત કર્યું એ વખતે સરકાર કોંગ્રેસની હતી. એ સાબરડા તમારું પોતાનું જન્મસ્થાન અને માનનીય ગઢવીસાહેબ એ વખતે કેન્દ્રના પૂર્વ મંત્રી કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ ૮૯ કુટુંબોને (અંતરાય)કહ્યું છે. ચિત્રોડીપુરામાં એમની સરકાર (અંતરાય)

**પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન**

**શ્રી મુકેશ ભૈ. ગઢવી**: માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર આવતો નથી. સમજયા સિવાય ન બોલો. બોલો શું વાત છે? પોઈન્ટ ઓફ ઓર્ડર નથી. પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન છે. આ પોઈન્ટ ઓફ ઓર્ડર ન કહેવાય. પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન કહેવાય. બેસો તમે બેસી જાવ પ્લીઝ. (અંતરાય)

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. હાઉસમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઊભો કરવાનો મારો અધિકાર છે. એટલા માટે મારે કહેવું પડે કે રેકર્ડમાં સુધારો થાય(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર નથી. ખબર ના પડતી હોય તો બેસો પ્લીઝ. બેસો આપ. પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન છે. આ પોઈન્ટ ઓફ ઓર્ડર ના કહેવાય. પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન કહેવાય. પ્લીઝ બેસો. તમે બેસી જાવ. મારે બહાર મૂકી દેવા પડશે તમને. ચાલો તમે કાયમ માટે નાની વાતને પોઈન્ટ ઓફ ઓર્ડર કહો છે. આ પોઈન્ટ ઓફ ઓર્ડર નથી. પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન કહેવાય. બોલો હવે શું છે બોલો.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ તો ચોખ્ખુ કરવું પડશેને? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :તમે દસ વખત બોલ્યા પોઈન્ટ ઓફ ઓર્ડર, પોઈન્ટ ઓફ ઓર્ડર દર વખતે આ પ્રમાણે બોલો છો. આ પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન છે, બેસી જાવ.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન છે બસ સાહેબ, મારે ખાસ ગૃહ સમક્ષ ચોખવટ કરવી છે કે સાબરડામાં જે કિસ્સો બન્યો હતો એ કિસ્સામાં અમારા કુટુંબને કાંઈ લેવાદેવા નહોતી. એથી વિશેષ કહું એ પછી હાઈકોર્ટમાં કેસ ચાલ્યો. હાઈકોર્ટે બધા આરોપીઓને નિર્દોષ ઠરાવ્યા અને એના પછી સરકારે અપીલ સુદ્ધાં નથી કરી. બસ મારે આટલી જ ચોખવટ કરવાની છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ સાંભળો બરાબર. એમણે તમારે સબંધ હતો એવી વાત કરી નથી. પ્લીઝ, બેસો. તમારા ગામના (અંતરાય) પણ તમારે સબંધ છે, એવી વાત નથી કરી, પ્લીઝ. મંત્રીશ્રી પ્લીઝ (અંતરાય) મંત્રીશ્રી ચાલો સમય નથી. (અંતરાય)

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર નામ આવે અને એમને સળવળાટ થાય છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સાંભળો પહેલા શું બોલે છે. એમને એમ ઉભા ન થવાય સાંભળ્યા સિવાય. કોનું નામ દીધું છે એ સમજો એમણે (અંતરાય) ના. ના. નથી કર્યા. બેસો આપ. (અંતરાય)

**શ્રી રમણલાલ વેરા** : માનનીય અધ્યક્ષશ્રી, સાબરડાના ૮૧ કુટુંબો, ૩૩૦ વ્યકિતઓ ૧૩૧ દિવસ હિજરત ઉપર રહ્યા. ૧૩ બહેનોની ત્યાં પ્રસુતિ કરવામાં આવી. આ કોંગ્રેસના પાપે છે. વાત કરીએ છીએ ત્યારે (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : આપના વખતની અંદર પ્રવચનની અંદર ભારતીય જનતા પાર્ટી વિષે અનેક વખત કહ્યું છે. અહીયા માનનીય મંત્રીશ્રીએ પક્ષ વિષે કહ્યું છે, કોઈ વ્યક્તિ વિષે કહ્યું નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તમે બધાએ જ્યારે વાત કરી ત્યારે બધાએ શાંતિથી સાંભળ્યા છે. એ વાત કરે ત્યારે શાંતિથી સાંભળવું પડે. પ્લીઝ.

**શ્રી રમણલાલ વોરા** : શ્રી દિનેશભાઈ પરમાર માનનીય ધારાસભ્યશ્રીની આશ્રમશાળા આ સરકારની યોજના અન્વયે લાખાબાવળ તાલુકો, જિ. જામનગર ખાતે ચાલે છે. રાજ્ય સરકાર પાસેથી મકાન બાંધવા માટેનું અનુદાન ૪,૬૨,૩૪૦ નો હપ્તો લીધો છે. આજદિન સુધી માનનીય દિનેશભાઈએ એમાં કોઈ બાંધકામ કર્યુ નથી. એમનું જે કુમાર છાત્રાલય જામનગર ખાતે ૨૦૦૩-૦૪ થી ચાલે છે,૩ વર્ષથી આ છાત્રાલય સ્થગિત અવસ્થામાં છે. દિનેશભાઈએ કશું કામ કર્યુ નથી. માત્ર અહીયા આવીને રાજ્ય સરકારની યોજનાના લાભ લેવા અને એ જ રાજ્ય સરકારને ગાળો દેવી એ ચાલી શકે તેમ નથી અને સાંભળવા માટે રહેવું જોઈએ.

ભાઈશ્રી પુંજાભાઈએ ઘણી બધી વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી આપ સાક્ષી છો. મારા વિભાગની જ્યારે કોઈપણ વાત આવતી હોય ત્યારે શિષ્યવૃત્તિ હોય, ગણવેશ હોય, માનવ ગરિમાની કીટ હોય તો દરેક જિલ્લાની અંદર જાહેર કાર્યક્રમ કરીને તમામ ધારાસભ્યશ્રીને બોલાવીને ડોર ટુ ડોર લાભાર્થીઓ છે, એમના હાથમાં ચેક આપીએ છીએ. ૧૫૦ રૂપિયાનો ગણવેશ એના હાથમાં આપ્યો છે, એટલે ગાંધીનગરની તિજોરીમાંથી નીકળેલ પૂરેપૂરા સોએ સો ટકા આપવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે. એમણે વાત કરી છે કે જે ગણવેશની યોજના છે, એમાં ૨૦૦૫-૦૬ માં ૩૩૪.૩૮ કરોડની જોગવાઈ હતી. આ વર્ષે જોગવાઈ ૩૬૦ કરોડની કરી છે. એસ.ઈ.બી.સી. ની અંદર ૨,૯૮૫ ની જોગવાઈ હતી, એના બદલે ૫,૧૫૩ ની કરી છે. આ બંને યોજનાઓમાં વધારો કરવાનો પ્રયાસ કર્યો છે. શિષ્યવૃત્તિ ૨૦૦૫-૦૬ માં ૪,૨૮૦ લાખ હતી, એની જગ્યાએ ૨૦૦૬-૦૭ માં ૪,૪૩૫ કરી. શિષ્યવૃત્તિમાં વધારો કરવાનો અમે પ્રયાસ કર્યો છે. માલજીભાઈએ ઘણી બધી સારી વાત કરી છે. સૂચન પણ કર્યાં છે. વસાહત માટે અભિનંદન પણ આપ્યા છે. ફુડ બિલની વાત કરી છે, એ રાજ્ય સરકાર આગામી દિવસોમાં એના માટે વિચાર કરશે. એસ.ઈ.બી.સી. ની જે જાતિઓ છે, એના માટે કેન્દ્ર સરકારમાં આજદિન સુધી કોઈપણ સરકારમાંથી આ બક્ષીપંચના લાભ માટે એક પણ નવો પૈસો મળ્યો નથી. પહેલી વખત માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રયત્ન અને અમારા વિભાગના અધિકારીઓના કારણે પહેલી વખત આ વર્ષે રાજ્ય સરકારને કેન્દ્ર સરકારમાંથી ૨૦ કરોડ રૂપિયા આ ગરીબોની યોજના માટે અમે લઈ આવ્યા છીએ, આપ્યા છે અને ડો. બાબાસાહેબ આંબેડકરના બાકી છે એ પણ આપવામાં આવે એ વિનંતી કરું છું. બે-ત્રણ વાત કરવાની છે. બંધારણમાં સુધારાની વાત આવી છે. ૩૭૦ ની કલમ કે સમાન સિવિલ કોડની આ કોંગ્રેસ આ ભારતીય જનતા પાર્ટીવાળા બંધારણને બદલી નાખશે આવી વાત કરીને દલિતો સામેની વાત કરે છે, ત્યારે મારે માત્ર એટલું જ કહેવું છે કે અત્યાર સુધીમાં કોંગ્રેસના કારણે ૧૦૧ જેટલા બંધારણીય સુધારા કર્યા છે. એમાના શાહબાનુ માટેનો બંધારણીય સુધારો છે. ભારતીય જનતા પાર્ટીની અટલજી સરકારે દલિત માટેના બે બંધારણીય સુધારા કર્યા છે. કોંગ્રેસના રાજ્યની અંદર આંધ્રની અંદર મુસ્લિમ તૃષ્ટિકરણના નામે ત્યાં અનામત આપવાની વાત કરી છે, એની અંદર પણ હાઈકોર્ટે નકારી કાઢી છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં અનામત આપવાની વાત કરી છે, એમાં પણ અલ્હાબાદ હાઈકોર્ટે ના પાડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટે તેમાં કહ્યું છે કે ૫૦ ટકાથી વધારે અનામત ન થાય અને જ્યાં સુધી ગુજરાતને સંબંધ છે ત્યાં સુધી દલિત, આદિવાસી અને બક્ષીપંચની ૪૯ ટકા અનામત છે. મારે સીધેસીધું બતાવવું છે કે આ તૃષ્ટિકરણના નામે આ કઈ અનામતમાંથી લોકોને ખુશ કરવા માગે છે. ગૌવંશ હત્યાની વાતને જ્યારે સરકારની વાતને જ્યારે ચુકાદો આપ્યો છે ત્યારે આપણે બધા જાણીએ છીએ કેકોઈપણ સરકારની અંદર તેની પાછળ પડી રહીએ તો જ પરિણામ આવે છે અને તેના કારણે રાજય સરકારને આ પરિણામ મળ્યું છે. ભૂતકાળની અંદર મોચી જ્ઞાતિને ૧૯૭૬ની અંદર દલિત સમાજના લાભો આપવામાં આવ્યા. ૨૦૦૧માં અટલજીની સરકારે આ લાભો દલિતોની વિરુદ્ધમાં તેમને વાત કરી પરંતુ અત્યારે જ્યારે આ મેટર સુપ્રીમ કોર્ટમાં પડી છે ત્યારે કોંગ્રેસના મિત્રોને એટલું જ કહેવાનું કે કયાંકને કયાંક બેદરકારીને લીધે, આડશના લીધે અથવા તમારી લાગણીના કારણે આ દલિતોના હિતોને નુકસાન ન થાય તેની વાત કરવી હતી. એક મિનિટ સર. ખાનગી ક્ષેત્રોની અંદર એટલું જ કહેવાનું છે કે બંધારણે આપેલા ત્રણ લાખ જેટલો કેન્દ્ર સરકારની બેકલોગની જગ્યાઓ કેન્દ્ર સરકાર ભરતી નથી. કેન્દ્ર સરકારે જે રોસ્ટર એકટ લાવવાનો છે તે રોસ્ટર એકટ આ કેન્દ્ર સરકાર લાવતી નથી અને તે સંજોગોમાં ખાનગી ક્ષેત્રોમાં અનામતની વાત કરીને દલિતોને ભરમાવવાનું કામ કરે છે. છેલ્લા દિવસોમાં જ્યારે દલિતોનું પ્રચંડ જનસમર્થન જ્યારે ભારતીય જનતા પાર્ટીને મળ્યું છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીના શબ્દોમાં દલિત, પીડિત અને શોષિત સમાજ માટે માત્ર એટલું જ કહેવાનું કે,

**" તુમ દો ઘર દીપ જલા દેના, હમ સો ઘર અલગ જગાયેંગે,**
**તુમ તીનકો પર ચલકર દેખો, હમ સંગીનો પર સો જાયેંગે,**
**તુમ પૂરબ કી આવાજ લગાઓ, હમ સૂરજ તક લે જાયેંગે,**
**તુમ અંગારો કો છુભર લેના, હમ જવાલાયે પી જાયેંગે."**

**આભાર.**

**સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો જવાબ અને મતદાન પૂરું થાય થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહ સંમત છે (થોડીવાર બાદ) સભાગૃહનો સમય પંદર મિનિટ લંબાવવામાં આવે છે.

**શ્રી મુળુભાઈ હ. બેરા (રાજયકક્ષાના શ્રમ રોજગાર મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગની માગણી નં. ૫૬ અને ૫૭ લઈને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું. તેમાં સન્માનનીય ગૃહના આઠ જેટલા સભ્યોએ પોતાના વિચારો રજૂ કર્યા છે અને જે કંઈ સૂચનો અમારા વિભાગની સારી

કામગીરી થઈ શકે તેટલા માટે રજૂ કર્યા છે તેની મેં નોંધ લીધી છે. ઉપયોગી સૂચનો છે તેનો અમે સ્વીકાર કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિભાગની જે વાસ્તવિક અને નક્કર કામગીરી છે તેના અમૂક ચોક્કસ આંકડા છે તે રજૂ કરવા છે. વંચિતોના વિકાસને વરેલી આ રાજ્ય સરકાર બેરોજગારોને રોજગારી આપવાની જે ફરજ છે તે ચૂકી નથી. આ રોજગારી જે આપવાની ફરજ છે તે અમે ચૂક્યા નથી. મેં કહ્યું તેમ આંકડા આપવા છે. ૨૦૦૨ના વર્ષમાં ભારત સરકારના શ્રમ રોજગાર મંત્રાલયે જે આંકડા જાહેર કર્યા છે તેમાં ૨૦૦૨ના વર્ષમાં ભારત સરકારના સમગ્ર દેશની રોજગાર કચેરીઓમાં ૧ લાખ ૫૩ હજાર લોકોને રોજગારી પૂરી પડાઈ હતી તેમાં આપણા ગુજરાત રાજયમાં ૨૦૦૨ના વર્ષમાં ૭૦,૭૦૦ રોજગારી આપણા ગુજરાત રાજયે પૂરી પાડી છે. તે દેશના કુલ રોજગારીના ૪૬ ટકા રોજગારી ગુજરાત રાજયે પૂરી પાડીને સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. તેવી જ રીતે માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩ના વર્ષમાં પણ ભારત સરકારે જે આંકડા જાહેર કર્યા છે અને સમગ્ર દેશમાં જે રોજગારી પૂરી પાડી છે તે ૧,૫૪,૯૦૦ હતી તેમાંથી આપણા ગુજરાત રાજયે ૬૪,૯૦૦ જેટલી રોજગારી પૂરી પાડીને દેશમાં કુલ રોજગારી છે તેમાં ૪૨ ટકા રોજગારી પૂરી પાડીને પ્રથમ ક્રમ બીજા વર્ષે આપણા ગુજરાતે મેળવ્યો છે. જે બીજા નંબરે તામિલનાડુ આવ્યું છે એણે ફક્ત ૧૮૯૦૦ ઉમેદવારોને રોજગારી પૂરી પાડેલ છે જે દેશની કુલ રોજગારીના બાર ટકા થાય છે. વર્ષ ૨૦૦૪માં સમગ્ર દેશની રોજગાર કચેરીઓ દ્વારા ૧,૩૭,૦૦૦ રોજગારી પૂરી પાડી છે એમાં આપણા ગુજરાત રાજયે ૬૪,૯૦૦ જેટલી રોજગારી પૂરી પાડીને સમગ્ર દેશમાં જે રોજગારી છે એમાં ૪૭ ટકા જેટલી રોજગારી ત્રણ વર્ષે પણ આપણા ગુજરાત રાજયે પૂરી પાડીને ત્રણે વર્ષે નંબર વન ગુજરાત રાજયે લીધો છે અને એમાં બીજા નંબરનું જે રાજય તામિલનાડુ છે એણે ૧૩૨૦૦ જેટલી રોજગારી પૂરી પાડી છે, આમ એણે આખા દેશમાં ટકાવારી સામે દશ ટકા માત્ર રોજગારી આપી શકેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે અત્યંત ગર્વ સાથે કહેવું છે કે, આમ છેલ્લા સતત ત્રણ વર્ષમાં જે રીતે પહેલો નંબર પ્રાપ્ત કર્યો છે એ રીતે આ વર્ષે પણ ૨૦૦૫ના વર્ષમાં આપણા ગુજરાત રાજયમાં ૧,૦૨,૫૨૫ બેરોજગારોને રોજગારી આપી છે, આ વર્ષના જે આંકડા છે ભારત સરકારના જો કે એ પ્રકાશિત થયા નથી પણ આજે ૧,૦૨,૫૨૫ને રોજગારી આપી છે અને બીજા નંબરનું જે રાજય તામિલનાડુ છે એનો આંકડો ૧૩૨૦૦નો છે, તો એ બેનો જે તફાવત છે એના ઉપરથી આ વખતે હું કહું છું કે, ચાથા વર્ષે પણ ગુજરાત નંબર વન પ્રાપ્ત કરશે અને આખા દેશમાં જે રોજગારી અપાઈ રહી છે એમાં પચાસ ટકા રોજગારી આપણું ગુજરાત રાજય એકલું પૂરું પાડે છે, આ રીતે આપણી રોજગાર વિનિમય કચેરીઓ છે એમાં શિક્ષિતો અને અશિક્ષિતોના નામોની નોંધણી કરવામાં આવે છે, માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે માનનીય સભ્યશ્રી બલવંતસિંહ ઉદ્યોગ વિભાગની માગણી ઉપર બોલતા હતા કે, અમે જ્યારે ૧૯૯૫માં હતા ત્યારે બેરોજગારોની સંખ્યા ઓછી હતી અને અત્યારે સાડા બાર લાખની સંખ્યા છે એવું એ કહેતા હતા. ત્યારે મારે કહેવું છે કે, વિનિમય કચેરીઓમાં જે નોંધણી થાય છે એના જે આંકડા છે એ છેલ્લા ત્રણ વર્ષના આંકડા હું આપવા માગું છું. ૨૦૦૨ના વર્ષમાં ૧૦,૫૪,૪૨૫ બેરોજગારો આપણા રાજયમાં નોંધાયેલા હતા. ૨૦૦૩ના વર્ષમાં ૯,૯૯,૧૮૮ નોંધાયેલા રહ્યા એટલે ૫૫૨૩૭નો એમાં ઘટાડો થયો. ૨૦૦૪માં ૯,૨૧,૭૬૮ હતા એમાં ૭૭૪૨૦નો ઘટાડો થયો છે અને આ વર્ષે ૮,૫૫,૨૬૬ બેરોજગારો નોંધાયેલા રૅકૉર્ડ ઉપર છે એટલે એમાં પણ ૬૬૫૦૨નો ઘટાડો આ વર્ષે થયો છે, આ રીતે સતત જે બેરોજગારોની સંખ્યા હતા એમાં આપણા રાજયમાં રોજગારીની તકો પ્રાપ્ત થતાં એ સંખ્યા આપણે ઘટાડી શક્યા છીએ. એટલે ૧૨ લાખ રોજગારોની માનનીય સભ્યશ્રીની જે વાત છે એ તદ્દન ખોટી વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગારી ક્ષેત્રે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ આ સરકારે અવિરત સફળતા મેળવી છે અને ભવિષ્યમાં પણ રાજય આ ક્ષેત્રે નવા સોપાનો, નવી સિદ્ધિઓ સર કરશે તે બાબત નિર્વિવાદ છે. રોજગાર ક્ષેત્રે સતત નંબર વનનું સ્થાન એમને એમ નથી મળતું તે મેળવવા માટે આ સરકારે અથાગ પ્રયત્નો કર્યા છે. વર્ષ ૨૦૦૫-૨૦૦૬ જાન્યુઆરી સુધીમાં આપણા રાજયમાં કુલ ૩૨૭ જેટલા ઔદ્યોગિક મેળાઓનું આયોજન કરેલ છે. હમણાં એક માનનીય સભ્યશ્રી વલસાડ જિલ્લાની વાત કરતા હતા કે અમે ત્યાં રોજગાર મેળામાં ગયા હતા. તો એવા ૩૨૭ ઔદ્યોગિક મેળા યોજીને ૬૩૫૮૬ બેરોજગારોને વિશેષ રોજગારી પૂરી પાડી છે. આ જ રીતે દશ જિલ્લામાં પંદર જેટલા મેગાજોબફેર યોજવામાં આવ્યા, આ વર્ષે નવી વધારાની રોજગારી આપવા માટેનો આ પ્રથમ વખતનો પ્રયાસ છે. તો જ્યાં ઔદ્યોગિક ક્ષેત્ર વધારે છે એવા વિસ્તારોમાં અગાઉથી અમારા અધિકારીઓ જઈને જગ્યા પ્રાપ્ત કરીને મેગાજોબફેરનું આયોજન કરી અને આ વર્ષમાં પંદર મેગાજોબફેર કરવાના હતા એ અમે પૂરા કરી દીધા છે. જાન્યુઆરી સુધીમાં જે વધારાની રોજગારી મળી છે એ ૪૭૮૪ની છે, હજુ ફેબ્રુઆરી માર્ચ મહિનાના જે આઠ મેળા યોજ્યા છે એના આંકડાઓ આવવાના બાકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, લશ્કરી ભરતી મેળાઓનું પણ આપણે આયોજન કરીએ છીએ. આઠ જેટલા લશ્કરી ભરતી મેળાઓ કરીને ૫૬૩ બેરોજગારોને રોજગારી આપણે પૂરી પાડી છે. એવી જ રીતે રોજગારી ઉપરાંત સ્વ રોજગારી બેરોજગારોને મળી રહે એના માટે ૪૪૪ સ્વરોજગાર શિબિરોનું પણ આયોજન આપણા રાજયમાં આ વર્ષે કરવામાં આવ્યું છે. એવી જ રીતે કૅરિયર કૉર્નર, જે વિદ્યાર્થી જગત છે એના માટે સ્કૂલમાં અને કૉલેજ કક્ષાએ જઈને રોજગારી કેવી રીતે ઉપલબ્ધ થઈ શકે, ટૅક્નીકલ કેવા અભ્યાસક્રમો કરવા જોઈએ એની માહિતી પૂરી પાડવા માટે ૧૯૮૭ કૅરિયર કૉર્નર રાજયના તમામ જિલ્લાઓમાં આ વર્ષે કરવામાં આવેલ છે. આપણા રાજયમાં કુલ ૪૩ જેટલી રોજગાર વિનિમય કચેરી છે એ બધી જ કૉમ્પ્યુટરાઇઝડ અને અદ્યતન કરવામાં આવેલ છે અને તમામ જિલ્લા કચેરીને મુખ્ય કચેરી સાથે કૉમ્પ્યુટરથી જોડેલ છે અને એનાથી રાજયનો કોઈ પણ ઉમેદવાર પોતાની નોંધણી તેમજ રીન્યુઅલ ઑન લાઈન કરાવી શકે એવી વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. નોકરી દાતાઓને ભલામણ કરવાની કામગીરી પણ સંપૂર્ણ કોમ્પ્યુટરઈઝડ કરવામાં આવેલ છે જેનાથી ઉમેદવારની નોંધણી અને ભલામણ કરવાની કામગીરી છે એમાં સંપૂર્ણ પારદર્શકતા જળવાઈ રહે છે. રોજગાર કચેરીઓ મારફત જે શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે એ ઈન્ટરવ્યુ આપવા જાય ત્યારે એના ઘરેથી જ્યાં સુધી ઈન્ટરવ્યુ આપવા જાય એ સ્થળ સુધીની આવવા જવાની એસ.ટી. કૂપનો પણ પૂરી પાડવામાં આવે છે. આ રીતે ઉમેદવારના ઈન્ટવ્યુના ખર્ચની પણ સરકારે કાળજી લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગારીની બાબતમાં બધા માનનીય સભ્યશ્રીઓનું સૂચન છે કે ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી મળવી જોઈએ અને ૩૧-૩-૯૫ નો ઠરાવ છે એની અમલવારી બરાબર થવી જોઈએ. એમાં હું સંપૂર્ણ સંમત છું. જે ઉદ્યોગો છે એમાં સુપરવાઈઝરી સ્ટાફ છે એમાં ૬૦ ટકા, કામદારોમાં ૮૫ ટકા સ્થાનિક ભરતી કરવા માટે રાજય સરકાર ચિંતિત છે, એના માટે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરી છે અને વરંવાર સમીક્ષા થાય છે. છેલ્લે ૧૬-૧-૦૬ ના રોજ સમીક્ષા થઈ હતી અને એમાં રાજયના ૨૮ જેટલા મોટા ઉદ્યોગો છે એની તપાસણી કરવા માટે ટીમો મોકલવામાં આવી હતી અને એમાં ૨૨ જેટલા મોટા ઉદ્યોગ ગૃહો સ્થાનિક લોકોને રોજગારી આપવાનો ઠરાવ છે એની જોગવાઈઓનું પાલન કરે છે અને હજુ પણ કોઈ પણ સભ્યશ્રી પાસે એવી બાબતની જાણકારી હોય કે કોઈ પણ ઉદ્યોગ ગૃહ આ ઠરાવનું પાલન ન કરતું હોય તો મારું ધ્યાન દોરશે તો એમાં જ કંઈ કરવાનું હશે અમારા વિભાગ દ્વારા સ્થાનિક લોકોને રોજગારી મળી રહે એના માટે પ્રયાસો કરશે અને એ ઉદ્યોગ માટે ઉદ્યોગ વિભાગ અને નાણા વિભાગમાં ભલામણ કરવાની હશે એ ભલામણ કરીને જે કોઈ દબાણ લાવવાનું હશે એ લાવીને રોજગારી મળે એના માટેના પ્રયત્નો કરી રહ્યાં છીએ. જે બેરોજગારો નોંધાયેલા છે એમાં ૭,૪૨,૩૦૩ શિક્ષિત છે, ૧,૦૨,૯૬૩ અશિક્ષિત છે એને રોજગારી આપવા માટે આ સરકાર પૂરતા પ્રયાસો કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રોજગારીની વાત છે એમાં તાલીમનું પણ વિશિષ્ટ પ્રકારનું મહત્ત્વ છે. આપણા રાજયમાં ૧૩૨ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ છે, ૧૦૭ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ છે, ૭૦ સ્વનિર્ભર સંસ્થાઓ છે અને ૨૦ જેટલી ટૅક્નીકલ હાઈસ્કૂલો છે. એનાથી જુદા જુદા ૬૮ જેટલા ટ્રેડો છે એમાં વ્યવસાયિક તાલીમ આપવામાં આવે છે. ૨૦૦૬-૦૭ના વર્ષમાં આપણા રાજયમાં ત્રણ જગ્યાએ અમદાવાદ જિલ્લાના ધોળકા, શ્રી ભુપેન્દ્રસિંહજીના મત વિસ્તારમાં, કચ્છ જિલ્લામાં નીમાબેનના મત વિસ્તારમાં અને જામનગર જિલ્લાના જામખંભાળિયામાં એમ ત્રણ નવી આઈ.ટી.આઈ. આ વર્ષથી ચાલુ કરવાની બજૅટમાં જોગવાઈ કરવામાં આવી છે. રાજયની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ છે એમાં ૭ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને આઈ.એસ.ઓ. પ્રમાણિત કરવામાં આવી છે અને વધુ ૧૦ તાલીમ સંસ્થાઓ પણ આ વર્ષે આઈ.એસ.ઓ.પ્રમાણિત થશે.

રાજયના કાપડ ઉદ્યોગ અને બંધ મિલોના કામદારો માટે જે કુશળ કારીગરો તૈયાર કરવાના છે એના માટે ૧૦ એપરલ ટ્રેનિંગ સૅન્ટરો શરૂ કરવામાં આવ્યા છે. રોજગારીની નવી તકો ઊભી થાય એના માટે વિમાન સેવાઓ માટે એર હોસ્ટેસ અને પુરુષ પરિચારક માટેના તાલીમ વર્ગોનું આયોજન કરી અને રોજગારીની નવી તક ઉપલબ્ધ થાય એવું આયોજન કર્યુ છે. રાજય સરકાર જે પ્રવાસન વર્ષ ઉજવી રહી છે એમાં ટુરિસ્ટ ગાઈડો આપવા માટે પણ અમે તાલીમ કેન્દ્રો શરૂ કર્યા છે એમાં નિવૃત્ત લશ્કરી જવાનોને તાલીમ આપવા માટે બાર જગ્યાએ અત્યારે તાલીમો અપાઈ રહી છે અને એમાં ૩૬૧ જેટલા ટુરિસ્ટ ગાઈડ તાલીમ પામેલા તૈયાર થવાના છે અને તે ઉપલબ્ધ થશે. આ રીતે નવા જે ટ્રેડોની અહીંયા જે વાત કરવામાં આવતી હતી માનનીય જગદીશભાઈ અને બાકીના સભ્યોએ કહ્યું હતું એવા નવા ટ્રેડો પણ શરૂ કર્યા છે. ઑટોમોબાઇલ, ફાયર એન્ડ સેફ્ટી, ડાયમંડ જવેલરી, પ્લાસ્ટિક, ઈન્ફરમેશન ટૅક્નૉલૉજી, મોબાઈલ રીપેરીંગ, પર્સનલ બોડી ગાર્ડ તથા રસાયણ સંયોજનો જેવા ટુંકાગાળાના તદ્દન નવા વ્યવસાયિક અભ્યાસક્રમો પણ શરૂ કર્યા છે. ૧૩ જેટલા નવા આઈ.ટી.આઈ. ને નવા પોતાના બિલ્ડીંગો મળે એના માટે ૩૧૪.૮૯ લાખના ખર્ચે નવા મકાનો આગામી બે વર્ષમાં પૂરાં કરવા માટેનો અમે આયોજન કર્યુ છે એનો એકશન પ્લાન અમે બનાવ્યો છે એજ રીતે અમે જે અત્યારે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ છે એને વધુ આધુનિક બનાવવા અને વિશ્વ કક્ષાના ઉદ્યોગો માટે કુશળ કારીગરો તૈયાર થાય એના માટે સૅન્ટર ઑફ એકસલન્સ આગામી વર્ષમાં ૧૦ જેટલા કેન્દ્રોમાં રૂપિયા ચાર

કરોડના ખર્ચે વિકસાવવાનું આયોજન કર્યુ છે. આમ આપણું રાજય ઔદ્યોગિક મૂડીરોકાણ અને ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રે હરણ ફાળ ભરી રહ્યું છે ત્યારે ઊભી થતી રોજગારીની તકો અને તેને અનુરૂપ કુશળ માનવ બળ ઉપલબ્ધ કરાવી આપવા માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થા સુસજ્જ અને કાર્યરત બની ચૂકી છે. જેમ રોજગારીની વાત કરી એમ શ્રમ વિભાગની પણ આપણા રાજયના શ્રમિક કાયદાઓના અસરકારક અમલ માટે જે શ્રમ વિભાગ કામગીરી કરે છે એની પણ મારે વિગત આપવી છે. એક તો આપણા રાજયમાં ઔદ્યોગિક શાંતિ જાળવવામાં આપણે અગ્રસ્થાને છીએ.. આપણા રાજયમાં માનવ દિન ગુમાવવાના આંકડા છે એ મારે કહેવા છે. આપણા રાજયમાં ૨૦૦૩ના વર્ષમાં ૧.૭૯ લાખ જેટલા માનવ દિન આપણે ગુમાવ્યા હતા, ૨૦૦૪માં ૧.૫૧ લાખ અને ૨૦૦૫માં ૧.૧૯ લાખ જેટલા માનવ દિન આપણે ગુમાવ્યા છે એમાં પણ ઘટાડો જોવા મળે છે. એની સરખામણીએ બીજા રાજયોની વાત કરું તો મહારાષ્ટ્રમાં ૨.૬૧ લાખ જેટલા માનવ દિન ૨૦૦૩ના વર્ષમાં ગુમાવ્યા છે, ૨૦૦૫માં ૪.૮૯ લાખ ગુમાવ્યા છે અને તામિલનાડુમાં ૯.૩૫ લાખ ૨૦૦૩ના વર્ષમાં અને ૨૦૦૫ના વર્ષમાં ૪.૬૮ લાખ માનવ દિન ગુમાવ્યા છે. આવી રીતે પશ્ચિમ બંગાળની વાત કરું તો ૧૮૩.૪૬ લાખ ૨૦૦૩ના વર્ષમાં અને ૨૦૦૪ના વર્ષમાં ૯૭.૯૯ લાખ અને ૨૦૦૫માં ૧૩૮.૦૧ લાખ જેટલા માનવ દિન ગુમાવ્યા છે. આપણા રાજયમાં અહીંયા જે લઘુત્તમ વેતનની વાત પણ હમણાં કરી હતી એમાં કહુ તો લઘુત્તમ વેતનમાં પણ આપણે ૩૫૪૭ શ્રમિકોને રાજયના શ્રમ તંત્રના નિરીક્ષકોની સમજાવટથી રૂપિયા ૧.૩૪ કરોડની જે તફાવતની રકમ હોય છે એ લઘુત્તમ વેતન પેટે ચૂકવવામાં આવી છે જે શ્રમ કાયદાના ભંગ બાબતની ફરિયાદ હોય છે એમાં શ્રમ આયુક્તની કચેરીને ૨૭૧૨ ફરિયાદો મળી હતી તે પૈકી ૨૬૯૧ ફરિયાદોનો સંતોષકારક રીતે નિકાલ કર્યો છે. આવી જ રીતે જે શ્રમ કાયદા હેઠળ શ્રમ આયુક્તની કચેરીમાં ૩૫૬૧૬ નિરીક્ષણો કરવામાં આવ્યા છે જે પૈકી ૫૦૧૧ કેસો જે હતા એમાં કસૂર વાન માલિકો સામે સક્ષમ કોર્ટો સમક્ષ કેસો દાખલ કરવામાં આવેલ છે એમાંથી ૨૨૬૬ કેસોનો નિકાલ થયો છે અને ૨૯,૮૦,૧૭૮/- નો દંડ એમાં કરવામાં આવ્યો છે. આપણા રાજયમાં ૪૪૮૧ બૉઇલર અને ૩૩૧ ઈકોનોમાઈઝર નોંધાયેલ હતા તે પૈકીના ૨૨૫૫ બૉઇલરો અને ૫૮ ઈકોનોમાઈઝરના નિરીક્ષણ કરવામાં આવેલ હતા. ડો. અનિલ જોષીયારા જે કહેતા હતા અને સેફટીની વાત કરતા હતા એમાં પણ મારે ગૌરવ સાથે કહેવું છે કે આ બૉઇલર અધિનિયમ, સને ૧૯૨૩ છે એમાં કોઈ પ્રાણઘાતક અકસ્માત થયો નથી એટલું જ નહિ તમામ બૉઇલરોનો ૧૦૦ ટકા લક્ષ્યાંક સિદ્ધ કરવામાં આવ્યો છે.

**અધ્યક્ષશ્રી** : પ્રવચન પૂરું કરો. નો, તમે કાપ દરખાસ્ત પાછી ખેંચવાનું કહો.

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : પાંચ મિનિટ.

**અધ્યક્ષશ્રી** : નો, નો પ્લીઝ ટાઈમ નથી.

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા :** વિગતો ટેબલ ઉપર મૂકી દઉં છું. મારા વિભાગ ઉપર જે કાપ દરખાસ્તો ત્રણ રજૂ થઈ હતી તેમાં જે કંઈ રજૂ કરનાર સભ્યશ્રીઓએ અવલોકન કર્યા નથી આ રીતે ખૂબ સારી કામગીરી, આંકડાકીય માહિતી આપી છે. ત્યારે હજુ સમય નથી એટલે બધા આંકડા નથી આપી શકતો નહીંતર હજુ ઘણી સારી અને નક્કર કામગીરી છે તેની વાત છે.

**અધ્યક્ષશ્રી** : ટેબલ ઉપર મૂકી દેજો.

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય સભ્યશ્રીઓ કાપ દરખાસ્તો પાછી ખેંચી લે અને મારી માગણીઓ છે તે મંજૂર કરે.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૮, ૧૧, ૧૮, ૩૩, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૫ અને ૪૭ થી ૫૦ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૫૬, ૫૭, ૯૨ અને ૯૫ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧-૧૨ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૨૧મી માર્ચ, ૨૦૦૬**
**ફાલ્ગુન ૩૦, ૧૯૨૭ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨.૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**ભેળસેળવાળું બિનકુદરતી દુધ વેચનાર ઈસમોની ધરપકડ અંગે**

*** ૧૬૩૩૪ શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સન ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા. ૩૧/૧/૨૦૦૬ની સ્થિતિએ રાજયમાં વ્યાપક પ્રમાણમાં દુધમાં ભેળસેળ કરી આર્ટિફિશ્યલ દુધ વેચનાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને

(૨) આવું દુધ બજારમાં ન વેચાય તે માટે શું આયોજન કરેલ છે?

**આરોગ્યમંત્રીશ્રી :**

(૧) આ સમયગાળા દરમ્યાન આર્ટિફિશ્યલ દૂધ વેચવાનો કોઈ કિસ્સો ધ્યાન પર આવેલ નથી, જેથી ધરપકડ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) બજારમાં વેચાતા તમામ પ્રકારના દૂધની ગુણવત્તા ઉપર ચાંપતી નજર રાખવામાં આવે છે. તેમજ પી.એફ.એ. એકટ-૧૯૫૪ હેઠળ દૂધના નમૂના લઈ ચકાસણી કરવામાં આવે છે.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ રાજયમાં છેલ્લા ૨ વર્ષમાં પી.એફ.એ.એકટ ૧૯૫૪ હેઠળ કેટલા દૂધના નમૂના લેવામાં આવ્યા છે અને બીજું કે અમદાવાદ અને બીજા શહેરોમાં ભેળસેળવાળું દૂધ હાલમાં વેચાય છે, તો એમાં કેવા પગલાં લેવાં માગે છે?

**શ્રી અશોક ભટ્ટ**: પહેલી વસ્તુ એ છે કે આર્ટિફિશ્યલ દૂધ અંગેનો સવાલ છે. એ દૂધ વેચાય છે, એ ગુજરાતની અંદર નહીં, બીજા રાજયોમાં અને વિશેષ ઉત્તર ભારતમાં આ પ્રકારના કેટલાક કિસ્સા જાણવા મળ્યા હતા. માનનીય સભ્યશ્રીને મારે જણાવવું જોઈએ કે ગુજરાતની અંદર છેલ્લા ૨ વર્ષની અંદર ૯૫૦ નમૂના લીધા અને એને સ્પેશ્યલ પ્રયોગશાળામાં પરિક્ષણ કર્યા. એમાં એકપણ કેસમાં આર્ટિફિશ્યલ દૂધના નમૂના મળ્યા નથી. એટલે, આપણે ત્યાં આ નથી મળ્યા. એનું કારણ એ છે કે ગુજરાતમાં ડેરીઓ દ્વારા અને કો-ઓપરેટિવ મિલ્કની મૂવમેન્ટના કારણે લગભગ ૬૦ થી ૭૦ ટકા દૂધ તો પેકેજીંગમાં વેચાય છે.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : કેનમાં વેચાય છે, એની વાત છે.

**અધ્યક્ષશ્રી** : પહેલાં જવાબ સાંભળી લો.

**શ્રી અશોક ભટ્ટ**: પહેલા તો એમણે પ્રશ્ન પૂછયો છે એ આર્ટિફિશ્યલ મિલ્ક માટેનો પૂછયો છે. હવે આર્ટિફિશ્યલ એટલે શું? કેનમાં વેચાતું બધું દૂધ આર્ટિફિશ્યલ ન હોય. આર્ટિફિશ્યલ મિલ્ક એટલે શું એ મારે એમને સમજાવવું પડશે. તેઓ કેનમાં વેચાય તે બધું આર્ટિફિશ્યલ માને છે. એ બનાવટી દૂધ કહેવાય. એમાં ઉત્તર ભારતમાં ખાંડ યુરિયા જેવા પદાર્થો પાણી, કોસ્ટિક સોડાના પ્રયોગથી સાબુના દ્રાવણવાળું હોય અને એમાં ખાદ્યતેલનું દ્રાવણ હોય. આવા અલગ અલગ રસાયણોમાંથી બનાવેલ દૂધને બનાવટી આર્ટિફિશ્યલ દૂધ કહેવાય. કેનમાં વેચાય એટલે આર્ટિફિશ્યલ ન કહેવાય. એ મારે એમને પહેલા કહેવું હતું. ગુજરાતમાં મેં અગાઉ કહ્યું તેમ મોટા ભાગનું દૂધ ડેરીઓ દ્વારા આવે છે. લૂઝ આવે છે, અને લૂઝ અને પેકેજીંગના ૯૫૦ નમૂના લીધાં, એમાંથી ૧૩૫ જેટલા નમૂના મીસ-બ્રાન્ડેડ થયા અને ૧૨૯ ઉપર આપણે ફરિયાદો દાખલ કરી છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, આ બનાવટી દૂધની અને નબળા દૂધની વાત કરી. ખૂબ ગંભીર વાત છે કે નાના છોકરાઓને પીવડાવવામાં આવે છે અને એમાં બનાવટી દૂધ આવે છે. લોકો આ જાતના નકલી પાવડરના પણ દૂધ બનાવીને વેચે છે અને પશુપાલકો અને માલધારીઓ બદનામ થાય છે. માટે સરકારશ્રીએ પૂરેપૂરી તપાસ કરવી જોઈએ. આવા ખોટા દૂધ વેચવાવાળા જે છે એમાં (અંતરાય) સુનિલભાઈ, તમે પણ પશુ રાખો છો, એટલે એ તો પશુ વધારે પાણી પી જાય તો દૂધ પાતળું આપે એ જુદી વાત છે, પરંતુ બનાવટી દૂધની વાત છે, પશુ વધારે પાણી પી જાય અને પાતળું દૂધ આવે.

**અધ્યક્ષશ્રી** : ગોવાભાઈ, પશુ વધારે પાણી પીવે એટલે દૂધ પાતળું આવે, એમ?

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : થોડું પાતળું આવે એવું બની શકે. પરંતુ કોઈપણ પશુપાલકો આવું બનાવટી દૂધ પેદા ના કરે. આ બનાવટી દૂધવાળા છે એ પાવડરમાંથી દૂધ બનાવે છે અને એ બજારમાં આવે છે.

માનનીય મંત્રીશ્રીનું કહેવું છે કે આવું કાંઈ જાણવામાં આવ્યું નથી. તો હેલ્થ ડિપાર્ટમેન્ટ મારફતે એની તપાસ કરાવો તો ચોકકસ મળશે. અમારી પાસે પણ રજૂઆતો આવી છે કે આવું ખોટું દૂધ વેચાય છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મને નકલી દૂધ માટેની કોઈપણ માહિતી આપવામાં આવે તો અત્યારે ને અત્યારે જ પગલાં લેવાની મારી તૈયારી છે. અત્યારસુધીમાં જેટલા નમૂનાઓ લેવાયા એમાં આ પ્રકારનાં રાસાયણિક તત્વો એનાં બધાં જ પ્રાયોગિક પરિક્ષણમાં મળ્યાં નથી, જે કાંઈ મળ્યું છે એ ગોવાભાઈ કહે છે એ પ્રકારના એલ.એન.એફ.નાં અપ્રમાણસરનાં મળ્યાં છે અને એવામાં પણ રાજય સરકારે પૂરેપૂરાં પગલાં લીધાં છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય મંત્રીશ્રીએ કહયું કે ગુજરાતમાં આર્ટિફિશિયલ દૂધ વેચવાની દ ાટનાઓ ગુજરાતમાં બનતી નથી, પરંતુ દૂધની ભેળસેળ ના થાય એના માટે કેવી તકેદારી રખાય છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ભેળસેળ ના થાય એટલા માટે પેકેજીંગ કરેલ દૂધનો વપરાશ થાય છે એમાંથી ૧૮ જેટલા પેકેજિંગના નમૂના પણ લીધા છે અને મેકઝીમમ લૂઝ દૂધના નમૂના પણ લેવામાં આવે છે અને આ રીતે સંપૂર્ણ તકેદારીના કારણે અને રાજય દૂધના ઉત્પાદનમાં ઘણું વધારે દૂધ ઉત્પાદક કરતું રાજય હોવાને કારણે શ્વેત ક્રાંતિના કારણે ઉત્તર ભારતમાં જે પ્રકારે બનાવટી દૂધ બને છે એવું આપણે ત્યાં બનતું જાણવા મળ્યું નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : આ દૂધમાં ભેળસેળ અંગે ઘણી જગ્યાએ એવી વાત ધ્યાન ઉપર આવી છે કે દૂધાળાં ઢોર એટલે કે ભેંસોને અમૂક પ્રકારનાં ઈન્જેકશન અપાય છે કે જેથી વધુ દૂધ છોડે છે. તો નમૂનાની ચકાસણીમાં આવો કોઈ પોઈન્ટ આઈડેન્ટીફાય કરી શકાય?

**શ્રી અશોક ભટ્ટ** : ડ્રગ ડિપાર્ટમેન્ટ તરફથી ઓકસીટોકસીનનાં ઈન્જેકશન જે આવે છે અને એના ઉપર પણ રેઈડ કરવામાં આવી છે. એક જગ્યાએ ઘણો સારો જથ્થો પકડાયો હતો, આ પહેલાં મહેસાણા જિલ્લામાંથી પણ પકડાયો છે. એટલે આ પ્રકારનું વેચનાર સામે સર્તકતાથી સરકાર પગલાં લે છે અને કેન્દ્ર સરકારને લખીને એકનું ઉત્પાદન પણ બંધ કરાવ્યું છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૯૫૦ દૂધના નમૂના લીધા એમાં ૧૨૯ સામે કેસ દાખલ કરવામાં આવ્યા છે. તો એમાં કયા પ્રકારનાં પગલાં લેવાયાં અને આ ગુના બદલ સજા થઈ શકે કે કેમ કે કોઈ જાતનો દંડ કર્યો છે?

**શ્રી અશોક ભટ્ટ** : આ બધા કેસો કોર્ટમાં ચાલે છે અને કોર્ટ એની સજા કરે છે અત્યારે ૨૦૦૪-૦૫ ના કેસો છે એ કોર્ટમાં ચાલે છે અને ૧૨૯ કેસો આપણે કર્યા છે અને ૬ માં છેલ્લે હમણાં ફરિયાદ થઈ છે એને દાખલ કરવાના બાકી છે.

**વલસાડ સિવિલ હોસ્પિટલના અદ્યતન મશીનોના ઉપયોગ અંગે જાણકાર ટેકનિશિયનોની નિમણૂક**

***૧૭૨૮૨ શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ વલસાડ ખાતેની સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ત્રણ વર્ષમાં કયા કયા અદ્યતન મશીનો ખરીદવામાં આવ્યા,

(૨) આ સાધનો ઉપયોગમાં લેવાય છે કે કેમ, તેના માટે લાયકાત ધરાવતા ટેકનીશ્યનો તેમજ ડોકટરોની નિમણૂક કયારે કરવામાં આવી,

(૩) જો ના, તો આવા અદ્યતન સાધનો ઉપલબ્ધ હોવા છતાં લોકો તેના લાભથી વંચિત રહ્યા તેના માટે કોણ જવાબદાર છે અને તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) આ સાધનોની ગેરન્ટી/વોરન્ટી પિરિયડ કયારે પૂરો થાય છે?

**આરોગ્ય મંત્રીશ્રીઃ**

| | | |
|---|---|---|
| (૧) | બાયનોકયુલર | ૧ |
| | ઓટોકલેવ વર્ટીકલ | |
| | ટુ-ડ્રમ | ૧ |
| | લેપ્રોસ્કોપ | ૧ |
| | ફેકોમશીન | ૧ |
| | ઓટોરીફેકટોમિટર | ૧ |
| | ઈ.સી.જી.મશીન | ૨ |
| | ડીફીબ્રીલેટર | ૧ |
| | લાઈફ કયોર કોમ્પોઝીટ | |
| | મશીન વીથ કીટ-૧ | ૧ |
| | એપેક્ષલોકેટર | |
| | સિસ્ટોસ્કોપ- | |

વેન્ટીલેટર(ટ્રાન્સપોર્ટ)

(૨) હા,જી.

(૧) પેથોલોજીસ્ટ તા.૧૨-૪-૦૩
(૨) સર્જન તા. ૩૧-૩-૦૨
(૩) નેત્ર સર્જન તા. ૧૮-૧૨-૦૧
(૪) ડેન્ટલ સર્નન તા.૧૮-૨-૦૨
(૫) લેબ.ટેકની. તા.૨૯-૧૧-૮૯
(૬) એકસ-રે-આસી. તા. ૬-૮-૮૭

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ખરીદ તારીખથી એક વર્ષ.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ સિવિલ હોસ્પિટલનો મુખ્યત્વે ગરીબ આદિવાસી ભાઈબહેનો જયારે એનો લાભ લેતા હોય ત્યારે આ સિવિલ હોસ્પિટલમાં જે મશીનો ખરીદવામાં આવ્યાં છે એના પછી એ મશીનો બગડી જવાથી છેલ્લા ૨ વર્ષમાં કેટલાં મૃત્યુ થયાં અને હાલ કેટલા મશીનો ચાલુ હાલતમાં છે?

મારો બીજો પ્રશ્ન એ છે કે હાલમાં વલસાડ હોસ્પિટલમાં હૃદય રોગના કોઈ નિષ્ણાત ડોકટર છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પ્રશ્ન મશીનો અંગેનો છે.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે જવાબ હોય તો આપો.

**શ્રી અશોક ભટ્ટ** : ત્યાં ફીઝીશીયન છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : મારે જાણવું છે કે વલસાડ જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં બિમાર દર્દીઓ સાજા થવા માટે અને રોગ સુધારવા માટે જાય છે, પરંતુ વલસાડ સિવિલ હોસ્પિટલમાં જતા દર્દીઓ મરી જાય છે. તો માનનીય મંત્રીશ્રી એકાદ વખત આ સિવિલ હોસ્પિટલની મુલાકાત લે તેવી મારી વિનંતી છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩ માં દાખલ થયેલ દર્દીઓ ૫૩૮૮ હતાં એમાંથી મૃત્યુ ૨૦૧ નાં થયાં છે, ૨૦૦૪ માં ૬૧૮૭ નવા દાખલ થયા હતા, ૨૦૦૩-૦૪ માં નવા ૫૩૮૮ દાખલ થયા. જૂના ૩૦૬૭૭ એમ કુલ ૩૬૦૬૫માં ૨૦૧ના મૃત્યુ થયા છે. એટલે ૩૬૦૭૮માં ૨૦૦૪-૦૫ના વર્ષમાં ૧૬૨ અને ૨૦૦૫-૦૬માં જાન્યુઆરી ૦૬ સુધીમાં ૧૪૬ મૃત્યુ થયા છે. એટલે દાખલ થયેલા ૩૦૦૦૦ની સામે આ આંકડો છે. આપ કહો છો કે દાખલ થયેલા બધા મરી જાય છે પણ આ આંકડો હકીકત બતાવે છે.

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે વલસાડ સિવિલ હોસ્પિટલમાં ટેકનિકલ સ્ટાફની કેટલી જગ્યાઓ છે અને એમાંથી કેટલી ખાલી છે?

**શ્રી અશોક ભટ્ટ**: અત્યારે તો ત્યાં પેથોલોજી ટેકનીશીયનની અને ટેકનિકલ સ્ટાફની જગ્યાઓ પૂર્ણ ભરેલી જ છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : આ જે મશીનરી ત્યાં છે તેમાંથી હાલમાં એ મશીનરીની પરિસ્થિતિ શું છે, કેટલી મશીનરી ચાલુ છે અને તેના માટે પૂરતો સ્ટાફ ત્યાં છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : બાયનોકયુલર, માઈક્રોસ્કોપ છે તે ત્યાં ડો. અમિત શાહ છે તે વાપરે છે, અને લેબ ટેકનીશીયનની જગ્યા ભરેલી છે. તેમના દ્વારા આ સાધન વાપરવામાં આવે છે. ઈ.સી.જી. પણ તબીબી અધિકારી તથા એનેસ્થેટીસ્ટ અને ફીજીશીયન દ્વારા ઉપયોગમાં લેવામાં આવે છે. અને ફીજીશીયનની ખાલી જગ્યા પણ ૧૫-૯-૦૫ થી ભરી દેવામાં આવી છે. ઓટો કલેવ વર્ટીકલ ટુ ડ્રમ ઓપરેશન થિયેટરનું સાધન છે અને તે ઓપરેશન થિયેટરના સ્ટાફ દ્વારા વાપરવામાં આવે છે. લેપ્રોસ્કોપ સાધન સર્જન દ્વારા વાપરવામાં આવે છે. અને ડૉકટર અરવિંદ શર્મા સર્જન તરીકે તા. ૩૧-૩-૦૨ થી ફરજ બજાવે છે. ફેકો મશીન નેત્ર સર્જન દ્વારા વાપરવામાં આવે છે. ડો. ડી. જે. શાહ ૧૮-૧૨-૦૧ થી ફરજ બજાવે છે. તાજેતરમાં તેમની બદલી સુરત થયેલ હોવાથી ૨૪-૨-૦૬ થી છૂટા થયેલ છે અને ડો. હરેશ ખેનીને એમની જગ્યાએ મૂકવામાં આવેલ છે. ઓટો રીફ્રેકટોમીટર કોમ્પ્યુટર દ્વારા ચશ્માના નંબર કાઢવાનું આધુનિક મશીન છે અને નેત્ર સર્જન દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવે છે. ઈ.સી.જી. મશીન તબીબી અધિકારી તથા ફીજીશીયન દ્વારા ઉપયોગમાં લેવામાં આવે છે. ડીફીબ્રીલેટર ફીજીશીયન તથા એનેસ્થેટીસ્ટ દ્વારા ઉપયોગમાં લેવામાં આવે છે. લાઈટ કયોર કોમ્પોજીટ મશીન વીથ કીટ પણ ડેન્ટલ સર્જન દ્વારા ઉપયોગમાં લેવાય છે અને આ જગ્યા ૧૮-૬-૦૨ થી ભરાયેલી છે. એપેક્ષલોકેટર નામનું સાધન છે તે ડેન્ટલ સર્જન દ્વારા ઉપયોગમાં લેવાય છે. સીસ્ટોસ્કોપ નામનું સાધન સર્જન તથા સી.ડી.એમ.ઓ. દ્વારા ઉપયોગમાં લેવાય છે. વેન્ટીલેટર (ટ્રાનસપોર્ટ) કૃત્રિમ શ્વાસોશ્વાસ માટે ઉપયોગમાં લેવામાં આવે છે અને તેનો ઉપયોગ ફીજીશીયન તથા એનેસ્થેટીસ્ટ દ્વારા કરવામાં આવે છે. અને ફીજીશીયન તથા એનેસ્થેટીસ્ટની જગ્યાઓ ભરેલી છે.

**સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ભળતી જમીનની માંગણીઓ**

***૧૭૭૪૯ શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ભળતી જમીનની કેટલી માંગણીઓ આવી,

(૨) કેટલી માંગણીઓનો સ્વીકાર કરવામાં આવ્યો, અને

(૩) સ્વીકાર કરાયેલ માંગણીઓ પૈકી કેટલા માંગણીદારોએ નિયમ મુજબ પ્રિમિયમ ભરી સ્વીકાર કર્યો?

(૧)

| અનું. | સુરેન્દ્રનગર જિલ્લો | મળેલ માંગણીઓ | રાજકોટ જિલ્લો | મળેલ માંગણીઓ |
|---|---|---|---|---|
| ૧ | લીંબડી | ૧૫ | રાજકોટ શહેર | - |
| ૨ | સાયલા | ૫૯ | રાજકોટ તાલુકો | ૨૦ |
| ૩ | ચોટીલા | ૭૫ | લોધીકા | ૧૪ |
| ૪ | મુળી | ૨૨ | જસદણ | ૨૨ |
| ૫ | ચુડા | ૦૫ | કોટડા સાંગણી | ૦૩ |
| ૬ | હળવદ | ૧૪ | ગોંડલ | ૦૫ |
| ૭ | ધ્રાંગધ્રા | ૧૫ | જેતપુર | ૦૪ |
| ૮ | લખતર | ૦૫ | ધોરાજી | ૦૨ |
| ૯ | પાટડી | ૦૫ | ઉપલેટા | ૦૧ |
| ૧૦ | વઢવાણ | ૦૫ | જામકંડોરણા | ૧૨ |
| ૧૧ | -- | -- | મોરબી | ૨૭ |
| ૧૨ | -- | -- | ટંકારા | ૦૬ |
| ૧૩ | -- | -- | વાંકાનેર | ૧૧૫ |
| ૧૪ | -- | -- | પડધરી | ૩૨ |
| ૧૫ | -- | -- | માળીયામીયાણા | ૦૨ |
| | **કુલ..** | **૨૨૦** | **કુલ..** | **૨૬૫** |

(૨) ૧૦

(૩) ૧૦

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગરમાં ભળતી જમીન માટે ૨૨૦ અને રાજકોટ જિલ્લામાં ૨૬૫ માગણીઓ આવી, ખરેખર આમાં સરવે નંબર છે એમાં પોતાના સરવે નંબરની બાજુમાં આ ભળતી જમીન માગતા હોય છે એટલે કદાચ એમાં પેશકદમી પણ હોય છે, એટલે રાજય સરકાર એવી નીતિ બનાવીને નિયમ મુજબનું પ્રિમિયમ વસૂલ કરીને આ નીતિમાં સરળતા લાવવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૭ અને ૧૯૯૭ માં લાગુ જમીન તરીકે આપવાની રાજય સરકારની નીતિ રહી છે અને સરકારી પડતર જમીન મોટાભાગે ભવિષ્યમાં ઉપયોગમાં ન આવે તેવી હોય અથવા કોઈ જાહેર હેતુ માટે ભવિષ્યમાં ઉપયોગમાં ન લઈ શકાય તેવી હોય અને અરજદાર તેમની પોતાની જમીનની બાજુમાં લાગુ તરીકે જમીન માગે અને એમને આપવાથી બીજા કોઈના પણ જાહેર હિતોને નુકસાન ન થાય તેવા ચોક્કસ ધોરણો સાથે આપણે ૧૯૮૭ અને ૧૯૯૭માં આ નીતિ બનાવી હતી. અને તેના ધોરણોના આધારે સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં જે અરજીઓ આવેલી હતી તેમાંથી સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં અનુક્રમે ૬ અને ૪ અરજીઓ મંજૂર કરવામાં આવેલી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં ૨૬૫ ટોટલ અરજીઓ આવી તેમાંથી ૪ મંજૂર કરવામાં આવી છે. હકીકતમાં આમાં લાગુ જમીન અને કૂવા માટે બે ગુંઠા જમીન માટેની ઘણી માગણીઓ હોય છે. તેથી ખરા અર્થમાં ગામડાંના ખેડૂતે પોતાના ખેતરમાં કૂવા માટે ઘણાં પ્રયત્નો કર્યા છતાં પણ પાણી ન થયું હોય તો એને ગામડાંમાં ઓર કહેવામાં આવે છે. ત્યાં આગળ પાછળ બે ગુંઠા જમીન માગતા હોય તો ૨૬૫માંથી છ મંજૂર કરવામાં આવી છે તો બાકીની નામંજૂર કરવાના કારણો શું છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : રાજકોટ જિલ્લાની વાત કરી એમાં રજૂ થયેલ ૨૬૫ અરજીઓ હતી. એમાંથી ચાર અરજીઓ મંજૂર થયેલ છે. ૨૩૩ નામંજૂર થયેલ છે. જ્યારે ૨૮ અરજીઓ હજી પડતર છે. અરજીઓ નામંજૂર થાય છે એ લાગુ જમીન આપવા માટેના સરકારના ચોક્કસ કારણો છે. સરકારી પડતર જમીન ભવિષ્યમાં કયારેય આપી શકતા હોય તો એ ઉપયોગમાં લેવા માટે રાખી હોય એ અરજદારે માગી

હોય તે એવી જમીન હોય છે. ધોરણો નિયમો આપ્યા છે એમાં રાષ્ટ્રીય ધોરી માર્ગથી બે કિલોમીટર નજીક હોય, રાજય સરકારના ધોરી માર્ગથી નજીક હોય, મુખ્ય મથકથી નજીક હોય, શહેરી સત્તા મંડળથી નજીક હોય, ઔદ્યોગિક ઝોનથી નજીક હોય આવા તો ૨૨ પેરામીટર છે એમાં ન આવતું હોય અને અરજદારને ઉપયોગ થતો હોય તેવી જમીન લાગુ તરીકે આપવામાં આવે છે. સરકારની પડતર જમીન છે એનો નિકાલ કરવા સરકાર ખૂબ ગંભીરતાથી જોઈને એવી અરજીઓનો નિકાલ કરે છે.

**ડૉ. સી. જે. ચાવડા** : લાગુ જમીન આપવામાં આવે છે. એમાં મોટે ભાગે અનીવન આકારની હોય છે. આવી એક એકરથી ઓછી જમીન હોય અને જો એ ન આપવામાં આવે તો દબાણ થાય છે. આ જે ૨૬૫ અરજીઓ પેન્ડિંગ છે એમાં એક વીઘાથી ઓછી હોય એના માટે કલેકટરશ્રીને સત્તા છે સ્થળ નિરીક્ષણ કરીને કે કેમ્પ કરીને કે પ્રાંત અધિકારી દ્વારા કેમ્પ કરીને તમામ અરજીઓનો સરકારના નિયમ મુજબ હકારાત્મક કે નકારાત્મક રીતે નિકાલ કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : બંને જિલ્લામાં થઈને લગભગ ૬૮ અરજીઓ પડતર છે. બાકી ધોરણસર અરજી ન હોય તો નામંજૂર કરેલ છે. એવી કોઈ અરજી હોય અને સ્પેસેફિક બાબત ધ્યાનમાં હોય અને સરકારના ઉપયોગમાં ન હોય, જાહેર હિત માટે ઉપયોગમાં ન હોય એની ચિંતા કરીને પછી સરકાર આપે છે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : બે જિલ્લામાં થઈને દસ અરજીઓ સ્વીકારવામાં આવી છે. તો આ દસ અરજીઓમાં કેટલી જમીન ફાળવવામાં આવી છે. બીજી બાકી રહેતી સુરેન્દ્રનગર જિલ્લાની અરજીઓ છે એનો વહેલી તકે નિકાલ કરવા માગે છે કે કેમ અને કયાં સુધીમાં?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : સુરેન્દ્રનગર જિલ્લામાં ૪૦ પડતર અરજીઓ છે. એનો વહેલામાં વહેલી તકે નિકાલ કરવામાં આવશે. જે દસ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે એમાંથી છ અરજીઓ સુરેન્દ્રનગર જિલ્લાની છે અને ચાર અરજીઓ રાજકોટ જિલ્લાની છે. આના માટે પણ ધોરણો છે. જીરાયતની જમીન બે એકર કરતાં ઓછી હોય, બાગાયત જમીન એક એકર કરતાં ઓછી હોય, ટૂકડા પ્રકારની જમીન કે તેની બાજુનો માલિક એકજ હોય આ બધા ધોરણો નકકી કરીને બે એકર કરતાં ઓછી જમીન આપવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : સુરેન્દ્રનગર જિલ્લામાં છ અરજીઓ મંજૂર કરી એમાં કુલ કેટલી જમીન આપવામાં આવી એ સભ્યશ્રીનો પ્રશ્ન છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : સુરેન્દ્રનગર જિલ્લાની અંદર છ અરજીઓ મંજૂર કરવામાં આવી એમાં આશરે નવ એકર જેટલી જમીન આપવામાં આવી છે. જ્યારે રાજકોટ જિલ્લાની ચાર અરજીઓ છે એમાં પાંચેક એકર જેટલી જમીન થવા જાય છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : રાજકોટ જિલ્લામાં કુલ ૨૬૫ અરજીઓ આવી હતી એમાંથી ચાર અરજીઓ મંજૂર કરવામાં આવી છે. ૨૩૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. મારો અત્યાર સુધીનો અનુભવ એવો રહ્યો છે આમાના ઘણા બધા અમારા વિસ્તારના અરજદારો આવેલા એમાં ભરતી ફેણીની જગ્યા આપવી એના ૨૨ નોમ્સ મંત્રીશ્રીએ કહ્યાં એ નોમ્સ વગેરેની પૂર્તતા વગેરે કરીને પછી આપીએ છીએ. મારે મંત્રીશ્રીના ધ્યાને એ મૂકવું છે કે ભળતી ફેણીની જમીન તલાટી કમ મંત્રી, મામલતદાર કે સર્કલ ધારે તો આપી શકે છે . એને આપવી જ હોય તો ૨૨ ધારા ધોરણો છે એ પણ બાજુ ઉપર રહી જાય અને આપી દેવામાં આવે છે. અને આ ૨૨-૨૨ કારણોની પૂર્તતા થતી હોવા છતાં ન આપવી હોય તો ન આપે. તો આવી અરજીઓ હોય અને આપના ધ્યાન ઉપર આવે તો ૨૩૩ પૈકીની ફરીથી આપ મંજૂર કરવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : જે અરજીઓ નામંજૂર થઈ છે એનો જવાબ અપાઈ ગયો છે. જે અરજીઓ મંજૂર થઈ છે એમાં ગેરરીતિ થઈ હોય, નિયમ ભંગ કરીને અપાઈ હોય તો એમાં અમારું ધ્યાન દોરશો તો ચોક્કસ પગલાં લઈશું.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં રાજકોટમાં ૨૬૫ અરજીઓ આવી. તેમાં નિકાલ ફક્ત ચાર અરજીઓનો કરવામાં આવ્યો એટલે ચાર જણાને જમીન આપી. આ પ્રશ્ન આખા રાજયમાં છે. દરેક કલેક્ટર કચેરીમાં મહેસૂલની આ જમીન, સરકારે તો મોટું મન રાખ્યું. સરકારે જાહેરાત કરી છે. લાગુ જમીન આપવી. કૂવા માટે આપવી, ધોરિયા માટે આપવી. પણ હંમેશા અધિકારીઓની મેલી મુરાદના કારણે આવી જમીન અપાતી નથી અને ૨૬૫માંથી ફક્ત ચાર જ અપાય એ ખૂબ જ ખરાબ વાત કહેવાય. તો મંત્રીશ્રી આને માટે સ્પેશ્યલ કેસ દ્વારા આપણે જ્યારે એમ કહીએ કે ૩૦ દિવસ કે ૬૦ દિવસમાં નિકાલ કરવો તો બે વર્ષમાં ચાર અરજીઓ મંજૂર કરી છે અને ૨૬૧ નામંજૂર કરી છે તો આના કારણો શું છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : અગાઉ કારણો આપ્યા છે. જે ધોરણો આપ્યા છે એ ધોરણસર અરજી ન હોય તો નામંજૂર થાય. બજાર કિંમતે જમીન આપીને સરકારને આપવામાં કોઈ વાંધો ન હોઈ શકે પણ ધોરણસર તો અરજી હોવી જોઈએ ને?

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે પ્રથમ તો આ જમીન આપવાના અધિકાર કલેક્ટરને છે કે રાજય સરકારને અને બીજો પ્રશ્ન એ છે કે ૧૦ અરજી બે જિલ્લામાં મંજૂર કરી છે. એ જે લાગુ ખેડૂત છે તેને આપી છે કે બીજાં પ્રાઇવેટને આપી છે કે લાગુ ખેતરવાળાને આપી છે એ કેટલી છે અને જે નામંજૂર નથી કરી એ આ જ પ્રમાણે ધોરણોમાં દરખાસ્ત આવી હોવા છતાં પણ મંજૂર કરી નથી એવી કેટલી છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : જે નામંજૂર થઈ છે એ ધોરણસર નથી એટલે નામંજૂર થઈ છે. આના પાવર્સ રાજય સરકારને છે અને ત્રીજો પ્રશ્ન ગોવાભાઈનો (અંતરાય) બે જવાબ આપી દીધા. લાગુ હોય એ જ મળે. એ ધોરણનો એક ભાગ છે. લાગુ જમીન એટલે એની પોતાની જમીન અરજદારની હોય એને અડીને ત્યાં હોય એને લાગુ કહેવાય.

**જુનાગઢ જિલ્લામાં ખેત મજૂર વીમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

***૧૪૪૫૫ શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) જુનાગઢ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ ખેત મજૂર મૃત્યુ વીમા યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવેલ છે,
(૨) તે પૈકી કેટલા ખેત મજૂરને વીમાની રકમ ચૂકવવામાં આવેલ છે અને
(૩) બાકીની રહેલી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી:**

(૧) કુલ-૨૧૮. પરિશિષ્ટ-'અ' મુજબ.
(૨) ૩૬
(૩) બાકીના કેસો પૈકી ૧૧૧ નામંજૂર થયેલ છે. જ્યારે ૭૧ કેસ વીમા કંપની પાસે પડતર છે.

**પરિશિષ્ટ-" અ "**

**શ્રમિક સુરક્ષા યોજના અંતર્ગત જુનાગઢ જિલ્લામાં (અકસ્માત) મૃત્યુ પામેલ ખેતમજૂરોની તા. ૧-૧-૨૦૦૩ થી તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં મળેલ અરજીઓની વિગત દર્શાવતું પત્રક:**

| ક્રમ | તાલુકાનું નામ | સમયગાળા દરમયાન મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | જુનાગઢ શહેર | ૦૯ |
| ૨ | જુનાગઢ-ગ્રામ્ય | ૨૨ |
| ૩ | માળીયા (હાટીના) | ૨૯ |
| ૪ | મેંદરડા | ૧૯ |
| ૫ | વિસાવદર | ૧૪ |
| ૬ | સુત્રાપાડા | ૧૨ |
| ૭ | વેરાવળ | ૧૨ |
| ૮ | ઉના | ૨૫ |
| ૯ | કોડીનાર | ૧૩ |
| ૧૦ | તલાલા | ૧૩ |
| ૧૧ | કેશોદ | ૧૭ |
| ૧૨ | વંથલી | ૦૭ |
| ૧૩ | માણાવદર | ૦૪ |
| ૧૪ | માંગરોળ | ૧૮ |
| ૧૫ | ભેંસાણ | ૦૪ |
| | કુલ... | ૨૧૮ |

**શ્રી ગોવિંદભાઈ વ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, જે શ્રમિક સુરક્ષા યોજના હેઠળ ૭૧ કેસ વીમા કંપનીમાં પડતર છે આ કેસોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે? મારો બીજો પ્રશ્ન છે કે દેશના કોઈ પણ રાજયમાં આ અકસ્માત જૂથ વીમા યોજના અમલમાં છે કે કેમ?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : જે અરજીઓ પેન્ડીંગ છે એ વીમા કંપની પાસે પડતર છે અને વીમા કંપની જે કંઈ ચકાસણી કરવાની હોય છે એ પૂર્ણ થયે તેનો નિકાલ કરતી હોય છે. બીજો પ્રશ્ન જે પૂછયો છે તેમાં આ યોજના ગુજરાત રાજયમાં જ છે અને બીજા કોઈ રાજયની યોજના નથી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વીમા કંપનીઓ પાસે લાંબા સમય સુધી આ કેસો પડતર રહે છે અને લાંબા સમય પછી કોઈ પણ કારણો સિવાય તમામ કારણો જે હોય એ બધા રજૂ કરી દેવા છતાં વીમા કંપની તરફથી મોટા ભાગના કેસો નામંજૂર કરવામાં આવે છે તો નામંજૂર કરવા માટે જે કરવામાં આવે છે એ વીમા કંપની સાથે બેસીને રાજય સરકાર આવા જે નામંજૂર કરેલા કેસ છે અને ખરેખર તેમને મળવાપાત્ર છે એવા કેસોની પુનઃ સમીક્ષા કરીને વીમા કંપની મંજૂર

કરે એવું રાજય સરકાર કરવા માગે છે કે કેમ? અને બીજું, લાંબા સમય સુધી ચાલે છે. બે-બે, ચાર-ચાર વર્ષ સુધી ચાલે છે. તો આ સમયમર્યાદામાં વીમા કંપની કેસ મંજૂર કરે તેના માટે રાજય સરકાર શું કરવા માગે છે?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : જે અરજી નામંજૂર થઈ છે તેમાં ગ્રાહક સુરક્ષામાં પણ અમુક કેસો જાય છે. આ જુનાગઢ જિલ્લામાં ૭૧ અરજી નામંજૂર થઈ છે. તેમાંથી પણ અમુક કેસો છે તે ગ્રાહક સુરક્ષામાં ગયા અને તેમાં ગ્રાહક સુરક્ષાને એવું લાગ્યું કે આ ખોટા કારણોસર નામંજૂર કરી છે એવા ૫૪માંથી ૧૫ કેસો મંજૂર કર્યા છે અને વિલંબ ન થાય તેના માટે પછી અમે તેની સમીક્ષા કરીએ છીએ અને બને એટલો વિલંબ ન થાય અને ઝડપથી સહાયની રકમ મળે તેવા પ્રયત્નો કરીએ છીએ.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : મારો સવાલ એ હતો કે વીમા કંપનીઓ પાસે જે કેસો જાય છે એ લાંબો સમય નિર્ણય કરતા નથી. નિર્ણય કર્યો છે તો છેલ્લે નામંજૂર કરે છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ગ્રાહક સુરક્ષા પાસે જાય છે  અને એમને લાગે કે આ મંજૂર કરવાપાત્ર છે તો મંજૂર કરે છે. હું એમ જાણવા માગું છું કે, જે ગ્રાહક સુરક્ષા પાસે જાય ત્યારે મંજૂર થાય છે અને અરજદારને ન્યાય મળે છે એના કરતાં રાજય સરકાર વીમા કંપની પાસે બેસીને જે કેસ નામંજૂર થયા છે એની પુનઃસમીક્ષા કરીને અને જે આપવા પાત્ર છે એ મંજૂર કરાવવા માગો છો કે કેમ?

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે.

**ડૉ. અતુલ કે.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, ૭૧ જેટલા કેસ વીમા કંપની પાસે પડતર છે, ત્યારે આ કેટલા વખતથી પડતર છે અને એનું સોલ્યુશન ક્યારે આવશે?

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, જે પડતર કેસ છે એમાં ૩૫ કેસ ૧ વર્ષના છે, ૧૫ કેસ ૧થી ૨ વર્ષના છે અને ૨૧ કેસ છે એ ૨ વર્ષથી ઉપરના છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી**: માનનીય અધ્યક્ષશ્રી, આ એક મહત્ત્વનો પ્રશ્ન ચર્ચાય છે એટલે ગૃહના મિત્રોની મારે એમાં મદદ પણ જોઈએ છે. આ એક ઉમદા હેતુથી આ ઈન્સ્યોરન્સ સ્કીમ લઈ આવ્યા છીએ. રાજયના ઘણા બધા એકમના ચાહે સ્ટુડન્ટસ્ હશે, ચાહે આંગણવાડીના વર્કર હશે. પરંપરાગત માન્યતાના કારણે post-mortem કરાવવાની વાત હોય તો નથી કરાવવામાં આવતું. એના કારણે પણ કેટલાક ટૅક્નીકલ પ્રોબ્લેમ ઊભા થાય છે. એક સામાજિક જાગરણનું કામ, આપણે જ્યાં હોય ત્યાં આપણને એની માહિતી જલદી મળતી હોય છે. લગભગ જાહેર જીવનમાં હોવાના કારણે આવા પ્રોબ્લેમની માહિતી મળતી હોય છે. એમાં થોડાક લોકોને પ્રેરિત કરીએ તો એક સુવિધા વધે છે. મેં પોતે પણ ભારત સરકારનું ધ્યાન દોર્યું છે, એમને કાંઈક કહી શકીએ, આ બધી બાબતોમાં થોડુંક સાનુકૂળ વલણ, કારણ કે, આ અલ્ટીમેટલી તો ગરીબોના પૈસા છે. એમણે પણ કહ્યું છે કે, અમે વાત કરીશું. મેં પોતે આ લોકો સાથે વ્યકિતગત મિટિંગ કરી છે. રાજય સરકારની એક કમિટી બનાવી છે. આ કમિટી ઈન્સ્યોરન્સની બાબતમાં ઈન્સ્યોરન્સ કંપનીઓ છે એમની સાથે કેવી રીતે વાતચીત કરવી અને કેવી રીતે એના નોર્મ્સ નક્કી કરાવવા, કારણ કે, આપણે વીમા માટેના પ્રીમિયમ તો ભરીએ છીએ અને પ્રીમિયમના પૈસાના પ્રમાણમાં આ ગરીબ ભાઈઓ-બહેનોને સમયસર, કારણ કે, સમયસર પૈસા મળવા જોઈએ. એટલે ભારત સરકારને પણ જેટલું કહેવાય એટલું કહ્યું છે, એમની મદદ પણ માગી છે કે આ કંપનીઓને કહીને કાંઈક કરે.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જુનાગઢ જિલ્લાનો પ્રશ્ન છે. ગરીબ ખેત મજૂરોને લગતો પ્રશ્ન છે. એટલે એક તો સરકાર આ મૃત્યુ વીમા યોજના અમલમાં લાવી છે એટલે ખૂબ ખૂબ ધન્યવાદને પાત્ર છે. આ ખેત મજૂર મૃત્યુ વીમા યોજના હેઠળ કેટલા વ્યકિતઓ માટે આ જિલ્લામાં પ્રીમિયમની રકમ ભરેલ છે અને પ્રીમિયમની રકમ કેટલી છે?

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જિલ્લામાં કેટલું પ્રીમિયમ ભર્યું એની માહિતી મારી પાસે નથી. પણ આખા રાજયની માહિતી છે. આખા રાજયની કુલ રૂ.૧૩.૩૧ કરોડની રકમ પ્રીમિયમ તરીકે ભરી છે અને એની સહાયની રકમ રૂ.૧૭.૭૧ કરોડ છે. જે વીમા કંપનીઓએ ચૂકવી છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રીશ્રીએ પણ પોતે ચિંતા વ્યક્ત કરી છે ત્યારે ખેડૂતોને, ખેત મજૂરોને આ ચૂકવણી કરવામાં વીમા કંપનીઓ ઘણી વખત સાનુકૂળ વલણ sympathetically લેતી નથી. ઘણી વખત ટેકનીકલી લીગલી ખોટું અર્થઘટન પણ કરતી હોય છે. ત્યારે મારું એટલું સૂચન છે કે, ૨૧૮ લોકોની અરજીઓ આવી હોય અને એમાંથી આટલા લોકોને વીમાની રકમ ચૂકવવામાં આવતી હોય તો રાજય સરકાર એની ગણતરી કરીને, કેલ્કયુલેશન કરીને જેટલું પ્રીમિયમ ચૂકવે છે અને એની સામે કેટલા લોકોને લાભ મળે છે? જો એ ગણતરી કરીને રાજય સરકારને પરવડે એમ હોય તો એ વીમા કંપનીઓને પ્રીમિયમ ભરવાને બદલે રાજય સરકાર પોતાની કોઈ વ્યવસ્થા આજ પ્રીમિયમની રકમમાંથી ઊભી કરવાનું વિચારણા કરીને કરવા માગે છે કે કેમ?

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે સૂચન કર્યુ છે એનો અમલ થઈ ગયો છે. અત્યારે રાજય સરકાર પોતે સ્વયં રીતે આ જે સહાય ચૂકવે છે. વીમા કંપનીની પૉલિસી પૂરી થયા પછી વીમા કંપનીને અમે આ કામ આપ્યું નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પણ જયારે પ્રિમિયમની વાત સ્વીકારી કે શુદ્ધ હેતુથી આ પ્રિમિયમ ભરીએ છીએ ત્યારે જે પુંજાભાઈએ માનનીય મંત્રીશ્રીને જે કહ્યું અને એમણે સૂચન કીધું. માત્ર મારે એટલું જ કહેવું છે કે યોગ્ય અધિકારીને મૂકીને જો સરસ આયોજન કરવામાં આવે તો ચોકકસપણે આનો ઉકેલ આવતો હોય છે એટલે આપ યોગ્ય અધિકારીને મૂકીને સારું આયોજન કરવા માગો છો કે કેમ ?

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, જે કેસો નામંજૂર થાય છે એની ઉપર સમીક્ષા અમે કરી છે અને મેં પહેલાં કીધું હતું કે અમે એ કેસોની સમીક્ષા કરીશું અને એમાંથી સંતોષ નહીં થાય તો આ ગ્રાહક સુરક્ષા ફોરમમાં જાય છે.

**સુરત જિલ્લામાં ઔદ્યોગિક કંપનીઓ દ્વારા સ્થાનિક વ્યકિતઓને રોજગારી અંગે થયેલ ભંગ**

***૧૭૯૦૧ શ્રી ધીરુભાઈ હ. ગજેરા (સુરત શહેર(ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા:૩૧/૧/૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત દહેજ અને હજીરામાં આવેલ ઔદ્યોગિક કંપનીઓએ ભરતીના નિયમો મુજબ સ્થાનિક વ્યકિતઓને રોજગારી આપવા માટેના નિયમોનો ભંગ કરેલ છે તે હકીકત સરકાર જાણે છે,

(૨) જો હા, તો આવી કંપનીઓ સામે સરકારે કેવા પ્રકારના શિક્ષાત્મક પગલાં લીધા છે અથવા લેવા ધારે છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) (૧) સ્થાનિક ભરતીના ઠરાવની જોગવાઈ મુજબ સ્થાનિકોની નિયત ટકાવારી ન જાળવતા ખાનગી ક્ષેત્રના ઉત્પાદનલક્ષી એકમોની યાદી ઉદ્યોગ કમિશ્નરશ્રીને મોકલી પ્રોત્સાહિત એકમો સામે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે.

(૨) બિન પ્રોત્સાહિત એકમો સામે પગલાં લેવાની ઠરાવમાં કોઈ જોગવાઈ નથી.

(૩) મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં રાજય કક્ષાની મોનીટરીંગ સમિતિની બેઠકમાં આ અંગે સમીક્ષા કરવામાં આવે છે.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન નંબર: ૫ છે એમાં મેં પૂછયું છે કે તા:૩૧/૧/૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત દહેજ અને હજીરામાં આવેલ ઔદ્યોગિક કંપનીઓએ ભરતીના નિયમો મુજબ સ્થાનિક વ્યકિતઓને રોજગારી આપવા માટેના નિયમોનો ભંગ કરેલ છે તે હકીકત સરકાર જાણે છે, ખૂબ જ ગંભીર પ્રશ્ન છે અને મને હા, જી. જવાબ આપ્યો છે અને એ ભંગ કરેલ છે અને જો હા, તો આવી કંપનીઓ સામે સરકારે કેવા પ્રકારના શિક્ષાત્મક પગલાં લીધા છે અથવા લેવા ધારે છે કે નહીં, માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે મને કે (૧) સ્થાનિક ભરતીના ઠરાવની જોગવાઈ મુજબ સ્થાનિકોની નિયત ટકાવારી ન જાળવતા ખાનગી ક્ષેત્રના ઉત્પાદનલક્ષી એકમોની યાદી ઉદ્યોગ કમિશ્નરશ્રીને મોકલી પ્રોત્સાહિત એકમો સામે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે. (૨) બન પ્રોત્સાહિત એકમો સામે પગલાં લેવાની ઠરાવમાં કોઈ જોગવાઈ નથી. (૩) મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં રાજય કક્ષાની મોનીટરીંગ સમિતિની બેઠકમાં આ અંગે સમીક્ષા કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, અવારનવાર આ ગૃહમાં પ્રશ્ન ચર્ચાયો છે. આ ગૃહના બધા સભ્યોની ચિંતા છે અને આ ચિંતાની અંદર ૩૧-૩-૯૫ના રોજ ઠરાવ થયો છે અને એ ૯૫ના ઠરાવ મુજબ જવાબ આપ્યો છે જો આપ પરમીશન આપો તો ૩૧/૩/૯૫નો ઠરાવ વાંચી સંભળાવું.

**અધ્યક્ષશ્રી** : ના, ના, વાંચવાની કોઈ જરૂર નથી.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, પછી બીજું, અગાઉ મેં એક પત્ર લખ્યો હતો અને મને અગ્ર સચિવશ્રીએ જવાબ આપ્યો છે એ આપ જો મને પરમીશન આપો તો હું જવાબ વાંચી સંભળાવું.

**અધ્યક્ષશ્રી .** : ના, ના, કોઈ જરૂર નથી. વાંચ્યા વગર તમે પ્રશ્ન પૂછો.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા :** માનનીય અધ્યક્ષશ્રી, આ ગંભીર ઠરાવ છે. ૩૧/૩/૯૫ના રોજ આપણે સ્થાનિક રોજગારીમાં ૮૫ ટકા ભરતીનો ઠરાવ થયો હોય તો એનું ઈમ્પલીમેંટ ના થતું હોય તો આ ઠરાવનો અર્થ શું?

**અધ્યક્ષશ્રી** : હા, પાડી છે.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, હા, પાડી છે પણ એનો અર્થ શું ? હું એ કહેવા માગું છું કે જવાબમાં અગ્ર સચિવશ્રીએ મને જવાબ આપ્યો છે આ કમિશ્નરશ્રીને પગલાં લેવા વિનંતી કરી છે. કઈ ટાઈપના પગલાં લીધા અને માનનીય અધ્યક્ષશ્રી, આ બે મિનિટનો જવાબ છે. તમને વાંચી સંભળાવવો જોઈએ, રેકર્ડ ઉપર સરકારનો જવાબ છે.

**અધ્યક્ષશ્રી** : એમાંથી પ્રશ્ન પૂછો જે પૂછવો હોય તે.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા :** માનનીય અધ્યક્ષશ્રી, જે જે કંપનીઓએ આ ઠરાવનો ભંગ કર્યો છે એની ઉપર કઈ કઈ જાતના પગલાં. લીધા અને આ ઠરાવની ગંભીરતાને આધારે માત્ર એક ઠરાવ એક પેપર ઉપર ઈમ્પલીમેંટ થાય છે કે ઔદ્યોગિક ક્ષેત્રમાં ગુજરાત રાજયના યુવાનોને કામ મળે એ માટેનું ઈમ્પલીમેંટ કરાવવા માગો છો? આ ઠરાવનો અમલ કરાવવા માટે સરકાર કોઈ નવો નીતિ નિયમ બનાવવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : કોઈ નવી નીતિ નિયમ બનાવવા માગો છો કે કેમ એટલો એમનો સવાલ છે. (અંતરાય) બીજું ભાષણ હતું, (અંતરાય) આપનું પ્રવચન હતું.

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ઔદ્યોગિક એકમોમાં આ નિયત ટકાવારી જળવાતી નથી એના ઉપર વાત કરી કે અમે ઉદ્યોગ વિભાગને અમે જાણ કરી એટલે ઉદ્યોગ વિભાગને જાણ કર્યા પછી શું પગલાં લીધા, એમાં ઉદ્યોગ વિભાગ સુરતના જે ૫૪ એકમો છે એ બિન પ્રોત્સાહિત છે એટલે એમાં કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**અધ્યક્ષશ્રી** :ટૂંકમાં પગલાં ભરવા માગો છો કે કેમ?

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, સાથી મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ધીરુભાઈ જેટલી સ્પીડ નહિ પણ અડધી તો લાવો.

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઠરાવમાં સ્થાનિક લોકોની ભરતી કરવાની જોગવાઈ છે. જે પ્રોત્સાહિત એકમો હોય, રાજ્ય સરકારના કે કેન્દ્ર સરકારના જાહેર સાહસ હોય અને ટકાવારી જાળવતા ન હોય તો ઠરાવની જોગવાઈ માનનીય સભ્યશ્રી વાંચવાની કહેતા હતા, ઠરાવ એમની પાસે છે, એમાં જોગવાઈ છે કે ઉદ્યોગ વિભાગ અને નાણા વિભાગને અમારો વિભાગ જાણ કરે છે કે આટલા ઉદ્યોગો ટકાવારી જાળવતા નથી. ઉદ્યોગ વિભાગે એમને જવાબ આપ્યો છે કે ૫૪ એકમો સુરતમાં છે એ સરકારના કોઈ લાભ મેળવતા નથી. એ પ્રોત્સાહિત એકમો નથી એટલે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. હજીરામાં ૫ એકમો છે જે પૈકી એલ.એન્ડ ટી. છે એ ૧૯૯૦ થી ૧૯૯૫ સુધી જ્યારે લાભ લેતા હતા ત્યારે તે વખતના ઠરાવની જોગવાઈ મુજબ ૫૦ અને ૮૦ ની ટકાવારી જાળવતા હતા. બીજું એકમ રિલાયન્સ હજીરામાં છે એમાં પણ એ સરકારનો કોઈ લાભ લેતા નથી એટલે એની સામે પણ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. ત્રીજું એકમ સેલ ઈન્ડિયા છે એ પણ કોઈ લાભ લેતા નથી એટલે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. ક્રેન એનર્જી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ છે એ પણ સરકારના કોઈ લાભ મેળવતા નથી એટલે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. એક એસ્સાર સ્ટીલ છે એમાં પણ ૧૯૯૦ થી ૧૯૯૫ સુધી સરકારના લાભ મેળવતા હતા એટલે ૫૦-૮૦ ની ટકાવારી જાળવતા હતા. એટલે એમાં પણ કોઈ પગલાં લેવાના રહેતા નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, બે જ વાત કરો.

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પૂછ્યું હતું.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા** : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સ્થાનિક રોજગારી આપવા અંગે સરકારની નીતિ શું છે અને આ નીતિ કોને કોને લાગુ પડે છે?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : સરકારની નીતિ તા. ૩૧-૩-૧૯૯૫નો જે ઠરાવ છે એમાં જાહેર સાહસો, સંયુક્ત ક્ષેત્રો તેમજ મોટા સ્થાનિક ઉદ્યોગો સ્થાનિક રહીશોની ભરતીમાં ૮૫ ટકા કામદાર માટે અને ૬૦ ટકા સુપરવાઈઝરી અને મેનેજર કક્ષા માટે લાગુ પાડવામાં આવી છે.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બીન પ્રોત્સાહિત તેમજ પ્રોત્સાહિત એકમો સરકારના પરિપત્રનો અમલ કરતા નથી તો પરિપત્રનો અમલ ન કરે એના સામે અમલ કરાવવા માટે કાયદામાં કોઈ જોગવાઈ કરવામાં આવી છે કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં એક મોનિટરીંગ સમિતિની રચના કરવામાં આવી છે અને સમીક્ષા કરવામાં આવે છે તો સમીક્ષા બાદ મોનિટરીંગ સમિતિએ કયા કયા પગલાં લેવાની ભલામણ કરી છે?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : આ ઠરાવમાં જે જોગવાઈ છે એ જોગવાઈનો અમલ થાય છે. પ્રોત્સાહિત એકમ હોય અને ટકાવારી ન જાળવતા હોય તો મારા પહેલા જવાબમાં પણ કહ્યું છે કે એની યાદી અમે ઉદ્યોગ વિભાગ અને નાણા વિભાગને મોકલીએ છીએ અને એને જે લાભ મળતો હોય એ લાભ અટકાવી દઈએ છીએ. બીજો પ્રશ્ન ઉચ્ચ કક્ષાની સમિતિ વિશે કર્યો છે. એમાં મુખ્ય સચિવશ્રી કક્ષાએ આની ઉચ્ચ કક્ષાની સમિતિ સમીક્ષા કરે છે. એમાં એમ નક્કી કરેલ છે કે રાજ્યના જે મોટા એકમો છે એ મોટા એકમોની સ્થળ ઉપર જઈને મુલાકાત લેવી અને એમાં જે જિલ્લા કક્ષાના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર, મદદનીશ શ્રમ

આયુક્ત, ઔદ્યોગિક સલામતિના નાયબ આયુકત, વેચાણવેરા અધિકારી તેમજ રોજગાર અધિકારીની સંયુક્ત ટીમ બનાવીને આ સમિતિએ ૨૮ મોટા એકમો છે એની રૂબરૂ મુલાકાત લીધી. ૨૮ માંથી ૨૨ નિયત ટકાવારી જાળવતા હતા.

**રાજ્યમાં જિલ્લાવાર આયુર્વેદ ડૉકટરોની ખાલી જગા ભરવા આયોજન**

***૧૬૭૪૪ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર આયુર્વેદ ડૉકટર વર્ગ-૨ અને વર્ગ-૩ના આયુર્વેદ ડૉકટરોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી :**

(૧)

આયુર્વેદ ડૉક્ટરો, વર્ગ-૨ની ખાલી જગ્યાની વિગતો

| **ક્રમ** | **જીલ્લાનું નામ** | **ખાલી જગાની વિગત.** |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૦ |
| ૨ | અમરેલી | ૦૧ |
| ૩ | આણંદ | ૦૬ |
| ૪ | બનાસકાંઠા | ૧૩ |
| ૫ | ભરૂચ | ૦૮ |
| ૬ | ભાવનગર | ૦૫ |
| ૭ | દાહોદ | ૧૩ |
| ૮ | ડાંગ | ૦૮ |
| ૯ | ગાંધીનગર | ૦૪ |
| ૧૦ | જામનગર | ૦૭ |
| ૧૧ | જુનાગઢ | ૦૧ |
| ૧૨ | કચ્છ | ૦૭ |
| ૧૩ | ખેડા | ૦૭ |
| ૧૪ | મહેસાણા | ૦૩ |
| ૧૫ | નર્મદા | ૦૭ |
| ૧૬ | નવસારી | ૧૧ |
| ૧૭ | પંચમહાલ | ૧૬ |
| ૧૮ | પાટણ | ૦૫ |
| ૧૯ | પોરબંદર | ૦૦ |
| ૨૦ | રાજકોટ | ૦૨ |
| ૨૧ | સાબરકાંઠા | ૨૩ |
| ૨૨ | સુરત | ૨૨ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૦૮ |
| ૨૪ | વડોદરા | ૨૨ |
| ૨૫ | વલસાડ | ૧૦ |
| | **કુલ...** | **૨૧૯** |

આયુર્વેદ ડૉક્ટરો, વર્ગ-૩ની ખાલી જગ્યાની વિગતો

| ક્રમ | જીલ્લાનું નામ | ખાલી જગાની વિગત. |
|---|---|---|
| ૧ | અમરેલી | ૦ |
| ૨ | ભાવનગર | ૦ |
| ૩ | જામનગર | ૧ |
| ૪ | નર્મદા | ૨ |
| ૫ | વલસાડ | ૨ |
| | **કુલ...** | **૫** |

(૨) રાજ્ય સરકાર દ્વારા મેડીક્લ ઑફિસર (આર્યુ) વર્ગ-૨ની ખાલી જગ્યાઓ પૈકીની કુલ-૧૭૦ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગે જાહેરાત પ્રસિધ્ધ કરેલ છે, આયોગ દ્વારા ઉમેદવારોની ભલામણ થયેથી ખાલી જગ્યા ભરવામાં આવશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ અને બીજા દેશમાં પણ હવે યોગ અને આયુર્વેદ દવા તરફ ઢળી રહ્યાં છે ત્યારે આપણા રાજ્યની અંદર આયુર્વેદ ડૉકટર વર્ગ-૨ની ૨૧૯ જગ્યાઓ ખાલી છે અને વર્ગ-૩માં પાંચ જગ્યા ખાલી છે, એના પછીના જવાબમાં પાછળ લખ્યું છે કે ૧૭૦ જગ્યાઓ સીધી ભરતીથી ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી જાહેરાત આપેલી છે. પહેલાથી એક તો ૨૧૯ જગ્યા ખાલી છે એમાં ૧૭૦ જગ્યા ભરવાની જાહેરાત અપાયેલ છે તો બાકીની ૪૯ જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે શું આયોજન કર્યુ છે? બીજું, પહેલા આયુર્વેદ દવાખાના મોટાભાગે જિલ્લા પંચાયત હસ્તક પણ ચલાવવામાં આવતા હતા અને જિલ્લા પંચાયત સ્વભંડોળ મારફત ચલાવાતા એ ઘણી જિલ્લા પંચાયતોની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે અથવા તો ભારણ નહિ ઉપાડી શકવાના કારણે જિલ્લા પંચાયત હસ્તકના

આયુર્વેદના ઘણાં દવાખાના બંધ કર્યા છે તો એવા દવાખાના જિલ્લા પંચાયત હસ્તકના ચલાવાતા હોય એવા બંધ દવાખાના ફરી રાજ્ય સરકાર પોતાના હસ્તક લઈ શરૂ કરવા માગે છે કે કેમ? ત્રીજો પ્રશ્ન, B.A.S.M. અને M.D. ડૉકટરો આપણી પાસે ઉપલબ્ધ છે તો આની બાકીની જગ્યા પણ વહેલી તકે ભરાય એના માટે શું આયોજન છે?

**શ્રી અશોક ભટ્ટ** : સાહેબ, પહેલી વસ્તુ એ છે કે, રાજ્ય સરકારના આયુર્વેદ ડૉકટરોની ૨૧૯ જગ્યાઓ ખાલી છે. ૧૭૦ ગયા વખતે જ્યારે આપણે માગણી મોકલી ત્યારે ૧૭૦ જગ્યા ખાલી હતી, અત્યારે કુલ ૨૧૯ થાય છે એટલે બાકીની ૪૯ જગ્યાઓ માટે પણ માગણીપત્રક મોકલી આપવામાં આવ્યું છે અને જાહેર સેવા આયોગને અમે વિનંતી કરવાના છીએ કે આ બધી જગ્યા એકી સાથે ભરવાના પ્રયાસ થાય અને એ યાદી આવતાની સાથે આપણે તાત્કાલિક એ આપણે જગ્યા ભરી દઈશું.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વર્ગ-૨ આયુર્વેદ અધિકારીની છેલ્લે ક્યારે ભરતી કરવામાં આવી અને બીજો જે જવાબ આપ્યો છે, એના જવાબમાં ૧૨૦ જગ્યાઓ તો માત્ર આદિવાસી એરિયાની ખાલી છે તો માનનીય મંત્રીશ્રીને એ પણ પૂછવા માગું છું કે જેમ હમણાં જાહેરાત કરી બાકીની PHC, CHC centerના ડૉકટરો ખાનગી પ્રેકટીસ નોકરી સિવાયના સમયમાં એજ વ્યવસ્થા પ્રમાણે આયુર્વેદ અધિકારીઓના વિષયમાં લાગુ પડશે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : સાહેબ, ખાનગી પ્રેકટીસની જે જાહેરાત કરવામાં આવી છે એ આયુર્વેદ માટે પણ લાગુ પડશે, છેલ્લી તારીખ નથી, પરંતુ છેલ્લે વર્ગ-૩ના ગણાતાં હતા એ તા.૧૯-૧-૨૦૦૪થી વર્ગ-૨ ના ગણ્યા છે. જેટલી વર્ગ-૨ની સંખ્યા ૨૧૯ થાય છે અને ૨૧૯ની ભરતી માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે. જેમાં જાહેર સેવા આયોગને ઝડપથી ભરવા માટે લખ્યું છે અને વધારે ઝડપથી ભરવા માટે અમે લખીશું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે જિલ્લા પંચાયત સંકલિત જે દવાખાના હતા. એ દવાખાના જિલ્લા પંચાયત પાસે સ્વભંડોળ ના હોવાને કારણે બંધ થયા. પરંતુ દવાખાનાનું મકાન, ડૉકટરને રહેવાનું કવાર્ટર તેમજ દવાખાનાને લગતી બધી જ સુવિધા હાલ હયાત છે તો આ દવાખાનું સરકાર પોતાના હસ્તક લઈ અને ફિકસ પગારથી પણ શરૂ કરવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : સાહેબ, વિગતો મેળવીને આયોજન અંગે વિચારણા કરવામાં આવશે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, અમારે બનાસકાંઠામાં એલોપથીમાં હતું, પણ કોઈ આવતું નહતું. આયુર્વેદની પણ ૨૬માંથી ૧૩ જગ્યા ખાલી છે તો આ જગ્યા ક્યારથી ખાલી છે અને ક્યારે ભરાશે? જેમ ચંદ્રિકાબહેને કહ્યું એમ જિલ્લા પંચાયત ડીસાના મારા બે દવાખાના સરકારે એને લઈ લીધા છે, એનો ખર્ચ સરકારે કરવાનો છે. લીધેલા છે એવો કાગળ મળ્યો પણ એક વર્ષથી ચાલુ નથી થયા. મકાન અને બીજું બધું જ છે તો આ ક્યારથી ચાલુ કરાશે અને આ જગ્યા ક્યારે ભરાશે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, જગ્યાની ત્યાંથી પસંદગી થઈને યાદી આવશે અને જે જિલ્લા પંચાયતની જગ્યા હતી એજ પ્રમાણે મેં જિલ્લામાં ખાલી જગ્યા બતાવી છે એ પ્રમાણે ભરી ચાલુ કરવામાં આવશે.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કુલ ૨૧૯ જગ્યાઓ ખાલી બતાવી છે. એમાં પંચમહાલમાં-૧૯ અને સાબરકાંઠામાં ૨૩ છે તો એ જે આરોગ્ય દવાખાનાઓનું સેટ અપ કેટલું છે ?

**શ્રી અશોક ભટ્ટ** : એક દવાખાનામાં એક ડૉકટર છે.

## માનસિક આરોગ્ય નીતિ અંગે

***૧૬૭૭૦ ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજય સરકારે માનસિક આરોગ્યની નીતિ ઘડવાનો વિચાર કર્યો છે કે કેમ,

(૨) જો હા, તો કયારે ઘડાશે તે નીતિની વિગતો શી છે, અને

(૩) અમલ કયારથી થવાની સંભાવના છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) અને (૨) : હા, જી. આ બાબત વિચારણા હેઠળ છે.

(૨) વહેલી તકે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, માનસિક રોગથી જે દર્દીઓ પીડાતા હોય છે એમની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ હોય છે, ઘરમાં કે સમાજમાં એમની સ્વીકૃતિ હોતી નથી અને માનસિક રોગના બધા જ દર્દીઓને દવાખાનામાં દાખલ કરી શકાતા નથી, રાજય સરકારે માનસિક આરોગ્યની નીતિ ઘડવાનો જે વિચાર કર્યો છે એ ખૂબ ખૂબ આવકારદાયક છે. આપના મારફતે મંત્રીશ્રીને મારે પૂછવું છે કે, આ અંગેની શી યોજના બની છે, વિચારણા કયા તબક્કે છે અને નીતિ અંગેની શું વિગતો છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો આ નીતિ રાજય સરકારે ખૂબ ચિંતન કરીને કરેલ છે. આઈ.આઈ.એમ. જેવી સંસ્થાને પણ આમાં સાંકળવામાં આવી છે. સૌથી પહેલાં આ નીતિનું મુખ્ય બિંદુ એ છે કે, Foundation for Mental Health and Allied Services નામની કંપની બનાવાશે અને એના નેતૃત્વ નીચે રાજયમાં ૧૪ પાયલોટ પ્રોજેકટો આજે પણ હાથ ધરવામાં આવ્યા છે અને છેલ્લા દોઢ વર્ષથી એટલે આખી નીતિ પ્રાયોગિક રીતે ચાલી રહી છે, રાજયમાં જામનગર સિવાય જે ત્રણ જગ્યા છે ત્યાં માનસિક રોગીને સુવિધા ફેમિલી સાથે રહેવાની પણ જોગવાઈ થઈ છે. છેલ્લે છેલ્લે બહુ પરિસ્થિતિ મુશ્કેલજનક સર્જાતી જાય છે, કારણ કે, હતાશા વધતી જાય છે તેમ તેમ માનસિક રોગીના દર્દીઓની સંખ્યા પણ વધતી જાય છે (અંતરાય) મેં ચૂંટણીની વાત નથી કરી, હતાશા કોઈપણ પ્રકારની આવે ત્યારે માનસિક રોગના દર્દીઓ વધતા જાય છે અને એટલા માટે હતાશા ન આવે, નિરાશા ન આવે એ માટે અમે I.E.C. એકટિવિટી કરવા માગીએ છીએ કે લોક શિક્ષણ થાય અને માનસિક રોગના દર્દીઓ ઓછા થાય એ માટે પ્રાયોગિક રીતે ૧૪ પાયલોટ પ્રોજેકટો જે હાથ ધર્યા એમાંથી નવસારી, પંચમહાલ, સુરેન્દ્રનગર અને અમરેલીમાં પણ આ કાર્યક્રમ હાથ ધરેલ છે એમાં O.P.D., N.G.O., સ્વૈચ્છિક સંસ્થાઓ આ બધાનો સહયોગ લીધો છે.

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું આરોગ્ય મંત્રીશ્રીનો આભાર માનું છું કે, એમને આ પ્રમાણે જે વિચારણા કરી છે એ ખરેખર સમયને અનુરૂપ છે અત્યારે સમય અને સંજોગો જે પ્રમાણે બદલાતા ગયા અને એના કારણે સાઈકયાટ્રીકસની જરૂર ખૂબ જ વધી છે એવા વખતે સમાજમાંથી લોકો સાઈકયાટ્રીકસ પાસે જતા સંકોચ અનુભવે છે, કારણ કે, જનરલી આવું હોય છે કે, સમાજમાં સાઈકયાટ્રીકસ પાસે જનારા લોકો મેન્ટલી રિટાયર્ડ હોય એવા લોકો જતા હોય છે ત્યારે જે પ્રમાણે શારીરિક આરોગ્યની ચિંતા કરી સરકારે જે પ્રમાણે આરોગ્ય મેળા અને પબ્લિકમાં અવેરનેશ કાર્યક્રમો કરે છે એજ પ્રમાણે આ માનસિક આરોગ્યની ચિંતા કરીને આ સરકાર કોઈ આરોગ્ય મેળા કે બીજી કોઈપણ રીતે આ માનસિક અવેરનેશ માટેના કોઈ કાર્યક્રમો કરવા માગે છે કે કેમ ?

**શ્રી અશોક ભટ્ટ** : અમે તો કરવા માગીએ છીએ કારણ કે, આ આખા રાજયમાં માનસિક રોગના દર્દીઓ માટે એક એવું લોક શિક્ષણ હોઈ શકે એના માટે એક વી.ડી.ઓ. કેસેટ તૈયાર કરાવેલ છે, એનું નામ છે "તરંગ" અને માનનીય સભ્યશ્રીઓને આ "તરંગ' નામની કેસેટ જોવી હશે તો એ બધાને આપીશું.

**અધ્યક્ષશ્રી .** : પહેલા પૂછી જુઓ, જોવા કેટલા તૈયાર છે ?

**શ્રી અશોક ભટ્ટ** : મારી બતાવવાની તૈયારી છે અને હું ખાતરી આપું છું, એનાથી માનસિક રોગ નહીં ફેલાય એટલે "તરંગ" નામની કેસેટ તૈયાર છે એનું પ્રદર્શન પણ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : તમે તો એ "તરંગ" જોઈ છે કે નહીં? પછી અમે જોઈએ.

**શ્રી અશોક ભટ્ટ** : મેં જોઈ છે, આપને હું મોકલી આપીશ.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ માનસિક આરોગ્યની નીતિ દ ડવાના પ્રશ્નની અંદર આ બાબત વિચારાધીન છે એવો જવાબ આપ્યો. છેલ્લા વર્ષમાં સ્થાપિત હિતો દ્વારા લોકોના માનસિક આરોગ્યની સ્થિતિ ઉપર ગંભીર જોખમ ઉભું કરવામાં આવ્યું છે. મંત્રીશ્રીએ જવાબ આપ્યો માનસિક રોગના લોકોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે ત્યારે આ બાબતમાં વિચારણા કરવાની પહેલ કરી છે એટલે સરકારને અભિનદન આપું છું પણ મારે મંત્રીશ્રીને પૂછવું છે કે માનસિક આરોગ્ય નીતિ બનાવવા માટે કોઈ સમિતિની રચના કરવામાં આવી છે કે કેમ અને આ સમિતિમાં જે જે સભ્યો છે એમની માનસિક સ્થિતિની ચકાસણી કરવામાં આવેલ છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મને એમ હતું કે આ પ્રશ્ન ખૂબ ગંભીરતાથી લેશે કારણકે રાજય સરકારે આ પ્રશ્નને ખૂબ જ ગંભીરતાથી લીધો છે. ઈન્ડીયન ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટની દેખરેખ નીચે કામ થાય છે એટલે ઈન્ડીયન ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ જેવી સંસ્થા આખી પૉલિસીમાં સહભાગી સંસ્થા હોય અને મને એમ કહે કે એમની માનસિક સ્થિતિની તપાસ કરવાની થાય તો કેવું થાય? (અંતરાય) પહેલાં મેં એમ માન્યું કે આ પ્રશ્નને ખૂબ ગંભીરતાથી લીધો છે પણ પછી લાગ્યું કે ઘણીવાર આવું થાય છે તમે માનસિક રોગના દર્દી પાસે જાવ તો એટલો બધો ડાહયો દેખાય (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, લોકોમાં ભ્રમણા છે કે માનસિક રોગીની જે સારવાર કરતા હોય એનું માનસિક સ્વાસ્થ્ય ચકાસવા જેવું છે. મને લાગે છે કે અશોકભાઈ પણ માનસિક રોગના મંત્રીશ્રી છે એટલે આવી ભ્રમણા નથીને?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એમની ભ્રમણા દૂર કરવા માટે હું ચોકકસ ખાતરીપૂર્વક અને ખૂબ ગંભીરતાપૂર્વક કહું છું કે હું દર ૨૮ મી જાન્યુઆરીએ માનસિક રોગના દર્દીઓની વચ્ચે જઉ છું અને મારો જન્મ દિવસ ત્યાં મનાવું છું. આપને પણ જો આવવું હોય તો આવજો.

**શ્રી રણજિતસંહ ન. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાત રાજયમાં માનસિક રોગના કેટલા દર્દીઓ છે? એની સરકાર પાસે માહિતી છે?

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ. પ્રશ્ન ક્રમાંક: ૮

**હડકવાની રસીઓ ઉપલબ્ધ કરવા અંગે**

***૧૬૮૯૪ શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયમાં હડકવા વિરોધી રસી જિલ્લા મથકો પરની સિવિલ હોસ્પિટલોમાં પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવવા માટે સરકાર શું કાર્યવાહી કરવા માગે છે,

(૨) ભાવનગર સિવિલ હોસ્પિટલમાં આ રસી નહીં હોવાની ફરિયાદ મળેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો શું કાર્યવાહી કરવામાં આવી?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) વર્ષ ૨૦૦૫-૦૬ તેમજ ૨૦૦૬-૦૭ માં અનુક્રમે ૮.૫૦કરોડ તેમજ ૧૦.૫૦કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. કુલ ૩૪૦૦૦૦ ડોઝ ખરીદવાના ઓર્ડર આપેલ છે. તે પૈકી ૧૦૩૪૬૮ વાયલ અત્યાર સુધીમાં મળી ગયેલ છે.

(૨) હા.જી.

(૩) ભાવનગર સિવિલ હોસ્પિટલને માહે જુન-૦૫થી ફેબ્રુઆરી-૦૬ સુધી કુલ ૨૦૩૦ ડોઝ ફાળવેલ છે તેમજ તમામ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ અને વિભાગીય નાયબ નિયામકશ્રીઓને પ્રવર્તમાન નિયામાનુસાર જરૂરિયાત મુજબનો જથ્થો ખરીદવા મંજૂરી આપવામાં આવેલ છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, પેટા પ્રશ્ન-૨ના જવાબમાં લખેલું છે. હાજી. પ્રશ્ન-૩માં જૂન-૦૫ થી ફેબ્રુઆરી-૦૬ સુધીમાં કુલ ૨૦૩૦ ડોઝ ફાળવેલ છે. મારે જાણવું છે કે જૂન-૦૫ થી ફેબ્રુઆરી-૦૬ સુધીમાં ૨૦૩૦ ડોઝ ફાળવ્યા તો સિવિલ હોસ્પિટલ ભાવનગરની દર માસિક જરૂરિયાત કેટલી છે એ વ્યાજબી હતા કે કેમ અને જો અપૂરતા હોય તો જથ્થો કાયમી રીતે જળવાય એ માટે શું વ્યવસ્થા કરી અને બીજો પ્રશ્ન એ છેકે આ હડકવાની રસીનો હમણા થોડા દિવસ પહેલા એક વર્ષથી નિર્ણય લીધો છેકે ખાલી બી.પી.એલ.કાર્ડધારકો હોય એને ફ્રી ઓફ ચાર્જ આપવા બાકીના પાસેથી સો રૂપિયા લેવાના તો સવાલ એ છે કે કેટલાક લોકો એવા છે કે સો રૂપિયા ખર્ચીને ઈન્જેકશન પૂરતા નહીં લે અને ભવિષ્યમાં એને કાંઈ થશે તો આખા સમાજ માટે જોખમરૂપ થશે એટલે આખી બાબતની સમીક્ષા કરીને સરકાર એના ઉપર પૂન:વિચારણા કરવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એક વાત સાચી છે કે પહેલા જે વેકસીન આપવામાં આવતી હતી એ રાજય સરકારના વેકસીન ઈન્સ્ટીટયૂટમાં બનતી હતી અને લગભગ ૫૦૦૦ જેટલા ઘેટા મારીને એના ભેજામાંથી વેકસીન બનાવવામાં આવતી હતી પછી કેન્દ્ર સરકારે નકકી કર્યા મુજબ ટીસ્યુ કલ્ચર વેકસીન વાપરવાનું નકકી કર્યું અને રાજય સરકારે ટીસ્યુ કલ્ચર વેકસીન બનાવનાર કંપની પાસેથી ૧૦૫૬૧૮ ડોઝ મેળવ્યા એમાં થોડો વખત વચ્ચેનો ગાળો એવો ગયો કે જેને કારણે તંગી ઉભી થઈ પણ તંત્રમાં લોકોને મુશ્કેલી ન પડે એટલા માટે રાજય સરકારે સ્થાનિક ડોકટરને લોકલ માર્કેટમાંથી ખરીદવાની છૂટ આપી હતી. અત્યારે ફરીથી ૨૩૪૩૮૨ ડોઝનો જથ્થો આપેલો છે અને ઓર્ડર મુજબ પણ આપી દીધો છે. એટલે જરૂરિયાત મુજબ જથ્થો પ્રાપ્ત છે. હવે તંગી રહેશે નહીં.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : બીજો પ્રશ્ન.

**શ્રી અશોક ભટ્ટ** : પહેલા ટીસ્યુ કલ્ચર છે ને સામાન્ય રીતે ઓપન માર્કેટમાં મળતી હતી. ૩૦૦ રૂપિયાની સરેરાશ કિંમત પ્રમાણે લોકો ખરીદીને ઓલ્ટરનેટિવ તરીકે વાપરતા હતા. રાજ્ય સરકારે એ જ ૩૦૦ વાળીને ખુલ્લા બજારની અંદરથી ખરીદીને ગરીબી રેખા નીચેના જે લોકો હતા, એના માટે મફત રાખ્યું અને જે લોકો ગરીબી રેખા ઉપર હતા એને માટે ૩૦૦ થી ખુલ્લા બજારમાં ખરીદતા હતા, એના માટે ૧૦૦ રૂપિયા એ.પી.એલ. પાસેથી લેવાનું નક્કી કરેલ છે. બાકીનું સૂચન છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું છે કે ૨૦૦૫-૦૬ માં ૮.૫ કરોડ અને ૨૦૦૬-૦૭ માં ૧૦.૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે, તો મહેસાણા જિલ્લામાં અત્યારે કોઈ જગ્યાએ હડકવાની રસી નથી અને આટલા પૈસા ફાળવ્યા હોય તો મહેસાણા જિલ્લામાં કેટલી રસી તમે આજદિન સુધીમાં મોકલી અને કેટલી મોકલવા માગો છો?

**શ્રી અશોક ભટ્ટ** : આજે તો બધા જિલ્લામાં રસીઓ પૂરી પાડી છે, તેમ છતાં માનનીય સભ્યશ્રી જણાવશે કે એમના સામૂહિક આરોગ્ય કેન્દ્ર કે કોઈપણ હોસ્પિટલમાં ન હોય તો સાંજ સુધીમાં પહોંચી જશે.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : હડકવાનો રોગ અટકાવી શકાય છે, પણ એક વખત કોઈને રોગ થાય તો દર્દી બચી શકતો નથી. આ ગંભીરતાને ધ્યાનમાં લઈને જ્યારે જ્યારે જિલ્લા મથકોએ આ રસી ઉપલબ્ધ ન હોય તો તેવા આકસ્મિક સંજોગોમાં કાયમી ધોરણે જે સિવિલ હોસ્પિટલના અધીક્ષક હોય એને એ સત્તા આપવામાં આવે કે સારી ગુણવત્તાવાળી રસી ખરીદીને રાખે એવી સત્તા આપવા માગો છો કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : સત્તા આપવા માગીએ છીએ અને જાન્યુઆરી-૨૦૦૫ થી ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં ૪૬૮૦૭ વ્યક્તિઓને હડકવાની રસી મુકવામાં પણ આવેલ છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે ૨૦૦૫-૦૬ માં ૮.૫૦ કરોડની જે જોગવાઈ હતી, એ જોગવાઈ મુજબ ડોઝ ખરીદવામાં આવ્યા હતા કે કેમ? અને એમાંથી કેટલા વાપર્યા છે અને ભાવનગર હોસ્પિટલની ફરિયાદ મળી છે તો કઈ તારીખે ફરિયાદ મળી છે?

**શ્રી અશોક ભટ્ટ** : ફરિયાદ મળી છે. ફરિયાદના આધારે તરત જ પગલાં લેવામાં આવેલ છે. જે રૂપિયા ગયા વર્ષના બજેટમાં મૂક્યા એ વાપરવામાં આવ્યા છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : ૮.૫૦ કરોડમાંથી કેટલાની ખરીદી કરી?

**શ્રી અશોક ભટ્ટ** : એ ટેબલ ઉપર મૂકીશ.

**શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી** : આપના દ્વારા મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે હડકવાની રસી કેવા દર્દીને જરૂર પડે છે અને દર્દ થવાનાં કારણો શાં છે?

**શ્રી અશોક ભટ્ટ** : કૂતરા જેવા પ્રાણી કરડે તો હડકવા લાગે છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : આમ તો ગૃહમાં અમારા પક્ષનો વિષય નથી, પરંતુ આપની ઑફિસના સંદર્ભમાં કયું એવું રહસ્ય છે કે, સાતમો અને આઠમો પ્રશ્ન જોડેજોડે આવ્યા. પહેલો માનસિક વાળો અને પછી આવ્યો હડકવા વાળો.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી જવાબ આપશે.

## ગુજરાત સ્ટૅમ્પ મૂલ્યાંકન કેન્દ્ર ગાંધીનગરને મળેલ અપીલ અરજીઓ અંગે

***૧૭૪૮૮ શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત સ્ટૅમ્પ મૂલ્યાંકન કેન્દ્ર ગાંધીનગર દ્વારા કેટલી અપીલ અરજીઓ સમય મર્યાદા બહારનું કારણ દર્શાવી પાછી મોકલી,

(૨) અપીલ અરજી સમય મર્યાદા બહાર હોવા છતાં તે દાખલ કરવાનાં શાં કારણો છે,

(૩) આ બાબતે અપીલ અરજદારોને થયેલા નુકસાન અંગે સરકાર શું કરવા માગે છે, અને

(૪) આવો નિર્ણય લેનાર અધિકારી સામે શાં પગલાં લીધાં?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) ૬૫૪

(૨) મુખ્ય નિયંત્રક મહેસૂલી પ્રાધિકારીના તા. ૩૧-૫-૯૬ના પરિપત્રની સૂચનાઓ મુજબ અપીલ અરજીઓ સમય મર્યાદા બહારની હોવા છતા સ્વીકારવામાં આવેલ, પરંતુ ચલાવવામાં આવેલ નથી.

(૩) આ બાબતે અપીલ અરજદારોને થયેલ નુકસાન અંગે સરકાર કાયદાકીય જોગવાઈ મુજબ યોગ્ય તે નિર્ણય લેશે.

(૪) સ્વીકારાયેલ અપીલો ચલાવવામાં આવેલ નથી. પરત કરવામાં આવી રહેલ છે, તેથી આવો નિર્ણય કરનાર અધિકારી સામે પગલાં લેવાનો પ્રશ્ન નથી.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : ડિસેમ્બર-૦૫ માં ગુજરાત સ્ટૅમ્પ મૂલ્યાંકન કેન્દ્ર ગાંધીનગર દ્વારા કેટલી અપીલ અરજીઓ સમય-મર્યાદામાં હોવા છતા દાખલ કરી અને સમય-મર્યાદા બહારની તો દાખલ કેમ કરી? દાખલ કરી તો નુકસાનનું શું અને આની ફેરવિચારણા કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : પ્રશ્ન ફરીથી પૂછો.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે, નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**રોજગાર કચેરી દ્વારા ઉમેદવારોના ઇન્ટરવ્યુ અને સવલતો**

૧૭૬૧૭**શ્રી ચંદ્રકાન્ત. મો. પટેલ (ડભોઇ) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રોજગાર કચેરી દ્વારા નોકરી માટે ભલામણ કરવામાં આવેલ ઉમેદવારોને ઇન્ટરવ્યુના સ્થળે જવા કોઇ સવલત આપવામાં આવે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા પ્રકારની સવલત આપવામાં આવે છે ? | (૨) ઉમેદવારના રહેઠાણના સ્થળેથી ઈન્ટરવ્યુના સ્થળ સુધીનું આવવા તથા જવાનું એસ. ટી. ભાડુ ચુકવવાની યોજના અમલમાં છે. |

**સાણંદ તાલુકામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને મંજૂરી અંગે**

૧૬૯૭૬ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નીચે કેટલી વસ્તીને સેવાઓ આપવાની મર્યાદા નક્કી કરવામાં આવેલ છે, | (૧) ભારત સરકારશ્રીની નીતી મુજબ ૧૯૯૧ CENSUS મુજબ બિન આદિજાતિ વિસ્તારમાં ૩૦,૦૦૦ની વસ્તીએ તથા આદિવાસી વિસ્તારમાં ૨૦,૦૦૦ની વસ્તીએ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સ્થાપવાનું ધોરણ છે. |
| (૨) એ હકીકત સાચી છે કે ઝોલાપુર તા. સાણંદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તે સરકારી નિયમો કરતાં વધારે વિસ્તાર તથા વસ્તીને તબીબી સેવાઓ પૂરી પાડે છે, | (૨) ના, જી. |
| (૩) જો હા, તો સાણંદ તાલુકામાં ઝોલાપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું વિભાજન કરીને આજ વિસ્તારમાં નવું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખોલવા માંગો છો કે કેમ, અને | (૩) ના, જી. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો હા, તો ક્યાં સુધીમાં ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ખાનગી ક્ષેત્રોમાં વધારે રોજગારી અન્વયે મેગા જોબ ફેર યોજવા અંગે**

૧૭૦૮૦ **શ્રી જશવંતસિંહ સોલંકી (સારસા) : માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ખાનગી ક્ષેત્રે વધુ રોજગારી મળી રહે તે માટે સરકારે મેગા જોબ ફેર યોજવાનું નક્કી કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૦૫-૦૬માં કેટલા મેગા જોબ ફેર યોજવાનું નક્કી કરેલ છે ? | (૨) ૧૫ |

-------------

## સુરત જિલ્લામાં જંગલ વસાહતના ગામડાઓમાં રસ્તાઓનું આયોજન

૧૬૫૮૩ **શ્રી ગણપતભાઈ વે. વસાવા (માંગરોળ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, વ્યારા, ઉચ્છલ, નિઝરના જંગલ વસાહતના ગામડાઓ કેટલા અને આ ગામડાઓ પૈકી ડામર રસ્તાઓનો લાભ કેટલા ગામડાને મળેલ છે, | (૧) |

| તાલુકો | જંગલ વસાહતના ગામની સંખ્યા | ડામર સપાટીનો લાભ મેળવતાં ગામોની સંખ્યા |
|---|---|---|
| માંડવી | ૫૭ | ૨૩ |
| વ્યારા | ૨ | ૨ |
| સોનગઢ | ૫ | ૨ |
| ઉચ્છલ | ૫ | ૫ |
| નિઝર | ૦ | ૦ |
| **કુલ** | **૬૯** | **૩૨** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ગામડાઓને ડામર રસ્તાના લાભ મળે તેના માટે સરકાર તરફથી કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા જી, |
| (૩) કેટલા સમયમાં લાભ મળશે ? | (૩) કામો પ્રગતિમાં છે. |

-------------

## આદિવાસી ખેડૂતો તેમજ બિન ખેતીની જમીનની કલમ ૭૩-એ અંગે

૧૬૨૮૧ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર કલમ ૭૩-એ ની કલમ આદિવાસી ખેડૂતોને લગાડવામાં આવે છે પરંતુ ખેતી સિવાયની બીન ખેતીની જમીન ઉપર પણ આજ કલમ લગાવે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ અંગે સરકાર કોઇ વિચારણા કરવા માંગે છે કે કેમ ? | (૨) ના, જી |

-------------

## બારડોલી તાલુકાની આશ્રમશાળાઓમાં ગેરરીતિઓ અંગે

૧૬૩૭૪ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં આદિજાતિ વિભાગ હસ્તકની કેટલી આશ્રમશાળા આવેલ છે, | (૧) પાંચ |
| (૨) આ આશ્રમશાળાઓમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિભાગ દ્વારા ક્યારે ક્યારે તપાસ કરવામાં આવી, | (૨) |

| ક્રમ | આશ્રમશાળાનું સ્થળ | નિરીક્ષણની તારીખ |
|---|---|---|
| ૧ | વાઘેચા | ૧-૧-૦૪, ૧૦-૯-૦૪ |
| ૨ | અકોટી | ૧૩-૭-૦૪, ૧૦-૯-૦૪<br>૨૯-૧-૦૫, ૧૦-૮-૦૫ |
| ૩ | બાલ્દા | ૧૩-૭-૦૪, ૧૦-૯-૦૪<br>૨૯-૧-૦૫, |
| ૪ | ગોજી | ૧૩-૭-૦૪, ૯-૮-૦૫ |

| | | |
|---|---|---|
| ૫ | મઢી | ૧૩-૭-૦૪, ૨૫-૧૧-૦૫ |

(૩) તપાસ દરમ્યાન કેટલી ગેરરીતિ સરકારના ધ્યાનમાં આવી, અને

(૩) બે આશ્રમશાળાઓમાં ૯ અનિયમિતતાઓ ધ્યાન પર આવી છે.

(૪) આ અંગે શું પગલાં ભરવામાં આવ્યા ?

(૪) એક સંસ્થાને તાકીદ કરવામાં આવી છે. અને બે સંસ્થાઓની ગ્રાન્ટ કાપ કરેલ છે.

-------------

**મેઘરજ અને માલપુર તાલુકામાં વનીકરણ**

૧૬૭૬૫**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મેઘરજ અને માલપુર તાલુકામાં કેટલા રોપાઓનું કેટલી જમીન પર વનીકરણ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મેઘરજ અને માલપુર તાલુકામાં નીચે મુજબ વનીકરણ કરવામાં આવ્યું.

| **વર્ષ** | **તાલુકો** | **વાવેતર કરેલ વિસ્તાર (હેકટર)** | **વાવેતર કરેલ રોપા (લાખમાં)** |
|---|---|---|---|
| ૨૦૦૪-૦૫ | મેઘરજ | ૪૮૦ | ૩.૨૩ |
| | માલપુર | ૧૨૨ | ૦.૭૮ |
| ૨૦૦૫-૦૬ (તા.૩૧-૧૨-૦૫ સુધી) | મેઘરજ | ૭૨૮ | ૪.૯૦ |
| | માલપુર | ૧૫૧ | ૧.૦૨ |
| | કુલ : | ૧૪૮૧ | ૯.૯૩ |

(૨) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) તે માટે નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| **વર્ષ** | **તાલુકો** | **ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | મેઘરજ | ૩૩.૬૭ |
| | માલપુર | ૬.૬૦ |
| ૨૦૦૫-૦૬ તા. ૩૧-૧૨-૦૫ સુધી | મેઘરજ | ૪૭.૯૫ |
| | માલપુર | ૮.૦૦ |
| | **કુલ :** | **૯૬.૨૨** |

(૩) આ સમય દરમ્યાન કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવી, અને

(૩) આ સમય દરમિયાન મેઘરજ અને માલપુર તાલુકામાં વન તલાવડી બનાવવામાં આવેલ નથી.

(૪) દરેક પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ઇ-ધરા લેન્ડ રેકોર્ડઝ મેનેજમેન્ટ માટે માંગેલ સહાય**

૧૬૭૫૨ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શું રાજ્ય સરકારે ઇ-ધરા લેન્ડ રેકોર્ડઝ મેનેજમેન્ટ સીસ્ટમ માટે કેન્દ્ર સરકાર પાસેથી સહાયતા માંગી છે, અને

(૨) જો હા, તો ક્યા ક્યા જીલ્લાઓ માટે અને કેટલી ?

**જવાબ**

(૧) અને (૨) : ઈ-ધરા લેન્ડ રેકોર્ડઝ મેનેજમેન્ટ સીસ્ટમ ૧૦૦ ટકા કેન્દ્ર સહાયિત યોજના છે. જે અન્વયે હાલ સુધી ભારત સરકાર દ્વારા રૂા. ૨૫૬૮.૫૬ લાખની સહાય રાજ્ય સરકારને સમગ્ર રાજ્ય માટે આપવામાં આવેલ છે.

-------------

**શહેરા અને લુણાવાડામાં ખેડૂતોને જમીન નિયમબધ્ધ કરવા અંગે**

૧૭૦૭૮ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જીલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકામાં સને ૧૯૮૦ પહેલાંની કુલ કેટલા ગામના ખેડૂતોની જંગલની જમીન ડીસેમ્બર-૦૫ની સ્થિતિએ નિયમબધ્ધ કરી, | (૧) પંચમહાલ જિલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકામાં સને ૧૯૮૦ પહેલાંની કુલ - ૮૫ ગામના- ૧૫૧૩ ખેડૂતોને જંગલની જમીન ડીસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ નિયમબધ્ધ કરી આપી છે. |
| (૨) તે પૈકી કેટલા અને ક્યા ગામના કેટલા ખેડૂતોની સ્થળ પ્રશ્નના અભાવે જમીનો નિયમબધ્ધ કરી નથી, અને | (૨) આવા કોઈ ઈસમ નથી. |
| (૩) આવા બાકી ખેડૂતોને ક્યારે અને કેટલા સમયમાં જમીન નિયમબધ્ધ કરી આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**બનાસકાંઠા જિલ્લામાં ગામતળ નિમ કરવાની પડતર અરજીઓ**

૧૭૨૧૮ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગામતળ નિમ કરવાની દરખાસ્તો કેટલી પડતર છે, | (૧) ૧૭ (સત્તર) |
| (૨) પડતર પડેલી દરખાસ્તો અંગે સરકારે કોઇ વિચારણા કરેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું વિચારેલ છે ? | (૩) બનતી ત્વરાએ. |

**જમીન ખરીદવા અંગે સરળ પ્રક્રિયાનું આયોજન**

૧૭૦૭૯ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં કોઇ પણ જ્ગ્યાએ જમીન ખરીદવી હોય તો ગણોતધારા અન્વયે ખેડૂત હોવાનું પ્રમાણપત્ર રજૂ કરવું પડે છે તેનાથી ઘણોજ સમય થતો હોઇ આ પ્રક્રીયામાં સરળીકરણ લાવી, વિલંબ નિવારવા સરકાર કોઇ પગલા લેવા માંગે છે, અને | (૧) અને (૨) રાજ્યમાં કોઈપણ જ્ગ્યાએ જમીન ખરીદવી હોય તો ગણોતધારા અન્વયે ખેડૂત પ્રમાણપત્ર મેળવવા જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે અને સામાન્યતઃ પ્રમાણપત્ર આપવામાં વિલંબ થતો ન હોઈ અન્ય કોઈ પગલાં લેવાનો પ્રશ્ર ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો શું પગલાં લેવા માંગે છે ? | |

-------------

**ભાવનગર જિલ્લામાં આરોગ્યની સંવર્ગવાર ખાલી જગાઓ**

૧૭૨૧૭**ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર કેટલી જગાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) **સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ.**

| સંવર્ગનું નામ | ખાલી જગ્યા |
|---|---|
| વર્ગ--૧ | ૧૦ |
| વર્ગ--૨ | ૭ |
| વર્ગ--૩ | ૫૪ |

| | |
|---|---|
| | વર્ગ--૪ ૫૧ |
| (૨) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ? | (૨) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ. |

-------------

**સાબરકાંઠા જિલ્લામાં જમીન દફ્તરની આવક અંગે**

૧૭૨૧૨ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** | |
|---|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં વર્ષ પ્રમાણે જમીન દફ્તરના દાખલાઓ પેટે કેટલી આવકો થઇ, અને | (૧) | |
| | **વર્ષ** | **આવક** |
| | ૨૦૦૩-૦૪ | નકલો આપવાની કામગીરી તા. ૧૫-૮-૦૪થી શરૂ થયેલ હોઈ આવક થવાનો પ્રશ્ન નથી. |
| | ૨૦૦૪-૦૫ (તા. ૧૫-૮-૦૪ થી ૩૧-૩-૦૫) | રૂા. ૧૪,૨૦,૪૭૪ |
| | ૨૦૦૫-૦૬ (તા. ૧-૪-૦૫ થી ૩૧-૧-૦૬ સુધી) | રૂા. ૪૦,૪૦,૫૮૫ |
| (૨) આ આવકો વધારવા સરકારનું કોઇ આયોજન છે કે કેમ ? | (૨) ના, જી. | |

-------------

**શ્રમ આયુક્તની કચેરીમાં સંવર્ગવાર મહેકમ અને ખાલી જગ્યાઓ**

૧૬૯૦૨ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાન્યુ. ૦૬ના અંતે શ્રમ અને આયુક્તની કચેરીમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) પત્રક ""અ"" મુજબ |
| (૨) આ પેકી કઇ કઇ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, | (૨) પત્રક ""બ"" મુજબ |
| (૩) સરકારી શ્રમ અધિકારીઓની ઘટ ક્યા ક્યા જિલ્લાઓમાં છે, અને | (૩) પત્રક ""ક"" મુજબ |
| (૪) ક્યા કારણોસર ખાલી છે ? | (૪) ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે માંગણી પત્રક મોકલવામાં આવેલ છે. જાહેર સેવા આયોગ તરફથી ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવાની રહે છે. આ ઉમેદવારો ઉપલબ્ધ થાય ત્યાં સુધી બઢતીથી ખાલી જગાઓ ભરી શકાય પરંતુ ફીડર કેડરના કર્મચારીઓ અનુભવની લાયકાત ધરાવતા ન હતા. હવે ૫૬ માસના અનુભવની લાયકાત ધરાવતા ફીડર કેડરમાં કર્મચારી ઉપલબ્ધ થયેલ છે, તેવા કર્મચારીઓને સરકારી શ્રમ અધિકારી તરીકે બઢતી આપી ખાલી જગાઓ ભરવાની કાર્યવાહી ગતિમાં છે. |

**પત્રક-અ**

## શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદની મંજુર થયેલ જ્યાની વિગત લેબર વીંગ

(તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિ)

| ક્રમ | વર્ગ-૧ | મંજુર મહેકમ |
|---|---|---|
| ૧ | શ્રમ આયુક્ત | ૦૧ |
| ૨ | અધિક શ્રમ આયુક્ત | ૦૧ |
| ૩ | નાયબ શ્રમ આયુક્ત | ૦૬ |
| ૪ | મદદનીશ શ્રમ આયુક્ત | ૩૪ |
| ૫ | વહીવટી અધિકારી | ૦૧ |
| ૬ | નાયબ નિયામક | ૦૧ |
| | **વર્ગ-૨** | |
| ૧ | સરકારી શ્રમ અધિકારી | ૭૧ |
| ૨ | સંશોધન અધિકારી | ૦૩ |
| ૩ | હિસાબી અધિકારી | ૦૧ |
| | **વર્ગ-૩** | મંજુર થયેલ |
| ૧ | અધિક્ષક | ૦૮ |
| ૨ | ચકાસણીકાર | ૧૦ |
| ૩ | મજુર અન્વેષક | ૧૫ |
| ૪ | મુખ્ય કારકુન | ૦૩ |
| ૫ | લાયબ્રેરીયન | ૦૧ |
| ૬ | મ.સ.મ.અ. (૩) | ૦૩ |
| ૭ | પ્રવર કારકુન | ૭૦ |
| ૮ | ક્લાર્ક, ક્લાર્ક ટાઈપીસ્ટ, ટાઈપીસ્ટ | ૧૩૩ |
| ૯ | સ્ટેનો ગ્રેડ--૧ | ૨ |
| ૧૦ | સ્ટેનો ગ્રેડ--૨ | ૩ |
| ૧૧ | સ્ટેનો ગ્રેડ--૩ | ૩ |
| ૧૨ | ડ્રાયવર | ૧૩ |
| | **વર્ગ--૪** | |
| ૧ | હવાલદાર | ૦૧ |
| ૨ | દફતરી | ૦૧ |
| ૩ | બજવણીદાર | ૦૫ |
| ૪ | નાયક | ૦૧ |
| ૫ | પટાવાળા | ૭૯ |
| ૬ | ફરાશ | ૦૨ |
| ૭ | ચોકીદાર | ૦૩ |
| ૮ | પટાવાળા કમ ડ્રાઈવર | ૦૪ |

### પત્રક-બ

### શ્રમ આયુક્તની કચેરીમાં મંજુર થયેલ મહેકમ અન્વયે ખાલી જ્યા અંગેની માહિતી

| અ.નં. | સંવર્ગ કેડર | કુલ મહેકમ | ભરેલ જ્યા | ખાલી | કઈ તારીખથી ખાલી છે. | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અધિક શ્રમ આયુક્ત | ૧ | -- | ૧ | ૧-૧૦-૦૫ | |
| ૨ | નાયબ શ્રમ આયુક્ત | ૦૬ | ૦૪ | ૦૨ | ૧-૬-૦૫<br>૧-૭-૦૫ | તા. ૨૨-૨-૦૬ના રોજ બઢતીથી ના.શ્ર.આ.ની જ્યા ભરાયેલ છે. |
| ૩ | મદદનીશ શ્રમ આયુક્ત | ૩૪ | ૩૧ | ૦૩ | ૭-૫-૦૫<br>૬-૫-૦૫<br>૧-૩-૦૪ | તા. ૨૪-૨-૦૬ના રોજ બઢતીવાળી જ્યાએ હાજર થતાં વધુ બે જ્યા ખાલી પડેલ છે. |
| ૪ | નાયબ નિયામક | ૦૧ | ૦૧ | -- | | |
| ૫ | સરકારી શ્રમ અધિકારી | ૭૧ | ૫૨ | ૧૯ | ૨-૬-૦૧ | |
| ૬ | | | | | ૧૨-૧૦-૦૧<br>૧-૫-૨૦૦૨<br>૧૭-૬-૨૦૦૨<br>૧-૪-૦૩ | |

| અ.નં. | સંવર્ગ કેડર | કુલ મહેકમ | ભરેલ જ્યા | ખાલી | કઈ તારીખથી ખાલી છે. | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૧-૯-૦૩ | |
| | | | | | ૧-૯-૦૩ | |
| | | | | | ૧-૯-૦૩ | |
| | | | | | ૧-૯-૦૩ | |
| | | | | | ૧-૯-૦૩ | |
| | | | | | ૨૯-૧-૦૪ | |
| | | | | | ૧-૩-૦૪ | |
| | | | | | ૩૧-૭-૦૪ | |
| | | | | | ૩૧-૭-૦૪ | |
| | | | | | ૩-૮-૦૪ | |
| | | | | | ૧૭-૨-૦૫ | |
| | | | | | ૧-૭-૦૫ | |
| | | | | | ૩૧-૭-૦૫ | |
| | | | | | ૧-૧-૨૦૦૬ | |
| ૬ | મુખ્ય કારકુન | ૩ | ૨ | ૧ | ૭-૩-૦૫ | |
| ૭ | ક્લાર્ક, ક્લાર્ક ટાઈપીસ્ટ, ટાઈપીસ્ટ | ૧૩૩ | ૧૧૩ | ૨૦ | ૨૪-૬-૦૨ | |
| | | | | | ૧-૯-૦૨ | |
| | | | | | ૪-૧૨-૦૨ | |
| | | | | | ૨૦૦૨ | |
| | | | | | ૧૮-૧-૦૩ | |
| | | | | | ૧-૩-૦૩ | |
| | | | | | ૧-૫-૦૩ | |
| | | | | | ૭-૧-૦૪ | |
| | | | | | ૧૦-૨-૦૪ | |
| | | | | | ૩૦-૪-૦૪ | |
| | | | | | ૧૭-૫-૦૪ | |
| | | | | | ૨૧-૮-૦૪ | |
| | | | | | ૧૫-૯-૦૪ | |
| | | | | | ૭-૨-૦૫ | |
| | | | | | ૯-૨-૦૫ | |
| | | | | | ૨-૩-૦૫ | |
| | | | | | ૧-૭-૦૫ | |
| | | | | | ૧૦-૮-૦૫ | |
| | | | | | ૧૨-૮-૦૫ | |
| ૮ | ડ્રાઈવર | ૧૩ | ૧૨ | ૧ | ૧૫-૮-૯૭ | |
| ૯ | બજવણીદાર | ૦૫ | ૦૪ | ૧ | ૧-૩-૦૫ | |
| ૧૦ | નાયક | ૧ | -- | ૧ | ૧૭-૧-૦૫ | |
| ૧૧ | ફરાશ | ૪ | ૩ | ૧ | ૮-૬-૦૫ | |

## પત્રક-ક

## (૧) સરકારી શ્રમ અધિકારી (ઉદ્યોગ)ની ખાલી જ્યા

| અ.નં. | ક્યારથી જ્યા ખાલી પડેલ છે | ક્યા કારણસર ખાલી પડેલ છે | કઈ કચેરીની જ્યા ખાલી પડેલ છે. |
|---|---|---|---|
| ૧ | ૨-૬-૨૦૦૧ | શ્રી એમ. જી. પટેલ, સ.શ્ર.અ. વેરાવળને મ.શ્ર.આ.માં બઢતી મળતાં | સ.શ્ર.અ. (ઉદ્યોગ) વેરાવળ |
| ૨ | ૧-૫-૨૦૦૨ | શ્રી બી. આર. ઘોડીયા, સ.શ્ર.અ. નર્મદાની બદલી થતાં | સ.શ્ર.અ. (ઉદ્યોગ) રાજપીપળા (નર્મદા) |
| ૩ | ૧૭-૬-૨૦૦૨ | શ્રી એસ. એમ. દવે, સ.શ્ર.અ. ભાવનગરની બદલી થતાં | મ.શ્ર.આ. ની કચેરી ભાવનગર |
| ૪ | ૧-૪-૦૩ | શ્રી ડી. આર. શાહ, સ.શ્ર.અ. નિવૃત થતાં | ના.શ્ર.આ. અમદાવાદ વિભાગ, અમદાવાદ |
| ૫ | ૩૧-૭-૨૦૦૫ | શ્રી પી. આર. ત્રિવેદી, સરકારી શ્રમ અધિકારીની બદલી થતાં | શ્રમ આયુક્તની કચેરી, અમદાવાદ |
| ૬ | ૧-૯-૦૩ | શ્રી આર. એલ. પરમાર, સ.શ્ર.અ. નિવૃત થતાં | સ.શ્ર.અ. ની કચેરી, પાલનપુર |
| ૭ | ૧-૯-૦૩ | શ્રી કે. બી. પટેલ, સ.શ્ર.અ. બદલી થતાં | નાયબ શ્રમ આયુક્તની કચેરી અમદાવાદ વિભાગ, અમદાવાદ |
| ૮ | ૧-૯-૦૩ | શ્રી ડી. જી. સોની, સ.શ્ર.અ. ની બદલી થતા | -- ,, -- |
| ૯ | ૧-૯-૦૩ | શ્રી એચ. એસ. રાવલ, સ.શ્ર.અ. ની બદલી થતાં | સરકારી શ્રમ અધિકારીની કચેરી, જુનાગઢ |
| ૧૦ | ૧-૯-૦૩ | શ્રી એમ. એમ. વસાવા, સ.શ્ર.અ. ની બદલી થતાં | મ.શ્ર.આ.ની કચેરી, ગાંધીધામ |

| અ.નં. | ક્યારથી જ્યા ખાલી પડેલ છે | ક્યા કારણસર ખાલી પડેલ છે | કઈ કચેરીની જ્યા ખાલી પડેલ છે. |
|---|---|---|---|
| ૧૧ | ૨૯-૧-૦૪ | શ્રી એમ. ડી સાતા, સ.શ્ર.અ. બદલી થતાં | સરકારી શ્રમ અધિકારી (ઉ) જામનગરની કચેરી |
| ૧૨ | ૧-૩-૦૪ | શ્રી કે. એમ. પટેલ, સ.શ્ર.અ. નિવૃત થતાં | નાયબ શ્રમ આયુક્તની કચેરી, અમદાવાદ વિભાગ, અમદાવાદ |
| ૧૩ | ૩૧-૭-૦૪ | શ્રીમતી એસ. પી. મોદી, સ.શ્ર.અ.ની સી. ભ.થી.મ.શ્ર.આ. તરીકે નિમણુંક થતાં | નાયબ શ્રમ આયુક્તની કચેરી, અમદાવાદ વિભાગ, અમદાવાદ |
| ૧૪ | ૩૧-૭-૦૪ | શ્રી પી. એલ. પંચાલ, સ.શ્ર.અ. નીમ. શ્ર.આ. તરીકે નિમણુંક થતાં | શ્રમ આયુક્તની કચેરી, અમદાવાદ |
| ૧૫ | ૩-૮-૦૪ | શ્રી વી. વી. મહેતા, સ.શ્ર.અ. ની સી.ભ. થી મ.શ્ર.આ.તરીકે નિમણુંક થતાં | મ.શ્ર.આ. ની કચેરી, સુરેન્દ્રનગર |
| ૧૬ | ૧૭-૨-૨૦૦૫ | શ્રી એ. એમ. શાહ, સ.શ્ર.અ. ની બદલી થતાં | સ.શ્ર.અ. ની કચેરી, અમરેલી |
| ૧૭ | ૧-૭-૨૦૦૫ | શ્રી ઝેડ. બી. પટેલ, નિવૃત થતાં | મદદનીશ શ્રમ આયુક્તની કચેરી, પાટણ |
| ૧૮ | ૧૨-૧૦-૦૧ | કુ. એચ. જી. ધનેશાનું રાજીનામું મંજુર થતાં | ના.શ્ર.આ. અમદાવાદ વિભાગ, અમદાવાદ |
| ૧૯ | ૧-૧-૦૬ | શ્રી એમ. એચ. દવે, વયનિવૃત થતાં | શ્ર.આ. ની કચેરી, અમદાવાદ |

-------------

## રાજ્યના અનુસૂચિત જાતિના ઇસમોને કોર્ટ ફીમાંથી મુક્તિ

૧૫૧૦૨ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુ. ૨૦૦૬ની સ્થિતિએ રાજ્યના અનુસૂચિત જાતિના ઇસમોને કોર્ટ ફી એકટ તથા ભારતના બંધારણ મુજબ કોર્ટ ફી ભરવામાંથી મુક્તિ આપતાં કોઇ આદેશ રાજ્ય સરકારે બહાર પાડેલ છે કે કેમ, જો ના, તો આદેશ ક્યારે બહાર પાડવા માગો છો, અને

(૨) અનુસૂચિત જાતિના લોકોને ક્યા કારણોસર કોર્ટ ફીમાંથી મુક્તિ આપવામાં આવેલ નથી ?

**જવાબ**

(૧) ના. જી.

રાજ્યના અનુસૂચિત જાતિના ઈસમોને કોર્ટ ફી એકટ તથા ભારતના બંધારણ મુજબ કોર્ટ ફી ભરવામાંથી મુક્તિ આપવાની કોઈ જોગવાઈ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## સાબરકાંઠા જિલ્લામાં વન તલાવડીનો ખર્ચ

૧૭૦૭૫**શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ વર્ષમાં કેટલી વન તલાવડી બનાવવામાં આવી, અને

(૨) આ વન તલાવડી પેટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૦૫માં અનુક્રમે : ૧૪ અને ૩ વન તલાવડી બનાવેલ છે.

(૨) આ વન તલાવડી પેટે ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫માં અનુક્રમે : રૂા. ૩.૮૬ અને રૂા. ૪.૦૭ લાખ મળીને કુલ રૂા. ૭.૯૩ લાખ ખર્ચ કરવામાં આવેલ છે.

-------------

## ગ્રામ્ય વિસ્તારના આયુર્વેદિક દવાખાના બંધ કરવા અંગે

૧૬૮૯૧ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગ્રામ્ય વિસ્તારમાં આયુર્વેદિક દવાખાના બંધ કરવાનો સરકારે કોઇ નિર્ણય કર્યો છે, અને

**જવાબ**

(૧) અને (૨) ના, જી પરંતુ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને તેના નિયંત્રણ હેઠળની

(૨) જો હા, તો કારણો શું અને ક્યારથી બંધ કરવામાં આવ્યા ?

પરિવાર કલ્યાણ વિભાગ અને તેના નિયંત્રણ હેઠળની કચેરીઓના મહેકમમાં ૨૦ ટકા કાપ મુકવા અંગે તા. ૨૯-૯-૨૦૦૧ના રોજ મળેલ બેઠકમાં જેમ જેમ વેધ વર્ગ-૩નાને મેડીકલ ઓફિસર (આયુર્વેદ) વર્ગ-૨માં બઢતી આપવામાં આવે તેમ તેમ ખાલી પડતી વેધ વર્ગ-૩ની જગ્યાઓ તથા વર્ગ-૩નું દવાખાનું રદ કરવા નિર્ણય લેવામાં આવેલ છે.

-------------

## કડી તાલુકામાં જમીન બીન ખેતીમાં ફેરવવાની અરજીઓ

૧૭૫૧૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કડી તાલુકાના કડી નાની કડી અને કુંડાળ ગામની કેટલી અને ક્યા ક્યા સર્વે નંબરની જમીન બિનખેતીમાં રૂપાંતરીત કરવા માટેની અરજીઓ સરકારને મળી,

(૨) કેટલી અને ક્યા ક્યા સર્વે નં.ની જમીનને બિનખેતીમાં રુપાંતરીત કરવામાં આવી, અને

(૩) એક જ ગામની જુદી જુદી જમીનોને બિનખેતી રુપાંતરીત પ્રિમીયમની રકમ જુદી જુદી રાખવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) પરિશિષ્ટ--અ માં દર્શાવાયેલ સર્વે નંબરો વાળી ૫૨--અરજીઓ મળી

(૨) પરિશિષ્ટ--બ માં દર્શાવેલ ૩૪ સર્વે નંબરોની જમીનો.

(૩) જમીનના બજાર કિંમત અલગ અલગ હોવાથી.

## પરિશિષ્ટ--અ

**મોજે :--કડી--નાની કડી અને કુંડાળ ગામની પરિશિષ્ટ--અ માં દર્શાવેલ ૫૨ અરજીઓ મળી :--**

| ક્રમ | ગામનું નામ | સર્વે નંબર | ક્ષેત્રફળ ચો.મી | ક્રમ | ગામનું નામ | સર્વે નંબર | ક્ષેત્રફળ ચો.મી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | કડી | ૩૦૯/૧ | ૨૭૭૫ | ૩૦. | કડી | ૮૬૦ પે. | ૧૩૦૫ |
| ૨. | કડી | ૮૨૮/૨ | ૨૯૨૪ | ૩૧. | કડી | ૪૮૦ પે. | ૫૧૧૪ |
| ૩. | કડી | ૧૬૦૪/૩ | ૪૭૬ | ૩૨. | કડી | ૮૩૮/૧ | ૪૫૧૮ |
| ૪. | કડી | ૮૫૭/૧(અ) | ૩૬૫૮ | ૩૩. | કડી | ૧૧૧૭/૧ | ૮૨૦૫ |
| ૫. | કડી | ૯૯૭/૨ | ૧૦૨૦ | ૩૪. | કડી | ૧૦૫૬ | ૩૨૧૧ |
| ૬. | કડી | ૨૫૮/૧-૨ | ૧૦૩૫૨ | ૩૫. | કડી | ૯૬૨ | ૨૦૨૧૧ |
| ૭. | કડી | ૯૯૭/૩ | ૧૪૨૭ | ૩૬. | કડી | ૧૬૫ | ૨૮૫૪ |
| ૮. | કડી | ૧૮૪૭ | ૫૯૪૬ | | કડી | ૧૬૬ | ૨૪૯૭ |
| ૯. | કડી | ૧૮૪૬ | ૭૧૩૫ | | કડી | ૧૬૪ | ૬૮૯૭ |
| ૧૦. | કડી | ૮૨૬ | ૯૮૮૦ | | કડી | ૧૬૭/૨ | ૩૯૨૫ |
| ૧૧. | કડી | ૧૪૬૯/૩ | ૭૭૩ | | કડી | ૧૬૯ | ૩૦૯૨ |
| ૧૨. | કડી | ૫૧૪ પેકી | ૧૪૫૨૦ | | કડી | ૧૭૦ | ૫૮૨૭ |
| ૧૩. | કડી | ૪૬૧ | ૩૪૪૯ | ૩૭. | કડી | ૧૬૨૪/૨ | ૧૪૨૭ |
| ૧૪. | કડી | ૪૬૨ | ૮૫૬૨ | ૩૮. | કડી | ૯૦૧ | ૧૯૫૦૨ |
| ૧૫. | કડી | ૮૮૯ | ૧૦૪૫૯ | ૩૯. | કડી | ૩૦૦ પે. | ૧૪૮૫ |
| ૧૬. | કડી | ૩૧૦ | ૬૪૨૧ | ૪૦. | કડી | ૧૩૪૩ | ૪૧૬૨ |
| ૧૭. | કડી | ૪૬૪ | ૨૫૮૭૩ | ૪૧. | કડી | ૩૮૦ | ૯૦૩૮ |
| ૧૮. | કડી | ૧૬૪૨ | ૨૨૩૬ | ૪૨. | નાની કડી | ૨૬૭ પે. | ૧૭૨૫ |
| ૧૯ | કડી | ૩૦૦ | ૧૨૫૦ | ૪૩. | નાની કડી | ૨૬૮ | ૧૦૬૯૯ |
| ૨૦. | કડી | ૧૦૨૦ | ૧૩૦૮૦ | ૪૪. | નાની કડી | ૧૬૮(અ)પેકી | ૨૪૨૩ |
| ૨૧. | કડી | ૧૬૨૩ | ૧૨૦૧૧ | ૪૫. | નાની કડી | ૪૪૦/૧ | ૧૦૩૪૫ |
| ૨૨. | કડી | ૯ | ૧૩૬૮૫ | ૪૬. | નાની કડી | ૪૧૬/૧ | ૧૭૯૫૭ |
| ૨૩. | કડી | ૩૪૩/૧ પે. | ૫૦૦૩ | ૪૭. | નાની કડી | ૪૧૮ | ૧૪૩૦૯ |
| ૨૪. | કડી | ૧૮૪૫ | ૯૮૭૦ | ૪૮. | નાની કડી | ૨૫/૧ | ૭૬૮૯ |
| ૨૫. | કડી | ૩૮૨ | ૬૮૬૧ | ૪૯. | કુંડાળ | ૪૪૨ | ૪૫૫૩ |
| ૨૬. | કડી | ૧૩૩૭/૨ | ૨૭૬૩ | ૫૦. | કુંડાળ | ૪૯૫/૧ | ૧૫૦૫૧ |
| ૨૭. | કડી | ૯૮૦ પે | ૧૪૨૭ | ૫૧. | કુંડાળ | ૪૯૩ | ૨૮૩૩ |
| ૨૮. | કડી | ૯૮૦ પે | ૧૪૨૭ | ૫૨. | કુંડાળ | ૫૧૦ | ૫૯૬૯ |
| ૨૯. | કડી | ૧૩૧૯/૧ | ૧૦૨૨૮ | | | | |

## પરિશિષ્ટ--બ

**નીચે દર્શાવેલ સર્વે નંબરોવાળી જમીનો પેકી કોલમ--૪ માં દર્શાવાયેલ ક્ષેત્રફળ જેટલી જમીનો બિનખેતીમાં રૂપાંતરીત કરવામાં આવી :--**

| ક્રમ | ગામનું નામ | સર્વે નંબર | ક્ષેત્રફળ (ચો.મી.) | બીનખેતી પરવાનગી આપવાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | કડી | ૩૦૯/૧ | ૨૭૭૫ | ૨૧-૩-૦૩ |
| ૨. | કડી | ૮૨૮/૨ | ૨૯૨૪ | ૪-૬-૦૩ |
| ૩. | કડી | ૧૬૦૪/૩ | ૪૭૬ | ૬-૮-૦૩ |
| ૪. | કડી | ૮૫૭/૧(અ) | ૩૬૫૮ | ૨૮-૮-૦૩ |
| ૫. | કડી | ૯૯૭/૨ | ૧૦૨૦ | ૨૨-૯-૦૩ |
| ૬. | કડી | ૨૫૮/૧-૨ | ૧૦૩૫૨ | ૨-૮-૦૩ |
| ૭. | કડી | ૯૯૭/૩ | ૧૪૨૭ | ૨૨-૫-૦૩ |
| ૮. | કડી | ૧૮૪૭ | ૫૯૪૬ | ૯-૭-૦૩ |
| ૯. | કડી | ૧૮૪૬ | ૭૧૩૫ | ૯-૭-૦૩ |
| ૧૦. | કડી | ૮૨૬ | ૯૮૮૦ | ૨૧-૧૧-૦૩ |
| ૧૧. | કડી | ૧૪૬૯/૩ | ૭૭૩ | ૨૧-૧-૦૪ |
| ૧૨. | કડી | ૫૧૪ પેકી | ૧૪૫૨૦ | ૨૯-૫-૦૪ |
| ૧૩. | કડી | ૪૬૧ | ૩૪૪૯ | ૧૫-૬-૦૪ |
| ૧૪. | કડી | ૪૬૨ | ૮૫૬૨ | ૧૫-૬-૦૪ |
| ૧૫. | કડી | ૮૮૯ | ૧૦૪૫૯ | ૧૫-૬-૦૪ |
| ૧૬. | કડી | ૩૧૦ | ૬૪૨૧ | ૧૯-૭-૦૪ |
| ૧૭. | કડી | ૪૬૪ | ૨૫૮૭૩ | ૧-૧૦-૦૪ |
| ૧૮. | કડી | ૧૬૪૨ | ૨૨૩૬ | ૧૬-૧૧-૦૪ |
| ૧૯ | કડી | ૩૦૦ | ૧૨૫૦ | ૨૭-૧૨-૦૪ |
| ૨૦. | કડી | ૧૦૨૦ | ૧૩૦૮૦ | ૫-૧૧-૦૪ |
| ૨૧. | કડી | ૧૬૨૩ | ૧૨૦૧૧ | ૨૯-૪-૦૫ |
| ૨૨. | કડી | ૯ | ૧૩૬૮૫ | ૧૭-૮-૦૫ |
| ૨૩. | કડી | ૩૪૩/૧ પે. | ૫૦૦૩ | ૧૩-૯-૦૫ |
| ૨૪. | કડી | ૧૮૪૫ | ૯૮૭૦ | ૧૪-૯-૦૫ |
| ૨૫. | કડી | ૩૮૨ | ૬૮૬૧ | ૨-૨-૦૬ |
| ૨૬. | કડી | ૧૩૩૭/૨ | ૨૭૬૩ | ૭-૨-૦૬ |
| ૨૭. | નાની કડી | ૨૬૭ પેકી | ૧૭૨૫ | ૧૮-૩-૦૪ |
| ૨૮. | નાની કડી | ૨૬૮ | ૧૦૬૯૯ | ૧૮-૩-૦૪ |
| ૨૯. | નાની કડી | ૧૬૮ (અ) પેકી | ૨૪૨૩ | ૩૧-૧૨-૦૩ |
| ૩૦. | નાની કડી | ૪૪૦/૧ | ૧૦૩૪૫ | ૨૯-૦૩-૦૪ |
| ૩૧. | નાની કડી | ૪૧૬/૧ | ૧૭૯૫૭ | ૧૮-૧-૦૬ |
| ૩૨. | નાની કડી | ૪૧૮ | ૧૪૩૦૯ | ૨૯-૯-૦૫ |
| ૩૩. | કુંડાળ | ૪૪૨ | ૪૫૫૩ | ૫-૩-૦૪ |
| ૩૪. | કુંડાળ | ૪૯૫/૧ | ૧૫૦૫૧ | ૨૬-૧૦-૦૪ |

-------------

**સ્ટેમ્પ ડ્યુટી કલેકટર રાજકોટ ખાતે દસ્તાવેજોની નોંધણી અને ૩૨-ક ના કેસો અંગે**

૧૬૫૮૬ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ શહેર અને જીલ્લાની સ્ટેમ્પ ડ્યુટી કલેકટર કચેરીમાં કેટલા દસ્તાવેજ નોંધવામાં આવ્યા,

(૨) નોંધવામાં આવેલ દસ્તાવેજો પેકી ૩૨-ક માં કેટલા દસ્તાવેજો મુલતવી રાખવામાં આવ્યા,

**જવાબ**

| (૧) | સને ૨૦૦૪ | સને ૨૦૦૫ | કુલ |
|---|---|---|---|
| રાજકોટ શહેર | ૨૩,૦૯૯ | ૩૪,૨૨૪ | ૫૭,૩૨૩ |
| રાજકોટ ગ્રામ્ય | ૩૧,૮૯૩ | ૨૯,૦૪૧ | ૬૦,૯૩૪ |
| કુલ | ૫૪,૯૯૨ | ૬૩,૨૬૫ | ૧,૧૮,૨૫૭ |

| (૨) | | | |
|---|---|---|---|
| રાજકોટ શહેર | ૩,૫૩૧ | ૩,૫૨૫ | ૭,૦૫૬ |
| રાજકોટ ગ્રામ્ય | ૪,૮૮૪ | ૩,૦૪૧ | ૭,૯૨૫ |
| કુલ | ૮,૪૧૫ | ૬,૫૬૬ | ૧૪,૯૮૧ |

(૩) આ સ્થિતિએ કુલ કેટલા દસ્તાવેજો ૩૨-ક માં નિકાલ થયા વગર પડતર છે, અને

| | | | |
|---|---|---|---|
| રાજકોટ શહેર | ૨,૦૪૫ | ૨,૦૯૫ | ૪,૧૪૦ |
| રાજકોટ ગ્રામ્ય | ૩,૮૬૫ | ૨,૨૫૧ | ૬,૧૧૬ |
| કુલ | ૫,૯૧૦ | ૪,૩૪૬ | ૧૦,૨૫૬ |

(૪) પડતર દસ્તાવેજોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) બનતી ત્વરાએ નિકાલ કરવાનું આયોજન છે.

-------------

## હાલોલ તાલુકામાં વન વિભાગના રસ્તાઓને ડામરની પરવાનગી

૧૬૮૮૬ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હાલોલ તાલુકાના ગરીયાલ તેમજ જાંબુઘોડા તાલુકાના પોયલી અને બોરકાચગામે જવાના રસ્તાઓ વચ્ચે વન વિભાગની જમીનો આવે છે ત્યાં રસ્તો છે તે ડામરનો કરવાની પરવાનગી આપવા માંગો છે કે કેમ, અને

**જવાબ**

(૧) (અ) હાલોલ તાલુકાનાં ગરીયાલ ગામે જવાના રસ્તા વચ્ચે જંગલની જમીન આવતી હોવાથી વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ પરવાનગી મેળવવા માટે કામ કરનાર સંસ્થાએ જરૂરી દરખાસ્ત રજૂ કરેલ નથી.

(બ) જાંબુઘોડા તાલુકાના પોયલી અને બોરકાચ ગામે જવાના રસ્તાઓ જાંબુઘોડા વન્ય પ્રાણી અભયારણ્યમાંથી પસાર થાય છે. જેથી બે જુદા-જુદા કાયદા હેઠળ પરવાનગી આપવાની થાય છે.

(૧) વન સંરક્ષણ ધારો-૧૯૮૦ હેઠળ જંગલની જમીનનો બિન જંગલ હેતુ માટે ઉપયોગ કરવા કામ કરનાર સંસ્થાએ પરવાનગી આપવા જરૂરી દરખાસ્ત કરેલ છે. જેમાં જંગલની જમીન સામે વળતર વનીકરણ માટેની બોજા રહીત જમીન સુચવી સંયુક્ત સર્વેની કાર્યવાહી પૂર્ણ કરેલ નથી.

(૨) વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ હેઠળ કામ કરનાર સંસ્થાએ મંજૂરી માંગેલ નથી.

(૨) જો હા, તો ક્યાર સુધી ?

(૨) ખંડ (૧) માં જણાવ્યા મુજબની પૂર્તતા થયેથી દરખાસ્ત સક્ષમ અધિકારીને મંજૂરી માટે મોકલી શકાય.

-----------

## રાજ્યમાં આશ્રમ શાળાઓની સંખ્યા

૧૬૮૮૫ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા (ભા.જ.પ.) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા. ૩૧/૧/૨૦૦૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલી અનુસૂચિત જનજાતિની આશ્રમશાળાઓ આવેલી છે, અને | | (૧) |

| ક્રમ | જિલ્લો | આશ્રમશાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ૪૬ |
| ૨ | સુરત | ૯૫ |
| ૩ | વડોદરા | ૩૮ |
| ૪ | ભરુચ | ૦૯ |
| ૫ | નર્મદા | ૪૫ |
| ૬ | પંચમહાલ | ૩૬ |
| ૭ | દાહોદ | ૭૦ |
| ૮ | વલસાડ | ૫૦ |
| ૯ | નવસારી | ૨૨ |
| ૧૦ | ડાંગ | ૧૨ |
| ૧૧ | બનાસકાંઠા | ૨૨ |
| ૧૨ | અમદાવાદ | ૦૧ |
| ૧૩ | ખેડા | ૦૧ |
| ૧૪ | પાટણ | ૦૧ |
| ૧૫ | જુનાગઢ | ૦૩ |
| ૧૬ | પોરબંદર | ૦૧ |
| ૧૭ | જામનગર | ૦૧ |
| ૧૮ | સુરેન્દ્રનગર | ૦૧ |
| | કુલ | ૪૫૪ |

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૨) ચાલુ નાણાંકીય વર્ષે દાહોદ જિલ્લામાં નવી કેટલી અનુસૂચિત જનજાતિની આશ્રમશાળાઓ શરૂ કરવાનું સરકારનું આયોજન છે ? | | (૨) એક પણ નહિ. |

-------------

## જાંબુઘોડા રેન્જમાં વાવાઝોડા અન્વયે પડી ગયેલ વૃક્ષો અને સર્વે

૧૬૭૫૯ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સને ૨૦૦૫ ના ગત ચોમાસામાં વરસાદ અને વાવાઝોડામાં જાંબુઘોડા રેન્જમાં કેટલા વૃક્ષો પડી ગયા, | (૧) સને ૨૦૦૫ના ચોમાસામાં વરસાદ અને વાવાઝોડાના કારણે જાંબુઘોડા વિસ્તરણ રેન્જમાં **૨૨૪** તથા જાંબુઘોડા વન્યપ્રાણી રેન્જમાં **૩,૨૪૫** મળી કુલ **૩,૪૬૯** વૃક્ષો પડી ગયા. |
| (૨) તેમાં કેટલા સાગના, કેટલા નીલગીરીના, અન્ય કેટલા, | (૨) તેમાં સાગના **૧,૯૫૧**, નીલગીરીના **૫૨** તથા અન્ય **૧,૪૬૬** વૃક્ષોનો સમાવેશ થાય છે. |
| (૩) તેનું સર્વે કરવામાં આવેલ છે કે કેમ, અને | (૩) હા. |
| (૪) જો હા, તો તે લાકડું તારીખ ૩૧-૧- | (૪) પડી ગયેલ વૃક્ષો પૈકી ૨૨૪ વૃક્ષોનું લાકડું |

| | |
|---|---|
| ૦૬ની સ્થિતિએ ક્યાં છે ? | જાંબુઘોડા વિસ્તરણ રેન્જ ડેપો પર લાવી હરાજી કરાયેલ છે જ્યારે જાંબુઘોડા વન્યપ્રાણી રેન્જમાં જે તે જગ્યાએ વન વિસ્તારમાં છે. |

-------------

**સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ, ડ્રાઈવરની સંખ્યામાં ઘટાડા અંગે**

૧૭૪૯૯ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં કુલ કેટલી એમ્બ્યુલન્સ છે તથા કેટલા ડ્રાઈવર છે, અને | (૧) એમ્બ્યુલન્સ--૧૧<br>ડ્રાઈવર --૧૧ |
| (૨) નિવૃત્તિના કારણે ડ્રાઈવરની સંખ્યામાં ઘટાડા સામે વૈકલ્પીક વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ ? | (૨) હા જી. |

-------------

**ગાંધીનગર તાલુકામાં ખેતીના હેતુ માટે જુની શરતમાં ફેરવવામાં આવેલ જમીન**

૧૭૪૯૪ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતી-ખેતીના હેતુ માટે ગાંધીનગર તાલુકામાં કેટલી જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવી, | (૧) હે. ૨૧૧૯--૪૩--૪૩ ચો.મી. |
| (૨) કેટલા કેસ મામલતદાર ક્ચેરીમાં પડતર છે, અને | (૨) ૮૯૨ |
| (૩) કેટલા કેસ ગ્રામ્ય કક્ષાના પડતર છે ? | (૩) ૬૧૨ |

-------------

**કાયદા વિભાગમાં અભિપ્રાય માટે આવેલ બાબતોના નિકાલ અંગે**

૧૭૪૨૩ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નાણા ખાતા કે સેલ્સટેક્ષ કમિશ્નર દ્વારા કાયદા વિભાગના અભિપ્રાય માટે આવેલ બાબતોનો લાંબા સમયથી નિકાલ કરવામાં અગર અભિપ્રાય આપવામાં વિલંબ થાય છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧/૧૨/૦૫ ની સ્થિતિએ છ મહિના કે એક વર્ષથી વધુ સમયથી નિકાલ કરવાની કઈ કઈ બાબતો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થયો નથી. |
| (૩) જો ના, તો તા. ૩૧/૧૨/૦૫ ની સ્થિતિએ ગત બે વર્ષમાં કઈ કઈ બાબતોએ અભિપ્રાય આપ્યો ? | (૩) નોન-લીટીગેશન તથા સેવાની બાબતે અને લીટીગેશન બાબતોમાં અપીલ રીવીઝન, રીવ્યુ અંગેની બાબતોએ અભિપ્રાય આપ્યા. |

-------------

**સિધ્ધપુર ખાતેની કોર્ટનું મકાન બનાવવાના આયોજન અંગે**

૧૬૬૪૪ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સિધ્ધપુર ખાતેની કોર્ટનું બિલ્ડીંગ બનાવવાનું આયોજન કરવામાં આવેલ કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે કેટલી રકમો ફાળવવામાં આવેલ છે? | (૨) સને ૨૦૦૫-૦૬ના અંદાજપત્રમાં રૂા.૨૫-૦૦ લાખ અને સને ૨૦૦૬-૦૭ના અંદાજપત્રમાં રૂા.૨૫-૦૦ લાખની જોગવાઈ રાખવામાં આવેલ છે. |

-----------

**આપત્તિ વ્યવસ્થાપનના સેન્ટરો પાછળ કરેલ ખર્ચ અને લક્ષ્યાંક**

૧૬૭૫૫ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ):માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ભૂંકપની આગોતરી જાણ થાય તે માટે કઈ કઈ જગાએ આ સેન્ટરો સ્થાપવામાં આવ્યા છે, | (૧) રાજ્યમાં ભૂંકપની આગોતરી જાણ થાય તેવા સેન્ટરો શક્ય નથી. |
| (૨) આપત્તિ વ્યવસ્થાપનમાં આવા સેન્ટરો પાછળ વર્ષે કેટલો ખર્ચ કરવામાં આવે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ભૂંકપની આગોતરી જાણ થાય તે માટે બીજા કેટલા નવાં સેન્ટરો સ્થાપવાનો લક્ષ્યાંક છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ગીર પુનઃ વસવાટ યોજના અન્વયે માલધારી કુટુંબોને પ્રમાણપત્રો આપવા અંગે**

૧૬૨૮૪ **શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર પુનઃ વસવાટ યોજના માટે ૧૯૭૧માં સરકારના સક્ષમ અધિકારી વર્ગની કમિટીએ આધાર પુરાવા ચકાસી ૮૪૫ માલધારી કુટુંબોના ગીર જંગલ વિસ્તારમાં વર્ષોથી કાયમી રહેતા હોવાના દાવા મંજુર કરેલા છે તે પૈકી ૫૯૦ કુટુંબોને જમીન અને સહાય આપી સ્થળાંતર કરાવેલ છે તે પૈકીના કેટલા કુટુંબોને તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો આપવાના બાકી રહ્યા છે, અને | (૧) ગીર પુનઃ વસવાટ યોજના હેઠળ સ્થળાંતર કરાવેલ માલધારીઓને અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો આપવાની કોઈ જોગવાઈ નથી. |
| (૨) બાકી રહેલા કુટુંબોને સરકાર કેટલા સમયમાં અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્ર આપવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**કોમોડીટી એક્સચેંજમાં વેપાર**

૧૪૪૬૯ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કોમોડીટી એક્સચેંજમાં મોટા પાયે વેપાર થાય છે. અન્ય રાજ્યોમાં આવા વેપાર ઉપર સ્ટેમ્પ ડ્યુટી ચાર્જ વસુલ કરવામાં આવતી હોઈ સરકાર સ્ટેમ્પ ડ્યુટી વસુલ કરવા માંગે છે કે કેમ, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

(૨) કોમોડીટી એક્સચેંજમાં વેપારના વ્યવહારો ઉપર સને ૨૦૦૪-૦૫માં રૂા. ૧૮,૪૫,૬૩૩/- અને સને ૨૦૦૫-૦૬માં રૂા. ૨૦,૫૩,૭૮૮/- એમ કુલ મળીને રૂા. ૩૮,૯૯,૪૨૧/- સ્ટેમ્પડ્યુટી વસુલ કરેલ છે. તથા આ પ્રકારના લેખો ઉપર વધુ વસુલાત કરવા પ્રયત્નો વધુ સઘન બનાવેલ છે.

-----------

## ભાવનગર જિલ્લામાં વન્ય નિલગાયોના ભેલાણ અન્વયે તાર ફેન્સીંગ

૧૭૦૬૭ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વન્ય નિલગાયનાં ભેલાણથી બચવા માટે ભાવનગર જિલ્લામાં સામુહિક ખેડૂતો દ્વારા સમગ્ર ગામની સીમમાં તાર ફેન્સીંગ માટે રાજ્ય સરકારને કોઈ દરખાસ્ત સન ૨૦૦૪ તથા ૨૦૦૫માં મળી છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યારે કામ ચાલુ થશે અને ક્યારે પૂર્ણ થશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## હિંમતનગર તાલુકામાં પ્લોટની હરાજી

૧૫૯૨૩ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) હિંમતનગર તાલુકામાં પ્લોટોની હરાજી કરેલ રકમ ગ્રામ પંચાયતને પરત આપવાની કેટલી દરખાસ્તો તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ પડતર છે, | (૧) ૩૬ (છત્રીસ) |
| (૨) કઈ કઈ ગ્રામ પંચાયતોની, અને | (૨) પત્રક-૧ ના કોલમ-૨ મુજબ |
| (૩) ક્યારથી ચાલે છે ? | (૩) પત્રક-૧ ના કોલમ-૩ મુજબ |

**પત્રક-૧**

| ક્રમ | ગ્રામ પંચાયતનું નામ | ક્યારથી પડતર ચાલે છે |
|---|---|---|
| ૧ | કાંણીયોલ | તા. ૨૯-૮-૯૬ |
| ૨ | જીતોડ | તા. ૨૯-૮-૯૬ |
| ૩ | જામળા | તા. ૨૯-૮-૯૬ |
| ૪ | ચાંદરણી | તા. ૨૯-૮-૯૬ |
| ૫ | સાચોદર | તા. ૨૯-૮-૯૬ |
| ૬ | ઈલોલ | તા. ૨૯-૮-૯૬ |
| ૭ | ઢુંઢર | તા. ૨૯-૮-૯૬ |
| ૮ | બાવસર | તા. ૨૯-૮-૯૬ |
| ૯ | વાવડી | તા. ૨૯-૮-૯૬ |
| ૧૦ | આગીયોલ | તા. ૨૯-૮-૯૬ |
| ૧૧ | બાંખોલ | તા. ૨૯-૮-૯૬ અને તા. ૧૪-૭-૨૦૦૫ |
| ૧૨ | નિકોડા | તા. ૨૯-૮-૯૬ |
| ૧૩ | બેરણા | તા. ૨૯-૮-૯૬ અને તા. ૪-૨-૨૦૦૫ |
| ૧૪ | વીરપુર | તા. ૨૯-૮-૯૬ |
| ૧૫ | આકોદરા | તા. ૨૯-૮-૯૬ |
| ૧૬ | પરબડા | તા. ૨૯-૮-૯૬ |
| ૧૭ | હાંસલપુર | તા. ૨૯-૮-૯૬ |
| ૧૮ | હુંજ | તા. ૨૯-૮-૯૬ |
| ૧૯ | ગઢા | તા. ૨૯-૮-૯૬ |
| ૨૦ | ગોરવાડા (પ્રતાપપુરા) | તા. ૨૯-૮-૯૬ |
| ૨૧ | દેઝરોટા | તા. ૨૯-૮-૯૬ |
| ૨૨ | હાથરોલ | તા. ૨૯-૮-૯૬ |
| ૨૩ | રંગપુર | તા. ૨૯-૮-૯૬ |

| | | |
|---|---|---|
| ૨૪ | હડીયોલ | તા. ૨૯-૮-૯૬ |
| ૨૫ | મનોરપુર | તા. ૨૯-૮-૯૬ |
| ૨૬ | સવગઢ | તા. ૨૯-૮-૯૬ |
| ૨૭ | શ્રવણા | તા. ૨૯-૮-૯૬ |
| ૨૮ | રાયગઢ | તા. ૨૯-૮-૯૬ |
| ૨૯ | હાજીપુર | તા. ૭-૯-૦૫ |
| ૩૦ | લોલાસણ | તા. ૨૪-૨-૦૫ |
| ૩૧ | મહાદેવપુરા | તા. ૨૪-૨-૦૫ |
| ૩૨ | ગઢોડા | તા. ૧૫-૪-૦૫ |
| ૩૩ | કુંપ (હમીરગઢ) | તા. ૧૪-૭-૦૫ |
| ૩૪ | મોટી ડેમાઈ | તા. ૧૪-૭-૦૫ |
| ૩૫ | રૂપાલ | તા. ૨૮-૭-૦૫ |
| ૩૬ | અડપોદરા | તા. ૩-૧૦-૦૫ |

------------

**અમદાવાદ શહેરમાં શિક્ષિત બેકારોની સંખ્યા અને રોજગારી**

૧૬૫૯૦ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં ૩૧ જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ કુલ કેટલા શિક્ષિત બેરોજગાર નોંધાયેલા છે, | (૧) ૫૯૫૪૦ |
| (૨) અમદાવાદ શહેરમાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારોમાંથી કેટલા યુવાનોને છેલ્લા બે વર્ષમાં સરકારી કે અર્ધસરકારી નોકરીઓમાં સમાવેશ કરવામાં આવ્યો, અને | (૨) (અ) સરકારી .. ૧૧<br>(બ) અર્ધસરકારી .. ૧૨૯ |
| (૩) અમદાવાદ શહેરમાં શિક્ષિત બેરોજગારોને રોજગારી મળે તે માટે છેલ્લા એક વર્ષમાં શું શું પ્રયત્નો કરવામાં આવ્યા ? | (૩) ઓદ્યોગિક વિસ્તારમાં ભરતીમેળા, લશ્કરી ભરતીમેળા, સ્વરોજગાર શિબીરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નર ચલાવવામાં આવે છે. |

-----------

**ડેન્ટલ કોલેજના જોડાણ અને અભ્યાસક્રમ અંગે**

૧૬૪૮૧**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર યુનિવર્સીટીએ ભારત બહાર મોરેશ્યસ ખાતેની સંસ્થાને ડેન્ટલ કોલેજને લગતાં આપેલ જોડાણને રદ કરવા તા. ૭/૧/૨૦૦૬ના રોજ સરકારે કરેલ જાણ બાદ આ સંસ્થાની માન્યતાની સ્થિતિ શું, અને | (૧) યુનિવર્સીટીએ કરેલ જવાબ ચકાસણી હેઠળ છે. આ ઉપરાંત સંસ્થાના સંચાલકે નામ. સુપ્રિમ કોર્ટમાં રીટ પીટીશન દાખલ કરેલ છે જે પડતર છે. |
| (૨) મોરેશ્યસની આ કોલેજ ખાતે અભ્યાસ કરતાં વિદ્યાર્થીના હવે પછીના અભ્યાસની સ્થિતિ શું ? | (૨) હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**આણંદ જિલ્લામાં નીલગાયો દ્વારા ખેડૂતના પાકને થતાં નુકશાન અંગે કરેલ આયોજન**

૧૭૨૮૦ **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લાના મહી કાંઠા વિસ્તારોમાં નીલગાયના ઉપદ્રવના કારણે ખેડૂતોને વ્યાપક નુકશાન થઈ રહેલ છે તે હકીક્ત સાચી છે | (૧) હા, જી. |
| (૨) નિવારણ માટે શાં પગલા લેવામાં આવેલ છે, | (૨) સામાન્યત : રાજ્યમાં નીચે મુજબના પગલાં લેવામાં આવી રહયાં છે.<br>(૧) ખેડૂત પોતાના ખેતરમાં તારની વાડ |

બનાવે તો વર્ષ ૨૦૦૫-૦૬ થી સરકારશ્રીના નિયમોનુસાર મંજુર કરવામાં આવેલ એસ્ટીમેટની ૫૦ ટકા રકમ સહાય તરીકે આપવામાં આવે છે.

(૨) અમરેલી, જામનગર અને પાટણ જિલ્લામાં રોઝને પકડવાના અખતરા કરવામાં આવેલા છે અને હાલ પ્રયત્ન ચાલુ જ છે.

(૩) બનાસકાંઠા જિલ્લાના દીયોદર તાલુકાના લવાણા ગામ તથા રાજકોટ જિલ્લાના જશદણ તાલુકાના ભાડલા ગામમાં રોઝ પ્રાણીઓ માટે વાડા બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.

(૪) રોઝ ખેતીનાં પાકમાં નુકશાન કરે ત્યારે સુગ પેદા કરે તેવા જૈવિક નિયંત્રણની દવા ખેતીના પાકમાં છાંટી રોઝને દુર રાખવાનાં પ્રયત્નો કરવામાં આવી રહયા છે.

| | |
|---|---|
| (૩) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ગત ૩ વર્ષમાં આ માટે કેટલી ગ્રાન્ટ ફાળવેલ છે તથા તેમાંથી કેટલો ખર્ચ થયેલ છે, | (૩) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ ૩ વર્ષમાં આ માટે કોઈ ગ્રાન્ટ પ્રશ્ન હેઠળના વિસ્તાર માટે ફાળવવામાં આવેલ નથી. |
| (૪) નીલગાયની વસ્તી ઘટાડવાના હેતુસરના પ્રાણીઓનાં વંધ્યત્યકરણી કરી આ સમસ્યાનો કાયમી નિકાલ કરવા સરકારે કોઈ આયોજન વિચારેલ છે કે કેમ, અને | (૪) વિચારણા થઈ રહી છે. |
| (૫) જો, હા, તો હાલ ક્યા તબક્કામાં છે? | (૫) વિચારણા થઈ રહી છે. |

-----------

## વારાહી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના પુનઃ નિર્માણ અંગે

૧૭૪૧૬ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભૂંકપ આવ્યા પછી વારાહી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન ધરાશયી થઈ ગયેલ હતું જેનું પુનઃનિર્માણનું કામ હજુ સુધી હાથ ધરાયેલ નથી તે હકીકત સાચી છે, | (૧) ભૂંકપ આવ્યા પછી વારાહી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન ધરાશયી થયેલ નથી પરંતુ જર્જરીત થઈ ગયેલ છે. જેના પુનઃનિર્માણ સંબંધી કામગીરી હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો શું સરકાર વારાહી ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું પુનઃ નિર્માણ કરવા માંગે છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) આ કામગીરી માટે ક્યા ક્યા જરૂરી પગલાં લેવામાં આવેલ છે, અને | (૩) યુરોપિયન કમિશન સહાયીત નવા બાંધકામમાં સમાવેશ કરેલ છે અને ટેન્ડરનો મુલ્યાંક્ન અહેવાલ તેયાર કરવામાં આવી રહેલ છે. |
| (૪) કેટલા સમય સુધીમાં તે પૂર્ણ કરવામાં આવશે? | (૪) ટેન્ડર મંજુર થયેથી ૧૨ માસમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |

-----------

## રાજ્યના મહાનગરપાલિકા વિસ્તારોમાં બિનખેતીના પરવાનાના કાનૂન અંગે

૧૬૫૮૦**શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ઝડપી વિકાસ અર્થે મહાનગરપાલિકા વિસ્તારોમાં બિનખેતીના પરવાનાનો કાનૂન, સરકાર રદ કરવાનું વિચારી રહી હોવાની હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો, તેની વિગતો શું છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ભૂજ અને નખત્રાણા તાલુકામાં ગામતળ વધારાની માંગણીઓ**

૧૭૩૯૪**શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભૂજ અને નખત્રાણા તાલુકામા ડીસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ ક્યા ક્યા ગામોની ગામતળ વધારવાની દરખાસ્તો સરકારમાં પડતર છે, | (૧) (૧) રૂદ્રાણી (૨) રતાડીયા (ખાવડા) (૩) મથલ અને (૪) ઉબેડી ગામોની |
| (૨) આ દરખાસ્તો પડતર રહેવાના શાં કારણો છે, અને | (૨) ચકાસણી હેઠળ હોવાથી |
| (૩) તેનો ક્યારે નિકાલ કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

-----------

**બેરોજગારની સમસ્યા અને પગલાં**

૧૭૬૧૬ **શ્રી પુનમ ર. પરમાર (પાદરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર બેરોજગારીની સમસ્યા માટે ચિંતિત છે, અને | (૧) હા, જી. |
| (૨) જો, હા, તો તે માટે રોજગાર ખાતા દ્વારા શા પગલાં લેવામાં આવેલ છે? | (૨) ઓદ્યોગિક વિસ્તારમાં ભરતી મેળા, લશ્કરી ભરતીમેળા, સ્વરોજગાર શિબિરો, શાળા-કોલેજોમાં કેરીયર કોર્નર ચલાવવામાં આવે છે. |

-----------

**૨૦૦૨ના કોમી રમખાણો દરમ્યાન અસર પામેલા પરિવારોને ચુકવણીની બાકી સહાય**

૧૬૯૫૬ **શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ (કામરેજ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ૨૦૦૨ના કોમી રમખાણો દરમ્યાન અસર પામેલા રાજ્યના કોઈપણ પરિવારોને તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સહાય ચુકવવાની બાકી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો, હા, તો ક્યા કારણોસર બાકી છે? | (૨) જામનગરના ૪ કેસોમાં અને મહેસાણાના ૫ કેસોમાં વહીવટી ચકાસણીના કારણોસર સહાય ચુકવવાની બાકી હતા. જે વહીવટી ચકાસણી કરી હુકમો કરી દીધેલ છે. |

-----------

**ધંધુકા, રાણપુર અને બરવાળા તાલુકામાં વનીકરણ માટેની જમીનની સોંપણી**
**૧૭૦૭૧ શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા):માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધંધુકા, રાણપુર અને બરવાળા તાલુકાના કેટલા ગામોને ડીસે-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વનીકરણ માટે કેટલી જમીન જંગલ ખાતાને સોંપેલી છે, અને

(૨) તેમાંથી જંગલ ખાતાએ કેટલી જમીન ગામને સોંપેલ છે?

**જવાબ**

(૧) ધંધુકા, રાણપુર અને બરવાળા તાલુકામાં ડીસે-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વનીકરણ માટે ૧ (એક) ગામમાં ૪ હેકટર જમીન જંગલ ખાતાને સોંપેલી છે.

(૨) તેમાંથી જંગલ ખાતાએ કોઈ જમીન ગામને સોંપેલ નથી.

**સાગબારા અને દેડિયાપાડા તાલુકામાં વનિકરણ યોજના**

૧૬૯૬૧ શ્રી મહેશભાઈ છો. વસાવા (દેડિયાપાડા) :માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લાના સાગબારા અને દેડિયાપાડા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વનિકરણ યોજના અન્વયે કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યુ,

**જવાબ**

(૧) નર્મદા જિલ્લાના સાગબારા અને દેડિયાપાડા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન નીચેની વિગતે કુલ ૧૭.૯૧ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું.

| **વર્ષ** | **વાવેલ રોપાની સંખ્યા (લાખમાં)** | | |
|---|---|---|---|
| | **સાગબારા** | **દેડિયાપાડા** | **કુલ** |
| ૨૦૦૪-૦૫ | ૨.૬૩ | ૭.૭૫ | ૧૦.૩૮ |
| ૨૦૦૫-૦૬ | ૨.૯૧ | ૪.૬૨ | ૭.૫૩ |
| **કુલ** | **૫.૫૪** | **૧૨.૩૭** | **૧૭.૯૧** |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) તેની પાછળ કુલ રૂા. ૧૪૪.૩૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

(૩) આ વૃક્ષોના રોપાઓ કઈ નર્સરી પાસેથી ખરીદવામાં આવેલ, અને

(૩) આ વૃક્ષોના રોપાઓ કોઈપણ નર્સરી પાસેથી ખરીદવામાં આવેલ નથી.

(૪) આ કુલ વાવેતર પેકી હાલમાં કેટલા છોડ જીવીત છે?

(૪) આ કુલ વાવેતર પેકી હાલમાં કુલ ૧૪.૮૬ લાખ રોપા જીવીત છે.

----------

**મેડીક્લ કોલેજમાં પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમની શાખાઓ અને ઈન્સ્પેક્શન અંગે**
૧૬૫૯૩**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : s**માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં મેડીક્લ કોલેજોમાં પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમની કુલ કેટલી શાખાઓ છે,

(૨) કઈ કઈ શાખામાં કેટલી સીટો મંજૂર કરવામાં આવી છે,

**જવાબ**

(૧) ૨૧

(૨) રાજ્યની મેડીક્લ કોલેજોમાં નીચે મુજબની સીટો મંજૂર થયેલ છે.

| ક્રમ | શાખા | સીટો |
|---|---|---|
| ૧. | મેડીસીન | ૬૦ |
| ૨. | પેથોલોજી | ૩૬ |
| ૩. | ગાયનેક | ૩૭ |
| ૪. | ફાર્માકોલોજી | ૧૩ |

| | | |
|---|---|---|
| ૫. | પેડીયાટ્રીક્સ | ૨૬ |
| ૬. | એનેસ્થેસીયા | ૫૭ |
| ૭. | પી.એન્ડ એસ.એમ. | ૨૧ |
| ૮. | ફીઝીયોલોજી | ૧૫ |
| ૯. | રેડીયોડાયગોસીસ | ૨૦ |
| ૧૦. | રેડીયોથેરાપી | ૦૨ |
| ૧૧. | ડર્મેટોલોજી | ૧૦ |
| ૧૨. | સાઈક્યાટ્રીક્સ | ૦૯ |
| ૧૩. | ટી.બી. એન્ડ ચેસ્ટ | ૧૦ |
| ૧૪. | ફોરેન્સીક મેડીસીન | ૧૦ |
| ૧૫. | માઈક્રોબાયોલોજી | ૧૮ |
| ૧૬. | સર્જરી | ૫૮ |
| ૧૭. | ઈ.એન.ટી. | ૧૩ |
| ૧૮. | ઓર્થોપેડીક્સ | ૨૬ |
| ૧૯. | ઓપ્થોલ્મોલોજી | ૨૫ |
| ૨૦. | એનોટોમી | ૧૬ |
| ૨૧. | બાયોકેમેસ્ટ્રી | ૦૪ |

(૩) આ અંગે મેડીક્લ કોલેજોમાં ઓલ ઈન્ડીયા મેડીક્લ કાઉન્સીલનું છેલ્લુ ઈન્સ્પેક્શન કઈ તારીખે થયું, અને

(૩)

| **સંસ્થાનું નામ** | **તારીખ** |
|---|---|
| સરકારી મેડીક્લ કોલેજ, સુરત. | ૦૪/૦૧/૦૬ |
| પી.ડી.યુ. મેડીક્લ કોલેજ, રાજકોટ. | ૧૪/૦૩/૦૫ |
| સરકારી મેડીક્લ કોલેજ, ભાવનગર. | ૧૪/૦૧/૦૬ |
| બી. જે. મેડીક્લ કોલેજ, અમદાવાદ. | ૧૬-૧૭/૦૮/૦૫<br>૧૭/૧૨/૦૫ |

(૪) તેમાં ઉઠાવેલા મદ્દાઓની પૂર્તતા કરી દેવામાં આવી છે કે કેમ ?

(૪)

- સરકારી મેડીક્લ કોલેજ, સુરત અને સરકારી મેડીક્લ કોલેજ, ભાવનગર--ઈન્સ્પેક્શન રિપોર્ટ મળેલ નથી.
- બી. જે. મેડીક્લ કોલેજ, અમદાવાદ તા. ૧૬- ૧૭/૮/૦૫ના- ઈન્સ્પેક્શનની પૂર્તતા કરેલ છે અને તા. ૧૭/૧૨/૦૫ના ઈન્સ્પેક્શનની પૂર્તતા બાકી છે.
- પી.ડી.યુ. મેડીક્લ કોલેજ, રાજકોટની પૂર્તતા બાકી છે.

## કચ્છ જિલ્લામાં ૭/૧૨ ના દસ્તાવેજોની કોમ્પ્યુટરાઈઝ ભૂલો

૧૬૨૭૧ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડૂતોના ૭/૧૨ સહિતનાં દસ્તાવેજો કોમ્પ્યુટરાઈઝ કરાયા બાદ તેમાં રહી જવા પામેલ ભૂલો સુધારવા કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણી આવી

(૨) લાંબા સમયથી આ ભૂલો ન સુધારવાના કારણો શાં છે.

(૩) કેટલા સમયમાં ભૂલો સુધારવામાં આવશે.અને

(૪) તાલુકાવાર ભૂલોની સંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) ૧૭૭૭૧

(૨) કરેક્શન મોડયુલ ચાલુ કરેલ નહી હોવાથી.

(૩) તા. ૨૩-૨૪/૧/૦૬ થી કરેક્શન મોડયુલ ચાલુ કરેલ હોઈ બાકીની ૭૯૮ ભૂલો સત્વરે સુધારી લેવામાં આવશે.

(૪)

| | |
|---|---|
| માંડવી | ૦૩૦ |
| મુન્દ્રા | ૧૦૦ |
| અંજાર | ૩૨૧ |
| નખત્રાણા | ૨૪૦ |
| નલિયા | ૧૦૭ |
| કુલ | ૭૯૮ |

## ફતેપુરા અને ઝાલોદ તાલુકાના ગામોને અછત જાહેર કરવા આયોજન

૧૬૭૪૧**શ્રી ભુરાભાઈ કટારા (ઝાલોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ફતેપુરા અને ઝાલોદ તાલુકામાં આનાવારી આફવા, હિંગલા, સાગડાપાડા, કંથાગર અને ફતેપુરા તાલુકાના ૯૬ ગામોમા તા. ૩૦-૯-૦૫ના રોજ આનાવારી ઓછી થયેલ હોવા છતાં અછત જાહેર કરવામાં આવતી નથી, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ૯૬ ગામોમાં અછત જાહેર કરવા શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ના જી, ફતેપુરા અને ઝાલોદ તાલુકાના તમામ ગામોમાં ૬ આની કરતાં વધુ આનાવારી આવેલ હોઈ અછત જાહેર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## સુરત જિલ્લામાં હળપતિ આવાસ યોજના હેઠળ મકાનોનાં બાંધકામની સંખ્યા

૧૭૪૯૦ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં સને ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ના વર્ષમાં હળપતિ આવાસ યોજના હેઠળ કેટલા મકાનોનું તાલુકાવાર બાંધકામ કરવાનું આયોજન છે, અને

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં સને ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ના વર્ષમાં હળપતિ આવાસ યોજના હેઠળ નીચે મુજબ તાલુકાવાર બાંધકામ કરવાનું આયોજન છે.

| અ.નં. | તાલુકાનું નામ | આવાસોની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ |
| ૧. | માંગરોળ | ૧૧૩ | ૦૨ |
| ૨. | ઓલપાડ | ૩૯ | ૮૦ |
| ૩. | પલસાણા | -- | ૪૭ |
| ૪. | બારડોલી | -- | ૧૮ |
| ૫. | વાલોડ | -- | ૬૯ |
| ૬. | મહુવા | -- | ૨૮ |

| | | | |
|---|---|---|---|
| ૭. | વ્યારા | -- | ૦૬ |
| ૮. | માંડવી | -- | ૧૪ |
| | કુલ.. | ૧૫૨ | ૨૬૪ |

(૨) જે પૈકી તા. ૩૧/૧/૦૬ સુધીમાં કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે ? — (૨) ૧૫૨

-----------

**રાજ્યમાં બાળ મજૂરોને કામે રાખવા અન્વયે માલિકો સામે કેસોની સંખ્યા**

૧૭૦૫૯**શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બાળ મજૂરોને કામે રાખી જોખમકારક કામો કરાવવા બદલ તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલા એકમોના માલિકો સામે કેસો કરવામાં આવ્યા, | (૧) ૧૭ |
| (૨) કેટલા બાળ મજૂરોને પકડવામાં આવ્યા, અને | (૨) ૨૨ |
| (૩) કેટલા એકમો પાસેથી કેટલી રકમની વળતરની વસુલાત કરવામાં આવી ? | (૩) એકપણ નહિં. |

-----------

**જામનગર શહેરની ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટલમાં એમ. આર. આઈ.ની સુવિધા અંગે**

૧૭૨૮૫ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર શહેરની ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટલના બિલ્ડીંગ મરામત તેમજ એમ. આર. આઈ.ની સુવિધા સહિત આધુનિક ટેક્નોલોજીના સાધનો પૂરા પાડવા માટે સરકારે કોઈ આયોજન હાથ ધરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો, કઈ કઈ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે, | (૨) નીચે મુજબની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.<br>(અ) અધ્યતન ટ્રોમા સેન્ટર<br>(બ) ઓન્કોલોજીના સાધનો<br>(ક) બાયોકેમેસ્ટ્રીના સાધનો<br>(ડ) ટેલી રેડીયોલોજીના સાધનો વગેરે |
| (૩) કેટલી રકમનું આયોજન છે, અને | (૩) કુલ રૂ. ૩૨૮.૯૪ લાખનું આયોજન છે. |
| (૪) કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) સત્વરે. |

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર સ્ત્રીભૃણ હત્યાના કેસો

૧૬૨૭૬ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સ્ત્રી ભૃણ હત્યાના કેટલા કેસો સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧-૦૬ સુધીમાં થયા છે,

(૨) સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા રાજ્ય સરકારે શું પગલાં લીધાં છે, અને

(૩) સુરેન્દ્રનગરમાં કુલ કેટલી તપાસો થઈ છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કુલ ૪૯ ડૉક્ટરો સામે કાર્યવાહી કરી ૫૨ સોનોગ્રાફી મશીનો સીલ કરેલ છે અને આજ સમય દરમિયાન કુલ ૨૨ કોર્ટ કેસો કરેલ છે. સુરેન્દ્રનગર જીલ્લામાં સ્ત્રી ભૃણ હત્યાનો કોર્ટ કેસ થયેલ નથી. પરંતુ પી.એન.ડી.ટી. એકટની જોગવાઈઓના ભંગ બદલ ધાંગધ્રા તાલુકામાં ૧ (એક) અને વઢવાણ તાલુકામાં ૪ (ચાર) એમ કુલ મળી ૫ (પાંચ) સોનોગ્રાફી મશીનો સીલ કરેલ છે.

(૨) સરકારશ્રીએ પી.એન.ડી.ટી. એકટનો અસરકારક અમલ ચાલુ કરેલ છે. સુરેન્દ્રનગર જિલ્લામાં લોકોમાં આ બાબતે જન જાગૃતિ લાવવા લોક આગેવાનોની શિબિર કરવામાં આવેલ. તરણેતરનાં મેળામાં અને ખારાઘોડા ખાતે યોજવામાં આવેલ રણોત્સવમાં પ્રચાર-પ્રસાર માટે સ્ટોલ રાખવામાં આવેલ અને મુલાકાતીઓને વિસ્તૃત સમજણ આપવામાં આવેલ છે. તબીબી નિષ્ણાંત (ડૉક્ટર્સ)ની કાર્યશાળા યોજવામાં આવેલ છે.

(૩) સુરેન્દ્રનગર જિલ્લામાં રજિસ્ટર્ડ થયેલ તમામ ૩૧ સેન્ટરોની તપાસણી કરવામાં આવેલ છે. તે પૈકી ૫ (પાંચ) તબીબો સામે પી.એન.ડી.ટી. એકટની જોગવાઈઓના ભંગ બદલ પગલાં લેવામાં આવેલ છે.

-----------

## ચોટીલા અને સાયલા તાલુકામાં વન તલાવડી, વનકુટીરનો ખર્ચ

૧૬૪૭૯**શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા)** : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં ૩૧-૧૨-૦૫ની સ્થિતિ છેલ્લા ત્રણ વર્ષમાં વન વિભાગ દ્વારા કેટલી વન તલાવડી અને વનકુટીર, ચેકડેમો બનાવવામાં આવ્યા, અને

(૨) તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જીલ્લાનાં ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર નીચે પ્રમાણે વન તલાવડી, વનકુટીર અને ચેકડેમો બનાવવામાં આવ્યા.

| **તાલુકાનું નામ** | **વન તલાવડી** | **વન કુટીર** | **ચેકડેમો** |
|---|---|---|---|
| ચોટીલા | ૨ | ૨ | ૨ |
| સાયલા | ૮૦ | ૧ | - |
| **કુલ** | **૮૨** | **૩** | **૨** |

(૨) તાલુકાવાર નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવ્યો.

| **તાલુકાનું નામ** | **વન તલાવડી** | **વન કુટીર** | **ચેકડેમો** |
|---|---|---|---|
| ચોટીલા | ૩૮૧૭૮ | ૧૨૮૧૭૧ | ૨૨૫૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| સાયલા | ૧૩૮૭૩૨૦ | ૪૯૯૫૦ | ૦ |
| **કુલ** | **૧૪,૨૫,૪૯૮** | **૧,૭૮,૧૨૧** | **૨,૨૫,૦૦૦** |

-------------

**ક્લેક્ટરશ્રી અમદાવાદ તરફથી સ્વમેળે રીવીઝનમાં લેવાયેલ કેસો**

૧૭૫૧૭ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ, છેલ્લા બે વર્ષ દરમ્યાન, જમીન મહેસૂલ અધિનિયમ તથા નિયમો હેઠળના કેટલા કેસો અમદાવાદ કલેક્ટર તરફથી સ્વમેળે રીવીજનમાં લેવાયા, | (૧) જમીન મહેસૂલ કાયદાની ક્લમ-૨૧૧ હેઠળ-૨૪ કેસો તથા જમીન મહેસૂલ નિયમોના નિયમ-૧૦૮ (૬) હેઠળ-૧૫ કેસો |
| (૨) આવા પ્રત્યેક કેસમાં રીવીઝન હેઠળના હુકમ કઈ કઈ તારીખે થયેલા છે અને તે હુકમો કઈ કઈ તારીખે સ્વમેળે રીવીઝનમાં લેવાયેલ છે, | (૨) સામેલ પત્રક-૧* અને ૨* મુજબ. |
| (૩) કાયદાથી એક વર્ષનો ઠરેલ ""વ્યાજબી સમય"" વીતી ગયા પછી પણ સ્વમેળે કેસ રીવીઝનમાં લેવાની સત્તામર્યાદા ઓળંગવા બદલ જવાબદાર અધિકારીશ્રી સામે કોઈ પગલાં લેવાયેલ છે કે કેમ, | (૩) જમીન મહેસૂલ કાયદાની ક્લમ-૨૧૧માં સમયમર્યાદા નક્કી થયેલ નથી. પરંતુ આ બાબતે સર્વોચ્ચ અદાલતે એક કેસમાં ગુજરાત રાજ્ય વિરૂધ્ધ રાઘવ નાથાના કેસમાં જમીન મહેસૂલ કાયદાની ક્લમ-૬૫ ની બાબત અંગેના રીવ્યુ કેસમાં રીવીઝન માટેનો સમય ૧ વર્ષ હોવો જોઈએ તેવુ ઠરાવેલ છે. જેના આધારે જુદા જુદા કેસોના ગુણદોષ મુજબ સમય મર્યાદા પરત્વે નિર્ણય કરવાનો રહે છે.<br>જે જોતાં ક્લેક્ટરશ્રીએ ઉપરોક્ત ખંડ-૧ના અનુસંધાને રીવીઝનમાં લીધેલ કેસોના ગુણદોષ મુજબ મોટા ભાગના હુકમો નલીટી પ્રકારના હોવાથી સદર સમય મર્યાદા લાગુ પડતી ન હોઈ જવાબદાર અધિકારી સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો હા, તો લેવાયેલ પગલાંની વિગતો શું છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) જો ના, તો તેનાં શું કારણો છે ? | (૫) ખંડ-૩માં આપેલ જવાબ મુજબ કાયદામાં સમયમર્યાદાની જોગવાઈ કરવામાં આવેલ ન હોવાથી તથા કેસના ગુણદોષ જોતાં નલીટી પ્રકારના હુકમોને સમયમર્યાદાનો બાધ નડતો ન હોવાથી રીવીઝનમાં લઈ આખરી હુકમો કરવામાં આવ્યા છે.<br>તેમ છતાં જો કોઈ પક્ષકાર આવા હુકમથી નારાજ હોય તો અગ્રસચિવશ્રી (વિવાદ) સમક્ષ રીવીઝન અરજી દાખલ કરી દાદ માંગી શકે છે. |

* (પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

## જુનાગઢ અને વેરાવળ તાલુકાની કોર્ટોમાં અકસ્માત નિકાલ વગરના કેસો

૧૭૦૬૩ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જુનાગઢ તથા વેરાવળ ડીસ્ટ્રીક્ટ કોર્ટ તથા તાલુકા કોર્ટોમાં કેટલા અકસ્માત ક્લેઈમ અને રેગ્યુલર સીવીલ દાવાઓ આખરી નિકાલ વગરના બાકી પડ્યા છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નિકાલ વગરના બાકી કેસો

| **કોર્ટનું નામ** | **અકસ્માત ક્લેઈમ** | **રેગ્યુલર સિવિલ દાવાઓ** |
|---|---|---|
| (૧) જુનાગઢ ડીસ્ટ્રીકટ કોર્ટ | ૭૩૩૫ | ૨૯૭૨ |
| (૨) વેરાવળ ડીસ્ટ્રીકટ કોર્ટ | ૧૮૬૬ | ૩૮૬૬ |
| (૩) તાલુકા કોર્ટ | ૨૧૮૯ | ૧૨૨૦૬ |

**પ્રશ્ન**

(૨) નિકાલ વગરના આ ક્લેઈમ અને દાવાઓ પેકી એક વર્ષ કરતાં, બે વર્ષ કરતાં તથા ત્રણ વર્ષ કરતા વધુ સમયના જુના કેટલા કેસો છે, અને

**જવાબ**

(૨)

| | દાવાની વિગત | એક વર્ષ કરતાં વધુ સમયના | બે વર્ષ કરતાં વધુ સમયના | ત્રણ વર્ષ કરતાં વધુ સમયના |
|---|---|---|---|---|
| ૧ | મોટર અકસ્માત ક્લેઈમ | ૯૮૨ | ૮૭૩ | ૮૫૪૩ |
| ૨ | રેગ્યુલર સિવીલ દાવાઓ | ૨૭૯૩ | ૨૮૧૨ | ૧૦૪૪૫ |

**પ્રશ્ન**

(૩) પડતર ક્લેઈમ અને દાવાઓનો ઝડપી નિકાલ કરી અરજદારોને ઝડપી ન્યાય આપવા સરકાર શું પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૩) પ્રસ્તુત બાબત ન્યાયિક કાર્યવાહીનો ભાગ હોઈ ગુજરાત હાઈકોર્ટ દ્વારા કેસોનાં નિકાલ પર નજર રાખવામાં આવે છે અને જરૂર જણાયે ગુજરાત હાઈકોર્ટ તાબાની અદાલતોને જરૂરી સૂચનાઓ આપે છે. તથા કાર્યવાહી કરે છે.

-------------

## કચ્છ જિલ્લામાં નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવાની અરજીઓ

૧૬૨૬૪ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર ખેતીના હેતુ માટે નવી શરતની જમીનોને જુની શરતમાં ફેરવી આપે છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

**પ્રશ્ન**

(૨) જો હા, તો કચ્છ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી છે,

**જવાબ**

(૨)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | ભુજ | ૬૩૨ |
| ૨ | માંડવી | ૧૫૨ |
| ૩ | મુંદરા | ૪૩૩ |
| ૪ | અંજાર | ૩૦૯ |
| ૫ | ગાંધીધામ | ૦૦ |

| | | |
|---|---|---|
| ૬ | ભચાઉ | ૨૬૯ |
| ૭ | રાપર | ૨૯૪ |
| ૮ | નખત્રાણા | ૧૭૭૬ |
| ૯ | અબડાસા | ૯૫૮ |
| ૧૦ | લખપત | ૧૧૬૨ |
| | **કુલ** | **૫૯૮૫** |

(૩) તે પેકી કેટલી અરજીઓનો નિકાલ થયો છે,

(૩)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **નિકાલ કરેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | ભુજ | ૬૩૨ |
| ૨ | માંડવી | ૧૫૨ |
| ૩ | મુંદ્રા | ૪૨૮ |
| ૪ | અંજાર | ૩૦૦ |
| ૫ | ગાંધીધામ | ૦૦ |
| ૬ | ભચાઉ | ૨૬૭ |
| ૭ | રાપર | ૨૯૪ |
| ૮ | નખત્રાણા | ૧૭૭૫ |
| ૯ | અબડાસા | ૯૪૯ |
| ૧૦ | લખપત | ૧૧૬૨ |
| | **કુલ** | **૫૯૫૯** |

(૪) કેટલી અરજીઓ બાકી છે, અને

(૪)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **બાકી અરજીઓ** |
|---|---|---|
| ૧ | ભુજ | ૦૦ |
| ૨ | માંડવી | ૦૦ |
| ૩ | મુદ્રા | ૦૫ |
| ૪ | અંજાર | ૦૯ |
| ૫ | ગાંધીધામ | ૦૦ |
| ૬ | ભચાઉ | ૦૨ |
| ૭ | રાપર | ૦૦ |
| ૮ | નખત્રાણા | ૦૧ |
| ૯ | અબડાસા | ૦૯ |
| ૧૦ | લખપત | ૦૦ |
| | **કુલ** | **૨૬** |

(૫) આ બાકી અરજીઓ કેટલા સમયમાં નિકાલ થશે ?

(૫) સંબંધિત ખાતેદારો/અરજદારો તરફથી ૬૦ પટની રકમ ભરપાઈ થયેથી.

------------

**આદિજાતિ વિસ્તારની આશ્રમ શાળાઓમાં શિક્ષકોના મહેકમમાં વધારો કરવા અંગે**

૧૬૯૬૪**શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

આદિજાતિ વિભાગની ધો. ૧ થી ૭ની આશ્રમ શાળાઓમાં હાલ ચાર શિક્ષકોનું મહેકમ છે તેને પાંચમો શિક્ષક આપવા માંગો છો કે કેમ ?

**જવાબ**

હા જી, પૂર્ણ વિકસિત આશ્રમશાળાઓમાં પાંચમાં શિક્ષક્ની જગ્યા મંજૂર કરવામાં આવે છે.

**રાજ્યમાં સિંહોનો વસવાટ, મૃત્યુ અને અપમૃત્યુ અંગે**

૧૬૯૦૬**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લી વસ્તી ગણતરી મુજબ કુલ કેટલા સિંહો વસવાટ કરે છે, અને

(૨) તે પૈકી જાન્યુઆરી, ૨૦૦૬ અંતિત વર્ષ : ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના તા. ૩૧-૧-૦૬ દરમ્યાન તેટલા સિંહોનાં મૃત્યુ અને અપમૃત્યુ થયેલ છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં એપ્રિલ-૨૦૦૫ના છેલ્લા સિંહ વસતી અંદાજ મુજબ ૩૫૯ સિંહો વસવાટ કરે છે.

(૨) તારીખ : ૧-૪-૦૩ થી ૩૧-૧-૦૬ દરમિયાન નીચેની વિગતે સિંહોના મૃત્યુ/અપમૃત્યુ નોંધાયેલ છે.

| **વર્ષ** | **કુદરતી** | **અકુદરતી** | **કુલ** |
|---|---|---|---|
| ૦૩-૦૪ | ૨૧ | ૭ | ૨૮ |
| ૦૪-૦૫ | ૧૨ | ૩ | ૧૫ |
| ૦૫-૦૬ (તા. ૩૧-૧-૦૬ સુધી) | ૨૩ | ૬ | ૨૯ |
| **કુલ** | **૫૬** | **૧૬** | **૭૨** |

-------------

**દહેગામ તાલુકામાં અતિવૃષ્ટિમાં થયેલ નુકસાન અને મળેલ સૂચનો અંગે**

૧૭૨૬૫ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ):માનનીય આપત્તિ વ્યસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દહેગામ શહેર અને તાલુકામાં સન ૨૦૦૫ના વર્ષમાં અતિવૃષ્ટિમાં કેટલું નુક્સાન થયું હતું,

(૨) આગામી દિવસોમાં આવું નુક્સાન શહેર અને તાલુકાને ન થાય તે માટે સરકારને ક્યા સૂચનો સ્થાનિકેથી મળ્યા છે, અને

**જવાબ**

(૧)

| | વિસ્તાર | અંદાજીત નુકશાન |
|---|---|---|
| (અ) | શહેરી વિસ્તાર | રૂા. ૧૩,૧૫,૦૦૦ |
| (બ) | તાલુકામાં | રૂા. ૭૨,૦૦,૦૦૦ |

(૨) શહેરી વિસ્તારમાં :-

(અ) નગરપાલિકા વિસ્તારમાં આવેલ ગરનાળા પહોળા કરવા તથા પાણીના નિકાલ માટે સફાઈ કરવા મોખિક સુચના મળેલ છે.

(બ) તાલુકામાં :-
હિલોલ વાસણા ગામે ભરાતા વરસાદી પાણી તથા વાસણા રાઠોડ ગામે ગંદા પાણીના નિકાલ માટેના સૂચનો મળેલ

છે.

| | |
|---|---|
| (૩) આ સૂચનોનો સરકારે ગંભીર અમલ કરવા માટે શું પગલાં ભર્યા છે ? | (૩) સ્થાનિક કક્ષાએ જે સૂચનો મળેલ છે તે અંગે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવેલ છે. |

-------------

**ભરૂચ જિલ્લાના દહેજ ખાતેની ઓદ્યોગિક ફેક્ટરીઓમાં રોજગારીની ટકાવારી ન જાળવવા અંગે**

૧૭૦૬૯**શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના દહેજ ખાતે આવેલ ઓદ્યોગિક વસાહતમાં આવેલ ફેક્ટરીઓમાં ૮૦ ટકાના ધોરણાનુસાર સ્થાનિક નાગરિકોને રોજગારી પૂરી પાડવામાં આવતી નથી તે હકિક્ત સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ આ ઓદ્યોગિક વસાહતની ફેક્ટરીઓમાં કુલ કામદારો સામે કેટલા સ્થાનિક નાગરિકોને રોજગારી પૂરી પાડવામાં આવી છે, અને | (૨) કુલ કામદાર ...... ૩૬૨૭ સામે સ્થાનિક નાગરિકો. ૩૩૨૭ ને રોજગારી પુરી પાડવામાં આવેલ છે. |
| (૩) આ સમસ્યાના ઉકેલ માટે સ્થાનિકોની ટકાવારી ન જાળવતા એકમો સામે સરકારે શું કાર્યવાહી કરી છે ? | (૩) (૧) સ્થાનિક ભરતીના ઠરાવની જોગવાઈ મુજબ સ્થાનિકોની નિયત ટકાવારી ન જાળવતા ખાનગીક્ષેત્રના ઉત્પાદનલક્ષી એકમોની યાદી ઉદ્યોગ કમિશ્નરશ્રીને મોકલી પ્રોત્સાહિત એકમો સામે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવેલ છે.<br>(૨) બિન પ્રોત્સાહિત એકમો સામે પગલાં લેવાની ઠરાવમાં કોઈ જોગવાઈ નથી.<br>(૩) મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં રાજ્ય કક્ષાની મોનીટરીંગ સમિતિની બેઠકમાં આ અંગે સમિક્ષા કરવામાં આવે છે. |

-------------

**કચ્છ જિલ્લામાં ગાંડા બાવળના નિકાલ અંગે**

૧૭૦૭૭ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ગાંડો બાવળ કાપવા માટે સન ૨૦૦૪ની સાલમાં વિશેષ છુટ આપવામાં આવેલ છે, તે હકિક્ત સાચી છે, | (૧) સરકારે સને ૨૦૦૪માં ફક્ત કચ્છ જિલ્લા માટે કોઈ નિર્ણય કરેલ નથી. પરંતુ, સમગ્ર રાજ્ય માટે ઠરાવેલ છે કે રાજ્યમાં રક્ષિત જંગલ, અનામત જંગલ કે તેની હદથી ૧.૬ કિ.મી. સુધીનો વિસ્તાર, દરિયા કિનારાથી ૨ કી.મી. સુધીનો વિસ્તાર તેમજ અભયારણ્ય અને રાષ્ટ્રિય ઉદ્યાન સિવાયના વિસ્તારોમાંથી ગાંડા બાવળને કાપવા માટે પરવાનગી લેવાની રહેતી નથી.સાથોસાથ, આ ઠરાવ અન્વયે ગાંડા બાવળના લાકડાને તેમજ તેમાંથી બનેલ કોલસાને વાહતુક પાસમાંથી મુક્તિ આપવાનું ઠરાવેલ છે. |

(૨) જો હા, તો તેમાં "ભૂજ" તાલુકામાં આવેલ બન્ની વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો નથી, તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો તેના કારણો શાં છે ?

(૨) અને (૩) બન્ની વિસ્તાર રક્ષિત વિસ્તાર તરીકે જાહેર થયેલ હોવાથી તેને માટે ઉપર જણાવેલ જોગવાઈઓ લાગુ પડે છે.

-----------

**વલસાડ જિલ્લામાં તાલુકાવાર આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ**

૧૭૨૮૩ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ ખાલી પડી છે, અને

(૨) આ ખાલી જ્ગ્યાઓ સરકાર ક્યારે ભરવા માંગે છો ?

**જવાબ**

(૧) તાલુકાવાર સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ

| | તાલુકાનું નામ | સંવર્ગવાર ખાલી જગાઓ | | |
|---|---|---|---|---|
| | | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | વલસાડ | ૦૧ | ૦૯ | ૧૭ |
| | પારડી | ૦૩ | ૧૫ | ૧૭ |
| | ઉમરગામ | ૦૨ | ૧૫ | ૧૮ |
| | કપરાડા | ૦૨ | ૧૫ | ૧૯ |
| | ધરમપુર | ૦૦ | ૧૩ | ૧૨ |

| | | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
|---|---|---|---|---|---|
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | વલસાડ | ૦૧ | ૦૦ | ૧૧ | ૦૬ |
| | પારડી | ૦૨ | ૦૩ | ૧૪ | ૧૯ |
| | ઉમરગામ | ૦૨ | ૦૧ | ૦૭ | ૦૯ |
| | કપરાડા | ૦૨ | ૦૧ | ૧૨ | ૦૪ |
| | ધરમપુર | ૦૨ | ૦૨ | ૧૦ | ૦૮ |

(૨) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

-------------

**હાઈકોર્ટમાં જિલ્લાવાર પડતર કેસો**

૧૬૭૫૦**શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યની હાઈકોર્ટમાં કુલ કેટલા કેસો પડતર છે,

(૨) જો હા, તો આ કેસોનો ઝડપી નિકાલ કરવા માટે રાજ્ય સરકારનું આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો તમામ કેસોનો નિકાલ કેટલા સમયમાં કરવા માંગો છો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કુલ : ૧૨૫૯૪૫ કેસો પડતર છે.

(૨) હાઈકોર્ટમાં પડતર કેસોનો ઝડપી નિકાલની કાર્યવાહી તથા નિયંત્રણ હાઈકોર્ટ ધ્વારા જ કરવામાં આવે છે. સરકારે ફક્ત માળખાકીય સુવિધાઓ જ પૂરી પાડવાની હોય છે.

(૩) કેસોના ઝડપી નિકાલની કાર્યવાહી તથા નિયંત્રણ હાઈકોર્ટ હસ્તગત હોઈ, સરકારશ્રી ધ્વારા તે માટે સમય મર્યાદા નક્કી થઈ શકે નહિ.

-------------

## જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર નાગરિક અધિકારપત્ર અન્વયે પડતર અરજીઓ

૧૬૪૭૬ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ તાલુકાવાર નાગરિક અધિકારપત્ર અન્વયે કેટલા મહેસૂલી પ્રશ્નો અંગેની અરજીઓ પડતર છે,

(૨) મહેસૂલી પ્રશ્નો અંગેની અરજીઓ પડતર રહેવાના કારણો શું છે, અને

(૩) તેનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **પડતર અરજીઓ** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | જુનાગઢ | ૦ |
| ૨ | વંથલી | ૦ |
| ૩ | મેંદરડા | ૦ |
| ૪ | વિસાવદર | ૫ |
| ૫ | ભેંસાણ | ૩ |
| ૬ | માણાવદર | ૧૯ |
| ૭ | કેશોદ | ૦ |
| ૮ | માંગરોળ | ૦ |
| ૯ | માળીયા | ૩ |
| ૧૦ | વેરાવળ | ૩૭ |
| ૧૧ | તાલાલા | ૬ |
| ૧૨ | સુત્રપાડા | ૫૯ |
| ૧૩ | કોડીનાર | ૦ |
| ૧૪ | ઉના | ૧૨ |
| | **કુલ...** | **૧૪૪** |

(૨) મહેસૂલી અરજીઓ પડતર રહેવાના મુખ્ય કારણો નીચે મુજબ છે :

૧. સાધનિક કાગળો/દસ્તાવેજો અધૂરા હોવાથી
૨. સ્થળ ખરાઈ કરવા ઉપર બાકી
૩. તાબાના ક્ષેત્રિય અધિકારીઓ ધ્વારા ચકાસણી નહી થવાના કારણે
૪. માસના અંતિત દિવસોમાં રજુ થયેલ હોવાથી
૫. સમય-મર્યાદાની અંદર બાકી છે.

(૩) તા. ૨૮-૨-૨૦૦૬ સુધીમાં કુલ-૧૩૩ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. બાકીની અરજીઓનો સમય-મર્યાદામાં નિકાલ કરવામાં આવશે.

-------------

## રાજકોટ જિલ્લાના વિછીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં એમ્બ્યુલન્સ વાહન અંગે

૧૬૭૪૫ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લાના વિંછીયા

**જવાબ**

(૧) માનનીય ધારાસભ્યશ્રીએ એકપણ લેખીત ફરીયાદ/રજૂઆત સરકારને કરી નથી, પરંતુ ૩ (ત્રણ)

સામૂહિક આરોગ્ય કેન્દ્રની એમ્બ્યુલન્સ અકસ્માત પછી રીપેર કરી-ઓન રોડ કરવા રાજ્ય સરકારને કેટલી ફરિયાદો મળી, અને

(૨) હાલ વિછીયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે એમ્બ્યુલન્સ વાહનની શું પરિસ્થિતિ છે ?

ફરીયાદ/રજૂઆત જિલ્લા સંકલન સમિતિને અને ૧ (એક) ફરીયાદ/રજૂઆત વિભાગીય નાયબ નિયામકશ્રી, રાજકોટને કરેલ છે.

(૨) વિછીયા સામુહિક આરોગ્ય કેન્દ્રને વૈકલ્પિક વ્યવસ્થા કરી, એમ્બ્યુલન્સ ફાળવેલ છે.

-------------

## ભાવનગરની હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટર કાર્યરત કરવા અંગે

૧૬૮૯૫ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર સર તખતસિંહજી હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટરનું ઉદ્દઘાટન ક્યારે કરવામાં આવ્યું, | (૧) ટ્રોમા સેન્ટરનું ઉદ્દઘાટન કરવામાં આવેલ નથી. |
| (૨) આ સેન્ટર તેની પૂર્ણ ક્ષમતાથી કાર્યરત નથી તે સરકાર જાણે છે, અને | (૨) હા જી. |
| (૩) જો હા, તો શું કાર્યવાહી કરવા માંગે છે ? | (૩) ટ્રોમા સેન્ટરનું નવું બિલ્ડીંગ બનાવવાની કામગીરી ગતિમાં છે. |

-------------

## વિરમગામ અને સાણંદ તાલુકાની ફેક્ટરીઓમાં સ્થાનિક રહીશોને રોજગારી

૧૬૯૭૭**શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિરમગામ સાણંદ તાલુકામાં આવેલ ફેક્ટરીઓમાં સ્થાનિક રહીશોને ૮૦ ટકા રોજગારી મળે તે માટે ખાતા દ્વારા કોઈ ચકાસણી કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો ક્યારે, અને | (૨) વર્ષમાં બે વખત માહિતી મેળવવામાં આવે છે . |
| (૩) જો ના, તો આ અંગે ચકાસણી કરી નિયમોનું પાલન કરાવવા સ્થાનિક રહીશોને રોજગારી મળે તે માટે શું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## ઉમરપાડા તાલુકામાં આદર્શ નિવાસી શાળા શરૂ કરવા બાબત

૧૬૫૮૪ **શ્રી ગણપતભાઈ વે. વસાવા (માંગરોળ) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ગુજરાત રાજ્યમાં આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓમાં કેટલા તાલુકાઓ આદર્શ નિવાસી શાળાઓથી વંચિત છે, સુરત જિલ્લામાં ઉમરપાડા તાલુકામાં સરકાર આદર્શ નિવાસી શાળા ખોલવા માંગે છે કે કેમ, કેટલા સમયમાં ? | ગુજરાત રાજ્યમાં આદિવાસી વસ્તી ધરાવતા ૧૧ જિલ્લાઓમાં આવેલ સંકલિત આદિજાતિ વિકાસ યોજના હેઠળના ૪૩ તાલુકાઓ પેકી ૧૮ તાલુકાઓ આદર્શ નિવાસી શાળાઓથી વંચિત છે. સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં આદર્શ નિવાસી શાળા શરૂ કરવાની બાબત વિચારણા હેઠળ નથી. |

-------------

## બારડોલી અને માંડવી તાલુકામાં જમીન માપણી

૧૬૩૭૫**શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બારડોલી અને માંડવી તાલુકામાં જમીન માપણી અંગેની કેટલી અરજીઓ આવેલ છે, | (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બારડોલી તાલુકામાં-૧૭૬ અને માંડવી તાલુકામાં-૧૮૦ જમીન માપણી અંગેની અરજીઓ આવેલ છે. |
| (૨) જે પૈકીની કેટલી અરજીઓ અંગે કાર્યવાહી કરવામાં આવી, | (૨) જે પૈકી બારડોલી તાલુકામાં-૧૬૫ અને માંડવી તાલુકામાં૧૫૬ અરજીઓ અંગે કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| (૩) કેટલી અરજીઓની જમીન માપણી કરવાની બાકી છે, અને | (૩) બારડોલી તાલુકાની-૧૧ અને માંડવી તાલુકાની-૨૪ અરજીઓની જમીન માપણી કરવાની બાકી છે. |
| (૪) તેનાં શાં કારણો છે ? | (૪) જિલ્લા જમીન દફતર નિરીક્ષકશ્રી સુરતની કચેરીનું મહેકમ માહે નવેમ્બર-૦૫ તથા માહે ડીસેમ્બર-૦૫માં સુરત મહાનગરપાલીકાની સામાન્ય ચૂંટણીમાં રોકાયેલ હોવાથી. |

-------------

## પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે બંધ પડેલ નર્સિંગ કોલેજ શરૂ કરવા અંગે

૧૭૨૧૯ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલનપુર સિવિલ હોસ્પિટલમાં નર્સિંગ કોલેજ ક્યા કારણોસર બંધ કરેલ છે, | (૧) પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે નર્સિંગ કોલેજ નથી. |
| (૨) ચાલુ કરવા વિભાગને ફરીયાદ મળેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો ક્યાં સુધીમાં નર્સિંગ કોલેજ ચાલુ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## બેરોજગારીની સમસ્યા અને પગલાં

૧૭૬૦૪ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર બેરોજગારીની સમસ્યા માટે ચિંતીત છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તે રોજગાર ખાતા દ્વારા શું પગલાં લેવામાં આવેલ છે ? | (૨) ઓદ્યોગિક વિસ્તારમાં ભરતીમેળા, લશ્કરી ભરતીમેળા, સ્વરોજગાર શિબીરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નર ચલાવવામાં આવે છે. |

-------------

**રાજ્યના પેટા પરા ગામોને મહેસૂલી ગામ તરીકે જાહેર કરવાનું આયોજન**

૧૭૨૧૩ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ૧૦૦૦થી વધુ વસ્તી ધરાવતા પેટા પરા તરીકે ઓળખાતા ગામોને રેવન્યુ વિલેજ તરીકે જાહેર કરવાનું સરકારનું કોઇ આયોજન છે, અને | (૧) ના, જી. |
| (૨) ગામડાઓના વિકાસ માટે આવા ૧૦૦૦થી વધુ વસ્તી ધરાવતા પેટા પરાઓનું સર્વે સરકાર કરવા માંગે છે કે કેમ ? | (૨) ના, જી. |

-------------

**ગીરના સિંહોના રક્ષણ અંગે**

૧૬૮૯૭ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ ગીરના સિંહોને સુરક્ષા તથા યોગ્ય વાતાવરણ નહીં મળતા અપમૃત્યુના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો હોવાની હકિક્ત ખરી છે, | (૧) ના, જી. |
| (૨) ૧ જાન્યુઆરી ૨૦૦૫ થી ૩૧ ડીસે. ૨૦૦૫ સુધીના ૧ વર્ષમાં સિંહોના અપમૃત્યુના કેટલા કિસ્સાઓ બહાર આવ્યા છે, | (૨) ૪ સિંહોના અપમૃત્યના કિસ્સાઓ ધ્યાને આવેલા છે. |
| (૩) વિભાગે શું પગલાં ભર્યા છે, અને | (૩) ૧. બે માદા સિંહબાળ અકસ્માતે રેવન્યુ વિસ્તારમાં આવેલ ખુલ્લા કુવામાં પડી જતાં મૃત્યુ પામેલ છે. આવા ખુલ્લા કુવાઓને સુરક્ષિત કરવા માટે ગ્રામજનોને સમજણ આપવામાં આવેલ છે.<br>૨. બે સિંહ નરના મૃત્યુ ઝેર નાંખેલ મારણ ખાવાથી થયાનું બહાર આવેલ છે. આ કિસ્સામાં વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ અંતર્ગત ગુનો નોંધી અદાલતી કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| (૪) ગીરના જંગલો સિવાય રાજ્યના જ અન્ય વિસ્તારોમાં ખસેડી યોગ્ય વાતાવરણ આપવા વિભાગે કોઇ વિચાર કરેલ છે ? | (૪) ના, જી. |

-------------

**ઉના તાલુકામાં સરકારી જમીનના વેચાણ અંગે**

૧૬૮૯૨ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકાના સોખડા સ.નં.૭૨ થી એ.ગું.૧૨-૩૪ સરકારી માલિકીની જમીન ખાનગી વ્યક્તિઓએ ગેરકાયદેસર નાણા મેળવી વેચાણ દસ્તાવેજ કર્યાની બાબત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકાર એમાં શું પગલાં લેવા ધારે છે ? | (૨) નીચે મુજબની વિગતે પગલાં લેવામાં આવેલ છે. તેથી હવે કોઇ વિશેષ પગલાં લેવાનો પ્રશ્ન નથી.<br>(૧) પ્રશ્નવાળી જમીનના વેચાણ વ્યવહારની નોંધો તા.૨૩-૮-૬૭ અને તા.૧૫-૧૨-૭૨ થી ના- |

મંજુર કરવામાં આવેલ છે.

(૨) સવાલવાળી જમીન અંગે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૩૭(૨) અન્વયે કેસ ચલાવી તા.૩૧-૭-૮૨ના હુકમથી જમીન સરકારની માલિકીની ઠરાવેલ છે.

(૩) સરકારી માલિકીની જમીન ઠરાવતા, જમીનનો કબજો તા.૧૪-૩-૯૭ થી સરકાર હસ્તક સંભાળી લેવામાં આવેલ છે.

-------------

**મહેસાણા જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવા અંગે**

૧૭૫૧૨ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા અને ક્યા ક્યા સરકારી દવાખાનાઓ સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવા માટેની માંગણીઓ કઇ કઇ સંસ્થાઓ તરફથી આવી,

(૨) આ માંગણીઓ પૈકી કેટલી માંગણીઓ મંજૂર કરવામાં આવી,

(૩) સામુહિક આરોગ્ય કેન્દ્ર, કડી તથા થોળને સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવા માંગો છો કે કેમ, અને

(૪) જો હા, તો કઇ સંસ્થાને ?

**જવાબ**

(૧) વાલમ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે રોટરી ગ્રામ્ય દળ, વાલમ અને શ્રીમતી પટેલ લખુબેન ખેમચંદભાઇ ચેરીટેબલ ટ્રસ્ટ, પાટણની માંગણી આવેલ છે.

(૨) એક પણ નહી.

(૩) અને (૪) : આરોગ્ય ક્ષેત્રમાં લોક ભાગીદારીથી લોકોની આરોગ્ય સુખાકારીમાં સુધારો કરી શકાય તે હેતુને ધ્યાનમાં રાખી, આરોગ્ય ક્ષેત્રનો અનુભવ ધરાવતી સંસ્થા, સામુહિક આરોગ્ય કેન્દ્ર, કડી તથા થોળનો વહીવટ સંભાળવા આગળ આવે તો, વહીવટ સોંપવા વિચારણા કરાશે.

------------

**રાજકોટ મહાનગરપાલિકાની હદમાં બિનખેતી કર્યા વગરના બાંધકામો**

૧૬૫૮૮ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ મહાનગરપાલિકાની હદમાં તલાટી ગ્રુપ-૧ થી ગ્રુપ-૧૧ સુધીના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારમાં છેલ્લા દોઢ વર્ષમાં તા.૧-૭-૦૪ થી તા.૩૧-૧૨-૦૫ સુધીમાં ક્યા ક્યા સર્વે નંબરમાં બિનખેતી કર્યા વગરના બાંધકામો થવા પામ્યા, અને

(૨) બિનખેતી થયા વગરના બાંધકામોને સરકારે રેગ્યુલર કરવા માટે જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૬ અને ૬૭ મુજબ નિયમાનુસાર શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) સર્વે નંબર-૪૩/૨ પૈકી, ૪૨ પૈકી, ૪૨ પૈકી, ૫૧/૩ પૈકી, ૯૨ પૈકી, ૫૧ પૈકી, ૫૧ પૈકી, ૫૧/૧ પૈકી, ૧૩૧ પૈકી, ૭૧૬ અને ૧૮૬ માં.

(૨) જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૬ હેઠળ પગલાં લેવાની પ્રક્રિયા બાકી છે, જે હવે પછી હાથ ધરવામાં આવશે. જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૭ હેઠળ તથા આનુષાંગિક જોગવાઇ હેઠળ બાંધકામો નિયમિત કરવા માટે કોઇ અરજદારે અરજી કરેલ ન હોઇ તે અન્વયે કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**હાલોલ તાલુકામાં છાત્રાલયના મકાન અંગે**

૧૬૮૮૭**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ હાલોલ તાલુકામાં રામેશરા ગામે આદિજાતિ વિકાસ વિભાગની કોઇ છાત્રાલય આવેલ છે કે કેમ, | (૧) ના, જી. પરંતુ રામેશરા ગામે જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકનું છાત્રાલય આવેલ છે. |
| (૨) આ છાત્રાલયનું મકાન જર્જરીત હાલતમાં હોય નવું મકાન બનાવવા માંગો છો કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો ક્યાર સુધી ? | (૩) ૧૨મા નાણાપંચ અન્વયે વર્ષ ૨૦૦૬-૨૦૦૭ માં મકાન બનાવવાનું આયોજન વિચારેલ છે. |

**વડોદરા શહેર અને જિલ્લામાં મજૂરોના શોષણ**

૧૬૭૬૦ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં મજૂરોના શોષણ અંગે કેટલી ફરીયાદ આવી, | (૧) **શહેર** ૧૧૩૯, **ગ્રામ્ય** ૫૪૦ |
| (૨) તેમાં છોટા ઉદેપુર ડોલો માઇટ કારખાનામાં કામ કરતા મજૂરોની કેટલી ફરીયાદ આવી, અને | (૨) એકપણ નહીં. |
| (૩) આ ફરીયાદો અંગે શું કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**અમદાવાદ શહેરમાં ખાધ પદાર્થોમાં ભેળસેળના કેસો**

૧૭૫૦૦ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં સને ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા.૩૧-૧-૦૬ સુધી ખાધ પદાર્થોમાં ભેળસેળ કરવાના કેટલા ગુનાઓ નોંધાયા છે, | (૧) અમદાવાદ શહેરમાં સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા.૩૧-૧-૦૬ સુધીમાં ખાધ પદાર્થમાં ભેળસેળ કરવા સબબ ૩૩૭ કેસોમાં નામદાર અદાલતમાં ફરીયાદ નોંધાવવામાં આવી છે. |
| (૨) આ ભેળસેળ કેવા પ્રકારની માલુમ પડી છે, | (૨) આ ભેળસેળ નીચે મુજબ માલુમ પડી છે.<br>- ખાધ તેલોમાં અન્ય ખાધ તેલની, દૂધ-માવા આઇસ્કીમમાં મિલ્ક ફેટની ઘટ.<br>- મરચાં, હળદરમાં હલકી જાતના મસાલાની ભેળસેળ.<br>- કેરીના રસમાં બાહ્ય રંગની ભેળસેળ<br>- ઘી માં અન્ય પદાર્થો.<br>- મીઠાઇમાં વધારે પડતા રંગ. |
| (૩) ભેળસેળના કેટલા ગુનાઓ સાબિત થયા છે, અને | (૩) જવાબ ખંડ-૧ માં જણાવેલ કેસો નામદાર અદાલતમાં પડતર છે. |
| (૪) આ ભેળસેળ અટકાવવા સરકારે શું પગલાં લીધાં છે ? | (૪) બજારમાં વેચાતા ખાધ પદાર્થમાં ભેળસેળ અટકાવવા માટે તા.૧-૪-૨૦૦૪ થી તા.૩૧-૧-૨૦૦૬ સુધીમાં ખાધ પદાર્થોના ૩૬૬૦ નમૂનાઓ |

લેવામાં આવેલ છે.
- આ નમૂનાઓની ચકાસણી કરાવવામાં આવેલ છે. નમૂના નાપાસ થાય તો અદાલતમાં કેસ કરવામાં આવે છે.
- ચકાસણી વખતે ખાધ પદાર્થ ખરાબ માલુમ પડે તો તેનો નાશ કરવામાં આવે છે.
- ખાધ પદાર્થમાં ભેળસેળ માલુમ પડે તો આવો જથ્થો તે જ વખતે જપ્ત કરવામાં આવે છે.

-------------

**કેન્દ્ર સરકારની સંસ્થાઓને ગાંધીનગર તાલુકામાં જમીન ફાળવણી**

૧૭૪૯૫ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારની કઇ કઇ સંસ્થાઓને ગાંધીનગર તાલુકામાંથી જમીનની ફાળવણી તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરી, | (૧) મહેસૂલ વિભાગ દ્વારા એકપણ નહીં. |
| (૨) કેન્દ્ર સરકારની કેટલી સંસ્થાઓએ જમીનની માંગણી કરી હતી, અને | (૨) બે |
| (૩) કેટલી અરજીઓ પડતર છે ? | (૩) એક |

-------------

**કચ્છ જિલ્લાના કોળી, પારઘી અને દેવીપૂજક જ્ઞાતિ અંગે મળેલ રજૂઆતો**

૧૭૪૨૪ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર):માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં કોળી, પારઘી અને દેવીપૂજક જ્ઞાતિને આદિજાતિમાંથી બાકાત કરવામાં આવેલ છે તેમને ફરીથી આદિજાતિમાં મુકવા કેન્દ્ર સરકારને રજૂઆત કરવા માંગ/ભલામણ રાજ્ય સરકારને થઇ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આવી રજૂઆત કોણે કોણે ક્યારે કરી અને આ અંગે શું કાર્યવાહી કરવામાં આવી ? | (૨) સામેલ પત્રકમાં જણાવ્યા મુજબ. |

**પ ત્ર ક**

| ક્રમ | રજૂઆત કર્તાનું નામ સરનામું | રજૂઆતની તારીખ | જવાબ આપ્યા તારીખ | આપવામાં આવેલ જવાબ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | શ્રી ભુરાભાઇ, એસ.મકવાણા, પ્રમુખ, કચ્છ જિલ્લા અનુ.જાતિ અન્યાય નિવારણ સમિતિ, રાપર, જિ.કચ્છ. | ૦૮-૦૧-૦૫ | ૩૧-૦૧-૦૫ | કચ્છ જિલ્લાની વાઘરી કોળી અને પારઘી જાતિઓ અનુસૂચિત જનજાતિના લક્ષણો પરિપૂર્ણ કરતી નહીં હોવાથી કેન્દ્ર સરકારના કાયદો અને ન્યાય મંત્રાલયના તા.૮-૧-૨૦૦૩ના (સુધારા અધિનિયમથી ઉક્ત જાતિઓને અનુસૂચિત જનજાતિની યાદીમાંથી રદ કરવામાં આવેલ છે જેથી તે જાતિઓનો અનુસૂચિત જનજાતિની યાદીમાં પુનઃ સમાવેશ કરવા અંગેની માંગણી સ્વીકારવામાં આવેલ નથી. |
| ૨ | શ્રી બાબુભાઇ મેઘજીભાઇ શાહ<br>ધારાસભ્ય (રાપર-કચ્છ) | ૦૯-૦૮-૦૫ | ૧૭-૦૧-૦૬ | |
| ૩ | શ્રી નરેન્દ્રભાઇ જી.રાઠોડ, પ્રમુખ, અખિલ કચ્છ જિલ્લા જોગી (પારઘી) જ્ઞાતિ મંડળ, અંજાર-કચ્છ. | ૦૮-૦૩-૦૫ | ૨૯-૦૩-૦૫ | |
| ૪ | શ્રી પુષ્પદાન ગઢવી, સાંસદ | ૧૧-૧૧-૦૪ | ૨૦-૧૨- | |

| ક્રમ | રજૂઆત કર્તાનું નામ સરનામું | રજૂઆતની તારીખ | જવાબ આપ્યા તારીખ | આપવામાં આવેલ જવાબ |
|---|---|---|---|---|
| | (લોકસભા), ભૂજ-કચ્છ. | ૧૫-૧૧-૦૫ | ૦૪ ૦૬-૦૧-૦૬ | |

-------------

## વન વિકાસ અને વિસ્તાર વધારવા અંગે

૧૬૬૪૬ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા વન વિકાસ અને વિસ્તાર વધારવા માટે ક્યા ક્યા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા, અને

(૨) જિલ્લાવાર વન વિસ્તારમાં કેટલો વધારો છેલ્લા બે વર્ષમાં નોંધાયો ?

**જવાબ**

(૧) વન વિકાસ અને વિસ્તારના વિકાસ માટે સરકાર દ્વારા વિવિધ યોજના હેઠળ વન વિકાસની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત સહભાગી વન વ્યવસ્થા કાર્યક્રમ અંતર્ગત સ્થાનિક લોકોના સહકારથી વન વિકાસની કામગીરી હાથ ધરવામાં આવે છે. જેમાં સંશોધન અને જન જાગૃતી અભિયાન પણ સામેલ છે. ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ની કલમ-૪, કલમ-૨૦ અને ૨૯ હેઠળ અનામત વનો તથા રક્ષીત વનો જાહેર કરી વન વિસ્તાર વધારો કરવામાં આવે છે.

(૨) રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કુલ-૨૧.૨૬ ચોરસ કીલોમીટર વન વિસ્તારમાં વધારો થયેલ છે. આ બાબતે જિલ્લાવાર વધારો દર્શાવતું પત્રક સામેલ છે.

**પ ત્ર ક - ૧**

**વન ખાતા હસ્તકના વર્તુળવાર અનામત, રક્ષિત અને અવર્ગીકૃત વન વિસ્તારો-૨૦૦૪-૦૫**

(વિસ્તાર ચો.કી.મી.)

| ક્રમ | વન વર્તુળ | વનનો પ્રકાર | તા.૧-૪-૨૦૦૪ ના રોજ વન વિસ્તાર | વર્ષ દરમિયાન વન વિસ્તારમાં થયેલ વધારો | વર્ષ દરમિયાન ક્મી થયેલ અથવા બીજા પ્રકારમાં તબદીલ થયેલ વન વિસ્તાર | ૩૧-૩-૨૦૦૫ ના રોજ વન વિસ્તાર (૩+૪ +૫) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | સુરત | અનામત | ૩૫૫૧.૭૪ | | | ૩૫૫૧.૭૪ |
| | | રક્ષિત | ૧૯૩.૮૨ | | | ૧૯૩.૮૨ |
| | | અવગીકૃત | ૧૦૭.૧૬ | | | ૧૦૭.૧૬ |
| | | **કુલ** | **૩૮૫૨.૭૨** | **0.00** | **0.00** | **૩૮૫૨.૭૨** |
| ૨ | વડોદરા | અનામત | ૨૬૨૬.૬૨ | ૦.૫૯ | | ૨૬૨૭.૨૧ |
| | | રક્ષિત | ૧૩.૬૭ | | | ૧૩.૬૭ |
| | | અવગીકૃત | ૭૨.૦૧ | | ૦.૫૯ | ૭૧.૪૨ |
| | | **કુલ** | **૨૭૧૨.૩૦** | **૦.૫૯** | **૦.૫૯** | **૨૭૧૨.૩૦** |
| ૩ | જૂનાગઢ | અનામત | ૧૩૩૪.૬૬ | | | ૧૩૩૪.૬૬ |
| | | રક્ષિત | ૬.૨૬ | | | ૬.૨૬ |
| | | અવગીકૃત | ૭૨૨.૬૨ | | | ૭૨૨.૬૨ |
| | | **કુલ** | **૨૦૬૩.૫૪** | **0.00** | **0.00** | **૨૦૬૩.૫૪** |
| ૪ | ગાંધીનગર | અનામત | ૧૨૪૫.૭૧ | | | ૧૨૪૫.૭૧ |
| | | રક્ષિત | ૧૪.૪૨ | | | ૧૪.૪૨ |
| | | અવગીકૃત | ૧૨૨૨.૫૦ | | | ૧૨૨૨.૫૦ |
| | | **કુલ** | **૨૪૮૨.૬૩** | **0.00** | **0.00** | **૨૪૮૨.૬૩** |
| ૫ | કચ્છ | અનામત | ૨૩૧૪.૨૭ | | | ૨૩૧૪.૨૭ |
| | | રક્ષિત | ૫.૭૬ | | | ૫.૭૬ |
| | | અવગીકૃત | ૧૨૮૮.૨૯ | ૨૧.૨૬ | | ૧૩૦૯.૫૫ |
| | | **કુલ** | **૩૬૦૮.૩૨** | **૨૧.૨૬** | **0.00** | **૩૬૨૯.૫૮** |
| ૬ | વ.પ્રા. | અનામત | ૧૭૨૦.૯૭ | | | ૧૭૨૦.૯૭ |
| | જૂનાગઢ | રક્ષિત | ૧૧૮.૮૬ | | | ૧૧૮.૮૬ |

| ક્રમ | વન વર્તુળ | વનનો પ્રકાર | તા.૧-૪-૨૦૦૪ ના રોજ વન વિસ્તાર | વર્ષ દરમિયાન વન વિસ્તારમાં થયેલ વધારો | વર્ષ દરમિયાન ક્મી થયેલ અથવા બીજા પ્રકારમાં તબદીલ થયેલ વન વિસ્તાર | ૩૧-૩-૨૦૦૫ ના રોજ વન વિસ્તાર (૩+૪ +૫) |
|---|---|---|---|---|---|---|
| | | અવગીકૃત | ૯૧.૦૮ | | | ૯૧.૦૮ |
| | | **કુલ** | **૧૯૩૦.૯૧** | **0.00** | **0.00** | **૧૯૩૦.૯૧** |
| ૭ | જામનગર | અનામત | ૨૯.૯૩ | | | ૨૯.૯૩ |
| | | રક્ષિત | ૬.૮૧ | | | ૬.૮૧ |
| | | અવગીકૃત | ૮૮૭.૨૩ | | | ૮૮૭.૨૩ |
| | | **કુલ** | **૯૨૩.૯૭** | **0.00** | **0.00** | **૯૨૩.૯૭** |
| ૮ | વલસાડ | અનામત | ૧૧૬૩.૩૦ | | | ૧૧૬૩.૩૦ |
| | | રક્ષિત | ૧૮.૬૨ | | | ૧૮.૬૨ |
| | | અવગીકૃત | ૩.૧૯ | | | ૩.૧૯ |
| | | **કુલ** | **૧૧૮૫.૧૧** | **0.00** | **0.00** | **૧૧૮૫.૧૧** |
| ૯ | અમદાવાદ | અનામત | ૧૧૧.૫૪ | | | ૧૧૧.૫૪ |
| | | રક્ષિત | | | | 0.00 |
| | | અવગીકૃત | ૬૯.૨૬ | | | ૬૯.૨૬ |
| | | **કુલ** | **૧૮૦.૮૦** | **0.00** | **0.00** | **૧૮૦.૮૦** |
| | કુલ | **અનામત** | **૧૪૦૯૮.૭૪** | **૦.૫૯** | **0.00** | **૧૪૦૯૯.૩૩** |
| | ગુજરાત રાજ્ય | રક્ષિત | ૩૭૮.૨૨ | 0.00 | 0.00 | ૩૭૮.૨૨ |
| | | અવગીકૃત | ૪૪૬૩.૩૪ | ૨૧.૨૬ | ૦.૫૯ | ૪૪૮૪.૦૧ |
| | | **કુલ** | **૧૮૯૪૦.૩૦** | **૨૧.૮૫** | **૦.૫૯** | **૧૮૯૬૧.૫૬** |

-------------

## પરિચારિકાઓની તાલીમ અંગે નર્સિંગ શાળાઓનું આયોજન અને ખર્ચ

૧૬૭૫૬ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં પરિચારિકાઓની તાલીમ અને શિક્ષણ માટે બે નવી નર્સિંગ સ્કૂલોનું આયોજન સને ૨૦૦૫-૦૬ ના વર્ષમાં બજેટમાં કરવામાં આવ્યું છે તે વાત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ નર્સિંગ સ્કૂલો માટે કેટલી નાણાંકીય જોગવાઇ કરવામાં આવી છે. અને તેમાંથી કેટલી રકમ તા.૩૧-૧-૦૬ સુધી વપરાઇ ચૂકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ બે સ્કૂલોની કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## પાલીતાણા તાલુકામાં પાલતું પ્રાણીઓના સિંહો દ્વારા મૃત્યુ

૧૭૦૬૮ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાલીતાણા તાલુકાના શેત્રુંજ્ય નદીના કાંઠા વિસ્તારમાં કુલ કેટલા સિંહોની વસ્તી છે, | (૧) પાલીતાણા તાલુકાનાં શેત્રુંજ્ય નદીના કાંઠા વિસ્તારમાં ૬ સિંહો અવર જવર કરતા હોવાનું જાણમાં આવેલ છે. |
| (૨) ૩૧ ડિસેમ્બર, ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા પાલતું પ્રાણીઓનાં સિંહો દ્વારા મરણ થયાની ફરિયાદો મળી છે, અને | (૨) ૩૧ ડિસેમ્બર, ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં સિંહો દ્વારા કુલ ૬ પાલતું પ્રાણીઓના મારણ થયાની ફરિયાદો મળી છે, |
| (૩) કુલ કેટલા કેસમાં વળતર ચૂકવાયું છે ? | (૩) ૨ કેસોમાં વળતર ચૂકવાયેલ છે. |

-------------

## રાજ્યના આરોગ્ય કેન્દ્રોમાં ખાનગી પ્રેક્ટીસ કરવાની છૂટ અંગે

૧૬૮૯૧ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરો પુરતા ઉપલબ્ધ ન થવાનાં શું કારણો છે, | (૧) યોગ્ય લાયકાત ધરાવતા તબીબો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ થતા નથી. જે ઉપલબ્ધ થાય છે તેઓ ગ્રામ્ય વિસ્તારમાં નિમણૂંક મેળવવાની પસંદગી ઓછી દર્શાવે છે. |
| (૨) આવા ક્લોલીફાઇડ ડોકટરો ગ્રામ્ય વિસ્તારમાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સેવા ઉપરાંત ખાનગી પ્રેક્ટીસ કરવાની છૂટછાટ અંગે સરકારે કોઇ નિર્ણય કરેલ છે, અને | (૨) વિચારણામાં છે. |
| (૩) જો હા, તો તેનો ક્યારથી અમલ થનાર છે ? | (૩) ટૂંક સમયમાં. |

-------------

## ભાવનગર તાલુકાના વરતેજ સામુહિક આરોગ્ય કેન્દ્રના મકાન અંગે

૧૬૪૮૩ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ભાવનગર તાલુકાનું વરતેજ ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રના બિલ્ડીંગનું બાંધકામ પૂર્ણ કરવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ? | મકાન બાંધકામના નકશા-અંદાજોને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે, તથા વર્ષ ૨૦૦૫-૨૦૦૬ માં રૂા.૩૬.૪૭ લાખ જોગવાઇ કરવામાં આવેલ છે. |

-------------

## ચેરીટેબલ ટ્રસ્ટ અને એન.જી.ઓ. ના પ્રોજેક્ટ અન્વયે જમીન મેળવવા પ્રિમીયમના દર

૧૬૫૮૧**શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નોંધાયેલ ચેરીટેબલ ટ્રસ્ટો અને એન.જી.ઓ. ને તેમના પ્રોજેક્ટ માટેની જરૂરી જમીન મેળવવા સંદર્ભે, પ્રવર્તમાન પ્રિમીયમના ઉંચા દરને કારણે ભોગવવી પડતી હાલાકી થી સરકાર માહિતગાર છે ખરી, અને | (૧) નવી અને અવિભાજ્ય શરતની જમીનો બીનખેતીના હેતુ માટે શરતફેર/વેચાણ કરવાના પ્રસંગે જમીનો પરના અરજદારશ્રી/ખાતેદારના જમીન પરત્વેના કબજાના સમયગાળાને ધ્યાનમાં લઇ બજાર કિંમતના ૭૦% કે ૮૦% પ્રિમીયમની રકમ વસુલ લઇ બીનખેતીના હેતુ માટે શરતફેર/વેચાણ કરવા પરવાનગી આપવામાં આવે છે. અને આ ધોરણો તા.૧૭-૯-૧૯૮૪ થી સમગ્ર રાજ્યમાં એક સરખી રીતે લાગુ પાડવામાં આવેલ હોઇ રાજ્યમાં નોંધાયેલ ચેરીટેબલ ટ્રસ્ટો અને એન.જી.ઓ. ને તેમના પ્રોજેક્ટ માટેની જરૂરી જમીન મેળવવા સંદર્ભે, પ્રવર્તમાન પ્રિમીયમના ઉંચા દરને કારણે હાલાકી ભોગવવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૨) જો હા, તો આવી સંસ્થાઓના કાર્યોને પ્રોત્સાહન આપવા સરકારે વિચારેલ આયોજનની વિગતો શું છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## હલકી કક્ષાની દવાઓની ચકાસણી અને દોષિત કંપનીઓ સામે લીધેલ પગલાં

**૧૭૩૯૫ શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧મી ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ કેન્દ્રીય ઓષધ ભંડાર તંત્ર દ્વારા રેઇટ કોન્ટ્રેક્ટથી સરકારી દવાખાનાઓમાં પુરી પાડવામાં આવેલ દવાઓની લેબોરેટરી ચકાસણી બાદ હલકી કક્ષાની દવાઓ જણાઇ હોય તેવી કેટલી કંપનીઓ છેલ્લા ત્રણ વર્ષમાં જણાઇ છે,

(૨) કઇ કઇ આવી દોષિત કંપનીને શું શિક્ષા કરવામાં આવી છે, અને

(૩) કઇ કઇ કંપનીને બ્લોક લીસ્ટ કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) ૭૮ કંપનીઓની દવાઓ અપ્રમાણસર જણાયેલ છે.

(૨) અને (૩) : કુલ ૭૮ કંપનીઓ પેકી ૭૪ કંપનીઓ પાસેથી (પત્રક-અ) રીકવરી/રીપ્લેસમેન્ટ પેટે અનુક્રમે રૂા.૧૫૦,૪૮,૧૩૯ તથા રૂા.૫૯,૦૧,૩૧૬ ની રકમની દવાઓ મેળવવામાં આવેલ છે તેમજ ૪૦ કંપનીઓને જે તે આઇટમ પૂરતી ડીબાર કરવામાં આવેલ છે. (પત્રક-બ).

### પ ત્ર ક - અ

### અપ્રમાણસર દવાઓના ૭૪ ઉત્પાદકો પાસેથી કરાયેલ રીપ્લેસમેન્ટ/વસુલાતની યાદી

| અનુ.નં. | ઉત્પાદકનું નામ | રીપ્લેસમેન્ટ (રૂા.) | વસૂલાત (રૂા.) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | યુનિક એન્ટરપ્રાઇઝ, વડોદરા | ૦ | ૬૭૨૮૮ |
| ૨ | વેસ્ટ કોસ્ટ ફાર્માસ્યુટીકલ્સ, અમદાવાદ | ૦ | ૫૪૮૬ |
| ૩ | ફીનીઝ ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લી., અમદાવાદ | ૦ | ૧૦૨૬૬૫૧ |
| ૪ | વર્ધમાન ફાર્માકેમ, અમદાવાદ | ૦ | ૧૮૭૦૦ |
| ૫ | ગ્લોબલ ફાર્મા | ૬૦૬૩૯ | ૦ |
| ૬ | સ્ટેલીઓન લેબોરેટરીઝ પ્રા.લી., અમદાવાદ | ૦ | ૪૯૦૨૩૯ |
| ૭ | ડીલક્ષ સર્જીકલ, અમદાવાદ | ૦ | ૪૭૮૯૮ |
| ૮ | સર્જીએઇડ (ઇન્ડીયા), મેરઠ | ૪૪૮૦૦ | ૬૭૩૫૦ |
| ૯ | ભારત પેરેન્ટ્રલ્સ લી., વડોદરા | ૬૦૨૪૯૭ | ૬૫૩૬૫૫ |
| ૧૦ | ડાયનેમીક એન્ટરપ્રાઇઝ, વડોદરા | ૦ | ૪૧૬૧ |
| ૧૧ | સેન્ચુરીઅન લેબોરેટરીઝ, વડોદરા | ૦ | ૧૨૨૮૦૩ |
| ૧૨ | માન ફાર્માસ્યુટીકલ્સ લી., મહેસાણા | ૦ | ૪૧૬૦૭૦ |
| ૧૩ | લીંક્ન ફાર્મા., અમદાવાદ | ૦ | ૧૨૨૦૦૦ |
| ૧૪ | બરોડા સર્જીકલ (ઇ) પ્રા.લી., વડોદરા | ૯૨૨૦૭૪ | ૪૪૮૦૦ |
| ૧૫ | માઇક્રોન ફાર્માસ્યુટીકલ્સ, વાપી | ૬૨૧૬૯૪ | ૧૭૪૪૬૫ |
| ૧૬ | લીંક્ન પેરેન્ટ્રલ્સ લી., અમદાવાદ | ૩૯૯૮૪ | ૩૭૯૯૫૦ |
| ૧૭ | બેરીલ ડ્રગ્સ લી., ઇન્દોર | ૦ | ૪૮૯૪૬૫ |
| ૧૮ | ગોકુલ ટ્રેડર્સ, અમદાવાદ | ૩૬૩૪૪ | ૧૪૫૧ |
| ૧૯ | યુરોકેમ લેબોરેટરીઝ, થીરૂપોરૂર | ૦ | ૬૦૨૩૨ |
| ૨૦ | કોમેટ ફાર્મા., અમદાવાદ | ૨૩૧૫૩ | ૧૦૨૩૪ |
| ૨૧ | હિન્દુસ્તાન ફાર્માસ્યુટીકલ્સ, બરોની | ૯૭૯૨ | ૩૯૩૫૮૮ |
| ૨૨ | બીપ્સન સર્જીકલ ઇન્ડસ્ટ્રીઝ, ગાંધીનગર | ૦ | ૨૫૯૫૮૦ |
| ૨૩ | એવન્તીસ ફાર્મા.લી., મુંબઇ | ૦ | ૩૦૧૧૪૦ |
| ૨૪ | એસપીએમ ડ્રગ્સ (પ્રા.) લી., ભવાની | ૦ | ૩૧૦૧૭ |
| ૨૫ | સેલ્વોક ફાર્માસ્યુટીકલ્સ ક્રું. બીલીમોરા | ૨૦૯૦૪ | ૩૨૯૧૪ |
| ૨૬ | શીવાની સર્જીકલ (પ્રા.) લી., અમદાવાદ | ૦ | ૧૧૨૦૪ |
| ૨૭ | મોરવેલ લેબોરેટરીઝ પ્રા.લી., મહેસાણા | ૦ | ૨૯૭૪૬૫ |
| ૨૮ | વીલ્સન ટેપ્સ, ગાંધીનગર | ૦ | ૬૮૪૬૭ |
| ૨૯ | સેન્કટસ ડ્રગ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લી. | ૨૯૩૩૦૨ | ૨૨૯૫૨૫ |
| ૩૦ | સ્યુચર ઇન્ડીયા પ્રા.લી. | ૦ | ૧૦૮૭૫૩ |
| ૩૧ | કેન્ટ્રેક લેબોરેટરીઝ પ્રા.લી. | ૧૭૨૨૨૨ | ૪૭૫૩૩ |
| ૩૨ | કીશનચંદ એન્ડ સન્સ, દિલ્હી. | ૩૬૦૦૦ | ૫૫૫૦૦ |
| ૩૩ | સેફ સર્જીકલ ઇન્ડસ્ટ્રીઝ, બ્યાવર | ૧૮૪૯૨૫ | ૩૭૪૮૦ |
| ૩૪ | શેલત બ્રધર્સ, અમદાવાદ | ૦ | ૧૭૪૮૨૫ |
| ૩૫ | હર્સન લેબોરેટરીઝ, વડોદરા. | ૦ | ૩૮૮૦૮ |
| ૩૬ | નીઓન લેબોરેટરીઝ પ્રા.લી., મુંબઇ | ૨૫૩૨૦ | ૧૮૪૯૮૦ |
| ૩૭ | થીઓડોર લેબોરેટરીઝ પ્રા.લી., મહેસાણા. | ૦ | ૨૩૪૦૨ |
| ૩૮ | ગુજરાત ફાર્મા. લેબ.પ્રા.લી., અમદાવાદ | ૦ | ૪૮૮૨૯૩ |

| અનુ.નં. | ઉત્પાદકનું નામ | રીપ્લેસમેન્ટ (રૂા.) | વસૂલાત (રૂા.) |
|---|---|---|---|
| ૩૯ | સેફગાર્ડ સર્જીકલ | ૦ | ૧૭૨૬૦૧ |
| ૪૦ | ડેફ્રોડીલ્સ ફાર્માસ્યુટીકલ્સ | ૦ | ૨૫૧૬૦ |
| ૪૧ | એડ્રોઇટ ફાર્માસ્યુટીકલ્સ | ૦ | ૮૨૮૮૦ |
| ૪૨ | બ્રીજ ટેક્ષટાઇલ્સ, દિલ્હી. | ૩૩૨૬૦૧ | ૧૫૮૪૮૨ |
| ૪૩ | ટ્રોઇકા પેરેન્ટ્રલ્સ પ્રા.લી., થોળ | ૦ | ૩૪૫૯૫ |
| ૪૪ | જયવીન રેમેડીઝ પ્રા.લી., છત્રાલ. | ૦ | ૩૪૫૧૯ |
| ૪૫ | ફ્યુચુરા સર્જીકલ, બેંગ્લોર. | ૦ | ૧૮૮૫૯૪ |
| ૪૬ | પ્રાઇમ ડીસઇન્ફેક્ટન્ટ, મધ્યપ્રદેશ | ૦ | ૩૮૦૧૯ |
| ૪૭ | પ્યોર ફાર્મા લી., ઇન્દોર | ૦ | ૧૭૫૬૨૮૧ |
| ૪૮ | સ્ટરીકેટ ગટસ્ટ્રીંગ પ્રા.લી., | ૧૩૫૦૦ | ૭૧૩૭૦ |
| ૪૯ | કામસોમ ઇન્ડસ્ટ્રીઝ, ઉમરેઠ | ૦ | ૩૨૭૬૫૯ |
| ૫૦ | ઇથીકોન (જહોન્સન એન્ડ જહોન્સન) | ૦ | ૧૦૯૦૨૭ |
| ૫૧ | શ્રી ઉમિયા સર્જીકલ, અમદાવાદ | ૦ | ૧૯૪૩૮૦ |
| ૫૨ | જેક્સન લેબોરેટરીઝ પ્રા.લી., અમૃતસર | ૬૮૭૩૦ | ૭૨૬૩૯૩ |
| ૫૩ | મરક્યુરી લેબોરેટરીઝ | ૦ | ૨૪૪૭૬ |
| ૫૪ | આલ્બર્ટ ડેવીડ લી., | ૦ | ૯૦૩૩૯૧ |
| ૫૫ | હેલ્સીઓન ફાર્માસ્યુટીકલ્સ, લોહારૂ | ૫૮૧૦૨૭ | ૦ |
| ૫૬ | લીડીંગ ઇન્ડીયા સ્યુસર્ચ. | ૦ | ૩૧૫૪૨ |
| ૫૭ | સુનીજ ફાર્મા. પ્રા.લી., | ૦ | ૨૮૮૬૫ |
| ૫૮ | નેસ્ટર ફાર્માસ્યુટીકલ્સ, દિલ્હી. | ૦ | ૪૧૦૯૮૭ |
| ૫૯ | એન્ડોલેબ્સ લી., | ૦ | ૫૦૮૩૭૩ |
| ૬૦ | મકીમ મેડ એઇડસ, વડોદરા | ૬૧૨૭૮ | ૦ |
| ૬૧ | પ્રેમ ફાર્માસ્યુટીકલ્સ, ઇન્દોર | ૦ | ૨૩૪૬૦૭ |
| ૬૨ | ઇન્ફ્રીનીટીવ ફાર્માસ્યુટીકલ્સ ઇન્ડ., ડીસા. | ૧૪૦૯૫૩૦ | ૯૫૧૪૬૯ |
| ૬૩ | શ્રી ટ્રેડીંગ કાું., અમદાવાદ. | ૦ | ૧૭૦૯૪૨ |
| ૬૪ | સ્મીત રેમેડીઝ, અમદાવાદ | ૧૪૨૪૫૧ | ૮૬૧૩૯ |
| ૬૫ | મહેતા ટ્રેડીંગ કાું., અમદાવાદ | ૬૪૨૮૨ | ૦ |
| ૬૬ | અલ્પા લેબોરેટરીઝ, મધ્યપ્રદેશ. | ૦ | ૩૦૦૪૦૦ |
| ૬૭ | યુનિટી હેલ્થકેર, અમદાવાદ | ૦ | ૩૨૪૭૩૬ |
| ૬૮ | પ્રિસાઇઝ ફોર્મ્યુલેશન, બાવળા. | ૮૩૭૩ | ૦ |
| ૬૯ | ડીવાઇન લેબોરેટરી પ્રા.લી., વડોદરા | ૫૨૦૫૬ | ૦ |
| ૭૦ | મેક્યોર લેબોરેટરી પ્રા.લી., ઝાક. | ૩૭૫૦ | ૦ |
| ૭૧ | દીપ ફાર્મા, ધોળકા | ૪૧૦૬૦ | ૦ |
| ૭૨ | ઇસ્કોન સર્જીકલ, જોધપુર (રાજસ્થાન) | ૦ | ૧૫૨૮૮૦ |
| ૭૩ | મેડીપોલ ફાર્મા ઇન્ડ. પ્રા.લી. બહાદુરગંજ. | ૨૯૦૨૮ | ૦ |
| ૭૪ | તુલીપ ડાયગોસ્ટીક, ઉધના. | ૦ | ૧૨૦૦૦ |
| | કુલ ... | **૫૯૦૧૩૧૬** | **૧૫૦૪૮૧૩૯** |
| | | રીપ્લેસમેન્ટ આપનાર પેઢીઓની સંખ્યા-૨૮ | જેમની પાસેથી વસુલાત કરી છે તેવી પેઢીઓની સંખ્યા-૬૫ |

**નોંધ :- ઉક્ત ૭૪ કંપનીઓનો બ્રેકઅપ**

૯ કંપનીઓએ પુરા જથ્થાનું રીપ્લેસમેન્ટ આપ્યું.

૧૯ કંપનીઓએ અંશતઃ આઇટમો/જથ્થા માટે રીપ્લેશમેન્ટ આપ્યું તથા બાકીની આઇટમો/જથ્થા માટે રીકવરી કરી.

૪૬ કંપનીઓ પાસેથી રીકવરી કરી.

**પ ત્ર ક - બ**

અપ્રમાણસર દવા માટે ડીબાર કરાયેલ ૪૦ કંપનીઓ

| અનુ.નં. | ડીબાર કરેલ પેઢીનું નામ | દવાનું નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | મે.સેલ્વોક ફાર્માસ્યુટીકલ્સ કાું., બીલીમોરા | જેન્ટામાયસીન ક્રીમ |
| | | ક્લોરમફેનીકોલ આઇ ઓઇન્ટમેન્ટ |
| | | સીલ્વર સલ્ફાડાયાઝીન ક્રીમ |
| ૨ | મે.જેક્સન લેબો.પ્રા.લી., અમૃતસર. | એસ્પીરીન ટેબલેટ |
| | | બેન્ઝાથીન પેનીસીલીન ઇન્જેક્શન |
| | | ક્લોક્ષાસીલીન કેપ્સ્યુલ |
| | | સક્સીનાઇલ કોલીન ક્લોરાઇટ ઇન્જેક્શન |
| | | સ્ટરાઇલ સીફાઝોલીન સોડીયમ ઇન્જેક્શન |
| | | એનાલેપ્રીલ મેલીએટ ટેબલેટ |
| | | ઇરીથ્રોમાયસીન ઓરલ સસ્પેન્શન |
| ૩ | મે.વેસ્ટ કોસ્ટ ફાર્માસ્યુટીકલ્સ, અમદાવાદ | એલ્યુમીનીયમ હાઇડ્રોક્સાઇડ વીથ મેગેશીયમ ટેબલેટ |
| ૪ | મે.માઇક્રોન ફાર્માસ્યુટીકલ્સ, વાપી. | કોન્સન્ટ્રેટેડ વીટામીન એ સોલ્યુશન |
| | | બીટામીથાઝોન વેલરેટ ક્રીમ |
| | | કોડીન સલ્ફેટ ટેબલેટ |
| | | મેગાલ્ડ્રેટ ટેબલેટ |
| | | નીઓમાયસીન એન્ડ પોલીમીક્ષીન એન્ડ બેસીટ્રેસીન ઝીંક ઓઇન્ટમેન્ટ. |
| ૫ | મે.બીપ્સન સર્જીકલ, ગાંધીનગર | હેન્ડલુમ કોટન બેન્ડેઝ ક્લોથ |

| અનુ.નં. | ડીબાર કરેલ પેઢીનું નામ | દવાનું નામ |
|---|---|---|
| | | ગોઝ એબસોર્બન્ટ |
| ૬ | મે.ભારત પેરેન્ટ્રલ્સ લી., વડોદરા | એમ્પીસીલીન કેપ્સ્યુલ |
| | | હાઇડ્રોકોર્ટીઝોન સોડીયમ સક્સીનેટ ફોર ઇન્જેક્શન ૧૦૦ એમજી. |
| | | ક્લોક્ષાસીલીન કેપ્સ્યુલ |
| | | સીપ્રોફ્લોક્ષાસીન ઓપ્થલ્મીક સોલ્યુશન |
| ૭ | મે.ઇન્ફીનીટીવ ફાર્મા.ઇન્ડ., ડીસા. | ડેક્ષામેથાઝોન ટેબલેટ |
| | | મેટોક્લોપ્રેમાઇડ ટેબલેટ |
| | | ડાયક્લોફેનેક સોડીયમ ટેબલેટ |
| | | પ્રેડનીસોલોન ટેબલેટ |
| | | સાલબ્યુટામોલ સલ્ફેટ ટેબલેટ આઇ.પી.૪ એમ.જી. |
| | | આઇબુપ્રોફેન ટેબલેટ |
| | | નોરફ્લોક્ષાસીન ટેબલેટ |
| | | પ્રોક્લોર પેરાઝીન મેલીએટ ટેબલેટ |
| ૮ | મે.પ્યોર ફાર્મા.લી., ઇન્દોર. | બી.બી.એપ્લીકેશન |
| | | પોલીવીટામીન ટેબલેટ એન.એફ.આઇ. (પ્રોફીલેક્ટીક) |
| | | વીટામીન બી કોમ્પ્લેક્ષ ટેબલેટ |
| ૯ | મે.ગુજરાત ફાર્મા.લેબ.પ્રા.લી., અમદાવાદ | જેન્ટામાયસીન ક્રીમ |
| ૧૦ | મે.હિન્દુસ્તાન ફાર્માસ્યુટીક્લ્સ, બરોની. | ડાયક્લોફેનેક સોડીયમ ઇન્જેક્શન |
| | | ડેક્ષામેથાઝોન સોડીયમ ફોર ઇન્જેક્શન |
| ૧૧ | મે.ડીલક્ષ સર્જીક્લ, અમદાવાદ. | ડીસ્પોઝેબલ સલાઇન સેટ |
| ૧૨ | મે.યુરોકેમ લેબ.પ્રા.લી., થીરૂપોરૂર | સાલબ્યુટામોલ સલ્ફેટ ટેબલેટ |
| ૧૩ | મે.થીઓડોર લેબોરેટરીઝ પ્રા.લી., મહેસાણા. | ક્લોરપ્રોમાઝીન એચસીએલ ટેબલેટ |
| | | ક્લોરફેનીરેમાઇન મેલીએટ ટેબલેટ |
| ૧૪ | મે.મરક્યુરી લેબો., વડોદરા | મીથાઇલ અરગોમેટ્રીન ટેબલેટ |
| ૧૫ | મે.લીંક્ન પેરેન્ટ્રલ્સ પ્રા.લી., ખાત્રજ | ફેરસ સલ્ફેટ એન્ડ ફોલીક એસીડ સીરપ |
| ૧૬ | મે.દીપ ફાર્મા., ધોળકા. | વીટામીન બી કોમ્પ્લેક્ષ ટેબલેટ |
| ૧૭ | મે.ફીનીઝ ફાર્માસ્યુટીક્લ્સ પ્રા.લી., સાંતેજ. | સી.પી.એમ. ઇન્જેક્શન |
| | | જેન્ટામાયસીન ઇન્જેક્શન |
| | | ક્વીનાઇન ડાયહાઇડ્રોક્લોરાઇડ ઇન્જેક્શન |
| | | એમ્પીસીલીન ઇન્જેક્શન |
| | | સેફ્ટ્રીઆક્ઝોન સોડીયમ ફોર ઇન્જેક્શન |
| | | એમીકાસીન સલ્ફેટ ઇન્જેક્શન |
| ૧૮ | મે.બેરીલ ડ્રગ્સ લી., પીથામ્પુર | ક્લોક્ષાસીલીન ઇન્જેક્શન |
| ૧૯ | મે.સેન્ચુરીઓન લેબોરેટરીઝ, વડોદરા. | ડાયક્લોફેનીક જેલ |
| | | પ્રીમાક્વીન ફોસ્ફેટ ટેબલેટ |
| | | આલ્પ્રાઝોલામ ટેબલેટ |
| ૨૦ | મે.માન ફાર્માસ્યુટીક્લ્સ પ્રા.લી., મહેસાણા | વીટામીન બી કોમ્પ્લેક્ષ ટેબલેટ |
| | | એમોક્ષીસીલીન ડીસ્પરસીબલ ટેબલેટ |
| | | પોલીવીટામીન ટેબલેટ (પ્રોફીલેક્ટીક) |
| ૨૧ | મે.સ્ટેલીઓન લેબો.પ્રા.લી., કેરાલા(બાવળા) | ટ્રાઇમીથોપ્રીમ એન્ડ સલ્ફામેથોક્ષેઝોલ પેડીઆટ્રીક સસ્પેન્શન |
| | | એમીકાસીન સલ્ફેટ ઇન્જેક્શન |
| ૨૨ | મે.પ્રેમ ફાર્માસ્યુટીક્લ્સ, ઇન્દોર. | સલ્ફાસીટામાઇડ આઇ ડ્રોપ્સ |
| | | જેન્ટામાયસીન સલ્ફેટ ઇન્જેક્શન |
| ૨૩ | મે.અનામીકા ઉદ્યોગ, મેરઠ. | એબસોર્બન્ટ ગોઝ ક્લોથ |
| ૨૪ | મે.દુઝોન લેબ.લી., ઇન્દોર | જેન્ટામાયસીન આઇ/ઇયર ડ્રોપ્સ |
| ૨૫ | મે.કોમેટ ફાર્મા.પ્રા.લી., અમદાવાદ | આઇબુપ્રોફેન સસ્પેન્શન |
| ૨૬ | મે.અલ્પા લેબોરેટરીઝ, પીગડમ્બર. | જેન્ટામાયસીન આઇ ડ્રોપ્સ આઇ.પી. |
| | | સીપ્રોફ્લોક્ષાસીન ઓપ્થલ્મીક સોલ્યુશન |
| | | સલ્ફાસીટામાઇડ આઇ ડ્રોપ્સ. |
| ૨૭ | મે.મોરવેલ લેબો. પ્રા.લી., મહેસાણા | એમ્પીસીલીન ઇન્જેક્શન |
| ૨૮ | મે. શ્રી ઉમિયા સર્જીક્લ પ્રા.લી., અમદાવાદ | ઇન્ફ્યુઝન સેટ |
| ૨૯ | મે.જયવીન રેમેડીઝ પ્રા.લી., અમદાવાદ | લીથીયમ કાર્બોનેટ ટેબલેટ |
| ૩૦ | મે.હર્સન લેબોરેટરીઝ, વડોદરા | નીઓસ્ટગ્મીન મીથાઇલ સલ્ફેટ ઇન્જેક્શન |
| ૩૧ | મે.કામસોમ ઇન્ડસ્ટ્રીઝ, ઉમરેઠ. | એબસોર્બન્ટ કોટન વુલ આઇ.પી. |
| ૩૨ | મે.સેન્કટસ ડ્રગ્સ એન્ડ ફાર્માસ્યુટીક્લ્સ, ઇન્દોર. | ડેક્ષટ્રોઝ ઇન્જેક્શન ૫% |
| | | ક્મ્પાઉન્ડ સોડીયમ લેક્ટેટ ઇન્જેક્શન |
| ૩૩ | મે.બરોડા સર્જીક્લ પ્રા.લી., વાઘોડીયા | હેન્ડલુમ કોટન એબસોર્બન્ટ |
| | | બેન્ડેઝ ક્લોથ |
| ૩૪ | મે.એડ્રોઇટ ફાર્મા., નાગપુર | ડેક્ષામેથાઝોન ટેબલેટ |
| ૩૫ | મે.સ્યુચર્સ (ઇન્ડીયા) પ્રા.લી., બેંગ્લોર | એબસોર્બેબલ સર્જીક્લ સ્યુચર (કેટગટ) |
| ૩૬ | મે.એન્ડોલેબ્સ લી., ઇન્દોર | વીટામીન બી કોમ્પ્લેક્ષ ટેબલેટ |
| | | પોલીવીટામીન ટેબલેટ |
| ૩૭ | મે.હેલ્સીઓન ફાર્માસ્યુટીક્લ્સ લી., હિસર | રાનીટીડીન એચસીએલ ઇન્જેક્શન |
| | | ક્લોરફેનીરેમાઇન મેલીએટ ઇન્જેક્શન |
| | | મેટોક્લોપ્રેમાઇડ ઇન્જેક્શન |
| ૩૮ | મે.શ્રીજ ટેક્ષટાઇલ્સ | એડહેસીવ ટેપ |
| ૩૯ | મે.કેન્ટ્રેક લેબોરેટરીઝ પ્રા.લી., | ફેમોટીડીન ટેબલેટ |
| ૪૦ | મે.સેફ સર્જીક્લ ઇન્ડસ્ટ્રીઝ | એબસોર્બન્ટ કોટ વુલ |

**નોંધ :-** ઉપરોક્ત અનુક્રમ નં.૧ થી ૪૦ નંબરની દરેક પેઢીને કોલમ નંબર (૩) માં દર્શાવેલ આઇટમ માટે ત્રણ વર્ષ માટે ડીબાર કરવામાં આવેલ છે.

-------------

## નર્મદા જિલ્લામાં લાકડાની હરાજી

૧૬૯૬૩ શ્રી મહેશભાઈ છો. વસાવા (દેડિયાપાડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં આવેલ જંગલ ખાતાના ડેપો પરથી તા. ૩૧/૧૨/૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા પ્રકારના કેટલા ઘન મીટર લાકડાનું હરાજીથી વેચાણ કરવામાં આવેલ છે, | (૧) પત્રક--અ મુજબ. |
| (૨) આ હરાજીથી કેટલી રકમની સરકારને આવક થઈ, અને | (૨) રૂા. ૧,૯૫,૩૭,૬૦૫/- |
| (૩) આ જિલ્લાના જંગલ ખાતાના દરેક ડેપોમાં ક્યા ક્યા પ્રકારના લાકડાનો જથ્થો હયાત છે ? | (૩) પત્રક--બ મુજબ. |

અચબી-૧૦૨૩-૧૫

### પત્રક--અ

**નર્મદા જિલ્લામાં આવેલ વન વિભાગના ડેપો પરથી તા. ૩૧/૧૨/૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ લાકડાનું હરાજીથી વેચાણ કરવામાં આવેલ છે.**

| વિગત | સાગી (ઘ.મી.) | ઈતર (ઘ.મી.) | સાગી જલાઉ (ઘ.મી.) | ઈતર જલાઉ (ઘ.મી.) | વાંસ તથા ડાંગ પરોણા (નંગ) |
|---|---|---|---|---|---|
| | | | વર્ષ--૨૦૦૪ | | |
| ખાતાકીય કુપનો તેમજ ગુના કામનો માલ | ૪૫૦.૪૬૪ | ૧૪૮.૮૦૮ | ૩૩૧.૨૭૨ | ૧.૫ ઘ.મી. ૪૩૪.૨૦ ક્વિ. | ૩૨૨૪૯ |
| માલકીનો માલ | ૧૩૮.૨૦૭ | | ૨૨૪.૨૫૨ | | |
| કુલ | ૫૮૮.૬૭૧ | ૧૪૮.૮૦૮ | ૫૫૫.૫૨૪ | ૧.૫ ઘ.મી. ૪૩૪.૨૦ ક્વિ. | ૩૨૨૪૯ |
| | | | વર્ષ--૨૦૦૫ | | |
| ખાતાકીય કુપનો તેમજ ગુના કામનો માલ | ૭૦૩ | ૧૬૯.૪૨૩ | ૮૬૩.૯૬૨ | ૬૨.૭૬ | ૩૪૦૨૧ |
| માલકીનો માલ | ૩૦૬.૧૦૨ | | ૨૭૬.૫૦૦ | | |
| કુલ | ૧૦૦૯.૧૦૨ | ૧૬૯.૪૨૩ | ૧૧૪૦.૪૬૨ | ૬૨.૭૬ | ૩૪૦૨૧ |
| એકંદરે કુલ | ૧૫૯૭.૭૭૩ | ૩૧૮.૨૩૧ | ૧૬૯૫.૯૮૬ | ૬૪.૨૬૦ ઘ.મી. ૪૩૪.૨૦ ક્વિ. | ૬૬૨૭૦ |

### પત્રક--બ

**નર્મદા જિલ્લાના જંગલ ખાતાના ડેપોમાં નીચેની વિગતે લાકડાનો જથ્થો સિલકમાં છે.**

| વિગત | સાગી (ઘ.મી.) | ઈતર (ઘ.મી.) | સાગ જલાઉ (ઘ.મી.) | ઈતર જલાઉ (ઘ.મી.) | વાંસ તથા ડાંગ પરોણા (નંગ) |
|---|---|---|---|---|---|
| દેડિયાપાડા ડેપો ખાતાકીય કુપનો તેમજ ગુના કામનો માલ | ૩૦૭.૫૧૧ | ૨૧૯.૫૨૧ | ૨૦૯.૭૮૪ | -- | ૬૦૦ |
| માલકીનો માલ | ૪૪.૬૦૦ | -- | ૮૮.૭૦૦ | -- | -- |
| કુલ | ૩૫૨.૧૧ | ૨૧૯.૫૨૧ | ૨૯૮.૪૮૪ | -- | ૬૦૦ |
| વસંતપુરા ડેપો ગુના કામનો માલ | ૪.૨૫૩ | ૦.૬૧૬ | ૪૮.૦૦૦ | ૧૧૪.૦૦૦ | ૧૬૧૭ |
| કુલ | ૪.૨૫૩ | ૦.૬૧૬ | ૪૮.૦૦૦ | ૧૧૪.૦૦૦ | ૧૬૧૭ |
| દેડિયાપાડા વિસ્તરણ રેન્જ | ૩.૮૫૬ | ૦.૨૨૭ | -- | -- | -- |
| તિલકવાડા વિસ્તરણ રેન્જ | -- | ૬૮.૩૯૨ | -- | ૫૩૬ ક્વિ. | -- |
| સાગબારા વિસ્તરણ રેન્જ | -- | ૩.૦૪૮ | -- | ૪૧ ક્વિ. | -- |
| એકંદરે કુલ | ૩૬૦.૨૨૦ | ૨૯૧.૮૦૪ | ૩૪૬.૪૮૪ | ૧૧૪.૦૦૦ ઘ.મી. ૫૭૭ ક્વિ. | ૨૨૧૭ |

**કચ્છ જિલ્લામાં ઓદ્યોગિક હેતુ માટે જમીનની માંગણીઓ**

૧૬૨૭૨ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં ઓદ્યોગિક હેતુ માટે કેટલી જમીનની માંગણીઓ આવી, | (૧) ૧૧૧. |
| (૨) માંગણીવાર દરખાસ્તો ક્યા ક્યા તબક્કે છે, | (૨) સાથે સામેલ પત્રકમાં *કોલમ-૬ માં દર્શાવ્યા મુજબ. |
| (૩) તે પેકી કઈ કઈ માંગણી મંજુર કરવામાં આવી, અને | (૩) સાથે સામેલ પત્રકમાં *કોલમ-૭ માં દર્શાવ્યા મુજબ. |
| (૪) ક્યા ક્યા ઉદ્યોગ ગૃહે ક્યા ક્યા વિસ્તાર માટે જમીનની માંગણી કરી છે ? | (૪) સાથે સામેલ પત્રકમાં કોલમ-૨ અને ૩ માં દર્શાવ્યા મુજબ. |

(* પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

**ઝાલોદ અને ફતેપુરા તાલુકામાં ગાંડા બાવળ નાશ કરવા અંગે**

૧૬૭૪૨ **શ્રી ભુરાભાઈ કટારા (ઝાલોદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઝાલોદ અને ફતેપુરા તાલુકામાં જંગલની જમીનમાં અને ખેડૂતોના ખેતરોમાં ગાંડા બાવળ છે. જેનો સરકાર નાશ કરવા માંગે છે કે કેમ, અને | (૧) અને (૨) જંગલ જમીનમાં વન વિભાગ વર્કીંગ પ્લાન મુજબ કામગીરી કરે છે, જ્યારે ખેડૂતોની જમીનમાં ગાંડા બાવળનો નિકાલ ખેડૂતો જાતે કરી શકે છે. |
| (૨) જો હા, તો ક્યારે નાશ કરવામાં આવશે ? | |

-------------

**સુરેન્દ્રનગર જિલ્લા હસ્તકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ત્રી વ્યંધિકરણના ઓપરેશન**

૧૭૨૧૫ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લા પંચાયત, સુરેન્દ્રનગર હસ્તકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા સ્ત્રી વ્યંધિકરણ ઓપરેશન કરવામાં આવેલ જેમાં કેટલા કેસો નિષ્ફળ ગયા, | (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લા પંચાયત, સુરેન્દ્રનગર હસ્તકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા સ્ત્રી વ્યંધિકરણ ઓપરેશન કરવામાં આવેલ તે પેકી એક પણ કેસ નિષ્ફળ ગયેલ નથી. |
| (૨) કેટલા કેસોમાં દાવો કરવામાં આવ્યો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઓપરેશન નિષફળ જવા બદલ ખાતાકીય રાહે તપાસ કરી જવાબદારો પાસેથી વસુલાત કરવામાં આવી છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## જામનગર જિલ્લામાં ખેડૂતોની જમીનના રેકર્ડ અન્વયે કોમ્પ્યુટરાઈઝેશન

૧૭૨૮૬ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જમીન દફ્તર કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરી હેઠળ જામનગર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ખેડૂતોને તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જમીનના રેકર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૨) બાકીના ખેડૂતોને ક્યારે રેકર્ડ ઉપલબ્ધ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ ખેડૂત ખાતેદારોને જમીનના રેકર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| તાલુકો | ખેડૂત ખાતેદારની સંખ્યા |
|---|---|
| દ્વારકા | ૧૧૦૨૭ |
| કલ્યાણપુર | ૩૪૭૬૭ |
| લાલપુર | ૨૩૦૮૧ |
| કાલાવાડ | ૩૩૯૯૮ |
| ધ્રોલ | ૧૮૫૦૮ |
| ભાણવડ | ૧૮૪૮૧ |
| જામજોધપુર | ૨૩૩૩૯ |
| ખંભાળીયા | ૩૧૦૮૬ |
| જામનગર (ગ્રામ્ય) | ૩૩૦૬૧ |
| જોડીયા | ૨૪૦૩૧ |

(૨) તમામ ખેડૂત ખાતેદારોને રેકર્ડ ઉપલબ્ધ કરાવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## ચોટીલા અને સાયલા તાલુકામાં નવા રોપાના ઉછેર અને ખર્ચ

૧૬૪૮૦ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તારીખ : ૩૧/૧૨/૦૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યાં ક્યાં પ્રકારનાં કેટલા નવા રોપાઓનો ઉછેર કરવામાં આવ્યો,

(૨) કેટલા રોપાઓ જીવંત છે, અને

(૩) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તારીખ : ૩૧/૧૨/૦૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં લીમડા, સીરસ, કાશીદ, પેલ્ટોફોરમ, ગુલમહોર, નીલગીરી, ખેર, હરમો, ગુંદા, ખીજડો, અરડુસો, પીલુ, આસીત્રો, ગુગળ, કણજી, ગરમાળો, રતનજ્યોત, બોર, ગોરસઆમલી વિગેરે ૧૫,૪૬,૦૯૧ નવા રોપાઓ ઉછેર કરવામાં આવ્યા.

(૨) ૧૦,૧૬,૭૭૧ રોપાઓ જીવંત છે.

(૩) ૩૨૦.૧૨ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો.

## અમદાવાદ જિલ્લાના મહેસૂલી અધિકારીઓની સત્તાઓ અને જવાબદારી

૧૭૫૧૯ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કાયદાથી એક વર્ષનો ઠરેલ ""વ્યાજબી સમય"" વીતી ગયા બાદ જમીન મહેસૂલ અધિનિયમ તથા નિયમો હેઠળના કેસો સ્વમેળે રીવીઝનમાં લેવાની સત્તામર્યાદા ઓળંગતા અમદાવાદ જિલ્લાના જવાબદાર મહેસૂલી અધિકારીઓની વિભાગ તરફથી કોઈ જવાબદારી નક્કી કરાતી નથી તે હકીકત સાચી, | (૧) જમીન મહેસૂલ કાયદાની કલમ-૨૧૧માં સમય મર્યાદા નક્કી થયેલ નથી તથા કેસોના ગુણદોષ જોતાં નલીટી પ્રકારના હુકમો હોય તો કાયદાકીય જોગવાઈઓ મુજબ સત્તામર્યાદા ઓળંગવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જેથી મહેસૂલી અધિકારીઓની જવાબદારી નક્કી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો તેના શું કારણો છે, અને | (૨) જમીન મહેસૂલ કાયદાની કલમ-૨૧૧માં સમય મર્યાદા નક્કી થયેલ નથી તથા રીવીઝનમાં લીધેલ કેસોના ગુણદોષ જોતાં નલીટી પ્રકારના હુકમો હોવાથી કાયદાકીય જોગવાઈઓ મુજબ સત્તામર્યાદા ઓળંગવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમ છતાંય જો કોઈ પક્ષકાર આવા કોઈ હુકમથી નારાજ હોય તો હાયર ઓથોરીટી સમક્ષ રીવીઝન અરજી કરી દાદ માંગી શકે છે. |
| (૩) જો ના, તો જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે દરમ્યાન ""વ્યાજબી સમય"" વીત્યા બાદ આવા સ્વમેળે રીવીઝનમાં લેવાયેલ કેટલા કેસોની બાબતમાં વિભાગ તરફથી ક્યા ક્યા મહેસૂલી અધિકારી સંદર્ભે કેવા પ્રકારની જવાબદારી નક્કી કરવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## જસાધાર રેન્જમાં નાણાકીય ગેરરીતિ

૧૭૦૬૫ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈકો ડેવલોપમેન્ટ પ્રોજેક્ટના અમલીકરણના સમય દરમ્યાન (ગીર પૂર્વ વન વિભાગમાં) તળે આવતા જસાધાર રેન્જમાં ઈટવાયા ગામે નાણાકીય ગેરરીતિ થયાની હકીક્ત સાચી છે, | (૧) આ બાબતમાં તપાસ ચાલુ છે. |
| (૨) જો હા, તો ક્યા ક્યા પ્રકારની નાણાંકીય ગેરરીતિ આચરવામાં આવેલ છે, અને | (૨) હજુ તપાસ ચાલુ છે. |
| (૩) જવાબદારો સામે પગલાંઓ લેવા માંગો છો કે કેમ ? | (૩) હજુ તપાસ ચાલુ છે. |

-------------

## કચ્છ જિલ્લાના બન્ની વિસ્તારમાં ગાંડો બાવળ કાપવા અંગે

૧૭૬૧૨ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ગાંડો બાવળ કાપવા માટે સને ૨૦૦૪ ની સાલમાં વિશેષ છૂટ આપવામાં આવી છે તે હકીક્ત સાચી છે, | (૧) સરકારે સને ૨૦૦૪ માં ફક્ત કચ્છ જિલ્લા માટે કોઈ નિર્ણય કરેલ નથી. પરંતુ, સમગ્ર રાજ્ય માટે ઠરાવેલ છે કે રાજ્યમાં રક્ષિત જંગલ, અનામત |

| | |
|---|---|
| | જંગલ કે તેની હદથી ૧.૬ કિ.મી. સુધીનો વિસ્તાર દરિયા કિનારાથી ૨ કી.મી. સુધીનો વિસ્તાર તેમજ અભયારણ્ય અને રાષ્ટ્રિય ઉદ્યાન સિવાયના વિસ્તારોમાંથી ગાંડા બાવળને કાપવા માટે પરવાનગી લેવાની રહેતી નથી. સાથોસાથ, આ ઠરાવ અન્વયે ગાંડા બાવળના લાકડાને તેમજ તેમાંથી બનેલ કોલસાને વાહતુક પાસમાંથી મુક્તિ આપવાનું ઠરાવેલ છે. |
| (૨) જો હા, તો તેમાં ભુજ તાલુકામાં આવેલી બન્ની વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો નથી તે હકીક્ત સાચી છે, | (૨) (૩) અને (૪) બન્ની વિસ્તાર રક્ષિત વિસ્તાર તરીકે જાહેર થયેલ હોવાથી તેને માટે ઉપર જણાવેલ જોગવાઈઓ લાગુ પડે છે. |
| (૩) જો હા, તો તેના શા કારણો છે, અને | |
| (૪) આ ફરિયાદના નિવારણ માટે સરકારે શાં પગલાં લીધા છે ? | |

-------------

**રાજ્યમાં હડકવાની રસીની અછત**

૧૭૦૭૦ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં હડકવા વિરોધી રસીની ભારે અછત છે તે હકિક્તથી સરકાર વાકેફ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ રસીનો જથ્થો વધુ પ્રમાણમાં મેળવવા સરકારે શા પ્રયાસો કર્યા, અને | (૨) વર્ષ ૨૦૦૫-૦૬ તેમજ ૨૦૦૬-૦૭માં અનુક્રમે ૮.૫૦ કરોડ તેમજ ૧૦.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. કુલ ૩૪૦૦૦૦ ડોઝ ખરીદવાના ઓર્ડર આપેલ છે. તે પેકી ૧૦૩૪૬૮ વાયલ અત્યાર સુધીમાં મળી ગયેલ છે. |
| (૩) આવી રસીઓ રાહતદરે આપવા સરકાર વિચારણા કરે છે કે કેમ? | (૩) ૧. ગરીબી રેખાથી નીચેના પરિવારોને વિના મુલ્યે.<br>૨. ગરીબી રેખાથી ઉપરના પરિવારોને રાહત દરે રૂા. ૩૦૦ના બદલે પ્રતિડોઝ રૂા. ૧૦૦/- લેખે આપવામાં આવે છે |

-------------

**વલસાડ જિલ્લાના પારડી ખાતે આરોગ્ય કેન્દ્ર તેમજ સ્ટાફના રહેણાંકના મકાન અંગે**

૧૭૨૮૪ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના પારડી શહેર ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રનું મકાન દર્દીઓ માટે ભયમુક્ત છે ખરૂં, | (૧) હા, જી. |
| (૨) ડોકટર-નર્સ અન્ય સ્ટાફ માટે રહેણાંકની શી વ્યવસ્થા છે, અને | (૨) માર્ગ અને મકાન વિભાગ, વલસાડ ધ્વારા ફાળવેલ સરકારી વસાહતમાં એક ડોકટર તથા બે સ્ટાફ નર્સ રહે છે. જ્યારે બાકીનો સ્ટાફ પારડી ખાતે ભાડાના મકાનમાં રહે છે. |

| | |
|---|---|
| (૩) ડોકટર માટે ઓ.પી.ડી.ની કોઈ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ ? | (૩) હા, જી. |

-------------

**રાજ્યમાં કન્યાઓની સંખ્યામાં ઘટાડો**

૧૫૮૩૨ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં છેલ્લી વસ્તી ગણતરીના આંકડા મુજબ કન્યાઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે તે સરકાર જાણે છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તે નિવારવા રાજ્ય સરકારે કોઈ પગલાં લીધાં છે કે કેમ, અને | (૨) સરકારશ્રીએ પી.એન.ડી.ટી. એક્ટનો અસરકારક અમલ ચાલુ કરેલ છે તેમજ લોકોમાં સ્ત્રી-ભૃણ હત્યા અટકાવવા જન જાગૃતિ લાવવા અસંખ્ય સેમિનારો/વર્કશોપો તેમજ વિવિધ પ્રચાર પ્રસારની પ્રવૃતિઓ કરેલ છે. |
| (૩) જો હા, તો રાજ્ય સરકારે કેવા પ્રકારનાં પગલાં લીધા છે ? | (૩) પી.એન.ડી.ટી. એક્ટ અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં ૬૦ સોનોગ્રાફી મશીનો સીલ કરેલ છે, ૫૬ તબીબો/સંસ્થાઓ સામે કાર્યવાહી કરેલ છે. તે પૈકી ૩૫ તબીબો/સંસ્થાઓ સામે કોર્ટ કેસ દાખલ કરેલ છે. |

-------------

**સાણંદ તાલુકાને વિરમગામ પ્રાંત સાથે જોડવા અંગે મળેલ રજુઆત**

૧૬૯૭૮ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દહેગામ તાલુકાને ગાંધીનગર સાથે જોડાતાં હાલમાં ધોળકા પ્રાંત સાથે જોડાયેલા સાણંદ તાલુકાને વિરમગામ પ્રાંત સાથે જોડવામાં આવે તો સરળતા રહે તેવી રજુઆત સરકારમાં થયેલ છે ખરી, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ બાબતે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે. | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**માંડવી અને બારડોલી તાલુકામાં શ્રમ અધિકારી ધ્વારા શ્રમ કર્તાઓની તપાસ**

૧૬૩૭૬ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં મદદનીશ શ્રમ અધિકારી મારફત માંડવી અને બારડોલી તાલુકામાં શ્રમકર્તાઓને નિયત વેતનદર મળે એ બાબતની તપાસ માટે કેટલા ગામોએ તપાસ કરવામાં આવી, | (૧) ૯૪. |
| (૨) આ તપાસ દરમ્યાન શ્રમકર્તાઓને ઓછો વેતન દર ચુકવવા બાબતની ફરિયાદ સંદર્ભે ક્યા પગલા ભરવામાં આવ્યા, અને | (૨) નિરીક્ષણ કરવામાં આવ્યા અને નિયમાનુસાર મળવાપાત્ર કિસ્સામાં વેતન તફાવતની ચુકવણી પણ કરાવવામાં આવેલ છે. |
| (૩) આ અધિકારી મારફત તપાસ ન કરવામાં | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

આવી હોય તો એ બાબતે સરકારએ શું પગલા લીધા ?

-------------

**ઓદ્યોગિક ભરતી મેળા અને રોજગારીની સંખ્યા**

૧૭૬૦૬ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૦૫ દરમ્યાન રાજ્યમાં કુલ કેટલા ઓદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવ્યા, અને | (૧) ૪૧૨. |
| (૨) આ ઓદ્યોગિક ભરતી મેળા ધ્વારા કેટલા ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવી ? | (૨) ૭૪૪૬૨. |

-------------

**રાજ્યમાં પરિચારિકાઓની નિમણૂંક અન્વયે આરોગ્ય તબીબી ક્ષેત્રે સમાન ધોરણો નક્કી કરવા અંગે**

૧૭૨૧૪ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ પરિચારિકાઓની નિમણૂંક બાબતે આરોગ્ય તબીબી અને કામદાર રાજ્ય વીમા યોજનામાં અલગ અલગ ધોરણો છે. તે હકીક્ત સાચી છે, અને | (૧) હા. જી, |
| (૨) એક સમાન ધોરણો ન જાળવવાના કારણો શા છે ? | (૨) સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર નિમણૂંક કરવામાં આવેલ છે. |

-------------

**અમદાવાદ જિલ્લામાં ૮-અ અને ૭/૧૨ નું કોમ્પ્યુટરાઈઝેશન અંગે**

૧૭૫૦૧**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ શહેર અને જિલ્લાનું ગામ નમૂના નં. ૮-અ તથા ૭/૧૨નું કોમ્પ્યુટરાઈઝેશન બાકી હતું તે પુરું થયું કે કેમ, | (૧) ૧૧ તાલુકા પેકી ૧૦ તાલુકાઓનું કામ પૂર્ણ થયેલ છે, બાકી રહેલ સીટી તાલુકાનાં ૪૫ ગામોનું કામ પૂર્ણ થયેલ છે. |
| (૨) જો બાકી હોય તો તેના શા કારણો છે, | (૨) રેકર્ડ જીર્ણ હાલતમાં હોવાથી. |
| (૩) અમદાવાદ શહેરમાં અસારવા ગામમાં ચોરામાં આવેલી મહેસૂલની ઓફિસમાં રેકર્ડ અધ્યતન થયો નથી, કેટલાક રેકોર્ડ મળતા નથી તેમજ કોમ્પ્યુટરાઈઝેશન થયું નથી તે સરકાર જાણે છે, અને | (૩) અસારવા ચોરાનું રેકર્ડ અધ્યતન છે, અને ઉપલબ્ધ પણ છે, ફક્ત થોક નં. ૨ અને ૭ સારી હાલતમાં ન હોવાથી અધ્યતન કરવાની કામગીરી ચાલે છે. |
| (૪) જો હા, તો આ કામગીરી ક્યારે પૂર્ણ થશે ? | (૪) શક્ય તેટલી ઝડપથી |

-------------

**ભચાઉ તાલુકામાં ટેક્નીકલ કોલેજો શરુકરવા અંગે**

૧૬૪૨૭**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કચ્છ જિલ્લામાં ભચાઉ તાલુકામાં ઓદ્યોગિક તાલીમ આપતી કોઈ સંસ્થા નથી તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ભચાઉ તાલુકામાં વધતા જતા | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ઓદ્યોગિક એકમોને અનુરુપ તાલીમ આપવા સરકાર તરફથી ટેક્નીક્લ સ્કુલ/કોલેજ શરુ કરવામાં આવશે કે કોઈ સંસ્થાને અનુદાન આપી તાલીમ વ્યવસ્થા સરકાર ગોઠવશે ?

-------------

**અમદાવાદ શહેરના અસારવા વિસ્તારની સરકારી જમીનના વિકાસ અંગે**

૧૬૭૫૭ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં અસારવા સીમમાં તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ ક્યા ક્યા સરકારી સર્વે નંબરોની કેટલી જમીન ખુલ્લી પડેલી છે,

(૨) આ ખુલ્લી જમીનોનો સરકાર ક્યા પ્રકારે વિકાસ કરવા માંગે છે, અને

(૩) આ જમીનો ઉપર ગેર કાયદે દબાણો ન થાય તે માટે સરકારે કેવા પગલાં લીધાં છે ?

**જવાબ**

(૧) સર્વે નં-૧૨૫, ટીપી-૧૦, ફા. પ્લોટ-૧૮૪ની ૩૪૨૩ ચો.મી.

(૨) કોર્પોરેશનના મંજુર થયેલ રીવાઈઝડ નકશા અનુસાર આ જમીન ગાર્ડન અને ઓપન સ્પેશ માટે રીઝર્વેશનમાં આવતી હોવાથી હાલ અન્ય કોઈ આયોજન શક્ય નથી.

(૩) સ્થાનિક ક્ષેત્રીય અધિકારીઓ દ્વારા તકેદારી રાખવામાં આવે છે.

-------------

**ઉદ્યોગકારોને સ્ટેમ્પડ્યુટી એકટની કલમ ૩૨ (ક)માંથી બાકાત રાખવાની માંગણીઓ**

૧૬૪૮૪ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્ટેમ્પ ડ્યુટી એકટની કલમ ૩૨ (ક)માંથી ગુજરાત હાઉસીંગ બોર્ડના એલોટીને કરવામાં આવતા દસ્તાવેજોને બાકાત રાખવામાં આવ્યા છે તે રીતે ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમ લી. દ્વારા ફાળવવામાં આવતા ઉદ્યોગકારોને કલમ ૩૨ (ક)માંથી બાકાત રાખવાની બાબત તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સરકારની વિચારણા હેઠળ છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યાં સુધીમાં નિર્ણય થશે ?

**જવાબ**

(૧) ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમ દ્વારા કરી આપવામાં આવતા લેખોને કલમ ૩૨ (ક) માંથી બાકાત રાખવા આવા લેખોમાં જણાવેલ અવેજની રકમને ખરી કિમત તરીકે ગણવા મુંબઈ સ્ટેમ્પ અધિનિયમની કલમ ૩૨-ક (૧) હેઠળ તા. ૧૧-૬-૨૦૦૪ થી પ્રોવીઝો (પરંતુક) દાખલ કરવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**વડોદરા જિલ્લામાં સંવર્ગવાર આરોગ્ય સેવાઓનું મહેકમ**

૧૬૫૮૨ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સંવર્ગવાર પ્રાથમિક આરોગ્ય સેવાનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) સંવર્ગવાર મંજૂર મહેકમ

| સંવર્ગનું નામ | | |
|---|---|---|
| (૧) | તબીબી અધિકારી વર્ગ-૨ | ૭૬ |
| (૨) | જુનીયર ફાર્માસીસ્ટ | ૭૬ |
| (૩) | લેબોરેટરી ટેક્નીશીયન | ૭૬ |

| | | |
|---|---|---|
| (૩) | લેબોરેટરી ટેક્નીશીયન | ૭૬ |
| (૪) | સીનીયર ક્લાર્ક | ૭૬ |
| (૫) | ડ્રાયવર | ૭૫ |
| (૬) | વોર્ડ બોય | ૭૬ |
| (૭) | આયા | ૭૬ |
| (૮) | પાર્ટ ટાઈમ સ્વીપર | ૧૫૨ |

(૨) તે પેકી સંવર્ગવાર ખાલી જગાઓ કેટલી છે, અને

(૨) સંવર્ગવાર ખાલી જગાઓ.

| | સંવર્ગનું નામ | ખાલી જગાની સંખ્યા |
|---|---|---|
| (૧) | તબીબી અધિકારી વર્ગ-૨ | ૯ |
| (૨) | જુનીયર ફાર્માસીસ્ટ | ૪૪ |
| (૩) | લેબોરેટરી ટેક્નીશીયન | ૨૫ |
| (૪) | ડ્રાયવર | ૫૮ |
| (૫) | વોર્ડ બોય | ૩૬ |
| (૬) | આયા | ૫૪ |
| (૭) | પાર્ટ ટાઈમ સ્વીપર | ૫૭ |

(૩) આ ખાલી જગાઓ ભરવા અંગે કરાયેલ આયોજનની વિગતો શું છે ?

(૩) સરકારશ્રીની પ્રવર્તમાન, નીતિ, કાર્યભારણ તથા લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગાઓ ભરવા આયોજન છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ ભરવા સંબંધિત જિલ્લા પંચાયત દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.

-------------

**કચ્છ જિલ્લામાં વન ખાતા દ્વારા પ્લાન્ટેશનો પાછળ કરેલ ખર્ચ**

૧૭૩૯૭ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કચ્છ જિલ્લામાં તાલુકાવાર વનખાતા તરફથી કેટલા ક્ષેત્રફળમાં જમીન ખેડી પ્લાન્ટેશન કરવામાં આવેલ,

**જવાબ**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ કચ્છ જીલ્લામાં ત્રણ વર્ષ દરમ્યાન નીચે મુજબ તાલુકાવાર જમીન ખેડી પ્લાન્ટેશન કરવામાં આવેલ છે.

| અ.ન. | તાલુકો | વર્ષવાઇઝ ખેડાણ કરી વાવેતર કરેલ | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૩- | ૨૦૦૪- | ૨૦૦૫- | કુલ |
| ૧ | ભુજ | ૦ | ૨૫ | ૨૫ | ૫૦ |
| ૨ | માંડવી | ૧૦૦ | ૬૬ | ૬૧ | ૨૨૭ |
| ૩ | નખત્રાણા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | અબડાસા | ૪૨૧ | ૨૬૩ | ૧૭૦ | ૮૫૪ |
| ૫ | મુન્દ્રા | ૦ | ૦ | ૩૯ | ૩૯ |
| ૬ | રાપર | ૦ | ૩૦ | ૩૦ | ૬૦ |
| ૭ | ભચાઉ | ૦ | ૩૫ | ૩૫ | ૭૦ |
| ૮ | લખપત | ૧૨ | ૦ | ૪ | ૧૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | લખપત | ૧૨ | ૦ | ૪ | ૧૬ |
| ૯ | અંજાર | ૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| | કુલ | ૫૩૩ | ૪૨૯ | ૩૭૪ | ૧,૩૩૬ |

(૨) આની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને ?

(૨) આ કામગીરી પાછળ કુલ રૂા. ૩૮૮.૭૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) તે પૈકી આ સ્થિતિએ પ્લાન્ટેશન કરેલ કેટલા વિસ્તારમાં છોડ જીવીત છે?

(૩) આ સ્થિતિએ ૧,૩૩૬ હેક્ટર વિસ્તારમાં છોડ જીવંત છે.

-------------

## કચ્છ જિલ્લામાં ખેતીના પાકના રક્ષણ માટે તારની વાડની સહાયની અરજીઓ

૧૬૨૭૩ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ખેતીના પાકના રક્ષણ માટે ખેતરની ફરતે તારની વાડ બનાવવાની સહાય મેળવવા ખેડૂતોએ કરેલ અરજીઓ તારીખ : ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એક પણ મંજૂર કરવામાં આવી નથી તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો કેટલા ખેડૂતોએ અરજીઓ કરી છે, અને

(૩) કેટલા ખેડૂતોને સહાય આપવામાં આવી છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) ૪૨ ખેડૂતોએ અરજી કરેલ છે.

(૩) ૧૧ ખેડૂતોને સહાય આપવામાં આવી છે.

-------------

## ભૂજ અને નખત્રાણા તાલુકામાં નીલગાય તેમજ ભુંડ દ્વારા ખેતીના પાકને નુકશાન

૧૭૬૧૪ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ભુજ તથા નખત્રાણા તાલુકામાં નીલગાય તથા ભુંડ દ્વારા ખેતીના પાકને નુકશાન થઈ રહ્યું છે તે હકીકત સરકાર જાણે છે,

(૨) જો હા, તો આ સમસ્યાના ઉકેલ માટે ખેડૂતોને કાંટાળી વાડ બાંધવા આર્થિક સહાય, લોન કે સબસીડી આપવાની ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ કોઈ યોજના છે કે કેમ, અને

(૩) જો ના, તો આ સમસ્યાના ઉકેલ માટે સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ખેડૂતોના પાકને થતું નુકશાન અટકાવવા ખેતરની ફરતે લોખંડના કાંટાળા તારની વાડ બનાવવાની યોજના અમલમાં છે. આ યોજના હેઠળ ખેડૂત અરજદારને આવી વાડ બનાવવા માટે જે ખર્ચ થતો હોય તેની ૫૦ ટકા રકમ સહાય તરીકે ચૂકવવામાં આવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

## અમદાવાદમાં પોલીસ સાથેની ઝપાઝપીમાં ઠાર મરાયેલ આતંકવાદીઓ અંગે

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય ગૃહમંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

" તા. ૧૭/૩/૨૦૦૬ના રોજ વહેલી સવારે અમદાવાદમાં મોટું આતંકવાદી કૃત્ય કરવા આવેલ ચાર આતંકવાદીઓ પોલીસ સાથેની ઝપાઝપીમાં ઠાર મરાયેલ છે, જેના કારણે ગુજરાતમાં ફરીથી આતંકવાદીઓની નજર હોય તેવું દેખાય છે. ત્યારે આતંકવાદીઓને આશ્રય આપનારના મૂળ સુધી પહોંચવા અને આ ઘટનાને કારણે ગુજરાતની પ્રજામાં ફેલાયેલ ભય અને ગભરાટની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં અને લેવા ધારેલાં પગલાં."

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૧૭/૩/૨૦૦૬ના રોજ કલાક.૩.૦૦ થી ૩.૪૫ દરમ્યાન વટવા રેલવે ટ્રેકની નજીક ગંગા રો-હાઉસીંગની દક્ષિણે ત્રીજા મકાનમાં બનાવ બનવા પામેલ છે.

૨. આતંકવાદીઓ અમદાવાદ શહેરમાં પ્રવેશ પામ્યા અંગેની ગુપ્ત માહિતી ઈન્ટેલીજન્સ દ્વારા આપવામાં આવેલ હતી.

૩. આ કૃત્યમાં અત્યાર સુધી થયેલ તપાસ અનુસાર નીચે જણાવેલ ચાર આતંકવાદીઓની તથા તેના સાગરીતોની સંડોવણી હોવાની સંભાવના છે અને આ ચારેય આતંકવાદીઓ મૃત્યુ પામેલ છે.

(૧) અઝાન જે 'હરકત-ઉલ-મુઝાહીદીન' આતંકવાદી સંસ્થાનો ચિફ કમાન્ડર હોવાનું તથા તે પાકિસ્તાનનો રહેવાસી હોવાનું જણાયેલ છે.
(૨) જાવેદ અહેમદ ડાર મુળ સોપીયાન કાશ્મીર તેનું મૂળનામ મુદસર અહેમદ.
(૩) મહમદ ઐયુબ રહે. સોપીયાન કાશ્મીર.
(૪) બાકી રહેલ અન્ય એક આતંકવાદીની ઓળખ અંગે તપાસ ચાલુ છે.

૪. કેટલા સમયથી આતંકવાદીઓ અમદાવાદમાં હતાં. તે અંગે સઘન તપાસ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હાથ ધરવામાં આવી છે.

૫. પોલીસ સાથેની અથડામણમાં ઈજા પામેલ ચારેય આતંકવાદીઓને સારવાર માટે સિવિલ હૉસ્પિટલ લઈ જતાં સારવાર દરમ્યાન મૃત્યું પામેલ, આતંકવાદીઓની ઈજાઓ તથા પી.એમ.રિપોર્ટ રજુ મળેલ નથી.

૬. કાશ્મીરના બન્ને મૃત આતંકવાદીઓના મૃતદેહો એમના સંબંધીઓ લઈ ગયેલ છે.

૭. મૃત પામેલ આતંકવાદીઓ પાસેથી ચાર નંગ પિસ્તોલ, ૧ કિલો આર.ડી.એકસ જેવો વિસ્ફોટક પાવડર, ઇલૅક્ટ્રોનિક્સ ડીવાઈસીસ, ડીટોનેટર-૧ તથા ૧,૨૧,૦૦૦/- (એક લાખ એકવીસ હજાર )રૂપિયા રોકડા, એક સીડી, ત્રણ મોબાઈલ ફોન સીમકાર્ડ સાથે અને અન્ય દસ્તાવેજો તેમજ અન્ય સામગ્રીઓ મળી આવેલ છે.

૮. આતંકવાદીઓને આશ્રય આપનાર સ્થાનિક ઈસમોની તપાસ ચાલુ છે. પ્રાથમિક વિગતો અનુસાર આતંકવાદીઓ જે મકાનમાં રોકાયેલ હતા તે મકાન વટવા રેલ્વે ટ્રેકની નજીકના ગંગા રો-હાઉસીંગની દક્ષિણે આવેલ છે. આ મકાનના માલિક અને મકાન ભાડે અપાવનાર વોચમેનની પૂછપરછ કરતાં આશરે બે માસ પહેલાં મકાન ભાડે લેવામાં આવેલ હતું અને ત્યાં અજાણ્યા માણસોની અવરજવર રહેતી હોવાની હકીકતો જણાઈ આવેલ છે. વોચમેનની મદદથી આવા ઈસમોના સ્કેચ બનાવવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે તથા તેમના સાગરિતો દ્વારા લેવાતા અને લેવાયેલ વાહનોની વિગતો એકઠી કરવામાં આવી રહી છે.

૯. આતંકવાદીઓ રાષ્ટ્રીય અને સ્થાનિક સૂત્રો સાથે કોઈ સંપર્ક છે કે કેમ, તે અંગેની તપાસ ગુપ્ત રીતે હાથ ધરવામાં આવી રહી છે.

૧૦. રાજયના બાતમી તંત્ર તરફથી સમગ્ર પોલીસ તંત્રને રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, ધાર્મિક સ્થળો, વધુ જનમેદની એકઠી થતી હોય તેવા સ્થળો, વ્યાપારીક સંકુલો,

સરકારી ઈમારતો, વાયરલેસ ઈન્સ્ટોલેશન વિગેરે જેવા અગત્યના સ્થળો અને જાહેર જગ્યાઓએ આતંકવાદી બનાવો ન બને તે અંગે અગાઉની માહિતી મળ્યેથી સતર્ક કરવામાં આવેલ છે.

૧૧. રાજયના ગુપ્તચર તંત્ર દ્વારા દેશના અન્ય ગુપ્તચર તંત્રના સંપર્કમાં રહીને આતંકવાદી પ્રવૃત્તિઓ/કૃત્યોમાં સંડોવાયેલ હોઈ તેવી સંસ્થા અને તેના સભ્યો પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

૧૨. રાજયમાં આતંકવાદી પ્રવૃત્તિ સામે રક્ષણ મેળવવા અંગે સાવચેતીના પગલાં લેવા અને તે બાદની ઉદ્‌ભવતી પરિસ્થિતિમાં લેવાના રહેતાં પગલાં અંગે બાતમી તંત્ર તરફથી રાજયના પોલીસ તંત્રને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ છે. આતંકવાદ વિરોધી દળને સુદ્રઢ બનાવવામાં આવેલ છે, તેમજ રાજયની સલામતીની વ્યવસ્થા માટે સલામતી સંસ્થાને આધુનિક શસ્ત્રોથી સુસજજ કરવામાં આવેલ છે.

રાજય સરકારે લીધેલ પગલાંઓ તેમજ અગમચેતીના કારણે વટવા રેલ્વે ક્રોસિંગ ખાતે શરણ લઈ રહેલ ત્રાસવાદીઓને ઝબ્બે કરીને તેમને ઠાર કરવામાં આવેલ છે. જેને પરિણામે રાજયમાં મોટાપાયે વિનાશકારી પ્રવૃત્તિ ફેલાવવાના ષડયંત્રને ડામી દેવામાં આવેલ છે. આમ, રાજય સરકાર દ્વારા આતંકવાદ અટકાવવા અને લડી લેવા માટે ખૂબ જ કટિબદ્ધ છે. રાજય સરકારના અગમચેતીના પગલાંઓના કારણે અન્ય રાજયોની સરખામણીમાં આતંકવાદી પ્રવૃત્તિ રાજયમાં અંકુશ હેઠળ છે.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, શાંતિ અને વેપાર જોતાં ગુજરાતમાં તા. ૧૭/૩/૨૦૦૬ના રોજ આતંકવાદી પરિબળો અમદાવાદ શહેરના ગંગા રો-હાઉસીંગ ખાતે આતંકવાદી પ્રવૃત્તિ કરવાનું હાથ ધરવાના હતા. તેની માહિતી મળતાં ક્રાઈમ બ્રાન્ચે ઓપરેશન હાથ ધર્યુ. આપણે ઑપરેશન કરનાર અધિકારીને અભિનંદન પાઠવીએ. હવે જે પ્રશ્ન ઊભો થાય છે કે આ કિસ્સામાં જે ચાર આતંકવાદીઓ હતા તે ચારને ઠાર કરવામાં આવ્યા છે તે છેલ્લા કેટલા સમયથી ગંગા રો-હાઉસ ખાતે રહેતા હતા અને તેના બિલ્ડર કોણ હતા, જેમણે મકાન ભાડે આપ્યું તેના મકાન માલિક કોણ છે જો તપાસ થઈ શકી હોય તો કહે. બીજું કે કયા કયા પોલીસ અધિકારીઓએ આ કાર્યવાહી પાર પાડી અને તેમાં ગોળીબારમાં આ પોલીસ અધિકારી-કર્મચારીઓને ઈજા થઈ છે કે કેમ અને આ પોલીસ અધિકારીઓની ટીમને સરકારે કોઈ ઈનામ જાહેર કરેલ છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો પહેલાં પ્રશ્ન રજૂ કરવાનો હતો. રજૂ કર્યા વગર પ્રશ્ન પૂછયો છે તેમાં મારું જે નિવેદન આપેલ છે તેમાં સુધારો કરું છું. ત્રણ આતંકવાદીઓના નામ મળ્યા હતા તેમાં હવે ચોથાનું નામ પણ મળી ગયું છે. ફુરકાન ઈકબાલ અહેમદ રહેઠાણ કરાંચીનો છે. તે સિવાય બાકી બધુ વહેચ્યા મુજબ છે. ડો.સી.જે.ચાવડાએ જે પ્રશ્ન પૂછયો તેની અંદર એક પોલીસ અધિકારીને છાતીના ભાગે ગોળી વાગી હતી પણ તેમણે બુલેટપ્રૂફ જેકેટ પહેરેલ હતું એટલે ઈજા થઈ નથી. એક પોલીસ કૉન્સ્ટેબલને ગોળીનો ઘસરકો થયો હતો તેઓને સિવિલ હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સુધી ઈનામ આપવાનો પ્રશ્ન છે તેની વિગતવાર દરખાસ્ત થયેથી સરકાર ચોક્કસ પોજીટીવલી વિચારશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જ્યારે જયારે આવા આતંકવાદીઓ આવતા હોય અને ચોક્કસપણે પોલીસ પૂરેપૂરી કાર્યવાહી કરતી હોય છે. આપણા રાજયની આઈ.બી.પોલીસ છે તે બાબતે અને હમણાં ગુજરાતમાં ઘણા બધા બનાવો બન્યા છે. આ ખાતુ જાગૃત્ત થઈ જેમ બને તેમ જલદી માહિતી પ્રાપ્ત થવી જોઈએ. બીજું કે ઘણાબધા હુમલા થયા છે તેના કારણે નુકસાન થયું છે. તો આઈ.બી. વિભાગને રાજય સરકાર મજબૂત કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યકત કરી તે બાબતમાં જણાવવાનું કે રાજયની સ્થાપના પછી તેર જુદી જુદી આતંકવાદી ઘટનાઓના પ્રયત્નો થયા છે. આ તેરે તેરમાં આઈ.બી. ના સૂચનો ઉપર ઑપરેશન થયા છે. આ ઘટના પણ અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચને જે માહિતી આપી તે આઈ.બી.ના માધ્યમથી આપી છે. આઈ.બી.એ. તેનું કામ કર્યુ છે. ઓપરેશન કરવાનું કામ પોલીસ કરતી હોય છે. આઈ.બી.નું કામ માહિતી લઈ જે લોકોના વિસ્તારની અંદર આ આતંકવાદીઓ છુપાયા હોય અથવા આવવાની શકયતા હોય તો પોલીસને એલર્ટ કરી તેના ઉપર ત્રાટકવાની સૂચના આપવાનું હોય છે. તે ખૂબ સારી રીતે એટલા માટે કર્યુ છે કે છેલ્લા ત્રણ વર્ષમાં આઈ.બી.ને સુસજજ કરવા માટે ઘણા બધા પગલાં ભર્યા છે. મોર્ડનાઈઝેશન ઓફ પોલીસ ફોર્સની જે સ્કીમ છે તેના અંતર્ગત થયું છે. માનનીય સી.જે. ચાવડાએ માહિતી માગી છે પણ તપાસના હિતમાં હું તે જાહેર કરવા માગતો નથી.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બલવંતસિંહે વાત કરી અને આ આઈ.બી.ની બાબત છે, આ ગૃહના મિત્રોને એ વિષયમાં કોણ કેવી રીતે મદદરૂપ થઈ શકે, એક વિષય મેં ભારત સરકાર સામે મૂક્યો છે અને નેશનલ સિક્યોરિટી કાઉન્સિલ મીટિંગમાં પણ વિસ્તારથી મેં એ બાબતમાં

ભારતના પ્રધાનમંત્રી સમક્ષ વિસ્તૃત ચર્ચા કરી છે, આપણા તરફથી આપણે એવું સૂચન કર્યુ છે કે આ દેશમાં જે પ્રકારની પ્રવૃત્તિઓ આકાર લેતી જાય છે, આ સંજોગોમાં દેશવ્યાપી ઇન્ટૅલીજન્સ વીંગને ફોકસ કરીને અલગથી એની પ્રોફેશનલ ડૅવલપમેન્ટની આવશ્યકતા છે એ પ્રોફેશનલ ડૅવલપમેન્ટની આવશ્યકતા જોતાં જેમ આઈ.એ.એસ. કૅડર છે, આઈ.પી.એસ. કૅડર છે આઈ.એફ.એસ. કૅડર છે એવી જ અલગ ઇન્ટૅલીજન્સ કૅડર દેશમાં ઊભી કરવી જોઈએ અને જેને એ ક્ષેત્રમાં રૂચી હોય એ રૂચિવાળો આવશે. આજે શું છે કે તમે યુનિફૉર્મ પોલીસમાંથી એને આઈ. બી. માં મોકલો એને પનીશમેન્ટ પોસ્ટીંગનું એક વાતાવરણ બની ગયું છે અને એના કારણે આ કામ કરવામાં જે એ ગૌરવ હોવું જોઈએ એ વાતાવરણ આપણે ગયા પચાસ વર્ષમાં બનાવી શક્યા નથી અગર જો આપણે સ્પેશ્યલ ઇન્ટૅલીજન્સ વીંગ અને એની જેમ આઈ.એ.એસ. કૅડર છે, આઈ.પી.એસ. કૅડર છે એવી જ આ ઇન્ટૅલીજન્સની કૅડર ઊભી થાય તો જે એ કૅડરમાં એન્ટર થવાનો છે એને પહેલેથી જ ખબર છે કે મારે જીવનપર્યન્ત આમાં જ કામ કરીને મારી પ્રગતિ કરવાની છે તો એની રૂચી એની માસ્ટરી એનું પ્રોફેશનલાઈઝેશન એનું ફોકસ એટલું બધુ ઉપયોગી થશે કે જેના કારણે એ અને બીજું આ ઇન્ટૅલીજન્સ વીંગ દેશ આખાની હોવાના કારણે એ ભારત સરકારને સંબંધિત રહેશે કારણ કે બધી જ માહિતી ભારત સરકારને આપવા બંધાયેલ રહેશે અને ભારત જેવા દેશમાં આ વ્યવસ્થાની આવશ્યકતા છે. ત્રીજી વસ્તુ એ છે કે, ટ્રાન્સફરેબલ જોબ હશે કોઈપણ સ્ટેટમાંથી બીજા સ્ટેટમાં મોકલી શકાશે, માની લો કે કશ્મીરમાં જે પ્રકારનું પ્રોફેશનલ રીતે એણે કેળવ્યું હોય એને બીજા રાજયમાં મોકલ્યો હોય તો એ લેવલથી બીજા રાજયમાં ડૅવલપમેન્ટ થાય, આ વિષયમાં અન્ય રાજયોના માનનીય મુખ્ય મંત્રીશ્રીઓએ ચર્ચામાં ખૂબ પોજીટીવ રિસ્પોન્સ આપ્યો હતો. ભારત સરકાર આ દિશામાં વિચાર કરે તો આવશ્યક છે. મારી મિત્રોને પણ વિનંતી છે કે, આ બાબતે જો આપણે ધ્યાન આપીએ તો દેશમાં એક સારું કોન્ટ્રીબ્યુશન કરી શકાશે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ઇસ્લામિક કટ્ટરવાદીના ઇશારે પાકિસ્તાન તરફી આતંકવાદી તત્ત્વો આપણા ગુજરાતી શાંતિ હણવા માટે આવ્યા હતા પણ આપણા સમર્થ પોલીસ તંત્ર દ્વારા આ એમના કાવતરાને આપણે નિષ્ફળ બનાવ્યું છે એવા સંજોગોમાં એમને અભિનંદન આપીને મારે એ જાણવું છે કે, એ આતંકવાદીઓ પાસેથી શું શું મળ્યું? અને આતંકવાદીઓ પાસેથી કહેવાય છે કે મોબાઈલ મળ્યા તો એ કયા કયા સ્થળોનું એમણે નિરીક્ષણ કર્યુ, અને એમની પાસેથી એક સીડી પણ મળી છે તો એ સીડીમાં કયા પ્રકારના ભાષણો હતા અને હરકત -ઉલ- મુઝાહીદીન, હમ નામની સંસ્થા, આ આતંકવાદી એનો ચીફ કમાન્ડર હતો તો આ સંસ્થાએ કયા પ્રકારના કૃત્યો આ દેશમાં કર્યા છે અને એમના મૃતદેહો કોણ લઈ ગયું?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ આતંકવાદીઓ પાસેથી વિસ્ફોટક પાવડર મળ્યો છે તેની હજી ચકાસણી ચાલુ છે. ચાર પિસ્તોલ મળી છે, ચાર મોબાઈલ ફોન મળ્યા છે. ચાર સીડીઓ મળી છે અને એક લાખ એકવીસ હજાર રૂપિયાની આસપાસના રોકડા રૂપિયા મળ્યા છે, જે આતંકવાદીઓ મરી ગયા એમાં કાશ્મીરના જે બે આતંકવાદીઓ હતા એમના મૃતદેહો એમના પરિવારજનોને અહીં ઓળખ આપી લઈ ગયા છે અને બે પાકિસ્તાની આતંકવાદીઓ હતા એના માટે આપણે નિયમ મુજબ ભારત સરકારને જાણ કરી છે એ પાકિસ્તાનના દૂતાવાસને કહીને જો કોઈ એનો કલેઈમેન્ટ હોય તો લઈ જવાનું કરશે નહીં તો પછી સરકાર એમની અંતિમ ક્રિયાની વ્યવસ્થા કરશે. બીજું, હમ અંગે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો. આ જે હરકત-ઉલ-મુઝાહીદીન એ પાકિસ્તાનમાં હેડ ક્વાર્ટર ધરાવતું આતંકવાદી જૂથ છે અને હમણાં હમણાં ઉત્તર ભારત અને ભારતના બાકીના ભાગોમાં પણ ઘણી બધી આતંકવાદી ગતિવિધિઓ હમે ચાલુ કરી છે અને અહીંયા જે એક આતંકવાદી મરી ગયો અઝાન એ આ હમનો સમગ્ર ભારતનો ચીફ કમાન્ડર હતો આટલો મોટો આતંકવાદી ગુજરાત પોલીસની સાથે મુઠભેડમાં મોતને શરણ થયો.

માનનીય અધ્યક્ષશ્રી, એક સવાલ માનનીય પ્રદિપસિંહે પૂછયો કે, સીડી પ્રાપ્ત થઈ એમાં કયા પ્રકારની માહિતી છે? બાકી બધી માહિતી છે એ માટે ભારત સરકારનું ઈન્ટેલિજન્સ બ્યુરો અને ગુજરાતનું ગુપ્તચર તંત્ર છે એ એની કાર્યવારી કરશે પરંતુ એક સીડીમાં જે પાકિસ્તાનમાં આતંકવાદી કેમ્પો ચલાવવામાં આવે છે એની સંપૂર્ણ વિગત, એની કાર્યવાહી કઈ રીતે કરે છે અને એની અંદર ભાષણો પણ ટેપ થયેલા છે. એના ઉપરથી ખબર પડે કે અહીંના યુવાનોને ઉશ્કેરવા માટે ધાર્મિક ઉન્માદ જગાવવા માટે અને અહીંથી છોકરાઓને ત્યાં ટ્રેનિંગ આપવા માટે આ સીડીનો ઉપયોગ થઈ શકે અને સાંભળતા જ રુવાડા ખડા થઈ જાય એ પ્રકારનું દેશ વિરોધી અને સમાજમાં ભાગલા પડાવવાવાળી ભાષા સીડીમાં છે જે પાકિસ્તાનના ટ્રેનિંગ કેમ્પો ચાલે છે એમાં અવા પ્રકારની ભાષાનો ઉપયોગ થતો હોય એવી આ સીડી છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા જૂના સાથીદાર તરુણ બારોટે બહું સારી કામગીરી કરી છે એ બદલ તરુણ બારોટ અને સરકારને અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું એક વાત કરવા માગું છું કે એલ.સી.બી. સ્કવોર્ડ, ક્રાઈમ સ્કવોર્ડ, એ.ટી.એસ. સ્કવોર્ડ એ બધા બહું સાહસવાળા કામ છે. એજ રીતે ટ્રાફિક પોલીસ એ પણ ખરા બપોરે કામ કરવાનું અને એમાં કોઈ પણ વાહનવાળો દારુ પીધેલો ભટકાય જાય ત્યારે આવા જે પોલીસ અધિકારીઓ

છે જે સાહસવાળી જગ્યાએ કામ કરે છે એના માટે કાયમી ધોરણે ગુજરાત સરકાર વીમો ઉતરાવવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે એમના માટે ૧૫ લાખ રૂપિયાના વીમાની વ્યવસ્થા કરેલી જ છે. આ પ્રકારના કામો જે પોલીસ તંત્રનું વિભાગ કરતું હોય છે એના માટે એમાં કમાન્ડો, એન્ટી ટેરરીસ્ટ સ્કવોર્ડ, ક્રાઈમ બ્રાન્ચ, વગેરે માટે ૨૦૦૩ની સાલથી આપણે શરૂઆત કરી છે અને એનો ૧૫ લાખ રૂપિયાનો વીમો અકસ્માત અને મૃત્યુ વીમો આપણે ઉતારીએ જ છીએ.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૬ની નોટિસ પરથી તો ગુજરાતમાં ફરીથી આતંકવાદીઓની નજર હોય એવો જે ઉલ્લેખ થયો. હમણા જ ઉત્તર પ્રદેશના વારાણસી અને ગુજરાતમાં જે બનાવો બન્યા છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવી છે. એક તો એમણે નિવેદનમાં જણાવ્યું છે કોલમ-૧૧માં કે, 'રાજયના ગુપ્તચર તંત્ર દ્વારા દેશના અન્ય ગુપ્તચર તંત્રના સંપર્કમાં રહીને આતંકવાદી પ્રવૃત્તિઓ/કૃત્યોમાં સંડોવાયેલ હોઈ તેવી સંસ્થા અને તેના સભ્યો પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.' દેશ આખામાં કારણ કે, આવ્યા એ પણ પાકિસ્તાન અને કાશ્મીરના હતા ત્યારે દેશ આખામાં આવા તત્વો ઉપર ધ્યાન રાખવાનું થતું હોય ત્યારે ખાસ બન્ને સંસદને ભેગી કરીને પોટા નાબૂદ કરવામાં આવ્યો અને એ નાબૂદ કર્યા પછી આવા તત્વો સામે પગલા લઈ શકાય એના માટે ગુજકોક, જેની ચર્ચા અનેક વખત થઈ રહી છે ત્યારે આપણે ત્યાં ગુજકોકનો અમલ થાય એના માટે આપણે ત્યાં ગુજકોકનો કાયદો પસાર કરવામાં આવ્યો પરંતુ એ જે તે કારણસર કેન્દ્રમાંથી મંજૂર નથી થયો એના કારણે એનો અમલ થઈ શકતો નથી એટલે રાજય સરકારને મુશ્કેલી પડતી હશે તો એમાંથી કેવી રીતે માર્ગ કાઢે છે? અને બીજુ રાજયમાં આતંકવાદી પ્રવૃત્તિના આજ સુધીમાં એટલે કે છેલ્લા ત્રણ વર્ષમાં આતંકવાદી પ્રવૃત્તિના ગુનાઓ કેટલા બન્યા અને એમાંથી કેટલા ઉકેલાયા ? અને એ પ્રવૃત્તિને ડામવા માટે રાજય સરકાર જે જે કાર્યવાહી કરી રહી છે એની વિગતો આપે તો મને લાગે છે કે, ગૃહ અને ગુજરાત રાજયને ૧૧૬ મૂકાઈ છે એમાં સારી એવી માહિતી મળશે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી પોટાનો અને ગુજકોકનો સવાલ છે ત્યાં સુધી માનનીય સભ્યશ્રીની ચિંતા સાચી છે. આજે ગુજરાતની અંદર કામ કરતી દરેક પ્રકારની સુરક્ષા એજન્સી પાસે એનો કોઈ વિકલ્પ નથી. કારણ કે, ગુજકોકમાં અને પોટામાં સ્પેશિયલ સ્કવોર્ડ, રીમાન્ડ માટેની સ્પેશિયલ દિવસોની વધારાની સગવડ, એની મિલકતો જપ્ત કરવાની સગવડ, સાહેદોને સુરક્ષા આપવાની સગવડ, માહિતી ગુપ્ત રાખવાની સગવડ આ બધું હતું. જે સાદા સી.આર.પી.સી. કાયદામાં નથી. એટલે ગુજકોકનો સવાલ છે ત્યાં સુધી એની ઉણપ તો છે પણ એનો કોઈ ઉકેલ નથી એના લીધે આવા પ્રકારના કેસોમાં ધરપકડ થાય તો સાબિત કરવામાં તંત્રને ખૂબ મુશ્કેલી પડે છે આ પ્રકારે વિશિષ્ટ અગત્ય ધરાવતા કેસો પણ સામાન્ય કેસોની યાદીમાં જઈને ઉભા રહે તો ૫-૧૦ વર્ષ સુધી કેસ ચાલવા ઉપર ન આવે તો ત્યાં સુધીમાં સાક્ષીઓને ફોડી નાખવામાં આવે, અને ત્યાં સુધી પોલીસ તંત્રએ સાક્ષીઓને એ લોકોથી બચાવવા એ પોલીસ તંત્ર માટે બહું અઘરું થઈ પડે છે. એટલા માટે પોટાના કાયદાની રચના થઈ હતી. ગુજકોક એ સંગઠિત ગુનાખોરી ડામવા માટેનો કાયદો છે. એ પણ આની અંદર મદદરૂપ થઈ શકે. પરંતુ એને પણ કેન્દ્ર સરકાર મંજૂરી નથી આપતી એના લીધે આખે આખી જે પ્રક્રિયા છે એ ન્યાયિક પ્રક્રિયા છે એની અંદર બહુ મોટી મુશ્કેલી ઊભી થઈ છે અને જ્યાંસુધી સુનીલભાઈએ વાત કરી એમાં અત્યારસુધી જુદી જુદી ૧૩ ઘટનાઓ બની છે એ બધીજ ઉકેલવામાં આવી છે, છેલ્લી એક ૧૪મી ઘટના રેલવે સ્ટેશન પરનો વિસ્ફોટ થયો એના મૂળ સુધી પહોંચવાનું બાકી છે, એની તપાસ પણ ગંભીરતાથી રાજય સરકાર કરી રહી છે અને એ મૂઠભેડોની અંદર ૧૪ ખૂંખાર આતંક વાદીઓ અત્યારસુધી ઠાર માર્યા ગયા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, જે આતંક વાદની ઘટના ગુજરાતમાં અને દેશમાં બને છે અને એકલદોકલ માણસ પણ કેટલો બધો ભય ફેલાવી શકે અને કેટલું બધું એ નુકસાન કરી શકે એ આપણે છેલ્લાં વર્ષોમાં જોયું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વાત કરી તે બહુ સાચી વાત છે કે જો આની માહિતી, ઇન્ટૅલીજન્સ નૅટવર્ક જો આપણું મજબૂત હોય તો આવી પ્રવૃત્તિઓ નિવારી શકાય અને ગુનો કરે એની પહેલાં પકડી શકાય અથવા તો એના મૂળ સુધી જઈ શકાય અને જે આપણું સેન્ટ્રલ આઈ.બી. છે એમાં તો લગભગ ૯૦ કરતા વધારે જે જગ્યાઓ છે એ આ આખી કૅડર પોસ્ટ છે, જે બહુ ઉપરની જગ્યાઓ છે એ જ માત્ર ડેપ્યુટેશન પર બહારથી આવે છે પણ સૌથી વધારે ઇન્ટૅલીજન્સ માહિતી મેળવવાનું કામ તો રાજય સરકારોએ કરવાનું હોય છે કારણકે લોકલ જે માહિતી છે એ સૌથી વધારે એમની પાસેથી મેળવી શકાય છે જે આપણું આઈ.બી. છે રાજયનું આઈ.બી. એ આઈ.બી. એ ડેપ્યુટેશનથી આવે છે અને એના કારણે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વાત કરી એ પ્રમાણે એ બધા લોકોને એવું થાય છે અમે સજામાં આવી ગયા છે એટલે ત્યાં ન કામ કરીને પણ એ આ પ્રકારે જે માહિતી મેળવવાનું કામ છે એ બરાબર થતું નથી જે આ આપણું લોકલ આઈ.બી. છે એનો આપણો બધાનો અનુભવ એવો રહ્યો છે કે એનો ઉપયોગ રાજકીય ઈન્ફરમેશન લેવામાં પણ ખૂબ થાય છે અને એને કારણે ગુનાખોરી જે છે એનું નૅટવર્ક માત્ર આતંક વાદ પૂરતું નહિ પરંતુ જે લોકલ

ગુનાખોરીને પકડવાનું કે એને અટકાવવાનું કામ છે એ પોલીસ તંત્ર બરાબર રીતે કરી શકતું નથી તો જે રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સૂચન કર્યુ એ પ્રમાણે આપણા રાજયની આઈ.બી. છે એને એવી રીતે જે સૂચન થયું એ પ્રમાણે વધારે પ્રોફેશનલ બનાવી અને એની પાસે રાજકીય કામગીરીને બદલે પ્રોફેશનલ કામ યોગ્ય રીતે લેવાય એ માટે કોઈ નીતિ વિષયક નિર્ણય લેવા માગો છો કે કેમ?

**શ્રી નરેન્દ્રભાઈ મોદી:** માનનીય અધ્યક્ષશ્રી, બાકી બધા પ્રશ્નો અમીતભાઈ હૅન્ડલ કરશે પણ એક જે મેં વાત કરી એની જરા વિગત આપી દઉં, કદાચ હું સમજાવી ન શક્યો હોઉં એવું બને. અર્જુનભાઈએ જે કહ્યું એટલે બીજું તો શું કહુ? મારો મુદ્દો એટલો જ છે કે આ દેશની સામે જે પ્રકારની સ્થિતિ છે અને સમગ્ર વિશ્વમાં આજે આતંક વાદ પ્રવૃત્તિ માનવતાની સામે પડકાર ઊભો થયો છે આઈ.એ.એસ. કૅડર અને આઈ.પી.એસ. કૅડર આજ રીતે ઇન્ડિયન ઇન્ટૅલીજન્સ સર્વીસ એક સ્વતંત્ર કૅડર અમારો વિષય છે. આજની આ વ્યવસ્થાઓમાં એવી કોઈ વ્યવસ્થા છે જ નહિ અને સદ્દનસીબે ભારત સરકારમાં બેઠેલા વર્તમાન મિત્રોએ પણ એને ખૂબ આવકારી હતી કેવી રીતે ક્યારે કરશે ધેટ આઈ ડોન્ટ નો પણ ઓવરઓલ બધાજ મુખ્યમંત્રીશ્રીઓએ એને આવકારી હતી. આ સમગ્ર એક પ્રોફેશનાલીઝમનો એક અલગ વિષય છે અને એને એ ઊંચાઈથી અગર જો આપણે સમજીશું તો આખો વિષય ધ્યાનમાં આવશે કે દેશને કેવા પ્રકારની વ્યવસ્થાઓની કેવી આવશ્યકતા છે? એક નવી વ્યવસ્થા માટેનું મારું સૂચન છે, જ્યાંસુધી અહીંયાનો સવાલ છે કદાચ અમીતભાઈ માહિતી આપશે પણ ગુજરાતમાં આપણે એક વ્યવસ્થા કરી છે કે તમને પ્રમોશન જોઈતું હશે તો મીનીમમ આટલો સમય તમે ઇન્ટૅલીજન્સ બ્રાન્ચમાં કામ કરીને તમારી સેવાઓ આપેલ હશે એવી એક વ્યવસ્થા ઊભી કરીએ છીએ જેથી કરીને હવે ઇન્ટૅલીજન્સ બ્રાન્ચમાં કામ કરવું એ પણ એક ઈન્સ્પીરેશન બનવાનું, આપણે તો અહીંયા પ્રયત્નો કર્યા છે મારો મુદ્દો સાવ જુદો જ હતો એટલે કદાચ એ લેવલે ફરી એકવાર એ સમજાવવાની આવશ્યકતા લાગી એટલે અલગ કર્યુ છે બાકી તો અમીતભાઈ પહોંચી વળશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીનું સૂચન છે કે તે જ્યાં સુધી કેન્દ્રને લાગે વળગે છે ત્યાં સુધી બરાબર છે અને તેમાં પ્રોફેશ્નલ કરવાની વાત હશે વધારે પ્રોફેશ્નલ એપ્રોચ અથવા તો રિક્રુટમેન્ટના ધોરણો સુધારવાની બાકી તેમની કેડર છે આઈ.બી.ની અલગ જ છે અને તેમાં માની લો કે આઈ.એ.એસ., આઈ.પી.એસ.ની જેમ જ તેની ભરતી ડી.એસ.પી.કે તે કક્ષાના લોકોની થાય, બીજા લોકોની થાય તે બરાબર છે પણ મારો પ્રશ્ન છે તે રાજયની જે આઈ.બી.છે તે બાબતનો છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અર્જુનભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો તેમાં કહેવાનું કે રાજયની અંદર તો અમે આવો નિર્ણય ઓલરેડી લઈ લીધો છે. ૨૭ પી.એસ.આઈ.ની ભરતી અલગથી કરવાના છીએ. તેમની ટ્રેઈનીંગ અલગથી કરવાના છીએ. તેના ક્રાઈટેરિયા અલગથી રાખ્યા છે. તેના ઈન્ટરવ્યુ અલગથી કરવાના છીએ. અને આ ૨૭ પી.એસ.આઈ.નું પ્રમોશન છેક સુધી રિટાયર્ડ થાય ત્યાં સુધી આઈ.બી.ની અંદર જ થવાનું છે. તેમને પ્રોફેશ્નલી અમે અલગથી ટ્રેઈન કરવાના છીએ અને આઈ.બી.ના તંત્રને નવી દિશા આપવાનું કામ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જ કર્યુ છે અને જ્યાં સુધી રાજકીય ઉપયોગ કરવાનો સવાલ છે અર્જુનભાઈ, ઉપયોગ કરવા જેવુ કંઈ રહ્યું નથી. સ્પર્ધા હોય ત્યાં જાસૂસી હોય, અહીં તો બધુ પતી ગયું છે. ૨૮માંથી ૨૬ જગ્યાએ હારી ગયા. શું ભાઈ જાસૂસી કરવાની? કંઈ છે જ નહીં સામે સ્પર્ધા.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : અમારી નહીં આપના સાથીઓની પણ આ જ ફરિયાદ છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ સ્પર્ધા જ નથી શું જાસૂસી કરવાની? આ જે ભૂતકાળનું એક કામ હતું તે અત્યારે ઓછું થઈ ગયું છે એટલે સંપૂર્ણ કોન્સનટ્રેશન આ દેશ વિરોધી પ્રવૃત્તિ ઉપર ગુજરાતનું આઈ.બી.તંત્ર અત્યારે કરી રહ્યું છે.

# સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો

### ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઑડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ખાણ અને ખનિજમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ,

ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઑડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત લઘુઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત લઘુઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઑડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત કામદાર કલ્યાણ બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી મુળુભાઈ હ. બેરા (રાજય કક્ષાના શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત કામદાર કલ્યાણ બોર્ડનો સન ૧૯૯૯-૨૦૦૦નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

## ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

**માગણી ક્રમાંક:૧૨**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાતને લગતી, સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂપિયા ૬,૨૭,૯૫,૦૦૦ ની માગણી ક્રમાંક: ૧૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક:૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક:૧૩**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શકિત પરિયોજનાને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧૭,૮૮,૬૧,૦૬,૦૦૦ની અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૫,૬૨,૯૭,૭૦,૦૦૦ની માગણી ક્રમાંક:૧૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

## મહેસૂલ વિભાગ

### માગણી ક્રમાંક: ૭૬

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું મહેસૂલ વિભાગની સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૪,૬૧,૮૦,૦૦૦ની માગણી ક્રમાંક ૭૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૭૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.**

### માગણી ક્રમાંક: ૭૮

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટ સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૮૦,૫૫,૬૫,૦૦૦ ની માગણી ક્રમાંક ૭૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૭૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૭૯**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહત સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૩૮,૯૩,૩૬,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૬,૫૬,૦૭,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક ૭૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૭૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૬–૨૦૦૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા.૨૧–૩–૨૦૦૬ (બીજી બેઠક) (નવમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ** | | |
| | | **માગણી નં. ૧૨** | | |
| ૧. | ૨૦૪૫–ચીજ વસ્તુઓ.....શુલ્ક<br>૧૦૩ – વસૂલાત....શુલ્ક<br>૦૧– વિજળી...નિરીક્ષક<br>રૂા. ૪,૭૨,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫ પા.નં. ૬ | ૧૦૦ | મોટી ઔદ્યોગિક કંપનીઓ પાસેથી વિદ્યુત શુલ્કની બાકી રકમ વસૂલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| *૨. | –– " –– | ૧૦૦ | ઘર વપરાશના વીજ ગ્રાહકો ઉપર લેવાતી વીજળી ડયૂટીનો દર નીચો કરી પ્રજાની ચાહના મેળવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩. | ૨૦૪૫–ચીજ વસ્તુઓ.....શુલ્ક<br>૧૦૩ – વસૂલાત....શુલ્ક ૦૨–<br>રાજયના.....યોજના<br>રૂા. ૧,૧૫,૮૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પા.નં. ૭ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં જર્જરિત વીજ વાયરો સત્વરે બદલવામાં ન આવતાં સર્જાતા અકસ્માતોથી માનવ અને પશુઓની થતી જાનહાનિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી. અમીત ચાવડા |
| *૪. | –– " –– | ૧૦૦ | જર્જરિત વાયરોને કારણે ગ્રામીણ વિસ્તારોમાં વારંવાર વિદ્યુત પુરવઠો ખોરવાતો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૫. | ૨૦૪૫–ચીજ વસ્તુઓ.....શુલ્ક<br>૮૦૦ –અન્ય ખર્ચ<br>૦૧– ગૃહ.... અમલ<br>રૂા. ૩૯,૩૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પા.નં. ૮ – ૯ | ૧૦૦ | ગૃહ વપરાશના વીજળી સાધનો અંગેના ગુણવત્તા નિયંત્રણ હુકમ, ૧૯૮૧ નો સખતાઈથી અમલ કરાવવામાં તંત્રની ઘોર નિષ્ફળતા | શ્રી ફારૂક શેખ |
| | | **માગણી નં. ૧૩** | | |
| *૬. | ૨૮૦૧– વીજળી શકિત<br>૮૦– સામાન્ય<br>૧૦૧– વિદ્યુત બોર્ડને સહાય | ૧૦૦ | ફયુઅલ કોસ્ટ અને વીજ ચોરીના નામે વીજ ગ્રાહકો ઉપર લાદવામાં આવતી આર્થિક નુકશાની દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા. ૧૧,૮૮,૧૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પા. નં. ૧૨–૧૩ | | | |
| *૭. | –– " –– | ૧૦૦ | વીજ ચોરીના નામે વીજ ગ્રાહકોને ખોટી રીતે હેરાન કરાતા અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૮. | –– " –– | ૧૦૦ | વીજ કંપનીએ લગાવેલા ઈલેકટ્રોનિક વીજ મીટર ઝડપથી ફરે છે તેવી ગ્રાહકોની ફરિયાદ સંબંધમાં જરૂરી ચકાસણી કરવામાં તંત્રની ઘોર ઉદાસીનતા | ડૉ. સી.જે. ચાવડા |
| *૯. | –– " –– | ૧૦૦ | વીજ તંત્રને ફોલી ખાતા ભ્રષ્ટ અધિકારી/કર્મચારીઓને પકડી તેમની સામે ઘટતી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૦. | –– " –– | ૧૦૦ | વિજળી અંગે અવાર–નવાર પ્રગટ થતી અટપટી માહિતીને બુધ્ધિગમ્ય બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વારલી |
| ૧૧. | –– " –– | ૧૦૦ | હળવા વીજ દબાણથી વીજ પ્રવાહ વાપરતા ઔદ્યોગિક ગ્રાહકોની સંખ્યાને ઘટતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૧૨. | –– " –– | ૧૦૦ | ઉત્તરોત્તર કરાતા વીજ ભાવ વધારાને ડામવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| *૧૩. | –– " –– | ૧૦૦ | ખેતી અંગેના વીજ કનેકશનના એસ્ટીમેટની રકમ ભરી હોવા છતાં કનેકશનો ચાલુ કરવામાં થતો અક્ષમ્ય વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૪. | –– " –– | ૧૦૦ | ઉદ્યોગો ઉપર મૂકાતો વારંવારનો વીજકાપ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| *૧૫. | –– " –– | ૧૦૦ | ખાનગી કંપનીઓ પાસેથી ઊંચા દરે થતી વિદ્યુત ખરીદી રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| *<br>૧૬. | –– " –– | ૧૦૦ | ખૂટતી વીજળી મેળવવા અંગેનુ આગોતરું આયોજન કરી ઉદ્યોગો અને કૃષિને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૭. | –– " –– | ૧૦૦ | ખેડૂતોને સતત વીજ પુરવઠો પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૧૮. | –– " –– | ૧૦૦ | મધ્યમવર્ગના ઘરવપરાશના વીજ ગ્રાહકોને ૨૦૦ યુનીટની મર્યાદામાં અપાતી ૨૫% રાહતની બંધ કરાયેલ યોજનાને પુનઃ ચાલુ કરી મધ્યમવર્ગની જનતાનો વિશ્વાસ સંપાદન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હેમાજી રાજપૂત |
| ૧૯. | ૨૮૦૧–વીજળી શકિત<br>૮૦–સામાન્ય<br>૮૦૦–અન્ય ખર્ચ<br>(૨૩)–બળતણ....ખર્ચ<br>રૂા.૪૨,૧૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પા.નં. ૧૯ | ૧૦૦ | બળતણ કિંમત અને વીજળી ખરીદીના હિસાબ મેળની સાચી માહિતી વીજ ગ્રાહકોને આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| ૨૦. | ૪૮૦૧–વિજળી શકિત<br>....જોગવાઈ<br>૦૬–ગ્રામ વીજળીકરણ | ૧૦૦ | ગ્રામ વીજળીકરણનો સત્વરે અમલ કરી ગ્રામજનોને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભવાનભાઈ ભરવાડ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૯૦–જાહેર.....રોકાણ<br>રૂ. ૩,૧૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પા.નં. ૨૭ | | | |
| ૨૧. | –– " –– | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં વીજળીકરણ થયા પછી કનેકશનો આપી વીજપુરવઠો ચાલુ કરવામાં થતો અસહય વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માધુભાઈ ભોયે |
| ૨૨. | ૬૮૦૧–વીજળી.....લોન<br>૨૦૨–થર્મલ.....નિર્માણ<br>રૂ.૯૫,૪૬,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પા.નં. ૩૦ થી ૩૨ | ૧૦૦ | રાજયમાં ગેસનું મોટાપાયે ઉત્પાદન થતું હોવા છતાં વીજ ઉત્પાદન માટે પૂરતા પ્રમાણમાં ગેસ મેળવવા અંગે કેન્દ્ર સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૨૩. | –– " –– | ૧૦૦ | છેલ્લા દશકામાં વીજ ઉત્પાદનમાં વધારા અંગે થતી ભ્રામક જાહેરાતો થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| | | **મહેસૂલ વિભાગ**<br>**માગણી નં. ૭૬** | | |
| ૨૪. | ૨૦૫૨–સચિવાલય....સેવાઓ ૦૯૦ –સચિવાલય<br>૦૧–મહેસૂલ વિભાગ<br>રૂ.૫,૭૩,૬૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પા.નં. ૪૧ | ૧૦૦ | કચ્છ અને સૌરાષ્ટ્રના અછતગ્રસ્ત ગામોમાં રાહત કાર્યો સત્વરે ચાલુ કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૨૫. | –– " –– | ૧૦૦ | ગેરરીતિ આચરીને ગેરકાયદેસર રીતે જમીનો મુકત કરાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી.જે. ચાવડા |
| ૨૬. | –– " –– | ૧૦૦ | ગૌચરની ૨૨ હજાર હેકટર જમીન પર થયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઈ જોષી |
| ૨૭ | –– " –– | ૧૦૦ | દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પૂરતી નાણાંકીય જોગવાઈના અભાવે રાહતકામો સમયસર શરુ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હેમાજી રાજપૂત |
| * ૨૮ | –– " –– | ૧૦૦ | કુદરતી આપત્તિ અને કોમી રમખાણો અંગે પૂરતી વિગતો સત્વરે કેન્દ્ર સરકારને મોકલી સહાય મેળવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૯ | –– " –– | ૧૦૦ | પડતર કેસોનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૩૦ | ૨૦૫૨–સચિવાલય....સેવાઓ ૦૯૦ –સચિવાલય<br>૦૧–મહેસૂલ વિભાગ<br>રૂ.૫,૭૩,૬૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પા.નં. ૪૧ | ૧૦૦ | જમીન મહેસૂલના દરમાં અસહય વધારો કરવાથી જનતામાં વ્યાપેલ રોષ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૩૧ | –– " –– | ૧૦૦ | ખેતીની જમીન બિન ખેતીની જમીનમાં ફેરવવાની કાર્યવાહીમાં મોટા પાયે આચરવામાં આવતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૩૨ | –– " –– | ૧૦૦ | જિલ્લા કચેરીઓ ઉપર ચાંપતી નજર રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૩૩ | –– " –– | ૧૦૦ | ધારાસભ્યશ્રીઓની રજૂઆતોનો ઝડપી નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. સી.જે.ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | | **માગણી નં. ૭૮** | | |
| ૩૪ | ૨૦૫૩–જિલ્લા વહીવટ<br>૦૯૩– જિલ્લા મહેકમ<br>૦૧–કલેકટર કચેરી<br>રૂા. ૨૨,૪૫,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પા.નં. ૪૮ | ૧૦૦ | સરકારી વાહનોનો થતો દૂર ઉપયોગ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ફારૂક શેખ |
| * ૩૫ | –– " –– | ૧૦૦ | દુષ્કાળની પરિસ્થિતિ અંગેનો માસ્ટર પ્લાન ઝડપથી તૈયાર કરાવી સમયસર કામગીરી હાથ ઉપર લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૬ | –– " –– | ૧૦૦ | કલેકટર કચેરીઓના કથળેલા વહીવટને સુદૃઢ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| * ૩૭. | –– " –– | ૧૦૦ | કુદરતી આપત્તિના સમયે ઝડપી રાહત કામગીરી હાથ ધરવા અંગેનું આગોતરું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૩૮. | –– " –– | ૧૦૦ | ધારાસભ્યોની ફરિયાદો સંકલન સમિતિ સમક્ષ રજૂ કરી તે અંગે ગંભીરતાથી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૯. | ૨૦૫૩–જિલ્લા વહીવટ<br>૦૯૪– અન્ય કર્મચારી વર્ગ<br>(૦૧)–પેટા .....અધિકારીઓ<br>રૂા. ૪૬,૮૬,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પા.નં. ૫૨–૫૩ | ૧૦૦ | ૭/૧૨ ના ઉતારાની નોંધણી માટે તલાટી સમક્ષ સહી કરવાને બદલે સર્કલ ઈન્સ્પેકટરની હાજરીમાં સહી કરવાની જોગવાઈના કારણે જનતાને પડતી હાડમારી દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૪૦. | –– " –– | ૧૦૦ | પ્રજાને ૭/૧૨ ના ઉતારા મેળવવામાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| * ૪૧. | –– " –– | ૧૦૦ | તલાટી અને સર્કલ ઈન્સ્પેકટર ફરજ દરમિયાન સમયસર હાજર ન રહેતાં પ્રજાજનોને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૨. | ૨૦૫૩–જિલ્લા વહીવટ<br>૮૦૦– અન્ય ખર્ચ<br>૦૧–મહેસૂલ....કચેરીઓ<br>રૂા. ૧૯,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પા.નં. ૫૫–૫૬ | ૧૦૦ | જિલ્લા દફતર કચેરીઓની કથળેલી કામગીરી સુદૃઢ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| | | **માગણી નં. ૭૯** | | |
| * ૪૩. | ૨૨૪૫–કુદરતી....રાહત<br>૦૧– અનાવૃષ્ટિ<br>૧૦૨–પીવાના ....પુરવઠો<br>રૂા. ૭,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧ પા.નં. ૭૨ | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારમાં પીવાના પાણીની વિતરણ વ્યવસ્થા નિયમિત રીતે થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૪. | –– " –– | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં પીવાનું પાણી પૂરું પાડવામાં ચાલતી ગેરરીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૪૫. | ૨૨૪૫–કુદરતી.....રાહત<br>૦૧– અનાવૃષ્ટિ<br>૧૦૩–ખાસ પોષણ<br>રૂા. ૨,૧૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પા.નં. ૭૩ | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં સર્ગભા મહિલા તથા બાળકોને પોષણક્ષમ આહારની વહેંચણીમાં ચાલતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| * ૪૬. | ૨૨૪૫–કુદરતી.... રાહત<br>૦૨– પૂર...વગેરે<br>૧૦૧–મફત રાહત<br>રૂા. ૨,૦૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧ પા.નં. ૭૬ | ૧૦૦ | પૂર અને વાવાઝોડાં જેવી કુદરતી આફતોના સમયે કરવામાં આવતી મફત રાહતની વહેંચણીમાં ચાલતી ગેરરીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૭. | –– " –– | ૧૦૦ | પૂર અને વાવાઝોડાં જેવી કુદરતી આફતો સમયે અસરગ્રસ્તોને મફત રાહત સમયસર પહોંચાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભવાનભાઈ ભરવાડ |
| * ૪૮. | ૨૨૪૫–કુદરતી.... રાહત<br>૦૨– પૂર...વગેરે<br>૧૦૪–ઘાસચારાનો પુરવઠો<br>રૂા. ૭૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧ પા.નં. ૭૭ | ૧૦૦ | પૂર અને વાવાઝોડાંના સમયે ઘાસચારાનો સત્વરે પ્રબંધ કરી ભૂખમરાથી મૃત્યુ પામતા પશુઓને બચાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૪૯ | ૨૨૪૫–કુદરતી.... આફતો<br>૦૨– પૂર...... વગેરે<br>૧૧૩–મકાનો....સહાય<br>રૂા. ૨૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પા.નં. ૭૮–૭૯ | ૧૦૦ | પૂર અને વાવાઝોડાંથી નાશ પામેલાં તથા નુકશાન પામેલાં મકાનો અને ઝૂંપડાઓના પુનઃ બાંધકામ માટે જરૂરી રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેની ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા શરૂ કરવામાં આવશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નંબરઃ ૧૨ અને ૧૩ તથા મહેસૂલ વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નંબરઃ ૭૬, ૭૮, અને ૭૯ લઈને આવ્યા છે એની ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ આ જે બે વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમાં એક ઉર્જાની અને બીજી મહેસૂલની છે. આજની તારીખમાં ઉર્જા એ આપણા માટે મહત્વનું પાસું અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમનું બજેટ પ્રવચન હોય કે બીજામાં તેમણે જે પ્રકારની વાતો કરી હોય છે કે છેલ્લા પાંચ વર્ષમાં અમે ઉર્જા શકિત, ઉર્જાનો વિકાસ, જયોતિગ્રામ જેવી યોજનાઓ દાખલ કરવામાં આવશે. અગાઉ પણ એક જાહેરાત કરવામાં આવી છે કે ગુજરાત વિદ્યુત બોર્ડે નફો કર્યો છે. નવાં વીજળીનાં સબ સ્ટેશનો સ્થાપવા માટેની મોટી મોટી જાહેરાતો કરવામાં આવે છે. છેલ્લા ચાર વર્ષમાં જે પરિસ્થિતિ થઈ છે એનો ચિતાર રજૂ કરવા માટે આજે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે પૂછવું છે કે ઝૂંપડાંમાં રહેતા ગરીબોને ૧ પોઈન્ટ વીજળી મફત આપવાના જોડાણનો લક્ષ્યાંક આજે પણ ઘટયો છે, કુટિર જયોત યોજનામાં આદિજાતિઓ માટેની ચિંતા કરતા હોઈએ છીએ અને ગરીબોને એક પોઈન્ટ મફત વીજળી આપવાના જોડાણનો લક્ષ્યાંક ઘટયો છે. ૨૦૦૬-૦૭માં જે યોજનાઓ બંધ કરી છે એ જોતાં ગરીબોને વીજળી પહોંચાડવાનું સરકારનું અસલ સ્વરૂપ આ રીતે જાહેર થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતીલક્ષી તાત્કલિક વીજ જોડાણ યોજના જે છે એને પણ આજ દિવસ સુધી આ સરકાર લેતી નથી એવી સ્થિતિ છે. બીજી બાજુ ખેડૂતો માટે ૨૫૦ કરોડ રૂપિયાથી વધારે લક્ષ્યાંક આપવામાં આવતો હોય છે. આ બધી સ્થિતિ આજે ગુજરાતની છે અને ગુજરાતની આજે કયા પ્રકારની પરિસ્થિતિ છે એ બાબતે કહેવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનીય અધ્યક્ષશ્રી, ૧૬મી વીજ સરવે સમિતિ થઈ એના ૨૦૦૫-૦૬ ના અહેવાલમાં સમગ્ર ગુજરાતમાં ૧૦ હજાર મેગાવોટ વીજળી માટેની જરૂરિયાત ઉભી થાય એવો સરવે રિપોર્ટ છે એના માટે ૧૪૧૨૭ મેગાવોટ કેપેસિટી જોઈએ.તો મારે રાજય સરકારને પૂછવું છે કે આ અહેવાલના રિપોર્ટ પ્રમાણેની જરૂરિયાત પૂરી કરવા માટે આપણે સક્ષમ છીએ ખરા? આજે ગુજરાતમાં વીજળી ખાદ્યના જે આંકડા રહયા છે એમાં મારે જણાવવું છે કે ૨૦૦૩-૦૪ માં ૧૯૦૦ મેગાવોટ થી વધારે ખોટ રહી હતી, ૨૦૦૪-૦૫ માં ૨૦૫૦ મેગાવોટ ખાદ્ય રહી અને ૨૦૦૫-૦૬ માં ૧૪૭૫ મેગાવોટની ખાદ્ય રહી હતી. તો આમાં છેલ્લે ખાદ્ય આટલી ઘટી છે તો એમ થશે કે વીજળી ઉત્પાદનમાં વધારો કર્યો છે એટલે ઘટી છે, પરંતુ એમાં વાસ્તવિકતા તો જુદી જ છે. ગુજરાત

સરકારની આજની પરિસ્થિતિ એવી છે કે ગુજરાતમાં જે ખેતીલક્ષી ગ્રાહકો હતા એ ૨૦૦૩ માં ૧૫૦૧૭ હતા એમાં ઘટાડો થયો છે અને આજે એની અંદર ૪૯૭ જેટલા ગ્રાહકો એમાં ઘટયા છે. જે મોટા મોટા ઉદ્યોગો કહેવાય એમાં દિનપ્રતિદિન એના ગ્રાહકો વધે, પરંતુ અહીંયાં આગળ ગુજરાતની ઉંધી પરિસ્થિતિ છે અને એ પ્રમાણે આજે ૯૩૫ ઉદ્યોગો ૨૦૦૩ માં હતા એ આજે ૨૦૦૭ માં ૬૦૯ એટલે કે ૩૨૬ જેટલા ઔદ્યોગિક ગ્રાહકો ઓછા થયા છે અને એટલા માટે આ માંગમાં ઘટાડો નોંધાયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ગુજરાત સરકારને એક વાત કરવી છે કે કોઈપણ સરકાર હોય, એ સરકાર હંમેશાં ઈચ્છતી હોય છે કે એને એક મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાની હોય એ ચાહે ખેતીમાં કે બીજામાં એ સસ્તી કેવી રીતે થાય એ બહુ જરૂરી હોય છે. કોલસાની એક મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવા માટે ૪ કરોડ ૨૬ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે, ગેસને માટે ૩ કરોડ ૨૭ લાખ રૂપિયા થાય છે અને એક ઓઈલ બર્થ જે આવે છે એ ૨ કરોડ ૫૭ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે અને હાઈ જનરેટર માટેનો ખર્ચ ૪ કરોડ ૫૦ લાખ રૂપિયા થાય છે. મારે ગુજરાત સરકારને કહેવું છે કે ૨૦૦૪-૦૫માં જે ભાવ હતા એમાં આજે આપણી કોલસાની પરિસ્થિતિ શું છે? આજે પણ આપણે ઓરિસ્સાથી માંડીને કેટલાક કરારો પૂરા કરી શકતા નથી., જો આ પ્રકારે ઉત્પાદન કરવામાં આવે તો ગુજરાત સરકારને કરોડો રૂપિયાનો ફાયદો થઈ શકે તેવી સ્થિતિ છે. રાજય સરકારે ઉત્પાદન ખર્ચમાં જે ધ્યાન આપવું જોઈએ તે આપતી નથી અને તેના કારણે દિન પ્રતિ દિન ગુજરાત સરકારનું વીજળીનું ઉત્પાદન મોંઘુ થતું જાય છે. આજે ૧ રૂપિયો અને ૯૪ પૈસા યુનિટાના ઉત્પાદનનો ખર્ચ આવે છે, છેલ્લા પાંચ વર્ષમાં ઉત્પાદનની જે સ્થિતિ થઈ છે એમાં ૨૦૦૨ થી ૨૦૦૭ સુધીમાં ૪૯૮૫ મેગાવોટ કેપેસિટી રાજય સરકાર કરશે તેવું કહેતા હતા પણ આજે એમાં ૨૦ ટકા થી વધારે કામ થયું નથી. જાહેરાતો મોટી મોટી કરવામાં આવે પણ વાસ્તવિક કામ થાય તે જરૂરી છે. આજે આટલી આપણી જરૂરિયાત પૂરી કરી શકયા નથી. રાજય સરકારે માત્ર બે વસ્તુ કરી છે. અમે જે કર્યુ છે તે હંમેશા કહેતા હોઈએ છીએ. ૨૦૦૪-૦૫માં જાહેરાત એટલી મોટી કરી પણ માત્ર ૨૦૭ મેગાવોટનો વધારો કરવામાં આવ્યા. ૨૦૦૫-૦૬માં ૩૫૮ મેગાવોટનો વધારો કર્યો છે. એટલે છેલ્લા બે વર્ષમાં ૫૬૫ મેગાવોટ માત્ર વધારો કરવામાં આવ્યો છે. જેના કારણે આજે ગુજરાતમાં બહારથી વીજળી લેવી પડે છે. અને તેના કારણે એ લોકોને તગડો નફો આપણે આપવો પડે છે. આજે ૨૦૦૩-૦૪માં ૧૯૨૮૯ આપણું વીજળી ઉત્પાદન હતું અને તેની સામે બહારથી આપણે જે વીજળી ખરીદવી પડી છે તે ૨૪૩૫૦ એટલે લગભગ ૫૬ ટકા વીજળી બહારથી ખરીદવી પડી છે. એ જ રીતે દિન પ્રતિદિન જે વધારો થાય છે તેમાં ૨૦૦૪-૦૫ માં ૨૫૯૮૨ જેટલી વીજળી ખરીદવી પડી અને ૨૦૦૫-૦૬ માં ૩૧ હજારથી વધારેનો લક્ષ્યાંક છે. એટલે ૬૩ ટકા વીજળી બહારથી ખરીદવી પડશે. આજે છેલ્લા ત્રણ વર્ષનાં આંકડા જોઈએ તો રાજય સરકાર એક બાજુ વિકાસની વાત કરે છે અને ૬૩ ટકા વીજળી બહારથી ખરીદવી પડે તેમ છે. ખરેખર આપણી આ કમનસીબી છે. અને તેના કારણે રાજય સરકારનું વીજળી ઉત્પાદન જે પોતાના યુનિટોમાં થવું જોઈએ અને જેનું સરકારે ધ્યાન રાખવું જોઈએ અને જે સરકારની જવાબદારી છે એમાં આજે છેલ્લા ૩ વર્ષમાં ૧૬૦૦ મેગાવોટ વીજળી ઉત્પાદન ઓછું થયું છે. મારે આ વાત એટલા માટે કરવી છે કે ૬૩ ટકા અને ૫૬ ટકા બહારથી લાવવાની હોય તો એ ૧ રૂપિયો અને ૯૪ પૈસા યુનિટના ભાવે વીજળી આપણને ઉત્પાદનમાં પડે છે અને રાજય સરકારે એસ્સાર કંપની પાસેથી ૨૦૦૩-૦૪ના વર્ષમાં ૫ રૂપિયા અને ૫૪ પૈસા ના ભાવે વીજળી ખરીદી છે. જેના કારણે આ રાજય સરકારને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. મારે પૂછવું છે સરકારને કે ૫ રૂપિયા અને ૫૪ પૈસાના ભાવની સામે ૧ રૂપિયો અને ૯૪ પૈસા એટલે એક યુનિટ દીઠ ૩ રૂપિયા અને ૬૦ પૈસાનો આ સરકારે વધારો આપ્યો હોય તો આ મોટી મોટી ઈન્ડસ્ટ્રીઝ વાળાને કેટલો ફાયદો થયો હશે? આ એક જાણવા જેવી વાત છે. આજે સરકાર મોટી મોટી વાતો કરે છે અને ૩ રૂપિયા અને ૬૦ પૈસા જેટલી રકમ યુનિટ દીઠ વધારે આપી દે છે તે બહુ મોટી વાત છે. અને તેને કારણે ૩૩૭ કરોડ રૂપિયા આજે વધારે ચૂકવવા પડ્યા છે આવી સ્થિતિ થઈ છે. ડિસેમ્બર ૨૦૦૦માં રાજય સરકારે ઓરિસ્સા સરકાર પાસેથી ૧૧૪૧ કરોડ રૂપિયાની ખરીદી કરવી પડી, મને ચોક્કસ ખ્યાલ છે, હું આ આંકડા ૨૦૦૩-૦૪ ના બોલતો હતો પણ હમણાં હમણાં ની વાત કરું તો આજે આપણને એમ થાય કે કોઈ પણ વેપાર આવી રીતે ન થઈ શકે અને સરકારની જવાબદારી છે કે લોકોના ટેક્સના પૈસા છે અને સામાન્ય ખેડૂતને આપણે લાભ આપવાને બદલે કરોડો રૂપિયાની સબસીડીમાં ઘટાડો કરતા હોઈએ અને મોટા મોટા ઉદ્યોગોને લાભ અપાવી દઈએ છીએ, આ વખતે અદાણી ગૃપ પાસેથી ૩ રૂપિયા અને ૩૧ પૈસાના ભાવે વીજળી ખરીદવામાં આવી છે. આટલા કરોડો રૂપિયાનો વીજળી ખરીદીમાં ભાવ વધારો આપતા હોઈએ તો એ ખરેખર દુ:ખદ બાબત છે. મોટા મોટા ફાયદા થતા હોય અને સરકાર આ બાબતે ધ્યાન ન આપે એ દુ:ખદ બાબત છે. સરકારની તિજોરીમાંથી કરોડો રૂપિયા જતાં રહેતા હોય છે. મારે રાજય સરકારને કહેવું છે કે એસ્સાર પાસેથી આપણે ૫.૫૬ રૂપિયે વીજળી ખરીદી હતી એ એસ્સાર આજે આપણને ૨.૩૫ રૂપિયે વીજળી આપે છે. જ્યારે બીજી બાજુ અદાણી ગૃપ પાસેથી આપણે ૩.૩૭ રૂપિયે વીજળી ખરીદીએ છીએ. તેથી અદાણી ગૃપ પાસેથી ન ખરીદતા એસ્સાર પાસેથી વીજળી ખરીદવાની જરૂર હતી. આ રીતે આપણે ૧૬૫ મેગાવોટ વીજળી ખરીદી

હતી. જો બધી જ એસ્સાર પાસેથી લીધી હોત તો કરોડો રૂપિયાનો ફાયદો આપણને થઈ શક્યો હોત. પણ રાજય સરકાર કઈ પ્રકારની કોના લાભાર્થે વાત થતી હોય એનો મને ખ્યાલ આવતો નથી.

વીજળી શકિત માટેની યોજના છે એની અંદર ૨૮૦૦ કરોડ રૂપિયા ૨૦૦૪-૦૫માં ફાળવ્યા હતા. સરકાર એકબાજુ એમ કહે છે કે અમે નવા વીજળી પ્લાન્ટ સ્થાપવાના છીએ. જ્યારે બીજી બાજુ સરકાર વધારે પૈસા આપીને વીજળી ખરીદે છે. નવા વીજળી પ્લાન્ટ સ્થાપવાની વાત થતી હોય ત્યારે ૨૦૦૬-૦૭માં ૨૩૫૧ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે એટલે કે ગયા વર્ષ કરતાં એમાં ૪૪૯ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આના ઉપરથી રાજય સરકાર કેટલા નવા વીજળી પ્લાન્ટ સ્થાપવા માગે છે એ મારા ધ્યાન ઉપર આવતું નથી. મારે આ તબક્કે એક વાત કરવી છે કે સરકારશ્રીની યોજનાઓ ચાલતી હોય પછી બજેટમાં ફાળવણીની વાત હોય તો કરોડો રૂપિયા વીજળી માટે આપવામાં આવતા હોય છે. મારે આ તબક્કે ગ્રામ પંચાયત, વારિગૃહ માટે ૧૦૫ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા જ્યારે આ વખતે ફક્ત ૮૨ કરોડ રૂપિયા જ આપવામાં આવ્યા છે. એકબાજુ મોટી મોટી જાહેરાતો કરવામાં આવે છે. ત્યારે બીજી બાજુ ગ્રામ પંચાયત, વારિગૃહ વગેરે સેવાકીય સંસ્થાઓ માટે કરોડો રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

ખેડૂતોની વાત કરીએ તો ૨૦૦૫-૦૬માં ૧૨૦૬ કરોડ રૂપિયાની સબસિડી આપવામાં આવી હતી. એમાં આ વખતે ૨૦ થી ૨૧ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. એકબાજુ ખેડૂતોને આપણે નવા કનેકશનો આપતા નથી. તત્કાળ યોજના નીચે પણ કનેકશનો આપવામાં આવતા નથી. અમારા ઉત્તર ગુજરાતના ખેડૂતોને વીજળી ખૂબ જ મોંઘી પડે છે. એમાં પણ આ સરકારે આ વરસે ૨૦ કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો છે. તેથી આ સરકાર ખેડૂતોના હિત માટે નહિ પરંતુ ખેડૂતોને બરબાદ કરવાની વાત કરી રહી હોય એમ લાગે છે.

શહેરી વિસ્તારની ઝૂંપડપટ્ટીની વાત કરીએ તો ૨૦૦૫-૦૬માં પાંચ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. ગરીબોની આ સરકાર ચિંતા કરનારી આ સરકાર છે એવી વાત કરવામાં આવે છે ત્યારે એ પાંચ કરોડમાંથી આ વરસે ફક્ત એક કરોડ રૂપિયા જ ફાળવવામાં આવ્યા છે. ચાર કરોડ રૂપિયા ગરીબો માટે આ બજેટમાં ઘટાડ્યા છે. કયા પ્રકારની આ સરકારની નીતિ છે એ જ સમજાતી નથી. નાની નાની ઝૂંપડપટ્ટીમાં વીજળી કનેકશન આપવાની વાત છે એમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. આપણે જ્યોતિ ગ્રામ યોજનાની વાત કરીએ છીએ એમાં ૧૧ હજાર કે ૧૫ હજાર ગામોને કવર કર્યા એમ કહેવામાં આવે છે. પરંતુ આજે એવા અસંખ્ય પરા છે ત્યાં બિલકુલ લાઈટ નથી. ત્યાં આગળ ઘટાડો કરવામાં આવ્યો છે. ખેતી વિષયક ટૅરિફ જી.ઈ.બી.ની સબસિડી ખેડૂતો માટે અપાતી હતી. ૨૦૦૫-૦૬માં ૮૩૫ કરોડ હતી એ આ વખતે ૪૮૪ કરોડ કરી નાખી છે એટલે એમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. તમે એકબાજુ ખેડૂતોની વાત કરો છો અને બીજી બાજુ સરકારની સબસિડી છે એમાં કાપ મૂકવામાં આવે છે એ મને સમજાતું નથી કે ખેડૂતોની વાત કરનાર આ સરકાર છે કે કયા પ્રકારની સરકાર છે..

મારે ટપક સિંચાઈ પદ્ધતિની વાત કરવી છે. ઈઝરાયલ જેવો દેશ પાણીનું શું મહત્ત્વ છે એ સમજ્યો છે ત્યારે આપણે ત્યાં ગયા વરસે ટપક સિંચાઈ માટે ૧૨ કરોડ રૂપિયા સબસિડી આપતા હતા એમાં આ વરસે એક રૂપિયાની પણ સબસિડી આપવામાં આવી નથી. કયાં ખેડૂતોની એક બાજુ વાત રહી અને આપણે કહેતા હોઈએ કે આપણી સ્થિતિ શું છે? આ જે માહિતી આપું છું એ આટલી તારીખમાં કેટલી અરજી કયાં કયાં પેન્ડીંગ છે. ડિસેમ્બર-૨૦૦૧માં ૬,૯૮૯ ખેતીવાડીના જોડાણો પુનઃ ચાલુ કરવા માટે અરજીઓ આવી તેમાંથી ૫૧ ટકાથી વધારે અરજીઓ પેન્ડીંગ છે. અમારા ઉત્તર ગુજરાતની વાત કરું તો તત્કાલ યોજનામાં જે ૮,૯૮૧ અરજીઓ આવી તેમાં આજે પણ ૫,૭૫૮ અરજીઓનો નિકાલ થવાનો બાકી છે. ૭૦ ટકા તેમાં પણ આજની તારીખે બાકી રહ્યું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નરોત્તમભાઈ, એ આપને ઉશ્કેરે છે. આપ શાંત રહો. (અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : બિલકૂલ, હું તો શાંતિથી બેસું છું. મારો સમય બગડે છે. (અંતરાય) હું કાયમ સાંભળવા બેસું છું. માનનીય અધ્યક્ષશ્રી, વધારાની વાત તો એ લાગી કે ગુજરાત સરકાર એમ કહેતી હોય કે જી.ઈ.બી.એ નફો કર્યો. મારી પાસે ઘણા બધા મુદ્દા હતા. તે છોડીને હું આની ઉપર એટલા માટે આવ્યો કે એક બાજુ આટલી મોટી જાહેરાત થતી હોય કે જી.ઈ.બી. નફો કરે છે. આપણને આનંદ થાય. ગુજરાત સરકાર નફો કરે છે. અમે તેના સહભાગી છીએ, માત્ર ખોટા આંકડાઓ રજૂ કરીને જ્યારે કહેવામાં આવે ત્યારે તે દુ:ખદ છે. મેં જી.ઈ.બી.ની વેબસાઈટ ઉપરથી લીધેલા આંકડા છે. ૩૧-૩-૨૦૦૦ના રોજ ૮,૭૮૬ કરોડ રૂપિયા જે નુકસાન હતું એ ૩૧-૩-૨૦૦૩ના રોજ ૫,૪૨૭ કરોડ રૂપિયા નુકસાન હતું, છેલ્લા ચાર વર્ષમાં ૩,૬૪૦ કરોડ રૂપિયા નુકસાનમાં વધારો થયો હતો. મારે એ કહેવું છે કે સરકાર નફો કરવાની વાત કરતી હોય તો પણ સરકારે આમાં શું કર્યું એ જાણવું બહુ જરૂરી છે. જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ રાજય સરકારે ૩,૦૯૪ કરોડ રૂપિયા જી.ઈ.બી.ને આપવાની લોન પેટે વસૂલ કરવાના બાકી હતા એ રાજય સરકારે પોતે જવાબદારી સ્વીકારી એટલે તેમના એકાઉન્ટમાંથી નીકળી ગયા. એટલે એમ કહેવા માંડ્યા કે આ પૈસા, અમે નફો કરવાના છીએ. રાજય સરકારે જવાબદારી સ્વીકારી માટે આ વાત થાય છે. પછી કેન્દ્ર જાહેર સાહસની જી.ઈ.બી.ની રાજય

સરકારે આપેલી જે લોન હતી ૧,૬૨૮ કરોડ રૂપિયા વ્યાજ સહિતની જવાબદારી એ પણ રાજય સરકારે તા. ૧-૪-૨૦૦૫ના રોજ તે પણ સંભાળી લીધી છે. એટલે એમ લાગવા માંડ્યું કે આ ૫,૪૦૦ કરોડમાંથી આ બધા આંકડા કયાં ગયા? અને ત્રીજું, રાજય સરકારની લેણી નીકળતી રકમ ૬૨૩ કરોડ રૂપિયા ગુજરાત ઉર્જા વિભાગ રાજય સરકારની જે મૂડી તરીકેની તબદિલી કરીને બતાવી. માટે આ એમ કહેતા હોય કે નફો કરે છે. આ માત્ર કાગળ ઉપરની વાત છે. વાસ્તવિક રીતે આંકડા આમથી આમ ગયા છે. એટલે આજે પણ મને સમજાતું નથી કે કેવી રીતે આ વાત કરે છે? રાજય સરકારે બીજી બાકી રહેતી ૮૪૨ કરોડ રૂપિયા ઉપરનું વ્યાજ ૨૦૦૫-૦૬ એ ૨૦૧૦-૧૧ના સમયે મુલતવી રાખીને, ચોપડામાંથી મુલતવી રાખીને ૨૦૧૦-૧૧ પછી વસૂલ કરવાનું નક્કી કર્યું. એટલે હવે લાગવા માંડ્યું કે હવે પાંચ વર્ષ પછી આ વાત કરીશું. એટલે ઑટોમૅટીક ૮૪૨ કરોડ રૂપિયા પણ આ રીતે જતા રહ્યા. આમાં કુલ ૩,૦૯૪ કરોડ રૂપિયાની જવાબદારી રાજય સરકારે લીધી માટે જી.ઈ.બી. ખોટમાંથી બહાર આવીને નફાકારક યુનિટ બન્યું. વાસ્તવિક પોઝીશન આ છે. આ જે હવાલો હતો એ રાજય સરકારમાં પડ્યો માટે આપણે કહી શકતા હોઈએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સૂચન પણ કરવાં છે કે જી.એમ.ડી.સી. પાસેથી ૧,૭૦૦ કરોડ રૂપિયાનો પાનંધ્રો ખાતેનો વીજળી પ્રોજૅક્ટ ટૅક્નીકલ નિષ્ણાતોના અભાવે આજે પણ ચાલુ થઈ શકતો નથી. લોકોના ખેતીના હિત માટે એવા વિસ્તારમાંથી આવતા હોઈએ કે જ્યાં ૮૫ની મોટર ખેતીમાં વપરાતી હોય, અમે ઇચ્છીએ છીએ કે રાજય સરકાર એટલા બધા યુનિટો સ્થાપે. જેના કારણે વીજળી સસ્તી પડે, તેના કારણે આ જે બંધ પડ્યા છે. કોન્ટ્રાકટરના વિલંબના કારણે કરોડોની પેનલ્ટી આજે પણ સરકાર પાસે માગે છે અને આયાતી મશીનરી ગોદામમાં પડી રહી છે અને આજે પણ મશીનરી બગડી રહી છે. મારે એ કહેવું છે કે ઘણી વખત એવું થતું હોય છે.

**અધ્યક્ષશ્રી** : બલવંતસિંહ, પૂરું કરો પ્લીઝ. ૨૦ મિનિટ થઈ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, બસ બે મિનિટ. મારે એ કહેવું છે કે, રાજય સરકાર એક બાજુ જે લોન લે, ૧૫૦ મિલિયન યુ.એસ. ડોલર ગુજરાત પાવર સેકટર ડૅવલપમેન્ટ પ્રોજૅક્ટ માટે ૨૦૦૩ સુધીમાં હતું. ૨૦૦ મિલિયન યુ.એસ. ડોલર જીઈબીની કામગીરી સમયે ન કરતા ઘટાડીને ૧૧૦.૨૪ એટલે આ જે કરાઈ છે, રાજય સરકારની કામગીરી ન હોવાના કારણે આ પરિસ્થિતિ થઈ છે. અને છેલ્લે મારે એટલી વિનંતી કરવાની છે કે, ગુજરાત ભૂકંપ વિસ્તારની અંદર પુનઃવસવાટમાં આપણા ૫૦૦ મિલિયન ડોલર આવ્યા હતા એની કામગીરી એ રહી છે અને જ્યારે નંબર વનની વાત થતી હોય એટલે ત્યારે છેલ્લે સૌરભભાઈ સાહેબને કહીને જવું પડે કે, આજના ગુજરાતની સ્થિતિ શું છે? દેશના વીજ ક્ષેત્રમાં ગુજરાત અન્ય રાજયોમાં ક્રિસીલના રેટીંગ પ્રમાણે આપણો પાંચમો ક્રમ છે. ઊર્જા વિભાગની કામગીરીમાં આપણો ત્રીજો ક્રમ છે. સ્ટેટ ઈલૅક્ટ્રીસીટી કમિશનમાં ગુજરાતનો તેરમો નંબર છે. વીજ ઉત્પાદનમાં ગુજરાતનો સાતમો નંબર છે. ટી.એન્ડ ડી. લોસ માટે આપણો પાંચમો નંબર છે. સૌથી છેલ્લો નંબર પણ છે. જીઈબી. લોડ ફેકટરમાં ગુજરાતનો છેલ્લો નંબર છે. આ સ્થિતિ આજે ઊર્જા વિભાગની છે, આજે ગુજરાતની વાસ્તવિક પરિસ્થિતિ આ છે. માટે મારે સૌરભભાઈ સાહેબને કહેવું છે કે, આપ વિદ્વવાન છો, હોંશિયાર છો તો એમાંથી કાંઈક સુધારો કરીને લાવો તો અમે ચોક્કસ કહીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગના સાહેબ કૌશિકભાઈ છે એટલે વાત કરવી છે. કચ્છની અંદર આપે જ્યારે અછત જાહેર કરી છે ત્યારે આજની તારીખમાં કશું થયું નથી. ત્યાં આગળ ઘાસ આવે છે એ પણ એવી સ્થિતિનું છે. તો વહેલામાં વહેલી તકે ત્યાં સારી વ્યવસ્થા થાય એવી મારી વિનંતી છે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંકઃ ૧૨, ૧૩, ૭૬, ૭૮, ૭૯ લઈને ઊર્જા મંત્રીશ્રી અને મહેસૂલ મંત્રીશ્રી આવ્યા છે એને મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે બળવંતસિંહ વાત કરતા હતા અને ઊભા થયા ત્યારે મને આવી અપેક્ષા નહોતી કે આજે સમગ્ર ભારતની અંદર, સમગ્ર દેશની અંદર, સમગ્ર પ્રાંતની અંદર પછી એ મહારાષ્ટ્ર હોય, દિલ્હી હોય, રાજસ્થાન હોય, મધ્ય પ્રદેશ હોય કે અનેક પ્રદેશો હોય એમાં આ વર્ષને રાજયના મુખ્યમંત્રીશ્રીએ જ્યારે ટુરીઝમ વર્ષ તરીકે જાહેર કર્યું છે ત્યારે કૉન્ગ્રેસના અને ભાજપના ધારાસભ્યો સાથે અનેક પ્રાંતની અંદર અમે ગયા છીએ. સાહેબ, મારે રાજસ્થાનનો દાખલો આપવો છે. રાજસ્થાનનો દાખલો એટલા માટે આપવો છે કે એમાં ભાજપની સરકાર છે. હું એમ કહું છું કે, અમે ઉદેપુરથી જયપુર ગયા અને સવારના ૮ વાગ્યે સરકીટ હાઉસમાં પહોંચ્યા ત્યારે ત્યાંના મેનેજરે એમ કહ્યું કે ઠંડી આટલી છે પણ અહીં ૨ કલાક પછી પાવર આવશે. જયપુરની ૩૦ લાખની વસ્તી છે. મેં પછી મેનેજરને કહ્યું કે અમારે રાજય સરકારને રજૂઆત કરવા જવું છે. ત્યારે મેનેજરે એમ કહ્યું કે જ્યારથી આ ભાજપની સરકાર આવી છે ત્યારથી ૨ કલાક થયા છે નહીંતર તો ૬ કલાક હતા સાહેબ ૬ કલાક, કૉન્ગ્રેસની સરકારમાં ૬ કલાક હતા. હવે આટલો સુધારો થયો છે અને ૨ કલાક

થયા છે. મને એમ હતું કે બળવંતસિંહ આ રાજયના મુખ્યમંત્રીશ્રીને, આ રાજયના ઊર્જા મંત્રીશ્રીને, આ બોર્ડના ચેરમેન અને અધિકારીઓને બિરદાવશે એવી મારી અપેક્ષા હતી.

મારી અપેક્ષા એટલા માટે કહું છું કે, કે આજે આ રાજયની વીજળીની પરિસ્થિતિ છે, જો આ રાજયના મુખ્યમંત્રી, આ રાજયના ઉર્જા મંત્રી, બોર્ડના ચેરમેન અને બોર્ડના અધિકારીઓએ છેલ્લા ૩ વર્ષમાં જે કામગીરી કરી છે એ કામગીરી આ દેશ લેવલે કામગીરીની નોંધ માગી લે એવી કામગીરી છે અને ખરેખર હું તો એમ કહુ છું કે જયોતિ ગ્રામ યોજના એટલે ૧૮હજાર ગામડામાંથી ૧૬ હજાર ગામડામાં ૨૪ કલાક અને અમને જયપુર ગુજરાતી સમાજના હજારો લોકોએ પૂછયું કે જયંતીભાઈ સાચી વાત છે કે ગામડામાં ૨૪ કલાક? મેં કહ્યું કે તમે આવો અને જોઈ જાવ, આજ ગુજરાતની અંદર ગામડામાં ૨૪કલાક લાઈટ મળે છે અને જેના કારણે આ રાજયમાં જે ફાયદો થયો છે એ ફાયદાની કોઈ કલ્પના કરી શકે એમ નથી. એનો કોઈ હિસાબ કરી શકે એમ નથી. જ્યોતિ ગ્રામ યોજનામાંથી જે ફાયદો થયો છે એ ફાયદાને આ રાજય, આ દેશ મૂલવી શકે તેમ નથી એવો ફાયદો આજે આપણને થયો છે. હું એમ કહું છું કે નાના નાના ગામડામાં આજે ઉદ્યોગો ચાલુ થયા છે. આજે નાના નાના હીરાના કારખાના ગામડામાં ચાલુ થયા છે. આજે ઉદ્યોગોને અનેક એસ્ટીમેટો ભરીને જો કાયદેસર ઉદ્યોગ ચલાવવા હોય, નાના ઉદ્યોગો હોય એ એસ્ટીમેટ ભરી શકે એમ નહોતા. આજે એને એમાંથી રાહત આપીને આજે આ ઉદ્યોગોને એટલો બધો ફાયદો થયો છે જેની આપણી કલ્પના બહારની વાત છે. જ્યારે ખેડૂતની વાત કરતા હતા હમણાં જ તા:૧-૧૦-૬ના રોજ સ્વૈચ્છિક લોડ વધારાની યોજના જાહેર કરવામાં આવી. આ રાજયમાં જેમાં મારા જિલ્લામાંથી, મારો જિલ્લો એવો છે કે ૯૦ ટકા એગ્રીકલ્ચર લોડ છે, ઉદ્યોગો નથી ત્યાં તમામ ખેડૂતોના કનેકશનો છે અને આ યોજના નીચે ૬ કરોડ રૂપિયા આ મહિનામાં ખેડૂતોએ ભર્યા અને જ્યારે ખેડૂતોએ મને રજૂઆત કરી કે જયંતીભાઈ, આમાં સમયમર્યાદા વધારી દો, અમારે વેચાણ આવે તો ૧૫ દિવસ પછી પૈસા ભરવા છે. મેં રાજયના ઉર્જા મંત્રીશ્રીને ફોન કર્યો કે સાહેબ આમાં હજી ખેડૂતોને મહિનો લંબાવી દો. એ જ મિનિટે આ યોજનાની સમયમર્યાદા લંબાવી દેવામાં આવી. ૧૦૦કરોડનું ભરણું આવ્યું એની સામે ખેડૂતોને ૩ કરોડનો ફાયદો થયો છે. આ જે લોડ વધારો લેવો હોય, ૧૫ દિવસનો વધારો માગવો હોય તો ૨૫હજાર રૂપિયા, ૩૦હજાર એસ્ટીમેટ આવે, આ તો સ્વૈચ્છિક લોડ વધારો તમારે એસ્ટીમેંટ કંઈ નહીં. એક વર્ષનું બિલ એમનેમ ભરી દો, તો હું તો એમ કહુ છું કે આ ખેડૂતોની વાત કરનારા લોકો અને આપણે ભૂતકાળની અંદર આ રાજયો કે અનેક રાજયોમાં ખેડૂતો અને સરકારના સંઘર્ષો જોયા છે. ખેડૂતો ઉપર સરકારે ગોળીબાર કરેલા જોયા છે એ વખતે, આજે અનેક વખત આવી ઘટનાઓ બની છે પણ આ રાજયમાં મારો તાલુકો ૯૦ ટકા એગ્રીકલ્ચર લોડ છે, હું એમાંથી ખરેખર આંદોલન હોય, ખેડૂતોની રજૂઆત હોય પણ મારે એ જ કહેવું છે કે એ ફકત સામાન્ય આંદોલન નથી. આજે આ પરિસ્થિતિ છે અને બળવંતસિંહભાઈ એમ કહે છે કે ગયા વર્ષે ૨૦૦૪-૦૫માં આ રાજયમાં બોર્ડના ૫૧ સબસ્ટેશન આપવામાં આવ્યા અને આ વર્ષનું આયોજન ૫૧નું છે. એમાંથી મારા તાલુકામાં, મારા વિસ્તારમાં જાન્યુઆરી ૧૦માં ત્રણ ૬૬ કે.વી. બન્યા , એક ૨૨૦ કે.વી.. આજે ઘણા બધા ક્ષેત્રે સુરેન્દ્રનગર જિલ્લામાં.....

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી ૫-૦૦ વાગે મળશે. આપનું પ્રવચન ચાલુ છે.

**વિરામ ૪-૩૦ થી ૫-૦૦**

**સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરૂ અધ્યક્ષ સ્થાને**

**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (ક્રમશ:)**: માનનીય અધ્યક્ષશ્રી, મને અમુક સાથી સભ્યો એમ કહે છે કે સાચુ બોલજો. હું કહું છું કે કોઈપણ બાબતમાં ચેલેન્જ કરજો. મારે કહેવું છે કે આજથી ચાર વર્ષ પહેલા કોઈપણ ખેડૂતનું ટ્રાન્સફોર્મર બળી ગયું હોય તેને ત્રણ મહિના સુધી આ ટ્રાન્સફોર્મર મળતું ન હતું. આ ગૃહના સભ્યોએ આ વાત સ્વીકારવા જેવી છે. ત્રણ મહિના સુધી ટ્રાન્સફોર્મર મળતું નહિ. સુરેન્દ્રનગર જિલ્લામાં ભાડે ટ્રાન્સફોર્મરો દેવા માટે અનેક એજન્સીઓ કામ કરતી હતી. ૧૫૦નું ટ્રાન્સફોર્મર રોજના ૫૦૦ રૂપિયાના ભાડા લેખે આપતા. આ બળી ગયેલું ટ્રાન્સફોર્મર આજે ૪૮ કલાકમાં બદલવામાં આવે છે. આ સત્ય ઘટના છે. હું કહું છું કે ગોવાભાઈ હાજર નથી પણ મારે ગોવાભાઈને કહેવું છે કે ચાર વર્ષ પહેલા ૬૬ કે.વી.માંથી નીકળતા ફીડરો ૩૦૦ની કેપેસિટી હોય તો ૩૫૦ અને ૪૦૦ની કેપેસિટી હોય તો ૪૫૦નો લોડ લે. આજે ગુજરાતમાં એક પણ ફીડર ૪૦૦નો લોડ લેતા હોય તો એક પણ ધારાસભ્ય બતાવી દે તો મારી ચેલેન્જ છે. આટલી શાંતિ ક્યારેય હતી? ખેડૂત મોટર ચાલુ કરે અને નાકું વાળવા જાય ત્યાં ટ્રીપીંગ આવી જાય, લાઈટ જતી રહે અને મોટર બંધ થઈ જાય. આ ઘટના બધા સ્વીકારીએ છીએ. આ આપણી નગરપાલિકા વિસ્તારમાં કે બીજા વિસ્તારમાં કોઈ પોલ ટ્રાફિકને નડતો હોય એને બદલવા માટે પહેલા બોર્ડમાં કાયદેસર એસ્ટિમેટ આપતા હતા અને આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને ઊર્જા મંત્રીશ્રીને ધન્યવાદ આપવા છે કે નગરપાલિકા વિસ્તારમાંથી એક પરિપત્ર કરવામાં આવ્યો કે કોઈ પણ જગ્યાએ પોલ નડતો હોય તો કોઈ એસ્ટિમેટ વગર એ જ ઘડીએ બદલવાનો. આવા મારા વિસ્તારમાં, મારા નગરમાં ૧૫૦ થી ૨૦૦ થાંભલા બદલવામાં આવ્યા છે. ભલે કામ ગમે તેટલું હોય પણ આ વિચાર અને આ મુશ્કેલીની બાબત છે. આજે આ બોર્ડ બધા જાણે છે કે કેટલી ખોટ

કરતું હતું? ૧૯૯૭માં તમે પાવર શું ભાવે ખરીદતા હતા? ૧૯૯૭માં જ્યારે રા.જ.પા.ની આપના ટેકાથી સરકાર ચાલતી હતી એમાં તમે પાવર શું ભાવેથી ખરીદતા હતા? આજે વિચાર કરો, બળવંતસિંહ એવું કહે છે કે આટલા ભાવથી પાવર ખરીદે છે. આજે મારે ખરેખર ધન્યવાદ દેવા છે જી.ઈ.બી.ને મુખ્યમંત્રી અને ઊર્જા મંત્રીને કે જો આ પરિસ્થિતિ રાજ્યમાં નિર્માણ થઈ ન હોત તો પદાધિકારીઓ કે કોઈ માણસ ગામડામાં જઈ શકતો ન હોત. સમગ્ર દેશમાં જી.ઈ.બી.ની બાબતમા ગુજરાત મૉડલ સ્ટેટ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મહેસૂલ વિભાગ બાબતે વાત કરવાની છે. મહેસૂલ વિભાગમાં સુરેન્દ્રનગર જિલ્લામાં એક એવી ઘટના છે કે લીંબડી તાલુકાના રળોલ ગામમાં એક જ દિવસે ૪૫૧ લોકોને સાંથણીમાં જમીન આપવાની ઘટના ગુજરાતની સૌથી પ્રથમ ઘટના હશે. એમાંથી ૧૧૯ લોકો માજી સૈનિક છે. આ ચિંતા કરવા વાળા લોકોને કહું છું. અનુસૂચિત જાતિના ૨૨૩ લોકો છે. બક્ષીપંચના ૯૨ અને અનુસૂચિત જનજાતિના ૭ લોકો છે. એનાથી આગળ કહું તો મારા જિલ્લામાં ૪૫૭૫ એકર જમીન આજે સાંથણી માટે અરજી લેવાઈ ગઈ છે. એની સમયમર્યાદા પૂરી થઈ ગઈ. આ સાડાપાંચ એકર જમીન આજે પણ લશ્કરના સૈનિકોની માગણી છે અને આજે આપણે એને આપવાના છીએ. આજે કલેકટરે પ્રોસીજર પૂરી કરી દીધી છે. મહેસૂલ વિભાગમાં આ ઘ ટના જ્યારે મેં કહી લીંબડીના રળોલની એનાથી પણ વિશેષ ઘટના સાડાપાંચ એકર જમીન આજે બક્ષીપંચના હોય, સૈનિક હોય જમીન લેવામાં વલખાં મારતો હોય અને એને આજે આપણે આપીશું તો આજે મારે આપ બધાની સમક્ષ મૂકવી છે. મારે એક જૂની ઘટના યાદ કરાવવી છે. ભારત સરકારે તા.૩૧-૧૨-૧૯૮૯નાં રોજ ખેડૂતોના દેણા તગાવી માફ કર્યા હતા, ત્યારે સમગ્ર ગુજરાતની અંદર બધા તાલુકાને માફી આપવામાં આવી છે. ચોટીલા તાલુકો એક એવો હતો કે ૮૦૨૧ ખેડૂતો જેને આ લાભ નહોતો આપવામાં આવ્યો, એ ખેડૂતોએ મને રજૂઆત કરી, મેં રાજ્યના મુખ્યમંત્રીને એમ કહ્યું કે આ લોકોનો ૧૫ વર્ષનો પ્રશ્ન છે અને આજે બોજા મુકત એન્ટ્રી નથી પડતી, દસ્તાવેજ નથી થતા. રાજ્યના મુખ્યમંત્રીએ કલેકટરશ્રીને આદેશ આપ્યો, મહેસૂલ મંત્રીએ આદેશ આપ્યો ૧,૩૩,૫૨,૦૫૮/- રૂપિયા કલેકટરના આદેશથી તા.૫-૯-૨૦૦૫ ચૂકવવામાં આવ્યાં. સાહેબ, આ એક બાબત નાની હોય, પણ જે પ્રશ્ન છે એ પતાવવા માટે ખેડૂત અને ત્યાંના ખાતેદારને અતિ મુશ્કેલી હતી અને જેના કારણે આ પ્રશ્ન આપણે પૂરો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે થોડા દિવસ પહેલા મારો પ્રશ્ન હતો. સમગ્ર ગુજરાતમાં સુરેન્દ્રનગર જિલ્લો એકજ એવો છે જેના ૧૯૯૭ કેસ ડૂબ જમીન તરીકે ઓળખાતા સરકારશ્રી ખાતે ચાલતા સરવે નંબરો છે અને આ સરવે નંબરો માટે છેલ્લા ૩-૪ વર્ષથી હું લડતો હતો. મેં એક વર્ષ પહેલા મહેસૂલ મંત્રી અને મુખ્યમંત્રીને ધ્યાન દોરી કહ્યું કે સાહેબ, આમાં પરિસ્થિતિ એ છે કે આજે એક બાપને બે દીકરા હોય, ૫૦ વીઘા જમીન હોય તો બંનેને ૨૫-૨૫ મળે, એકનો સરવે નંબર ખાતે હોય અને એક સરવે નંબર સરકારશ્રી છે. હવે એના પર એને વીજળી કનેકશન ના મળે, લોન ના મળે, એના પર મળતી કોઈપણ સહાય એને ના મળે. રાજ્યના મુખ્યમંત્રી અને મહેસૂલ મંત્રીએ કલેકટરને બોલાવીને જિલ્લાના હોદ્દેદારો સાથે મિટિંગ કરી અને સ્પષ્ટપણે નિર્ણય લીધો છે અને આ નિર્ણય પૂરો કર્યો. ૧૯૯૭ ખાતેદારો આજે એની જમીન છે છતાં એના માટે આજે બજેટમાં એનું અલગ સેટઅપ મંજૂર કરવામાં આવ્યું, એ અલગ સેટઅપ એટલા માટે કર્યુ કે રાજ્યના મુખ્યમંત્રીને મેં રજૂઆત કરી જો તમે ૩૭/૨માં કેસ ચલાવો તો આ ખેડૂતો વકીલ અને ગાંધીનગર આવીને હેરાન થઈ જશે. વકીલને ફી દઈને થાકી જશે. રેકર્ડ ઓફ રાઈટ ચલાવવાનું હું એમ નથી કહેતો પણ ૩૭/૨ કેસને પણ મારાં જિલ્લામાં ચલાવો. આ રાજ્યના મુખ્યમંત્રીએ મળતા ખેડૂતોની વેદના સમજી અને જિલ્લા મથકે અલગ સેટઅપ મંજૂર કરી ટૂંક સમયમાં મંત્રીશ્રીએ કહ્યું છે કે આ સેટઅપની નિમણૂક પણ થઈ જશે. આ પરિસ્થિતિ વચે આવા પ્રશ્ન માટે આજે હું એમ કહ્યું છું કે ૧૯૯૭ જે પરિવારો છે એ પરિવારો મુશ્કેલીમાંથી બહાર નીકળશે.(અંતરાય) લો ખુશીના સમાચાર, નિમણૂક થઈ ગઈ. અમુક બાબતો એવી છે મહેસૂલ વિભાગમાં બોર્ડ, કોરપોરેશનને જમીન જોઈતી હોય તો એને પેમેન્ટ ભરે પછી. એ જમીનો આપતા હતા, ૬૬ કે.વી., કરવામાં કે ૨૨૦ કે.વી. કરવામાં બહું મુશ્કેલી પડતી, બાર-બાર મહિના સુધી આ જમીનોનો નિકાલ ન થાય, આ બાબત રાજય સરકારના ધ્યાને મૂકવામાં આવી, સ્પષ્ટપણે પરિપત્ર કરવામાં આવ્યો કે, કોઈપણ બોર્ડ-નિગમને જમીન જોઈતી હોય, ખાલી એ લોકો લખીને આપે એટલે આપી દો. જેમાં ૬૬ કે.વી.માં ભૂમિ પૂજન કરવામાં સરળતા આવી છે એ આ સરળતા આવી હોય અને જમીન મળી જતી હોય તો આ પરિપત્ર આધારે મળે છે. આજે હું એમ કહું છું કે, નાનામાં નાની બાબત હોય, રાહતની કામગીરી હોય, મહેસૂલ વિભાગ એવો છે કે, આ રાજયનું હદય છે અને હદયને ધબકતું રાખવું પડે છે, એમાં ભૂકંપ હોય, પુર હોય, વાવાઝોડું હોય કે રાજયની અન્ય આફતો હોય અને એ આફતોમાં આપણે હમણાં જ ઘટના જોઈ છે ખેડાની. કોઈપણ જગ્યાએ આફત આવે, આ રાજયના મુખ્ય મંત્રીશ્રી એ જિલ્લા ઉપર મંત્રીશ્રીના કૅમ્પ રાખે છે, અમારા ધારાસભ્યો, સંસદસભ્યો વચ્ચે ફરતા હોય છે. એક જ દિવસ મુંબઈમાં આ વખતે પુર આવ્યું, રાજયના મુખ્ય મંત્રી, રાજયના મંત્રી કે રાજયના ધારાસભ્ય ત્યાં પ્રજાની વચ્ચે નથી જઈ શક્યા, આ ઘટના છે. એ આજે અહીંયા જોઈ લેવાય છે કે, આજે ગુજરાતમાં ભા.જ.પ.નો કોઈપણ કાર્યકર્તા હોય, ધારાસભ્ય હોય કે મંત્રી હોય કે મુખ્ય મંત્રીશ્રી હોય

એ એ પ્રજાની વચ્ચે જઈને નિકાલ કરવા માટે બેસી શકે છે. આજે મુંબઈમાં આંદોલન થયું હતું, ગોવિંદાને વસ્તીમાં જવા દેતા નહતા આ પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. જયારે કેન્દ્રમાં સરકાર બદલાઈ, અહીંયા ધારાસભ્યોથી લઈને તાલુકા મથકના કાર્યકર્તા સુધી અમને બધા એમ કહે કે બસ હવે તમે થોડા દિવસ જ છો, હવે ભા.જ.પ.ની સરકાર જાય છે, યુ.પી.એ.ની સરકાર અમારી દિલ્હીમાં આવી ગઈ, તમને અમે આમ કરી નાખીશું તેમ કરી નાખીશું. આજે હું પડકાર ફેંકું છું કે, જે કરવું હોય એ તમે કરી લો. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, મહાનગરપાલિકાઓના પરિણામો તમે જોયેલા છે

**સભાપતિશ્રી** : ડૉ.ચંદ્રિકાબેન.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે બહુ જ મહત્ત્વના વિભાગો મહેસૂલ અને ઊર્જા વિભાગ, બંને વિભાગોની માગણીઓ લઈ માનનીય મંત્રીશ્રીઓ આ ગૃહમાં આવ્યા છે, સ્વાભાવિક અને આનંદની વાત કે, આ બંને વિભાગો ૧૯૯૨ થી ૧૯૯૫, આજ ટ્રેઝરી બૅન્ચ ઉપર બેસી રેવન્યુ અને ઊર્જા ચલાવવા અથવા તો એનો વહીવટ કરવાનો પ્રજાના આદેશથી એ લાભ મને મળ્યો હતો અને એટલે જ મારે કહેવું છે કે, ઊર્જા વિભાગ માટે ખૂબ વાતો જી.ઈ.બી. બોર્ડ, એ વખતના ચેર પરસન શ્રી બ્રહમકુમાર ભટ્ટ અને અત્યારના સેક્રેટરી ફાયનાન્સ મંજુલાબેન એ એમ.ડી. હતાં. એ જીઈબીમાં માનનીય મારા ભાઈ એ કહેતા હતા કે, ૬૬ કે.વી., ૧૨૦ કે.વી., ૨૨૦ કે.વી. અને ૪૦૦ કે.વી. પણ જેન્તીભાઈ, પંચવર્ષીય યોજનાઓ હોય છે અને પંચવર્ષીય યોજના નિયમબદ્ધ થતી હોય છે. આજે પાવરમાં પ્રોજૅક્ટ એનું ઉત્પાદન, આમાં બધું સારું, વીજળી સસ્તી-મોંઘી, રાજપાના રાજમાં તમે આમ કર્યુ, તેમ કર્યુ આ બધી વાતો થઈ છે અને એનો જવાબ સૌરભભાઈ આપશે પણ અમારા બળવંતભાઈએ જે વાત કરી છે એનો તમે જવાબ સાચો આપજો.

મારે બે-ત્રણ વાતો કરવી છે જ્યોતિ ગ્રામ યોજના જે કરી એમાં ગામડામાં રહેતા લોકોને જ્યોતિ ગ્રામ યોજનામાં લાભ મળ્યો હશે અને એ વાત સ્વીકાર્ય કે, જ્યોતિ ગ્રામથી લોકોને લાભ મળ્યો પણ મારે એ વાત કરવી છે કે, સૌરાષ્ટ્રનો આખો પટ્ટીવાળો વિસ્તાર, વસ્તી વાડી વિસ્તારમાં રહેતી હોય, ગામમાં માત્ર ૨૫-૩૦ જ ઘરો હોય, પાંત્રીસમું ઘર જ ન હોય ત્યારે માનનીય મંત્રીશ્રીએ સીંગલ ફેઈઝ આપવાનું એમને વચન આપ્યું હતું. અત્યારે સીંગલ ફેસ આપવામાં આવે છે પણ ખેડૂતો ચોરી કરશે, ખેડૂત લંગર નાખશે આવી પ્રક્રિયાને કારણે ૧૦ની મોટર હોય એ પાવર કે લોડ ઉપાડી શકતી નથી. આજે મારે વાત કરવી છે. એ સ્પષ્ટતા કરવી છે કે અમારા વાડી વિસ્તારમાં પંખો નથી ચાલતો, લાઈટ ચાલતી નથી, બહેનોને સવારમાં છાશ બનાવવી હોય ત્યારે છાશનાં મશીન નથી ચાલતા. ટેકનીકલ રીતે આપને જે પ્રક્રિયા કરવી હોય એ કરો, પરંતુ ગામમાં ૨૪ કલાક વીજળી મળે એનો જેટલો આનંદ હોય એના જેટલો જ આનંદ ખારા પટમાં ખારા વિસ્તારમાં અમારા ખેડૂતો વાડીમાં રહે છે એ વાડીના દર્દની વેદના છે. એનો પણ આપ ઉકેલ કરો. તત્કાળ કનેકશન જયંતિભાઈએ હમણાં કહ્યું, મારે કહેવું છે કે ડાર્ક ઝોનમાં પ્રાયોરીટીમાં ૧૯૯૧-૯૨ની સાલ ચાલે છે. તત્કાળ કનેકશન જયોતિ ગ્રામ યોજનાનું ચાલતુ હતું એને કારણે અપાયા નથી મારી વાત એ છે કે તત્કાળ કનેકશન બાકી છે એને તાત્કાલિક આપો. ડાર્ક ઝોનમાં ઈરીગેશન મંત્રી કહે છે કે લીલાલહેર છે. પાણી પાણી છે. તો ડાર્ક ઝોન ઉઠાવી લેવાની પ્રક્રિયા કરો. આ મહત્વની વાત છે. આઈ.કે.જાડેજા બેઠા નથી.

ઉદ્યોગોનો કરોડો રૂપિયાનો સેલટેકસ માફ કરીએ છીએ. ઉદ્યોગોના જી.ઈ.બી.ના બીલો બાકી રાખીએ. કરોડો રૂપિયા જી.ઈ.બી.ની વીજળી ખરીદવામાં આપણે વાપરતા હોઈએ. કોલ આવે છે કોલમાં પણ આઘુપાછુ ચાલતુ હોય તો વાંધો નથી પણ મારી વિનંતી છે કે પંચાયત, નગરપાલિકા અને જે નગરપાલિકામાં કોઈ ઉદ્યોગ નથી, બક્ષીપંચના તાલુકા છે અને જે નગરપાલિકાની સ્થિતિ કઠિન છે, કોઈ હિસાબે પૈસા ભરી શકે તેમ નથી, એગ્રીમેન્ટ કર્યો છે, એગ્રીમેન્ટ કર્યા પછી આવી ક્રીટીકલ પોઝીશનમાં સ્ટ્રીટ લાઈટ કપાઈ જાય, પાણીના કનેકશન કાપી નાખવામાં આવે એ માનવતા નથી. પૈસા લેવા જરૂરી છે પણ જેની પાસે કાંઈ નથી. ઉદ્યોગગૃહો કોર્ટમાં જાય, સુપ્રીમ કોર્ટમાં જાય અને પૈસા ભરતા નથી તો નગરપાલિકા કે પંચાયતનો શું વાંક? મારી વિનંતી છે મંત્રીશ્રી માનવતાના ધોરણે ભરી શકે એટલી મર્યાદામાં મિટિંગ કરો. આઈ.કે.જાડેજાસાહેબ શહેરી વિકાસ સાથે મિટિંગ કરો અને એની સ્થિતિ પ્રમાણે હપતા નકકી કરો. હપ્તા ભરશે કાંઈ ભાગી જવાના નથી. નગરપાલિકા ગુજરાતનો ભાગ છે એ પણ એક સંસ્થા છે. આવા કનેકશન જો તાત્કાલિક કાપી નાખવામાં આવ્યા હોય તો મારી વિનંતી છે કે તાત્કાલીક ચાલુ કરો. પાવર માટે બહુ વાત થઈ છે એટલે હું પાવરમાં નહીં બોલું.

મહેસૂલ વિભાગ હૃદય છે. બહુ સાચી વાત કરી કે મુખ્યમંત્રીશ્રી હોય તો પણ એમને કોઈપણ કાર્ય માટે મહેસૂલ વિભાગ પાસે આવવું પડે. મહેસૂલ વિભાગ બધા જ વિભાગનો રાજા છે. મહેસૂલ વિભાગના કર્મચારીઓને હૃદયપૂર્વક અભિનંદન આપું છું. એ કર્મચારીઓ રાત દિવસ જોયા વગર વાવાઝોડું, અછત કે કોઈપણ પરિસ્થિતિ હોય ત્યારે એમ નથી કહેતા કે ૬ કે ૮ વાગે અમારે ઘરે જવું છે. રાત દિવસ કામ કરે છે મારે કહેવું છે માગણી ૭૮ હેઠળ જિલ્લા વહીવટી સેવા અને જમીન દફતરના કોમ્પ્યુટરાઈઝેશન માટે ૧૪ લાખની જોગવાઈ લઈને આવ્યા છે. કોમ્પ્યુટરાઈઝેશનની વાત કરી. ૨૧ મી સદીમાં ગામડે ગામડે કોમ્પ્યુટરાઈઝેશન થયું છે. ગામડામાં જઈએ સાત-બારનો ઉતારો, ૮-અનો દાખલો મળે, ઘણી બધી વાત કરી.

ગામડાંમાં આવો. સૌરભભાઈ, કોમ્પ્યુટરનો રૂમ કેવો હોવો જોઈએ. કોમ્પ્યુટર કેવા રૂમમાં રહે? કોમ્પ્યુટર ધુળ ખાય છે ત્યારે મારે વિનંતી કરવી છે કે કોમ્પ્યુટર આપો તો સાથે એના રૂમની વ્યવસ્થા કરો. તબેલો બાંધીશું અને ઘોડો માંદો પડી જશે તો તબેલો કામમાં નહીં આવે અને ઘોડો પણ કાંઈ કામનો નહીં રહે. આટલી બધી કોમ્પ્યુટરની સગવડ, આટલા અધિકારીઓ છતાંપણ મહેમદાવાદ હાઈવે ઉપર કરોડો રૂપિયાની જમીનના બનાવટી દસ્તાવેજો થયા અને આ ફરિયાદ જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં નોંધાઈ એનાથી આગળ વધીને ઓ.એ.સી. નામની કલબે કર્યું. મારે મંત્રીશ્રીને પૂછવું છે કે સરકારે આ વાતનું શું કર્યું? આ સરકાર આ કરોડો રૂપિયાના ખોટા દસ્તાવેજ કરનાર સામે શું પગલાં લેવા માગે છે? શું પગલાં લેવામાં આવ્યાં અને જે પગલાં લો, એમાં સંપૂર્ણ ટેકો આપવાની અમારી તૈયારી છે. ફળદ્રુપ જમીન ખેડૂતોની પોતાની એક મા કરતા વિશેષ છે. ધરતી આપણા માટે બીજું હોય, પણ ખેડૂત માટે તો એક મા છે, ત્યારે મારે વિનંતી કરવી છે કે જેનું જીવન ખેતી છે, એમાં ૯૦૦ વીઘા ફળદ્રુપ જમીન ખાનગી કંપનીઓને આપવાનો નિર્ણય આપણે શુકામ કર્યો છે. ૬૦૦ વીઘા જમીન સનાથલ ગામની હતી, ફળદ્રુપ હતી કે જ્યાં ઊપજ થાય છે, ખેતી થાય છે. ખેડૂતો રાત-દિવસ એક કરીને ખેતીથી પોતાનું જીવન-નિર્વાહ ચલાવે છે. આ જમીન ખાનગી કંપનીને આપવાનું શું કારણ હતું? મારે કહેવું છે કે મહેસૂલ વિભાગના ઉપસચિવે ધારાની કલમ-૪ હેઠળ પ્રાથમિક જાહેરનામું પણ બહાર પાડ્યું છે. અમદાવાદ ખાતે બાયોફાર્મા હાઈટેક પાર્ક સ્થાપવા માટે સિટી તાલુકા અને સરખેજ અને ૩ તાલુકાની જે જમીનો ફાળવી છે. ખરાબો પડ્યો હોય, બીજી જમીન આપો, ખેડૂતોની ફળદ્રુપ જમીન મહેરબાની કરીને ન આપો તેટલી વિનંતી છે. ખેડૂતોની જમીન છીનવી છે, એમાં માનનીય મંત્રીશ્રી શું કરવા માગે છે, એ પણ કહે. સમસ્ત ગુજરાતનો રેવન્યુ વિભાગ બધાં જ કામ મુક્ત કરે. દબાણની વાત કરવાની છે. એક જ વાત કરીશ. બે-ત્રણ મિનિટમાં પૂરી કરીશ. સ્વ. હરેનભાઈને અહીના રેવન્યુ મંત્રીશ્રી તરીકે આપણે સૌએ યાદ કરવા પડે, જેઓ આપણી વચ્ચે નથી. સારું કામ કર્યુ છે. યાદ ન કરીએ તો નગુણા કહેવાઈએ. હરેનભાઈએ ઝૂંબેશ ઉપાડી હતી. દબાણ દૂર કરો. સમગ્ર ગુજરાતમાં સમગ્ર કલેક્ટર ઓફિસ, વહીવટી ઑફિસ દબાણ દૂર કરવાની પ્રક્રિયામાં લાગી ગઈ હતી. દબાણ દૂર થયું, કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો. બુલડોઝરના પૈસા આપ્યા, બીજા આપ્યા, વહીવટી ઑફિસ બંધ રહી. માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે ખુલ્લી જમીન તે દિવસે કેટલી થઈ? ખુલ્લા સ્થળે જમીન આજે આપણી પાસે કેટલી છે અને જે દબાણ દૂર કર્યા, દરેક જિલ્લાના કલેક્ટર પાસે માહિતી માગો અને કેટલા દબાણમાં ફરીથી કેટલા દબાણ થયા અને આ દબાણ કરનાર બે નંબરના માણસો છે. કેટલાકના ઝૂંપડા તૂટ્યા, કેબિનો તૂટી, એ બીચારા રસ્તા ઉપર આવી ગયા. બે નંબરવાળાઓએ દબાણ કરી લીધા છે, ત્યારે એના ઉપર પી.બી.એમ. કરો અને દબાણ દૂર કરવામાં મદદ કરો.

**શ્રીમતી રમીલાબેન બ. બારા (ખેડબ્રહ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એ માગણીને હું સમર્થન આપું છું અને મહેસૂલ વિભાગ પરત્વે મારા વિચાર રજૂ કરું છું.

મહેસૂલ વિભાગ એક વિશાળ ફલક ઉપર જનકલ્યાણ લક્ષી, ખેડૂત લક્ષી, વિકાસ લક્ષી અને હકારાત્મક અભિગમ દાખવીને કામ કરતું એક વિભાગ છે. આ વિભાગ પ્રજાકીય અને પ્રજાકીય સુખાકારી કામગીરી સમય-મર્યાદામાં થાય, એ માટે નાગરિક અધિકાર પત્ર અંતર્ગત તાલુકાનાં સૅન્ટર ઉપર સિવિક સૅન્ટર, નાગરિક સુવિધા કેન્દ્ર ઊભાં કરવામાં આવ્યાં છે અને આ કેન્દ્ર અંતર્ગત રોજિંદી જરૂરિયાતની ૧૦ જેટલી બાબતો માટે વન-ડે ગવર્નન્સની સેવાની કામગીરી આ કેન્દ્ર ઉપરથી થઈ રહી છે. રોજબરોજની સિવિક સૅન્ટર ઉપરથી મળતા આવકના દાખલા હોય, જાતિના દાખલા હોય, સોગંદનામું હોય, એટેસ્ટેશન હોય, ડોમીસાઈલનો દાખલો હોય, સ્ટૅમ્પ વેન્ડરનો કે પરવાના રિન્યુઅલ જેવી બાબતોનો સમાવેશ આ કેન્દ્ર ઉપરથી આપણને મળી શકે છે, એટલું જ નહિ પ્રજાભિમૂખ કાર્યવાહી થાય, એ માટે રાજ્યના જિલ્લા સ્તરના ૭૩૦ અધિકારીઓને ઈ-ધારા તાલીમ આપવામાં આવી અને એમાં ઈ-ધારા તાલીમ આપવાના કારણે આજે તાલુકા કક્ષાથી મામલતદાર કચેરીમાંથી આપણને પ્રમાણિત નકલો અને ખેડૂતોની સાચી માહિતી આપણને પ્રાપ્ત થઈ રહી છે, એટલું જ નહિ આજે પ્રાંત અધિકારી, મામલતદાર અધિકારીનું રિફ્રેશર કોર્સનું આયોજન કરવામાં આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, તેના કારણે આજે તાલુકા કચેરીમાં બેઠેલો દરેક કર્મચારી અધિકારી સાચા અર્થમાં કર્મયોગી બની પ્રજાની કામગીરી કરી રહ્યો છે. હમણાં માનનીય ચંદ્રિકાબેન કહેતા હતા કે ખોટા દસ્તાવેજો થઈ રહ્યા છે. મારે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવાં છે કે ૧-૩-૨૦૦૫થી પક્ષકારો દ્વારા જે દસ્તાવેજોની નોંધણી કરવામાં આવે છે તે દસ્તાવેજો કે જેમાં સ્થાવર મિલકત વેચનાર અને ખરીદનાર બંને પક્ષકારોના પાસપોર્ટ સાઈઝના ફોટા ચોંટાડવામાં આવે છે. ફીંગર પ્રિન્ટ લેવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે, ત્યારે તેમાં જે બેનામી વ્યવહારો થતા હતા, ગોટાળા થતા હતા અને ગેરરીતિઓ થતી હતી તે અટકાવી શકાઈ છે. એટલું જ નહીં આ થવાને કારણે આજે જે નોંધણી થતી હતી તેમાં ૧૮ ટકા જેટલો વધારો થયો છે. એટલું જ નહીં સ્થાવર મિલકતની તબદીલીમાં ઉત્તરોત્તર વધારો થયો છે તે બદલ હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપણો જે ટુકડાધારો આવ્યો છે તેના કારણે શું થું કે જમીનના દિવસે દિવસે ટુકડા

થતા ગયા. તેના બટવારાને કારણે જમીનના ટુકડા ન કરી શકે, ખેડૂત પ્રમાણપત્ર ન મેળવી શકે પણ રાજય સરકારે તેવો અભિગમ દાખવ્યો કે કોઈ પોતાને મળતી મિલકતમાંથી તે જતી કરે, કોઈ ભાગ ન માગે તો તેવા ખેડૂતનું પ્રમાણપત્ર મળી શકે તેવો અભિગમ દાખવેલ છે. બીજું સાહેબ આ રાજય સરકારે હાલમાં નવી શરતની જમીનમાંથી જૂની શરતમાં ફેરવવા માટે અગાઉ આપણે ત્યાં કે નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા માટે પહેલાં અનેક મુશ્કેલીઓ પડતી હતી. પરંતુ રાજય સરકારે ૧૯-૧૦-૨૦૦૦ના ઠરાવથી એવું નક્કી કર્યુ છે કે નવી શરતની જમીનો ખેતીના હેતુ માટે સામે ચાલીને જૂની શરતમાં ફેરવવા માટે જોગવાઈ નક્કી કરવામાં આવી છે. આમાં અરજદારે અરજી કરવાની જરૂર રહેતી નથી તેવી જોગવાઈ કરવામાં આવી છે. દર માસની છેલ્લી તારીખે જે જમીનો છે તે સતત પંદર વર્ષનો તેનો ભોગવટો થતો હોય તેવી જમીનોનું તલાટીએ સામે ચાલીને લિસ્ટ કરવાનું અને મામલતદારને જાણ કરવાની. ૨૧ દિવસની અંદર તેવી જમીનોની અંદર ૬૦ પટની રકમ ભરપાઈ કર્યા પછી નવી શરતની જમીનમાં તેનો હુકમ કરવાનું ઠરાવવામાં આવ્યું છે. એટલું જ નહીં અગાઉ જૂની શરતમાં ફેરવવા માટે ૬૦ પટની રકમ પ્રીમિયમ તરીકે ચલણ પેટે બૅન્કમાં જમા કરવાની થતી હતી. ખેડૂતો માટે અગવડરૂપ હતું. તેમાં સુધારો કરવામાં આવ્યો છે. તેના બદલે પ્રીમિયમની બેન્કમાં રકમ ભરવાને બદલે તલાટી પાસે જમા કરાવવાનું રાજય સરકાર દ્વારા ઠરાવવામાં આવ્યું છે તેના કારણે ખેડૂતોમાં ખૂબ સરળતા આવી છે. બીજી બાજુ કોઈ ખેડૂત હોય તે પોતાની જમીન વેચવા માગતો હોય અને વેચીને રાજયના અન્ય ખૂણે લેવા માગતો હોય તો પહેલાં સમય મર્યાદા ૩૦ દિવસની હતી તેની અંદર પણ સમય મર્યાદા વધારીને ૬૦ દિવસની કરી અને ૬૦ દિવસમાં પોતાની અરજી કરે, કલેકટરે વિચારણા કરી તેમાં ૬૦ દિવસ મળે, ૧૮૦ દિવસની અંદર તેને ખબર થાય કે ખેડૂત છે તો તેને પ્રમાણપત્ર મળે તો રાજયના કોઈપણ ખૂણે ૧૮૦ દિવસમાં તે જમીન ખરીદી શકે તેવું ઠરાવવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે તા. ૨૬-૧-૨૦૦૦ના રોજ કચ્છમાં ભયાનક ભૂકંપ આવ્યો. તે ભૂકંપને આજે પણ આપણે ભૂલી શકતાં નથી. ભૂજની ધરાને ધણધણાવી નાંખી હતી. જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું તે આજે આપણને યાદ છે. આવી ભયાનક પરિસ્થિતિને પહોંચી વળવા માટે ભવિષ્યમાં આવી પરિસ્થિતિ આવે તો શું કરવું અને તેના માટે ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન તંત્રની રચના કરી. ૧૧-૮-૨૦૦૦ના ઠરાવથી ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન તંત્રની રચના કરવામાં આવી અને તેના અધ્યક્ષસ્થાને માનનીય મુખ્યમંત્રીશ્રી પોતે છે. તેમાં મહેસૂલ વિભાગના મંત્રીશ્રી, નાણા મંત્રીશ્રી અને બીજા બાર જેટલા સભ્યોની કમિટી કામ કરે છે. આ બોર્ડની નીચે રાજય સલાહકાર બોર્ડની રચના કરવામાં આવી છે. સાથે સાથે જુદા જુદા વિષયોને પારંગત એવા એક ટાસ્ક ફૉર્સની રચના કરવામાં આવી છે કે ભવિષ્યમાં આવી આપત્તિ આવે તો તેને કેવી રીતે પહોંચી શકાય. તેવી સુંદર કામગીરી રાજય સરકારે કરી છે. હમણાં આપે જોયું છે કે તા. ૨૬-૧૨-૨૦૦૪ના રોજ દક્ષિણ ભારતમાં જે સુનામી આવ્યું તેમાં રાજયએ જે પ્રશંસનીય કામગીરી કરી છે તે પણ એક ધન્યવાદને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે અહીંયાં બીજું એ કહેવાનું છે કે, રાજય ભૂમિ સંશોધન એટલે કે જમીન સંરક્ષણ બોર્ડની રાજય સરકારે રચના કરી છે. મારે કેટલાંક સૂચનો પણ રજૂ કરવાં છે. મારો સમગ્ર મત વિસ્તાર એ સરહદી વિસ્તાર છે. સરહદી સીમા અંગે સંઘર્ષ થતો આવ્યો છે છતાં આજ સુધી એનો ઉકેલ આવ્યો નથી એથી બંને રાજયો, મોટા ભાગે રાજસ્થાનની પટ્ટી છે એ મોટાભાગે આદિવાસી પટ્ટી છે એ સંઘર્ષ ટાળવા માટે રાજય સરકારને વિનંતી કરું છું, કે બંને રાજયો એ મળીને સીમાંકન નક્કી કરીને કાયમી ધોરણે એનો ઉકેલ લાવવામાં આવે અને સુલેહશાંતિ નક્કી કરવામાં આવે અને તારની વાડ કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારના ઘણા ગામો એવાં છે કે આજે પણ એ ગામોનો વિકાસ થયો નથી એનું કારણ એક જ છે કે રેવન્યુ વિલેજ જાહેર કરેલ નથી કે નીતિમાં આવતા હોય તો એવા ગામોને શોધીને રેવન્યુ વિલેજ જાહેર કરવામાં આવે જેથી કરીને આદિવાસી વિસ્તારના ગામોનો વિકાસ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજી મારી વાત એ છે કે, મારો ખેડબ્રહ્માનો વિસ્તાર છે એ ૧૮૨ ધારાસભ્યો છે એના કરતાં, સમગ્ર ધારાસભ્યોના વિસ્તાર કરતાં વધારે મારો મત વિસ્તાર છે, આદિવાસી વિસ્તાર છે અને ખેડબ્રહ્માની અંદર મામલતદાર કચેરી આવેલી છે ત્યાંથી માંડીને લગભગ ૬૦ કિલોમીટર આદિવાસી વિસ્તારના લોકોને દૂર જવું પડે છે તો ખેડબ્રહ્માથી દૂર જે પોશીના છે એ પોશીનામાં મામલતદાર કચેરીની, એના નેજા હેઠળની કચેરી ખોલવામાં આવે તો પ્રજાકીય રીતે સેવા મળી શકે એમ છે, માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને આટલી મારી વિનંતી કરીને વિરમું છું, આભાર.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના માનનીય મંત્રીશ્રી અને મહેસૂલ વિભાગના માનનીય મંત્રીશ્રીઓ પોતાના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા માટે થઈને હંમેશા એક સ્ટારનો દરજજો આ રાજયમાં ઊર્જા વિભાગને આપવામાં આવેલો છે અને રાજયનો આ સ્ટાર છેને એ ઝાંખો પડીને, એના ઉત્પાદન કરતાં વધુ વીજળી

ખરીદવી પડે છે. ૨૦૦૩-૦૪માં ૧૯૨૮૯ મિલિયન યુનિટનું આપણું ઉત્પાદન છે અને ખરીદેલ વીજળી છે એ ૨૪૩૫૦ અને માનનીય અધ્યક્ષશ્રી, વીજળી જોઈએ તો ખરીદવી પણ પડે અને ૪૪૬૩૯ કુલ વીજળી આપણી પાસે સ્ટૉકમાં એનો વપરાશ ૨૮૯૭૭ મિલીયન યુનિટ અને લોસ છે એ ૧૫૬૬૨ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી પાસે વીજ ચોરી પકડવા માટે ખૂબ મોટું તંત્ર છે અને વીજચોરીમાં ગરીબ કિસાનોને પરેશાન કરવામાં આવે છે, છતાં વીજ લોસ છે એ વર્ષે ૨૦૦૩-૦૪માં એ ૩૨ ટકા હતો એ ૨૦૦૪-૦૫માં ૩૪ ટકા થયો અને ચાલુ વર્ષે ડિસેમ્બર સુધીમાં આ આંકડો ૩૫ ટકાથી વધી ગયો છે, આ આંકડા આપના પ્રશ્નના જવાબમાં આપેલા છે પ્રશ્ન ક્રમાંક: ૧૬૦૮૭ છે ૧૪૩ નંબરનો શુક્રવાર, તા. ૧૦મી માર્ચમાં આપે વિગતો આપેલી છે એમાંથી મેં આ આંકડા લીધા છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલે ઊજળું એટલું દૂધ નથી હોતું, એના નમૂનાઓ છે. પૅટ્રોલિયમ વિભાગ તરફથી માનનીય મુખ્ય મંત્રીશ્રી એમ કહે કે પીપાવાવનો ગેસ કેન્દ્ર સરકાર નથી આપતી પણ આપણે પીપાવાવનું ત્રીજું જે એલએનજીનું, નેશનલ ગેસનું ટર્મીનલ, જે ટર્મીનલ આપણે નક્કી કરેલું, બ્રિટિશ ગેસ પાસે એ શા માટે અમલમાં નથી મૂક્યું? માનનીય શંકરસિંહજી વાઘેલાના વખતમાં આપણું પૅટ્રોલિયમ માટેનું એક ડેલીગેશન કતાર ગયેલું અને કતારથી ગેસ પ્રોકયુ કરીને ગુજરાતના દરિયાકિનારે, ત્રણ એલએનજીના ટર્મીનલ આપણે નક્કી કરેલા, દહેજ, હજીરા અને પીપાવાવ. માનનીય અધ્યક્ષશ્રી, પીપાવાવનું ટર્મીનલ સદંતર રદ કરી દીધું તો એના ઉપર ફૉર્સ શા માટે નથી કરતા? અને સૌરાષ્ટ્રનો વિકાસ આ પીપાવાવનું જ્યાં સુધી એલએનજીનું ટર્મીનલ ન થાય ત્યાં સુધી એનો વિકાસ મોળો થવાનો છે, વિકાસ ઓછો થવાનો છે, માનનીય અધ્યક્ષશ્રી, માત્ર પાવર સ્ટેશન નહી પણ સમગ્ર સૌરાષ્ટ્રનો જો વિકાસ કરવો હશે તો આ એલ.એન.જી.નું ટર્મિનલ છે એ કરવું પડશે. હમણાં વાત કરી કચ્છના દરિયા કિનારે કદાચ કયાંક કરવાના છે એવી વાત છે એ કોઈ શેઠિયાઓના લાભાર્થે થવાનું હશે. પણ પીપાવાવની વાત ૧૯૮૦ થી સાંભળીએ છીએ. એ વખતના સ્વપ્ન દૃષ્ટા માનનીય મકરંદભાઈ દેસાઈએ જે વીજ પ્રકલ્પો મંજૂર કરાવ્યા હતા એ હજુ પણ કરી શકાયા છે ખરા? આમાં સરકાર કયા પક્ષની આવી અને કોણ આવ્યું અને કોણ ગયું એની વાત નહીં કરું પણ ગુજરાતની પરિસ્થિતિ પાવરની બાબતમાં વાત કરું તો ગુજરાત વિદ્યુત બોર્ડ આપણે જેના હવે ભાગ કરી નાંખ્યા પણ એના કારણે પાવર ઉત્પાદન છે એના નવા કેટલા સ્ત્રોતો ઉભા કર્યા? પી.પી.એ.જે થાય છે અને એમાં પત્રકાર પરિષદમાં એમ બ્લેમ કરવામાં આવે કે આ પી.પી.એ.છે એ શંકરસિંહજી વાઘેલા વખતે થયા હતા. તવારીખના આંકડા જયારે આપ્યા ત્યારે એ તારીખે મે મહિનામાં ૧૯૯૬ની સાલમાં સરકાર કોની હતી એ માનનીય વીજ મંત્રીશ્રીએ કબૂલ કર્યું હતું એ બદલ મારે એમને ધન્યવાદ આપવા જોઈએ. આમ કયા કારણસર કરવું પડયું ? એના કારણે એસ્સારને વીજળીના ભાવ કેટલા આપવા પડયા છે એમણે જ આપેલા આંકડા પ્રમાણે ૫ રૂપિયા અને પછીના વર્ષે ૩ રૂપિયા અને એના પછીના વર્ષે ૨ રૂપિયા અને ૮૬ પૈસા. આ પરચેઝ એગ્રીમેન્ટ ભૂનકાળમાં કોણે કર્યા હતા એના ઉપર ખાસ ધ્યાન આપવા જેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસુલ મંત્રીશ્રી પોતાની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે મારે માનનીય મહેસુલ મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, કેટલેક ઠેકાણે જમીનના દસ્તાવેજો થયા અને ડેપ્યુટી કલેકટર સ્ટેમ્પ એને ચેલેન્જ કરે અને વર્ષો સુધી એનો નિકાલ ન આવે ખાસ કરીને બનાસકાંઠા જિલ્લામાં, પણ સાથે અમારો જિલ્લો છે એ બહુ નસીબદાર છે. માનનીય અધ્યક્ષશ્રી અમે ધ્યાન દોરીએ કલેકટરશ્રીનું કે રેવન્યું ડિપાર્ટમેન્ટનું કે આ દસ્તાવેજ બતાવ્યો છે એ માત્ર એક ટકો જ દેખાડવામાં આવ્યો છે એ છતાં એ દસ્તાવેજ સામે કોઈ પગલા લેવાયા નથી. આપણે જે જગ્યા ખેતી માટે એલોટ કરવામાં આવી હોય અને એ પછી એનું વેચાણ થઈ જાય તો એની સામે પણ કોઈ પગલાં લેવાયાં નથી. એના કરતા મારા જિલ્લામાં કેટલુંક ધ્યાન દોરું કે જે ઈનામ નાબૂદી ધારા હેઠળના જે અસરગ્રસ્તો હતા એ ૧૯૬૮ પછી નવા કોઈ ફોર્મ ભરાયા નથી. એમાં ૧૯૮૦માં ઈનામ નાબૂદી ધારા તરીકેના સર્ટિફિકેટ મળી ગયા અને એના પછી ૨૦ વર્ષે એ જમીનની માગણી ૨૦૦૩માં કરે ઘરખેડની જમીન માટેની અને ૧૮ એકર જમીન એ જૂની શરતની સારામાં સારી એ પસંદ કરે ત્યાં આપી દેવાય અને મોટા મોટા કૌભાંડો જે છે એ આ કચ્છ જિલ્લામાં થાય. એમાં પણ આપના મારફત ધ્યાન દોરું છું કે, સરકારી પડતર જમીન આ રીતે લેવાય? સરકારી પડતર જમીન પાણીના ભાવે ઉદ્યોગપતિઓને મળી જાય.

માનનીય અધ્યક્ષશ્રી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની રચનાની ખૂબ વાતો કરી. ત્રણ વર્ષ આ ધારાસભામાં ગયા પણ કયારેય પણ અમને ભૂકંપગ્રસ્ત વિસ્તારના જે ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે એમની સાથે મંત્રીશ્રીએ કે ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓએ ગંભીરતાપૂર્વક પરામર્શ કર્યો હોય કે વાત કરી હોય એવું અમે અનુભવ્યું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ગયા અઠવાડિયા પહેલાં ગઈ ૬-૭ તારીખે ભૂકંપનો જબ્બર આંચકો આવ્યો અને એનું એપી સેન્ટર મારો વિસ્તાર જાટાવાડા હતું. એમાં ત્યાંના મકાનોને નુકસાન થયું છે એનો અહેવાલ મેં છાપાઓમાં જોયો છે. ગામની અંદર ૧૪૦૦ મકાનોમાંથી ૭૦૦ મકાનો રહેવા લાયક રહ્યાં નથી છતાં તંત્ર દ્વારા કોઈ ગંભીરતાપૂર્વક સર્વે થતો નથી અને એની આજુબાજુના ગામોમાં પણ કોઈ સર્વે થતો નથી. એમને હજુ એવોર્ડો મળે એમાં અમને વાંધો નથી પણ જે હેતુ માટે આ ઓથોરિટીની રચના કરવામાં આવેલ છે

ત્યારે કહું છું કે, આપણા અધિકારીઓ ઈરાન પહોંચી જાય, આપણા અધિકારીઓ આંદામાન પહોંચી જાય, આપણા અધિકારીઓ નાગપટ્ટમ પહોંચી જાય પણ અહીં જાટાવાડા સુધી રાપર તાલુકામાં જવાની એમને ફૂરસદ શા માટે નથી મળતી?

**શ્રી કનુભાઈ મે. ભલાળા (વિસાવદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઊર્જા વિભાગ અને મહેસૂલ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે, એના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઉપસ્થિત થયો છું. વીજ વિભાગની જે પરિસ્થિતિ આપણે જોતા હતા છેલ્લાં આઠ દશ વર્ષથી અને એ પહેલાંની વીજળીની જે પરિસ્થિતિ હતી એ એવી હતી કે ખેડૂતોને કહેવામાં આવતું હતું કે અમે બાર કલાક કે સોળ કલાક વીજળી આપીશું પરંતુ હકીકતે આ વીજળી ખેડૂતોને પૂરતા પ્રમાણમાં મળતી ન હતી તેનાથી ખેડૂતોને એની વાડી ઉપર સતત પંદર કે સોળ કલાક ધ્યાન રાખીને બેસવું પડતું હતું અને એને જરૂરી કામો છોડી વાડીએ સતત હાજર રહેવું પડતું હતું, પરંતુ આ જ્યારથી જયોતિગ્રામ યોજના અમલમાં આવેલ છે. આઠ કલાક જ્યારે વીજળી આપવાની વાત કરવામાં આવી ત્યારે ખરેખર ખેડૂતો પણ દ્વિધામાં હતા કે શું થશે ત્યારે અમે ગામડાની અંદર મીટિંગો કરીને સમજાવતા અને બધા ધારાસભ્યશ્રીઓ પણ એવું સમજાવતા કે ભાઈ જે પંદર કલાક મોટર ચલાવવાથી જે પાણી બહાર આવે એ ઓછા ગૅલન આવે ઊંડેથી પાણી લેવાનું થતું હતું ૮૦૦ અને ૧૦૦૦ ફૂટેથી તો આઠ કલાક વીજળી આપવાથી જે પાણી ૨૫૦-૩૫૦ ફૂટેથી લેવાનું થાય તો આઠ કલાકની અંદર જે સોળ કલાકમાં ગૅલન પાણી બહાર આવતું હતું, એટલું જ આઠ કલાકની અંદર આવશે તમે ચિંતા કરો નહિ અને શાંતિ જાળવો. અત્યારે ૧૫૦૦ ગામની અંદર આ જયોતિગ્રામ યોજના અમલમાં આવતા એ વખતે ખેડૂતોને પ્રતીતિ થઈ છે અને ઉત્પાદન ખર્ચ જે છે એ ખૂબજ ઓછો લાગે છે એવી જ રીતે ગામડાની અંદર સઈ, સુથાર, મોચી આ બધા જે કોઈ હતા એમનો ધંધો સો ટકા થઈ શક્યો છે

નાના ઉદ્યોગકારો જે શહેરની અંદર ગામડમાંથી જતા રહ્યા હતા એ અત્યારે ગામડાની અંદર પરત - પાછા આવવા લાગ્યા છે. ચોવીસ કલાક વીજળી થ્રી ફેઝ મળવાથી અને આ નાના ઉદ્યોગો આજે ગામડાની અંદર પાછા સ્થાપી દેવામાં આવી રહ્યા છે. બીજી વાત કરીએ તો ખેતીવાડીમાં વપરાતી જે ઇલેક્ટ્રિક મોટરો બળવાથી ખેડૂતોને બહુ મોટું વેર એન્ડ ટેર આવતું હતું આજે એક એક ખેડૂતને આ વેર એન્ડ ટેરમાં મોટો ફાયદો થયો છે અને કોઈની ઇલેક્ટ્રિક મોટર બળતી નથી જેના હિસાબે આજે એક એક ખેડૂતને પાંચથી દશ હજાર રૂપિયા જેવો ફાયદો થયો છે જે પોષણક્ષમ ભાવોની માગણી છે એની પૂર્તતા આનાથી થઈ શકે તેમ છે. બીજી વાત કરીએ તો આ રાજયને ગેસ કેપીટલ બનાવવાની જે વાત માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ઊર્જા મંત્રીશ્રીએ કરી એ બદલ એમને ખૂબ ખૂબ અભિનંદન. આજે રાજય ગેસ કેપિટલ થવાથી ખૂબ મોટો ફાયદો થવાનો છે થોડીઘણી શરૂઆત થઈ છે અને આજે ઘણો બધો ફાયદો ઘણા લોકો આ રીતે મેળવી રહ્યા છે.

મહેસૂલ વિભાગની વાત કરીએ તો ૭/૧૨ અને ૮/અના જે દાખલા પહેલાં હસ્તલિખિત આપવામાં આવતા હતા ખેડૂતોને, એનાથી ઘણા બધા ગોટાળાઓ ઇરાદાપૂર્વક પણ કરવામાં આવતા હતા, ભૂલથી પણ થઈ જતા હતા અને આ ગોટાળાઓને કારણે ગામડાઓની અંદર કાયમ વૈમનસ્ય ઊભું થતું હતું. કાયમ માથાભારે લોકો સાથે આવા ઝઘડાઓ થતા હતા, કારણકે દફતરની સાથે ચેડાં કરવામાં આવતા હતા પણ આ કોમ્પ્યુટરાઈઝેશન થવાથી આજે તાલુકા મથક સુધી એની અમલ વારી થવાથી આજે આવા જે કંઈ ગોટાળા છે જમીનોના એ સદંતર બંધ થવા પામેલ છે એના માટે પણ હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. બીજી વાત હમણાં થઈ એ મહેસૂલ વિભાગની કે જે નવી શરતની જમીન હતી જે સરકારશ્રીએ સાંથણીના રૂપે કે બીજી રીતે લાભાર્થીઓને દરેક ગામની અંદર આ જમીનો આપેલી છે જેને નવી શરતની જમીન કહેવામાં આવે છે તો આ જે નવી શરતની જમીન હતી એને સરકારશ્રીએ જૂની શરતમાં ફેરવવાનો જે નિયમ કરેલો છે એના માટે ખૂબ ખૂબ અભિનંદન પરંતુ એમાં જે જમીન ભૂમિદાન અપાયેલ જમીનો હતી. પૂજ્ય વિનોબા ભાવેના આંદોલન દરમ્યાન આવી ભૂમિદાનમાં ઘણી જમીનો અપાયેલી છે અને એ જમીન પણ નવી શરતની છે અને એનો આમાં ક્યાંય ઉલ્લેખ નથી તો માનનીય મંત્રીશ્રીને હું મારું એક સૂચન કરવા માગું છું કે આ જે જમીન ભૂમિદાનની જમીન છે એ સરકારની જમીન પણ નથી આ જે જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની વાત થઈ એ જમીન તો સરકારશ્રીની હતી તો આ જમીન તો સરકારશ્રીની પણ નથી આ જમીન તો એક ખેડૂતે બીજા ભૂમિહીન વ્યકિતને આપેલી જમીન છે એ જમીન અપાઈ એને પણ આજે ચાળીસથી પિસ્તાળીસ વર્ષ જેટલો સમય થઈ ગયો છે જ્યારે આ જમીન અપાઈ એને બે એકર ત્યારે એ જમીન જેને આપી હોય એને ત્રણ ચાર દીકરા હોય. આજે તેના એક એકને ઘરે આટલા આટલા છે. તો નથી આમાં જમીનના ભાગ પડતા કે નથી વાવી શકાતું કે નથી આ જમીન ભૂમિદાનની જમીન મેળવેલ, નથી વેચી શકતો અને આનાથી ટૂકડાધારાનો ભંગ થાય છે તો આવી ભૂમિદાનની જમીન જે આપવામાં આવી છે રાજયની અંદર તેમાં સરકારશ્રી ૫ટ પણ ના લઈ શકે. ૬૦ ૫ટ જો આમાં લેવામાં આવે છે તો તો સરકારશ્રીની આપેલી જમીન છે અને ૬૦ ટકા ૫ટ લે છે પણ આ જે જમીન છે તેને સંપૂર્ણ વેચવા માટેનો અધિકાર ભૂમિહિનને ભૂમિ આપી છે તેને આપવાની થવી જોઈએ અને સ્વતંત્રપણે તેની જમીન વેંચી શકે. આ રીતના તેને હક્ક આપવા જોઈએ

અને દેનારને પણ તેનો થોડોક ફાયદો તે હોવો જોઈએ કારણકે તેની બાજુના શેઢેથી તેણે કાપીને આપેલી હોય તો જે ગામની અંદર ભાવ નિયત થયા હોય પિયત જમીનના અને બિન પિયત જમીનના તે ભાવે જો બાજુનો ખેડૂત લેવા માગતો હોય તો તે જમીન પેલા આવા ખેડૂતને આપવી જોઈએ.

બીજા વિભાગની વાત એ કરવા માગું છું કે, આઠ કલાક માટે ખેતીવાડી માટે વીજળી કરવાથી શિયાળા અને ઉનાળા પૂરતું બરાબર છે કે ખેડૂત સમજી વિચારીને વાવેતર કરે કે આપણને આઠ કલાક વીજ પાવર મળવાનો છે. પરંતુ ચોમાસા દરમિયાન વરસાદ ખેંચાય અને જ્યારે એક સાથે ખેડૂતને પાવાનું થતું હોય ત્યારે હું એમ માનું છું કે વીજ વિભાગે જે કંઈ બીજી જગ્યાએ વીજળી આપતા હોય ત્યાં કાપ મૂકી અથવા બીજા રાજયમાંથી મેળવી આવી ખેડૂતોને ૨૦ થી ૨૪ કલાક વીજળી આપવી જોઈએ કે જેથી કરીને તેનું ચોમાસું પિયત છે તે એક સાથે પાવાનું થતું હોય તો બે-ત્રણ દિવસમાં પાઈ દે. તે આઠ આઠ કલાક આ ચોમાસું પિયત પી શકે નહીં અને રથયાત્રા દરમિયાન પણ કૃષિ વિભાગના અધિકારીઓ ચોખ્ખુ અને સ્પષ્ટ ગામડે ગામડે સમજાવતા હતા ખેડૂતોને કે તમારે જ્યારે પાકને પિયતની જરૂર હોય ત્યારે એક દિવસ પાણી મોડું મળવાથી ૧૦ ટકા નુકસાન જાય, બે દિવસ મોડું મળે તો ૧૫ ટકાની નુકસાની જાય, અઠવાડિયુ મોડું મળે તો આ કૃષિ પાકમાં ૫૦ ટકાની નુકસાની જાય. તો વીજ વિભાગ પણ આમાં ધ્યાન રાખે કૃષિ સાથે સંલગ્ન રાજયની અંદર આવી જ્યારે પરિસ્થિતિ સર્જાય દુષ્કાળની અને ખેતીને તત્કાલ પિયત આપવાની ત્યારે ખેતીવાડીના અધિકારી સાથે ચર્ચા કરી અને આ આઠ કલાકનો નિયમ એક બાજુ કરી અને ચોમાસાની અંદર ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને ૨૦ થી ૨૪ કલાક વીજળી આપવી જોઈએ.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જ્યારે આ ગૃહ સમક્ષ માગણીઓ લઈને આવ્યા છે, હું કયારેય તેમની માગણીઓમાં સહમત થઈ શકું તેમ નથી. છાતી કાઢીને ચાલવાથી કે હાથ પહોળા કરીને ચાલવાથી કે પતંગ ઉડાડવાથી કે ગરબા ગાવાથી આ ગુજરાતનું ભલુ થવાનું નથી. હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, આ હિન્દુઓની સરકાર છે એવું કહેવાવાળા આ સરકારમાં બેસીને વહીવટ કરવાવાળાની વાત કરું છું ત્યારે ગાંધીનગરની બાજુમાં, ગાંધીનગર તાલુકાનું એક રાયસણ ગામ આવેલું છે. આ ગામની અંદર રબારી સમાજના એટલે કે ગોપાલક સમાજના ભાઈઓએ કરોડો રૂપિયાના ખર્ચે એક મંદિર ત્યાં બનાવેલું છે. આ સરકારે કલેક્ટર દ્વારા કરોડોના ખર્ચે બનાવેલા મંદિરને તોડી પાડવાનો હુકમ કર્યો છે. ઠીક વાત છે. જગ્યાનું કદાચ દબાણ થયું હોય તો એ તોડવાની વાત કરી હોય તો એ કરી શકાય. પણ આ આઠ એકર જગ્યા એ જમીનની જગ્યા સાથે એક પ્રાયવેટ સંસ્થાને તે જગ્યા આપવાનો હુકમ પણ આ સરકારમાં બેઠેલા મંત્રીશ્રીએ કર્યો છે. આપને જણાવતાં મને દુઃખ થાય છે કે મારા વિસ્તારની અંદર આવેલા માત્ર ચાર ગામની અંદર એક અરવિંદ મિલ આવેલી છે. તે ગામની અંદર મિલની અંદર વડસરથી ખાત્રજ જવાનો એક સરકારી રસ્તો આવેલો છે. ૬૦ હજાર ચોરસ મીટર જગ્યા આ રસ્તાને તે મિલનું કમ્પાઉન્ડ બનાવીને ભેળવી દેવામાં આવેલ છે. સરકાર જાહેરનામું બહાર પાડે તે પહેલાં આ રસ્તાના હક્કો નાબૂદ કરવાનું જાહેરનામું બહાર પડે તે પહેલાં આ કમ્પાઉન્ડ વોલ કરી આજુબાજુના ખેડૂતોએ. આજુબાજુના ખેડૂતોની જમીનના પાણી ભરાઈ રહે અને લગભગ હું માનું છું તે વિસ્તારની અંદર સાત ઠાકોર સમાજના ગામ આવેલા છે. આ તમામે તમામ જગ્યાએ આ કમ્પાઉન્ડ વોલના કારણે પાણી ભરાઈ જાય છે અને હજારો વીઘા જમીનમાં આ માલનું કોહવાણ થઈ જાય છે. વારંવાર રજૂઆત કરવા છતાં એનો કોઈ નિકાલ આવતો નથી. એથી વિશેષ દુ:ખની વાત કરું કે આ જે જગ્યાએ વારંવાર રજૂઆત કરવા છતાં આ જગ્યાની બિલકુલ બાજુમાં કે ૫૦૦ ફૂટ દૂર કહી શકાય. ત્યાં આ રાજયના મહેસૂલ સચિવશ્રી રહે છે. એમને આ વાતની કોઈને પડી નથી. અરવિંદ મિલ જ એમને દેખાય છે. વારંવાર રજૂઆત કરવા છતાં હજારો વીઘામાં માલ કોહવાય છે, એની આ સરકારને કોઈને પડી નથી. આથી આવા જે ખેડૂતોની લાગણી છે, એને ધ્યાનમાં રાખી કંઈક વ્યવસ્થા થાય તો સૌથી સારું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈની કુંભકર્ણની જેવી ઉંઘ હતી, તેવી ઉંઘમાં હોય એવું લાગે છે. કચ્છમાં અત્યારે અછત શરૂ થઈ ગઈ છે. આ હું નથી કહેતો. ૨/૩/૨૦૦૬ના રોજ મુખ્યમંત્રીને એક પત્ર લખવામાં આવ્યો છે કે, જયભારત સાથ જણાવવાનું કે કચ્છ જિલ્લામાં લખપત અને અબડાસા તાલુકામાં બીજા વર્ષે પણ વરસાદ ન પડવાથી અછતની પરિસ્થિતિએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યુ છે, ત્યારે આ અંગે વખતોવખત મહેસૂલ મંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવેલી છે. રજૂઆત કરવા છતાં રાહત કામ, ઘાસ ડેપો અને પીવાના પાણીની મુશ્કેલીમાં કંઈ ફરક પડયો નથી. પ્રભારી મંત્રી શ્રી રમણભાઈ વોરા સમક્ષ રજૂઆત કરતાં તેઓએ તા. ૧૫/૨/૨૦૦૬ના રોજ નખત્રાણા મૂકામે ત્રણેય તાલુકાનો લોક દરબાર રાખવામાં આવેલો. કલેકટર, અધિક કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા પોલીસ વડા ચારેય અધિકારીઓ હાજર રહ્યા ન હતા. તેમ છતાં હાજર રહ્યા છે, તેમને તાત્કાલિક યુદ્ધના ધોરણે કાર્યવાહી કરવાની સૂચના આપેલી છે, તો તેમની સૂચનાનો પણ એ વિસ્તારમાં અમલ થયેલ નથી. તેથી કચ્છના ચૂંટાયેલા આ વિસ્તારના જિલ્લા પંચાયતના, તાલુકા પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ નિયતપણે રજૂઆત કરેલ છે અને વર્તમાનપત્રોમાં સમાચાર પણ

મોકલેલ છે, તેમ છતાં અધિકારીઓના પેટનું પાણી હાલતું નથી. આ હું નથી કહેતો. તમારા ભાજપના પ્રમુખ તારાચંદ જે. છેડા કહે છે. અછત આવી હોવા છતાં, આપે કંઈ પગલાં લીધાં હોય એવું મને લાગતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપને જણાવતાં મને દુ:ખ થાય છે કે કલોલ તાલુકાના પ્રતાપપુરા ગામે ૫૦, ૫૦ વર્ષથી ત્યાં વસેલું ગામ હતું. એવા ૧૫૦ મકાનો આ સરકારે દબાણ છે એમ કહીને ઠાકોર સમાજના મકાનો જમીનદોસ્ત કરી નાંખ્યા. એમની કોઈપણ પ્રકારની વાત સાંભળ્યા સિવાય રેગ્યુલરાઈઝની ફાઈલ ચાલતી હોવા છતા આ મકાનો દૂર કર્યા છે. સાથોસાથ મારે આ ગૃહને જણાવવું છે કે મારા વિસ્તારમાં એક એન.કે. ઈન્ડસ્ટ્રીઝ આવેલી છે. ૨૦ એકર જગ્યામાં શરતભંગ કરેલો છે. વારંવાર રજૂઆત કરવા છતાં આ શરતભંગ થયેલા બાંધકામ દૂર કરવાનું આ સરકારને ઉકલતું નથી, પેલા ગરીબ ૧૫૦ ઠાકોર સમાજના મકાનો દૂર કરવાનું ઉકલ્યું, પરંતુ આવા ઉદ્યોગપતિઓને છાવરવામાં આ સરકારે કંઈ કચાશ મૂકી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કૌશિકભાઈ પાસે એક ફાઈલ ચાલે છે. અગાઉની સરકારે એક તળાવ વિકસાવવા માટે ગરીબ ખેડૂતોની જગ્યા સંપાદન કરેલી હતી. આ જગ્યા સંપાદન કર્યા પછી (સમય સૂચક ઘંટડી) એક મિનિટ સાહેબ, એ જમીન સંપાદન કર્યા પછી તળાવ વિકસાવી શકયા નથી. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતે ઠરાવ પણ કરેલ છે કે તેને વિકસાવી શકાય તેમ નથી. ૩ વર્ષથી વારંવાર રજૂઆત કરવા છતાં નવા ભાવથી, સરકારી રેઈટ ચાલતો હોય તે ભાવથી ગરીબ ખેડૂતો જયારે જમીન પાછી લેવા માગે છે, ત્યારે કૌશિકભાઈને સહી કરવાનું ઉકલતું નથી, પણ જો કોઈ ઉદ્યોગપતિ હોય, ટોરેન્ટ હોય કે અદાણી હોય તો સહી કરવાનું ઉકલે, ગરીબોને માટે સહી કરવાનું ઉકલતું નથી.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલ મહેસૂલ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું અને તેમાં મારાં કેટલાંક સૂચનો પણ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રીને તો નાણા વિભાગ સિવાય લગભગ દરેક ખાતાના મંત્રી બનવાનો તેમને યશ મળ્યો છે, સંગઠનની જવાબદારી પણ તેમણે નિભાવી છે. એટલે ગામડાનો ખેડૂત હોય કે શહેરમાં રહેતી જનતા પોતાની માલમિલકત માટે કયા કાયદાની સરળતાથી પોતાની મિલકત જાળવી શકે, એનું રક્ષણ કરી શકે તેવા નવા અભિગમ સાથે, મહેસૂલ વિભાગના સુધારા વધારા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રમોદીના માર્ગદર્શન હેઠળ માનનીય મહેસૂલ મંત્રીશ્રી લઈને આવ્યા છે તેને આપણે સૌ સાથી ધારાસભ્યશ્રીઓ આવકારીએ અને અભિનંદન આપીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસે ૪૫ વર્ષ સુધી રાજ કર્યુ, પરંતુ મહેસૂલ વિભાગમાં કાંઈ સુધારા કર્યા નથી અને આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૦ વર્ષના શાસનમાં એમાં જો કોઈ સુધારા વધારા ના કર્યા હોત તો મને લાગે છે કે રાજયમાં ગંભીર પરિસ્થિતિ પણ સર્જાઈ હોત. રાજયના ખેડૂતોનો ૮ કિલોમિટરનો કાયદો હોય કે નવી શરતની જમીનને જૂની શરતમાં ફેરવવાની હોય કે બોગસ દસ્તાવેજો હટાવવા સ્થાવર મિલકતમાં ફોટોગ્રાફ અને ફીંગર પ્રિન્ટ ફરજીયાત કર્યા છે, સ્ટેમ્પ ડયુટીનો દર પણ ઘટાડયો છે, એવા અનેક સુધારા વધારો માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના ફાળે જાય છે. આની સાથે સાથે મારે સૂચનો પણ કરવાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત જયારે જમીન ખરીદે, પોતાના વિસ્તારમાં પોતાના તાલુકામાં તો એને ખેડૂત તરીકેનો દાખલો લાવવો પડે છે. તો એ જમીન ખરીદનાર ખેડૂત એ જ જિલ્લામાં રહેતો હોય અને આજે બધું કોમ્પ્યુટરાઈઝડ થયેલ છે તો એ જિલ્લામાં કોઈપણ ખેડૂત હોય એ જો જમીન ખરીદે તો એને ખેડૂતનો દાખલો લેવાનો ના હોય એ પ્રમાણેનો જો સુધારો કરે તો ખેડૂતોને આ જે જે રીતે દોડવાનું થાય છે એ બંધ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, જે નવી શરતની પ્રતિબંધિત શરતની જમીન છે એ જૂની શરતમાં ફેરવવા માટે પ્રિમિયમ ભરવાનું જે છે એની જાણ ખેડૂતને સીધી કરવી જોઈએ. આ પ્રોસિજર ઘણી લાંબી હોય છે, એમાં પહેલાં તલાટી લખે, એની મામલતદાર તપાસ કરે અને પ્રાંત કચેરી જૂની શરતનો હુકમ કરે. આ પ્રક્રિયામાં સમય પણ જાય છે અને નાણાંનો પણ ભ્રષ્ટાચાર થાય છે. તો સીધો ખેડૂતને જ જો હુકમ કરે તો સમય બચી શકે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરમાં જે આદિવાસી, હરિજન તથા ગરીબ લોકોને બી.પી.એલ. લાભાર્થીઓને મફત પ્લોટ આપવામાં આવે છે, પરંતુ એની ઉપર મહેસૂલ અને લોકલ ફંડ લેવાય છે. તો આ પણ માફ કરવાનું મારું સૂચન છે કારણ કે મારા વડોદરા જિલ્લાની વાત કરું તો એમાં આકાર છે એ ત્રણગણો લેવાય છે. તો આ જે લેવામાં આવે છે એ માફ કરવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતીની જમીન બિન ખેતી કરવાના સમયે ખેડૂત પાસેથી બિન ખેતીનું વિષય ધારો એક જ વખત લઈ લેવામાં આવે કારણ કે ખેડૂતની જમીન જે વેચીને બિલ્ડરને ડેવલપ કરવા માટે આપે છે એ ડેવલપ કરીને જતા રહે છે અને આખરે એ પૈસા ખેડૂતને ભરવા પડે છે. તો એક સાથે લઈ લે તો આ પૈસા ખેડૂતને ના ચૂકવવા પડે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક જમીનો છે એમાં પોતાનો હકક કોઈ ભાઈ કે બહેન છોડી દે તો ઘણા મામલતદાર આ બધું કરે છે, પરંતુ એ કાયદેસર છે કે નહીં કારણ કે ૭-૧૨ ના નમૂનામાં તો એન્ટ્રી પાડી દે છે, હકક છોડી દે પછી પણ ૮-અમાં નામ પણ દાખલ કરે છે, પરંતુ આના માટે સ્પષ્ટતા કરતો કોઈ જી.આર. બહાર પાડે તો સારું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતને ૭-૧૨ અને ૮-અ ની નકલ ગામની પંચાયત ઓફિસમાંથી મળી જાય એ રીતે વ્યવસ્થા ગોઠવી શકાય કારણ કે આજે કોમ્પ્યુટર છે એને જો લીંક કરી દેવામાં આવે અને ગ્રામ પંચાયત સાથે જોડી દેવામાં આવે તો ખેડૂતોને એ લેવા માટે શહેરમાં કે જિલ્લામાં લેવા જવું ના પડે અને એ ૭-૧૨ નો કે ૮-અ નો ઉતારો પંચાયત ઓફિસમાંથી ગામમાંથી જ મળી રહે. તો આ રીતે થાય તો સારું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે રેવન્યુ રેકર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન થયું છે એમાં ડેટા એન્ટ્રીમાં ૭-૧૨ અને ૮-અ માં ઘણીબધી ભૂલો થયેલ છે. તો ખરેખર આ કૌમ્પ્યુટરાઈઝ કરાય ત્યારે ખેડૂતને એની એક નકલ આપવી જોઈએ. તો આ જે ભૂલો થઈ છે એ સુધારવી જોઈએ. ખેડૂતોને ૭/૧૨ અને ૮/અ ના દાખલા મળવા જોઈએ. વડોદરા શહેરમાં હું રાવપુરા વિસ્તારમાં રહું છું. મારા વિસ્તારની જંત્રી ૧ ચો.મી. એ ૧૬૦૦૦ રૂપિયા થાય છે. વડોદરા શહેરમાં કોઈ પણ માણસ આવે અને કહે કે જે પોશ એરિયા છે, અલ્કાપુરી, ફતેગંજ એવા પોશ એરિયાની જંત્રી પણ સાત હજાર રૂપિયા થાય છે. જ્યારે રાવપુરા તો પોળનો વિસ્તાર છે અને તેની પોળની ગલીનું છેલ્લું મકાન હોય તો પણ તેની જંત્રી ૧૬ હજાર રૂપિયા થાય છે તેના કારણે દસ્તાવેજો થતા નથી. મકાનો વેચાય છે પણ દસ્તાવેજો થતા નથી. એટલે આમાં ફરીથી જંત્રી કરીને આ ભાવ ઘટાડો કરવો જોઈએ તેવું મારું સૂચન છે. સતત બે વર્ષથી જે જમીન પડતર હોય અને જમીનમાં ટી. પી. પડી હોય, તેની આજુબાજુ મકાનો બંધાયા હોય અને ખેતી ન કરી શકે તો તેવી જમીન સરકાર હસ્તક થાય છે. એટલે એવા કેસો જે ચાલી રહ્યા છે તેનો ઝડપથી નિકાલ કરવો જોઈએ. છેલ્લી મારી વાત કરીશ કે કોતર લૅન્ડ અને વેસ્ટ લૅન્ડ સરકારે આપવાની વાત કરી છે, તો રાજયની બિન ખેડાણ પડતર જમીન છે તે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ખેડાણ લાયક બનાવવા માટે સક્ષમ ખેડૂત અને ઉદ્યોગોને ભાડા પટે આપવા માટે ૧૭-૧૨-૨૦૦૫ નો નિર્ણય સરકારે લીધો છે. એમાં બહુ પરિણામ આવ્યું નથી. અને ૩ લાભાર્થીઓએ લાભ લેવા માટે દરખાસ્ત કરી છે. એમાં સુધારો કરવો જરૂરી છે. આખા રાજયના તમામ જિલ્લાની પડતર જમીન આપવા માટેની જાહેરાત એક સાથે કરવી જોઈએ, કારણ કે કોઈ પણ ખેડૂત પોતાના જિલ્લામાં જ જમીન રાખવા માગતો હોય છે, બીજા જિલ્લામાં રાખવા ઈચ્છે નહીં, તેથી દરેક જિલ્લામાં જે પડતર જમીન છે તેની એક સાથે જાહેરાત કરવામાં આવે અને ૨૦ વર્ષના ભાડા પટાથી આપવાની આ યોજના છે, એટલે એમાં આધુનિક પદ્ધતિથી ખેતી કરે તો ઘણો ખર્ચ થાય એમ છે. નવીનીકરણ કરવું પડે, જમીન સુધારણા કરવી પડે રસ્તા કરવા પડે, પાણીની યોજના કરવી પડે, ઈલેકટ્રીસીટી લાવવી પડે, એટલે આ બધો ખર્ચ થાય અને પછી સરકાર પાછી લઈ લે તો એમાં ખેડૂતને નુકસાન થાય. એટલે ૨૦ વર્ષ પછી સરકાર પાછી લઈ લે તો એમાં ૫૦ ટકા પૈસા તેમને પરત મળવા જોઈએ એટલે નુકસાન ન જાય.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા અને કેમિકલ વિભાગના મંત્રીશ્રી માગણી નંબર: ૧૨ અને ૧૩ તથા મહેસૂલ વિભાગના મંત્રીશ્રી માગણી નંબર: ૭૬,૭૮ અને ૭૯ લઈને આવ્યા છે તેના ઉપર મારા થોડા વિચારો રજૂ કરવા અને થોડા સૂચનો કરવા માટે ઉપસ્થિત થયો છું.

તત્કાળ વીજ યોજનાની મારી પહેલાના મારા મિત્રો વાત કરી રહ્યા હતા. ત્યારે એ વાત હું પણ સ્વીકારું છું કે તત્કાળ વીજ જોડાણના કારણે ગ્રામ્ય વિસ્તારના નાના ખેડૂતોને, નાના કારીગરોને અને નાના રોજગારી કરતા એવા ગ્રામ્ય વિસ્તારના નાના માણસોને ઘણી ઉપયોગી અને મદદ રૂપ થઈ છે. આ વાત અમે ચોક્કસ સ્વીકારીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, તેના કારણે ખેતીવાડીના વીજ જોડાણમાં જે અસર થઈ છે તે પણ મારે ધ્યાન ઉપર મૂકવી છે. માનનીય અધ્યક્ષશ્રી, જનરલ કેટેગરીમાં જે ખેડૂતોએ વીજ જોડાણ મેળવવા માટે આજથી લગભગ પંદર વર્ષ પહેલા અરજીઓ કરેલ છે તેવી ૧૯૯૦માં કરેલી અરજીઓને પણ આજે વીજ જોડાણ મળતું નથી. આવી ૧૯૯૦માં રાજયની કુલ નોંધાયેલી જે અરજીઓ છે એવી ૪૯૬૩૦ જેટલી અરજીઓ જનરલ કેટેગરીની વીજ જોડાણ માટેની ખેડૂતોની પેન્ડિંગ છે. તેની સાથે સાથે મારે તત્કાળ વીજ જોડાણની વાત એટલા માટે માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવી છે કે જયોતિગ્રામ યોજનાની સાથે સાથે કોઈ પૅકેજ બનાવીને ખેડૂતોને પણ સમયસર વીજ જોડાણ મળે અને ખેડૂતો તેનો ઉપયોગ કરી શકે તે પણ ખૂબ જરૂરી હતું. મારા ઘણા સાથી ધારાસભ્યો ખેતીના વ્યવસાય સાથે સીધી રીતે અથવા તો ગ્રામ્ય વિસ્તાર સાથે સંકળાયેલા છે. ત્યારે મને એ સમજાતું નથી કે અહીંયા સાચી વાત કહેતાં કેમ ગભરાય છે.

ગુજરાતમાં કુલ તત્કાલ વીજ જોડાણ માટેની ૨૦૦૪ની અંદર જાહેરાત થઈ. એ વખતે તત્કાલ વીજ જોડાણ માટેની કુલ અરજીઓ અને નવી અરજીઓ એમ બધી મળીને ૬૪૪૦૫ આવેલ હતી. એની સાથે સૌરાષ્ટ્રના સાત જિલ્લાની અંદર એમાં ખાસ કરીને સાત ઝોન પશ્ચિમ વીજ જોડાણ માટેની કુલ અરજીઓ ૪૭૧૪૬ હતી એમાંથી કુલ અત્યાર સુધીમાં ટેસ્ટ રિપોર્ટ અપાયા હોય અને એમાંથી વીજ જોડાણ અપાયા હોય

તેવી ૧૦૪૫૪ અરજીઓ છે. આટલા ખેડૂતોને વીજ જોડાણ અપાઈ ગયાં છે. હજી ૨૬૬૯૨ જેમણે સને ૨૦૦૪ની અંદર વીજ જોડાણ માટેની અરજી કરી હતી એવી ૨૬૬૯૨ અરજીઓ આજે પણ પેન્ડિંગ છે. જે તે વખતે વીજ બોર્ડે ખેડૂતો પાસેથી ૫૦૦ રૂપિયા લેખે ડિપોઝિટ લીધેલી એવી કુલ રકમ ૩,૨૨,૫૭,૦૦૦ જેવી થવા જાય છે. અમે જ્યારે ગ્રામ્ય વિસ્તારની અંદર જઈએ ત્યારે એમ કહેવામાં આવે છે કે અમે પૈસા ભર્યા એને બે વર્ષ થયા, બે વર્ષથી માગણી કરી છે, છેલ્લા બે વર્ષથી અમે આ અંગે રજૂઆતો કરતા આવ્યા છીએ, અમને જો તત્કાલ વીજ જોડાણ મળે તો કૂવા કે બોરમાંથી પાણી કાઢીને ખેતીમાં ઉપયોગ લઈ શકીએ. પરંતુ અહીંયા તો જયોતિ ગ્રામ યોજનાની એકજ વાત કરવામાં આવે છે. આ યોજના સાથે સાથે ખેડૂતોનું હિત ધ્યાને રાખીને તત્કાલ વીજ જોડાણની પણ ચિંતા કરી હોત તો અમે આ માગણીઓને ચોક્કસ સમર્થન આપત. આ બજેટને પણ સમર્થન આપત. ખેડૂતોની કેવી લાચારી એ તો જૂઓ. કોઈપણ ઉદ્યોગપતિ વીજ જોડાણની માગણી કરે તો એને ત્રણ થી ચાર મહિનાની અંદર વીજ જોડાણ મળી જાય. જ્યારે ખેડૂતોને ૧૫-૧૫ વર્ષ સુધી લાઈનમાં ઊભા રહેવું પડે અને તેથી છેવટે ખેડૂત પોતાના કૂવામાંથી પાણી કાઢવા માટે અથવા પોતાના પશુઓને બચાવવા માટે લીલો ઘાસચારો કરવા માટે લંગરીયું નાખે એ પણ વીજ જોડાણ નહિ મળવાને કારણે એને વીજ જોડાણ લેવું છે, પૈસા ભરવાની તત્કાળ તૈયારી છે, પરંતુ સમયસર વીજ જોડાણ નહિ મળવાને કારણે કદાચ વીજ ચોરી કરી હોય તો કેવી હાલત એની થાય. એની ઉપર ૧૩૫ની કલમ લગાડીને દંડ તો ફટકારવામાં આવે. સાથે સાથે એક હોર્સ પાવર દીઠ ૨૦૦ રૂપિયા કોર્ટ કેસની કાર્યવાહી પણ વસૂલ કરવામાં આવે. ઘણા ખેડૂતો આનો ભોગ બન્યા છે. આ ખેડૂતોએ પૈસા નહિ ભરવાના કારણે એની ઉપર પોલીસ કેસ અથવા તો જેલ ભેગા થવાનો વારો આવ્યો છે. જ્યારે ઘણા ખેડૂતો પોતાની જમીન વેચીને પૈસા ભરવા મજબૂર થયા છે.

આ સાથે મહેસૂલ વિભાગના બે ત્રણ સૂચનો કરવા માગું છું. આજે સવારે જ દબાણ અંગેની વાત થઈ હતી. કોઈપણ ખેડૂતને પોતાની માલિકીની જમીન હોય એમાં કયાંય પાણીનો સોર્સ ન મળે એવા સમયે બાજુની બે ગુંઠા જમીનની માગણી કરે. વારંવાર એ મામલતદાર કચેરીએ, કલેકટર કચેરી સુધી ધક્કા ખાય તેમ છતાં એને બે ગુંઠા જમીન ન મળે. કોઈ નાનો ખેડૂત હોય એ ખેડૂત પોતાની ભળતી ફેણી લેવા માટેની માગણી કરે અને પ્રિમિયમ ભરવાની પણ પૂરી તૈયારી બતાવે, કોઈને અડચણ રૂપ ન હોય, કોઈને વાંધારૂપ ન હોય પણ એ તલાટી કમ મંત્રી, મામલતદાર કે સર્કલ પાસે જઈને સમજે નહિ એ વહીવટ ન કરે તો એની અરજી ફાઇલ થઈ જાય. એની ખરેખર વાજબી વાત હોય તો પણ એ ખેડૂતની વાત ટલ્લે ચડાવવામાં આવે પરંતુ એની બાજુમાં ઉદ્યોગગૃહવાળો આવી ગયો તો એને આપવા તત્પર હોય. તો તેને હજારો એકર આપવાની રાજય સરકારની તત્પરતા અને તૈયારી હોય. છેલ્લે મહેસૂલની અંદર માપણી ક્યારે થઈ? ૧૯૫૫માં માપણી થઈ. ત્યાર પછી દર ૩૦ વર્ષે તેની માપણી થવી જોઈએ. ગ્રામ્ય વિસ્તારમાં સૌથી વધારે નાના ખેડૂતો વચ્ચે ઝઘડા થવાનું કારણ, ખૂન થવાનું કારણ રસ્તાઓ અને શેઢાને કારણે છે. કોઈ હદ દિશા નહીં હોવાને કારણે તેમાં ઝઘડા થાય છે. ખૂન પણ થાય છે. દિવસે દિવસે જમીનના ટૂકડા થતા જાય છે. ટૂકડા ધારામાં પણ ફેરફાર કરીને પાંચ ભાઈઓ હોય અને જમીનનો ટૂકડો થાય ત્યારે તેને ખાતે ચડાવવા માટે ખૂબ મુશ્કેલી પડે છે. આવા સમયે આ ટૂકડા ધારાનો નિયમ છે તેમાં ફેરફાર કરીને અને ખેડૂતનો જો ટૂકડો પડતો હોય તો એ પણ તેના ખાતે ચડે એવી જોગવાઈ કરવી જોઈએ. કેવી કમનસીબી છે. રાજકોટ સ્ટૅમ્પ ડ્યૂટીની ઑફિસ છે તેમાં દોઢ વર્ષથી અધિકારીની જગ્યા ખાલી છે.

**ડૉ. કનુભાઈ કળસરિયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી તથા મહેસૂલ મંત્રીશ્રી પોતાની માગણીઓ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે, તેનું સમર્થન કરવા અને મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. મહેસૂલ વિભાગને હૃદય સાથે સરખાવવામાં આવ્યો. એ યોગ્ય જ છે. કેમ કે હૃદય છે તે આખા શરીરનું સંચાલન કરે છે. તો મહેસૂલ વિભાગ પણ કંઈક એવું જ કાર્ય કરે છે કે સમગ્ર રાજયની જમીન અને સંપત્તિને લગતા પ્રશ્નોનો વહીવટ કરે છે અને એટલે તેને હૃદય સાથે સરખાવીએ તો ખોટું નથી. એવી રીતે ઉર્જા વિભાગ છે તેને જઠર સાથે સરખાવી શકાય. કારણ કે જઠરમાં પાચન થાય અને શકિતનું નિર્માણ થાય, એ શકિત દ્વારા આખું શરીર ચાલે. આ જાતની સરખામણીમાં મને શ્રીમદ્ ભગવત ગીતાના ૧૩મા અધ્યાયનો એક શ્લોક યાદ આવે છે. એમાં બીજાં શ્લોકમાં લખ્યું છે કે ઈદમ્ શરીરમ્ કોન્તે ક્ષેત્રમિત્ય વિદિતે. આ શરીરને ક્ષેત્ર તરીકે ઓળખવામાં આવ્યું છે. એવી જ રીતે ક્ષેત્ર એટલે ખેતર પણ કહીએ છીએ. તો જમીન છે તેને ક્ષેત્ર કહી શકાય. ક્ષેત્ર સાથે ડીલ કરે, તેની સાથે વ્યવહાર કરે તેના પ્રશ્નો તેવો આ મહેસૂલ વિભાગ છે. એટલે તેને હૃદય સાથે સરખાવીએ તો કંઈ ખોટું નથી. એક બહુ જાણીતી કહેવત છે કે યથા રાજા તથા પ્રજા. તો એવું કહેવાય છે અને એ યોગ્ય જ છે. રાજાનો જે પ્રકારનો વહીવટ હોય એ પ્રમાણેની પ્રજા પણ તૈયાર થાય. તો એવું કહી શકીએ કે યથા મંત્રીમંડળ તથા અધિકારી તંત્ર. મંત્રી મંડળ જે રીતે કાર્ય કરે એ જ પ્રમાણે અધિકારી તંત્ર પણ ઘડાય અને પ્રજાના પ્રશ્નો ઉકેલવામાં એ પ્રમાણે સરળતા થાય. તો માનનીય મુખ્યમંત્રીશ્રીના સબળ અને પ્રમાણિક માર્ગદર્શન નીચે સમગ્ર મંત્રી મંડળ અને તેમાં ખાસ કરીને મહેસૂલ અને ઉર્જા વિભાગની જ્યારે ચર્ચા

ચાલી રહી છે ત્યારે બન્ને તંત્ર એટલા સરસ કાર્ય કરી રહ્યા છે કે તેના પરિણામો પ્રજા સુધી પહોંચવા માંડ્યા છે. જે કોઈ થોડા ઘણા પ્રશ્નો હશે, અહીં કહેવામાં આવ્યું કે ઉર્જા ગામેગામ પહોંચાડવામાં આવી છે. ૨૪ કલાક વીજળી જયોતિગ્રામ દ્વારા, તો હજી વાડી વિસ્તારમાં નથી મળી. વાત સાચી છે પણ આ દિશામાં પણ તંત્ર કાર્યરત છે અને મંત્રીશ્રી સજાગ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા જે પ્રશ્નો છે. તત્કાલ વીજ કનૅક્શનના છે. એ બાબતમાં માનનીય મંત્રીશ્રી ખૂબ જાગૃત છે અને વહેલી તકે એ પ્રશ્નો ઉકેલશે એવી આપણને સૌને શ્રદ્ધા છે.

મહેસૂલ તંત્ર, તેણે થોડા વર્ષોમાં વહીવટમાં કેટલો સુધારો કર્યો. માનો કે અછતના કામો. અછતના કામોમાં કાયમી જરૂરિયાત જેવા ઘણા બધા કામો તેમાં સમાવેશ કર્યા અને એ પ્રમાણે માનો કે આડબંધો બંધાવવા, ગૂગળ એકત્ર કરવું, ગાંડા બાવળ કાપવા એ બધાનો સમાવેશ નહોતો થતો. તો તેનો સમાવેશ કરવામાં આવ્યો અને સાથે સાથે કલેકટરની સત્તા પાંચ લાખ સુધીની હતી એ ૫૦ લાખ સુધી કરવામાં આવી. તો આવું સરળીકરણ અને લોકોને સીધો લાભ મળી શકે એવો સુધારો કર્યો છે. તેને ખૂબ ખૂબ બિરદાવું છું. શહેરી વિસ્તારોમાં બિન ખેતી કરવાનું અને બાંધકામની પરવાનગી. આ બાબતમાં પણ સરળીકરણ કરીને બિન ખેતી માટે કલેકટર અને ડી.ડી.ઓ.ને સત્તા રહે પણ બાંધકામની પરવાનગી નગરપાલિકાઓને. એટલે આ પ્રક્રિયા પહેલાં ખૂબ સમય લેતી હતી તેના બદલે આ પ્રક્રિયા હવે ઝડપી બનાવી.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ટૅમ્પ ડ્યૂટી છે તો એની અંદર ઘટાડો કર્યો છે એની સાથેસાથે એમાં સરળીકરણ પણ કર્યું અને એ સરળીકરણને કારણે જે ૨૭ પ્રકારના દર હતા અને અટપટા હતા એને બદલે ૯ પ્રકારના દર કરવામાં આવ્યા. ઈ-ગવર્નન્સ દ્વારા જમીન દફતરનું સંપૂર્ણ કમ્પ્યુટરાઈઝેશન થયું અને એવી રીતે ૭/૧૨ અને ૮/અની નકલો પ્રિન્ટેડ મળે અને પારદર્શક વહીવટ થાય સરળ રીતે થાય એવો વહીવટ ઈ-ગવર્નન્સ દ્વારા ૨૨૫ તાલુકાઓ સુધી પહોંચાડી દેવામાં આવ્યો છે. મહાનગરપાલિકાઓની અંદર એવું હતું કે, ફરજિયાત કામો છે એના માટે ૨૫ ટકા અને મરજિયાત કામો માટે ૫૦ ટકા બજાર ભાવની કિંમત લઈને જમીનની ફાળવણી થતી હતી. એમાં તમામ નગરપાલિકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે તે બદલ માનનીય મહેસૂલ મંત્રીશ્રીને હું ધન્યવાદ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓની તરફેણમાં દસ્તાવેજો થતા હતા એ બધા દસ્તાવેજોમાં માફી આપી મહિલા સશકિતકરણનું એક બિરદાવવા જેવું કામ મહેસૂલ વિભાગે કર્યું છે. આપત્તિ વ્યવસ્થાપન દ્વારા, આપણે ત્યાં ૨૦૦૧માં ભૂકંપ આવ્યો અને પછીથી જે તંત્ર ઉભું થયું. એ ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળની રચના થઈ. એની કામગીરી એટલી બધી ઉત્કૃષ્ટ થઈ કે, બાંગ્લાદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન જેવા પડોશી દેશોએ આપણી આ વ્યવસ્થાને બિરદાવી અને માહિતી મંગાવી કે આ તંત્ર તમે કેવી રીતે ઊભું કર્યું? એ કેવી રીતે કાર્યરત છે? અને બીજા રાજયોએ પણ એની કામગીરી બિરદાવી છે અને માહિતી તથા માર્ગદર્શન મંગાવી અને એનો અમલ કરવાની શરૂઆત કરી છે. એની સાથોસાથ ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટની સ્થાપના અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજીકલ રીસર્ચની સ્થાપના એ પણ આ દિશામાં ખૂબ જ સ્તુત્ય પગલું છે. અને આવનારા દિવસોમાં આ દિશામાં ખૂબ જ વિકાસ થશે અને પ્રજાને ખૂબ સારો ફાયદો મળશે. મારી એક વાત કરીને મારું પ્રવચન પૂરું કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ધાતરવડી -૨ ડૅમ બની રહ્યો છે એની અંદર કોઈ વહીવટી ક્ષતિના કારણે, ગેરસમજના કારણે, ખેડૂતોની ફળદ્રુપ જમીન છે, ઝાંપોદર ગામ વસાવવા માટે અપાતી હતી. એમાં માનનીય મંત્રીશ્રીએ ખૂબ ઊંડો રસ લઈને નિયમોનો પૂરેપૂરો અભ્યાસ અને પૂરેપૂરી કાળજી લઈને કેમકે, આ સરકારી જમીન પડતર પડેલ હતી અને નજીકમાં મળે એમ હતી એટલે એમણે તરત જ આ વસ્તુને ભારપૂર્વક જાહેર કર્યું અને સાથે સાથે કાર્યવાહી ચાલુ કરી કે. જ્યારે જમીન પડતર પડેલ હોય ત્યારે ખેડૂતોની ફળદ્રુપ જમીન ન જ લેવાય એ પ્રમાણે તંત્રને સજાગ બનાવીને કાર્યવાહી શરૂ કરી છે એ બદલ માનનીય મહેસૂલ મંત્રીશ્રીને હ્રદયપૂર્વકના અભિનંદન આપું છું અને જે કાંઈ માનનીય મંત્રીશ્રીઓ માગણીઓ લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

### સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ચર્ચા પૂરી થાય અને માનનીય મંત્રીશ્રીઓના જવાબ પૂરા થાય અને મતદાન પૂરું થાય ત્યાં સુધી એટલે કે ૪૫ મિનિટનો સભાગૃહનો સમય લંબાવવાની દરખાસ્ત રજૂ કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૧ સભ્યો બોલવાના છે એટલે ૪૫ મિનિટ લંબાવવામાં આવે એમાં મારો ટેકો છે. દરેકને ૫ મિનિટ લેખે ગણીએ તો ૪૫ મિનિટ થાય છે.

**સભાપતિશ્રી** : સભાગૃહનો સમય ૧ કલાક માટે લંબાવવામાં આવે છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા અને પેટ્રો કૅમિકલ્સ વિભાગ તથા મહેસૂલ વિભાગની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રીઓ આવ્યા છે, ત્યારે હું મારા વિચારો રજૂ કરવા માટે

ઊભો થયો છું. મહેસૂલ વિભાગ જેમ માણસોના જીવનમાં ધોરી નસ હોય છે એમ વહીવટની દ્રષ્ટિએ ધોરી નસ સમાન છે. દુષ્કાળ હોય, અતિવૃષ્ટિ હોય, ભૂકંપ હોય, કોમી રમખાણ હોય, લો એન્ડ ઑર્ડરની પરિસ્થિતિ હોય એ બધામાં ભૂમિકા ભજવવાની હોય છે. એ સાથે વીજળી, ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ આમ તો જળ એ જીવન કહેવાય છે પણ આજની પરિસ્થિતિમાં એમ કહી શકાય કે વીજળી એ જીવન છે. આ રાજયની અંદર ૨-૩ વસ્તુનું ધ્યાન દોરીને હું મારી વાત આગળ વધારીશ. વીજળીની બાબતમાં ગ્રામ વિસ્તારમાં જે પુરાણા વીજ જોડાણો છે એના વીજ વાયરો એટલા બધા જર્જરીત થયા છે અને અનેક વખત અકસ્માતો થાય છે. ખાસ કરીને ચોમાસામાં વધારે પશુઓના અકસ્માતો થાય છે અને મારી જાણ મુજબ આજે પણ વીજળી બોર્ડની સામે કેટલાએ કેસો આજે કોર્ટમાં ચાલે છે. જયાં પ્રાથમિક શાળાઓ ગામડામાં આવેલી છે એના વિસ્તારની અંદર પણ વીજ વાયરો બહુ નજીક હોય છે. કેટલીક વખત વાવાજોડા આવે, પવનો આવે, ઝાડ પડવાના પ્રસંગો બને ત્યારે પહેલી અસર એની વીજ જોડાણોના વાયરો ઉપર થાય છે. એમાં સુધારો થઈ રહ્યો છે પણ એમાં થોડીક ઝડપ લાવે એટલી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવાની છે.

ખેડૂતોના વીજ જોડાણો માટે ઘણી વાતો થઈ છે એટલે વધારે વાત કરવા માગતી નથી. હું જે વિસ્તારમાંથી આવુ છું, ઉત્તર ગુજરાતનો વિસ્તાર એની ધરતીના પેટાળમાંથી હજાર, બારસો, પંદરસો ફૂટથી પાણી કાઢનાર ખેડૂત ૧૦ થી ૧૫ લાખ રૂપિયાનું ખર્ચ કરીને જીવવા માટે પોતે ફાંફા મારે છે. પુરુષાર્થ કરે છે. આજે વીજળીની જે પરિસ્થિતિ પેદા થઈ છે, એક સમયે શંકરસિંહ વાઘેલાના સમયમાં ૧૬ કલાક વીજળી આ રાજયના ખેડૂતોને આપી હતી એ ઘટતી ઘટતી કેશુભાઈ સાહેબે વખતે પણ ૧૦ થી ૧૨ કલાક વીજળી આપી, આજે ૮કલાક વીજળી મળી છે. એનું ડ્રોપીંગ જે થાય છે એના કારણે એવરેજ ૬ થી ૭ કલાક ખેડૂતોને વીજળી મળે છે એટલે મારી એક જ વિનંતી છે કે એવરેજ ૧૦ કલાક કરાય તો ખેડૂતોની માગણી સંતાષાસે આ બાબતમાં ગંભીરતાપૂર્વક માનનીય મંત્રીશ્રી વિચારે એવી મારી વિનંતી છે. વીજ ઉત્પાદન માટે આપણે ઘણા પાછળ રહ્યા છીએ. ગેસ આપણા માટે અત્યંત જરૂરી છે. મારે એક જ વાત કરવી છે. બહુ લંબાવવા માગતો નથી. ગુજરાતના કેટલાક સપૂતો આજે દિલ્હીની અંદર બેઠા છે. અમારા વિરોધ પક્ષના નેતા અને અમારા આદરણીય અહેમદભાઈ હમણાં જ સિંચાઈ મંત્રીશ્રીને મળ્યા અને નર્મદાના પ્રશ્નની અંદર રજૂઆત કરી એ જ રીતે આ ગેસના પ્રશ્નની અંદર પણ દિનશા પટેલ બેઠા છે. આ રાજયના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા બેઠા છે આ બધાનો ઉપયોગ કરીને ગુજરાતના હિતમાં આપણે આગળ વધીએ એવી મારી અપીલ છે. ખાસ કરીને મહેસૂલ વિભાગની વાત કરું તો અછતનું મેન્યુઅલ છે જે સ્કેર સીટી મેન્યુઅલ ઘણું પૂરાણું છે. એમાં સુધાર્ કરવાની ખૂબ જ જરૂર છે અને એમાં પણ દુષ્કાળ પડે ત્યારે પહેલા ભોગ પશુ બને છે. બીજો નંબર ઉભડ મજૂરો બને છે એ મેન્યુઅલમાં સુધારો કરીને ખાસ કરીને નાના પશુઓ જે છે એ પશુઓનો પણ આમાં સમાવેશ થાય એ વર્ષો જૂની માગણી છે. માલધારીઓની, એનો પણ તમે વિચાર કરો એવી મારી વિનંતી છે. આજે જ્યારે આપણા વહીવટની વાતો કરીએ છીએ ત્યારે મહેસુલ અંગેના જિલ્લાના વહીવટો માટેનું કેન્દ્ર એ કલેકટર ઓફીસ છે. એમાં રાજયમાં નવા જિલ્લાઓ જે થયા એનું મહેકમ જે ઓછું અપાય છે સરેરાશ ૪૦ ટકા જગ્યાઓ આજે પણ ખાલી છે. એ જગ્યાઓ વહેલી તકે પૂરાય તો મને લાગે છે કે વહીવટ ઉપર એની અસરો થાય છે એ અસરો એમાંથી આપણે વાળી શકીએ , એટલું જ નહીં આપણે ત્યાં જમીનને મિલકત ગણી છે, પોતાની સ્થાવર મિલકત ગણી છે, મારે એટલી જ વાત કરવાની છે કે સંયુક્ત કુટુંબ, જ્ઞાતિ આધારિત કુટુંબો ગામડાથી દૂર પોતાની જમીન લઈને પોતાના ખેતરમાં ૨૫-૫૦ ઘરોમાં પોતાનો વસવાટ કરે છે એને રેવન્યુ વિલેજ જાહેર ન થતાં રાજ્યની કેટલીક સહાય મળતી નથી. એના માટે રાજ્ય સરકાર કોઈ નીતિ નક્કી કરીને એ રેગ્યુલરાઈઝ કરે એવી મારી વિનંતી છે. ખાસ કરીને મહેસૂલ વિભાગ છે એ જમીન સાથે જોડાયેલો છે ત્યારે મારે બીજી લાંબી વાતો કરવી નથી, પરંતુ એટલી જ વાત કરવી છે કે ભ્રષ્ટાચારની બાબતમાં વાત કરવા જઈએ તો ઘણી લાંબી વાતો થાય. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટમાં જ પૂરું કરીશ.

**સભાપતિશ્રી** : આપનાં સૂચનો લેખિત સ્વરૂપમાં આપી દેજો એટલે માનનીય મંત્રીશ્રી એમના પ્રવચનમાં વણી લેશે. માનનીય બાબુભાઈ.

**શ્રી બાબુભાઈ જ. પટેલ (દસક્રોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા અને મહેસૂલ મંત્રીશ્રી એમની માગણી નંબર: ૧૨, ૧૩, ૭૬, ૭૮ અને ૭૯ લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હિન્દુસ્તાનમાં મોગલ શાસનમાં અકબરનું રાજ ચાલતું હતું ત્યારે ટોડલમલ નામની વ્યક્તિએ સૌ પ્રથમ વાર મહેસૂલી પદ્ધતિ દાખલ કરી. મોગલકાળનો અંત આવ્યા પછી કોંગ્રેસનું શાસન આવ્યું. કોંગ્રેસના શાસનમાં એન્ડરસન નામના લેખકે મુલ્કી હિસાબોનું પત્રક બનાવી મહેસૂલના નિયમો સરળ બનાવી અને લોકોને લાભ મળે એવો સુધારો મૂક્યો. હિન્દુસ્તાન આઝાદ થયા બાદ લોકશાહીની સ્થાપના તો થઈ પરંતુ આ દેશમાં કોંગ્રેસી શાસનના મોટા ભાગના લોકો સત્તાની ઓથમાં, વૈભવના વિલાસમાં આમ આદમીને ભૂલી ગયા અને મહેસૂલ વિભાગની અવગણના અને ઉપેક્ષા થઈ. જેના લીધે મહેસૂલ વિભાગમાં જે સરળીકરણ થવું

જોઈએ એ થઈ શક્યું નહીં અને ખેડૂતોના નામો અને ખેડૂતોના નાનામાં નાના કામો, ૭-૧૨, ૬ નંબરનું હક્ક પત્રક જેવી એની માલિકીની પણ એને ખબર પડતી ન હતી. ખેડૂતોને એ પણ ખબર ન હતી કે જમીન એના નામે છે કે નહિ? મારે કહેવું છે કે આ કોંગ્રેસના શાસનમાં જો રાજ કર્યું હોય તો આ તલાટીઓએ કર્યું છે. એમના રાજમાં કહેવત હતી કે, "કલેકટર કકળાટ કરે, મામલતદાર મૂંઝાય, સર્કલ બિચારો શું કરે, આમના રાજમાં તલાટી કરે એમ થાય." કોંગ્રેસના શાસનમાં મહેસૂલ એટલે ભ્રષ્ટાચારનો અડ્ડો હતો. જમીન ટોચ મર્યાદા કાયદો હતો, ત્યારે આ મિત્રોએ એનો ભરપૂર દુરુપયોગ કરીને ભ્રષ્ટાચાર કર્યો છે. ૨૬ની એન.ઓ.સી., ૨૭ની એન.ઓ.સી.,૧૯ની એન.ઓ.સી., વિકર સેકશનની એન.ઓ.સી. પૈસા વગર મળતી ન હતી. ખોટી એફિડેવિટો મૂકીને એમણે એન.ઓ.સી. ઊભી કરી હતી. એમના જમાનામાં રિઝર્વેશન મૂકાતા હતા અને ઉઠાવવાના પણ પૈસા લેતા હતા. મોટામાં મોટા ભ્રષ્ટાચારનું એમના સમયમાં ચાલ્યું છે.

આપણો દેશ ઋષિ અને કૃષિનો દેશ છે પણ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે એમણે ખુરશીનો દેશ કરી દીધો છે. ભાજપે આ સત્તા સંભાળ્યા પછી ખુરશી નહિ, કૃષિની રીતે, ઋષિની રીતે આગળ ચલાવીને, ઋષિના હાથમાં આગળ વધીને આપણે ગુજરાત નંબર વન બનાવ્યું છે અને અમારું લક્ષ્ય એ સેવાનું લક્ષ્ય છે, કામ કરવાનું લક્ષ્ય છે અને લોકહિતનું લક્ષ્ય છે. જેવું કે - ધરતીકંપ હોય, અતિવૃષ્ટિ હોય, દુષ્કાળ હોય આ મહેસૂલખાતું અમારા માટે સેવાનું લક્ષ્ય છે અને કોંગ્રેસના શાસનમાં ધંધાનું લક્ષ્ય હતું.

બીજી વાત કરું, સ્ટેમ્પ ડ્યૂટીની અત્યાર સુધી એમના શાસનમાં ૧૧ ટકા હતી, ૮ ટકા હતી જે ઘટીને ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૬ ટકા સ્ટેમ્પ ડ્યૂટી કરી છે તો માનનીય મુખ્યમંત્રી અને મહેસૂલ મંત્રીને અભિનંદન આપવાં છે. બીજી વાત મારે એ કરવી છે કે આ દેશ જો ખેતીપ્રધાન દેશ ગણાતો હોય, આઠ કિલોમીટરનો કાયદો છે એમાં ગુજરાતનો ખેડૂત ૧૦ કિલોમીટરમાં જમીન રાખી શકતો અને એમણે એક (અંતરાય) નવો કાળો કાયદો કરી. (અંતરાય)

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી મહેસૂલ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે, એના પર મારા વિચારો દર્શાવવા માટે ઉપસ્થિત થયો છું ત્યારે મારે કશું લાંબુ બોલવું નથી. માત્ર સૂચનો કરવા છે. મહેસૂલની જ્યાં બાબત હોય અને ખૂબ ચિંતિત મહેસૂલ મંત્રી છે એ બાબત પણ જાણું છું ત્યારે હું આદિવાસીઓની વાત કરવા માગું છું. એ આદિવાસીઓની બાબતે હું ખૂબજ ચિંતિત છું તો મંત્રીશ્રી એમાં ધ્યાન આપશે અને કોઈ સમાધાનની ફોર્મ્યુલા શોધી કાઢશે એવી હું આ બાબતે વિનંતી કરું છું. આ સરકાર ખૂબ ચિંતા આદિવાસીઓની કરે છે ત્યારે બે જ વાત પર ચર્ચા કરું છું. એક તો આઠ કિલોમિટરનો જે કાયદો જે કાઢી નાંખવામાં આવ્યો એ ઉપરની ચર્ચા કરીશ. બીજું ૭૩(એએ)ની કલમ છે એ વિષય પર ચર્ચા કરવી છે ત્યારે આઠ કિલોમીટરનો કાયદો કાઢવામાં આવ્યો છે ત્યારે ખાસ કરીને મારા વલસાડ વિભાગની અંદર ખૂબ ફળદ્રુપ જમીન પર આજે અતિક્રમણ થઈ રહ્યું છે. મારા ખેડૂત મિત્રો એની અંદર આદિવાસી, ઓ.બી.સી., એસ.સી. હોય એ તમામની જમીનો આજે પૈસાના જોરે, પૈસાની તાકાતે શાહુકારો એ જમીન જ્યારે લઈ લે છે. આદિવાસી, ઓ.બી.સી. જે મારા ખેડૂત મિત્રો છે એ આજે જમીન વિહોણા થઈ રહ્યાં છે એ અતિ ગંભીર બાબત છે. કોંગ્રેસ સરકારે બહુ સારો કાયદો જ્યારે આદિવાસી, ઓ.બી.સી.ના રક્ષણ માટે આઠ કિલોમીટરનો કરેલો. બીજી મારે ખાસ વાત કરવી છે ૭૩(એએ)ની કલમ આદિવાસીઓના રક્ષણ અર્થે એની જમીન ટકી રહે, એના પાસે બિચારો એ ખેતી કરીને એનો જીવન નિર્વાહને ટકાવી રાખે, જીવન જીવી શકે એટલા માટે કોંગ્રેસ સરકારે કાયદો બનાવેલો. આજની જે પરિસ્થિતિ છે એ કહેતાં મારું માથું ઝૂકી જાય છે એમ કહું તો ખોટું નહીં. આજે બિલ્ડરો યેનકેન પ્રકારે આદિવાસીઓની જમીનો ઝૂંટવી લઈ રહ્યા છે, બહુ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે પ્રશ્નોત્તરીમાં એ જવાબ પણ મળ્યો છે કે, આદિવાસીઓની જમીનો બીજી વ્યકિતઓ લઈ ન શકે અને એના માટે કાયદો છે જ એ પ્રશ્નોત્તરીમાં એક જવાબ આપેલ જ છે ત્યારે મારું એ કહેવું છે કે, આજની તારીખમાં અમારા વિસ્તારમાં આદિવાસીઓની જમીનો, શાહુકારો, બિલ્ડરો લઈ રહ્યા છે એના ઉપર દસ માળના મકાનો, ટાવરો ઊભા થઈ રહ્યાં છે. જ્યારે આ જમીનો આદિવાસી પાસેથી બિન-આદિવાસી લે છે ત્યારે ૭૩AAની કલમ નીકળી જાય છે અને એના ઉપર દસ માળના મકાનો ઊભા થઈ જાય છે પણ એજ આદિવાસી જ્યારે કોઈક ધંધો કરવા માગતો હોય, પોતે બિલ્ડરનું કામ કરવા માગતો હોય ત્યારે એ કલમ યથાવત એની એજ રહે છે. મારો કહેવાનો મતલબ એ છે કે, જે અધિકારો મળ્યા છે બંધારણમાં જે અધિકારો મળ્યા છે એ મૂળભૂત અધિકારો જળવાઈ રહે એ દિશામાં આ સરકાર કાંઈક સંશોધન કરે એવું હું આ તબક્કે કહેવા માગુ છું. એની સાથે મારી પાસે આ તબક્કે એના પુરાવાઓ પણ છે કદાચ કોઈક એમ માને કે, આ ધારાસભ્ય ખોટું કહી રહ્યા છે તો મારી પાસે એના તમામ પ્રકારના પુરાવાઓ છે. હું તમારી વચ્ચે અત્યારે એક કિસ્સો કહેવા માગું છું, આમ તો ઘણા બધા કિસ્સાઓ છે પણ એમાંથી એક કિસ્સો કહેવા માગું છું કે, આદિવાસી બહેન, અંગુઠાછાપ બહેન, ૭૦ વર્ષની ઉંમરની વિધવા બહેન અને એની જમીન એક શાહુકાર વણીકભાઈ લઈ લે છે, ૧૪ ગુંઠા જમીન શહેરમાં છે અને એની કિંમત ૭૦ લાખ રૂપિયા થાય છે.

**સભાપતિશ્રી** : શ્રી પ્રહલાદભાઈ.

**શ્રી પ્રહલાદભાઈ મો. પટેલ (વિસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ અને મહેસૂલ વિભાગના મંત્રીશ્રીઓ જે માગણી નંબર: ૧૨, ૧૩, ૭૬, ૭૮ અને ૭૯ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં બધા રાજયોમાં જોઈએ તો વીજળીની બાબતમાં એક ગુજરાત રાજય જ એવું રાજય છે કે, જ્યાં ચોવીસ કલાક વીજળી ગામડાઓમાં પૂરતી મળી રહે છે. જ્યોતિ ગ્રામ યોજના એ આખા હિન્દુસ્તાનમાં સૌ પ્રથમ ગુજરાત રાજયમાં કરવામાં આવી અને આજે એના ૧૬૪૨૧ ગામોમાં એ કામ પૂરું કરવામાં આવ્યું છે એ બદલ મુખ્ય મંત્રીશ્રી અને ઊર્જા મંત્રીશ્રીને ખરેખર ધન્યવાદ આપું છું સાથે સાથે જીઈબીની ટીમના કર્મચારીઓ અને અધિકારીઓને પણ આ બદલ ધન્યવાદ આપું છું કે આ જ્યોતિ ગ્રામ યોજનામાં આખા હિન્દુસ્તાનમાં પ્રથમ રાજય છે અને આ જોઈને બીજા રાજયો પણ વિચાર કરતા થઈ ગયા છે કે આ કેવી રીતે બન્યું? આનો અમલ પોતાના રાજયોમાં કરવા માટે બીજા રાજયોની ટીમો આપણા અધિકારીઓ અને મંત્રીશ્રી પાસે સલાહ સૂચનો લેવા આવતા હોય છે. ૧૯૬૦માં જી.ઈ.બી.ની સ્થાપના થઈ એ પછી આટલા વર્ષોમાં જેટલા થાંભલાઓ અને વાયરો નાખવામાં આવ્યા છે એના કરતાં પણ વધારે આ જ્યોતિ ગ્રામ યોજનામાં થાંભલાઓ નાખવામાં આવ્યા છે એ ખરેખર ધન્યવાદને પાત્ર છે. આપણે આપણા વિસ્તારમાં જઈએ તો ઘણાં મિત્રો કહેતા હતા કે, જીઈબી બોર્ડના પ્રશ્નોની ચર્ચા કરતા હતા, નવમી તારીખે જે બનાવ બન્યો હતો અને એમાં જે શબ્દો વપરાયા હતા એ જ્યારે ગામડામાં રાત્રે વીજળી મળતી નહતી ત્યારે એવા શબ્દો વપરાતા હતા અને એવા શબ્દો ધારાસભ્યોને સાંભળવા પડતા હતા. આજે આ વાત પતી થઈ અને ગામડામાં જઈએ તો લોકો પહેલાં અભિનંદન આપે છે કે, સમાચાર સાંભળવા ચોવીસ કલાક વીજળી મળી રહી છે અને ઘરમાં ફ્રીઝ, ટી.વી. અને પંખા માટે ચોવીસ કલાક વીજળી મળી રહે છે અને એના કારણે કેટલાય ફાયદા ગામડાઓમાં થયા છે. આજે આપ જાણો છો કે ખેડૂત વિસ્તારમાં વિસનગર તાલુકો અને મહેસાણા જિલ્લો પશુપાલન ઉપર ચાલતો જિલ્લો છે. આ જિલ્લામાં ગામડાંમાં અને ખેતરમાં પશુપાલનનો મોટો વ્યવસાય હોવાને કારણે થ્રી ફેસ વીજળી મળે પણ સીંગલ ફેસ વીજળીની તકલીફ હતી. એ દૂર કરી સીંગલ ફેસ વીજળી ખેતર સુધી પહોંચતી થઈ છે. એ અભિનંદનને પાત્ર છે, થોડું બાકી છે એ પણ ટૂંક સમયમાં પૂરું કરવા વિનંતી છે.

કુટિર જયોતિ ઝૂંપડા યોજના અમારા વિસ્તારમાં કેટલોક વિસ્તાર એવો હતો કે એ વિસ્તારમાં ઠાકોર સમાજ, દલિત સમાજ, આદિવાસી સમાજના લોકો આપણી પાસે આવે કે વીજળી મળતી નથી. ગામડાંમાં ઝુંપડપટ્ટીની તલાટી કે સરપંચે એન્ટ્રી ન પાડી હોય એવા વિસ્તારમાં કુટિર જયોતિ જાહેર કરીને કામ શરૂ કરવા બદલ હું મંત્રીશ્રીને અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. એ ખૂબ મહત્વનું કામ હતું. આ લોકો જે બોલી રહ્યા છે એ લોકોને ત્યાં કામ શરૂ કરી સરકારે મફત વીજળી આપવાનો પ્રયત્ન કર્યો છે એ અભિનંદનને પાત્ર છે. ગેસ પાઈપલાઈન મહેસાણાથી ઉંઝા, ઉંઝાથી વડનગર વચ્ચે વિસનગર રહી જાય છે. વિસનગર થઈને વડનગર જવાય છે તો વિસનગરને લાભ મળે અને શહેરના ઉદ્યોગોને પણ લાભ મળે એ માટે વિનંતી છે.

મહેસૂલ વિભાગમાં થોડા સૂચનો છે. ગામડાંમાં પંચાયતમાં આપણે કોમ્પ્યુટર આપવા માગીએ છીએ. સરકાર આપવા માગે છે એ રીતે સંસ્થાઓ પણ આપવા માગે છે પણ મંજૂરીની બાબતમાં સહકાર ખાતામાંથી મંજૂરી મળતી નથી. તો મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈને વિનંતી કરું છું કે તમે સ્પેશ્યલ જી.આર. કઢાવીને કોઈપણ સંસ્થા પંચાયતને કોમ્પ્યુટર આપવા માગતી હોય તો જી.આર. મારફત કોઈ તકલીફ ન થાય અને મંજૂરી મળે એ માટે પ્રયત્ન કરજો. બ્લોક પદ્ધતિનો પ્રશ્ન ખૂબ મહત્વનો છે. છેલ્લા ૮ વર્ષથી દરેક બજેટ સત્રમાં આ પ્રશ્ન મૂકવામાં આવે છે. ગામડાંમાં મારા વિસ્તારમાં સાત ગામડાં એવા છે કે ૫૦ વીઘામાંથી એક બે વીઘા ખેડૂત પાસે રહ્યા હોય છે. એના સ્ટેમ્પ થતા નથી. ૫૦-૬૦ નામ એડ થયાં છે. આખા ગુજરાતમાં વિચારવાનો પ્રશ્ન છે. બ્લોક પદ્ધતિ દૂર કરવા માટે વિનંતી છે. શહેરી વિસ્તારની અંદર નવી શરતને જુની શરતમાં ફેરવવાની બાબત જે કિંમત બજાર કિંમતમાં વેચાણ થાય છે એના કરતા પણ અધિકારીઓ એનાથી ૩ થી ૪ ગણી કિંમત કરી એ જગ્યાનું વેચાણ ન થાય અને બીજા કોઈને ટ્રાન્સફર ન કરી શકે અને એ હેરાનગતિ દૂર કરવા વિનંતી કરું છું.

**શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી અને ઉર્જામંત્રીશ્રી જે માગણી લાવ્યા છે એમાં મારાં બહુ મહત્વનાં સૂચનો રજૂ કરું છું. અમારે ત્યાં ખળા, મુવાડા, વાડા હોય ત્યાં ઢોર રખાય છે. હું જાતે ખેડૂત છું. મારી વાત સાંભળો તો સારું. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું વિનંતી કરું છું કે ૮૦ ટકા ગામડાંમાં ખળા, મુવાડા અને વાડા ૧૯૪૭ પહેલા અમારા કબજા હતા અમારા મંત્રી અર્જુનભાઈ જાણે છે. ઝૂંપડા, મુવાડા, ઢાળીયા હતા અને ૨૫ ટકા કે ૫૦ ટકા લોકો ત્યાં રહેતા. આજે સોએ સો ટકા ખરા, મુવાડા અને વાડામાં આવે છે. માનનીય મંત્રીશ્રી આખા ગુજરાતમાં વાવ થરાદ વિસ્તાર નપાણિયો છે અને ખરા, મુવાડા અને વાડામાં ખેડૂતોની વાડી જેમાં ઢાળિયા કર્યા છે. ૧૯૫૦ થી લોકો રહે છે, એમાં રિકવેસ્ટ છે કે સરવે કરાવીને રેગ્યુલર કરી આપો. પૈસા ભરવાના થતા હોય તો પૈસા ભરીશું. ૮૦ ટકા લોકો

આ ખરા, મુવાડા અને વાડામાં રહે છે. મકાન પણ બનાવ્યાં છે. પાણી વેરો ભરે છે. વિદ્યુત બોર્ડે લાઈટ પણ આપી છે અને એક મારું ગામ ૧૨૦૦ એકર જમીન ૫ થી ૭ કિ.મી. દૂર હતી તે ખાતે કરી નહીં, પણ માપણી વખતે ખાતે કરાવેલ. મારા નામે સરવે કરાવેલ. અસારા ગામમાં. મારું પોતાનું ગામ છે. ૫૦ વર્ષથી પાણી પત્રક કરાવ્યું. હમણાં ચાર વર્ષથી કલેક્ટરે બંધ કર્યુ છે. ૫ થી ૭ કિ.મી. દૂર વચ્ચે રણ આવે છે અને ૪ ગામ એવાં છે કે ૧૯૬૫માં રેકર્ડ પ્રમોલગેશન વખતે એકબીજાના નામે જમીન ચડેલી. શમણા, અસારા એવાં ૫ ગામ છે. હજાર એકર જમીન છે, માલિકીની છે. મારી છે. અધિકારીની ભૂલથી રેકર્ડ પ્રમોલગેશન થયું છે, તો મંત્રીશ્રીને મારું સૂચન છે મહેસૂલમાં ખરા, મુવાડા, વાડામાં ૮૦ ટકા વસ્તી મકાન બાંધીને રહે છે. ગામમાં કોઈનું ઘર નથી. માનનીય હરજીવનભાઈને રિકવેસ્ટ કરી હતી અને અમે મળવાના પણ છીએ. ઊર્જા મંત્રીશ્રીને રિકવેસ્ટ છે કે એક હજાર જેટલી તાત્કાલિક યોજના નીચે અરજી કરેલી અને દોઢ વર્ષ થઈ ગયું એના તરફ લમણા વાળો છો? બોર કર્યા છે. ૪-૫ લાખનું દેવું કરીને કર્યા છે. ૧૯૯૦ ના બાકી છે. શરમ આવવી જોઈએ, ત્યારે મારા મિત્રો બોલતા હતા કે શું કામ વખાણ કરો છો? સાચું બોલો? ખેડૂતોની સાચી વાત કરો. ખરા, મુવાડા, વાડાની જમીન આપો તો અમે તમારા વખાણ કરીશું. મંત્રીશ્રી હરજીવનભાઈની મદદથી રજૂઆત કરવાના છીએ. મંત્રીશ્રીને મળવાના છીએ. આ બાબત ગંભીર છે. એકબીજાનાં નામે જમીન ન હોય ૧૨૦૦ એકરમાં ૧૦૦ એકર જમીન ખાતરી કરીને ખાતે કરી દે અને ૧૧૦૦ એકર જમીન મારા પોતાના ગામની છે, એ બધાને નામે કરી દે અને બાપ દાદાની વખતની છે, એટલે કલેક્ટરને સૂચના આપીને નિકાલ કરજો એટલું કહીને બેસું છું.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એમને મારું અનુમોદન આપી મારા વિચારો વ્યક્ત કરું છું. સમગ્ર દેશમાં શહેરી જમીન ટોચ મર્યાદા ધારાનો કાયદો હતો પણ ફક્ત ગુજરાત રાજ્ય એવું છે કે સમગ્ર દેશમાં ઐતિહાસિક નિર્ણય લઈને શહેરી જમીન ટોચ મર્યાદા ધારો ભ્રષ્ટાચારની ગંગોત્રીને બંધ કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીએ કર્યુ છે. સમગ્ર શહેરમાં આ શહેરી જમીન ટોચ મર્યાદાનો કાયદો દૂર કરી લાખો ખેડૂતોને એક પ્રોત્સાહિત કરવાનું કામ કર્યુ છે અને સાથે સાથે જે રીતે ભૂતકાળમાં જે શહેરી ટોચ મર્યાદામાં ફક્ત કાગળ ઉપર જ જમીનનો કબજો લેવાતો હતો, ક્યાંક સ્થળે કબજો નથી લેવાયો, એવી જમીનો ઉપર હજારોની સંખ્યામાં મકાન બંધાયેલાં છે, એવાં મકાનોની બાબતમાં ફેરવિચારણા કરી નિયમબદ્ધ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થઈ છે. બીજી વાત કરવા માગું છું કે મહેસૂલ વિભાગમાં જુદા જુદા કાયદા છે, ઠરાવ જુદા જુદા થયેલ છે, એના લીધે જમીનની અનેક કોર્ટ મેટર બની છે, વિસંગતતા ઊભી થઈ છે અને પૂર્વ મહેસૂલ મંત્રીશ્રી વજુભાઈએ ગત બજેટ સત્રમાં એવું કહ્યું હતું કે મહેસૂલ કાયદો જે ૪૦૦ પાનાનો છે તેને હું ૪૦ પાનાનો બનાવવા માગું છું. તો હું માનનીય કૌશિકભાઈને વિનંતી કરું કે આ કાયદા અને ઠરાવોમાં જે વિસંગતતા છે તે વિસંગતતા દૂર કરવામાં જલદીમાં જલદી નવો કાયદો બને તેવી મારી માગણી છે.

મહેસૂલ વિભાગનું સૌથી મહત્ત્વનું ડિપાર્ટમૅન્ટ જમીન દફતર છે અને જમીન દફતર પ્રત્યે યેનકેન પ્રકારે ઓરમાયું વર્તન રાખવામાં આવે છે તે ખૂબ દુ:ખની બાબત છે. જે પાયાની કામગીરી, જમીનની માપણી અને તેના રેકર્ડ નિભાવવાની કામગીરી કરે છે તેમાં આજે કહેતાં દુ:ખ થાય છે કે છેલ્લા ઘણા વર્ષોથી વર્ગ-૩માંથી વર્ગ-૨માં બઢતી આપવામાં આવતી નથી. સમગ્ર ગુજરાતમાં ૧૪૨ વર્ગ-૨ની જગ્યાઓ છે, તેમાં આજે દુ:ખ સાથે કહેવું પડે છે કે ૫૦ ટકા જગ્યાઓ જ આજે ભરવામાં આવેલ છે તેના લીધે જે કામગીરી પર જે અસર થઈ છે તે ખૂબ ગંભીર થઈ છે. આજે ૧૯૮૦-૮૧માં જે જમીન સીટી સર્વેની માપણી કરી હોય, ગામતળની માપણી થઈ હોય તેના પાછળ ૮૦ ટકા ખર્ચ કર્યો છે પણ આજે ઈન્કવાયરી નહીં થવાને લીધે આ રેકર્ડ આપે ૨૫-૨૬ વર્ષથી એમનું એમ પડી રહ્યું છે. શા માટે ઈન્કવાયરી કરવામાં આવતી નથી? ઈન્કવાયરી કરશો તો પ્રજા અને મિલકતદારોને લાભ મળશે તેવી રીતે રી અને રીજીયન સર્વેની જે માપણી થઈ છે તે આજે હજારોની સંખ્યામાં ગામડાઓની માપણી થઈ છે. તેનું પ્રમોલગેશન કરવામાં નથી આવતું. આજે ૩૫-૩૫ વર્ષ થયા છતાં પ્રમોલગેશન કરવામાં નથી આવતું. કારણકે વહિવટી ગૂંચ છે. ક્યાંક જમીન દફતરના વિભાગના પ્રમોલગેશનના અધિકાર નથી. તેના અધિકાર રેવન્યુ અધિકારી અને પ્રાંત અધિકારીને આપવામાં આવતા હોય છે. પ્રાંત અધિકારી ટૅક્નીકલ માણસ ન હોવાને લીધે આ કામગીરી સમયસર થઈ શકતી નથી. સાથે સાથે ૭-૧૨ના ઉતારાની જે કોમ્પ્યુટરાઈઝ કરવાની કામગીરી કરી છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. સમગ્ર રાજયમાં ૯ કરોડ અને ૨૮ લાખની આવક થઈ છે. આવકની સાથે જે રીતે પ્રજાને પણ સુવિદ્યા મળે છે પરંતુ જ્યાં આવક વધુ થાય છે, તેમાં મારા મત વિસ્તારની વાત કરું તો ઓલપાડ અને ચોર્યાસી તાલુકામાં સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ આવક થાય છે. ગયા જાન્યુઆરી મહિનામાં મારા ઓલપાડ તાલુકામાં ૭૦ હજારની આવક થઈ હતી અને ફેબ્રુઆરી માસમાં ૬૦ હજાર રૂપિયાની આવક થઈ હતી.ખેડૂતોને ત્રણ દિવસ સુધી ૭-૧૨ના ઉતારાની નકલ માટે રાહ જોવી પડે છે. તેના માટે કોઈક ઉપાય કરીને ત્યાં નવો સ્ટાફ આપીને કે વધુ કૉમ્પ્યુટર આપીને ખેડૂતોને જે મુશ્કેલી પડે છે તે દૂર કરવા મારી માનનીય કૌશિકભાઈને વિનંતી છે. આજે

ખેડૂતોને જે હાડમારી પડે છે તે તાત્કાલિક દૂર કરવા પગલાં લેવા મારી નમ્ર વિનંતી છે. સાથે સાથે જે ટી.પી. સ્કીમ બની છે. શહેરોમાં જે ટી.પી. સ્કીમ બની છે. તેના લીધે રેવન્યુ રેકર્ડમાં અનેક વિસંગતતાઓ ઉભી થઈ છે. તેના કારણે ટી.પી.નો અમલ અને રેવન્યુ રેકર્ડનો અમલ પૅરેલલ ચાલે છે, તેના કારણે હું તો કહું છું કે ટી.પી. જે ફાઈનલ થઈ છે એટલે રેવન્યુ રેકર્ડ બંધ કરીને ટી.પી. રેકર્ડને રેવન્યુ રેકર્ડ તરીકે જાહેર કરવામાં આવે તેવી પણ મારી માગણી છે. સાથે સાથે જે સ્ટૅમ્પ ડ્યૂટી ખૂબ મહત્ત્વની વાત છે.

જંતરી અમારી બનાવી છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે જે સ્ટૅમ્પ ડ્યૂટીમાં જે ભ્રષ્ટાચાર થતો હતો તેને દૂર કરવાનું  કામ કરીને સ્ટૅમ્પ ડ્યૂટી અને જંતરીનો અમલ કર્યો છે  અને તેમાં જે વિસંગતતા રહી છે તે દૂર થાય તેવી મારી માગણી છે. આજે એ કહેતાં આનંદ થાય છે કે વર્ષોથી કહેતો હતો અને ગત સત્રમાં પણ વાત કરી હતી કે જ્યાં દસ્તાવેજો થાય છે ત્યાં ફોટા લગાવવા. તેમાં દસ્તાવેજમાં લેનાર અને વેચનાર બંનેના ફોટા લગાવવા મારી આ માગણી સ્વીકારી છે અને અત્યારે તે પ્રમાણે દસ્તાવેજો ઉપર ફોટા લગાવવામાં આવે છે અને ફરજિયાત કર્યુ છે અને મારી જે માગણી સ્વીકારી છે તે માટે માનનીય કૌશિકભાઈને અભિનંદન આપું છું. પણ તેમાં નવી વિસંગતતા ઉભી થઈ છે. તેમાં જે સરકારે પરિપત્ર બહાર પાડયો છે કે ફક્ત રોજના ૨૪ જ દસ્તાવેજો કરવા અને ટોકન સિસ્ટમમાં લેવી. આનાથી રાજય સરકારની આવકમાં ખૂબ મોટું નુકસાન થયું છે. ૨૪ દસ્તાવેજો કરવાથી જે ટોકન આપે છે અને તેમાં આજે જેણે ટોકન આપેલ હોય તેના દસ્તાવેજ ત્રણ માસ પછી જાય છે એટલે ત્રણ માસ પછી લેનાર કે વેચનારની શું પરિસ્થિતિ હોય છે તે કહી ન શકાય. તેનાથી રાજય સરકારની આવક પર મોટી અસર થવાની છે. એટલે ૨૪ દસ્તાવેજો કરવાનો પરિપત્ર કર્યો છે તે રદ થવો જોઈએ તેવી મારી માગણી છે. આમ કરશો તો સરકારની આવક વધશે. દસ્તાવેજ કરનારને, જમીન માલિકોને, મકાન માલિકોને સીધો ફાયદો થશે. મારી માગણી છે કે ૨૪ દસ્તાવેજો કરવાનો પરિપત્ર પરત ખેંચવો જોઈએ. સાથે સાથે જે મૂલ્યાંકન સમિતિ સરકારના નિયમોને આધીન બનાવવામાં આવી છે તેમાં કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી હોય છે. તે જે રીતે બની છે અને તેમાં જે ટાઉન પ્લાનિંગના નિયમો બનાવવામાં આવેલ છે તેમાં પાંચશાલી ઉતારો કે ટાઉન પ્લાનિંગ અધિકારી જે જમીનની કિંમત નક્કી કરે તેના આધારે આપણે કિંમત નક્કી કરવાની છે. મને આજે કહેતાં દુ:ખ થાય છે કે, આજે શહેરી વિસ્તારમાં, સુરતમાં જે જૂની શરતની કિંમતનો બજાર ભાવ હોય એના કરતાં નવી શરતમાં પ્રીમિયમ વધારે નક્કી કરવામાં આવેલ છે તો એના માટે ફેર વિચારણા થાય એવી મારી માગણી છે.

### સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી,  વધારે માનનીય સભ્યશ્રીઓ ચર્ચામાં ભાગ લઈ શકે એટલા માટે માગણીઓ પરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહના કામકાજનો સમય લંબાવવામાં આવે તેવી હું દરખાસ્ત કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત  (દંડકશ્રી, કોંગ્રેસપક્ષ)** :  માનનીય અધ્યક્ષશ્રી આપણે સમય નિશ્ચિત કરીએ, ૭-૪૫ વાગ્યા સુધી વધારીએ, અમારી બાજુથી એક માનનીય સભ્યશ્રી ચર્ચામાં ભાગ લેવાના છે. (અંતરાય) તો ૮-૦૦ વાગ્યા સુધી રાખીએ, પણ એનાથી વધારે નહીં.

**સભાપતિશ્રી** : સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ રાત્રીના ૮-૦૦ વાગ્યા સુધી લંબાવવામાં આવે છે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના માનનીય મંત્રીશ્રી અને મહેસૂલ વિભાગના માનનીય મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને સભાગૃહ સમક્ષ આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ એ તો મોટા ઉદ્યોગપતિ છે, ઉદ્યોગો માટે ૨૪ કલાક વીજળી આપવામાં આવે છે તો ખેતીવાડી માટે પણ ૨૪ કલાક વીજળી આપવી જોઈએ, ૨૪ કલાક વીજળી ન આપી શકો તો ૧૫-૧૬ કલાક વીજળી આપો. માનનીય શંકરસિહજીના વખતમાં આપતા હતા એટલી તો આપો.એટલી પણ નહીં આપો તો વહેલી મોડી ખેડૂતોની હાય લાગશે. માનનીય અધ્યક્ષશ્રી, આઠ કલાક પણ પૂરી સળંગ વીજળી આપતા નથી અને જે આપે છે એ પણ ટુકડે -ટુકડે આપવામાં આવે છે, ખેતરમાં પાણી પહોંચ્યું ના પહોંચ્યું અને વીજળી જતી રહે છે તો ખેતરમાં પાણી પહોંચે એટલી તો વીજળી આપો.  નહીંતર કોઈક દિવસે જો ખેડૂતો અકળાશે તો વાયરો કાઢી નાખશે. આજે ઉદ્યોગોમાં આપો છો બેની હોર્સપાવરની મોટર તો એ રીતે ખેતી માટે પણ બે -ત્રણ હોર્સપાવરની મોટર માટે આપો તો શું આપને વાંધો છે? નાના- નાના ખેડૂતોને વીજળી મળે એવું કંઈક કરો, ઉદ્યોગમાં આપો છો તો ખેતી એ પણ એક ઉદ્યોગ છે અને નાના -નાના ખેડૂતોને પોસાય એ રીતે આપો, મોટા -મોટા ખેડૂતો પાસે તો વધારે હોર્સપાવરની મોટર હોય પણ નાના- નાના

ખેડૂતોને પણ પાંચ- દશ વીઘા જમીન પલળે તો સારું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જા મંત્રીશ્રી તો ઉદ્યોગપતિ છે એટલે એમને તો ખબર છે કે શું કરવું અને શું ના કરવું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એ છે કે, અમુક જગ્યાએ તમે જે બિલ કલેકશન માટે જે સેન્ટરો આપેલાં છે એ પણ ગુણવત્તાના ધોરણે આપો તો સારું, એમાં એકવગું ના કરો તો સારું, ભાજપની સરકાર ગુણવત્તાનું ધોરણ રાખતી નથી તો ગુણવત્તાનું ધોરણ રાખવામાં આવે તો સારું. માનનીય અધ્યક્ષશ્રી, હું વધારે બહુ બોલતો નથી અને વધારે બોલું તો ખોટું લાગે, એટલે બિલ કનૅક્શન સૅન્ટર માટે પણ ગુણવત્તાનું ધોરણ સ્વીકારીને સૅન્ટર આપવાનું નક્કી કરો તો સમાજને વધારે લાભ થાય એટલે આ જે સેન્ટરો છે એ ગુણવત્તાના ધોરણે આપો.

માનનીય અધ્યક્ષશ્રી, નિવૃત્ત થયેલા અધિકારીઓને મૂકવામાં આવે છે એ આવા અધિકારીઓ ના મૂકો, સારા અધિકારીઓ મૂકો તો સારું, નહીં તો રોશન વાળી દેશે, બરાબરને, માનનીય અધ્યક્ષશ્રી, અમુક જગ્યાએ એવું કર્યુ છે એટલે આ બાબતે પણ જરા વિચારીને કરો તો સારું નહીંતર તો લોકો ટીકા કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજળીકરણની જે તાત્કાલિક યોજના છે એમાં કૂવાના કનેકશનો આપવામાં આવતા નથી, ઘણા વર્ષોના કનૅક્શન આપવાના બાકી છે એને તો આપો, ખેતી માટે વીજળીની તાત્કાલિક યોજના છે એમાં વીજ કનૅક્શન આપો તો એ ખેડૂતો ખેતી કરી શકે. ઘણી જમીન એવી છે જે ખાલસા થયેલી છે ત્યારે એના મૂળ માલિકો પાસે કશું રહ્યું નથી કેમ કે જમીન ખાલસા થઈ ગઈ છે તો એને પહેલા જમીન આપવાનું કરો.

માનનીય અધ્યક્ષશ્રી બીજી વાત કરું તો જે સંસ્થાઓ માટે જમીન માગવામાં આવે છે ત્યારે એમાં અનેક પ્રકારની કવેરીઓ કાઢવામાં આવે છે અને એને લીધે બે-ત્રણ વર્ષ નીકળી જાય છે પણ એને જમીન મળતી નથી. તો ખોટી ખોટી કવેરીઓ કાઢવામાં ન આવે એવી મારી વિનંતી છે. અમારે એક સંસ્થા માટૈ જમીન જોઈતી હતી ત્યારે ત્રણ વર્ષ જેવો સમય લાગ્યો હતો તો હવે આવું ન કરે એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુદરતી આફત આવે છે એમાં વાત કરું તો નદી વિસ્તાર છે એમાં પૂરને લીધે ઘ ણું નુકસાન થયું છે એમાં ઘણી જગ્યાએ ઘણાં લોકો વળતર મેળવવામાં બાકી રહી ગયા છે તો એમને જે કંઈ સવલતો મળવાપાત્ર હોય, મકાન વગેરેની એ સવલત એમને વહેલીતકે આપવામાં આવે એવી મારી વિનંતી છે.

**ડૉ. અતુલ કે.પટેલ (કલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

છેલ્લા ૫૫ વર્ષમાં જો સરકારને ઉર્જા માટે ક્રેડીટ મળી હોય તો આજ સુધીમાં બે ઉર્જા મંત્રીઓને મળી છે એમાં એક છે માનનીય સ્વ.મકરંદભાઈ દેસાઈ અને બીજા છે આપણા ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ. એટલે અત્યાર સુધીમાં કોઈ મંત્રીશ્રીને જેટલી ક્રેડીટ નહીં મળી હોય એટલી ક્રેડીટ એમને મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત સરકારે હરણફાળ ભરી હોય તો ઉર્જા ક્ષેત્રે ભરી છે. સમગ્ર ભારતમાં ગામડાંઓમાં અને શહેરોમાં ૨૪ કલાક લાઈટ મળતી હોય તો એ ગુજરાતમાં મળે છે. ત્રણ વર્ષ પહેલા ગામડાંમાં ધારાસભ્ય જતા ત્યારે વીજળી એ પ્રાણ-પ્રશ્ન હતો અને સાંજના વખતે ગામડાંમાં જઈએ તો વીજળી ન હોય એના માટે ધારાસભ્યશ્રીને સાંભળવું પડતું હતું. આજની પરિસ્થિતિમાં જોઈએ તો ગુજરાતના ૧૬ હજાર ગામડાંમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૨૪ કલાક થ્રી ફેઝ લાઈટ આપી છે એના માટે ખૂબ ખૂબ ધન્યવાદ આપુ છું. હજુ આજની તારીખમાં પણ કોંગ્રેસના મારા મિત્રો માટે તો આ પ્રશ્ન જ રહ્યો છે કારણ કે ૨૪ કલાક લાઈટની ક્રેડીટ એ ભારતીય જનતા પાર્ટીની સરકારની ક્રેડીટ છે આ ક્રેડીટ જો ગામડાંઓમાં રહેશે તો આવતી ચૂંટણીઓમાં તેમને ચોક્કસ નડશે એ વાત એ લોકો પણ જાણે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય લાભ લેવા માટે પડોશી રાજયે મફત વીજળી આપવાનું વચન આપ્યું હતું. પરંતુ અમે જયારે મહારાષ્ટ્રના મુંબઈમાં અધિવેશનમાં ગયા ત્યારે જોયું કે ત્યાં લાઈટ જ ન હતી. તો પછી કિંમતનો સવાલ જ પેદા થતો નથી. ગુજરાતના ૧૮ હજાર ગામડાંઓમાં થ્રી ફેઝ લાઈટ આપવાનો નિર્ધાર આ સરકારે કર્યો છે તે પણ ગુણવત્તાવાળી વીજળી. જયોતિ ગ્રામથી ગામડાંઓનો વિકાસ ધમધમતો થયો છે, લોકોનું શહેરો તરફનું પ્રયાણ હતું એ ઓછું થઈ ગયું છે, ગામડાંમાં નાના-મોટા ધંધાઓ વીજળીના કારણે ચાલુ થઈ ગયા છે. આજના ભૌતિક સુખો જેવા કે એરકન્ડિશનર જેવા સાધનો ગામડાંના લોકો વાપરતા થયા છે. સૌરાષ્ટ્રમાં હીરાની ઘંટીઓ લાઈટના અભાવે નાંખી શકાતી ન હતી એના કારણે નવયુવાનોને સુરત સુધી જવું પડતું હતું એ હવે ગામડાંમાં પણ હીરાની ઘંટીઓ ચાલુ થઈ ગઈ છે અને આ યુવાનો હીરાની ઘંટી ઉપર કામ કરતા કરતા પોતાની ખેતી પણ સંભાળી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી વીજ ચોરી ભૂતકાળ થઈ ગયો છે, ખોટ ખાતુ જી.ઈ.બી. નફો કરતું થઈ ગયું છે અને લોકો પે એન્ડ યુઝ સમજતા થઈ ગયા છે. આ જયોતિ ગ્રામ યોજનાએ આખા ગુજરાતની કાયા પલટ કરી નાંખી છે.

ગુજરાતના કોઈપણ ગામડામાં આજે જોઈએ તો અઢાર હજાર ગામડાઓમાં વીજળીકરણ થઈ ગયું છે અને એ સિવાય પણ ગુજરાતનો કોઈ ઈન્ટીરીયર ભાગ હોય, આદિવાસી વિસ્તાર હોય કે અનુસૂચિત જાતિનો વિસ્તાર હોય તો ત્યાં આગળ ચોવીસ કલાક વીજળી મળી શકે છે. મારે એક બે સૂચન કરવાં છે. શહેરોમાં અને ગામડાઓમાં જ્યાં પાણી પુરવઠાના અમુક બોર બની ગયા છે, પરંતુ ત્યાં આગળ ગ્રામ પંચાયતના જૂના બિલો બાકી હોવાથી વીજળીકરણ થતું નથી તો મારું સૂચન છે કે જે ગામમાં ગ્રામ પંચાયત બિલ ન ભરી શકે તેમ હોય એવા ગામડાઓમાં આવું વીજળીકરણ આપવા માટે સરકાર પ્રયત્નો કરે. બીજું મારું સૂચન એ છે કે સિંગલ ફેઝ લાઈટ ખેડૂતોને ઘણા ગામડાઓમાં મળી ગઈ છે પરંતુ દશ - બાર ખેડૂતો એક સાથે માગે પછી જ આ સિંગલ ફેઝ લાઈટ આપતા હોય છે તો એમાં પણ સરકાર કોઈ સુવિધા કરવા વિચારે એવી મારી બે માગણીઓ છે.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા અને મહેસૂલ વિભાગના જે મંત્રીશ્રીઓ માગણીઓ લઈને આવ્યા છે, એને હું અનુમોદન આપતો નથી. ગુજરાત રાજયમાં મહેસૂલી તંત્ર અને મહેસૂલી અધિકારીઓ એ સર્વશ્રેષ્ઠ કામગીરી કરતા હોય છે. કલેક્ટરથી માંડીને તલાટી સુધીના અધિકારીઓ, એની જો ફક્ત જમીન - લેન્ડના વહીવટ અને એની કાયદો અને વ્યવસ્થાની જવાબદારી હોત તો એ સર્વશ્રેષ્ઠ કામગીરી કરી શકત એમાં કોઈ શંકાને સ્થાન નથી, એમને ચૂંટણીઓનું કામ કરવાનું હોય, કુદરતી આપત્તિઓમાં કામ કરવાનું હોય, ધરતીકંપ આવે તો કામ કરવાનું હોય, દશમા કે બારમા ધોરણની પરીક્ષા હોય તો પરીક્ષામાં ચોરી પકડવાનું કામ પણ એમને સોંપવામાં આવતું હોય એટલે એમની કામગીરી ચોવીસ કલાકની રહેતી હોય છે પણ આ કામગીરી ઓછી પડતી હોય એમ હમણાં હમણાં ઉત્સવો જે કરવામાં આવે છે અને ઉત્સવો લઈને જે નીકળ્યા છે અને આની જવાબદારી પણ આ અધિકારીઓને સોંપવામાં આવે અને એ રીતે મહેસૂલી તંત્રની કામગીરી બગાડવામાં આવી છે.

નવરાત્રી મહોત્સવ માટે પબ્લિક ટ્રક ભરીને લઈ આવો, પતંગ મહોત્સવમાં બધાને પકડીને લઈ આવો, આ બધી નીતિ રીતિને કારણે, બીજા મંત્રીશ્રીઓના પણ ઉત્સવો થવાના કારણે અમારા મહેસૂલ મંત્રીશ્રીની કામગીરીમાં થોડીક કચાશ આવી છે એટલે હું તો કૌશીકભાઈને વિનંતી કરું છું કે બીજા મંત્રીશ્રીઓને વાત કરે કે મહેસૂલી તંત્રને આ જવાબદારી સોંપવામાં ન આવે, જરૂર પડે તો આખું એક ઉત્સવ તંત્ર નવું ઊભું કરો, આખા ઉત્સવ મંત્રી નવા બનાવો પણ આ તંત્રમાં મહેરબાની કરીને કોઈ વિક્ષેપ ના પાડો એ વિનંતી હું આપની સમક્ષ મૂકું છું. મહેસૂલી અધિકારી તરીકે મેં કામગીરી કરી છે અને મહેસૂલી અધિકારીઓ કે મહેસૂલી તંત્રને એ ખરાબ કામ કરે છે કે આ કામ કરે છે તે કામ કરે છે એવી કોઈ હું ટીકા કરવા માગતો નથી પણ જે સરકારે નિયમો ઘડ્યા હોય અને એના જે પેરામીટર્સ હોય એમાં જે અસમાનતા ઊભી થાય આ ભા.જ.પ. કે આ કોંગ્રેસ એ પ્રમાણે નક્કી કરવામાં આવે એ ભૂલભરેલું છે. દબાણ નિયમિત કરવાના સરકારના નિયમો છેક ૧૯૮૮ની સાલથી છે એમાં એક મંત્રીનું એમને અનુકૂળ હોય તો એનું દબાણ નિયમિત થાય, રાયસણનું કરોડો રૂપિયાનું માલધારી સમાજનું મંદિર હોય તો ગોવાભાઈના કોઈક ગોગા મહારાજ છે એટલે નિયમબદ્ધ ન થાય જો રણછોડભાઈના હોય તો થઈ જાય, વાસણીયા મહાદેવ શંકરસિંહ બાપુના મહાદેવ છે એટલે એ દબાણ નિયમિત ન થાય પરંતુ જો અશોકભાઈ ભટ્ટના હોય તો બધું થઈ જાય એ બધા જે પેરામીટર્સ છે એ ખોટા છે અને એના માટે હું આપના મારફતે ધ્યાન દોરું છું. મહેસૂલી તંત્ર વિશે મારે કોઈ વિશેષ ટીકાઓ કે વિશેષ વાત પણ નથી કરવી. બીજા બધા કરતા મહેસૂલી તંત્ર સારું કામ કરે છે અને મહેસૂલ ખાતું બીજા મંત્રીશ્રીઓ કરતા પણ કૌશિકભાઈ સારું ચલાવે છે. ભવિષ્યમાં સી.એમ. પણ તેઓ બને એવી અપેક્ષા રાખું છું.

માનનીય ઊર્જા મંત્રીશ્રી ઊર્જાની જે માગણી લઈને આવ્યા છે એને પણ હું અનુમોદન આપી શકતો નથી એટલા માટે કે એક તો એ લોકો નક્કી કરી શકતી નથી સરકાર, છેલ્લાં ત્રણ વર્ષથી હું જોઉં છું આ કૃષિમાં પ્રશ્ન પૂછ્યો, એનો જવાબ જોઉં છું અને જ્યારે સિંચાઈ મંત્રીને પૂછવામાં આવે કે પાણીના લેવલની શું સ્થિતિ છે તો સિંચાઈ મંત્રી કહે છે કે આપણે ખેત તલાવડી ખોદી, ચેકડેમો બનાવ્યા એના કારણે ભૂતળનું જે પાણી હતું એના તળ ઊંચા આવ્યા છે અને બીજા જ દિવસે ઊર્જા મંત્રીશ્રીને પૂછવામાં આવે કે શંકરસિંહ વાઘેલાજીએ જે ડાર્ક ઝોન ઉઠાવી લીધો હતો એ તમે ડાર્ક ઝોન કેમ દાખલ કર્યો તો એવો જવાબ આપે છે કે પાણીના લેવલ નીચાં ગયાં છે તો એક દિવસ ઊંચા આવે અને બીજા દિવસે નીચા આવે તો તમે કેવા જાદુગર છો બધા ભેગાં થઈને આ કેવી રીતે કરો છો. ગૃહને ગેરમાર્ગે દોરવામાં આવે છે, એટલે આના માટે સ્પષ્ટતા કરવી જોઈએ અને સમગ્ર ગુજરાતની પ્રજાને જણાવવું જોઈએ. બીજી વિશેષ વાત તો કેટલાં મેગાવોટ ઉત્પન્ન કર્યા અને કેટલી વીજળી ઉત્પન્ન કરી અને વીજળીના કેટલા જ્યોતિ ગ્રામ બનાવ્યા જે કંઈ સારા કામો છે તેને ચોક્કસ અમે આવકારીએ છીએ. જ્યોતિ ગ્રામની કામગીરી તેને જે કરી છે તેને અમે ચોક્કસ આવકારીએ છીએ કારણકે ગામડાંની પ્રજાને વીજળી આપી છે. પણ ગામડાંની પ્રજાને વીજળી આપી અને ખેડૂતો પાસેથી પાછી છીનવી લીધી છે તેનું અમને દુ:ખ છે. ૧૪ કલાક આપતા હતા તેની ૪ કલાક કરી નાખી અને તેમાં પણ જે ગામડામાં

વસતા લોકો છે ખેડૂતોને વીજળી આપે નવી ટ્યુબવેલ બનાવે, તત્કાલ વીજ જોડાણ યોજના જે બંધ કરી છે તે ચાલુ રાખે અને કોંગ્રેસની સરકારે કામ કર્યું છે.

**શ્રી કારૂભાઈ ના. ચાવડા (ખંભાળિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ તથા મહેસૂલ વિભાગના મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું. ત્યારે બન્ને વિભાગના મંત્રીશ્રીઓ તથા તેમના અધિકારીશ્રીઓએ આ રાજયમાં ખૂબ જ સારી કામગીરી કરવા માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. વિશેષ મારે સમય નથી લેવો, પરંતુ કેટલાક વહીવટમાં અમે પડ્યા હોઈએ અને તેમાંથી જે કંઈ અમને અનુભવ મળ્યો હોય તેમાં સુધારા વધારાના જે કંઈ સૂચનો છે તે સૂચનો કરવા માટે આપના મારફતે મંત્રીશ્રી પાસે રજૂ કરવા માગું છું. એક તો જમીન સંપાદનના કાયદામાં ઘણી જગ્યાએ સિંચાઈ યોજનાઓ આપણે કરી છે અને આ સિંચાઈ યોજનાની અંદર જમીન સંપાદન કરીને માત્ર એક વીઘાના ત્રણ હજાર જેવો ભાવ આવ્યો છે. તેમાં જમીન જાય અને તે ખેડૂત ભવિષ્યની અંદર કોર્ટમાં જાય અને કોર્ટમાં જાય ત્યારે ખર્ચેલા નાણાં છે તેનો પણ સમય-મર્યાદામાં સિંચાઈ યોજનામાં ઉપયોગ ના થાય અને વર્ષો સુધી રાજય સરકાર માટે ભવિષ્યની અંદર કોર્ટમાંથી ખૂબ મોટું ભારણ આવે તેના કરતાં અગાઉના સમયમાં જ્યારે વજુભાઈ હતા ત્યારે સંમતિ એવોર્ડ શરૂ કર્યા હતા કે ખેડૂતને સામસામે બેસાડીને જે બજાર ભાવ, જે વાસ્તવિક રીતે વાજબી કિંમત હોય એટલી કિંમત સામ સામે બેસીને નકકી કરે, આ સંમતિ એવોર્ડનો જે કાયદો છે તે ફરી વખત શરૂ કરવામાં આવે તો અનેક સિંચાઈ યોજનાઓ આના કારણે આગળ ધપે અને જે ખેડૂતોને માત્ર ત્રણ હજારમાં જમીન જાય અને તે ખેડૂત બરબાદ થઈ જાય તો ત્યાં ડેમ બાંધવા માનસિક રીતે કોઈ સ્વીકારી ના શકે. એટલે આ માટે પણ ઘણી વખત અમને એવું પણ જાણવા મળ્યું છે કે આ કેન્દ્ર સરકારનો કાયદો છે તો કેન્દ્ર સરકારમાં પણ આ બાબતે રજૂઆત કરીને પણ ભવિષ્યની અંદર જ્યાં સિંચાઈમાં જે ખેડૂતનો માર્ગ કે રસ્તો હોય તો સ્વભાવિક છે કે થોડી ઘણી જમીન જાય પણ આમાં તોખેડૂત આખો પોતે બરબાદ થઈ જાય અને દુનિયા ન્યાલ થઈ જાય તો તેને પણ અન્યાય ના થવો જોઈએ એવું એક મારું નમ્ર સૂચન છે.

અગાઉના વખતમાં આકાર હતો. એ આકાર માફ થઈ ગયો છે. પછી તેની ઉપર કેળવણી કર, લોકલ ફંડ અને તાલુકા પંચાયતનો શેષ કંઈક ૨૦-૨૦ પૈસા છે અને ત્રણેયની પહોંચો અલગ અલગ ફાડવી પડે છે અને વસૂલાત માટે અનેક વખત મીટિંગો ચાલુ જ હોય છે અને વસૂલાતમાં કોઈ નથી હોતું, પરંતુ જો આખું સરવૈયું કાઢીએ તો આવક કરતાં રાજયની વસૂલાતનો ખર્ચ અનેકગણો મોટો હશે અને તેની પાછળ અનેક અધિકારીઓનો સમય પણ ખોટો વ્યય થાય છે. એટલે આ પાછળ પણ જે અગાઉથી જે જૂની પહોંચો છે જે નાની નાની રેવન્યુ સ્ટૅમ્પ જેવી પહોંચો છે અને આ પહોંચો પાછી અલગ અલગ ફાડવી પડે કૉપીમાં તેના કરતાં એકજ પહોંચમાં ત્રણેય આવી જાય અથવા તો આકાર માફ થયો છે તેને બદલે આ કેળવણી કર અને આ પણ નાબૂદ થાય તેને માટે એક મારું નમ્ર સૂચન છે અને તેને કારણે સમય બચશે અને રાજય સરકારને ખર્ચ પણ આવક કરતાં તેનો ઘણો મોટો થાય છે. બે ગુંઠા જમીન આપવા માટે ખેડૂતોને આપણે કોઈ જમીન આપતા નથી માત્ર કૂવા માટે હવે કૂવા માટે માત્ર ૨ ગુંઠા જમીન આપીએ છીએ ત્યારે તેની અંદર એક પરિપત્ર એવો થયેલો છે કે પાણીનાં જીઓલોજીસ્ટનો અભિપ્રાય લેવો. જો જીઓલોજીસ્ટનો અભિપ્રાય બોરમાં પાણી થતું હોય તો અમે કૂવો ના કરીએ સાહેબ, બોર ત્રણ હજાર રૂપિયામાં થાય અને કૂવો એક લાખ રૂપિયામાં થાય. એટલે અમે જ્યારે કૂવા માટે માગણી કરતા હોઈએ મારા વિસ્તારમાં બોરમાં પાણી ના થાય. પરંતુ કૂવો ઉંડો ગાળીને રીઝી રીઝીને જે પાણી આવે છે અને કૂવાની અંદર આ પ્રમાણે થાય તો તેને કારણે અમને બે વીઘા કે ૪ વીઘાનું પિયત કરી શકીએ. તેના માટે એક બે ગુંઠા જે જમીન અમને આપવામાં આવી છે તેમાંથી જીઓલોજીસ્ટનો અભિપ્રાય છે તે ખરેખર વહીવટી પ્રક્રિયામાં મોડું થાય તેના કરતાં અમને બે ગુંઠા જમીન જે જૂનો ધારો હતો તે પ્રમાણે અમને મળે.

નવી શરતની જમીન જૂની શરતમાં હજુ વર્ષો થયા, આપણે જૂની શરતનું અભિયાન આદર્યુ છે, મોટું કામ થાય છે, છતાં ૨ કે ૩ વર્ષ સુધી પડતર રહ્યા કરે છે. એને કારણે પરત લઈ જાય છે. આવા કેસોમાં ૨ કે ૪ વર્ષ હોય તો કાયદામાં સુધારો કરીને નવી શરતમાંથી જમીન જૂની શરતમાં ફેરવવામાં બાકી રહ્યા હોય તો કરે, કેમ કે એના પાસે જે થોડુંઘણું રહ્યું છે, તેમને માટે મારું સૂચન છે.

ગામતળ વધારવામાં ખૂબ જ સમય જાય છે. એમાં પ્લોટ આપવા પડે તો એમાં આવડો મોટો સમય જાય છે. ગામતળ વધે નહીં અને પ્લોટ આપે નહીં. એવી લાંબી પ્રક્રિયા છે, એમાં સુધારો કરીને ગામતળ વધારવા મારું સૂચન છે.

કોમ્પ્યુટર આપ્યા, બહુ સારી વાત છે. છતાંયે એમાં સુધારા વધારા માટે શરૂઆત છે, એટલે નાના મોટા કોઈ ફોલ્ટ થયા હોય તો ગાંધીનગરથી મંજૂરી લેવી પડે છે. એને બદલે પ્રાંત ઓફિસરને નીચે ૪, ૫ તાલુકા આવતા હોય છે, એટલે જિલ્લા કલેકટર અથવા પ્રાંત ઓફિસર પાસેથી મંજૂરી લઈને સુધારા વધારા કરવા માટે મંજૂરી આપવામાં આવે એવું સૂચન છે.

વારસાઈ એન્ટ્રીમાં ૭૫ દિવસનો સમય છે. વારસાઈ એન્ટ્રીમાં માત્ર એના જે વારસદારો હોય છે, એના નામની જ એન્ટ્રી પાડવાની હોય છે, છતાં એ વહેલા સમયમાં એન્ટ્રી મંજૂર થઈ જાય તો ઘણી વખત બેંકમાંથી ધિરાણ લે છે, તો ૭૫ દિવસ જેવો સમય નીકળી જાય છે, એટલે ધિરાણની મુદત પૂરી થઈ જાય છે, એટલે આ એક મારું સૂચન છે.

**શ્રી શંકરભાઈ મં. વારલી (ઉંમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ અને મહેસૂલ વિભાગના મંત્રીશ્રી તેમની માગણી લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો વિસ્તાર ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર છે. આજુબાજુ દમણ, સેલવાસ અને મહારાષ્ટ્ર બાજુમાં હોઈ એ વિસ્તારની વીજળી સસ્તી પડે, એટલે ત્યાંના ઉદ્યોગો એ દમણ, સેલવાસ અને મહારાષ્ટ્ર જેવા વિસ્તારોમાં જાય અને આજે મારા વિસ્તારમાં વાપી, સરીગામ, ઉમરગામ જેવા ઉદ્યોગો ૬૦ ટકા બંધ પડયા છે, તો મારે મંત્રીશ્રીને કહેવું છે કે વીજળી સસ્તી થાય તો ઉદ્યોગો ખૂબ આવે. એ આવે તો બેકાર યુવાનો જે બન્યા છે એમને નોકરી ધંધા મળે. તો માનનીય મંત્રીશ્રી, આ મારું મુખ્ય સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં આદિવાસી લોકો ડુંગરાળ વિસ્તારમાં રહે છે. અલગ અલગ વિસ્તારોમાં રહેવાથી આજસુધી ઘણા વિસ્તારો વીજળી વિના રહ્યા છે, કેમ કે આદિવાસીઓનું કલ્ચર છે કે સાથે રહેવાનું ગમતું નથી. જૂથમાં રહેતા નથી, એ અલગ અલગ રહેવાથી આજે જયારે એ કવોટેશન ભરે છે, તો ૨૫ કે ૩૫ હજારના એસ્ટિમેટ આવે છે, તો કયારેય તે આ ૨૫ કે ૩૫ હજાર ભરી શકવાના નથી. માનનીય મંત્રીશ્રીને મારું સૂચન છે કે આવા જે આદિવાસીઓ સ્કેટર્ડ રહે છે, એમને વીજળી પૂરી પાડવાની ભલામણ કરે.

માનનીય મહેસૂલ મંત્રીશ્રીને મારું સૂચન છે કે જમીન ટોચમર્યાદા કાયદા હેઠળ હજારો એકર જમીન ફાજલ કરાવી પણ કાગળ પર જ રહી છે. સ્થળ પર કબજો લીધો નથી. જમીન વિહોણા ખેડૂતોને જમીન આપી નથી. તેવી રીતે શહેરી ટોચમર્યાદામાં પણ કર્યુ. આથી ઘણા આદિવાસીઓ જમીન વિહોણા છે, એમને જમીન મળી શકી નહીં અને સાત બારના ઉતારા ઉપર આજે પણ મારા વિસ્તારમાં કબજા, દસ્તાવેજો ઉપર કબજા ઘણા બોલે છે, પણ સ્થળ ઉપર ઓછા બોલે છે. આથી અમારા આદિવાસી ખેડૂતો ઓર્ડિનરી કેસમાં રૂપિયા ૬૦૦ અને અર્જન્ટ કેસમાં ૧૮૦૦ ભરે છે, છતાં એક એક, બે બે વર્ષ સુધી માપણી કરતા નથી. તો મંત્રીશ્રીને મારી અરજ છે કે આટલી ફી ભરવા છતાં પણ માપણી આજસુધી થતી નથી, તે માટે યોગ્ય કરે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ અને મહેસૂલ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એની ઉપર મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી માનનીય મહેસૂલ મંત્રીશ્રીને વિનંતી છે કે જે જમીનો અમારા બે ત્રણ જિલ્લામાં જે પસાયતી જમીનો હતી કે જે રાજા અને નવાબોએ આપેલ હતી એમાં ૮-૧૦ વર્ષ પહેલાં ૬ પટ ભરીને એ જૂની શરતની થાય એના માટે ૩ મહિનાની મુદત આપવામાં આવી હતી. તો ગામડામાં ગરીબ માણસોને ખબર ના પડે અને આ ત્રણ મહિનાની મુદત એ દરમ્યાનમાં તો પૂરી થઈ ગઈ. તો આવી પસાયતી જમીનો અમારા ત્રણ ચાર જિલ્લામાં છે એને એક વખત ફરી જો આ પટ ભરવાનો ચાન્સ આપવામાં આવે તો એ જૂની શરતની થાય તેમ છે, બાકી આજની તારીખમાં આ બાબતમાં કોઈ પ્રોસેસ થતો નથી અને લોકો હેરાન થાય છે. ભાઈઓ ભાગ પડે છે અને જમીન સરકારશ્રીમાં થાય છે. એટલે એક વખત એમને આ પટ ભરવાનો ચાન્સ આપીને જો આ કરવામાં આવે તો એ જમીન એ રીતે થઈ શકે તેમ છે. તો મંત્રીશ્રી રસ લઈને આ કરે તો સારું.

મારે બીજું એ કહેવું છે કે જે ગામની મંડળીઓ છે, પંચાયત,ડેરી, સહકારી મંડળી કે પ્રાથમિક શાળા એના માટે જો જમીનની માગણી કરે તો એ આપવાની સત્તા ત્યાં લેવલે હોવી જોઈએ અને એનો નિયમ હોવા જોઈએ કે ૩૦ દિવસમાં નિકાલ થવો જોઈએ કારણ કે મંડળી હોય કે પ્રાથમિક શાળા હોય એ સાર્વજનિક છે એના માટે એક એક વર્ષ સુધી એનો નિકાલ ના આવે તો એની ગ્રાન્ટ જતી રહે અને કામ અટકી પડે તો એની સત્તા આ રીતે હોવી જોઈએ.

બીજું મારે જી.ઈ.બી. માટે એક વાત કરવી છે કે... (અંતરાય)

**સભાપતિશ્રી:** આપનાં જે કાંઈ સૂચન હોય એ માનનીય મંત્રીશ્રીને આપી દેજો તો માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં લઈ લેશે. માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ, આપ પ્રવચન ચાલુ કરો.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે માગણીઓ લઈને આવ્યો છું એની ઉપર ૨૦ થી વધુ સભ્યશ્રીઓએ ભાગ લીધો છે, ઘણી બધી આ વિષય ઉપર ચર્ચા થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉર્જા એ આપણા રાજયની જ નહીં, પરંતુ આખા દેશની ચિંતા છે અને હમણાં જ આપણે જાણીએ છીએ અમેરીકાના પ્રેસિડન્ટ શ્રી બૂશ આવ્યા હતા ત્યારે સૌથી મોટા જે એગ્રીમેન્ટ ઉપર સહી કરવામાં આવી એ પણ ઉર્જા માટેના ન્યુ કલીઅર પાવર ઉપર હતી. કેટલો અગત્યનો વિષય હતો કે બે ખાસ પોલિટીકલ પાર્ટીઓ જે સાથે કામ કરે છે એ આ ઉર્જાના વિષય ઉપર કોંગ્રેસ અને સી.પી.એમ. સામસામા આવી

ગયા છે. એટલે આટલો અગત્યનો વિષય કેન્દ્રમાં હમણાં ટૂંકમાં લેવાયો હતો. મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે કે આખા દેશમાં ઉર્જા ક્ષેત્રે સારામાં સારી પરિસ્થિતિ હોય, સારામાં સારી સ્થિતિ હોય તો આપણા ગુજરાત રાજ્યની છે અને આપણે સૌએ ગૌરવ લેવા જેવી વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક એક વિષય ઉપર વાત કરું તો સૌથી અગત્યનો વિષય એ જોઈએ તો વીજળી કેટલા કલાક દેશમાં મળે છે? તો ગુજરાત એકમાત્ર રાજય એવું છે કે ઉદ્યોગોને ૭ એ ૭ દિવસ ૨૪ કલાક વીજળી મળે છે, ગુજરાત એક જ એવું રાજય છે કે દરેક શહેરમાં નગરપાલિકાઓ વિસ્તારમાં એક મિનિટનો પણ કાપ નથી, ગુજરાત એક માત્ર એવું રાજય છે કે ગામડાંમાં પણ આજની તારીખમાં એક મિનિટનો પણ કાપ નથી. તમે કોઈપણ રાજયમાં જાઓ તો બોમ્બે શહેરની વાત કરું તો બોમ્બે શહેરમાં બોમ્બે સાઉથમાં દરેકને કાગળ લખ્યો કે તમારે ૨૦ ટકા તમારો જે રેગ્યુલર વપરાશ છે એમાં બચત કરવાની છે એટલે કે તમારે ૨૦ ટકા વીજ વપરાશ ઓછો કરવાનો છે અને સબર્બ, બોમ્બે, પૂના ગમે ત્યાં જાઓ તો આજે બે, ચાર કે છ કલાક નો કાપ છે અને ગામડાંમાં તો ૧૨-૧૨ કલાકનો કાપ છે. આપણું એક જ રાજય એવું છે કે જયાં પરિસ્થિતિ આટલી સારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું તો માનનીય મુખ્યમંત્રીશ્રીએ બજેટ પ્રવચનમાં કહયું હતું કે ૪૯ કરોડ રૂપિયાનો જી.ઈ.બી.એ નફો કર્યો છે અને આ વર્ષ પૂરું થશે, ત્યારે તો ૨૦૦ કરોડ રપિયાનો નફો થવાનો છે. દેશની કોઈપણ કંપની હોય, આ તો ઉર્જાની કંપની છે, પરંતુ દેશની કોઈપણ કંપની હોય તો તેમાં ત્રણ વર્ષમાં ૨૫૪૨ કરોડ રપિયાના નુકસાનમાંથી ૩ વર્ષમાં જો ૨૦૦ કરોડના નફા તરફ જતી કંપની હોય તો આપણી એક ગુજરાતની યુટીલિટી કંપની છે. આ સિદ્ધિ માટે ૫૦ હજાર કર્મચારીઓ, એન્જિનિયરો, ઓફિસરો તથા બોર્ડના ડિરેકટર, સભ્યશ્રી અને ચેરમેનને હું અભિનંદન આપું છું. એકે એકનો જવાબ આપીશ. શાંતિથી સાંભળજો, મને દુ:ખ એ વાતનું થયું કે બળવંતસિંહે કહ્યું કે રાજયોના સપોર્ટથી આ નફો થયો છે, કોઈએ મહેનત કરી હોય તો આવી રીતે લેવાય? તેને જશ આપવો જોઈએ, મને ગૌરવ સાથે કહેતાં આનંદ થાય છે કે પહેલી વખત પાંચ વર્ષનું આયોજન કર્યુ છે, રાજય સરકારે આયોજન પાંચ વર્ષનું કર્યુ છે અને ૧૫૨૧૯ કરોડનું પાંચ વર્ષનું પેકેજ આપ્યું છે અને મુખ્ય મંત્રીશ્રીએ સહી કરી છે આવતા પાંચ વર્ષની, એમાં ૯૨૮૨ કરોડનો રેવન્યુનો સપોર્ટ ખેડૂતોની સબસિડી માટેનો છે. આવતા પાંચ વર્ષમાં આ પ્રમાણે એગ્રિકલ્ચરને સબસિડી મળશે. જે કેપિટલ સપોર્ટની વાત કરી છે, ઈન્ટરેસ્ટ સપોર્ટની વાત કરી છે, બોર્ડે જે વર્ષો પહેલા કર્યુ હતું, આગલી સરકારોમાં જે ભૂલો કરી હતી અને તેના કારણે વીજળીના બિલો બાકી હતા, અને કેન્દ્ર સરકારે જે બોન્ડ આપ્યા હતા તે બોન્ડની જવાબદારી રાજય સરકારે લીધી છે. આપણે જુની સમાધાન યોજના કરી હતી એમ રાજય સરકારે સમાધાન યોજના જી.ઈ.બી. સાથે કરી છે. તેના કારણે, એ વ્યાજની એવરેજ આ વર્ષનાં બજેટમાં લેવાયેલ નથી પણ તે લેવાશે એટલે આ નફામાં એટલો ઉમેરો થશે. એટલે કર્મચારીઓએ જે કામ કર્યુ છે તેને આ રીતે જશ ન લેવાય. ટી.એન્ડ ડી. લોસીસની વાત કરી, મને દુ:ખ થયું અને અમે આટલો બધો અભ્યાસ કર્યો છે અને બાબુભાઈ કહે કે ટી. એન્ડ ડી. લોસીસ વધ્યો છે. એટલે મેં બાબુભાઈની એ પ્રશ્નોત્તરી મંગાવી, પણ એમાં એમનો સવાલ ૧૬૦૮૭ નો પૂછયો હતો એમાં ટી. એન્ડ ડી. લોસીસ માટેનો કોઈ સવાલ નહોતો એ માત્ર વીજ ઉત્પાદન અને વીજ ખરીદી માટેનો સવાલ હતો. (અંતરાય) એ વિષય ઉપર હું પાછો આવું છું. હું આપને જવાબ આપું છું. પણ આ ટી. એન્ડ ડી. લોસીસ વધ્યો છે તેમ કહેતા હતા પણ ખરેખર વધ્યો નથી, પણ ઘટયો છે. હું ૨૦૦૦ની સાલની વાત નહીં કરું, પણ ૨૦૦૩માં ૩૫.૯૦ ટકા હતો તે ૨૦૦૫-૦૬ ના વર્ષમાં એટલે આ વર્ષે ૨૬.૨૮ ટકા થયો છે. આ ત્રણ વર્ષમાં આટલો ઘટાડો થયો છે, દુનિયામાં ટી.એન્ડ ડી. લોસની વાત કરવામાં આવે તો એક ટકો, દોઢ ટકો, સવા ટકો એવી વાત થાય. પણ એક ટકો એટલે સો કરોડ રૂપિયા થાય, અને એ રીતે એક હજાર કરોડ રૂપિયાની રાજય સરકારની આવક આમાં થઈ છે. હું દાખલો આપીશ. (અંતરાય)

**સભાપતિશ્રી** : માનનીય બાબુભાઈ, આપ બોલતા હતા ત્યારે મંત્રીશ્રી શાંતિથી સાંભળતા હતા. આ વાજબી નથી. પ્લીઝ, બાબુભાઈ, પ્લીઝ, ગોવાભાઈ, બેસો, પ્લીઝ, જયંતિભાઈ બેસી જાઓ, માનનીય બાબુભાઈ, માનનીય મંત્રીશ્રી બોલતા હોય ત્યારે એકે એક શબ્દ ઉપર ટિપ્પણી કરવી તે વાજબી નથી. (અંતરાય) મારી વાત સાંભળો, જ્યારે ૨૨ સભ્યો બોલ્યા ત્યારે માનનીય મંત્રીશ્રીએ બરાબર સાંભળ્યું હતું હવે મંત્રીશ્રી જવાબ આપે છે ત્યારે સાંભળવું જોઈએ. ચાલો માનનીય મંત્રીશ્રી.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું દર મહિનાના એવરેજ કલેકશનની વાત કરીશ. અમે લીધા પછીની વાત કરું છું. ૨૦૦૩-૦૪માં ૭૬૫ કરોડ માસિક, ૨૦૦૪-૦૫ માં એ વધીને ૮૫૦ કરોડ અને ૨૦૦૫-૦૬માં એટલે આ વર્ષે ૯૫૦ કરોડ રૂપિયા કલેકશન માસિક, એટલે દર વર્ષે સો કરોડની આવક વધી છે. બીજી વાત કરું તો પાવર પરચેજની વાત કરતા હતા. મારે ૨૦૦૧-૦૨ નાં આંકડા નથી આપવા, પણ હું ૨૦૦૩-૦૪ નાં આંકડા આપું તો ૨.૨૯ રૂપિયા ભાવ તે વખતે હતો અને આ વર્ષે ૧.૯૫ પૈસાનો ભાવ અમે લાવ્યા

છીએ. એ જ રીતે આપણે સૌ જાણીએ છીએ કે છેલ્લા બે વર્ષમાં કોંગ્રેસ સરકારની કેન્દ્રની નીતિમાં કોલસાના ભાવો વધ્યા છે, ગેસના ભાવો વધ્યા છે

ગેસનો ભાવ વધારો થયો, રેલવે ફ્રેઈટનો ભાવ વધારો થયો. આ રેલવે ફ્રેઈટના બધા સાથે બધું ગણીએ એમાં ઈન્પુટ કોસ્ટ ૧ રૂપિયો અને ૫૧ પૈસા હતી એ વધીને ૧ રૂપિયોને ૬૦ પૈસા થઈ છે. આટલા બધા ફ્રેઈટના કારણે થયું હોવા છતાં, ગેસના ભાવ ઉપર કરોડો રૂપિયા, ફ્રેઈટના કરોડો રૂપિયા, કોલસાના કરોડો રૂપિયા વધવા છતાં પર યુનિટ કોસ્ટ ૮ પૈસા વધી છે.

વ્યાજની વાત કરુ તો વ્યાજમાં આ કંપનીને ફાયદો કયાં થશે એની વાત કરું. ૪૧૩૦ કરોડ રૂપિયા ૧૫ ટકા ૧૬ ટકા ઊંચા દરની લોન હતી એ લોન આપણે પાછી આપી આપણે વાર્ષિક ૨૭૦ કરોડ રૂપિયાનો ફાયદો થયો છે. એસ્સાર જોડે કરાર કર્યા જ્યારે જીપેકની જોડે કરાર કર્યા. આપણે ઘણી બધી હાઉસમાં ચર્ચા કરીએ છીએ પણ કોઈનામાં હિંમત હતી કે એસ્સારને બેસાડીને કહેવાની કે પાછા દસ્તખત કરો, પાછી સિગ્નેચર કરો. આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ બધા લોકોને કહ્યું કે તમારે આ જો કરવું હોય તો જીપેક, એસ્સાર, જીપીસીએલ બધાને કરો. એ એકસાઈઝ કર્યા. પહેલા ફેઈઝમાં ૪૯૫ અને બીજા ફેઈઝમાં ૬૪ એમ વાર્ષિક ૫૫૯ કરોડ રૂપિયાનો એ લોકોના કરારમાં ફાયદો કરવામાં આવ્યો. આ હિન્દુસ્તાનમાં કોઈપણ સરકારે પાવર પરચેઈઝ એગ્રીમેન્ટ કર્યા હોય ૨૦ વર્ષના કર્યા હોય, ૩૦ વર્ષના કર્યા હોય પછી દસ વર્ષ પછી ફેરફાર કરવામાં આવ્યો હોય તો તે એકલું ગુજરાત રાજય છે.

કોલસાની અંદર ઘણી બધી વાત કરી. એમાં પથ્થર આવતા હતા. કોલસાની અંદર પથ્થર ઉપર આપણે ફ્રેઈટ ચૂકવીએ. જી.ઈ.બી. એક માત્ર યુટિલિટી આખા દેશમાં કે ઈમ્પોર્ટેડ વોસ્ડ કોલ કર્યો પછી એને નાખીએ છીએ અને એના કારણે એસ કન્ટેઈન્ટ ૩૫ થી ૩૬ ટકા હોય એ ઘટીને ૨૫ થી ૨૬ ટકા થયો છે. એનું ફ્રેઈટ આપણે ચૂકવતા નથી. કોલસાની બેટર કવોલિટી ઓફ કોલ એલ.એસ.એચ.એસ.નું સેવિંગ્ઝ ઈન્ડોનેશિયાનો કોલ વાપરવાનું ચાલુ કર્યુ અને વોસ્ડ કોલ વાપરીને આ બધા ખાલી કોલ ઉપર ઊંચા ભાવ કર્યા પછી એને અમે ૨૦૭ રૂપિયાનું વાર્ષિક રીતે કર્યુ છે. અને આજે અમારે ગૌરવ સાથે કહેવું પડે છે કે એકે એક પ્લાન્ટની અંદર અમારો કોલ મિકસ કેટલો વાપરવાનો, કયો કોલ હોય તો કેટલું લેવું સૌથી પર યુનિટ કોસ્ટ કેટલી આવે છે એ પ્રમાણે અમે તૈયાર કરીને અમારા પ્લાન્ટો ચાલે છે. હું આપને કહું કે ગુજરાતની અંદર ફાઈનાન્શિયલ પેરા મીટર્સમાં વધારે હું જવા માગતો નથી. આપણો વપરાશ બહું મોટો થઈ ગયો છે. હું બીજા પેરા મીટર્સની વાત કરુ. દા.ત. સુવિધાની વાત કરીએ. કેટલા બધા પેન્ડિંગ કેસો હતા. પુષ્કળ પેન્ડિંગ કેસો હતા, લોક અદાલતની વાત કરુ, અમે કહ્યું કે લોક અદાલતમાં કેસો લઈ જાવ. ૧૯૯૮-૯૯ની અંદર ૮૦૪ કેસો લોક અદાલતમાં લીધા હતા. ૨૦૦૪-૦૫માં અમે ૩૬૯૮૨ કેસો લીધા હતા. આ વર્ષના ફેબ્રુઆરી સુધીમાં ૯૧૯૦૦ કેસો લોક અદાલતમાં લીધા. આપ વિચાર તો કરો. ૧૭-૧૭, ૨૦-૨૦ કરોડ રૂપિયા વરસોથી જૂના ફસાયેલા હતા એ રકમ અદાલત દ્વારા લીધી છે.

આપણે ત્યાં પૂર આવ્યું વરસાદ ખૂબ પડ્યો અને તેના લીધે અનેક ફિડરો, લાઈનો ખરાબ થઈ ગઈ હતી, અનેક સબ સ્ટેશનો ખરાબ થઈ ગયા હતા. મારે આનંદ સાથે કહેવું પડે છે કે કોઈપણ જગ્યા હોય ૭૨ કલાકની અંદર વીજળી ચાલુ કરી નાખી હતી. અને ટોટલ સર્વિસીસ ૧ લાખ ૪૦ હજાર કનેકશનો આણંદ અને ખેડામાં ચાલું કરવામાં આવ્યા હતા.

આઈ.ટી. ની વાત કરું, જોડે જોડે આપણે કોમ્પ્યુટરાઈઝેશન પણ કર્યુ છે. ઈ-ઊર્જા એન્ડ ટુ એન્ડ સોલ્યુશન એમાં ફાઈનલ ટૂંક સમયમાં આવશે. અત્યારે અમે જી.આઈ.એસ. મેપીંગ કર્યુ છે. વડોદરા, ભાવનગર, રાજકોટ, જામનગર અને જુનાગઢ વગેરે આખા શહેરોની અંદર કઈ જગ્યાએ થાંભલો મૂકયો છે, કઈ જગ્યાએ ટ્રાન્સફોર્મર મૂકયું છે કયો ગ્રાહક કેટલો લોડ લે છે આ બેઠા બેઠા અમારા કોમ્પ્યુટરમાં ખબર પડે. એટલે વીજળી કયાં જાય છે, કયા ફિડર ઉપર કેટલો લોસ થાય છે એ અમને ત્યાં બેઠા બેઠા ખબર પડે અને આવતા દિવસોની અંદર અમે ટ્રાન્સફોર્મર નહિ પણ એ પછી છેલ્લા ગ્રાહકને ત્યાં કેટલી વીજળી જાય છે અને કેટલું બિલ ભરે છે આ જી.આઈ.એસ. સિસ્ટમમાં કરીશું.

અત્યારે આ ગુજરાત આટલા સ્ટેજે પહેલું રાજય છે કે જેણે આટલા બધાં શહેરોમાં આખો નકશો બનાવ્યો છે. થાંભલા, ટ્રાન્સ્ફૉર્મર, લોડ બધું સાથે. ટ્રાન્સમીશનની વાત કરું, જેટલા સબસ્ટેશન છે એ સબસ્ટેશનમાં ત્રણ કોમ્પ્યુટરાઈઝ કરી નાખ્યા છે અને છ ઈમ્પ્લીમેન્ટેશનમાં છે. એટલે તેનો અર્થ એ થયો કે જે ફીડર હોય એ ફીડર પર મીટર ફરે. કેટલી વીજળી દર મિનિટે વપરાય છે એ ઑટોમૅટીક રૅકૉર્ડ થાય. કેટલા કલાક વીજળી ગઈ એ ખબર પડે એટલે કોઈ ફીડર ઉપરથી કોઈ ડાયરૅકટ બીજું ટેપીંગ કરીને વીજળી લઈ જતો હોય તો ખબર પડે, એટલે કયા ખેડૂતનું ફીડર હોય તેમાં કેટલો વપરાશ થયો, ઘર વપરાશનું ફીડર હોય તો કેટલો વપરાશ થયો, ઉદ્યોગનું ફીડર હોય તો કેટલો વપરાશ થયો આ આખો કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમ તૈયાર થઈ ગઈ છે.બધા ઝોનલ ઑફિસર્સ, પાવર સ્ટેશન આ બધું હેડ ઑફિસ સાથે ઑન લાઈન લીંકઅપ થઈ ગયું છે

અને આના કારણે આખી નવી જ કર્મચારીઓની અંદર હાઈ ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરવાનું આવતા દિવસોમાં દ ણી જગ્યાએ ચાલુ થઈ ગયું છે અને ફુલ ફલેજ આવતા દિવસોમાં આખા રાજયમાં ચાલુ થશે.

ટ્રેનિંગની વાત કરું, ૧૩,૦૦૦થી ૧૫,૦૦૦ કર્મચારીઓને દર વર્ષે ટ્રેનિંગ આપવામાં આવે છે. જે વાતો કરી, પ્લાન્ટો ચાલુ કરવાની, હું આપને કહું કે આ પ્લાન્ટ પાંચ વર્ષ પહેલાં ૬૦, ૬૨, ૬૫, અને ૬૬ કેપેસીટીવાળા પ્લાન્ટ લોડ ફેકટર પર ચાલતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩-૦૪માં ૬૪.૭૫ હતું. ૨૦૦૪-૦૫માં ૭૦.૦૧ થયું. આ વર્ષે બેકીંગ ગ્રાઉન્ડ કરવું પડ્યું. ચોમાસામાં કોઈ વીજળી લેવા તૈયાર નહીં. ચાર ટકા પી.એલ.એફ. લોસ હતો. આજની તારીખમાં બધું ગણીએ તો ૭૩થી ૭૪ ટકા પી.એલ.એફ. ફેકટર આવે છે. આજે જ્યારે અહીં ઉભો છું ત્યારે આજે પ્લાન્ટ ૮૦ ટકા ઉપર પણ ચાલે છે. આવતા દિવસો છે કે ૭૭, ૮૦-૮૦ ટકા ઉપર પી.એલ.એફ. ચાલે છે. એ કયારેય કરવામાં આવ્યું નહોતું.

માનનીય અધ્યક્ષશ્રી, નવા પ્લાન્ટોની વાત કરું, અનેક પ્લાન્ટો. આમાં ઘણી બધી પરમીશન લેવી પડે છે. એન્વાયરમેન્ટ પરમીશન લેવી પડે છે, ફૉરેસ્ટની પરમીશન લેવી પડે છે અને સૌથી અગત્યનું એ છે કે ફયુઅલ કયો વાપરવો, આપણે ત્યાં બધા પરમીશન ગેસ પર લઈને બેઠાં હતા અને ઓવરનાઈટ ઇન્ટરનૅશનલ ગેસની કિંમત વધી ગઈ. તેના કારણે ચારથી પાંચ પ્લાન્ટ કે જેના લાઈસન્સની સાથે તૈયાર હતા એ લોકોને ફયુઅલની સિક્યોરિટી ન મળી એટલે એ લોકોએ આગળ કામ વધાર્યું નહીં. એટલે છ-બાર મહિના તેના કારણે બગડ્યા પણ એ છતાં આવતા દિવસોમાં આપણે ઘણા બધા પ્લાન્ટો ખાતમુહૂર્ત કરીને આવતા છ-બાર મહિનામાં શરૂ કરીએ છીએ. કેન્દ્ર સરકાર સાથે ૪,૦૦૦ મેગાવોટનો ઈમ્પોર્ટેડ કોલમાં આપણે ૧,૬૦૦ મેગાવોટ લીધો છે. ૧,૬૦૦ મેગાવોટ આપણે માટે રાખ્યો છે અને એ ઉપરાંત આપણે પીપાવાવમાં ઈમ્પોર્ટેડ કોલ અને ગેસ બન્નેનું કામ આગળ વધાર્યું છે અને ટૂંક સમયમાં આપણને ગેસનું એલોકેશન કેન્દ્ર તરફથી મળે તો ખૂબ સારું, નહીં તો આપણે ગમે તેમ કરીને પીપાવાવમાં પ્રોજૅકટ ચાલુ કરવાની તૈયારી છે. એ જ રીતે જી.ઈ.બી.ના એકઝીસ્ટીંગ પ્લાન્ટ છે તેની અંદર પાનંધ્રોમાં એકસપાન્શનનું નક્કી છે, ચાલુ છે. ઉકાઈમાં ચાલુ છે. વણાકબોરીમાં કરવાના છીએ અને હું ચોક્કસપણે કહું કે આવતા દિવસોમાં અત્યારે ૪,૦૦૦ કે ૫,૦૦૦ મેગાવોટનું લોકલ પ્રોડકશન છે એ જ કે તેનાથી વધારે, મારે વિગત નથી કહેવી. કેમ કે સમય ઓછો છે, પણ હું આપને એકેએક પ્રોજૅકટ કહું તો ઓછામાં ઓછા ૧૫ થી ૧૭ હજાર મેગાવોટનું પ્લાનીંગ કર્યું છે કે તેની અંદર ડીફરન્ટ ફયુઅલ વધારે શું કર્યું છે, જે બાબુભાઈ કહે છે કે આપણે વીજળીનું ઉત્પાદન કરીએ અને બહારથી ખરીદી કેમ કરવાની? ખરીદી કરવાનું અગત્યનું નથી. કયું સસ્તું પડે એ અગત્યનું છે. આજે આપણે એમ જાણીએ કે કચ્છમાં કે અહીં સાઉથ ગુજરાતમાં વીજળીનો પ્લાન્ટ નાખીએ. આપણને વીજળીનો પ્લાન્ટ રોમટિરિયલ લાવતા મોંઘું પડતું હોય તો બહારથી વીજળી ખરીદવી વધારે સહેલી છે. હવે આપને કહું કે આજની તારીખમાં ૫,૦૦૦ મેગાવોટના ટેન્ડર બહાર પાડ્યા છે. ૧૯ પાર્ટીએ ટેન્ડર ભર્યા છે. તેનું પ્રિબીડ ક્વૉલિફિકેશન થવાનું બાકી છે. હાઈડ્રોના પાવર મળતો હોય, હિમાચલથી કોઈ વેચતો હોય તો આપણે ૨૫ પૈસા કે ૫૦ પૈસા ટ્રાન્સમીશન ચાર્જ આપવું વધારે સસ્તું પડે.

**સભાપતિશ્રી** : એકાદ મિનિટમાં પૂરું કરો.

**શ્રી સૌરભ પટેલ** : હજુ તો પૅટ્રોલિયમ સૅકટર બાકી છે. સમય વધારશે.

## સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહ બન્ને મંત્રીશ્રીઓના જવાબો પૂરા થાય અને મતદાન પૂરું થાય ત્યાં સુધી લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

**સભાપતિશ્રી** : સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ) બન્ને મંત્રીશ્રીઓના જવાબો પૂરા થાય અને મતદાન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે. બધા સભ્યોને બોલવાનો ચાન્સ આપ્યો છે એટલે બે મંત્રીશ્રીઓના જવાબ પૂરા થાય અને એના ઉપરની મતદાન પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાન્સમિશન સબસ્ટેશનની વાત કરું તો ૧૯૯૦થી ૨૦૦૦ની અંદર માત્ર ૧૦ વર્ષમાં ૨૩૧ નવા સબ સ્ટેશન થયા હતા. અત્યારે ૫૦-૫૧ અને આ વર્ષમાં ૬૦ સબ સ્ટેશનો આ બજૅટમાં જોગવાઈ કરીને મૂક્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયોતિગ્રામ યોજના એ ખૂબ અગત્યની યોજના છે. આ વિષયમાં સમય ન હોવાના કારણે ચર્ચા નથી કરતો. ખેડૂતોને સબસિડી ટ્રાન્સમિશનની વાત કરી. એમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી. થોડીક માહિતી હું આપું. કેટલા ફોલ્ટી મીટર રિપ્લેશ કર્યા ૨૦૦૧-૦૨માં ૪૫૯ આ વર્ષે ૧૦.૭૮ કેટલા એમ.એમ.બી ૪.૫૮, ૧૧.૦૮, કનૅકશન સીલ ૯.૨૩, ૧૩.૮૯, નંબર ઑફ ઈન્સ્ટોલેશન ચેકડ ૨૦.૭૫ કેટલા રેકટીફિકેશન કન્ડકટર, વાયરો કેટલા બદલ્યા ૬૧૧ કિલોમીટર હતા, ૧૯૯૫ આ વર્ષે. આટલી મોટી કામગીરી કરી છે. એક અગત્યના વિષય ઉપર ધ્યાન દોરવા માગું છું. વર્ષોથી આપણને કેન્દ્ર વીજળી આપે છે. અનએલોકેટેડ પાવર આપે છે. આમાં આપણો ૨૫૬ મેગાવોટનો શેર હતો. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે,

કેન્દ્ર સરકારે આ ૨૫૬ મેગાવોટનો પાવર ખેંચી લીધો છે અને મહારાષ્ટ્રને આપે છે અને આનું નુકસાન કેટલું થાય છે? આપણને ૨૫૬ મેગાવોટ રૂ.૧.૬૭ યુનિટના ભાવે મળતી હતી. આજે બજારમાંથી રૂ.૪.૭૦ના ભાવે ખરીદવી પડે છે અને ૩.૦૩ યુનિટના વર્ષે ૫૫૨ કરોડનું નુકસાન થશે. મારી આપ સૌને નમ્રપણે વિનંતી છે કે, ગમે તેમ કરીને તમે આ પાવર લઈ આવો. નહીંતર આવતા દિવસોમાં ૩ રૂપિયે, ૫ રૂપિયે, ૭ રૂપિયે પણ પાવર નહીં મળે. જેથી આવતા દિવસોમાં ખેડૂતોને આપણે વીજળી નહીં આપી શકીએ. આપણી વીજળી કેન્દ્ર લઈ ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું પૅટ્રોલિયમ સૅકટરની વાત કરું તો આપણે સૌથી મોટું એકસપ્લોરેશન કે.જી. બેઝીનમાં કર્યું. એની અંદર બધા માનનીય સભ્યશ્રીઓ, જ્યારે આપણા સાહેબે ડિકલેર કર્યું ત્યારે કેટલા ડી.સી.એમ. આવશે? શું આવશે? કેટલી ફૉરેન કંપનીઓ ત્યાં આવી ગઈ છે, બધા કહે છે, અમને ભાગ આપો, બધું ત્યાં આગળ જોઈ લીધું. અને બધા સંમત છે કે, ૨૦ લાખ ડી.સી.એમ. ઉપર છે અને ૨૦ ડી.સી.એમ. એટલે કેટલા રૂપિયાનું થયું. ૩.૫ લાખ કરોડનો ગેસ થયો. આપણને પચાવતા વાર થાય. ૩.૫ લાખ કરોડ જી.એસ.પી.સી.ને નફો એકલો નહીં આવે. રાજય સરકારની તિજોરીમાં આવે એના માટે રાજય સરકાર પ્રયત્ન કરે છે, તમે મદદ કરજો. જ્યારે કેન્દ્રમાં કાગળ જાય ત્યારે મદદ કરજો એટલી મારી વિનંતી છે. આપ વિચાર તો કરો કે, ૨૦ વર્ષની અંદર ૩.૫ લાખ કરોડ અને બીજુ અગત્યનું એ છે કે, હજુ તો ૭૫ કિલોમીટરનો એરિયા કર્યો છે, ૨૫૦૦ કિલોમીટરનો એરિયા બાકી છે અને આ જી.એસ.પી.સી. દ્વારા આપણા પીપાવાવમાં ગેસ આધારિત પ્લાન્ટ નાખ્યો છે. કે.જી. બેઝીનનો ગેસ એને આપીશું. જો કેન્દ્ર સરકાર એને ગેસ નહીં આપે તો નક્કી કર્યું છે અને આપીશું. એના માટે અમે ફૂલ ફલેજ તૈયારી કરી રાખી છે. ધોળકામાં, તારાપુરમાં કે.જી. બેઝીનમાં આપણને સફળતા મળી છે. આમાં વિચાર તો કરો કે ફયુલ સિક્યોરિટી માટે અમે દેશની બહાર ગયા છીએ. અમે કોલસામાં કૅપ્ટિવ માઈનીંગ માટે આવતા દિવસોમાં વિચારીએ છીએ. કે ભાઈ, આપણે કાલ ઊઠીને અહીં ભારતમાં કોલસો ન મળે તો શું કરવાનું? એવી જ રીતે ફયુલની અંદર સાઉદી અરેબિયા, ઓમાન, સીરીયા, ઑસ્ટ્રેલિયા, સાઉદીયામાં, આ બધી જગ્યાએ અમારી બધા જોડે વાત ચાલે છે અને દરેક જગ્યાએ કોઈકની સાથે ભાગીદારીની અંદર અમે exploration માં આવતા જઈશું. આજ પ્રમાણે Shell ની જોડે ૨ મીલીયન ટનનો એલ.એન.જી. ૨૦૧૦ પછી આપણે કરાર કર્યો છે અને ૨ મીલીયન ટન એલ.એન.જી. આપણને આવશે. એવી જ રીતે જે રોયલ્ટીની આવક ૧૪૦૦ કરોડ થશે, આપણે ૫૦૦-૬૦૦ કરોડમાં રમતા હતા એક વખતે, આજે વાર્ષિક ૬૦૦ કરોડ રૂપિયા રાજય સરકારને મળશે ત્યારે હું આપને એક વાત કહું મનમોહનસિંહજીએ ૫રમ દિવસે જ Chennai માં કીધુ 'lay piped gas supply network in all Indian cities'. ખાસ એમણે કીધું કે તમે પાઈપ લાઈન મૂકો, આપણું પેટ્રોલિયમ બિલ વર્ષોથી પડયું છે એ હજી કેન્દ્રએ કાઢયું નથી અને બીજી હું આપને કહું કે આપણે આવતા દિવસોમાં રાજકોટ વગેરે બધી જગ્યાએ તો કર્યુ છે પણ ભાવનગર પીપાવાવની લાઈન નાખીએ છીએ અને એ ઉપરાંત જામનગર અને બાબુભાઈ શાહના કચ્છ સુધી પણ લઈ જઈએ છીએ અને માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત આ વર્ષની અંદર અત્યારે ૨૦ શહેરોની અંદર અમારું સરવે કામ ચાલે છે અને જે મોટી ગ્રીડ છે એમાં ૨૦ પાઈપલાઈનો સાથે અમે આવતા દિવસોમાં ગેસ આપવાનું આયોજન નકકી કર્યુ છે. એ જ પ્રમાણે એલ.એન.જી. સ્ટેશનની વાત કરું તો એલ.એન.જી. સ્ટેશન હાઈવે ઉપર અત્યારે સરવેનું કામ ચાલે છે અને આવતા દિવસોમાં ૨૦૦થી વધુ સી.એન.જી. સ્ટેશનો ચાલે એ પ્રમાણે આપણે આગળ વધી રહ્યા છીએ. આ લોકોએ જે ચિંતા વ્યકત કરી છે એ વિશે વાત કરું બલવંતસિંહ વીજળીની ચિંતા નહીં કરતા, અમે ૧૫-૨૦ વર્ષનો પ્લાન કરી ગુજરાતમાં સરપ્લસ વીજળી આવતા ૩ વર્ષમાં થાય એવું અત્યારે અમારું આયોજન છે. એક વાત કરું હું કે ટૂંક સમયમાં અમે લોકો Nyveli લીગ્નાઈટ જોડે ૧૫૦૦ મેગાવોટનો Nyveli લીગ્નાઈટ આધારિત કરાર કરીએ છીએ. મારે માનનીય અધ્યક્ષશ્રી, એક માહિતી વિધાનસભાગૃહને આપવી છે. જયોતિ ગ્રામની આપણે વાત કરી, મારે આપને આકડા કહેવા છે, આપ રાજી થાવ, ૧૫હજાર નહીં, ૧૬હજાર નહીં, ૧૭હજાર નહીં, ૧૭૪૦૦ ગામડા આજની તારીખમાં જયોતિ ગ્રામ થયા છે. આજની તારીખમાં ૧૭૪૦૦ અને માત્ર ૭૫૦ ગામડા બાકી છે અને આ ૩૧મી માર્ચ પહેલા કરવાનું આયોજન છે.

**સભાપતિશ્રી .** : માનનીય સૌરભભાઈ, પૂરું કરો. પ્લીઝ પૂરું કરો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બધાને જવાબ આપવાનો હતો. બલવંતસિંહજીએ ટીકા કરી છે એટલે મેં કીધું કે એમને જવાબ આપીએ પણ ઠીક છે તો સભ્યશ્રીઓને મારી વિનંતી કે જો આપને લાગતું હોય કે આ ૫૦હજાર કર્મચારીઓએ કામ કર્યુ છે તો એમને જશ માટે પણ આપ આ સર્વાનુમતે પાસ કરો એવી મારી વિનંતી છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની માગણી લઈને આ ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, લગભગ ૨૬ જેટલી કાપ દરખાસ્તો અને ૨૨ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ આજે પ્રવચનમાં ભાગ લીધો છે. કેટલાક ધારાસભ્યશ્રીઓએ વાસ્તવમાં મહેસૂલ

વિભાગ દ્વારા જે સાચી અને સારી કામગીરી થઈ છે એની વાત કરી છે એમને હું અભિનંદન આપુ છું. કેટલાક ધારાસભ્યશ્રીઓએ પોતાના વિસ્તારની કયાંક તકલીફો છે હજી પણ અને આ તકલીફો, આ પ્રશ્નો ઝડપથી ઉકેલાય એના માટેના પ્રભાવી સૂચનો કર્યા છે. એમને પણ હું આવકારું છું. કેટલાક ધારાસભ્યોએ અનિયમિતતા, ગેરરીતિ બાબતની વાત કરી છે એને પણ હું આવકારું છું. આ રાજય સરકાર કોઈપણ જાતની ગેરરીતિ, ભ્રષ્ટાચાર ચલાવી લેવાના મતની નથી. કોઈપણ ધારાસભ્ય આવી બાબત અમારી સમક્ષ લાવશે તો અમે તાત્કાલિક પગલાં લઈશું.

મહેસૂલ વિભાગમાં ઘણા બધા વિભાગો. મુખ્ય અધિકારી અમારો ડિસ્ટ્રિક્ટ લેવલે કલેકટર. બધા વિભાગોની કામગીરી કલેકટર સંભાળે. માનનીય અમિતભાઈ શાહનું ગૃહ ખાતું ગુનેગારોને પકડી લાવે, અમારા ખાતાના મામલતદાર સબ જેલર તરીકે એને સાચવે. ઈલેકશન હોય તો અમારું ખાતું, અછત હોય, કુદરતી આફતો હોય તો અમારું ખાતું, કયાંય પણ જુઓ તો મહેસૂલ ખાતાનો અધિકારી, રાજ્ય સરકારની કોઈપણ બાબત હોય તો ખડે પગે ઊભો હોય અને એનું રિઝલ્ટ છેલ્લા કેટલાય વર્ષોમાં ગુજરાતમાં જે કુદરતી આફતો આવી છે પછી એ ભૂકંપ હોય, અતિવૃષ્ટિ હોય કે વાવાઝોડું હોય, આ તમામમાં જે કામગીરી થઈ છે એમાં હું ડીટેઈલમાં પડવા માગતો નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ લાલ પેન જ્યાં ઉપાડી છે, માનનીય મંત્રીશ્રીઓએ લીલી પેન ઉપાડી છે ત્યાં ગુજરાતના વિકાસની ચિંતા કરી છે. ગુજરાતની સમૃદ્ધિની ચિંતા કરી છે. ગુજરાતની પાંચ કરોડની જનતાની સુખાકારીની ચિંતા કરી છે. કોઈ એવું કામ કર્યું નથી. વિરોધ પક્ષના નેતા હાજર નથી. આ રાજ્ય સરકારની અંદર કોઈ ઉદ્યોગપતિ, કોઈ સંબંધી, કોઈ મળતિયા, કોઈ ટાઈવાળા, કોઈ બેગવાળા, કોઈ પરદેશી, કોઈ પણ આ રાજ્ય સરકાર ઉપર પ્રભાવ પાડી શક્યા નથી. ગુજરાતના હિત માટે માત્ર અને માત્ર હિત માટે જે કાંઈ નિર્ણય લેવાયા છે એના માટે પેન ઉપાડી છે. એ લીલી પેન હોય કે લાલ પેન હોય, દરેક વિભાગોની કામગીરી અહીં કહેવાઈ. નાના નાના પ્રશ્નો હશે, કમ્પ્યુટરાઈઝેશન, ઈન્ફર્મેશન ટેકનોલોજી દ્વારા આખા દેશમાં ભલે આંધ્રની વાત થતી હોય, હું ચોક્કસ ગૌરવ સાથે કહીશ કે એમ છતાં પણ સાચા અર્થમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીનો ફાયદો જો કોઈ રાજ્યમાં લોકો સુધી પહોંચ્યો હોય તો માત્ર અને માત્ર ગુજરાતમાં પહોંચ્યો છે. સોફ્ટવેર બનાવવાની ફેકટરીઓ લાવ્યા નથી પણ ૭-૧૨ના ઉતારા ખેડૂતોનું પ્રાથમિક ડોક્યુમેન્ટ અત્યારે તાલુકા મથકે મળે છે એને ગામ સુધી પહોંચાડવાનું અમે આયોજન કર્યું છે. ૯૦ લાખ હક્ક પત્રકોની નોંધણી સવા વર્ષમાં કરીને ૯ કરોડ રૂપિયાની ફીની આવક થઈ છે. આ બતાવી આપે છે કે ૭-૧૨ અને ૮-અ નું કમ્પ્યુટરાઈઝેશન કર્યું છે એનાથી રાજ્યને કેટલો ફાયદો થયો છે. અહીં ઘણા વિભાગોની વાતો કરી છે. એની વિગતોમાં જવા માગતો નથી. મારા વિભાગમાં તમામ જગ્યાએ જ્યાં જ્યાં આઈ.ટી.થી લઈને ઝડપથી, સરળતાથી કામ થાય ત્યાં ત્યાં આઈ.ટી.નો ઉપયોગ કર્યો છે. સમગ્ર ગુજરાતમાં ૧૦ જેટલા જિલ્લા મથકોએ, ૨૨૫ જેટલા તાલુકા મથકોએ અને ૭ પ્રાંત કચેરી એમ ૨૪૨ જેટલી મહેસૂલી કચેરીઓમાં અદ્યતન સુવિધા સાથેના જન સંપર્ક કેન્દ્રો શરૂ કર્યા છે. અત્યાર સુધીમાં ૧૪,૨૮,૯૧૦ જેટલી અરજીઓ મળી એમાં ૧૪,૧૧,૬૯૦ જેટલી અરજીઓનો નિકાલ કરીને ૯૮ ટકા ઉપરાંતની એફિસિઅન્સીથી આ વિભાગે કામ કર્યું છે. ડી.આઈ.આર. વિભાગની વાત કરી. આ વર્ષમાં આઈ.ટી.માં માનનીય નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું કે અમારા વિભાગે જેટલી રકમ માગી એટલી આઈ.ટી.ના કામ માટે મુખ્યમંત્રીશ્રીએ ફાળવી છે. અમારા તમામ વિભાગનો રેકોર્ડ આ વર્ષના ડિસેમ્બર અંત સુધીમાં કમ્પ્યુટરાઈઝડ કરીને વધારે સુવિધા આપવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જંત્રીની બાબતમાં બે-ત્રણ વાતો કરવી છે. આ રાજ્ય સરકારમાં ૧૯૯૮-૯૯માં છેલ્લે જંત્રી બની હતી. જંત્રી આ વિભાગ માટે એટલા માટે ઉપયોગી છે કે રાજ્ય સરકારે જમીન આપવી હોય, દવાખાના માટે, ઉદ્યોગ કરવા માટે, ખેતીની જમીન આપવી હોય એના ભાવ નક્કી કરવાના હોય તો એનો બેઝ જંત્રી છે. પ્રીમિયમ લેવાના હોય તો એનો બેઝ જંત્રી છે. ૧૯૯૮ના વર્ષમાં જૂની જંત્રીમાં આખા રાજ્યમાં ધારાસભ્યશ્રીઓ અને લોકો દ્વારા આ જંત્રી ખામીયુકત હોવાથી નવી જંત્રી બનાવવાની રજૂઆતના અનુસંધાને અમે નવી જંત્રી બનાવવાનું આયોજન કર્યું છે. અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત લગભગ ચાર મહાનગરપાલિકાઓની જંત્રી આખરી તબક્કામાં છે. એપ્રિલ મહિનામાં આ ચાર મહાનગરપાલિકાઓની જંત્રી અમે જાહેર કરી દેવાના છીએ. એટલે જે પ્રશ્નો બધાએ બતાવ્યા છે એ પ્રશ્નો મોટાભાગે અમારા મહેસૂલ વિભાગમાં ઘણી સરળતાથી ઉકેલી શકાશે. એ જ રીતે ડિસેમ્બર અંત સુધીમાં સમગ્ર ગુજરાતની જંત્રી જે ગ્રામ્ય વિસ્તાર છે એની જંત્રી અમે બનાવી દેવાના છીએ. એટલે આ વર્ષની અંદર જંત્રીની બાબતોનું તમામ કામ પૂર્ણ કરીને અમારા વિભાગે નિર્ણય લીધો છે. સૌરાષ્ટ્રના ધારાસભ્યોની કેટલાક વર્ષોથી એમનો પડતર પ્રશ્ન "રાવળા હક્ક" ની રજૂઆત હતી. આ સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ગંભીર પ્રશ્ને લગભગ સાડાત્રણ લાખ લોકો સંકળાયેલા પ્રશ્નની ગંભીરતાપૂર્વક વિચારણા કરી રહ્યા છે અને નજીકના ભવિષ્યમાં, બનતી ત્વરાએ નહિ, સૌરાષ્ટ્રના ધારાસભ્યોની માગણી છે એમાં મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૬ જેટલી કાપ દરખાસ્તોમાં ૧૪ જેટલી કાપ દરખાસ્તો કુદરતી આફત અંગેની છે. આખા ગુજરાતના અને આખા દેશના લોકોએ જોયું છે કે ગુજરાતમાં જ્યારે આપત્તિ આવી હોય, માત્ર

ગુજરાત નહિ ગુજરાત બહાર દેશમાં પણ આપત્તિ આવે તો ગુજરાત દોડ્યું છે. સુનામી વખતે આખા દેશની અંદર કોઈપણ પહેલા કામ કરવા દોડ્યું હોય તો ગુજરાત દોડ્યું છે. ગુજરાતની અંદર આપત્તિ આવી હોય તો ગુજરાત બેઠું ના રહે, ગુજરાતના N.G.O.ને પણ હું સરકાર તરફથી અભિનંદન આપું છું, જેટલી કુદરતી આપત્તિ આવી ગુજરાતની અંદર બધાએ ખડેપગે ઊભા રહીને કામ કર્યુ છે. છેલ્લે કાપ દરખાસ્તની વાત આવે છે એમાં વર્ષાઋતુમાં ૨૦૦૫ની અંદર ૭૦ ટકા ગુજરાતમાં પાણી ભરાયું હતું. ૨૨ - ૨૨ લાખ લોકોને કેશડોલ્સ આપ્યા છે, એટલે જે કાપ દરખાસ્તમાં રજૂઆત કરી સરકાર કુદરતી આફતમાં ફેલ ગઈ. બાબુભાઈ વાત કરે કદાચ કહેવા પૂરતું કહે. બીજા ધારાસભ્યો કહે, પરંતુ હું વાસ્તવિકતા છાતી પર હાથ દઈને કહીએ કે જે ભૂકંપની અંદર કામની વાત કરી છે એ દુનિયાએ સ્વીકાર્યુ છે કે નહિ? આપણને ઈન્ટરનેશનલ એવોર્ડ મળ્યો છે. ભૂકંપ પછી કચ્છને કેવું કચ્છ બન્યું છે. કદાચ સમય મળે તો હાઉસમાં કહીએ એ બરાબર છે, જે વાસ્તવિકતા છે કે વાસ્તવિક થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા પછી મહારાષ્ટ્રમાં અતિવૃષ્ટિ આવી હતી અને પૂરની અંદર મહારાષ્ટ્રમાં છ મહિના સુધી ત્યાં કામગીરીની શરૂઆત કયાંથી કરવી એની અધિકારીઓને ખબર નહોતી. ગુજરાતની અંદર પૂરમાં ત્રણ દિવસની અંદર સમગ્ર ગુજરાતમાં પૂરની કામગીરીની અંદર N.G.O. નો સહયોગ છે, અધિકારીઓના કામ સાથે આ રાજ્યમાં પૂરું કરવામાં આવ્યું છે. અમારાં વિભાગે ઘણી બધી કામગીરી કરી છે. અમે ગૌરવ સાથે કહી શકીએ તેમ છીએ કે એકપણ ખોટું કામ અમારા વિભાગમાં થયું નથી, ના મુખ્યમંત્રીશ્રી લેવલે, ના મંત્રી લેવલે, ના મહેસૂલ વિભાગે લેવલે. કદાચ માહિતીના અભાવે લાગતું હોય ગેરરીતિ થઈ છે, હું આ સભાની અંદર આપના માધ્યમ દ્વારા તમામ ધારાસભ્યોને હું વિનંતી કરું છું કે મહેસૂલ વિભાગ બાબતમાં કોઈપણ જગ્યાએ ગેરરીતિ, અનિયમિતતા અથવા અધિકારી સંડોવાયેલા હોય તો તાત્કાલિક અમને જાણ કરો આ રાજ્ય સરકાર પગલા લે છે. પાસા, પી.બી.એમ., જમીનની દલાલીની વાત કરતા હતા, આ પ્રશ્નની અંદર ૨૨ કેસમાં ૩૨ વ્યકિતઓ સામે પાસાના કેસ કર્યા છે. સરકારી જમીન દબાણ કરવાવાળા લોકોને પણ માનનીય રાજ્ય સરકારે છોડી નથી. પાંચ કાપ દરખાસ્ત એવી છે કે એમ.પી. અને એમ.એલ.એ.ના પત્રોના જવાબ મળતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિભાગ દ્વારા એમ.પી., એમ.એલ.એ.ના જે પત્રો આવ્યાં છે, ૨૦૦૫-૨૦૦૬માં ૧૦૨૧ પત્રોમાંથી ૮૩૭ પત્રોનો નિકાલ કર્યો છે, એટલે ૮૨ ટકા માનનીય ધારાસભ્યશ્રીઓ અને માનનીય સંસદ સભ્યશ્રીઓના પત્રોને વેઈટેજ આપીને અમને જે રજૂઆત આપી છે એ કામનો નિકાલ કરવા માટે અમે ગંભીર છીએ. ફરીથી અમારા વિભાગ દ્વારા જે વધારાની કામગીરીની માહિતી માનનીય અધ્યક્ષશ્રી દ્વારા ટેબલ પર મૂકી દઈશ, ફરીથી વિનંતી કરું છું કે આ વિભાગની કામગીરી માટે તમે જે સૂચનો કર્યા છે, તમારી માહિતી પ્રમાણે જે ગેરરીતિની વાત કરી છે એની મેં ગંભીરતાથી નોંધ લીધી છે અને ચોક્કસ એની કાર્યવાહી કરીને તમને હું જવાબ પણ આપીશ અને મારી વિનંતી છે મારા વિભાગની કાપ દરખાસ્ત આપ પાછી ખેંચો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, અમારી માગણીનો સ્વીકારી હોત તો અમારી કાપ દરખાસ્ત પાછી ખેંચત, એટલે અમારી કાપ દરખાસ્ત ચાલુ રાખીએ છીએ.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૩, ૫, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૯, ૪૦, ૪૨, ૪૪, ૪૫ અને ૪૭ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક: ૧૨, ૧૩, ૭૬, ૭૮ અને ૭૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ રાત્રીના ૮.૦૧ વાગ્યે પૂરું થતાં, સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૨૨મી માર્ચ,૨૦૦૬ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તારીખ ૨૨ મી માર્ચ, ૨૦૦૬**
**ચૈત્ર ૧, ૧૯૨૮ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**બનાસ નદીના વરસાદી પાણી રણમાં વહી જતું અટકાવવા બાબત**

***૧૭૪૨૬ શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) બનાસ નદીમાં વરસાદી તેમજ નર્મદાનું પાણી છોડતાં પાણી રણમાં વહી જાય છે અને દુર્વ્યય થાય છે. તેને ઉપયોગી બનાવવા ચેકડેમોનું નિર્માણ કરવું જરૂરી છે જેથી જૂની બંધ પડેલી કેનાલો પુનઃ ચાલુ કરી શકાય અને ભૂગર્ભ જળની સપાટીમાં પણ વધારો થઈ શકે તે આ સરકારના ધ્યાનમાં છે,

(૨) આ માટે સરકાર કામલપુર, નજુપુરા અને રાજુસરા તા. રાધનપુર એમ ત્રણેય ગામોના ચેકડેમ બનાવવા માગે છે કે કેમ, અને

(૩) જો હા, તો તે સંબંધિત લીધેલ જરૂરી પગલાં શાં છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી:**

(૧) હા,જી.

(૨) કામલપુર તથા નજુપુરા ગામો. ખાતે પીકઅપ વિયર અનેરાજુસરા ગામે ચેકડેમ બનાવવાનું આયોજન વિચારેલ છે.

(૩) સર્વેક્ષણ, ડિઝાઈન, અંદાજ બનાવવાની કામગીરી હાથ ઉપર છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, આજે વલ્ડ વોટર ડે છે સાથે સાથે આખા ગુજરાતમાં પાણીની અછતવાળો એવા પ્રદેશમાં મારો વિસ્તાર આવેલો છે અને એમાં વરસાદી પાણી વહી જતું રોકવા માટે ચેકડેમ બનાવવા માટે મેં માનનીય મંત્રીશ્રીને એક વર્ષ પહેલાં રજૂઆત કરી હતી અને એમાં ૧ાા થી ૨ વર્ષ જેટલો સમય થઈ ગયો છે. મારે જાણવું છે કે તમે નકશા અને અંદાજ બનાવવાની કામગીરી કયારે શરૂ કરી છે અને આ ચેકડેમ અને પીકઅપ વીયર એ કયાં સુધીમાં પૂરા કરવા માગો છો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન બનાસકાંઠા વિભાગમાં વરસાદી પાણીને વહી જતું અટકાવવા માટે આડબંધો બાંધવા માટેનો છે, તેમણે આ માટેની માગણી અમારી પાસે લાંબા સમયથી કરી છે. તેમણે જે મઢુત્રા-૧, મઢુત્રા-૨, મઢુત્રા-૩, મઢુત્રા-૪, સૌરપાસી, ખારેવા, નગાસરા, દેશતા, જીડી, ઝઝામ (રણકાંધી) અને કાંગલી (રણકાંધી) આવા ૧૧ આડબંધો માટેની માગણી કરેલ છે અને અમે એ આ વર્ષે હાથ ઉપર લીધું છે, એના માટેનું આયોજન થઈ ગયું છે, વ્યવસ્થા પણ થઈ ગઈ છે એટલે આ વર્ષે ચોમાસા પહેલાં એ કામો પૂરાં કરવાનો સરકારશ્રીનો ખ્યાલ છે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આના માટેનું સર્વેક્ષણ, ડિઝાઈન અને નકશા બનાવવાનું કામ હાથ ઉપર લીધેલ છે. તો કેટલા સમયમાં એ થાય તેમ છે અને બીજું કે બનાસ નદી એટલે કે આ જે કામલપુર અને નજુપુરાની જે વાત છે એ બે તો બનાસકાંઠાના પેલા છેડે છે. આ બનાસકાંઠાની આ સરહદેથી ત્યાંથી બનાસકાંઠા અને ગુજરાતમાં બનાસ નદી પ્રવેશ કરે છે ત્યાં નર્મદાનું પાણી આપવાનું એના માટે આયોજન છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : બનાસ નદી જરૂર બનાસકાંઠા જિલ્લામાંથી પસાર થાય છે, પરંતુ માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે એ નર્મદાનાં પાણી બનાસ નદીમાં અથવા તો વરસાદી પૂરનાં બનાસ નદીનાં પાણી વહી જાય એને રોકવા માટેનો પ્રશ્ન છે અને તેમણે કહયું છે કે અમીરગઢ અને ઉપરનો વિસ્તાર છે એમાં પણ આડબંધ બાંધવા માટેનું આયોજન છે. કામલપુર, નજુપુરા અને રાજુપુરા એ નર્મદાની ડાઉનસ્ટ્રીમમાં આવે છે, પરંતુ ઉપરનો અમીરગઢનો ભાગ છે એમાં પીકઅપ વીયર અને ચેકડેમ બાંધવાનું આયોજન સરકારનું છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : મારે જાણવું છે કે મારા વિસ્તારમાં બાકીના બધા આડબંધ આપે કહયા એ બધા બાંધવાની વાત કરી એના માટે આપનો આભાર માનું છું. ચોમાસા પહેલાં એ પૂરા કરવાની પણ આપે ખાતરી આપી છે. તો મારે આ સ્પેસિફિક ત્રણ જગ્યાએ એક ચેકડેમ અને બે પીકઅપ વીયર એમાં કામલપુર, નજુપુરા અને રાજુપુરા આ ત્રણ ગામોમાં એ બનાવવાના છે. મારા ધ્યાનમાં છે કે આના માટેના નકશા બનાવવાનું કામ એકાદ વર્ષથી ચાલે છે અને લાંબો સમય એમાં પસાર થયો હોઈ, આપ એમાં રસ લઈને અગાઉ કામ કર્યુ છે એ પ્રમાણે ઝડપ લાવો અને આ ચેકડેમ થવાથી ૪૦ ગામોનાં તળાવો ભરી શકાય તેમ છે.

કેટલાક આપે તૈયાર કરાવી દીધા છે. તો ચેકડેમ તૈયાર થાય અને વરસાદી પાણી અને નર્મદાનું પાણી આવશે તો આ બધાં તળાવો ભરી શકાશે. ગયા વર્ષે પાણી આવ્યું ત્યારે ૧૦ જેટલાં ગામોમાં મોટા પાયા ઉપર કેનાલ મારફતે સિંચાઈ થઈ હતી. તો સ્પેસિફિક આ ત્રણ જગ્યાએ ચેકડેમ અને પીકઅપ વીયર બાંધવાની વાત છે એનું કામ તાત્કાલિક કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની માગણી સાથે હું સંમત છું અને જે ત્રણ ચેકડેમ બાંધવાના છે એ વીયર પ્રકારના છે એમાં કામલપુર વીયર ૨૬૫ લાખના ખર્ચે, નજુપુરા ૭૨ લાખના ખર્ચે અને રાજુપુરાનો ચેકડેમ ૪ કરોડ ૨૫ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થવાનો છે અને આ ૭ કરોડ ૬૩ લાખ રૂપિયા માટે નાણાકીય આયોજન કરવાનું હતું એ પણ થઈ ગયું છે. એના માટે નાણાં ફાળવવાની પ્રક્રિયા પણ પૂરી થઈ ગઈ છે અને આ વર્ષે હાથમાં લઈને આ કામ હાથ ધરીશું. એના કારણે એમની સાચી વાત છે કે ભૂતકાળમાં જે કેનાલ હતી તે કેનાલોને પંચાયત દ્વારા સાફ સૂફ કરાવી અને તૈયાર રાખવામાં આવી હતી. તે વિસ્તારમાં વિયર બાંધવાની સાથે ૨૦૦૦ હેકટર જેટલા વિસ્તારને સિંચાઈ માટે પાણી મળી શકે તેવું કામ થઈ શકવાનું છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નર્મદાનું પાણી બનાસ નદીમાં કાંકરેજ તાલુકામાં જામફર ગામમાં પાણી છોડવામાં આવ્યું હતું પણ ચેક ડૅમ ન હોવાને કારણે બધું પાણી વહી ગયું તો રૂડા અને જામફરની આજુબાજુના વિસ્તારમાં ચેક ડૅમ કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસ નદીમાં નર્મદાની કેનાલનું પાણી છે તે એસ્કેપ બનાવીને પાણી નાખીએ છીએ અને રૂડામાં પણ ચેક ડૅમ બનાવવાનું આપણું આયોજન છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે બનાસ અને દાંતીવાડા ડૅમમાં નર્મદાનું પાણી નાખવાની એમણે ખાતરી આપી છે તો દાંતીવાડા ડૅમથી ૫૦ કિલો મીટરના અંતરમાં કોઈ ચેકડૅમનું આગોતરું આયોજન કરીને આની સાથે સાથે એ કરવા માગે છે કે કેમ? અને બીજો પ્રશ્ન એ છે કે કાંકરેજ તાલુકા પાસે નર્મદાનું પાણી જિલ્લા પંચાયતની ચૂંટણી વખતે નાખ્યું હતું, પણ તેના પછી બિલકુલ નાખ્યું નથી, તો વર્ષમાં કેટલા સમય પાણી રાખવાનું છે એ કહે જેથી ખેડૂતોને ખબર પડે કે આમાં તળ ઊંચા આવશે કે પાણી લઈ શકાય એમ છે, એટલે વર્ષમાં કેટલો સમય પાણી નાખવાનું છે અને કેટલો સંગ્રહ કરવાનો છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય સભ્યશ્રી જાણે છે કે દાંતીવાડા ડૅમમાં નર્મદાનું પાણી પાઈપ લાઈન દ્વારા નાખવામાં આવ્યું હતું. તેનું આયોજન થયું છે અને સ્ટેજવાઈઝ તેનું કામ હાથ ધરવામાં આવશે. દાંતીવાડાની ઉપરવાસમાં એમણે ઉલ્લેખ કર્યો તે પાણી ઉપર લઈ જવાનું શક્ય નથી. નર્મદાનું પાણી એસ્કેપ દ્વારા બનાસ નદીમાં આવેલું તે ખેડૂતો મારી પાસે વધારાના પાણીની માગણી લઈને આવેલા અને ચોમાસા દરમિયાન કેનાલનું કામ ચાલુ હતું તે પૂરું થયું અને શક્ય હતું ત્યાં બધી જ જગ્યાએ બનાસમાં પાણી નાખ્યું છે. તેને કારણે બનાસકાંઠા જિલ્લાના જે વિસ્તારો પ્રભાવિત થયા છે ત્યાં સિંચાઈનો લાભ મોટા પ્રમાણમાં ખેડૂતોએ લીધો છે અને ખેતી સારી થઈ શકી છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : દાંતીવાડા ડૅમથી ૫૦ કિલો મીટર નદીમાં કોઈ જગ્યાએ ચેકડૅમ કરવા માટેનું આયોજન કરવા માગે છે કે કેમ, કારણ કે માલઘર જૂથ પાણી પુરવઠા યોજના જ્યારે બનાવી ત્યારે ૧૯૯૪ની સાલમાં જાહેરાત કરી હતી, ભલે અમારી સરકાર હતી, પણ તે વખતે જાહેરાત કરી હતી કે પાંચ કરોડના ખર્ચે મોટો ચેક ડૅમ બનાવીને પાણી ભરવામાં આવશે. તે જાહેરાત કર્યા પછી આપની સરકાર આવી, તો આપ આમાં શું કરવા માગો છો? અને એ ચેક ડૅમ બનાવવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : દાંતીવાડાથી ડાઉન સ્ટ્રીમમાં ૫૦ કિલોમીટરમાં ચેક ડૅમ બનાવવાની વાત છે, તો હું કહું કે દાંતીવાડામાં પાણી પાઈપ લાઈન દ્વારા ભર્યુ છે અને એ કહે છે તેમાં જો સારું લોકેશન મળશે અને પ્રપોઝલ કરેલી હશે તો સરકાર તે અંગેનું ચેકઅપ કરાવી અને શકયતા જોઈ લેશે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : બનાસ નદીમાં ચેક ડૅમ કરવાની વાત ચાલી રહી છે ત્યારે લોક ભાગીદારીથી બનાસ નદીમાં ગુપ્ત બંધનું પરિણામ સફળ આવેલું છે. તો રાજય એમાં આગળ વધવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : લોકભાગીદારીમાં જ્યાં શકય છે ત્યાં તમામ જગ્યાએ ચેક ડૅમો બાંધ્યા છે, અને એ પ્રમાણે સમગ્ર ગુજરાતમાં કામગીરી થાય છે, એમણે ગુપ્ત ચેક ડૅમ બાબતની વાત કરી છે તો જ્યાં રેતીના ઊંડા થર છે બનાસ નદી અને સરસ્વતી નદીમાં તેવી નદીઓ ઉપર ગુપ્ત માટીના ચેક ડૅમ બાંધી અને ઈન્ટીરીયલ વૉલ કરવી પડે છે. અને તે પણ શકય હોય ત્યાં કરવાનું અમારું આયોજન છે.

## મેઘરજ તાલુકામાં મંજૂર થયેલ રોડના કામો અને ખર્ચ

***૧૬૭૬૪ શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર(મેઘરજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ટ્રાયબલ સબ પ્લાન હેઠળ મેઘરજ તાલુકામાં ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ કેટલા રસ્તાને પેવર કરવા મંજૂર કરવામાં આવ્યા છે,

(૨) આ મંજૂર થયેલ રોડમાં કેટલા પૂર્ણ થયા છે,

(૩) બાકી રહ્યા હોય તો શા માટે રહ્યા છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) (૨) અને (૩) મેઘરજ તાલુકામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ જાન્યુઆરી-૦૬ ની સ્થિતિએ વર્ષ ૨૦૦૩-૦૪માં એક કામ મંજૂર કરવામાં આવ્યું અને પૂર્ણ કરેલ છે.

**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ટ્રાયબલ સબ પ્લાન હેઠળ મેઘરજ તાલુકા ઘણાં બધા રસ્તાઓ બાકી છે, તેના માટે માનનીય મંત્રીશ્રીએ શું આયોજન કર્યુ છે? અને બીજો પ્રશ્ન એ છે કે ૨૦૦૨-૦૩માં માલપુર તાલુકામાં ફગોડિયા, જેસવાડી અને મગવાસના રસ્તાને ઓ.ડબલ્યુ.આર.માં જોબ નંબર મળેલ હતો પરંતુ આ જોબ નંબર રદ થયેલ હતો. આ જોબ નંબર મળ્યા પછી એ વિસ્તારમાં મેં વાત કરી કે આ રસ્તાનું પેવર કામ થવાનું છે, પરંતુ જોબ નંબર રદ થતાં ઘણા બધા પ્રશ્નો આ વિસ્તારના ઉપસ્થિત થયા છે. મારે આ પ્રશ્નનો જવાબ શું આપવો તેવી હાલત થતી હતી. તો આજે આપની સમક્ષ માનનીય મંત્રીશ્રી ફગોડિયા-જેસવાડી-મગવાસ રસ્તો ક્યારે થશે એની કોઈ ખાતરી આપવા માગે છે કે કેમ? ત્રીજો મારો પ્રશ્ન છે કે ઉભરાણ-હલોદર-સાગોડી આ રસ્તાનું ૧૯૯૭માં માટી કામ થયેલ ત્યારપછી આ રસ્તા ઉપર ફરી કામ કરવામાં આવેલ નથી. તો આ ચાલુ બજેટમાં કેટલી જોગવાઈ કરવામાં આવેલ છે અને મારો આ વિસ્તાર ડુંગરાળ છે તેમાંના ૪૦ થી ૪૫ ગામો આ રસ્તા ઉપર આવેલા છે. ત્યારે આ રસ્તો તે વિસ્તાર માટે ધોરીનસ સમાન અગત્યનો છે ત્યારે આ રસ્તાનું કામ ક્યારે શરૂ થશે એ જાણવા માગું છું.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય સભ્યશ્રી ટ્રાયબલ સબ પ્લાનમાં પેવર કામ કેટલા રસ્તાનું થયું છે એવો સ્પેસિફિક પ્રશ્ન પૂછયો છે એના કારણે એક રસ્તાની વાત કરી છે. બીજી વાત કરી છે એ મુજબ ફગોડિયા સ્ટેન્ડ-જેસવાડી-મગવાસ-સુરજપુર, આ રસ્તો નોન પ્લાનનો રસ્તો છે. દરેક ધારાસભ્યશ્રીને નોન પ્લાનના રસ્તાના જોબ નંબર આપવાની વાત કરી છે. એ જોબ નંબર ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં માનનીય ધારાસભ્યશ્રી ઇચ્છતા હશે તો ફગોડિયા સ્ટેન્ડ, જેસવાડી, મગવાસ-સુરજપુર રસ્તાને જોબ નંબર આપીશું. બીજું ટ્રાયબલ સબ પ્લાનના રસ્તાઓ અને બીજા રસ્તાઓ બાકી હશે એ વિચારણા સમયે ધ્યાનમાં લેશું. પરંતુ બીજી વાત માનનીય ધારાસભ્યશ્રીના ધ્યાન ઉપર મૂકું કે છેલ્લા ત્રણ વર્ષમાં સભ્યશ્રીના વિસ્તારમાં ૫૨૮૦ લાખ રૂપિયાના જોબ નંબરના કામ આપ્યા છે અને તે ચાલી રહ્યા છે અને ઘણા બધા પૂર્ણ પણ થઈ ગયા છે. મેઘરજ આદિવાસી વિસ્તાર રહેલ છે. ત્યાં મોટા પ્રમાણમાં કામની જરૂરિયાત છે ત્યારે ૫૨૮૦ લાખના રસ્તાના કામ મંજૂર કર્યા છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે છેલ્લા ત્રણ વર્ષમાં ટ્રાયબલ સબ પ્લાનમાંથી ફક્ત એક રસ્તો જ મંજૂર કરવામાં આવેલ છે. એ કામ પૂર્ણ કરવામાં આવેલ છે એના ઉપરથી આદિવાસી સમાજ માટે આ સરકારની લાગણી કેવી છે એ પ્રદર્શિત થાય છે. આ વિસ્તારના મોટા ભાગના રસ્તાઓ માનનીય સભ્યશ્રી પણ કહે છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે પણ રજૂઆતો થઈ છે ત્યારે આ મંત્રીશ્રી અને એમનો વિભાગ અમારા ટ્રાયબલ વિસ્તારમાં તપાસ કરીને આવા રસ્તાઓ છે એ કરવા માગે છે કે કેમ? સ્પેસિફિક મેઘરજ વિસ્તારની વાત છે એમાં કેટલા રૂપિયાનું આયોજન હતું, કેટલા રસ્તાઓ ટ્રાયબલ સબ પ્લાન નીચે કરવાનું આયોજન હતું અને કેટલા કરવામાં આવ્યા છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : મેં કહ્યું એ મુજબ સભ્યશ્રી ભીખીબહેને ટ્રાયબલ સબ પ્લાન નીચે પેવર રસ્તા કેટલા થયા એ અંગેનો પ્રશ્ન પૂછયો હતો અને એનો મેં જવાબ આપેલ છે. માનનીય અનિલભાઈ જોષીયારાજી મેટલ રસ્તા કેટલા બનાવ્યા એની વાત કરે છે. હમણાં ૨૦૦૩-૦૪માં ૧૮ લાખ ૯૦ હજારના કામો થયાં છે. જ્યારે ૨૦૦૫-૦૬માં બીજા એક રસ્તાનું મેટલ કામ થયું છે. આદિવાસી વિસ્તાર માટેની માનનીય સભ્યશ્રીએ વાત કરી છે એટલે જ છેલ્લા ત્રણ વર્ષમાં ભીખીબહેનના મત વિસ્તારમાં જ ૫૨૮૦ લાખ રૂપિયાના કામો મંજૂર કર્યા છે જે ચાલુ છે અથવા તો પૂર્ણ કર્યા છે. કોંગ્રેસના શાસન વખતે કોઈપણ ત્રણ વર્ષના કોઈપણ ધારાસભ્યશ્રીના મત વિસ્તારમાં ૫૨૮૦ લાખના કામો થયા હોય તેવું તો બતાવે. માનનીય જોષીયારાજી જો આપ બતાવશો તો અમે તમારો આભાર માનીશું.

**અધ્યક્ષશ્રી** : ૫,૨૮૦ લાખ રૂપિયા ઓછા પડે? એ બરાબર નહીં.

**શ્રીમતી રમીલાબેન બ. બારા** : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં ભીલોડા, વિજયનગર અને ખેડબ્રહ્મા ટ્રાઈબલ વિસ્તાર આવેલો છે. તો મારે જાણવું છે કે છેલ્લા બે વર્ષમાં આ યોજના હેઠળ વિજયનગર ખેડબ્રહ્મામાં કેટલા રસ્તા મંજૂર કરવામાં આવ્યા છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આ મેઘરજ તાલુકાનો પ્રશ્ન છે. સભ્યશ્રીને વિજયનગર તાલુકાની માહિતી જોઈતી હશે તો તે મને મળશે તો માહિતી આપી દઈશું.

**તીર્થધામ બગદાણાને જોડતા રસ્તાઓનું નવીનીકરણ કરવા બાબત**

***૧૬૪૮૮ શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

સને ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં રાજય સરકાર તીર્થધામ બગદાણાને જોડતા રસ્તાઓ ઠાડચ-કાળીયા-બગદાણા-રોહીસા-ઓથા-બગદાણા તળાજા-પાલીતાણાનું નવીનીકરણ કરવા સરકારે શું આયોજન કરેલ છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

રોહીસા-ઓથા-બગદાણા રસ્તાની બાકીની લંબાઈ કિ.મી. ૦/૦ તી ૧૦/૦ તથા પાલીતાણા તળાજા રસ્તાની કિ.મી. ૧/૦ થી ૧૭/૦ના નવીનીકરણના કામ મંજૂર કરેલ છે જ્યારે ઠાડચ ઠળિયા બગદાણા રસ્તાની કિ.મી. ૭/૦ થી ૧૪/૯૫ લંબાઈનું રીસરફેસનું કામ નવેમ્બર ૨૦૦૫માં કરવામાં આવેલ છે, બાકીની લંબાઈની સપાટી સારી છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, પરમપૂજય સંતવર્ય બજરંગદાસબાપુના આશ્રમની જગ્યા આવેલી છે. એવા તીર્થધામ બગદાણાને જોડતો રસ્તો છે. આ ફક્ત ભાવનગર જિલ્લો જ નહીં, સમગ્ર ગુજરાતમાંથી લાખોની સંખ્યામાં લોકો પુનમ, અમાસ અને કાયમ જતા હોય છે. એવો અગત્યનો રસ્તો છે. સૌ પ્રથમ તો કદાચ મારા મિત્રોને ગમે કે ન ગમે, હું સરકારનો આભાર માનીશ, કારણ કે આ બગદાણા જનારની બહુ જ મોટી સંખ્યા છે. રોહિસા ઓથા બગદાણા આ રસ્તો સાવ તૂટી ગયો હતો. એક રસ્તો ભાવનગર થઈને જાય છે. તળાજા થઈને ઠાડચ-કાળીયા-બગદાણા જાય. એક રસ્તો સોમનાથ અને કોસ્ટલ હાઈવે ઉપરથી મહુવા થઈને આવે. રોહિસા-ઓથા-બગદાણા એ રસ્તાની લંબાઈ ૦ થી ૧૦ એ નવીનીકરણ માટે સોંપી છે. એ રસ્તાની કુલ લંબાઈ કેટલી એટલું જાણવું છે. કારણ કે એ રસ્તો સાવ ખરાબ હતો અને બીજું, પાલીતાણા-તળાજા રસ્તાનું ૧ થી ૧૭ કિ.મી.નું નવીનીકરણનું કામ થયું છે. એ તો બરાબર છે પણ ઠાડચ ઠળિયા બગદાણા તેની સરફેસ બાકી છે એ ક્યારે કરવા માગે છે? અને આ રસ્તો ક્યારે મંજૂર થયો? એ કામોનો કુલ ખર્ચ કેટલો થશે અને આ કામો પૂર્ણ ક્યારે થશે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : બગદાણા સ્થાન ઉપર જવા માટે આવેલા લોકો ત્યાંથી પસાર થતાં હોય છે. એટલે ત્રણ સાઈડનો રસ્તો બગદાણાને પ્રાપ્ત થાય છે અને ત્રણે બાજુના રસ્તા યોગ્ય કક્ષામાં મૂકવા માટે રાજય સરકારે ગત વર્ષે જે ખૂટતી સપાટી હતી તેની કાર્યવાહી હાથ ધરી છે. જે નવા કામો મંજૂર ક્યારે થયા અને પૂર્ણ ક્યારે થશે અને ખર્ચ કેટલો થશે તેની વિગત પૂછી છે. તળાજા-પાલીતાણા રાજય ધોરીમાર્ગ ઉપર જે ખૂટતી સપાટી લીધી છે એ ૧૧-૦૫ના રોજ મંજૂર થયું છે અને પૂર્ણ કરવાની તારીખ ૧૫-૯-૦૬ છે અને તેમાં ૧૬૪.૪૯ રૂા. ખર્ચ થશે એવો અંદાજ છે. ઠાડચ ઠળિયા બગદાણા રોડ એ ૫-૧-૦૫ના રોજ મંજૂર થયું અને કામ હાલમાં પૂર્ણ થયેલ છે. જેમાં ૩૪.૩૫ લાખ રુપિયા ખર્ચ થયો છે. રોહિસા ઓથા બગદાણા રોડ તા. ૧૬-૧-૦૫ના રોજ મંજૂર કર્યો છે અને તા. ૨૦-૨-૦૭ના રોજ એટલે કે ફેબ્રુઆરી-૦૭ સુધીમાં પૂર્ણ કરવાનો અંદાજ છે. તેમ ખર્ચ ૧૨૫.૮૯ લાખ રૂપિયા થવાનો અંદાજ છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ સારું રસ્તાનું કામ જેને આપણે ૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું. ઓથા બગદાણા એક કામ પૂરું થયું, નવીનીકરણનું. મારે મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આ યાત્રાધામ હવે કેવળ ભાવનગર જિલ્લા પૂરતું સીમિત રહ્યું નથી. કયાં કયાંથી લોકો ચાલીને આવવાની માનતા રાખીને આવે છે. આવા સંજોગોમાં યાત્રિકોની સલામતી માટે પણ અહીં ચાર માર્ગીય રસ્તો, તળાજાથી બગદાણા ઉપરથી ઠાડચ ઠળિયાથી બગદાણા વળે છે એ રસ્તો પહેલાં તબક્કામાં ચારમાર્ગી હાથ ધરવામાં આવે તો એ રસ્તાની ઉપર ત્યાં પુનમના દિવસે ચાલવાની જગ્યા ન હોય એટલો ટ્રાફિક હોય ત્યારે આને જો ચારમાર્ગી બનાવવામાં આવે તો આ રસ્તા ઉપર યાત્રિકોની સુવિધા વધશે. આ દિશામાં સરકાર વિચારે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ફોરલેન રસ્તો તો વાહનની ક્ષમતા અને વ્યવહાર ઉપર આધારિત છે. પરંતુ સભ્યશ્રી કહે છે તે મુજબ ચાલીને જવા માટે લોકો ખૂબ વધારે જતા હોય છે. એવા સ્વરૂપમાં આર.એન્ડ

બી. દ્વારા રોડની બાજુમાં માટીની સપાટીના રોડ છે જેથી લોકો સરળતાથી ચાલી શકે. એના માટે શકય હશે એટલી વ્યવસ્થા કરાવીશું.

**ડૉ. કનુભાઈ કળસરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે તો ખાસ મંત્રીશ્રીને અભિનંદન આપવાં છે કે, ૨૦૦૭ સુધીમાં રોહીસા- ઓથા-બગદાણાનું આ કામ પૂરું કરવામાં આવશે. પરંતુ એ વિસ્તાર ધારાસભ્યશ્રી શીવજીભાઈ અને મારો પડોશી વિસ્તાર છે. અમને બન્નેને સાથે રાખીને ૧ મહિના પહેલાં એનું શુભ ઉદ્‌ઘાટન કર્યું છે. બગદાણા યાત્રાધામ છે એના મહંતને પણ હાજર રાખીને શરૂ કર્યું છે અને ૨થી ૩ મહિનામાં પૂરું કરવાની ખાતરી આપી છે. એટલે હું ખાસ મંત્રીશ્રીને આભાર માનું છું. મારી વિનંતી છે કે, ઠાડચ-ઠળિયા-બગદાણાની ૦થી ૭ કિ.મી. જે બાકી છે . એ સપાટીનું કામ છેલ્લામાં છેલ્લે ક્યારે કરવામાં આવ્યું હતું?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ઠાડચ-ઠળિયા-બગદાણાનો જે રોડ છે એમાં ૦થી ૭ ની સપાટી છે એ ૧૯૯૯-૨૦૦૦માં છેલ્લે કરાવવામાં આવી હતી.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપણે યાત્રાધામ વિકાસનું વર્ષ ઉજવતા હોય ત્યારે આ બગદાણાના રસ્તો છે એવી રીતે પાલીતાણા યાત્રાધામ છે. જૈન પદયાત્રીઓ જે ચાલે છે,

**અધ્યક્ષશ્રી** : આમાં આ પ્રશ્ન નહીં આવે. નો, નો.

**શ્રી બેચરભાઈ વી. ભાદાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, અહીંયાં ઉલ્લેખ થયો કે લાખો માણસો પદયાત્રા કરીને આ પવિત્ર સ્થળ ઉપર જાય છે. દર વર્ષે આ રસ્તો રિપેર કરાવવો પડે એવી સ્થિતિમાં હોય. એવા સંજોગોમાં દર વર્ષે આ રસ્તો રિપેર થાય છે કે નહીં? આ પવિત્ર યાત્રાધામના ચારેય બાજુના રસ્તા સરકાર રિપેર કરાવવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષથી રાજય સરકારે એક નીતિ જ અપનાવી છે કે, ટેન્ડરની અંદર જ એને ફરજિયાત મેઈન્ટેનન્સની જોગવાઈ રાખેલી છે. એના ફળસ્વરુપે આ રસ્તા છે એમાં જે જગ્યાએ જ્યાં જ્યાં લાગુ પડે છે એટલી એટલી જગ્યાએ ૩ કે ૨ વર્ષની તે અંગેની જોગવાઈ પ્રમાણે આ રસ્તાઓ તેણે રિપેર કરવાના રહે છે.

**પાલીતાણાને પવિત્ર યાત્રાધામ તરીકે વિકસાવવા બાબત**

***૧૭૦૮૮ શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા)** : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

(૧) પાલીતાણાને પવિત્ર યાત્રાધામ તરીકે સરકારે વિકસાવવાનું આયોજન કર્યું છે, અને

(૨) કુલ કેટલી રકમનું ખર્ચ ૩૧ ડિસેમ્બર, ૨૦૦૫ની સ્થિતિએ ૩ વર્ષમાં થયું છે?

**યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી**

(૧) હા,જી.

(૨) રૂ.૧,૧૭,૮૧,૭૬૬.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા :** માનનીય અધ્યક્ષશ્રી, પાલીતાણા એ જૈન સમાજનું પવિત્ર યાત્રાધામ છે અને રાજય સરકારે પાલીતાણાને યાત્રાધામનો દરજ્જો પણ આપ્યો છે અને સાથેસાથે પાલીતાણાના શેત્રુંજય પર્વત ઉપર આવેલા દેરાસર છે એના શિલ્પ સ્થાપત્ય ખૂબ જ ઉચ્ચ પ્રકારના છે. રાજય સરકારે ટુરીઝમ કૉર્પોરેશન દ્વારા એક વેબસાઈટ ચાલુ કરાવી છે. આ વેબસાઈટના માધ્યમથી આ યાત્રાધામની ખૂબ સારી પ્રસિદ્ધિ થઈ છે અને એના કારણે એને યાત્રાધામનો દરજ્જો આપ્યો છે. રૂ.૧ કરોડ ૧૭ લાખનો ખર્ચ થવાનો છે તો આ ખર્ચમાં કેવા કેવા વિકાસ કાર્યો કરવામાં આવશે અને ૨ વર્ષ ૨૦૦૬-૨૦૦૭ને આપણે ટુરીઝમ વર્ષ તરીકે ઉજવી રહ્યા છીએ ત્યારે આ વર્ષમાં વિશેષ શું કરવાનું આયોજન છે?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડે પાલીતાણાને યાત્રાધામ તરીકે જાહેર કર્યું છે. એમાં છેલ્લા ૩ વર્ષમાં જે ખર્ચ કરવામાં આવ્યો છે. ભૈરવનાથ ચોકથી તળેટી સુધી વાઈડનીંગ તથા રીકાર્પેટીંગ કરી અને ગારિયાધારથી જકાતનાકા તેનું વાઈડનીંગ તથા રીકાર્પેટીંગનું કામ રૂ.૫૨,૩૬,૨૩૦/-નો થયેલ છે. પાલીતાણાની હમણાં જ માર્ગ અને મકાન મંત્રીશ્રીએ વાત કરી એમ પાલીતાણા તળાજા રાજય ધોરી માર્ગ રસ્તો શહેરમાંથી પસાર થાય છે. .૦થી ૦.૫નો સી.સી. રોડ રૂ.૬૫,૪૫,૫૫૬ના ખર્ચે ૨૦૦૫-૦૬ના વર્ષમાં યાત્રી સુવિધા સંકુલ માટે થઈને રૂ.૪૯,૮૦,૦૦૦/- જેટલી રકમ ફાળવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત ત્યાં બોર્ડના ઉદ્દેશો મુજબ સેનીટેશનની વ્યવસ્થા થાય, રસ્તા ઉપર પાણી અને બાકીની વ્યવસ્થા થાય, યાત્રીની સુવિધામાં જેટલો વધારો થાય એ કરવા તરફ સીધેસીધું ધ્યાન સરકારનું છે.

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે પાલીતાણાના જૈન સમાજના લોકો માટે ખૂબ જ મોટું અને એકદમ આસ્થાનું કેન્દ્ર છે. કદાચ સમેત શિખર કરતાં પણ પાલીતાણાનું મહત્વ વધારે છે, ત્યારે સરકારે એને પવિત્ર યાત્રાધામ તરીકે વિકસાવ્યું છે એટલે આ જાહેરાત કરી છે એ માટે ખૂબ ખૂબ હું આભાર માનુ છું પરંતુ સાથે સાથે હું એ કહેવા માગુ છું કે

જે પ્રમાણે હરદ્વારને એક પવિત્ર યાત્રાધામ ગણી અને હરદ્વારમાં સંપૂર્ણ માંસાહાર બંધ થાય, ત્યાં ઈંડાની લારી પણ ન આવે, ઈંડા પણ ન વેચી શકાય એ પ્રકારનું કોઈ આયોજન જો પાલીતાણામાં કરવામાં આવે તો એ સમાજની લાગણી સંતોષાશે અને હું આપશ્રી મારફત એ જાણવા માગુ છું કે આ પ્રકારનું કોઈ આયોજન પાલીતાણામાં કરવા માગો છો કે કેમ?

**શ્રી સી.ડી. પટેલ** : હા, જી.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારે એ પૂછવું છે કે આ પવિત્ર યાત્રાધામ પાલીતાણાના વિકાસ પાછળ લગભગ ૧કરોડ, ૧૭ લાખ, ૮૧હજાર જેટલો ખર્ચ થયો અને જે કંઈ જરૂરિયાતનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું થાય એનાથી યાત્રાધામમાં આવતા યાત્રિકોની સુવિધા વધે, મારે મંત્રીશ્રીને એ પૂછવું છે કે આ યાત્રાધામની અંદર એક મ્યુનિસિપાલિટી, લોકલ સત્તા મંડળ એની પાસે બધા જતા હોય છે એટલે રસ્તામાં કંઈ તકલીફ થાય, કોઈ જગ્યાએ કંઈ સેનીટેશનમાં પ્રોબ્લેમ ઉભો થાય તો એ બધી જવાબદારી મ્યુનિસિપાલીટી ઉપર હોય છે. આ યાત્રાધામની અંદર આવી બધી વસ્તુ મ્યુનિસિપાલિટીની અંદર હોય ત્યારે જયારે પણ ઈમરજન્સી ઉભી થાય ત્યારે મ્યુનિસિપાલીટીનું સત્તા મંડળ એ વખતે યોગ્ય રીતે સક્ષમ ન હોય, એની આર્થિક સ્થિતિ યોગ્ય ન હોય ત્યારે પ્રશ્ન ઉભો થાય છે એટલે સરકારે કમસેકમ જેને ૬ પવિત્ર યાત્રાધામ તરીકે જાહેર કર્યા છે, એને માટે કોઈ અલગ સત્તામંડળ ઉભું કરીને એને આ બધી સત્તા સોંપવા માગો છો કે કેમ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડનો ઉદ્દેશ સ્પષ્ટ છે. આ યાત્રાધામ જે જાહેર કર્યા છે, સોમનાથ, ગીરનાર, પાલીતાણા, દ્વારકા, ડાકોર, અને અંબાજી એમાં આંતર માળખાકીય સુવિધા ઉભી કરવી, યાત્રીની સુખ સુવિધામાં વધારો થાય એવા સ્પષ્ટ ઉદ્દેશો સાથે રચના થઈ છે ત્યારે માનનીય સભ્યશ્રીએ કીધું એમ જિલ્લા કલેકટરશ્રી અને એની નીચેના આયોજન મંડળ દ્વારા જયારે જયારે આવી કોઈ પરિસ્થિતિ ઉભી થાય સંપૂર્ણ ધ્યાન આપી અને એને મદદરૂપ થવા માટેનો પ્રયત્ન થાય છે અને સરકાર એમાં પૂરતું ધ્યાન આપી રહી છે. આવો કોઈ પ્રશ્ન સમગ્ર વર્ષ દરમિયાન પાછળના વર્ષમાં ઉભો થયો નથી અને ન થાય એના માટે સૌ સાથે મળીને પ્રભુને પ્રાર્થના કરીએ.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી , પાલીતાણા પવિત્ર યાત્રાધામ છે અને એના વિકાસ માટે ૧ કરોડ અને ૧૭ લાખ ઉપરાંત જે ખર્ચ કરવામાં આવ્યો છે એ ખર્ચ યાત્રાધામ વિકાસ બોર્ડે કર્યો છે, સરકારે કર્યો છે કે કોઈ ટ્રસ્ટે કર્યો છે? બીજો સવાલ એ છે કે પદયાત્રીઓ સંઘો લઈને પાલીતાણા સુધી જાય છે એ હંમેશા રૂરલ વિસ્તારમાંથી જતા હોય છે એને માટે રસ્તાની સગવડ ઉભી કરવાની છે. અમદાવાદના સઘ ાે નીકળે તો છેક પાલીતાણા સુધી ઈન્ટરનલ રોડ છે એના માટે ૨ વર્ષ પહેલા પણ યાત્રાધામ વિકાસ સમિતિની મીટિંગમાં માનનીય અશોકભાઈ ભટ્ટ પાસે મેં રજૂઆત કરેલી તો એ રસ્તા કરવા માગો છો કે કેમ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે અને અગાઉ પણ મેં કહ્યું તેમ આંતર માળખાકીય સુવિધા એ કરવાની સૌની જવાબદારી છે એટલે વિભાગે ખર્ચ કર્યો છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા આંતર માળખાકીય સુવિધા અને જ્યાં સુધી ટ્રસ્ટનો સવાલ છે ત્યાં સુધી કલ્યાણજી આણંદજીની પેઢી એ અને એનો વહીવટ અને એનું કામકાજ અલગ રીતે છે. પ્રવાસન વિભાગ દ્વારા કલ્યાણજી આણંદજીની પેઢી એનો ખર્ચ અને એની વ્યવસ્થા અલગ છે. એને આની સાથે સાંકળી નથી. અહીં જે જવાબ આપ્યો એમાં એવી કોઈ વાતને સાંકળી નથી.

**રાજ્યની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને ઈ-ગવર્નન્સની કાર્યવાહી કરવા બાબત**

*૧૭૦૯૪ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજ્યની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં ઈ-ગવર્નન્સની કાર્યવાહી હાથ ધરાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આ અંગે કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ મિલકત વેરા અને અન્ય કરના માંગણા બીલ/રસીદ જન્મ મરણના પ્રમાણપત્ર અને વિવિધ પ્રકારના લાઈસન્સ આપવા તેમજ રોજબરોજની વહીવટી કામગીરી કૉમ્પ્યુટરાઇઝ્ડ પદ્ધતિથી કરવામાં આવે છે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, ઈ-ગવર્નન્સની નગરપાલિકાઓ અને મહાનગપાલિકાઓની અંદર રાજ્ય સરકારે શરૂઆત કરી છે એવું જવાબમાં જણાવ્યું છે. આ ઈ-ગવર્નન્સ દ્વારા મહાનગરપાલિકા અને નગરપાલિકાની અંદર લોકોને

એના પ્રમાણપત્રો, લાઈસન્સ મેળવવા માટેની પદ્ધતિ શું છે અને આના માટે કોઈ ચાર્જ રાખવામાં આવેલ છે કે કેમ? અને આનો અમલ રાજ્યમાં કેટલી નગરપાલિકાઓમાં અને મહાનગરપાલિકાઓમાં કરવામાં આવ્યો છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે કે જ્યાં શહેરી ક્ષેત્રમાં તમામ ૧૪૧ નગરપાલિકાઓ અને ૭ મહાનગરપાલિકાઓમાં ઈ-ગવર્નન્સ અને કોમ્પ્યુટરાઈઝેશન કરીને પૂર્ણ કરવામાં આવ્યું છે. કેન્દ્રની યુ.પી.એ.ની હાલની સરકારે તમામ રાજ્યોની હમણાં મિટિંગ થઈ ત્યારે એમાં કેન્દ્રના મંત્રીશ્રીએ ગુજરાતના આ કાર્ય માટે જાહેરમાં ખૂબ ખૂબ અભિનંદન આપ્યા છે કે ગુજરાતે સર્વશ્રેષ્ઠ કામ કર્યું છે. માનનીય સભ્યશ્રીએ વાત કરી એ મુજબ ૧૪૧ નગરપાલિકાઓ અને ૭ મહાનગરપાલિકાઓમાં આ કામ પૂર્ણ કર્યું છે. રાજ્ય સરકારે જે ૭ મોડ્યુલ્સ નક્કી કર્યા છે એમાં એવું બની શકે કે કોઈ નગરપાલિકાએ ૪ કે ૫ મોડ્યુલ્સની અમલવારી કરી હોય. આપણો દ્રઢ નિર્ધાર છે કે ૭ મોડ્યુલ્સમાં તમામ નગરપાલિકાએ કરવું જોઈએ અને એ દિશામાં આપણે કાર્યવાહી કરી રહ્યા છીએ. ફીનું ધોરણ બહુ નોમિનલ, સામાન્ય ચાર્જ હોય છે. એ ચાર્જ પહેલા કૉમ્પ્યુટરાઇઝ્ડ સિસ્ટમ ન હતી એ વખતે પણ નગરપાલિકા વસૂલ કરતી હતી એ પ્રમાણે વસૂલ કરે છે. કોઈ વિશેષ વધારો હજુ સુધી કરવામાં આવ્યો નથી.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, રાજ્ય સરકારે મહાનગરપાલિકાઓમાં પ્રમાણપત્રો આપવા માટે કોમ્પ્યુટરાઈઝેશન દાખલ કર્યું છે. પરંતુ જન્મ-મરણનો દાખલો મેળવવા માટે નાગરિકોને અનેક ધક્કાઓ ખાવા પડે છે. તો કોઈ સમય-મર્યાદા ત્રણ દિવસ કે અઠવાડિયામાં મળે એવું કંઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : દરેક મહાનગરપાલિકામાં તે દિવસે જ જન્મ-મરણનો દાખલો આપવા માટેની જોગવાઈ છે. યોગેશભાઈ ચોક્કસ કહેશે તો તાત્કાલિક કાર્યવાહી કરાવીશું.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા** : આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વડોદરા જિલ્લાની નગરપાલિકાઓની અંદર આ સુવિધા આપવામાં આવી છે કે કેમ? અને બાકી છે તો ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : રાજ્યની તમામ ૧૪૧ નગરપાલિકાઓમાં આ પ્રકારની સુવિધા આપવામાં આવી છે અને કોઈપણ નગરપાલિકા બાકી નથી.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : આ નગરપાલિકાઓમાં અને મહાનગરપાલિકાઓમાં ઈ-ગવર્નન્સ દાખલ કર્યું એ પછી આપણે કોઈ કામ દાખલ કરતા હોઈએ ત્યારે એના ફાયદા અને ગેરફાયદો બન્ને જોતા હોઈએ છીએ. તો આ ઈ-ગવર્નન્સ કરવાથી કેટલો ફાયદો થયો છે એ હું જાણવા માગું છું.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ખાસ કરીને આ ઈ-ગવર્નન્સ કાર્ય માટે મોટાભાગનું માર્ગદર્શન માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપ્યું છે. રાજ્ય સરકારે જેમ પ્રવાસન વર્ષ અને શહેરી વિકાસ વર્ષ ઉજવ્યું એ પ્રમાણે ઈ-ગવર્નન્સ વર્ષ ઉજવ્યું ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ માર્ગદર્શન આપ્યું કે ગુજરાતની નગરપાલિકાએ આ કામ ઝડપથી કરવું જોઈએ અને એમાં અમારો મૂળ આશય પ્રમાણિકતા અને પારદર્શિતાની સાથે વહીવટી સુદ્રઢતા અને સરળીકરણનો રહ્યો છે. છેલ્લા ૧૦ મહિનાનો સરવે કહે છે કે આ ઈ-ગવર્નન્સની કાર્યવાહી હાથ ધરવામાં આવી એના અનુસંધાને લોક ફરિયાદોનું નિવારણ ઓન લાઈન કરવામાં આવે છે. એકી સાથે માહિતી મળી રહે છે. ફોર્મ મળે છે, ડેટા સર્ચ ઝડપી બનેલ હોવાથી નાગરિકોને ઝડપથી કાર્યવાહી ઉપલબ્ધ કરવી શકાઈ છે. માળખાકીય સુવિધા અંગેની વિગતો ઓન લાઈન કરી શકાઈ છે. નગરપાલિકા અને પ્રજા વચ્ચે વધુ પારદર્શિતા આવતા એક વિશ્વાસનું વાતાવરણ ઊભું થયું છે અને સૌથી વધારે ફાયદો કરવેરા ભરવાની સરળતા ઊભી થવાના કારણે છેલ્લા એક વર્ષમાં સૌથી વધારે કરવેરા નગરપાલિકા અને મહાનગરપાલિકાઓને પ્રાપ્ત થયા છે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૦૦૫ના અર્બન ઈયરમાં આના પાછળ કોઈ નાણાકીય જોગવાઈ કરી છે અને કરી છે તો કેટલી કરી છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા**:માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય જોગવાઈ કરવાની સાથે સાથે નગરપાલિકાઓને આના માટેની આપણે મદદ કરી છે અને દરેક નગરપાલિકાઓને આ પ્રમાણેની એની પ્રાથમિક કાર્યવાહી કરવા માટે પણ એને કાર્યવાહી કરાવી છે. ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા કામગીરી ઉપરાંત નગરપાલિકાઓને કોમ્પ્યુટર અને પ્રિન્ટરના સાધનો પૂરા પાડ્યાં હતાં અને એને અલગ અલગ આર્થિક મદદ પણ કરવામાં આવી છે. ઈ-ગવર્નન્સની કામગીરી માટે ૪.૩૬ કરોડની મદદ પણ કરવામાં આવી છે. એની સાથે સાથે માનનીય મુખ્યમંત્રીશ્રીની જે નગરપાલિકાઓને શ્રેષ્ઠ નગરપાલિકાની હેલ્થી કોમ્પીટિશનના સૂચનને ધ્યાને લઈને ઈ-ગવર્નન્સની કામગીરી શ્રેષ્ઠ રીતે કરે એના માટે હેલ્થી કોમ્પીટિશન પણ કરવામાં આવી હતી અને એના માટે 'અ, બ, ક, ડ' ચાર ભાગમાં જુદીજુદી નગરપાલિકાઓને પ્રથમ આવતી નગરપાલિકાને ૩ લાખ, બીજી આવતી નગરપાલિકાને ૨ લાખ અને ત્રીજા ક્રમે આવતી નગરપાલિકાને ૧ લાખ આમ કરીને ૪ X ૩ = ૧૨ નગરપાલિકાઓને ઈનામો પણ આપવામાં આવેલ છે.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગવર્નન્સનના કામ પાછળ રાજ્ય સરકારે કોઈ ખાસ ચોક્કસ યોજના અમલમાં લાવવામાં માગે છે કે કેમ અને તેની વિગત શું છે તે હાઉસના ફ્લોર પર આપશ્રીના માધ્યમથી મૂકે એવું સૂચન છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મે કહ્યું એ મુજબ આના માટેની કાર્યવાહી સંપૂર્ણપણે નગરપાલિકાઓને ટ્રેનિંગ સાથેનું શોફ્ટવેર અને બાકીની કાર્યવાહી પૂરી પાડવા સાથે હાથ ધરેલ છે. એની સાથે સાથે દરેક નગરપાલિકાઓમાં કર્મચારીઓને તાલીમ આપવામાં આવી છે. ઈ-ગવર્નન્સની વિવિધ ગાઈડ લાઈન પણ તૈયાર કરીને દરેક નગરપાલિકાને પૂરી પાડવામાં આવી છે. મેં કહ્યું એ મુજબ ૪.૩૬ કરોડની મદદ પણ કરવામાં આવી છે. સાથે સાથે નગરપાલિકાઓમાં પ્રોત્સાહન પદ્ધતિ દાખલ કરીને જેતે નગરપાલિકાએ કાર્યવાહી હાથ ધરી છે એની સાથે સાથે મોનીટરિંગ સિસ્ટમમાં આપણે સાત મોડ્યુલ્સ નક્કી કર્યા હતા. એ સાત મોડ્યુલ્સ પોપર્ટી ટેકસ, અન્ય કર, લાઈસન્સ, જન્મ-મરણ પ્રમાણપત્ર, એકાઉંટિંગ એન્ડ સોલીડવેસ્ટ પબ્લિક કંમ્પલેઈન એન્ડ ગ્રીવન્સીસ, ટાઉન પ્લાનિંગ અને બિલ્ડિંગ પ્લાન આ સાત પ્રકારના મોડ્યુલ્સ તૈયાર કરીને અને દરેકે દરેક નગરપાલિકાને ફરજિયાત રીતે પાંચ મોડ્યુલ્સની અમલવારી પ્રાથમિક રીતે પહેલા કાર્યવાહી એ પ્રકારની પણ કાર્યવાહી કરવામાં આવી છે.

**ઓકટ્રોય નાબૂદ કરવાના કારણે નગરપાલિકાઓને આપવામાં આવેલ ગ્રાન્ટ**

***૧૬૨૧૯ ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્યની નગરપાલિકાઓને ઓકટ્રોય નાબૂદ કરવાને કારણે સરકાર દ્વારા કુલ કેટલી રકમોની ગ્રાન્ટ ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ નગરપાલિકાઓને આપવામાં આવી છે,

(૨) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમો આ માટે નગરપાલિકાઓને આપવામાં આવી છે, અને

(૩) વર્ષ ૨૦૦૫-૦૬માં ઓકટ્રોય નાબૂદીના વિકલ્પે રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલી આવકો ઊભી કરવામાં આવી?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) રૂા. ૮૨૩,૧૭,૦૦,૪૬૫/-

(૨) રૂા. ૫૦૨,૬૧,૫૯,૮૧૨/-

(૩) તા.૨૮/૨/૨૦૦૬ સુધીમાં રૂા.૨૯૯,૮૯ કરોડ

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની નગરપાલિકાઓને ઓકટ્રોય નાબૂદ કર્યા પછી માનનીય મંત્રીશ્રીએ હમણાં કહ્યું કે ચાર નગરપાલિકાના જુદાજુદા ભાગ પાડ્યા છે નગરપાલિકાઓને 'અ, બ, ક, ડ' નાની નગરપાલિકાઓ છે કે જે કોઈ ઉદ્યોગ સાથે સંકળાયેલ નથી. બક્ષીપંચના તાલુકા કે એની વસ્તી આવી છે એને કોઈ ઈન્કમ ઓછી હોવાને કારણે આજે પાણી કે જી.ઈ.બી.ના બિલ ભરવાની શકિત નથી એટલે કનેકશન કપાઈ જાય છે તો મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આવી નગરપાલિકાઓ માટે આપ શું વિચારી રહ્યા છો? ઓકટ્રોય નાબૂદીના વિકલ્પે વર્ષ ૨૦૦૫-૦૬માં કયા કયા નાણાંકીય સ્ત્રોત ઊભા કરવામાં આવ્યાં છે. આ આવક ૨૦૦૧-૦૨, ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫માં કેટલી થઈ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧માં ઓકટ્રોય નગરપાલિકામાંથી નાબૂદ કરી એવા સમયે દરેકે દરેક નગરપાલિકાને, ગ્રામ પંચાયતોમાં ઓકટ્રોય છેલ્લા ત્રણ વર્ષની એવરેજ આવક હતી એ આવકના પ્રમાણમાં એને મદદ કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ પૂછયું છે એ પ્રમાણે ૨૦૦૧-૦૨, ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫માં ફેબ્રુઆરી અંત સુધીમાં કુલ ચૂકવેલ રકમ ૮૫૩,૧૪,૫૦,૮૭૭/- થઈ હતી અને રાજ્ય સરકારને એની ફરજ સમજીને ૮૫૩,૧૪,૫૦,૮૭૭/- જે તે પંચાયત, નગરપાલિકાને ચૂકવી આપેલ છે. એમણે જે કહ્યું એ મુજબ આમાં શેષ પરથી આવક નક્કી થયેલ છે. પેટ્રોલ-ડિઝલ પર જે શેષ લેવામાં આવે છે એ શેષની આવકમાંથી આ બધાને ઓકટ્રોયનું વળતર ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૧-૦૨ માં ૧૫૪.૨૩ કરોડની શેષની આવક થઈ હતી. આપણે નગરપાલિકા, પંચાયતને ૧૫૬.૮૨ કરોડ ચૂકવ્યા છે. ૨૦૦૨-૦૩ માં ૨૦૨.૧૨ કરોડ શેષની આવક થતી હતી. આપણે ૨૮૮.૨૧ કરોડ ચૂકવ્યા છે અને ૨૦૦૩-૦૪માં ૨૨૬.૦૮ કરોડ થયો હતો, આપણે પંચાયતો અને નગરપાલિકાઓને ૨૪૭.૯૫ કરોડ ચૂકવ્યા એટલે કે જે રાજય સરકારને આપ્યા એનાથી વધારે પૈસા નગરપાલિકાઓ અને પંચાયતોને આ ઑક્ટ્રૉય નાબૂદીના વળતર પેટે ચૂકવવામાં આવ્યા છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : આપણે જે નગરપાલિકાઓના અ, બ, ક અને ડ ભાગ પાડ્યા છે, જે નગરપાલિકા પાસે આવકની બીજી કોઈ વ્યવસ્થા નથી એના માટે આપ શું કરવા માગો છો ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, જે નગરપાલિકાઓની ઑક્ટ્રૉયની આવક હતી એની ત્રણ વર્ષની એવરેજ આપણે જોઈએ છીએ, નાની નગરપાલિકાની ઓછી આવક હોય તો અત્યારે ઓછી

પ્રાપ્ત થતી હશે અને વધુ આવક હશે તો વધારે પ્રાપ્ત થવાની પરંતુ શહેરી વિકાસ વર્ષના ફળસ્વરુપે શૉર્ટ ટર્મ, લૉંગ ટર્મ પ્લાનિંગ દરેકે દરેક નગરપાલિકાનું બનાવ્યું છે અને એમાં પાણી, રસ્તા જેવી બાબતોને અગ્રિમતા આપી છે અને એમાં જે નગરપાલિકાઓની આર્થિક સ્થિતિ નબળી હોય એવી બધી નગરપાલિકાઓને રાજય સરકારે મદદ કરેલી છે.

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજયની નગરપાલિકાઓને ઑક્ટ્રૉય નાબૂદી માટે કેટલા ટકાનો વધારો કરવામાં આવ્યો અને કેટલા રૂપિયાનો?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ઑક્ટ્રૉય નાબૂદી માટે કેટલો વધારો, તો એ સાત ટકાનો વધારો દર વર્ષે કરવાની જોગવાઈ હતી અને સાત ટકાનો વધારો ૨૦૦૧-૦૨, ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪માં કર્યો છે અને એના ફળસ્વરુપે ૨૭,૯૨,૪૧,૯૭૬/- રૂપિયા આપણે ચૂકવ્યા છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણાં જે કહ્યું કે, સાત ટકાનો જે વધારો આપ્યો છે છેલ્લા બે-ત્રણ વર્ષોમાં તો મને ખ્યાલ છે કે, સાત ટકાના વધારા માટે ઘણી વખત રજૂઆતો થઈ આજસુધી આપવામાં નહોતો આવ્યો તો આજની સ્થિતિએ જે આ સાત ટકા વધારો છે એ તમામ નગરપાલિકાઓને રાજય સરકારે આપી દીધો છે ખરો ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧માં જ્યારે ઑક્ટ્રૉય રદ કરવામાં આવી ત્યારે એમાં સૈદ્ધાંતિક નિર્ણય એ પ્રકારનો લેવામાં આવેલો હતો કે, ત્રણ વર્ષ સુધી આ સાત ટકાનો વધારો આપવો અને ત્રણ વર્ષ પછી સાત ટકા વધારા શું કરવું ઑક્ટ્રૉયના વિકલ્પનું શું કરવું એની ચર્ચા વિચારણા કરીને જે તે વખતે નિર્ણય કરવો. જે ત્રણ વર્ષની બાબત હતી એમાં ૨૦૦૧નું વર્ષ લાગુ પડતું નહતું એ પછીના વર્ષોમાં ૨૭,૯૨,૪૧,૯૭૬ ચૂકવ્યા છે. વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬નો વધારો બાકી છે એના માટે રાજય સરકારે કમિટીની રચના કરી છે અને આ બાબત હાલમાં કમિટીની વિચારણા હેઠળ છે.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન જે સાત ટકાના વધારાનો હતો એ આવી ગયો છે.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, મોટાભાગની નગરપાલિકાઓમાં જી.ઈ.બી.નું બહુ મોટું કરજ છે ૧૦કરોડ, ૧૫ કરોડ કે ૨૦ કરોડ સુધી અને એ નગરપાલિકાઓ બીલો ભરી શકતી નથી અને એના કારણે વારંવાર કનેકશનો કપાઈ જાય છે અને પાણીની મુશ્કેલીઓ થાય છે તો આના માટે મંત્રીશ્રી નગરપાલિકાઓ સાથે બેસીને કોઈ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આ ઑક્ટ્રૉયને લગતો પ્રશ્ન છે પણ ગૃહના સભ્યશ્રીઓને વાત જણાવું કે રાજય સરકારે ગત વર્ષની વિધાનસભા સમયે જી.ઈ.બી. માટે એક પૅકેજની યોજના જાહેર કરેલી, ૧૪૧માંથી ૧૨૨ જેટલી નગરપાલિકાઓ પૅકેજ યોજનામાં દાખલ થઈ છે, ભૂતકાળમાં જે દર વર્ષે ૪૧ કરોડ જીઈબીને આવક નગરપાલિકા પાસેથી પ્રાપ્ત થતી હતી, શહેરી વિકાસ વર્ષના અનુસંધાને ૯૬ કરોડ રૂપિયા આપણે મેળવી શક્યા છીએ, હાલમાં પહેલી વખત ૨૮ નગરપાલિકાઓ જીઈબીના દેવામાંથી સંપૂર્ણપણે મુકત થઈ અને આગામી વર્ષોમાં આ પ્રકારના પ્રયત્નો ચાલુ રહે એવા શહેરી વિકાસના પ્રયત્નો છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકાઓની ઑક્ટ્રૉય નાબૂદ કર્યા પછી ત્રણ વર્ષની આવક ગણી ગ્રાન્ટ આપવામાં આવે છે પરંતુ જે નગરપાલિકાઓની આવક ઓછી હતી પણ વસ્તી વધારે છે તો વસ્તીના પ્રમાણમાં ગ્રાન્ટ આપવા માગો છો કે કેમ ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે જે કમિટીની રચના કરી છે એ કમિટી આવક માટેના તમામ પ્રશ્નો વિચારણામાં લેવાની છે.

## સુરત જિલ્લામાં કેનાલ લીકેજના કામ કરવા બાબત

***૧૭૪૩૪ શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ (કામરેજ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં સુરત જિલ્લામાં કેનાલ લીકેજના કેટલા કામો હાથ ધરવામાં આવ્યા,

(૨) કયા કયા તાલુકામાં, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) ૧૭ કામો હાથ ધરવામાં આવ્યા હતા,

(૨) માંડવી, કામરેજ, માંગરોળ, ઓલપાડ અને વ્યારાક તાલુકામાં,

(૩) રૂા.૧૧.૯૯ લાખનો ખર્ચ થયેલ.

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા પ્રશ્નના જવાબમાં જે ખર્ચ કરવામાં આવેલ છે ૧૧.૯૯લાખ તો એ સુરત જિલ્લાની કેનાલની કેટલી લંબાઈ છે અને એના ઉપર કેટલા સ્ટ્રકચર આવેલ છે અને બીજો પ્રશ્ન એ છે કે સુરતમાં નહેર લીકેજ થવાને કારણે

એટલું બધું પાણી લીકેજ થાય છે કે આજુબાજુની જમીનને નુકસાન પહોંચાડે છે. ઉનાળમાં લગભગ ચાલુ થઈ ગયો છે તો લીકેજ બંધ થાય એ માટે આગોતરું આયોજન કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉકાઈ વિસ્તારની કેનાલ જુની હતી. લગભગ ૫૦ વર્ષ પહેલાની છે એટલે લીકેજ થાય છે. જવાબમાં આપ્યું છે કે ૧૭ જગ્યાએ લીકેજ થવાને કારણે ૧૧.૯૯ લાખના ખર્ચે લીકેજ બંધ કરવામાં આવ્યું છે. આ મેઈન્ટેનન્સનું નથી પણ લીકેજનું આયોજન કરવાની બાબત એમણે સૂચન કર્યું છે એ હાથમાં લેવામાં આવશે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સુરત જિલ્લામાં કેનાલ લીકેજ બંધ કરવાનું કામ કોઈ સુગર ફેકટરી દ્વારા કરવામાં આવેલ છે? જો હા, તો કઈ કઈ સુગર ફેકટરી દ્વારા અને કેટલા રૂપિયાનું કામ થયું છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લાની અંદર આવેલી કેનાલનું રીપેરીંગ કરવા માટે સુગર ફેકટરી દ્વારા લોકભાગીદારીથી ૮૦:૨૦ ની યોજના અમે ચાલુ કરી હતી. સુરતમાં લગભગ ૮-૧૦ સુગર ફેકટરીઓ આવેલી છે. એમાં કામરેજ સુગર ફેકટરીએ ૨૦ કિલોમીટર લાંબી લાઈનીંગનું કામ ૨૭લાખના ખર્ચે કર્યું હતું. શાયન સુગર ફેકટરી દ્વારા ૪૧,૮૪,૦૦૦ રૂપિયાનું કામ લગભગ ૬૦ કિલોમીટર લાંબી કેનાલનું મેન્ટેનન્સ કરવામાં આવ્યું હતું અને ડીશીલ્ટીંગનું કામ કરવામાં આવ્યું હતું. સનરાઈઝ ફેકટરી કોસંબાએ ૩૬.૯૦ લાખના ખર્ચે ૧૦ કિલોમીટર લાંબી કેનાલનું કામ કર્યું. સુરતમાં બારડોલી સુગર ફેકટરીએ ૮૩.૪૦લાખના ખર્ચે ૩૯.૫૦ કિલોમીટર લાંબી કેનાલનું કામ કર્યું. જલથાન સુગર ફેકટરી દ્વારા ૩૧.૭૯લાખના ખર્ચે ૩૮ કિલોમીટર લાંબી કેનાલનું કામ કર્યું. મહુવા સુગર ફેકટરી દ્વારા ૩૯.૧૯લાખના ખર્ચે ૪૩ કિલોમીટર લાંબી કેનાલનું ડીશીલ્ટીંગ કરવામાં આવ્યું. મઢી સુગર ફેકટરી દ્વારા ૭.૧૬લાખના ખર્ચે ૮ કિલોમીટર લાંબી કેનાલનું ડીશીલ્ટીંગ કરવામાં આવ્યું. આ રીતે લોકભાગીદારીથી કેનાલનું મેન્ટેનન્સ કરવાનું કામ દક્ષિણ ગુજરાતમાં હાથ ધરવામાં આવ્યું છે.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આપના દ્વારા ગત વર્ષમાં સુરતમાં...

**અધ્યક્ષશ્રી** : ધીરુભાઈ, ધીમેધીમે.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : સાહેબ,મંત્રીશ્રી બધું સાંભળે છે.

**અધ્યક્ષશ્રી** : સાંભળે છે પણ સમજતા નથી.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષમાં સુરત જિલ્લામાં એક મહીનો બંધ કરીને બધી કેનાલોને સાફ કરવાનું આયોજન હતું. આ ખર્ચ મોટો થવાનો હતો. આ બધી કેનાલ બંધ કરીને કેનાલોનું સફાઈ કામ કયારે કરવા માગો છો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લાની કેનાલો દ્વારા સુગર ફેકટરીની શેરડીનું વાવેતર કર્યું છે. શેરડીનું વાવેતર એક વાર થાય પછી ૧૪ મહિના પછી પાક પાકે છે. તબક્કાવાર શેરડીનું વાવેતર હોવાના કારણે કેનાલ બંધ કરવાનું લગભગ ખૂબ મુશ્કેલ પડે છે. આખી સિઝનમાં જ્યાં સુધી કેનાલને બંધ ન કરવામાં આવે ત્યાં સુધી આ વિસ્તારની કેનાલનું લાઈનિંગ કરવાનું કામ મુશ્કેલ છે. ક્લોઝર ન કરવાનું સ્વીકારે ત્યાં સેધી લાઈનિંગ કરવાનું મુશ્કેલ પડતું હોવાના કારણે તાત્કાલિક હાથ ઉપર લઈ શકાતું નથી.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : આપની મારફત હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સુરત જિલ્લામાં ઉકાઈ, કાંકરાપાર આધારિત કેનાલ ૧૯૬૫ માં બનાવવામાં આવેલી અને ડાબા કાંઠાની નહેર ૧૦૦ કરોડના ખર્ચે બનાવી એનું પરિણામ સારું આવ્યું છે. લીકેજ બંધ થયું છે. ખેતીની સિંચાઈનો વિસ્તાર પણ વધ્યો છે, પરંતુ જમણા કાંઠાની નહેર રિપેર કરવાનું ગત સાલમાં આયોજન હતું. ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. ૩૦૦ થી ૪૦૦ ટકા ટેન્ડર ઊંચું હોવાના કારણે આ કામ કરી શક્યા નથી. ફરી ટેન્ડર ઓપન કરીને કામ કરવા માગો છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : મેં અગાઉ કહ્યું તે પ્રમાણે ઉકાઈ ડાબા કાંઠા વિસ્તારના ખેડૂતો અગર ક્લોઝર કરવા માટે સંમત થતા હોય તો આયોજન કરી શકાય.

### ચોટીલા અને સાયલા તાલુકાનાં ગામોમાં નર્મદાનું પીવાનું પાણી પાઈપલાઈનથી આપવા બાબત

***૧૬૪૮૫ શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકાના તમામ ગામોને પીવાનું પાણી નર્મદા કેનાલ આધારિત યોજનામાં આવરી લેવાનું આયોજન કરેલ છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં કેટલાં ગામોમાં પાઈપલાઈનનું કામ પૂર્ણ થયું, કેટલાં ગામોમાં કામ ચાલુ છે, અને

(૩) કેટલા સમયમાં કામ પૂર્ણ થશે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) આ યોજના હેઠળના સાયલા તાલુકાના ૧૪ ગામોમાં કામો પ્રગતિ હેઠળ છે.

(૩) આ યોજના હેઠળના સાયલા તાલુકાનાં ૧૪ ગામોનાં કામ ડિસેમ્બર-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, જ્યારે નર્મદા કેનાલ આધારિત યોજના અંતર્ગત ચોટીલા તાલુકાનાં ૧૧૨ ગામો અને સાયલા તાલુકાનાં ૧૧૨ ગામોનાં કામ ક્રમશ: નાણાકીય જોગવાઈ મુજબ માર્ચ-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** : મારા મત વિસ્તાર ચોટીલા અને સાયલા તાલુકામાં કાયમના માટે પાણીની મુશ્કેલી છે. હાલ પણ પાણીની મુશ્કેલી છે. કુદરતી આધારિત જે કઈ કૂવામાં પીવા માટે પાણી હોય એ મળે છે. ૨૦૦૩-૦૪ ના વર્ષમાં પ્રશ્ન પૂછ્યો હતો અને એમાં મને કહ્યું હતું કે બે વર્ષમાં નર્મદાનું પાણી આપી દઈશું. ફરીથી પાઈપલાઈનથી પાણી ન મળ્યું. ફરીથી પ્રશ્ન પૂછ્યો અને એમાં કહેવામાં આવ્યું કે આ વખતે ૨૦૦૮ સુધીમાં અમે સાયલા, ચોટીલામાં નર્મદાનું પાણી આપીશું. હવે ખરેખર નર્મદાનું પીવાનું પાણી ચોટીલા અને સાયલા તાલુકામાં જ્યાં કાયમ દુષ્કાળની સ્થિતિ રહે છે અને બીજી કોઈ સુવિધા નથી, તો વહેલામાં વહેલી તકે ક્યારે લોકોને પીવાનું પાણી મળી રહેશે? એટલું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી હરજીવન હી. પટેલ** : ચોટીલા તાલુકાનાં ૧૧૨ અને સાયલા તાલુકાનાં ૭૫ ગામો એમાંથી ૧૪ ગામોનાં કામ પ્રગતિમાં છે, આની અંદર સ્ટેટ પ્રમાણે સરદાર સરોવર આધારિત કડીથી સૌરાષ્ટ્ર શાખા ઢાંકી સુધી આવે છે અને ત્યાંથી પછી બીજુ ધોળી ધજામાં નર્મદા આધારિત પાણી આવશે, ત્યારે તમામ ગામોનો સમાવેશ કરવામાં આવશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : સાયલા તાલુકાના ૧૪ ગામોને પાણી આપવાનું કામ પ્રગતિમાં છે. હું એ જાણવા માગું છું કે આજે ૧૪ ગામોને પાણી આપવાની વાત છે, એને કયા પંમ્પિગ સ્ટેશનથી અથવા કઈ બાજુથી આ ૧૪ ગામોને પાણી આપવાનું આયોજન છે? ૧૪ ગામોને કયાં સુધીમાં પાણી પહોંચતું કરશો?

**શ્રી હરજીવન હી. પટેલ** : ૧૪ ગામોને પાણી ડિસેમ્બર-૨૦૦૬ સુધીમાં આપવાનું આયોજન છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : આ ગામોમાં પાઈપલાઈનથી પાણી આપીએ છીએ, ત્યાં ગુજરાત વિદ્યુત બોર્ડનું કનૅક્શન કપાઈ ગયું છે અને અમુક ગામોને પાણી મળતું નથી. એ મંત્રીશ્રી જાણે છે કે કેમ અને જાણતા હોય તો ગ્રાન્ટ ક્યારે આપીને ફુલવાડી, રોજાહર, શણાગઢ વગેરે એ બધાં ગામોમાં પાણી ચાલુ કરવા માગો છો?

**શ્રી હરજીવન હી. પટેલ** : સુરેન્દ્રનગર જિલ્લામાં પીવાના પાણીની કાયમી સુવિધા માટે સરદાર સરોવર કેનાલ આધારિત સુજલામ સુફલામ યોજના દ્વારા પીવાના પાણીનું આયોજન કરવામાં આવે છે. હાલના તબક્કે સાયલા તાલુકાનાં ૧૪ ગામોનો સમાવેશ એમાં ૩ ગામો બરોડ એપ્ટેક આધારિત ૧૧ ગામો મહી પાઈપલાઈન આધારિત મોઢુકા ગામે પંમ્પિગ આધારિત છે.

**શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** : મેં ૨૦૦૩-૦૪ માં પ્રશ્ન પૂછ્યો ત્યારે આવો જ જવાબ આપ્યો હતો કે બે વર્ષમાં પાણી આપીશું. હજુ આજે પણ ફરીથી પ્રશ્ન પૂછ્યો ત્યારે પણ એમ કહ્યું છે કે બે વર્ષ પછી. ખરેખર ખાતરી આપવામાં આવશે કે બે વર્ષમાં આયોજન કરીને પાણી સાયલા, ચોટીલાને મળશે?

**શ્રી હરજીવનભાઈ હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં એમને એ જ કહ્યું કે જે ધોળીધજા ડેમ છે તેમાં સરદાર સરોવર યોજનાનું પાણી આવશે અને તે કામ અત્યારે પ્રગતિમાં છે. ડેમમાં પાણી આવ્યા બાદ સુરેન્દ્રનગર જિલ્લાના તમામ તાલુકાઓને પાણી આપવાનું આયોજન છે.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી જવાબ જુદો આપે છે અને તમે સભ્યશ્રી સમજો છો જુદું. મંત્રીશ્રી કહે છે કે ધોળીધજા ડેમમાં પાણી આવશે તે પછી આયોજન કરી શકાશે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જેમ પાટડી, ધ્રાંગધ્રા, હળવદ એક જૂથમાં જોડાયેલા છે અને અત્યારે કામગીરી પૂરજોશમાં ચાલે છે તો તેની અંદર ચોટીલાના- અને સાયલા તાલુકાના-૬૧ ગામોના જે જૂથ બનાવેલ છે તેમાં આ બે તાલુકા છે કે અન્ય આજુબાજુના મૂળી કે લીંમડી તાલુકા જોડાયેલ છે કે કેમ?

**શ્રી હરજીવનભાઈ હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ટોટલ ત્રણ સ્ટેજમાં સુરેન્દ્રનગર જિલ્લાને સમાવવામાં આવેલ છે. પહેલા સ્ટેજમાં સરદાર સરોવર સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ ભાસ્કર પરાની કેનાલમાં લગભગ ૫૯ ગામ અને એક પરાનો, મોઢેરા પંમ્પીંગ ઈન્ટેક દ્વારા ૪૬ ગામ અને સરદાર સરોવર માળીયા બ્રાન્ચ કેનાલ આધારિત ૫૭ ગામો અને એક પરા અને સરદાર સરોવર કેનાલ આધારિત ૭૯ ગામો અને એક પરા આમ ટોટલ ૨૪૧ ગામનો સમાવેશ પહેલાં સ્ટેજમાં કરવામાં આવ્યો છે. બીજા સ્ટેજમાં સરદાર સરોવર યોજના આધારિત સરદાર સરોવર વલભીપુરના લક્ષ્મીપુર ગામે ઈન્ટેક કરીને ૧૨૩ ગામો અને બે પરાને, સરદાર

સરોવર કેનાલ વલભીપુર બ્રાન્ચમાં ઈન્ટેક કરીને ૪૯ ગામને, મહિ પરિયોજનામાં મોઢુકા ગામે ઈન્ટેક કરીને જસદણ તાલુકાના ૧૧ ગામ અને ટોટલ ૧૮૨ ગામ અને બે પરા અને ત્રીજા સ્ટેજમાં સુરેન્દ્રનગર ઈન્ટીગ્રેટેડ યોજના આધારિત સ્ટેજ-૨ જેમાં ધોળીધજા ડેમની સ્વતંત્ર પાઈપલાઈનમાં ટેપીંગ કરીને ૨૨૪ ગામ અને પાંચ પરા આમ ટોટલ ૬૪૮ ગામ અને ૧૧ પરામાં કુલ ૩૬૨૬૧ લાખનો ખર્ચ કરવાનું આયોજન છે.

**રાજકોટ જિલ્લામાં ૮૦/૨૦ની યોજના નીચે બનાવવામાં આવેલ ચેકડેમો**

***૧૭૦૮૬ શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

રાજકોટ જિલ્લામાં જળસંપત્તિ વિભાગ દ્વારા તા. ૩૧-૧-૨૦૦૬સુધીમાં ૮૦:૨૦ ની યોજનામાં તાલુકાવાર કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જળ સંપત્તિ મંત્રીશ્રી:**

રાજકોટ જિલ્લામાં જળસંપત્તિ વિભાગ દ્વારા લોકજુથો દ્વારા તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં તબક્કા-૪માં ૮૦:૨૦ની યોજનામાં તાલુકાવાર બનાવવામાં આવેલ ચેકડેમો અને થયેલ ખર્ચની વિગતો બિડાણ-૧ મુજબ છે.

**બિડાણ-૧**

| તાલુકો | લોકજુથો દ્વારા ત્તબક્કા૪માં થયેલ ચેકડેમો | થયેલ ખર્ચ(રૂા.લાખમાં) |
|---|---|---|
| ધોરાજી | ૪ | ૦.૭૫ |
| ગોંડલ | ૧૪ | ૮.૧૬ |
| જામકંડોરણા | ૩ | ૨.૯૮ |
| જસદણ | ૫ | ૪.૨૮ |
| જેતપુર | ૩ | ૦ |
| કોટડાસાંગાણી | ૬ | ૩.૯૨ |
| લોધીકા | ૧ | ૦.૬૨ |
| માળીયા મીયાણા | ૬ | ૧૪.૦૨ |
| મોરબી | ૨૧ | ૧૧૦.૮૧ |
| પડધરી | ૧૪ | ૧૨.૫ |
| રાજકોટ | ૪૫ | ૪૧.૧૫ |
| ટંકારા | ૧૫ | ૯.૮૮ |
| ઉપલેટા | ૧૪ | ૩૮.૧૩ |
| વાંકાનેર | ૧૭ | ૩૮.૦૪ |
| કુલ | ૧૬૮ | ૨૮૫.૨૪ |

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જળ સંચય યોજનાના ચોથા તબકકામાં રાજકોટ જિલ્લામાં ચેકડેમ માટે શું આયોજન કરવામાં આવ્યું અને મોરબી, પડધરી અને ટંકારા તાલુકામાં કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા?

**શ્રી હરજીવનભાઈ હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં ૮૦-૨૦ ની યોજના મુજબ કુલ ૩૯૫ ચેકડેમનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં ટંકારામાં-૨૦, મોરબીમાં-૩૫ અને પડધરીમાં-૫૦ ચેકડેમ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે રાજકોટ તાલુકામાં જે ૪૫ ચેકડેમ બનાવ્યા છે તેમાં કોઈ ગેરરીતિની ફરિયાદ મળેલ છે કે કેમ? જો હા તો તે અંગે શું પગલાં લેવામાં આવ્યા?

**શ્રી હરજીવનભાઈ હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી ૮૦-૨૦ ની યોજનામાં કોઈ ગેરરીતિની ફરિયાદ મળેલ નથી.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જસદણ તાલુકામાં પાંચ ચેકડેમ બનાવવામાં આવ્યા છે તો હું જાણવા માગું છું કે આ જે પાંચ ચેકડેમ જસદણમાં બનાવવામાં આવ્યા છે તેમાં કોઈ ચેકડેમ ભાદર નદી ઉપર બનાવવામાં આવ્યો છે કે કેમ અને તે કંઈ સંસ્થા દ્વારા બનાવવામાં આવેલ છે?

**શ્રી હરજીવનભાઈ હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાદર નદી ઉપર એક ચેકડેમ બનાવવામાં આવ્યો છે અને તે સ્વાદ સંસ્થા દ્વારા બનાવવામાં આવેલ છે અને તેમાં ૯ લાખ જેટલો ખર્ચ થયેલ છે.

## જામનગર શહેર માટે પીવાનું પાણી રિઝર્વ રાખવા બાબત

***૧૭૨૯૦ શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) જામનગર શહેરને પીવાના પાણી માટે કયા કયા ડેમમાંથી કેટલા ટકા પાણી રિઝર્વ રાખવામાં આવે છે,

(૨) તા.૩૧-૧-૦૬ સુધીમાં આ પાણીના વપરાશ બદલ મ્યુ.કોર્પો.જામનગરે કેટલી રકમ રાજ્ય સરકારને ચૂકવવાની બાકી છે, અને

(૩) રિઝર્વ પાણી રાખવાની પદ્ધતિ શું છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી:**

(૧) જામગનર શહેરને પીવાના હેતુસર નીચે જણાવેલ ડેમમાં પાણી અનામત રાખવામાં આવેલ છે.

| ડેમનું પાણી | અનામત રાખેલો પાણીનો જથ્થો(એમ.જી.ડી./ટકામાં) |
|---|---|
| રસોઈ | ૪.૦૦/૧૬.૭૪ |
| ઉંડ-૧ | ૫.૫૦/૧૪.૦૭ |
| રણજીતસાગર મહાનગર પાલિકાની માલિકીનો. | ૬.૦૦/૧૦૦ |

(૨) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ આ પાણીના વપરાશ બદલ મ્યુ.કોર્પો.જામનગરે રૂા.૨૯૧૭.૫૨ લાખ રાજય સરકારને ચૂકવવાના બાકી છે.

(૩) પ્રવર્તમાન નિયમોનુસાર પાણી અનામત રાખવા દરેક સંસ્થાએ દર્ષ દરમ્યાન સિંચાઈ વિભાગને પાણી અનામત રાખવાની માંગણી રજૂ કરવાની થાય છે અને તે મુજબ પાણીનો જથ્થો અનામત રાખી જથ્થા મુજબ બીલ આકારવામાં આવે છે.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે ડેમોમાં પાણી છે તે અનામત રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત કોઈ ડેમોમાં પાણી અનામત રાખવામાં આવ્યા છે?

**શ્રી હરજીવનભાઈ હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી  જામનગર શહેરને ત્રણ ડેમમાંથી પાણી આપવાનું આયોજન છે. પરંતુ ખરેખર...

**અધ્યક્ષશ્રી** : આના સિવાય બીજો કોઈ ડેમ છે? તે પૂછે છે.

**શ્રી હરજીવનભાઈ હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નથી. પરંતુ સાહેબ જામનગર કોર્પોરેશન પાસે જે પૈસા લેવાના બાકી છે તે ૨૯૧૭.૫૨ લાખ રૂપિયા રાજય સરકારને લેવાના બાકી છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે અને ત્રીજી અને ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**શહેરા તાલુકાના મંદિરોને યાત્રાધામ તરીકે માન્યતા આપવા બાબત**

* ૧૭૬૨૯ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ક્યા ક્યા ગામોના મંદિરોને યાત્રાધામ તરીકે માન્યતા આપી, અને | (૧) પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના કોઈ મંદિરને પવિત્ર યાત્રાધામ તરીકે માન્યતા આપવામાં આવેલ નથી. |
| (૨) આ મંદિરોના વિકાસ માટે સરકારે શું આયોજન કર્યું છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**જામનગર જિલ્લામાં એ.ડી.બી. પુરસ્કૃત યોજનામાં પાઈપ પૂરા પાડવામાં વિલંબ થવા બાબત**

* ૧૭૬૪૫ **શ્રી ઇશ્વરભાઇ ધ. મકવાણા (જોટાણા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં એ.ડી.બી. પુરસ્કૃત યોજના અંતર્ગત પાઈપ સપ્લાયની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ ન થવાથી યોજના પૂર્ણ કરવામાં વિલંબ થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો એજન્સી દ્વારા સમયસર કામ ન કરવાથી યોજનાની કિંમતમાં કેટલો વધારો થવા પામેલ છે, અને | (૨) રૂા. ૧૨૬.૦૪ કરોડ. |
| (૩) જો હા, તો કસુરવાર એજન્સી સામે શી કાર્યવાહી કરવામાં આવી અને ન કરવામાં આવી હોય તો શા માટે? | (૩) કસુરવાર બંને એજન્સીઓના કોન્ટ્રાક્ટ રદ કરી તેની સામે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી છે.<br>**(અ) પ્રથમ તબક્કા દરમ્યાન**<br>**પી.એસ.એલ.લી.સામે કરેલ કાર્યવાહી**<br>(૧) રૂા. ૧૪.૨૦ કરોડની પરફોર્મન્સ બેંક ગેરંટી વટાવી રકમ મેળવી લેવામાં આવેલ છે.<br>(૨) રૂા. ૧૪.૨૦ કરોડની એડવાન્સ રકમ પરત મેળવવામાં આવેલ.<br>(૩) એજન્સી સામે જાહેર આરોગ્ય બાંધકામ લવાદ નિવારણ ટ્રીબ્યુનલમાં રકમ વસુલ કરવા કેસ દાખલ કરવામાં આવેલ છે.<br>**(બ) બીજા તબક્કા દરમ્યાન**<br>**મે. માન ઈન્ડ. લી. સામે કરેલ કાર્યવાહી**<br>(૧) રૂા. ૧.૬૪ કરોડની પરફોર્મન્સ બેંક ગેરંટી વટાવી રકમ મેળવવામાં આવેલ.<br>(૨) રૂા. ૧.૬૪ કરોડની એડવાન્સ રકમ પરત મેળવવામાં આવેલ.<br>(૩) સદર કોન્ટ્રાક્ટ રદ થવાથી અન્ય કોઈ ખર્ચ થવા જાય તો એજન્સીના અન્ય |

| | |
|---|---|
| કોન્ટ્રાકટમાંથી હાથ ધરવાનું | વસુલ કરવાની કાર્યવાહી આયોજન છે. |

----------

**ગ્રામીણ વિસ્તારોમાં જળસંચય માટે તળાવો બનાવવા બાબત**

૧૬૮૬૫**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા ક્યા જિલ્લાઓમાં જળસંચય માટે તળાવો બનાવવા સરકારનું આયોજન છે, અને | (૧) રાજ્યના તમામ જિલ્લાઓમાં જળસંપત્તિ પ્રભાગ તેમજ કૃષિ વિભાગ ધ્વારા જળસંચય માટે તળાવો ઊંડા કરવાનું આયોજન છે. |
| (૨) એક ગામમાં વધુમાં વધુ કેટલા તળાવો કેટલી રકમના ખર્ચે બનાવી શકાય છે, આ યોજનાની કામગીરી કઈ પધ્ધતિથી થાય છે? | (૨) એક ગામમાં એક તળાવ રૂા. ૫.૦૦ લાખથી ૧૦.૦૦ લાખ સુધીની મર્યાદામાં ઊંડુ કરવા જોગવાઈ છે. આ કામગીરી યુનિટ રેઈટ પધ્ધતિથી જળસંપત્તિ વિભાગમાં જ્યારે ગુજરાત જમીન વિકાસ નિગમમાં આ ઉપરાંત મશીનરી ધ્વારા પણ કરવામાં આવે છે. |

-----------

**પવિત્ર નારાયણ સરોવરને તીર્થધામ તરીકે પ્રસિધ્ધ કરવા બાબત**

૧૭૪૦૦ **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં લખપત તાલુકામાં આવેલ પવિત્ર નારાયણ સરોવર વેદોક્ત સમયથી ઐતિહાસિક તીર્થધામ તરીકે પ્રસિધ્ધ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેમ છતાં આ પવિત્ર તીર્થધામને પવિત્ર યાત્રાધામ તરીકે સમાવેશ કરવામાં આવ્યો નથી તે હકીક્ત પણ સાચી છે, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેના શા કારણો છે, અને | (૩) સરકારશ્રીએ જાહેર કરેલ છ પવિત્ર યાત્રાધામોનો સર્વાંગી વિકાસની કામગીરી ચાલુ હોવાથી. |
| (૪) આ તીર્થધામને પવિત્ર યાત્રાધામ તરીકે જાહેર કરવા સરકારે શી વિચારણા હાથ ધરી છે ? | (૪) આ માટેની વિચારણા નથી. |

-----------

**સુરત જિલ્લામાં ઉકાઈ વિસ્તારમાં સિંચાઈના પાણીની સુવિધા આપવા બાબત**

૧૬૫૯૮ **શ્રી ગણપતભાઈ વે. વસાવા (માંગરોળ):માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ઉકાઈ વિસ્તારમાં કોઈ સિંચાઈની સગવડ નથી તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સરકાર આ વિસ્તારમાં સિંચાઈની સુવિધા માટે કોઈ આયોજન કરવા માંગે છે કે કેમ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**સચિવાલયના બીન બદલીપાત્ર અધિકારી/કર્મચારીઓને રાહત દરના રહેણાંક્ના પ્લોટ આપવા બાબત**

૧૭૩૯૯ **શ્રી વજુભાઈ ૫. ડોડિયા (વિરમગામ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ પાંચ વર્ષની નિયમિત નોકરી પૂરી કરી હોય તેવા કેટલા બિનબદલીપાત્ર સચિવાલયના અધિકારી તથા કર્મચારીઓને રાહત દરના રહેણાંક્ના પ્લોટ આપવાની માગણી સરકાર પાસે બાકીમાં છે, અને

(૨) તેઓને ક્યાં સુધીમાં સરકાર રાહત દરના રહેણાંક્ના પ્લોટ ફાળવવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨) : ગાંધીનગર શહેરમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ પાંચ વર્ષની નિયમિત નોકરી પુરી કરી હોય તેવા સચિવાલયના બીન બદલીપાત્ર અધિકારી તથા કર્મચારીઓને રાહતદરના રહેણાંક્ના પ્લોટ આપવાની સરકારશ્રીની કોઈ નીતિ નથી. તેથી આવી માંગણી બાકી રહેવાનો પ્રશ્ન નથી.

-----------

**અમરેલી જિલ્લામાં પ્રગતિપથ યોજનાનાં કામ**

૧૬૯૨૧ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન પ્રગતિપથ યોજના અંતર્ગત કેટલી રકમનાં, કેટલા કામોને, ક્યારે મંજૂરી આપવામાં આવી,

(૨) તે પૈકીનાં કામો હાલ ક્યા તબક્કે છે, અને

(૩) તે અંગે તા. ૩૧ જાન્યુઆરી ૨૦૦૬ અંતિત કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧), (૨) અને (૩) : પ્રગતિપથ યોજના હેઠળ કોઈ કામોને ૨૦૦૫-૦૬માં મંજૂરી આપવામાં આવેલ નથી.

-----------

**ઓલપાડ તથા ચોર્યાસી તાલુકાના દરિયાઈ વિસ્તારના ગામોમાં ભરતીના પાણી ગામમાં પ્રવેશવા બાબત**

૧૭૫૦૬ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ)**:**માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં ઓલપાડ તથા ચોર્યાસી તાલુકાના દરિયાઈ પટ્ટીના ગામોમાં ૨૦૦૪-૨૦૦૫ના તથા ૨૦૦૫-૨૦૦૬ ના વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં ભરતીના પાણી કેટલા ગામોમાં પ્રવેશ કરેલ છે, અને

(૨) દરિયાઈ ભરતીના પાણીથી ગામને થતા નુક્શાનથી તથા ધોવાણથી બચાવી લેવા કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં દરિયાઈ પટ્ટીના દાંડી તથા મોરભગવા ગામોમાં તથા ચોર્યાસી તાલુકાના ડુમ્મસ-સુલતાનાબાદ, ભીમપોર અને ડુમસમાં દરિયાઇ ભરતીના પાણી પ્રવેશ કરેલ છે.

(૨) દાંડી તથા મોરભગવા ખાતે દરિયાઈ ભરતીના પાણીથી ગામને બચાવવા પ્રોટેક્શન વોલના કામો બજેટ ઉપલબ્ધિ અનુસાર હાથ ધરવાનું આયોજન છે. જ્યારે અન્ય સ્થળે જરૂરી સર્વેક્ષણ/આલેખન કરી જરૂરી આયોજન કરવામાં આવશે.

-----------

**સાબરકાંઠા જિલ્લામાં ભિલોડા તાલુકામાં પીવાના પાણીની એસ.કે. ૪ યોજના**

૧૭૬૩૯ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં ભિલોડા તાલુકા માટે શુધ્ધ પીવાના પાણી માટે એસ.કે. ૪ યોજના દોઢ

**જવાબ**

(૧) ના, જી. સુધારેલ યોજના સાત માસ અગાઉ બનાવવામાં આવેલ છે.

વર્ષ અગાઉ બનાવવામાં આવી છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં શુધ્ધ પીવાના પાણી માટે એસ.કે. ૪ યોજના માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરી,

(૨) યોજનાને વહીવટી મંજુરી મળેલ ન હોવાથી નાંણાકીય જોગવાઈ કરવામાં આવેલ નથી.

(૩) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) યોજના ડીસેમ્બર-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૪) કુલ કેટલા ગામોને આ યોજનાથી પાણી મળવાનું છે?

(૪) કુલ ૧૮૩ ગામોને.

-----------

## સોમનાથ યાત્રાધામના વિકાસ માટે નાણાકીય જોગવાઈ

૧૭૬૨૪ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) :માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આગામી ૨૦૦૬-૨૦૦૭ના નાણાકીય વર્ષમાં સોમનાથ યાત્રાધામ વિકાસ માટે નાણાકીય જોગવાઈ કરવામાં આવનાર છે, અને

(૨) જો હા, તો કઈ બાબતોને તેમાં આવરી લેવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નીચે મુજબની બાબતોના વિકાસ કાર્યો આવરી લેવાયેલ છે.

(૧) શ્રી હિરણ ગોલક ઘાટ યોજના રુ૬૮ લાખ.

(૨) યાત્રી સુવિધા માહિતી કેન્દ્ર રુ૩૨ લાખ.

-----------

## તળાજા તાલુકાની મેથળા બંધારા યોજના

૧૭૦૯૬ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ તળાજા તાલુકાની મેથળા બંધારા યોજનાનું કામ ક્યા તબક્કામાં છે, અને

(૨) આ યોજના ક્યારે પૂરી કરવામાં આવશે?

**જવાબ**

(૧) આલેખન તબકકામાં.

(૨) યોજના તાંત્રિક રીતે યોગ્ય અને આર્થિક રીતે પોષણક્ષમ જણાયેથી વહીવટી મંજૂરી મેળવીને કામો હાથ ધરી પૂર્ણ કરવામાં આવશે.

-----------

## પ્રવાસન વર્ષ નિમિત્તે ડાંગ જિલ્લામાં શબરી ધામનું વિકાસનું આયોજન

૧૭૪૩૧**શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૬ના પ્રવાસન વર્ષ નિમિતે ડાગ જિલ્લામાં શબરી ધામનું વિકાસનું આયોજન કરવામાં આવેલ તેમાં રાજ્ય સરકારનો કેટલો ફાળો છે, અને

(૨) શબરી ધામના વિકાસ માટે તેમાંથી કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) ડાંગ જિલ્લામાં પ્રવાસન વર્ષ-૨૦૦૬ દરમ્યાન કલેકટરશ્રી, ડાંગ ધ્વારા શબરી ધામના વિકાસ માટે દરખાસ્ત મળેલ છે.

(૨) હજી સુધી ખર્ચ કરવામાં આવેલ નથી.

-----------

**સાબરકાંઠા જિલ્લામાં ખાસ મરામતના રસ્તાના કામ**

૧૭૬૫૭ **શ્રી દિપસિંહ રાઠોડ** (પ્રાંતિજ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૪-૨૦૦૫ ના વર્ષમાં ખાસ મરામતના કાર્યક્રમમાં કેટલા રસ્તાના કામોની મંજૂરી આપી, અને | (૧) ૧૦૪ રસ્તાના કામોને મંજુરી આપવામાં આવેલ છે. |
| (૨) તે કામોની સ્થિતિ શું છે ? | (૨) ૧૦૩ કામો પુર્ણ અને ૧ કામ પ્રગતિ હેઠળ. |

-----------

**ધરોઈ નહેરના કમાન્ડ વિસ્તારમાં પિયતનું પાણી આપવા બાબત**

૧૬૬૫૦ **શ્રી નારાયણભાઈ લ. પટેલ** (ઉંઝા) : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ના અંતે ધરોઈ નહેર કમાન્ડ વિસ્તારમાં કેટલા હેકટર જમીનને પિયત નીચે આવરી લેવામાં આવેલ છે, અને

(૨) ૨૦૦૫ના વર્ષમાં કેટલા હેકટર જમીનને પાણી પૂરું પાડવામાં આવ્યું ?

**જવાબ**

(૧)

| સીઝન | પિયત હેઠળ આવરી લીધેલ વિસ્તાર (હેકટરમાં) |
|---|---|
| ખરીફ | ૨૩૮૧૧ |
| આઠ માસિક | ૭૪૫૬ |
| રવિ. | ૧૬૮૩૮ |
| **કુલ..** | **૪૮૧૦૫** |

(૨) રવિ-૨૦૦૫ના વર્ષમાં કુલ ૨૫,૮૯૧ હેકટર જમીનને પાણી પુરુ પાડવામાં આવ્યું

**નર્મદા જિલ્લાના દેવમોગરાને પવિત્ર યાત્રાધામ તરીકે વિકસાવવા બાબત**

૧૬૯૬૫શ્રી મહેશભાઈ છો. વસાવા (દેડિયાપાડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં આવેલ દેવમોગરાને પવિત્ર યાત્રાધામ તરીકે વિકસાવવા કોઈ આયોજન કરવામાં આવ્યું છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) હા, તો તેને માટે કઈ કઈ સુવિધા પૂરી પાડવા માટે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**મહેસૂલી ગામો અને પરાઓને માર્ગોથી જોડાણ આપવા બાબત**

૧૭૬૫૩**શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| મહેસૂલી ગામો ઉપરાંત પરાઓને માર્ગોથી જોડાણ આપવા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત શું આયોજન છે? | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ધારાધોરણ મુજબ ૫૦૦ થી વધુ વસ્તીના ૩૩૭ ગામ/પરાને પ્રથમ વખત ડામર રસ્તાથી તથા ૪૪ ગામ/પરાને જોડતા મેટલ રસ્તાને ડામરના રસ્તાથી વર્ષ ૨૦૦૫-૦૬માં મંજૂરી આપી જોડવાનું આયોજન કરેલ છે. |

-----------

**વડોદરા જિલ્લામાં ટ્રાઈબલ સબ પ્લાન હેઠળ રસ્તાઓની મંજૂરી**

૧૬૨૭૮ **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ટ્રાયબલ સબ પ્લાનમાં કેટલા રસ્તા મંજુર થયેલ છે, | (૧) ૩૪ રસ્તાના કામો મંજુર થયેલ છે. |
| (૨) મંજુર થયેલ રસ્તાઓમાં કેટલા પૂર્ણ થયેલ છે, કેટલા બાકી છે, અને | (૨) આ પૈકી ૩૦ કામો પુર્ણ થયેલ છે અને ૪ કામો બાકી છે. |
| (૩) બાકી રહેલ રસ્તાઓના કામ ક્યારે પૂર્ણ થશે? | (૩) વર્ષ ૨૦૦૬-૦૭માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**રાજકોટ શહેરમાં ચાલતા કતલખાના**

૧૭૪૨૮ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧):માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજકોટ શહેરમાં કાયદેસરના કુલ કેટલા કતલખાનાઓ છે, | (૧) એક. |
| (૨) ગેરકાયદેસર ચાલતા કતલખાના અંગે કોઈ ફરિયાદ સરકારને મળેલ છે કે કેમ, આ કતલખાના બંધ કરવા માટે શું કોઈ પગલાં લેવામાં આવનાર છે કે કેમ, | (૨) મોચી બજાર (કૃષ્ણપરા)માં ચાલતા ગેરકાયદેસર કતલખાનાની ફરીયાદ મળેલ. મહાનગરપાલિકાએ બંધ કરાવવા માટે કાર્યવાહી કરેલ છે. જે સંદર્ભે આસામીઓએ કોર્ટ કાર્યવાહી કરેલ. કોર્ટના ચૂકાદા મુજબ બધી શરતો પૂરી કરે તો ધંધા માટે વૈકલ્પિક જગ્યા ફાળવી લાયસન્સ આપવા જણાવેલ. |
| (૩) શહેરની વચ્ચે ચાલતા કાયદેસરના કતલખાનાઓ, શહેરની બહાર ખસેડવાનું આયોજન છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો કઈ જગ્યાએ ખસેડવાનું આયોજન છે? | (૪) સ્થળાંતર માટે જગ્યાના વિવિધ વિકલ્પ રાજકોટ મહાનગરપાલિકાની વિચારણામાં છે. |

-----------

**આણંદ જિલ્લામાં મહેસૂલી ગામોને બારમાસી રસ્તાનું જોડાણ આપવા બાબત**

૧૭૬૪૭ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ કુલ કેટલા મહેસૂલી ગામોને બારમાસી રસ્તાથી જોડાણ આપવામાં આવેલ છે, અને | (૧) અને (૨) : બધાજ ૩૫૧ મહેસૂલી ગામો પાકા રસ્તાથી જોડાયેલા છે. |
| (૨) કેટલા ગામો બાકી છે અને આ બાકી ગામોને પાકા રસ્તાથી જોડવાનું શું આયોજન છે ? | |

-----------

**સુરેન્દ્રનગર જિલ્લામાં બોરીબંધ બનાવવા પાછળ ખર્ચ**

૧૪૩૦૨ **શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા):માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના લખતર અને દસાડા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલા બોરીબંધ બાંધવામાં આવ્યા, અને | (૧) સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકામાં ૨૯૪ અને દસાડા તાલુકામાં ૧૦૬ મળી કુલ ૪૦૦ બોરીબંધ બાંધવામાં આવ્યા. |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) તેના પાછળ રકમ રૂ. ૨૫.૧૦ લાખનો રોકડ ખર્ચ અને અનાજ માટે ૮.૭૩ લાખનો ખર્ચ થયેલ છે. |

-----------

**અમદાવાદમાં ઓઢવથી વસ્ત્રાલને જોડતો ટી.પી. માર્ગ, માર્ગ અને મકાન વિભાગના સ્ટોરના કંપાઉન્ડમાંથી પસાર થવા બાબત**

૧૭૭૨૯ડૉ.**માયાબેન સુ. કોડનાની (નરોડા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદમાં ઓઢવથી વસ્ત્રાલને જોડતો ટાઉન પ્લાનીંગ માર્ગ, માર્ગ અને મકાન વિભાગના સ્ટોરના કમ્પાઉન્ડમાંથી પસાર થાય છે તે સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) આ માર્ગ ખુલ્લો કરવા ક્યારે ક્યારે કેટલી દરખાસ્તો સરકારને મળી, અને | (૨) ત્રણ દરખાસ્ત<br>તા : ૧૭-૧-૨૦૦૧<br>તા : ૧-૬-૨૦૦૧<br>તા : ૧૮-૭-૨૦૦૩ |
| (૩) આ અંગે સરકારનું શું આયોજન છે? | (૩) સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |

-------------

**૨૦૦૬ના પ્રવાસન વર્ષમાં પ્રવાસીઓને આકર્ષવા બાબત**

૧૬૭૭૬ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે સને ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્યમાં દેશની અંદરના અને પરદેશથી વધારે પ્રવાસીઓ આવે તે માટે કેવું આયોજન કર્યું છે, અને | (૨) રાજ્યમાં દેશની અંદરના અને પરદેશથી વધારે પ્રવાસીઓ આવે તે માટે પ્રવાસન વર્ષ-૨૦૦૬ કાર્ય યોજના બનાવેલ છે. |
| (૩) દેશની અંદરના સામાન્ય પ્રવાસીઓને રાજ્યમાં સસ્તામાં પ્રવાસ કરવા મળે તે અંગે સરકારે શું વિચાર્યું છે? | (૩) સિનીયર સિટીઝન, વિક્લાંગ તથા શાળા-કોલેજના વિદ્યાર્થીઓને (૧૦ના ગ્રુપમાં) ગુજરાત પ્રવાસન નિગમ લી.ની હોટલો તથા પેકેજ ટુરમાં ૨૦ ટકાનું વળતર આપવાનું નક્કી કરેલ છે. |

-------------

**સુજલામ સૂફલામ યોજનામાં પાઈપલાઈન દ્વારા નર્મદામાંથી પાણી લેવા બાબત**

૧૭૬૩૩ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સૂફલામ યોજનાની પાઈપ લાઈન દ્વારા લીફ્ટ કરીને નર્મદામાંથી કુલ કેટલું વધારાનું પાણી લઈ જવાશે, | (૧) નર્મદાના પુરના પાણીમાંથી ૧ મીલીયન એકર ફીટ પાણી ઉત્તર ગુજરાત, ૧ મીલીયન એકર ફીટ પાણી સૌરાષ્ટ્ર અને ૧ મીલીયન એકર ફીટ પાણી કચ્છમાં લઈ જવાનું છે. |
| (૨) ચોમાસા દરમ્યાન લીફ્ટ કરીને લેવાયેલ આ વધારાનું પાણી ક્યાં સંગ્રહ કરાશે, અને | (૨) ચોમાસા દરમ્યાન લીફ્ટ કરેલ આ પાણી હયાત બંધો, તળાવો અને ચેકડેમોમાં સિંચાઈ (ખેતી) માટે સંગ્રહ કરવામાં આવશે. |

(૩) આટલું પાણી લીફ્ટ કરવા માટે દર વર્ષે હાલના દરે કેટલા રૂપિયાનું વીજબીલ ભરવું પડશે?

(૩) જ્યારે વરસાદ ઘણો જ ઓછો હોય અને હયાત બંધો, તળાવો અને ચેકડેમો ખાલી હોય ત્યારે ખેતી માટે ઉત્તર ગુજરાતમાં ઉપયોગમાં લેવાનાર આ પાણીને લીફ્ટ કરવા માટે કૃષિ દર પ્રમાણે અંદાજે રૂપિયા ૩૮ કરોડ જેટલું વિજ બીલ આવવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર અને કચ્છ માટે હાલમાં આ બાબત આયોજનના તબક્કે છે.

-------------

**શહેરી વિકાસ વર્ષ દરમિયાન મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં પે એન્ડ યુઝ ટોઈલેટ બનાવવા બાબત**

૧૭૬૫૧**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા)** :**માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ નિમિત્તે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં પે એન્ડ યુઝ ટોઈલેટ બનાવવાનું આયોજન કરાયેલ છે, અને

(૨) જો હા, તો કેવા પ્રકારનું આયોજન છે?

**જવાબ**

(૧) હા જી, ફક્ત નગરપાલિકાઓ માટે.

(૨) દરેક નગરપાલિકામાં જરૂરીયાત મુજબ પે એન્ડ યુઝ ટોઈલેટનું આયોજન કરાયેલ છે.

-------------

**શ્રેષ્ઠ નગરપાલિકાને એવોર્ડ આપવા બાબત**

૧૭૦૯૫ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા)** :**માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ના અનુસંધાને શ્રેષ્ઠ કામગીરી માટેના એવોર્ડ કઈ કઈ નગરપાલિકાને આપવામાં આવ્યા છે, અને

(૨) આ અવોર્ડ કઈ રીતે આપવામાં આવે છે?

**જવાબ**

(૧) શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ના અનુસંધાને નીચે જણાવેલ નગરપાલિકાને એવોર્ડ આપવામાં આવેલ છે.

| **માહે** | **પ્રથમ ઈનામ નગરપાલિકા** | **બીજું ઈનામ નગરપાલિકા** |
|---|---|---|
| મે-૨૦૦૫ | ઘાટલોડીયા | આણંદ |
| જુન-૨૦૦૫ | વેજલપુર | દહેગામ |
| જુલાઈ-૨૦૦૫ | બારડોલી | કોડીનાર |
| ઓગષ્ટ-૨૦૦૫ | નવસારી | હિંમતનગર |
| સપ્ટેમ્બર-૨૦૦૫ | વ્યારા | વઢવાણ |
| ઓકટો-૨૦૦૫ | ધરમપુર | ઉના |
| નવેમ્બર-૨૦૦૫ | મેમનગર | પોરબંદર |
| ડીસેમ્બર-૨૦૦૫ | કડી | ધ્રાંગધ્રા |

(૨) નક્કી કરેલા માપ દંડના આધારે.

-------------

**અંબાજી ખાતેની પાણી પુરવઠા યોજના મંજૂર કરવા બાબત**

૧૭૨૨૧**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર)** :**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અંબાજી ખાતે પાણી પુરવઠા યોજના ક્યારે મંજૂર કરવામાં આવી, તેની પાછળ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ અંદાજે કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) તા. ૫-૦૩-૨૦૦૩ના રોજ મંજૂર કરવામાં આવી. તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રૂા. ૩૬૮.૪૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) આ યોજનાનું કામ બંધ કરવામાં આવ્યું છે તે હકીકત સાચી છે, અને

(૨) વન વિભાગમાં આવતી પાઈપ લાઈન સિવાયના કામો પૂર્ણ થયેલ છે. વન વિભાગમાં નાંખવાની થતી પાઈપ લાઈનનું કામ બાકી છે.

(૩) જો હા, તો બંધ કરવાનાં કારણો શું છે ?

(૩) વન્ય પ્રાણી અભ્યારણ્ય વિસ્તારમાં કરવાના થતા કામોની મંજૂરી ચીફ કન્ઝર્વેટર ફોરેસ્ટ (સેન્ટ્રલ) ની મંજૂરી મળેલ ન હોવાથી બંધ રાખવામાં આવેલ છે.

-------------

**ગારીયાધાર તાલુકાના ગામોને પીવાનું પાણી મહી-પરીએજ નર્મદા આધારીત યોજનામાંથી આપવા બાબત**

૧૬૬૦૧ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** :**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના કેટલા ગામોને તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ મહી/પરિએજ નર્મદા આધારીત પીવાનું પાણી મળે છે, અને

(૨) બાકી રહેતા ગામોને કેટલા સમયમાં નર્મદા આધારીત પાણી આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ગારીયાધાર તાલુકાના ૫૦ ગામો પૈકી ૪૧ ગામોને મહી/પરીએજ નર્મદાનું પાણી પહોંચાડેલ છે. પરંતુ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ શેત્રુંજી જળાશયમાં પુરતું પાણી હોવાથી આ યોજનાઓ માટે મહી યોજનામાંથી પાણી લેવામાં આવતું નથી.

(૨) બાકી રહેતા ૯ ગામો પૈકી ૭ ગામોને જૂન-૦૬ અને ૨-ગામોને ડીસેમ્બર-૦૬ સુધીમાં પાણી આપવાનું આયોજન છે.

-------------

**માંડવી તાલુકાના વાડી વિસ્તારમાં પીવાનું પાણી આપવા બાબત**

૧૬૪૯૨ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લાનાં માંડવી તાલુકાનાં વાડી વિસ્તારની વસાહતોને પીવાના પાણી પહોંચાડવાની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) આ વિસ્તારો માટે વૈકલ્પિક વ્યવસ્થા શી ગોઠવવામાં આવી છે ?

**જવાબ**

(૧) પીવાના પાણીની મુશ્કેલીવાળા ૩૩ વાડી વિસ્તાર પૈકી ૪ વસાહતોના કામો પુરા કરી પાણી ચાલુ કરેલ છે અને ૨૯ વસાહતોને પાણી પહોંચાડવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) પ્રગતિ હેઠળના કામો ક્રમશઃ મે-૦૬ સુધીમાં.

(૩) હાલ સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવે છે.

**યાત્રાધામ વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ**

૧૬૫૬૨ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે સને ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫ના નાણાંકીય વર્ષમાં યાત્રાધામ વિકાસ માટે કેટલી રકમ ફાળવી, અને

(૨) આ ફાળવેલી રકમ પૈકી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારે ક્યા ક્યા યાત્રાધામના વિકાસ માટે કેટલી રકમનો ખર્ચ કર્યો

**જવાબ**

(૧) સને ૨૦૦૩-૦૪માં રૂા. ૨૭૮.૪૭ લાખ
સને ૨૦૦૪-૦૫માં રૂા. ૩૦૩.૦૦ લાખ
**કુલ રૂા. ૫૮૧.૪૭ લાખ**

(૨) સને ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૫માં નીચેની વિગતે યાત્રાધામ માટેના વિકાસ ખર્ચ કરવામાં આવેલ છે.

**(૧) અંબાજી**--વિકાસ કામ રૂા. ૩.૨૨

?

| | |
|---|---|
| | લાખ |
| (૨) **ડાકોર**--કંકુદરવાજા અનેસાઈનેજ | રૂા. ૧૫.૦૦ લાખ |
| --દુકાન સંપાદનનું કામ | રૂા. ૨૫.૦૦ લાખ |
| --ગોમતી ઘાટ સુધારણા | રૂા. ૬૩.૦૦ લાખ |
| --પેવેલીંગનું કામ | રૂા. ૨૦.૫૧ લાખ |
| --નાળો સાફ કરવાનું કામ | રૂા. ૩.૫૯ લાખ |
| (૩) **પાલીતાણા**--ભેરવનાથ રોડથી તળેટી સુધી અને ગારીયાધાર પુલથી જકાતનાકા રસ્તાની વાઈડીંગ તથા રીકાર્પેટીંગનું કામ | રૂા. ૧૧.૯૯ લાખ |
| -- પાલીતાણા તળાજા સી. સી. રોડ | રૂા. ૬૬.૧૧લાખ |
| (૪) **ગીરનાર**--દામોદર કુંડ | રૂા. ૬.૧૯ લાખ |
| (૫) **દ્વારકા**--એપ્રોચ રોડનું કામ | રૂા. ૫૦.૦૦ લાખ |
| -- સોએલ ટેસ્ટીંગ | રૂા. ૦.૩૫ લાખ |
| | **કુલ રૂા. ૨૬૪.૯૬ લાખ** |

એપ્રિલ-૨૦૦૫ થી તા. ૩૧/૧/૦૬ સુધીમાં અંબાજીને માન સરોવરના વિકાસ કામ પેટે રૂા. ૫૦.૦૦ લાખ ડાકોરને ગોમતી ઘાટ સુધારણા પેટે ફાળવેલ છે.

૩૫.૦૦ લાખ

**કુલ રૂા. ૩૪૯.૯૬ લાખ**

-------------

## જવાહરલાલ નહેરુ અર્બન રિન્યુઅલ મિશનનું વિકાસલક્ષી આયોજન બાબત

૧૬૫૯૫ **શ્રી દિલુભા ટે. ચુડાસમા** (વડોદરા (ગ્રામ્ય) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જવાહરલાલ નહેરુ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ આવરી લેવાયેલ રાજ્યની ચાર મહાનગર પાલીકાઓમાં કરાયેલ વિકાસલક્ષી આયોજનની વિગતો શું છે ?

**જવાબ**

(૧) આંતર માળખાકીય વિકાસના કામો અને શહેરી સુધારણા માટે સમયબધ્ધ પગલાં તેમજ શહેરી ગરીબોને પાયાની સેવાઓ પુરી પાડવાની બાબતોનો આયોજનમાં સામાવેશ કરેલ છે તથા પ્રસ્તુત યોજના હેઠળ આવરી લેવાયેલ ચાર શહેરોના આ અંગેના સીટી ડેવલપમેન્ટ પ્લાન તેમજ ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ કેન્દ્ર સરકારશ્રીને પાઠવવામાં આવેલ છે.

------------

## સચિવાલયના બીન બદલીપાત્ર અધિકારી/કર્મચારીઓને રાહત દરે રહેણાંકના પ્લોટ આપવા બાબત

૧૭૨૨૩ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ સચિવાલયના બિન બદલીપાત્ર કર્મચારીઓ જેમણે સળંગ પાંચ વર્ષની નિયમિત નોકરી પૂરી કરી હોય તેવા કર્મચારીઓને રાહત દરનાં રહેણાંક્નાં પ્લોટ આપવા માટે શી કાર્યવાહી કરી છે, અને

(૨) આવા કર્મચારીઓને ક્યાં સુધીમાં રહેણાંક્ના પ્લોટો આપવાનું સરકારનું આયોજન છે ?`

**જવાબ**

(૧) અને (૨) : ગાંધીનગર શહેરમાં તા. ૩૧/૧૨/૦૫ની સ્થિતિએ પાંચ વર્ષની નિયમિત નોકરી પુરી કરી હોય તેવા સચિવાલયના બીન બદલીપાત્ર અધિકારી તથા કર્મચારીઓને રાહતદરના રહેણાંક્ના પ્લોટ આપવાની સરકારશ્રીની કોઈ નીતિ નથી. તેથી આવી માંગણી બાકી રહેવાનો પ્રશ્ન નથી.

-------------

## સુરત મહાનગરપાલીકાનું હદ વિસ્તરણ

૧૭૫૧૬ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત મહાનગરપાલીકાના, તા. ૮-૨-૦૬ના રોજ કરવામાં આવેલ હદ વિસ્તરણ બાદ રાજ્ય સરકાર દ્વારા બીજા તબકકાનું હદ વિસ્તરણ કરવાનું વિચારણા હેઠળ છે કે કેમ, અને

(૨) હદવિસ્તરણ બાદ સુરત મહાનગરપાલીકા ઉપર પડેલ વધારાના આર્થિક બોજા માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ આર્થિક પેકેજ-મદદ મહાનગરપાલીકાને આપવાનું વિચારણા હેઠળ છે કે કેમ ?

**જવાબ**

(૧) હા જી.
(અત્રે એ સ્પષ્ટતા કરવી જરૂરી છે કે સુરત મહાનગરપાલિકાનું હદ વિસ્તરણ તા. ૮/૨/૦૬ના રોજ નહીં. પરંતુ તા. ૧૪/૦૨/૦૬ના રોજ કરવામાં આવ્યું)

(૨) ના જી.

-------------

## કડી શીત કેન્દ્રથી જોટાણા રોડને જોડતા રસ્તાનું મરામત કામ

૧૬૬૦૦ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કડી શીત કેન્દ્રથી જોટાણા રોડને જોડતા રસ્તામાં મરામત કામ અને નવીનીકરણ પાછળ કેટલી રકમ સન ૨૦૦૫-૦૬માં મંજૂર કરવામાં આવી, અને

(૨) આ રોડનું મરામત કાર્ય ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧) કોઈ રકમ મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## પાટણ જિલ્લામાં સ્ટેટ હાઇવે એમ.ડી.આર. રોડ અને ગ્રામ્ય માર્ગો બનાવવા બાબત

૧૬૬૪૭ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુ.-૦૬ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કેટલા સ્ટેટ હાઇવે એમ.ડી.આર. અને ગ્રામ્ય રોડ છેલ્લા બે વર્ષમાં બનાવવાનો અંદાજ રાખવામાં આવ્યો હતો, (૨) તેમાંથી કેટલા બનાવવામાં આવ્યા અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો, (૩) તે પૈકી સિધ્ધપુર તાલુકામાં કેટલાં કામો હાથ ધરવામાં આવ્યા, અને (૪) તેમાં કેટલો ખર્ચ થયો ? | (૧), (૨), (૩) અને (૪) : બે વર્ષમાં કોઈ નવા પ્લાન રસ્તા બનાવવાનો અંદાજ રાખેલ નથી. |

-------------

## નગરપાલિકાઓમાં ઇ-ગવર્નન્સની સેવાઓ શરૂ કરવા અંગે

૧૬૪૫૮**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નગરપાલિકાઓના વહીવટમાં સરળતા, ગતિશીલતા અને પારદર્શક્તા લાવવા માટે રાજ્ય સરકારે નગરપાલીકાઓમાં ઇ-ગવર્નન્સ સેવાઓ શરૂ કરી હોવાની હકીક્ત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો ૨૦૦૫-૨૦૦૬ના વર્ષ દરમ્યાન તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલી નગરપાલીકાઓને ઇ-ગવર્નન્સ સેવાઓ હેઠળ આવરી લેવામાં આવી છે ? | (૨) ૧૪૧ નગર પાલિકા (તા. ૩૧/૧/૦૬ સુધી) |

-------------

## પ્રવાસન વર્ષમાં પ્રવાસીઓને આકર્ષવા કરેલ ખર્ચ

૧૬૯૧૧ **શ્રી રાકેશ રાવ (માતર)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૬ને પ્રવાસન વર્ષ જાહેર કર્યા પછી પ્રવાસીઓને આકર્ષવા માટે પ્રચાર, પ્રસાર તથા પ્રવાસન સ્થળોને વિક્સાવવા માટે રાજ્ય સરકારે કેટલો ખર્ચ કરવાનો નિર્ણય કરેલ છે, | (૧) પ્રચાર અને પ્રસાર માટે રૂા. ૧૦ કરોડ અને પ્રવાસન સ્થળોએ આંતર માળખાકીય સુવિધાઓ અને પ્રવાસન સુવિધાઓ માટે રૂા. ૬૦ કરોડની જોગવાઈ વર્ષ : ૨૦૦૬-૦૭ના અંદાજપત્રમાં સૂચવવામાં આવેલ છે. |
| (૨) દારૂબંધીની નિતિના કારણે પ્રવાસીઓ રાજ્યમાં નહી આવતા હોવાની ફરીયાદ સરકારને મળેલ છે, | (૨) ના, જી. |
| (૩) જો હા, તો આ સમસ્યાના નિરાકરણ માટે સરકારે શું કાર્યવાહી કરેલ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) દેશ બહારના પ્રવાસીઓને આકર્ષવા પ્રચાર-પ્રસાર કરવા શું આયોજન ગોઠવેલ છે ? | (૪) આ માટે પ્રવાસન વર્ષ ૨૦૦૬ની કાર્યયોજના બનાવેલ છે. |

-------------

**બાવળા તાલુકામાં ભોગાવો નદી કિનારે નેશનલ હાઈવે પાસે પાકો પાળો બાંધવા બાબત**

૧૭૪૩૯ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા)** : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બાવળા તાલુકામાં મીઠાપુર, કોઠાતલાવડી અને શિયાળ, ઘરજી અને અન્ય ગામો પાસેથી ભોગાવો નદી પસાર થાય છે આ નેશનલ હાઈવે પાસે સિંચાઈ વિભાગે મોટો પાળો બાંધેલ તે પાળો માટીનો હોવાને કારણે ધોવાઈ ગયો છતાં કરોડો રૂપિયાની ખેતીની આવક થઈ છે તો આ પાળો સરકાર ફરી બાંધવા માંગે છે, | (૧) માટીના પાળાનું સમારકામ કરાયેલ છે. |
| (૨) પાકો પાળો ચેકડેમ બાંધવા માંગો છો કે કેમ, અને<br>(૩) જો હા, તો ક્યારે બાંધવામાં આવશે ? | (૨) અને (૩) : સુચિત પાકો પાળો, ચેકડેમ, બાબતે વિગતો હાલ તાંત્રિક ચકાસણી હેઠળ છે, જે પૂર્ણ થયેથી સત્વરે નિર્ણય લઈ શકાય. તેટલી ઝડપે કાર્યવાહી કરવામાં આવશે. |

-------------

**કલોલ તાલુકામાં નર્મદા પાણીની પાઈપલાઈન અન્વયે ખેડૂતોને બાકી જમીન વળતર**

૧૫૯૧૫ ડૉ. **અતુલ કે. પટેલ (કલોલ)** : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કલોલ તાલુકામાં નર્મદાની પાણીની પાઈપલાઈન નાંખવામાં આવી છે પરંતુ ખેડૂતોને તેમની જમીનનું વળતર આપવામાં આવેલ નથી તો તે વળતર ક્યારે આપવામાં આવશે ? | સત્વરે ચૂકવણું કરવામાં આવશે, વર્ષ ૨૦૦૬-૦૭ માં પૂરતી જોગવાઈ સૂચિત કરેલ છે. |

-------------

**દિયોદર તાલુકાના સણાદર ગામના અંબાજી મંદિરને પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરવા બાબત**

૧૭૨૮૯ **શ્રી ભેમાભાઈ રા. પટેલ (દીઓદર)** : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| દિઓદર તાલુકામાં સણાદર મુકામે આવેલ નાના અંબાજી માતાજી તરીકે ઓળખાતા પવિત્ર યાત્રાધામને સરકાર પવિત્ર યાત્રાધામ તરીકે વિકસાવવા શું આયોજન કરેલ છે ? | કોઈ આયોજન કરેલ નથી. |

-------------

**ડાયનોસોર પાર્ક વિકસાવવા બાબત**

૧૬૭૨૮ **શ્રી રાજેશભાઈ પાઠક (બાલાસિનોર)** :**માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બાલાસિનોર તાલુકાના રૈયોલી ગામે આવેલ ડાયનોસોર પાર્કને રાજ્ય સરકાર વિકસાવવા માંગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાઓની વિગતો શી છે, અને | (૨) આ યોજનામાં નીચે મુજબની મહત્વની કામગીરીનો સમાવેશ કરવાનું આયોજન છે.<br>(૧) સ્વાગત કક્ષ<br>(૨) ઈન્ટરપ્રિટેશન સેન્ટર અને મ્યુઝીયમ<br>(૩) પ્રદર્શન અને સાઉન્ડ સ્ટેશન |

(૪) ડાયનોસોરના લાઈફ સાઈઝ ફાઈબર ગ્લાસ મોડેલ.
(૫) કાફેટેરિયા
(૬) ડાઈનીંગ હોલ
(૭) કેમ્પસ સાઈટ- લોગહટસ
(૮) ટ્રેક એન્ડ ટ્રેઈલ.
(૯) રેસ્ટ એરીયા
(૧૦) રેયોલી ગામ સુધીના રોડનો વિકાસ.
(૧૧) વીજળીકરણ.
(૧૨) પાણી પૂરવઠો
(૧૩) ગટર વ્યવસ્થા
(૧૪) કેમ્પસમાં આંતરીક રોડ.
(૧૫) કંપાઉન્ડ વોલ-ગેઈટ
(૧૬) સાઈનેજીસ
(૧૭) રેઈન વોટર હાર્વસ્ટીંગ
(૧૮) કૃત્રિમ ધોધ
(૧૯) પાર્કિંગ એરીયા
(૨૦) લેન્ડ સ્કેપીંગ

(૩) તે ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવશે ?

(૩) આ યોજના ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## ગાંધીનગર શહેરમાં સર્કલ ઉપર ફુવારા ગોઠવવા બાબત

૧૭૬૩૦ ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર):**માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૫-૦૬ના વર્ષ દરમિયાન તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં ક્યા ક્યા સર્કલ ઉપર ફુવારા ગોઠવવામાં આવ્યા છે,

(૨) આ સુવિધાઔ અને નવીન ફુવારા સર્કલ દીઠ કઈ કઈ એજન્સીઓએ બનાવ્યા અને સર્કલદીઠ કેટલું ખર્ચ થયું,

(૩) તે પૈકી કેટલા સર્કલોનું ઉદ્દઘાટન કર્યુ, અને

(૪) બાકીના સર્કલોનું ઉદ્દઘાટન ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) :

| સર્કલનું લોકેશન | એજન્સીનું નામ |
|---|---|
| ચ--૩ એરફોર્સ | સરકારશ્રી દ્વારા |
| ચ--૬ લાયન્સ કલબ | કરવામાં આવેલ |
| ઘ--૪ ટોરેન્ટ | ખર્ચ શૂન્ય છે. |
| છ--૫ સોનિક ટેક્નોલોજી | ફૂવારા ખાનગી |
| ક--૬ સોનિક ટેક્નોલોજી | સંસ્થાએ કરેલ છે. |

(૩) ઉપરોક્ત સર્કલો પૈકી ચ--૩, ચ--૬, ઘ--૪ અને છ--૫ ના કુલ ૪ (ચાર) સર્કલોનું લોકાપર્ણ વિધિ કરેલ છે.

(૪) હાલમાં બાકીના સર્કલનું ઉદ્દઘાટન કરવાનું આયોજન નથી.

-------------

## ગઢડા-ઉમરાળા તાલુકામાં મહી-પરીએજ કેનાલની પાછળ થયેલ ખર્ચ

૧૬૫૦૦ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** (ગઢડા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભાવનગર જિલ્લાનાં ગઢડા અને ઉમરાળા તાલુકામાં મહી-પરીએજની કેનાલ રીપેરીંગ પાછળ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

જળસંપત્તિ પ્રભાગ હસ્તક ગઢડા અને ઉમરાળા તાલુકામાં મહી-પરીએજ કેનાલ નામની નહેર આવેલ નથી તેથી રીપેરીંગ ખર્ચ અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-

------------

## ગાંધીનગર શહેરમાં શૈક્ષણિક, ધાર્મિક અને વાણિજ્યક હેતુ માટે સંસ્થાઓ/વ્યક્તિઓને જમીન આપવા બાબત

૧૭૨૬૬ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : **માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર શહેરમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શૈક્ષણિક, ધાર્મિક અને વાણિજ્ય હેતુઓ માટે કેટલી સંસ્થાઓ કે વ્યક્તિઓને શું ભાવે જમીન આપવામાં આવી,

(૨) કેટલી સંસ્થાઓને જમીન આપવાનો સરકારે સૈધ્ધાંતિક સ્વીકાર કર્યો હતો, અને

(૩) સૈધ્ધાંતિક સ્વીકાર કર્યો હોય અને જમીનો ના મળી હોય તેવી સંસ્થાઓ કેટલી છે અને ક્યા કારણોસર જમીનો નથી મળી ?

**જવાબ**

(૧) ૪ સંસ્થાઓ અને ૨૦ વ્યક્તિઓને સામેલ પત્રક મુજબ જમીન આપવામાં આવી છે.

(૨) ઉપરોક્ત સંસ્થાઓ સાથે કુલ ૭

(૩) ખંડ (૨) પૈકી ૩.
(૧) કરારનામું થયેલ નથી.
(૨) કબજા હક્કની રકમ ભરેલ નથી.
(૩) સંમતિ પત્ર આપેલ ન હોઈ હુકમ થયેલ નથી.

**પત્રક**

| ક્રમ | સંસ્થાનું નામ | ભાવ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | સમદર્શન ટ્રસ્ટ | (૧) ૫૦૦ ચો.મી. રૂા. ૫૪૦/- લેખે<br>(૨) ૧૦૦૦ ચો.મી. રૂા. ૧૦૮૦/-લેખે |
| ૨ | નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાઈન<br>(વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ) | વાર્ષિક રૂા. ૧/- ના ટોક્ન દરે<br>(૩૦ વર્ષના ભાડા પટ્ટે) |
| ૩ | સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી ગાંધીનગર શાખા | (૧) ૨૪૦૦૦ ચો.મી. રૂા. ૯૦૦/- લેખે<br>(૨) ૧૬૦૦૦ ચો.મી. વાર્ષિક રૂા. ૧/- ના ટોક્ન દરે (૩૦ વર્ષના ભાડા પટ્ટે) |
| ૪ | ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લી. | રૂા. ૧૮૦૦૦/- પ્રતિ ચો.મી. |
| ૫ | શ્રી દશરથ વક્તાજી સુરાવાળા | ૧૨૦૦૦/- "" |
| ૬ | મમતાબેન વી રાવલ વિગેરે | ૩૧૭૦૦/- પ્રતિ ચો.મી. (જાહેર હરાજીથી) |
| ૭ | શ્રી કેશવલાલ નારણભાઈ પટેલ | ૨૯૨૦૦ "" |
| ૮ | ઉર્મીલાબેન ક્નૈયાલાલ ઠક્કર | ૩૩૨૦૧ પ્રતિ ચો.મી. (જાહેર હરાજીથી) |
| ૯ | શ્રી ભરતકુમાર રતનલાલ લીંબાચીયા | ૩૦૦૦૦ "" |
| ૧૦ | શ્રી પરેશકુમાર ગોવિંદભાઈ પટેલ વિગેરે | ૨૮૨૩૨ "" |
| ૧૧ | શ્રી હસમુખભાઈ બકોરદાસ મહેતા "" | ૨૮૧૭૫ "" |
| ૧૨ | શ્રી ગણેશભાઈ ભલાભાઈ પ્રજાપતિ | ૨૦૦૦૨ "" |
| ૧૩ | શ્રી રવિન્દ્રકુમાર નારણભાઈ પ્રજાપતિ | ૧૮૦૦૦ "" |
| ૧૪ | શ્રી રાવલ દર્શનભાઈ વિષ્ણુપ્રસાદ | ૨૪૦૨૫ "" |
| ૧૫ | શ્રી પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ | ૨૧૧૦૫ "" |
| ૧૬ | શ્રી મોદી દિપકકુમાર ક્નુભાઈ | ૧૮૮૦૭ "" |
| ૧૭ | શ્રી મહીડા રાજેન્દ્રસિંહ વિ. | ૧૬૦૦૧ "" |
| ૧૮ | શ્રી ડી.બી.એન્ટરપ્રાઈઝ | ૧૪૩૫૧ "" |
| ૧૯ | શ્રી રામ ક્ન્સ્ટ્રક્શન | ૧૨૮૦૫ "" |
| ૨૦ | શ્રી ગુણવંતભાઈ હાલાણી | ૧૦૫૭૬ "" |
| ૨૧ | શ્રી વિક્રમભાઈ એમ. મહેશ્વરી | ૨૩૨૦૧ "" |
| ૨૨ | શ્રી અનીલભાઈ સી. પટેલ | ૧૫૪૮૨ "" |
| ૨૩ | શ્રી છગનભાઈ જયસ્વાલ | ૧૪૫૦૧ "" |
| ૨૪ | શ્રીમતી શ્યામા ગુપ્તા | ૧૧૫૦૨ "" |

------------

## ધંધુકા-લીંબડી તથા રાણપુર લીંબડી રસ્તાનું રીપેરીંગ કામ કરવા બાબત

૧૭૯૫૩ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધંધુકા લીંબડી તથા રાણપુર લીંબડી રસ્તો ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં આ બંને માર્ગોના રીપેરીંગ કે નવીનીકરણ માટે રાજ્ય સરકારનું કોઈ આયોજન છે

**જવાબ**

(૧) હા, જી.

કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે ?

(૨) મંજૂર કરેલ કામો ૨૦૦૬-૦૭માં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**વિશ્વ બેન્કની સહાયથી રાજ્યના ધોરીમાર્ગો પહોળા કરવા બાબત**

૧૭૦૯૯**શ્રી જશવંતસિંહ સોલંકી (સારસા):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં વિશ્વબેંક સહાયિત યોજના હેઠળ રાજ્ય ધોરીમાર્ગોને પહોળા અને મજબૂતીકરણ કરવાની મહત્વાકાંક્ષી યોજનામાં કેટલી કામગીરી થઈ અને તેમાં શું શું સુવિધાઓનો સમાવેશ કરેલ છે ?

**જવાબ**

પહોળા અને મજબુતીકરણના કામોમાં ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૨૪૮.૬૫ કિ.મી. લંબાઈમાં કામગીરી થયેલ છે. આ કામગીરીમાં રસ્તાને ૧૦ મી. પહોળી ડામર સપાટી, જંક્શન સુધારણા, રીટ્રો-રીફ્લેકટીવ સાઈન બોર્ડ, થર્મોપ્લાસ્ટીક પટ્ટા, ડ્રેન, બસ સ્ટેન્ડ તથા શહેરી વિસ્તાર ટ્રાફીક્ની જરૂરીયાત અનુસાર ચાર માર્ગીય કરણ, પાર્કીંગ સ્પેસ, બંધ ડ્રેન વિગેરે સુવિધાઓનો સમાવેશ થાય છે.

-------------

**ચેકડેમનું બાંધકામ બરોબર ન હોવા છતાં ખોટા બીલો બનાવનાર નાયબ ઇજનેર સામે ફરીયાદ**

૧૭૬૩૬ **શ્રી મુકેશ ભૈ. ગઢવી** (દાંતા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ચેકડેમનું બાંધકામ યોગ્યતા પ્રમાણે ન થવા છતાં તે સ્પેશીફીકેશન પ્રમાણે થયેલ હોવાના ખોટા બીલો-અહેવાલો તેયાર કરનાર નાયબ ઇજનેરો સામે વિભાગ દ્વારા કોર્ટમાં કે પોલીસ સ્ટેશને ફરિયાદો કરવામાં આવતી નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનાં શું કારણો છે, અને જો ના, તો બનાસકાંઠા જિલ્લામાં આવાં ખોટા બીલો - અહેવાલો નાયબ ઇજનેરો તરફથી તેયાર થયાની સને ૨૦૦૫ના જુલાઇ થી ડિસેમ્બર-૨૦૦૫ દરમ્યાન સરકારને મળેલ ફરિયાદો સંદર્ભે કોર્ટ અગર પોલીસ સ્ટેશને ફરિયાદ દાખલ કરવામાં આવી, અને

(૩) કેટલી ફરિયાદો સંદર્ભે આવી કોર્ટ-પોલીસ ફરિયાદો દાખલ કરવાની પડતર છે, અને તે પડતર રહેવાનાં શાં કારણો છે ?

**જવાબ**

(૧) ના જી, તો આવી ફરિયાદોમાં ખાતાકીય રાહે તપાસમાં તથ્ય જણાય અને પ્રથમ દૃષ્ટિએ બાબત ફોજદારી ગુનાની જણાય તો જ પોલીસ ફરિયાદ કરવા કે કોર્ટમાં કેસ કરવા કાર્યવાહી કરવાની રહે છે.

(૨) મળેલ ફરિયાદની ખાતાકીય રાહે તપાસ કરાવતાં તપાસ અધિકારીને કામ સ્પેસીફીકેશન મુજબ થયેલ જણાયેલ છે તેથી ખાતા તરફથી કે અરજદાર તરફથી પણ કોઈ પોલીસ ફરિયાદ થયેલ નથી.

(૩) કોઈ ફરિયાદ પડતર ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ભૂકંપ પુનઃ નિર્માણ યોજના હેઠળ રાજ્ય ધોરી માર્ગની સુધારણા**

૧૭૫૦૪ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ભૂકંપ પુનઃનિર્માણ હેઠળ ૯૫૬ કિ.મી. લંબાઇના રાજ્ય ધોરી માર્ગ સુધારણા યોજના માટે કેટલી રકમની ફાળવણી સને ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં કરવામાં આવી છે,

(૨) આ યોજના હેઠળ કેટલા કિ.મી.ના ધોરી માર્ગની સુધારણા કરવામાં આવી છે, અને

(૩) તા. ૩૧-૧-૦૬ સુધી કેટલો ખર્ચ કરવામાં

**જવાબ**

(૧) રૂા. ૭૫૦૭.૬૦ લાખ

(૨) ૭૫૫.૧૦ કી.મી.

(૩) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ચાલુ નાણાકીય

આવ્યો છે ? વર્ષમાં રૂા. ૬૯૯૨ લાખ

-------------

**પ્રવાસન વર્ષ-૨૦૦૬ની ઉજવણીનું આયોજન**

૧૬૪૯૫ **શ્રી અમીત ચાવડા (બોરસદ)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર વર્ષ ૨૦૦૬ને પ્રવાસન વર્ષ તરીકે ઉજવનાર છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ વર્ષમાં પ્રવાસન પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવા શું શું આયોજન કરવામાં આવેલ છે. અને

(૩) તેમાં કેટલા બજેટની જોગવાઇ કરેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પ્રવાસન વર્ષ ૨૦૦૬માં પ્રવાસન પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવા પ્રવાસન વર્ષ ૨૦૦૬ કાર્યયોજના બનાવેલ છે.

(૩) પ્રવાસન ક્ષેત્ર માટે વર્ષ : ૨૦૦૬-૦૭ના અંદાજપત્રમાં રૂા. ૬૦ ક્રરોડની બજેટ જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

-------------

**મહુવા તાલુકામાં તાતણીયા અને ક્લાં નાની સિંચાઇ યોજનાઓ મંજૂર થવા બાબત**

૧૮૦૨૧ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં મહુવા તાલુકામાં તાતણીયા તથા ક્લાં એમ બે નાની સિંચાઇ યોજનાઓ લાંબા સમયથી મંજૂર થયેલી છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આ યોજનાઓ ક્યા તબકકે છે, અને

(૩) આ યોજનાઓ પૂર્ણ કરવા માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) તાતણીયા નાની સિંચાઈ યોજના ૧૯૯૪માં મંજૂર થયેલ છે જ્યારે ક્લાં નાની સિંચાઈ યોજનાની વહીવટી મંજૂરીની દરખાસ્ત વિચારણા હેઠળ છે.

(૨) તાતણીયા યોજના મુલતવી રાખવા નિર્ણય લેવાયેલ છે જ્યારે ક્લાં સિંચાઈ યોજનાની વહીવટી મંજૂરીની દરખાસ્ત રજુ થઈ છે જે પૂર્તતા હેઠળ છે.

(૩) આ યોજના વિકલ્પે અગ્રીમતા આપી સીરીઝ ઓફ ચેકડેમ બાંધવા આયોજન છે.

-------------

**રાજકોટ જિલ્લામાં ૧૦૦૦ થી ઓછી વસ્તી ધરાવતા ગામોમાં ડામર સપાટીવાળા રસ્તાઓ**

૧૭૫૧૩ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ ૧૦૦૦થી ઓછી વસ્તી ધરાવતા રાજકોટ જિલ્લાના તાલુકાવાઇઝ કેટલા ગામો ડામર સપાટીવાળા પાકા રસ્તાની સુવિધાથી વંચીત છે, અને

**જવાબ**

(૧) જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ ૧૦૦૦થી ઓછી વસ્તી ધરાવતા ડામર સપાટીથી જોડાયા વગરના તાલુકાવાર ગામો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧. | રાજકોટ | ૫ |
| ૨. | વાંકાનેર | ૧૩ |
| ૩. | પડધરી | ૫ |
| ૪. | ધોરાજી | ૧ |
| ૫. | જામ કંડોરણા | ૪ |
| ૬. | જસદણ | ૪ |
| ૭. | મોરબી | ૨ |
| ૮. | ટંકારા | ૧ |
| ૯ | માળીયા | ૧ |

(૨) આવા ગામોને ડામર સપાટીવાળા પાકા

(૨) ૧૦૦૦ થી ઓછી વસ્તી ધરાવતા ડામર

| | |
|---|---|
| રસ્તાથી જોડવા સરકારનું શું આયોજન છે ? | સપાટીથી જોડાયા વગરના ૩૬ ગામો પૈકી ૩૫ ગામો મેટલ સપાટીના રસ્તાથી જોડાયેલ છે. તે પૈકી ૧૫ ગામોને ડામર સપાટીથી જોડવાનું આયોજન થયેલ છે. ૨૧ ગામોને ડામર સપાટીથી જોડવાનું હાલ આયોજન નથી. |

-------------

## વાગરા, ભરૂચ અને આમોદ તાલુકામાં કાંસ સાફ કરવા બાબત

૧૬૭૭૨ **શ્રીમતી રશીદા ઈ. પટેલ** (વાગરા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલા કિલોમીટરના કાંસ આવેલા છે, | (૧) ભરૂચ જિલ્લામાં કુલ ૨૫૧૦ કિ.મી.ના કાંસો આવેલા છે. |
| (૨) જે પૈકી વાગરા, ભરૂચ અને આમોદ તાલુકામાં સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં કાંસ સાફ કરવા સરકારમાં કેટલી દરખાસ્તો પડતરમાં છે, | (૨) આ વિસ્તારો માટેની કોઈ દરખાસ્ત હાલમાં સરકારમાં પડતર નથી. |
| (૩) આ દરખાસ્તો ક્યારે મંજૂર થશે, અને | (૩) તા. ૩-૩-૦૬થી મંજૂર થયેલ છે. |
| (૪) તેમાં કેટલો ખર્ચ થવાની ધારણા છે ? | (૪) વાગરા, ભરૂચ અને આમોદ તાલુકાના કાંસોની સફાઈ માટે અંદાજીત રૂા. ૧૨૨.૦૪ લાખનો ખર્ચ થવાની ધારણા છે. |

----------

## સુરેન્દ્રનગર લીંબડી રોડ ઉપર આવેલ પુલનું કામ

૧૭૦૮૩ **શ્રી ધનરાજભાઈ કેલા** (વઢવાણ):**માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર લીંબડી રોડ ઉપર આવેલ પુલની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવી, | (૧) તા. ૭-૪-૨૦૦૪ના રોજ |
| (૨) તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબકકે છે, અને | (૨) ચાર ગાળાના પુલમાં ત્રણ પીયર, બે એબટમેન્ટનું કામ પૂર્ણ થયેલ છે. |
| (૩) સરકાર ક્યારે કામગીરી પૂર્ણ કરવા માંગે છે ? | (૩) કામગીરી પૂર્ણ કરવાની સમયમર્યાદા ૩૦-૬-૨૦૦૬ સુધીની છે. |

-------------

## દેવસ્થાનનો વહીવટ સરકાર હસ્તક લેવા બાબત

૧૭૬૨૬ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** (ખેરાલુ) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં સરકારે ક્યા ક્યા દેવસ્થાનોનો વહીવટ પોતાને હસ્તક લીધેલ છે, | (૧) એક પણ નહીં. |
| (૨) આમાંથી સરકારને કેટલી વાર્ષિક આવક થાય છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સરકાર હવે કોઈ દેવસ્થાનોનો વહીવટ પોતાને હસ્તક લેવા માંગે છે ? | (૩) ના, જી. |

-------------

**ઉના તાલુકામાં ભારે વરસાદના કારણે નાની સિંચાઈ હસ્તકના તળાવો, ચેકડેમને થયેલ નુકસાન**

૧૬૭૭૧ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં જુલાઈ-૨૦૦૫ના પડેલ ભારે વરસાદ પૂરના કારણે નાની સિંચાઈ હસ્તકના તળાવો, ચેકડેમો અને ચેકડેમ કમ કોઝવેને કેટલી રકમનું નુકશાન થયેલ છે,

(૨) નુક્સાન પામેલ આ તળાવો, ચેકડેમ, અને ચેકડેમ કમ કોઝવેને પૂર્ણ કક્ષાએ લઈ જવા સરકારે કેટલી રકમની ફાળવણી કરી, અને

(૩) તે અન્વયે તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ઉના તાલુકાના
૩૬ ચેકડેમને રૂા. ૮૦.૬૪ લાખનું અને
૩૪ તળાવને રૂા. ૭૩.૦૫ લાખનું નુક્સાન થયેલ છે.

(૨) કુલ ૧૭ ચેકડેમ/કોઝવેના રૂા. ૫૦ લાખ અને ૧૨ તળાવોના રૂા. ૪૦.૨૦ લાખની સૈધ્ધાંતિક મંજુરી મળેલ છે. જેમાંથી ૬ કામો પુર્ણ થયેલ છે અને ખર્ચ રૂા. ૨.૩૮ લાખ થયેલ છે.

(૩) રૂા. ૨.૩૮ લાખ

-------------

**લીંબડી તાલુકામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં રસ્તા બનાવવા બાબત**

૧૬૫૦૫ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) લીંબડી તાલુકાના ક્યા ક્યા ગામો પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ તા. ૧-૪-૦૪ થી તા. ૩૧-૧૨-૦૫ દરમ્યાન આવરી લેવાયા છે,

(૨) આ યોજના હેઠળ કેટલા રસ્તા કેટલા સમયમાં બનાવવાના છે, અને

(૩) આ કામો ક્યારે પુરા થનાર છે ?

**જવાબ**

(૧) આ સમયગાળામાં લીંબડી તાલુકાનું પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં કોઈ ગામને જોડવાનું કામ મંજુર થયેલ નથી.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ ધ્વારા નવા નગરોના પ્રોજેક્ટ રિપોર્ટ**

૧૭૬૪૨ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ ધ્વારા નવા નગરોના પ્રોજેક્ટ રીપોર્ટ ભારત સરકારને સમયસર મોકલવામાં આવેલ નથી તે હકીકત સાચી,

(૨) જો હા, તો ક્યા કારણોસર, અને

(૩) જો ના, તો ચીફ ટાઉન પ્લાનીંગ વિભાગ ધ્વારા ગત ત્રણ વર્ષમાં તા. ૩૧/૧૨/૦૫ની સ્થિતિએ ક્યા ક્યા નવા નગરોના પ્રોજેક્ટ રીપોર્ટ કઈ કઈ તારીખે મોકલવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ના,જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ગત વર્ષ પૈકી બે વર્ષમાં, સને ૨૦૦૨-૦૩માં ૧૦ નગરોના સને ૨૦૦૩-૦૪માં ૧૭ નગરોના પ્રોજેક્ટ રીપોર્ટ મોક્લેલ. ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ ધ્વારા સને ૨૦૦૪-૦૫માં ૧૫ નગરના પ્રોજેક્ટ રીપોર્ટ મોક્લવાની તારીખવાર વિગત પરિશિષ્ટ-અ મુજબ.

**પરિશિષ્ટ-અ**

સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગને ૪૨ નગરપાલિકાઓના સાદર કરવામાં આવેલ પ્રોજેક્ટની તારીખવાર અને નગરપાલિકાવાર વિગત નીચે પ્રમાણે છે.

| મોક્લેલ વર્ષ | અનુક્રમ નંબર | નગરપાલિકાનું નામ | ભારત સરકારને પ્રોજેક્ટ રીપોર્ટ મોક્લ્યા તારીખ |
|---|---|---|---|
| વર્ષ-૨૦૦૨-૦૩ | | | |
| | ૧. | શિહોર | ૧૩/૦૧/૨૦૦૩ |
| | ૨. | થાનગઢ | ૧૩/૦૧/૨૦૦૩ |
| | ૩. | વિજાપુર | ૧૩/૦૧/૨૦૦૩ |
| | ૪. | ગારીયાધાર | ૧૩/૦૧/૨૦૦૩ |
| | ૫. | વડનગર | ૧૩/૦૧/૨૦૦૩ |
| | ૬. | ખેરાલુ | ૧૩/૦૧/૨૦૦૩ |

| મોક્લેલ વર્ષ | અનુક્રમ નંબર | નગરપાલિકાનું નામ | ભારત સરકારને પ્રોજેક્ટ રીપોર્ટ મોક્લ્યા તારીખ |
|---|---|---|---|
| | ૭. | જંબુસર | ૧૩/૦૧/૨૦૦૩ |
| | ૮. | હાલોલ | ૧૩/૦૧/૨૦૦૩ |
| | ૯. | વાપી | ૩૦/૦૧/૨૦૦૩ |
| | ૧૦. | છોટાઉદેપુર | ૧૩/૦૧/૨૦૦૩ |
| વર્ષ-૨૦૦૩-૦૪ | | | |
| | ૧. | માંગરોળ | ૧૧/૧૧/૨૦૦૩ |
| | ૨. | જસદણ | ૨૦/૧૦/૨૦૦૩ |
| | ૩. | લુણાવાડા | ૨૦/૧૦/૨૦૦૩ |
| | ૪. | રાજુલા | ૧૮/૧૦/૨૦૦૩ |
| | ૫. | ધારી | ૨૩/૧૨/૨૦૦૩ |
| | ૬. | ગઢડા | ૧૬/૧૦/૨૦૦૩ |
| | ૭. | કાલોલ(પંચમહાલ) | ૧૬/૧૦/૨૦૦૩ |
| | ૮. | જામજોધપુર | ૨૦/૧૦/૨૦૦૩ |
| | ૯. | સલાયા | ૨૦/૧૦/૨૦૦૩ |
| | ૧૦. | થરાદ | ૧૮/૧૦/૨૦૦૩ |
| | ૧૧. | તળાજા | ૧૮/૧૦/૨૦૦૩ |
| | ૧૨. | દેવગઢ-બારીયા | ૨૦/૧૦/૨૦૦૩ |
| | ૧૩. | કુતિયાણા | ૨૦/૧૦/૨૦૦૩ |
| | ૧૪. | ખેડબ્રહ્મા | ૧૮/૧૦/૨૦૦૩ |
| | ૧૫. | ધરમપુર | ૧૮/૧૦/૨૦૦૩ |
| | ૧૬. | ચાણસ્મા | ૧૮/૧૦/૨૦૦૩ |
| | ૧૭. | તલોદ | ૧૮/૧૦/૨૦૦૩ |
| વર્ષ-૨૦૦૪-૦૫ | | | |
| | ૧. | રાજપીપળા | ૧૮/૦૮/૨૦૦૪ |
| | ૨. | વ્યારા | ૧૮/૦૮/૨૦૦૪ |
| | ૩. | રાધનપુર | ૦૧/૦૯/૨૦૦૪ |
| | ૪. | માણાવદર | ૧૮/૦૮/૨૦૦૪ |
| | ૫. | હળવદ | ૧૮/૦૮/૨૦૦૪ |
| | ૬. | રાણાવાવ | ૧૩/૦૮/૨૦૦૪ |
| | ૭. | કરજણ | ૧૮/૦૮/૨૦૦૪ |
| | ૮. | જાફરાબાદ | ૧૮/૦૮/૨૦૦૪ |
| | ૯. | હારીજ | ૧૩/૦૮/૨૦૦૪ |
| | ૧૦. | લાઠી | ૦૧/૦૯/૨૦૦૪ |
| | ૧૧. | ચલાલા | ૧૩/૦૮/૨૦૦૪ |
| | ૧૨. | સોનગઢ | ૧૩/૦૮/૨૦૦૪ |
| | ૧૩. | આદિત્યાણા | ૧૮/૦૮/૨૦૦૪ |
| | ૧૪. | બાંટવા | ૦૧/૦૯/૨૦૦૪ |
| | ૧૫. | નવસારી | ૧૩/૦૮/૨૦૦૪ |

------------

## વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઉદવાડાથી વલસાડ વચ્ચે કોસ્ટલ હાઈવેનું બાકી કામ

૧૭૨૮૭ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઉદવાડાથી વલસાડ વચ્ચે કોસ્ટલ હાઈવેનું કામ બાકી રહેલ છે એ સરકાર જાણે છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ કામ સરકારે ક્યારે પૂર્ણ કરવા માંગે છે ? | (૨) વલસાડથી કોલક નદી સુધીના દરીયાકાંઠા ધોરી માર્ગની ખૂટતી કડીનું કામ વહીવટી પ્રક્યિા પૂર્ણ થયેથી હાથ ધરવાનું આયોજન છે. |

-------------

## ક્વાંટ તાલુકાના નર્મદા નદી ઉપર આવેલ હાફેશ્વર મહાદેવના મંદિરનું નવનિર્માણ કામ

૧૬૭૭૯ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય યાત્રાધામ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના ક્વાંટ તાલુકાના નર્મદા નદી કિનારે આવેલ હાફેશ્વર મહાદેવ મંદિર ડુબાણમાં જતાં તેનું નવ નિર્માણ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) એતિહાસીક મંદિરના નિર્માણ માટે સરકારે | (૨) નવ નિર્માણ થઈ ગયેલ હોઈ આયોજન |

| | |
|---|---|
| શું આયોજન કરેલ છે ? | કરવાનો પ્રશ્ન રહેતો નથી. |

-------------

**ડભોઈ તાલુકાના ચાણોદ કરનાળીને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા બાબત**

૧૭૪૪૨ **શ્રી ચંદ્રકાન્ત. મો. પટેલ** (ડભોઇ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ડભોઈ તાલુકાના ચાણોદ, કરનાળી (કુબેર ભંડારી)ને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટેનું કોઈ આયોજન છે ? | ના, જી. |

-------------

**સુજલામ સુફ્લામ યોજના નીચે સુરેન્દ્રનગર જિલ્લામાં બનેલ ચેકડેમ**

૧૬૭૭૩ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા** (હળવદ):**માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફ્લામ યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦૭ ચેકડેમો બનાવવાનું આયોજન છે, તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો, તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આયોજન મુજબ કેટલા કામો પૂર્ણ કરવામાં આવેલ છે, | (૨) ૧૦૭ ચેકડેમો પેકી ૮૭ ચેકડેમો પ્રગતિ હેઠળ છે. |
| (૩) કેટલા કામો પ્રગતિમાં છે ને કેટલા કામો બાકી છે, અને | (૩) ૮૭ ચેકડેમો પ્રગતિ હેઠળ છે. ૨૦ ચેકડેમોના કામો શરુ થવામાં છે. |
| (૪) આ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) બજેટ ઉપલબ્ધિ અનુસાર શક્ય તેટલું વહેલા પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**રાધનપુર થી પાટણ જવા માટે ટૂંકો રસ્તો બનાવવા બાબત**

૧૭૪૨૭ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી** (રાધનપુર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાધનપુર થી પાટણ જવા માટે હાલ વાયા સમી હારીજ થઈને જવાથી ૭૫ કી.મી. જેટલું અંતર થઈ જાય છે. જો સરકાર ધ્વારા રાધનપુર થી વાયા રોડ/ પાટણનો રસ્તો સળંગ પૂર્ણ થાય તો આ અંતર ૧૫ થી ૨૦ કી.મી. જેટલું ઘટી જાય છે. આ રૂટ બનાવવામાં હવે ફક્ત ૨૦ કી.મી. જેટલું રસ્તાનું બાંધકામ જ કરવાનું બાકી રહે છે તે હકિક્ત સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકાર રાધનપુરથી પાટણનો નવો ટૂંકો અંતરનો રસ્તો બનાવવા માંગે છે કે કેમ, અને | (૨) અને (૩) : હાલ રાજ્ય વિભાગ હસ્તકના ૧૦ કિ.મી. લંબાઈનું કામ હાથ ધરીને ૨૦૦૭-૦૮માં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) જો હા, તો કેટલાં સમયમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે ? | |

-------------

**વરતેજ બુધેલ અને સીદસર બાયપાસ રોડ બનાવવા બાબત**

૧૬૪૯૦ **શ્રી સુનીલ બા. ઓઝા** (ભાવનગર શહેર (દક્ષિણ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૬-૨૦૦૭ના નાણાકીય વર્ષમાં | (૧) હા, જી. |

ભાવનગર તાલુકામાંથી પસાર થતાં વરતેજ બુધેલ રોડને સીદસર ખાતે બાયપાસ રોડ કરવાના સરકારના અગાઉના આયોજનનો અમલ કરવા માંગે છે કે કેમ ?

(૨) જો હા, તો ક્યારથી ?

(૨) બાકી રહેતા ખાતેદારોની જમીનનો કબજો મેળવી નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર.

-------------

**પાલીતાણા તાલુકાના રાજપરા (ઠા) ગામને જોડતો એપ્રોચ રોડનું મરામત કામ કરવા બાબત**

૧૭૦૮૯શ્રી **મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલીતાણા તાલુકાના રાજપરા (ઠા) ગામને જોડતો એપ્રોચ રોડ મરામત કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો, મરામતનું કામ ક્યારે ચાલુ થશે ? | (૨) વર્ષ ૨૦૦૬-૦૭માં |

-------------

**કચ્છ જિલ્લામાં કિસાનપથ યોજનાના કામ**

૧૭૬૫૪ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કિસાનપથ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કેટલા રસ્તાના કામો મંજૂર કરેલ છે, અને | (૧) ૨૮ રસ્તાના કામો મંજૂર કરેલ છે. |
| (૨) મંજૂર કરેલ કામોની પરિસ્થિતિ શું છે ? | (૨) ૧૭ રસ્તાના કામો પૂર્ણ અને ૧૧ રસ્તાના કામો પ્રગતિમાં છે. |

-------------

**સુરત જિલ્લાની કેનાલોમાં લાઈનીંગ લેયર પાથરવાની દરખાસ્તો**

૧૭૪૩૫**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ (કામરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં સુરત જિલ્લાની કેનાલોમાં લાઈનીંગ લેયર પાથરવાની કેટલી દરખાસ્તો તાલુકાવાર તા. ૩૧-૧-૦૬ સુધીમાં આવી છે, અને

**જવાબ**

(૧) તાલુકાવાર નીચે મુજબ દરખાસ્તો મળેલ છે.

| **તાલુકો** | **મળેલ દરખાસ્તોની સંખ્યા** |
|---|---|
| ચોર્યાસી | ૨ |
| માંડવી | |
| કામરેજ | |
| ઓલપાડ | ૧ |
| માંગરોળ | |

(૨) તે પૈકી કેટલી રકમનો ખર્ચ થયો ?

(૨) કોઈ ખર્ચ થયેલ નથી.

-------------

## ચોટીલા અને સાયલા તાલુકામાં ૬૦/૪૦ યોજનામાં પૂર્ણ થયા બાદ ચેકડેમોના કામ નામંજૂર થયાની ફરિયાદ

૧૬૪૮૬ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૪ના વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા-સાયલા તાલુકામાં ૬૦/૪૦ ના ૩૫ જેટલા ચેકડેમો પૂર્ણ થયા બાદ કામો નામંજૂર કર્યાની ફરિયાદ સરકારને મળેલ છે,

(૨) આ કામોમાં ૬૦ ટકા રકમ ચૂકવાઈ ગયેલ છે,

(૩) આ માટે કોણ જવાબદાર છે અને તેની સામે કયા પગલાં લેવામાં આવેલ છે, અને

(૪) બાકી ૪૦ ટકા રકમ ચૂકવવા શું આયોજન છે ?

**જવાબ**

(૧) ૩૫ ચેકડેમો પૂર્ણ થયા બાદ કામો નામંજૂર કર્યાની ફરીયાદ મળેલ નથી. પરંતુ ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ જોગવાઈ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ અન્વયે ૪૬ કામો કલેકટરશ્રી ધ્વારા ના મંજૂર કરવામાં આવેલ છે. તે પૈકી ચોટીલા તાલુકાના ૨૧ અને સાયલા તાલુકાના ૧૪ કામો મળીને ૩૫ કામો ના મંજૂર થયેલ છે.

(૨) ચોટીલા તાલુકામાં ૨૧ કામોમાંથી ૩ કામ શરુ કરવામાં આવેલ નથી, જ્યારે બાકીના પૂર્ણ થયેલ ૧૮ કામો પૈકી ૧૭ કામોનું ૬૦ ટકા ચુકવણું થઈ ગયેલ છે માત્ર ૧ કામનું ૧૦ ટકા મુજબનું ચૂકવણું બાકી છે.

સાયલા તાલુકામાં ૧૪ કામો પૈકી ૧૨ કામો પૂર્ણ થયેલ છે જેનું ૬૦ ટકા લેખે ચૂકવણું થઈ ગયેલ છે ૨ કામો પ્રયોજક ધ્વારા શરુ કરવામાં આવેલ નથી.

(૩) સરદાર પટેલ સહભાગી યોજનાની નીતિ પ્રમાણે ૬૦ ટકા લેખે ચૂકવણું કરવાનું હતું જેમાં માત્ર એક જ કામનું ૧૦ ટકા લેખે ચૂકવણું કરવાનું બાકી હોઈ સિંચાઈ વિભાગના કોઈ અધિકારી/કર્મચારી જવાબદાર જણાયેલ નથી.

(૪) સરદાર પટેલ સહભાગી યોજના મુજબ ૬૦ ટકા રકમ જ ચૂકવવાની હોઈ બાકીની ૪૦ ટકા રકમ ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## ટંકારા તાલુકાના ટંકારા ગામને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત

૧૭૦૮૭ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના ટંકારા તાલુકાના ટંકારા ગામે દયાનંદ સરસ્વતીની જન્મભૂમિ હોય તો ટંકારાને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે સરકારનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો આ અંગે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) : ટંકારા ખાતે દયાનંદ સરસ્વતી સ્મારક માટે જિલ્લા વહીવટી તંત્રની દરખાસ્ત છે.

-------------

## ચોમાસાનું વધારાનું નર્મદાનું પાણી જળાશયોમાં આપવા અંગે

૧૬૮૬૭**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સૌરાષ્ટ્રના જુનાગઢ તથા પોરબંદર જિલ્લાઓમાં ચોમાસાનું વધારાનું નર્મદાનું પાણી આપવા માટે સરકારનું કોઈ આયોજન છે, અને

(૨) જો હા, તો કેટલા જળાશયોમાં પાણી છોડવાનું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) હાલમાં કોઈ આયોજન નથી. આ બાબત શક્યતા ચકાસવામાં આવશે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ભૂજ તાલુકાના કુનરીયાથી લોડાઈ સુધીનો રસ્તો બિસ્માર હોવા બાબત**

**૧૭૪૦૧શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભૂજ તાલુકામાં કુનરીયાથી લોડાઈ સુધીનો રસ્તો તદ્દન બિસ્માર હાલતમાં અને જર્જરિત છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો સરકાર આ રસ્તાને જોબ નંબર આપી ક્યારે સમારકામની કામગીરી શરૂ કરવા માંગે છે, અને

(૩) આ કામગીરી પૂર્ણ કરવાનું શું આયોજન છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : વાહન વ્યવહાર યોગ્ય છે.

-------------

**પૂર-અછત રાહતમાંથી સાણંદ અને વિરમગામ તાલુકામાંથી પસાર થતી ડ્રેનેજ માટે નાણા વાપરવા**

**૧૬૯૮૦શ્રી વજુભાઈ ૫. ડોડિયા (વિરમગામ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પૂર-અછત રાહત પેટે નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬માં કેટલી જોગવાઈ થયેલ છે અને તેમાંથી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી રકમ વાપરવામાં આવેલ છે,

(૨) જો રકમ વપરાઈ ન હોય તો સાણંદ અને વિરમગામ તાલુકામાંથી પસાર થતી ચોરવડોદરા ડ્રેનેજ માટે આ રકમમાંથી નાણા ખર્ચી ચોમાસામાં પડેલા ગાબડાઓ પૂરવા માગે છે કે કેમ, અને

(૩) આવતા ચોમાસા સુધી આ કામો પૂરા કરાવવા માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) સાણંદ-વિરમગામ તાલુકામાંથી પસાર થતી ડ્રેઈનના ટેમ્પરરી રીસ્ટોરેશન તેમજ ફતેવાડી અને ખારીકટ નહેર યોજના માટે કુલ રૂા. ૩૮ લાખની ફાળવણી થયેલ છે. તે પૈકી રૂા. ૨૫.૪૮ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) હા, જી.

(૩) આ ડ્રેઈન ઉપર ખાતાકીય મશીનરીથી ગાબડા પૂરવાનું કામ તા. ૭-૩-૨૦૦૬થી ચાલુ કરેલ છે અને તા. ૩૦-૬-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**અમરેલી જિલ્લામાં તાલુકે થી તાલુકા અને જિલ્લાને જોડતા રસ્તા**

**૧૬૯૨૨ શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ તાલુકાથી તાલુકા અને તાલુકાથી જિલ્લાને જોડતા કેટલી રકમના, કેટલા માર્ગોના કામ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તે પેટે કેટલા પૂર્ણ થયેલ છે અને કેટલા પ્રગતિમાં છે, અને

(૩) તેમજ તે પેટે જાન્યુઆરી, ૦૬ અંતિત કેટલું ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) રૂા. ૭૫.૧૭ લાખના ૩ કામો મંજુર કરેલ છે.

(૨) ૧ કામનો વર્ક ઓર્ડર આપેલ છે. અને ૨ કામના ટેન્ડર મંજુરી હેઠળ છે.

(૩) શૂન્ય.

-------------

**ડાંગ જિલ્લાના પ્રવાસન સ્થળો**

૧૭૫૦૭ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ અંતિત કેટલા પ્રવાસન સ્થળો આવેલ છે, અને | (૧) ૧. સાપુતારા<br>૨. મહાલ<br>૩. શબરી ધામ તથા પંપા સરોવર<br>૪. ગિરા ધોધ<br>૫. આહવા<br>૬. વઘઈ |
| (૨) ડાંગ જિલ્લામાં આવેલ સુબીર ગામ પાસે શબરીધામના વિકાસ કરવા સરકાર કોઈ આયોજન કરવા માંગે છે કે કેમ ? | (૨) સુબીર ગામ પાસે શબરી ધામ ખાતે જરૂરી પ્રવાસન સુવિધા ઉભી કરવા માટે કલેકટરશ્રી ડાંગની દરખાસ્ત છે. |

-------------

**સચિવાલયના બિન બદલીપાત્ર અધિકારી/કર્મચારીઓને રાહત દરના રહેણાંક્ના પ્લોટ આપવા બાબત**

૧૭૩૯૮**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ પાંચ વર્ષની નિયમિત નોકરી પૂરી કરી હોય તેવા કેટલા બિન બદલીપાત્ર સચિવાલયના અધિકારી તથા કર્મચારીઓને રાહત દરના રહેણાંક્ના પ્લોટ આપવાની માંગણી સરકાર પાસે બાકીમાં છે, અને<br>(૨) તેઓને સરકાર ક્યાં સુધીમાં રાહત દરના રહેણાંક્ના પ્લોટ ફાળવવા માંગો છો ? | (૧) અને (૨) ગાંધીનગર શહેરમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ પાંચ વર્ષની નિયમિત નોકરી પુરી કરી હોય તેવા સચિવાલયના બીન બદલીપાત્ર અધિકારી તથા કર્મચારીઓને રાહતદરના રહેણાંક્ના પ્લોટ આપવાની સરકારશ્રીની કોઈ નીતિ નથી. તેથી આવી માંગણી બાકી રહેવાનો પ્રશ્ન નથી. |

-------------

**સોમનાથ મંદિરની બાજુમાં યાત્રિકો માટે દરિયાની ચોપાટી જેવું સ્થળ બનાવવા બાબત**

૧૭૬૨૫ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સોમનાથ મંદિરની બાજુમાં યાત્રિકો માટે દરિયાની ચોપાટી જેવું આયોજનબધ્ધ સ્થળ વિકસાવવા કોઈ આયોજન છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં તેનો અમલ થશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**તળાજા તાલુકાના મહેસૂલી ગામ અને પરાંઓને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાનો લાભ**

૧૭૦૯૮**શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તળાજા તાલુકાના મહેસૂલી ગામો ઉપરાંત પરાંઓને માર્ગોથી જોડાણ આપવા પ્રધાનમંત્રી ગ્રામ | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની માર્ગદર્શક સૂચનાઓ મુજબ ૫૦૦ થી વધુ વસ્તી ધરાવતા ૧ રસ્તાથી |

સડક યોજના અંતર્ગત શું આયોજન છે ? — જોડવાના બાકી પરાંની જમીન સંપાદન થયા બાદ તબકકાવાર હાથ ધરવાનું આયોજન છે.

-------------

**ગાંધીનગર શહેરમાં બિન બદલીપાત્ર અધિકારી/કર્મચારીઓને રાહત દરના રહેણાંક્ના પ્લોટ ફાળવવા બાબત**

૧૭૪૩૩**શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર શહેરમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ પાંચ વર્ષની નિયમિત નોકરી પૂરી કરી હોય તેવા કેટલા બિન બદલીપાત્ર સચિવાલયના અધિકારી તથા કર્મચારીઓને રાહત દરના રહેણાંક્ના પ્લોટ આપવાની માંગણી સરકાર પાસે બાકીમાં છે, અને

(૨) તેઓને સરકાર ક્યાં સુધીમાં રાહત દરના રહેણાંક્ના પ્લોટ ફાળવવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨) : ગાંધીનગર શહેરમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ પાંચ વર્ષની નિયમિત નોકરી પુરી કરી હોય તેવા સચિવાલયના બીન બદલીપાત્ર અધિકારી તથા કર્મચારીઓને રાહતદરના રહેણાંક્ના પ્લોટ આપવાની સરકારશ્રીની કોઈ નીતિ નથી. તેથી આવી માંગણી બાકી રહેવાનો પ્રશ્ન નથી.

-------------

**મોઢેરા સૂર્યમંદિરનો યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવવા બાબત**

૧૬૬૫૧ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકાર મોઢેરા સૂર્યમંદિર સંપૂર્ણરીતે યાત્રાધામ તરીકે વિકસાવવા માંગે છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં સરકાર તેનો વિકાસ કરવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**વડોદરા જિલ્લામાં મંજૂર થયેલ પાતાળ કુવાઓ**

૧૬૨૭૯ **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર)** : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ટ્રાયબલ સબ પ્લાનમાં કેટલા (પાતાળકુવાઓ) ટ્યુબવેલ મજૂર થયેલ છે, | (૧) ૧૩ પાતાળકુવાઓ (ટ્યુબવેલ) મંજૂર થયેલ છે. |
| (૨) મજૂર થયેલ પાતાળ કુવાઓ પેકી કેટલા પૂર્ણ થયેલ છે, કેટલા બાકી છે, અને | (૨) ૧ પાતાળકુવાનું કામ પૂર્ણ થયેલ છે, જ્યારે ૧૨ પાતાળકુવાઓના કામ બાકી છે. |
| (૩) બાકી રહેલ પાતાળકુવાઓના કામ ક્યારે પૂર્ણ થશે ? | (૩) ૧૨ પાતાળકુવાઓ માટે ૬૭ સાઈટ પર ભૂભોતિક સર્વે કરાવતાં પાણીની શક્યતા નહીવત જણાયેલ, પરંતુ પાતાળકુવાની જરૂરિયાત ધ્યાને લેતાં વેકલ્પિક જ્ગ્યાઓએ પાતાળકુવાઓની જુદી જુદી સાઈટ પર પુનઃ ભૂભોતિક સર્વે અંગેની કામગીરી હાથ ધરાવામાં આવી રહેલ છે. |

-------------

**પ્રગતિપથ યોજનામાં રાજસ્થાન સરહદ થી પોરબંદર સુધી કોરીડોર બનાવવા બાબત**

૧૭૪૨૯**શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રગતિપથ યોજનાના ભાગરૂપે રાજ્યમાં ૯ | (૧) પ્રગતિપથ યોજના હેઠળનાં નવ કોરીડોર અને |

કોરીડોર તેમજ રાજસ્થાન સરહદથી પોરબંદર સુધી પૂર્વ-પશ્ચિમ કોરીડોર બનાવવાનું આયોજન છે તે પૈકી ક્યા કોરીડોરની કામગીરી હાથ ઉપર લેવામાં આવી છે અને તે તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

પૂર્વ-પશ્ચિમ કોરીડોરનાં અમુક અનુભાગો પૂર્ણ/પ્રગતિ હેઠળ છે.

(૨) ૯ કોરીડોર તથા રાજસ્થાન પોરબંદર કોરીડોરનું આયોજન કેટલા સમયમાં પૂર્ણ થવાની ગણત્રી છે ?

(૨) આ યોજનાઓ તબકકાવાર નાણાકિય ઉપલબ્ધતા અનુસાર બને તેમ જલ્દી પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

## ખાનગીકરણ પધ્ધતિથી માર્ગ વિકાસની કામગીરી

૧૭૬૪૮ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર ધ્વારા ખાનગીકરણ પધ્ધતિથી માર્ગોના વિકાસ માટે શી કાર્યવાહી હાથ ધરી છે, અને

(૨) ખાનગીકરણ ધ્વારા રસ્તા/પૂલો માટે આગામી આયોજન શું છે ?

**જવાબ**

(૧) ખાનગીકરણથી રસ્તા/પુલોના વિકાસ માટે ગુજરાત રાજ્ય માર્ગવિકાસ નિગમની સ્થાપના કરી છે. અત્યારે ચાર રસ્તાના પ્રોજેકટ હાથ ધરેલ છે.

(૨) (અ) ઉપર (૧) માં દર્શાવેલ પ્રોજકટ પૂર્ણ કરવા તથા

(બ) અન્ય પ્રોજેકટને ખાનગીકરણથી વિકસાવવાની શક્યતા ચકાસવાનું આગામી આયોજન છે.

-------------

## પ્રવાસન વર્ષ દરમ્યાન પબ્લીસીટી કરવાનું આયોજન

૧૭૭૩૦ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬ દરમ્યાન ગુજરાતમાં પ્રવાસનને પ્રોત્સાહિત કરવા સરકારે પબ્લીસીટી કરવાનું શું શું આયોજન કર્યુ છે, અને

(૨) પબ્લીસીટી પેટે કેટલા ખર્ચની ફાળવણી કરી છે ?

**જવાબ**

(૧) પ્રવાસન ક્ષેત્રને પ્રોત્સાહિત કરવા માટે પ્રચાર અને પ્રસાર માટે પ્રિન્ટ મીડીયા, ઈલેકટ્રોનીક મીડીયા, ઈમેજ સ્ક્રોલીંગ ડીસપ્લે, એરપોર્ટ એડર્વટાઈઝીંગ, હોર્ડીંગ્સ, ઈન ફલાઈટ મેગેઝીનમાં જાહેર ખબર, મહત્વના રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય મેળાઓ અને પ્રદર્શનમાં ભાગ લેવો, રોડ શો, ટુર ઓપરેટર અને ટ્રાવેલ એજન્ટ મીટ વિગેરે માધ્યમો દ્વારાં રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ પબ્લીસીટી કરવાનું આયોજન કરેલ છે.

(૨) પબ્લીસીટી માટે વર્ષ:૨૦૦૬-૦૭ના અંદાજપત્રમાં રૂા.૧૦ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

-------------

## પ્રગતિપથ યોજના નીચે હાઈસ્પીડ કોરીડોર તૈયાર કરવા બાબત

૧૬૭૭૭ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં રાજ્યમાં પ્રગતિપથ યોજના નીચે નવ હાઈસ્પીડ કોરીડોર તૈયાર કરવાની જાહેરાત કરવામાં આવી છે તે વાત સાચી છે,

**જવાબ**

(૧) અને (૨) : હા, જી. પ્રગતિપથ યોજના હેઠળ રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને ખાનગી સાહસિકોના સહયોગથી નીચે મુજબ નવ લાંબા અંતરના હાઈસ્પીડ કોરીડોર તૈયાર કરવામાં આવશે.

| | |
|---|---|
| (૨) જો હા, તો તેની વિગતો શું છે, | પ્રગતિપથ-૧-પીપાવાવ-અંબાજી-આબુ<br>પ્રગતિપથ-૨-રાધનપુર-શામળાજી<br>પ્રગતિપથ-૩-નારાયણ સરોવર-દાહોદ<br>પ્રગતિપથ-૪-દ્વારકા-ડાકોર<br>પ્રગતિપથ-૫-સુરત-આહવા<br>પ્રગતિપથ-૬-વાપી-શામળાજી<br>પ્રગતિપથ-૭-દહેજ-સાગબારા<br>પ્રગતિપથ-૮-દ્વારકા-ભાવનગર<br>પ્રગતિપથ-૯-થરાદ-વાવ-નર્મદા ડેમ |
| (૩) અત્યાર સુધીમાં કેટલા કોરીડોર તેયાર કરવામાં આવ્યા છે, અને | (૩) અને (૪) : કામ તબક્કાવાર હાથ ધરવાનુ આયોજન હોવાથી કોઈપણ કોરીડોરો સંપૂર્ણપણે પુર્ણ થયેલ નથી. પરંતુ સર્વે નવ કોરીડોરમાં અમુક અનુભાગોનાં કામો પુર્ણ/પ્રગતિમાં છે. |
| (૪) જો કોરીડોર તેયાર ન થયા હોય તો તેના શા કારણો છે ? | |

-------------

**વર્લ્ડ બેન્કની સહાયથી ચાલતા સ્ટેટ હાઈવેના કામમાં સલાહકાર રાખવા બાબત**

૧૭૬૩૪ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્લ્ડ બેન્કની સહાય સાથે કરાયેલ સ્ટેટ હાઈવેના કામમાં કુલ કેટલા અને ક્યા ક્યા પ્રકારના સલાહકાર રાખવામાં આવ્યા, અને | (૧) વર્લ્ડ બેન્કની સહાય સાથે કરાયેલ સ્ટેટ હાઈવેના કામોમાં અગત્યનાં રાજ્ય રસ્તાઓનો પર્યાવરણ અને સામાજિક પાસાનો ખ્યાલ રાખી ટેક્નોઈકોનોમીક ફીઝીબીલીટી અભ્યાસ કરી સુધારણા કરવા પાત્ર રસ્તા આખરી કરવા, નકશા, અંદાજો, ટેન્ડર બનાવવા, રસ્તા તથા પુલોના થતા બાંધકામની દેખરેખ રાખવા, તાંત્રિક ચકાસણી તથા ગુણવત્તાની ખાતરી કરવા, યોજના અસરગ્રસ્તોના પુન : સ્થાપન કરવા તથા યોજનાના પર્યાવરણ અને સામાજિક પાસાના અમલીકરણ કરવા જેવી વિવિધ કામગીરી માટે કુલ સોળ (૧૬) કંસલ્ટંટ રાખવામાં આવેલ. |
| (૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ચાલુ નાણાંકીય વર્ષમાં રૂા. ૨૩.૨૮ કરોડ. |

-------------

**નાના અને મધ્યમ કક્ષાના શહેરોની સઘન વિકાસ યોજના**

૧૭૬૫૨**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નાના અને મધ્યમ કક્ષાના શહેરોના સઘન વિકાસ યોજના હેઠળ કેટલી નગરપાલિકાઓને આવરી લેવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નાના અને મધ્યમ કક્ષાના કુલ ૧૧૫. |
| (૨) તે અંગે કેટલી રકમ ફાળવવામાં | (૨) રૂા. ૯૬૫૮.૭૨ લાખ. |

આવેલ છે ?

-------------

**બનાસકાંઠા જિલ્લાના સ્થળોનો પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરવા બાબત**

૧૭૨૨૨**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** (પાલનપુર) :**માનનીય યાત્રાધામ વિકાસ** (રાજ્યકક્ષા)**મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ૨૦૦૬ના પ્રવાસન વર્ષ અંતગર્ત બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા યાત્રાધામોનો સમાવેશ કરેલ છે. | અંબાજી |

-------------

**અમદાવાદથી આબુરોડ સુધીનો માર્ગ ફોર લેન કરવા બાબત**

૧૬૬૦૨ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| અમદાવાદથી આબુ રોડ સુધીનો માર્ગ ૪ લાઈન ક્યારે શરૂ કરવામાં આવ્યો, અને ક્યારે પૂર્ણ થયો? | અમદાવાદ-મહેસાણા-પાલનપુર રાજ્યધોરી માર્ગને ચાર લેઈન પહોળો કરવાનું કામ તબક્કાવાર વિવિધ યોજનાઓ હેઠળ ૧૯૯૨ થી શરૂ કરી ૨૦૦૫ સુધીમાં પુર્ણ થયેલ છે, જ્યારે પાલનપુર થી રાજસ્થાન બોર્ડર રાષ્ટ્રીય ધોરી માર્ગની ૧૦ કિ.મી. લંબાઈમાં ચાર માર્ગીયનું કામ સને ૨૦૦૦માં પૂર્ણ થયેલ અને બાકીની લંબાઈને ચાર લેઈન પહોળો કરવાના કામ માટેની એજન્સી તાજેતરમાં નક્કી થયેલ છે અને હવે પછી પુર્ણ થનાર છે. |

-------------

**માંડવી તાલુકાની પ્રાથમિક શાળાઓને પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૧૬૪૯૩ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્ચ્છ જિલ્લાના માંડવી તાલુકાની પ્રાથમિક શાળાઓને પીવાના પાણીની લાઈન પહોંચાડવાની કામગીરી ક્યા ક્યા તબક્કે છે, અને | (૧) ૪૮ શાળાઓ પૈકી ૨૩ની કામગીરી પૂર્ણ કરેલ છે. ૧૨ની કામગીરી પ્રગતિ હેઠળ અને ૧૩ શાળાઓનું સર્વે કામ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. |
| (૨) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) પ્રગતિ હેઠળની ૧૨ શાળાના કામો ક્રમશઃ મે-૨૦૦૬ સુધીમાં અને બાકી ૧૩ શાળાના કામો માર્ચ-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**રાજ્યના સ્ટેટ હાઈવેને નેશનલ હાઈવેમાં ફેરવવા કેન્દ્ર સરકાર સમક્ષ કરેલ દરખાસ્તો**

૧૬૬૦૪ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત રાજ્યના અગત્યના રાજ્ય ધોરીમાર્ગોને રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં ફેરવવા કેન્દ્ર સરકાર સમક્ષ ક્યા રસ્તાઓ માટે કેટલીવાર દરખાસ્ત કરવામાં આવેલ છે, અને | (૧) સરકારશ્રી દ્વારા તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાથેના પત્રક-૧માં દર્શાવ્યા મુજબ ૨૩ રસ્તાઓને નેશનલ હાઈવેમાં બદલવાની કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત કરવામાં આવી. |
| (૨) આ રજૂઆતો સામે કેન્દ્ર સરકારનો શો | (૨) કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧-૧૦-૦૫માં છેલ્લે |

પ્રતિભાવ મળેલ છે?

પ્રતિભાવ મળેલ છે કે, જ્યારે ભારત સરકાર હયાત રાષ્ટ્રીય ધોરીમાર્ગના નેટવર્કને વધારવાની પરિસ્થિતિમાં હશે ત્યારે ગુજરાતની માંગણીઓ, અન્ય રાજ્યોની માંગણીઓની સાથે જરૂરીયાત તેમજ ભલામણ અનુસાર નાણાંની ઉપલબ્ધીને ધ્યાને લઈ તેમજ અન્ય અગ્રિમતાઓને ધ્યાને લઈ યોગ્ય વિચારણામાં લેવામાં આવશે.

**પત્રક : ૧**

**તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના સ્ટેટ હાઈવેને નેશનલ હાઈવેમાં ફેરવવા કેન્દ્ર સરકાર સમક્ષ કરેલ દરખાસ્તો.**

| અ.નં. | રસ્તાનું નામ | લંબાઈ કિ.મી. | તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ૨-વર્ષમાં કરવામાં આવેલ રજૂઆત |
|---|---|---|---|
| ૧ | ભાવનગર-વટામણ-પાદરાથી કરજણ (રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૮) | ૨૦૦.૦૦ | ત્રણ વખત |
| ૨ | માલીયા-જામનગર-ઓખા દ્વારકા | ૩૪૦.૦૦ | ત્રણ વખત |
| ૩ | ભૂજ-ખાવડા-ઈન્ડીયા બ્રીજ-ધર્મશાળાથી ઈન્ડીયા બોર્ડરના રસ્તા | ૧૭૦.૦૦ | બે વખત |
| ૪ | રાજ્ય ધોરીમાર્ગ નં. ૭ અને ૧૭ સરખેજ-સાણંદ-વિરમગામ-માલવણ-ધ્રાંગધ્રા-હળવદ-માળીયાને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૮ સાથે અમદાવાદ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮-"અ" ને માળીયા નજીક જોડવા. | ૧૮૬.૦૦ | ત્રણ વખત |
| ૫. | હિંમતનગર-મહેસાણા-ચાણસ્મા-રાધનપુર રાજ્ય ધોરીમાર્ગ. | ૧૬૫..૦૦ | ત્રણ વખત |
| ૬. | વડોદરા-પોર-શીનોર -નેત્રંગ-વ્યારા-સાપુતારા-નાશીક રસ્તાને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૬ સાથે જોડાણ. | ૨૪૫.૦૦ | ત્રણ વખત |
| ૭. | અમદાવાદ-ધોળકા-વટામણ | ૮૦.૦૦ | ત્રણ વખત |
| ૮. | નડીયાદ-કપડવંજ-મોડાસા | ૧૩૫.૦૦ | ત્રણ વખત |
| ૯. | શામળાજી-મોડાસા-ગોધરા -હાલોલ-રાજપીપળા-વાપી રાજ્ય ધોરીમાર્ગ નંબર-૫. | ૫૦૫.૦૦ | ત્રણ વખત |
| ૧૦. | વડોદરા-ડભોઈ-છોટાઉદેપુર થી મધ્યપ્રદેશ બોર્ડર સુધીનો રસ્તો. (અલી રાજપુર તરફ) | ૧૨૫.૦૦ | ત્રણ વખત |
| ૧૧. | ભરૂચ-અંકલેશ્વર-વાલીયા-નેત્રંગ-ડેડીયાપાડા-સાગબારાથી મહારાષ્ટ્ર બોર્ડર સુધી | ૯૦.૦૦ | ત્રણ વખત |
| ૧૨. | હિંમતનગર-ઈડર-ખેડબ્રહ્મા-અંબાજી થી આબુ રોડ બોર્ડર | ૧૩૦.૦૦ | ત્રણ વખત |
| ૧૩. | જાફરાબાદ-રાજુલા-સાવરકુંડલા-અમરેલી-બાબરા-જસદણ-વીછીંયા-સાયલા સુરેન્દ્રનગર-પાટડી-સમી રાધનપુર | ૪૪૦.૦૦ | ત્રણ વખત |
| ૧૪. | ગણદેવી-માણેકપુર-વાંસદા-વઘઈ-આહવા-ચીંખલી-થી મહારાષ્ટ્ર બોર્ડર | ૧૨૦.૦૦ | ત્રણ વખત |
| ૧૫. | વલસાડ-પારડી-કપરાડા-મહારાષ્ટ્ર બોર્ડર (નાસિક તરફ) | ૬૦.૦૦ | ત્રણ વખત |
| ૧૬. | ગાંધીનગર-દહેગામ-બાયડ -લુણાવાડા-સંતરામપુર-ઝાલોદ થી રાજસ્થાન બોર્ડર | ૨૦૦.૦૦ | ત્રણ વખત |
| ૧૭. | ગાંધીનગર-ગોઝારીયા-વિસનગર-વડનગર-ખેરાલુ-દાંતા-અંબાજી-આબુ રોડ | ૧૭૦.૦૦ | ત્રણ વખત |
| ૧૮. | ભચાઉ-ભૂજ-પ્રાન્ધ્રો રોડ. | ૨૨૦.૦૦ | ત્રણ વખત |
| ૧૯. | બગોદરા-ધંધુકા-વલ્લભીપુર-ઢસા-અમરેલી-સાવરકુંડલા-રાજુલા-જાફરાબાદ રસ્તો. | ૨૬૫.૦૦ | ત્રણ વખત |
| ૨૦. | બગોદરા-ધંધુકા-ભાવનગર. | ૧૩૦.૦૦ | ત્રણ વખત |
| ૨૧. | ઉના-દેલવાડા-એહમદપુર માંડવી-દીવ | ૧૧.૦૦ | એક વખત |
| ૨૨. | વાપી-દમણ | ૦૯.૦૦ | એક વખત |
| ૨૩. | વાપી-સેલવાસ | ૧૧.૮૦ | એક વખત |

**ટાઉન પ્લાનીંગ યોજના મંજૂર ન થઈ હોય તેવા સમયે શહેરી ગૃહનિર્માણની સંપાદિત જમીન મહાનગરપાલિકાને આપવા બાબત**

૧૬૫૯૭ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહાનગરપાલિકા હદમાંના વિકસીત વિસ્તારો અને ટાઉન પ્લાનીંગ યોજના મંજુર ન થઈ હોય તેવા પ્રસંગે જરૂરી નાગરિક સુવિધાઓનો વિકાસ માટે શહેરી ગૃહનિર્માણ માટેની સંપાદિત જમીનો મહાનગરપાલિકાઓને ફાળવવાનું સરકાર વિચારી રહી હોવાની વાત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

**જવાબ**

(૧) હાલમાં મહાનગરપાલિકાઓને જમીનો ફાળવવાનું સરકાર વિચારી રહેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**કરણનગર ગામે નર્મદા કેનાલના વાય જંક્શન અને કાળિયાર અભ્યારણ્યને પ્રવાસ કેન્દ્ર તરીકે વિકસાવવા**

૧૭૪૮૯ **શ્રી બળદેવજી ચં. ઠાકોર** (કડી) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કડી તાલુકાના કરણનગર ગામે નર્મદા કેનાલના વાય જંક્શન તેમજ વિસતપુરા ગામે કાળિયાર અભ્યારણ્યને પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવવા સરકાર માગે છે કે કેમ આ અંગે કોઈ પ્રાથમિક શક્યતાદર્શી અહેવાલ તૈયાર થયેલ છે કે કેમ, અને

(૨) ખાનગી સાહસો દ્વારા આ કેન્દ્રોને પ્રવાસન કેન્દ્રો તરીકે વિકસાવવામાં આવે તો સરકાર કોઈ વિશેષ પ્રોત્સાહન (સબસીડી) વિગેરે આપવા માગે છે કે કેમ?

**જવાબ**

(૧) (અ) કડી તાલુકાના કરણનગર ગામે નર્મદા કેનાલના વાયા જંક્શન ખાતે પ્રવાસન પ્રવૃત્તિના વિકાસ માટે સરદાર સરોવર નર્મદા નિગમ લી.ની દરખાસ્ત છે. જ્યારે,

(બ) વિસતપુરા ગામે કાળિયાર અભયારણ્યને માટે જિલ્લા વહીવટી તંત્રની દરખાસ્ત છે.

(૨) અત્યારે આ માટે કોઈ વિચારણા નથી.

-------------

**કચ્છ જિલ્લામાં કિશાન પથ યોજનાના કામ**

૧૭૪૩૬ **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ (મુંદ્રા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ કિશાન પથ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા કામો મંજૂર કરેલ છે,

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં કિશાન પથ યોજના હેઠળ મંજૂર કામો નીચે મુજબ છે.

| **તાલુકો** | **કામોની સંખ્યા** |
|---|---|
| નખત્રાણા | ૬ |
| અબડાસા | ૨ |
| **તાલુકો** | **કામોની સંખ્યા** |
| મુન્દ્રા | ૨ |
| ભૂજ | ૪ |
| માંડવી | ૨ |
| અંજાર | ૨ |
| ભચાઉ | ૩ |
| ગાંધીધામ | ૧ |
| રાપર | ૬ |
| | **૨૮ કામો** |

(૨) મંજૂર થયેલ કામોની રકમ કેટલી

(૨) રૂા.૨૦૭.૬૭ લાખ.

ખર્ચવામાં આવેલ છે, અને

| | |
|---|---|
| (૩) મંજૂર કરેલ કામોની પરિસ્થિતિ શું છે ? | (૩) ૧૭ રસ્તાના કામો પૂર્ણ અને ૧૧ રસ્તાના કામો પ્રગતિમાં. |

-------------

**ડાકોર યાત્રાધામના વિકાસ માટે કરવામાં આવેલ ખર્ચ**

* ૧૬૯૧૨ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ ખેડા જિલ્લાના ડાકોર યાત્રાધામના વિકાસ માટે છેલ્લા ૩ વર્ષમાં સરકાર ધ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં સરકાર દ્વારા ફાળવેલ ગ્રાન્ટમાંથી ડાકોર વિકાસ કાર્ય અર્થે રૂા.૧,૨૯,૯૯,૫૪૯/- નો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૨) સરકાર ધ્વારા ડાકોરના સ્થાનિક આગેવાનોને યાત્રાધામના વિકાસના કામમાં કોઈ મહત્વ નહી અપાતું હોવાની હકીક્ત ખરી છે ? | (૨) ના, જી. |

-------------

**વિરમગામથી બગોદરા જવાના રસ્તા પર નળ સરોવર ચોકડી પાસે નાળું બેસી જવા બાબત**

૧૭૪૪૦ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વિરમગામ થી બગોદરા જવાના રસ્તા પર નળ સરોવર ચોકડી પાસે સિંચાઈ સ્ટેટનું નાળુ બેસી ગયું છે અને હાલ રસ્તો બંધ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ નાળુ રીપેર કરવામાં કેટલો ખર્ચ થાય તેમ છે, અને | (૨) અંદાજે રૂા.૬૫ લાખ. |
| (૩) આ નાળુ ક્યારે બનાવવામાં આવશે ? | (૩) નકશા-અંદાજની મંજુરી થયેથી સત્વરે કામગીરી હાથ ધરવામાં આવશે. |

-------------

**કલોલ તાલુકાના છત્રાલ ગામની વાવનો યાત્રાધામ સ્થળ માટે વિકાસ કરવા બાબત**

૬૭૮૨ **ડૉ. અતુલ કે. પટેલ (કલોલ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| કલોલ તાલુકાના છત્રાલ ગામની વાવના પ્રવાસન સ્થળમાં સમાવેશ કરી તેનો વિકાસ કરવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ ? | ના, જી. |

-------------

**ગાંધીનગરના સેક્ટર-૪ સી માં આંતરિક પાકા રસ્તાની સગવડ આપવા બાબત**

૧૬૭૬૭ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં ગાંધીનગરના સેક્ટર-૪ સી માં આંતરિક પાકા રસ્તાઓ નહીં હોવા અંગે સરકારને કોઈ ફરિયાદ મળી છે ખરી, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકાર આ રસ્તાઓ ક્યારે તેયાર કરાવવા માંગે છે ? | (૨) સેકટર-૪(સી) ના રસ્તાઓ જળબધ્ધસપાટી સુધીના તેયાર કરવાની કામગીરી પ્રગતિમાં છે, જે જુન-૨૦૦૬ સુધીમાં પૂર્ણ થશે. ત્યારબાદ ડામરની કામગીરી હાથ ધરવાનું આયોજન છે. |

-------------

**ભાવનગર જિલ્લાના દરિયાકાંઠાનું પાણી આગળ વધતું અટકાવવા બંધારા બાંધવા બાબત**

**૧૬૫૦૧શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** (ગઢડા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના દરિયાકાંઠાનું પાણી આગળ વધતું અટકાવવાની બંધારા બાંધવાની કાર્યવાહી તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) તે કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) બંધારાના બાંધકામની તા.૩૧-૧-૦૬ની સ્થિતિ નીચે મુજબ છે.

| યોજના | પૂર્ણ | પ્રગતિમાં | આયોજનમાં |
|---|---|---|---|
| બંધારા | ૩ | - | ૩ |
| ભરતી | - | ૧ | ૪ |
| નિયંત્રક | - | - | - |
| પુનઃપ્રભરણ જળાશય | ૧ | - | ૫ |

(૨) આયોજન ઉપરની ખંડ (૧) માં ઉલ્લેખીત યોજનાઓ ૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**દહેગામ તાલુકામાં સ્ટેટ રસ્તા અને પંચાયતના રસ્તાને અતિવૃષ્ટિમાં થયેલ નુકશાન**

૧૭૨૬૮શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દહેગામ તાલુકામાં આવતા રાજ્ય માર્ગો, ગ્રામ્ય માર્ગો અને પંચાયતના સ્થાનિક રસ્તાઓ અને ગરનાળાને ૨૦૦૫ ની અતિવૃષ્ટિમાં કેટલું નુક્સાન થયું છે,

(૨) આ નુક્સાની પેટે માર્ગોની મરામત અને નવા ગરનાળા બનાવવા માટે સરકારે કેટલા કામો નાણાની ફાળવણી સાથે મંજુર ર્ક્યા છે, અને

(૩) બાકી રહેતા મરામતના કામો અંગે સરકાર શું કરવા માગે છે ?

**જવાબ**

(૧) રૂા.૯૦૨.૩૫ લાખ અંદાજવામાં આવ્યા હતા.

(૨) ૬૬ કામોને મંજુરી આપેલ છે.

(૩) રસ્તાઓની જરૂરી મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય કરવામાં આવેલ છે.

-

------------

**પ્રવાસન વર્ષ ૨૦૦૬ અન્વયે પ્રવાસીઓને આકર્ષણની સવલતો**

**૧૭૫૦૫શ્રી પ્રદિપસિંહ** ભ. જાડેજા (અસારવા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પ્રવાસન વર્ષ-૨૦૦૬ દરમ્યાન પ્રવાસીને આકર્ષવા માટે શી શી સવલતો પ્રવાસન સ્થળો ઉપર ઉભી કરાશે,

(૨) આ સવલતો સરકાર ધ્વારા કે ખાનગી સંસ્થાઓના માધ્યમથી ઉભી કરવાની છે, અને

(૩) આ દિશામાં અમલીકરણની પ્રક્રિયા કેટલે પહોંચી ?

**જવાબ**

(૧) રાજ્યમાં પ્રવાસન વર્ષ ૨૦૦૬ દરમ્યાન પ્રવાસીને આકર્ષવા આંતર માળખાકીય સુવિધા તથા પ્રાથમિક સેવા માટેનું આયોજન છે.

(૨) આ સવલતો સંબંધિત વિભાગો, સ્થાનિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, ખાનગી ક્ષેત્રના સહયોગથી ઉભી કરવાનું આયોજન કરેલ છે.

(૩) જિલ્લા કલેકટરશ્રીઓ દ્વારા તેમના જિલ્લાના અગત્યના પ્રવાસન સ્થળો માટે સંભવિત કામ અને ખર્ચના અંદાજોની દરખાસ્ત રજુ થયેલ છે. આ કામ માટે વર્ષ ૨૦૦૬-૦૭ના અંદાજપત્રમાં રૂા.૬૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

-------------

## પ્રવાસના સ્થળોનું વિકાસ આયોજન

૧૬૪૯૯૬**શ્રી અમીત ચાવડા (બોરસદ)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પ્રવાસન વર્ષ ૨૦૦૬, અંતર્ગત જિલ્લાવાર ક્યા ક્યા પ્રવાસન સ્થળો અને દેવસ્થાનોના વિકાસનું આયોજન છે, | (૧) રાજ્યમાં પ્રવાસન વર્ષ-૨૦૦૬ અંતર્ગત જિલ્લામાં આવેલ વિવિધ પ્રવાસન સ્થળો અને દેવસ્થાનો ખાતે આંતરમાળખાકીય સુવિધા અને પ્રવાસન સુવિધા ઉભી કરવા માટે ૨૫ જિલ્લા કલેકટરશ્રીઓ તરફથી દરખાસ્ત મળેલ છે, તેમાંથી જે સ્થળોને હવે પછી રાજ્ય સરકાર મંજૂરી આપે તે. |
| (૨) તે પૈકી આણંદ જિલ્લામાં ક્યા ક્યા પ્રવાસન સ્થળો, દેવસ્થાનો ખાતે પ્રવાસનને ઉત્તેજન આપવા ક્યા પ્રકારના વિકાસ કાર્યોનું આયોજન છે, | (૨) જિલ્લા કલેકટરશ્રી, આણંદ તરફથી મળેલ દરખાસ્ત મુજબ નીચે મુજબના સ્થળોએ પ્રવાસન સુવિધા અને આંતરમાળખાકીય સુવિધાના વિકાસ માટે દરખાસ્ત મળેલ છે.<br>૧. કનેવલ તળવા, તા.તારાપુર<br>૨. વ્હેરાખાડી, તા.આણંદ |
| (૩) આ માટે કેટલી ગ્રાન્ટની જરૂરિયાત છે, અને | (૩) જિલ્લા કલેકટરશ્રીની દરખાસ્ત રૂા.૨૧૮.૫૦ લાખની છે. |
| (૪) આ માટે રાજ્ય સરકારે કોઈ ખાસ ફંડની જોગવાઈ કરેલ છે ? | (૪) રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૬-૦૭ માં રાજ્યમાં જુદા જુદા જિલ્લા ખાતે આવેલ પ્રવાસન સ્થળોના વિકાસ માટે કુલ રૂા.૬૦.૦૦ કરોડની જોગવાઇ સૂચવેલ છે. |

-------------

## મહુવાના દરિયા કિનારે આવેલ ભવાની માતાના મંદિરનો વિકાસ કરવા બાબત

૧૮૦૨૨**ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા)** : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં મહુવા શહેરના દરિયા કિનારે સુંદર ચોપાટી છે અને પ્રાચીન ભવાની માતાનું એતિહાસિક મંદિર આવેલું છે તેના વિકાસ કરવાની પ્રક્રિયા ચાલુ છે તે હકિક્ત સાચી છે,<br>(૨) જો હા, તો સરકાર આ માટે કેટલો ખર્ચ કરવા માંગે છે, અને<br>(૩) કેટલા સમયમાં ? | (૧), (૨) અને (૩) : આ માટે જિલ્લા વહીવટી તંત્રની દરખાસ્ત છે. |

-------------

## સરસ્વતી, નર્મદા, મહાસંગમમાં સરસ્વતી નદીમાં પાણી ભરવા બાબત

૧૭૫૧૪**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)**:**માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સરસ્વતી, નર્મદા, મહાસંગમબારમાં દરરોજ નિયમિત કેટલા ગેલન પાણી સરસ્વતી નદીમાં ઠાલવવામાં આવે છે ? | સરસ્વતી, નર્મદા, મહાસંગમમાં દરરોજ નિયમિત પાણી ઠાલવવામાં આવતું નથી, પરંતુ છેલ્લા ત્રણ માસનું સરેરાશ ૨૦ ઘનફુટ/સેકન્ડ પાણી છોડવામાં આવેલ છે. |

-------------

## સુથોદર ગામને પાકા ડામરના રસ્તાથી જોડવા બાબત

૧૭૦૮૧**શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા)**:**માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાં આવેલ સુથોદર ગામને પાકા ડામરના રસ્તાથી જોડવાનું કોઈ | (૧) હા, જી. |

| | |
|---|---|
| આયોજન છે કે કેમ ? | |
| (૨) જો હા, તો કેટલા સમયમાં પાકા ડામરના રસ્તાથી જોડવામાં આવશે, અને | (૨) વર્ષ ૨૦૦૬-૦૭ માં જોડવાનું આયોજન છે. |
| (૩) અગાઉ આ અંગે કોઈ એજન્સીને કામ સોંપવામાં આવેલ હતું કે કેમ ? | (૩) હા, જી. |

-------------

## જામનગર અને મહેસાણા જિલ્લામાં માર્ગ મકાન પંચાયતના કામો અધુરા રહેવાથી ઠેકેદારો પાસેથી કરાર મુજબની રકમ વસુલવા બાબત

૧૭૦૮૪ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માર્ગ અને મકાન, પંચાયત જામનગર જિલ્લાના ૧૧ મહેસાણા જિલ્લાના ૭ કામોના કુલ રૂા. ૨૭ કરોડ ૩૯ લાખના કામો ઓકટો-૨૦૦૧ થી ફેબ્રુ-૨૦૦૪ સુધી અપૂર્ણ રહેલ કામો સપ્ટેમ્બર-૨૦૦૪ સુધી અપૂર્ણ રહેવાથી ઠેકેદારો પાસેથી કરાર મુજબ કેટલા ટકા પ્રમાણે કેટલી રકમની વસુલાત કરવાની થાય છે, અને | (૧), (૨) અને (૩) : ટેન્ડરની શરતો મુજબની નિયત સમયમર્યાદામાં પૂર્ણ નહી થયેલ ઓકટોબર-૨૦૦૧ થી ફેબ્રુઆરી-૨૦૦૪ સુધીમાં અપૂર્ણ રહેલ કામો અને સપ્ટેમ્બર-૨૦૦૪ સુધી પણ અપૂર્ણ રહેલ જામનગર જિલ્લાના ૩૦ કામો અને મહેસાણા જિલ્લાના ૩ કામોનો કુલ રૂા.૩૧૧૦.૬૫ લાખના કામો પૈકી ૨૭ કામોમાં સમયમર્યાદા અંગે આખરી નિર્ણય થયા મુજબ રૂા.૬૮.૭૬ લાખ વસુલાત કરવાના થાય છે તે પૈકી રૂા.૫૫.૦૨ લાખ વસુલાત કરેલ છે તે પૈકી બાકી વસુલાત કરવાની કાર્યવાહી હાથ પર છે અને બાકી ૬ કામોની વસુલાત અંગેનો આખરી નિર્ણય થયેલ નથી, આખરી નિર્ણય થયા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે. |
| (૨) તે પૈકી કેટલી રકમની વસુલાત કરવામાં આવી, અને | |
| (૩) બાકી રકમની સરકાર વસુલાત ક્યારે કરવા માંગે છે ? | |

-------------

## યાત્રાધામને વિકસાવવા સરકારે કરેલ આયોજન

૧૭૬૨૭ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કેટલા યાત્રાધામો અને દેવસ્થાનોને વિકસાવવા માટે સરકારે આયોજન કરેલ છે, | (૧) રાજ્યમાં છ યાત્રાધામો અને ૨૩ દેવસ્થાનો વિકસાવવા અંગેનું આયોજન છે. |
| (૨) ક્યા ક્યા સ્થળોનો તેમાં સમાવેશ કરવામાં આવશે, | (૨) આ સાથે પરિશિષ્ટ-અ મુજબના. |
| (૩) આ માટે સરકારે કેટલા નાણાંનું આયોજન કરેલ છે, અને | (૩) વર્ષ ૨૦૦૫-૦૬ દરમિયાન છ યાત્રાધામોના વિકાસ માટે રૂા.૩૦૩.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. તથા દેવસ્થાનોના વિકાસ માટે ૨૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ. |
| (૪) તેમાં શું સુવિધાઓનું આયોજન કરવામાં આવશે ? | (૪) આંતરમાળખાકીય સુવિધાઓ અને પડતર સુવિધાઓ વિકસાવવાનું આયોજન છે. |

### પરિશિષ્ટ-અ

**(અ) યાત્રાધામો :-** અંબાજી, ડાકોર, સોમનાથ, ગીરનાર, દ્વારકા, પાલીતાણા.

**(બ)** **દેવસ્થાનો :-**
(૧) નારાયણ સરોવર-કચ્છ-ભૂજ
(૨) કોટેશ્વર જાગીર-કચ્છ-ભૂજ
(૩) રામનાથ મહાદેવ-પેટલાદ
(૪) ભગવંતેશ્વર મહાદેવ-ગંભીરા આણંદ
(૫) ચાડેશ્વર મહાદેવ મંદિર-પોરબંદર
(૬) નરસિંહ મંદિર-પોરબંદર
(૭) વેજનાથ મહાદેવ મંદિર-વાંદરીયા-નર્મદા
(૮) કુંભેશ્વર મહાદેવ મંદિર-જીયોર
(૯) શેષનારાયણ મંદિર-રાજપીપળા
(૧૦) કાળકા માતાજી મંદિર-રાજપીપળા
(૧૧) હરસિધ્ધ માતાજી મંદિર-રાજપીપળા
(૧૨) લક્ષ્મીનારાયણ મંદિર-ધરમપુર-વલસાડ
(૧૩) રાધાકૃષ્ણ મંદિર-ધરમપુર-વલસાડ
(૧૪) સિધ્ધેશ્વર મહાદેવ-સિધ્ધપુર
(૧૫) સિધ્ધનાથ મહાદેવ-પાટણ
(૧૬) ભાદ્રાણી રામજી મંદિર-વિજાપુર
(૧૭) મોટા ગોપનાથ મહાદેવ મંદિર-તળાજા-ભાવનગર
(૧૮) શ્રી ખોડીયાર માતા મંદિર-ભાવનગર
(૧૯) શ્રી તખતેશ્વર મહાદેવ મંદિર-ભાવનગર
(૨૦) શ્રી ઘેલા સોમનાથ મંદિર-સોમપીપળીયા-રાજકોટ
(૨૧) સુર્યનારાયણ મંદિર-વડોદરા
(૨૨) નિલકંઠેશ્વર મહાદેવ મંદિર-વડોદરા
(૨૩) આનંદમંગલ હનુમાનજી મંદિર-ડભોઇ.

-------------

**લીંબડી તાલુકાના ગુડથળ ગામે દૂધાસર વેસ્ટ વિયર તળાવ રીપેર કરવા બાબત**

૧૬૫૦૬ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) લીંબડી તાલુકાના ગડથલ ગામે દૂધાસર વેસ્ટ વિયર તળાવ ૨૦ વર્ષથી તૂટી ગયેલ છે તે તા. ૩૧-૧-૦૬ સુધીમાં રીપેરીંગની કોઈ કાર્યવાહી થઈ નથી તે સરકાર જાણે છે, | (૧) કામચલાઉ કામગીરી કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ તળાવ રીપેર નહી કરવાના શાં કારણો છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આને કારણે ખેડૂતોને સિંચાઈ નહિ હોવાથી ઘણું નુકશાન થાય છે, અને | (૩) કામચલાઉ વ્યવસ્થાથી પાણી સંગ્રહ કરેલ છે. |
| (૪) તો સરકાર આ તળાવનું રીપેરીંગ કામ ક્યારે કરશે ? | (૪) જુન-૨૦૦૬ પહેલા કામ પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

## નાના અને મધ્યમ કદના શહેરોમાં વિકાસ માટેની આઇ.ડી.એસ.એમ.ટી. યોજના

* ૧૭૬૪૪ **શ્રી બાબુભાઈ મે. શાહ** (રાપર) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાના અને મધ્યમ કદના શહેરોમાં વિકાસ માટેની આઇ.ડી.એસ.એમ.ટી યોજનામાં ભારત સરકારે વધુ ભંડોળ ફાળવવાનું નક્કી કર્યુ છે તેની જાણ સરકારને છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ આ ભંડોળ મેળવવા માટે સરકારે શું શું આયોજન કર્યું અને આ અંગે ગત ત્રણ વર્ષમાં કેટલી દરખાસ્તો કરી ?

**જવાબ**

(૧) આ યોજના ભારત સરકારે એપ્રિલ-૨૦૦૫ થી બંધ કરેલ છે.

(૨) ભારત સરકારે આઇડીએસએમટી યોજના બંધ કરી વિકલ્પે નાના અને મધ્યમ કદના શહેરો માટે શહેરી માળખાકીય વિકાસ યોજના UIDSSMT યોજનાનો પ્રારંભ ડિસેમ્બર-૨૦૦૫ થી કર્યો છે.

આઇડીએસએમટી યોજનામાં છેલ્લા ત્રણ વર્ષમાં ૪૨ નગરોના પ્રોજેકટની મંજૂરી મેળવેલ છે. જેમાં ૨૦૦૨-૦૩ માં ૧૦, ૨૦૦૩-૦૪ માં ૧૭ અને ૨૦૦૪-૦૫ માં ૧૫ નગરોનો સમાવેશ કરવામાં આવેલ છે.

-------------

## સેન્ટ્રલ રીઝર્વ ફંડમાંથી પારડી તાલુકાના ઉદવાડા નેશનલ હાઇવેથી રોહિણા ધગડમાળ રસ્તાનું પેવર કામ

૧૭૨૮૮ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** (પારડી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સેન્ટ્રલ રીઝર્વ ફંડ (સી.આર.એફ.) વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઉદવાડા નેશનલ હાઇવેથી રોહિણા ધગડમાળ રસ્તાનું પેવર કામ માટે તથા રસ્તાની બંન્ને બાજુ પહોળાઇ વધારવા સરકારશ્રી તરફથી ક્યારે જોબવર્ક આપવામાં આવશે ?

**જવાબ**

આ રસ્તાને સી.આર.એફ. (સેન્ટ્રલ રોડ ફંડ) હેઠળ જોબનંબર આપવાનું હાલ વિચારણા હેઠળ નથી.

------------

## છોટા ઉદેપુરમાં ઓરસંગ નદી ઉપર આવેલ જાગનાથ મહાદેવ મંદિરનો યાત્રાધામ તરીકે વિકસાવવા બાબત

૧૬૭૮૦ **શ્રી શંકરભાઈ વી. રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં યાત્રાધામ કેટલા છે, અને

(૨) છોટા ઉદેપુરમાં ઓરસંગ નદી કિનારે આવેલ એતિહાસિક જાગનાથ મહાદેવ મંદિરને યાત્રાધામ તરીકે વિકસાવવા સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં સરકાર હસ્તક કોઇ પવિત્ર યાત્રાધામ આવેલ નથી.

(૨) જાગનાથ મંદિરને યાત્રાધામ તરીકે વિકસાવવાનું આયોજન નથી.

-------------

## બ્રાહ્મણી-૨-ડેમની ડુબમાં જતી જમીનના ખેડૂતોને બાકી એવોર્ડની રકમ

* ૧૬૭૭૪ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બ્રાહ્મણી-૨ ડેમ જેની કામગીરી સને ૧૯૯૭ થી ચાલું છે જે ખેડૂતોની જમીનો સંપાદન કરી લેવામાં આવી છે તેવા ખેડૂતોને એવોર્ડ કર્યા પછીની વ્યાજની રકમ ચૂકવવાની બાકી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ આવા કેટલા ખેડૂતોને વ્યાજની રકમ ચૂકવવાની બાકી છે, અને | (૨) ૧૯૨ ખાતેદારોને. |
| (૩) આ રકમ સરકાર કેટલા સમયમાં ચૂકવવા માંગે છે ? | (૩) તાત્કાલિક ચૂકવણું કરવામાં આવશે. |

-------------

## પાલીતાણા તાલુકાના હસ્તગીરી પર્વતને હિલ સ્ટેશન તરીકે વિકસાવવા બાબત

૧૭૦૯૦ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલીતાણા તાલુકામાં આવેલ હસ્તગીરી પર્વતને હિલસ્ટેશન તરીકે રાજ્ય સરકાર વિકસાવવા માંગે છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના વિકાસ પાછળ કોઇ ખર્ચ થયેલ છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## સાયલા તાલુકાના વડીયા ગામે કોઝવેના નબળા કામની ફરિયાદ

૧૬૪૮૭ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના વડીયા ગામે કોઝવેના નબળા કામની માર્ચ-૨૦૦૩માં ફરિયાદ મળેલ છે, | (૧)ના, જી. |
| (૨) જો હા, તો તપાસનો અહેવાલ વિગતે શું છે, | (૨)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલી રકમનું કામ હતું , કેટલું ચુકવણું થઇ ગયેલ છે, અને | (૩)અંદાજીત રકમ રૂા.૫૨૬૫૦/- નું કામ હતું. આ કામનું કુલ ચૂકવણું રૂા.૩૫૬૮૪/- કરવામાં આવેલ છે. |
| (૪) જવાબદાર સામે ક્યા પગલાં લેવામાં આવેલ છે ? | (૪)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## પ્રવાસન વર્ષ નિમિત્તે જૂનાગઢ જિલ્લાના પ્રવાસન ક્ષેત્રને વિશેષ લાભ આપવા બાબત

૧૬૯૧૫**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬ દરમ્યાન રાજ્ય સરકાર પ્રવાસન ક્ષેત્રનો વિકાસ કઇ રીતે કરવા વિચારેલ છે, અને | (૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬ દરમ્યાન જિલ્લાઓમાં આવેલ પ્રવાસન સ્થળોના વિકાસ માટે આંતરમાળખાકીય સુવિધા તથા પ્રાથમિક પ્રવાસન સવલતો ઉભી કરવાનું આયોજન કરેલ છે. |
| (૨) તેમાં જૂનાગઢ જિલ્લાના ક્યા પ્રવાસન ક્ષેત્ર | (૨) (અ) પ્રવાસન વર્ષ-૨૦૦૬ની કાર્યયોજના |

માટે ક્યા ક્યા પ્રકારની વિશેષ સુવિધા ઉભી કરવાનું આયોજન છે ?

પ્રમાણે નીચે મુજબ આયોજન છે.

સોમનાથ :

– યાત્રી સુવિધા માહિતી સંકુલ.
– હિરણગોલોક યોજના.

ગીરનાર :

– દામોદર કુંડ રીજુવેશન ફેઝ
– ભવનાથ મંદિર વિકાસ
– વાઘેશ્વરી વિકાસ

(બ) જ્યારે જિલ્લા વહીવટી તંત્રની નીચે પ્રમાણે દરખાસ્ત છે.

(૧) જૂનાગઢ શહેર :

- ત્રણ સ્થળે પ્રવાસી માહિતી કેન્દ્રો.
- સર્કલ ચોક અને દિવાન ચોક્નો વિકાસ.
- મજેવડી દરવાજા, સરદાર ગેટ અને શહીદ ચોક્નો વિકાસ
- હીસ્ટોરીકલ મોન્યુમેન્ટનો વિકાસ
- વિલીંગન ડેમનો વિકાસ
- પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક
- દામોદર કુંડ અને ભવનાથ મંદિર ખાતે સોલાર લાઇટીંગ
- નરસિંહ મહેતા સરોવરનો વિકાસ

(૨) સોમનાથ :

યાત્રાળુઓ માટે સગવડતા ઉભી કરવા તથા આંતરમાળખાકીય સુવિધાઓમાં રોડ, સોલાર લાઇટીંગ વોટર સપ્લાય.

(૩) સાસણગીર :

ઇકો-ટુરીઝમ તરીકે વિકાસ

(૪) મધુવંતી લેક્નો વિકાસ તેમજ ચીલ્ડ્રન પાર્ક બનાવવો.

(૫) ક્નાડા હીલ ખાતે ટ્રેકીંગ કેમ્પનો વિકાસ

(૬) માધુપુર-જંબુર વિલેજ ખાતે ઓપન એર થીયેટર

(૭) ક્નકાઇ મંદિર ખાતે પ્રાથમિક સુવિધાઓનો વિકાસ

(૮) સાણવાડીયા ખાતેની બુધ્ધ ગુફા ખાતે ઇન્ટર પ્રિટેશન સેન્ટર, લેન્ડ સ્કેવીંગ, ચીલ્ડ્રન પાર્ક, ટોયલેટ બ્લોક

(૯) તુલસીશ્યામ ખાતે આંતરમાળખાકીય સુવિધા

(૧૦) એહમદપુર-માંડવી ખાતે ક્ન્વેનશન સેન્ટર તથા આંતરમાળખાકીય સુવિધા

(૧૧) ગુપ્ત પ્રયાગ ખાતે આંતરમાળખાકીય સુવિધા

(૧૨) ચોરવાડ ખાતે પ્રવાસીઓ માટે રહેવાની સગવડતામાં વધારો કરવો

(૧૩) લોએજ ખાતે આંતર માળખાકીય સુવિધા

(૧૪) અક્ષયગઢ ખાતે આંતર માળખાકીય સુવિધા
(૧૫) બર્ડ સેન્ચુરી, પાંચ પીપળા-બરડા બ્રાંધા તા.કોડીનાર ખાતે આંતર માળખાકીય સુવિધા
(૧૬) વ્હેલ શાર્ક સાઇટીંગ સ્પોર્ટ-કોસ્ટલ એરીયા (કોડીનાર)
(૧૭) લાયન સફારી, સરખડી, છારા અને વેલણ ગામે પ્રવાસન માહિતી કેન્દ્ર
(૧૮) ફાર્મ ટુરીઝમ, રમરેચી વિલેજ, તા.તલાલા.

-------------

**ખાસ મરામત કાર્યક્રમ નીચે કચ્છ જિલ્લામાં રસ્તાઓની મરામત કામગીરી**

૧૭૪૦૨**શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખાસ મરામત કામ હેઠળ કચ્છ જિલ્લામાં સને ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ તાલુકાવાર કેટલા રસ્તાઓની મરામત કામગીરી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) ખાસ મરામત હેઠળ ૨૦૦૫-૦૬ના વર્ષમાં જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ કામો હાથ ધરવામાં આવ્યા.

| તાલુકાનું નામ | કામોની સંખ્યા |
|---|---|
| ભૂજ | ૬ |
| ભચાઉ | ૪ |
| રાપર | ૫ |
| નખત્રાણા | ૩ |
| અબડાસા | ૪ |
| માંડવી | ૪ |
| મુન્દ્રા | ૬ |
| અંજાર | ૩ |
| **કુલ ...** | **૩૫** |

(૨) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ કેટલા રસ્તાઓની કામગીરી પૂર્ણ થઇ, અને

(૨) તે પૈકી ૨૩ કામો પૂર્ણ.

(૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) રૂ.૪૩૮.૬૩ લાખ.

-------------

**અમદાવાદ જિલ્લાના નદાણ, દોદર, છારોડી અને શિયાવાડા ગામના કાંસની મરામત કરવા બાબત**

૧૬૯૭૯ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની વરસાદી પાણી વહન કરતાં કાંસના કામો રાજ્ય સરકારે એકજ સત્તા નીચે મુકેલ છે એ હકીકત સાચી છે,

(૨) જો હા, તો નદાણ, દોદર, છારોડી અને શિયાવાડાના જે કાંસ અમદાવાદ જિલ્લા પંચાયત હસ્તક હતો જે રાજ્ય સરકાર હસ્તક આવતાં નંદાણ પાસેનું તૂટેલું સ્ટ્રક્ચર અને નંદાણથી શિયાવાડા જતો કાંસની મરામત રાજ્ય સરકાર કરાવવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં તે કામ પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) આગામી ચોમાસા પહેલાં પૂર્ણ કરવા આયોજન વિચારેલ છે.

-------------

## સાબરકાંઠા જિલ્લામાં સ્વજલધારા યોજના

૧૭૬૪૦ ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં તાલુકા પ્રમાણે સ્વજલધારા કાર્યક્રમ હેઠળ કુલ કેટલી યોજનાઓ બનાવી, અને

(૨) એની પાછળ કુલ કેટલા રૂપિયાનો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) : તાલુકાવાર યોજનાઓ અને ખર્ચ નીચે મુજબ છે.

| તાલુકો | યોજનાની સંખ્યા | થયેલ ખર્ચ (રૂા.લાખમાં) |
|---|---|---|
| બાયડ | ૧૧ | ૪૯.૩૦ |
| ધનસુરા | ૦૧ | ૧૨.૦૦ |
| હિંમતનગર | ૨૮ | ૧૫૧.૮૧ |
| ઇડર | ૧૬ | ૨૮.૮૨ |
| ખેડબ્રહ્મા | ૦૬ | ૯.૩૭ |
| માલપુર | ૦૧ | ૦.૯૧ |
| મેઘરજ | ૦૯ | ૩૨.૧૯ |
| મોડાસા | ૦૧ | ૦.૦૦ |
| પ્રાંતિજ | ૧૭ | ૫૯.૧૮ |
| તલોદ | ૧૦ | ૩૧.૪૭ |
| વડાલી | ૦૫ | ૧૧.૪૭ |
| **કુલ :** | **૧૦૫** | **૩૮૬.૫૨** |

કુલ ૧૦૫ યોજનાઓ બનાવી અને તેની પાછળ કુલ રૂા.૩૮૬.૫૨ લાખનો ખર્ચ થયો.

-------------

## મહેસાણા જિલ્લામાં સેકટર રીફોર્મની યોજનાને સ્વજલધારા યોજનામાં ફેરવવા બાબત

૧૬૬૫૨ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સેકટર રીફોર્મ યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં વધુ માગણીઓ સને ૨૦૦૫ અને ૨૦૦૬ જાન્યઆરી સુધી આવેલ છે તેને સ્વજલધારામાં ફેરવવા સરકારે નિર્ણય કરેલ છે તે હકીક્ત સાચી છે ?

**જવાબ**

ના, જી. પરંતુ સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ હાથ ધરવા નિર્ણય કરેલ છે.

-------------

## રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૧૨ અને ૧૩ મંજુર કરવા બાબત

૧૭૪૩૦ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧)** :**માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૧૯૯૨માં ડ્રાફ્ટ સ્કિમ જાહેર થયેલી રાજકોટ મહાનગરપાલિકાની ટી.પી.૧૨ અને ૧૩ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આખરી મંજૂર કરવામાં આવી નથી. તે કેટલા સમયમાં મંજુર કરવામાં આવશે, અને

(૨) આ બંન્ને સ્કિમો કેટલા એકરમાં દાખલ કરવામાં આવેલ છે, તેમાં ખેડૂતોની માલિકીની જમીન, અને સરકારી ખરાબાની જગ્યા કેટલા એકર છે ?

**જવાબ**

(૧) રાજકોટ મહાનગરપાલિકાની મંજૂર થયેલ ડ્રાફ્ટ ટી.પી.૧૨ અને ૧૩ને આખરી કરવા નિમાયેલ નગર રચના અધિકારીશ્રી દ્વારા પ્રારંભિક અને આખરી યોજનાના નિર્ણયો જાહેર કર્યેથી તે સત્વરે મંજૂર કરવામાં આવશે.

(૨) મુસદ્દારૂપ નગર રચના યોજના નંબર-૧૨નો કુલ વિસ્તાર ૧૮૫ એકર છે. તેમાં ખેડૂતોની માલિકીની જમીન ૧૭૬ એકર તથા સરકારી ખરાબાની જમીન ૦-એકર છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નંબર-૧૩નો કુલ

વિસ્તાર ૧૭૩ એકર છે. તેમાં ખેડૂતોની માલિકીની જમીન ૧૫૫ એકર તથા સરકારી ખરાબાની જમીન ૦- એકર છે.

-------------

**આણંદ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં મંજૂર થયેલ રસ્તાના કામ**

૧૭૬૪૯ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૦૪-૦૫માં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ આણંદ જિલ્લામાં કેટલા રસ્તાના કામો મંજૂર કરેલ છે, | (૧) ૨૨ રસ્તાના કામો મંજૂર કરેલ છે. |
| (૨) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયા, અને | (૨) ૨૧ કામો પૂર્ણ |
| (૩) બાકી રહેલા કેટલા કામો ક્યારે પૂર્ણ થશે? | (૩) બાકી ૧-કામ માર્ચ-૨૦૦૬ સુધીમાં પૂર્ણ થશે. |

-------------

**અમદાવાદ શહેરમાંથી પસાર થતા રાજ્ય ધોરી માર્ગને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક આપવા બાબત**

૧૭૭૩૧**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ શહેરમાંથી પસાર થતા રાજ્ય ધોરી માર્ગ ડફનાળાથી નાના ચિલોડા, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તગત આપવામાં આવ્યો છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારથી આપવામાં આવ્યો ? | (૨) તા. ૮-૩-૦૬. |

-------------

**પાણી અંગેની નવી નીતિ નક્કી થયા બાદ ઉદ્યોગોને વિના મૂલ્યે પાણી આપવા બાબત**

૧૭૬૩૫ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ૨૦૦૧ માં પાણીના દરો અંગેની નવી નીતિ નક્કી થયા બાદ વિભાગ દ્વારા ક્યા ઉદ્યોગને વિના મૂલ્યે પાણી અપાયું અને તે કિસ્સામાં રાજ્યની વડી અદાલતે પૈસા વસુલ લેવા હુકમ કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) ૨૦૦૧ માં પાણી દરો અંગેની નવી નીતિ નક્કી થયા બાદ કોઈ ઉદ્યોગને વિના મૂલ્યે પાણી અપાયું નથી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકારને આર્થિક નુક્સાન કરવાની જવાબદારી કોની ગણાય, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેની સામે શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## કચ્છ જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ કરવાનું આયોજન

૧૬૪૯૪ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લાનાં ક્યા ક્યા સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા આયોજન કરવામાં આવેલ છે ? | **(અ)** પ્રવાસન વર્ષ ૨૦૦૬ માટે તૈયાર કરવામાં આવેલ પ્રવાસન કાર્યયોજનામાં નારાયણ સરોવર, તેરાગામ અને માંડવી જ્યારે,<br>**(બ)** કચ્છ જિલ્લા કલેકટરશ્રીની દરખાસ્તમાં નીચેના સ્થળોનો સમાવેશ પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે કરેલ છે.<br><br>૧. નારાયણ સરોવર જાગીર.<br>૨. શ્રી કોટેશ્વર જાગીર.<br>૩. શ્રી અજેયપાળ જાગીર (અંજાર)<br>૪. નાના લાયજા.<br>૫. હાજીપીર (તા. ભુજ)<br>૬. શ્રી ધીણોધર મંદિર.<br>૭. માતાનો મઢ.<br>૮. ધ્રંગ. |

-------------

## બહુચરાજી માતાના મંદિરના વિકાસની યોજના

૧૬૬૦૫ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બહુચરાજી માતાના મંદિરના વિકાસની શું યોજના છે, | (૧) રૂા.૧૧,૦૦,૦૦,૦૦૦/- (રૂપિયા અગિયાર કરોડ પુરા)ના વિકાસ પ્લાન મુજબની યોજના અમલમાં છે. |
| (૨) તે પૈકી કેટલા કાર્યો પૂરા થયા, અને | (૨) ૭ (સાત) કાર્યો પૂરા થયા છે, જે નીચે પ્રમાણે છે.<br>(૧) શ્રીફળ સ્થળ<br>(૨) માનસરોવર ખાતે પેવેલીયન ૧-૨<br>(૩) માનસરોવરમાં પાણી સંગ્રહ માટે વેસલ્સ<br>(૪) બાંધલીયા તળાવને ઉંડું કરવાનું કામ<br>(૫) માનસરોવર માર્બલ ફ્લોરીંગનું, કંપાઉન્ડ વોલ, લેન્ડ સ્કેપીંગ તથા બગીચાનું કામ.<br>(૬) ચોલક્યિા ભવન તથા ચોલક્યિા ભવન ઉપર ચાયના મોજેક<br>(૭) કંકુથાપા તથા ગોમુખ. |
| (૩) તા. ૩૧/૧૨/૨૦૦૫ની સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂા. ૧,૭૪,૫૯, ૮૨૭-૭૬ (અંકે રૂપિયા એક કરોડ ચુમ્મોતેર લાખ ઓગણસાઈઠ હજાર આઠસો સત્તાવીશ અને પૈસા છોતેર પુરા) |

-------------

**પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં કચ્છ જિલ્લામાં રસ્તાના થયેલ કામો**

૧૭૪૩૮ શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ (મુંદ્રા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫માં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કેટલા કામો મંજૂર કરેલ છે, | (૧) ૮ કામો મંજુર કરેલ છે, |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલા કામો પુર્ણ થયા, અને | (૨) ૨ કામો પુર્ણ. |
| (૩) બાકી કેટલા કામો ક્યારે પૂર્ણ થશે ? | (૩) જુન ૨૦૦૬ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**અમદાવાદની ફતેવાડી યોજનાની કેનાલો પુરાણ થવા બાબત**

૧૭૪૪૧ શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લાની ફતેવાડી યોજનાની કેનાલોનું પુરાણ થઈ ગઈ છે. ગેટ તૂટી ગયા છે નાળા તૂટી ગયા છે, આ ક્યારે રીપેર કરવામાં આવશે, અને | (૧) ફતેવાડી યોજનાની કેનાલોના મરામતની પ્રથમ તબક્કાની કામગીરી વર્ષ ૨૦૦૪-૦૫ દરમ્યાન કરવામાં આવેલ હતી. બાકીની કામગીરી તબક્કાવાર સત્વરે પૂર્ણ કરવામાં આવશે. |
| (૨) કેટલા ખર્ચનો અંદાજ છે ? | (૨) રીપેરીંગના કામો હાથ ધરવા માટે રૂા.૧૨૪.૫૪ લાખના ખર્ચનો અંદાજ છે. |

-------------

**કલોલ તાલુકાના શેરીસા ગામના જેન મંદિરનો યાત્રાધામમાં સમાવેશ કરવા બાબત**

૧૬૭૮૩ ડૉ. અતુલ કે. પટેલ (કલોલ) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| કલોલ તાલુકાના શેરીસા ગામના જેન મંદિરને યાત્રાધામ સ્થળમાં સમાવેશ કરી તેનો વિકાસ કરવા સરકાર કોઈ આયોજન કરવા માગે છે કે કેમ ? | ના, જી. |

-------------

**પ્રવાસન વર્ષ નિમિત્તે ગાંધીનગર જિલ્લામાં યાત્રાધામોનો વિકાસ કરવા બાબત**

૧૭૬૩૨ ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬ નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર જિલ્લામાં ક્યા ક્યા યાત્રાધામોનો તાલુકાવાર વિકાસ કરવાનું આયોજન કરેલ છે, | (૧) ગાંધીનગર જિલ્લામાં કોઈ સ્થળનો યાત્રાધામમાં સમાવેશ કરવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી ક્યા ક્યા યાત્રાધામોનું વિકાસનું કામ શરૂ કર્યું, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલી રકમનું આયોજન કરેલ છે અને તે પૈકી કેટલું ખર્ચ થયું ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## ગઢડા ઉમરાળા તાલુકાની મહી પરીએજ યોજનાની પાઈપ લાઈનનું કામ

૧૬૫૦૨ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના ગઢડા અને ઉમરાળા તાલુકાની મહી પરીએજની કુલ કેટલી પાઈપલાઈન નાખવામાં આવી છે, | (૧) નીચેની વિગતે |

| તાલુકો | મુખ્ય પાઈપ લાઈન કી.મી. | ડીસ્ટ્રીબ્યુશન લાઈન કી. મી. |
|---|---|---|
| ઉમરાળા | ૪.૨૫ | ૨૬૦.૨૦ |
| ગઢડા | ૪૬.૧૨ | ૨૭૮.૪૬ |
| કુલ | ૫૦.૩૭ | ૫૩૮.૬૬ |

| | |
|---|---|
| (૨) તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં આ પાઈપો કેટલી વખત તૂટી ગયેલ છે, અને | (૨) વર્ષ-૨૦૦૨થી ત્રણ વર્ષના સમયગાળામાં લાઈન તૂટી નથી પરંતુ લીકેજના બનાવો નોંધાયા છે. જેને સત્વરે રિપેર કરી પાણી પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવેલ છે. |
| (૩) આ પાઈપલાઈનની ડીઝાઈનમાં સરકાર ફેરફાર કરવા માંગે છે કે કેમ ? | (૩) ના, જી. |

-------------

## યાત્રાધામના વિકાસ માટે કરવામાં આવેલ ખર્ચ

૧૬૪૯૭ **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૦૫ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં રાજ્યના ક્યા ક્યા યાત્રાધામના વિકાસ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે ક્યા ક્યા હેતુસર, | (૧) રાજ્યના નીચે મુજબના ૬ યાત્રાધામોના વિકાસ માટે તા. ૩૧/૧૨/૦૫ની સ્થિતિએ નીચે મુજબ ખર્ચ કરેલ છે.<br>૧. અંબાજી રૂા, ૫૦,૦૦,૦૦૦/-<br>૨. પાલીતાણા રૂા, ૧૧૭,૮૧,૭૬૬/-<br>૩. દ્વારકા રૂા, ૧૦૦,૦૦,૦૦૦/-<br>૪. ડાકોર રૂા, ૧૨૯,૯૯,૫૪૯/-<br>૫. સોમનાથ રૂા, ૪૩,૪૪,૫૪૫-<br>૬. ગીરનાર રૂા, ૫૨,૧૧,૦૦૦/-<br>આ ખર્ચ આ યાત્રાધામો ખાતે આંતર-માળખાકીય સુવિધાઓ તેમજ યાત્રી સુવિધાઓ વિકસાવવાના હેતુસર કરવામાં આવેલ છે. |
| (૨) રાજ્યમાં ક્યા ક્યા યાત્રાધામોની આવક ગત ૨ વર્ષમાં ૧ કરોડથી વધુ થયેલ છે, | (૨) અંબાજી, દ્વારકા, ડાકોર, સોમનાથ અને પાલીતાણા |
| (૩) આ આવકમાંથી જે તે યાત્રાધામના વિકાસ માટે સ્વચ્છતા વિગેરે માટે કેટલી રકમ વાપરવામાં આવે છે, અને | (૩) યાત્રાધામનું નામ — વિકાસ/સ્વચ્છતા વગેરે માટે ખર્ચ કરેલ રકમ.<br>૧. અંબાજી રૂા, ૭,૬૬,૫૬,૦૧૧/-<br>૨. પાલીતાણા રૂા, ૧૧,૨૭,૦૭,૩૧૬/-<br>૩. દ્વારકા રૂા, ૪૭,૭૮,૪૮૫/-<br>૪. ડાકોર રૂા, શૂન્ય.<br>૫. સોમનાથ રૂા, ૫૮,૦૦,૦૦૦/-<br>૬. ગિરનાર રૂા. શૂન્ય. |
| (૪) રાજ્ય સરકારને આવકમાંથી કોઈ રકમ લોન કે અન્ય હેતુસર ક્યારે ક્યારે આપવામાં આવેલ | (૪) સોમનાથ ટ્રસ્ટ દ્વારા રાજ્ય સરકારને વર્ષ ૨૦૦૪-૦૫માં સુનામી પીડીતો માટે વસ્ત્ર, વાસણ તથા |

છે ? ચેકડ રકમ તરીકે રૂા. ૧૪,૫૭,૦૦૦/-નું દાન આપેલ છે.

-------------

**બોટાદ અને જસદણને જોડતા મોઢુકા-દેવધરી-તુરખા રસ્તો ખરાબ હોવા બાબત**

૧૭૫૧૫ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** (જસદણ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર અને રાજકોટ જિલ્લાના બે તાલુકા બોટાદ-જસદણ ને જોડતા મોઢુકા-દેવધરી તુરખા રસ્તો અતિ ખરાબ હાલતમાં છે તે સરકારનાં ધ્યાને છે, અને

(૨) જો હા, તો આ રસ્તાનું રીપેરીંગ કામ ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : સમગ્ર રસ્તો પાકી સપાટીનો નથી પરંતુ ૪.૦૦ કી.મી. નોન પ્લાન કાચો છે. જે લંબાઈની સપાટી પાકી છે તેને ચાલુ મરામતમાં રીપેર કરી વાહનવ્યવહાર યોગ્ય રાખેલ છે,

ખાસ મરામતમાં રીસરફેસીગ કરવાનું હાલ આયોજન નથી.

-------------

**વાગરા તાલુકાના પાદરીયા ગામને પીવાનું પાણી આપવા બાબત**

૧૭૦૮૨ **શ્રીમતી રશીદા ઈ. પટેલ** (વાગરા):**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાગરા તાલુકાના પાદરીયા ગામે પીવાના પાણીની ખૂબ મુશ્કેલી છે, તેના અપૂરતા પાણીના પ્રવાહને કારણે ગામમાં પાણી જરૂરિયાત મુજબનું પહોંચતું નથી તેના માટે જણિયાદ્રાથી પાદરીયાની સીધી પાણીની પાઈપલાઈન મધ્યબારા જૂથ પાણી પુરવઠામાંથી નાંખવાની માંગણી થઈ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સરકારે આ અંગે શી કાર્યવાહી કરેલ છે ?

**જવાબ**

(૧) તા. ૨૭-૧-૦૬ના રોજ યોજાયેલ ગ્રામ સભામાં રજૂઆત થયેલ છે.

(૨) પૂરતાં જથ્થામાં પાણી મળી રહે તે મુજબ જણીયાદ્રા ચોકડીથી કરવામાં આવતા પંપીગના કલાકમાં વધારો કરી પાદરીયા ગામને પુરતું પાણી આપવામાં આવે છે.

-------------

**ત્રિવેણી ઠાંગા જળસંપત્તિ યોજનાની વહીવટી અને તાંત્રિક મંજૂરી આપવા બાબત**

૧૭૦૮૫ **શ્રી ધનરાજભાઈ કેલા** (વઢવાણ) : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ત્રિવેણી ઠાંગા જળસંપત્તિ યોજનાની વહીવટી અને તાંત્રિક મંજૂરી ક્યારે અને કેટલા રૂપિયાની આપવામાં આવી,

(૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને આ યોજનામાં કુલ કેટલા હેકટર જમીનને લાભ મળે તેવું આયોજન કરવામાં આવ્યું હતું, અને

(૩) આ યોજનાનું કામ ક્યા તબક્કે છે અને વાસ્તવમાં કેટલા હેકટર જમીનને લાભ મળે છે ?

**જવાબ**

(૧) તા. ૧૭-૧-૧૯૯૭ થી રૂા. ૭૭૯.૦૬ લાખની વહીવટી મંજુરી તેમજ સમગ્ર તાંત્રિક મંજુરી તા. ૨૨-૧-૧૯૯૭ થી રૂા. ૫૦૩.૭૫૩ લાખની આપવામાં આવી.

(૨) કુલ ખર્ચ રૂા. ૭૩૬.૨૭ લાખનો થયેલ છે. આ યોજનામાં કુલ ૧૦૬૪ હેકટર જમીનને સિંચાઈનો લાભ મળવા આયોજન કરવામાં આવેલ છે.

(૩) યોજનાના બંધના કામો પૂર્ણ થયેલ છે. નહેરોના કામો પ્રગતિ હેઠળ છે.

હાલ ૨૦૦ હેકટર જમીનોને સિંચાઈનો લાભ મળે છે.

-------------

**ભૂકંપમાં લીંબડી શહેરનો કાટમાળ ઉપાડવાના કામમાં ભ્રષ્ટ્રાચાર થવા બાબત**

૧૬૫૦૭ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૨૬/૧/૦૧ ના રોજ થયેલ ભૂકંપમાં લીંબડી શહેરમાં કાટમાળ ઉપાડવાના કામમાં ભ્રષ્ટ્રાચાર સામે કેટલા કર્મચારી/અધિકારી સામે તા. ૩૧/૧/૦૬ સુધીમાં પગલાં લેવાયા છે, | (૧) ૯ (નવ) |
| (૨) પોલીસ ફરિયાદો આ કેસોમાં કેટલી થઈ છે, અને | (૨) ફરિયાદ થયેલ નથી. |
| (૩) જો ન થઈ હોય તો ફરિયાદો ક્યારે થનાર છે? | (૩) કાર્યવાહી થઈ રહેલ છે. |

**છોટાઉદેપુર તાલુકામાં વિકાસપથ યોજના હેઠળ રસ્તાના કામ**

૧૭૬૫૫ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧/૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં છોટા ઉદેપુર શહેરમાં વિકાસપથ યોજના હેઠળ રસ્તાના કામ ક્યા તબક્કે છે, અને<br>(૨) આ કામ ક્યારે પૂર્ણ થવાની સંભાવના છે ? | (૧) અને (૨) : આ રસ્તાના કામ તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ પૂર્ણતાના આરે હતું. જે પૂર્ણ થયેલ છે. |

-------------

# અતારાંકિત પ્રશ્નો
# ત્રીજી અતારાંક્તિ યાદી

**રાજ્યમાં કૃષિ રથ વાહનો માટે ચૂક્વેલ ભાડું**

અતારાંક્તિ : ૩૭૬૯ (૩-૮-૦૫) : **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં યોજાયેલ કૃષિ રથયાત્રામાં સરકારી વાહનો અને બિન સરકારી (ભાડુતી) વાહનોનો કેટલી સંખ્યામાં ઉપયોગ કરવામાં આવ્યો હતો,

(૨) આ માટે જિલ્લાવાર રાજ્ય સરકાર દ્વારા કેટલા ભાડુતી વાહનો માટે કેટલી રકમો ચુકવવામાં આવી, અને

(૩) આ કૃષિ રથને ક્યા ક્યા જિલ્લામાં ક્યા તાલુકામાં ક્યા ગામોમાં અટકાવવામાં આવી હતી, આ અંગે રાજ્ય સરકારે શું કાર્યવાહી કરી હતી ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૭-૨-૦૬) :

(૧) રાજ્ય સરકાર દ્વારા યોજાયેલ કૃષિ રથયાત્રામાં ૫૮૫ સરકારી વાહનો અને ૧૪૫ બિન સરકારી (ભાડુતી) વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(૨) આ માટે જિલ્લાવાર રાજ્ય સરકાર દ્વારા ભાડુતી વાહનો માટે નીચે દર્શાવ્યા મુજબ રકમ ચુકવવામાં આવી.

| | જિલ્લો | ભાડુતી વાહનોની સંખ્યા | ચૂક્વેલ રકમ (રૂપિયા) |
|---|---|---|---|
| (૧) | અમદાવાદ | ૫ | ૫૦,૪૦૦.૦૦ |
| (૨) | ગાંધીનગર | ૮ | ૨૩,૬૩૯.૦૦ |
| (૩) | જામનગર | ૧૧ | ૧,૫૯,૨૩૬.૦૦ |
| (૪) | ભાવનગર | ૧૧ | ૧,૨૬,૩૨૦.૦૦ |

| | જિલ્લો | ભાડુતી વાહનોની સંખ્યા | ચૂકવેલ રકમ (રૂપિયા) |
|---|---|---|---|
| (૫) | રાજકોટ | ૧૪ | ૧,૩૦,૦૦૦.૦૦ |
| (૬) | અમરેલી | ૧ | ૧૪,૦૦૦.૦૦ |
| (૭) | સુરેન્દ્રનગર | ૦ | -- |
| (૮) | જુનાગઢ | ૦ | -- |
| (૯) | સુરત | ૦ | -- |
| (૧૦) | વલસાડ | ૫ | ૫૭,૦૦૦.૦૦ |
| (૧૧) | નવસારી | ૩ | ૩૧,૮૯૦.૦૦ |
| (૧૨) | ડાંગ | ૦ | -- |
| (૧૩) | ભરુચ | ૦ | -- |
| (૧૪) | નર્મદા | ૦ | -- |
| (૧૫) | વડોદરા | ૦ | -- |
| (૧૬) | દાહોદ | ૮ | ૧,૩૫,૧૯૫.૦૦ |
| (૧૭) | પંચમહાલ | ૦ | -- |
| (૧૮) | ખેડા | ૦ | -- |
| (૧૯) | સાબરકાંઠા | ૦ | -- |
| (૨૦) | મહેસાણા | ૦ | -- |
| (૨૧) | આણંદ | ૦ | -- |
| (૨૨) | બનાસકાંઠા | ૦ | -- |
| (૨૩) | પાટણ | ૭૯ | ૭૬૧૦.૦૦ |
| (૨૪) | પોરબંદર | ૦ | -- |
| (૨૫) | કચ્છ | ૦ | -- |
| | **કુલ ભાડુતી વાહનો** | **૧૪૫** | **૭,૩૫,૨૯૦.૦૦** |

(૩) આ કૃષિ રથને નીચેના જિલ્લાના તાલુકાના ગામોમાં અટકાવવામાં આવી હતી :--

| **જિલ્લો** | **તાલુકા** | **ગામ** |
|---|---|---|
| જામનગર | ધ્રોલ | હરીપર |
| અમરેલી | લીલીયા | લીલીયા |
| નર્મદા | નાંદોદ | ભૂછાડ |

અધિકારીશ્રીઓ દ્વારા ગામ લોકો સાથે કૃષિ રથના મહત્વ તેમજ લાભાલાભ અંગેની જાણકારી આપતાં ગામ લોકોના સહકારથી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ હતો.

-----------------

**ફીશરીઝ ખાતા દ્વારા માછીમારોને ડીઝલ વેચાણમાં સેલ્સટેક્ષ ફ્રી આપવા અંગે**

અતારાંકિત : ૩૮૭૪ (૧૭-૧૦-૦૫): **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ફીશરીઝ ખાતા દ્વારા માછીમારોને ડીઝલ વેચાણમાં પેટ્રોલપંપ ઉપરથી જ સેલ્સટેક્ષ ફ્રી ડીઝલ વેચાણનાં લાભ મળતો તે બંધ થયેલ છે. તે વાત ખરી છે,

(૨) જો હા, તો ફીશરીઝ ખાતા તરફથી ડીઝલ ખરીદી પર સેલ્સટેક્સ રી-એમ્બર્સમેન્ટ યોજના મુજબ ફીશરમેનોને ફીશરીઝ ઓફીસનાં ફીશીંગનો ધંધો બંધ રાખી ધક્કા ખાવા પડે છે, તે વાત ખરી છે, અને

(૩) જો હા, તો માછીમારોનાં હિતમાં પેટ્રોલપંપ ઉપર જ ડીઝલ ખરીદી સેલટેક્સની રી-એમ્બર્સમેન્ટ યોજનાને બદલે સેલટેક્સ ફ્રી ડીઝલ વેચાણ યોજનાનો લાભ સીધો પેટ્રોલપંપ ઉપરથી જ મળે તે યોજના ફરી ચાલુ કરવા સરકારનું શું આયોજન છે ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (૧૮-૧-૦૬) :

(૧) હા.

(૨) ના.

(૩) ૨૦ મીટરથી ઓછી લંબાઇની માછીમારી માટેની યાંત્રિક બોટોને અપાતા ડીઝલ પરના ૧૦૦% સેલટેક્સ રીએમ્બર્સમેન્ટની હાલ ચાલુ યોજનાને માછીમારો તરફથી સારો એવો પ્રતિસાદ મળેલ છે. કારણ કે ૧૦૦% સેલટેક્સ રીએમ્બર્સમેન્ટની રકમ માછીમારના રાષ્ટ્રીયકૃત બેંક ખાતામાં સીધી જ જમા થતી હોવાથી માછીમારનું આર્થિક શોષણ થવાની કોઈ સંભાવના રહેતી નથી.

**સેલટેક્સ ફ્રી ડીઝલ વેચાણ યોજનાનો લાભ સીધો પેટ્રોલ પંપ ઉપરથી જ મળે તે યોજના ફરી ચાલુ કરવા સરકારનું હાલ કોઈ આયોજન નથી.**

----------------

## આણંદ જિલ્લામાં ખેતી વિષયક સહકારી મંડળીઓની નોંધણી

અતારાંકિત : ૩૮૮૬ (૧૯-૧૦-૦૫) : **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૭-૦૫ ની સ્થિતિએ કઈ કઈ વિવિધ ખેતી વિષયક સહકારી મંડળીઓને તાલુકાવાર છેલ્લા ૨ વર્ષમાં ઉચાપત કે ફડચામાં જવાના કારણે રદ કરવામાં આવેલ છે, અને

(૨) તા. ૩૧-૭-૦૫ ની સ્થિતિએ ગત ૧ વર્ષમાં કેટલી નવી મંડળીઓ નોંધવામાં આવી, કેટલી અરજી પડતર છે ?

**સહકાર મંત્રીશ્રી** (૧૮-૧-૦૬) :

(૧) (૧) ટુંઢાકુવા સેવા સહકારી મંડળી લી., તાલુકા-બોરસદ

(૨) ડભાસી સેવા સહકારી મંડળી લીમીટેડ-તાલુકા-બોરસદ, અને

(૩) રોહિણી સેવા સહકારી મંડળી લી. તાલુકા-ખંભાતને રદ કરવામાં આવેલ છે.

(૨) ૯ (નવ) નવી મંડળીઓ નોંધવામાં આવેલ જ્યારે ૧ (એક) અરજી પડતર છે.

---------------

## લીંબડી તાલુકામાં શાળાના ઓરડાનું બાંધકામ

અતારાંકિત : ૩૮૫૮ (૧૭-૧૦-૦૫) : **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) લીંબડી તાલુકામાં શાળાના ઓરડાઓની ઘટ મુજબ તા. ૩૦/૯/૦૫ ની સ્થિતિએ કેટલા ઓરડાઓનું બાંધકામ શરૂ કરાયું છે,

(૨) જો શરૂ ન થયું હોય તો, તેના કારણો શું છે, અને

(૩) આ કામ ક્યારે શરૂ કરીને કેટલા સમયમાં પૂરું કરવામાં આવનાર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૩૦-૧૧-૨૦૦૫) :

(૧) ૬૮ ઓરડાઓ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કુલ ૬૪ ઓરડાના કામો પૂર્ણ થઈ ગયેલ છે તથા ૪ ઓરડાના કામો હાલ પ્રગતિ હેઠળ છે.

----------------

## સરકારી ઈજનેરી કોલેજોમાં પ્રોફેસર સંવર્ગની ખાલી જગા ભરવા બાબત

અતારાંકિત : ૩૮૬૦ (૧૭-૧૧-૦૫) : **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં ૧-૪-૦૫ના રોજની સ્થિતિએ સરકારી ઈજનેરી કોલેજોમાં પ્રોફેસરની કુલ કેટલી જગાઓ ખાલી છે,

(૨) આમાં અનુસૂચિત જાતિ અને જનજાતિની કુલ કેટલી જગાઓ ખાલી છે,

(૩) આ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૪-૧-૦૬) :

(૧) રાજ્યમાં ૧-૪-૦૫ના રોજની સ્થિતિએ સરકારી ઈજનેરી કોલેજોમાં પ્રોફેસરની કુલ ૪૪ જગાઓ ખાલી છે.

(૨) પ્રોફેસર વર્ગ-૧ની અનુસૂચિત જનજાતિની એક જગ્યા ખાલી છે, અને

(૩) આ જગ્યા સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ મારફત દૈનિક પત્રમાં જાહેરાત પ્રસિધ્ધ થયેલ છે. જે ઉમેદવાર ઉપલબ્ધ થયે તાત્કાલિક ભરવામાં આવશે.

---------------

**કેન્દ્ર સરકાર દ્વારા ૧૨મા નાણાપંચ માટે ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંક્તિ : ૩૮૮૫ (૨૮-૧૦-૦૫) : **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે -

(૧) કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને ૧૨માં નાણા પંચ દ્વારા તા. ૩૦-૦૯-૨૦૦૫ સુધીમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) સન ૨૦૦૫-૦૬માં તા. ૩૦-૦૯-૨૦૦૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા વિભાગવાર કેટલી રકમ ખર્ચ કરવાનું આયોજન છે.

(૩) જિલ્લાવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવનાર છે, અને

(૪) તે પ્રક્રિયા કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (નાણા) (૩-૧-૦૬) :

(૧) કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને ૧૨માં નાણા પંચ દ્વારા તા. ૩૦-૦૯-૨૦૦૫ સુધીમાં કેન્દ્રિય કરવેરામાં રાજ્યના હિસ્સા સાથે રૂા. ૧૫૪૭.૬૯ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

(૨) સને ૨૦૦૫-૦૬માં તા. ૩૦-૦૯-૨૦૦૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પંચાયતી રાજ સંસ્થાઓ માટે રૂા. ૧૮૬.૨૦ કરોડ, શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માટે રૂા. ૮૨.૮૦ કરોડ તથા વનોની જાળવણી માટે રૂા. ૪ કરોડ ખર્ચ કરવા આયોજન કરેલ છે.

(૩) જિલ્લાવાર રકમની ફાળવણી કરવામાં આવતી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**આંતરરાજ્ય વેચાણો પરની રકમ વસૂલ લેવા અંગે**

અતારાંક્તિ : ૩૯૨૮ (૮-૧૧-૦૫): **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે -

તા. ૩૧-૭-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આંતરરાજ્ય વેચાણો પર સી ફોર્મ સામે ૪ ટકાના બદલે ૧.૨૫ ટકા ભરવાની મુદત પૂર્ણ થયા પછી પણ નીરમા એ આંતરરાજ્ય વેચાણો પર ૪ ટકાની રકમ ભરી ન હતી તે રકમ વસૂલ કરવાને બદલે પાછલી તારીખથી અમલમાં આવે તે રીતે સુધારો કરી નીરમા પાસેની રકમ વસૂલ ન કરવાના કારણો શાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (નાણા) (૪-૧-૦૬) :

કેન્દ્રીય વેચાણવેરા, ૧૯૫૬ની કાયદાકીય જોગવાઈઓ મુજબ વેપારી રાજ્ય બહાર આંતરરાજ્ય વેચાણો કરવાને બદલે બ્રાન્ચ ટ્રાન્સફરથી કે જાંગડ રવાનગીથી માલ બીજા રાજ્યમાં વેચાણ માટે મોકલે તો તેમણે કોઈ કેન્દ્રીય વેચાણવેરો ભરવાનો થતો નથી તેથી આ જોગવાઈ અન્વયે રાજ્યના સાબુ બનાવતા એકમો બ્રાન્ચ ટ્રાન્સફર કરીને કેન્દ્રીય કાયદા હેઠળ કોઈ વેરો ભરતા ન હતા. આથી રાજ્ય સરકારે પ્રાયોગીક ધોરણે તા. ૯-૯-૧૯૯૭ થી એક વર્ષ માટે કેન્દ્રીય વેચાણવેરાનો દર, ૪ ટકામાંથી ૧.૨૫ ટકા કરેલ હતો. આના પરિણામે ટોઈલેટ શોપ્સ ઉપર જે આવક બીલકુલ થતી ન હતી તે આવક શરૂ થતાં આ પ્રકારની સવલત ચાલુ રાખવામાં આવી હતી.

તા. ૧-૪-૨૦૦૩ પછી પણ આ સવલત ચાલુ રાખવા અંગે જાહેરનામું બહાર પાડવાની પ્રક્રિયા ચાલુ હતી જે તા. ૭-૮-૨૦૦૩ના રોજ બહાર પાડવામાં આવતા ટોઈલેટ શોપના ઉત્પાદકોએ તે બાબતે રજુઆત કરતાં જે વેપારીઓએ ૧.૨૫ ટકા વેરો ઉઘરાવી ભરેલ હતો તેમને આ સમય ગાળા દરમ્યાન ૧.૨૫ ટકા થી ઉપરનો વેરો રેમીટ કરવામાં આવેલ હતો.

---------------

**રાજ્યના સાબુ બનાવતાં એકમો દ્વારા ટેક્ષની રકમ ન ભરતાં રાજ્યની આવકમાં થયેલ ઘટાડો**

અતારાંકિત : ૩૯૨૯ (૨૮-૧૦-૦૫) **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યના સાબુ બનાવતા એકમોનાં વેચાણને મદદ કરવાનાં હેતુસર આંતરરાજ્ય વેચાણો પર ૪ ટકાના બદલે ૧.૪ ટકા ટેક્ષની એક વર્ષ પૂરતી આપવામાં આવેલ સગવડો વારંવાર લંબાવવાના કારણે રાજ્યની આવકોમાં ઘટાડો થાય છે તેની સરકારને જાણ છે, અને

(૨) જો હા, તો ન્હાવાનાં સાબુના આંતર રાજ્ય વેચાણો અન્વયે છેલ્લા પાંચ વર્ષમાં તા. ૩૧-૩-૨૦૦૫ સુધીમાં વર્ષ વાર કેટકેટલા વેચાણ સામે કોને કોને કેટકેટલી રકમની રાહત આપવામાં આવી ?

**મુખ્ય મંત્રીશ્રી** (નાણા) (૪-૧-૦૬) :

(૧) રાજ્યની આવકમાં ઘટાડો થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**રાજ્યની સેલ્સટેક્ષ કચેરીમાં ગેરરીતિ આચરવા બદલ શો કોઝ નોટીસ**

અતારાંકિત : ૩૯૩૦ (૨૮-૧૦-૦૫) : **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે .-

(૧) રાજ્યના સેલ્સટેક્ષ કમિશનર કચેરીના કોર્પોરેટ વિભાગ દ્વારા સેલ્સટેક્ષની રકમની ગેરરીતિઓ આચરવા બદલ ટેક્ષની રકમ વસૂલ કેમ ન કરવી તે માટેની શો કોઝ નોટીસો આપવામાં આવી છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ૨૦૦૨-૦૩/૨૦૦૩-૦૪/૨૦૦૪-૦૫ના નાણાકીય વર્ષમાં કોને કોને આવી નોટીસો કેટલી રકમ માટે પાઠવવામાં આવી, અને

(૩) આ નોટીસો અન્વયે કેટલી રકમ વસૂલ કરવામાં આવી ?

**મુખ્ય મંત્રીશ્રી** (નાણા) (૨૩-૧-૦૬) :

(૧) હા, જી.

(૨) અને (૩) : કોર્પોરેટ સેલ ઓકટોબર-૨૦૦૪ થી શરૂ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૪-૦૫માં મે. નીરમા લીમીટેડ, અલીન્દ્રા, વડોદરાને આકારણીની કાર્યવાહી દરમ્યાન નોટીસ આપવામાં આવેલ છે. જેમાં વેપારીની વેરામુક્તિ રૂા. ૨૮૦.૫૮ કરોડ ઘટાડવાનો તથા રૂા. ૨૪૬.૮૪ કરોડનો વેરો રોકડમાં ભરવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

---------------

**રાજ્યમાં તાલુકાવાર ખોલવામાં આવેલ પેટા તિજોરી કચેરીઓ**

અતારાંકિત : ૩૯૯૧ (૨૨-૧૧-૦૫) : **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે. -

| | | ૧૪. શ્રી ભવાનભાઈ વશરામભાઈ | | ૧૦-૦૦ | મીઠા માટે ભાડા પટ્ટે | ૧૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૧૫. સમજુબેન ભાણાભાઈ | | ૧૦-૦૦ | મીઠા માટે ભાડા પટ્ટે | ૧૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૧૬. શ્રી જાદવભાઈ સોડાભાઈ | | ૧૦-૦૦ | મીઠા માટે ભાડા પટ્ટે | ૧૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૧૭. શ્રી દયાવતભાઈ લાખાભાઈ | | ૧૦-૦૦ | મીઠા માટે ભાડા પટ્ટે | ૧૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૧૮. જીવુબેન રામ વગેરે | | ૫-૦૦ | મીઠા માટે ભાડા પટ્ટે | ૧૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૧૯. ખેરાનિમક ઉત્પાદક સ.મં. | | ૧૫-૦૦ | મીઠા માટે ભાડા પટ્ટે | ૧૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૨૦. શ્રી લક્ષ્મી સોલ્ટ વર્કસ | | ૨૦૦-૦૦ | મીઠા માટે ભાડા પટ્ટે | ૧૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૨૧. શ્રી વિજેશકુમાર જીણાભાઈ | | ૧૨૫-૦૦ | મીઠા માટે ભાડા પટ્ટે | ૧૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૨૨. શ્રી યોગેશ જીણાભાઈ | | ૧૨૫-૦૦ | મીઠા માટે ભાડા પટ્ટે | ૧૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૨૩. શ્રી દિવ્યેશ જીણાભાઈ | | ૩૫૦-૦૦ | મીઠા માટે ભાડા પટ્ટે | ૧૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૨૪. શ્રી ગુલામ અબ્બાસ સાબાનઅલી | | ૧૨-૨૦ | ઝીંગા ઉછેર માટે ભાડા પટ્ટે | ૨૦-વર્ષ ભાડા પટ્ટે |
| ૧૨ | અમરેલી ક્રમશ | ૨૫. શ્રી અલીરજા સબીરઅલી | | ૧૨-૨૦ | ઝીંગા ઉછેર માટે ભાડા પટ્ટે | ૨૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૨૬. શ્રી સરફરાઝઅલી રઝા | | ૧૨-૨૦ | ઝીંગા ઉછેર માટે ભાડા પટ્ટે | ૨૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૨૭. શ્રી સંજય રવિદાન | | ૧૨-૨૦ | ઝીંગા ઉછેર માટે ભાડા પટ્ટે | ૨૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૨૮. શ્રી સાગર ડી. ઠક્કર | | ૧૨-૨૦ | ઝીંગા ઉછેર માટે ભાડા પટ્ટે | ૨૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૨૯. શ્રી અરવિંદ બી. જોષી | | ૧૨-૨૦ | ઝીંગા ઉછેર માટે ભાડા પટ્ટે | ૨૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૩૦. શ્રી મયુરધ્વજસિંહ જાલીમસિંહ | | ૧૨-૨૦ | ઝીંગા ઉછેર માટે ભાડા પટ્ટે | ૨૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૩૧. શ્રી રાજદીપસિંહ બાલુભા | | ૧૨-૨૦ | ઝીંગા ઉછેર માટે ભાડા પટ્ટે | ૨૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૩૨. શ્રી બિજરાજસિંહ દિગ્વીજયસિંહ | | ૧૨-૨૦ | ઝીંગા ઉછેર માટે ભાડા પટ્ટે | ૨૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૩૩. શ્રી બિરેન્દ્રસિંહ દિગ્વીજયસિંહ | | ૧૨-૨૦ | ઝીંગા ઉછેર માટે ભાડા પટ્ટે | ૨૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૩૪. શ્રી યોગેશ રવીદાન | | ૧૨-૨૦ | ઝીંગા ઉછેર માટે ભાડા પટ્ટે | ૨૦-વર્ષ ભાડા પટ્ટે |

| ક્રમ | જિલ્લાનું નામ | ઉદ્યોગ ગૃહનું નામ | ફાળવેલ જમીન | એકર-ગુંઠા-ચો.મી | બજાર કિંમત રૂા. | કેટલા સમય માટે આપવામાં આવી |
|---|---|---|---|---|---|---|
| | | ૩૫.શ્રી જહાંગીર દાદુભાઈ | | ૯-૦૦ | ઝીંગા ઉછેર માટે ભાડા પટ્ટે | ૨૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૩૬. શ્રી બાબુભાઈ દાદાભાઈ | | ૪-૧૯ | ઝીંગા ઉછેર માટે ભાડા પટ્ટે | ૨૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૩૭. શ્રી મહેબુબઅલી મહમદઅલી | | ૧૨-૨૦ | ઝીંગા ઉછેર માટે ભાડા પટ્ટે | ૨૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૩૮. શ્રી નરેશ ભીખાલાલ | | ૧૨-૨૦ | ઝીંગા ઉછેર માટે ભાડા પટ્ટે | ૨૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૩૯. શ્રી હરેશભાઈ ધુડાભાઈ | | ૧૨-૨૦ | ઝીંગા ઉછેર માટે ભાડા પટ્ટે | ૨૦-વર્ષ ભાડા પટ્ટે |
| | | ૪૦. પ્રમુખશ્રી પીઠવડી ચર્મ ઉદ્યોગ સ. મં. | | ૦-૨૦ | ચર્મ ઉદ્યોગ માટે ભાડા પટ્ટે | નીમ કરેલ છે. |
| | | ૪૧. પ્રમુખશ્રી રોહીદાસ ચર્મ ઉદ્યોગ સ. મં. | | ૦-૨૦ | ચર્મ ઉદ્યોગ માટે ભાડા પટ્ટે | નીમ કરેલ છે. |
| | | ૪૨. પ્રમુખશ્રી રોહીદાસ ચર્મ ઉદ્યોગ સ. મં. | | ૦-૨૦ | ચર્મ ઉદ્યોગ માટે ભાડા પટ્ટે | નીમ કરેલ છે. |
| | | ૪૩. પ્રમુખશ્રી જયભીમ ચર્મ ઉદ્યોગ સ. મં. | | ૦-૨૦ | ચર્મ ઉદ્યોગ માટે ભાડા પટ્ટે | નીમ કરેલ છે. |
| | | ૪૪. પ્રમુખ સિધ્ધીવિનાયક ચર્મ ઉદ્યોગ સ. મં. | | ૦-૨૦ | ચર્મ ઉદ્યોગ માટે ભાડા પટ્ટે | નીમ કરેલ છે. |

---------------

## રાજ્યમાં ઉદ્યોગ ગૃહો દ્વારા સરકારી જમીનની માંગણીઓ

અતારાંકિત : ૩૮૪૦ (૫-૯-૨૦૦૫) **: શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્ય સરકાર પાસે તા. ૧૫-૦૮-૦૫ ની સ્થિતિએ છેલ્લા બે મહેસુલી વર્ષમાં કેટલા ઉદ્યોગ ગૃહોએ સરકારી પડતર, ખરાબા કે ગોચરની જમીન મેળવવા માંગણી કરી, કેટલી ફાળવણી કરી, કેટલી બાકી,

(૨) ઉદ્યોગ ગૃહો આવી રીતે મેળવેલ જમીન અન્ય ઉદ્યોગકારોને વેચાણ કે ભાડા પટ્ટેથી આપી નફાખોરી કરતા હોય તેવી કેટલી ફરીયાદો મળી, અને

(૩) આ પ્રવૃત્તિ અટકાવવા રાજ્ય સરકારના શું નિયંત્રણો છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૨-૨-૨૦૦૬) :

(૧) માંગણી કરતી અરજી આવી : ૩૭૮

ફાળવણી કરેલ અરજીની સંખ્યા : ૧૭૫

બાકી અરજીની સંખ્યા : ૧૩૬

(૨) શૂન્ય

(૩) શરતભંગની કાર્યવાહી કરવામાં આવે છે.

---------------

## રાજકોટ જિલ્લામાં પંચાયત હસ્તકના નવા રસ્તાના કામ બાબત

અતારાંકિત : ૩૬૮૭ (૫-૮-૨૦૦૫): **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૦-૦૬-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લા પંચાયત હસ્તકના કેટલા અને ક્યા ક્યા નવા રસ્તાના કામો હાથ ધરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટ કેટલો ખર્ચ સબડીવીઝનવાર દરેક વર્ષમાં કરવામાં આવ્યો, અને

(૩) કેટલા કામો પૂર્ણ થયા - અને કેટલા કામો હાલ ચાલુ છે. અને ચાલુ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૪-૨-૨૦૦૬) :

(૧) તા. ૩૦-૬-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન માર્ગ અને મકાન વિભાગની ગ્રાંટમાંથી પરિશિષ્ટ-૧ મુજબ ૨૫ તદ્દન નવા રસ્તાના માટીથી મેટલ અથવા ડામર સપાટીના રસ્તાના કામો હાથ ધરવામાં આવ્યા.

(૨) પરિશિષ્ટ-૨ મુજબ

(૩) પરિશિષ્ટ-૧ ના બધાજ કામો પૂર્ણ થયેલ છે.

**પરિશિષ્ટ - ૧**

| ક્રમ | રસ્તાનું નામ |
|---|---|
| ૧ | હોલમટ એપ્રોચ રોડ |
| ૨ | નવા રાજાવડલા એપ્રોચ રોડ |
| ૩ | ખાખડાબેલા નં. ૨ થી ખાખડાબેલા નં. ૬ સુધીના રસ્તાનું કામ |
| ૪ | ખાખડાબેલા નં. ૬ થી ખાકડાબેલા નં. ૫ સુધીના રસ્તાનું કામ |
| ૫ | જીથુડી હનુમાન મંદિર રોડ |
| ૬ | આધીયા એપ્રોચ રોડ |
| ૭ | ભેરડા એપ્રોચ રોડ |
| ૮ | ખોચાણા ક્ણકોટ રોડ |
| ૯ | સણેકપર એપ્રોચ રોડ |
| ૧૦ | નવા સરતાનપર એપ્રોચ રોડ |
| ૧૧ | અમરાપર સાસણસમઢીયાળા રોડ |
| ૧૨ | કાગવડ ભંડારીયા રોડ |
| ૧૩ | રંગપર એપ્રોચ રોડ |
| ૧૪ | ગુંગણ એપ્રોચ રોડ |
| ૧૫ | સાંખડા એપ્રોચ રોડ |
| ૧૬ | બીલીયા એપ્રોચ રોડ |
| ૧૭ | હર્ષદપુર હડમતીયા એપ્રોચ રોડ |
| ૧૮ | તરઘડી શીવપુર રોડ |
| ૧૯ | જીવાપર વિસામણ રોડ |
| ૨૦ | મંડલીકપુર કેસળી ભાદ્રા રોડ |
| ૨૧ | ચરેલીયા જાર હરિયાસણ રોડ |
| ૨૨ | ક્નેસસ ભાડલા રોડ |
| ૨૩ | જીવાપર (ચ) એપ્રોચ રોડ |
| ૨૪ | પીપળીયા એપ્રોચ રોડ |
| ૨૫ | ખેવાળીયા એપ્રોચ રોડ |

## (૨) પરિશિષ્ટ - ૨ મુજબ

| અ.નં. | સબ ડીવીઝનનું નામ | રસ્તાની સંખ્યા | કામ પર થયેલ ખર્ચ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | રાજકોટ | ૮ | ૫૯.૧૫ | ૧૩૩.૫૪ | ૩૦.૧૧ | ૦.૦૦ |
| ૨. | મા.યો. રાજકોટ | ૬ | ૩૬.૫૫ | ૭૯.૦૭ | ૧૪૧.૦૨ | ૦.૦૦ |
| ૩. | જેતપુર | ૪ | ૦.૦૦ | ૭૨.૧૭ | ૧૨.૫૨ | ૦.૦૦ |
| ૪. | ઉપલેટા | ૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૦.૧૦ | ૦.૦૦ |
| ૫. | જસદણ | ૨ | ૭.૯૨ | ૧૦.૬૬ | ૬.૫૧ | ૦.૦૦ |
| ૬. | મોરબી | ૭ | ૨૧.૩૯ | ૨૮.૧૨ | ૦.૦૦ | ૦.૦૦ |
| | **કુલ :** | **૨૮** | **૧૨૫.૦૧** | **૩૨૩.૫૬** | **૨૧૦.૦૬** | |

-----------------

**રાજકોટ જિલ્લામાં ૫૦૦ થી વધારે વસ્તી ધરાવતા ગામોના રસ્તાઓ ડામર સપાટી વિનાના હોવા બાબત**

અતારાંકિતઃ ૩૬૮૮ (૫-૮-૨૦૦૫): **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૦-૬-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લા પંચાયત હસ્તકના તાલુકાવાર ૫૦૦થી, વધારે વસ્તી ધરાવતા કેટલા અને ક્યા ક્યા ગામના રસ્તાઓ ડામરના રસ્તાથી વંચિત છે,

(૨) આ ગામોને કેટલા સમયમાં ડામર રસ્તાથી જોડવાનું સરકારનું આયોજન છે, અને

(૩) આ કામો પાછળ તાલુકાવાર, કામવાર કેટલો ખર્ચ થવા સંભવ છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** : (૧૪-૨-૦૬)

(૧) તા.૩૦-૬-૦૫ની સ્થિતિએ પરિશિષ્ટ-૧ મુજબ ૫૦૦થી વધારે વસ્તી ધરાવતા ૨૪ ગામો મેટલ સપાટીથી જોડાયેલ છે. ૩ ગામ રસ્તાથી વંચિત છે. તે મળી કુલ ૨૭ ગામો ડામરના રસ્તાથી વંચિત છે.

(૨) ડામર સપાટીથી જોડાયા વગરના ૨૭ ગામો પૈકી ૧૬ ગામોને ડામર સપાટીના રસ્તાથી જોડવાના કામો મંજુર કરેલ છે તે કામો પૂર્ણ થતા ૧૬ ગામો ડામર રસ્તાથી જોડાશે જ્યારે ૧૧ ગામોને ડામર સપાટીના રસ્તાથી જોડવાનું હાલ કોઈ આયોજન નથી.

(૩) ૧૬ ગામોને ડામરથી જોડવાના મંજુર કામો તથા બાકીના ૧૧ ગામોને ડામરથી જોડવા માટેનો તાલુકાવાર કામવાર થનાર ખર્ચ પરિશિષ્ટ-૨ મુજબ છે.

**પરિશિષ્ટ-૧**

| અ.નં. | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૧. | રાજકોટ | વાંકવડ |
| ૨. | રાજકોટ | ભંગડા |
| ૩. | વાંકાનેર | દેરાળા |
| ૪. | વાંકાનેર | કાનપર |
| ૫. | વાંકાનેર | સમથેરલા |
| ૬. | વાંકાનેર | વરડુસર |
| ૭. | વાંકાનેર | જામસર |
| ૮. | વાંકાનેર | વીરપુર |
| ૯. | વાંકાનેર | કલાવડી નવી |
| ૧૦. | વાંકાનેર | કલાવડી જુની |
| ૧૧. | વાંકાનેર | થાજ |
| ૧૨. | વાંકાનેર | જાલસીકા |
| ૧૩. | વાંકાનેર | પલાસડી |
| ૧૪. | વાંકાનેર | વિઠલપર |
| ૧૫. | વાંકાનેર | ભીમગુડા |
| ૧૬. | પડધરી | હરિપર(ખારી) |
| ૧૭. | પડધરી | રોજીયા |
| ૧૮. | પડધરી | નાનાવડા |
| ૧૯. | જામકંડોરણા | તરકાસર |
| ૨૦. | જામકંડોરણા | ચાંચવડ |
| ૨૧. | જામકંડોરણા | હરિયાસણ |
| ૨૨. | જસદણ | કુંદણી |
| ૨૩. | જસદણ | ખારશીયા |
| ૨૪. | જસદણ | સરતાનપર |
| ૨૫. | મોરબી | અદેપર |
| ૨૬. | મોરબી | રવાપર(નદી) |
| ૨૭. | લોધીકા | કોઠા પીપળીયા |

**પરિશિષ્ટ-૨**

**(અ) ડામર સપાટી કરવાના મંજુર કામો**

| અ.નં. | તાલુકો | કામનુંનામ | અંદાજી રકમ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧. | વાંકાનેર | જાલી દેરાળા રાજસ્થલી રોડ | ૩૮.૧૨ |
| ૨. | વાંકાનેર | મહીકા કાનપર રોડ | ૧૮.૬૮ |
| ૩. | વાંકાનેર | રાજગઢ સમથેરવડ રોડ | ૩૦.૫૮ |

| | | | |
|---|---|---|---|
| ૪. | વાંકાનેર | એસ,એચ.થી વરડુસર જામસર રોડ | ૬૮.૮૫ |
| ૫. | વાંકાનેર | માટેલ વીરપર રોડ | ૧૦.૬૨ |
| ૬. | જામકંડોરણા | કોલીથડ બેટાવડ આંબરડી ચિત્રાવડ રોડ સેક્શન આંબરડીથી વાવડી | ૨૮.૮૨ |
| ૭. | જસદણ | પારેવાળા કુંદણી રોડ | ૩૨.૨૭ |
| ૮. | જસદણ | ખારચીયા (જશ) એપ્રોચ રોડ | ૧૨.૯૨ |
| ૯. | જસદણ | લખધીરનગર અદેપર રોડ | ૬૫.૭૪ |
| ૧૦. | વાંકાનેર | એસ.એચ.થી જુની ક્લાવડી નવી ક્લાવડી રોડ | ૩૨.૦૦ |
| ૧૧. | વાંકાનેર | ગારીયા પાજ રોડ | ૧૬.૦૦ |
| ૧૨. | જામકંડોરણા | હરિયાસણ એપ્રોચ રોડ જોઈનીંગ જામકંડોરણા ખજુરડા રોડ | ૨૦.૦૦ |
| ૧૩. | વાંકાનેર | ભીમગુડા એપ્રોચ રોડ | ૮.૩૦ |
| ૧૪. | લોધીકા | લોધીકા કોઠાપીપળીયા રોડ | ૩૬.૩૦ |

## મંજુર કરવાના બાકી કામો.

| અ.નં. | તાલુકો | કામનુંનામ | અંદાજી રકમ રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૧. | રાજકોટ | જીયાણા વાંકવડ રોડ | ૧૬.૦૦ |
| ૨. | રાજકોટ | ભંગડા એપ્રોચ રોડ | ૩૨.૦૦ |
| ૩. | વાંકાનેર | પીપરડી જાલસીકા રોડ | ૫૬.૦૦ |
| ૪. | વાંકાનેર | પલાસડી એપ્રોચ રોડ | ૬.૦૦ |
| ૫. | વાંકાનેર | એસ.એચ.થી વિઠલપર એપ્રોચ રોડ | ૧૬.૦૦ |
| ૬. | જામકંડોરણા | એસ.એચ.થી ચાંચવડ રોધેલ રોડ | ૬૭.૦૦ |
| ૭. | જસદણ | વનાળા સરતાનપર રોડ | ૩૦.૦૦ |
| ૮. | મોરબી | શાદુંલકા રવાપર (નદી) રોડ | ૪૦.૦૦ |
| ૯. | પડધરી | રોજ્યા એપ્રોચ રોડ | ૪૮.૦૦ |
| ૧૦. | પડધરી | નાનાવડા એપ્રોચ રોડ | ૨૪.૦૦ |
| ૧૧. | પડધરી | હરિપર (ખારી) એપ્રોચ રોડ | ૫.૦૦ |

--------------

## રાજકોટ જિલ્લા પંચાયત હસ્તકના કાચા રસ્તાઓને જોબ નંબર આપવા બાબત

અતારાંક્તિઃ ૩૬૮૯ (૫-૮-૨૦૦૫) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે જ-

(૧) તા.૩૦-૬-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લા પંચાયત હસ્તકના તાલુકાવાર કેટકેટલા કાચા રસ્તાઓ આવેલ છે,

(૨) તે પેકી કેટલા રસ્તાઓના જોબનંબરો માટેની દરખાસ્તો સરકારને મળી કેટલી અને કઈ કઈ દરખાસ્તોને સરકારે મંજુરી આપી, અને

(૩) બાકી દરખાસ્તો ક્યાં સુધીમાં મંજુર કરવાનું આયોજન છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** : (૧૪-૨-૦૬)

(૧) તા.૩૦-૬-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન તાલુકાવાર માટીના પ્લાન રસ્તા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | તા.૩૦-૬-૦૪ની સ્થિતિએ માટીના રસ્તાની સંખ્યા. | તા.૩૦-૬-૦૫ની સ્થિતિએ માટીના રસ્તાની સંખ્યા. |
|---|---|---|---|
| ૧. | રાજકોટ | ૬ | ૬ |
| ૨. | વાંકાનેર | ૬ | ૬ |
| ૩. | પડધરી | ૭ | ૫ |
| ૪. | લોધીકા | ૧ | ૧ |
| ૫. | ગોંડલ | ૩ | ૩ |
| ૬. | જેતપુર | ૨ | ૨ |
| ૭. | જામકંડોરણા | ૫ | ૫ |
| ૮. | ઉપલેટા | ૨ | ૨ |
| ૯. | જસદણ | ૧ | ૧ |
| ૧૦. | મોરબી | ૩ | ૩ |
| ૧૧. | ટંકારા | ૨ | ૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૨. | માળીયા | ૧ | ૧ |
| | કુલ.......... | ૩૯ | ૩૭ |

(૨) સ્થાનિક કચેરીએથી ૩ માટીના પ્લાન રસ્તાને પાકા કરવાની દરખાસ્ત માર્ગ અને મકાન વિભાગને મળેલ છે. જે મંજુર કરવાનું હાલ કોઈ આયોજન નથી. ૩૭ રસ્તા પેકી ૧૦ માટીના પ્લાન રસ્તાને પાકા કરવાના કામો મંજુર કરવામાં આવેલ છે.

(૩) હાલ આયોજન નથી.

---------------

**રાજકોટ જિલ્લા પંચાયતમાં ખાસ મરામત ગ્રાન્ટ હેઠળ રસ્તા રીપેર કરવા બાબત**

અતારાંક્તિ : ૩૬૯૦ (૫-૮-૨૦૦૫) : **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૦-૬-૦૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ખાસ મરામત ગ્રાન્ટ હેઠળ રાજકોટ જિલ્લા પંચાયત હસ્તક્ના ક્યા ક્યા રસ્તાઓ રીપેર કરવામાં આવ્યા,

(૨) કેટ કેટલો ખર્ચ સબ ડીવીઝનવાર દરેક વર્ષમાં કરવામાં આવ્યો, અને

(૩) હાલ કેટલા કામો પ્રગતિ હેઠળ છે અને કેટલા પૂર્ણ થયા ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૪-૨-૨૦૦૬) :

(૧) તા.૩૦-૬-૦૫ની સ્થિતિએ છેલ્લે ત્રણ વર્ષમાં ખાસ મરામત હેઠળ પરિશિષ્ટ-૧ મુજબ ૫૬ રસ્તા ખાસ મરામતમાં રીપેર કરવામાં આવ્યા.

(૨) તા.૩૦-૬-૦૫ની સ્થિતિએ પરિશિષ્ટ-૨ મુજબ ખાસ મરામતમાં સબડીવીઝનવાર, વર્ષવાર ખર્ચ થયેલ છે.

(૩) ૪૧ રસ્તાના કામો પુર્ણ, ૧૫ રસ્તાના કામો પ્રગતિમાં.

**પરિશિષ્ટ-૧**

| અ.નં. | ખાસ મરામતમાં રીપેર કરેલ રસ્તાનું નામ | રસ્તાની લંબાઈ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | પાટીયાળી એપ્રોચ રોડ | ૧.૫૦ |
| ૨. | રૂપાવટી એપ્રોચ રોડ | ૨.૦૦ |
| ૩. | કરમાળ પીપળીયા બગદડયા રોડ | ૩.૨૦ |
| ૪. | બગદડીયા દેતડીયા રોડ | ૨.૪૦ |
| ૫. | મોવીયા શીવરાજગઢ રોડ | ૬.૫૦ |
| ૬. | પાંચીયાવદર એપ્રોચ રોડ | ૧.૫૦ |
| ૭. | દેરડી-ક્યઢીયા રોડ, કિ.મી. ૧૮/૦થી ૨૪/૦ | ૬.૦૦ |
| ૮. | વેરાવળ એપ્રોચ રોડ | ૩.૨૦ |
| ૯. | કોલીથડ ગરનાળા ડેયા વેકરી ગોમટા રોડ | ૨.૦૦ |
| ૧૦. | મોવીયા શીવરાજગઢ રોડ | ૮.૦૦ |
| ૧૧. | બીલડી એપ્રોચ રોડ | ૨.૨૦ |
| ૧૨. | લુણીવાવ એપ્રોચ રોડ | ૨.૦૦ |
| ૧૩. | પાદરીયા એપ્રોચ રોડ | ૧.૫૦ |
| ૧૪. | ચરેલ એપ્રોચ રોડ | ૧.૫૦ |
| ૧૫. | નાની મારડ ક્લાણા રોડ | ૯.૬૦ |
| ૧૬. | મોટી મારડ ભાડેર રોડ | ૧૦.૦૦ |
| ૧૭. | ક્લાણા છત્રાસા રોડ | ૯.૫૦ |
| ૧૮. | મોટીમારડ ચીખલીયા રોડ | ૭.૫૦ |
| ૧૯. | દાદર ચાંવડી રોડ | ૪.૦૦ |
| ૨૦. | ખજુરડા બાલાપર રોડ | ૪.૦૦ |
| ૨૧. | વિમલનગર એપ્રોચ રોડ | ૨.૦૦ |
| ૨૨. | ખેવાળીયા માનસર રોડ | ૪.૫૦ |
| ૨૩. | માણાબા સુલતાનપુર રોડ | ૪.૭૦ |
| ૨૪. | એસ.એચ.થી ટંકારા ગામના ઝાંપા સુધીનો રોડ | ૦.૫૦ |
| ૨૫. | ફ્તેપર એપ્રોચ રોડ | ૨.૦૦ |
| ૨૬. | બરવાળા એપ્રોચ રોડ | ૧.૧૦ |
| ૨૭. | જુના દેરાળા સરવડ રોડ | ૫.૭૦ |
| ૨૮. | ભાવપર બગસરા રોડ | ૨.૯૦ |
| ૨૯. | ઉમીયાનગર રામપર રોડ | ૧.૬૫ |

| અ.નં. | ખાસ મરામતમાં રીપેર કરેલ રસ્તાનું નામ | રસ્તાની લંબાઈ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૩૦. | ઘાંટીલા ટીકર રોડ | ૪.૦૦ |
| ૩૧. | હંજીયાસર એપ્રોચ રોડ | ૧.૮૬ |
| ૩૨. | નોંધુ પીપળીયા રોડ | ૦.૪૦ |
| ૩૩. | સાંગણવા માખાવડ રોડ | ૪.૩૦ |
| ૩૪. | ફતેપર વિસામણ રોડ | ૨.૬૫ |
| ૩૫ | જુના નારણકા રોડ | ૪.૦૦ |
| ૩૬. | એસ.એચ.થી હરીપર પાળ રોડ | ૩.૮૫ |
| ૩૭. | ખોડાપીપર થોરીયાળી રસ્તા પર પેવરથી ફીનીશરથી ૨૫ મી.મી. જાડી ડામર સપાટી કરવાનું કામ. | ૪.૪૦ |
| ૩૮. | ખામટા ખજુરડી ખોડાપીપર રસ્તા પર પેવરથી ફીનીશરથી ૨૫ મી.મી. જાડી ડામર સપાટી કરવાનું કામ. | ૮.૫૦ |
| ૩૯. | જેતાકુબા એપ્રોચ રોડ, તા. લોધીકા | ૨.૯૦ |
| ૪૦. | વાસાવડ ઝુંડાળા રોડ | ૬.૦૦ |
| ૪૧. | ખાંડા હડમતીયા રોડ | ૧.૫૦ |
| ૪૨. | જનડા એપ્રોચ રોડ | ૧.૦૦ |
| ૪૩. | મંડલીકપુર કેરાળી ભાદ્રા પીપળીયા રોડ | ૮.૦૦ |
| ૪૪. | જેતલસર ડેડરવા બાવા પીપળીયા રોડ | ૧૦.૫૦ |
| ૪૫. | કેરાળી પ્રેમગઢ મેવાસા રોડ | ૬.૦૦ |
| ૪૬. | જુની સાંકળી પરબડી રોડ | ૨.૦૦ |
| ૪૭. | વાડાસડા ખીરસરા રોડ | ૬.૦૦ |
| ૪૮. | મેવાસા ઉમરાળી રોડ | ૫.૬૦ |
| ૪૯. | જેતલસર ગામથી જંક્શન રોડ | ૨.૭૦ |
| ૫૦. | ને.હા.થી સોખડા પીપળીયા સણોસરા રોડ | ૧૨.૩૫ |
| ૫૧. | જેતપરડા એપ્રોચ રોડ | ૨.૮૦ |
| ૫૨. | ત્રંબા વડાળી રોડ | ૫.૭૦ |
| ૫૩. | પલાસ લુણસર મંડળાસર | ૮.૫૦ |
| ૫૪. | સમઢીયાળા લાઠ ભીમોરા રોડ | ૭.૦૦ |
| ૫૫. | ગણોદ મેરવદર તથા મેરવદર પ્રાંસવા વડેખડા રોડ, તા. ઉપલેટા | ૯.૦૦ |
| ૫૬. | કોલકી ભાયાવદર રોડ | ૬.૦૦ |

## પરિશિષ્ટ - ૨

| અ.નં. | સબ ડીવીઝન | વર્ષવાર ખર્ચ | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | ૧-૪-૦૫ થી ૩૦-૬-૦૫ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ગોંડલ | ૭૨.૪૯ | ૪૧.૯૩ | ૧૧૨.૮૧ | ૦.૦૨ |
| ૨. | ધોરાજી | ૨૮.૪૭ | ૧૧૪.૬૩ | ૩૮.૭૯ | ૦.૩૭ |
| ૩. | મોરબી | ૩૯.૬૪ | ૩૧.૪૦ | ૫૮.૦૩ | ૧૪.૦૧ |
| ૪. | મા.યો. રાજકોટ | ૨.૦૯ | ૨૬.૩૯ | ૫૫.૮૨ | ૨.૫૯ |
| ૫. | જસદણ | ૨૬.૫૫ | ૧૨.૨૩ | ૨૧.૨૩ | ૨૩.૪૩ |
| ૬. | જેતપુર | ૫૩.૫૩ | ૬૨.૦૩ | ૩૮.૨૨ | ૦.૦૫ |
| ૭. | રાજકોટ | ૯૬.૧૬ | ૭.૪૬ | ૩૪.૫૬ | ૨૨.૫૧ |
| ૮. | ઉપલેટા | ૨૫.૬૬ | ૬.૭૦ | ૩૮.૯૯ | ૦.૦૦ |
| | કુલ રકમ રૂા. | ૩૪૪.૫૯ | ૩૦૨.૭૭ | ૩૯૮.૪૫ | ૬૨.૯૮ |

-----------------

## લીંબડી તાલુકામાં રસ્તા માટે મંજુર થયેલ ગ્રાન્ટ

અતારાંકિત : ૩૮૫૧ (૧-૧૦-૨૦૦૫) : **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) લીંબડી તાલુકામાં ચાલુ નાણાકીય વર્ષમાં ૨૦૦૫-૦૬ માં કેટલા નવા રસ્તાઓ મંજુર થયા છે તેમજ કેટલા રસ્તાને પેવર કામ કરવાના છે,

(૨) આ રસ્તાઓ માટે ચાલુ નાણાકીય વર્ષમાં તા. ૩૦-૯-૦૫ સુધીમાં કુલ કેટલી ગ્રાન્ટ ફાળવાઈ છે, અને

(૩) જો ઓછી ગ્રાન્ટ ફાળવાઈ હોય તો, બાકીની ગ્રાન્ટ ક્યારે ફાળવવામાં આવનાર છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૩-૨-૨૦૦૬) :

(૧) વર્ષ ૨૦૦૫-૦૬ માં લીંબડી તાલુકામાં ૬ (છ) નવા રીસરફેસીંગ/રીપેરીંગ ડામર કરવાના રસ્તાઓ મંજુર કરવામાં આવેલ છે. અને આ ૬ (છ) રસ્તાઓ ને પેવર કામ કરવાનું છે.

(૨) રસ્તા વાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી, પરંતુ જીલ્લાવાર/સદરવાર ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. ચાલુ નાણાંકીય વર્ષમાં તા. ૩૦/૯/૦૫ સુધી સુરેન્દ્રનગર જીલ્લા ને કુલ રૂા. ૬૩૦ લાખ ની ગ્રાન્ટ કામો માટે ફાળવાઈ છે.

(૩) જોગવાઈના પ્રમાણમાં ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

## સાવરકુંડલા તાલુકાના ધોબા ગામથી ધોબા આશ્રમ હીપાવડલી ગામ સુધીના કાચા રસ્તાઓને પાકો રસ્તો બનાવવાનું આયોજન

અતારાંકિત : ૩૯૭૯ (૧૧-૧૦-૨૦૦૫) : **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાનું ધોબા ગામથી ધોબા આશ્રમ હીપાવડલી ગામ સુધીના કાચા રોડને પાકો ડામર કરવાનું સરકારનું ક્યાં સુધીમાં આયોજન છે,

(૨) આ અંગે સરકારને કેટ કેટલી ક્યારે અરજીઓ મળેલ છે, અને

(૩) સરકારે તે સંબંધે શી કાર્યવાહી કરી છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૪-૨-૨૦૦૬) :

(૧) આ કામ મંજુર કરવાનું હાલ આયોજન નથી.

(૨) માર્ચ ૨૦૦૪ માં એક અરજી મળેલ છે.

(૩) કામ મંજુર કરવામાં આવેલ નથી અને રજુઆત કરનારને યોગ્ય પ્રત્યુત્તર આપેલ છે.

-------------

## મેડીકલ કોલેજમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને અપાતી સહાય

અતારાંકિત : ૩૮૫૪ (૧૩-૧૦-૨૦૦૫) : **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં મેડીકલ કોલેજમાં ભણતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને તા. ૩૧-૫-૦૫ સુધીમાં કેટલી રકમ કોલેજવાર શિષ્યવૃતિ, ભોજન ખર્ચ તથા અન્ય સહાય પેટે આપવામાં આવી છે,

(૨) જો ના અપાઈ હોય તો તેના શું કારણો છે, અને

(૩) આ ગ્રાન્ટ હવે ક્યારે ચૂકવવામાં આવનાર છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૩-૧૨-૨૦૦૫) :

(૧) ૧. આ સાથેના પત્રક મુજબ

(૨) ૨.

અ) મહેસાણા જિલ્લાની અ. જ. સાવલા હોમિયોપેથીક મેડિકલ કોલેજ સેલ્ફ ફાયનાન્સ હોવાથી વિદ્યાર્થીઓની આવકની ખરાઇ કરવાની કાર્યવાહી ચાલુ હોવાના કારણે.

બ) ભરૂચ જિલ્લાની સ્વામી વિવેકાનંદ ઇન્સ્ટીટયુટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રીસર્ચ, વાલીયાની માન્યતાનો પત્ર જિલ્લા કચેરીને તા. ૨૬-૧૦-૦૫ ના રોજ મળેલ હોવાના કારણે.

(૩) ૩. ખંડ-૨માં જણાવેલ બાકી રકમ તા. ૩૧-૫-૦૫ પછી ચુકવી આપેલ છે.

**પત્રક**

**રાજ્યમાં મેડિકલ કોલેજોમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોલેજવાર ચૂકવેલ શિષ્યવૃત્તિ, ભોજનખર્ચ તથા અન્ય સહાયની વિગત દર્શાવતું પત્રક (ખંડ-૧ નો જવાબ)**

| નં. | કોલેજનું નામ | તા. ૩૧-૫-૦૫ સુધીમાં ચૂક્વેલ રકમ | | |
|---|---|---|---|---|
| | | શિષ્યવૃતિ (રૂા.) | કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીને ભોજનબીલ સહાય (રૂા.) | અન્ય સહાય સાધન સહાય (રૂા.) |
| ૧ | ડીનશ્રી, મેડિક્લ કોલેજ, વડોદરા, એસ.એસ.જી. | ૪૧૭૫૫૪ | ૬૫૮૦૦ | ૭૦૦૦ |
| ૨ | હોમિયોપેથિક મેડિક્લ કોલેજ, વડોદરા, એસ.એસ.જી. | ૨૫૨૩૦ | ૦ | ૦ |
| ૩ | સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, વડોદરા | ૧૭૫૧૦ | ૦ | ૦ |
| ૪ | આર્ય ક્ન્યા શુધ્ધ આયુર્વેદ મહા વિદ્યાલય, વડોદરા | ૩૫૫૮૦ | ૦ | ૦ |
| ૫ | બરોડા હોમિયોપેથિક મેડિક્લ કોલેજ, વડોદરા | ૨૩૩૬૩ | ૦ | ૦ |
| ૬ | ગુજરાત હોમિયોપેથિક મેડિક્લ કોલેજ, સાવલી | ૪૧૭૨૨૦ | ૦ | ૦ |
| ૭ | સી.યુ.શાહ મેડિક્લ કોલેજ, સુરેન્દ્રનગર | ૫૬૬૦ | ૦ | ૦ |
| ૮ | મેડિક્લ કોલેજ, ભાવનગર | ૨૨૮૯૦ | ૦ | ૦ |
| ૯ | બી.જે. મેડિક્લ કોલેજ, અસારવા, અમદાવાદ | ૮૧૬૧૬ | ૩૫૦૦ | ૩૦૦૦ |
| ૧૦ | એન.એચ.એલ. મ્યુ. મેડિક્લ કોલેજ, એલીસબ્રીજ, અમદાવાદ | ૧૮૮૩૦ | ૦ | ૦ |
| ૧૧ | ગર્વ. મેડિક્લ કોલેજ, સુરત | ૭૮૫૩૪ | ૧૭૫૦૦ | ૦ |
| ૧૨ | એસ.એમ.સી. મેડિક્લ કોલેજ, સુરત | ૬૦૪૩૦ | ૦ | ૨૦૦૦ |
| ૧૩ | ઓ. એચ. નાઝર આયુ. મહાવિદ્યાલય, સુરત | ૧૦૬૫૬૦ | ૧૭૧૫૦ | ૫૦૦૦ |
| ૧૪ | સી. ડી. પચ્ચીગર, કોલેજ ઓફ હોમિયોપેથિક, સુરત | ૧૯૧૧૦ | ૦ | ૧૦૦૦ |
| ૧૫ | સાર્વજનિક કોલેજ ઓફ ફિઝીયોથેરાપી, સુરત | ૧૯૦૪૦ | ૦ | ૦ |
| ૧૬ | સ્વામી નારાયણ ફીઝીયો થેરાપી કોલેજ, કામરેજ ચાર રસ્તા | ૮૧૪૦ | ૦ | ૦ |
| ૧૭ | સી.એન. કોઠારી, કોલેજ ઓફ હોમિયો. મેડીસીન રીસર્ચ, વ્યારા | ૨૨૨૦૦ | ૦ | ૦ |
| ૧૮ | શ્રી એમ.પી.શાહ મેડિક્લ કોલેજ, જામનગર | ૨૯૨૮૩૭ | ૬૪૪૦૦ | ૬૦૦૦ |
| ૧૯ | પી.ડી.યુ. મેડિક્લ કોલેજ, રાજકોટ | ૩૫૩૩૦ | ૩૨૫૦ | ૦ |
| ૨૦ | રાજકોટ હોમિયોપેથિક મેડિક્લ કોલેજ, રાજકોટ | ૫૦૦૦ | ૦ | ૦ |
| ૨૧ | આચાર્યશ્રી, ડૉ. વી. એચ. દવે હોમિયોપેથિક મેડિક્લ કોલેજ, આણંદ | ૭૦૩૫૦ | ૧૪૦૦૦ | ૦ |
| ૨૨ | આચાર્યશ્રી આણંદ હોમિયોપેથિક મેડિક્લ કોલેજ, આણંદ | ૨૨૬૪૬ | ૦ | ૦ |
| ૨૩ | આચાર્યશ્રી, એમ. એન. કોલેજ ઓફ ફાર્મસી, ખંભાત | ૭૪૩૫૦ | ૦ | ૦ |
| ૨૪ | આચાર્યશ્રી, પ્રમુખ સ્વામિ મેડિક્લ કોલેજ, કરમસદ | ૧૫૭૯૦ | ૦ | ૦ |
| ૨૫ | આચાર્યશ્રી, એ.આર. કોલેજ ઓફ ફાર્મસી, વલ્લભવિદ્યાનગર | ૧૨૩૬૦ | ૦ | ૦ |

-------------

## દિકરી રૂડી સાચી મૂડી યોજના હેઠળ મળેલ અરજીઓ

અતારાંક્તિઃ ૪૦૧૪ (૧૯-૧૧-૨૦૦૫) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં ૧ લી સપ્ટેમ્બર--૦૫ ની સ્થિતિએ "દિકરી રૂડી સાચી મૂડી" યોજના અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર સહાય મેળવવા માટે કુલ કેટલી અરજીઓ મળી હતી,

(૨) આ પૈકી જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી સહાય ચૂક્વવામાં આવી,

(૩) કેટલી અરજીઓમાં ક્યા કારણોસર સહાય આપવામાં ન આવી, અને

(૪) પડતર અરજીઓનો ક્યારે નિકાલ કરવાનું આયોજન છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૨૨/૨/૨૦૦૬)

(૧), અને (૨) : સામેલ પત્રકમાં જણાવ્યા મુજબ

(૩) અનુસૂચિત જાતિની ૧૭૨૪ અરજીઓ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની ૨૪૯૭ અરજીઓમાં નીચે જણાવેલ કારણોસર સહાય આપવામાં આવેલ નથી.

(અ) આવક વધુ હોવાથી

(બ) અરજી અધૂરી હોવાથી

(ક) જે તે જાતિમાં સમાવેશ થતો ના હોવાથી

(ડ) સમય મર્યાદામાં અરજી કરેલ ના હોવાથી

(૪) આ યોજના મહિલા અને બાળવિકાસ વિભાગને તબદીલ કરેલ હોય આવી અરજીઓનો નિકાલ તે વિભાગની સંબંધકર્તા યોજના હેઠળ કરવામાં આવશે.

**પત્રક**
**દિકરી રૂડી સાચી મુડી યોજના અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષની મળેલ અરજીઓ**

| ક્રમ | જિલ્લાનું નામ | અનુસૂચિત જાતિ કલ્યાણ | | | વિક્સતી જાતિ કલ્યાણ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૧લી સપ્ટેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મળેલ અરજીઓની સંખ્યા | આ પેકી મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | ચુક્વેલ સહાયની રકમ (રૂા. લાખમાં) | ૧લી સપ્ટેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મળેલ અરજીઓની સંખ્યા | આ પેકી મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | ચુક્વેલ સહાયની રકમ (રૂા. લાખમાં) |
| ૧ | અમદાવાદ | ૨૮૩૬ | ૧૨૬૪ | ૩૭.૯૨ | ૩૫૬ | ૧૮૪ | ૫.૫૨ |
| ૨ | ગાંધીનગર | ૨૩૦ | ૨૦૩ | ૬.૩૦ | ૨૦૯ | ૧૦૮ | ૩.૨૪ |
| ૩ | મહેસાણા | ૧૮૧ | ૫૩ | ૧.૫૯ | ૨૨૩ | ૧૪૩ | ૪.૨૯ |
| ૪ | પાટણ | ૨૧૧ | ૧૫૦ | ૪.૪૯ | ૧૫૪ | ૧૧૧ | ૩.૩૨ |
| ૫ | ખેડા | ૩૨૨ | ૨૮૯ | ૮.૬૭ | ૫૮૮ | ૧૧૬ | ૩.૪૮ |
| ૬ | આણંદ | ૧૧૧ | ૪૫ | ૧.૩૬ | ૨૧૪ | ૮૫ | ૨.૪૭ |
| ૭ | સાબરકાંઠા | ૧૭૬ | ૩૦ | ૦.૯૦ | ૪૮૦ | ૧૫૦ | ૪.૫૦ |
| ૮ | બનાસકાંઠા | ૭૧૪ | ૪૦૪ | ૧૯.૭૧ | ૧૯૭ | ૧૦૯ | ૩.૨૭ |
| ૯ | રાજકોટ | ૨૧૮૮ | ૧૧૨૨ | ૫.૧૪ | ૨૭૭૪ | ૬૧૩ | ૧૮.૨૪ |
| ૧૦ | જામનગર | ૭૧૨ | ૪૨૫ | ૧૨.૮૪ | ૨૩૮૨ | ૪૮૦ | ૧૪.૫૨ |
| ૧૧ | જુનાગઢ | ૫૪૪ | ૫૧ | ૬.૭૬ | ૧૪૫૬ | ૨૪૮ | ૭.૫૦ |
| ૧૨ | પોરબંદર | ૧૩૭ | ૮૯ | ૨.૨૬ | ૪૫૩ | ૦ | ૦ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૫૧૦ | ૩૬૧ | ૧૦.૮૩ | ૩૧૪૪ | ૪૨૨ | ૧૨.૪૭ |
| ૧૪ | ભાવનગર | ૪૬૩ | ૧૨૪ | ૩.૭૪ | ૧૦૪૪ | ૨૨૮ | ૬.૮૪ |
| ૧૫ | અમરેલી | ૩૦ | ૦૬ | ૦.૧૮ | ૭૯૭ | ૧૬૪ | ૪.૯૨ |
| ૧૬ | ભુજ-કચ્છ | ૧૫૯ | ૫૩ | ૧.૫૮ | ૫૮ | ૨૨ | ૦.૬૪ |
| ૧૭ | સુરત | ૫૩ | ૪૮ | ૧.૪૪ | ૭૧ | ૬૮ | ૨.૦૪ |
| ૧૮ | વડોદરા | ૩૨૫ | ૧૯૧ | ૫.૭૬ | ૩૩૧ | ૧૬૪ | ૪.૯૨ |
| ૧૯ | ભરૂચ | ૫૩ | ૫૨ | ૧.૫૬ | ૮૬ | ૬૧ | ૧.૭૯ |
| ૨૦ | નર્મદા | ૦૭ | ૦૭ | ૦.૨૧ | ૪૫ | ૪૫ | ૧.૩૫ |
| ૨૧ | વલસાડ | ૫૬ | ૫૦ | ૧.૫૦ | ૪૭૩ | ૯૦ | ૨.૭૧ |
| ૨૨ | નવસારી | ૧૫૮ | ૧૮ | ૦.૫૪ | ૧૮૩ | ૮૨ | ૨.૪૬ |
| ૨૩ | પંચમહાલ | ૧૬૩ | ૧૪૦ | ૧.૨૨ | ૨૭૩ | ૧૫૨ | ૪.૫૬ |
| ૨૪ | દાહોદ | ૭૩ | ૩૩ | ૦.૯૯ | ૧૦૦ | ૩૬ | ૧.૦૮ |
| ૨૫ | ડાંગ | ૧૪૨ | ૦૦ | -- | -- | -- | -- |

--------------

## કચ્છ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના હેઠળ સહાય

અતારાંક્તિ: ૪૧૦૮ (૨૧-૧-૦૬) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર વર્ષ ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૫ સુધીમાં નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના અન્વયે કેટલી વ્યક્તિઓને સહાય આપવામાં આવી છે, અને

(૨) તે અન્વયે રાજ્ય સરકારે માસવાર ક્યારે ક્યારે કેટ કેટલી ગ્રાન્ટ ફાળવી ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૨૩-૨-૦૬)

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૫ સુધીમાં તાલુકાવાર નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના અન્વયે નીચે મુજબ લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે.

| ક્રમ | તાલુકાનું નામ | સહાયના લાભાર્થીઓ | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૩-૦૪ | વર્ષ ૨૦૦૪-૦૫ | વર્ષ ૨૦૦૫-૦૬ તા.૩૧-૧૨-૦૫ સુધી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ભુજ | ૮૧૩ | ૮૨૩ | ૭૯૮ |
| ૨ | માંડવી | ૫૮૭ | ૫૯૪ | ૫૭૬ |
| ૩ | મુંદ્રા | ૩૦૫ | ૩૦૭ | ૩૩૫ |
| ૪ | અંજાર | ૫૨૭ | ૫૪૨ | ૫૫૬ |
| ૫ | ગાંધીધામ | ૧૦૫ | ૧૦૩ | ૧૭૩ |
| ૬ | ભચાઉ | ૨૦૫ | ૨૦૭ | ૨૨૧ |
| ૭ | રાપર | ૮૬૦ | ૨૬૩ | ૨૭૩ |
| ૮ | નખત્રાણા | ૫૮૬ | ૫૬૬ | ૫૪૭ |
| ૯ | અબડાસા | ૫૭૧ | ૫૭૩ | ૫૫૦ |
| ૧૦ | લખપત | ૯૧ | ૯૦ | ૮૬ |

(૨) તે અન્વયે રાજ્ય સરકારે માસવાર ક્યારે કેટલી ગ્રાન્ટ ફાળવી તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | માસનું નામ | ગ્રાન્ટ ફાળવણીની તારીખ | ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | એપ્રિલ-૦૩ | તા.૧૯-૪-૦૩ | ૧.૦૦ |
| ૨ | મે-૦૩ | તા.૨૨-૫-૦૩ | ૪૫.૦૦ |
| ૩ | ઓક્ટોમ્બર-૦૩ | તા.૧૭-૧૦-૦૪ | ૭.૨૫ |
| ૪ | નવેમ્બર-૦૩ | તા.૧૫-૧૧-૦૩ | ૧૭.૫૦ |
| ૫ | જાન્યુઆરી-૦૪ | તા.૧-૧-૦૪ | ૨૫.૦૦ |
| ૬ | જાન્યુઆરી-૦૪ | તા.૨૭-૧-૦૪ | ૧૧.૦૦ |
| ૭ | ફેબ્રુઆરી-૦૪ | તા.૨૫-૨-૦૪ | ૨૪.૭૫ |
| ૮ | માર્ચ-૦૪ | તા.૨૪-૩-૦૪ | ૦.૧૭ |
| ૯ | જુન-૦૪ | તા.૮-૬-૦૪ | ૩૦.૦૦ |
| ૧૦ | જુલાઇ-૦૪ | તા.૨૬-૭-૦૪ | ૧૮.૦૦ |
| ૧૧ | ઓગષ્ટ-૦૪ | તા.૨૭-૮-૦૪ | ૧૮.૦૦ |
| ૧૨ | સપ્ટેમ્બર-૦૪ | તા.૧૫-૯-૦૪ | ૧૫.૦૦ |
| ૧૩ | ડિસેમ્બર-૦૪ | તા.૭-૧૨-૦૪ | ૧૨.૦૦ |
| ૧૪ | ડિસેમ્બર-૦૪ | તા.૨૮-૧૨-૦૪ | ૧૦.૦૦ |
| ૧૫ | જાન્યુઆરી-૦૫ | તા.૧૯-૧-૦૫ | ૩.૦૦ |
| ૧૬ | ફેબ્રુઆરી-૦૫ | તા.૨૩-૨-૦૫ | ૧૯.૦૦ |
| ૧૭ | માર્ચ-૦૫ | તા.૨૨-૩-૦૫ | ૧૨.૫૨ |
| ૧૮ | જુન-૦૫ | તા.૨૩-૬-૦૫ | ૩૦.૦૦ |
| ૧૯ | ઓગષ્ટ-૦૫ | તા.૨૪-૮-૦૫ | ૨૦.૦૦ |
| ૨૦ | સપ્ટેમ્બર-૦૫ | તા.૨૨-૯-૦૫ | ૧૭.૦૦ |
| ૨૧ | નવેમ્બર-૦૫ | તા.૧૯-૧૧-૦૫ | ૧૭.૫૦ |

--------------

## કચ્છ જિલ્લાના ભૂકંપ ગ્રસ્ત શહેરો માટે રકમની ફાળવણી

અતારાંક્તિ: ૩૯૩૯ (૬-૧૦-૦૫) **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લાના ભૂકંપ ગ્રસ્ત શહેરો માટે એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટીની રચના પછી તા.૩૦-૬-૨૦૦૫ સુધીમાં મહેકમ અને વહીવટ માટે કેટ કેટલું ખર્ચ શહેર દીઠ કરવામાં આવ્યું,

(૨) આ ખર્ચની રકમ ક્યા ક્યા સદરે ફાળવવામાં આવી કે મેળવવામાં આવી, અને

(૩) આ ઓથોરીટીઓની કામગીરી દ્વારા કુલ કેટ કેટલી રકમની આવક તા.૩૦-૬-૨૦૦૫ સુધીમાં જુદા જુદા શહેરોમાં જમા કરાવવામાં આવી ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** : (૪-૨-૦૬)

(૧) મહેકમ અને વહીવટ માટે નીચે મુજબનું ખર્ચ તા.૩૦-૬-૨૦૦૫ સુધીમાં શહેર દીઠ કરવામાં આવેલ છે.

| ક્રમ | સત્તામંડળનું નામ | કરેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | ભૂજ વિસ્તાર વિકાસ સત્તામંડળ | રૂા. ૩.૯૯ ક્રોડ |
| ૨ | અંજાર વિસ્તાર વિકાસ સત્તામંડળ | રૂા. ૨.૮૧ ક્રોડ |
| ૩ | રાપર વિસ્તાર વિકાસ સત્તામંડળ | રૂા. ૧,૩૩,૩૫,૪૩૩ |
| ૪ | ભચાઉ વિસ્તાર વિકાસ સત્તામંડળ | રૂા. ૨,૩૪,૫૨,૮૭૮ |

(૨) આ રકમ ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેજમેન્ટ ઓથોરીટી દ્વારા એશીયન ડેવલપમેન્ટ બેંક દ્વારા મંજૂર કરવામાં આવેલ લોનમાંથી મેળવવામાં આવેલ છે.

(૩) આ ઓથોરીટીઓની કામગીરી દ્વારા તા. ૩૦-૬-૨૦૦૫ સુધીમાં નીચે મુજબની રકમની આવક જુદા જુદા શહેરોમાં જમા કરવામાં આવી.

| ક્રમ | સત્તામંડળનું નામ | કરેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | ભૂજ વિસ્તાર વિકાસ સત્તામંડળ | રૂા. ૧.૪૦ ક્રોડ |
| ૨ | અંજાર વિસ્તાર વિકાસ સત્તામંડળ | રૂા. ૧.૧૦ ક્રોડ |
| ૩ | રાપર વિસ્તાર વિકાસ સત્તામંડળ | રૂા. ૩૧,૩૯,૯૭૨ |
| ૪ | ભચાઉ વિસ્તાર વિકાસ સત્તામંડળ | રૂા. ૧,૦૬,૬૦,૮૯૩ |

--------------

## નગરપાલિકા વિસ્તારમાં ગરીબો માટે મકાનોની દરખાસ્તો

અતારાંક્તિ : ૩૯૫૩ (૧૧-૧૦-૦૫) : **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નગરપાલિકા વિસ્તારમાં વસતા ગરીબો માટે મકાનો બનાવવાની કોઇ યોજના સરકાર દ્વારા કાર્યરત છે,

(૨) જો હા, તો તા.૩૦-૯-૨૦૦૫ની સ્થિતિએ આ યોજના હેઠળ રાજ્યની કઇ કઇ નગરપાલિકાઓ એ કેટલા મકાનો બાંધેલ છે, અને

(૩) કેટલી નગરપાલિકાની દરખાસ્તો પડતર છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૮-૨-૦૬) :

(૧) હા, (રાજ્ય સરકારની કોઇ યોજના નથી પરંતુ ભારત સરકારની વામ્બે યોજના છે.)

(૨) શૂન્ય.

(૩) પાંચ નગરપાલિકાઓની વામ્બે યોજના અંતર્ગત દરખાસ્તો ચકાસણી હેઠળ છે.

--------------

## "" નેશનલ અર્બન રીન્યુલ મીશન"" યોજના

અતારાંક્તિ : ૪૦૭૧ (૫-૧-૦૬) : **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી "" નેશનલ અર્બન રીન્યુલ મિશન"" ના હેડ હેઠળ ૨૦૦૫-૦૬માં કુલ કેટલી રકમો મળી હતી,

(૨) આ રકમોમાંથી ક્યા ક્યા શહેરને ક્યા હેતુસર રકમ ફાળવવામાં આવી,

(૩) ૨૦૦૫-૦૬માં કુલ કેટલી રકમો સરકારને આ હેડ હેઠળ મળનાર છે, અને

(૪) બાકીની રકમો અંગે રાજ્ય સરકારે ક્યારે ક્યારે કેન્દ્ર સરકારને રજૂઆતો કરી, આ અંગે શું પ્રતિભાવો મળ્યા હતા?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૪-૨-૦૬) :

(૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી "" જવાહરલાલ નહેરૂ રીન્યુઅલ મિશન"" ના હેડ હેઠળ ૨૦૦૫-૦૬માં કોઇ રકમ મળી નથી.

(૨) રકમ મળેલ નથી તેથી ફાળવવાનો પ્રશ્ન થતો નથી.

(૩) ૨૦૦૫-૦૬માં "" જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન"" હેડ હેઠળ મળનાર રકમ નિતિ નથી.

(૪) પ્રસ્તુત યોજના કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં તા.૩-૧૨-૦૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. તેથી કેન્દ્ર સરકારને રજૂઆત કરવાની બાબત હાલ અપ્રસ્તુત બને છે.

--------------

## વિભાગમાં માહિતી અધિકાર હેઠળ મળેલ અરજીઓ

અતારાંકિત : ૪૦૩૩ (૧૦-૧-૦૬) : **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૦-૧૧-૦૫ની સ્થિતિએ વિભાગમાં જુદા જુદા વિષયોના સંબંધમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી મેળવવા માટે કુલ કેટલી અરજીઓ મળી,

(૨) આ અરજીઓમાંથી કેટલી અરજીઓમાં માહિતી આપવામાં આવી,

(૩) કેટલી અરજીઓમાંથી ક્યા કારણસર માહિતી આપી નથી, અને

(૪) આ કાયદા હેઠળની કુલ કેટલી આવકો રાજ્ય સરકારને પ્રાપ્ત થઇ ?

**માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી** (૧૩-૨-૦૬) :

(૧) એક (૧).

(૨) એક (૧).

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) અરજીની ફી રૂા. ૨૦/- સા.વ.વિ.માં જમા કરાવેલ છે.

-------------

## જામનગર જિલ્લામાં આદિવાસીઓને સરકારી યોજનાનો લાભ

અતારાંકિત : ૩૩૧૯ (૨૮-૨-૦૫) : **શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા (જામજોધપુર) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે આદિવાસીઓની સંખ્યા કેટલી છે,

(૨) આવા આદિવાસી ગામ/નેશ વિસ્તારના લોકો માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ યોજનાનો લાભ મળે છે કે કેમ, અને

(૩) આવા ગામ/નેશ વિસ્તારના વિકાસ માટે કોઇ ખાસ યોજનાનો લાભ આપવા માંગો છો કે કેમ ?

**આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** (૧૩-૨-૦૬) :

(૧) ભારત સરકાર દ્વારા થયેલ સને ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે જામનગર જિલ્લામાં અનુ.જનજાતિની કુલ વસ્તી ૧૦૪૫૯ છે.

(૨) હા, જી. રાજ્ય સરકાર દ્વારા આદિવાસી ગામ/નેશ વિસ્તારના લોકોને યોજનાનો લાભ આપવામાં આવે છે.

(૩) આવા આદિવાસી ગામ/નેશ વિસ્તારના વિકાસ માટે સરકારશ્રીની બધી યોજનાનો લાભ આપવાનું અમલમાં છે. કોઇ ખાસ યોજના અમલમાં નથી. તેથી ખાસ યોજનાનો લાભ આપવાનો પ્રશ્ન નથી.

**અતારાંક્તિ યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૪૧૧૬ | ૧ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૩૯૭૦ | ૧ |
| ૩ | નાણા વિભાગ | ૩૯૮૫, ૩૯૯૩, ૪૦૨૫ | ૩ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૪૦૫૦, ૪૦૫૨, ૪૦૫૩ | ૩ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૬૯૮, ૩૮૯૧, ૩૯૦૦, ૩૯૫૨ | ૪ |
| ૬ | ગૃહ વિભાગ | ૪૦૧૮ | ૧ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૯૨૬, ૪૦૩૭ | ૨ |
| ૮ | શ્રમ અને રોજગાર વિભાગ | ૩૯૬૩, ૪૦૦૨ | ૨ |
| ૯ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૩૮૧૫, ૪૦૦૩, ૪૦૦૪, ૪૦૦૮, ૪૦૧૦, ૪૦૧૧, ૪૦૬૦, ૪૦૬૪ | ૮ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૫૫૫, ૩૭૮૨, ૩૭૮૬, ૩૭૮૯, ૩૭૯૦, ૪૦૭૬, ૪૦૭૭, ૪૦૮૨, ૪૦૮૬ | ૯ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૩૬૭૪, ૩૮૪૦ | ૨ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૩૬૮૭, ૩૬૮૮, ૩૬૮૯, ૩૬૯૦, ૩૮૫૧, ૩૯૭૯ | ૬ |
| ૧૩ | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ | ૩૮૫૪, ૪૦૧૪, ૪૧૦૮ | ૩ |
| ૧૪ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૩૯૩૯, ૩૯૫૩, ૪૦૭૧ | ૩ |
| ૧૫ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | ૪૦૩૩ | ૧ |
| ૧૬ | આદિજાતિ વિકાસ વિભાગ | ૩૩૧૯ | ૧ |
| | | કુલ :- | **૫૦** |

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

**નર્મદા નદીમાં સાત યુવાનોનાં ડૂબી જવાથી મૃત્યુ થવા અંગે**

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

"ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના ઉચેડીયા ગામ પાસેથી પસાર થતી નર્મદા નદીમાં તા. ૧૫/૩/૨૦૦૬ના રોજ ધૂળેટીના દિવસે સ્નાન કરવા અર્થે ગયેલ સાત યુવાનોનાં ડૂબી જવાથી મૃત્યુ થયાં છે, જે પૈકી હજી ચાર યુવાનો લાપતા છે. આ સંજોગોમાં મૃત્યુ પામનારના પરિવારજનોને મદદરૂપ થવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : તા. ૧૫/૩/૨૦૦૬ના રોજ ધુળેટીના દિવસે ૧૦-૩૦ વાગે હરીશભાઈ પટેલે શ્રી નીતીનભાઈ ધીરજભાઈ પટેલને ફોનથી જાણ કરીને મિત્રો સાથે ઉચેડીયા ગામે આવવાનું જણાવી (૧) હરનિશભાઈ ધનસુખભાઈ પટેલ, દાંડીયા બજાર,ભરૂચ, (૨) ધર્મેશભાઈ બાબુભાઈ પરમાર રહે. નારાયણ કુંજ સોસાયટી, ઝાડેશ્વર, ભરૂચ (૩) પીયુષભાઈ બાબુભાઈ પરમાર રહે. નારાયણ કુંજ સોસાયટી, ઝાડેશ્વર, ભરૂચ (૪) સ્મિતેષભાઈ રજનીકાંત ગજજર, રહે. લક્ષ્મી સોસાયટી, જૂના પાદરા રોડ, વડોદરા (૫) શ્યાલકુમાર ઉર્ફે શાહીલભાઈ જીતેન્દ્રભાઈ અગ્રવાલ રહે. ભારતી રો હાઉસ, ભરૂચ (૬) સમીરભાઈ સુરેન્દ્રભાઈ ચાવડા રહે. ભારતી રો હાઉસ, ભરૂચ (૭) દિવ્યેન ઉર્ફે ચીરાગભાઈ રમેશચંદ્ર પટેલ, રહે. સંતોષનગર, ભરૂચ (૮) કેયુરભાઈ કિશોરચંદ્ર સોલંકી, રહે. અયોધ્યા નગર, લીંકરોડ, ભરૂચ, (૯) શૈલેષભાઈ માછી પટેલ, રહે. બોરભાઠા-બેટ તાલુકા અંક્લેશ્વરનાઓ ઉચેડીયા ગામે નિતીનભાઈના ઘરે આવેલા અને જમવાનું બનાવી નર્મદા નદીના કિનારે ગયેલા અને તમામ ઉપરોક્ત ૧૦ જણાએ ભોજન લીધેલ ત્યાર બાદ બપોરના ૧૫-૦૦ કલાકે હરનિશભાઈ ધનસુખભાઈ પટેલ કે જેઓ ઓનિડા સર્વિસ સૅન્ટર, ભરૂચના માલિક છે તેઓના ત્યાં ઉપર્યુક્ત તમામ માણસો પ્રાઇવેટ નોકરી કરે છે તેઓ નદીમાં સ્નાન કરવા પડેલા તે પૈકી કોઈને તરતાં આવડતું ન હોઈ કિનારા ઉપર નાની હોડી પડેલ હતી તેને ધક્કો મારી આગળ લઈ ગયેલા તે વખતે પાણી બે ફૂટ જેટલું ઊંડું હતું નદીમાં આશરે એક કિલોમીટર આગળ જતાં કડોદ બેટ ખાતે પાણીની ઉંડાઈ એક વાંસ જેટલી હોઈ તથા પાણીનો પ્રવાહ ઝડપથી વહેતો હોવાથી આ લોકો આ બાબતથી અજ્ઞાન હોઈ તેઓ ત્યાં પહોચતાં અચાનક/ એકાએક એક પછી એક પાણીના પ્રવાહના કારણે તણાવા લાગેલ, હોડી પાસેના (૧) નીતીનભાઈ ધીરજભાઈ પટેલ (૨) શૈલેષ માંછી હોડીમાં બેસી ગયેલ જ્યારે કેયુર સોલંકીએ હોડીને પકડી લેતાં

હોડી દ્વારા બહાર નીકળી જતાં બચવા પામેલ હતા જ્યારે બાકીના સાત જણા પાણીમાં ડૂબી તણાઈ ગરકાવ થઈ ગયેલા.

કલાક ૧૮/૩૦ વાગે નીતિનભાઈ ધીરજભાઈ પટેલ ઝઘડીયા પો.સ્ટે.માં આવી બનાવની જાણ કરતાં પો.ઈ.શ્રી ઝઘડીયા તાત્કાલિક બનાવના સ્થળે પહોંચી તપાસ કરી આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ કન્ટ્રોલ રૂમ ભરૂચ, મામલતદારશ્રી ઝઘડીયા, ડી.ડી.ઓ. ઝઘડીયાને તાત્કાલિક જાણ કરી લાશ શોધવા માટેની રાહત કામગીરી માટે ફાયર બ્રીગેડના તરવૈયા ૮ માણસો, પોલીસ બોટના તરવૈયા ૬, સ્થાનિક તરવૈયા ૪ તથા ૮ જેટલી ખાનગી બોટ, જાળ, લાઈટ તથા  જનરેટરની વ્યવસ્થા કરી લાશોની શોધખોળ કરેલ તથા તમામ નર્મદા નદી કાંઠા વિસ્તારના પોલીસ સ્ટેશનોને એલર્ટ કરવામાં આવેલ હતા જેથી મઢીઘાટથી  સરદાર બ્રીજ વચ્ચેના ભાગમાંથી (૧) હરનિભાઈ ધનસુખભાઈ પટેલ (૨) ધર્મેશભાઈ બાબુભાઈ પરમાર (૩) પીયુષભાઈ બાબુભાઈ પરમાર (૪) સ્મિતેષભાઈ રજનીકાંત ગજ્જર (૫) શ્યાલકુમાર ઉર્ફે શાહીલભાઈ જીતેન્દ્રભાઈ અગ્રવાલ (૬) સમીરભાઈ સુરેન્દ્રભાઈ ચાવડાની લાશો તા. ૧૬/૩/૨૦૦૬ તથા તા. ૧૭/૩/૨૦૦૬ના રોજ આ લાશો શોધી કાઢવામાં આવેલ છે. તમામ લાશોનું ઈન્કવેસ્ટ તાત્કાલિક ભરી, પી.એમ. કરાવી તેઓના સગા-સંબંધીઓના રહેઠાણે સુપરત કરવામાં આવેલ હતી.

પોલીસ બોટ, સ્થાનિક તરવૈયા, ફાયર બ્રિગેડ, જાળો નાંખી, તરવૈયા પાસે ડૂબકીઓ દ્વારા  રાત દિવસ સઘન પ્રયાસ કરવા છતાં (૧) શ્રી ચીરાગભાઈ રમેશચંદ્ર પટેલ રહે. સંતોષનગર, ભરૂચની લાશનો આજ દિન સુધી પત્તો લાગેલ નથી.

બનાવની જાણ થતાં ફાયર બ્રીગેડ, પોલીસના સ્ટાફ તથા સ્થાનિક તરવૈયા તથા બોટોનો સઘન તાત્કાલિક ઉપયોગ કરવામાં આવેલ હતો તથા નદી કિનારાના વિસ્તારોના પોલીસ સ્ટેશનોને જાણ કરવામાં આવેલ હતી તથા પોલીસ અધિકારીશ્રીઓ તથા સ્ટાફના માણસો સમયસર બનાવના સ્થળે પહોંચી બચાવ/શોધખોળની કામગીરી ત્વરિત કરવામાં આવેલ હતી.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભરૂચના અભિપ્રાય અનુસાર આ કિસ્સો અકસ્માત મૃત્યુના કિસ્સામાં
જણાઈ આવતો નથી, જેથી સહાય ચૂકવવાપાત્ર જણાતી નથી.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી,  મારા મતવિસ્તારમાંથી નર્મદા નદી વહે છે. નર્મદા નદી એક પવિત્ર નદી હોવાથી આપણા તહેવારોમાં લોકો ધાર્મિક ક્રિયા  માટે સ્નાન કરવા માટે નદીમાં જાય છે અને નજીકમાં સમુદ્ર હોવાથી ભરતી અને ઓટ આવતા હોય છે અને વારંવાર ડૂબી જવાના બનાવો બને છે તો આવા બનાવો બનતા અટકાવવા માટે કોઈ કાયમી પગલાં લીધાં છે કે કેમ?  અને મારો બીજો પ્રશ્ન એ છે કે નર્મદા નદીમાં સ્નાન કરનાર કે નર્મદા કેનાલમાં થતા અકસ્માતમાં જે કોઈ મૃત્યુ પામે એને ઇન્સ્યોરન્સની સ્કીમ હેઠળ આવરી લઈને મૃતકના પરિવારજનોને સહાય મળે તેવું આયોજન કરવા માગો છો કે કેમ ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી,  જ્યાં સુધી કાયમી પગલાંનો સવાલ છે ત્યાં સુધી નર્મદા વિભાગ દ્વારા  અને જુદા જુદા વિભાગો દ્વારા જે પણ જગ્યાએ સાવચેતીના બોર્ડ લગાવેલ છે. આમ છતાંય આવી ઘટનાઓ બનતી હોય છે અને જ્યાં સુધી ઈન્સ્યોરન્સનો સવાલ છે ત્યાં સુધી વિદ્યાર્થીઓ માટે, ખેડૂતો માટે, કામદારો માટે જુદી જુદી ઈન્સ્યોરન્સની સ્કીમો રાજય સરકારે અમલમાં મૂકી છે અને ઈન્સ્યોરન્સ લીધેલ છે પણ કોઈ વ્યકિત ડૂબી જાય એના માટેનો ઈન્સ્યોરન્સ કરી આખા રાજયના નાગરિકો પર બોજો ન હોઈ શકે. એટલે એનો બીજો કોઈ વિકલ્પ રાજય સરકાર પાસે નથી

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના નિવેદનમાં છેલ્લી બે લીટીમાં જણાવેલ છે કે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભરૂચના અભિપ્રાય અનુસાર આ કિસ્સો અકસ્માત મૃત્યુના કિસ્સામાં જણાઈ આવતો નથી, જેથી સહાય ચૂકવવાપાત્ર જણાતી નથી. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલી જ સ્પષ્ટતા જોઈએ છે કે, આ નથી અકસ્માત કે નથી  બીજા કોઈ પ્રકારનો કિસ્સો, તો આ કયા પ્રકારના મૃત્યુની વ્યાખ્યામાં થશે અને ડીડીઓએ જ્યારે આવો રિપોર્ટ કર્યો છે તો એ  કર્યા પહેલાં સરવે અથવા કોની પાસેથી, કોઈ નિષ્ણાતો પાસેથી એને  કઈ રીતે અભિપ્રાય મેળવ્યો છે ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી,  મહેસૂલ વિભાગના સરકયુલર ૧૯૮૦નો છે એમાં લખ્યું છે કે, વીજળી પડવાથી, ડૂબી જવાથી, તણાઈ જવાથી કે નદી-તળાવમાં નાહવા પડવાથી જો મૃત્યુ થાય એ અકસ્માત મૃત્યુ થયુ છે એમ ગણી શકાશે નહીં, આ સરકયુલરના આધારે આ અભિપ્રાય કર્યો છે. અને માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે બીજી વાત કરી એ એમનું સૂચન છે અને મહેસૂલ વિભાગને લગતું સૂચન છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આ નદીઓમાં ખાસ કરીને યુવાન માણસો અને બાળકોને ડૂબી જવાની ઘટનાઓ હમણાં હમણાં ખૂબ બનતી રહી છે અને તેમને તરતાં ના આવડતું હોય અથવા તો ત્યાં સ્થાનિક જળાશયો અથવા નદીની કેનાલ હોય ત્યાં માત્ર દેખાદેખીના કારણે યુવાનો અને બાળકો આમાં

જાય છે અને ઘણી વખતે એક જ પરિવારના અથવા તો એક જ ગામના બાળકો છે. યુવાનો છે એ એમાં ડૂબી જાય છે અને આવી ઘટનાઓ વારંવાર બનતી રહે છે અને આ જે ઘટના છે એ માત્ર એની અવરનેશના અભાવે બનતી હોય છે. એટલે એને રોકવા માટે ખાસ કરીને ગ્રામ રક્ષક દળ, હોમગાર્ડ, સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરે સિકયુરિટી મૂકીને અને સ્કૂલો અને કોલેજો છે ત્યાં એના માટેની ખાસ જાગૃતિના કેમ્પો કરવા જોઈએ કે સાઈન બોર્ડ મૂકવા જોઈએ અને જે આ પ્રકારના ભયજનક સ્થળો છે એ જગ્યાએ આવા જળાશય કે પાણીના સ્ત્રોત અંગેની માહિતી પણ આપવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત એ કહેવા માગું છું કે, આવી ચિંતાજનક ઘટના બને છે એને રોકવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ, હોમગાર્ડ, ગ્રામ રક્ષક દળ વગેરે જે તે સ્થળ ઉપર ચોક્કસ આના માટે માર્ગદર્શન આપે અને આ પ્રકારની ઘટના ન બને એ માટે શાળા-કોલેજોમાં કેમ્પો કરીને જાગૃતિના કોઈ પગલા લેવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રીનું જે સૂચન છે અને જે ચિંતા વ્યકત કરી છે એ અંગે હકારાત્મક વિચાર કરીશું.

**શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઘટનામાં ૭ લોકોના મૃત્યું થયાં છે, એમાંથી ૬ યુવાનો તો મારા મત-વિસ્તાર ભરૂચના છે અને એક યુવાન વડોદરાનો છે. ખાસ કરીને ભરૂચ શહેરમાં નર્મદા નદીમાં દરિયાઈ ખારાશને કારણે નર્મદા ડેમમાંથી પાણી છોડવામાં આવે છે એ અનિયમિત સમયે ગમે ત્યારે છોડવામાં આવતું હોય છે એને કારણે લોકોને એની પૂરતા પ્રમાણમાં જાણ નથી હોતી એને લીધે તહેવારોના દિવસોમાં લાખોની સંખ્યામાં લોકો પવિત્ર નર્મદા નદીમાં સ્નાન માટે જાય છે ત્યારે આવી ઘટનાઓ બને છે. તો આ પ્રકારે અનિયમિત રીતે જે પાણી છોડવામાં આવે છે એની જાણ લોકોને તાત્કાલિક થાય એ જરૂરી છે અને ખાસ કરીને સ્નાન ઘાટ છે ત્યાં લોકો પરંપરાગત રીતે સ્નાન કરે છે એવા સ્થાનો ઉપર માહિતી મળી રહે એવું કોઈ આયોજન કરવા માગો છો કે કેમ? અને આવા બનાવો બન્યા પછી હંમેશા જે લોકો ડૂબી જાય છે એના મૃતદેહો શોધવામાં ખૂબ જ વિલંબ થાય છે એનું કારણ જિલ્લા કક્ષાએ, નગરપાલિકા કક્ષાએ અદ્યતન સાધનો જેવા કે બોટો, જાળ, લાઈટ, તથા જનરેટરની વ્યવસ્થા વગેરે ન હોવાના કારણે મુશ્કેલી ઊભી થાય છે અને આ કિસ્સામાં પણ જવાબમાં જણાવ્યું છે એમ સ્થાનિક લોકોએ આ બધા સાધનોની વ્યવસ્થા કરીને બચાવ કામગીરી કરી છે. આપણી પાસે વ્યવસ્થા અપૂરતી છે તો આવા સાધનોની વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં અદ્યતન કરવા માગો છો કે કેમ?

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ આ જે સાત યુવાનો ડૂબી ગયા છે એ પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતા હતા અને એમાંથી ચાર તો એવા યુવાનો હતા કે તેમના માતા-પિતાના એકના એક સંતાન હતા ત્યારે ખાસ કિસ્સામાં આ લોકોના પરિવારોને સરકાર કોઈ મદદ કરવા માગે છે કે કેમ? તેમજ તહેવારોના સમયે લાખોની સંખ્યામાં લોકો સ્નાન કરતા હોય છે ત્યારે બોટ સાથે તરવૈયાઓની કાયમી વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમાં એમની થોડીક નિવેદન વાંચવામાં ભૂલ છે. નિવેદનમાં આ બાબત સ્પષ્ટ જણાવ્યું છે કે, 'લાશ શોધવા માટેની રાહત કામગીરી માટે ફાયર બ્રીગેડના તરવૈયા-૮ માણસો, પોલીસ બોટના તરવૈયા-૬, સ્થાનિક તરવૈયા ૪ તથા ૮ જેટલી ખાનગી બોટો એ બધાની મદદ લેવામાં આવી છે. એટલે બોટની કે બીજી કોઈ વ્યવસ્થા નથી એવું નથી. બીજુ ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે દરેક જિલ્લાનો પ્લાન બનાવ્યો છે એટલે એ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો પાસે આ પ્રકારની સામગ્રી પડી છે એની યાદી હોય છે. એનું આખું તંત્ર જ મોબીલાઈઝ કરીને ત્યાં લાવવામાં આવે છે એટલે વ્યવસ્થા નથી એવી હકીકત નથી. બીજી વાત એમણે કરી કે જ્યાં આગળ ભયજનક પાણી હોય ત્યાં બોર્ડ લગાડવાની કામગીરી કરવામાં આવે. એવી કામગીરી આમ તો અત્યારે કરેલી જ છે તેમ છતાં કેટલાક સ્પૉટ રહી ગયા હશે તો રાજય સરકાર એના માટે ચોક્કસ વિચાર કરશે.

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ઘટના બની છે એમાં સાત જેટલા યુવાનોના મૃત્યુ થયા છે એનાથી સાત જેટલા કુટુંબોએ પોતાનો આધાર ગુમાવ્યો છે ત્યારે સહાય ચૂકવવા માટે માનવતાના ધોરણે નિર્ણય લેવાવો જોઈએ. ઘણી આવી ઘટનામાં આ પ્રકારની સહાય ચૂકવવાનો નિર્ણય લેવાતો હોય છે તો આમાં પણ આવો નિર્ણય લેવામાં આવે એવી મારી સ્પષ્ટ લાગણી છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, આવી દુ:ખદ ઘટનાને કારણે આ ઘટનામાં પણ એક લાશ મળી નથી અને જયારે લાશ ન મળે ત્યારે કેટલાય વર્ષો સુધી સામાન્ય રીતે સાત વર્ષ સુધી આ વ્યકિતને મૃત જાહેર કરી શકાતો નથી અને એ સંજોગોની અંદર એને મરણોત્તર જે કંઈ હક્કો લાભ એના કુટુંબને મળવા જોઈએ એ મળી શકતા નથી તો આ અંગે મરણનું સર્ટીફિકેટ કોઈ કાયદાની જોગવાઈ દ્વારા મળી શકે એવી કોઈ વ્યવસ્થા સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક નીતિ વિષયક નિર્ણય છે અને કોર્ટના કેટલાક જજમેન્ટોના આધારે આવા નિર્ણયો ભૂતકાળમાં સરકારે પરિપત્રો બહાર પાડીને કરેલા છે એટલે અત્યારે હાલ આ બાબતમાં વધુ કંઈ કરી શકાય તેમ નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, નર્મદા નદી હોય કે અમદાવાદની સાબરમતી નદી હોય આપણે ત્યાં ધાર્મિક તહેવારો હોય છે જેમ કે ગણેશજીના વિસર્જનનું હોય કે માં દશામાં વ્રતની મૂર્તિનું હોય આવા તમામ પ્રસંગોએ લાખ્ખોની સંખ્યામાં લોકો નદીના ઘાટ પર એકત્રિત થતા હોય છે. આવા સંજોગોમાં પહેલા નદીના ઘાટનો ઉપયોગ થતો હતો એના કરતાં અત્યારે વધારે સંખ્યામાં ઉપયોગ થાય છે તો વધુ નવા ઘાટ બનાવી જેમ કે હરદ્વારમાં અમુક જગ્યાએ આગળ જવા માટે પ્રોવીઝન જ નથી હતું તો આવી કોઈ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ? બીજું આજકાલ નદીની અંદર ગેરકાયદેસર રેતીના ખોદાણની પ્રક્રિયા વધારે ચાલતી હોવાના કારણે આ લોકોને કોઈ અંદાજ નથી હોતો આગળ જતા રેતી નદીમાંથી કાઢી લીધી હોય એને કારણે આ પ્રમાણેના પ્રસંગો બનતા હોય છે તો આવા સંજોગોમાં આપણે એની ચિંતા કરીને કોઈ આયોજન કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ એમનું સૂચન છે વિભાગ ચોકકસ એના પર યોગ્ય વિચારણા કરશે.

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ** : આ નર્મદા કેનાલ અને નર્મદા નદીના કિનારે જે જે ગામો આવે છે આમ તો દરેકે દરેક ગામની અંદર સામાન્ય રીતે પાંચ, દશ, પંદર જણાને તરતા આવડતું જ હોય છે. તો તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયત મારફતે આ દરેક ગામડાઓમાં શિબિર મારફતે તરવાની પ્રેકટીસ કરવા માટે કોઈ આયોજન કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હોમગાર્ડ અને ગ્રામ સુરક્ષા દળના જવાનોને ડિઝાસ્ટર મેનેજમેન્ટના એકશન પ્લાન અંતર્ગત આ તાલીમ આપેલી જ હોય છે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશનનો વાર્ષિક અહેવાલ

**શ્રી મંગુભાઈ છ. પટેલ (આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત આદિજાતિ વિકાસ કોરપોરેશનનો સન ૨૦૦૧-૦૨નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## ગુજરાત મેરીટાઈમ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઈમ બોર્ડનો સન ૨૦૦૩-૦૪નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ અને કામચલાઉ વાર્ષિક હિસાબો

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક વહીવટી અહેવાલ અને કામચલાઉ વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ તથા કામચલાઉ વાર્ષિક હિસાબો મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેનો સમિતિના અહેવાલની રજૂઆત

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** (સમિતિના સભ્યશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો તેરમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે કે આજરોજ ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા વિધાનસભાના ચોથા માળે આવેલા સમિતિ ખંડમાં સભાગૃહની બેઠક પૂરી થયા બાદ દશ મિનિટ પછી રાખવામાં આવી છે તેમાં દરેક સભ્યશ્રીએ અચૂક હાજર રહેવા વિનંતી.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ)

## કૃષિ અને સહકાર વિભાગ

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૪,૦૮,૫૧,૦૫,૦૦૦ની અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૯,૬૭,૫૦,૦૦૦ની માગણી ક્રમાંક.૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક:૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૧ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૩ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક:૪**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯૦,૬૬,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક:૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક:૪ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી મુકેશ ભૈ. ગઢવી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૧ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૫**

**શ્રી સી.ડી. પટેલ (રાજય કક્ષાના સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવા અંગેની, કૃષિ અને સહકાર વિભાગને લગતી મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૪૪,૮૦,૩૧,૦૦૦ની તથા મૂડી ખર્ચ માટે રૂપિયા ૧૫,૦૪,૯૯,૦૦૦ની માગણી ક્રમાંક: ૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૫ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૭રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી મુકેશ ભૈ. ગઢવી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૬**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (મત્સ્યોદ્યોગમંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૬૧,૫૦,૪૫,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૫,૦૦,૦૦,૦૦૦ ની માગણી ક્રમાંક ૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરવામાં આવી.**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક: ૧૦૫**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ વિકાસ વિભાગ સેવાને લગતી મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૭૯,૫૫,૦૦૦ ની માગણી ક્રમાંક ૧૦૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૦૫ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરવામાં આવી.**

## સન ૨૦૦૬–૨૦૦૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી બુધવાર, તા.૨૨–૩–૨૦૦૬ (દશમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **કૃષિ અને સહકાર વિભાગ**<br>**માગણી નં. ૨** | |
| ૧. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૦૦૧– નિદેશ અને વહીવટ<br>૦૧– એ.જી.આર.–૧ કૃષિ.....કચેરી<br>રૂા. ૩,૫૪,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૩પા.નં. ૧૭ | ૧૦૦ | કૃષિ પાકોનું વધુ ઉત્પાદન થાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| * ૨. | –– " –– | ૧૦૦ | ખેડૂતોને તેના પાકના પોષણક્ષમ ભાવો મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અનિલકુમાર પટેલ |
| ૩. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૧૦૩– બિયારણ<br>૦૧– કપાસની.... વહેંચણી<br>રૂા. ૧,૬૧,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૩ પા.નં. ૨૨ | ૧૦૦ | કપાસની જુદી જુદી જાતોના બિયારણમાં થતી ભેળસેળ રોકી કપાસના પાકને નિષ્ફળ જતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૪. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૧૦૩– બિયારણ<br>૦૪– એ.જી.આર.– (સમાયોજિત).... સ્થાપના<br>રૂા. ૪,૮૩,૦૦૦ | ૧૦૦ | ખેડૂતોને સમયસર અને પૂરતું બિયારણ મળી રહે તેવું આગોતરું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૩ પા.નં. ૨૪ | | | |
| * ૫. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૧૦૪– કૃષિ ફાર્મ<br>૦૩–<br>એ.જી.આર.–૧૧–<br>ગુજરાત....<br>સહાયકી<br>રૂા. ૨૭,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૩ પા.નં. ૨૫ | ૧૦૦ | ટપક સિંચાઈ યોજના હેઠળ ખેડૂતોને સમયસર સહાય ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૬. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૧૦૫–ખાતર.....ખાતર<br>૦૧–એમોનિયમ.....વહેં ચણી<br>રૂા. ૭૧,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩ પા.નં. ૨૮ | ૧૦૦ | રસાયણી ખાતરની વહેંચણીમાં ચાલતી ગેરરીતિઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઈ રબારી |
| ૭. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૧૦૭– છોડ રક્ષણ<br>૦૪– એ.જી.આર ૫૦–<br>કીટવિજ્ઞાન......વિસ્તરણ<br>રૂા. ૪,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં. ૩૫ | ૧૦૦ | કીટ વિજ્ઞાન અંગેની વિગતવાર માહિતીનો લાભ છેવાડાના ખેડૂતોને મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૮. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૧૦૯–વિસ્તરણ...તાલી મ<br>૦૩– એ.જી.આર.–૬–<br>વધુ.... કાર્યક્રમ<br>રૂા. ૧,૩૪,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૩ પા.નં. ૪૬ | ૧૦૦ | અંતરીયાળ વિસ્તારના ખેડૂતોને વધુ પેદાશી જાતો અંગે તાલીમ અને શિક્ષણ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| ૯. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૧૧૦–પાક વીમો<br>રૂા. ૮૪,૫૫,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૪૮–૪૯ | ૧૦૦ | પાક વીમાની રકમ મંજૂર થયા પછી તેની સત્વરે ખેડૂતોમાં વહેંચણી કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનીલ જોષીયારા |
| ૧૦. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૧૧૧–કૃષિ.....આંકડાશ ાસ્ત્ર<br>૧૦– એ.જી.આર.–૮–<br>ફળો..... મોજણી<br>(કે.પુ.યો.)<br>રૂા. ૧,૩૪,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૬૦ | ૧૦૦ | ફળો, શાકભાજી અને ગૌણ પાકોના અંદાજ અંગેની મોજણીમાં રહેતી વિસંગતતા દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૧૧. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૧૧૨–કઠોળ વિકાસ<br>રૂા. ૩,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૬૨ | ૧૦૦ | ખેડૂતોને કઠોળના પાકોનું ઉત્પાદન વધારવા અંગેનું સચોટ જ્ઞાન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૧૨. | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૧૧૯–બાગાયત....પાક<br>(૫૧)–નાળિયેર..<br>પરિયોજના<br>રૂા. ૬૦,૦૦,૦૦૦ | ૧૦૦ | સૌરાષ્ટ્ર વિસ્તારમાં નાળિયેરીના વિકાસ માટે વિપુલ તકો હોવા છતાં સમયસર નાણાકીય સહાય આપી તેનો યોગ્ય વિકાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૭૦ | | | |
| ૧૩. | ૨૮૧૦–ઉર્જાના......સાધનો<br>૦૧–જૈવિક ગેસ<br>૧૦૧–જૈવિક...કાર્યક્રમ<br>૦૧–ગોબરગેસ પ્લાન્ટ<br>રૂા. ૫૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૮૮ | ૧૦૦ | ગોબર ગેસ પ્લાન્ટ બનાવવા માટે પૂરતી સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હેમાજી રાજપૂત |
| | | **માગણી નં. ૪** | | |
| ૧૪. | ૨૪૦૩–પશુપાલન<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–એ.એન.એચ.–૧<br><br>પશુપાલન.....વિસ્તરણ<br>રૂા. ૧,૯૭,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૮૫ | ૧૦૦ | કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં નિષ્ફળતા | ડૉ. સી.જે. ચાવડા |
| ૧૫. | –– " –– | ૧૦૦ | પશુ દવાખાનાઓમાં ડૉકટરો અને દવાઓની ઘટ સત્વરે દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મુકેશકુમાર ગઢવી |
| ૧૬. | –– " –– | ૧૦૦ | પશુ દવાખાનાઓમાં ડૉકટરોની અનિયમિત હાજરીના કારણે પશુપાલકોને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૧૭. | ૨૪૦૩–પશુપાલન<br>૧૦૧–પશુચિકિત્સા...આરોગ્ય<br>૦૧–મરઘાંના.....સંશોધન<br>રૂા. ૧,૩૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૮૭ | ૧૦૦ | મરઘાંઓમાં ફેલાયેલ 'બર્ડ ફલુ'ના રોગને અટકાવવા માટેની અસરકારક દવાઓ સમયસર પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ફારૂક શેખ |
| ૧૮. | ૨૪૦૩–પશુપાલન<br>૧૦૧–પશુચિકિત્સા...આરોગ્ય<br>૦૯–પશુમહામારી.....નાકા<br>રૂા. ૫૫,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૯૩ | ૧૦૦ | પશુ મહામારી માટે અનુવર્તી કાર્યક્રમ હેઠળ પશુઓની બિમારીનું નિદાન કરવા માટે અદ્યતન સાધનો પૂરા પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હેમાજી રાજપૂત |
| ૧૯. | ૨૪૦૩–પશુપાલન<br>૧૦૨–પશુ...વિકાસ<br>૧૧–એ.એન.એચ.–૧૪–<br>દૂધ.....સ્પર્ધા<br>રૂા. ૯૩,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૦૬ | ૧૦૦ | વધારે દૂધ મેળવવા માટે પશુઓને ગેરકાયદેસર દવાના ઈન્જેકશનો અપાતાં અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભવાનભાઈ ભરવાડ |
| ૨૦. | ૨૪૦૪–ડેરી વિકાસ<br>૦૦૧–નિદેશ અને વહીવટ | ૧૦૦ | બંધ પડેલી ડેરીઓને પુનઃ શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વાઘેલા |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા. ૨,૦૯,૧૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૩૧ | | | |
| ૨૧. | –– " –– | ૧૦૦ | ડેરી વિકાસ માટે પૂરતી નાણાકીય જોગવાઈ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| | **માગણી નં. ૫** | | | |
| ૨૨. | ૨૪૨૫–સહકાર<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂા. ૧૪,૭૨,૦૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૬૩ થી ૧૬૯ | ૧૦૦ | સહકારી મંડળીઓના વહીવટમાં થતો રાજકીય હસ્તક્ષેપ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૨૩. | –– " –– | ૧૦૦ | નોંધણી અધિકારીઓ દ્વારા નિયમોને નેવે મૂકી સહકારી મંડળીઓની થતી નોંધણી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઈ રબારી |
| ૨૪. | –– " –– | ૧૦૦ | સહકારી મંડળીઓની જિલ્લા કચેરીઓનો વહીવટ સુદૃઢ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૨૫. | –– " –– | ૧૦૦ | વહીવટી નિર્ણયો સમયસર લેવામાં સહકારી પંચની ઉદાસીનતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| * ૨૬. | –– " –– | ૧૦૦ | ફડચામાં ગયેલી સહકારી બેંકોમાં ફસાયેલાં નાણાં બચતદારોને પરત અપાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અનિલકુમાર પટેલ |
| ૨૭. | –– " –– | ૧૦૦ | ફડચામાં ગયેલ સહકારી બેંકોના સભાસદોને તેમના શેરની રકમ આપવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી.જે. ચાવડા |
| ૨૮. | –– " –– | ૧૦૦ | સહકારી બેંકોના ડિરેક્ટરો દ્વારા નાણાંનો થતો દુરુઉપયોગ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૨૯. | –– " –– | ૧૦૦ | વસૂલાત અધિકારીઓ દ્વારા વસૂલાતની કામગીરીમાં રાખવામાં આવતી ભેદભાવભરી નીતિ દૂર કરાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| ૩૦. | –– " –– | ૧૦૦ | ફડચામાં ગયેલ સહકારી બેંકોના વસૂલાત અધિકારીઓ દ્વારા આચરવામાં આવતી ગેરરીતી સામે સખતાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મુકેશકુમાર ગઢવી |
| ૩૧. | ૨૪૨૫–સહકાર<br>૧૦૧–સહકારી....તપાસ ણી<br>રૂા. ૧૯,૮૪,૫૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પા.નં. ૧૭૦ થી ૧૭૩ | ૧૦૦ | સહકારી મંડળીઓના હિસાબોની તપાસમાં ચાલતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| * ૩૨. | –– " –– | ૧૦૦ | સહકારી મંડળીઓના હિસાબોની સમયસર તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૩. | –– " –– | ૧૦૦ | કન્ઝયુમસર કો. ઓપરેટીવ સ્ટોર્સની નિયમિત ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઈ જોષી |
| ૩૪. | ૨૪૨૫–સહકાર<br>૧૦૮–અન્ય....સહાય<br>રૂા. ૬૬,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩ | ૧૦૦ | વન મજૂર સહકારી મંડળીઓને સમયસર નાણાકીય સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માધુભાઈ ભોયે |

| | | | | |
|---|---|---|---|---|
| | પા.નં. ૧૭૫ થી ૧૭૮ | | | |
| ૩૫. | —— " —— | ૧૦૦ | વન મજૂર સહકારી મંડળીઓના પડતર પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૩૬. | ૨૪૩૫—અન્ય....કાર્યક્રમો ૦૧—ખરીદ.....નિયંત્રણ ૧૦૧—ખરીદ વેચાણ સવલતો રૂા. ૬,૩૧,૧૦,૦૦૦ અં.પ્ર.નં. ૩ પા. નં. ૧૮૦ થી ૧૮૨ | ૧૦૦ | કૃષિ વિષયક ખરીદ વેચાણ સમયસર કરવા અંગેનું આગોતરું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| | | **<u>માગણી નં. ૬</u>** | | |
| ૩૭. | ૨૪૦૫—મત્સ્યોદ્યોગ ૦૦૧—નિદેશ અને વહીવટ રૂા. ૪,૯૭,૫૦,૦૦૦ અં.પ્ર.નં. ૩ પા.નં. ૧૩૫ – ૧૩૬ | ૧૦૦ | પાકિસ્તાની કોસ્ટ ગાર્ડ દ્વારા પકડાયેલા રાજયના માછીમારોને મુકત કરાવવા અંગે કેન્દ્ર સમક્ષ અસરકારક રજૂઆત કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી રશીદા પટેલ |
| ૩૮. | —— " —— | ૧૦૦ | મત્સ્યોદ્યોગને લગતા પડતર પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૩૯. | —— " —— | ૧૦૦ | દરિયા કાંઠામાં વિદેશી માછીમારો દ્વારા કરાતી મત્સ્યોદ્યોગ પ્રવૃતિ રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૪૦. | —— " —— | ૧૦૦ | માછીમારોને સમયસર આર્થિક સહાય પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| * ૪૧. | —— " —— | ૧૦૦ | પાકિસ્તાની કોસ્ટ ગાર્ડ દ્વારા પકડાયેલા માછીમારોના કુટુંબીજનોને મળવા પાત્ર સહાય (કેશ ડોલ્સ) સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૨. | ૨૪૦૫—મત્સ્યોદ્યોગ ૧૦૩—દરિયાઈ મત્સ્યોદ્યોગ રૂા. ૧૭,૭૭,૭૦,૦૦૦ અં.પ્ર.નં. ૩ પા.નં. ૧૪૩ થી ૧૪૫ | ૧૦૦ | માછીમારોને યાંત્રિક હોડીઓ માટે આર્થિક સહાય સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૪૩. | ૨૪૦૫—મત્સ્યોદ્યોગ ૧૨૦—મત્સ્યોદ્યોગ..... મંડળી (કે.પુ.યો.) રૂા. ૧૧,૨૦,૦૦૦ અં.પ્ર.નં. ૩ પા.નં. ૧૪૮ | ૧૦૦ | માછીમારી સહકારી મંડળીઓને વધુ નાણાકીય સહાય મળે તે માટે પૂરતા પ્રયત્નો કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષીયારા |
| | | **<u>મહિલા અને બાળ વિકાસ વિભાગ</u>** **<u>માગણી નં. ૧૦૫</u>** | | |
| ૪૪. | ૨૨૫૧—સચિવાલય....સેવાઓ ૦૯૦—સચિવાલય રૂા. ૬૫,૫૫,૦૦૦ અં.પ્ર.નં. ૨૭ પા.નં. ૩૧–૩૨ | ૧૦૦ | અંતરીયાળ વિસ્તારોમાં સંકલિત બાળ વિકાસ કાર્યક્રમનો વ્યાપ વધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી રશીદા પટેલ |
| ૪૫. | —— " —— | ૧૦૦ | મહિલા અને બાળવિકાસની કામગીરીનું યોગ્ય મોનીટરીંગ કરવામાં તંત્રની | શ્રીમતી ભારતીબેન પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ઉદાસીનતા | |
| ૪૬. | —— " —— | ૧૦૦ | વિભાગની કથળેલ કામગીરીને સુદૃઢ બનાવવામાં ઉદાસીનતા | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૪૭. | —— " —— | ૧૦૦ | સંકલિત બાળ વિકાસ કાર્યક્રમના અમલીકરણ માટે પૂરતો સ્ટાફ નીમવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી રશીદા પટેલ |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી**: હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના કૃષિ અને સહકાર વિભાગ તથા મહિલા અને બાળવિકાસ વિભાગના મંત્રીશ્રીઓ તેમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એને હું સમર્થન આપી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત એ કૃષિ પ્રધાન દેશ છે. ભારત એ ગામડાઓનો બનેલો દેશ છે. ગુજરાત રાજયનો પણ મુખ્ય વ્યવસાય કૃષિ અને પશુપાલન છે અને ગામડાઓનું બનેલું આપણું ગુજરાત રાજય છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ આઝાદ થયો ત્યારે ગામડાની જે દુર્દશા હતી, એનાથી આપણે બધા જ વાકેફ છીએ. ભારતનું અર્થકારણ પણ આઝાદી સમયે હાડપીંજર જેવું બની ગયું હતું. દેશના અને ગુજરાતના તમામે તમામ ખેડૂતો ગરીબી રેખા નીચે જીવતા હતા. ગાંધીજી અને સરદાર પટેલની ભૂમિ એવા આ ગુજરાતમાં દેશ આઝાદ થયો ત્યારે ખેડૂતો દેવાદાર હતા, એટલે કલ્પના કરો કે રાજયની અને દેશની કેવી પરિસ્થિતિ હતી? પણ, ગાંધીજી અને સરદાર પટેલની ભૂમિ આ ગુજરાત રાજયના તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રીઓ અને સરકારોએ જે દીર્ઘદૃષ્ટિ વાપરી, એને કારણે ખેડૂતોને આર્થિક સદ્ધરતા અપાવી અને ગુજરાત ઉભું થાય, એ કામગીરીનો આરંભ કરવામાં આવ્યો હતો. ખેડ, ખાતર અને પાણી, પાકને લાવે તાણી. આ વાકયની શરૂઆત સાથે ગુજરાતમાં ખેતીને સમૃદ્ધ બનાવવાનું કામ, ખેડૂતોને સમૃદ્ધ બનાવવાનું કામ ગુજરાતની ભૂતકાળની સરકારોએ કર્યુ હતું.

ભારત સરકાર અને ગુજરાત સરકારના સહયોગથી જી.એન.એફ.સી., જી.એસ.એફ.સી., ઈફકો જેવા મહાકાય ખાતરના પ્લાન્ટ નાંખીને ખાતર પણ પૂરું પાડવામાં આવ્યું હતું. ગુજરાતની તમામ નદીઓ ઉપર ડેમ બનાવીને ૪૫ જેટલી સિંચાઈ યોજનાઓમાં મોટી, મધ્યમ અને નાની કદની યોજનાઓ બનાવીને ખેડૂતોને ખેતર, ખેતર સુધી પાણી પહોંચાડવાનું કામ જે તે સમયની સરકારોએ કર્યુ હતું.

આઝાદી સમયે ચોમાસા સિવાય બીજા કોઈ પાકનું વાવેતર થતું નહોતું. ભારતને ધાન્ય પાકોની આયાત કરવી પડતી હતી, એવી પણ પરિસ્થિતિ આ દેશની અને આ રાજયની હતી. પરંતુ પાક ઉત્પાદન કેમ વધારવું, ધાન્ય પાકો અને રોકડીયા પાકો કેમ લેવા, એમને આર્થિક આબાદી કેમ અપાવવી, એનું આયોજન કરવા માટે સરકારે પગલાં લીધાં એનાથી આપણે બધા વાકેફ છીએ. ખેડૂતો પણ જે તે સમયે આનાથી અજ્ઞાન હતા તેમને એકસેટેન્શન પ્રવૃત્તિઓ દ્વારા આપણે કામગીરી સોંપીને અને ગુજરાતમાં ગુજરાત કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરીને આપણે ખેડૂતોને એકસટેન્શન વર્ક દ્વારા પાકો કેવી રીતે વાવવા એનું પણ જ્ઞાન આપવામાં આવેલ હતું. એટલા માટે જ એક એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટ દ્વારા બહાર પાડવામાં આવેલ સરવે મુજબ જે આ ધાન્ય પાકોનું ઉત્પાદન વધ્યું એની માહિતી હું આ ગૃહને આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સન ૧૯૪૯-૫૦ થી ૧૯૯૫-૯૬ સુધીના આંકડા રજૂ કરવામાં આવ્યા છે એમાં કિલોગ્રામ પર હેકટર પ્રમાણે હું માહિતી આપવા માગું છું. એમાં બાજરીનું ઉત્પાદન ૨૭૫ કે.જી. પર હેકટર, કપાસનું ઉત્પાદન ૧૩૦ કે.જી. પર હેકટર, દિવેલા ૨૫૪ કે.જી. પર હેકટર, ઘઉં ૫૬૮ કે.જી. પર હેકટર, રાયડો ૨૫૬ કે.જી. પર હેકટર, મગફળી ૫૦૪ કે.જી. પર હેકટર, ડાંગર ૬૧૫ કે.જી. પર હેકટર, મગ ૨૮૫ કે.જી. પર હેકટર, ગોળના રૂપમાં શેરડી ૧૨૧૬૭ કે.જી. પર હેકટરનું ઉત્પાદન આઝાદીના સમયગાળામાં હતું, પરંતુ ગુજરાત અને ભારત સરકારે દીર્ઘદ્રષ્ટિ વાપરીને જે ઉત્પાદનમાં વધારો લાવ્યા એના અનુસંધાને અને ગુજરાત કૃષિ યુનિવર્સિટીની ૧૯૭૩-૭૪ માં સ્થાપના થઈ એ પહેલાં જે ઉત્પાદન હતું એ બાજરીનું ૭૨૩, કપાસનું ૧૫૭, દિવેલા ૯૨૦, ઘઉં ૧૫૫૯, મગફળી ૪૪૯, ડાંગર ૧૦૬૫ અને મગનું ૮૮૩ કિલોગ્રામ પર હેકટર સુધીનું ઉત્પાદન વધ્યું હતું. આનાથી ઉત્પાદન અને ખેડૂતોની પ્રગતિને લીધે અને ઉત્પાદનલક્ષી ઉત્પાદનને કારણે આ વધારો થયો છે એમાં કોંગ્રેસ કે ભાજપ એવું કોઈ ધોરણ ના હોય, અમારી સરકારમાં વધારે અને ઓછું થયું એવું ના હોય. ૧૯૯૫-૯૬ માં જે ઉત્પાદન હતું એમાં બાજરી ૮૮૩ અને આજે ૨૦૦૩-૦૪ માં ૯૬૫ કે.જી.એ પહોંચ્યું છે, કપાસનું ૨૭૦ હતું એ ૧૯૯૫-૯૬ માં ૧૭૫ થયું અને પછી બી.ટી. કપાસ આવ્યો

અને ખેડૂતો જાગૃત્ત થયા એના લીધે ઉત્પાદન વધ્યું છે, દિવેલાનું ૧૯૯૫-૯૬ માં ૧૬૨૮ હતું એ ઘટીને ૧૧૬૬ કે.જી. થયું છે, ઘઉંનું ઉત્પાદન ૨૦૮૧ ૧૯૯૫-૯૬ માં હતું એ ઘટીને ૨૦૦૨-૦૩ માં ૧૯૬૭ થયું છે. એમ રાયડો, મગફળી, ડાંગર અને મગ એ બધામાં ઉત્પાદન ઘટયું હતું એના માટે સરકાર જવાબદાર છે એમ નથી, પરંતુ જે તે સમયે વરસાદ ઓછો પડયો હશે એના કારણે આ થયું છે. હવે ૨૦૦૨-૦૩ માં વરસાદ ઓછો પડયો એનાથી આ ઉત્પાદન ઘટયું એનો આધાર લઈને ગણતરી કરીને અત્યારે છેલ્લે ઉત્પાદન ઘટયું ૨૦૦૪ માં અને ૨૦૦૫ અને ૨૦૦૬ માં ઉત્પાદન વધ્યું એ વાત કરે છે એ વાજબી નથી. બેઈઝ પકડવો હોય તો ૨૦૦૫-૦૬ નો પકડવો જોઈએ અને એ પછી જ કહેવું જોઈએ કે આટલું ઉત્પાદન વધ્યું કે આટલું ઘટયું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીને જયારે ચૂંટણીઓ આવે છે ત્યારે કિસાન સંઘ યાદ આવે છે અને ચૂંટણીઓ પૂરી થયા પછી કિસાન રથ યાદ આવે છે. મારે કહેવું છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર વિરોધપક્ષમાં બેઠી હતી ત્યારે ખેડૂતોને ૧૪ કલાક વીજળી આપવાની વાત કરી હતી, સુધારેલાં બિયારણ આપવાની વાત કરી હતી, ઉત્પાદનના પોષણક્ષમ ભાવો આપવાની વાત કરી હતી, ટયુબવેલ ઉપરથી મિટર પ્રથા દૂર કરવાની વાત કરી હતી, ત્યારે કેટલાંય કિસાન આંદોલનો થયાં હતાં, કેટલાંય વૃક્ષો ઉખેડી નાંખવામાં આવ્યાં હતાં, તોડી નાંખવામાં આવ્યાં હતાં, કાઢી નાંખવામાં આવ્યાં હતાં, કેટલાય રોડ ખોદી નાંખવામાં આવ્યા હતા અને એસ.ટી. બસો બાળી નાંખવામાં આવી હતી, કેટલાય તાર અને ટેલીફોનના થાંભલા કાઢી નાંખવામાં આવ્યા હતા અને વ્યવસ્થા ખોરવી નાંખવામાં આવી હતી. કિસાન પુત્રોએ બલિદાન આપ્યાં હતાં ત્યારે જય જવાન અને જય કિસાનની વાત કરવામાં આવી હતી (અંતરાય) આ વાત હું એટલા માટે યાદ કરું છું કે હરિયાળી ક્રાંતિની વાત કરી રહયા છે એટલા માટે આ વાત કરવી પડે છે કે જયારે વિરોધપક્ષમાં હતા ત્યારે આ બધી વાતો ખેડૂતો માટે લઈને નીકળ્યા હતા અને સત્તા ઉપર બેઠા ત્યારે આ બધી વાતો ભૂલીને કિસાન રથ યાત્રામાં ૨૨૫ જેટલા રથ ગામડે ગામડે ધુમાવીને ગુજરાતની સરકારની યોજનાઓ જયારે સારી રીતે ચાલી રહી છે ત્યારે એમાં વિક્ષેપ પાડીને, ખેડૂતોને ખેતી કરતા અટકાવીને, ગુજરાતના ખેડૂતોને ચોરે બેસાડી રાખીને આ ખેતીનું ઉત્પાદન ઘટાડયું છે એવું મારું કહેવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત આ સરકાર દ્વારા કરવામાં આવે છે કે ગુજરાતમાં ચાર યુનિવર્સિટીઓ કરીને અમે ધરખમ ફેરફાર કરી નાખ્યો, પાકનું ઉત્પાદન ડબલ કરી નાખ્યું, માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ યુનિવર્સિટી તો હતી જ , કૃષિ યુનિવર્સિટીના ચાર હેડકવાર્ટર પણ હતા. દાંતીવાડા, જુનાગઢ, નવસારી અને આણંદ, ત્યાં રજિસ્ટારો પણ હતા, ત્યાં વૈજ્ઞાનિકો પણ હતા, ત્યાં ફાર્મ હાઉસ પણ હતા, ફાર્મ પણ હતા. સંશોધન કેન્દ્રો પણ હતા. ગુજરાત રાજયમાં ૧૫૦ જેટલા કૃષિ સંશોધન કેન્દ્રો જમીન સંપાદન કરીને જે તે વખતની સરકારોએ ખેડૂતો માટે નવા નવા પાકો કેમ ઉગાડવા તેની તાલીમ પણ યોજવામાં આવતી હતી. હવે આણંદ હેડકવાર્ટરની એક યુનિવર્સિટી હતી તેના ચાર હેડકવાર્ટર કરી દીધા, તો શું વધારો કર્યો ? એનાથી શું સગવડ વધી? ઉપરથી વહીવટ કથળ્યો, એક ઘરનો વહીવટ ચાર જણા કરવા લાગ્યા તેવું થયું છે. એક ઘરનો વહીવટ એક વ્યકિત કરે તો વધારે સારો ચાલે, મારે કહેવું છે કે આ ચાર યુનિવર્સિટી શરૂ કરવામાં આવી તેના કારણો શું છે? અને એમાં વાઈસ ચાન્સેલર રાખવામાં આવે છે, આમ વાત કરે છે ગુજરાતની અસ્મિતા, ગુજરાતની અસ્મિતા વધારવી છે, આ રીતે ખેડૂતોની વાત કરવામાં આવે છે. ત્યારે મારે કહેવું છે કે આ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં રાજસ્થાનથી વાઈસ ચાન્સેલર લાવવામાં આવ્યા, નવસારીમાં મેરઠ-યુપી થી વાઈસ ચાન્સેલર લાવવામાં આવ્યા, આણંદમાં પુના-નાગપુરથી વાઈસ ચાન્સેલર લાવવામાં આવ્યા. આપણા પાકો સાથે, આપણા ખેડૂતોના પ્રશ્નો સાથે આ વાઈસ ચાન્સેલરને કંઈ લેવા દેવા નથી. ગુજરાતમાં સારામાં સારા સાયન્ટીસ્ટ, સારામાં સારા કૃષિ વૈજ્ઞાનિક, ગુજરાતની ધરતી ઉપર હયાત હતા. એસ.એન.જોષી જેવા ૧૯૬૮માં હાઈબ્રીડ બાજરીની જેણે શોધ કરી એવા વૈજ્ઞાનિક, ડોકટર સી.ટી. પટેલ જેવા હાઈબ્રીડ કપાસનું જેમણે વાવેતર પ્રથમવાર કર્યુ, ડો. આઈ.ડી. પટેલ, હાઈબ્રીડ દિવેલાનું સંશોધન કર્યુ, ડો. ડી. જે. પટેલ જે નીમેટોલોજીના વૈજ્ઞાનિક હતા, ડો. એમ. એસ. પટેલ ડાંગર સંશોધક હતા, આર. કે. શુકલ, જીનેટીક વૈજ્ઞાનિક હતા. આ વૈજ્ઞાનિકો જેણે ગુજરાતના ખેડૂતો માટે પોતાની જિંદગી ખર્ચી નાખી હતી. એમને વાઈસ ચાન્સેલર તરીકે મૂકવાનું ન સૂજયું. અને જેનું એ. પી. સેન્ટર, માનનીય અધ્યક્ષશ્રી મારે કહેવું છે કે આ બધાનું એ.પી. સેન્ટર નાગપુર છે, ત્યાંથી લાવીને આ વાઈસ ચાન્સેલરની નિમણૂકો કરવામાં આવી તેનું અમને દુ:ખ છે. એટલું જ નહીં શંકરસિંહ વાઘેલાની સરકાર હતી અને જે ગુજરાત ડેન્માર્ક ગણવામાં આવે છે તે ગુજરાત રાજયમાં પશુ પાલન અને પશુ સંશોધનની મહાવિશ્વ વિદ્યાલય, પશુ સંશોધન યુનિવર્સિટીની ગુજરાતમાં સર્વ પ્રથમ સ્થાપના કરી અને શરૂ કરવામાં આવેલી, તામિલનાડુમાં શરૂ થઈ. એવી યુનિવર્સિટીની સ્થાપના થઈ હતી. રજિસ્ટાર મુકાઈ ગયા હતા. આ ચાર કેન્દ્રો ઊભા કરવા માટે પશુ પાલન અને પશુ સંશોધનની મહા વિશ્વ વિદ્યાલયનો ભોગ લેવામાં આવ્યો. અને ગુજરાતના પશુ પાલકોને અને ગુજરાતના ડેન્માર્કના સ્વપ્નને રગદોળી નાખવામાં આવ્યું. એટલા માટે હું ધ્યાન દોરવા માટે ઊભો થયો છું. બીજી વાત કરવામાં આવે છે સોઈલ હેલ્થ કાર્ડની, અમારી સરકાર આવી એટલે બાર લાખ સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરી દેવામાં આવ્યું છે એમ કહેવામાં આવે

છે. આ સોઈલ હેલ્થ કાર્ડ વાંચી વાંચીને ખેડૂતોનું ખાતરનું પ્રમાણ ઘટયું? ઉત્પાદકતા વધી? અને ખેડૂતો આબાદ થઈ ગયા? આ બાબતમાં હું આ સભાગૃહનું, ગુજરાતના ખેડ્રતોનું અને ગુજરાતની પ્રજાનું ધ્યાન દોરવા માગું છું કે, ભારત સરકારે ૩૦ વર્ષ પહેલા સને ૧૯૭૬મા સો ટકા સહાયથી, સો ટકા કેન્દ્ર સરકારની સહાયથી દરેક રાજયમાં જમીનની ચકાસણી માટેની પ્રયોગશાળા બનાવેલી છે. તેના ભાગ રૂપે ગુજરાત રાજયમાં પણ દરેક જિલ્લામાં કેન્દ્ર સકારની સહાયથી ૧૯૭૭માં આ જમીન પૃથ્થકરણ લેબોરેટરીની સ્થાપના કરવામાં આવી હતી. એટલું જ નહીં આદિવાસી વિસ્તારોમાં પાંચ મોબાઈલ લેબોરેટરી ભારત સરકારની સહાયથી ૧૯૭૬ થી શરૂ કરવામાં આવેલી હતી. આ દરેક લેબોરેટરીનો વાર્ષિક લક્ષ્યાંક પાંચ હજારનો હતો. અને તે વાર્ષિક લક્ષ્યાંક પ્રમાણે આ ૩ લેબોરેટરી દોઢ લાખ જમીનના પૃથ્થકરણના કાર્ડ ગુજરાતના ખેડૂતોને ૧૯૭૬ થી આપવામાં આવ્યા છે. અને ૧૯૭૬ થી આ પૃથ્થકરણ કાર્ડના અનુસંધાને ગુજરાતના ખેડૂતો કઈ આબોહવામાં કયો પાક વાવવો, કઈ જમીનમાં કયા પાકનું વાવેતર કરવું અને કયા ખાતરનો ઉપયોગ કરવો તે બરાબર જાણે છે. આ જમીન પૃથ્થકરણ કાર્ડ એવું ગુજરાતી નામ હતું. તે નામ બદલી નાખ્યું, જેમ યોજનાઓના નામ બદલે છે એમ. અને સોઈલ હેલ્થ કાર્ડ નામ આપ્યું, જેમ ડ્રાઈવીંગ લાઈસન્સ હતું તેનું સ્માર્ટ કાર્ડ કરી નાખ્યું,

ડ્રાઈવીંગ લાયસન્સને સ્માર્ટ કાર્ડ કરી નાખ્યું એટલે એક જ દિવસમાં ડ્રાઈવિંગ નહોતું શીખ્યા, એ તો ૩૦ વર્ષથી ડ્રાઈવિંગ કરતા હતા. એમ સોઈલ હેલ્થ કાર્ડ કોમ્પ્યુટરાઈઝ કરીને આપીએ તેનો અર્થ એ નથી કે ખેડૂતોને ફકત તમે જ આપ્યું છે અને પ્રથમ વખત સોઈલ હેલ્થ કાર્ડનો ઉપયોગ કરવામાં આવ્યો અને જમીનનું પૃથ્થકરણ થયું અને ખાતરનો ઉપયોગ કરતા શીખ્યા. એટલે ગુજરાતનો ખેડૂત ૩૦ વર્ષ સુધી સમજતો નહોતો એ અણસમજુ હતો એવું સરકાર પ્રતિપાદિત કરવા માગે છે એના પ્રત્યે ખેદ અને દુ:ખ છે. કૃષિ રથ અને કૃષિ મેળા કરે વાંધો નહિ. કૃષિ રથ કે કૃષિ મેળા કરે ખેડૂતોને જ્ઞાન આપે, ખેડૂતો એકત્રિત થાય એ એનો એક ભાગ છે. ૨૨૫ કિસાન રથો નીકળે એવા કૃષિ રથ ઉપર કોઈ ખેડૂતનો ફોટો મૂકવામાં આવે, કોઈ વૈજ્ઞાનિક પદ્ધતિ કે કોઈ બિયારણ કે સારા ખાતરના કારખાનાનો ફોટો રાખવામાં આવે તેટલી મારી વિનંતી છે.

ભારતનું અર્થતંત્ર છે એ કૃષિ ઉત્પાદકને વેગ આપવા અને ખેડૂતો ઉપર વધુ પડતું આર્થિક ભારણ ન પડે તે માટે ભારત સરકારે એમ પાવર કમિટીની રચના કરી હતી. બિયારણને વેટમાંથી મુકત કરવા દરેક રાજયને ભલામણ કરવામાં આવી હતી. આ તેમની ભલામણ અનુસાર ખેડૂતોના હિતમાં નીચેની સરકારોએ બિયારણ ઉપર વેટ સદંતર શૂન્ય રાખેલો છે. આંધ્ર પ્રદેશમાં શૂન્ય, મહારાષ્ટ્રમાં શૂન્ય, પશ્ચિમ બંગાળમાં શૂન્ય, કર્ણાટકમાં શૂન્ય, હરિયાણામાં શૂન્ય, પંજાબમાં શૂન્ય, ઉત્તર પ્રદેશમાં શૂન્ય. એટલે જ્યાં કોંગ્રેસની સરકારો છે ત્યાં જ શૂન્ય છે તેવું મારે નથી દર્શાવવું. કોઈ રાજકીય અવલોકન મારે નથી કરવું પરંતુ જોગાનું જોગ આ કોંગ્રેસની સરકારો અથવા તો કોંગ્રેસના ટેકાવાળી સરકારો છે ત્યાં શૂન્ય છે. જ્યારે ગુજરાત રાજયમાં ખેડૂતોના હિતની વાત કરે છે, અમે કિસાનોના હામી છીએ એવી વાત કરે છે, ગામે ગામ કિટોનું વિતરણ કરે છે ત્યાં ગુજરાત સરકારે ચાર ટકા વેટ ટેકસ નાખવાનું સૂચવ્યું છે. આના કારણે ગુજરાતના ખેડૂતો પાયમાલ થવાના છે. કિસાન રથમાં કિટોનું વિતરણ કરવાના બદલે ચાર ટકા વેટ નીકળી જાય તેવી વિનંતી કોંગ્રેસીઓ તથા આ સભાગૃહના બધા સભ્યશ્રીઓને ખેડૂતોની લાગણી વ્યક્ત કરવા માટે માનનીય નાણામંત્રીશ્રીને અપીલ કરવા વિનંતી કરું છું.

મારે આ તબક્કે પશુપાલનની પણ વાત કરવી છે. ખેતીવાડી અને પશુપાલન એક સાથે સંકળાયેલો પૂરક વ્યવસાય છે. ખેતીવાડી અને પશુપાલન વ્યવસાય ગુજરાત રાજયના ખેડૂતો સુધી પહોંચાડવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિ માટે કોંગ્રેસ સરકારોએ જમીન સંપાદન કરીને આ ગુજરાત રાજયમાં ફાર્મ ઊભાં કર્યા હતાં. કપાસ માટે સુરત અઠવાલાઈન. રાયડા માટે પીલવાઈ, ડાંગર માટે ખેડા આણંદમાં ફાર્મ કર્યા હોય, આવા કૃષિ સંશોધન ફાર્મો હતા. આજે એનું જાહેર લીલામ થઈ રહ્યું છે. એ માનનીય મંત્રીશ્રી મારફતે અટકાવવું જોઈએ. સુરત ખાતેનું ફાર્મ એ તો ૧૮૭૬ માં શરૂ કરેલું એટલે કે ૧૨૫ વર્ષ જૂનું ફાર્મ હતું અમને એમ હતું કે સરકાર કૃષિ રથ લઈને ભવ્ય મેળાવડા કરે છે ત્યારે આજે એની સેન્ચ્યુરી પૂરી થઈ એની ગોલ્ડન જયુબિલી ઉજવશે અને અમે પણ આ ફાર્મમાં જઈને ખેડૂતોની વાત સાંભળવા જઈશું. પરંતુ આ ફાર્મ ઉપર એન.આર.આઈ. માટે ફાઈવ સ્ટાર હોટલ બની રહે એનો ખેદ ગુજરાતના ખેડૂતો વતી વ્યક્ત કરીએ છીએ. બોરસદનું સીડ વિતરણ ફાર્મ હોય, સીડ વિતરણ ફાર્મ હોય, ખેડૂતોના સીડ માટે બિયારણ માટેની વૈજ્ઞાનિક પદ્ધતિ ત્યાં અપનાવવામાં આવતી હોય તેવા સીડફાર્મ વેચી દેવામાં આવે. કડી ખાતે કરણનગરનું ૧૦૦ કરોડનું કૃષિ સંશોધન કેન્દ્ર વેચવા માટેની તૈયારીઓ થઈ હોય અને કલેકટરે એના હસ્તક કૃષિ ખાતા પાસેથી લઈ લીધી હોય ત્યારે આપની મારફત ખેડૂતોનો અવાજ માનનીય મંત્રીશ્રી તથા સરકારશ્રી સુધી પહોંચે એટલી વિનંતી છે.

પશુપાલન ખાતાની વાત કરી ગુજરાતને ડેન્માર્ક કરવામાં આવે. ઓપરેશન વન અને ઓપરેશન ફલડ ટુ દ્વારા ગુજરાતમાં શ્વેત ક્રાંતિ કરવામાં આવેલી. ડૉ.કુરિયન અને ગુજરાતના સહકારી આગેવાનો મારફત ગુજરાતને શ્વેત ક્રાંતિ મારફત ગુજરાતને ડેન્માર્ક બનાવવા ગુજરાતની સરકારોએ નેમ લીધી હતી. એ પ્રતિજ્ઞા પૂરી કરી હતી એ જ કાર્યવાહીને આજે ખોરંભે પાડી દેવામાં આવી છે. દર વરસે ગુજરાત રાજયમાં ૨૦ પશુ

દવાખાના નવા શરૂ થતા હતા. ગુજરાત રાજયમાં ૯૦૦ જેટલા પશુ દવાખાના કે પશુ સારવાર કેન્દ્રો છે અને આ પશુ દવાખાના કે પશુ સારવાર કેન્દ્રો ૧૯૯૫ પહેલા સ્થપાયાં હતાં, પરંતુ આ છેલ્લા દસ વર્ષમાં કેટલા નવા શરૂ કર્યા એનો હિસાબ તો મૂકો, પાંચ -પંદર સિવાય એક પણ નવું પશુ આરોગ્ય કેન્દ્ર શરૂ કર્યુ નથી પછી કહે કે બર્ડફ્લુ થયો છે. સરકારને જ આ થયો છે. પશુપાલન અને પશુપાલનની સારવાર માટે વિભાગમાં બીજદાન માટે કે પશુ આરોગ્યની સારવાર માટે જે દર હતો એ વધારી દેવામાં આવ્યો છે. સરકારે આ દર વધારી દીધો એ વાજબી નથી.

એક વાત અને એક જૂઠાણું ચલાવવામાં આવે છે એટલે મારે ગુજરાત સરકાર સમક્ષ મૂકવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગૌવંશ હત્યા, આમ તો ગૃહ ખાતાનો પણ વિષય છે પણ કિસાન રથ મારફત આ જે વાત મૂકવામાં આવી છે એ વાજબી નથી. મુંબઈ પશુ સંરક્ષણ ધારો ૧૯૫૪માં ઘડવામાં આવેલો. આ ધારા અન્વયે દેશના મોટા ભાગના રાજયોમાં ગાયોની થતી કતલ રોકવા માટે પ્રતિબંધ ૧૯૫૪થી મૂકવામાં આવેલો છે, ગૌવંશના જાનવરો ફક્ત આખલા અને બળદ જે ૧૮ વર્ષથી મોટી ઉંમરના હતા તેને કતલ કરવાની છૂટ આ કલમમાં હતી ત્યારે ૧૯૯૩-૯૪માં ચીમનભાઈની સરકારે અને છબીલદાસ મહેતાની સરકારે એક કાયદો ઘડીને ૧૮ વર્ષથી ઉપરની ઉંમરના જાનવરો પણ ગૌવંશના હોય તો તેના ઉપર પ્રતિબંધ મૂકતો કાયદો પસાર કરવામાં આવ્યો. એ ૧૯૯૩-૯૪માં ઘડાયો હતો. પણ કમનસીબે કેટલાક હાઈકોર્ટમાં ગયા, હાઈકોર્ટમાં આપણે હારી ગયા. સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઈ અને સુપ્રીમ કોર્ટમાં ૧૦ વર્ષે ૯ જજોની બૅન્ચે એક જજમૅન્ટ આપ્યું કે ૧૯૯૩-૯૪માં છબીલદાસ મહેતાની સરકારે અને ચીમનભાઈ પટેલની સરકારે જે નિર્ણય કર્યો હતો એ વ્યાજબી છે અને એ વ્યાજબીપણું જ્યારે સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું ત્યારે જાણે સુપ્રીમ કોર્ટના જજ તરીકે બેઠાં હોય અને જજમૅન્ટ આપીને આવ્યા હોય એ રીતે જે વાત કરવામાં આવે, મેં જ કર્યું અને મેં જ ગૌવંશ હત્યા પ્રતિબંધ લાવ્યો એ વાત કરવી વ્યાજબી નથી. આપણાં સૌના ભાગીદારીના પ્રયત્નોથી ગુજરાત રાજયમાં ગૌવંશ હત્યાનો પ્રતિબંધ આવ્યો છે. તેના માટે આપણે બધા અભિનંદનને પાત્ર છીએ.

સહકાર વિશે કંઈ કહેવાની જરૂર નથી. કારણ કે આ રાજયમાં રાજયની મોટામાં મોટી સહકારી બેંકો આ લોકોએ જ્યારથી સત્તાના સુત્રો સંભાળ્યા ત્યારથી એક પછી એક બંધ થવા માંડી છે. એ માધુપુરા બેંક હોય, વીસનગર બેંક હોય, કાલુપુર કોમર્શીયલ બેંક હોય કે ચરોતર નાગરિક બેંક હોય. આવી અસંખ્ય સુરત કે વલસાડ જિલ્લાની બેંકો હોય, સી.ડી. પટેલ સાહેબને તો ખબર પણ છે કારણ કે એ પોતે તેમાં ભાગીદાર પણ છે. મારે તો એટલે સુધી કહેવું છે, મેં સાંભળ્યું છે તે સાચું હોય તો મને બહુ દુ:ખ છે કે ચરોતર નાગરિક બેંકમાં તો રામચંદ્ર ભગવાનના મંદિરના પૈસા હતા એ પણ મૂકવામાં આવ્યા હતા અને ચરોતર નાગરિક બેંક ઉઠી ગઈ. રામચંદ્ર ભગવાનના મંદિરના પૈસા સલવાઈ ગયા. રામચંદ્ર •* (XXXX) આ લોકો રામચંદ્ર ભગવાન અને એમના પૈસા (સલવાવી દે) તો અમારું શું થવાનું છે?

**અધ્યક્ષશ્રી** : * (XXXX) એવું નહીં બોલવું, પ્લીઝ. (અંતરાય) બેસો. (અંતરાય) પૉઈન્ટ ઑફ ઑર્ડર કોને કહેવાય જરા સમજો પછી. પ્લીઝ બેસો.

**ડૉ. સી. જે. ચાવડા** : તમને દુ:ખ થતું હોય તો શબ્દો પરત ખેંચું છું.

**અધ્યક્ષશ્રી** : મેં શબ્દો દૂર કર્યા છે.

**ડૉ. સી. જે. ચાવડા** : તમે એકલા જ રામભકતો નથી. અમે પણ રામભકતો છીએ અને તમે જ ગૌભકતો નથી અમેય ગૌભકતો છીએ. માનનીય અધ્યક્ષશ્રી, અટલબિહારી બાજપાઈની સરકારે એક બહુ સારો કાયદો મૂકેલો. આપણે અભિનંદન આપવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ બાકી છે.

**ડૉ. સી. જે. ચાવડા** : એક મિનિટની વાત છે. મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ એકટ-૨૦૦૨માં રાજકીય દખલગીરી ઘટે, રાજકીય પ્રતિનિધિઓ જાય, એ બેંક હોય, ડેરી હોય કે સહકારી કોઈ પણ પ્રવૃત્તિ ચાલતી સંસ્થા હોય તેમાં વોટીંગ ન કરી શકે. આવા પણ સારા પ્રયોજનો તેમાં કરવામાં આવ્યા હતા. ગુજરાત સિવાય ઘણાં રાજયોએ તેનો અમલ શરૂ કર્યો અને અહીં તેનો અમલ શરૂ થતો નથી. તેનો વાંધો નથી પણ જે કાયદો છે એ કાયદાના ઓઠા નીચે સિદ્ધપુર માર્કેટ યાર્ડ હોય કે સિદ્ધપુરનો સંઘ હોય કે ગુજરાત રાજયની અમારી ગાંધીનગરની મધુર ડેરી હોય, કેમ કરીને કોંગ્રેસ કે કોંગ્રેસથી ચાલતા આગેવાનોને દૂર કરીને સત્તા હાંસલ કરવી, કસ્ટોડીયન મૂકી દેવા, રાત-દિવસ આવા પ્રયત્નો કરીને સહકારી ક્ષેત્રને આજે છિન્નભિન્ન કરી દેવામાં આવ્યું છે. ત્યારે મને ગુજરાતના ભિષ્મપિતામહ સહકારી આગેવાન આત્મારામ પટેલની આ તબક્કે યાદ આવે છે અને તેમણે નીમેલી કમિટી, શંકરસિંહ વાઘેલાની સરકારમાં નીમેલી આત્મારામકાકાની કમિટી અને એ કમિટીએ જે સુધારા સૂચવ્યા તેમાં કંઈ આગળ ન વધો તો વાંધો નહીં પણ તમારી સરકારે વાડીલાલ પટેલ

• * (XXXX) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

સાહેબની કમિટી મૂકી અને તેમણે જે સુધારાઓ સૂચવ્યા એ પ્રમાણે કામ કરો તો પણ અમે થોડો ઘણો આનંદ મેળવીશું. પણ આ પ્રમાણે કરવામાં આવતું નથી.

બાળ વિકાસ અને મહિલા વિકાસ વિશે તો અમારા બહેનશ્રી બોલશે. વિશેષ નહીં કહેતાં હું તેમની માગણીઓને અનુમોદન આપી શકતો નથી.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મંત્રીશ્રી માગણી ક્રમાંક- ૨, ૪, ૫, ૬, લઈને આવ્યા છે એના સમર્થનમાં આજે મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયનો કૃષિ વિભાગ અને કૃષિ વૈજ્ઞાનિકોને ખેતર સુધી લઈ જવાનો અને કૃષિ મહોત્સવના માધ્યમથી થયેલ સફળ પ્રયોગે કૃષિ ક્ષેત્રે નવી ઉત્સાહવર્ધક આશા જન્માવી છે. આધુનિક વિજ્ઞાનને ધ્યાનમાં રાખીને સોઈલ ટુ સેટેલાઈટ અને લેબ ટુ લેન્ડના અભિગમ સાથે કૃષિ યુનિવર્સિટીને ખેડૂત પરિવાર અને કૃષિ જગતનું અવિભાજ્ય અંગ બનાવ્યું છે. રાજય સરકારના આર્થિક આયોજનમાં અર્થતંત્ર પ્રગતિલક્ષી છે, પ્રગતિ વિકાસલક્ષી છે, વિકાસ રોજગારલક્ષી છે. રોજગાર ઉત્પાદનલક્ષી છે, ઉત્પાદન ગુણવત્તાલક્ષી છે, ગુણવત્તા નિકાસલક્ષી છે અને નિકાસ સમૃદ્ધિલક્ષી છે. ગુજરાતને સમૃદ્ધ બનાવવાનો તથા વિકાસનો આ રાજમાર્ગ છે.આ દૃષ્ટિએ એ ગરવી ગુજરાતનું સ્વર્ણિમ સ્વપ્ન નિર્માણ કરનારું બજૅટ છે. આ ધરતીનું બજૅટ છે, આ જન જન માટેનું બજૅટ છે અને માનનીય કૃષિ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સંપૂર્ણ સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાઓ એ ભારતનો આત્મા છે. ગામડાઓના સર્વાંગી વિકાસના ધ્યેય સાથે બહુ આયામી યોજનાઓ દ્વારા થયેલો વિકાસ ગામડાઓમાં અનુભવી શકાયો છે. ગોકુળ ગ્રામ યોજના દ્વારા આંતરમાળખાકીય સુવિધાઓ, જયોતિગ્રામ યોજના દ્વારા જીવન ધોરણમાં ઉદ્યમશીલતા, ઈ-ગ્રામ દ્વારા આધુનિકતા અને વિશ્વ ગ્રામ દ્વારા વિશ્વ સાથે અનુસંધાન, સમરસ ગામ દ્વારા સંવાદિતા અને તીર્થગ્રામ દ્વારા એક જન એક મનની અનુભૂતિ થાય તેવું અદ્‌ભૂત વાતાવરણ સર્જાયું છે.ગુજરાતના ગામડાઓના ગ્રાહક મટી ઉત્પાદન કેન્દ્ર બનાવવાનું સુવિચારીત આયોજન છે. જેમાં રોજગારીને વધુ અવકાશ હશે. કૃષિ આધારિત ઉદ્યગોને પ્રાથમિકતા હશે અને જ્યોતિ ગ્રામ યોજનાનો લાભ રાજયના ખૂણે ખૂણે સ્વરોજગારીના જાળા પાથરવામાં ઉપયોગી બનશે. રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જે બજૅટ લઈને આવ્યા છે તેનો આત્મા એ કૃષિ છે. સમગ્ર ગુજરાતની જનતા આ ગરવી ગુજરાતના સ્વપ્નદૃષ્ટિાની કામગીરીને શ્રદ્ધાપૂર્વક જોઈ રહી છે. હું તો એ જોઈ રહ્યો છું કે, તેઓશ્રી ઉપર તો કુદરત પણ મહેરબાન છે. કોઈપણ યોજના કરો એમાં સફળતા મળતી જાય છે અને એટલે જ ગુજરાત સર્વ ક્ષેત્રે ગુજરાત નંબર વન છે. માનનીય કૃષિ મંત્રીશ્રી ખંતપૂર્વક કામગીરી કરી રહ્યા છે. તેના લીધે કૃષિ ક્ષેત્રે અદ્‌ભુત સફળતા પ્રાપ્ત થયેલી છે. એન.ડી.એ.ના અટલ બિહારી બાજપેયીની સરકારે જ્યારે ૨૦૦૨નું બજૅટ આપેલું ત્યારે એને કૃષિ બજૅટ કહેવાયેલ. રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની અદ્‌ભુત કલ્પનાશકિત અને અદ્‌ભુત સર્જનશકિતથી કુનેહવાળું આ બજૅટ પણ કૃષિ બજૅટ બની રહ્યું છે. રાજયની કૃષિ આવક વર્ષ ૨૦૦૨-૦૩માં ૯૦૦૦ કરોડ રૂપિયાની હતી. જેનો એ સમયે એક રેકર્ડ કહેવાતો હતો. એ વખતે વર્ષના ફર્સ્ટ કવાર્ટરમાં દેશમાં સોનાના ભાવ ઊંચા ગયા હતા. ખેડૂતો જ્યારે પાસે પૈસા આવે છે, આવકની વૃદ્ધિ થાય છે ત્યારે એ પોતાની મૂડી સોનામાં કન્વર્ટ કરે છે. ત્યાર પછી તે સુખ-સુવિધાના સાધનો પાછળ મૂડી વાપરે છે. એ પછીના એટલે કે ૨૦૦૩-૦૪માં હિન્દુસ્તાનભરમાં હીરો-હોન્ડા ટુ-વ્હીલરનું મેકસીમમ વેચાણ ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં થયું હતું. આને લક્ષમાં રાખીને મારે જે કહેવું છે એ કહીશ.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૩-૦૪માં ૯૦૦૦ કરોડની કૃષિ આવક થઈ હતી. એ પછીના વર્ષમાં એટલે કે ૨૦૦૪-૦૫ના વર્ષમાં ૨૧૦૦૦ કરોડ અને આજે ૨૦૦૫-૦૬ના વર્ષમાં ૨૫૦૦૦ને ક્રોસ કરીને આગળ નીકળી ગઈ છે. જે ફિગર પ્રાપ્ત થયા છે. એના ઉપરથી લાગે છે કે, કૃષિ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અગાઉ જણાવ્યું હતું કે ખેડૂતોની આવક બમણી કરવા માટે ૫ વર્ષની રાહ જોવી પડશે. પણ હવે એમણે જણાવ્યું છે કે, તેથી પણ ઓછા સમયમાં ખેડૂતોની આવક બમણી થશે. રાજયના એગ્રીકલ્ચર ગ્રેજયુએટોને રાજયના એગ્રો ક્લિનિકના માધ્યમથી સેંકડો ક્લિનિક દ્વારા ખેતીમાં વધુ ઉત્પાદન થાય તેવું માર્ગદર્શન તેમને મળી રહ્યું છે. હવે મારી સમસ્યા અહીં આવે છે કે કૃષિ ઉત્પાદનની, કૃષિ આવકની જે વૃદ્ધિ થઈ છે, આ પૈસો મલ્ટીનેશનલોના હાથમાં જાય તેના કરતાં એ પૈસાનું ગ્રામોદ્ધાર માટે જ વપરાય, ગામનો પૈસો ગામમાં જ રહે અને ગામની પ્રગતિ થાય અને ગ્રામીણ બેરોજગારી છે, ગ્રામજનોની બેરોજગારી છે એનું નિર્મૂલન આના માધ્યમથી થાય તે રીતનું વ્યવસ્થાપન ગોઠવવા માટે હું માનનીય કૃષિ મંત્રીશ્રીને, આપણા નાણા મંત્રીશ્રીને અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે દરેક બાબતમાં પૂર્ણ વિચાર કરીને જ યોજના અમલમાં મૂકતા હોય છે એમના તરફ લાવવા માગુ છું. કોઈ એ પ્રકારના એકસપર્ટ બી.બી.એ. અને એમ.બી.એ થયેલા યુવક યુવતીઓને આ કામમાં લગાડીને ગ્રામીણ ક્ષેત્રમાં જયાં જયાં રોજગારીનો પૂરતો અવકાશ છે,

જયોતિ ગ્રામ અંતર્ગત લગભગ ૧૭૫૦૦ જેટલા ગામડાને ૨૪ કલાક આપણે વીધાઉટ ઈન્ટ્રપ્શન થ્રી ફેઈઝ વીજળી આપી ચૂકયા છીએ. સૌરભભાઈએ જે પ્રમાણે કામગીરી કરી છે એ પ્રમાણે ૩૧ માર્ચ પહેલાં તો તમામ ગામડાઓનું કામ પૂરું થશે. લોકોને નાની મોટરો વસાવવાની તક મળશે, લોકોને રોજગારી માટે આ મૂડીરોકાણ થશે અને એના દ્વારા જે પરિસ્થિતિ નિર્માણ થશે તો તેનાથી આગામી બે અથવા ૩ વર્ષમાં જે યુવક કે યુવતીઓને પોતાના બે હાથ ચલાવવાની ત્રેવડ હશે, થોડું ઘણું મગજ ચલાવવાની વૃત્તિ હશે તેવો કોઈપણ યુવક કે યુવતી ગુજરાતના ગામડામાં બેકાર શોધ્યો નહીં જડે એવું મને દેખાઈ રહ્યું છે. ગુજરાતનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે ત્યારે આ વિકાસની પ્રક્રિયામાં માનનીય નરેન્દ્રભાઈ મોદી જે રીતે કામ કરી રહ્યા છે, ૫ કરોડ ગુજરાતીઓના એ ગૌરવની વાતને લઈને ચાલે છે એનો મતલબ એવો છે કે બધા જ ગુજરાતીઓ એક થઈને કામ કરે. માનનીય વિરોધ પક્ષના સભ્યશ્રીઓને પણ હું એ જણાવવા માગુ છું કે બધા સાથે મળીને દેશના તમામ પ્રાંતોમાં પ્રવાસનના વિકાસ માટે ગયા હતા અમે કલકત્તામાં જયારે ગયા તો એટલા અહોભાવથી ગુજરાતની જનતાએ અમારો સત્કાર કર્યો હતો અને જણાવ્યું હતું કે આ રીતે ગુજરાતની બહાર અમે રહીએ છીએ પણ અમારી આટલી કાળજી લેવાવાળી પહેલી સરકાર અમે જોઈ. રાજયના ૪-૪ મંત્રીઓ, ૨-૨ સંસદ સભ્યશ્રીઓ ને ૧૫ ઉપરાંત ધારાસભ્યો એમના ઘરે ઘરે ગયા, મુલાકાતે ગયા, એમનો સંપર્ક કર્યો, એમની સાથે વાર્તાલાપ કર્યા, અને એ લોકોને પ્રવાસનમાં આવવા માટે આગ્રહ કર્યો, ત્યાં અમારી સામે પણ પ્રશ્નો થયા કે આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર ભાઈ તો એમ કહે છે કે આ ૫ કરોડ ગુજરાતીઓ પણ અમે ગુજરાતની બહાર વસતા ગુજરાતીઓ છીએ એની ગણતરી આ ૫ હજાર ગુજરાતીમાં છે કે કેમ? ત્યારે અમે એમને એમ જવાબ આપેલો કે ગુજરાતના ૫ કરોડ ગુજરાતીઓની વાત લઈને અમે ચાલીએ છીએ પણ વિશ્વના કોઈપણ ખૂણે વસતો ગુજરાતી એ ગુજરાતી જ છે અને બધાને સાથે રાખીને આપણે ગુજરાતનો વિકાસ કરવા માગીએ છીએ. લોકોમાં આ પ્રાકારની બંધુત્વની ભાવના, એકતાની ભાવના જાગૃત કરવી , આ બજેટ આખું એક કવિતા છે, જીવતી જાગતી કવિતા છે અને બજેટનો જે પ્રાણ છે એના હાર્દમાં જઈને જો સમજીએ, આ મંત્રીશ્રીઓએ પણ જે રીતના જવાબ આપ્યા છે, એમની માગણી ઉપરની ચર્ચાના જવાબમાં એ બધી સૂચનો , બધી ટીકાઓનો સ્વીકાર કરીને પણ કહ્યું છે કે અમારે તો રાજયનો વિકાસ કરવો છે. આપણે બધા સાથે મળીને ચાલીએ. જેમ પ્રવાસનમાં જે રીતે બધા સાથે મળીને ચાલ્યા, હમણાં કૃષિ મહોત્સવમાં પણ બધા સાથે મળીને ચાલ્યા, કૃષિ વૈજ્ઞાનિકો અને બધા મને ખબર છે કે જુન મહિનામાં આપણે જયારે કન્યા કેળવણી રથ લઈને ગામે ગામ ફરતા હતા, સામેના મિત્રો ખાસ આવતા ન હતા, મારે બોરસદમાં ફરવાનું થયું, ભાઈશ્રી અમિતભાઈ, રાજેન્દ્રભાઈ અમે બધા સાથે ફરતા હતા. અમને પણ એ અનુભૂતિ થઈ કે લોકો વચ્ચે જવાથી, લોકોની યાતનાઓ જાણવાથી, લોકોને કેળવણી ક્ષેત્રે પ્રોત્સાહિત કરવાથી આપણને પોતાને પણ અત્યંત આનંદ થાય છે. આપણે બધા સાથે મળીને આ રીતે જો ચાલીએ તો હું માનુ છું કે ગુજરાત નંબર-વન રહેવાનું છે અને બધા સહિયારા પુરુષાર્થથી સાથે મળીને રહે એ, ટીકા ટિપ્પણીમાં પડ્યા વગર જે ખોટું થતું હોય એનો નિર્દેશ કરીએ, પરંતુ રાજ્યના મુખ્યમંત્રીશ્રી સફળતાપૂર્વક રાજ્યનું સંચાલન કરી રહ્યા છે. હું માનું છું કે કુદરત પણ મહેરબાન છે. સરસ્વતી નદીમાં પાણી પહોંચાડ્યું. એક્સપર્ટસનું સૂચન હતું કે આ કામ શક્ય નથી. કાર્યક્રમ કર્યો તો ૭ થી ૮ લાખની પબ્લિક હાજર હતી. કાર્યક્રમ પૂરો થયો ત્યાં સિદ્ધપુરમાં ધોધમાર વરસાદ પડ્યો. એ બતાવે છે કે કુદરત પણ મહેરબાન છે. કુદરતે એને મંજૂરી આપી છે. જે કાંઈ કામો કરીએ છીએ એમાં અમે સફળતાને વર્યા છીએ. સફળતાના સાથીઓ બધા સાથે મળીને ચાલીએ, સમગ્ર ગુજરાતની પાંચ કરોડની જનતા ચાલે તે રીતનું વાતાવરણ નિર્માણ કરવા માટે હું વિપક્ષના સભ્યશ્રીઓને વિનંતી કરું છું અને આ માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી અને મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જે માગણી નંબર ૨, ૪, ૫, ૬ અને ૧૦૫ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મંત્રીશ્રી એ ખેડૂતના દીકરા છે અને જ્યારે કૃષિ સંભાળે છે ત્યારે એની સરકારને હું ધન્યવાદ આપું છું. કારણ કે ખેડૂતના દીકરાને પસંદ કર્યા છે. ઘણા સમયથી, ઘણી બાબતોમાં હું ઘ ણું સાંભળતો આવ્યો છું. વારંવાર એક જ શબ્દનું રટણ થાય છે કે કોંગ્રેસીઓએ ૫૦ વર્ષમાં કંઈ કર્યું નથી. મારે જૂના ઈતિહાસ તરફ પણ જવું પડશે. જ્યારે સ્વરાજ મળ્યો ત્યાર પછી ભારત દેશ એ કૃષિ પ્રધાન દેશ છે અને ગુજરાત પણ એક કૃષિ પ્રધાન પ્રદેશ છે એનો વિચાર રાખીને કારણ કે ગુજરાતમાં અને દેશમાં ૬૫ થી ૭૦ ટકા ખેડૂત લોકો રહે છે. સરદાર પટેલ પણ એમ કહેતા હતા કે જ્યાં સુધી ખેડૂત આબાદ નહિ થાય ત્યાં સુધી સ્વરાજ દૂર છે. મહાત્મા ગાંધીજીના પણ એ શબ્દો હતા કે છેલ્લા ઝૂંપડાંમાં પડેલા માણસના માથા ઉપર છાપરું, તન ઉપર કપડું અને બે ટંકનો રોટલો મળવો જોઈએ. એમણે એ પણ કહ્યું કે જ્યાં સુધી ગામડાંના ગૃહ ઉદ્યોગો નહિ ખીલે ત્યાં સુધી સ્વરાજ દૂર છે. એ બધી બાબતો ધ્યાનમાં રાખીને આપણા જે નેતાઓ અને આગેવાનો ગુજરાતના અને દેશના હતા એણે ચાર પાયાની વાત કરી હતી. ભગવાનનું મંદિર, સરસ્વતી મંદિર,

લક્ષ્મી મંદિર અને ન્યાય મંદિર. આ ચાર પાયા વડે ગુજરાતમાં વસતા હરકોઈ નાગરિકને એની સુખ શાંતિ અને સમૃદ્ધિ વધે એ એની પાછળનો આશય હતો. ભગવાનનું મંદિર એટલે વ્યકિત કોઈપણ ધર્મમાં માને, માન્યતાની દ્રષ્ટિએ જોઈએ તો એમાંથી સંસ્કાર મળે છે. એમાં હું વધારે પડવા માગતો નથી. પણ લક્ષ્મી મંદિર કે જેમાં મારે ખેડૂતને સુખી કરવો છે, મારો ખેડૂત સુખી થાય એટલા માટે લક્ષ્મી મંદિરમાં જાય અને ત્યાંથી નાણા લાવીને ખેતી કરે. સુધારેલા બિયારણ લાવે, સુધારેલ ખાતર લાવે, ઓજારો લાવે, કૂવો કરે, એન્જિન લાવે, મોટર લાવે અને ખેતીવાડીની આબાદી વધારી શકે. પરંતુ ૫૦ વર્ષ પૂર્વેનો ઈતિહાસ મારી ઉમરના જૂના મિત્રો હશે એને ખબર હશે કે મોટા આડબંધો નહોતા. નર્મદા, ઉકાઈ, ધરોઈ મોટા બંધો નહોતા ત્યારે એ લાવવાનું કામ કોંગ્રેસે કર્યું હતું. એમનો આશય એ હતો કે મારા ખેડૂતના ખેતર સુધી એનું પાણી પહોંચવું જોઈએ અને પાણી પહોંચે તો 'ખેડ, ખાતર અને પાણી, અનાજ લાવે તાણી' પહેલા જંતુનાશક દવા નહોતી. સુધારેલા બીજ નહોતા અને કૃષિ પ્રત્યની જે લાગણી કહેવાય એ લાગણી પણ નહોતી. મને ખબર છે હું પણ ખેતી કરતો હતો. જે તે સમય પછી નહેરો થઈ. સુધારેલા બીજ, સુધારેલું ખાતર, રાસાયણિક ખાતર નહોતાં આ બધુ આવવાના કારણે ખેડૂત પાંચ મણમાંથી ૫૦ - ૮૦ મણ અનાજ પકવતા થયો. એ લોકો પણ પોતાના બાળકોને સારી રીતે ભણાવીને હોશિયાર થાય એટલા માટે પહેલા ગામે ગામ શિક્ષકો નહોતા, શાળાઓ નહોતી એમાં અમે મધ્યાહન ભોજન આપણે કેમ ઈચ્છીએ કે ખેડૂતનું હિત માટે આપણે કાંઈ કર્યુ નથી.

હું ૫૦ વર્ષ પહેલાનો ઈતિહાસ અંગે ધ્યાન દોરવા માગું છું. સાહેબ, હું નડિયાદ ભણતો હતો. મારા મા-બાપ ૧૫૦ ગ્રામ ચોખા લાવતા, વ્યકિતદીઠ ૫૦૦ ગ્રામ ઘઉં મળતા હતા અને તે કેવા ઓસ્ટ્રેલિયાના લાલ ઘ ઉં, અમેરિકાના ઘઉં અને પેલા લાલ કપડાને તો કેમ ભૂલી જવાય. હવે એમાંથી આપણે બહાર નીકળ્યા છીએ. કેમ કે આપણી જે કાંઈ યોજના હતી એ યોજનાનો લાભ લઈને આપણા ખેડૂતો આગળ આવ્યા છે અને સુખ, સમૃદ્ધિ વધી છે. અમે કર્યુ છે, તમે પણ કર્યુ છે. એકત્રિત રીતે આપણે ગાણા ગાઈશું તો મને લાગે છે કે જૂનો ઈતિહાસ આપણે ભૂલી જઈશું? જે પરિસ્થિતિ પહેલા હતી એ ભૂલી જઈશું? મા-બાપને ના ભૂલી શકાય? ખેડૂતના બાળકોને ભલે સુખ સાહેબી ના મળેલ હોય કોનો આધાર મળ્યો છે તેનો પણ વિચાર કરવો જોઈએ. ચાર પાયાની વાતમાં બહુ લાંબુ નથી ઉતરતો પણ આજે ખેડૂત ધીરેધીરે સૂખી થતો આવ્યો છે, પણ ખેડૂતોને જે મારી સરકાર કે તમારી સરકાર કે કોઈપણ પક્ષની સરકાર હોય એણે પોષણક્ષમ ભાવ આજ સુધી આપ્યા નથી. આમ ખેડૂત જગતનો તાત ગણાય ખરો, પણ જે પોષણક્ષમ ભાવ નહિ મળવાને કારણે આજે ખેડૂતની હાલત બહુ ખરાબ છે ભલે આપ ના માનતા હો. ૫૦ વર્ષના ઈતિહાસમાં બે-પાંચ ખેડૂતોએ બંગલા બાંધ્યાં હશે, બાકીના ૬૦-૭૦ ટકા ખેડૂતના મકાનો સારા નથી એવા ખેડૂતોએ કામ કરીને પોતાના બાળકને ભણાવીને હોશિયાર કર્યા હશે એ હોશિયાર કેમ થયા? એનું કારણ ખેડૂત સૂખી થવાને કારણે પોતાના બાળકને ભણાવા લાગ્યો. આજે ડૉકટર, પ્રોફેસર છે એને આપણે કેમ ભૂલી જઈશું. આ વિધાન સભામાં આજે બિરાજમાન છે એ જો કોઈની દેન હોય તો કોંગ્રેસની દેન છે બીજા કોઈની દેન નથી. શંકરભાઈ વાઘેલા સામાન્ય ખેડૂતના દીકરાને લાવવાનું કોઈએ કામ કર્યુ હોય તો જે તે સમયના આપણા બંધારણના હક્કો આપ્યા હતા એના કારણે આજે આપણે અહીંયા બેઠા છીએ. બીજી લાંબી વાત નથી કરતો. એજ પ્રમાણે જૂનો ઈતિહાસ છે એ પણ જાણવો જોઈએ. જે કોઈ સરકાર આવી એણે હંમેશા પ્રજાહિત, પ્રજા સુખી થાય તેવું કામ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જમીન મહેસૂલ દફતરમાં કોમ્પ્યુટરાઈઝેશન સારી વાત છે. કોમ્પ્યુટરાઈઝેશન કર્યા પછી ખેડૂતના જે સંસાધનો હોય અથવા તો મિલકત હોય, જમીન હોય એમાં કોઈ ફેરફાર ના કરી શકે. પહેલા તો થઈ શકતો હતો, તલાટી ધારે તો આઘુપાછું કરી શકતો એ બાબતે આપે સારું કામ કર્યુ છે એ માટે આપને ધન્યવાદ. એ રીતે શહેરોમાં જે મિલકત છે એ મિલકતની કોમ્પ્યુટરમાં એડ કરવાની છે એ પણ એક સારી વાત છે. આજે તાલુકા કક્ષાએથી ગ્રામ કક્ષા સુધી ૭/૧૨, ૮-અ ના ઉતારાની નકલ વહેલી તકે મળે અને એની જે કાંઈ કિંમત છે એ ઓછી કરે. કારણ કે આખરે ખેડૂતનો દીકરો છે. ખેડૂતને લાભ થાય એ વસ્તુ આપણે સ્વીકારવી જોઈએ. કોમ્પ્યુટરાઈઝેશનના કારણે કેટલાક જે આપણા પહેલા કોર્ટમાં દાવા કરતા હતા એ દાવા નીકળી ગયા અને જંત્રી આધારિત જમીન મૂલ્યાંકન પદ્ધતિ જે સુધારા વધારા સાથે દાખલ કરવાની છે એને પણ હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં કૃષિ વ્યવસ્થામાં ૧૭.૮૩ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે પણ જ્યાં ઘટાડો કરવામાં આવે છે ત્યાં બીજી કેટલીય વસ્તુઓમાં વધારો પણ કર્યો છે એ આવકારદાયક છે. કારણ કે, નાણાકીય વ્યવસ્થાથી ખેડૂતોને લાભ થાય એ પ્રમાણે વ્યવસ્થા કરવી જોઈએ. બિયારણ, પાકો, સંકલિત ખેતી હેઠળ કોઈ સારી યોજના નથી, સેન્દ્રિય ખાતરમાં ૨.૫., ૨૦૦૪-૦૫માં હતી એના બદલે ૪.૫૦ કર્યો સબસિડીમાં એ સારી વાત છે, તેલીબીયાની દિશામાં આગળ વધ્યા છીએ જ્યારે શાકભાજીના વિકાસમાં કોઈપણ રકમ મૂકવામાં આવી નથી, જ્યારે શાકભાજી અને બિયારણની વાત આવી ત્યારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે ઘણી વખત પ્રશ્નોત્તરીમાં પણ કહ્યું હતું કે, ખેડા, આણંદ અને ગુજરાતમાં જે કોલ્ડ સ્ટોરેજો થયા એમાં છેલ્લા ત્રણ વર્ષોમાં બટાટાના ભાવો ન વધ્યા અને કરોડો રૂપિયાનું નુકસાન થયું. ખેડા, આણંદ અને ગુજરાતમાં

૩૦૦ કરોડનું નુકસાન થયું છે અને વધારેમાં વધારે સો કરોડનું નુકસાન એકલા ખેડા જિલ્લામાં થયું છે ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ કોલ્ડ સ્ટોરેજો જે બૅન્કોની લૉનો લઈને ઊભા કરવામાં આવ્યા છે, ખેડૂતોએ પણ આ કોલ્ડ સ્ટોરેજો કર્યા છે અને વેપારીઓ પણ હશે, પચીસ ટકા ખેડૂતોને આજે જે નુકસાન થયું છે કોલ્ડ સ્ટોરેજોમાં એના કારણે એની સ્થિતિ ખરાબ છે, કોલ્ડ સ્ટોરેજો પણ ખરાબ છે ત્યારે એ કોલ્ડ સ્ટોરેજો માટે જે બૅન્કોમાંથી લૉનો લીધી છે એ લૉનો ભરપાઈ ન કરવાના કારણે આજે કોલ્ડ સ્ટોરેજો સ્ક્રેપ ગણીને વેચવામાં આવે છે ત્યારે મારી મંત્રીશ્રીને એક વાત કરવી છે કે, સ્ક્રેપ તરીકે નહીં પણ એને જે ખરેખર કોલ્ડ સ્ટોરેજ બનાવવામાં આખો ખર્ચ થયો એ ત્રણ કરોડ રૂપિયાનો હતો, એના ઓછા-વત્તા ઉપજી શકે પણ સ્ક્રેપ તરીકે એ ન ગણવા માનનીય મંત્રીશ્રીને વિનંતી છે

માનનીય અધ્યક્ષશ્રી, બહુ લાંબી વાતો નહીં કરું, પશુપાલનની વાતો પછી કરીશું પણ ગણોત ધારો, કોંગ્રેસની સરકારે૧૯૭૨-૭૩માં રાજા-મહારાજા, ઠાકોરો, જમીનદાર લોકોનો ક્રોધ અથવા રોષ વહોરીને પણ ગણોત ધારો કોંગ્રેસે કર્યો હતો. એના કારણે નાના અને સીમાંત ખેડૂતોને જમીનનો નાનો ટુકડો મળ્યો હતો, આદિવાસી, હરિજનને આ જમીનનો ટુકડો મળ્યો હતો એમાં સુધારાને કોઈ અવકાશ નહતો, કારણ કે, જ્યાં સુધી ગણોત ધારામાં જેને જમીન મળી હોય, જ્યાં સુધી એની પેઢી હોય ત્યાં સુધી એ ઉત્પાદન ખેડીને કરી શકે અને એનું અને એના કુટુંબનું ભરણપોષણ કરી શકે. આઠ કિલોમીટરનો કાયદો હતો એ આઠ કિલો મીટરના કાયદામાં જમીન રાખી શકે પણ આઠ કિલોમીટરનો કાયદો રદ કર્યા પછી અંબાજીથી માંડી ઉંમરગામ સુધી આજે કોઈપણ નાના અને સીમાંત ખેડૂત પાસે જમીન રહી નથી, જમીન ઉદ્યોગપતિઓ પાસે ગઈ છે આજે એ ખેડૂતોની હાલત ખરાબ થઈ છે એ આ કાયદાના કારણે ત્યારે એમાં પણ થોડો વિચાર કરવો જોઈએ કે જે જમીન એના જીવનનિર્વાહ માટે એને મળી હતી એને પછીથી આપણે એ લોકો સુખી રહે એ બાબતે પણ વિચાર કરવો જોઈએ. પશુપાલનમાં ધીરે ધીરે વૃદ્ધિ કરતા આવ્યા છીએ અને મને ખ્યાલ છે ત્યાં સુધી પશુપાલનમાં ખેડા જિલ્લો, વડોદરા જિલ્લો, સુરત જિલ્લો, અમદાવાદ જિલ્લો, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ડેરીનો વિકાસ થયો અને એ વિકાસના કારણે અમુલ ડેરીની નામનું નામ સારા વિશ્વમાં જાણીતું થયુ છે ખેડા જિલ્લામાં ખાસ કરીને મને યાદ છે ત્યાં સુધી, હું જાણું છું ત્યાં સુધી મારી એક બહેન, એક ગાય અથવા એક ભેંસ લાવી, આખું એનું જીવનનિર્વાહ કરે છે. આપે પણ સ્વીકાર્યુ છે કે, ડેરી ઉદ્યોગ ખીલવો જોઈએ, જુનાગઢમાં બંધ પડેલી ડેરી ચાલુ કરી, આપને ધન્યવાદ, કારણ કે, ખેડૂતોના હિતમાં કામ કર્યુ છે. પશુપાલનમાં મેં જેમ પહેલાં કહ્યું તેમ કે ડેરી મંડળીઓ મારફતે લોન લેતા એમાં સરકાર પણ સબસિડી આપતી હતી એટલે એને બળદ લાવવો હોય, ઓજારો લાવવા હોય અથવા પશુપાલન કરવું હોય તો અથવા ભેંસ લાવવી હોય તો એમાં પણ સબસીડીના પૈસા આપતા હતા, એ સારી વાતને આવકારીએ, એને ફાયદો છે. એમાં આગળ વધીને ખેડૂતોને વધારે સુખી કરવા માગતા હોઈએ તો તેની વસ્તુને અગ્રસ્થાન આપવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, પાક વીમા યોજના. જયારે તીડ આવે કે એવો સમય આવે ત્યારે પાકને ભારોભાર નુકસાન થાય છે ત્યારે ખેડૂતોના પાકને આવરી લઈને સહાય કરવી જોઈએ. જયારે જયારે પાકમાં મંદી આવે ત્યારે ટેકાના ભાવ જાહેર કરે છે. જેથી ખેડૂતની પાયમાલી સર્જાય નહીં. પાક કૃષિ વ્યવસાય પશુપાલન માટે ૮૫.૮૮લાખ રૂપિયા ફાળવ્યા છે. એમાં વધારો કરીને ૧૬૦ અને ૪૦લાખ ફાળવ્યા છે અને એમાં પણ જે સીમાંત અને નાના ખેડૂતો છે જે પશુપાલન ધંધો કરવા માગતા હોય એને વધારેમાં વધારે સહાય કરીને પશુપાલનનો ધંધો વિકસે અને ગરીબોની ગરીબાઈ દૂર કરવા માટે પ્રયત્ન કરે છે. માનવ કલ્યાણકારી પ્રવૃત્તિ કરે છે. એને વધારેમાં વધારે વેગ આપવા માટે હું માનનીય મંત્રીશ્રીને વિંનંતી કરું છું અને શ્વેત ક્રાંતિનું દર્શન તો આપણે કર્યું સુરત, વડોદરા, આણંદ, ખેડા, અમદાવાદ, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, જુનાગઢ એમાં વધારેમાં વધારે પશુપાલનનો ધંધો વિકસે, ડેરી ઉદ્યોગ વિકસે અને આ ગુજરાતમાં, જે આખા વિશ્વમાં અમુલ ડેરી પ્રખ્યાત છે એ રીતે ગુજરાત અને ગુજરાતની બધી ડેરીઓના નામ રોશન થાય એ રીતે પગલાં ભરશે. સહકારી મંડળીમાં જે ખોટ થઈ છે એને સદ્ધર કરવાનું કામ થાય એટલા શબ્દો સાથે વિરમુ છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી કૃષિ પશુપાલન, સહકાર અને મત્સોદ્યોગ અને બાળ કલ્યાણ વિભાગના મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે ઊભો થયો છું. ખાસ તો અત્યારે સહકાર અને કૃષિ મંત્રીશ્રી સમગ્ર ભારતમાં મોડલ એકટ કેન્દ્ર સરકારે અહીંયા લાવવા માટે એક પ્રોવિઝન કર્યું છે. સો ટકા મોડલ એકટ નીચે સમગ્ર મંડી એમાં જોડાય એમાં ના હોઈ શકે નહીં. એમાં મોટાભાગના ૯૦ટકા જે મોડલ એકટના નિયમો છે એ નિયમો ક્રાંતિકારી છે. પણ ગુજરાતની પરિસ્થિતિને સમજતા અને બેએક આઈટમોમાં ગુજરાતની બજાર સમિતિને અસરકર્તા હોવાને કારણે કૃષિ મંત્રીશ્રીના ધ્યાન ઉપર હું લાવવા માગું છું. મોડલ એકટમાં ખાનગી બજારની એક જોગવાઈ છે અને જો ખાનગી બજાર આવશે તો ૬૦-૭૦ વર્ષથી જે ખેતીવાડી બજાર સમિતિ ખેડૂતોના હિતોનું રક્ષણ કરી રહી છે એ ફુલેલી ફાલેલી સહકારી પ્રવૃત્તિને ફટકો પડવાનો અને ખાનગી બજાર એવા પ્રલોભનો આપીને પણ ખેતીવાડી બજાર સમિતિને અવરોધરૂપ બનવાના હોઈ હું મંત્રીશ્રીને કહેવા માગું છું કે ખાનગી બજાર સામે સહકારી બજાર

ટકી શકે તેવું આગોતરું આયોજન પણ કરવાની જરૂર છે. કોન્ટેક ફાર્મીંગ યોજનાની વાત સારી છે. કોઈપણ ઉદ્યોગપતિ નવી તરેહની ખેતી કરવા માગતા હોય અને ખેતીવાડી બજાર સમિતિમાં કોઈ અસર ન થાય એ રીતે ફાર્મીંગ ખેતી કરવા માગતા હોય તો એને આવકારું છું. પણ મોડલ એકટમાં એક બાજુ વન ટાઈમ સેસનો જે કાયદો આવ્યો છે એ કાયદામાં અવરોધરૂપ છે. મોટી મોટી મંડી હોય, એવી મંડીઓ. કારણ કે ભારતભરમાંથી કોઈપણ માણસ વેચવા આવે ત્યાં સેસ ભરી હોય, અહીયા સેસ લેવાને પાત્ર થતી નથી તો શું •* (XXXX) આવી ખેતીવાડી બજાર સમિતિ..

**અધ્યક્ષશ્રી .** : નારાયણભાઈ, * (XXXX) શબ્દ કાઢી નાખું છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : આ ખેતીવાડી બજાર સમિતિ શાના માટે કામ કરે છે, શેના માટે સેવા આપે છે. કયો કર્મચારી એના માટે કામ કરશે. એનું નિયંત્રણ બજાર સંઘનો ચેરમેન છું. ૨૮૦ માર્કેટ કમિટીનો અવાજ રજૂ કરવો એ મારો પ્રથમ અધિકાર છે. આ બે પ્રશ્નોને ગંભીરતાપૂર્વક વિચારણા કરવાની આ કૃષિ મંત્રીશ્રીને હું વિનંતી કરું છું. એમણે કેટલીક પ્રગતિ કરી છે. ખેતબજારો થયા પછી ખેડૂતોને હમેશા માટે રોકડા નાણા, ખરું તોલ અને સારા ભાવ મળ્યા છે અને આ પ્રવૃત્તિને વેગ આપવા માટે આ દુનિયા એકવીસમી સદીમાં પ્રવેશી હોય ત્યારે ખેત બજાર સમિતિ એમાં જોડાય, એના માટે કૃષિ મંત્રીશ્રીએ ખૂબ પ્રયત્ન કર્યો છે. ૧૮૨ બજાર સમિતિઓને કૉમ્પ્યૂટરથી આવરી લીધેલ છે. કોઈપણ ફૉરેનના દેશ જોડે કામ કરવું હોય તો ઈ-મેઈલ દ્વારા વેપારીઓનો કૉન્ટૅક્ટ કરી શકીએ અને કોઈપણ ખેડૂતોને કૉમ્પ્યૂટરમાં ચાલુ ભાવ જોવો હોય તો એમાંથી આપણે ભાવ મેળવી શકીએ એવી જોગવાઈ કરી છે. એમને અભિનંદન આપું છું. ૩૨ બજાર સમિતિઓને ટૅક્નૉલૉજી મીશન હેઠળ કૉટન પ્રોજેક્ટ માટે આવી લીધેલ છે અને એમાં ૫૬૨૩ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, તેમાંથી ૧૫ બજાર સમિતિઓએ એ પ્રોજેક્ટ પૂરો કર્યો છે અને બાકીનું કામ પ્રોસેસમાં છે. બજાર સમિતિઓ સામાજિક સેવા માટે દાનની મર્યાદા ૨૦ ટકા જે વધારવાની જરૂરિયાત સમજી સુધારો થવો જોઈએ. વારંવાર આ ગયા સત્રમાં પણ મંત્રીશ્રીને મેં વિનંતી કરી હતી. મોંઘવારીનો જમાનો છે. કોઈપણ સેવાકીય પ્રવૃત્તિ માટે અને બંધારણમાં નિયમો હોય એમાં આપવામાં છૂટ આપવામાં આવે તો હું માનું છું કે એક ઉમદા કામ કર્યુ કહેવાશે.

હમણાં સી.જે. ચાવડા એમ કહેતા હતા કે ભગવાન રામના નામે રૂપિયા લઈ ગયા. હું એમ પૂછું છું કે તમારી વિસનગર બૅન્કમાં અમારા ઉમિયા માતાના પૈસા પડ્યા છે. એ વહીવટ કોણ કરતું હતું. તમે જે કર્યુ છે: વિસનગર બૅન્કમાં, અમદાવાદ બૅન્કમાં, મુદ્રા બૅન્કમાં, રાજકોટ ડિસ્ટ્રિક્ટ બૅન્ક, મહેસાણા બૅન્ક, અમરેલી બૅન્ક, સાબરકાંઠા બૅન્ક આના વહીવટદાર કોણ હતું? અને એમના કૌભાંડમાં હજુ તપાસ જો મૂકવામાં આવે તો કેટલાય ગરીબોના પૈસા ગયા છે એનો જવાબ આજસુધી કોઈ કોંગ્રેસની સરકારે આપ્યો નથી. એટલેથી નહિ, ભીખાભાઈ સાંભળો. ૨૦૦૬-૦૭ માં આ અંદાજપત્ર કેન્દ્રનું આવ્યું અને આ અંદાજપત્રમાં તમારા જ નાણામંત્રીશ્રીએ સહકારી ક્ષેત્રને મરણતોલ ફટકો પાડ્યો છે. આજસુધી ૮૦ પી ઉપર કોઈ સરકારે આઝાદી પછી સહકારી ક્ષેત્ર ઉપર ટેક્સ નાખવાની કોઈ જોગવાઈ કરી નથી. હિંમત નથી કરી. તમારા છે ચિદમ્બરમ. આજે ટેક્સ નાખ્યો આખા ગુજરાતમાં અને ૧૪૭ કરોડ બૅન્કનો નફો એમાં ૫૦ કરોડ રૂપિયા ટેક્સમાં ભરવા પડે.

આ સહકારી પ્રવૃત્તિને વેગ આપવા માગે છે કે તોડવા માગે છે તે સમજાતું નથી. બીજું જ્યારે સરકાર આજે નબળી પડેલી બૅન્કોને સહકાર ખાતામાં લૂણો લાગ્યો હોય તેને મજબૂત કરીને એકધારા પગલાં લેતી હોય તેને સિકયોરિટી એકટની નીચે જે બૅન્કોના નિયમસર પૈસા ન ભરતા હોય તેના કારણે ઘણા હોંશિયાર માણસો હોય છે જે કોર્ટ કબાલામાં જતા હોય છે અને તેમાં વર્ષો સુધી અપીલોમાં સમય જતો હોય છે ત્યારે આપણી પાસે સહકારી બૅન્કો પાસે કોઈ સત્તા નથી તેમાં ગુજરાત સરકારે કેન્દ્ર સરકારને વિનંતી કરી અને તેમાં શિડયુલ્ડ બૅન્કો અને વેપારી બૅન્કો પાસે સત્તા હોય તેમાં ૧૫૯ કલમ નીચે સત્તા પ્રાપ્ત થઈ અને તે સત્તા પ્રાપ્ત થવાના કારણે બૅન્કોના સત્તાધીશો કોઈપણ પ્રકારની કોર્ટ કાર્યવાહી કર્યા સિવાય તેના ઉપર જે મિલકત છે તેમાં પૈસા વસૂલ કરી શકે અને તેના કારણે ધીમેધીમે આ બદી દૂર થઈ છે. કોર્ટ કબાલામાંથી આપણે બહાર નીકળ્યા છીએ. શહેરી બૅન્કોમાં સહકારી ફંડ માટે ગુજરાત સરકારે કાયદો ઘડ્યો, સહકારી મંત્રીશ્રીએ કાયદો ઘડ્યો. તેમાં નફો કરતી કોઈપણ બૅન્ક હોય તેના નફાના પંદર ટકા સહકારી ફંડમાં જમા કરવાના અને તે એકમાત્ર ઉદ્દેશ નબળી પડેલી બૅન્કો હોય તેને મદદરૂપ થવાય તે હતો. સેટલમેન્ટ યોજના. વન ટાઈમ સેટલમેન્ટ યોજના ખૂબ સારી છે. ચોક્કસ સમય હતો. તેમાં ઘણા રૂઢિચુસ્ત બૅન્કના હોદ્દેદારો હતા તે આ યોજના સમજ્યા ન હતા. વર્ષો સુધી દસ દસ વર્ષ સુધી તેનું નિરાકરણ ન આવતું હોય ત્યારે આ યોજના કરવામાં આવતાં અને તેમાં તે વખતે ૭૧૮૦ અરજીઓ આવી હતી અને તેમાં ૪૪૮૮.૮૬ લાખની વસૂલાત થઈ. હું તો હજુ પણ સહકાર મંત્રીશ્રીને કહેવા માગું છું કે નિયમિત ધરનાર ભરનાર ગ્રાહકોને પ્રોત્સાહક ઈનામ આપવાની સ્કીમ લાવવી

• * (XXXX) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

જોઈએ. જેથી ધિરાણ પરત મેળવવાની પ્રક્રિયાને વેગ મળશે. સેટલમેન્ટ યોજના જે લોકો સમજ્યા ન હતા, જે લોકો તેનો લાભ અને નુકસાન સમજ્યા ન હતા તેમના માટે વન ટાઈમ સેટલમેન્ટ યોજનાનો સમય વધારવો જોઈએ. ફડચામાં ગયેલી બૅન્કો વીમાથી રક્ષિત હતી. રિઝર્વ બૅન્કના કેટલાક નિયમો અને નિયમોને આધારે આપણે વિમા કવચ હોવા છતાં પૈસા પ્રાપ્ત કરી શકતા ન હતા. કવચ હોવા છતાં થાપણદારોને પૈસા આપી શકતા ન હતા. પણ આ ગુજરાત સરકારે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને માનનીય સહકારમંત્રી શ્રી ભુપેન્દ્રસિહ ચુડાસમાએ કેન્દ્રમાં વારંવાર રજૂઆત કરી અને તેના કારણે ૩૭ બૅન્કોના ૯૩,૪૦૯૮ થાપણદારોને ૧૦૦૭.૯૮ કરોડના કલેઈમ મંજૂર કરવામાં આવ્યા. તે પૈકી ૫,૧૨,૪૫૦/- થાપણદારોને ૬૩૫.૯૬ કરોડ ચૂકવવામાં આવ્યા અને હું તો સહકાર મંત્રીશ્રીને હજું પણ કહેવા માગું છું કે જેટલી ફડચામાં ગયેલી બૅન્કો હોય તેની મિલકતો પડી છે, મિલકતો પડી હોય તો તેમાંથી થાપણદારોને કંઈ મળતું નથી. આ જે મિલકતો એટલી બધી કિંમતની છે, લાખો કરોડો રૂપિયાની મિલકતો છે તેનું વેચાણ કરી જે થાપણદારો હોય તેમને ભાગે પડતું જે આવે તે આપવાના પ્રયત્નો કરવા જોઈએ અને તેનાથી કંઈક થાપણદારોના વિશ્વાસ વધશે અને ગયેલી મૂડી પાછી આવશે. ગુનાહીત થાપણદારો સામે પોલીસ કાર્યવાહી કરવાનું સ્તુત્ય પગલું ભર્યુ છે. અને એના કારણે કેટલાય બૅન્કોના હોદ્દેદારો પણ આમાં સંડોવાયેલા હોય એ આજે જેલ ભોગવી રહ્યા છે. કેટલાય ચીટિંગ કરીને બૅન્કો સાથે છેતરપિંડી કરનારા ગ્રાહકો જેલના સળિયા પાછળ ગયા છે, પણ એનું જે મોનિટરિંગ કરવાની પદ્ધતિ છે એ ઝડપી થાય અને એના કારણે બીજા લોકો છેપરપિંડી કરવાવાળા લોકો પણ ગભરાઈને એ બાકીનાં નાણાં ભરી જાય તો યોગ્ય થયું ગણાશે.

નાગરિક સહકારી બૅન્કોના એવી કેટલીય જૂની પંદર -વીસ બૅન્કો એવી છે કે એમને લાયસન્સ રિઝર્વ બેંકે આપ્યાં નથી, મેં કેટલીય વખત વિનંતી કરી, માનનીય સહકાર મંત્રીશ્રીને, માનનીય મુખ્ય મંત્રીશ્રીને એમના પ્રયત્નોથી ઉંઝા નાગરિક સહકારી બૅન્કને વર્ષો બાદ આજે લાયસન્સ મળ્યું છે, એટલે એમ જે બાકી રહી ગયેલ બૅન્કો છે એ બાકી રહી ગયેલ બૅન્કોને તાત્કાલિક લાયસન્સ મળે એ માટેના પ્રયત્નો કરવા માટે હું એમને વિનંતી કરું છું.

કૃષિ ખાતામાં જોઈએ તો, હંમેશાં સહકાર સિવાય ઉધ્ધાર નથી અને જો સહકાર નહીં હોય તો આમ ગરીબ પ્રજાને જે લાભ મળે છે એ લાભથી એ વંચિત રહેશે. કૃષિમાં સેવા સહકારી મંડળીઓ એ એક એવું માધ્યમ છે કે જેના કારણે નાના -નાના અને સીમાન્ત ખેડૂતોને પણ આપણે ધીરાણ આપી શકીએ છીએ અને એના કારણે નાબાર્ડની માર્ગદર્શન સૂચનાઓને લઈને ધરતીપુત્રોને ઘેર બેઠાં સહકારી મંડળીઓ દ્વારા આપણે ધીરાણ આપી શકીએ છીએ. સમગ્ર ભારતમાં સહકારી માળખામાં, હંમેશાં ભારતનો રેશિયો ગણીએ તો સમગ્ર ભારતમાં જે સહકારી પ્રવૃત્તિ ચાલે છે એમાં ગુજરાતમાં ડબલ સહકારી પ્રવૃત્તિ ચાલે છે અને એમાં નૅટવર્કની દૃષ્ટિએ રાષ્ટ્રિય બૅન્કો ગ્રામીણ બૅન્કોના પ્રમાણમાં માળખું એકંદરે મજબૂત છે. ગુજરાતની સહકારી બૅન્કોનું કૃષિ ધીરાણ છેલ્લા ત્રણ વર્ષમાં જોઈએ તો ૨૦૦૨-૦૩માં ૨૬૪૩.૯૨ કરોડ રૂપિયા, ૨૦૦૩-૦૪માં ૨૩૪૪.૫૯ કરોડ અને ૨૦૦૪-૦૫માં ૨૫૪૫.૧૧ કરોડ રૂપિયાનું આ સેવા સહકારી મંડળીઓ દ્વારા અને જમીન વિકાસ બૅન્ક દ્વારા આપણે ધીરાણ આપી રહ્યા છીએ અને છેલ્લે સને ૨૦૦૫-૦૬માં ડિસૅમ્બર, ૨૦૦૫ સુધીમાં ૨૬૭૬.૭૯ કરોડનું ધીરાણ આપણે કરી ચૂક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કિસાન ક્રેડિટ કાર્ડ પણ ૧૯ લાખ ૭૨ હજાર ખેડૂતોને આપણે આપી શક્યા છીએ, આ કિસાન ક્રેડિટ કાર્ડ આપવાથી ખેડૂતને એક લાખ રૂપિયાની વીમાની વીમા પોલીસનો એને લાભ મળે છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય કૃષિ મંત્રીશ્રીના માર્ગદર્શનના કારણે કૃષિ મહોત્સવ ૨૦૦૫ સફળતાપૂર્વક ઉજવીને એક સાથે ૧૮ વિભાગોની કામગીરી એક મહિનામાં હાથ ધરવામાં આવી એ આપણે સૌએ જોયું છે. કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો એરકન્ડીશનમાંથી બહાર નીકળતા ન હતા, ક્લાસ વન ઑફિસરો, આઈ.એ.એસ. ઑફિસરો કદાપિ બહાર નીકળતા ન હતા એ ખરી ગરમીમાં પણ ગામડાંમાં રથની સાથે પ્રવાસમાં રહ્યા અને પ્રવાસમાં રહીને ખેડૂતોને માર્ગદર્શન આપવાનું મહત્ત્વનું કામ કર્યુ છે. કૃષિ મહોત્સવ પછી રવિ સીજન પૂર્વે કૃષિ શિબિરો યોજવામાં આવી, એ જિલ્લે-જિલ્લે અને તાલુકે-તાલુકે યોજવામાં આવી અને એના કારણે ૨૨ લાખ હેકટર જમીનમાં ખેતી કરતા હતા, વાવેતર કરતા હતા એની જગ્યાએ આ જ્ઞાન આપવાના કારણે ૨૮ લાખ હેકટર જેટલી જમીનમાં વાવેતર થયું. જળસંચય કૃષિ મહોત્સવ દરમિયાન માર્ગદર્શનના કારણે કિસાનો વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરે. **અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, માનનીય સભ્યશ્રીનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫ કલાક**

**સભાપતિશ્રી મહેન્દ્રભાઈ લી. મશરુ અધ્યક્ષ સ્થાને**

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૨, ૪, ૫ અને ૬ લઈને આવ્યા છે તેમજ માનનીય મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૧૦૫ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતને ગુજરાતનો તાત આપણે કહીએ છીએ ત્યારે આજના સમયની માંગ પ્રમાણે વૈજ્ઞાનિક પદ્ધતિથી જ્ઞાન મળે, નવું બિયારણ મળે અને એ બિયારણ વાવે અને ખેડૂતોને ઉત્પાદન વધે અને એની આર્થિક પરિસ્થિતિ સુધરે એ બહુ જરૂરી છે. સરકારે એના માટેના પ્રયત્નોની વાત કરી કે, લેબ ટુ લેન્ડ. ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આવી જાહેરાત કરી એવા ૭૫૦ જેટલા વૈજ્ઞાનિકોએ શું ખરેખર ગામડાંઓ સુધી આવીને ગામના ખેડૂતોને માર્ગદર્શન આપ્યું છે? અને સાથે સાથે સોઈલ હેલ્થ કાર્ડ મળે એ આજના જમાનામાં બહુ જરૂરી છે. કેમ કે જમીનનું આરોગ્ય જાણવું ખૂબ જરૂરી છે. એના પ્રમાણે ખાતર કયું વાપરવું અને કયો પાક એની જમીનમાં લેવો એ જાણે એ ખૂબ જરૂરી છે. એની ગંભીરતા રાખી એ સોઈલ હેલ્થ કાર્ડ દરેકને મળે એ ખૂબ જરૂરી છે પણ આજની પરિસ્થિતિ જુદી છે કે ગામડાંમાં વિસ્તરણ અધિકારીઓ જે ગામડાંમાં ફરતા હોય છે એ મહિને એકાદ વખત આંટો મારે એના સિવાય વિશેષ કંઈ કરતા હોતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આજે કૃષિ યુનિવર્સિટીમાં નવા નવા બિયારણની વૃદ્ધિ થાય છે એમાં ગામડાંમાં તાલુકા કક્ષાએ જે વૃદ્ધિ કેન્દ્રો હતા એ બંધ થઈ ગયા છે. હમણાં જ અમારા ભીલોડા તાલુકાની વાત કરું તો ભીલોડા તાલુકા મથકે બિયારણનું સીડસ ફાર્મ હતું એ સીડસ ફાર્મ પણ બંધ થઈ ગયું છે. ખેડૂતો માટેની જમીન ચકાસણી ઓફિસ હતી એ પણ બંધ થઈ ગઈ છે ત્યારે ખેડૂતોએ કયાં જવાનું, એની જમીનની ચકાસણી કરવા માટે કેટલે દૂર જવાનું? માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ખરેખર ખેડૂતોને ફાયદો કરવો હોય તો જે તે તાલુકા મથકે આવી વ્યવસ્થા હોવી જોઈએ. એમણે વાત સારી કરી છે કે, આપણે દરેક તાલુકા મથકે વૈજ્ઞાનિકોની નિમણૂક કરવાના છીએ. આ નિમણૂકો દરેક તાલુકા મથકે વહેલીતકે થાય તો ખેડૂતોને સારો ફાયદો થશે. સાથે મારે વાત એ પણ કરવાની છે કે, અત્યારે ખેડૂતોની સાથે વ્યવહાર બહુ સારો થતો નથી. ચૂંટણીઓ આવે ત્યારે એની સાથે બહું સારો વ્યવહાર થાય છે પણ પછી ભૂલી જવામાં આવે છે. હમણાં જ અમારા સાબરકાંઠા જિલ્લાના પ્રાન્તીજ તાલુકાના ખેડૂતો શાકભાજી વગેરેની ખેતી કરે છે. એ રોજ અમદાવાદ-ગાંધીનગર એનો માલ લઈને વેચાવા જાય છે એના ઉપર દંડ ફટકારવામાં આવ્યો એ બાબતની તેઓ રજૂઆત કરવા આવ્યા ત્યારે વિધાનસભાની બહાર એમને માર મારવામાં આવ્યો ત્યારે આવું વર્તન ખેડૂતો સાથે ન થવું જોઈએ, એને સાંભળવા જોઈએ, એની મુશ્કેલી સાંભળવી જોઈએ. એની સાથે આવો વ્યવહાર થાય એ બહું ખરાબ છે. એટલા માટે મારી માનનીય કૃષિ મંત્રીશ્રીને અને માનનીય ગૃહમંત્રીશ્રીને વિનંતી છે કે આ ખેડૂતો જે દરેકને જીવાડવાનું કામ કરે છે એની સાથે વ્યવહાર સારો થવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે વૈશ્વિક બજારમાં ટકવું છે ત્યારે આપણે ઉત્પાદનનું લક્ષ્ય નક્કી કરવું પડશે. સાથે સાથે કઈ જાતનું ખેડૂતોએ ઉત્પાદન કરવું, કયું ખાતર વાપરવું એ પણ જ્ઞાન આપવું જોઈએ. ખેડૂતોએ આજે સજીવ ખેતી તરફ જવું પડશે કારણ કે, દરેક માણસ જાગૃત થઈ રહ્યો છે, હું શું ખાઈ રહ્યો છું એ એમાં દવા-ખાતર કયા પ્રકારના નાંખવામાં આવે છે એની લોકો જાણકારી મેળવતા થયા છે ત્યારે દવાવાળું અનાજ-શાકભાજી ખાય છે એનાથી લાંબાગાળે ઘણાં ખરા રોગો થાય છે ત્યારે આજે સજીવ ખેતી તરફ જવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે આજે ખેડૂતોને પોતાના ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળે એની પણ ચિંતા કરવી પડશે. બીજુ શાકભાજી પાકે છે ત્યારે ખૂબ પાકે છે પણ પછી અમુક સમયમાં શાકભાજી બગડી જતું હોય છે ત્યારે એનો સંગ્રહ કરવાની કોઈ વ્યવસ્થા ન હોવાના કારણે ખેડૂતોને મુશ્કેલી ઊભી થાય છે ત્યારે એવા સંજોગોમાં ઉત્પાદન વધુ થાય ત્યારે તાલુકા લેવલે સંગ્રહ કરવાની સરકાર દ્વારા કોઈ વ્યવસ્થા કરવી જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પશુ અને ડેરી એમાં શ્વેત ક્રાંતિ આવી છે એમાં પશુઓની સારી ઔલાદો આવી. જેના લીધે દૂધનું ઉત્પાદન વધ્યું તે બહુ સારી બાબત છે પણ ગામડામાં પરિસ્થિતિ થોડીક જુદી છે આજે ગામડામાં જઈએ તો એમના પશુઓના ચેકીંગ માટેની કોઈ વ્યવસ્થા હોતી નથી છેલ્લાં બે વર્ષથી અમે એટલી રજૂઆત કરી છે કે કમસે કમ ઘોડી તો આપો જેથી પશુને ઊભાં રાખીને એમની દવા કરાવી શકાય કોઈ ઢોરોને આવી રીતે ઘોડી વગર દવાઓ આપી શકાતી નથી. સરકાર ભલે એમ વાતો કરતી હોય કે અમારી પાસે મોબાઈલ યુનિટ છે પણ એની જે વ્યવસ્થા હોવી જોઈએ તાલુકા મથકે અને ગામડામાં આ વ્યવસ્થા ન હોવાને કારણે આજે ખરેખર આ બધું કાગળ પર છે. એમને મારી વિનંતી છે એના માટે પૈસા મુકાઈ ગયા છે છતાં પણ એ પૈસાનો ઉપયોગ થતો નથી.આ ઘોડીઓની વ્યવસ્થા કરવામાં આવે ખાસ કરીને અમારા ટ્રાઈબલ વિસ્તારમાં એની ખૂબ મુશ્કેલી છે. સાથે સાથે સહકારની પ્રવૃત્તિમાં પણ સહકારી પ્રવૃત્તિને લીધે આજે ગામડાનું અર્થકારણ બહુ સારું અસરકારક અને પ્રગતિ કારક બન્યું છે. આર્થિક પરિસ્થિતિ પણ ગામડાના ખેડૂતોની સુધરી છે. સહકારી મંડળીઓના રજીસ્ટ્રેશનની ગામડામાં હવે જાગૃતિ થઈ છે. હવે એ નોંધાવવા જ્યારે જાય છે ત્યારે હવે જે મજૂર મંડળીઓ બની હોય અને એ નોંધાવવા જાય છે ત્યારે એ લોકોને કહેવામાં આવે છે કે તમે બીજી મંડળીનો અભિપ્રાય લઈ આવો પરંતુ એ શકય નથી આવી જે પછાત વિસ્તારની મંડળીઓ હોય એમને જો ખરેખર કંઈક મદદ કરવી હોય તો એનું એમને એમ રજીસ્ટ્રેશન થાય એવું કરવું જોઈએ. જેથી આ લોકોને રોજીરોટી પણ મળી શકે. બૅન્કોમાં પણ આપે થોડાક સમય પહેલાં જાણ્યું હશે કે ઘણી બધી બૅન્કો ઊઠી ગઈ, દ

ણા એવા ડિફોલ્ટરો હતા અને કોર્ટે પણ હુકમો કર્યા છતાં પણ વીસનગર બૅન્ક જેવી બૅન્કને પણ કોઈ પકડવા તૈયાર નથી એના જે માણસો છે એને કોઈ પકડતું નથી. જે ખેડૂત છે એ ખેડૂત જે બિયારણ પકવે છે એ બિયારણ માટે ખાસ કરીને ઘઉં પકવે છે કોઈ સંજોગોમાં આ ઘઉં પાતળા થઈ ગયા હોય અને એનું ચારણ કરવું પડે છે ઉપરનો ભાગ બિયારણ તરીકે ઉપયોગમાં આવે છે પણ પાછળનો જે રહી ગયેલો છે ભાગ એ ખેડૂતોને પાછો મળતો નથી તો મારી વિનંતી છે કે આવી જ્યાં જ્યાં મુશ્કેલી છે એ દૂર કરવામાં આવે અને એમને એમની મજૂરીના પૈસા મળવા જોઈએ.

મારા સાથી સભ્ય ડો. સી.જે. ચાવડાએ જે વાત કરી તે હું ફરી દોહરાવું છું કે આ બિયારણ માટે વેટ લાગુ પાડવાના છો એ કોઈપણ સંજોગોમાં સરકાર ન લગાવે કારણકે આનાથી બિયારણના ભાવ વધશે ખેડૂતોને ખૂબ મુશ્કેલી પડશે અને અત્યારે જે બિયારણ પકવનારા માણસો છે એ બીજા રાજયોમાં જતા રહેશે એટલે આવી મુશ્કેલી દૂર કરવા માટે પણ મારી વિનંતી છે. જમીન વિકાસ નિગમ બહુ સારું કામ કરે છે. જમીનો સમતલ કરવાથી એની ઉત્પાદકતા વધે છે અને ખેડૂતોને પણ એનો સારો ફાયદો થાય છે. આ ડુગરાળ અને અમારા પછાત વિસ્તારો માટે આની જોગવાઈ હોવી જોઈએ કારણકે સરકાર પાસે મેં જોયું તેમ ૭૬ જેટલા બુલડોઝરો છે અને આવા બુલડોઝરો જે ડુંગરાળ વિસ્તાર છે ત્યાં આવા બુલડોઝરોની વધુ જરૂરિયાત છે ત્યાં વધુ બુલડોઝરો આવે તો એનાથી જમીનનું સમતલ સારું થશે. જે તળાવો અને જમીન સમતલ અને પાળા બંધીના કામ મશીન દ્વારા થાય છે આમ તો સરકારની નીતિ છે કે મજૂરો દ્વારા કરવું જોઈએ પરંતુ આવી પરિસ્થિતિમાં જો આ મશીનો લાવે તો સારું છે.

મારી છેલ્લી એક વિનંતી કરવી છે મત્સ્યોદ્યોગની, એમાં બંદરોનો વિકાસ થાય એ બહુ સારી વાત છે પણ અમારા વિસ્તારમાં ડેમો હોય અને અમારો આદિવાસી વિસ્તાર હોય ત્યારે અમારી મંડળી હોય એને મત્સ્યોદ્યોગનો પરવાનો ન મળે એ બહુ જ ગંભીર બાબત છે અને બહારના માણસો યુ.પી.ના ચાળીસ ચાળીસ માણસો અહીંયા કામ કરે છે અને અમારા લોકો હેરાન થાય તો મારી સરકારને વિનંતી છે કે અધિકારી જે તપાસમાં આવ્યા અને રિપૉર્ટ સારો નહિ ગયો ફરી મારી મંત્રીશ્રીને વિનંતી છે કે સ્થળ પર ખરેખર તપાસ કરવામાં આવે અને ન્યાયિક પરિણામ આપવામાં આવે એવી હું આશા રાખું છું મંત્રીશ્રી આમ તો બહુ લાગણીવાળા છે એટલે મને ચોક્કસ ખાતરી છે કે ન્યાય આપશે આટલા મારા સૂચનો કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી બેચરભાઈ વી. ભાદાણી (લાઠી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ, પશુપાલન, અને ડેરી વિકાસ, સહકાર અને મત્સ્યોદ્યોગ અને માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી ક્રમાંક, ૨, ૪, ૫, ૬ અને ૧૦૫ લઈને જે આવ્યા છે એને અનુમોદન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું. ખેતી એ તમામ ઉદ્યોગોની જનેતા છે, માતા છે. ઑઈલ મિલ ચલાવવી હોય, કાપડની મિલ ચલાવવી હોય તો મગફળી જોઈએ, તલ જોઈએ, એરંડો જોઈએ, સોયાબીન જોઈએ, કપાસ જોઈએ એ બધું ક્યાંથી મળે છે, એ મળવાનું એકમાત્ર સ્થળ અને સ્થાન જો કોઈ હોય તો એ ગામડું અને ખેતી છે.

મારે દુ:ખ સાથે કહેવું છે કે આ દેશ આઝાદ થયા પછી પંચવર્ષીય યોજનાઓનું જે આયોજન થયું તે દિલ્હીના એરકન્ડીશન બંગલામાં બેસીને અધિકારીઓએ આયોજન કર્યુ. આયોજન કેવું કર્યુ મોટા મોટા શહેરો અને મોટા મોટા ઉદ્યોગોને પ્રાધાન્યતા મળી. આજે ઉદ્યોગોની અંદર શું સ્થિતિ છે આપણે જાણીએ છીએ. જ્યારે મારે બીજી કંઈ વિશેષ લાંબી વાત નથી કરવી પણ ૧૯૯૫માં કેન્દ્રમાં એન.ડી.એ.નું શાસન આવ્યું અટલજીના નેતૃત્વ નીચે. અટલજીએ કહ્યું "હર ખેત કો પાની, ઔર હર હાથ કો કામ" આ સૂત્ર અટલજીએ આપ્યું. નદીઓ નાથવાનું કામ અટલજીએ વિચાર્યુ. આજે ૨૨મી, માર્ચનો દિવસ વિશ્વ પાણી દિવસ તરીકે ઉજવાય રહ્યો છે. વિશ્વ સંસ્થા યુનેસ્કો જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થા જ્યારે આ બાબતમાં ચિંતા સેવી રહી હોય ત્યારે આ ગૌરવવંતા ગૃહમાં મને બોલવાની તક મળી હું મારી જાતને સદ્‌ભાગ્ય ગણું છું.પાણી વગર બધું અશક્ય છે. આપણે આપણી ખેતી, પશુ-પાલન, માનવ જીવન અને પર્યાવરણને બચાવવો હશે તો પાણીને બચાવ્યા સિવાય છૂટકો જ નથી અને રાજયે જે કામ કર્યુ છે અટલજીએ જે કહ્યું નદીઓ નાથવાનું કામ આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને આ સરકારે કર્યુ છે પછી તે સાબરમતી નદી હોય કે સરસ્વતી નદી હોય. માનનીય સિંચાઈ મંત્રીશ્રીએ તેમના પ્રવચનમાં કહેલું છે કે હજુ ૬૫ નદીઓને નાથવી છે અને નર્મદાના નીર વહેવડાવવા છે. Water will stand at the same level and at the same height. That is the physical feature of water. ૧૯૯૫ની વાત કરું તો આ ગુજરાતમાં પછી કેશુભાઈનું શાસન હોય, સુરેશભાઈ મહેતાનું શાસન હોય કે નરેન્દ્રભાઈ મોદીનું શાસન હોય પાણી આપવા ખૂબ ખૂબ પ્રયત્નો થયા છે અને તેના પરિણામો મળ્યા છે. હું અભિનંદન પાઠવું છું. આ માનનીય મુખ્યમંત્રીશ્રીને કે પાણી બાબતમાં ચિંતા સેવી છે. ગોરધનભાઈ ઝડફીયાને પણ અત્યારે યાદ કરું છું. સો દિવસમાં સવા લાખ બોરી બંધ તેણે બનાવ્યા. પાણી રોકવું એટલી અગત્યની બાબત નથી તેનો આર્થિક રીતે, મહત્તમ રીતે ઉપયોગ થાય તે પણ અતિ જરૂરી છે. આ દેશનો પહેલો પ્રસંગ હશે કે ૧૫૦૦ કરોડ રૂપિયાની યોજના ડ્રીપ ઈરીગેશન માટે આ રાજયએ જાહેર કરી Gujarat Green Revolution કંપનીએ આ

પાણી રોકવા માટે સ્વાધ્યાય પરિવાર હોય, સ્વામિનારાયણ સંપ્રદાય પરિવાર હોય, વૈષ્ણવ પરિવાર હોય, સંતો હોય, દાતા હોય, સરકાર હોય બધાનો સાથ-સહકાર લઈને આ ગુજરાતમાં પાણી રોકવાની કામગીરી, પાણી વગર બધું અશક્ય છે. ખેતીમાં પણ પાણી જરૂરી છે. પાણી વગર બધું અશક્ય છે ત્યારે પાણી રોકવાની બાબતમાં હું ફરી દોહરાવું છું અને અભિનંદન પાઠવું છું. ઉત્સવો તો ગુજરાતની ઓળખ છે. અહીં બધા ટીકા કરતા હતા. મારે બીજા કોઈ ઉત્સવ બાબતે વાત નથી કરવી. મારે કૃષિ રથ બાબતે વાત કરવી છે. અહીંયા અમારા સી.જે.ચાવડાસાહેબ અત્યારે હાજર નથી તે વાત કરતા હતા તે તો વેટરનીટીના ડોકટર છે તેને કદાચ સોઈલ હેલ્થ કાર્ડ શું તે તેમને ખ્યાલ નહીં હોય. પણ હું એગ્રીકલ્ચરનો ગ્રેજ્યુએટ છું એટલે મને ખબર છે કે હેલ્થ કાર્ડની શું અગત્યતા છે. તેના આધારે જ તાલુકાવાઈઝ, જિલ્લા વાઈઝ કેવા પાકનું વાવેતર કરવું તેનો આધાર, તેનું આયોજન આ સોઈલ હેલ્થ કાર્ડને થાય તે વેટરનીટીના ડોકટર બોલતા હતા. સાહેબ, એકજ વાક્યમાં જવાબ આપવો છે કૃષિ એટલું જ નહીં ઉત્પાદન નવ હજાર કરોડથી ૨૫ હજાર કરોડ સુધી આ સરકાર લાવી તેની વિશેષ બીજુ શું હોઈ શકે. મારે આપના મારફતે વિનંતી છે કે, ટીકા એક જ બાબતમાં હોઈ શકે. ૧૪૫ સભ્યશ્રીઓ આ હાઉસમાં બેઠા હતા. આ ટીકાને કારણે એકડો નહીં ૧૦૦ કાઢી મૂક્યા ૪૫ રહ્યાં અને હજુ કદાચ આવી ટીકા ચાલુ રાખશો તો ચોગડો નીકળી જશે પહેલી બેન્ચ પૂરી નહીં કરી શકો જરા વિચારો, વાજબી બાબતમાં ટીકા હોઈ શકે. આપના મંત્રીશ્રી શંકરસિંહજી વાઘેલાએ અમારા કૃષિમંત્રીને બિરદાવ્યા છે. બિરદાવવા જ પડે. છૂટકો જ નથી. વાજબી વાત હોય, કામ સારું થતું હોય તો બિરદાવવા જ પડે. હું પણ આપને બિરદાવું છું. કૃષિમંત્રીશ્રીને અભિનંદન આપું છું. સાથોસાથ એમના વિભાગમાં બાગાયત નિયામક, એમ.ડી.,બીજ નિગમ અને ખેતી નિયામકને હું અભિનંદન પાઠવું છું. એટલા માટે કે આ રાજયમાં સારામાં સારું કામ આ અધિકારીઓએ કર્યું છે. યોગ્ય સમયે એમને બિરદાવવા જ જોઈએ. હું ફરી આ તકે માનનીય કૃષિમંત્રીને બિરદાવું છું. આ જે પરિણામ ઉત્પાદનમાં આવ્યું છે, એમાં મુખ્ય આધાર અધિકારીઓનો છે, એમને બિરદાવ્યા વગર છૂટકો નથી. એમને હું બિરદાવું છું.

બીજી આંકડાકીય બાબતોમાં પડતો નથી. પરંતુ ખેતી નિયામક હસ્તક પાક વ્યવસ્થામાં ૧૬૨૫૧ લાખની જોગવાઈ કરી છે. આપે પણ આંકડા વાંચ્યા હશે, પરંતુ ટીકા કરવાનું ધ્યેય હશે એટલે ખ્યાલ નહીં આવ્યો હોય. બીજી વાત કે કૃષિ મહોત્સવમાં ખૂબ સારી કામગીરી થઈ છે. એક ગામડામાં કૃષિ મહોત્સવમાં મેં હાજરી આપી છે. ખેડૂતોએ તેમને મળેલ જ્ઞાનને આવકાર્યું છે. આજે જ પેપરમાં જાહેરાત વાંચી છે. હું ઈચ્છું છું કે આવતી સાલ અખાત્રીજના દિવસે, અખાત્રીજ તો ખૂબ સારો દિવસ છે, તે દિવસે આ શુભ કાર્ય (સમય સૂચક ઘંટડી) સાહેબ, ૨, ૫ મિનિટ આપજો.

**સભાપતિશ્રી** : એકાદ મિનિટમાં પૂરું કરો.

**શ્રી બેચરભાઈ વી. ભાદાણી** : (અંતરાય) સૂચન જ આપીએ છીએ. સૂચન આપવા માટે જ ઉભા થયા છીએ. વખાણની વાત નથી. આંકડા બતાવવા પડે કે હકીકત શું છે. સાહેબ કૃષિ વિભાગે એકસ્પર્ટ ઝોન, હું દાખલો આપીશ. હું અમેરિકા ગયો હતો. મારી દીકરી કેનેડા છે અને બહેન અમેરિકા છે. મારા ખર્ચે ગયો હતો. આ હું ચોખવટ કરી લઉં. સાહેબ, ત્યાંની મારકેટમાં, કેલિફોર્નિયાની. (અંતરાય) આ અગત્યની બાબત છે, પ્લીઝ. સાહેબ, હું કેલિફોર્નિયાની, કેનેડાની અને શિકાગોની શાક મારકેટમાં ગયો. ત્યાં બોર્ડ માર્યા હતા. This vegetable is free from pesticides, insecticides and fertilizer. સાહેબ, મેં ભાવ પૂછયા, એક દૂધીયાના. ૧૨૦૦ રૂપિયે કિલો થાય. ૨૫ ડોલરના એક કિલો. સાહેબ, આપણે એ દિશામાં જવું પડશે. સજીવ ખેતી તરફ જવું પડશે. સજીવ ખેતી.

**સભાપતિશ્રી** : પ્લીઝ, બેચરભાઈ. પૂરું કરો.

**શ્રી બેચરભાઈ વી. ભાદાણી** : એક મિનિટ. કૃષિ યુનિવર્સિટી બાબતે મારે વાત કરવી છે. ૪ ઝોન પાડયા છે. ૪ કૃષિ યુનિવર્સિટી. એક શ્વેત પત્ર બહાર પાડીને લોકોને જાણ કરવી જોઈએ કે આ ૪ કૃષિ યુનિવર્સિટીના શું ફાયદા થયા છે. બીજ નિગમ મારફતે, આ નફો કરતું નિગમ છે. આ નિગમે બી.ટી.કોટન વેચવાનો નિર્ણય લીધો છે, એ ગુજરાતના ખેડૂતો માટે આર્શીવાદરૂપ છે. વેટના કાયદામાં બીજ ઉપરના ટેકસ બાબતમાં ઉલ્લેખ થયો છે, તો મારી લાગણી એ છે કે તે હળવો થાય, એવી વિનંતી કરું છું.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ અને પશુપાલન, સહકાર વિભાગ અને મહિલા અને બાળવિકાસ વિભાગના મંત્રીશ્રીઓ તેમના વિભાગની માગણી લઈને આવ્યા છે, એમાં મારા કેટલાક વિચારો વ્યકત કરવા હું ઉપસ્થિત થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન વિભાગની માગણી નંબર: ૪ માં રાજય સરકારે આગામી વર્ષે ખેડૂતોને આપવાના જુદા જુદા લાભો ઉપરાંત પશુધન વિકાસ બોર્ડ દ્વારા બેરોજગાર યુવાનોને સ્વ રોજગારી આપવાના હેતુ માટે પશુ સંવર્ધન જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવા નવી બાબતોની રજૂઆત સાથે આગામી વર્ષે ૨૦,૪૯,૮૫,૦૦૦ ની જોગવાઈ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, દવાખાનામાં ડોકટર નથી અને જયાં

ખાલી જગ્યા છે ત્યાં ડ્રેસર અને પટાવાળાથી દવાખાનાં ચાલે છે. એટલે મારી માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે ડોકટરોની જે ઘટ છે તે તાત્કાલિક પૂરી કરવામાં આવે, દવાઓ પૂરતા પ્રમાણમાં આપવામાં આવે અને ડોકટરો નિયમિત રીતે દવાખાનાંમાં હાજરી આપે એવી આપની મારફત સૂચના અપાય તે જરૂરી છે. જે વર્ગ-૪ માં ડ્રેસરની જગ્યા હતી એમાં મેં ગઈ વખતે પ્રશ્ન પૂછયો હતો ત્યારે મને જવાબ આપવામાં આવ્યો હતો કે નવી ભરતીમાં ફીકસ પગારે ડ્રેસરોની જગ્યા ભરવાની છે, પરંતુ જે ડ્રેસરો હતા તેમને છૂટા કરવામાં આવ્યા છે, ૧૦-૧૫ વર્ષની નોકરીવાળા હતા એ આજે ઘેર બેઠા છે અને એમાંથી કેટલાકને ફરી પટાવાળામાં નિયુકત કરીને એમની નોકરી ચાલુ રાખી છે, પરંતુ હવે એમની સર્વિસ બ્રેક થાય છે અને નવેસરથી નોકરી ગણાય છે. તો ફરીથી એમની સળંગ નોકરી ચાલુ કરવામાં આવે એવો નિર્ણય લેવાય એવી મારી નમ્ર વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ કલ્યાણ વિકાસની વાત ઉપર મારા વિચારો વ્યકત કરવા માગું છું. રાજયમાં સરકારે ૨૦૦૪ માં મહિલા સશકિતકરણ વર્ષની ઉજવણી કરી અને આ વર્ષે પણ તા. ૮ મી માર્ચના રોજ મહિલા દિનની ઉજવણી આપણે સૌએ કરી છે. મહિલાઓનું સન્માન જળવાય, એને મળતા અધિકારોની આપણે સોએ કાળજી લેવી જોઈએ. પહેલાં તો મહિલાને આપણે દેવી સ્વરૂપે જોતા હતા, માતા સ્વરૂપે જોતા હતા, 'નારી તું નારાયણી' નું એને ગૌરવ આપ્યું હતું, આ રીતે મહિલાઓનું સમાજમાં વિશેષ મહત્વ રહ્યું છે તેમ છતાં હંમેશાં સમાજમાં સ્ત્રીની ઉપેક્ષા થતી રહી છે. જેટલા પુરુષો તેટલી જ લગભગ સ્ત્રીઓની સંખ્યા છે, તેમ છતાં સમાજ, સંસ્થા, ઉદ્યોગો જેવી સંસ્થાઓ છે એ ઉદ્યોગોમાં મોટાભાગે ઘણા એવા છે કે એમાં મોટાભાગનાં સ્થાન પુરુષો ભોગવી રહયા છે અને તેનાં મીઠાં ફળ માણી રહ્યા છે. પુરુષો કરતાં સ્ત્રીઓ વધુ કામ કરતી હોવા છતાં તેમને મહેનતાણું અને પગાર ઓછા મળે છે.સ્ત્રીઓ ઘરકામ કરે છે, પોતાનાં બાળકોની કાળજી રાખે છે, શિક્ષણ આપે છે, ઉપરાંત અન્ય કામો પણ કરતી હોય છે તેમ છતાંય તેમની સાથેનો વ્યવહાર ભાગ્યેજ સન્માનજનક જોવા મળે છે. રાજયમાં સ્ત્રીઓની સંખ્યા ૨ કરોડ જેટલી છે, ૨૮ ટકા બહેનો કામમાં રોકાયેલી છે. સરકારે એટલા માટે મહિલા કલ્યાણ, મહિલા વિકાસ કાર્યક્રમો, મહિલા કાર્ગદર્શન કેન્દ્રો, કાનૂની સહાય કેન્દ્રો, યુવતી વિકાસ કેન્દ્રો સ્થાપીને નોંધાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ વિકાસલક્ષી જુદી જુદી પ્રવૃત્તિઓ કરે છે. મારે કહેવું છે કે આ બધી પ્રવૃત્તિઓ ફકત શહેરોમાં થતી હોય એવું જોવા મળે છે, ગામડાંમાં આ પ્રવૃત્તિ નથી ત્યારે આદિવાસી વિસ્તારમાં ગામડાંની બહેનો માટે પણ આ મહિલા કલ્યાણની પ્રવૃત્તિઓ વિશેષ પ્રમાણમાં થાય અને એનો લાભ એમને અપાય એવી મારી નમ્ર વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રમાં ૨૩૮ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. એ મહિલા કલ્યાણમાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરીને અને લાભ ઉપલબ્ધિ માટે જિલ્લા અને તાલુકા મથકે કેન્દ્રો સ્થાપવાની વાત છે. એ કાર્યક્રમ પણ આપણે ઝડપથી આગળ વધારીએ. ઘરદીવડા યોજનામાં બહેનોને જે લોન મળતી હતી એ ૨૫ હજારની મળતી હતી એમાં વધારો કરીને ૫૦ હજારની કરવામાં આવી છે એને હું આવકારું છું અને એમાં સબસિડીના દર પણ સુધાર્યા છે તેથી હવે વધુ બહેનો લાભ લેશે. આ વખતે ૧૧૩૫ મહિલાઓ માટે રૂા. ૧૬૫ લાખની જોગવાઈ કરી છે, સમય જતાં આ ગ્રાન્ટમાં પણ વધારો કરીને વધારે બહેનો એનો લાભ લેવા માગતી હોય તો આપવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, વિકલાંગ અને અંધ મહિલાઓને પણ જયારે લાભ આપવામાં આવ્યો છે ત્યારે હું ખરેખર ગૌરવની લાગણી અનુભવું છું. ગુજરાત રાજયમાં મહિલા આયોગની પણ રચના કરવામાં આવી છે. હું સરકારના આ પગલાને પણ આવકારું છું. મહિલા સ્વનિર્ભર બનીને સ્વતંત્ર રીતે પોતાનો વિકાસ કરી શકે અને અધિકાર ભોગવી શકે એટલા માટે આ આયોગની રચના કરી છે. ત્યારે આ વ્યવસ્થા થાય છે તે વ્યવસ્થા ખૂબ ઝડપથી આગળ વધે તેવા પ્રયત્નો આપણે કરીએ તે જરૂરી છે. સમાજ સુરક્ષા, એમાં નિરાધાર વિધવાઓના પુનઃસ્થાપન માટે નાણાંકીય સહાયની યોજના લાવ્યા છીએ. દર મહિને ૫૦૦ રૂપિયા અને બાળક દીઠ ૮૦ રૂપિયા ૧૮ થી ૪૦ વર્ષની વિધવા મહિલાને બે વર્ષ સુધી મદદ મળે છે અને પછી ૩ હજાર રૂપિયા આપીને સ્થાયી વ્યવસાય કરે તેના માટે ટ્રેઈનિંગ આપીને તેમને પગભર કરવાની વાત છે. એમાં મારું સૂચન એ છે કે જે મહિલા આટલી ઉમરે વિધવા બને તેને બે ત્રણ બાળકો હોય છે, તે મજૂરી કરતી હોય છે, એટલે બાળકોની સાર સંભાળ રાખવી અને તેમને શિક્ષણ આપવું, પૂરતો ખોરાક આપવો, આ બધું, કામમાં વ્યસ્ત મહિલા જ્યારે મજૂરી કરે છે ત્યારે મુશ્કેલ હોય છે અને તેમને બે વર્ષમાં આ સહાય બંધ કરી દેવાની વાત છે તે યોગ્ય નથી. એટલે એમાં સરકારે વિચારણા કરવી જોઈએ. પોષક આહાર કાર્યક્રમ, સંકલિત બાળ વિકાસ યોજના, એ આપણે ત્યાં સો ટકા ભારત સરકારની નાણાકીય સહાયથી ચાલતી યોજના છે. એમાં તાલુકા ઘટકો ૨૨૭ છે. આંગણવાડી કેન્દ્રો ૩૭૯૬૧ છે. ત્યારે આંગણવાડી વર્કરનું વેતન અનુક્રમે એક હજાર, ૧૩૧ અને ૧૬૩ અને હેલ્પરને ૫૦૦ રૂપિયા મળે છે. ત્યારે બાળકોને નાસ્તો આપે છે એમાં મરી મસાલા, ગોળના બિલો સમય મર્યાદામાં મળતા નથી ત્યારે એમને મુશ્કેલી પડે છે. ૧૪ વર્ષથી મુખ્ય સેવિકાની જગ્યાઓ ભરાઈ નથી. પ્રમોશનની વાતનું પણ કોઈ ઠેકાણું નથી. આંગણવાડીઓ ક્યાંક ક્યાંક ભાડાના મકાનમાં ચાલે છે તેના દર પણ વધારવા જોઈએ. નવી આંગણવાડીઓ માટે અમારા નવસારી જિલ્લામાં અમે દરખાસ્ત કરેલી છે તેને મંજૂરી

મળી નથી. એમાં પણ કંઈક વિચારવું જોઈએ. આંગણવાડીમાં વર્ષોથી માનદ કાર્યકર તરીકે સેવા બજાવે છે તેવી સેંકડો મહિલાઓને ૫૮ વર્ષની વય મર્યાદાનો નિયમ લાગુ કરીને છૂટી કરી દેવામાં આવી છે. અને એ પણ નોટિસ આપ્યા વગર અને કોઈ વળતર આપ્યા વગર છૂટી કરી દેવામાં આવી છે. આ યોજના ૧૯૭૫ થી શરૂ થયેલી છે ત્યારે એમને માનદ સેવા ગણીને એમની નોકરીને રક્ષણ આપવું જોઈએ. આ કોઈ નોકરી નથી.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ, સહકાર અને પશુપાલન, પોતાના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારું સમર્થન આપવા માટે અને તે અંગે મારા વિચારો વ્યકત કરવા આપશ્રીની અનુમતિથી ઉપસ્થિત થયો છું. આપણો દેશ કૃષિ પ્રધાન દેશ છે. કૃષિ પ્રધાન દેશ હોવાને નાતે આ ભારત માતાના ખોળા ઉપર વસતો પુત્રવત સમાજ ૭૦ ટકા સમાજ ગ્રામીણ ક્ષેત્રોમાં વસે છે. ગ્રામીણ ક્ષેત્રમાં વસનારા સમાજનો મુખ્ય ધંધો ખેતી અને ખેતી આધારિત જન જીવન છે. આપણા રાજયમાં રાજયના ખેતીવાડી વિભાગ દ્વારા રાજયના ખેડૂતોને વૈજ્ઞાનિક પદ્ધતિની ટૅક્નીક અને તેનું માર્ગદર્શન ખૂબ સારી રીતે ખેડૂતોને આપીને ગુણવત્તાયુકત પાકો મેળવવાની દિશામાં અને વૈશ્વિક બજારમાં આ ગુજરાતનો ખેડૂત છાતી કાઢી અને પોતાનો માલ ખૂબ ઊંચા દરે વેચી શકે એ પ્રકારની સ્થિતિનું સર્જન કરવાનું કાર્ય આપણું ખેતીવાડી ખાતા દ્વારા કરવામાં આવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે ચોમાસાની શરૂઆત ૧૫મી જૂનથી થતી હોય છે. ગત વર્ષમાં જૂનના છેલ્લા અઠવાડિયામાં ગુજરાતમાં વ્યાપક પ્રમાણમાં વરસાદ થયો અને લગભગ સાર્વત્રિક રીતે ગુજરાતના ખેડૂતોએ વાવણી કરેલી હતી. જેમાં ખરીફ ઋતુના પાકનું વાવેતર થયું એ લગભગ ૮૦ લાખ હેકટર વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર કરવામાં આવ્યું હતું. પાછળથી જુલાઈની શરૂઆતમાં વરસાદ ખેંચાવાને કારણે થોડાક પાકને વિપરીત અસર થઈ, પરંતુ જુલાઈની આખરમાં અને ઓગષ્ટની શરૂઆતમાં રાજયના દરેક વિસ્તારમાં વ્યાપક પ્રમાણમાં વરસાદ થયો અને એના કારણે થોડા જાજા પ્રમાણમાં પાકને આંશિક નુકસાન થયું તેમ છતાં વર્ષ ખૂબ સારું રહ્યું અને લગભગ ખાદ્યાન છે એમાં ૬૪ લાખ મેટ્રિકટનનું ઉત્પાદન થયું. એ રીતે ૫૦ લાખ મેટ્રિકટન તેલીબિયાના પાકોનું ઉત્પાદન થયું છે. એ જ પ્રમાણે ૭૦ લાખ ગાંસડી કપાસના પાકનું ઉત્પાદન થયું. આ પ્રકારનું વિક્રમજનક પાકોનું ઉત્પાદન ગુજરાતના ગામડાંઓએ આ પહેલા કદી જોયું નહોતું. શા માટે આ પ્રકારના પાકોનું ઉત્પાદન મળ્યું કઈ એવી વ્યવસ્થા થઈ એના કારણે આ પ્રકારના પાકોનું ઉત્પાદન મળ્યું. પ્રજા જેને સત્તા સોંપે છે એ સત્તા ઉપર બેઠેલા સત્તાધીશની દૃષ્ટિ પ્રમાણિક હોવી જોઈએ. ગુજરાતના ગામડાંના ખેડૂતો છે એમાં એવા પણ મેં જોયા છે કે એ ખેડૂત પોતાના સીમ શેઢાના ચાર ખૂણા વચ્ચે કુદરતના આધારે ખેતી કરતો હતો. જેને સત્તા સોંપવામાં આવી છે એણે ખેડૂતોને ખેતી કરવા માટેના પ્રોત્સાહનો આપવાની દિશામાં કાર્યક્રમો હાથ ધરવા જોઈએ. આ પ્રકારની વાર્ષિક બજેટની અંદર જોગવાઈ કરવી જોઈએ. આ પ્રકારની સ્થિતિના આ ગુજરાતની અંદર દર્શન થતા નહોતા એના લીધે ખેતી કરનાર ખેડૂતો છે એ નિરુત્સાહ તરફ ઢસડાતો જતો હતો. તેના લીધે ગામડાંનો ખેડૂત શહેરો તરફ પેટ ગુજારો કરવા માટે પોતાનું ગામડું છોડીને જતો હતો. પોતાના બાળ બચ્ચાને શિક્ષણ આપવા માટે ધ્રુવીકરણની અંદર ઢસડાતો હતો. આ ગામડાંની દશા અમે જોઈ છે કારણ કે હું પોતે ગામડાંમાંથી આવું છું. આજે એક શિક્ષિત હોવા છતાં આ સન્માનનીય સભાગૃહ સમક્ષ કહેવા માગું છું કે આજે પણ હું મારી ખેતી જાતે કરું છું, એટલે મને અનુભવ છે. આ રાજયની સરકારે એક ધારાસભ્ય તરીકે આ રાજયના ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે એ માટે કૃષિ ભાવ પંચના સભ્ય તરીકે મારી નિમણૂક કરી છે. આ પ્રકારે જે લોકો ડાયરેક રોજગારી સાથે સંકળાયેલા હોય એનો અનુભવ છે એ નિચોડ રાજય કક્ષાના લાભો મળે એ પ્રકારની વ્યવસ્થા જે લોકોની આંખમાં દૃષ્ટિ હોય એ લોકો જ કરી શકતા હોય છે. આપણા રાજયના મુખ્યમંત્રીશ્રીએ રાજયના કૃષિ મંત્રીશ્રીને અભિનંદન આપવાં છે એટલા માટે કે આ ગુજરાતની ધરતી ઉપર જે ખેડૂતો ખેતી કરે છે એ ખેતી કરનાર ખેડૂતોને વિશ્વના બજારમાં ટકી શકે એ માટેની સામર્થી, સંપૂર્ણ ખેડૂત બનાવવા માટે એની ખેતીને ઉત્તેજન આપવા માટે કૃષિ મહોત્સવનો ભગીરથ કાર્યક્રમ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે હાથમાં લીધો છે. આ કૃષિ મહોત્સવ દરમિયાન શું થયું? કૃષિ મહોત્સવ દરમિયાન ગુજરાતના ગામડે ગામડે આપણા જે વૈજ્ઞાનિકો છે આપણા જે સિનિયર અધિકારીઓ છે, આપણા કર્મચારીઓ છે જે ખેતીવાડી ખાતા સાથે સંકળાયેલા છે એટલા જ નહિ પરંતુ રાજયના ૧૮ વિભાગોના તજજ્ઞો અને સિનિયર અધિકારીઓ ગુજરાતના ગામડે ગામડે ગયા. હું એક ખેડૂતનો પુત્ર છું. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં ભાગ્યે જ હું બોલવા માટે ઊભો થયો છું ત્યારે મને થોડીક તક આપો. આપણે ત્યાં જે પાકોના વાવેતર થાય છે એમાં રોગ આવે, જીવાત આવે અને એનું નિયંત્રણ કેવી રીતે થઈ શકે એ પ્રકારનું માર્ગદર્શન આપવાની ચિંતા અગાઉ કોઈ સરકારોએ કરી નહોતી.

માનનીય અધ્યક્ષશ્રી, આ કૃષિ મહોત્સવના માધ્યમથી ગુજરાતના ગામડે ગામડે આપણા અધિકારીગણ અને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ સાથે જઈને ગામડાંના જાહેર ચોકમાં ખેડૂતોને એકત્ર કરીને કેવી રીતે ખેતી કરવી, કેવી રીતે પાક મેળવવા અને કુદરતી રીતે આકસ્મિક સંજોગોમાં પાક ઉપર કોઈ પણ પ્રકારના રોગ

આવે તો તેને નાથવા માટેના શું સંશોધનો હોય, કેવા પ્રકારનું કાર્ય હાથ ધરવું જોઈએ, કેવા પ્રકારની રોગનાશક દવાઓનો કેવી રીતે સદ્ઉપયોગ કરવો જોઈએ આ બધું માર્ગદર્શન કૃષિ વૈજ્ઞાનિકોએ આપ્યું. ગામડાંમાં. અહીં કોંગ્રેસના મિત્રો, મારા બંધુઓ એવી વાતો કરતા હતા કે આ અધિકારીઓને ચોરે મોકલ્યા અને બિનજરૂરી સમય બગાડ્યો. ધન બગાડ્યું. તેમને એવું સૂઝતું હશે પરંતુ આ ગુજરાતમાં કૃષિ ક્રાંતિ લાવવા માટે થઈને આપણા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીની આંખમાં ગુજરાતના ખેડૂતોના ભાવિનું દર્શન હતું. (સમયસૂચક ઘંટડી) મારાં થોડાં સૂચનો છે.

**સભાપતિશ્રી** : માનનીય મંત્રીશ્રીને સૂચનો આપી દેજો પ્લીઝ. માનનીય ગોવાભાઈ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, સહકાર, પશુપાલન, ડેરી, મત્સ્ય ઉદ્યોગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી નં. ૨, ૪, ૫, ૬ અને ૧૦૫ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમાં મારાં સૂચનો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૭૦ થી ૭૫ ટકા ખેડૂત છે. જે ખેતી ન કરતો હોય અને મજૂરી કરે એ પણ ખેતમજૂર કહેવાય. ગુજરાતના ૭૫ ટકા લોકો આ ધંધા સાથે સંકળાયેલા છે. ખેતીની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રી બધી વાતે ખૂબ સમજે છે. ખેડૂત છે. ખૂબ અનુભવી છે. લાગણીશીલ છે પણ એ નહીં કહે. મનમાં તો રાખશે કે ખેડૂતો માટે જોગવાઈ કરવી જોઈએ. એ કશું નથી, ચીલાચાલુ સિવાય. ગત વર્ષમાં આ હતું અને આ ઘટાડ્યું. તેમાં બે-ત્રણ આઇટમ વિશે હું કહું. તેલિબીયાં વિકાસ માટે ઘટાડો, શાકભાજી સઘન માટે બિલકૂલ જોગવાઈ કરી નથી. ડુંગળી મેડા બાંધવા માટેની ગયા વર્ષે જોગવાઈ હતી. આ વર્ષે સબસિડીની બિલકૂલ જોગવાઈ નથી. આવી ઘણી નાની-નાની ચીજો છે. સીધી નાના ખેડૂતને કે મજૂરને લગતી છે. એ ધીમે ધીમે કાપતા કાપતા આ વર્ષે ડ્રોપ કરી દીધી છે. ખેડૂતને જગતનો તાત કહીએ, ધરતીપુત્ર કહીએ તેના માટે કોઈક તો ચિંતા કરો. ખેડૂત તેના ખેતરમાં ઉત્પાદન કરે છે. અત્યારે, આજની તારીખે મગફળી પકવી, રાયડો પકવ્યો, એરંડા પકવ્યા, ઘઉં પકવ્યા, તેમાં ઘઉંમાં ૧૨-૧૫ પાણી આપવા પડે છે. ખેડૂત એ ઘઉં લઈને આવે તે કહે કે શું ભાવ તો કહે કે માર્કેટમાં હરાજી થાય તે. ખેડૂત એમ કહે કે એક મણ ઘઉં ૨૫૦ રૂપિયે પડે છે. તારું નહીં ચાલે. અહીં વેપારી જે લે તે. વેપારી કહે ૧૫૦ રૂપિયા. એક-બે-ત્રણ. વેચ્યા. આ કઈ જાતનો ન્યાય છે? ખેડૂતની આપણે વાતો કરીએ છીએ. કેન્દ્ર સરકારને પણ કહું છું. ખેડૂતના દીકરા થઈને સમજો, નહીં તો તમે ખેડૂત નથી તેમ માનું છું.

અહીં કેન્દ્ર સરકાર, ગુજરાત સરકારની વાત નથી. પરંતુ ખેડૂતની આજ વર્ષો સુધી એકની એક વ્યથા છે. એ માર્કેટમાં લાવે અને હરાજીમાં જે કહે તે ભાવે વેચી દેવાનું? એ ક્યારે થઈ શકે? બીજાં દેશોની સરખામણી કરીએ છીએ. ઈઝરાયલ અને અમૅરિકાની વાત કરીએ છીએ પણ ત્યાં નક્કી કરેલું છે કે તારા ઘઉં એક એકરમાં આટલા પાકશે. તેને ખાતર-બિયારણ આપ્યું અને ઈન્સ્યોરન્સ ૧૦૦ ટકા સરકાર માથે રાખે છે અને જો તેમાં દવા કે બિયારણમાં ભેળસેળ આવી તો દુકાનને કાયમ માટે તાળું લગાવીને ખેડૂતને વળતર અપાવે છે. ત્યારે એ દેશોની સરખામણીમાં આપણે શું આપીએ છીએ? આપણે કયા ખેડૂતને ગેરેન્ટી આપીએ છીએ? તેના ખાતર નબળા આવ્યા, વીજળીના હિસાબે પાણી ન મળ્યું, દવામાં ખરાબી નીકળી, તેનો પાક ફેઈલ થઈ ગયો. આપણે શું આપીએ છીએ? કશું જ નહીં. જોગવાઈ નથી. તેની સાથે સાથે વીમો. ખેડૂત બેંકમાંથી ધિરાણ લે તો તેને વીમો મળે. ખેડૂત ત્રણ વર્ષે વીમો લે એટલે તેની જમીન વેચાઈ ગઈ હોય દેવામાં. એ વ્યાજમાં તેની જમીન વેચાઈ ગઈ હોય. ત્યારે તેનો વીમો પાકે. આ જાતનું કયાં સુધી ચલાવ્યા કરીશું? પેલે કર્યું અને આણે કર્યું, મને મંત્રીશ્રી ઉપર વિશ્વાસ છે કે આજે કંઈક જાહેરાત કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો માટે એને કોઈપણ ભાવે, જે પડતરથી નીચે ન વેચાય, માર્કેટમાં ઘઉંનો ભાવ ૨૦૦ હશે તો સરકાર ૨૦૫માં લેશે એવી જાહેરાત ચોક્કસ કરશે. ૨૦૦ના ૧૫૫ રૂપિયાની જાહેરાત છે જ. આ પૂરેપૂરો ભાવ મળે એના માટે કાંઈકને કાંઈક વિચારજો. આજે આખા વિશ્વની વાતો કરીએ છીએ, આખા વિશ્વમાં એકસપોર્ટની વાતો કરીએ છીએ, બધુ એકસપોર્ટ થાય છે. મારા વિસ્તારની વાત કરું તો જ્યાં જીરું પાકે છે, જ્યાં એરંડા પાકે છે, જ્યાં કેસ્ટલ, દિવેલા પાકે છે, બટાટા તો આખા હિન્દુસ્તાનમાં સારામાં સારા બનાસકાંઠામાં ડિસામાં છે એનું ઉત્પાદન છે એના માટે આપે કાંઈ વિચાર્યું છે ખરું? ખેડૂતોને પ્રોત્સાહન મળે એના માટે કશું કર્યું છે? કશું જ નહીં. આજે બટાટા ખેડૂતો વેચી દે છે. સરકાર એમ કહે છે કે, ચાલો બધા ખરીદી લો. સરકારને બસો-પાંચસો કરોડ રૂપિયામાં શું ફેર પડવાનો છે? ખાલી માલ ખરીદીને ભરવા માટે કોલ્ડ સ્ટોરેજ બનાવો. એને કોલ્ડ સ્ટોરેજમાં ભરી દો. એના વ્યાજ સાથે પૈસા મળશે. ખેડૂતોને પૂરો ભાવ મળશે. આજે વેપારીઓ માલ ખરીદીને કોલ્ડ સ્ટોરેજમાં ભરશે અને ખેડૂતોના ઘરમાં કશું જ નહીં આવે તો એ બાબતે વિચારવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, જીરું છે એ ટોટલ એકસપોર્ટ થાય છે. એમાં એક નહીં દસ કમાય છે. પણ એમાં ખેડૂતોનું શું? ખેડૂતો માટે કાંઈ વિચારાયું છે? કંડલા પૉર્ટ છે. એમાં ગુજરાતનો એક આખો બ્લૉક મૂકી દો. ખેડૂતો ડાયરૅક્ટ એકસપોર્ટ કરશે. તમે કહો કે, અમારા ડિપાર્ટમૅન્ટ મારફત વ્યવસ્થા ગોઠવાશે અને ડાયરૅક્ટ એકસપોર્ટ થશે. કેસ્ટર દિવેલાના પાકનું બારોબાર એકસપોર્ટ થાય છે. સુખી, એસ્સાર જેવા મોટા મોટા

ઉદ્યોગપતિઓ એને લઈ લે છે અને એ જ એકસપોર્ટ કરે છે. કારણ કે, અંગ્રેજી-ફંગ્રેજી એ કયાંથી બોલે? ખેડૂત બિચારાને તો એ જ ખબર નથી કે, એકસપોર્ટ શું છે? તો એના માટે કાંઈક વિચાર્યું છે ખરું? આ વિચાર માગી લે એવી વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક ઈન્ડીપેન બનાવનાર કારખાનેદાર એમ કહે છે કે, ૧૦ રૂપિયા એની પડતર છે અને મારો નફો ૨ રૂપિયા એટલે એ ૧૨ રૂપિયાનું સ્ટીકર લગાવીને બજારમાં મૂકી દે છે. ૧૨ રૂપિયા મળે તો જ વેચવાનું બાકી નહીં. પણ ખેડૂત નથી મૂકી શકતો. આજે ૩૦૦ રૂપિયામાં પડતો માલ ૯૦ રૂપિયામાં માગે તો પણ એણે વેચીને ઘેર જવું પડે છે. ખેડૂતની કેટલી દૂર્દશા છે? આપણે વાત કરીએ છીએ ખેડૂત જગતનો તાત છે, ખેડૂત ધરતીપુત્ર છે, એના માટે રથયાત્રા કાઢીએ છીએ. યાત્રાઓથી ખેડૂતનું ભલું નહીં થાય. મંત્રીશ્રી ખુદ જાણે છે. કૃષિ રથથી કૃષિને કાંઈ પ્રોત્સાહન મળતું નથી. પ્રચાર કરો છો પણ બધા જાણે જ છે. એની વ્યવસ્થા નથી. એની વ્યવસ્થાનું શું? તમે એક જ નક્કી કરી લો કે જેમ ફેકટરીઓની અંદર છે, એ જ ઉદ્યોગોમાં છે. ખેડૂતોનો કોઈપણ પાક એનું બિયારણ, એનું ખાતર, સરકાર શું નથી કરી શકતી? આટલું બધું કરે છે તો એનું નિયંત્રણ કરીને જિલ્લે જિલ્લે સ્ટોર મૂકી દો. એમાં કોઈ ભેળસેળ કરે તો એને ફાંસી આપી દો. કારણ કે, એ તો ધરતીપુત્ર છે. એની સામે દગો છે, એની સાથે ગદ્દારી છે. એ જાતની ખેડૂતોને ઘણી બધી સમસ્યાઓ છે અને મંત્રીશ્રી જાણે છે. મહારાષ્ટ્રમાં નહીં, રાજસ્થાનમાં નહીં અને ગુજરાતમાં ટ્રેક્ટર ઉપર ટેક્સ, એના ટ્રેલર ઉપર, થ્રેશર ઉપર ટેક્સ. એટલું જ નહીં પણ અત્યારે બિયારણ ઉપર પેલા વેટનો ૪ ટકાનો ટેક્સ. એ વેપારીઓના ઘરમાંથી નથી જવાનો, એ પણ ખેડૂતોના ઘરમાંથી જ જવાનો છે. એ વેપારી ભલે એમ કહે કે, હું ટેક્સ ભરીશ પણ એ કોની ઉપર છે? એ ખેડૂતો ઉપર જ છે. ખેડૂતો ઉપરનો ટેક્સ આપણે કાઢી નાખવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, ઘણા માણસો છે જેમણે કદી ખેતર નથી જોયું, ખેડૂત નથી જોયો, એવા માણસો દલીલ કરે છે કે, ખેડૂતોને કયાં ટેક્સ છે? ખેડૂતો તો ૩૦૦ રૂપિયે પાકેલું ૧૦૦ રૂપિયામાં વેચીને જાય છે. એના માટે કોઈ ટેક્સ ન હોવો જોઈએ અને એને ફૂલ ફેસેલિટિ હોવી જોઈએ. બૅન્કો પણ ઉદ્યોગપતિ જાય તો રાતોરાત ચેક આપે છે, ખેડૂત જાય તો ધક્કે ચડે છે અને ભલામણ આવે તો જ પૈસા મળે. મારે પશુ પાલનની અંદર સૂચન કરવાં છે.

**સભાપતિશ્રી** : પ્લીઝ, પહેલાં સૂચન આપી દીધું હોત તો? શ્રી આર.સી. પટેલ. પ્લીઝ.

**શ્રી આર.સી. પટેલ (જલાલપોર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે મત્સ્યોદ્યોગને લગતી માગણી નંબર-૬ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.. જેઠાભાઈ, કૃષિની વાત થઈ, પશુપાલનની વાત થઈ, હવે મત્સ્યોદ્યોગની ચિંતા કરી લઈએ.૧૯૮૬માં મારા મતવિસ્તારમાં પરપ્રાંતીએ આવીને એક ઝીંગા ઉછેર માટેની ૫ હેકટર જેટલી જમીનની માગણી કરી અને ૫ હેકટર જમીનમાં જયારે ઝીંગા ઉછેરની પ્રવૃત્તિ ચાલુ કરી તે વખતે આજુબાજુના ગામના લોકો ખાસ કરીને અત્યારે ત્યાં દક્ષિણ ગુજરાતમાં કાંઠા વિસ્તારમાં રહેતા લોકો આ માછીમારો સાથે સંકળાયેલ હોય છે. અમારે ત્યાં પૂર્ણા નદી છે અને બાજુમાં દરિયાકિનારો છે. માછીમારી જે કરતા હતા એ તો પૂર્ણા નદીમાંથી પકડતા હતા. માછલી જાળમાંથી અને દરિયા કિનારેથી પકડતા હતા પણ જ્યારે પ્રથમ વખત આજે મત્સ્યોદ્યોગ માટે કલ્ચર કરવા માટે જ્યારે આ જમીન રાખી તે વખતે લોકો વિચાર કરતા હતા કે આ ઝીંગાનો ઉછેર થશે કે કેમ? કારણ કે એનો સીડસ હોય છે એ વાળ જેટલો હોય છે અને એને ૩૦ થી ૩૫ ગ્રામ કરીને પછી એનું બજાર આવે છે આ પરિસ્થિતિમાં જ્યારે ચાલુ કર્યું ત્યારે આ પાછળથી જેટલું સફળ થયો અને ત્યાર પછી એને જોઈને ગામના લોકો, આજુબાજુના વિસ્તારના લોકો આ મત્સ્યોદ્યોગ રસ લઈને ખૂબ સધ્ધર થયા. આજે પરિસ્થિતિ એવી છે કે ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો અને એમાં ૩ લાખ ૭૬હજાર હેકટર જેટલી જમીન બીન પડતર જમીન એમાં ખાડા ખાંચા કહેવાય જેનો કોઈ ઉપયોગ પણ નથી થતો તેમાં ૧ લાખ ૮ હજાર હેકટર જેટલી જમીન મીઠા ઉદ્યોગ માટે ફાળવવામાં આવી છે. બાકીની જમીનમાંથી ૮૮૦૦૦ જેટલી જમીન છે એ ઝીંગા ઉછેર માટે અનુકૂળ કહેવાય એ અનુકૂળ જગ્યા ખરી એમાંથી ૩૩૦૦ હેકટર જેટલી જમીનનો જ ફકત વિકાસ થયો છે. આજે આ વિસ્તારની અંદર આખા દેશની અંદર વાત કરી તો ઝીંગા ઉછેર આખા દેશની અંદર ૧ લાખ ૪૮ હજાર મૅટ્રિક ટન જેટલો થાય છે. આપણે ત્યાં ગુજરાતમાં ૧૬૦૦ મેટ્રીક ટન જેટલું ઉત્પાદન થાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીને મારે ખૂબ ખૂબ અભિનંદન આપવા ઘટે છે એટલા માટે કે પહેલી વખત આ ૫ વર્ષની અંદર ૫૦ હજાર હેકટર જમીન જે વિકાસ કરવાની વાત છે. અત્યાર સુધીમાં કોઈએ નથી કરી. દર વર્ષે ૧૦ હજાર હેકટર જમીનનો જ્યારે વિકાસ થવાનો છે, ત્યાર પછીની આ ૫૦ હજાર હેકટર જમીન જયારે ડેવલપ થશે ત્યારે અઢીથી ત્રણ લાખ લોકોને રોજગારી મળશે અને (અંતરાય) એમાં તમારે એકસેપ્ટ કરવું પડશે. આજે ૧૯૮૬-૮૭ની વાત કરું, (અંતરાય) અત્યારે આપણે પૂરતી જમીન આપી શકયા નથી એનું કારણ એ છે કે માસ્ટર મેપીંગ હજી પૂરું થયું નથી અને માસ્ટર મેપીંગ પૂરું થાય અને વ્યવસ્થિત ધોરણે આ લોકોને પૂરેપૂરી જમીનની વહેચણી થાય એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. (અંતરાય )ટાઈગર

ઝીંગામાં બધાને રસ છે પણ બોલવામાં રસ નથી, બધાને મળવા જોઈએ, હમણાં ગોવાભાઈ પાછા માગતા હતા કે ૨૧ બોરી બટાકાની મોકલી આપો, આ કહે કે દુધ આપો, પણ માછલાની બધા અંદર અંદર વાતો કરે છે. કોઈ બહાર નથી કરતા. માનનીય અધ્યક્ષશ્રી, જયારે આગામી ૫ વર્ષમાં ૫૦હજાર હેકટર જમીનનો જયારે વિકાસ થશે ત્યારે ઝીંગાનું ઉત્પાદન ૬૭૫૦૦ મેટ્રીક ટન થશે અને અંદાજે ૧૯૦૦ કરોડનું વિદેશી હુંડિયામણ આપણને રળીને આપશે એટલી ખાતરી છે. એનાથી આપણા પ્રોસેસીંગ પ્લાન્ટ, આઈસ પ્લાન્ટ આવશે. ફીડીંગ પ્લાન્ટ આવશે એમાં કેટલાયે લોકોને રોજીરોટી મળશે એની કલ્પના નથી. લગભગ અઢીથી ત્રણ લાખ જેટલા લોકોને રોજીરોટી મળી રહેશે. અત્યારની પરિસ્થિતિ એવી છે કે ૩૩૦૦ હેકટર જમીનમાં જે ડેવલપમેન્ટ કરેલ છે એમાં ૨૦૦ મિલિયન સીડઝની જરૂર પડે છે. આપણે ત્યાં બે હેચરી જુનાગઢ ખાતે છે. એક માધવાડ અને બીજી કોટડા ખાતે છે અને એનું ઉત્પાદન ફક્ત ૨૦ મિલિયન સીડઝનું છે. અત્યારે આપણને ૧૮૦ મિલિયન સીડઝની ઘટ પડે છે. આ ઘટ આપણે કેરાલા, ગોવા, આંધ્રપ્રદેશ, બેંગલોર, મહારાષ્ટ્ર બાજુથી લાવીને પૂરી કરીએ છીએ. ૩૦ થી ૩૫ પૈસાનું એક સીડ એર લીફટીંગ અને ટ્રાન્સપોર્ટના કારણે આપણને પહોંચતા ૫૫ થી ૬૦ પૈસામાં પડે છે. ૫૦ હજાર હેકટર જમીનનો વિકાસ થાય ત્યારે ૩૩૭૫ મિલિયન સીડઝની જરૂર પડશે અને ત્યારે આપણે ઓછામાં ઓછામાં ઓછા ૧૦૦ જેટલા હેચરની વ્યવસ્થા કરવી પડશે. આ હેચર સૌરાષ્ટ્રમાં પોરબંદર, જુનાગઢ આ વિસ્તારોમાં થઈ શકે એવી પરિસ્થિતિ છે. દક્ષિણ ગુજરાતમાં ઝીંગા ઉછેર માટેની જમીનની અનુકૂળતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો મારો પ્રશ્ન માછીમાર લોકો મારા વિસ્તારના છે. મારી આજુબાજુના ગામના લોકોની ૧૬૨ જેટલી ફિશિંગ બોટો છે. એ દરિયામાં જાય છે. આખા વર્ષ દરમિયાન ૨૪ થી ૨૫ જેટલી ટ્રીપ મારે છે. આખા વર્ષનો ખર્ચ એમાં ૧૪ લાખ જેટલો આવે છે. એમાં પગાર ખર્ચ, ડિઝલ ખર્ચ, પરચૂરણ ખર્ચ, રાશન ખર્ચ આ બધું મળીને ૧૪ લાખ ખર્ચ આવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને મારે અભિનંદન આપવાં છે કે એમણે માછીમારોની વાત અંદાજપત્રમાં કરી છે. માછીમારોને પણ દરિયામાં કામ કરવા માટે સેટેલાઈટ મારફત માર્ગદર્શન આપી શકાય એવા કાર્યક્રમનો વિચાર કર્યો છે કે વિદેશમાં ડીપ ફિશિંગ માટે જાય છે ત્યારે ઈકો સાઉન્ડ અને અલ્ટ્રા સાઉન્ડનો ઉપયોગ કરીને, તરંગોનો અભ્યાસ કરીને ક્યાં કેટલી માછલીનો જથ્થો, કેટલા પ્રમાણમાં છે અને એ હિસાબે એ લોકો પકડે. જ્યારે આ સેટેલાઈટ દ્વારા માછીમારોને જાણ કરવામાં આવશે કે આ જગ્યાએ આ જથ્થામાં આ સાઈટ ઉપર આ પ્રકારની માછલીઓ છે ત્યારે આઠ-દસ દિવસ એક ટ્રીપમાં અત્યારે જાય છે એ પાંચ દિવસમાં પતી જાય તો ખૂબ મોટો ફાયદો થાય તેમ છે. આ માગણીઓને હું સમર્થન આપી વિરમુ છું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી તેમજ મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી પોતાના વિભાગોની જે માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં ખેડૂતોની આપણે સૌ ખૂબ ચિંતા કરીએ છીએ. જગતના તાત તરીકે ઓળખીએ છીએ. સારી સારી પરિભાષા દ્વારા ખેડૂતોને આપણે નવાજીએ છીએ. પણ આ ખેડૂતોની કમનસીબી એ છે કે પોતે જે કાંઈ ઉત્પાદન કરે છે એનો પોતે ભાવ નક્કી કરી શકતો નથી. નાના ઉદ્યોગો હોય, મધ્યમ કક્ષાના ઉદ્યોગો હોય કે મોટા ઉદ્યોગ ગૃહો હોય, ટાટા, બિરલા, એલ.એન્ડ ટી., અંબુજા, કોઈપણ કંપની હોય એ કંપની પોતાનું જે ઉત્પાદન કરે એ પ્રોડ્કશન ઉપર એમને પોતાને કઈ રીતે માર્કેટમાં કયા ભાવે વેચવું એ બાબત તે ઉદ્યોગ ગૃહ નક્કી કરી શકે. એની સિન્ડિકેટ પણ હોય. એમને વાજબી ભાવ ન મળે તો યુનિયનો હોય એની મિટિંગ તાત્કાલિક થાય અને એ મિટિંગ દ્વારા નક્કી કરે કે હવે આપણે માલ વેચવો નહિ. ભાવ વધારીને આ ભાવે જ વેચવું. આનાથી ઓછા ભાવ આવે તો નહિ વેચવું. આ ખેડૂત જ એવો વર્ગ છે કે એનું કોઈ સંગઠન નથી, કોઈ યુનિટી નથી.

માર્કેટમાં પોતે માલ લઈને જાય એના ઉત્પાદનના જે ભાવ છે એ બીજી વ્યકિતઓ નક્કી કરે છે અને એના કારણે ખેડૂત છે એ દિવસે ને દિવસે બેહાલ થતો જાય છે. રાજ્ય સરકારને મારી વિનંતી છે કે આ અંગે કોઈ ઠોસ કદમ ઉઠાવવા આવશ્યક છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને મદદરૂપ થવા માટે જે કોઈ ગ્રાન્ટ આપવામાં આવે છે એ જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ કુલ ૨૭૧.૧૩ કરોડની ગ્રાન્ટ આપવામાં આવી અને ખેડૂતોના નામે વાત કરતી આ સરકાર ૫૧.૨૫ કરોડ રૂપિયા વણવપરાયેલા રહ્યાં છે. આપણને કોઈ રોકી શકતું નથી. આપણે વાપરવા જોઈએ. કેન્દ્ર સરકાર આપે અને આપણે ના વાપરી શકીએ એ કોઈપણ સંજોગોમાં વાજબી નથી. જો ખેડૂતના હિતની ચિંતા કરતા હોઈએ, જે કોઈ ફંડ ફાળવીએ છીએ એ પૂરેપૂરું નાણાંકીય ફંડ છે એ વપરાય એ અતિ જરૂરી છે. ગઈકાલે તારાંકીત પ્રશ્નની અંદર ખેડૂતોના વીમાનો પ્રશ્ન હતો. મંત્રીશ્રીએ પોઝિટવી જવાબ આપ્યો છે. સરકાર પણ પૉઝિટીવ મહેનત કરે છેપણ વીમા કંપની દ્વારા જે કેસ નામંજૂર કરવામાં આવ્યા છે અને બહુ લાંબા સમય સુધી વિલંબ થાય છે ત્યારે ગ્રાહક સુરક્ષા મંડળમાં જવું પડે અને એના કારણે વધારે ખેડૂતોને સહન કરવું પડે છે. માનનીય મંત્રીશ્રી મૂળુભાઈ બેરાએ કહ્યું કે વીમા

કંપનીને બાજુ પર રાખીને રાજ્ય સરકાર પોતે ભોગવે છે, અભિનંદન આપું છું, આ ચાલુ રાખે, પણ જે કેસો ઘણા નામંજૂર થયા એની પુનઃસમીક્ષા કરવાનું મંત્રીશ્રીએ કહ્યું પણ અગાઉ નામંજૂર થઈ ગયા છે અને જેની પુનઃસમીક્ષા નથી થઈ એવા કેસોની સમીક્ષા કરી અને જેમને મળવાપાત્ર હોય એ તમામ ખેડૂતોને આ વીમાનો લાભ મળે એવી મારી માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી કરું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ રથયાત્રા દ્વારા ઘણી બધી જાહેરાતો કરીને લાખો-કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આજના તારાંકિત પ્રશ્નની અંદર અને અતારાંકિત પ્રશ્નોત્તરીમાં વાહનો ભાડે રાખીને સાતથી સાડાસાત લાખ જેવી રકમ ચૂકવવામાં આવી છે. બિયારણની કીટ આપવામાં આવી છે. બીજા વિસ્તારની નહિ પણ મારા વિસ્તારની વાત કરું તો જે બિયારણ મૂકવામાં આવ્યું  અને મારા વિસ્તારની અંદર ગુવાર, મરચીનું બિયારણ આ કીટની અંદર આપવામાં આવ્યું માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ગુવાર અને મરચીનું બિયારણ જે આપ્યું એ જે ખેડૂતોએ પોતાના ખેતરમાં વાવ્યું એ ગુવાર અને મરચી ઊગ્યા નથી. ૧૦૦ ટકા નકલી બિયારણ છે.  બીજી જગ્યાએ છે કે નહિ એની મને ખબર નથી, પણ મારા વિસ્તારની અંદર આ પરિસ્થિતિ નિર્માણ થઈ છે એટલે આવી પરિસ્થિતિ ફરી પાછા રથ કાઢો અને મહોત્સવ કાઢો અને ગેલેરીમાં બેઠેલા મિત્રોને ગામડામાં મોકલો અને ટી.એ.ડી.એ. ચૂકવીએ અને એમાં પાછું નકલી બિયારણ ઘબેડી ના જાય એવી મારી માનનીય મંત્રીશ્રી કાળજી રાખે એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જમીન વિકાસ નિગમ દ્વારા રાષ્ટ્રીય જળસ્ત્રાવ યોજના દ્વારા ગયા વર્ષના બજેટની અંદર ૩ થી ૪, સૌરાષ્ટ્રના પાંચ જિલ્લાઓને લેવામાં આવ્યા હતા, એમાં જુનાગઢ જિલ્લાનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો ત્યારે જે કાંઈ નાણાકીય ફાળવણું થયું છે એના ચેકડેમોના કામ શરૂ કરવામાં આવ્યાં, ચેકડેમો થયા, પણ મોટાભાગના ચેકડેમોનું કામ અધૂરું છે અને આ વખતે મારી માહિતી મુજબ રાજ્ય સરકારે કૃષિ વિભાગના જમીન વિકાસ નિગમને આ અંગે બજેટમાં કોઈ જોગવાઈ કરી હોય એવું લાગતું નથી તો ગયા વખતે જે રકમ ફાળવી છે તેમાં ચેકડેમ બન્યા છે, અમુક અધૂરા છે તો નાણાકીય અભાવને કારણે જે ચેકડેમ ફાઉન્ડેશન નદીની અંદર તૈયાર થઈ ગયા છે. બે થી અઢી ફૂટ જે બાકી છે તો એને ચાલુ વર્ષના બજેટમાં અથવા તો અન્ય કોઈ વ્યવસ્થા કે નાણાકીય જોગવાઈ કરી ગયા વર્ષે જે ચેકડેમો જમીન વિકાસ નિગમ મારફત કરવામાં આવ્યાં છે એ સૌરાષ્ટ્રના જે જિલ્લાઓનો સમાવેશ થયો છે એ તમામ જિલ્લાની અંદર પુરતી નાણાકીય જોગવાઈ કરીને આ કામ પૂર્ણ કરવામાં આવે એવી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ફાર્મ અને સીડસ ફાર્મ અંગે વચ્ચે તારાંકિત પ્રશ્નોત્તરીમાં સુરતનો પણ પ્રશ્ન હતો ત્યારે રાજ્ય સરકારને વિનંતી કરું છું આ કૃષિ ફાર્મ અને સીડસ ફાર્મમાં ખેડૂતો માટે કામગીરી થાય છે, પાછલા દરવાજેથી આપણા મળતિયા લોકોને આ સીડસ ફાર્મ કે આ જમીન આપી દેવામાં ન આવે એવી રાજય સરકારને આપના મારફતે વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉના સુગર ફેકટરી, શેરડીના ખેડૂતોના પૈસા જે ૪૬૩.૫૧ લાખ રૂપિયા બાકી છે, નિવૃત્ત થયેલા કર્મચારીઓ અને અવસાન પામેલા કર્મચારીઓના ૧૫૦ લાખ જેટલા બાકી નીકળે છે અને ચાલુ કર્મચારીઓના પગારના ૧૯૬ લાખ રૂપિયા જેવી રકમ નીકળે છે ત્યારે માનનીય મંત્રીશ્રીને હું એમ કહીશ કે, આ ખેડૂતો અને કર્મચારીઓની જે રકમો નીકળે છે એની વ્યવસ્થા રાજય સરકાર વહેલામાં વહેલી તકે કરે એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળીઓ, અમારા જુનાગઢનું ગ્રોફેડ અસ્તિત્વમાં જ નથી ત્યારે મોટાભાગની તેલીબિયાં મંડળીઓ જે છે એને ફડચામાં લઈ જવામાં આવી છે અને અમુક મંડળીઓને ફડચામાં લઈ ગયા પછી ફરી વખત પુનઃજીવિત કરવા માટે રાજય સરકારે હુકમ કરી જે તે મળતીયાઓને પાછલા દરવાજેથી એને ચાલુ રાખવા માટે જુદી જુદી બજાર સમિતિઓમાં જે આપણે કામગીરી કરી છે એ યોગ્ય નથી, તો આ મંડળીઓને પણ વહેલામાં વહેલી તકે ફડચામાં લઈ જવી એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જમીનનું જે ધોવાણ થયું છે અતિવૃષ્ટિથી જમીનનું જે ધોવાણ થયું છે એમાં મારા વિસ્તારમાં છ ગામો જે વધુ અસરગ્રસ્ત હતા એની જમીનોના ખેડૂતોને વળતર ચૂકવી દીધા છે પણ ૪૦ થી ૫૦ ગામોના ખેડૂતોની આ જમીનો ધોવાણ થઈ છે એ અંગે હજુ સુધી કોઈપણ પ્રકારની ચૂકવણી કરવામાં નથી આવી તો માનનીય મંત્રીશ્રીને આપના મારફતે વિનંતી કરું છું કે, વહેલામાં વહેલી તકે આ વળતરની રકમોની ચૂકવણી કરવામાં આવે.

**શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય કૃષિ મંત્રીશ્રી પોતાના વિભાગની કૃષિ, પશુપાલન અને ડેરી વિકાસ અને સહકારની જે માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા અને સૂચનો કરવા હું ઊભો થયું છું. ખાસ કરીને કૃષિ મંત્રીશ્રીને કે જે પોતાની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે, આપણો ભારત દેશ કૃષિ પ્રધાન દેશ છે અને ગુજરાત રાજય કૃષિક્ષેત્રે બીજી હરિયાળી ક્રાંતિ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે મારે કહેવું છે કે ગુજરાત રાજયે છેલ્લા કેટલાય સમયથી કૃષિક્ષેત્રે જે વિકાસ કર્યો છે અને સારા વરસાદના કારણે મબલખ પાક થયો છે અને વાવેતરમાં પણ સારા વરસાદને કારણે

અને જળસંચયના સફળ અમલીકરણના કારણે આજે જે કાંઈ રવી પાક અને ખરીફ પાકનું ઉત્પાદન અને જે કાંઈ વાવેતર થયું છે, મારે કહેવું છે કે, ખરેખર ઉત્પાદન વધ્યું છે અને આમ જુઓ તો હરિયાળી ક્રાંતિ તરફ આગળ વધી રહ્યા છીએ પણ મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, આ બધું વધ્યા પછી જે ઉત્પાદક છે જે ખેડૂતો છે એના હાથમાં ખરેખર શું આવે છે ? મારો સુરેન્દ્રનગર જિલ્લો, હમણાં બે-ત્રણ વખતે વિધાનસભામાં જે વાતો થયેલી કે ચીનથી, ચીનની બજારના લોકો સુરેન્દ્રનગર જિલ્લામાં આવ્યા અને એ લોકોએ કપાસની ખરીદી કરી. માનનીય અધ્યક્ષશ્રી વાત સાચી છે આ સુરેન્દ્રનગર જિલ્લો આજે આખા ભારતમાંથી જે કપાસનું ઉત્પાદન થાય છે

**(અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને)**

એ આખા ભારતમાં ૨ લાખ ૪૦ હજાર ગાંસડીનું ઉત્પાદન થાય છે અને એમાં ગુજરાત રાજય ૮૫ લાખ ગાંસડીનું ઉત્પાદન કરતું રાજય છે અને એમાં સુરેન્દ્રનગર જિલ્લામાં દસ લાખ ગાંસડીનું આજે ઉત્પાદન થાય છે અને ખાસ કરીને આજે જે નિકાસની વાતો હમણાં વિરોધપક્ષમાંથી વાતો કરવામાં આવતી હતી, હું વાત કરું તો આ વર્ષે આપણા ગુજરાત રાજયમાંથી દસ લાખ ગાંસડીની નિકાસ થવાની છે એમાં ખાસ કરીને. એક લાખ ગાંસડીની નિકાસ સુરેન્દ્રનગર જિલ્લામાંથી થવાની છે ત્યારે મારે કહેવું છે કે, ખરેખર ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે. અહીંથી જે ઉત્પાદન થયેલો માલ બીજા દેશમાં જાય એને કારણે ખેડૂતો પગભર થઈ શકે એના કારણે આજે સરકાર પગલાં ભરી રહી હોય ત્યારે મારે કહેવું છે કારણકે મંત્રીશ્રી પોતે ખેડૂત છે અને વર્ષોથી કૃષિ ખાતુ સંભાળે છે એના કારણે એને ખેડૂતોની તકલીફોની ખબર છે બિયારણ, ખાતરની વાત કરી. પાણી, સિંચાઈ માટે ભા.જ.પા. સરકારે છેલ્લા ૧૦ વર્ષથી સુવિધા આપી છે ચેકડેમ, ખેત તલાવડી, બોરીબંધને કારણે, કૂવા કે તળાવના તળ ઊંચા આવવાને કારણે પાકમાં વધારો થયો છે. અને ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળે તો ખેડૂત પગભર થઈ શકે. કેટલીક વખત વધારે ઉત્પાદન થવાને કારણે એ વાત સાચી છે કે છેલ્લા ૪-૫ વર્ષથી દોઢુ કે બમણુ ઉત્પાદન થયું છે ઉત્પાદન વધારે થયું છે એના કારણે પોષણક્ષમ ભાવ મળતા નથી. ઘણી વખત શાકભાજી, અનાજ, કપાસની વાત કરું તો ગઈ સાલ ૫૦લાખને બદલે આ વખતે ૮૫લાખ ગાંસડીનું ઉત્પાદન થયું છે. ત્યારે એને પોષણક્ષમ ભાવ મળે એ માટે સરકારે પગલાં લેવાં જોઈએ. ખાસ કરીને અલગ અલગ ઉત્પાદનમાં કપાસની વાત કરવી છે. ખાસ કરીને મારે કહેવું છે કે ખેડૂતોને રક્ષણ મળવું જોઈએ. મંત્રીશ્રી પાસે છેલ્લા ૧-૨ વર્ષથી રજૂઆત કરી હતી કે ખેડૂતોને વરસાદ પડે, સારું વાવેતર થાય, બધું લીલું દેખાય એ સમયે જંગલી પ્રાણી બધા પાકનો નાશ કરી નાખે. મારે કહેવું છે કે ખેડૂતોની વાત સાચી છે. સામાન્ય રીતે બધી બાબતમાં કહેવાય છે. અમારે ત્યાં ગઢવી છે એ વાત કરતા હોય ખેડૂત માટે કે ચોર ખાય, મોર ખાય, ઢોર ખાય, બાકી વધે એ ખેડૂત લઈ જાય. તો મંત્રીશ્રીને કહેવું છે કે ખેડૂતને ખરેખર સબસીડી આપી, બિયારણ ખાતરમાં પગભર કરવો જોઈએ અને આ દેશમાં જે આર્થિક વૃદ્ધિનો દર જો આ દેશનો ખેડૂત સમૃદ્ધ હશે તો દેશ સમૃદ્ધ હશે. ઉદ્યોગોને ગમે તેટલી સબસીડી આપીએ, રાહત આપીએ પણ ખેડૂત ખરેખર કાળી મજૂરી કરે છે. પરસેવો પાડે છે અને માલ બજારમાં લાવે છે. પક્ષાપક્ષી, રાજકારણની વાત નથી કરતો પણ ખેડૂત જગતનો તાત છે. કાળી મજૂરી કરીને માલ બજારમાં લાવે ત્યારે બજાર તૂટી જાય આ પરિસ્થિતિ દરેક ગામમાં છે. સુરેન્દ્રનગર જિલ્લાને નર્મદાનું પાણી મળવાથી ખૂબ જીરુ પકવ્યું. ઉંઝા બજારમાં વેચવા જઈએ ત્યારે એક હજાર કે અગિયાર સો રૂપિયાના ભાવે વેચાયું. વાવ્યું ત્યારે ૧૬૦૦ અને આજે એક હજાર તો મંત્રીશ્રીને મારે કહેવું છે કે એને રક્ષણ મળવું જોઈએ. સુરેન્દ્રનગર જિલ્લામાં ગુજરાત ૧૩ કલ્યાણનું વાવેતર થાય છે. જયારે બધાના કપાસ પૂરા થઈ જાય ત્યારે વીણવાનું ચાલે છે. ઘણી વખત ( સમય સૂચક ઘંટડી) પક્ષાપક્ષીની વાત નથી કરતો. તમે શું કર્યું, અમે શું કર્યું. આક્ષેપબાજી નથી કરતો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૨, ૪, ૫, ૬ અને ૧૦૫ લાવ્યા છે એમાં મારે ખાસ મત્સ્યોદ્યોગમાં સૂચનો કરવાના છે. આપણો ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયાનો માર્ગ હોય અને અહીં જે સ્ટાફ છે એ અપૂરતો છે. લાંબા સમયથી આ જગ્યા ભરવા માટેની વાત થાય છે. કેટલા સમયથી જગ્યા ભરાતી નથી. કૉલેજનું બિલ્ડિંગ ખંડેર થઈ ગયું છે, એટલે જે ટેકનિકલ કૉલેજની આટલા લાંબા સમયથી વ્યવસ્થા થતી નથી. ખાસ કરીને ગુજરાતના માછીમાર ભાઈઓની તકલીફો છે એ ઘણી મોટી તકલીફો છે. આજે આ ઉદ્યોગની અંદર મોટો વર્ગ જોડાયેલ હોય, ત્યારે પાકિસ્તાનમાં જ્યારે બોટ જતી રહેતી હોય છે, ત્યારે અમારા વિપક્ષના નેતાશ્રી આ બાબતમાં સખ્ત જાગૃત રહીને રજૂઆત કરતા હોય છે, સરકાર પણ રજૂઆત કરતી હોય છે, પણ જે પ્રમાણની અંદર રજૂઆત કરવામાં આવે અને બોટો પાછી છોડાવવામાં આવે તો બહુ અગત્યની વસ્તુ છે. ખાસ કરીને કેન્દ્ર સરકારની અંદર ડીઝલ, કેરોસીનના ક્વોટા વધારવાની દરખાસ્ત કરવી જોઈએ. આજે જે કેરોસીન આપવામાં આવે છે, એ ૧૮૦ લિટર આપવામાં આવે છે. એક દિવસનો ૩૦ લિટર વપરાશ હોય છે. એક દિવસનું ૩૦ લિટરથી પણ વધારે કેરોસીન જતું હોય તો ૯૦૦ લિટર ૧૮૦ ના બદલામાં કરવું જોઈએ, તો જ એ લોકોને ફાયદો થાય અને એની અંદર જે ટેક્સ લગાવવામાં આવે છે, એ તમામ ટેક્સ નાબૂદ કરવા જોઈએ, એટલા માટે મહારાષ્ટ્ર, કર્ણાટક જેવાં બીજાં

રાજ્યની અંદર આ ટેક્સ એક્સાઈઝ સુધી નાબૂદ છે. ગુજરાતે આ બાબતમાં ચોક્કસ પણે પહેલ કરવી જોઈએ. ખાસ કરીને સૌરાષ્ટ્રની અંદર આ રાજ્ય સરકારે જે કાર્ડ આપવાની માછીમાર ભાઈઓને જરૂરિયાત હોય છે, એ કાર્ડ ન આપવાની બાબતમાં જે તકલીફ છે, તો કાર્ડ ચોક્કસપણે આપવા જોઈએ. વાવાઝોડાની અંદર સબસિડી આપવી જોઈએ. દરિયાની અંદર કેટલીક વખત મોટું મોટું નુકસાન થતું હોય છે. એ બોટના માણસને ઈજા થાય, મૃત્યુ પામે તો જે સહાય આપવામાં આવે છે તે ઘણી અપૂરતી છે. માત્ર ૫૦,૦૦૦ રૂપિયા બોટ સાથે આપવામાં આવે છે. આ ૧.૫૦ લાખ કરવા જોઈએ, જેના કારણે માછીમાર ભાઈઓ દરિયાની વચ્ચે જઈને બોટ સાથે મૃત્યુ પામતી હોય તો જે સહાય ઓછી છે, એ ૧.૫૦ લાખ સહાય કરવી જોઈએ. બંદરો ઉપર મોટા પાયા ઉપર ડ્રેજિંગ કરાવવું જોઈએ. રાજ્ય સરકાર દ્વારા પાકિસ્તાની જેલમાં હોય ત્યાં ૫૦ રૂપિયા ચૂકવવામાં આવે છે. ૫૦ રૂપિયા ચૂકવવામાં આવે છે એ ખરેખર ૨૦૦ રૂપિયા આપવા જોઈએ. આજે ૫૦ રૂપિયામાં કોઈપણ માણસનું શું ભલું થવાનું? આ સરકાર ૨૦૦ રૂપિયા માટેનું વહેલામાં વહેલી તકે આયોજન કરવું જોઈએ અને ડીઝલ ઉપરનો સેલ્સટેક્સ ચોક્કસ કાઢી નાખવો જોઈએ. દરિયાઈ આંતરરાષ્ટ્રીય જળસીમા માટે માછીમારી થાય તે માટે કાર્યવાહી કરવી જોઈએ, જેના કારણે માછીમાર ભાઈઓ આ પારથી પેલા પાર ન જાય, એના માટે બહુ જરૂરી છે. મત્સ્યોદ્યોગ કેન્દ્રો ઉપર વાતાવરણની જાણકારી આપવા માટે વેધર સ્ટેશન ઊભાં કરવાં જોઈએ. ઘણી વખત માછીમારી ભાઈઓને આની જાણકારી પ્રાપ્ત થતી નથી તે જાણકારી પ્રાપ્ત થવી જોઈએ તો મને લાગે છે કે વાવાઝોડાં હોય અને એ સીમા પારના હોય એ ઘણી વખત એની અંદર ઉપયોગ થઈ શકે આવા માછીમાર ભાઈઓને પણ એમનો જે મહત્ત્વનો પ્રાણ પ્રશ્ન છે, એના માટે ઘણા બધા લોકોએ રજૂઆતો કરી છે. મને ખ્યાલ છે ત્યાં સુધી અખંડ ગુજરાત માછીમાર મહામંડળે આ બાબતમાં રજૂઆત કરી છે. અમારા વિપક્ષના નેતા અવાર-નવાર અહીયા ગૃહમાં અને કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી છે. સ્ટ્રોંગપણે આ બાબતમાં રાજ્ય સરકાર રજૂઆત કરે એવી મારી મંત્રીશ્રીને વિનંતી છે. ખાસ કરીને કૃષિ મંત્રીશ્રીને કહેવું છે કે આવનારા દિવસોમાં આપણે એમ કહેતા હોઈએ કે કૃષિ ક્ષેત્રે જબરજસ્ત વિકાસ કર્યો છે. મારે આંકડા સાથે ૩ વાત કરવી છે. ૧૯૯૩-૯૪ માં ૯૦.૯૦ હતો અને આજે ૨૦૦૪-૦૫ ની અંદર ઘરગથ્થું ઉત્પાદનનો ફાળો છે એ ૧૪.૨૦ છે. કોઈપણ દેશનો કોઈપણ ક્ષેત્રે ધીમે ધીમે એનો વધારો થાય ત્યારે અહીયા ખરેખર ઘટાડો થાય અને આપણે લોકો એકવીસમી સદીમાં જતા હોઈએ, ત્યારે તમામ વિશ્વ સાથે, કૃષિ ક્ષેત્રે કદમ મિલાવતા હોઈએ અને હરિફાઈ કરવાની હોય તેવા ક્ષેત્રે ખેડૂતોને લાભ આપીએ નહિ અને જેમાં આજે ડબલ્યુ.ટી.ઓ. ના કરાર મુજબ કરાર થયેલ છે.

તેના કારણે આવનાર સમયમાં આટલી બધી સબસીડી અમેરિકા અને બીજા રાજયો આપવાના છે. ઉત્પાદન રેસિયો ઘટાડવો જોઈએ. જેમ આજે અમેરિકામાં ઘઉંનું એક કિલોનું ઉત્પાદન ખર્ચ ૧૩ પૈસા આવે છે અને આપણા ગુજરાત રાજયમાં અને ભારત દેશમાં તે ૩૯ પૈસા આવે છે તેનો વિચાર કરવો પડશે. તેલ ક્ષેત્રની અંદર પણ કહી શકાય કે આપણે ત્યાં ઉત્પાદન ૩.૪૭ ઘટયું છે.૨૦૦૩ની સ્થિતિમાં. એટલે આટલો બધો ઘટાડો થતો હોય અને આપણી બાજુ મલેશિયા કન્ટ્રી છે. આપણે ત્યાં એક એકર જમીનની અંદર અડધો ટન, એક ટન તેલ થતું હોય તો બીજા કન્ટ્રીની અંદર પાંચ ઠન તેલ થતું હોય તો આ પ્રકારનો મુકાબલો આપણે કેવી રીતે કરી શકાય તેના માટે કૃષિ ક્ષેત્રે અભ્યાસ કરવો જોઈએ કે કેવી રીતે આપણા ખેડૂતોને ફાયદો થાય અને તેના કારણે તેના પોષણક્ષમ ભાવ મળી રહે. નહીં તો આવનારા સમયમાં આપણે ઘણા બધા પાછળ રહી જઈશું તેવા સંજોગો ઉભા થવાના છે. કૃષિ ક્ષેત્રમાં આપણે ત્યાં જે લૅબૉરેટરીમાં વૈજ્ઞાનિકો છે તેમને પરદેશમાં ટ્રેનિંગમાં મોકલવા જોઈએ. એરંડા ગુજરાત અને ઉત્તર ગુજરાતનો એક મહત્ત્વનો પાક છે. જે આખા વિશ્વમાં ૭૦ ટકા પાક અહીં થતો હોય તો અને બીજું ઇસબગૂલ છે તેની ૧૪ લાખ બોરીમાંથી ૧૦ લાખ બોરી આપણો વિભાગ કરે છે. આ બે ક્ષેત્રો પકડીને પોષણક્ષમ ભાવ કેવી રીતે મેળવી શકાય તેનો અભ્યાસ કરવો જોઈએ. આજે ચીન છે તે એરંડામાંથી બીજી વસ્તુઓ પ્રાપ્ત કરે છે. આજે ડીસા બાજુના બટાકા છે તેમાં પાંદડામાંથી જે તેલ નીકળે છે તે સાહેબ દસ હજાર રૂપિયે લિટર વેચાય છે. તેના માટે આપણા વૈજ્ઞાનિકોને બીજા રાજયમાં અભ્યાસ કરવા મોકલવા જોઈએ તો જ કૃષિ ક્ષેત્રમાં ઉત્પાદન વધારી શકાશે. બીજા માર્કેટમાં પોષણક્ષમ ભાવ નહીં મળે, હરીફાઇમાં નહીં ઉભા રહીએ તો આપણે પ્રગતિ નહીં કરી શકીએ. એક સૂચન કૃષિ મંત્રીશ્રીને કરું કે કૃષિ ક્ષેત્રની એક વેબ સાઈડ બનાવવી જોઈએ. તેમાં જેટલી આઈટમો છે તે મૂકવી જોઈએ.

**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને સહકાર વિભાગ તેમજ મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રીઓ આવ્યા છે તેમને આવકારું છું અને મારું અનુમોદન આપું છું તેમજ મારા વિચારો વ્યક્ત કરું છું

માનનીય અધ્યક્ષશ્રી, સત્તાના સૂત્રો સંભાળ્યા બાદ સતત મહિલાઓની ચિંતા અને બાળકોની ચિંતા કરી હોય તો ભાજપની સરકારે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય ભારતીબેન કહેતા હતા કે મહિલાઓનું સન્માન જળવાતું નથી. ખરેખર તે વાત એકદમ સાચી છે પણ માનનીય અધ્યક્ષશ્રી, આ બધુ ભૂતકાળમાં હતું. હું માનનીય ભારતીબેનને પૂછવા માગું છું કે આપણા પડોશી રાજયના મુખ્યમંત્રીશ્રી કોણ છે?

તે પણ એક મહિલા છે. એટલું જ નહીં દિલ્હીના મુખ્યમંત્રીશ્રી તેમજ આ સન્માનનીય ગૃહમાં ૧૩-૧૩ જેટલા ધારાસભ્યો પણ મહિલા છે અને સન્માનનીય ગૃહમાં શિક્ષણ મંત્રીશ્રી પણ મહિલા છે. છતાં એક મહિલાના નાતે આપ પણ એવું નથી વિચારતા કે મહિલાઓ વિશે નીચું ન બોલવું જોઈએ. ગુજરાતની પાંચ કરોડની જનતા આદરણીય નરેન્દ્રભાઈને ગુજરાતના શેર તરીકે ઓળખી રહી છે. આ રાજયના વિકાસ માટે આ રાજય સરકાર મોટામાં મોટી હરણફાળ ભરી રહી છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. મહિલાઓ અને બાળકોની ચિંતા કરીને સમગ્ર ગુજરાતના ખૂણે ખૂણે અને અંતરિયાળ વિસ્તારમાં જઈ દીપ સમાન જ્ઞાન ફેલાવવાનું કામ કર્યુ હોય તો તે ભાજપની સરકારે કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, મોટામાં મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી છે એટલું જ નહીં પણ માનનીય મુખ્ય મંત્રીશ્રીને જે ભેદસોગાદો મળી હતી એની હરાજી જાહેરમાં કરીને જે રકમ મળી એ પણ કન્યાઓના શિક્ષણ પાછળ ખર્ચવામાં આવી છે, એટલું જ નહીં પણ કન્યાઓના શિક્ષણ માટે જે સતત ચિંતા આ સરકારે કરી છે એ આપણે સૌ જોઈ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, દીકરીઓ ભણે તે માટે છેલ્લા ત્રણ વર્ષમાં કેળવણી રથ લઈને માનનીય મુખ્ય મંત્રીશ્રી તેમજ તમામે તમામ માનનીય મંત્રીશ્રીઓ, તમામે તમામ જે તે વિસ્તારના ધારાસભ્યશ્રીઓ, સર્વેએ દરેકે-દરેક શાળામાં જઈ વિદ્યા લક્ષ્મી બૉન્ડ અર્પણ કરવામાં આવ્યા છે તેમજ શિક્ષણના પ્રમાણમાં વધારેને વધારે વેગ મળે તે માટે સર્વ શિક્ષા અભિયાન કરવામાં આવ્યા તેનાથી મહિલા સાક્ષરતા દર હતો તે વધ્યો છે, રાજયમાં ગરીબ પ્રજાની વારે જો હોય તો માત્રને માત્ર આ ભાજપની સરકાર છે, એટલું જ નહીં પણ દુ:ખીયારાઓની વારે પણ આ ભાજપની સરકાર છે, નાની ફૂલ સમાન કુમળી બેટીઓની વારે આ ભારતીય જનતા પક્ષની સરકાર છે, કચડાયેલા સમાજની સાથે જો કોઈ હોય તો આ ભાજપની સરકાર છે, વિધવા મહિલા તેમજ ખેડૂતોના વારે જો કોઈ હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે એટલું જ નહીં પણ અણમોલ મૂંગા પશુઓની વારે પણ આ ભાજપની સરકાર છે. ગરીબ પ્રજાનાં આંસુ લૂછવાનું કામ આ ભારતીય જનતા પક્ષની સરકારે કર્યુ છે, એટલું જ નહીં પણ આ રાજયના માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે આઠમી માર્ચના રોજ રમતગમત ક્ષેત્રે મહિલા વિકાસ એવોર્ડ અને મહિલા ખેલાડીઓને સ્કૉલરશિપ આપીને પ્રોત્સાહિત કરેલ છે તેમજ આ રાજયમાંથી ૧૪૪૭ જે મહિલા ખેલાડીઓ હતી તેમને સન્માનિત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૩૮ હજાર જેટલી આંગણવાડીઓ સ્થાપીને ૧૯ લાખ બાળકોને પૌષ્ટિક આહાર આપવાની જોગવાઈ આ સરકારે કરી છે. બે કરોડ બાળકોની આરોગ્ય તપાસ આ સરકારે કરાવી છે તેમજ ધાત્રી અને સગર્ભા બહેનોને પૌષ્ટિક આહાર આપવાનું કામ માત્રને માત્ર આ ભાજપની સરકારે કર્યુ છે તેમજ પછાત અને અંતરિયાળ તાલુકાઓમાં જે બાળમરણ અને માતાના મરણના આંકડાઓ ધ્યાનમાં લઈને આ સરકારે સતત ચિંતા કરીને ઘણી બધી નવી યોજનાઓ અમલમાં મૂકી, બાલિકા સમૃદ્ધિ યોજના , માતૃવંદના યોજના, કિશોરી શકિત યોજના, કિશોરી શકિત યોજનામાં ૮ થી ૧૮ની ઉંમરની તરુણીઓને પોષણ અને આરોગ્યનું સ્તર ઊંચું લાવવા માટે તેમજ શકિતઓમાં વધારો આવે તે માટે આ સરકારે સતત ચિંતા કરી છે એટલું જ નહીં પણ મહિલા માર્ગદર્શન કેન્દ્રો તેમજ સૅમિનાર સરકારે હાથ ધર્યા છે એટલું જ નહીં પણ યુવતી વિકાસ કેન્દ્રો તેમજ ૧૩ થી ૨૦ વર્ષની યુવતીઓને મૂંઝવતા, ગ્રામ્ય વિસ્તારની દીકરીઓને મૂંઝવતા પ્રશ્નો હતા તેના માટે યુવતી વિકાસ કેન્દ્રો ચલાવવા અને એ માટે આ રાજય સરકાર દ્વારા ૪૬ કેન્દ્રો પણ ચલાવવામાં આવ્યાં છે. મહિલા કલ્યાણ ક્ષેત્રે પ્રોત્સાહન એવોર્ડ, શ્રેષ્ઠ સિદ્ધિ જેને હાંસલ કરી હોય તેને ૫૦૦૦૦ તેમજ સંસ્થાને એક લાખના એવોર્ડ આપવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : હું બન્ને દંડકશ્રીઓને વિનંતી કરું છું કે, જે સમય હોય એના કરતાં ડબલ નામો લખીને મને મોકલવામાં આવે છે અને ત્યાર પછી બન્ને દંડકશ્રીઓ નામ બદલવા માટે અનેકવાર ચિઠ્ઠી મોકલે છે એ વાજબી નથી આ બાબતે કંટ્રોલ કરવાની બન્ને દંડકશ્રીઓની જવાબદારી છે. હું વિનંતી કરું છું કે, સવારે ટાઈમ જોઈને પછી કેટલા સભ્યશ્રીઓ બોલી શકે એવા છે એ પ્રમાણે લખીને મોકલ્યા બાદ નામ બદલવા માટેની ચિઠ્ઠી ન લખે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગની જે માગણીઓ આવી છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિની વાત જ્યારે આવી છે ત્યારે આ હાઉસમાં બેઠેલા મારા મિત્રોને થોડા ભૂતકાળ તરફ લઈ જવા માગું છું. મારી વાત શાંતિથી સાંભળશે તો એમને સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવશે. માનનીય અધ્યક્ષશ્રી, દેશ આઝાદ થયા પછી આ દેશમાં ૬૫૦ રજવાડાઓ હતા. એકલા સૌરાષ્ટ્રમાં જ ૨૬૨ રજવાડા હતા. એ રજવાડામાં મહારાજા ગાયકવાડ હોય, ગોંડલના મહારાજા સર ભગવતસિંહજી હોય ભાવનગરના નરેશ હોય એ બધા આગળ આપણું માથું નમે એવા પ્રજા વત્સલ એ રજવાડા હતા. સૌરાષ્ટ્રમાં પહેલી ઢેબરભાઈની સરકાર બની અને કાઠિયાવાડ જમીન સુધારણા કાયદો આવ્યો એ કાયદાના પરિણામે એ સરકારની સામે ભુપત બહારવટિયો પેદા થયો. એ જમાનામાં મને બરાબર યાદ છે ૧૯૫૨ માં પહેલી પાર્લામેન્ટની ચૂંટણીઓ આવી ત્યારે ગામડાંમાં બહેનો રાસડા ગાતી હતી કે ' ભુપત કંઈ મન વિચારે,

માનવીઓને શીદને મારે' ઢેબરભાઈએ જે કાયદો કર્યો એમાંથી જે પરિસ્થિતિ પેદા થઈ ત્યારે ભુપતને ભીડવવા માટે સરદાર વલ્લભભાઈ પટેલે અને જવાહરલાલ નહેરુએ અશ્વિનીકુમાર નામના આઈ.પી.એસ. અધિકારીને સૌરાષ્ટ્રમાં મોકલ્યા અને ભુપતને એવી રીતે ભીડવ્યો કે ભુપતને પાકિસ્તાન ભાગી જવું પડયું. આ સૌરાષ્ટ્રની ધરતીનો ઈતિહાસ છે. માનનીય બેચરભાઈ, આવી પરિસ્થિતિમાંથી બહાર કાઢયા હોય તો આ કૉન્ગ્રેસે કાઢયા છે. એને માલિક બનાવી ઉત્પાદનનું સાધન એના હાથમાં આપ્યું. એ સામ્યવાદીઓ પણ અત્યાર સુધી કરી શકયા નથી. ઋણ-ધારક ધારો લાવ્યા અને ખેડે એની જમીનનો કાયદો લાવ્યા. એટલું જ નહીં, ખેડૂતોને પોતાના દેવામાંથી મુકત કરાવવા ઋણ-ધારક ધારો લાવ્યા. આવા ક્રાંતિકારી કાયદાઓ કૉન્ગ્રેસના સમયમાં થયા હતા અને એમાંથી જે ચણતર થયું એમાંથી ઈમારત થઈ એનું આજે સર્જન ચાલુ છે એનો પાયો કૉન્ગ્રેસના ઈતિહાસમાં રચાયો હતો. આ સામે બેઠેલા મારા મિત્રો ઘણી વખત એમ કહે છે કે, અમે આમ કર્યું, અમે આમ કર્યું, પણ મિત્રો મકાન તૈયાર કરે વડવાઓ અને એમાં કલર કરીને તમે વાસ્તુ કર્યું એટલે કાંઈ 'મકાન અમે તૈયાર કર્યું છે' એમ કહે એ બરાબર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પશુ-પાલન અને કૃષિની વાત થઈ રહી છે ત્યારે કહેવું છે કે પશુ-પાલન અને કૃષિ એ આ રાજયની બે ધોરી નસો છે. કૃષિ ઉપર ૬૦ થી ૭૦ ટકા વર્ગો આજે ગામડાંઓમાં નભી રહ્યાં છે. એટલું જ નહીં પણ,એટલું જ નહિ દુનિયાનું ધ્યાન ખેંચે એવી ઓલાદો આ ગુજરાતની ધરતી પર છે એ કાંકરેજી ગાય હોય કે પછી.. (અંતરાય) જો મને બોલવા જ ન દેવો હોય તો હું મારું બંધ કરું. મારી વાત કહેવાનો જો મને મોકો જ ન દેવાનો હોય ..

**અધ્યક્ષશ્રી** : તમે બોલોને તમને ક્યાં ના પાડી છે? કયાં ના પાડી છે? આવું કેમ લાગ્યું ? (અંતરાય)

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, એ કાંકરેજી ગાય હોય..

**અધ્યક્ષશ્રી** : માલજીભાઈ સેન્સીટીવ થઈ ગયા છે હમણાં હમણાં.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : ગીરની ઓલાદ હોય કે જે કંઈ આપણી ઓલાદો આ રાજયની અંદર છે, દેશ વ્યાપી જેની પ્રખ્યાતિઓ છે એમાંથી જે સંવર્ધન થયું એમાંથી આપણી ડેરીઓનો જે જન્મ થયો અને શ્વેત ક્રાંતિ થઈ આ રાજયની અંદર એમાં ગુજરાતે અગ્રેસરતા ભોગવી એના માટે જે કંઈ કામ છે એમાં એકજ માનનીય કૃષિ મંત્રીશ્રીને મારું નમ્રતાપૂર્વક નિવેદન છે કે આપણે યુનિવર્સિટીઓ ઘણી બનાવી છે પણ આ રાજયમાં પશુ સંવર્ધન યુનિવર્સિટી બનાવવામાં આવે અને આ રાજયની જે ઓલાદો છે એનું વધારેમાં વધારે સંવર્ધન થાય એ તરફ સક્રિયપણે વિચારો એવી મારી આપને વિનંતી છે. બીજું ધ્યાન દોરવાનું એ છે એ આપણા સૌની સહિયારી જવાબદારી આમાં ઊભી થઈ છે કે ઔદ્યોગિકરણ અને વૈશ્વિકરણના કારણે દૂધ અને દૂધની બનાવટો આ દેશના બજારોમાં આવવાની અને એને કારણે આપણું જે લોકલ ખેત ઉત્પાદન છે એના ભાવ પર મોટી અસર પડવાની છે. અગાઉ પણ બાજપાઈજીની સરકાર વખતે થયું હતું અને આ ગુજરાતના કેટલાક જાગૃત આગેવાનોને એની સામે રજૂઆત કરી અને એ વાત થોડીક અટકી હતી પણ હવે એનો ટાઇમ પૂરો થવા આવ્યો છે. એ ટાઇમના કારણે એની પણ આગોતરી વિચારણા કરીને એમાં માનનીય મંત્રીશ્રી પોતે સઘનતાથી વિચારે એવી નમ્રતાપૂર્વક વિનંતી છે. બીજી મહત્ત્વની વાત છે આપણા રાજયની સહકારી પ્રવૃત્તિ, ગ્રામ્ય કક્ષાએથી પ્રાથમિક મંડળી હોય, તાલુકા લેવલના સુઘ હોય, જિલ્લા લેવલના સંઘ હોય કે રાજય સંઘ હોય આપણી નાગરિક સહકારી બૅન્કો હોય કે જિલ્લા સહકારી બૅન્કો હોય આ દેશની અંદર મહારાષ્ટ્ર અને ગુજરાત એક નમૂનેદાર અને સહકારી પ્રવૃત્તિમાં અગ્રેસર રહ્યું છે અને મારે કહેવું જોઈએ કે કેટલાક સમયથી આ પ્રવૃત્તિને નજર લાગી છે તે નજર ઉતારવાનું કામ રાજયના મંત્રીશ્રી કરે અને જે કોઈ ગુનેગારો હોય એની સામે જે રીતે પગલાં લેવા પડે તો લેવા જોઈએ એમાં કોઈ ઇન્કાર કરી શકે નહિ પણ ઉત્તમમાં ઉત્તમ પ્રવૃત્તિને બચાવવાનું કામ આપણે બધાએ સાથે મળીને કરવાનો સમય હવે પાકી ગયો છે. કૃષિ બાબતે હું વધારે લાંબી વાતો નહિ કરું કારણકે મારા સાથી સભ્યશ્રીઓ અને ડો. સી.જે. ચાવડાએ પણ એની વાત કરી છે પણ રાજયમાં પશુ સારવારની અંદર ફીમાં જે વધારો કર્યો છે, એમાં પુનઃ વિચારણા કરવામાં આવે એવી મારી નમ્ર વિનંતી છે.

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ (એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ અને પશુપાલનના મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઊભો થયો છે. એમણે જે પ્રમાણે પ્રજા લક્ષી બજેટ બનાવ્યું અને એમાં ગુજરાતની પ્રજાની ચિંતા કરી છે એ બદલ હું એમનો ખૂબ ખૂબ આભાર માનું છું.

હું જે મુદ્દા પર ચર્ચા કરવા માગું છું એ મુદ્દો છે મત્સ્યોદ્યોગનો. આ ઉદ્યોગ વર્ષોથી ચાલતો ઉદ્યોગ છે. કોંગ્રેસના શાસન દરમ્યાન પણ આ ઉદ્યોગ કરવાની વાત હતી અને ભારતીય જનતા પાર્ટીના શાસન દરમ્યાન પણ આ ઉદ્યોગ ચાલે છે. હું માનું છું કે આ વિષય ગંભીર અને હિન્દુ સંસ્કૃતિમાં વસતિ પ્રજાની લાગણી સાથે જોડાયેલ હોઈ આ વિષયની ચર્ચા પક્ષાપક્ષીથી પર રહીને થવી જોઈએ એમ હું માનું છું. એક કવિએ ખૂબ સુંદર કહ્યું છે.

'પરિચય છે મંદિરમાં દેવોને મારો, ને મસ્જિદમાં ખુદા ઓળખે છે
નથી અસ્તિત્વ છાનું યે કોઈથી, તમારા પ્રતાપે બધા ઓળખે છે.'

તમારા પ્રતાપે એટલે પાંચ કરોડની જનતાના પ્રતાપે, આ જે હું વાત કરું છું એ ગુજરાત રાજયની વાત કરું છું. ગુજરાત રાજય અસ્તિત્વમાં આવ્યું ત્યારથી અહીના લોકોની કોઠાસૂઝના કારણે હંમેશા પોતાની અલગ ઓળખ ઊભી કરી છે હું ઇચ્છું છું કે મત્સ્યોદ્યોગની બાબતમાં પણ સાચો નિર્ણય લઈને સમગ્ર વિશ્વમાં પોતાની આગવી ઓળખ ઊભી કરે. "ભારતનું બંધારણ આર્ટિકલ ૫૧-એ(જી) પ્રમાણે જંગલો સરોવર, નદીઓ, વન્યજીવો સહિત સઘળાં જીવોની રક્ષા, કલ્યાણ  અને પર્યાવરણની જાળવણી કરવી તે ભારતના પ્રત્યેક નાગરિકની ફરજ છે." અને હિદુ સંસ્કૃતિમાં એમ કહેવાયું છે કે " પ્રકૃતિનું દોહન કરી શકાય, પ્રકૃતિનું શોષણ કરી શકાય નહીં " પ્રકૃતિનું દોહન એ આપણી સંસ્કૃતિ છે, પ્રકૃતિનું શોષણ તે પાશ્ચાત્ય  સંસ્કૃતિ પ.પૂ.સરસંઘ ાચાલકજી, માન.સુદર્શનજીએ પણ વારંવાર આ વાતને દોહરાવી છે. મત્સ્ય ઉદ્યોગ એટલે મત્સ્યને લગતા ઉદ્યોગો. માછલાઓ અને એને આનુષંગિક જીવોની ઉત્પત્તિ કરી તેને ઉછેરી તેને કતલ કરવાનો ઉદ્યોગો. કાલે ઉઠીને કોઈ એમ કહેશે કે ચાલો માનવ ઉદ્યોગ શરૂ કરીએ. માનવ ઉદ્યોગ એટલે શું ? હસવાનું મન થાય કદાચ. આ ઉદ્યોગમાં બીજું કંઈ જ કરવાનું નથી. માત્ર મત્સ્યઉદ્યોગની માફક મનુષ્યને પેદા કરી, તેનું લાલન પાલન કરી, તેને હષ્ટ પુષ્ટ બનાવી તેની કતલ કરવાની છે. બોલો આપણે બધા તૈયાર છીએને ? આ બાબત માટે આમાં પણ ઈન્કમ થવાની છે. મત્સ્યઉદ્યોગ ત્રણ સ્ટેટને ઈન્કમ થાય છે. આમાં પણ ઈન્કમ થવાની છે. પરંતુ, ના આ બાબતમાં આપણે સહમત થઈ શકીએ તેમ નથી. કારણકે, આપણને આપણો જીવ અત્યંત વહાલો છે. આપણે હજુ જીવવું છે. તે જ પ્રમાણે નાનામાં નાના જીવને પણ જીવવાની ઇચ્છા હોય છે અને તેમને પણ પોતાનો જીવ અત્યંત વહાલો હોય છે. આપણાં શાસ્ત્રોમાં કહેવાયું છે કે આપણે ત્યાં ત્રણ પ્રકારના ખોરાક હોય છે. સાત્ત્વિક ખોરાક, તામસી ખોરાક અને રાજસી ખોરાક. આપણાં શાસ્ત્રોમાં એમ કહેવાયું છે કે અન્ન એવો ઓડકાર અને અન્ન એવું મન. એટલે તમે શાકાહાર જેવો સાત્ત્વિક ખોરાક ખાશો તો તમારુ મન સાત્ત્વિક બનશે. અને તમે માંસાહાર જેવો તામસી ખોરાક ખાશો તો તમારું મન તામસી બનશે. આપણે આ ઉદ્યોગોને પ્રોત્સાહન આપીને લોકોને માંસાહાર તરફ વાળી રહ્યાં છીએ. જેને કારણે ભવિષ્યમાં લોકોના મન તામસી થતાં ગુનાખોરી વધશે, ગુનેગારો વધશે. વિચાર કરો આપણે ગુજરાત અને પાંચ કરોડ ગુજરાતીઓને કઈ દિશામાં લઈ જવા માંગીએ છીએ ? કુદરતે બનાવેલ જીવોની પોતાની દ્રષ્ટિએ તેમજ ઋતુચક્રની દ્રષ્ટિએ ઉપયોગિતા છે. વર્ષો સુધી વૃક્ષોનું નિકંદન કાઢી નાખ્યા પછી પર્યાવરણની અસંતુલીતતા સર્જાતા અચાનક આપણને બ્રહ્મજ્ઞાન થયું કે પર્યાવરણ અને જીવ સૃષ્ટિના અસ્તિત્વ માટે વૃક્ષો ખૂબ જરૂરી છે અને માટે જ આજે આપણે વધુ વૃક્ષો વાવવાની તરફેણ કરીએ છીએ. એજ રીતે જે પ્રમાણે દરિયાઇ જીવો તેમજ અન્ય જીવોની હત્યા થઈ રહી છે ત્યારે હું આપશ્રી મારફતે ગુજરાતની જનતાને ચેતવવા માગું છું કે આવતા દિવસોમાં આના કારણે પર્યાવરણનું સંતુલન બગડશે અને જેની સીધી અસર આપણને સૌને થવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં દશ ટકાથી પણ ઓછા લોકો સંપૂર્ણ માંસાહરી છે.બાકીનું માંસ આપણે એક્ષપોર્ટ કરીએ છીએ. જેમનો ખોરાક માંસાહરી હોય અને તેટલા પૂરતી વાત હોય તો બરાબર છે પરંતુ જ્યારે આઠ લાખ મૅટ્રિક ટન માછલા ઉછેરી તેમને મારી નાખી તેનો ઉદ્યોગ કરવાની વાત હોય તો મારી દ્રષ્ટિએ આ વાત ઠીક નથી. આ ગૃહનું ધ્યાન હું એક સત્ય ઘટના તરફ દોરવા માગુ છું સ્વામી વિવેકાનંદજી અમૅરિકામાં ગયા અને અમૅરિકાએ જ્યારે પોતાની પ્રગતિની વાત કરતાં શિકાગો તેમને લઈ જઈને વાત કરી કે, અમારી પ્રગતિ જુઓ. પ્રગતિ બતાવવા માટે તેમણે જ્યારે શિકાગોનું ઑટોમૅટીક સ્લોટરીંગ હાઉસ તેમને બતાવ્યું અને તેમને કહેવામાં આવ્યું કે આ પશુઓને અહીં મૂકવાથી અલગ અલગ જગ્યાએથી અલગ અલગ પ્રોસેસ થઈ અને છેલ્લે એક પેકમાં આપણને તેનું માંસ મળે છે. ત્યારે સ્વામી વિવેકાનંદજીએ એવું કહ્યું કે આ જે માંસ આપણને મળે છે તે માંસને હું અહીંયા મૂકું તો બીજા છેડેથી મને પશુ મળશે ? જો ના, તો આ પ્રગતિ નથી અધોગતિ છે. તે સ્વામી વિવેકાનંજીના વાક્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત ઋષિ મુનિઓનો દેશ છે. હિન્દુ સંસ્કૃતિ એ આપણો વારસો છે. તપ અને જપની આ ભૂમિ રહી છે. નાનામાં નાના જીવો માટે બલિદાન આપનાર વીરોની આ ભૂમિ છે માટે જ અલગ અલગ પ્રાણીઓ અને પક્ષીઓને અલગ અલગ દેવ દેવતાઓના વાહનની સાથે જોડવામાં આવ્યા છે. જેમ કે ભગવાન શિવનું વાહન બળદ, ભગવાન ગણેશનું વાહન ઉંદર, ભગવાન કાર્તિકેયનું વાહન મોર, માતા પાર્વતીનું વાહન વાઘ, માતા અંબાજીનું વાહન સિંહ, ભગવાન ઈન્દ્રનું વાહન હાથી, ભગવાન બ્રહ્માનું વાહન હંસ છે.

આપણે જેની વાત કરી રહ્યા છીએ તે માછલાનો અવતાર ભગવાન વિષ્ણુએ લીધો હતો. મત્સ્યપુરાણમાં આ વાત આવે છે કે સમુદ્રમંથન વખતે પૃથ્વી જ્યારે અસંતુલીત થઈ ત્યારે તેને સંતુલિત કરવા માટે ભગવાન વિષ્ણુએ માછલાનો અવતાર લીધો હતો. દાનવોએ જ્યારે પૃથ્વી પર કાળો કેર વર્તાવ્યો અને સમુદ્રમાં જઈ લડાઈની શરૂઆત કરી ત્યારે પણ ભગવાન વિષ્ણુએ માછલાનો અવતાર લઈ તેમને પરાસ્ત કર્યા હતા. આમ માછલા પણ આપણા માટે આસ્થાનું કેન્દ્ર છે. આપણી સંસ્કૃતિમાં અભયદાનને શ્રેષ્ઠ દાન કહ્યું છે. ભગવાન મનુ રચિત 'મનુ સ્મૃતિ ગ્રંથ' માં કહ્યું છે કે

' હિંસયા દુસતે ચિંતમ્, તેન હિન્દુ રિતિ રિતહ્

હિંસાના કારણે જેનું મન દુ:ખી થાય તે હિન્દુ છે. આપણો ધર્મ કર્મના સિદ્ધાંતોને માનનારો છે. એટલે કે જેવા કર્મ આજે કરીશું તેવા ફળ ભવિષ્યમાં આપણને મળશે. બાવળીયા વાવ્યા પછી કેરીની આશા રાખી શકાય નહીં. આપણે દુ:ખ જોઈતું નથી, તો આપણે કોઈપણ જીવને દુ:ખ આપી શકીએ નહીં. માછલાઓને મારી નાંખતી વખતે તેમની મનોદશા શું હશે, તેનો વિચાર કયારેય કર્યો છે? તેમના મોંમાંથી નીકળતી એક હાય સમગ્ર જગતને ખતમ કરી નાંખવા માટે પૂરતી છે. આપણે લોકો તો રાજનીતિમાં પણ ધર્મને સાથે રાખનાર લોકો છીએ, ત્યારે આપણી ખાસ ફરજ બને છે કે આ પ્રમાણે પશુઓની રક્ષા કરવી જોઈએ. (સમય સૂચક દ ાંટડી) ૨ મિનિટ સાહેબ. સાહેબ, આ સમગ્ર હિન્દુ સંસ્કૃતિની લાગણીનો સવાલ છે. બે મિનિટ આપો.

**અધ્યક્ષશ્રી** : નો, નો. પ્લીઝ.

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ** : સાહેબ, બે મિનિટ આપો. મેં આપને પહેલા કહ્યું હતું. બે મિનિટ વધારે આપો.

**અધ્યક્ષશ્રી** : આઠ મિનિટ આપી છે.

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ** : બે મિનિટ આપો સાહેબ. પરમ પૂજય પાંડુરંગ આઠવલે દાદાએ પણ આ સાગર પુત્રો માટે ચિંતા કરી છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માગણીઓના સમર્થનમાં બોલવા માટે એમને કહ્યું હતું, તે પ્રમાણે બોલી રહ્યા નથી. એમનો સમય થઈ ગયો છે. આગળ ચાલવા દો. (અંતરાય)

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ** : કોઈ પાર્ટીની વિરૂદ્ધમાં બોલી રહ્યો નથી. લાગણી વ્યકત કરું છું. પાંડુરંગ આઠવલે દાદાએ પણ સાગરપુત્રો માટે ચિંતા કરી હતી. તેમણે ત્રિકાળ સંધ્યા શીખવાડી તેમને આધ્યાત્મિક દિશામાં વાળવાનો પ્રયત્ન કર્યો છે. તેઓ માને છે કે આ પાપના કામમાંથી તેઓ દૂર થાય અને એટલે જ તેમની આજીવિકા માટે 'યોગેશ્વર કૃષિ' નામનું અભિયાન તેમણે ચાલુ કર્યુ છે. જેમાં સાગરપુત્રો સંયુકત રીતે જમીન લઈ તેમાં પાકની ખેતી કરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, બ્લયુ રીવોલ્યુશનની વાત કરવામાં આવી છે. આ બ્લયુ રીવોલ્યુશન ગંભીર આડઅસરો સાથે ખતરનાક પુરવાર થવાની છે. આવતા દિવસોમાં એ ખતરનાક પુરવાર થશે. આ હું નથી કહેતો. કેટલાક ઓથરોએ આ વાત લખી છે. નોન ઈબ્રાહીમ- નેગેટીવ ઈમ્પેકટ ઓફ એકવાકલ્ચર. ડિસેમ્બર ૧૯૯૧ ના લેખમાં લખ્યું છે. જે. હોનકયુલાડા પ્રાઈમાવેશ, ઈન્સેન્ટીવ પ્રોન ફાર્મીંગ ઈન ધ ફીલીપીન્સ, ઈકોલોજીકલ સોશ્યલ એન્ડ ઈકોનોમી ઈમ્પીકેશન-૧૯૯૧ ના લેખમાં. જી. રંગાસ્વામી. 'ટીથીંગ ટ્રબલ ઈન સ્ટ્રીમ ફાર્મીંગ' ધ હિન્દુ, ૪ ઓગષ્ટ-૧૯૯૪ ના લેખમાં. પીટર વેબર- નેટલોસ- ફીશ, જોબ્સ એન્ડ ધ મરીન એનવાયર્નમેન્ટ, વર્લ્ડ વોચ ઈન્સ્ટિટયૂટ, ૧૯૯૪ માં. આ બધા જ લોકોએ આ વાત કરેલી છે. માટે મારી વિનંતી છે કે સરકારશ્રી આ બાબતમાં ફેરવિચારણા કરે.

**શ્રી ધારશીભાઈ લ. ખાનપુરા (કાંકરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મંત્રીશ્રી, પશુપાલન મંત્રીશ્રી અને સહકાર મંત્રીશ્રી તેમની માગણીઓ લઈને આવ્યા છે, ત્યારે હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ખેડૂતોની ઘણી વાતો કરીએ છીએ, પણ અત્યારે દુ:ખમાં દુ:ખ હોય તો તે ખેડૂતને છે. ખેડૂતની દશા જોઈએ તો દુ:ખમાં દુ:ખ છે. આપણે રાજયનો વિકાસ કરવો હશે, આપણો વિકાસ કરવો હશે તો ખેડૂતને સદ્ધર બનાવવા પડશે, ખેતીને સદ્ધર બનાવવી પડશે. તો જ વિકાસ થશે. આપણે ખાંડની મિલ ચલાવવી હશે તો ખેડૂતની જરૂર પડશે. જીન ચલાવવા હશે તો ખેડૂતની જરૂર પડશે. કારખાના માટે પણ ખેડૂતની જરૂર પડશે. આપણે ખેડૂતને પ્રોત્સાહન આપ્યું નથી. આજે ધારો કે ખેડૂતને કીટ આપીએ, તો ખેડૂતની દશા સુધરવાની છે? ખેડૂતને તો પોષણક્ષમ ભાવ મળે, સમયસર મળે, તો તેની દશા સુધરશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે અત્યારે પોષણક્ષમ ભાવ નકકી કરવાના છીએ? આપણે તો ખેડૂતના દ ારમાંથી વેપારી સુધી જયારે માલ પહોંચી જાય છે, ત્યારે પોષણક્ષમ ભાવ નકકી કરીએ છીએ, ત્યારે તો ખેડૂત પાસે માલ રહેતો નથી અને એટલે જ ખેડૂત દેવાદાર થાય છે.

બીજી વાત પાક વીમાની કરું તો લોકોને પાક વીમાના પૈસા મળતા નથી અને એનો કોઈ ઉકેલ થતો નથી અને ખેડૂતો પોતાનું દેવું ભરી શકતા નથી અને એની સ્થિતિ દિવસે ને દિવસે ખરાબ થતી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ એ વાત કરવી છે કે ખેડૂતને જયારે ૮ કલાક જ વીજળી મળે છે અને વીજળીમાં ખેડૂત પોતાનું પીયત પૂરું કરી શકતો નથી ત્યારે ખેડૂત લાચાર બની જાય છે, એને ઉંડાણથી પાણી કાઢવાનું હોય છે,પૂરતી વીજળી મળવાથી પૂરતું પાણી કાઢી શકતો નથી અને એટલે એ લાચારી ભોગવે છે, નહીંતર આ ખેડૂત એ લાચારી ભોગવે તેમ નથી. ગઈકાલે માનનીય ઉર્જામંત્રીશ્રી કહેતા હતા કે ખેડૂતો ચોરી કરે છે. તો ખેડૂતો માથે આ ચોરીનો આરોપ કરવો એ તો એમના માટે 'ચોટીથી પાની સુધી' રીસ ચઢી જાય છે. ખેડૂતને કનેકશન આપેલ છે અને એ પોતે વીજળી બોર્ડનો ગ્રાહક છે અને પોતે કદાચ પાક સૂકાતો હોય ત્યારે થ્રી ફેઈઝથી પાવર લઈને પોતાના પાકને બચાવે તો એ ચોરી ના કહેવાય. આ તો ચોર કોટવાળને દંડે એ વી

વાત થાય છે. તો આમાં પણ સુધારો કરીને ખેડૂતોને ૨૪ કલાક વીજળી આપો ને? તો આના માટે સરકારે વિચારવું જોઈએ અને ખેડૂતને ન્યાય આપવો જોઈએ.

મારી બીજી વાત એ છે કે ઘણાં ગામો એવાં છે કે ૫ હજારની વસતિ હોય અને ૧૦ હજારની વસતિ હોય. ડેરીની વાત કરું તો ગામડાંમાં પશુપાલન અને ડેરી એ પૂરક વ્યવસાય છે અને ખેડૂતો આ પશૂપાલન કરીને પોતાનો જીવનનિર્વાહ ચલાવતા હોય છે. તો આ પૂરક વ્યવસાય છે ત્યારે મારી વિનંતી છે કે ૧૦ હજારની વસતિવાળા અને ૨ હજારની વસતિવાળા હોય એમાં ૨ હજારની વસતિવાળા ગામને ડેરી મળે અને ૧૦ હજારની વસતિવાળા ગામને ના મળતી હોય એવું છે. બીજે આપવી હોય તો ૨ હજારની વસતિમાં બે ડેરી મળે છે અને આ ૧૦ હજારની વસતિવાળામાં રેવન્યુ વિલેજ નથી એમ કરીને એકપણ ડેરી આપવામાં આવતી નથી. તો ૫-૫ કિલોમિટરમાં રેવન્યુ વિલેજ ના હોય તો વસતિના ધોરણે નકકી કરીને આમાં સરકારે નકકી કરવું જોઈએ. તો આ એક ખાસ મુશ્કેલી છે એમાં એકતરફી ચાલતું હોય છે. કોઈનું નામ લેવાની જરૂર નથી, આપ સમજો છો, એટલે આ રીતે એકતરફી ચાલે છે. એટલે મારી વિનંતી છે કે ચોકકસ આમાં સરકારે કોઈ નિર્ણય કરવો જોઈએ અને લોકોને ન્યાય મળી રહે એ પ્રમાણે કરવું જોઈએ. સત્તા તમે ભોગવો, પરંતુ અમારે તો લોકો દૂધ ભરે અને પોતાનું ભરણપોષણ કરે એ જોઈએ છે, તો સરકાર આ ધ્યાને લે અને ચોકકસ ન્યાય મળવો જોઈએ એવી મારી વિનંતી છે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી અને માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એની ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતની સહકારી પ્રવૃત્તિ વિશ્વની સૌથી મોટી તેમજ વૈવિધ્યપૂર્ણ હોવાની વિશેષતા ધરાવે છે. સમગ્ર વિશ્વમાં ભારત એ સૌથી મોટું કૃષિ અર્થતંત્ર ધરાવે છે. આર્થિક ઉદારીકરણ અને વૈશ્વિકકરણના આ યુગમાં બહુ રાષ્ટ્રીય કંપનીઓ તેમજ અન્ય ખાનગી એકમો સામે હરિફાઈમાં ટકવું સહકારી જગત માટે અશકય નથી, પરંતુ મુશ્કેલ જરૂર છે. તેનું મુખ્ય કારણ સહકારી મંડળીઓ પાસે લોકશાહી ઢબનું સંચાલન માળખું હોવા છતાં સિમિત નાણાં, પ્રચાર, પ્રસારણ અને જાહેરાતના ટાંચાં સાધનો, તાલીમ પામેલા કામદાર કર્મચારીઓનો અભાવ, નિર્ણય લેવામાં વિલંબ ઈત્યાદી મર્યાદાઓ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી ક્ષેત્રે વ્યવસાયીકરણ અપનાવવાનો સમય પાકી ગયો છે. અન્યથા સહકારી માળખું ક્રમશઃ તૂટતું જશે. સહકારી જગતે અપનાવેલી પ્રણાલિઓમાં ફેરફાર કરી બહુ રાષ્ટ્રીય કંપનીઓએ અપનાવેલા અભિગમ તરફ વિચારવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ખાંડ ઉત્પાદન, દૂધ ઉત્પાદન અને બેંકિંગ જેવા વિવિધ ક્ષેત્રમાં ૬૦,૦૦૦ જેટલી વૈવિધ્યસભર સહકારી મંડળીઓ ૧.૪૮ કરોડ સભાસદો સાથે વિશાળ નેટવર્ક રાજયમાં અસ્તિત્વ ધરાવે છે. રાજય કક્ષાએ ટોચની સહકારી બેંકો, વિવિધ ૧૮ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો તથા ૭૦૦૦ થી વધુ પ્રાથમિક કૃષિ ધીરાણ મંડળીઓને કૃષિ વિષયક વિવિધ ક્ષેત્રે ધીરાણ આપવામાં મહત્વનું યોગદાન આપેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૨૦૧ કૃષિ ઉત્પન્ન બજાર સમિતિઓ, ૧૮૨ મુખ્ય યાર્ડ તથા ૨૨૩ સબયાર્ડ છે. વૈશિવકસ્તરે થઈ રહેલ આર્થિક સુધારાઓના પરિણામે મોર્કેઝિંગ ક્ષેત્રે નવી તકનો યોગ્ય લાભ લઈ શકાય તે માટે ગ્રામ્ય કક્ષાએ માર્કેટિંગ સુવિધાઓ સુદૃઢ કરવા સરકાર કાર્યરત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત ખાંડના ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ ક્રમે અને શેરડી ઉત્પાદનમાં બ્રાઝિલ પછી બીજા ક્રમે છે. ટેક્ષટાઈલ ઉદ્યોગ પછી બીજા ક્રમે આવતો ખાંડ ઉદ્યોગ અન્ય ૨૫ જેટલા ઉદ્યોગોને કાચી સામગ્રી પૂરી પાડે છે. ખાંડ ઉદ્યોગ એ દેશના કાપડ ઉદ્યોગ પછીનો બીજો ખેત પેદાશ આધારિત (Agro based) ઉદ્યોગ છે. આજ પર્યંતની રાજય સરકારોએ ખાંડ ઉદ્યોગ માત્ર સહકારી ક્ષેત્રે જ રહે તેવા અપનાવેલ અભિગમને કારણે ગુજરાતમાં ખાંડ ઉદ્યોગ માત્ર સહકારી ક્ષેત્રે જ સ્થપાયો છે અને વિકસ્યો છે. આ ઉદ્યોગ મુખ્યત્વે આદિવાસી-પછાત વિસ્તારમાં સ્થપાયેલો હોવાથી, ગ્રામ્ય અર્થતંત્રને ચેતનવંતુ રાખવામાં આ ઉદ્યોગનો સિંહ ફાળો છે. આ ઉદ્યોગ સાથે શેરડી પકવતા પાંચ લાખ ખેડૂતો સંકળાયેલા છે. એટલું જ નહીં સીધી અને આડકતરી રીતે ૩ લાખ કુટુંબોને રોજી રોટી પૂરી પાડે છે. ઉપરાંત વિવિધ વેરાના સ્વરૂપે રાજય સરકારને ૬૦ કરોડ રૂપિયા અને બીજી તેટલી જ રકમ કેન્દ્ર સરકારને રળી આપે છે. ગુજરાતમાં ચાલુ પિલાણ સીઝન દરમિયાન ૨૦૦૫-૦૬માં ૧૭ ખાંડ મંડળીઓ છે, જેમની દૈનિક પિલાણ ક્ષમતા ૬૫૦૦૦ મૅટ્રિક ટન શેરડીની છે. તા. ૭-૩-૨૦૦૬ સુધીમાં ૮૬ લાખ મૅટ્રિક ટન શેરડીનું પિલાણ કરી ૯૨ લાખ ક્વિન્ટલ (ગુણી) ખાંડનું ઉત્પાદન થયેલ છે. નવી ખાંડ મંડળીઓ પૈકી દમણગંગા ખાંડ મંડળીનું કામ ઈરેકશન હેઠળ છે, નવી ખાંડ મંડળી ઊભી કરવા માટે રાજય સરકાર શેરફાળો આપે છે. કેન્દ્ર સરકારના સુગર ડેવલપમેન્ટ ફંડમાંથી ખાંડ મંડળીઓને લોન મળી રહે તે માટે રાજય સરકાર સહાયભૂત થઈ છે. કેન્દ્ર સરકારે પેટ્રોલમાં ૫ ટકા ઈથેનોલને મિશ્રિત કરવાનો નિર્ણય લેતાં, ખાંડ મંડળીઓ ડિસ્ટીલરી સ્થાપે તેવા રાજય સરકારના હકારાત્મક અભિગમને

કારણે હાલમાં ચલથાણ, સાયણ, ગણદેવી, મઢી, મહુવા અને કામરેજ ખાંડ મંડળીઓએ ડિસ્ટીલરી એકમો સ્થાપ્યા છે, જેની એકત્રિત ઉત્પાદન ક્ષમતા ૨.૪૫ લાખ લીટરની છે, તેમજ ઈથેનોલની દૈનિક ઉત્પાદન ક્ષમતા ૧.૯૦ લાખ લીટરની છે. જ્યારે ભરૂચ જિલ્લાની ગણેશ ખાંડ મંડળી આ દિશામાં આગળ વધી રહી છે. નર્મદા, પંડવાઈ અને બારડોલી પણ આ બાબતમાં આગળ વધી રહેલ છે.

કુદરતી આફતો, ભૂકંપ, અતિવૃષ્ટિ, રેલ રાહત, અનાવૃષ્ટિ વિગેરે વખતે તેમજ માનવસર્જીત આફતો-કારગીલ યુદ્ધ વખતે ખાંડ ઉદ્યોગે સહાયભૂત થઈ સમાજ પ્રત્યેનું રુણ અદા કર્યુ છે. આ ઉપરાંત સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારકના વિકાસાર્થે માતબર રકમનું દાન આપ્યું છે. ખાંડ મંડળીઓ પોતાના વિસ્તારમાં સામાજિક, શૈક્ષણિક તેમજ સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ ચલાવે છે. આમાં, હોસ્પિટલો, શાળાઓ, કોલેજ, માધ્યમિક શાળા, ટેકનિકલ શાળા અને કોલેજ ચલાવે છે. અને તેવી સંસ્થાઓમાં માતબર રકમનું દાન આપી સામાજિક રીતે મદદરૂપ થાય છે. પ્રોત્સાહન આપે છે. રાજય સરકાર તરફથી ખાંડ ઉદ્યોગને સહાયરૂપ થઈ અને અનઅધિકૃત રીતે ચાલતા ગોળના કોલા અને ખાંડસરીઓ સામે પગલાં લઈ તેઓ તરફ ઘસડાઈ જતી શેરડી અટકાવી શકયા છીએ. ખાંડ કારખાનાઓ પ્રતિ ટન ૧૨૫ થી ૧૩૫ રૂપિયા જેટલી એકસાઈઝ ટેક્ષ પેટે સરકારને રળી આપે છે. માંદી સહકારી ખાંડ મંડળીઓને આર્થિક રીતે પગભર કરવા માટે રાજય સરકારશ્રીએ પેકેજ આપી, મરોલી, વડોદરા, સરદાર અને ઉકાઈ ખાંડ મંડળીને મદદરૂપ થયેલ છે. ખાંડ મંડળીઓની આડ પેદાશ મોલાસીસની વધઘટનો પ્રશ્ન, ઈથેનોલને સંગ્રહની સલામતિના પ્રશ્ન બાબત તેમજ રાજય બહાર મોલાસીસની નિકાસના પ્રશ્નના નિરાકરણમાં સહાયભૂત થયેલ છે.

**અધ્યક્ષશ્રી** : બસ હવે પૂરું થયું. માનનીય હેમાજી.

**સભાગૃહનો સમય લંબાવવા બાબત**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યોના પ્રવચન અને માનનીય મંત્રીશ્રીઓના જવાબ પૂરા થાય ત્યાંસુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી હું દરખાસ્ત રજૂ કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, સંમત છું.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનો સમય ૭૦ મિનિટ લંબાવવામાં આવે છે.

**શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ અને સહકાર વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. મારા વિસ્તારમાં ગયા વખતે દુષ્કાળ હતો, અછત જાહેર થઈ હતી. છતાં પણ સરકારે પાક વીમો ન આપ્યો. તેથી એમાં ફેર વિચારણા કરવી જોઈએ. અછત જાહેર થઈ હોવા છતાં પાક વીમો મળ્યો નથી. તો ફેર વિચારણા કરવા માટે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. હમણાં કમોસમી વરસાદ પડવાથી મારા વિસ્તારમાં નેસડા, ગોલપ, વાવ અને પાડણનો ૯૦ ટકા પાક નિષ્ફળ ગયો છે. તો તેની ખાસ તપાસ કરવામાં આવે. માનનીય કૃષિ મંત્રી, અમારા ખેડૂતોની વાત સાંભળો. તમારો કાગળ મળ્યો કે તમને પાક વીમો ન મળે આપનો જવાબ સાંભળ્યો પરંતુ આપ આ અંગે ફેર વિચારણા કરો. અમારે ત્યાં અછત જાહેર કરો અને પાક વીમો મળે તેવી વ્યવસ્થા કરો. અમારે ત્યાં નેસડો, ગોલપ, વાવ અને પાડણમાં વરસાદ અને હિમ પડ્યો તેથી આ ગામોનો ૯૦ ટકા પાક નાશ પામ્યો. ચોમાસાની અંદર પણ સારો વરસાદ નહોતો તેથી ત્યારે પણ પાક થયો નહોતો. તેથી સરકારે તપાસ કરીને તાત્કાલિક ખેડૂતોને વળતર આપવું જોઈએ.

અહીંયા પશુપાલનની માગણીઓ પણ છે. મેં જાતે ખેતી અને પશુપાલનનો ધંધો કર્યો છે. ઢોરની શું કિંમત છે એની મને ખબર છે. અમારે ત્યાં ૫૦-૫૦ હજારની ભેંસો છે. તેથી ઢોરોની વસતિ ગણતરી કરીને એના પ્રમાણમાં પશુ ડોકટરો મૂકવા જોઈએ, એને વાહનની વ્યવસ્થા આપવી જોઈએ અને પૂરતી દવા પણ આપવી જોઈએ. ખેતી અને પશુપાલન ઉપર તો આખા દેશનો આધાર છે. આપણને લોકોના કલ્યાણ માટે, લોકોના હિત માટે મોકલ્યા છે. ત્યારે પ્રજા અમને કહે છે કે અમારો આ પ્રશ્ન છે એ તમે સભાગૃહમાં રજૂ કરજો. અમારે ત્યાં ચાર ઈંચ જેટલો વરસાદ પડ્યો છે તેથી ૯૦ ટકા પાક નિષ્ફળ ગયો છે. પશુઓમાં રોગચાળો ફાટી નીકળે ત્યારે ડોકટરોની ખૂબ તંગી પડે છે. તેથી પાકનો તથા ઢોરનો વીમો ખેડૂતોને મળવો જોઈએ. જે મેં અગાઉ પાંચ ગામો કહ્યાં એ ગામોનો ૯૦ ટકા પાક નિષ્ફળ ગયો છે એની તપાસ કરીને પાક વીમો આપવો જોઈએ તેટલી વાત કરીને વિરમું છું.

**શ્રી જશવંતસિંહજી અ. સોલંકી (સારસા)**: માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે એને સમર્થન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

આ દેશ કૃષિ પ્રધાન દેશ ગણાય છે. દેશનું બજેટ પણ કૃષિ આધારિત હોય અથવા તો બજેટ પણ એના ઉપર આધાર રાખતું હોય ત્યારે ખેડૂત જગતનો તાત કહેવાય તેમ છતાં એની આજ સુધી કોઈએ ચિંતા કરી નહોતી. અમારા દિનદયાળજી એમ કહેતા કે હર ખેતમેં પાની હર હાથ કો કામ એના આધાર ઉપર ગુજરાતની સરકારે કૃષિ ક્ષેત્રમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય કૃષિ મંત્રીશ્રી ખેડૂતોની વહારે આવ્યા છે. કુદરતે પણ ખૂબ સારો સહકાર આપ્યો છે. જ્યારે કોંગ્રેસનું રાજય હતું ત્યારે કેમ દુષ્કાળો પડતા હતા? અત્યારે

સ્થિતિ બદલાઈ ગઈ છે છેલ્લા ત્રણ વર્ષમાં એક પણ દુષ્કાળ પડ્યો નથી એટલો બધો વરસાદ પડ્યો કે લાખો ચેકડેમો બનાવ્યા છે પાણીથી ભરાઈ ગયા છે. ખેત તલાવડીઓ ભરાઈ ગઈ છે, તળાવો ઊંડા કરાવ્યા એ પણ ભરાઈ ગયા છે. એની પાછળ મનની કલ્પના ઇચ્છા શકિત અને વિશ્વાસ કામ કરે છે. અહીંયા વિરોધપક્ષ તરફથી કહેવામાં આવે છે કે આ લોકો રોડ બનાવે છે ઘણો સારો બનાવે છે પરંતુ એના ઉપર ગરીબ લોકોને કયાં જવાનું છે. હિંમતનગરનો ખેડૂત એની કોબીજ કે ફલાવર લઈને દિલ્હીના કે જયપુરના માર્કેટમાં જતો હતો એ વખતે એને ૩૫-૩૬ કલાક જેટલો સમય લાગતો હતો. પરંતુ આ નવા રોડ ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રની સરકારે બનાવ્યા પછી ખેડૂત ૧૫ થી ૨૦ કલાકમાં ૧૦ ટનની ગાડી દિલ્હીમાં ઊભી કરી દે છે. એના લીધે ખેડૂતને બે પૈસા વધારે મળે છે. એનો તાજો માલ ત્રણ ટાઈમ વેચાય છે. ૩૪ કલાકમાં એક જ ટંક વેચાય, માલ બગડી જાય.

કૃષિ રથમાં આ લોકો એમ કહે છે કે કૃષિ રથ કાઢે છે, આમ છે, તેમ છે. કૃષિ રથ એ ખેડૂતો માટેની ચાવીરૂપ છે. એકત્રીસ દિવસમાં ૧૮,૦૦૦ ગામડાંમાં ફરવું, ઉનાળાના બળબળતા તાપમાં એ સામાન્ય બાબત નથી. તેમાં મુખ્યમંત્રી જોડાય, કૃષિ મંત્રી જોડાય, ધારાસભ્યો જોડાય અને મને કહેતા આનંદ થાય છે કે કૃષિ તજજ્ઞો ૭૦૦ છે. આખા દેશમાં કોઈ પાસે નથી. કોંગ્રેસે તેમનો ઉપયોગ કર્યો નથી. કારણ કે કલ્પના જ ન હોય, સ્વપ્ન જ ન હોય તો કયાંથી કરી શકે? આના માટે કલ્પના જોઈએ. ખેડૂતો માટેની વાત કરે છે. તો ખેડૂતો માટે દિલ પણ જોઈએ. ઈચ્છાશકિત જોઈએ. કૃષિ રથ લોકોએ આવકાર્યો છે. તેના દ્વારા ખેડૂતો હંમેશા વિદ્યાર્થી રહે, હું પણ ખેડૂત છું. ધારાસભ્ય બન્યા પછી ખેતરમાં ઓછું જવાય છે. ખરેખર હું ખેડૂત છું. ખેડૂત એ હંમેશા વિદ્યાર્થી હોય. નવી ખેતી આવે, કોઈકની પાસે તેની માહિતી મેળવવી પડે. કંઈક વાંચવું પડે. નવું બિયારણ આવે, બીજી વસ્તુ આવી જાય તેમાં કૃષિ રથ દ્વારા ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા છે. લૅન્ડથી લેબ સુધીની વાત છે. શેઢા સુધી મોકલવાની વાત છે. અત્યાર સુધી ખેતીવાડી અધિકારી લેબમાં બેસી રહેતા હતા. તેને ખેડૂતના શેઢા સુધી મોકલવાનો પ્રયત્ન આ સરકારે કર્યો છે. અહીં બેઠેલા ઘણાં ઈઝરાયલ જઈ આવ્યા છે. સરકાર તરફથી ગયા કે પોતે ગયા છે પણ ઈઝરાયલ જઈ આવ્યા છે. ટપક પદ્ધતિ જોઈ આવ્યા છે. પણ તેનું અમલીકરણ આજ સુધી નથી કર્યું. આ કલ્પના ન હોય તો કેવી રીતે થાય? થઈ શકે નહીં. ગયા વર્ષે બજેટ સત્રમાં ૧૫૦૦ કરોડ રૂપિયા ટપક પદ્ધતિ માટે ખેડૂતોને ૫૦ ટકા સબસિડી આપવાની જાહેરાત કરી અને આ નાની-સૂની વાત નથી. એ ટપક પદ્ધતિનો મેં પણ લાભ લીધો છે. કેળામાં ટપક પદ્ધતિ કરી. અત્યારે આ બધા કહે છે. મારા ખેતરમાં જોવા આવો. કેળાની લૂમ ૩૫ કિલોની થઈ છે. આ અમિતભાઈ જે વિસ્તારમાંથી આવે છે તેની બાજુમાં બોડીયા ગામ છે. ત્યાં કનુભાઈ કરીને ખેડૂત છે. એવરેજ વીઘે ૪૦ કિલોની લૂમ કરે. આખા દેશની અંદર ત્રણ વખત પ્રથમ નંબર મળ્યો છે. નહેરોમાં પાણી આપવાની વાત જુદી છે. નહેરોમાં રિપેરીંગ કામ ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ટ્રીવીયા કરીને નવી ખેતી આવી છે. માનનીય ભૂપેન્દ્રસિંહજીને મેં આખો લેખ આપ્યો છે. મારા ગામમાં આ ખેતી કરવામાં આવી છે. તેને મીઠી તુલસી કહેવામાં આવે છે. અમિતભાઈના બાજુના ગામમાં કરવામાં આવે છે. સ્ટ્રીવીયા, મીઠી તુલસી. તેમાં ખેડૂતને રૂપિયાને બદલે ડોલર મળવાના છે. આ ખેતી શરૂઆતમાં થોડી મોંઘી છે. તેના પ્લાન્ટ મોંઘા છે. પહેલે વર્ષે લાવ્યા પછી આ ખેતીમાં અઢી લાખ રૂપિયા એક હેકટરમાંથી આવક થાય છે. પહેલે વર્ષે ૧,૬૦,૦૦૦ રૂપિયા ખર્ચ થાય છે. પછીના વર્ષમાં ૨૫,૦૦૦ રૂપિયા ખર્ચ થાય છે. તેમાં મારી ભૂપેન્દ્રસિંહજીને વિનંતી છે કે આ ખેતી એક વખત લગાડ્યા પછી ૧૫ વર્ષ ચાલે એવી છે. ત્રણ મહિના પછી તેની આવક શરૂ થાય છે. ત્યારે એમાં પણ સબસિડી આપે એવું મારું સૂચન છે. બીજું મારું એક સૂચન છે માર્કેટ યાર્ડનું,

**અધ્યક્ષશ્રી** : ડો.ચંદ્રિકાબેન ચુડાસમા, પ્લીઝ.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, કૃષિ, પશુપાલન, સહકાર, મત્સ્યોદ્યોગ અને મહિલા બાળ કલ્યાણની માગણીઓ લઈને આવ્યા છે એમાં મારાં થોડાંક સૂચનો જ કરવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું છે કે, ૫ કરોડની પ્રજા અને મારી ભીખીબેને કહ્યું કે એમાં ૪૮ ટકા બહેનો છે. એટલે કે ૨.૫ કરોડની વસ્તી સ્વાભાવિકપણે જ બહેનોની હોય, આ બન્ને બહેનો આનંદીબેન અને જશુમતીબેન માગણીઓ લઈને આવ્યા છે ત્યારે એમને થોડીક વાત કરવી છે. ભીખીબેન વાત કરતા હતા. અહીં હ્રદય ઉપર હાથ મૂકીને કહે કે બહેનોનો વિકાસ કેટલો થયો છે. બહેનોના સ્વમાન પ્રક્રિયા, આટલી બધી પ્રક્રિયા પછી એમનો વિકાસ, અહીંયાં બેઠેલી બહેનોને પૂછવું છે કે, કેટલો સંઘર્ષ અને કેટલી તકલીફ છે? ભલે તમે વાત કરો. આજે તમે એકવીસમી સદીની વાત કરો છો, નારી ગૌરવ દિન ઉજવવામાં આવ્યો. આજે મહિલાઓના આપઘાત, મહિલાઓમાં બ્રેવરી પ્રથા, ભ્રૂણ હત્યા માટે આજે આપણે જવું પડે છે. એક વખત રાજાઓ અને રજવાડાઓ બાળકીઓને દૂધપીતી કરતા હતા. આજે ભ્રૂણ હત્યારૂપે વાત

આવી છે. પુરુષ પ્રધાન સમાજની અંદર ગમે તેટલી વાતો કરીએ, પરંતુ તેની મહિલાઓની વિકાસ પ્રક્રિયા, સંઘર્ષની ગાથાઓ છે. મારે બહેનોને કહેવું છે કે,
૨૦૦૬-૦૭માં ૩૨૮ કરોડની માગણીઓ લઈને આવ્યા છે. આપ બહેન છો અને ૪૮ ટકાની વાત કરો છો. ૨.૫ કરોડની વસ્તીનું બજેટ, મને નવાઈ લાગે છે. મને આજે ઊંઘ નહીં આવે. આટલું નાનું બજેટ?

માનનીય અધ્યક્ષશ્રી, મારે ૨-૪ સૂચનો કરવાં છે. એક તો આંગણવાડીઓ અને એમાં આઈ.સી.ડી.એસ. અને કેન્દ્ર સરકારની યોજના અને એની અંદર જે બહેનો છે એમાં ટ્રસ્ટોને આપવાની પ્રક્રિયા છે. ક્યાંક અપાતું હશે, અમારા વખતમાં પણ અપાતું હતું. સારું ટ્રસ્ટ હોય, સારું કામ કરે એનો વાંધો નથી. પરંતુ અમુક ટ્રસ્ટ આ આંગણવાડીઓ અને આ બધી યોજનાઓ લઈને એ ટ્રસ્ટો બહેનોનું શોષણ પણ કરે છે ત્યારે મારે બહેનોને વિનંતી છે કે, આ પ્રવૃત્તિ આપ અટકાવો અને ૫૮ વર્ષે રિટાયર્ડ કરવાની વાત કરી છે. ૧૦૦૦-૧૨૦૦ રૂપિયા એમને પગાર આપે અને એ એટલું બધું કામ કરે કે જે ૧૦૦૦૦નો પગારદાર પણ ન કરે, આટલું બધું કામ કરતી હોય તો એ ૫૮ વર્ષે રિટાયર્ડ થાય એ બરાબર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વિધવાઓની વાત કરવી છે. એમને ઉંમરનો બાધ છે એ દૂર કરવામાં આવે અને વિધવા પેન્શન હાલમાં રોજના રૂ.૧૭ જેવા આપીએ છીએ એ રૂ.૩૫ થાય એવી વિનંતી છે. ૨ લાખ રૂપિયાનો એવોર્ડ એક જ જગ્યાએ અપાય છે એની જગ્યાએ તમામ ક્ષેત્રની અંદર, શિક્ષણ ક્ષેત્ર હોય, સામાજિક ક્ષેત્ર હોય, તમામ ક્ષેત્રની અંદર એવોર્ડ અપાય. એથી આગળ વધીને ભીખીબેનને એમ કહેવું છે કે, રાજસ્થાનના મુખ્યમંત્રી આપણું ગૌરવ છે, દિલ્હીના મુખ્યમંત્રી આપણું ગૌરવ છે, આનંદીબેન અને જશુબેન આપણું ગૌરવ છે એમ યુ.પી.એ.ના ચેરમેન સોનીયાજી પણ આપણું ગૌરવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મત્સ્યોદ્યોગની વાત કરવી છે. ભાવિનભાઈએ મત્સ્યોદ્યોગ માટે વાત કરી. પોતાના હ્રદયની લાગણીની વાત કરી, ભાવિનભાઈએ જ્યારે હ્રદયની લાગણીની વાત કરી, ધર્મની વાત કરી, ધર્મના શાસ્ત્રોની વાત કરી ત્યારે મારે એમ કહેવું છે કે, આપણને ૧૬૦૦ કિ.મી. જેટલો લાંબો દરિયા કિનારો મળ્યો છે. એના ઉપર કેટલા કુટુંબ નભે છે? આજે મારે કહેવું છે કે, ૧૬૦૦ કિ.મી. દરિયા કિનારાની અંદર ૫૦ ટકા વસ્તી આપણી એની અંદર ગરીબ અને મધ્યમવર્ગના લોકોની છે. ઘણા લોકો છે અને ભાવિનભાઈને કહું છું કે, એ બોટોના માલિકો જૈનો છે, ક્યાંક પટેલો છે, ક્યાંક બોટોના માલિકો બ્રાહ્મણો છે, ક્યાંક બોટોના માલિકો વાણીયાઓ પણ છે. એમાં મજૂરી કરનારો વર્ગ છે એ બક્ષીપંચનો છે. બક્ષીપંચનો વર્ગ ખારવાનો છે, લઘુમતીઓનો વર્ગ છે એ લોકો મજૂરી કરે છે. મારે ભૂપેન્દ્રભાઈને વાત કરવી છે. મત્સ્યોદ્યોગ પ્રત્યે ઉપેક્ષા રાખવાના બદલે એને કૅબિનૅટ કક્ષાના મંત્રી અલગ ફાળવવા જોઈએ. એ કરોડો રૂપિયા આપે છે, કરોડો રૂપિયા આપે તો મા એના કમાતા દીકરાને ૨ ચમચી ઘી વધારે પાઈ દે. આપણે એ પણ નથી કરતા. કે એક લાકડી હોડીવાળી જે વાત છે એને કેરોસીન ૯૦૦ લિટર જોઈએ છે. અને આપણે આપીએ છીએ કેટલું? ૨૮૦ લિટર એ નાનો માણસ, ગરીબ માણસ જે મોટી હોડી નથી લેતો એ માણસનો પણ વિચાર કરો.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા સુરત શહેર (પશ્ચિમ)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ વિકાસની માગણીઓ લઈને આવેલા છે એમને હું આવકારું છું અને મારું અનુમોદન આપુ છું.

માનનીય મંત્રીશ્રી આનંદીબેન તેમજ જશુમતીબેન કોરાટે જયારથી આ વિભાગનો હવાલો સંભાળ્યો છે, ભૂતકાળમાં આ વિભાગ ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવતું ન હતું એ વિભાગ ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. તેમાં નવા વર્ષે આ વિભાગની યોજનાઓ પાછળ વધુ અને વધુ નાણાકીય જોગવાઈ કરવામાં આવી રહેલ છે તેમજ નવી યોજનાઓ પણ દાખલ કરવામાં આવી રહી છે અને આ તબક્કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને પણ ખૂબ ખૂબ અભિનંદન આપુ છું કે તેમણે બહેનશ્રી આનંદીબેન તેમજ જશુમતીબેનને આ વિભાગનો હવાલો સોંપ્યો. મહિલાઓની ચિંતા જો કોઈએ કરી હોય તો ભારતીય જનતા પક્ષની સરકારે જ કરી છે. ભારતીય જનતા પક્ષની સરકાર એક એવી સરકાર છે કે જેમણે નવ નવ બહેનોને વિધાનસભામાં ચૂંટાઈને મોકલવાની તક આપી છે અને એના કારણે બહેનોને સ્પર્શતા પ્રશ્નો હોય તેને સચિવાલય સુધી લઈ જવાની તક આપેલી છે. મહિલાઓની આર્થિક સદ્ધરતા વધે તેમજ પોતાની મિલકતનો સ્વતંત્ર માલિકી હક્ક પ્રાપ્ત થાય તેવા શુભ આશયથી ૧૧-૬-૦૪થી મહિલાઓની તરફેણમાં થતા સ્થાવર મિલકતોની તબદીલીમાં થતા વહેવારોમાં નોંધણી ફીમાં સંપૂર્ણ માફીનો લાભ આપવાનો ઠરાવ કર્યો છે એ અભિનંદનને પાત્ર છે. મારે બહેનશ્રીને એટલું જ કહેવું છે કે કોલેજ કક્ષામાં ભણતી જે બહેનો છે તેનું મૅડિકલ ચૅકઅપ મફત કરાવવું જોઈએ કે જેથી ભયંકર બિમારીમાં મફત સહાય આપી શકાય. નાના બાળકોનું તો આરોગ્ય તબીબી પરીક્ષણ કરવામાં આવે જ છે, પરંતુ કૉલેજમાં ભણતા વિદ્યાર્થિનીઓ છે એનું મૅડિકલ ચેકઅપ કરાવીને તેઓની મફત સહાય કરાવવી જોઈએ. ૮મી માર્ચ એ મહિલા દિન હતો અને તે દિવસે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે ૧૪૭ મહિલા ખેલાડીઓને શિષ્યવૃત્તિ પુરસ્કાર આપવામાં આવ્યો હતો અને તેની પાછળ ૬૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગત વર્ષમાં પણ ૧૯-૬-૯૯ થી ૨૦૦૪ સુધી પણ તમામ મહિલા ખેલાડીઓને પુરસ્કાર આપવામાં

આવ્યા હતા તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય મંત્રીશ્રીએ દીકરી ભણે તે માટે છેલ્લા ૩ વર્ષથી કન્યા કેળવણીનો રથ લઈને માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે તમામ મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, તેમજ અધિકારીઓ અંતરિયાળ ગામડાઓમાં ગયા અને હજારો કન્યાઓને કન્યા કેળવણી આપવામાં આવી હતી એના માટે વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા હતા. મહિલાઓ તેમજ બાળકોના અકાળે થતા મૃત્યુથી ચિંતિત બનીને રાજય સરાકારે ચિરંજીવી યોજના અમલમાં મૂકી છે અને તેના કારણે રાજય સરકારે જે સગર્ભા હોય એ અકાળે મૃત્યુ ન પામે તે માટે ખાનગી દવાખાનામાં પણ વિનામૂલ્યે સારવાર કરી શકે તેવી જોગવાઈ કરી છે અને એના કારણે બાળ મૃત્યુદર અને માતાના મૃત્યુના દરમાં ઘટાડો થયો છે. મારે ખાસ વાત એ કરવી છે કે લગ્ન નોંધણીનો કાયદો જે સરકાર લાવી છે એને હું અભિનંદન આપુ છું કારણ કે આ કાયદાથી બહેનોને લગ્ન કર્યાની સાબિતી મળે છે. હાલ તો લગ્ન નોંધણીની શિક્ષાત્મક જોગવાઈ હળવી હતી અને જે ટકાઉ ન હતી એટલે રાજય સરકારે જન્મ, મરણ તેમજ લગ્નની નોંધણી ફરજિયાત તેમજ કડક બનાવી છે. છૂટાછેડાના કેસમાં જયારે પત્ની તેના પતિ પાસે ભરણપોષણ માગે છે ત્યારે પતિ દ્વારા . . .

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી બાબુભાઈ પટેલ.

**શ્રી બાબુભાઈ જ. પટેલ દસક્રોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મંત્રીશ્રી એમની માગણી નંબર ૨, ૪, ૫ ,૬ અને ૧૦૫ લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત એ જગતનો તાત કહેવાય. આ તાત રહે ગામડામાં, જે ધરતીમાં રહે એની ચિંતા જો કોઈએ કરી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. ભારતીય જનતા પાર્ટીની સરકારને જ ખબર છે કે ખેડૂતોના હાથમાં આન, બાન અને શાન છે. મિત્રો અમે ગોકૂળ ગ્રામ બનાવ્યું. એની પાછળ આ ગુજરાતની ધરતીની અમને ખબર હતી કે આ પૂજ્ય ગાંધીજીની ધરતી છે, સરદાર પટેલની ધરતી છે, નરસિંહ મહેતાની ધરતી છે, પૂજ્ય રવિશંકર મહારાજની ધરતી છે. તર્પણ, અર્પણ અને વંદનની આ ધરતી છે. વંદનની એટલા માટે કહું છું કે ગોકૂળ ગામમાં કૃષ્ણ ભગવાન જનમ્યા હતા. ગોકૂળમાં જનમ્યા અને ૧૨૫ વર્ષ ગુજરાતમાં રહ્યાં. માટે તમને ક્યાંથી ખબર હોય, કોંગ્રેસને ક્યાંથી ખબર હોય ગોકૂળ ગ્રામ કેમ બનાવ્યું? બીજી વાત કરું, બીજા સંતની વાત કરું. સ્વામિનારાયણ ભગવાન જનમ્યા છપૈયા ગામે ઉત્તર પ્રદેશમાં અને આખી જીંદગી ગુજરાતમાં કાઢી. એટલા માટે પવિત્ર ભૂમિ કહું છું અને પવિત્ર ભૂમિના ખેડૂતો જે પવિત્ર છે એની ચિંતા અમે કરી છે. તમે પણ કરી હતી. મારા ગામમાં એક વાર એક માણસ લઠ્ઠો પીને મરી ગયો. એના પૈસા કોંગ્રેસના કલેકટર કે નાયબ કલેકટર આપવા આવ્યા. અમને વિચાર આવ્યો કે આને પૈસા કેમ મળ્યા? ત્યારે ખબર પડી કે કોંગ્રેસના શાસનમાં લઠ્ઠો પીનારને પૈસા અપાય છે. અમે સાચા અર્થમાં ખેડૂતોની ચિંતા કરી. અમારો ખેડૂત ખેતરે ખાતર ભરતો હોય અને સાપ કરડે, પાણી વાળતો હાય અને કરંટ લાગે, બજારમાં માલ વેચવા ગયો હોય અને અકસ્માતે મૃત્યું થયું હોય તો એક લાખ રૂપિયા ભારતીય જનતા પાર્ટીની સરકાર આપે છે, નહિ કે લઠ્ઠાવાળાને. આ ગામડાંની ચિંતા અમે કરી છે કે ગામડામાં રહેનારો ખેડૂત કેવી સ્થિતિમાં હોય છે. હું ૧૯૮૩માં કોંગ્રેસની સરકારમાં સરપંચ હતો. ત્યારે મને ખબર પડી કે મને સરપંચ કેમ બનાવ્યો? હું રહું અમદાવાદમાં અને ગામમાં મને સરપંચ બનાવ્યો. પહેલા ખબર ન પડી પરંતુ જ્યારે વોટર કનેકશનનું બિલ ન ભરાયું અને કનેકશન કપાઈ ગયું ત્યારે મારો ખેડૂત બોર હોય ત્યાંથી ગાડામાં પાણી લાવે, સાઈકલ ઉપર પાણી ભરવા જવું પડતું હતું. મજૂરને ખેતરમાં કામ કરવા જવાનું હોય પણ પાણી વગર ન ચાલે. જ્યારે એ ખેતરમાં મજૂરી કામે જાય ત્યારે ૧૨ વાગી ગયા હોય અને મજૂરીએ પણ ન રાખે. આ પાણીનો ત્રાસ બહુ હતો. બોર હોય, મોટર હોય પણ કનેકશન કાપી દીધું હોય. આની ચિંતા કોણે કરી? ભારતીય જનતા પાર્ટીની સરકારે આ વોટર વર્કસની ચિંતા કરી. આ ટ્રેકટરની વાત કરું તો મારા ગામમાંથી શાકભાજી લઈને અમદાવાદ વચ્ચે આવે છે. પહેલા પોલીસ વાળા તોડ કરતા હતા. આજે પોલીસ એની સામું જોતી પણ નથી. કારણ કે આપણે ટ્રેકટરને યાંત્રિક ગાડું બનાવ્યું. દરેક ગામને જોડતા રસ્તાઓ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયા. વીજળીના બિલ ભરવાની બાબત નાની છે પણ આ મુખ્યમંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન આપું છું કે મારો ગામડાનો ખેડૂત લાઈટ બિલ ભરવા જાય, પૈસા હોય ત્યારે કાં તો સમય પૂરો થઈ ગયો હોય અથવા ઓફિસ બંધ હોય. જ્યારે બિલ વાળા પૈસા લેવા આવે ત્યારે એની પાસે પૈસા ન હોય. પહેલીવાર મુખ્યમંત્રીશ્રીએ વીજળીના બિલ પોસ્ટ ઓફિસમાં લેવાનું નક્કી કર્યું. મારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને ભુપેન્દ્રસિંહને અભિનંદન આપવાં છે.

મારા દસક્રોઈ તાલુકાની અંદર ૧૦૦ વર્ષ જૂની બ્રિટીશ ગવર્નમેન્ટની આ ખારીકટ કેનાલ એ ખાલીખમ હતી. મિત્રો અમારો વિસ્તાર, એ દાદાના વિસ્તારમાં ૪૦-૫૦ મણ અનાજ નહોતા પકવી શકતા એ માનનીય ભૂપેન્દ્રસિંહ અને માનનીય મુખ્યમંત્રીશ્રીની મહેરબાનીથી આજે ૨૪ કલાક ભરપૂર જાય છે એના લીધે વિઘે ૯૦ મણ અનાજ પકવે છે અને કદીના બન્યું હોય એવું ઉનાળું ડાંગર મારે ત્યાં છેલ્લા બે વર્ષથી થાય છે. મારો વિસ્તાર માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ભૂપેન્દ્રસિંહની મહેરબાનીથી નંદનવન બન્યું છે એટલી વાત કરી મારી વાત પૂરી કરું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની માગણીઓ પરની ચર્ચામાં આજે ગૃહમાં ૨૨ જેટલા માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે અને ખૂબ સારી ચર્ચા કરી છે. બધા સભ્યશ્રીઓએ ખેડૂતોની ચિંતા કરી છે. કેટલાકે રાજકીય અવલોકનો પણ કર્યા છે ત્યારે રાજકીય અવલોકનમાં પડવા માગતો નથી. ખેડૂત જગતનો તાત છે, આ વાત આજની નથી વર્ષો જૂની વાત છે, પણ આજે એને એમ કહીએ કે તુ જગતનો તાત છે તો આ વચ્ચેના ગાળામાં ખેડૂત જગતનો તાત છે એ આપણે ભૂલી ગયા હતા. સમાજ ભૂલી ગયો હતો. સરકાર ભૂલી ગઈ હતી. માનનીય નરેન્દ્રભાઈ મોદીએ આ વાતને ફરીવાર યાદ કરી છે. રાજ્ય સરકાર આયોજનબદ્ધ રીતે ખેડૂતોનો પાયાનો પ્રશ્ન, મૂળ સમસ્યાઓ સમજીને એના ઉકેલ તરફ આગળ વધી રહી છે. વર્ષોથી ચીલાચાલુ ખેતી કરતો ખેડૂત આજે પણ જો એ ચીલાચાલુ ખેતી કરે તો એને ખેતી પોષાય ખરી? વૈશ્વિક હરીફાઈમાં એ ટકી શકે ખરો? એને ખેતી પદ્ધતિમાં માર્ગદર્શન આપીને, એને ખેતી પદ્ધતિમાં મદદ કરીને વૈશ્વિક હરીફાઈમાં કેવી રીતે ઊભા રહેવું એના ઘર સુધી જઈને આ બધી જ વાતો કરવાનું આયોજન પહેલીવાર થયું છે અને છેલ્લા ૩-૪ વર્ષની અંદર રાજ્ય સરકારે નક્કી કર્યુ કે વાવેતર વિસ્તારમાં વધારો કરવો છે, ઉત્પાદકતામાં વધારો કરવો છે, ઉત્પાદનમાં વધારો કરવો છે. આની સાથે સાથે ખર્ચમાં ઘટાડો કેવી રીતે કરી શકાય એનું પણ આયોજન કરીને સમયબદ્ધ રીતે ખેડૂતોને જ્ઞાન આપવાની વ્યવસ્થા પણ કરી છે. માત્ર ઉત્પાદન વધી જાય તો એના બીજા અનેક પ્રશ્નો ઊભા થતા હોય છે. એ પ્રશ્નો ઊભા થાય એ પહેલા જ એનું નિરાકરણ કરીને એના ઉપાયો રાજ્ય સરકારે વિચાર્યા છે. આ ઉત્પાદન વધી જાય પછી ખેડૂતોને ગ્રેડિંગ, પ્રોસેસિંગ, પેકેજિંગ, મૂલ્યવર્ધિત સિસ્ટમ આ બધી બાબતો અને સૌથી વધારે એના ઘરે બેઠા ડિમાન્ડ અને સપ્લાય, માંગ આધારિત વાવેતર આ બધી જ બાબતોનું જ્ઞાન આયોજનબદ્ધ રીતે રાજય સરકારે આપવાનું નક્કી કર્યુ છે.

આપણે માત્ર વાતો કરીએ ખેડૂતોની તો એનાથી કોઈ ઉપાય હાથમાં આવવાનો નથી. હું નર્મદા યોજનાની ચર્ચા વખતે કહી ગયો હતો કે, આ રાજયનો ખેડૂત એ કોશથી ખેતી કરતો હતો, મારે રાજકીય અવલોકન એક પણ નથી કરવું માત્ર એ હકીકત કહેવી છે, માલજીભાઈ આપ સાક્ષી છો કે રાજયનો ખેડૂત કોશથી ખેતી કરતો હતો તો એને ૧૦૦૦ફૂટ, ૧૨૦૦ફૂટ, ૧૫૦૦ફૂટે જવાની જરૂર કેમ પડી ? એના માટે કોણ જવાબદાર છે? માત્ર છેલ્લા પાંચ વર્ષથી કે દસ વર્ષથી અમે આવ્યા તો અમે જવાબદાર છીએ ? હકીકત કહે છે કે,આપણા રાજયમાં એ કોશથી ખેતી કરતો હતો ખેડૂત ૧૦ થી ૨૦ ફૂટે ગયો ત્યારે આપ સત્તા ઉપર હતા, ૫૦ ફૂટે ગયો ત્યારે આપ સત્તા ઉપર હતા, ૧૦૦ ફૂટે ગયો ત્યારે આપ સત્તા ઉપર હતા, ૨૦૦, ૫૦૦, ૮૦૦ અને ૧૦૦૦ ફૂટથી પાણી નીચે ગયા એ વખતે આપ સત્તા ઉપર હતા, એનો ઉપાય આપે કર્યો જ નહીં, ઉપાય શોધ્યો જ નહીં અને પરિણામે શું થયું ઈમ્બેલેન્સ ઑફ વોટર, અપ્રમાણ પાણી આખા રાજયમાં અને એ અપ્રમાણ પાણીને ખેંચવા માટે કોશથી ખેતી કરતો હતો ત્યારે વીજળીની વપરાશ નહતી પણ જ્યારે મોટરો મૂકી અને ૧૦૦૦, ૧૨૦૦ અને ૧૫૦૦ ફૂટથી નીચે જવાનું થયું ત્યારે એ વધારાની વીજળી વાપરતો થયો. ઈમ્બેલેન્સ ઑફ વોટરના કારણે, અપ્રમાણ પાણીના કારણે ઈમ્બેલેન્સ ઑફ ઈલેક્ટ્રિસિટીની સમસ્યા પણ આટલા સમયગાળા દરમિયાન જ ઊભી થઈ છે અને બધા જે પ્રશ્નો ઊભા થયા એ આ મૂળ પાયાનો પ્રશ્ન એ ઈમ્બેલેન્સ ઑફ વોટર, ઈમ્બેલેન્સ ઑફ ઈલેક્ટ્રિસિટીનો આ પહેલી રાજય સરકાર છે કે, આ પાયાના પ્રશ્ને ખેડૂતોએ જે આંદોલન કર્યુ એ અમારા સમયમાં જ કર્યુ અને એ આંદોલન કરનારા ખેડૂતો આજે આ સરકારને સમર્થન કરી રહ્યા છે. કારણ કે, આ વાતને સમજ્યા કે આંદોલનો કરવાથી ઈમ્બેલેન્સ ઑફ વોટર, ઈમ્બેલેન્સ ઑફ ઈલેક્ટ્રિસિટી એ દૂર થઈ જવાની નથી. જળ સંચય એક માત્ર ઉપાય છે, સુજલામ્ સુફલામ્ ઉપાય છે, ખેત તલાવડી ઉપાય છે, તળાવો ઉપાય છે, નર્મદા ઉપાય છે અને એ ઉપાયમાં સમાજ સાથ આપે, ખેડ્રત સંગઠનો સાથ આપે તો એના ઉપાયો કરવા રાજય સરકાર તૈયાર છે. અને એટલા માટે જ્યારે સૌરાષ્ટ્રમાં હિજરતો કરવા જેવી સ્થિતિ હતી, અહીંયા મારા સૌરાષ્ટ્રના સાથી મિત્ર બેઠા છે, જળ સંચય કરવાના કારણે એ હિજરતોમાંથી આપણે બચી ગયા. હવે જો જ્યારે ઉપાય સાચો હોય, દવા જો લાગુ પડતી હોય તો એ દવા આપણે કરવી જોઈએ. ખેર, તમારા સમયમાં દવા તમે ન શોધી શક્યા તો અમે અમારા સમયમાં આ દવા શોધી શક્યા. હવે જેવી રીતે આ દવા શોધી શક્યા એવી જ રીતે ઉત્પાદનના કેવી રીતે પોષણક્ષમ ભાવો મળે એ દિશામાં પણ અમે આગળ વધ્યા છીએ અને જોત જોતામાં વાવેતર વિસ્તાર ૨૦૦૦ની સાલમાં માનનીય કેશુભાઈએ "૨૦૧૦ એગ્રો વિઝન" બનાવ્યો હતો અને એમાં આખા રાજયમાં ખરીફ અને રવી એ બંનેનો સરવાળો કરીએ તો ૯૫, ૯૬ લાખ હેકટરનું વાવેતર કરવાનો લક્ષ્યાંક હતો, ૨૦૦૬ છે , ૨૦૧૦ પ્રમાણે. ૨૦૦૬માં આજે અમે ખરીફ અને રવીનું વાવેતર જે ૨૦૧૦માં ૯૫, ૯૬ લાખ હેકટરનો લક્ષ્યાંક હતો, આજે અમે ૧૧૨ લાખ હેકટર વાવેતર ૨૦૦૬માં કર્યું છે. આજે રાજયમાં ખેડૂતોને ઉત્પાદકતા અને ઉત્પાદનના પ્રશ્નો નથી પણ બહું ઉત્પાદન થાય એટલે આપણે જોઈએ છીએ કપાસનું વાવેતર, જે જે પાકોનું વાવેતર એટલું બધું થાય એ પછી જો રાજય સરકાર એનું આયોજન ન કરે, રાજય સરકાર ખેડૂતોને જો એનું માર્ગદર્શન ન આપે, એના બજારની વ્યવસ્થા ન ગોઠવે, માંગ અને પુરવઠાની પરિસ્થિતિ, કૃષિ મહોત્સવ દ્વારા ખેડૂતોને જઈને સમજાવે નહીં તો એનો ઉકેલ

આવે જ નહીં અને આ બધી બાબતો રાજય સરકારે કરી એટલા માટે આ રાજયનું કૃષિ ઉત્પાદન ૨૦૦૨-૦૩માં ૯,૦૦૦/- કરોડનું હતું, એવરેજ ૯ થી ૧૦ હજાર કરોડનું ચાલ્યા કરતું હતું. આ બધી જ કામગીરીને કારણે સારો વરસાદ એક મોટું કારણ છે પણ સારા વરસાદમાં અમે તાલુકે તાલુકે તાલુકા મથક ઉપર જઈને વધારે વાવેતર વિસ્તાર વધે એ માટે ખેડૂત પ્રયત્ન કરે એ માટે ગ્રામસભા કરીએ. ૨૦૦૩-૦૪નું કૃષિ ઉત્પાદન ૨૧૦૦૦કરોડ હતું આ વખતનું કૃષિ ઉત્પાદન ૨૦૦૫-૦૬ ખરીફ રવીનું ૨૮૦૦૦કરોડ આંબવાની મારી ધારણા છે. એક સમયે ભ્રાંતિ હતી. હું જ કહેતો હતો કે ગુજરાત રાજયનું કોઈ એવું ગામડું નહીં હોય કે એક ખેડૂત એની ખેતી ભાંગીને અન્ય વ્યવસાયમાં ન જતો હોય. આનો ઉકેલ કરવાની રાજયના લોકોએ અમને સત્તા આપી ત્યારે એનો ઉકેલ પણ માનનીય મુખ્યમંત્રીશ્રીની આગેવાની હેઠળ અમે કરી રહયા છીએ. મુળમાં જઈને કારણ શોધી એના ઉપાય ૪-૫ વર્ષથી અમે કરાવ્યા છે. હવે આ રાજયના કોઈ ગામમાં ખેડૂત એની ખેતી ભાંગતો નથી. પણ જે અન્ય વ્યવસાય શોધવા જતો રહયો હતો એ પણ હવે ખેતી કરવા પાછો આવે છે. ગામડાંમાં પાણીના પ્રોજેકટ સુજલામ સુફલામ, નર્મદા નળસંચય આને કારણે ગઈકાલે જે જમીનમાં વવાતુ નહોતુ આજે એ જમીનમાં વવાતુ થયું છે. એટલે ખેતી ભાંગતી અટકી ગઈ છે.

સી.જે.ચાવડા આવી ગયા એ સારું થયું જવાબ સાંભળવા માટે. એમણે કહયું હતું ૧૯૯૫-૯૬ની સરખામણી કરો. હું ૧૯૯૫-૯૬ના આંકડા પણ કહું છું અને ૨૦૦૪-૦૫ના આંકડા પણ કહું છું. ડાંગરમાં પ્રતિ હેકટર ઉત્પાદન ૧૫૦૫ કિલોગ્રામ હતુ એ ૨૦૦૪-૦૫માં ૧૮૦૦ કિલોગ્રામ થયું. બાજરીમાં ૮૮૩ હતું એ ૨૦૦૪-૦૫માં ૧૨૦૦ થયું છે. ઘઉંનું ઉત્પાદન ૨૦૮૧ કિલો હતું એ અત્યારે ૨૫૦૦ કિલો થયું. મગફળીમાં ૫૫૦ હતું એ અત્યારે ૧૦૦૦ કિલો થયું છે. દીવેલામાં ૧૬૦૦ હતું એ ૧૯૦૦ થયું છે. કપાસ ૨૭૦ કીલો પ્રતિ હેકટર હતું અત્યારે ૫૦૦ કિલોગ્રામ ઉપર ગયું છે. ગુજરાત રાજય કપાસ ઉત્પાદનમાં આખા રાજયમાં પ્રથમ નંબરે છે. જે ૨૦૦૧-૦૨માં ત્રીજા સ્થાને હતું રાજય સરકારના પ્રયત્નોને કારણે પ્રથમ સ્થાને આવ્યું છે. બાજરીનું ઉત્પાદન ૧૯૯૮-૯૯માં ત્રીજા સ્થાને હતું ૨૦૦૩-૦૪માં બીજા સ્થાને આવ્યું. ડુંગળીનું ઉત્પાદન ૨૦૦૧-૦૨માં ત્રીજા સ્થાને હતું આજે બીજા સ્થાને આવ્યું. મગફળી ૨૦૦૧-૦૨માં બીજા નંબરે હતી ૨૦૦૩-૦૪માં પહેલો નંબર આવ્યો. રાયડો ૨૦૦૧-૦૨માં ત્રીજા સ્થાને હતો એ ૨૦૦૩-૦૪ માં બીજા સ્થાને આવ્યો છે. ઉત્પાદકતા વધી છે, ઉત્પાદન વધ્યું છે. કૃષિ વિકાસ દર પણ વધ્યો છે. ડીસેમ્બર મહિનામાં કેન્દ્રની મીટીંગ હતી. શરદ પવાર જેના અધ્યક્ષ છે. બીજા ૪-૫ કેન્દ્રીય મંત્રીઓ હતા. ચિદમ્બરમ હતા એ વખતે નકકી કર્યું કે સભાગૃહને મારે આ વાત એટલા માટે કહેવી છે કે આવતી પંચવર્ષીય યોજનામાં આ દેશની કૃષિ વિકાસ દર ૪ ટકા થાય એનું આયોજન કરવા માટે બેઠા હતા. આખા દેશના વિકાસનો દર આગામી પંચવર્ષીય યોજનામાં ૪ટકા થાય મારે ગૌરવ સાથે કહેવું છે કે આંધ્ર સરકારે આ સરવે કરાવ્યો, કેન્દ્ર સરકારે સરવે કરાવ્યો. ગુજરાતનો કૃષિ વિકાસ દર ૨૦૦૧-૦૨ થી લઈને ૨૦૦૩-૦૪ સુધી ૧૧.૧ટકા હતો. એટલે દેશના કૃષિ વિકાસ દરને ઊંચે લાવવામાં રાજ્ય સરકાર, માનનીય મુખ્યમંત્રીશ્રી કહે છે કે વિકાસની ગાડીનું એન્જિન એ ગુજરાત બનવાનું છે, એ આધારે કહે છે અને બનવાનું જ છે. દેશનું આજનું એક આર્થિક દૈનિક પત્ર છે, એમાં એમણે ૨૦૦૫ થી ૨૦૫૦ સુધીનો એક રેશિયો આપ્યો છે, આયોજન આપ્યું છે અને એમાં આખો દેશ વિશ્વમાં પ્રથમ સ્થાને હશે, એમાં ગુજરાતનું સ્થાન પહેલા નંબરે હશે.

પાક વીમા યોજનામાં રાજ્ય સરકાર કેન્દ્ર સકારની યોજનામાં કયાંય પાછળ રહી નથી. મને કહેતા આનંદ થાય છે કે રાજ્ય સરકારના પ્રયત્નથી ઈસબગુલ, જીરુ, ડુંગળી, લસણ, કેળનો સમાવેશ આ વખતે પહેલી વાર પાક વીમામાં કરવામાં આવ્યો છે. ખેડૂત અકસ્માત વીમામાં પણ રાજ્ય સરકારે પ્રીમિયમ ભરીને ખેડૂતને અકસ્માતનો વીમો મળે તે માટેનું આયોજન કર્યુ છે. આ વખતે ૨૦૦૬-૨૦૦૭ માં ૬ કરોડની જોગવાઈ કરી છે. મારા મિત્રો સોઈલ હેલ્થ કાર્ડની વાત કરતા હતા. અમારો વિરોધ તમે કરજો, વાંધો નથી, પણ સોઈલ હેલ્થ કાર્ડ તો આપણામાંથી જ કોઈક બોલ્યું કે આ એક ચાવી છે, ઉકેલ છે. ડો. જોષિયારા બોલ્યા, ડૉક્ટર છે એટલા માટે. જેવી રીતે માણસને સ્વસ્થ રહેવા માટે પોતાના શરીરનું પૃથ્થકરણ જરૂરી છે, એને આધારે દવા લે તો સ્વસ્થ રહે છે. હું બોલું છું એટલા માટે સ્વસ્થ રહું છું, જમીન બોલતી નથી એટલા માટે અસ્વસ્થ છે. અસ્વસ્થ છે એટલા માટે ઓછું ઉત્પાદન આપે છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે આ જમીનને બોલતી કરી છે, સોઈલ હેલ્થ કાર્ડ દ્વારા આ જમીનને બોલતી કરી છે. મશ્કરીના સ્વરૂપમાં તમે આટલા લાખ કર્યા, આટલા લાખ કર્યા. આગામી દિવસમાં માત્ર ૩-૪ મહિનામાં રાજ્ય સરકારના ચાર-ચાર કૃષિ યુનિવર્સિટીના પ્રયત્નથી આખા રાજ્યના તમામ ૧૮,૬૦૦ ગામડાઓનું સોફ્ટવેર બનાવ્યું છે અને દરેક ગામની જમીનનો પ્રકાર, એની તાસીર એમાં નાઈટ્રોજન ઓછું છે કે પોટાશ વધારે છે, એની એક વખત ખેડૂતને ખબર પડી જાય તો એના આધારે અમારા કૃષિ યુનિવર્સિટીના ૭૫૦ વૈજ્ઞાનિકો એની પણ મશ્કરી ના કરો ભાઈ. એ તમારો સમય બગાડવા નથી આવતા. તમને નહિ ગમ્યું હોય, પણ મારા ખેડૂતને ગમ્યું છે કે પહેલીવાર એ.સી. ચેમ્બર છોડીને કોઈ અધિકારી મારા ગામ સુધી, મારા ખેતર સુધી આવ્યા હોય અને માર્ગદર્શન આપ્યું હોય તો આ પહેલીવાર બન્યું છે. હવે આગામી ૨૦૦૬ કૃષિ મહોત્સવ પણ પક્ષા પક્ષીથી દૂર રહીને કોઈ રાજકીય લાભ ખાટવા માટે નથી

કરતા, પણ જ્યારે ખેડૂતને સમૃદ્ધ બનાવવા માટે રાજ્યની આર્થિક સમૃદ્ધિ વધારવા માટે કોઈ ઉપાય હાથમાં આવ્યો હોય તો પહેલો જળસંચયનો અને બીજો સોઈલ હેલ્થ કાર્ડનો ઉપાય. ગોવાભાઈએ પોષણક્ષમ ભાવ, પોષણક્ષમ ભાવ અને વર્ષોથી હું પણ વિરોધ પક્ષમાં રહીને પોષણક્ષમ ભાવની વાત કરતા કરતા અહી અવ્યો છું. અહી આવ્યા પછી ઉપાય મારા હાથમાં કાંઈ કરવાનું હોય ત્યારે આપ સૌને માટે વિશેષ ચર્ચા માટે મૂકું છું. પોષણક્ષમ ભાવ ક્યારે મળે. માત્ર રજૂઆત કરવાથી, આંદોલનો કરવાથી, ખેડૂત આગેવાનો પોષણક્ષમ ભાવ મળવા જોઈએ, પોષણક્ષમ ભાવ મળવા જોઈએ. ગઈ વખત કપાસના ભાવ ક્વિન્ટલે ૧૯૬૦ હતા. અમે રજૂઆત કરી. કેન્દ્ર સરકાર કોઈપણ પાર્ટીની હોય. મેં બચાવ કર્યો, ખેડૂતના આગેવાન સાથે બેસીને કે તમે ૨૮૦૦ માગતા હોય તો ૨૮૦૦ નહિ મળે, આપણને ૨૫૦૦ થી વધારે નહિ મળે અને આ વખતે ૧૯૮૫ મળ્યા આપણને. આનાથી વધારે નહિ મળે તો આવા સંજોગોમાં પોષણક્ષમ ભાવ મેળવવા માટે શું કરવું જોઈએ. પોષણક્ષમ ભાવ મેળવવા માટે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરવાનો અને વપરાતા ઈનપુટસ સપ્રમાણ વાપરવાનો.

હું જરૂર કરતાં વધારે નાઈટ્રોજન તો નથી નાંખતો ને? હું જરૂર કરતાં વધારે પોટાશ તો નથી નાંખતો ને? જરૂર છે છતાં પોટાશ નથી નાખતો કે નાંખું છું. સપ્રમાણે સૂત્ર બનાવ્યું છે. સપ્રમાણ ઈનપુટસનો ઉપયોગ કર્યો છે. કૃષિ મહોત્સવ દ્વારા ગામડા ગામડા સુધી તમને પણ લાગે કે આ ઉપાય છે. તમને જો સો ટકા લાગે તો કે પોષણક્ષમ ભાવ ત્યારે જ મળે કે ખેડૂતોના ઉત્પાદન ખર્ચ ઘટે અને ઉત્પાદન ખર્ચ ત્યારે જ ઘટે કે વધારાનો ખર્ચ જે કરતા હતા તે ખર્ચમાં ઘટાડો કરે અને ઘટાડો કરે, જે વધારે વાપરતો હતો તેના કારણે જમીન ખરાબ થતી હતી અને જમીન ખરાબ થતી હતી તેના કારણે ઉત્પાદન ઓછું આવતું હતું અને ઉત્પાદન ઓછું આવતું હતું તેના કારણે ખર્ચ વધારે આવે, ઉત્પાદન ઓછું આવે તથા ભાવ ન મળે પરંતુ ઉત્પાદન ખર્ચ ઘટે, સપ્રમાણ ઈનપુટસનો ઉપયોગ કરવામાં આવે અને ઉત્પાદન વધે તો જેટલો ખર્ચ ઘટ્યો એટલો ગાળો મળે અને ઉત્પાદન વધ્યુ એટલો ગાળો મળે. એટલે જ ઉત્પાદન વધે અને ખર્ચ ઘટે તો આ વૈજ્ઞાનિકો સાથે બેસીને માત્ર વૈજ્ઞાનિકો જ નહીં પરંતુ દેશના કૃષિ મંત્રીશ્રી સાથે બેસીને તમે કદાચ કૃષિ મહોત્સવને વખોડો અને તમે સોઈલ હેલ્થ કાર્ડ તમને ન ગમે પણ જાણકાર લોકો માનનીય શરદ પવાર સાહેબે અને કેન્દ્રના સચિવશ્રી રાધાસિંગે પણ કહ્યું છે કે દેશના કોઈએ પણ આ પોષણક્ષમ ભાવની ચાવીનો ઉકેલ શોધ્યો હોય તો માત્ર ગુજરાત સરકારે શોધ્યો છે. એટલે આવા સંજોગોમાં સોઈલ હેલ્થ કાર્ડ એક માત્ર ઉપાય છે અને ઉકેલ છે. આપ સૌ સોઈલ હેલ્થ કાર્ડમાં સાથ સહકાર આપશો.

માનનીય અધ્યક્ષશ્રી, અમે ગામડે ગામડે સોફટવેર આપવાના છીએ, ગામડે ગામડે કૉમ્પ્યુટર આપવાના છીએ. માત્ર તેને પોતાની જમીનના તથા આગામી દિવસોમાં દેશ અને દુનિયાના વાવેતરના પાકના આંકડા પણ મારો ખેડૂત ચાંપ દબાવે અને તેને ખબર પડે કે હું કપાસ વાવું છું. આ વખતે મને કપાસના ભાવ મળશે કે કેમ? તે પણ એમને સમજાવશે. આંદોલન કરવાથી ઉકેલ નથી આવવાનો. આ વખતે ભાવ એટલા માટે મળ્યા કે કપાસ પકવતા દેશો અને રાજયોમાં કપાસનો પાક નિષ્ફળ ગયો છે અને આવતી વખતે જે કપાસ પકવતા રાજયોમાં અને દેશોમાં પાક થયો અને મારો ખેડૂત ભાવ મળશે અને ૨૦ લાખ હેકટરમાંથી ૨૫ લાખ હેકટર વાવેતર કરો તો શું થાય આ આખી વાતને સભાગૃહના સૌ સભ્યોને કહેવી છે કે ખેડૂતના હિતને તમે ઇચ્છતા હોવ તો આ વાત એક ખેડૂત આગેવાન તરીકે, સરકાર તરીકે નહીં, ધારાસભ્ય તરીકે ખેડૂતને જઈને કહેવી પડશે. તેવી રીતે સપ્રમાણ ઈનપુટસનો ઉપયોગ કેવી રીતે કરવો તે આ કૉમ્પ્યુટર કહેશે કે સમતોલ વાવેતર અને બધા જ કોઈ એક સફળ પાકની પાછળ પડી જાય અને પછી ભાવ માગે તો રાજય સરકાર કે કેન્દ્ર સરકાર કયાંથી ભાવ લાવે? કેન્દ્ર સરકારનો બચાવ કરીને કહું છું. કોઈપણ કેન્દ્ર સરકાર હોય ન આપે. તેવા સંજોગોમાં મારે ખેડૂતોને કઠોળમાં દેશ અને દુનિયામાં જરૂરિયાત કરતાં ૫૦ ટકા ઉત્પાદન છે તો હું ખેડૂતોને કહું છું કે તેમાં ઉત્પાદનમાં વધારો કરો. બાગાયત પાકો છે તેનો વધારો કરો. આજે દસ જિલ્લામાં બાગાયત પાકો માટે કેન્દ્ર સરકારે ૬૫ કરોડ રૂપિયા આપણને આપ્યા છે અને તેનું આયોજન આપણે કર્યુ છે. આ ૬૫ કરોડ આ વર્ષે વપરાઈ જશે એટલે આવતા વર્ષે બીજા દસ જિલ્લાઓ માટે બીજા પૈસા મળવાના છે. આપણો ખેડૂત કપાસ, ડુંગળી, રાયડો, દિવેલા બધા પાકો લે છે તેની સાથે સાથે બાગાયત પાકો તરફ વળે, માત્રને માત્ર ખેડૂત આગેવાન તરીકે પોષણક્ષમ ભાવ મળવા જોઈએ, પોષણક્ષમ ભાવ મળવા જોઈએ તેમાં ઉકેલ નથી. ગોવાભાઈને જ કહું છું. વાતને સમજીને ઉકેલ હોય તો અને તમને એમ લાગે કે રાજય સરકારે તેનો ઉકેલ કર્યો છે તે ઉકેલ આપણે સર્વાનુમતે સાહેબ આપણે ૨૦૦૫ કૃષિ મહોત્સવ દ્વારા રાજય સરકારે એક ઈન્ટીગ્રેટેડ એપ્રોચ રાજય સરકારનો છે. ફરીવાર આખા દેશમાં કોઈએ પણ ઈન્ટીગ્રેટેડ એપ્રોચથી પ્રયત્ન કર્યો હોય, ૧૮-૧૮ વિભાગોને સાથે જોડીને એ સંકલિત માત્ર એકલા કૃષિની વાત નહીં. ગ્રામ ઉત્થાનની વાત, બધા જ વિભાગો પોતપોતાનું કામ કરે એ વાત પણ કેન્દ્ર સરકારે જ્યારે કૃષિ મહોત્સવની વાત થઈ છે ત્યારે કેન્દ્ર સરકાર પણ અત્યારે વિચાર કરી રહી છે, ભલેને નામ બદલીને કે કોઈનું નામ જોડીને કે અલગથી નામ આપીને, પણ આ કૃષિ મહોત્સવની નકલ આખા દેશમાં અત્યારે થઈ રહી છે, આ કૃષિ મહોત્સવની સફળતા જાણવા અને જોવા માટે આખા દેશના તમામ રાજયોના અધિકારીઓ/ પદાધિકારીઓ આવે છે કે તમે આ કેવી રીતે કરી શક્યા? કૃષિ મહોત્સવ એ

એક મહત્ત્વાકાંક્ષી અને સફળ વ્યકિતગત અને સામૂહિક એવાં કામો અમે નક્કી કર્યા, ખેડૂતના વ્યકિતગત કામો પણ થાય અને ગામના સમૂહના સામૂહિક કામો નક્કી થાય, એની સાથે-સાથે અમે એટલી મહેનત કરીને એક પુસ્તિકા 'ખેડૂત માર્ગદર્શિકા' અને એમાં કૃષિને લગતા, 'તમે વિચાર કરો, તમે બોલો અને એનો જવાબ' આમાં હોય, રાજય સરકારે પ્રયત્ન કરીને ૧૮૬૦૦ ગામોમાં આ પુસ્તિકા અમે આપી છે. એમાં ઉત્પાદન, વપરાશ, મુલ્વવર્ધન કોઈ પ્રશ્ન ખેતીને લગતો અને અને એ પાછો તમારા વિસ્તારનો અને એટલા માટે આ પુસ્તિકાને હું "ખેડૂત ગીતા" કહું છું. માનનીય ગોવાભાઈ, આપને આપીશું, જેમ ખેતી માટે આ પુસ્તક તૈયાર કર્યુ છે એમ આ વખતે બાગાયત વિભાગ પણ આ રીતે પુસ્તિકા તૈયાર કરીને આ કૃષિ મહોત્સવમાં આપવાના છે. આ કૃષિ મહોત્સવ પછી ચારે-ચાર કૃષિ યુનિવર્સિટીઓને અમે કામ સોંપ્યું કે આમાંથી શું ફાયદા થયા છે, ખેતીની પદ્ધતિમાં થયેલ ફેરફારથી આ રાજયમાં ૧૪૨૬ કરોડનો ફાયદો થયો છે. મિશ્ર પાકો, આંતર પાક, પાક ફેર, ખાતરના ઉપયોગના ફેરફારથી કે જે માર્ગદર્શન આપ્યું કે આ ખાતર વાપરવાનું બંધ કરો, સોઈલ હેલ્થ કાર્ડની મદદથી અને એને કારણે આ રાજયમાં ૧૧૨૬ કરોડનો ફાયદો એ વૈજ્ઞાનિકોએ જ કર્યો છે અને સરવે પણ વૈજ્ઞાનિકોએ કર્યુ છે અને થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન જેમ સિંચાઈ અને રોડના કામોમાં હોય છે એમ અમે પણ આમાં ત્યાં નિષ્ણાત અને જાણકાર લોકોને જ કહીશું કે તમે જઈને કૃષિ મહોત્સવ પહેલાં અને કૃષિ મહોત્સવ પછી ખેડૂતોના ખેતરોમાં થઈ, ગામડાંમાં જઈ સરવે કરીને અમને કહો, એના આંકડા છે. આગામી ૨૦૦૬માં કૃષિ મહોત્સવનું આયોજન કર્યુ છે, આ ગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે એમાં એ જોડાય કૃષિ મહોત્સવ અંગે 'કૃષિ જ્ઞાન ગંગા વહી, ખેતર પાદર ગામ, કૃષિ મહોત્સવ ઉજવતા, ગુંજર ગોકુળ ધામ, કૃષિ મહોત્સવ ગુર્જરી કૃષિ ક્ષેત્રે શાન, ઓછા ખર્ચે ઊપજથી ઉત્પન્ન થાય કિસાન, ચકાસણી ભૂમિ તણી, પોષણ જેવો પાક, નીરોગી ધરતી રહે ઉપજે અન્ન અપાર, બંધો-ખેતતલાવડી-કૂવા-બોર રિચાર્જ, સુજલામ્ - સુફલામ્ નર્મદા મહેર કરે મહારાજ, વરસાદી જળ ઊતરે, કૂવા-બોર-તળાવ ભૂજળ ઊંચે આવતાં સિંચાઈમાં શિરપાવ."

માનનીય અધ્યક્ષશ્રી, આ પાણીની વ્યવસ્થા જ્યારે કરી છે ત્યારે મેં નર્મદાની ચર્ચામાં પણ કહ્યું હતું કે ડ્રીપ અને સ્પ્રિંકલરમાં આપણે સૌ સહકાર આપીએ, કૃષિ મહોત્સવથી સંતોષ નથી, મેં પહેલાં સપ્રમાણ ઈન્પુટની વાત કરી, સમતોલ વાવેતરની વાત કરી, માનનીય અધ્યક્ષશ્રી, દરેક માટે સ્વાભાવિક છે કે, એક વાર કોઈ વાત કહે તો તરત ભૂલી જવાય છે ત્યારે રાજય સરકાર એવું વિચારે છે કે, આ વાતને અમારે વારંવાર ગુંટવી છે, જ્યારે સાચી વાત હોય ત્યારે ખેડૂતોને ઘરે જઈને એટલા માટે કૃષિ મહોત્સવ પછી રવિ શિબિરો અમે કરી, વર્ષમાં બે વાર અમારા વૈજ્ઞાનિકો ખેડૂતોના ખેતર સુધી જઈને વાત કરે, સાબિતી સાથે વાત કરે કે, જુઓ, આ ખેડૂતે સમતોલ વાવેતર કર્યુ. આ ખેડૂતે ઈનપુટનો ઉપયોગ કરીને એનું ઉત્પાદન વધે, ઉત્પાદન ખર્ચ ઘટે. એણે કર્યું તમે પણ કરો. એવી રીતે સેંદ્રિય ખાતર એના ઉપયોગ માટે પણ રાજય સરકાર કામ કરી રહી છે. એગ્રિકલ્ચર એક્સ્પોર્ટ ઝોન અંગેની વિગતવાર માહિતીની મેં મારા એક પ્રશ્નોના જવાબમાં વાત કરી છે. કૃષિ યુનિવર્સિટી અંગે વાત કરવા માગુ છું. જ્યારે આટલા બધા સભ્યશ્રીઓએ રસ લીધો છે ત્યારે કહું છું કે, ચાર કૃષિ યુનિવર્સિટી કરી, પહેલા આપણને કેંદ્ર સરકારની આઈ.સી.આર.ની એક યુનિવર્સિટી પ્રમાણે ગ્રાન્ટ મળતી હતી પણ હવે ચાર કૃષિ યુનિવર્સિટી થઈ તો આપણને યુનિવર્સિટી દીઠ ગ્રાન્ટ મળે છે. બધી ગ્રાન્ટ પાક સંશોધન કૃષિ અને એક્સ્ટેન્શનના કામમાં જાય છે. એક્સ્ટેન્શન કામ એટલે કૃષિ મહોત્સવ, કૃષિ સંશોધન માટે વિસ્તરણ એ વિભાગનું કામ છે. આઈ.સી.આર. દ્વારા કૃષિ કેન્દ્રો અરણેજ, વ્યારા, અમરેલી, ખેડબ્રહ્મા ખાતે શરૂ કર્યા છે. કરગથિયા, જામનગર, થાપટ અને નવા કાંધાસર માટે નવા કૃષિ કેંદ્રો આપણે માગ્યા છે. હમણા જ ચાર-પાંચ દિવસ પહેલા અમદાવાદમાં અધિકારી લેવલની એક મીટિંગ થઈ, સ્ટેટ લેવલ બન્કર્સ કમિટીની ૧૦૮મી બેઠકમાં અધ્યક્ષે એવું કહ્યું કે, રાજયનો બૅન્ક ક્રેડિટ ડિપોઝિટ રેશિયો વધ્યો છે. એમાં કૃષિ ધીરાણ માર્ચ ૨૦૦૫ સુધીનું ૫૩.૭૭ ટકા હતું એ ડિસૅમ્બર ૨૦૦૫માં ૭૫.૫૫ ટકા થયું છે. આ બતાવે છે કે રાજયમાં કૃષિ ધીરાણ વધ્યું છે. દેશના અને રાજયના અધિકારીઓ તો કોઈ પાર્ટીના હોતા નથી. એ તો આંકડા વાંચીને બોલતા હોય છે, લખેલું વાચતા હોય છે. ભારત સરકારના અધિકારીઓ હતા એમણે પણ કહ્યું છે કે રાજયમાં કૃષિ ધીરાણ વધ્યું છે, બધા બેન્કર્સે પણ કહ્યું છે કે રાજયમાં કૃષિ ધીરાણ વધ્યું છે. એમણે એવું કહ્યું કે, ચાર કૃષિ યુનિવર્સિટીમાંથી ત્રણમાં વાઈસ ચાન્સેલરો બહારના છે (અંતરાય) જે માણસ અન્ય પ્રાંતના હોય પણ એ આ રાજયમાં ૨૫-૩૦ વર્ષથી રહેતા હોય એને આપણે પર પ્રાંતના કેવી રીતે કહી શકીએ? ચુડાવત અને અલાવત એણે તો આ કૃષિ યુનિવર્સિટીથી કારકિર્દીની શરૂઆત કરી છે, એ પોતાના પ્રાંતને યાદ પણ નથી કરતા અને એ ગુજરાત માટે કામ કરતા હોય ત્યારે એમાં મેરિટ જોયા છે આ સરકારને મન તો 'વસુદેવ કુટુંમ્બકમ' ની ભાવના સાથે અમે મેરિટ જોઈએ છીએ. ગુજરાતના અધિકારીઓ પણ સારા છે, સક્ષમ છે. બાયોટેકનોલોજી ક્ષેત્રે પણ રાજય સરકાર કામ કરી રહી છે. મારે કેટલીક અગત્યની જાહેરાત કરવી છે. એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમના બજૅટમાં બાયો ફ્લુઅલ મિશનની જાહેરાત કરી છે. ચારેય યુનિવર્સિટીઓએ જેટ્રોફાનું મહત્તમ વાવેતર કરીને, અત્યારે આ પ્રોજૅકટ આણંદમાં સરું થયો છે, આ પ્રોજૅકટ આ ચારેય સ્થાનોમાં સરું થાય એ માટેનું આયોજન

કર્યું છે. કેંદ્ર સરકારનો એક પ્રોજૅકટ છે એગ્રિકલ્ચર ટૅક્નૉલૉજી મેનેજમેન્ટ એજન્સી, આ પ્રોજૅકટ દ્વારા રાજય સરકારે ગુજરાત કૃષિ યુનિટ તૈયાર કરવાનો વિચાર કર્યો છે અને ૧૮,૬૦૦ ગામડાંઓમાં ખેડૂતોને તમામ પ્રકારની ઈન્ફર્મેશન આપણે આપી શકીએ, ટૅક્નૉલૉજીની ઈન્ફર્મેશન, વાવેતરની ઈન્ફર્મેશન અને ભવિષ્યના ભાવની ઈન્ફર્મેશન આપણે આપી શકીએ એટલે ખેડૂત એનો માલ વેચવા જતા પહેલા એ ન વેચવો હોય તો ન વેચે, આવતા અઠવાડિયે કે આવતા પંદર દિવસ પછી એના ભાવ વધવાના છે એની એને જાણકારી મળી જાય. હું એનુંય કહી દઉં. બિન પિયત ઘઉં માટે પણ રાજય સરકારે એક યોજના વિચારી છે અને જે ગોવાભાઈ કહે છે અને માનનીય સભ્યશ્રીઓએ જે વાતની ચિંતા કરી કે ખેડૂતો એ.પી.એમ.સી.માં જાય છે, બજારમાં જાય છે એનો પોતાનો પાક વેચીને પાછા આવવાનું છે. આ વાતને તમે પણ ખેડૂત છોને? અહીંયા બધાજ ખેડૂતો જ બેઠા છે, કૃષિ મંત્રી પણ ખેડૂત જ છે અને એટલા માટે આ લાગણી સાથે અમે સહમત થઈએ છીએ અને એક વિચારણા કરી છે, વિચારણા આજે કરી છે તો કાલે કંઈક અમલ થશે. એ.પી.એમ.સી. અને વેર હાઉસીંગ દ્વારા ખેડૂત જ્યારે એનો માલ વેચવા જાય ત્યારે ટેકાના ભાવ જે સમયે હોય એના ૩૦ ટકા એ વખતે એને આપી દેવામાં આવે એનો માલ એ પંદર-વીસ દિવસ કે મહિના સુધી એને રાખવો હોય તો એ ત્યાં રાખી શકે અને જ્યારે પણ ભાવ ઊંચકાય ત્યારે એનો માલ એ લઈ જાય પેલા ૩૦ ટકા કાપીને આવતા દિવસોમાં આ એક યોજનાનો વિચાર રાજય સરકાર કરી રહી છે અને આ દિશામાં આપણે આગળ વધીશું જેનાથી ખેડૂતોને ખૂબ મોટો લાભ થશે અને મારા બે વિભાગ પશુપાલન અને મત્સ્યોદ્યોગની મારી વાત છે એ હું ટેબલ પર મૂકું છું હવે માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે જ્યારે તમારા દિલની વાત મેં કરી છે અને જ્યારે આપની વાત કરી હોય, ખેડૂતની વાત કરી હોય, તમને એમ થાય કે ના આ વાત એ આપણી વાત છે તો મારી વિનંતી છે કે આપ આપની તમામ કાપ દરખાસ્તો પાછી ખેંચી લો અને સભાગૃહ મારી માગણીઓને મંજૂર કરે એવી પણ વિનંતી છે.

**શ્રી સી.ડી. પટેલ (રાજય કક્ષાના સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને સહકાર વિભાગમાં સહકાર વિભાગની ૨૦૦૬-૦૭ ની માગણી મેં આ ગૃહ સમક્ષ મૂકી હતી અને એમાં કુલ બાવીસ ધારાસભ્યશ્રીઓએ ભાગ લીધો છે સહકાર વિભાગમાં નવ સભ્યશ્રીઓએ વિગતે ચર્ચા કરી છે. મનુષ્યના જીવનના અંત સુધી પ્રત્યેક પળે સ્પર્શતી અને સમાજ જીવનમાં ઘર સુધી પહોંચેલી આ સમાજ જીવનની શ્રેષ્ઠ પદ્ધતિ એ સહકારી પ્રવૃત્તિ છે. સહકારી પ્રવૃત્તિના ૧૦૦ વર્ષ પૂર્ણ થયાં ત્યારે રાજ્યપાલ દ્વારા ગાંધીનગર ખાતે એક કાર્યક્રમ થયો હતો આજે ૧૦૧મા વર્ષમાં પ્રવેશીએ છીએ ત્યારે સહકારી પ્રવૃત્તિ એ જીવનનો પ્રાણ છે, એ જીવનનું તત્ત્વ છે અને તત્ત્વસમી પ્રવૃત્તિ સમગ્ર ગુજરાતમાં ફૂલે અને ફાલે એ વિકસિત થાય અને એ દ્વારા સમાજ જીવનમાં આ ક્ષેત્ર સાથે સંકળાયેલા પ્રત્યેક વ્યકિત એનો લાભ લે અને ધન્યતા અનુભવે એ ચિંતા અને ચિંતન પૂજ્ય મહાત્મા ગાંધીના ટ્રસ્ટીપણાના સિદ્ધાંતના આધારે આ સમાજ જીવનમાં જ્યારે સમજાવ્યું ત્યારે એક આદર્શ સહકારી પ્રવૃત્તિ દ્વારા એમણે વાત કરી હતી. માલજીભાઈ કહેતા હતા કે ક્યાંક સહકારને નજર લાગી છે. પૂજ્ય મહાત્મા ગાંધીએ જે સિદ્ધાંત આપણને ચીંધ્યો હતો જે રાહ પર જવાનું કહ્યું હતું એ રાહ પર અને એ દિશામાં જો આપણે આગળ વધ્યા હોત તો મને લાગે છે કે નજક ન લાગત, નજર તો આપણી કટાણી થઈ માટે આ પરિસ્થિતિ થઈ છે. આ વાતનો સૌએ સ્વીકાર કરવો પડશે. જ્યાં સહકારના સિદ્ધાંતો લઈને ચાલતા હોઈએ અને પૂજ્ય બાપુએ મીઠાનો સત્યાગ્રહ કર્યો હતો અને લોકોને સંગઠિત કર્યા હતા અને સત્યનો આગ્રહ રાખવા કહ્યું હતું હું તો આપને કહુ છું પણ મારે કહેવું છે માટે આ જે સિદ્ધાંતની વાત કરનારા મિત્રોને એટલું જ કહેવું છે કે બાપુએ મીઠાનો સત્યાગ્રહ કર્યો હતો મારા મિત્રો તમે ગૃહમાં સત્યનો મીઠો આગ્રહ રાખતા તો શીખો મારે એ કહેવું છે.

લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ પણ બારડોલી સત્યાગ્રહમાં ખેડૂતોની ચિંતા અને ચિંતન કર્યુ હતું. સાહેબ, હું તો એ બાપૂજયની વાત કરું છું જે બાપૂજયએ સરદાર સાહેબને એમ કહ્યું ના કહ્યું તો સાહેબ આ રાષ્ટ્રના વડાપ્રધાન ના બન્યા. હું એ બાપૂજયની કે એ ગાંધીની વાત નથી કરતો કે તે ગાંધી ના કહે અને સરદાર વડાપ્રધાન થઈ જાય તેની વાત હું નથી કરતો. સરદાર પટેલ સાહેબ, પૂજય. મોરારજીભાઈ, પૂજ્ય.ત્રિભુવનદાસ પટેલ, પૂજય.વૈંકુંઠ મહેતા તે પોરબંદરના એ મહારથી શ્રી ઉદયભાણસિંહજીને પણ હું આજે યાદ કરું છું. આઝાદીના આટલા સો વર્ષથી જેમણે આ સેવા અને સમર્થન આપીને આ કામ કર્યુ છે, આ ક્ષેત્રની પ્રવૃત્તિને ઉજાગર બનાવવા માટે પ્રયત્ન કર્યો છે ગુજરાત રાજયમાં સહકારી પ્રવૃત્તિનો નોંધપાત્ર વિકાસ આઝાદીની સાથે સાથે થતો આવ્યો છે. જેમાં અનેક લોકોએ તેમાં ચિંતા અને ચિંતન કર્યુ છે. તો વ્યકિત જ્યારે સમાજ જીવનમાં પોતાના જીવનની શરૂઆત કરે છે ત્યારે પોતાના ક્ષેત્રમાં, પોતાના વિસ્તારમાં, પોતાની જરૂરિયાતને પૂરી કરવા માટે એન સમૂહ, એક વિચાર, એક આધાર ઉપર સાથે લઈને એ જ્યારે સહકારી ક્ષેત્રમાં પ્રવેશે છે ત્યારે વિવિધ સંસ્થાઓ એ આજે જે વટવૃક્ષ પામ્યું છે તેના પાયામાં વ્યકિત છે. વ્યકિતને કાપડની જરૂરિયાત છે તે ખેતી વિષયક સહકારી મંડળી, તે જીનીંગ તે હાથ વણાટની કામગીરી અને તેની સહકારી મંડળી અને ગાય, ભેંસ, બકરી કે તેનું પાલન કરી અને દૂધ અને દૂધ ઉત્પાદન ક્ષેત્રે ડેરી ઉદ્યોગ, વન વિસ્તાર

આદિજાતિ વિસ્તારમાં રહેતો તે ભાઈ વાંસખેડા તો તેની સહકારી મંડળી, ખેડૂતોની પાણીની સમસ્યા દૂર કરવા માટે પિયત સહકારી મંડળી આમ અનેક ક્ષેત્રમાં મનુષ્યના જીવન સાથે જોડાયેલી સહકારી પ્રવૃત્તિમાં સતત જે કાર્ય થઈ રહ્યું છે તેમાં આ રાજયના ૪૭૪ કર્મયોગી ભાઈઓ દ્વારા સતત તેનું ચિંતન અને ચિંતા કરવામાં આવી છે અને તેના કારણે જ સહકારી પ્રવૃત્તિ સતત દિવસે અને દિવસે ફૂલીફાલી છે.આ કેટલાક મિત્રોએ કહ્યું અને બૅન્કની વાત કરી. બેંકીંગ ક્ષેત્રમાં જે કંઈ થયુ હશે આપણે કોઠી ધોઈને કાદવ નથી કાઢવો. જાગ્યા ત્યારથી સવાર. જ્યાં સારું કરવું છે ત્યાં બધાએ સાથે રહીને કામ કરવું પડશે. બાકી નામ લેવા જઈએ તો •* (XXXX) .આવા અનેક નામો ગણવામાં આવે છે. આ સહકારી ક્ષેત્રના બૅન્કના ઇતિહાસમાં કાળી ટીલી સમાન છે તેની વાત હું નહીં કરું સાહેબ. માધુપુરામાં જે કંઈ બન્યું સહકારી મંડળીઓની વાત જ્યારે કરીએ ત્યારે ૪ હજાર ૩૪ લાખનો વાર્ષિક કાર્યક્રમ નિયત કરવામાં આવ્યો છે. આ જે પૈકી સામાન્ય વિસ્તાર માટે ૨૪૪૯ લાખ આદિજાતિ વિસ્તાર માટે.

**અધ્યક્ષશ્રી :** ત્રણે નામ કાઢી નાખવામાં આવે છે.

**શ્રી સી.ડી. પટેલ:** ૧ હજાર ૪૩૭ લાખ ખાસ અંગભૂત યોજના નીચે, ૭૩ લાખ એડ કરવામાં આવ્યા છે આ પૈકી ૫૦ લાખ બીજરૂપ અંદાજપત્ર અને ૩૫૭.૫૦ લાખ ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ આદિજાતિ વિસ્તારની ચિંતા કરવામાં આવી છે. આમ સહકારી ક્ષેત્રે લાંબી અને ટૂંકી મુદ્દતનું ધીરાણ જે ખેડૂતોને કરવામાં આવે છે જે ધીરાણ ૨૬૭૬.૭૯ કરોડનું છે. લાંબી મુદ્દતનું ધીરાણ ૫૫ લાખ ૭૧ કરોડનું છે. આ દેશના કુલ ધીરાણના ૪૬ ટકામાંથી આ દેશના ધીરાણનો ૨૫ ટકા ભાગ છે અને ૧૮ ટકા જેટલો વધારો આ ગુજરાત રાજયમાં છે. ભારત સરકાર દ્વારા હમણાં જે નીતિ જાહેર થઈ છે તેમાં ૧ લાખ કૃષિ ધીરાણ પર ૨ ટકા લેખે વ્યાજ માફની વાત છે. આ વાત સ્વીકારીને હું તો એટલું જ કહીશ કે કિસાન ક્રેડીટ કાર્ડ જેવી યોજના સરકારે દાખલ કરીને ૧૯.૭૫ લાખ ખેડૂતોમાંથી ૧૧.૩૨ લાખ ખેડૂતોને કિસાન ક્રેડીટ કાર્ડ આપ્યા છે અને તેના દ્વારા ખેડૂત પોતે સહકારી ક્ષેત્રના આ ધીરાણથી ખેડૂત પોતે સધ્ધર બની કામ કરતો થયો છે. તો હાલ ૨૯૬ બૅન્ક કાર્યરત છે. આ ૨૯૬ બૅન્ક દ્વારા સમગ્ર રાજયમાં જે ધીરાણ છે.

### સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી હું દરખાસ્ત કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** (દંડકશ્રી કોંગ્રેસ પક્ષ) : બરાબર છે.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહ સંમત છે? ( થોડીવાર બાદ ) સભાગૃહનું કામકાજ માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ બૅન્કોની સ્થિતિ મજબૂત બને તેને માટે થઈને સરકારે અનેક પગલાં લીધા છે. સરકારે લીધેલાં પગલાં અને સિદ્ધિઓની ટૂંકમાં વાત કરું છું. હોદ્દાનો દુરૂપયોગ થતો હતો, એ દૂર થાય એના માટે નવા પ્રકારની ૧૦-બી ઉમેરીને હોદ્દેદાર એની લાયકાત, કામગીરી, સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ રજૂ થાય અને લોકોમાં વિશ્વાસ સંપાદન થાય એની કડકાઈથી કામગીરી કરી છે. સી.એ.દ્વારા ઓડિટ. ઓડિટમાં ૫૦ કરોડથી જેની પાસે વધારે ક્ષમતા હોય એ ડિપોઝીટવાળી બેંકોને સી.એ.દ્વારા ઓડિટ કરવાનો પહેલીવાર અભિગમ અને એને કારણે નાની મોટી ગેરસમજ, ગોલમાલ, ગોટાળા, છેતરપીંડી અટકી છે અને બેંકોમાં ફરીથી એકવાર વિશ્વાસનું વાતાવરણ ઉભું થયું છે.

વન ટાઈમ સેટલમેન્ટ. આ એક બહુ મહત્વની યોજના છે. ખાતેદારોએ શરતચૂક કે ભૂલના કારણે, કે પરિસ્થિતિના કારણે દેવું ભરી શકયા નથી, તેઓ સ્વૈચ્છિક રીતે સરકારની આ યોજના નીચે દેવું ભરવા માટે હિંમત બતાવી છે. ૫૪ જેટલી નાગરિક સહકારી બેંકો જે સાહેબ, ફડચામાં ગઈ, લિકવીડેટરો નીમાયા અને લીકવીડેશનમાં ગઈ. કેટલાક લોકોએ સહકારી ક્ષેત્રમાં વિશ્વાસ રાખીને ખાસ કરીને મજૂરો, ગરીબો, વિધવા માતા અને કામ કરતા મજૂરો, જેમણે વિશ્વાસ મૂકયો હતો અને એમને એમ હતું કે આ પૈસા આવશે કે કેમ? પરંતુ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને આદરણીય કૃષિમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીએ એમની દેખરેખ નીચે અને અધિકારીઓ દ્વારા નાબાર્ડ અને રિઝર્વ બેંકની સતત દેખરેખ સાથે પ્રયત્નો કરીને આજની તારીખે કુલ ૧૦૦૭ કરોડ જેટલી રકમ ડિપોઝીટરોને, વીમા રક્ષિત ડિપોઝીટરોને ચૂકવવામાં આવી છે. અત્યાર સુધી ૨૮/૨/૨૦૦૬માં ૬,૧૭,૦૫૨ સભાસદોને ૮૯૩ લાખ રૂપિયાની માતબર રકમ ચૂકવીને ફરી એકવાર આ ક્ષેત્રમાં વિશ્વાસ સંપાદન થાય એની ચિંતા કરી છે. ગુનેગારોને છોડયા નથી. આ સરકાર કોઈને પણ, જેણે ખોટું કર્યુ છે, સહકારી ક્ષેત્ર સાથે વિશ્વાસઘાત કર્યો છે, દગાબાજી કરી છે, એવા કોઈને પણ છોડવા માગતી નથી, છોડીશું પણ નહીં. વહાલા દવલાની નીતિ રાખ્યા વગર, રાજકીય બૂમાં આવ્યા વગર ૧૨૭ કેસોમાં ૧૨૪૫ પોલીસ

---

• * (XXX) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

ફરિયાદ દાખલ કરી છે. ૪૩૩૦ કોર્ટમાં કેસ છે. ૨૦૯ નવા પોલીસ કેસ છે. આમ આ ક્ષેત્રમાં જયાં જયાં છેતરપીંડી, ગોટાળા કે ગોલમાલ માલૂમ પડી છે, ત્યાં કડક હાથે કામ લીધું છે. વાડ ચીભડા ગળે એવી નીતિ ચલાવી નથી.

**અધ્યક્ષશ્રી** : પગલાં લેવામાં ઢીલાશ ન ચાલે.

**શ્રી સી.ડી. પટેલ** : જી સાહેબ. આ સરકાર એમાં માને છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી, એમની પાસે માત્ર જ્ઞાન નથી. નોલેઝ પણ છે. Knowledge is power. Knowledge is power when vision is clear. દૃષ્ટિ અને દુરંદેશીપણા સાથે એમનું ચારિત્ર્ય, કેરેકટરીસ્ટીક, ચારિત્ર્ય પણ સઘન છે. અને તપશ્ચર્યાના તેજને આધારે સમગ્ર ગુજરાતના છેવાડાના ગરીબ, દલિત માણસને સહકારી ક્ષેત્રે ૧ કરોડ ૩૨ લાખ સભાસદોની સતત ચિંતા અને ચિંતન કરતા ગુજરાતના મુખ્યમંત્રી કોઈને પણ આવું ખોટું કરનારને છોડશે નહીં. સામાન્ય અને ગરીબ માણસના રોટલાને એના મ્હોં સુધી પહોંચાડવા માટે આ સરકાર સક્ષમ છે.

માંદી અને મર્જર બેંક. જે બેંક માંદી પડી છે, એના વહીવટમાં ઢીલાશ આવી છે, (અંતરાય) પહેલીવાર માંદી બનેલી બેંકને જે મજબૂત બેંક હોય, આપણો નિયમ અને વ્યવહાર રહ્યો છે કે નબળો માણસ હોય એને સામાન્ય માણસ મદદ કરે. સરકારે પગલું લીધું અને અધિકારીઓએ મહેનત કરી, રિઝર્વ બેંકે સંમતિ આપેલી છે કે જે માંદી બેંક છે, ઢીલી અને નબળી પડેલી એવી ૧૭ સહકારી બેંકોમાં મર્જ કરવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને સરકારશ્રીના પ્રયત્નો દ્વારા અમદાવાદની સ્ટાન્ડર્ડ કો-ઓપરેટીવ બેંક, રોયલ કો-ઓપરેટીવ બેંક, આ બંને બેંકોને કાલુપુર કો-ઓપરેટીવ બેંક સાથે, બરોડા ડિસ્ટ્રીકટ ઈન્ડિસ્ટ્રીયલ બેંકને પ્રાઈમ બેંક લિમિટેડ, સુરત સાથે. આમ સમગ્ર જરૂરિયાતોને ખ્યાલમાં રાખીને, વિગતવાર વિચાર કરીને, બેંકને માંદી નહીં પડવા દેવા અને ટેઈક ઓવર કરવા માગે છે. આવા સદ્ધર ક્ષેત્રના સહકારી આગેવાનોને સાથે લઈને બધાને સાથે લઈને ચાલે અને બેંકો ફરીથી પુનઃજીવીત બને એના માટેની ચિંતા કરી છે અને આ બેંકોને ફરીથી ગૌરવભેર પ્રસ્થાપિત કરવા માટે સરકારના પ્રયત્નો અભિનંદનીય છે અને એમાં માનનીય કૃષિ મંત્રીશ્રીનું સતત માર્ગદર્શન અને હૂંફ મળી રહયાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતી ક્ષેત્રે અનેક ફેરફારો જયારે આવી રહયા છે ત્યારે સહકારી સંસ્થાઓની પણ વાત કરવાની છે કે મોડેલ એકટ એ આપણા સૌનો વિષય છે અને બધા સાથે મળીને મોડેલ એકટની ચિંતા કરીએ છીએ અને કરાર આધારિત ખેત પધ્ધતિ કોન્ટ્રાકટ ફાર્મિંગની વાત એ દ્વારા ખેડૂતોના હિતની ચિંતા સૌ સાથે મળીને કરીએ છીએ. તો ટેકનોલોજી મીશન ઓન કોટન ક્ષેત્રે પણ ૭૫ હજાર કરોડ કવિન્ટલ કપાસની વાર્ષિક આવક સામે એનું વિસ્તરણ થઈ શકે એવી સ્થિતિ, નાણાકીય સંસ્થાઓ પાસે લોન અને મીની મીશન પ્રોજેકટ હેઠળ ૬૦ ટકાની સહાય પણ મંજૂર કરી છે. આ યોજના હેઠળ ૧૯૯૯ થી ૨૦૦૪ સુધીમાં કુલ ૨૪ બજાર સમિતિઓમાં ૩૮.૬૪ કરોડ રૂપિયાના પ્રોજેકટ મંજૂર કર્યા છે, ૨૦૦૫-૦૬ માં એક જ વર્ષમાં ૧૧ બજાર સમિતિના ૨૪.૫૫ કરોડ રૂપિયાના પ્રોજેકટ મંજૂર કર્યા છે, ખેડૂતોના હિતની ચિંતા સાચા અર્થમાં થઈ છે, ખેડૂત એ જગતનો તાત છે, એ સાચા અર્થમાં જગતનો તાત છે એની પ્રતિતિ કરાવવા માટે આ સરકારે સહકારી ક્ષેત્ર દ્વારા એની ચિંતા કરી છે. આ સહકારી ક્ષેત્ર એના માટે કટિબધ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, દૂધના ક્ષેત્રમાં શ્વેત ક્રાંતિ અને આજનો દિવસ જળ દિન છે અને પિયત સહકારી મંડળીઓ અન સરદાર સરોવરમાંથી જે પાણી મળી રહયું છે એમાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના દ્વારા પોતે જ બનાવેલી સહકારી મંડળી દ્વારા સૌ ખેડૂતો સાથે મળીને પાણી મેળવે અને એ પાણી જીવન બને.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે ખાંડ ઉદ્યોગની પણ ચિંતા કરી છે, ખાંડ ઉદ્યોગ ક્ષેત્રમાં ખૂબ મોટા પ્રમાણમાં પ્રગતિ થઈ છે. સમાજના છેવાડાના માનવીની ચિંતા કરીએ છીએ. રિવાઈવલ પેકેજમાં થી માંદી ખાંડ મિલોની ચિંતા કરી છે. ખાંડ ઉદ્યોગ એ આપણી ઓળખ છે એ એટલા માટે કે એમાં આદિવાસી, ગરીબ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો એમાં સભાસદો છે અને આ સરકારે એમની ચિંતા કરી છે અને એ બંધ થતાં વડોદરા સુગર, સરદાર સુગર, મરોલી સુગર, ઉકાઈ પ્રદેશ, ખુશાલપુરા સુગર માં રિવાઈવલ પેકેજ દ્વારા ૩૮૧૧.૪૫ લાખ રૂપિયા મંજૂર કરી આ ચાર મિલોને ધમધમતી કરવાનું કામ આ સરકારે કર્યુ છે અને આ ક્ષેત્રમાં કામ કરવાને કારણે (અંતરાય)

**શ્રી પંજાભાઈ ભી વંશ:** માનનીય અધ્યક્ષશ્રી, એ પૈસા તો કેન્દ્ર સરકારે આપ્યા છે.

**શ્રી સી.ડી.પટેલ:** પણ એની ક્રેડિટ-ગેરન્ટી તો ગુજરાત સરકારે આપી છે. હું ભારત સરકારને અભિનંદન આપું છું કે તેમને કમસે કમ ખબર તો પડી કે ગુજરાત સરકાર સાચા અર્થમાં ખેડૂતોની ચિંતા કરે છે,અને હું એની વહારે જાઉં એવી મોડે મોડે પણ એમને ખબર પડી એ આનંદની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેત ઉત્પન્ન બજાર સમિતિઓનો પણ જે રીતે વિકાસ થઈ રહયો છે. એમાં ખેડૂતોના ખળામાંથી માલ વીણીને બજાર સમિતિમાં જાય, હું પોતે પણ ખેડૂતનો દીકરો છું, હું પોતે પણ બજાર સમિતિમાં લૂંટાતો હતો. હું પણ ખેત બજાર સમિતિમાં રહેલો છું અને અનાજનો ધંધો કરતો હતો. ત્યારે મને લાગ્યું કે ત્રાજવે તોલાતા ખેડૂતને લૂંટાતો બચાવવા માટે પણ હું એનો વિરોધ કરીને એમાંથી બહાર નીળકી

ગયો છું એ દિવસે ૧૯૮૬ માં તારાપુર માર્કેટ યાર્ડમાં ત્રાજવે અનાજ નહીં તોલવું એમ કરીને ખેડૂતોની સાથે રહીને મેં ધંધો મૂકી દીધો હતો અને ખેડૂતોની સાથે રહયો છું અને ખેત બજાર સમિતિની વાત કરું છું. સમગ્ર ૩૦૪ ખેત ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા, સહકારી સંસ્થાઓ મારફતે અને ૮૨ અન્ય સંસ્થાઓ દ્વારા કૃષિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી અને એના કારણે ૭,૨૩,૧૦૮ ખેડૂતો એ એનો લાભ લીધો છે અને એ ખેડૂતોના હિતની ચિંતા કરતાં કરતાં હું એક કવિતા કહેવા માગું છું કે...

**અધ્યક્ષશ્રી**: ગઝલ છે કે કવિતા છે?

**શ્રી સી.ડી.પટેલ**: ના, ગઝલ નથી, પણ કવિતા છે. સંસ્કાર, સરકાર અને સહકાર એ ત્રણેના સંયુકત પ્રયત્નોથી ગુજરાતની આજે જે સ્થિતિ થઈ છે એમાં ફરીવાર એકવાર સૌ સાથે મળીને આ સહકારી ક્ષેત્રને ફરી સુંદરતા તરફ લઈ જઈએ કારણ કે, સહકારી સંસ્કૃતિ સત્યમ શિવમ સુંદરમ, સંઘે શકિત સહકારે, સંપે સઘળું સહકારે, સંપની વાત છે, સહકારે સિધ્ધાંતો સુંદર, સહકારે સ્વતંત્રતા સુંદર, પૂજય બાપુએ કહ્યું છે, સહયોગ સોહે સહકારે, સમતા સઘળી સહકારે, સહકાર સૂકાય અનાચારે, સહકાર સૂકાય અનાચારે,

**અધ્યક્ષશ્રી** : માનનીય પુંજાભાઈ જે બોલ્યા તે ગઝલમાં બોલાય.

**શ્રી સી.ડી. પટેલ** : સહકાર શોભીત સંવાદે, પરસ્પર સંવાદ કરવાથી સહકાર શોભે છે, સમજ સંપત સહકારે, સર્વોદય સૌનો સહકારે, સંજીવની સમૂરી સહકારે, જય જય ગરવી ગુજરાત, સત્યમ શીવમ સુંદરમ, સહકારી પ્રવૃત્તિ સુંદરમ. ભારત માતાકી જય. માનનીય અધયક્ષશ્રી, સૌને હું વિનંતી કરું છું કે આપણે સૌ એ મળીને આ સહકારી ક્ષેત્રની ચિંતા કરી છે ત્યારે નાની મોટી કાપ દરખાસ્તો લઈને આવેલા મિત્રોને હું કહીશ કે આખરે પૂજ્ય બાપુના ચરણોમાં જયારે આ વાત કરીએ છીએ ત્યારે અને ટ્રસ્ટી વાદના સિદ્ધાંતમાં વાલીપણાનો સિદ્ધાંત જયારે પૂજય બાપુએ આપ્યો હોય ત્યારે સમાજના સાચા વાલી બનીએ અને રામના બાણે વીંધાનાર વાલી ન બનીએ એમ સમજીને આ કાપ દરખાસ્તો પાછી ખેંચી લેશે તેવી વિનંતી કરું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણીઓ લઈને આ વિધાનસભા ગૃહમાં હું આવી હતી, શાસક પક્ષ અને સાથી પક્ષ બન્નેમાંથી લગભગ ૪૦ જેટલા ધારાસભ્યોએ પોતાના વિચારો કૃષિ અને પશુપાલન તથા મત્સ્યોદ્યોગ ઉપર વ્યકત કર્યા છે. પરંતુ એક પણ પુરુષ સભ્યએ મહિલાની કે બાળકોની ચિંતા ન કરી. એટલે મહિલાને યાદ પણ ન કરવાની, મહિલા માટેની ચિંતા કે ચિંતન પણ નહીં કરવાનું, મત લેવાના માત્ર, આ સ્થિતિ છે, મને એવું હતું કે કૃષિ, પશુ પાલનમાં કયાંક મહિલાઓનો ઉલ્લેખ થશે. કારણ કે પશુ પાલનમાં સૌથી વધારેમાં વધારે જોડાયેલી હોય તો તે મારી બહેનો છે. આ તમે દૂધ પીઓ છો, ડેરી ચલાવો છો તે મહિલાઓને કારણે ચલાવો છો, પણ તેના માટે પણ શું કરવું જોઈએ તેવી ચિંતા કે ચિંતન ન કર્યુ. કૃષિ ક્ષેત્રે પણ સૌથી વધારે કામ કરતી હોય તો તે બહેનો છે. બાકી ભાઈઓ તો ઓટલા ઉપર બેસીને બીડીઓ ફૂંકે છે. પણ બહેનો ખેતરમાં કામ કરવા જાય છે. તેની ચિંતા પણ ન કરી. મહિલા અને બાળ કલ્યાણ વિભાગના અનેક નાના યુનિટો મારફત મહિલાઓના કલ્યાણની ચિંતા કરવામાં આવે છે. મહિલા આર્થિક વિકાસ નિગમ, મહિલા આયોગ, કિશોરી શકિત યોજના, સ્વયં સીધ્ધી યોજના, મહિલા સામ્યક, આઈ.સી.ડી.એસ. યુનિટો કાર્યરત છે. હું ટૂંકમાં પૂરું કરીશ. કારણ કે સમયની મર્યાદામાં મારે કામ પૂરું કરવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં આ રાજયમાં ૩૭૯૬૧ આંગણવાડીઓ હતી. અને ૨૨૭ આઈ.સી.ડી.એસ યુનિટો ચાલતા હતા. પણ કેન્દ્ર સરકાર અને રાજય સરકારના પ્રયત્નોના કારણે આ વર્ષે ૩૩ નવા આઈ.સી.ડી.એસ. યુનિટો પ્રાપ્ત થયા છે. અને ૩૫૨૩ નવી આંગણવાડીઓ બનશે. એટલે મારી દરેક સભ્યશ્રીઓને વિનંતી છે કે આપના વિસ્તારમાં કોઈ નાનું ગામ હોય ઓછી વસતિ હોય ત્યાં પણ એની અંદર હવે નવી આંગણવાડી શરૂ કરી શકાશે. એટલે આપના વિસ્તારમાં કોઈ પણ આંગણવાડી કરવાની જરૂરિયાત હોય તો અમારું ધ્યાન ચોક્કસ દોરજો,

ભારતીબેને વિષય ઉઠાવ્યો હતો આંગણવાડીના મકાનો માટેનો, વાત સાચી છે. કે ૧૯૭૫માં આંગણવાડીઓની શરૂઆત થઈ હતી. પરંતુ આંગણવાડીઓના મકાનો તરફ દુર્લક્ષ સેવવામાં આવ્યું હતું. અને ૧૯૯૭-૯૮ માં આ વિભાગમાં માત્ર ૭૬૦૪ આંગણવાડીના સરકારી મકાનો બન્યા હતા. ૨૩ વર્ષમા આટલા જ મકાનો આપણે બનાવી શકયા હતા માનનીય જગદીશભાઈ, જો વર્ષે વર્ષે એક હજાર આંગણવાડીઓના મકાનો બનાવી શકયા હોત તો હું માનુ છું કે આજે ૩૭ હજાર આંગણવાડીના મકાનો બનાવી શક્યા હોત. અમે છેલ્લા ચાર પાંચ વર્ષથી પ્રયત્નો શરૂ કર્યા છે એમાં અમે સાત વર્ષની અંદર ૭૬૦૪ આંગણવાડીઓ બનાવી શક્યા છીએ. જ્યારે આવતા વરસે એક હજાર નવી આંગણવાડી બનશે. આપણે સૌ સાથે મળીને પ્રયાસ કરીએ તો દરેક આંગણવાડીને મકાન, પીવાનો ભાગ હોય, ટાંકી હોય, કિચન હોય, ટોઈલેટ હોય એ પ્રકારની બનાવવાની શરૂઆત કરી છે.જે મકાનો બની ચૂક્યા છે એમાં જો ટોઈલેટ ન હોય તો એમાં ટોઈલેટ બનાવવાની શરૂઆત પણ રૂરલ વિભાગે શરૂ કરી દીધી છે. ૧૪ હજાર આંગણવાડી બની છે એમાં આવતા વરસે ૧૪ હજારમાં ટોઈલેટ અને પીવાના પાણીની ટાંકી મળી જાય એ માટેના પ્રયાસો કરી રહ્યા છીએ.

રાજયની અંદર આટલી બધી આંગણવાડીઓ ચાલે છે એની અંદર ૭૫ હજાર જેટલી બહેનો કાર્યરત હોય પરંતુ આંગણવાડી કરીને શું? એમાં કઈ વાર્તા કરવાની, કઈ પ્રાર્થના કરવાની, બાળકોને કયા પ્રકારની રમતો રમાડવાની કે એના કારણે બાળકોમાં સારી આદત પડે, સારા સંસ્કારો પડે એના માટે કોઈ મેન્યુઅલ ન બન્યા. પરંતુ અમે એના માટે પ્રયાસ કર્યો અને આ વરસે શિક્ષકો માટેની એક સારી બૂક તૈયાર કરી અને એકે એક આંગણવાડીની અંદર બે બૂક મોકલી આપી છે એ પ્રમાણે અમારા શિક્ષકો તાલીમ આપી રહ્યા છે. એની અંદર બધી વાતો છે. આ વાર્તા શા માટે કહીએ છીએ, આ રમતગમત શા માટે કરાવીએ છીએ એના લીધે બાળકોના કયા શારીરિક અંગેનો વિકાસ થશે એની બધી વાત એમાં કરી છે.

મુખ્ય સેવિકાની ભરતી ૧૯૯૩ પછી બંધ થઈ ગઈ હતી કારણ કે લગભગ તે વખતે કોર્ટ મેટર થઈ હતી. ૮૦૦ બહેનોને સર્વિસ મળવી જોઈતી હતી પરંતુ ન મળી. કોર્ટ મેટરને કારણે આપણે નહોતા ભરી શક્યા પરંતુ કોર્ટમાં જઈને એમાંથી ઉકેલ લઈ આવ્યા અને દરેક જિલ્લાની અંદર ૮૦૦ ખાલી જગ્યાઓ છે એ આવતા મહિનાના અંત સુધીમાં ભરાઈ જશે. એ પણ જે આંગણવાડી વર્કર બહેનો છે એને પ્રમોશન આપવાના છીએ. આપણે કહીએ કે હજાર રૂપિયામાં બહેન શું કરે. આજે ૮૦૦ બહેનોને પ્રમોશન મળશે તો એમને પાંચથી સાત હજાર જેટલો પગાર ચોક્કસ મળશે. એની અંદર ત્રણ વર્ષની વય મર્યાદા વધારી દેવામાં આવી છે. નોમિનેશનથી એમને ભરવાના છે. તદ્દન મેરિટના આધારે આ જગ્યાઓ ભરવામાં આવશે. એટલે કોઈપણ જાતની ગેરરીતિ કે ગરબડ વચ્ચે ન થાય.

છ મહિનાથી ૩૬ મહિના સુધીના બાળકોને કેવું ફુડ આપવું જોઈએ. અત્યાર સુધીમાં છ મહિનાના બાળકોને દાંત પણ ન હોય તો ખાવાના કેવી રીતે એનો કોઈને વિચાર ન આવ્યો કે નાના બાળકોને કેવો ખોરાક આપવો જોઈએ. એટલે ગત વરસે સાત જિલ્લામાં વિનિંગ ફુડ પાવડરના ફોમમાં તૈયાર કરવામાં આવ્યો છે. આ સાત જિલ્લાઓની અંદર આપણે આ આપીએ છીએ એના ખૂબ સારા પરિણામો આવ્યા છે. એટલે આપણે ૨૦૦૭ના વર્ષથી ગુજરાતના તમામ જિલ્લાઓમાં છ માસથી ૩૬ માસના બાળકોને વિનિંગ ફુડ પાવડર સ્વરૂપમાં આપવાનો નિર્ણય રાજય સરકારે કર્યો છે.

કિશોરી શકિત યોજના રાજયની અંદર છેલ્લા એક બે વર્ષથી ચાલુ કરી છે. જેની અંદર ૪૦ આઈ.સી.ડી.એસ. ઘટકોની અંદર આ યોજના અમલમાં હતી. હવે આ આખી યોજના તમામ ઘટકોની અંદર ૩૭ હજાર આંગણવાડીઓની અંદર અમલમાં આવશે. આ આંગણવાડીમાં દસ કિશોરીઓને લાવવામાં આવશે અને એની ઉંમર ૧૧ થી ૧૮ વર્ષની બહેનો કે જે દીકરી માતા બનવાની છે. તો આવી બહેનો કે જેમનુ વજન ઓછુ છે જે એનિમીક પૂરતુ પોષણ નથી મળતું, શાળામાં જઈ નથી શકતી એવી કિશોરીઓને આ કિશોરી શકિત યોજના નીચે આવરી લેવામાં આવશે. આ રીતે ૪ લાખ ૧૦ હજાર કિશોરીઓને આનો લાભ મળશે.

જ્યારે કેન્દ્રમાં એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે દાહોદ અને ગોધરા જિલ્લામાં એન.પી.એ.જી. ની સ્કીમ શરૂ કરી હતી. એટલે ૩૫ કિલો કરતા જે દીકરીનું વજન ઓછુ હોય એવી દીકરીઓને શોધીને એમને દર મહિને છ કિલો મકાઈ આપવાની યોજના હતી. પરંતુ કોઈ કારણસર પછી આ યોજના કેટલાક વર્ષ સુધી બંધ કરી દેવામાં આવી હતી. પરંતુ આપણે પ્રયત્નો કર્યા અને કેન્દ્ર સરકારે આપણી વાતને સ્વીકારીને પૂરા દેશમાં એનું અમલીકરણ કરી રહી છે. ગ્રામ પંચાયત દસ દીકરીઓ નક્કી કરશે જે કુપોષિત દીકરીઓ હોય તેઓને આપણે કહી દીધું છે. તેમાં પંચમહાલમાં ૯ ઘટકોમાં ૯૩,૯૯૧ દીકરીઓને શોધી છે અને દાહોદમાં ૬ ઘટકોમાં ૧,૧૨,૬૬૫ દીકરીઓ છે કે જેનું વજન ૩૫ કિલો કરતાં ઓછું છે. આવતા મહિનાથી આ પંચમહાલ અને દાહોદની ૨,૦૬,૬૬૫ દીકરીને દર મહિને વધારાની છ કિલો મકાઈ આપવાની યોજનાની અમલવારી કરવા જઈ રહ્યા છીએ. આંગણવાડી માટે જે પ્રયત્ન આપણે સૌ કરી રહ્યા છીએ. તેના માટે એન.સી.ઈ.આર. કાર્યક્રમ દ્વારા દેશભરની તમામ આંગણવાડીઓનો સરવે કરવામાં આવ્યો. તેમાં ગુજરાતે પણ શ્રેષ્ઠ કામગીરી કરી છે તેના માટે મેઘાલય, ઓરિસ્સા, તામિલનાડુ, કેરાલા, ગુજરાત અને કર્ણાટકમાં સારું કામ કરવા બદલ ગુજરાતનો પણ સમાવેશ થાય છે.

વિધવા પેન્શન. અમારા ચંદ્રિકાબહેન ઘણી વખત આ વિષેની વાત કરે છે. આજે બોલ્યા નથી. ૯૬,૮૪૦ વિધવા બહેનોને આપણે પેન્શન આપીએ છીએ. ૬૯ કરોડ રૂપિયાની આ યોજનાના નાણાં ફેબ્રુઆરી સુધીમાં તમામ બહેનોના ખાતામાં તેમનું પેન્શન પૂરું કરી દીધું છે. સાથે સાથે ૬૦ વર્ષની ઉંમર થાય ત્યારે તે સીધી વૃદ્ધા પેન્શનમાં ચાલી જાય છે. જેથી કરીને ફરીથી ફૉર્મ ભરવાની આવશ્યકતા રહેતી નથી અને ૩૦૦૦ વિધવા બહેનોને તાલીમ આપી આ વર્ષે આ બધી જ બહેનોને ૩૦૦૦ રૂપિયાની કીટ એપ્રિલ મહિનામાં આપવાના છીએ. તેમાંથી ૫૦૦ બહેનો સ્વરોજગાર તરફ ગઈ છે અને સારું કામ કરી રહી છે. મેં મારી નજરે જોયું છે. કારણ કે હું ત્યાં ગઈ છું. મહિલા કલ્યાણની પ્રવૃત્તિઓ ચાલે છે તેમાં જિલ્લામાં ૮-૧૦ હોય અથવા તો કોઈ જિલ્લામાં આવી કોઈ પ્રવૃત્તિ, કોઈ કિશોરી કેન્દ્ર કે મહિલા માર્ગદર્શન કેન્દ્ર ન હોય એટલે તમામનો એક સરવે કરી લીધો છે અને સરવેના આધારે તેને રૂપાંતરિત કરી રહ્યા છીએ. અત્યારે ૧૧૩ તાલુકામાં કોઈ પણ પ્રકારના કેન્દ્રો ઉપલબ્ધ નથી. એવા તાલુકાઓની અંદર અમે ૫૦ ટકાથી વધારે તાલુકાઓને આવરી લઈશું.

એ ઉપરાંત પ્રથમ તબક્કે દરેક જિલ્લા મથકે વિમૅન હેલ્પ લાઈનની આપણે સગવડ ઉભી કરવાના છીએ. બીજાં તબક્કામાં દરેક કેન્દ્ર ઉપર વિમૅન હેલ્પ લાઈનની સગવડ થશે અને ૬૧ કેન્દ્રો ઉપરથી કાનૂની સહાય અને તમામ વય જૂથની મહિલાને વિવિધ માર્ગદર્શન, માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત કાયદાકીય સલાહ આપવા માટે કાનૂની સેવા સત્તા મંડળ સાથે તેનું જોડાણ કરવામાં આવશે. લોકભાગીદારી કરીને આ બધા જ કેન્દ્રો લગભગ ચલાવવામાં આવશે અને તેમાં માનદ વેતન પણ વધારવામાં આવ્યું છે. જે સંસ્થાઓ આ કામ કરશે તેમને પણ પ્રોત્સાહન માટે વધારે સારી સગવડો આપવામાં આવશે. ગુજરાતમાં સ્વસહાય જૂથો ચાલે છે. ૨,૫૯૩ સ્વસહાય જૂથો ચાલે છે. ૪૪,૩૨૦ બહેનો આજે આની અંદર કાર્યરત થઈ છે. આ બહેનોએ પોતે બચત કરી છે. તેમાં ૩ કરોડ ૪૫ લાખ રૂપિયાની બચત કરી છે. તેની સામે આંતરિક ધિરાણ લગભગ ચારેક કરોડ રૂપિયાનું બહેનોએ કર્યું છે. આ એક વધારે સારું કામ ગુજરાતમાં થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા આયોગની રચના કરીને મહિલા આયોગને પણ વધારે મજબૂત બનાવવામાં આવ્યું છે. અનેક બહેનો પોતાની સમસ્યાઓ લઈને મહિલા આયોગની પાસે આવી રહી છે.

મારે જે મહત્ત્વની વાત કરવી છે, આ તો બધી વાતો છે જ. આપણે કરતાં રહીશું પરંતુ ગુજરાતમાં જે રીતે કેળવણી માટેનો પ્રયાસ થયો કે બહેનો શિક્ષિત હોવી જોઈએ. સાક્ષરતાનો દર વધે તેના માટે આપણે સતત પ્રયત્નો કરતા રહ્યા. આવો જ એક ગંભીર પ્રશ્ન સ્ત્રી ભૃણ હત્યાનો છે. આપ બધા જ જાણો છો, સ્ત્રી ભૃણ હત્યાના જે આંકડાઓ છે એ બહુ જ ગંભીર આંકડાઓ છે. ૨૦૦૧ની વસતિ ગણતરી છે તેમાં મહેસાણા જિલ્લામાં ૧૦૦૦ પુરુષોએ ૧૯૯ સ્ત્રીઓ ઓછી થઈ ચૂકી છે. ગાંધીનગર જિલ્લામાં ૧૦૦૦ પુરુષોની સામે ૧૮૭ દીકરીઓ ઓછી છે. અમદાવાદ જિલ્લામાં ૧૦૦૦ પુરુષો સામે ૧૬૪ બહેનો ઓછી થઈ ચૂકી છે. એ ઉપરાંત તાલુકાની હું માત્ર વાત કરું તો ઉંઝા તાલુકામાં ૦ થી ૬ વર્ષના બાળકોની ઉંમરની વાત કરું છું. ઉંઝામાં ૧૦૦૦ છોકરાઓ સામે ૨૫૮ દીકરીઓ ઓછી થઈ ચૂકી છે. વીસનગર તાલુકામાં ૧૦૦૦ છોકરાઓ સામે ૨૩૪ દીકરીઓ ઓછી થઈ ચૂકી છે. માણસામાં ૨૨૬ છોકરીઓ ઓછી છે. વીજાપુરમાં ૨૨૩ છોકરીઓ ઓછી છે. ગુજરાતના ૪૩ તાલુકાઓમાં આ જે વસતિ ઓછી થઈ રહી છે, તેમની સંખ્યા ઘટી રહી છે એ આપણાં સૌની ચિંતાનો વિષય છે. એટલા માટે રાજય સરકારે આ વર્ષને ૨૦૦૬-૨૦૦૭ના વર્ષને " બેટી બચાવો "ના સ્વરૂપમાં ઉજવવા માટેનો નિર્ણય કર્યો છે અને બેટીને પણ બચાવવા માટેનો એક મહોત્સવ આખા રાજયમાં ઉભો કરવાના છીએ. એટલે તેનો વિરોધ ન કરતા, મહોત્સવ, મહોત્સવ, મહોત્સવ કરીને.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ એવો દેશ છે કે જ્યાં નારીને ઈશ્વરનું સ્વરૂપ આપ્યું છે. નારીને આપણે ઈશ્વર તરીકે પૂજીએ છીએ. વિશ્વના કોઈ દેશમાં ઈશ્વર તરીકે પૂજતા હોય એવું નથી. એ આપણી સંસ્કૃતિ છે. પુરુષને પણ જ્યારે ઈશ્વર તરીકે પૂજીએ છીએ ત્યારે પુરુષની અંદર અર્ધું અંગ સ્ત્રીનું છે એટલે એ અર્ધનારીશ્વર છે. રાધા હશે ત્યાં કૃષ્ણ પણ હશે, પાર્વતી હશે ત્યાં શંકર પણ હશે, સીતા હશે ત્યાં રામ પણ હશે. આવી સ્ત્રીઓએ આઝાદીના આંદોલનની અંદર ભાગ લેતી આપણી બહેનો. આઝાદીની અંદર પોતે પોતાનું સર્વસ્વ ગુમાવ્યું હતું પરંતુ આઝાદી મળ્યા પછી એમની સતત ઉપેક્ષા થઈ રહી છે એ ઘણો ગંભીર વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને ખબર છે. થોડાક સમય પહેલાં અને છેલ્લા ૩ વર્ષથી સ્ત્રી ભ્રૂણ હત્યા ઉપર ગુજરાતમાં જ્યાં જાઉં ત્યાં, જ્યાં જવાનું થયું છે ત્યાં સ્ત્રી ભ્રૂણ હત્યા ન થવી જોઈએ. અને આવતા દિવસોમાં એનું કેવું પરિણામ ભોગવવું પડશે એની વાત સતત હું કહેતી રહી છું. હમણાં થોડાક સમય પહેલાં પહેલી જાન્યુઆરીએ, આ એટલા માટે કહું છું કે, હું સતત ૩ વર્ષથી પ્રયાસ કરતી હતી. તે વિષય હવે ઝીલાયો છે. સુરતની અંદર પાટીદાર સમાજનું સંમેલન થયું, ઘણા બધા પાટીદારો ત્યાં ભેગા થયા, લગભગ ૧૫ લાખ પાટીદારો ત્યાં હતા. આમાંના ઘણા બધા ત્યાં હતા. આ સંમેલનનો વિષય માત્ર એક જ હતો. સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવો, બેટી બચાવો, ત્યાર પછી ગુજરાતની અંદર આ વિષય ઝીલાયો અને સમગ્ર ગુજરાતની અંદર જ્યાં પણ સમૂહ લગ્ન થાય છે, લોકો ત્યાં એ જ વિષય ઉપર વાત થાય છે. કોઈએ પ્રવચન કર્યું, તો કોઈએ નવદંપતીને તેઓ સ્ત્રી ભ્રૂણ હત્યા નહીં કરે, એવો સંકલ્પ લેવડાવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, ૫મી માર્ચના દિવસે માનનીય મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં, સાધુ-સંતોની ઉપસ્થિતિમાં, હજારો બહેનોની ઉપસ્થિતિમાં એક લાઈવ કાર્યક્રમ કર્યો અને ગુજરાતના જિલ્લા અને તાલુકાઓમાં આર.એચ.સી. સેન્ટરોમાં અનેક સ્થળોએ બેસીને ૩ કલાક સુધી સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવી જરૂરી છે અને જો અટકાવવામાં નહીં આવે તો ભવિષ્યમાં ગુજરાતમાં અને દેશમાં કેવી સમસ્યા થશે? જે બહેનો શિક્ષિત છે, જીવતી છે એ અસુરક્ષિત થઈ જશે, એમના અપહરણ થશે, એમની ઉપર બળાત્કાર થશે. એવી વાત લઈને આપણે જાગૃતિ લાવવાની કોશિશ કરી રહ્યા છીએ. સમાજની અંદર કેવી પરિસ્થિતિ પેદા થઈ છે. એક દીકરી હોય અને બીજી દીકરી આવવાની હોય તો, સોનોગ્રાફીની શોધ થઈ અને ડૉક્ટરો પણ પોતાની નીતિમત્તા ભૂલ્યા. પૈસા કમાવાની લાહ્યમાં, પૈસાદાર થવા તેઓ ભાન ભૂલ્યા છે. કોઈ બહેન દવાખાનામાં જાય અને સોનોગ્રાફી કરાવે ત્યારે એ સ્ત્રી બીજ છે કે પુરુષ બીજ હશે એ કહેવાનું હોતું નથી. બહેનોને એવી ભાવના થાય કે શું હશે? સ્ત્રી બીજ હોય તો એની હત્યા થઈ જાય અને ડૉક્ટર પોતે હત્યારો થઈ જાય અને ડૉક્ટર

હત્યારો ન બન્યો હોત તો આજે સ્ત્રી ભ્રૂણના આંકડા અહીંયાં છે એ ન બન્યું હોત. એટલા માટે કે, આ જવાબદારી ડૉક્ટરોની હતી. ડૉક્ટરોએ બહેનોને સમજાવવાની હતી. એમણે પણ પૈસા કમાવાનો શૉર્ટ કટ શોધી કાઢ્યો. એમણે પણ આ પ્રયાસો ન કર્યા અને નીતિમત્તા ધીરે ધીરે નીચે ગઈ અને એટલા માટે રાજય સરકારે આ વિષય ઉપાડ્યો છે. આપણે એકવીસમી સદીમાં આવી ચૂક્યા છીએ. હવે દીકરો કે દીકરી વચ્ચે ભેદભાવ ન હોવો જોઈએ અને છતાં ભેદભાવ હોય તો આપણે શિક્ષણ કયાં લીધું, આપણા સંસ્કાર કયાં ગયા? આપણી સંસ્કૃતિ કયાં ગઈ? આ એકવીસમી સદીની વાત છે. ૧૮મી સદી અને ૧૯મી સદી તો આના કરતાં સારી હતી. એ વખતે દીકરીને જન્મ્યા પછી એને દૂધપીતી કરી દેવામાં આવતી હતી. એ વખતે કમસેકમ એને જન્મવાનો અધિકાર તો આપ્યો હતો. પણ આટલું બધું બન્યું ટૅક્નૉલૉજીની શોધ થઈ, છતાંપણ આપણે આ કરી રહ્યા છીએ. આપણી દીકરીનો જન્મવાનો અધિકાર પણ નથી રહ્યો. કોણે આ અધિકાર આપ્યો? કયા કાયદાની અંદર આ લખ્યું છે? આવો કોઈ અધિકાર આપણને આપવામાં આવ્યો નથી. સમાજની અંદર કોઈ અસાધ્ય રોગથી પીડાતા હોય એને એ રોગ સહન ન થતો હોય ત્યારે આપણને ખબર છે કે, હાઈકોર્ટની અંદર સુપ્રીમ કોર્ટની અંદર દાદ માગે છે કે અમને મરવાની રજા આપો તેમ છતાં પણ હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ એને મરવાની રજા નથી આપતી ત્યારે કયા અધિકાર આપણને મળ્યા કે ગર્ભની અંદર ઉછરતી એક માસૂમ દીકરીની આપણે હત્યા કરી રહ્યા છીએ? કયા અધિકારથી આપણે આ કામ કરી રહ્યા છીએ અને એટલા જ માટે આપણું આ બેટી બચાવો આંદોલન આ રાજય સરકારે ઉપાડયું છે. મહિલા બાળકલ્યાણ વિભાગે ઉપાડયું છે. ૫મી માર્ચના કાર્યક્રમ પછી પૂરા દેશની અંદર પણ આની નોંધ લેવામાં આવી છે એટલું જ નહીં પણ ત્યાં પણ આ કાર્યક્રમો શરૂ થયા. ૮મી માર્ચના દિવસે વિશ્વ મહિલા દિન નિમિત્તે પણ ગુજરાતની અંદર લગભગ ૧૪૦૦-૧૫૦૦ જેટલી દીકરીઓને એકઠી કરીને એમની સમક્ષ આ વિષયને મૂકવામાં આવ્યો અને એમની પાસે પણ સંકલ્પ કરાવવામાં આવ્યો કે તમે પણ જ્યારે મા બનો ત્યારે આવી કાળજી લેજો, તમે પણ ગર્ભહત્યા ન કરાવતા, બાળકોને જન્મ આપવાનો અધિકાર છે એવી વાત આપણે એમને પણ કરી છે. મારે વિશેષ વાત નથી કરવી પરંતુ એક સત્ય ઘટના, જેમ અમારા મંત્રીશ્રીએ કવિતાનું વાંચન કર્યું, મારે કવિતાનું વાંચન નથી કરવું પણ એક ઘટના મારે તમારી સમક્ષ રજૂ કરવી છે. બહુ શાંતિથી આ શબ્દો આપ સાંભળશો તો હું માનુ છું કે તમે પણ આ નિર્ણય ચોક્કસ કરીને જશો અને તમારા સમાજની અંદર પણ આ વાત કરશો. મિત્રો મારે આ ઘટના એટલા માટે કહેવી છે કે ૫મી માર્ચના કાર્યક્રમ જોઈને આણંદની અંદર એક બહેન લગભગ ૪૫-૫૦ વર્ષની ઉંમરના એક બહેન આ કાર્યક્રમ જોતા હતા. કાર્યક્રમ જોયા પછી એક કલાક પછી એમનો મારા ઉપર ટેલિફોન આવ્યો, મને એમણે કહ્યું કે બહેન આ કાર્યક્રમ જોયા પછી મારા હૃદયમાં પરિવર્તન થયું છે એટલા માટે કે હું મારા ઘરમાં પુત્રવધુ છે એ પુત્રવધુને એક દીકરી હતી, બીજી દીકરી આવવાની હતી એવી અમને ખબર પડી તો મેં મારી પુત્રવધુને માનસિક ત્રાસ આપ્યો અને એબોર્શન કરાવડાવ્યું, ફરી દીકરી આવી એનું પણ એબોર્શન કરાવડાવ્યું અને ત્રીજી પણ દીકરી આવવાની છે અને હું એને ત્રાસ આપી રહી છું કે તું એબોર્શન કરાવી લે પરંતુ આ કાર્યક્રમ જોયા પછી હું મારી પુત્રવધુને જે બાળક આવે એને અવતરવા દઈશ. હું ત્રાસ નહીં આપું આ સાહેબ એણે વાત કરી છે. આ કાર્યક્રમને કારણે જે જાગૃતિ આવવાની છે એ મારી દૃષ્ટિએ મહત્ત્વની છે. એક ગર્ભસ્થ બાળકનો આંખે દેખ્યો અહેવાલ હું તમારા બધા વચ્ચે રજૂ કરું છું.

વર્ષ ૧૯૮૪માં 'નેશનલ રાઈટસ ટૂ લાઈફ કન્વિશન' કનાસ સીટી, મિસ્સુરીમાં ભરાયું હતું એ (કન્વિશન) સંમેલનમાંથી એક પ્રતિનિધિ MRS. Sandy RESSAL એ D. Bernard Nathanson દ્વારા એક SUCTION ABORTION ગર્ભપાતની બનાવેલી અલ્ટ્રાસાઉન્ડ ફિલ્મનો જે અહેવાલ આપ્યો હતો તે તેમના જ શબ્દોમાં હું રજૂ કરું છું.

ગર્ભની એ માસૂમ બાળકી હજી દસ અઠવાડિયાની હતી અને પૂરતી ચુસ્ત હતી. અમે તેને તેની માની કૂખમાં રમતી, પાસાં ફેરવતી અને અંગૂઠો ચૂસતી જોઈ રહ્યા હતા. તેના હૃદયના ધબકારા પણ અમે જોવા પામ્યા અને તે વખતે ૧૨૦ની સામાન્ય ગતિએ હૃદય ધબકતું હતું. સઘળું બિલકુલ નૉર્મલ હતું. પરંતુ જેવું પહેલું ઓજાર ( સકશન પંપ) ગર્ભાશયની દીવાલને અડક્યું તેવી જ તે માસૂમ બાળકી ભયની મારી એકદમ ફરીને સંકોચાઈ ગઈ અને તેના હૃદયના ધબકારા ઘણાં વધી ગયા. જો કે હજી સુધી કોઈ ઓજાર બાળકીને અડક્યું પણ ન હતું તેમ છતાં કોઈ ચીજ તેના આરામગૃહ-તેના સુરક્ષિત ક્ષેત્ર પર હુમલો કરવા કોશિશ કરી રહી છે એવું એ અનુભવતી હતી.

અમે દહેશતથી જોતા હતા કે તે ઓજાર એ નાનકડી માસૂમ ઢીંગલી જેવી બચ્ચીના કેવાં ટૂકડેટૂકડા કરી રહ્યું હતું. પહેલાં કમર (સ્પાઈન) પછી પગ વગેરેના ટુકડા તે જાણે જીવતો જીવ ન હોય અને કોઈ ગાજર-મૂળો હોય તે રીતે થઈ રહ્યા હતાં અને તે બાળકી દરદ અને પીડાથી તરફડતી સંકોચાઈને-સંકોચાઈને ફરી ફરીને તરફડતી આ હત્યારા હથિયારથી બચવાની કોશિશ કરી રહી હતી. તે એટલી ભૂંડી રીતે ડરી ગઈ હતી કે એક સમયે તેના હૃદયના ધબકારા ૨૦૦ સુધી પહોંચી ગયા. મેં મારી સગી આંખે તેને માથું પાછળ પટકતી અને મોં ફાડીને ચીસ પાડવાનો પ્રયત્ન કરતી, જેને ડાૅ. નેથાન્સને ઉચિત રીતે સાઈલન્ટ સ્ક્રીમ (silent scream)

મૂંગી ચીસ યા મૂક-પોકાર કહ્યો છે તે જોયા પછી અંતે અમે સાણસી યા ચીપિયો(forceps) તેની ખોપરીને તોડવા માટે શોધી રહ્યો હતો તે ભયંકર બીભત્સ દૃશ્ય પણ જોયું અને પછી દાબી-ભચડીને તે કડક ખોપડીને તોડી રહ્યો હતો, કેમ કે માથાનો એ ભાગ તોડયા વગર તેને સકશન ટયૂબ (SUCTION TUBE) ના માધ્યમથી બહાર કાઢી શકાય એમ ન હતું. હત્યારાની આ બિભત્સ રમતને પૂરી કરવામાં આશરે ૧૫ મિનિટનો સમય લાગ્યો અને તે દર્દનાક દ્રશ્યનો એથી વધુ અંદાજ કેવી રીતે લગાવી શકાય કે જે ડોકટરે આ ગર્ભપાત કર્યો હતો અને જેણે માત્ર કુતૂહલવશ એની ફિલ્મ ઉતરાવી હતી તેણે પોતે આ ફિલ્મ જોઈ ત્યારે તે દવાખાનું છોડીને ચાલ્યો ગયો અને પછી કદી પણ પોતાની હોસ્પિટલમાં પરત ન ફર્યો. આભાર.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬ અને ૪૭ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૨, ૪, ૫, ૬ અને ૧૦૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રી** : સી.પી.એ. મિટિંગ અંગેની જાહેરાત આવતી કાલે કરવામાં આવશે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬-૫૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા.૨૩મી માર્ચ ૨૦૦૬ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર તા. ૨૩મી માર્ચ, ૨૦૦૬**
**ચૈત્ર ૨, ૧૯૨૮ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો..મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**રાજયની પ્રાથમિક શાળામાં બાળકોનો ડ્રોપઆઉટ રેટ**

***૧૭૫૨૬ શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૦૨-૦૩/ અને ૨૦૦૩-૦૪ દરમ્યાન પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકોનો ડ્રોપઆઉટ રેટ કેટલો હતો,

(૨) સન ૨૦૦૪-૦૫ અને માર્ચ ૨૦૦૫ સુધીનો કુલ કેટલા ટકા ડ્રોપઆઉટ રેઈટમાં ઘટાડો થયો, અને

(૩) અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ દરમ્યાન કેટલા ટકા ડ્રોપઆઉટ રેશીયો માલૂમ પડેલ?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧)

| વર્ષ | ડ્રોપ આઉટ દર ધો. ૧ થી ૭ | | |
|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ |
| ૨૦૦૨-૦૩ | ૩૭.૮૦ | ૩૩.૧૭ | ૩૫.૪૬ |
| ૨૦૦૩-૦૪ | ૩૬.૫૯ | ૩૧.૪૯ | ૩૩.૭૩ |

(૨) વર્ષ ૨૦૦૩-૦૪ના સંદર્ભમાં વર્ષ ૨૦૦૪-૦૫માં અને માર્ચ-૨૦૦૫ સુધીમાં ડ્રોપઆઉટ રેટમાં કુમારમાં ૨૧.૨૬ ટકા, કન્યામાં ૮.૬૯ ટકા અને કુલ ૧૪.૯૪ ટકા ઘટાડો થયેલ છે.

(૩) અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૦૩-૦૪માં ધો. ૧ થી ૭ માં કુમારોનો ડ્રોપઆઉટ દર ૧૩.૦૫ ટકા, કન્યાઓનો ડ્રોપ આઉટ દર ૧૩.૮૯ ટકા અને કુલ ડ્રોપઆઉટ દર ૧૩.૪૭ ટકા હતો. તેમજ વર્ષ ૨૦૦૪-૦૫માં ધો. ૧ થી ૭ માં કુમારોનો ડ્રોપઆઉટ દર ૬.૦૦ ટકા, કન્યાઓનો ડ્રોપઆઉટ દર ૫.૮૫ ટકા અને કુલ ડ્રોપઆઉટ દર ૫.૯૩ ટકા હતો.

. **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે મારા બીજા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું છે કે કન્યાઓમાં ડ્રોપઆઉટ રેઈટમાં ૮.૬૯ ટકાનો ઘટાડો થયો અને કુમારમાં ૨૧.૨૬ ટકાનો ઘટાડો થયો છે, આપણે સઘન પ્રયત્નો આખા રાજયમાં કરી રહ્યા છીએ, પણ કન્યાઓ અને કુમારો વચ્ચે ડ્રોપઆઉટ રેશીયામાં વધારે ડિફરન્સ હોવાના કારણો શું છે? અને બીજું જ્યારે બાળકો શાળા છોડીને જાય છે ત્યારે કેટલીક પ્રાઈવેટ શાળાઓ ફી ના વાંકે એલ.સી. આપતી નથી. એટલે ફરીથી મ્યુનિસિપલ શાળામાં દાખલ થઈ શકતા નથી. તો આવા બાળકો માટે ઉપરના ધોરણની પરીક્ષા લઈને પ્રવેશ મળી શકે તેવી કોઈ જોગવાઈ કરવા માગે છે કે કેમ? અને ત્રીજું આ ડ્રોપઆઉટ રેઈટનો રેશીયો અમદાવાદ શહેરમાં છેલ્લે ૧૩.૫ ટકા હતો તે ૧૩.૮૯ ટકા થયો, તો જેવી રીતે ગામડાંમાં યાત્રા કાઢે છે એવી રીતે શહેરોમાં પણ ગલીએ ગલીએ ફરીને આવા બાળકોની નોંધણી થાય તેવા સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૧૯૯૦-૯૧થી માંડીને ૨૦૦૪-૦૫ સુધી ડ્રોપ આઉટ રેઈટ ઘટાડવા માટે રાજય સરકાર અને શિક્ષણ વિભાગ તરફથી પ્રયાસો કરવામાં આવ્યા છે અને એમાં શાળાઓમાં વિદ્યા સહાયકોની નિમણૂંક કરવી, જરૂરી ઓરડાઓ પૂરા પાડવા, સેનિટેશન સંકૂલ ઊભાં કરવાં, શિક્ષકોને તાલીમ આપવી, સીમ શાળાઓ ઊભી કરવી, શાળાઓનું અપગ્રેડેશન કરવું આવા અનેક નવા નવા પ્રયોગો કરીને રાજય સરકારે ડ્રોપઆઉટ રેટ ઘટાડવા માટેના પૂરતા પ્રયત્નો કર્યા છે. આ ઉપરાંત જે બાલિકાઓ અધવચ્ચેથી, બીજા ધોરણથી, ત્રીજા, ચોથા કે છઠા ધોરણથી ઊઠી ગઈ હોય તેવી બાલિકાઓ માટે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયો ૩૦ જેટલા ઊભા કરવામાં આવ્યા છે અને ૧૬૦૦ જેટલી દીકરીઓ અત્યારે એમાં અભ્યાસ કરી રહી છે. જે અધવચ્ચેથી ઊઠી ગયા છે તેવા બાળકોને લાવીને રાજય સરકારે ઓલ્ટરનેટીવ સ્કૂલ ઊભી કરી છે અને એમાં આવા છોકરાઓ ૧૧૫૦ અને છોકરીઓ ૭૧૪ એમ કુલ મળીને ૧૮૬૪ જેટલા

બાળકો જુદા જુદા જિલ્લામાં અભ્યાસ કરી રહ્યા છે. હજુ પણ વધુ પ્રયત્નો આપણા છે કે એક પણ બાળક સાતમાં ધોરણ સુધી ન પહોંચે તેવું ન બનવું જોઈએ. અને એટલા માટે અમારા પ્રયત્નો છે. માનનીય સભ્યશ્રીએ વાત કરી કે જે રીતે કન્યા કેળવણી રથ યાત્રા શરૂ કરી અને જિલ્લાઓમાં પ્રયત્નો કરવામાં આવ્યા છે તેવા પ્રયાસો અમદાવાદ શહેરમાં, એટલે કે શહેરોમાં મ્યુનિસિપલ કોરપોરેશનમાં કરવા જોઈએ. આ વાત સાચી છે અને આ જ અઠવાડિયાથી મેં અમદાવાદ શહેરના બધા સી.આર.સી. કેળવણી નિરીક્ષકો અને શાસનાઅધિકરીઓ અને શિક્ષણ સમિતિના ચેરમેન એ બધાની સાથે લગભગ ૩ કલાક સુધી બેઠક ગાંધીનગર જી.સી.ઈ.આર.ટી. માં કરેલી છે. જે રીતે જિલ્લામાં દરેક ગામમાં જ્યાં ૩૦ ટકા કરતા ઓછો સાક્ષરતાનો દર છે એવા ગામોને પસંદ કરીને પુરા રાજયનું મંત્રી મંડળ મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં જઈ રહ્યું છે તે રીતે આ વખતે દરેક પ્રાથમિક શાળા અમદાવાદ શહેરની હોય કે રાજકોટ શહેરની દરેક પ્રાથમિક શાળા છે તેની આજુબાજુ બાળકો આવે છે તેવી દરેક પ્રાથમિક શાળામાં આવો કન્યા પ્રવેશ રથ યાત્રા દ્વારા બાળકોને અને વાલીઓને સજાગ કરી અને શાળા સુધી લાવવાનો કાર્યક્રમ કરવા અને તેના માટે અત્યારથી જ બાળકો આવવા પાત્ર છે તેની યાદી પણ બનાવવી લિસ્ટ તૈયાર કરીશું અને બી.પી.એલ. ફેમીલીના બાળકો દાખલ થશે અગાઉ વિદ્યા લક્ષ્મી બોન્ડ આપતા હતા પરંતુ એમને આપતા આપતા ચાર-છ મહિના નીકળી ગયા હતા. તેથી હવે બી.પી. એલ. ફેમીલીના બાળકોની યાદી બનાવી લઈને એ જૂન મહિનામાં પ્રાથમિક શાળામાં દાખલ થાય ત્યારે એમને એક હજાર રૂપિયાનો નર્મદા બોન્ડ આપી દેવો તેવો પહેલેથી નિર્ણય રાજય સરકારે અને શિક્ષણ વિભાગે કરી લીધો છે. બીજું કે જેવી રીતે જિલ્લાઓની અંદર આ કાર્યક્રમ ચાલે છે એ રીતે શહેરોમાં પણ આ પ્રકારનો કાર્યક્રમ શરૂ કરવામાં આવશે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : દીકરીઓની ટકાવારી ઘટવામાં ઓછો ડ્રોપ આઉટ કેમ છે અને કોરપોરેશન એટલા માટે ગંભીર નથી મેં ગયા વરસે ૭૫૦ બાળકોના નામ સરનામા જાતે ઝૂંપડે ઝૂંપડે ફરીને કોરપોરેશનને આપેલા. એમાં મને એવો ઉત્તર મળ્યો કે એમાંથી દસ પંદર દીકરા દીકરીઓ દાખલ થઈ છે. એટલે મંત્રીશ્રીને હું ચોક્કસ અભિનંદન આપીશ કે દરેક શહેરોમાં આ પ્રકારના કાર્યક્રમો થાય તો કોઈ ઝૂંપડું અભણ ન રહે અને દીકરીઓની ટકાવારી ઘટવાનું ઓછું કેમ થયું, એનો ડ્રોપ આઉટની ટકાવારી ઓછી કેમ ઘ ટાટી એ જાણવું છે.

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : ડ્રોપ આઉટ રેશિયો ૪૦ ટકામાંથી ધીરે ધીરે કરીને આટલા ઉપર આપણે લઈ આવ્યા છીએ. એટલે સ્વાભાવિક છે કે પહેલા ડ્રોપ આઉટ એટલો બધો હતો કે એ તફાવત ઓછો કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. છેલ્લા આંકડા બતાવે છે કે છોકરા કરતાં છોકરીઓનો ડ્રોપ આઉટ રેઈટ વધારે સારી રીતે ઘટયો છે. બીજી માનનીય સભ્યશ્રીએ વાત કરી કે જિલ્લાની અંદર ડ્રોપ આઉટ રેઈટ ઘ ટાડવા માટે કામ થયું છે તેવી રીતે શહેરોમાં કામ થવાનું છે એની હું આપને ખાતરી આપું છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય મંત્રીશ્રીએ ડ્રોપ આઉટ રેઈટ ૧૫ ટકા બતાવ્યો છે. પરંતુ મારા માનવા પ્રમાણે ગામડાંમાં લગભગ ૫૦ ટકા ૧ થી ૭ ધોરણમાં થાય છે. એની પાછળના કારણો મારા માનવા મુજબ સ્વ નિર્ભર સ્કૂલો ૯ થી ૧૦ કિલોમીટર દૂર આવેલી હોય છે. ત્યાં સ્કૂલની ફી ભરી શકતા નથી, જવા આવવાનું ભાડું ખર્ચી શકતા નથી એવા પછાત વિસ્તારો છે, એમાં આવા બનાવો બનતા હોય છે ત્યારે મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ગ્રાન્ટેબલ સ્કૂલો વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જે જિલ્લાઓમાં ઓછી આવેલી છે, તે જિલ્લાઓને તાત્કાલિક આપવી જોઈએ. જો આપણે આવી ગ્રાન્ટેબલ સ્કૂલો આપીશું તો ચોક્કસ ડ્રોપ આઉટ રેઈટ છે એ ઓછો થઈ શકશે.

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : આ પ્રાથમિક શાળાના બાળકો ૧ થી ૭ ના ડ્રોપ આઉટ રેઈટની વાત છે. માધ્યમિક શાળામાં આ બાળકો જાય એના માટેના પ્રયાસો કરવા જોઈએ. ગુજરાતમાં લગભગ નવ થી સાડા નવ હજાર જેટલી ગ્રાન્ટેબલ શાળાઓ છે. એટલે દરેક બે ગામ વચ્ચે એક એક શાળા આવેલી છે. કોઈ એક ગામમાં એક શાળા પણ આવેલી છે. જ્યાં જરૂરિયાત હોય ત્યાં ઊભી કરતાં જઈએ છીએ એટલે આ ગ્રાન્ટેબલ અને માધ્યમિક શાળા માટે છે. આપણે ૧ થી ૭ ધોરણમાં ડ્રોપ આઉટ રેઈટ ઘટે એના માટે પ્રયત્નો કર્યા એ રાજય સરકારના પ્રયત્નોને કારણે આઠ અને નવમાં ધોરણની અંદર જે પ્રયાસો થયા, ૧ થી ૭ ધોરણમાં પ્રયત્નો થયા એ બાળકો સાતમાં ધોરણમાં આવ્યા એ આઠમાં અને પછી નવમાં ધોરણમાં આવ્યા એના કારણે આ પ્રયાસથી પહેલીવાર ૧૦માં ધોરણની અંદર ૫૦ હજાર વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી એ બતાવે છે કે આપણા પ્રયત્નો સફળતાપૂર્વક પાર પડી રહ્યા છે એના પરિણામો આપણને મળી રહ્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : નિરીક્ષરતા એ રાજયનો સૌથી મોટો પ્રશ્ન છે. નિરીક્ષરતાની અંદર ગુજરાત ૧૯૯૧માં નવમાં સ્થાને હતું એ ૨૦૦૧માં આપણે ૧૫માં સ્થાને પહોંચ્યા અને નેશનલ સેમ્પલ સર્વે થયો એમાં ૧ થી ૭ ધોરણના બાળકો છે એમાં ૪૬ ટકા કન્યા અને ૨૪ ટકા કુમાર છે એને લખતાં વાંચતા આવડતું નથી. કારણ મૂળમાં છે આ ડ્રોપ આઉટનું એમાં શાળાની અંદર જતાં જે બાળકો છે એ સાતમાં ધોરણ સુધી પહોંચે ત્યાં સુધીમાં લખતા વાંચતા ન આવડે તેવી પરિસ્થિતિ ઊભી થાય તો સ્વાભાવિક રીતે ગરીબ મા-બાપો છે એ ત્યાંથી ભણતા બાળકોને પાછા લઈ લે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જેમ ગોરધનભાઈએ વાત કરી તેમ મેં પણ જાતે અનુભવ કર્યો છે કે સરકારી શાળાઓમાં ૭મા ધોરણમાં ભણતા બાળકોમાં ૫૦ ટકા કરતા વધારે બાળકોને આજે લખતા-વાંચતા આવડતું નથી. તો ત્યાંનું શિક્ષણ સઘન બનાવીને ૭મા ધોરણમાં પહોંચેલો બાળક તેને ઓછામાં ઓછું લખતા-વાંચતા આવડે તેના માટે કોઈ સોશિયલ ઑડિટ કરીને કે બીજી વ્યવસ્થા ગોઠવીને એ શિક્ષકો બરાબર ભણાવે, બાળકો બરાબર ભણે અને તેના દ્વારા અક્ષરજ્ઞાન પ્રાપ્ત થાય એવી કોઈ વ્યવસ્થા ગોઠવવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : જ્યારે પણ આ વિષય અહીં આવે છે ત્યારે એમ કહેવામાં આવે છે કે પહેલાં ૯૦-૯૧માં ૯મા સ્થાને હતા. ૨૦૦૧માં ૧૫મા સ્થાને પહોંચ્યા. આપે ભણાવ્યા અને અમે નિરક્ષર બનાવી દીધા એવું તો હોઈ શકે નહીં. અમારો જે પ્રયત્ન છે એ સતત પ્રયત્ન આ રાજય સરકાર ૧૯૯૮થી માંડીને આજ સુધીમાં કરી રહી છે અને તેનું પરિણામે આજે આટલું સારું પરિણામ લાવી શક્યા છીએ. એ વાત સાચી છે કે જ્યારે ગરીબ ઘરના બાળકો જ્યારે પેટિયું રળવા માટે મા-બાપ બહાર જતા હોય અને એવા સમયે બાળકો શાળાઓમાં આવે છે ત્યારે આવા બાળકોને પણ લખતા-વાંચતા અને ગણતા શીખવાડાય તેના માટે રાજય સરકાર પૂરો પ્રયત્ન કરી રહી છે. દર વર્ષે ૧૫ દિવસ સુધી સતત ગણન, લેખન અને વાંચનના કાર્યક્રમો કરવામાં આવે છે. જે બાળકો આ બધામાં નબળા છે એ બાળકોને શોધીને, એવા પ્રિય બાળકોને શોધીને રાજયમાં હજારો શિક્ષકો બેસીને એ લોકોને લેખન કરાવવાનું, વાંચવાનું અને ગણિત ગણાવવાનું કામ કરી રહ્યા છે અને હું માનું છું કે આની અંદરથી સારા પરિણામો આવશે. કારણ કે જે રીતે પ્રયાસોનો આરંભ અમે કર્યો છે એ પ્રયાસોના ફળ એકાએક ન મળી જાય. સાત વર્ષે તે પ્રયાસના ફળ પ્રાપ્ત થતા હોય છે અને જે રીતે શિક્ષણ વિભાગ, રાજયના લગભગ બે લાખ શિક્ષકો અને તેની સાથે જોડાયેલા અન્ય કર્મચારીઓ જે પ્રયત્ન કરી રહ્યા છે તેના સારા ફળ આવશે. એ રીતે સમાજમાં જાગૃતિ લાવવાની પણ આવશ્યકતા છે. જો મા-બાપ પણ બાળકોની પાછળ થોડો સમય આપે. તેમને પણ બેસીને લેસન વગેરે કરાવે તો હું માનું છું કે વધારે સારા પરિણામો આવશે. પરંતુ સાક્ષરતાનો દર આ સરકાર આવી અને ઓછો થઈ ગયો તેમ માનવું અને વારંવાર હાઉસમાં કહેવું એ યોગ્ય નથી.

**ડૉ. કનુભાઈ કળસરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે નાત-જાત અને ગરીબ-અમીરના ભેદ વગર ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવાના પ્રયત્નો કર્યા છે અને તેમાં મોટી સફળતા મેળવી છે. એ ખરેખર અભિનંદનીય છે. તાજેતરમાં એવું જાણવા મળ્યું છે કે કેન્દ્ર સરકારે મુસ્લિમ કોમ્યુનિટીમાં ડ્રોપઆઉટ રેટ કેટલો છે એવું જાણવા માટે કોઈ પરિપત્ર કર્યો છે. તો આ ખૂબ જ દુ:ખની બાબત કહેવાય. એ માટે રાજય સરકારે કોમવાદી વલણ બાળમાનસમાં અને શિક્ષકોમાં ન જાય એ માટે કોઈ પ્રયત્ન કર્યો છે કે કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : કોઈ પણ પ્રકારના નાત-જાતના ભેદભાવ રાખ્યા સિવાય આ રાજય સરકારે ગુજરાતના તમામ બાળકો માટે પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધીનો પ્રબંધ કરેલો છે. મારે અહીં કહેવું છે કે જનરલ સ્ત્રીઓનો સાક્ષરતાનો દર ૫૯ ટકા છે. પણ મહિલાઓની સાક્ષરતાનો દર ગુજરાતમાં ૬૫ ટકા છે. એ બતાવે છે કે ગુજરાતમાં મુસ્લિમ બહેનો હોય કે મુસ્લિમ છોકરાઓ હોય તે બધા માટે રાજય સરકાર પૂરતા પ્રયત્નો કરે છે અને તેમને અભ્યાસ કરવા માટેની પૂરતી સગવડતાઓ પણ આપે છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, ડો. કળસરીયાએ જે વાત પૂછી છે, એટલે માહિતી માટે ગૃહને કહું, કેન્દ્ર સરકારે એક કમિટી બનાવીને ભારતની બંધારણીય ભાવનાની વિરુદ્ધમાં, ભારતના બંધારણીય સ્પિરિટના વિરુદ્ધમાં ધર્મના આધારે ભેદભાવ આધારિત સરવે કરવાનો એક પ્રયાસ કર્યો છે અને એ પ્રયાસની વિરુદ્ધમાં (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, માહિતી આપે છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી**: માનનીય અધ્યક્ષશ્રી, તેમણે સ્પેસિફિક પ્રશ્ન પૂછયો છે. (અંતરાય) માનનીય ધારાસભ્યશ્રીએ સ્પેસિફિક પ્રશ્ન પૂછયો છે કે આ પ્રકારની કોમ આધારિત વ્યવસ્થા બાબતમાં શું? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બેસો પ્લીઝ. (અંતરાય) સાંભળો તો ખરા. (અંતરાય)

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો, હમણાં પ્રશ્નના બદલે મેં એક ભાષણ સાંભળ્યું હતું. હું બોલ્યો નથી. તેમ છતાં હું બોલ્યો નથી. પ્રશ્નના બદલે રાજકીય કોમેન્ટ થતી હતી તેમ છતાં હું બોલ્યો નથી અને એની સામે(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય ગૃહના નેતાશ્રીને ગૃહમાં માહિતી આપવાનો અધિકાર છે, એ વચ્ચે માહિતી આપી શકે છે.

**શ્રી અશોક ભટ્ટ** : જે પ્રશ્ન પૂછ્યો છે એની અંદર જ માહિતી આપે છે. એમને સાંભળવા પડે.(અંતરાય)

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : એમણે પ્રશ્ન પૂછ્યો છે એ ધર્મ આધારિત પ્રશ્ન બાબતમાં ભારત સરકારે આ પ્રકારની કુચેષ્ટા કરી અને એની સામે ભારતના ત્રણેય સેનાના વડાઓએ વિરોધ કર્યો. એ જ રીતે ગુજરાત

સરકારે પણ વિરોધ કર્યો છે. મેં ભારત સરકારને પણ કહ્યું છે કે, આ પ્રવૃત્તિ બંધ કરો. આ રાજય સરકાર માનનીય ધારાસભ્યશ્રીએ પૂછ્યું છે એની માહિતી આપું તો કોઈપણ કોમવાદના આધાર ઉપર વિકાસની વાતોને જોડવા માટે જરાય પક્ષકાર નથી, ગુજરાતના બધા જ નાગરિકોનો વિકાસ થાય, ગુજરાતના બધા જ નાગરિકોને શિક્ષણ મળવું જોઈએ. ધર્મ આધારિત ત્રાજવાથી તોલવા માટેની બંધારણ વિરુદ્ધ કોઈપણ પ્રવૃત્તિને આ સરકાર સહકાર નહીં આપે. મેં ભારત સરકારને લખ્યું છે. અને એમાં આ સરકાર અને મારું કોઈપણ ડિપાર્ટમૅન્ટ આ પ્રકારની પ્રવૃત્તિને સહકાર આપવાનું નથી, તેથી શિક્ષણમાં પણ માત્રને માત્ર એ ગુજરાતનો નાગરિક છે, એ ગુજરાતમાં રહે છે, એના વિકાસની ચિંતા થવી જોઈએ, કોઈપણ ધર્મના બાધ વગર થવી જોઈએ, બધા માણસોને લાભ મળવો જોઈએ, ગરીબમાં ગરીબ માણસને લાભ મળવો જોઈએ. એ ભૂમિકા જોઈને કામ કરી રહ્યા છીએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એમાં પ્રશ્નનો જવાબ કયાં આવ્યો. માત્રને માત્ર રાજકીય નિરીક્ષણ કરવા માટે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આમાં જવાબ આપવાનો સવાલ નથી. ગૃહના નેતાશ્રીએ માહિતી આપી છે. સવાલ ન હોય તો પણ તેઓ ગમે ત્યારે ગૃહને માહિતી આપી શકે છે.

**સાબરકાંઠા જિલ્લાની માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અનુસૂચિત જનજાતિના શિક્ષકોનો બેકલોગ**

***૧૭૭૬૭ ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા** કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાની ગ્રાન્ટ-ઈન-એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અનુસૂચિત જનજાતિના શિક્ષકોનો કેટલો બેકલોગ અને કેટલો શૉર્ટ ફોલ(ઘ ટ) છે,

(૨) આ બેકલોગ અને શોર્ટફોલની જગ્યાઓ સરકાર ભરવા માંગે છે કે કેમ? અને

(૩) જો હા, તો કેટલા સમયમાં?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) એક બેકલોગ અને ૪ શિક્ષકોની ઘટ છે.

(૨) હા, જી.

(૩) જગ્યા ભરવા સરકાર પ્રયત્નશીલ છે.

**ડૉ. અનિલ જોષીયારા**: માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સાબરકાંઠામાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ટોટલ શિક્ષકો સ્ટ્રેન્થ કેટલી છે અને એમાં અનુસૂચિત જનજાતિની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને સમાજ કલ્યાણ વિભાગ હસ્તક આ રૉસ્ટર રજિસ્ટર પ્રમાણિત કરાવવામાં આવતા હોય છે. તો આ પ્રમાણિત કરાવવામાં આવેલ છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો રજિસ્ટર પ્રમાણિત કરાવવામાં આવ્યા છે. બેકલોગ ૧ છે અને ઘટ ૪ છે. આ બેકલોગ ડિસેમ્બરમાં જ ઊભો થયો છે અને આગામી ૨ મહિનામાં બેકલોગ પૂરો કરી દેવામાં આવશે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની સંખ્યા કેટલી છે અને એમાં અનુસૂચિત જનજાતિના કેટલા છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૯૭૦ શિક્ષકો છે. તેમાં અનુસૂચિત જનજાતિના ૫૫૫ એમની ટકાવારી પ્રમાણે આવે. જે ભરાયેલ છે એમાં ૪ જગ્યા ખાલી છે, ૧ બેકલોગ છે એટલે કે ૫ બાકી છે. બાકીની બધી જ પૂરતી ભરાયેલી છે અને જેમ ખાલી જગ્યા ઊભી થશે એમ એમને પૂર્ણ કરી દેવામાં આવશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારે એ પૂછવું છે કે, દરેક જિલ્લા મથકે ભરતીના નિયમ પ્રમાણે થાય એ માટે જિલ્લામાં ભરતી બોર્ડ ક્યારે નીમવા માંગો છો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં બેકલોગ અને ઘટનો પ્રશ્ન છે. ભરતી બોર્ડની વાત નથી.

**ભાવનગર જિલ્લામાં ફાજલ માધ્યમિક શિક્ષકો અંગે**

***૧૭૧૦૧ શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલા માધ્યમિક શાળાનાં શિક્ષકો ફાજલ છે,

(૨) ફાજલ શિક્ષકોને અન્ય શાળામાં છેલ્લા બે વર્ષમાં સમાવેશ થયો છે કે કેમ, અને

(૩) જો હા, તો શાળાના સંચાલક મંડળની મંજૂરીથી થયો છે કે કેમ?

**શિક્ષણ મંત્રીશ્રી** :

(૧) શૂન્ય
(૨) હા
(૩) જોગવાઈ મુજબ.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભાવનગર જિલ્લાની અંદર માધ્યમિક શાળાની અંદર ફાજલ શિક્ષકોની સંખ્યા શૂન્ય બતાવી છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ભાવનગર જિલ્લામાં કુલ કેટલી માધ્યમિક શાળાઓ છેલ્લા ૨ વર્ષમાં બંધ થઈ અને બંધ થઈ હોય તો બંધ થવાનાં કારણો શું છે એના હિસાબે કુલ કેટલા શિક્ષકો ફાજલ થયા છે અને કેટલા શિક્ષકોને સમાવવામાં આવ્યા છે.

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં એક શાળા બંધ થઈ અને એમાંથી જે શિક્ષકો ફાજલ પડયા એ બધા જ શિક્ષકોને ભાવનગર જિલ્લાની અંદર સમાવી લેવામાં આવ્યા છે. અરુણ વિદ્યાલય બંધ થયું હતું અને એના જે શિક્ષકો ફાજલ થયા હતા એમને સમાવી લેવામાં આવ્યા છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે આ ફાજલ શિક્ષકો સમાવવા માટે સંચાલક મંડળની મંજૂરી લેવી પડે છે કે સીધા રાજય સરકાર જ એને નિમણૂક માટે મોકલી આપે છે? ફાજલ શિક્ષકો જે તે સંચાલક મંડળની મંજૂરીથી મૂકવામાં આવે છે કે રાજય સરકાર ખાલી જગ્યા હોય તો સીધો ઑર્ડર કરી આપે છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર ઑર્ડર કરે છે. શાળાની અંદર જગ્યા ખાલી હોય, વિષયની જગ્યા ખાલી હોય અને એ વિષયનો શિક્ષક ફાજલ હોય તો સરકાર સીધો ઑર્ડર કરે છે.

### રાજયમાં ધોરણ-૮થી જાતિય જ્ઞાન અંગેના વિષય તથા તે અંગેના શિક્ષકો

***૧૭૯૩૭ શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજય સરકાર દ્વારા ધોરણ-૮થી અભ્યાસ ક્રમોમાં જાતિયજ્ઞાનને લગતો વિષય દાખલ કરવાનો નિર્ણય કરેલ છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો તેની વિગતો શું છે, અને
(૩) જાતિયજ્ઞાન ધરાવતા શિક્ષકોની નિમણૂકો કયારથી કરવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) ના, જી.
(૨) લાગુ પડતું નથી.
(૩) લાગુ પડતું નથી.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રશ્ન લખ્યો હતો કે રાજય સરકાર ધોરણ-૮ની અંદર જાતીય વિજ્ઞાનને લગતા વિષય લાવવા માગે છે કે કેમ? માનનીય મંત્રીશ્રીએ મને જવાબ આપ્યો છે કે ના.જી. પણ આજનો આ વિષય એ એક રચનાત્મક ચર્ચાને સન્માનનીય ગૃહમાં અવકાશ પ્રાપ્ત થાય એટલા માટે સન્માનનીય ગૃહ સમક્ષ લાવ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, જાતીય શિક્ષણનું જ્ઞાન અને તેનાથી ધર્મ, નૈતિકતા, શારીરિક શિક્ષણ, સામાજીક વ્યવસ્થા અને આરોગ્યની જાળવણી અંગે રચનાત્મક ઉપાયો શોધવા માટે આ પ્રગતિશીલ વિચારધારાને લઈને અતી આવશ્યકતા છે. એવું મારું અંગત મંતવ્ય છે. આ રચનાત્મક સૂચન છે., કોઈ ટીકા ટિપ્પણી નથી. રામાયણ મહાભારત, ભગવત ગીતા, અથર્વવેદ, યજુર્વેદ જેવા પુરાણોની અંદર પણ ધર્મની મર્યાદામાં રહીને અર્થ અને કામનું સેવન કરવું એવી શાસ્ત્રમાં આજ્ઞા આપી છે. હું માનનીય મંત્રીશ્રીને આ પ્રશ્નના માધ્યમથી વિનંતી કરવા માગું છું કે જાતીય શિક્ષણનું જ્ઞાન એ આપણા અર્થોએ આપણા પુરાણોએ આપણી પ્રાચીન સંસ્કૃતિએ આપણને વારસામાં આપ્યું છે પણ અત્યારે જાતીયજ્ઞાન યુવા પેઢીની અંદર, યુવાવસ્થાની અંદર જ્ઞાન ન હોવાથી ઘણા બધા દુષણોનો આપણે બધા અનુભવ કરી રહ્યા છીએ, સામનો કરી રહ્યા છીએ.

**અધ્યક્ષશ્રી** : ટૂંકમાં આપ એને પુર્નવિચારણા કરીને દાખલ કરવા માગો છો કે કેમ? એવું પૂછવું છે ને આપને (અંતરાય)

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષ, હા, માનનીય મંત્રીશ્રી પાસેથી માત્ર એટલું જાણવા માગું છું કે આવા જાતીયજ્ઞાનના વિષયો શિક્ષણની અંદર લાવી અને સમાજ વ્યવસ્થાની અંદર જે જે વિચારભેદ છે, જે દુષણો ઉદ્દભવ્યા છે એનું નિરાકરણ લાવવા માટે આ શિક્ષણને અભ્યાસક્રમમાં લાવવા માટે સરકાર કોઈ વિચારણા ગંભીરતાથી કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પરેશભાઈ ધાનાણી જે વિષય લઈને આવ્યા છે એ આમ તો અતી ઉપયોગી વિષય છે પરંતુ એમણે જે પૂછયું જાતીય શિક્ષણ એ જરૂરી નથી, પરંતુ તારુણ્ય શિક્ષણ એડલ્ટ એજયુકેશન બાળકોને જરૂર આપવું જોઈએ, એના માટે આ રાજય સરકારે ચોક્કસ વિચાર કર્યો છે

કારણ કે તરુણાવસ્થાવાળા ૧૫ થી માંડીને ૨૯ વર્ષની ઉંમરના જે તરુણ તરુણીઓ છે કે જેમના તંદુરસ્તીના જોખમો વધુ છે. પ્રાપ્ત વિગતોના આધારે ૪૪ ટકા એઈડ્સના રોગો આ ઉમરના તરૂણ-તરૂણીઓમાં જોવા મળે છે. ડ્રગ્ઝ, ટોબેકો અને આલ્કોહોલનું સેવન કરવામાં રહેલા જોખમોથી આ તરૂણ-તરૂણીઓ અજાણ છે. આથી આ અંગેનું વૈજ્ઞાનિક જ્ઞાન પ્રાપ્ત કરાવવાના આશયથી આપણું માધ્યમિક શિક્ષણ બોર્ડ છે અને એની કાઉન્સિલ છે એની સહાયથી આર્ષ નામનો પ્રોજેકટ આપણે ઊભો કર્યો છે. આ આર્ષ પ્રોજેકટ હેઠળ ૯મા ધોરણમાં અને ૧૧માં ધોરણમાં ભણતા બાળકોને આ તારૂણ્ય શિક્ષણ આપવા માટેની વ્યવસ્થા આવતા વર્ષથી આપણે કરી રહ્યા છીએ. આમાં કિશોર, પ્રજનન, જાતિય સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા સમજણ, એચ.આઈ.વી, એઈડ્સ અને જાતિય રોગોથી બચવું, કેફી દ્રવ્યોથી બચવું અને સ્વસ્થ જીવનશૈલીનો વિકાસ કરવો આવા પાંચ વિષય આધારિત મોડ્યુલ્સ તૈયાર કરી રહ્યા છીએ. એ ઉપરાંત શિક્ષકોને તાલીમ પણ આપી રહ્યા છીએ. સાથોસાથ ધોરણ-૯માં સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજી, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ આ ત્રણ વિષય દાખલ થયેલા છે. આ ત્રણમાં બધી બાબતોને આવરી લેવામાં આવી છે અને કઈ રીતે આ જ્ઞાન આપવું એનું માર્ગદર્શન અને તાલીમ શિક્ષકોને આપણે કર્મયોગી યોજના દ્વારા આપી રહ્યા છીએ. ધોરણ-૧૧માં મનોવિજ્ઞાન, જીવ વિજ્ઞાન અને સમાજશાસ્ત્ર આ ત્રણ વિષયો છે જેના અંદર આના ટોપિક્સ આવરી લેવામાં આવ્યા છે અને એમને પણ તાલીમ આપી આવતા વર્ષે ધોરણ -૯ અને ધોરણ- ૧૧માં આ તારૂણ્ય શિક્ષણ આપવાની યોજના રાજ્ય સરકારે વિચારી છે.

### એક રેશનકાર્ડમાંથી અલગ નામે રેશનકાર્ડ કાઢવાની પદ્ધતિમાં ફેરફાર

*૧૭૪૪૩ **શ્રી અનિલકુમાર મો.પટેલ (બારડોલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) એક જ રેશનકાર્ડમાંથી નામ અલગ કરીને અલગ રેશનકાર્ડ આપવા માટેની પદ્ધતિમાં સોગંદનામું ફરજિયાત કરવું પડે એ નિયમ સરકારે ક્યારથી દાખલ કર્યો છે,

(૨) બી.પી.એલ. કાર્ડ ધારક માટે આ રેશનકાર્ડ અલગ કરવાની પદ્ધતિમાં સોગંદનામું રજૂ કરવાની પદ્ધતિ કે નિયમમાં સરકાર છૂટ આપવા માગે છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યારથી નિયમ લાગુ કરવા માગે છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :**

(૧) આવો નિયમ સરકારે દાખલ કર્યો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આદિવાસી વિસ્તારમાં એક રેશનકાર્ડમાંથી બીજું રેશનકાર્ડ કાઢવા માટેની જુદી જુદી પદ્ધતિઓ અપનાવાય છે તે રાજ્ય સરકારે જાણે છે કે કેમ? બી.પી.એલ. કાર્ડની છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કેટલી અરજીઓ મળી? એમાંથી નવા કાર્ડ કેટલા કાઢવામાં આવ્યા છે? બી.પી.એલ.માંથી અલગ કાર્ડ કાઢવામાં આવે છે ત્યારે એ.પી.એલ. કાર્ડ આપવામાં આવે છે. જો બી.પી.એલ.માંથી અલગ કાર્ડમાં એ.પી.એલ. કાર્ડ આપવામાં આવે છે તો બી.પી.એલ. કુટુંબના સભ્ય હોય તો શા માટે એ.પી.એલ. કાર્ડ આપવામાં આવે છે? આ પદ્ધતિમાં સરકાર કોઈ ફેરફાર કરવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે નવા રેશનકાર્ડ, અલગ રેશનકાર્ડ, નામનો વધારો, નામનો ઘટાડો અને ડુપ્લીકેટ રેશનકાર્ડ આ બધી જ બાબતોની અરજી આવે તેના માટે નાગરિક અધિકાર પત્ર મુજબ આ રાજ્ય સરકારે મામલતદાર કક્ષાએ ૩૦ દિવસમાં નવા રેશનકાર્ડ આપવાના નિયમો કર્યા છે. અલગ રેશનકાર્ડ માટે પણ ૩૦ દિવસનો નિયમ છે. નામનો વધારો, ઘટાડો એક દિવસમાં કરી આપે છે. ડુપ્લીકેટ રેશનકાર્ડ સાત દિવસ સુધીમાં કરી આપે છે. શહેરોમાં ઝોનલ અધિકારીને આ અધિકારો આપ્યા છે. એમણે પૂછ્યું છે કે બી.પી.એલ. કાર્ડ છે એના એ.પી.એલ. કાર્ડ કરી દેવામાં આવે છે તો બી.પી.એલ. હંમેશા બી.પી.એલ. રહે છે એવું નથી. એક સરવે મુજબ અને માહિતી મુજબ જો બી.પી.એલ. પાત્રતા ન હોય તો બી.પી.એલ.માંથી એ.પી.એલ. થઈ શકે છે. કેટલાક એ.પી.એલ. કાર્ડ હોય તો બી.પી.એલ. થઈ શકે છે. જે અરજીઓ તાલુકા કક્ષાએ માગી છે એ તમામ તાલુકા કક્ષાએ અરજીઓનો નિકાલ જે તે સમયે કરવામાં આવે છે.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે સોગંદનામું ફરજિયાત નથી. પણ અમારા વિસ્તારમાં અમારા જેવા પ્રજાના પ્રતિનિધિઓ પાસે અનેક ફરિયાદો આવે છે અને તાલુકા લેવલે હંમેશા સોગંદનામું કરવાની ફરજ પાડવામાં આવે છે અને ખોટા ખર્ચ કરાવવામાં આવે છે. એ વાત સાચી છે કે પરિપત્ર બહાર પાડ્યો છે. આ પરિપત્રની સાચી પ્રસિદ્ધિ કરીને તાલુકા લેવલે સોગંદનામું નહિ કરવા માટે એની કોઈ જાણ કરવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : આદરણીય દોલતભાઈએ વાત કરી એ મુજબ એક પરિપત્ર થયો છે. તા. ૩૦-૬-૧૯૮૮નો રેશનકાર્ડ માટેનો ઠરાવ છે એમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે નવું રેશનકાર્ડ કાઢે ત્યારે કોઈપણ વ્યક્તિએ એફિડેવિટ કરવાની જરૂર નથી અને આ પ્રમાણે સભ્યશ્રીઓને એફિડેવિટ કરવામાં આવે છે, એફિડેવિટ કરવામાં આવે છે એવી માહિતી રાજ્ય સરકારને ધ્યાને આવતા ફરીથી દરેક મામલતદારને પરિપત્ર કરીને હવે કોઈ એફિડેવિટ કરવામાં ના આવે એની પૂરતી કાળજી રાખવામાં આવે એવો પરિપત્ર કરી દેવામાં આવ્યો છે.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : પ્રેસ નોટ આપવા માગો છો કે કેમ? સાહેબ, બહુ મુશ્કેલી છે, મારે એક સિનિયર સભ્ય તરીકે ફરિયાદ કરવી પડે છે એટલે કહું છું.

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : હા, સાહેબ.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે BPLકાર્ડમાંથી APLકાર્ડ થઈ શકે છે, અત્યારે BPLકાર્ડ જે હોય એનો બધાને છોકરો છૂટો થાય તો બધાને APLકાર્ડ આપે છે એ બધા ધારાસભ્યોનો અનુભવ છે, આ વાસ્તવિકતા છે તો મારે આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવું છે કે એની લાયકાત જોયા વગર આ બધા APLકાર્ડ આપવામાં આવે છે તો એમાં સરકાર શું કરવા માગે છે?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની જાણ માટે મેં કહ્યું કે ગયા એક વર્ષની અંદર ૩૧-૧-૨૦૦૬ સુધીમાં આ રાજ્ય સરકારે દરેક જિલ્લામાં ૨૬,૩૯૭ લોકોને રેશનકાર્ડ આપવામાં આવ્યા છે એવું નથી કે નથી આપ્યા, યોગ્યતા હોય એને આપ્યા છે અને આગળના પ્રશ્નમાં મેં પહેલાં કહ્યું હતું કે BPLકાર્ડ નવા આપવાપાત્ર, નવો જી.આર. કરીને દરેક મામલતદારશ્રીને જાણ કરી દેવામાં આવી છે અને બધા સભ્યશ્રીઓને પણ જાણ કરવામાં આવી છે. હવેથી તમારા વિસ્તારમાં BPLકાર્ડ પાત્ર કોઈ પણ રહી ગયું હોય તો તમે અરજી આપજો તો એની સામે પાત્રતા મુજબ આવક મર્યાદા વધારીને પણ આપ્યા છે અને એ મુજબ નવા રેશનકાર્ડ કાઢી આપવામાં આવશે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, APLકાર્ડ અને BPLકાર્ડ જે કુટુંબ BPLકાર્ડ ધરાવે છે એ કુટુંબનો એ બાપથી દીકરો લગ્ન થયા પછી છૂટો થઈ જુદો રહેવા જાય ત્યારે એમને એક વિઘો પણ જમીન ના હોય અને સંપૂર્ણપણે મજૂરી પર હોય છતા અરજી કરે ત્યારે એમને APLકાર્ડ આપવામાં આવે છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે સરવે થાય છે. એ સરવે તો ૩ કે ૫ વર્ષે થાય છે ત્યારે BPLકાર્ડ ધરાવે છે અને એક વિઘો પણ જમીન નથી એ ક્રાઈટેરિયામાં આવે છે અને એ નવું રેશનકાર્ડ કઢાવે તો એવા કુટુંબને નવું BPLકાર્ડ આપવામાં આવે એવો રાજ્ય સરકાર પરિપત્ર કરવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જણાવ્યું કે BPLકાર્ડ હોય અને અલગ કરવા માટે જતો હોય ત્યારે એ BPLકાર્ડને પાત્ર હશે તો ૩૦ દિવસની અંદર જે પ્રમાણે માનવ અધિકાર હોય એ પ્રમાણે અમે આપવા તૈયાર જ છીએ અને કોઈ એમના ધ્યાને હોય (અંતરાય) માનનીય પૂંજાભાઈ મારી વાત તો સાંભળી લો પહેલા. મેં નવો જી.આર. કર્યો છે એ પ્રમાણે BPLકાર્ડ અલગ કરવાપાત્ર હશે એ તમામ અરજીઓનો નિકાલ સમય મુજબ ૩૦ દિવસની અંદર કરીને BPLકાર્ડ આપી દેવામાં આવશે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** :માનનીય અધ્યક્ષશ્રી, પરિપત્રની એમણે જાણ કરી એને હું આવકારું છું. વાસ્તવિકતા એ છે કે આજે પણ મામલતદાર કચેરી દ્વારા આ પ્રકારના કાર્ડ કાઢી આપવામાં આવતા નથી. આ વાસ્તવિકતા છે અને એ વાસ્તવિકતા છે ત્યારે તમે એમની તપાસ કરાવડાવીને આવા જે કુટુંબ છે એમને BPLકાર્ડ આપવા માગો છો કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, મેં આગળ પણ કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા પંચની નિમણૂક કરી છે અને આપણે આનું સરવે કરવામાં આવે છે અને એ સરવે મુજબ BPLકાર્ડ જે કેન્દ્ર સરકારના (અંતરાય)મારો જવાબ તો સાંભળો ભીખાભાઈ. રાજ્ય સરકારના (અંતરાય) સરવે મુજબ ૨૧ લાખ જ BPLકાર્ડ આપવાપાત્ર છે. છતાંય આ રાજ્ય સરકારે ૨૯ લાખ કરતા વધારે BPLકાર્ડ અવારનવાર આપ્યાં છે. રાજ્ય સરકાર વધારાના BPL કાર્ડ કેન્સલ કરતા નથી અને એને ચલાવીએ છીએ અને છતાંય આ નવા BPLકાર્ડ માટે પણ નવો જી.આર. કરવામાં આવ્યો છે અને જો પાત્રતા હશે તો એમને અમે આપવા માટે તૈયાર છીએ.

**શ્રી જીતેનદ્રકુમાર ઉ. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, BPL કાર્ડ ધરાવતા હોય એ એક સ્થળેથી બીજા સ્થળે રહેવા જતા હોય, જ્યારે સ્થળાંતર કર્યુ હોય એને BPLનું કાર્ડ નહીં પણ APLનું કાર્ડ આપવામાં આવે છે તો આ બાબતે કોઈ પરિપત્ર કરવામાં આવ્યો છે કે નહીં ? રૅશનકાર્ડ ખોવાઈ ગયું હોય, એફિડેવિટ કર્યા પછી એને ડુપ્લીકેટ રૅશન કાર્ડ એક મહિના પછી આપવામાં છે તો એક મહિનામાં આપવા માગો છો કે નહીં ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય સભ્યશ્રી કહે છે કે, કોઈપણ રૅશન કાર્ડ ધારક એક જગ્યાએથી બીજી જગ્યાએ રહેવા જતા હોય, તો એને ટ્રાન્સફર કહેવાય છે એના માટે એવું ન હોય કે BPL નું APL થઈ જાય

અને APLનું BPL થઈ જાય એટલે આવી કોઈ ફરિયાદ રાજય સરકારને મળી નથી, તમારા ધ્યાનમાં હોય તો એ મને આપજો, તો એવા રૅશન કાર્ડ આપણે ધ્યાને લઈને ઘટતું કરીશું અને સભ્યશ્રીએ બીજી વાત કરી છે કે, રૅશન કાર્ડ જે કાઢી આપવાની વાત છે, ત્રીસ દિવસ તો નવા રૅશન કાર્ડ કાઢવા માટે છે અને ડેપ્લીકેટ માટે સાત જ દિવસ જ હોય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે, BPLમાંથી એમનો જ્યેષ્ઠ પુત્ર કે બીજો કોઈ પરિવારમાંથી બે ભાગ પડે ત્યારે એમને BPL કાર્ડ પાત્ર હોય તો આપવાનો નિયમ છે અને બીજો મંત્રીશ્રીએ એમ જવાબ આપ્યો કે, એફિડેવિટ લેવાનો કોઈ નિયમ નથી પણ અત્યાર સુધીમાં બધા સભ્યોનો એવો અનુભવ રહ્યો છે કે, BPL કાર્ડમાંથી જ્યારે કોઈ પરિવાર છૂટું પડે એવા લોકોને APL આપવામાં આવે છે, BPL આપવામાં આવતું નથી અને દરેક તાલુકામાં એફિડેવિટ ફરજિયાત લેવામાં આવે અને છ-છ મહિના સુધી આપવામાં આવતું નથી તો કદાચ મંત્રીશ્રી પાસે માહિતી ન હોય તો સમગ્ર બાબત રિવ્યુ કરી પંદર દિવસમાં નિર્ણય કરવા માગે છે કે કેમ ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માહિતી નથી એવું નથી, સંપૂર્ણ માહિતી રાજય સરકાર પાસે અત્યારે પણ છે, એમને મારે કહેવું છે કે, જે રૅશન કાર્ડ BPLના હતા એમાં અનેક વખત પરિપત્રો થયા છે. ૧૯૮૫ થી ૯૫માં એક પરિપત્ર થયો હતો, સર્વે માટે અન્ન યોજના" પાંચ હજારની આવક મર્યાદા હતી ત્યાર પછી ૧૯૯૫માં ૧-૫-૧૯૯૫થી એનો અમલ થયો, ૧૯૯૭માં " ગરીબો માટે અન્ન યોજના" દાખલ થઈ છે ત્યારે સરવે ( અંતરાય) BPL કાર્ડની જ વાત કરું છું સાંભળો પહેલાં ( અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આયોજન પંચ દ્વારા સરવે D.R.D.A. દ્વારા જે BPLની યાદી કરવાની હતી એના માટે સ્ટે હતો અને એ તા.૧૪-૨-૦૬ના રોજ એ સ્ટે સુપ્રીમ કોર્ટે હમણાં ચુકાદો આપ્યો છે અને એમાં કહ્યું છે કે, BPL પાત્રતા હોય તો એને BPL આપવા, BPLમાંથી APL થઈ શકે અને APLમાંથી BPL પણ થઈ શકે અને તે નિર્ણય થયા પછી તુરત જ સરકારે પરિપત્ર કર્યો છે.

## ભૂકંપની અસર પામેલ સ્કૂલોના નિર્માણની કામગીરી

***૧૭૦૫૭ શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

ભૂકંપથી અસર પામેલ વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસ નિગમને કેટલી સ્કૂલોના નિર્માણની જવાબદારી સોંપવામાં આવી, અને સોંપાયેલી જવાબદારીનાં અનુસંધાને તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ શું પ્રગતિ થઈ છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

રાજય સરકાર તરફથી ભૂકંપથી અસર પામેલ વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસ નિગમને કોઈ સ્કૂલના નિર્માણની જવાબદારી સોંપવામાં આવી નથી પરંતુ વડાપ્રધાનશ્રીના રાષ્ટ્રીય રાહત કોષની સહાયથી ભૂકંપગ્રસ્ત વિસ્તારની ૩૭ માધ્યમિક શાળાઓના નિર્માણની કામગીરી વડાપ્રધાનશ્રીના કાર્યાલય, નવી દિલ્હી તરફથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને સોંપવામાં આવી હતી. તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને સોંપાયેલ ૩૭ શાળાઓની બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

**શ્રી દિપસિંહ શં. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની મારફતે જાણવા માગું છું કે, ખરેખર ભયાનક ભૂકંપથી બીજી કેટલી સ્કૂલોને અસર થઈ હતી, ૩૭ સ્કૂલો જે ઔદ્યોગિક વિકાસ નિગમને સોંપવામાં આવી હતી એનું કામ પૂર્ણ થયું છે એ બદલ અભિનંદન આપું છું પણ ગુજરાતમાં ખરેખર કેટલી સ્કૂલોને અસર થઈ હતી અને એમાંથી કોઈ બાકી છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં૨૦૦૧માં જ્યારે ભૂકંપ આવ્યો એ સમયે પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કૉલેજો અને યુનિવર્સિટીઓને ખૂબ મોટું નુકસાન થયું અને એ સમયમાં એન.ડી.એ. સરકારે પ્રાથમિક શાળાઓના નિર્માણ માટે ૧૫૦ કરોડ રૂપિયા ફાળવ્યા હતા અને યુનિવર્સિટીઓ માટે ૫૦ કરોડ રૂપિયા ફાળવ્યા હતા, આ જે પૈસા મળ્યા, જે બજૅટ ફાળવ્યું એ વડાપ્રધાન કાર્યાલયમાંથી ફાળવવામાં આવ્યા હતા અને ૩૭ શાળાઓને રિપેરિંગ કરવા માટે G.I.D.C.ને વડાપ્રધાનશ્રીના કાર્યાલયમાંથી મંજૂરી આપવામાં આવી. આ જે ૩૭ શાળા એમને આપવામાં આવી હતી એ બધી જ શાળાઓનું રિપેરિંગ કામ પૂરું થઈ ગયું છે. ૨૦૦૨-૦૩ની સાલમાં બધી જ શાળાઓનું રિપેરિંગ કામ પૂર્ણ કર્યું. પૂર્ણ કરવામાં ૩૧,૪૩,૩૩,૫૯૪ રૂપિયાનો ખર્ચ થયો છે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાંથી જે ૩૭ શાળાઓ રિપેર કરવામાં આવી ભૂકંપ વિસ્તારમાં રિપેર કરવામાં આવી. સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી શાળાઓ છે એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં શાળાના બાંધકામનું કામ અને રિપેરિંગનું કામ ત્રણ સંસ્થાઓને કેન્દ્ર સરકારે આપ્યું હતું. એમણે આ જી.આઈ.ડી.સી. માટે પૂછયું બાકીની ઘણી બધી બાંધેલી છે બીજાએ અને એન.બી.સી.સી.એ પરંતુ સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરું તો સરકારી હોસ્પિટલ ચોટીલા ૧,૬૬,૦૮,૦૨૪ના ખર્ચે કામ પૂરું થઈ ગયું. એન.ટી.એમ. હાઈસ્કૂલ સુરેન્દ્રનગર ૧,૫૯,૩૦,૨૪૨ રૂ.ના ખર્ચે કામ પૂરું થઈ ગયું. અજીતસિંહ હાઈસ્કૂલ ધાંગધ્રા ૨,૮૭,૦૪,૧૦૧ રૂ.ના ખર્ચે કામ પૂરું થઈ ગયું. સરકારી હાઈસ્કૂલ ૮,૬૪,૨૫,૨૭ના ખર્ચે કામ પૂરું થઈ ગયું. રાજોદરજી હાઈસ્કૂલ હળવદ ૫૫,૩૬,૩૯૬ ના ખર્ચે કામ પૂરું થઈ ગયું. સર જે. હાઈસ્કૂલ લખતર ૫૨૭૧૪૧૫ના ખર્ચે, એન.એમ.હાઈસ્કૂલ લીમડી ૭૩,૯૮,૬૦૧ નો કુલ ખર્ચ કર્યો રાજય સરકારે આ શાળાની પાછળ. આમ તો સુરેન્દ્રનગર જિલ્લાની ૨૭ સ્કૂલોનું કામ થયું છે અને ૧૩૦૩૧૩૦૨૨નો એની પાછળ ખર્ચ થયો છે.

**શ્રી રણજિતસંહ ન. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૦૦૧માં ભૂકંપ આવ્યો એમાં માધ્યમિક શાળાની કુલ કેટલી દરખાસ્ત મોકલી હતી. ૩૭ માધ્યમિક શાળાઓ મંજૂર થયેલ પણ અહીંથી દરખાસ્ત કેટલી શાળાની ગઈ હતી? જેની મંજૂરી મળી નથી એમાં રાજય સરકાર મદદરૂપ થવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જી.આઈ.ડી.સી. દ્વારા ૩૭ દરખાસ્તો ગઈ હતી ૩૭ની મંજૂરી મળી. ૩૭નું કામ પૂરું થઈ ગયું.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ શાળાની દરખાસ્ત આવી હતી એમાં નખત્રાણા કે.વી.કન્યા હાઈસ્કૂલની દરખાસ્ત હતી કે કેમ અને કે.વી.કન્યા હાઈસ્કૂલ આ શાળાનું કામ રાજય સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે ધારાસભ્યશ્રીએ પૂછયું છે એ માત્ર ઔદ્યોગિક વિકાસ નિગમને કેટલી સ્કૂલનું નિર્માણની જવાબદારી સોંપાઈ હતી એને લક્ષમાં રાખીને જવાબ આપ્યો છે. અહીં કચ્છ જિલ્લાની જે વાત કરી છે એમાં ૮ હાઈસ્કૂલનું કામ જી.આઈ.ડી.સી. દ્વારા કરવામાં આવે છે. એમાં અહીં જે શાળાઓ આપી છે એમાં કોઈ કન્યા સ્કૂલ નથી. પરંતુ એન.બી.સી.સી. અને બીજા વગેરેથી થઈ છે. એમાં આ શાળાનો સમાવેશ થાય છે. કચ્છ જિલ્લામાં ૮ સ્કૂલો બનાવી એમાં ૧૬૬૨૧૮૫૮૧નો ખર્ચ કરી ૮ શાળાનું નિર્માણ થઈ ચૂકયું છે.

## રાજયમાં શાસ્તત્રીય નૃત્ય અને સંગીતના પ્રચાર અંગે

***૧૭૨૯૧ શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી (જામનગર) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) શાસ્ત્રીય નૃત્ય અને સંગીત લોકો સુધી પહોંચે તે માટે સરકાર કોઈ પગલાં લેવા માગે છે કે કેમ?
(૨) જો હા, તો તેની વિગતો શી છે અને,
(૩) આ અંગેની કોઈ યોજના છે કે કેમ?

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી :**

(૧) હાજી.
(૨) શાસ્ત્રીય સંગીતને લગતા પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સ્પર્ધા, પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સમારોહ, શાસ્ત્રીય સંગીત સભા (વર્ષ દરમિયાન ૪) બૈજુ શાસ્ત્રીય સંગીત સમારોહ, આદિત્યરાયજી શાસ્ત્રીય સંગીત સમારોહ, શાસ્ત્રીય સંગીત વર્કશોપ/સેમીનાર, તાના-રીરી સંગીત સમારોહ અને શાસ્ત્રીય સંગીત મહોત્સવ તેમજ શાસ્ત્રીય નૃત્યને લગતા કલકે કલાકાર શાસ્ત્રીય નૃત્ય મહોત્સવ અને શાસ્ત્રીય નૃત્ય વર્કશોપ/ સેમિનાર સંગીત નાટક અકાદમી દ્વારા તથા કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા પ્રતિ વર્ષ ઉત્તરાયણ પછીના સપ્તાહમાં સૂર્યમંદિર મોઢેરા, જિ. મહેસાણા ખાતે ત્રિદિવસીય શાસ્ત્રીય નૃત્યોનો "ઉત્તરાર્ધ ઉત્સવ" અને બે દિવસના શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમોનું જુદા જુદા સ્થળે આયોજન કરવામાં આવે છે.
(૩) હાજી.

**શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી** : માનાનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે શાસ્ત્રીય નૃત્ય અને સંગીતક્ષેત્રે ગુજરાતના કલાકારો અન્ય રાજયમાં પોતાની કલા રજૂ કરવા માટે સરકારે કોઈ યોજના શરૂ કરી છે કે કેમ? છેલ્લા ૧૦ વર્ષમાં કેટલા કલાવૃંદને રાજય બહાર કે રાષ્ટ્ર બહાર મોકલવામાં આવ્યા?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે શાસ્ત્રીય નૃત્ય વગેરેમાં વિદેશમાં બહાર જનાર કલાકાર છે એમને પ્રોત્સાહક ઈનામ પણ આપવામાં આવે છે. સ્ટેજ વગેરે પણ પૂરું પાડવામાં

આવે છે અને જે કલાકારોને આપણે બોલાવીએ છીએ. એમાં પંડિત હરિપ્રસાદ ચોરાસીયાજી, શ્રીમતી અશ્વિની ભીંડી, શ્રીમતી વસુંધરા કોમકલી, વિશ્વ મોહન ભટ્ટ, નૃતીય આવિર્ભાવ આ બધાને વિદેશમાં અથવા તો રાજ્યની અંદર નૃત્ય કરીને કાર્યક્રમ કરવા માટે રાજ્ય સરકાર પૂરો પ્રયાસ કરે છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : મારે મંત્રીશ્રીને પ્રશ્નના રૂપથી એ વિનંતી કરવાની છે કે શાસ્ત્રીય સંગીત અને શાસ્ત્રીય નૃત્ય આ બંને પ્રશ્નો સભ્યશ્રીએ એ જ પૂછ્યા છે કે પહેલો પ્રશ્ન શાસ્ત્રીય નૃત્ય અને શાસ્ત્રીય સંગીત લોકો સુધી પહોંચે તે માટે સરકાર કોઈ પગલાં લેવાં માગે છે કે કેમ? આ બંને કલાઓ એવી છે કે જેની અંદર એકદમ બીજા કાર્યક્રમોની જેમ આપણી સામાન્ય જનતા મોટા સમૂહમાં આકર્ષાતિ ન હોય, આના માટેનો ખાસ વર્ગ હોય છે, એટલે આવા કાર્યક્રમોમાં બીજું કોઈ આર્થિક ઉપાર્જન હોતું નથી, એટલે જે તે જિલ્લા મથકોએ, તાલુકાએ નહિ, પણ જિલ્લા મથકોએ આ પ્રકારના કાર્યક્રમો લોકો સુધી પહોંચાડવા હોય તો હોલનું ભાડું કે પછી બાકીનું જે કઈ હોય, નૃત્યની અંદર તો કેટલાય કોશ્ચ્યૂમ, તૈયાર ફૂલ વગેરે હોય અને અત્યારે એ બહું મોંઘું છે, એટલા માટે આવા કાર્યક્રમો લોકો સુધી તો જ પહોંચે જો આપણી સરકારી અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના કબજામાં જે હોલ હોય, તેને આવા કાર્યક્રમો ટિકિટ વગર લોકો સુધી પહોંચાડવા માટે કાર્યક્રમ થતા હોય અને એને સબ્સીડાઈઝ રેટે હોલ અને આવી બધી સુવિધા પૂરી પાડવામાં આવે અને આ પ્રકારનાં કામ કરનાર ગૃહો છે, એમને પણ કોઈ બીજી આર્થિક મદદ કરવા માટેની સરકાર યોજના કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : શાસ્ત્રીય સંગીત અને શાસ્ત્રીય નૃત્ય હોય એને માટે રાજ્ય સરકારે અનેક યોજના બનાવી છે. આ યોજના થકી યુવા કલાકારોને પ્રોત્સાહન મળે, સ્ટેજ મળે એના માટેનો સતત પ્રયત્ન રાજ્ય સરકાર કરી રહી છે. પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સ્પર્ધા અને પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સમારોહનું આયોજન રાજ્ય સરકાર 'અ' અને 'બ' વિભાગમાં કરે છે. 'અ' વિભાગમાં ૧૨ થી ૧૯ વર્ષનાં બાળકો ભાગ લે છે અને 'બ' વિભાગમાં ૨૦ થી ૩૫ વર્ષના યુવકો ભાગ છે. કંઠ્ય ગાયન, તાલવાદ્ય, સ્વરવાદ્ય, એમ જુદા જુદા વિભાગોની અંદર આ કાર્યક્રમનું આયોજન થાય છે, જેનો ખર્ચ રાજ્ય સરકાર પૂરો પાડે છે. આવવા જવાનો ખર્ચ રાજ્ય સરકાર આપે છે.

**અધ્યક્ષશ્રી** : કોઈ સાંભળતું નથી. બધાને પ્રશ્ન પૂછવામાં રસ હોય છે, સાંભળવામાં નહીં.

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : આ વિષય જેમને સંગીતમાં અને નૃત્યમાં રસ હોય, એમને જ ગમે. એ જ રીતે શાસ્ત્રીય સંગીતસભા યુવાન અને લબ્ધપ્રતિષ્ઠિત કલાકારોને શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ પણ આયોજિત કરવામાં આવે છે. આ જ વર્ષે ૨૩ મી ઓગસ્ટે આદીપુરમાં કચ્છ, માંડવી ખાતે શાસ્ત્રીય નૃત્યનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો અને એનો ખર્ચ પણ રાજ્ય સરકારે પૂરો પાડ્યો છે. બૈજુ શાસ્ત્રીય સંગીત સમારોહ..

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : હોલને એ બધુ મોંઘુ પડે છે એના માટે.

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : એ એમનું સૂચન છે.

**અધ્યક્ષશ્રી** : આજે પહેલીવાર માનનીય નરેશભાઈ ઊભા થયા છે.

**શ્રી નરેશકુમાર મી. કનોડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે મને આ બધા ઊભો કરવાની કોશિશ કરતા હતા. મારા માટે સૌભાગ્યની વાત છે કે તાના-રીરી ચિત્ર ઉતર્યું, એનો હીરો હું હતો. એની અંદર ક્લાસિકલ સંગીત મહેશ, નરેશે પ્રદાન કર્યુ હતું અને ગુજરાત રાજ્ય તરફથી એવોર્ડ પણ અમને મળ્યો હતો, હું પૂછવા માગું છું કે ભક્ત કવિ નરસિંહ મહેતાની દોહિત્રી તેમજ ગુજરાતની દીકરીઓ તાના-રીરીની સ્મૃતિમાં શાસ્ત્રીય સંગીત અને નૃત્યનો કોઈ કાર્યક્રમ કર્યો છે કે કેમ? અને આવા કાર્યક્રમોમાં છેલ્લા ૧૦ વર્ષમાં કેટલાં કલાકારોને તક પૂરી પાડવામાં આવી છે, તથા નવોદિત કલાકારોને પ્રોત્સાહન સારું કોઈ યોજના છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તાના-રીરી શાસ્ત્રીય મહોત્સવ કરવા માટે પહેલીવાર ૨૦૦૩ની સાલમાં રાજય સરકારે નિર્ણય કર્યો અને વડનગરમાં આ માટેના બે દિવસ માટે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૨૩/૨૪-૯-૨૦૦૩ના દિવસે ૨૪ થી ૨૫ હજાર લોકોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પંડિત હરિપ્રસાદ ચોરસિયાનો બાંસુરીવાદનનો કાર્યક્રમ થયો હતો. શ્રીમતી અશ્વિની ભીંડેનો શાસ્ત્રીય ગાયનનો કાર્યક્રમ થયો હતો ત્યારબાદ ૨૦-૧૧-૨૦૦૪ અને તા. ૨૧-૧૧-૨૦૦૪ના રોજ ફરીથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી વસુંધરા કોમકલી અને કુમારી કલાકિની કોમકલી એમનો શાસ્ત્રીય ગાયનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો અને બીજા દિવસે વિશ્વમોહન ભટ્ટજીનો શાસ્ત્રીય ગાયનનો કાર્યક્રમ થયો હતો. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ગયા વર્ષે ૨૦૦૫માં તા. ૨૧ અને ૨૨ તેમના જન્મદિને પણ કાર્યક્રમનું આયોજન થયું તેમાં તાના-રીરી, તાનસેન, અકબરનો દરબાર વગેરે બધા વિષયો ભેગા કરીને નૃત્ય નાટિકા દ્વારા આયોજન થયું હતું. તેમાં શ્રી નૃતિ આદિરભાવ અમદાવાદ દ્વારા ભૈરવી હેમંત અને શર્મિષ્ઠા મનોજ દ્વારા નૃત્ય નાટિકા ત્યાં રજૂ થઈ હતી અને સપ્તક અમદાવાદના યુવા કલાકારો કુમારી નિરાલી ઉદેસિંહ અને કુમારી શિવાની પટેલનો શાસ્ત્રીય ગાયનનો જુગલબંધીનો કાર્યક્રમ ત્યાં રજૂ થયો હતો. આ કાર્યક્રમની અંદર આસપાસના ગામડાના હજારો ભાઈ બહેનો

ઉપસ્થિત રહેતા હોય છે અને એટલું જ નહીં તાના-રીરીના મંદિર આવેલા છે તેની આજુબાજુની જમીન સંપાદન કરીને એક પ્રવાસધામ બને તેના માટે રાજય સરકારે આયોજન કરીને ત્યાં કામનો આરંભ કરી દીધો છે અને આજે ઘણાબધા લોકો તાના-રીરીના દર્શન કરી ગૌરવ થાય તેવી આ બંને દીકરીઓ ગુજરાતની કે જેમણે મલ્હાર રાગ ગાઈને તાનસેનના દીપક રાગનું શમન કર્યુ હતું. તે તાના-રીરીનો ઈતિહાસ છે અને તેના માટે આપણને સૌને ગૌરવ થવું જોઈએ અને તેના માટે તેમની યાદની અંદર સતત આપણી આ જે વિરાસત છે તે વિરાસત જાગતી રહે એટલું જ નહીં આપણી નવી પેઢી તેનાથી પરિચિત થાય તેના માટેના કાર્યક્રમોનું આયોજન રાજય સરકારે કર્યુ છે. તેનો ખર્ચ રાજય સરકાર પણ આપે છે અને સ્થાનિક એન.જી.ઓ, સ્થાનિક જિલ્લા પંચાયતો વગેરે તેનું આયોજન કરી સુંદર રીતે આખા કાર્યક્રમનું આયોજન અને નિરૂપણ થાય તેવો કાર્યક્રમ કરે છે અને હજારો ભાઈઓ અને બહેનો આ કાર્યક્રમમાં આવે છે. માનનીય રાજયપાલશ્રી આ કાર્યક્રમની અંદર ઉપસ્થિત રહી ઉદ્‌ઘાટન કરી પૂર્ણ થાય ત્યાં સુધી ઉપસ્થિત રહી તેનો લાભ લેતા હોય છે.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું અને મને ગૌરવ છે કે પંડિત ઓમકાર ઠાકોરનું જન્મ સ્થાન મારા વિસ્તારમાં આવેલ છે અને તેમની જન્મ જયંતિ નિમિત્તે રાજય સરકારે દસ લાખ રૂપિયાનું અનુદાન જાહેર કરેલ તે હજુ સુધી મળેલ નથી તો તે માટે આયોજન કરવા માગે છે?

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : આ તો જાહેરાત કરતી સરકાર છે.

**અધ્યક્ષશ્રી** : ભીખુભાઈ આ ગૃહ છે પ્લીઝ.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જાહેરાત નથી. આ કાર્યક્રમો વર્ષોથી ચાલે છે.

## શિક્ષણનું સ્તર સુધારવા અંગે

***૧૭૮૪૪ શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) ગત છેલ્લા ત્રણ વર્ષમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના બોર્ડમાં ૩૦ ટકા કરતાં ઓછા પરિણામ વર્ષવાર કેટલી શાળાના આવ્યા,

(૨) ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માં બોર્ડમાં "૦" (શૂન્ય) પરિણામવાળી શાળાઓ વર્ષવાર કેટલી, અને

(૩) આવા પરિણામો સામે શિક્ષણનું સ્થર સુધારવા સરકારે શું પગલાં ભર્યા?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧)

| વર્ષ | ધોરણ-૧૦ | | ધોરણ-૧૨ |
|---|---|---|---|
| | શાળાની સંખ્યા | વિજ્ઞાન શાળાની સંખ્યા | સામાન્ય શાળાની સંખ્યા |
| માર્ચ-૨૦૦૩ | ૨૩૮૧ | ૨૬૩ | ૨૦૩ |
| માર્ચ-૨૦૦૪ | ૧૭૯૩ | ૨૩૧ | ૨૫૩ |
| માર્ચ-૨૦૦૫ | ૧૩૮૭ | ૨૪૦ | ૦૩૧ |

(૨)

| વર્ષ | ધોરણ-૧૦ | ધોરણ-૧૨ | |
|---|---|---|---|
| | શાળાની સંખ્યા | વિજ્ઞાન શાળાની સંખ્યા | સામાન્ય શાળાની સંખ્યા |
| ૨૦૦૩ | ૩૦૬ | ૨૬ | ૧૫ |
| ૨૦૦૪ | ૦૯૪ | ૧૮ | ૨૮ |
| ૨૦૦૫ | ૦૫૦ | ૨૭ | ૦૫ |

(૩) ૦ ટકાથી માંડી ૩૦ ટકાથી ઓછા પરિણામવાળી શાળઓના આચાર્યશ્રીની મીટીંગ બોલાવવામાં આવી. ચોકસાઈપૂર્વક નિરીક્ષક દૈનિક આયોજન પોથીની યોગ્ય ચકાસણી કરવાની સુયોગ્ય સૂચના આપવામાં આવી.

(૧) નિદાન કસોટી લઈ નબળા બાળકોને અલગ તારવવા સૂચના આપવામાં આવી.

(૨) બોર્ડ કરતાં નીચું પરિણામ લાવતી શાળાઓને વિનિયમ અનુસાર ગ્રાન્ટ કાપના વહીવટી પગલાં લેવામાં આવે છે.

(૩) તાલીમ વર્ગોનું આયોજન કરી માર્ગદર્શન આપવામાં આવે છે.

(૪) શાળાવાર પરિણામ વધે તે માટે શાળાઓના માર્ગદર્શન માટે પ્રશ્નબેંકની પુસ્તિકાઓ બે નકલમાં આપવામાં આવેલ છે.

(૫) જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા એકશન પ્લાન તૈયાર કરી માર્ગદર્શન આપવામાં આવેલ અને તજજ્ઞ રિપોર્ટ શાળાઓને વિતરણ કરવામાં આવેલ છે.
(૬) રજાના દિવસે તેમજ સ્કૂલ તાસમાં વધારાના વર્ગો ગોઠવી નબળા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી માસિક ટેસ્ટનું આયોજન કરવામાં આવે છે.
(૭) રાત્રીના વર્ગોની વ્યવસ્થા કરી શિક્ષકો મારફતે વધુ માર્ગદર્શન મળી રહે તેવા પગલાં ભરવા સૂચવેલ છે.
(૮) ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવે છે.
(૯) જે વિષયમાં પરિણામ શૂન્ય આવે છે તે અંગે બોર્ડ દ્વારા આવી ઉત્તરવહીઓનું પૃથ્થકરણ કરી બાળકો કયા પ્રકારની કયા પ્રશ્નમાં કયા કયા વિષયોમાં ભૂલો કરે છે તે તરફ ધ્યાન દોરી આ પ્રકારની ભૂલો ન થાય તે માટે સંબંધિત શાળાઓને જાણ કરવામાં આવી.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ધોરણ-૧૦ અને ૧૨ માં ૩૦ ટકા કરતાં ઓછા પરિણામવાળી શાળાઓ ત્રણ વર્ષમાં ૫૫૦૦ શાળાઓ, વિજ્ઞાન પ્રવાહની ૭૩૪ શાળાઓ અને સામાન્ય શાળાઓ ૪૮૭ છે. જયારે બીજા પ્રશ્નમાં ધોરણ-૧૦ અને ૧૨ માં "૦" પરિણામવાળી શાળાઓમાં ૧૦મા ધોરણમાં ૪૫૦ શાળાઓ અને વિજ્ઞાન પ્રવાહની સંખ્યા ૭૧ શાળાઓ છે અને સામાન્ય ૪૮ શાળાઓ છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧૦મા ધોરણનું પરિણામ ૩૦ ટકા કરતાં ઓછું હોય તેવી ૫૫૦૦ શાળાઓ હોય અને શૂન્ય પરિણામવાળી ૪૫૦ શાળાઓ હોય એના ઉપરથી સાબિત થાય છે કે પ્રાથમિક શિક્ષણનું સ્તર જે તાલુકાઓમાં કે જિલ્લામાં કથળ્યું છે, નીચેથી જે ફાલ આવવો જોઈએ તે યોગ્ય રીતે આવતો નથી તો એવા તાલુકા અને જિલ્લાઓની યાદી સભાગૃહના ટેબલ ઉપર મૂકશે તો ચાલશે પણ આવા તાલુકાઓમાં આ વિદ્યાર્થીઓની આ શાળાઓને આઈડેન્ટીફાઈ કરી કોઈ શિક્ષણનો યોગ્ય વ્યકિત ત્યાં મૂકી, અને આ પરિપત્રો તો થાય છે અને માનનીય શિક્ષણ મંત્રીશ્રીની કેટલીક બાબતોમાં, જે સારું કામ કરે છે એને તો અમે સ્વીકારીએ છીએ પણ જે પછાત તાલુકાઓ છે જ્યાં પ્રાથમિક શિક્ષણનું સ્તર કથળેલું છે ત્યાં શિક્ષકોને શિક્ષણ સિવાયની કોઈ જવાબદારી બીજી ન આપે, એ એટલા માટે કે શિક્ષણ વિભાગના જે પત્રો આવે છે એના જવાબો લખવામાં જ એક શિક્ષકનો સમય જતો હોય છે. ત્યારે આવા તાલુકાઓ, એવા જિલ્લાઓને થોડુક આઈડેન્ટીફાઈ કરી આવા જે સ્પોટ છે એને કંઈક આ બાર મહિનામાં આપણે એવું કંઈક કામ કરીએ, આ શૂન્ય પરિણામવાળી શાળાઓ છે કે ૩૦ ટકા પરિણામવાળી શાળાઓ છે ત્યાં શિક્ષણનું સ્તર સુધરે એવા કંઈક કાર્યક્રમ કરવા માગે છે કે કેમ ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો માનનીય જગદીશભાઈને કોઈ પોલીટીકલ જવાબ હું આપવા નથી માગતી પણ આપણે સૌએ સાથે મળીને બાળકોના કલ્યાણ માટે પ્રયાસો કરવાના છે. ૨૦૦૩માં ૨૩૮૧ શાળાઓ ૩૦ ટકા કરતાં ઓછા પરિણામ ધરાવતી હોય, ત્યાં આપણે પ્રયત્ન કર્યો તો ૧૩૮૭ શાળાઓ એટલે કે એક હજાર જેટલી શાળાઓમાં પરિણામ સુધરેલ છે અને તે પણ બે વર્ષના ગાળામાં સુધર્યુ છે. એ રીતે ધોરણ બાર વિજ્ઞાન પ્રવાહમાં ૨૬૩ શાળાઓમાંથી ૨૪૦ શાળાઓ કરી છે એ જ રીતે સામાન્ય પ્રવાહમાં ૨૦૩ શાળાઓ હતી એમાંથી માત્ર ૩૧ જ શાળાઓ રહી છે અને શૂન્ય પરિણામો છે એમાં સામાન્ય પ્રવાહમાં ૧૫ હતી એમાંથી ૫ રહી છે, હું માનું છું કે આ વર્ષે શૂન્ય ઉપર આવશે એવી મને શ્રદ્ધા છે. ધોરણ દશ અને ધોરણ બારમાં આ જે પરિણામો આપણને દેખાય છે એનું કારણ એ છે, બીજું બધું તો ઠીક છે પણ જે આ ચોરીઓ થતી હતી એ ચોરીઓ થતી એ રોકવા માટે આપણે જે પ્રયત્ન કર્યો છે અને બાળકો અભ્યાસ કરે, તૈયારી કરે, શિક્ષકો ભણાવે, શાળાઓનું વાતાવરણ સુધરે એના માટેના જે ત્રણ ચાર વર્ષમાં આપણે પ્રયત્નો કર્યા કે આ સમયે ચોરીઓ વગેરે ન કરવા દીધું અને આ ૩૦ ટકા અને શૂન્ય ટકા પરિણામ આપણી પાસે આવ્યાં પણ છેલ્લા બે વર્ષથી જે પરિણામોમાં સુધારા થયા છે અને વિદ્યાર્થીઓએ જે તૈયારી કરી છે, શિક્ષકોએ મહેનત કરી છે અને આપે કહ્યું કે ઈન્ટીરીયર વિસ્તાર છે, અને ત્યાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છે ત્યાં શિક્ષણનું સ્તર ઓછું છે એવી શાળાઓને આઈડેન્ટીફાઈ કરીને પણ એ શાળાઓને બીજી એકદમ સારી શાળાઓની સાથે જોડાણ કરવામાં આવ્યું છે અને ત્યાં પણ શિક્ષકો ગણિત અને વિજ્ઞાનના વિષયમાં અત્યારે પણ આવી નબળી શાળાઓમાં જઈને વર્ષ દરમિયાન અભ્યાસ કરાવે છે અને સારા પ્રયત્નો થઈ રહ્યા છે, હું માનું છું કે ૨૦૦૬માં જે પરિણામો આવે એ પરિણામો બતાવશે કે આ જે સંખ્યા અત્યારે બતાવી છે એમાં ઓર ઘટાડો થશે અને વધારે સારા પરિણામો બાળકો લાવીને એમની કારકિર્દી ઘડવા માટેની આગળ ઉપર તૈયારી કરશે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે શૂન્ય પરિણામવાળી શાળાઓ છે એ શૂન્ય પરિણામ આવવાનું કારણ ચોરીઓ થતી હતી એના લીધે જ આવ્યું હતું એ વાત સાચી છે અને એમાં સુધારો થાય એટલા માટે ચોરીઓ થતી અટકાવવાથી દિનપ્રતિદિન સુધારો થતો ગયો છે એ વાત સાચી છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શૂન્ય ટકા પરિણામ લાવવા માટે એક કારણ જવાબદાર નથી હોતું, પ્રાથમિક શાળાઓમાંથી કેટલાંક નબળાં બાળકો આવે, ધોરણ આઠ અને નવમાં એમને તૈયારી કરવાની હોય અને દશમા ધોરણ સુધી બાળકોને પહોંચાડવાના હોય, એ ઉપરાંત શાળાઓમાં જે શિક્ષકો છે એ કાર્યરત છે એ શિક્ષકોને તાલીમ આપીને અને બાળકોને કેવી રીતે તૈયાર કરવા એના માટેની જવાબદારી શાળાઓએ ઉપાડવી જોઈએ, ટ્રસ્ટીઓએ પણ જવાબદારી ઉપાડવી પડે કે આપણી શાળામાં જે બાળકો આવ્યા છે એ બાળકો સારી રીતે તૈયાર થાય, એમને કોચિંગ વગેરે મળે, શિક્ષકો વધારે સમય આપે અને વધારે સમય આપીને શાળા બહાર કે શાળા પૂરી થયા પછી કે શાળા શરૂ થતાં પહેલાં નિ:શુલ્ક વર્ગો લેવાય આ બધા પ્રયત્નો રાજય સરકારે કર્યા છે અને પરિણામે આજે આટલા પરિણામો આવ્યા છે પણ હવે આટલા સારા પરિણામો આવશે, ચોરીઓ પણ બંધ કરાવી છે એના લીધે પણ પરિણામમાં ઘટાડો થયો છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રાજકોટ શહેરમાં પોલીસ ખાતાના રહેણાંક અને બિન રહેણાંક્ના કામો

૧૭૩૦૧**શ્રી જશવંતસિંહ સોલંકી (સારસા) :માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં રાજકોટ શહેરમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૭૫૮.૪૪ લાખ |
| (૨) આ કામો પૈકી તા.૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૭૫૮.૪૪ લાખ |

-------------

### અમદાવાદ શહેરના ધારાસભ્યશ્રી ઉપર ગેસ વિતરણ એજન્સીના માલિકો દ્વારા હુમલો

૧૬૯૨૭ **શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ તાજેતરમાં રાજ્યમાં ગેસના બાટલાઓની તીવ્ર તંગી ઉભી થવાના કારણે લોકોને મદદ કરવા જતા અમદાવાદ શહેરના ધારાસભ્ય ઉપર ગેસ વિતરણ એજન્સીના માલિકોએ હુમલો ક્ર્યો હોવાની હકીક્ત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) પોલીસ કેસ સિવાય પુરવઠા તંત્ર દ્વારા એજન્સીના માલિકો સામે શું કાર્યવાહી કરવામાં આવેલ છે, | (૨) એક્તા ગેસ એજન્સીની ગેરરીતી અન્વયે એજન્સીની માન્યતા (પરવાનો) બે માસ માટે મોકૂફ રાખવામાં આવેલ છે. અને તેમણે માન. ધારાસભ્યશ્રી અને અન્ય લોકો સાથે કરેલ ગેરવર્તન/ગેરરીતી અંગે આવશ્યક ચીજવસ્તુ આદેશ-૧૯૮૧ હેઠળ તેમનો પરવાનો રદ કેમ ન કરવો ? તે અંગે તા. ૧૪-૨-૦૬ના રોજ કારણદર્શક નોટિસ આપી ભારે શિક્ષાત્મક પગલાં લેવા કાર્યવાહી કરવામાં આવી છે, જે ચાલુ છે. |
| (૩) તંગી દરમ્યાન વિતરણ વ્યવસ્થાના રોષનો | (૩) તંગી દરમિયાન લોક પ્રતિનિધિઓને રોષનો |

| | |
|---|---|
| ભોગ લોક પ્રતિનિધિઓને ન બનવું પડે તે માટે વિભાગ શું વ્યવસ્થા ગોઠવવા માંગે છે, અને | ભોગ ન બનવું પડે તે માટે વિભાગ ધ્વારા જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનો ધ્વારા જરૂર પડે બંદોબસ્ત રાખવા જણાવવામાં આવશે. --- વિસ્તરણ વ્યવસ્થાના સ્થળે જે લોક પ્રતિનિધિને જવું હોય તેઓએ પ્રથમ કચેરીને જાણ કરવામાં આવશે તો ઉપર મુજબ વ્યવસ્થા ગોઠવી શકાય. |
| (૪) રાજ્યમાં ક્યાં સુધી ગેસના બાટલાની તંગી દૂર થઇ જશે? | (૪) અમદાવાદ શહેરમાં હાલમાં સીલીન્ડરની તંગી દુર થઈ ગયેલ છે. અને પરિસ્થિતિ સામાન્ય છે. |

-------------

**જાફરાબાદ ખાતે અન્ય એજન્સીઓ દ્વારા પકડવામાં આવેલ દારૂ અંગે**

૧૬૬૪૧**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જાફરાબાદ ખાતે સ્થાનિક પોલીસ વિના અન્ય એજન્સી/બ્રાંચો દ્વારા રૂા.૧૦ હજાર રક્મ ઉપરાંતનો દારુ ક્યારેય પકડાયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે ક્યારે અને કેટલી કિંમતનો દારુ કોના દ્વારા પકડવામાં આવેલ છે, અને | (૨) (૧) તા. ૮/૨/૦૪ના રોજ રૂા. ૪૪૬૬૦/-ની કિંમતનો દારૂ, નશાબંધી વિભાગીય સ્ટ્રાઈકીંગ ફોર્સ-૨ અને નશાબંધી જુનાગઢ પોલીસ સ્ટેશનની સંયુક્ત રેઈડ ધ્વારા પકડવામાં આવેલ છે. (૨) તા. ૧૧/૧૧/૦૪ના રોજ રૂા. ૧૫૧૭૦/-ની કિંમતનો દારૂ, એલ.સી.બી. શાખા, અમરેલી તથા સ્થાનિક પોલીસની સંયુક્ત રેઈડમાં પકડવામાં આવેલ છે. |
| (૩) જવાબદાર અધિકારીઓ સામે શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૩) ખંડ-૨માં જણાવેલ બન્ને રેઈડ સ્થાનિક નશાબંધી પોલીસ સ્ટેશન અને પોલીસ સ્ટેશનના સ્ટાફની હાજરીમાં સંયુક્ત રીતે પાડવામાં આવેલ હોવાથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજ્યની પ્રાથમિક શાળાઓને લાઇટ બીલની ચૂકવણી**

૧૭૬૬૪**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની પ્રાથમિક શાળાઓને લાઇટ બીલ મીટર મુજબ પુરેપુરુ ચૂકવાતુ નથી તે બાબત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો બાકીની ઘટતી લાઇટ બીલની રકમ કઇ રીતે ચૂકવાય છે ? | (૨) શિક્ષકો ધ્વારા લોકફાળો એકત્ર કરીને. |

-------------

**નશાબંધી વિભાગ દ્વારા પકડવામાં આવેલ દારૂ**

૧૭૫૨૨**શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ સન ૨૦૦૪-૨૦૦૫ | સને ૨૦૦૪-૨૦૦૫ (૧/૨/૦૪ થી ૩૧/૧/૦૫) |

| પ્રશ્ન | | જથ્થો | કિંમત (રૂપિયા) |
|---|---|---|---|
| તથા સન ૨૦૦૫-૨૦૦૬ના વરસમાં નશાબંધી વિભાગ મારફતે કેટલો દેશી તથા વિદેશી દારુ સુરત જિલ્લામાં પકડવામાં આવેલ છે ? | દેશી દારૂ લીટર | ૨૧૫૬૮૭ | ૪૩૧૩૭૪૦ |
| | વિદેશી દારૂ બોટલ | ૨૮૬૭૨૪ | ૧૪૦૯૮૯૫૧ |
| | | **કુલ** | **૧૮૪૧૨૬૯૧** |

સને ૨૦૦૫-૨૦૦૬ (૧/૨/૦૫ થી ૩૧/૧/૦૬)

| | જથ્થો | કિંમત (રૂપિયા) |
|---|---|---|
| દેશી દારૂ લીટર | ૩૦૬૭૪૯ | ૬૧૩૪૯૮૦ |
| વિદેશી દારૂ બોટલ | ૨૬૨૧૬૧ | ૧૭૫૮૫૫૪૮ |
| | **કુલ :** | **૨૩૭૨૦૫૨૮** |

-------------

## વલસાડ જિલ્લામાં કેળવણી નિરીક્ષકોની ખાલી જ્ગ્યાઓ

૧૭૨૯૩ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** (પારડી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળામાં કેળવણી નિરીક્ષકોની કુલ જ્ગ્યાઓ કેટલી મંજૂર થયેલ છે, | (૧) |

| તાલુકો | કેળવણી નિરીક્ષકોની મંજૂર થયેલ જ્ગ્યા |
|---|---|
| વલસાડ | ૬ |
| પારડી | ૪ |
| ઉંમરગામ | ૪ |
| ધરમપુર | ૪ |
| કપરાડા | ૫ |
| કુલ | ૨૩ |

(૨) આ સ્થિતિએ કેટલા કેળવણી નિરીક્ષકો ફરજ બજાવે છે,

(૨)

| તાલુકો | ફરજો બજાવતા કેળવણી નિરીક્ષકો |
|---|---|
| વલસાડ | ૫ |
| પારડી | ૪ |
| ઉંમરગામ | ૪ |
| ધરમપુર | ૩ |
| કપરાડા | ૫ |
| કુલ | ૨૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને | (૩) વલસાડ - ૧<br>ધરમપુર - ૧ |
| (૪) સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ? | (૪) જેમ બને તેમ જલ્દી |

-------------

## બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ ધારકો માટે ઘઉં-ચોખાનો જથ્થો

૧૬૮૦૪**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** (સિધ્ધપુર) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર બી.પી.એલ. અને એ.પી.એલ. | (૧) નીચે મુજબ (આંકડા મે.ટનમાં) |

| વર્ષ | યોજના | ઘઉં | ચોખા |
|---|---|---|---|

કાર્ડધારકો માટે કેન્દ્ર સરકાર તરફથી કેટલો ઘઉં અને ચોખાનો જથ્થો મળ્યો,

| | | | |
|---|---|---|---|
| ૨૦૦૪-૦૫ | બી.પી.એલ. | ૬૬૫૯૫૨ | ૨૨૪૪૯૬ |
| ૨૦૦૪-૦૫ | બી.પી.એલ. | [illegible] | [illegible] |
| | એ.પી.એલ. | ૧૪૪૨૧૮૦ | ૮૮૦૭૯૦ |

(૨) કેટલો જથ્થો ઉપાડવામાં આવ્યો, અને

(૨) નીચે મુજબના જથ્થાનો ઉપાડ કરવામાં આવેલ છે. (આંકડા મે.ટનમાં)

| વર્ષ | યોજના | ઘઉં | ચોખા |
|---|---|---|---|
| ૨૦૦૪-૦૫ | બી.પી.એલ. | ૪૬૦૮૩૨ | ૧૮૦૫૫૭ |
| | એ.પી.એલ. | ૬૩૮૨૮ | ૨૬૫૬૭ |
| ૨૦૦૫-૦૬ જાન્યુ.-૦૬ સુધી | બી.પી.એલ. | ૩૮૬૫૬૮ | ૧૭૨૩૪૭ |
| | એ.પી.એલ. | ૭૮૫૩૨ | ૨૪૬૮૮ |

(૩) કેટલા જથ્થાનું વિતરણ ગરીબોને તેમજ એ.પી.એલ. કાર્ડ ધારકોને કરવામાં આવ્યું ?

(૩) નીચે મુજબના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ હતું (આંકડા મે.ટનમાં)

| વર્ષ | યોજના | ઘઉં | ચોખા |
|---|---|---|---|
| ૨૦૦૪-૦૫ | બી.પી.એલ. | ૪૩૬૨૫૨ | ૧૭૨૨૬૪ |
| | એ.પી.એલ. | ૪૦૮૮૩ | ૧૫૧૬૦ |
| ૨૦૦૫-૦૬ જાન્યુ.-૦૬ સુધી | બી.પી.એલ. | ૪૪૧૨૧૩ | ૧૭૨૯૮૩ |
| | એ.પી.એલ. | ૫૯૬૮૫ | ૧૨૨૨૮ |

-------------

## લીંબડી તાલુકાના દારૂના અડ્ડાઓ સામે ફરિયાદ અને થયેલ કાર્યવાહી

૧૬૨૬૭**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) લીંબડી તાલુકામાં દારૂના અડ્ડાઓ ચલાવનારા સામે તા.૧-૪-૦૪ થી તા.૩૧-૧-૦૬ સુધીમાં મળેલ ફરિયાદો પર શું કાર્યવાહી થઇ છે,

(૨) રાજ્ય કક્ષાએથી દારૂના આ અડ્ડાઓ ઉપર રેડ કેટલા કિસ્સામાં પડાઇ છે, અને

(૩) રાજ્યકક્ષાએથી રેડ નહિ પાડવાના શું કારણો છે ?

**જવાબ**

(૧) કુલ ૨૧ ફરિયાદો મળેલ જે અનુસાર કુલ-૫૩ પ્રોહિબીશન રેઈડો પાડવામાં આવેલ.

(૨) ૮ (આઠ)

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ખાંભા તાલુકામાં મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોના સંચાલકોને છૂટા કરવા અંગે

૧૭૭૬૩**શ્રી બેચરભાઇ વિ. ભાદાણી (લાઠી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં તા.૨૦-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જુદા જુદા મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોના કેટલાં સંચાલકોને મનસ્વી રીતે છૂટા કરવામાં આવેલા છે,

(૨) કેટલાંક પતિ પત્ની સંચાલકોને ચાલુ

**જવાબ**

(૧) મનસ્વી રીતે છૂટા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) માત્ર પતિ-પત્ની હોવાના કારણોસર કોઈને

રખાયા છે જ્યારે વર્ષોથી સેવા આપતા કેટલાંક સંચાલકોને પતિ-પત્ની હોવાના કારણસર નાયબ કલેક્ટર (મ.ભો.યો.) અમરેલીએ છૂટા કરેલ છે તે હકીક્ત સાચી છે,

પણ છૂટા કરાયેલ નથી પરંતુ સરકારની નીતિ અનુસાર સંચાલક્ના પતિ કે પત્ની નોકરી કરતા હોવાનું ધ્યાને આવતાં તેમને છુટા કરવામાં આવેલ છે.

(૩) છૂટા કરાયેલાં સંચાલકો પૈકી પતિ-પત્ની હોય તેવા તમામ સંચાલકોને સરકાર ફરીથી સંચાલક તરીકે નિમણૂંક આપવા માંગે છે કે કેમ, અને

એચબી-૧૦૨૯-૩

(૩) સરકારની નીતિ અનુસાર પતિ-પત્ની પૈકી એક વ્યક્તિ સ્થાનિક સંસ્થા (પંચાયત, નગરપાલિકા કે મહાનગરપાલિકા)માં ચૂંટાયેલ હોય અગર હોદ્દો ધરાવતી હોય અથવા રાજ્ય સરકાર, સ્થાનિક સંસ્થા કે રાજ્ય સરકાર પાસેથી અનુદાન મેળવતી સંસ્થા હેઠળ નોકરી કરતાં હોય તો સંચાલક તરીકે રહી શકે નહીં અને તે મુજબ આ જોગવાઈનો ભંગ થતો હોય તો છુટા કરવામાં આવે છે. અને પરત લેવામાં આવતા નથી.

(૪) જો હા, તો ક્યાં સુધીમાં પુનઃ સ્થાપિત કરવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## ડીસા તાલુકામાં સસ્તા અનાજની દુકાનોના પરવાનેદારોની ગેરરીતિ

૧૭૬૬૯ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ક્યા ક્યા ગામની વ્યાજબી ભાવની દુકાનના પરવાનેદારો ગેરરીતિઓમાં પકડાયા,

**જવાબ**

(૧) * પત્રક-અ સામેલ છે.

(૨) આવા પકડાયેલ પરવાનેદારો પૈકી કોના પરવાના રદ કરાયા, અને

(૨)

| દુકાનદારનું નામ | ગામનું નામ |
|---|---|
| શ્રી ટી. પી. વાઘેલા | નાંદલા |
| શ્રી આર. કે. પરમાર | દામા |
| શ્રી રમેશકુમાર પુનમાજી ભીલ | ખેરોલા |

(૩) જેમના પરવાના રદ કરાયા નથી એ પરવાનેદારોના પરવાના ચાલુ રાખવા પાછળના શું કારણો છે ?

(૩) પરવાનેદારોની તપાસમાં જણાયેલ ગેરરીતિઓનું પ્રમાણ કેસના ગુણદોષ સંજોગો તથા દુકાનદારની ગુનો કરવાની માનસિક્તા, દુકાનદારની કેસ હિસ્ટ્રી, સ્પષ્ટતાઓ અને દુકાનદારની આર્થિક, સામાજિક જરૂરિયાત, જીવન નિર્વાહના અન્ય વિકલ્પો જેવા તમામ કારણો-પરિબળો લક્ષમાં લઈ સુયોગ્ય નિર્ણય લેવામાં આવે છે. જેઓની ગેરરીતિઓ ધ્યાન ઉપર આવેલ છે તેઓની ડીપોઝીટ રાજ્યસાત કરવાના તેમજ ઉચાપત કરેલ જથ્થાની ભાવ તફાવતની રકમ વસુલ લેવાના હુકમો કરવામાં આવેલ છે.

*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

-------------

## બનાસકાંઠા જિલ્લામાં નશાબંધી ભંગના ગુનાઓ

૧૬૭૯૩ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ)**:**માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નશાબંધી ભંગના કેટલા ગુનાઓ નોંધાયા છે,

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નશાબંધી ભંગના નોંધાયેલ ગુનાઓ :

| તાલુકાનું નામ | ગુનાઓ |
|---|---|
| પાલનપુર | ૩૦૪૮ |
| ડીસા | ૩૭૪૦ |
| દાંતા | ૧૦૭૭ |
| વડગામ | ૦૭૫૪ |
| થરાદ | ૦૪૯૦ |
| વાવ | ૦૨૧૦ |
| અમીરગઢ | ૦૫૭૩ |
| દાંતીવાડા | ૦૨૯૨ |
| ધાનેરા | ૦૫૨૩ |
| દીયોદર | ૦૭૪૫ |
| ભાભર | ૦૩૯૧ |
| કાંકરેજ | ૦૯૨૨ |
| **કુલ :** | **૧૨૭૬૫** |

(૨) આ ગુનાઓમાં દારૂ ગાળવાના, દારૂ વેચવાના અને દારૂ પીવાના કેટલા ગુનાઓ બન્યા છે,

(૨) દારૂ ગાળવાના ૧૩૦૭
દારૂ વેચવાના ૧૨૫૧
દારૂ પીવાના ૨૬૬૧

(૩) આ ગુનાઓમાં કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા છે અને કેટલા કેસ કોર્ટમાં દાખલ કરવામાં આવ્યા છે, અને

(૩) ૧૨૯૦૬ આરોપીઓ પકડાયા
૧૨૫૭૬ કેસ કોર્ટમાં દાખલ કરેલ છે.

(૪) કેટલા કેસોમાં કેટલા આરોપીઓને સજા થઇ છે ?

(૪) ૩૩૨ કેસોમાં ૩૩૨ને સજા થઈ છે.

-------------

## નવસારી જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક અને બિનરહેણાંકના કામો

૧૭૨૯૭ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** (શહેર કોટડા) :**માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં નવસારી જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક/ બિનરહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૩૨૦.૬૧ લાખ. |
| (૨) આ કામો પૈકી તા.૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૩૨૦.૬૧ લાખ. |

-------------

## રાજ્યમાં ગૃહ-રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ

૧૭૭૨૩ **શ્રી માધાભાઈ લા. બોરીચા** (કેશોદ) : **માનનીય ગૃહ રક્ષક દળ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ હાલ ગૃહ રક્ષક દળ તથા ગ્રામ રક્ષક દળમાં કુલ કેટલા જવાનો છે, | (૧) રાજ્યમાં હાલ ગૃહ રક્ષક દળ તથા ગ્રામ રક્ષક દળમાં નીચે દર્શાવ્યા મુજબ સંખ્યા બળ છે.<br>ગૃહ રક્ષક દળ - ૩૯૪૪૩<br>ગ્રામ રક્ષક દળ - ૪૨૫૦૭ |

(૨) આ જવાનો પાસેથી ક્યા પ્રકારની કામગીરી વર્ષમાં કેટલા દિવસ લેવામાં આવે છે, અને

(૩) તેમને ચૂકવાતાં વેતનના દરો શાં છે ?

(૨) પોલીસ તંત્ર તરફથી માંગણી થયે બંદોબસ્તની કામગીરીમાં પોલીસને મદદરૂપ થાય એવી કામગીરી સોંપવામાં આવે છે.

(૩) ગૃહ રક્ષક દળના સભ્યોને રૂા. ૫૦ અને ગ્રામ રક્ષક દળના સભ્યોને રૂા. ૩૧ દૈનિક ભથ્થુ ચૂકવવામાં આવે છે.

-------------

**આંગણવાડીઓમાં બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવા અંગે**

**૧૭૭૪૯શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** (ગોધરા)**:માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આંગણવાડીઓમાં બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અપાય છે કે કેમ,

(૨) જો ના, તો શાં કારણે, અને

(૩) આવું શિક્ષણ આપવાનું સરકારની વિચારણા હેઠળ છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**અમદાવાદ શહેરમાં કાળાબજાર નિવારણ અને આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠાની જાળવણી અંગે તપાસ**

**૧૭૫૩૨શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કાળાબજાર નિવારણ અને આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠા જાળવણી અધિનિયમ હેઠળ અમદાવાદ શહેરમાં સન ૨૦૦૫ અને ૨૦૦૬ના વર્ષમાં તા.૩૧-૧-૦૬ સુધીમાં કેટલા અટકાયત હુકમો કરવામાં આવેલ છે, અને

(૨) કેટલી તપાસો કરી અને તેના કારણે કેટલી કિંમતનો માલ જપ્ત કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) ૧૩.

(૨)

| | | |
|---|---|---|
| (૧) | કુલ તપાસો. | ૬,૧૭૧ |
| (૨) | જપ્ત કરેલ જથ્થાની કિંમત | ૨૨,૭૩,૭૦૨ |
| (૩) | જપ્ત કરેલ સાધનોની કિંમત | રૂા. ૧,૪૨,૧૬૨ |

-------------

**પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોમાં કેરોસીનની ફાળવણી**

૧૭૭૩૨ **શ્રી ઇશ્વરભાઇ ધ. મકવાણા (જોટાણા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોમાં દુકાનોના કુલ કાર્ડ મુજબ ગેસ ધારકો સિવાય કેરોસીનની કેટલી ફાળવણી કરવામાં આવે છે,

**જવાબ**

(૧) રાજ્યમાં ગેસ જોડાણ વગરના કાર્ડધારકોને અમદાવાદ શહેર તથા વડોદરા શહેરમાં કાર્ડ દીઠ ૧૪ લીટર, અમદાવાદ જિલ્લાના ઓડા વિસ્તારમાં ૧૧ લીટર અને તે સિવાયના તમામ જિલ્લાઓ/વિસ્તારમાં ૧૦ લીટરના પ્રમાણથી વિતરણ કરવા માટે નીચે મુજબ કેરોસીનની કાર્ડદીઠ ફાળવણી કરવામાં આવે છે.

(અ) અમદાવાદ શહેર/વડોદરા શહેર કાર્ડદીઠ માસિક સરેરાશ ૧૨.૧૫ લીટર.

(બ) અમદાવાદ જિલ્લા ઓડા વિસ્તાર માટે કાર્ડદીઠ માસિક સરેરાશ ૯.૫૪ લીટર.

(ક) અન્ય તમામ જિલ્લા/વિસ્તાર માટે કાર્ડદીઠ માસિક સરેરાશ ૮.૬૭ લીટર

(૨) ફાળવણી કુલ કાર્ડ કરતાં ઓછી હોય તો તેના શાં કારણો છે,

(૨) રાજ્યના તમામ જીલ્લાઓના નોનગેસ ધારકોના કાર્ડની સંખ્યા તેમજ નિયત કરાયેલ વિતરણ પ્રમાણને અનુલક્ષીને સમગ્ર જરૂરિયાત સામે કેન્દ્ર સરકારશ્રી તરફથી મળતી કેરોસીનની ફાળવણી અપૂરતી છે.

(૩) દુકાન ધારકોને કુલ કાર્ડ મુજબ કેરોસીન વિતરણ કરવું પડતું હોય છે તો ફાળવણી વધારવા શાં પગલાં લીધેલ છે, અને

(૪) ઓછી ફાળવણીના કારણે ગ્રાહક અને દુકાનદાર વચ્ચે અસંતોષની લાગણી ઉત્પન્ન થાય છે, તો ગ્રાહકનો અસંતોષ નિવારવા સરકાર શું પગલાં ભરવા માંગે છે ?

(૩) અને (૪) : પાત્ર કાર્ડધારકોને નિયમિત રીતે સરળતાથી પૂરતુ કેરોસીન ઉપલબ્ધ થઈ શકે તે માટે સતત દેખરેખ અને તકેદારી કાર્યાન્વિત રાખવામાં આવી છે તેમજ ગેસ જોડાણ ધરાવતા રેશનકાર્ડો ઉપર ગેસ જોડાણ હોવા અંગેનું સ્ટેમ્પીંગ કરવાની અમલવારી કાર્યાન્વિત છે તદ્ઉપરાંત રાજ્યને કેરોસીનનો વધુ જથ્થો આપવા અંગે કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆતો કરવામાં આવેલ છે.

-------------

## નવા બી.પી.એલ. રેશનકાર્ડ કાઢવા પર પ્રતિબંધ અંગે

**૧૭૩૧૧ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હાલમાં નવા બી.પી.એલ. રેશનકાર્ડ કાઢવા ઉપર સરકારનો પ્રતિબંધ છે, તે વાત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો પ્રતિબંધ રાખવાના કારણો શું છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમય માટે પ્રતિબંધ રહેશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## હાલોલ તાલુકામાં ખોટા પ્રમાણપત્રના આધારે સસ્તા અનાજની દુકાનની ફાળવણી

**૧૭૭૭૦ શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હાલોલ તાલુકાની સિંગપુર ગામે સસ્તા અનાજની દુકાન કઈ જ્ઞાતી માટે અનામત રાખીને ફાળવવામાં આવેલ છે, અને કઈ તારીખે ફાળવણી કરેલ છે, અને | (૧) સને ૧૯૯૬માં સીંગપુર ગામની દુકાનની જાહેરાત બહાર પાડવામાં આવી તે વખતે કેટેગરી ન હતી કેટેગરી સરકારશ્રીના તા. ૨-૮-૦૪ના ઠરાવથી નક્કી કરેલ છે. તા. ૧૮-૧૧-૯૬ના રોજ ફાળવણી કરેલ છે. |
| (૨) આ દુકાન ખોટા પ્રમાણપત્રને આધારે ફાળવણી કરવામાં આવેલ હોય દુકાનનો પરવાનો રદ કરવા તેમજ ખોટું પ્રમાણપત્ર આપનાર સામે જરૂરી કાર્યવાહી કરવા માંગો છો કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## ધોરણ-૧૦ ના નવા આભ્યાસક્રમની માર્ગદર્શિકાઓ અંગે

**૧૭૫૨૩શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૬-૦૭થી ધોરણ-૧૦ નો અભ્યાસક્રમ નવો આવી રહ્યો છે ત્યારે પાઠય-પુસ્તકોના બદલે તેની માર્ગદર્શિકાઓ બજારમાં પહેલા વેચાવા લાગી છે તે સરકારના ધ્યાન પર છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના માટે જવાબદાર કોણ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેની સામે શું પગલાં લીધા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## માધ્યમિક શાળાઓ ખાનગી સંસ્થાઓને સોંપવા અંગે

**૧૭૭૮૫ શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી સરકારી માધ્યમિક શાળાઓ ખાનગી સંસ્થાઓને સોંપી, અને | (૧) ૦૯ (નવ) |
| (૨) તેના કારણો શાં છે ? | (૨) શાળાનું શૈક્ષણિક સ્તર સુધારવા અને ગુણાત્મક પરિણામો મેળવવાના હેતુ સારૂ. |

-------------

## રાજ્યમાં તાલુકાવાર વિજ્ઞાન પ્રવાહની શાળાઓ

**૧૬૭૮૭ શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તાલુકાવાર વિજ્ઞાનપ્રવાહની શાળાઓ ન હોય તેવા તાલુકા કેટલા, અને | (૧) ૬૬ (છાસઠ) |
| (૨) વિજ્ઞાન પ્રવાહની સંખ્યા વધે તે માટે તા.૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિજ્ઞાન પ્રવાહની સ્કૂલો ન હોય એવા કેટલા તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની સ્કૂલો આપવામાં આવી ? | (૨) ૧૨ (બાર) |

-------------

## ટેકનીકલ શિક્ષણમાં ગુણવત્તા સુધારવા પ્રયત્નો

**૧૭૭૪૧ શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ટેકનીકલ શિક્ષણમાં ગુણવત્તા સુધારવા માટે રાજ્ય સરકાર શું શું પ્રયત્નો કરી રહી છે ? | ટેકનીકલ શિક્ષણની ગુણવાત્તા સુધારવા માટે રાજ્ય સરકાર નીચે મુજબના પ્રયત્નો કરી રહી છે.<br>(૧) અધ્યાપકોને તાલીમ<br>લાંબાગાળાની તાલીમ<br>ટુંકાગાળાની તાલીમ<br>(૨) અદ્યતન સાધન સામગ્રી સંપાદીત કરવી.<br>ડીજીટલ લાયબ્રેરી, નેટવર્કીંગ સીસ્ટમ<br>(૩) નવી પધ્ધતિ/રીસોર્સ શેરીંગ<br>એજ્યુસેટ/ટેક્સેટ પધ્ધતિથી સુવિધાઓ ઉપલબ્ધ કરેલ છે.<br>(૪) માંગ આધારિત અભ્યાસક્રમમાં નિરંતર |

સુધારણા

(૫) અભ્યાસ દરમ્યાન તાલીમની જોગવાઈ અને ઓદ્યોગિક ગૃહોની મુલાકાત

(૬) તજજ્ઞોના વ્યાખ્યાનોનું આયોજન

(૭) ટેક્નીક્લ શિક્ષણ ગુણવત્તા સુધારણા પ્રોજેક્ટ હેઠળ વિશ્વબેંક દ્વારા પસંદ પામેલ છ(૬) સંસ્થાઓ માટે ડીસેમ્બર-૨૦૦૭ સુધી રૂા.૮૬.૬૯૯ કરોડ મંજુર કરવામાં આવ્યા છે.

-------------

**પાટણ, મહેસાણા, બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં અનુદાનિત અને સ્વનિર્ભર માધ્યમિક શાળાઓ**

૧૭૭૬૪ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ, મહેસાણા, બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કેટ કેટલી નોન-ગ્રાન્ટેબલ અને ગ્રાન્ટેબલ નવીન માધ્યમિક શાળાઓ શરુ કરી,

(૨) નોન ગ્રાન્ટેબલ માધ્યમિક શાળાઓને ઉપરોક્ત જિલ્લાઓમાં જિલ્લાવાર કેટલી માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેબલ કરવામાં આવી, અને

(૩) ઉપરોક્ત જિલ્લાઓમાં છેલ્લા બે વર્ષમાં કઈ કઈ ગ્રાન્ટેબલ માધ્યમિક શાળાઓને સ્થળફેર કરી આપ્યો ?

**જવાબ**

(૧)

| જિલ્લો | નોન ગ્રાન્ટેબલ માધ્યમિક શાળા | નવીન ગ્રાન્ટેબલ માધ્યમિક શાળા |
|---|---|---|
| પાટણ | ૦૬ | ૦૦ |
| મહેસાણા | ૦૬ | ૦૦ |
| બનાસકાંઠા | ૨૩ | ૦૦ |
| ગાંધીનગર | ૨૩ | ૦૦ |

(૨)

| જિલ્લો | ગ્રાન્ટેબલ શાળાની સંખ્યા |
|---|---|
| પાટણ | ૦૨ |
| મહેસાણા | ૦૧ |
| બનાસકાંઠા | ૦૩ |
| ગાંધીનગર | ૦૦ |

(૩) પત્રક સામેલ છે.

**પ ત્ર ક**

| જિલ્લો | સ્થળ ફેર કરેલ શાળાનું નામ |
|---|---|
| પાટણ | (૧) રવિ વિનય મંદિર, કુકરાણા.<br>(૨) ગાયત્રી ઉ. બુ. વિદ્યાલય, નાયકા.<br>(૩) ઉ. બુ. કન્યા વિદ્યાલય, રાધનપુર.<br>(૪) સર્વોદય હાઇસ્કૂલ, હારીજ. |
| મહેસાણા | (૧) જ્ઞાનદિપ વિદ્યાલય, શોભાસણ, તા. વડનગર.<br>(૨) ઉમિયા વિદ્યાવિહાર, કંસારાકુઇ, તા. વિસનગર.<br>(૩) શ્રી રત્નાગર વિદ્યાલય, લક્ષ્મીપુરા, તા. વિસનગર.<br>(૪) શ્રી કે. ટી. પટેલ સ્મૃતિ વિદ્યાવિહાર, લુણવા, તા. ખેરાલુ.<br>(૫) વિનય વિદ્યાલય, વરવાડા, તા. ઉંઝા. |
| બનાસકાંઠા | (૧) સંસ્કાર વિદ્યાલય, ઢીમા.<br>(૨) આશા વિદ્યાલય, સાંગરા.<br>(૩) ભગવતી વિદ્યામંદિર, રસાણા મોટા.<br>(૪) માધ્યમિક શાળા રાણપુર.<br>(૫) લુણપુર માધ્યમિક શાળા, લુણપુર.<br>(૬) શ્રીમતી શાં.દે.મો. અને શ્રીમતી પ્ર.ચં.દે. વેલાણી હાઇસ્કૂલ, રાજપુર<br>(૭) આદર્શ વિદ્યાલય, કોટડા.<br>(૮) બી. ડી. મહેતા આરાસુરી કન્યા વિદ્યાલય, અંબાજી. |
| ગાંધીનગર | (૧) જ્ઞાનદીપ ઉ. બુ. માધ્યમિક શાળા, મોટાના મુવાડા.<br>(૨) કેરેવાન ઇ. મી. સેકન્ડરી એન્ડ હા. સે. સ્કુલ, ક્લોલ.<br>(૩) દ્વિવેદી વિદ્યાલય, હરસોલી. |

## સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રાહક સુરક્ષાના પડતર કેસો

૧૭૨૧૬ **શ્રી ધનરાજભાઈ કેલા** (વઢવાણ) : **માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રાહક સુરક્ષા ફોરમમાં ગ્રાહકોના કેટલા કેસ તા. ૩૧-૧-૨૦૦૬ ની સ્થિતિએ નિકાલ વગરના બાકી છે, | (૧) ૧૮૭ |
| (૨) આ કેસો પૈકી બે વર્ષથી વધુ સમયના બાકી હોય તેવા કેટલા કેસો છે, અને | (૨) ૮૮ |
| (૩) આ કેસોનો સત્વરે નિકાલ કરવા માટે સરકાર શું વિચારે છે ? | (૩) અગાઉ ખાલી જગ્યાઓ હતી જે ભરી દેવામાં આવેલ હોય જુના પડતર કેસો અગ્રતાના ધોરણે નિકાલ કરવામાં આવી રહેલ છે. |

-------------

## વડોદરા જિલ્લામાં અંત્યોદય યોજનામાં ગેરરીતિ

૧૬૭૯૮**શ્રી વેચાતભાઈ હ. બારિયા** (પાવી-જેતપુર) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં અંત્યોદય યોજનાના અનાજમાં વ્યાપક ગેરરીતિ (કાળાબજાર) ચાલે છે તે સરકાર જાણે છે, | (૧) વ્યાપક ગેરરીતિ ચાલતી નથી પરંતુ સરકારશ્રીના ધ્યાને એક કિસ્સો આવેલ છે. |
| (૨) જો હા, તો જિલ્લામાંથી આવી કેટલી ફરિયાદો આવી અને તેની સામે શું પગલાં લેવામાં આવ્યા, | (૨) એક ફરિયાદ આવી છે તેની સામે તપાસ કરી (૧) પરવાનો ૯૦ દિવસ માટે મોકૂફ રાખ્યો છે તથા (૨) રૂા. ૭૯૨૯/-ની કિંમતનો જથ્થો કબજે કર્યો છે. |
| (૩) આ ગેરરીતિ રોકવા કોઈ આયોજન છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો ક્યા પ્રકારનું ? | (૪) ૧. જીલ્લા કક્ષાએ તથા રાજ્ય કક્ષાએથી રચાયેલ તપાસણી તંત્ર દ્વારા સતત અને આકસ્મિક તપાસણી કરવામાં આવે છે.<br>૨. ગ્રામ્ય કક્ષાએ ગ્રામ્ય તકેદારી સમિતિની રચના કરી છે જે સમિતિ દ્વારા જાહેર વિતરણ યોજનાના વિતરણ થતા જથ્થા ઉપર દેખરેખ રાખી ગેરરીતિ અટકાવવાનું આયોજન છે.<br>૩. દર માસે જિલ્લા કક્ષાએથી તાલુકાની કુલ દુકાનના ૨૦ ટકા દુકાનો રોટેશન પ્રમાણે નક્કી કરી જવાબદાર અધિકારીની હાજરીમાં દુકાનેથી વિતરણ કરવામાં આવે છે. |

-------------

## બોગસ પી.ટી.સી. કોલેજો સામે પગલાં

૧૬૭૯૯ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વરસમાં કેટલી બોગસ ચાલતી પી.ટી.સી. કોલેજોના કિસ્સા ધ્યાન પર આવ્યા છે, અને | (૧) એક પણ નહિ. |

(૨) તેની સામે સરકારે શું પગલાં લીધાં કે લેવા ધારે છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ધો.૧૧,૧૨, અને કોલેજ કક્ષાની સ્વનિર્ભર શાળા કોલેજો**

૧૭૧૪૨**શ્રી દિલીપસિંહ વ. પરમાર (મોડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધોરણ ૧૧, ૧૨, અને કોલેજ કક્ષાના ઉચ્ચ અભ્યાસક્રમોમાં સ્વનિર્ભર શાળા કોલેજોમાં અનુસુચિત જાતિની કન્યાઓ અભ્યાસ કરી શકે તે માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની શું વિગતો છે ?

**જવાબ**

(૧) હા, જી. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આયોજન કરવામાં આવેલ છે.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવથી બિન સરકારી બિન ગ્રાન્ટ પાત્ર શાળાઓમાં અભ્યાસ કરતી વાર્ષિક રૂપિયા એક લાખથી ઓછી આવકવાળા અનુસૂચિત જાતિના વાલીઓની કન્યાઓને શિક્ષણ ફી, શિષ્યવૃત્તિ અને અન્ય નોન-રીફંડેબલ ફી નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ દ્વારા ચુકવવાની તથા વાર્ષિક રૂપિયા એક લાખથી વધારે આવકવાળા અનુસૂચિત જાતિઓના વાલીઓની કન્યાઓને રાજ્ય સરકારના ભંડોળમાંથી નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણે શિષ્યવૃત્તિ ચુકવવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

-------------

**રાંધણગેસનો અપૂરતો જથ્થો**

૧૭૬૬૨ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ છેલ્લા ચાર માસથી રાંધણગેસનો જથ્થો અપૂરતો ફાળવવાનાં કારણો શાં છે, અને

(૨) પૂરતો રાંધણગેસનો જથ્થો ફાળવવા સરકારે શી કાર્યવાહી કરેલ છે ?

**જવાબ**

(૧) (અ) કેન્દ્ર સરકારના જાહેર સાહસોની ઓઇલ કંપનીઓ દ્વારા રાંધણ ગેસનો દુરૂપયોગ અટકાવવાના હેતુસર ગેસ ધારકોને ખરેખર જરૂરિયાતને લક્ષમાં લઇ બે સીલીન્ડરોની ડીલીવરી વચ્ચેનો સમયગાળો ૨૧ દિવસનો ગણતરીમાં લેવાનું વલણ અપનાવતાં સીલીન્ડર મોડું મળવાની દહેશતથી તુર્તજ બીજા સીલીન્ડરનું બુકીંગ કરાવવાની ગેસ ધારકોની માનસિક્તાના લીધે ગેસ સીલીન્ડરના બુકીંગમાં એકાએક વૃધ્ધિ થવાથી,

(બ) શિયાળો તેમજ લગ સીઝનના કારણે ગેસ સીલીન્ડરોની માંગ સામાન્ય કરતાં વધારે હોવાથી સીલીન્ડરોના બુકીંગમાં વધારો થવાથી, અને

(ક) રાંધણગેસના ભાવોમાં વધારો થવા અંગેના પ્રચાર માધ્યમો દ્વારા થતી જાહેરાતના કારણે ભાવ વધે તે પહેલાં સીલીન્ડર મેળવી લેવાની વાપરનારા વર્ગની મનોવૃત્તિના કારણે સીલીન્ડરોની માંગમાં નોંધપાત્ર વધારો વિગેરેને કારણે જરૂરિયાત સામે જથ્થો અપૂરતો હોવાની પરિસ્થિતિ સર્જાયેલ હતી.

(૨) (અ) ઓઇલ કંપનીઓના અધિકારીઓ સાથે અવારનવાર બેઠકો યોજી સતત સંપર્કમાં રહી

સરળતાથી સમયસર ગેસ સીલીન્ડરોની ઉપલબ્ધિ માટે બેકલોગ ઘટાડવા જરૂરી જથ્થો ઉપલબ્ધ કરવા તથા વિતરણ પ્રણાલી સુવ્યવસ્થિત કરવા સુચના આપી તેનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

(બ) રાંધણગેસનો દુરૂપયોગ ન થાય તે માટે ગેસ વિતરકો, હોટલ-રેસ્ટોરન્ટ જેવા વ્યાપારી અને ઓદ્યોગિક એકમોની સઘન તપાસણી કરવામાં આવેલ છે, અને કસુરવાનો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

-------------

**કચ્છ જિલ્લામાં કોમ્પ્યુટરના જ્ઞાનની લાયકાત વિનાના માધ્યમિક શિક્ષકો**

૧૭૪૮૧ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સન ૨૦૦૫ની સાલમાં સરકારી માધ્યમિક શાળામાં નિમણૂંક પામેલા કેટલા શિક્ષકો કોમ્પ્યુટરની સરકારે નિયત કરેલ લાયકાત વિનાના નિમણૂંક પામ્યા હતા. | (૧) નિયમોનુસાર ભરતી કરેલ છે. |
| (૨) સરકારી ઠરાવની જોગવાઈના ઉલ્લઘંન કરીને આવી નિમણૂંકો આપવા માટે જવાબદારો સામે શાં પગલા લેવામાં આવ્યા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) નિયત કોમ્પ્યુટરની લાયકાત વિના ભરતી થયેલ શિક્ષકો સામે શા પગલાં લેવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**પાટણ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક અને બિન રહેણાંકના કામો**

૧૭૨૯૯ **શ્રી કાંતિભાઇ પટેલ (વિજાપુર) :માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં પાટણ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક / બિન રહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૬૪૧.૨૭ લાખ. |
| (૨) આ કામો પેકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૬૪૧.૨૭ લાખ. |

**સંગીત નાટક અકાદમી અને લલિત કલા અકાદમીની રચના**

૧૭૬૫૯ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : **માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની સંગીત નાટક એકેડેમી અને લલિત કલા એકેડેમીની રચના લાંબા સમયથી કરાયેલ નથી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જુની સમિતિની મુદત પૂરી થયે નવી સમિતિઓ ન રચવાના કારણો શાં છે, અને | (૨) વહીવટી કારણસર. |
| (૩) જો ના, તો રાજ્યની સંગીત નાટક એકેડેમી અને લલીત કલા એકેડેમીનાં હાલ કોણ કોણ સભ્યો છે અને તેમની નિમણૂંક ક્યારે થઈ અને કેટલી મુદતની છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજ્યની જેલોમાં કેદીઓ વચ્ચે હુમલા**

૧૭૭૮૮ ડૉ. **દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય)** : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની જેલોમાં કુલ કેટલા હુમલાઓ જેલ અંદરના કેદીઓ વચ્ચે થયા છે, | (૧) ૫૧ (એકાવન). |
| (૨) આવા બનાવો બનવામાં પ્રતિબંધીત હથિયારોનો ઉપયોગ થયો છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો ક્યા પ્રકારના હથિયારો હતા, | (૩) (૧) તા.૨-૬-૨૦૦૪ના બનાવમાં કેદીએ કાપણાને ટુથબ્રશમાં નાખી હથિયાર બનાવેલ હતું. (૨) તા.૭-૮-૦૫ના બનાવમાં આરોપીઓએ છરાઓનો ઉપયોગ કરેલ હતો. |
| (૪) જેલોમાં ક્યા પ્રકારની વાંધાજનક વસ્તુઓ કેદીઓ પાસેથી મળી આવી છે, અને | (૪) ચરસ જેવો કાળો પદાર્થ, કાપણું, મોબાઇલ ફોન તથા છરો વિગેરે વાંધાજનક વસ્તુઓ જેલમાંથી કેદીઓ પાસેથી મળી આવેલ છે. |
| (૫) આ સંબંધી જવાબદારો સામે અને જવાબદાર કર્મચારી / અધિકારીઓ સામે શું પગલાં લીધાં ? | (૫) જવાબદાર કર્મચારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી, ખાતાકીય તપાસ, શિક્ષાત્મક બદલી, ફરજ મોકુફી તેમજ કર્મચારીઓને આરોપનામું આપી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. |

## રાજ્યમાં કાળાબજાર અને નફાખોરી ડામવા અંગે

૧૭૭૭૩ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કાળાબજાર અને નફાખોરી ડામવા રાજ્યમાં કેટલી વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી, | (૧) ૧૦૧. |
| (૨) વર્ષ દરમ્યાન જિલ્લા પ્રમાણે કેટલા દરોડા પાડવામાં આવ્યા, અને | (૨) સામેલ પત્રક - ૧ મુજબ. |
| (૩) જિલ્લા પ્રમાણે કેટલા રૂપિયાનો જથ્થો કબજે કરવામાં આવ્યો ? | (૩) સામેલ પત્રક - ૨ મુજબ. |

તા. ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ વર્ષ દરમ્યાન જિલ્લાવાર પાડેલ દરોડાની સંખ્યા દર્શાવતું પત્રક :- ૧

| અ.નં. | જિલ્લાનું નામ | પાડેલ દરોડા | | |
|---|---|---|---|---|
| | | રાજ્ય કક્ષા | જિલ્લા કક્ષા | કુલ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૦૦ | ૫૭૬૫ | ૬૧૬૫ |
| ૨ | અમદાવાદ જિ. | ૨૫૭ | ૧૧૭૭ | ૧૪૩૪ |
| ૩ | અમરેલી | ૨ | ૮૮૩ | ૮૮૫ |
| ૪ | આણંદ | ૪૨ | ૧૧૪૦ | ૧૧૮૨ |
| ૫ | બનાસકાંઠા | ૨૭ | ૩૧૧૫ | ૩૧૪૨ |
| ૬ | ભાવનગર | ૩૧ | ૧૪૦૦ | ૧૪૩૧ |
| ૭ | ભરૂચ | ૬૪ | ૧૫૭૫ | ૧૬૨૯ |
| ૮ | દાહોદ | ૨૯ | ૮૯૬ | ૯૨૫ |
| ૯ | ડાંગ | ૧૦ | ૯૯ | ૧૦૯ |
| ૧૦ | ગાંધીનગર | ૨૨૧ | ૧૨૪૦ | ૧૪૬૧ |
| ૧૧ | જામનગર | ૨૯ | ૨૧૭૯ | ૨૨૦૮ |
| ૧૨ | જુનાગઢ | ૨૩ | ૨૨૮૨ | ૨૩૦૫ |
| ૧૩ | ખેડા | ૯૦ | ૧૫૯૯ | ૧૬૮૯ |
| ૧૪ | કચ્છ | ૩૫ | ૬૭૬ | ૭૧૧ |

| અ.નં. | જિલ્લાનું નામ | પાડેલ દરોડા | | |
|---|---|---|---|---|
| | | રાજ્ય ક્ક્ષા | જિલ્લા ક્ક્ષા | કુલ |
| ૧૫ | મહેસાણા | ૪૨ | ૧૪૫૨ | ૧૪૯૪ |
| ૧૬ | નવસારી | ૧૩ | ૩૬૮ | ૩૮૧ |
| ૧૭ | નર્મદા | ૧૩ | ૪૯૬ | ૫૦૯ |
| ૧૮ | પંચમહાલ | ૫૯ | ૧૦૫૮ | ૧૧૧૭ |
| ૧૯ | પાટણ | ૪૮ | ૬૪૦ | ૬૮૮ |
| ૨૦ | પોરબંદર | ૬ | ૨૮૪ | ૨૯૦ |
| ૨૧ | રાજકોટ | ૪૬ | ૧૫૧૩ | ૧૫૫૯ |
| ૨૨ | સાબરકાંઠા | ૮૧ | ૧૬૯૮ | ૧૭૭૯ |
| ૨૩ | સુરત | ૬૪ | ૩૬૪૦ | ૩૭૦૪ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૧૦ | ૨૧૨૯ | ૨૧૩૯ |
| ૨૫ | વડોદરા | ૮૫ | ૩૪૪૬ | ૩૫૪૧ |
| ૨૬ | વલસાડ | ૩૫ | ૧૦૦૦ | ૧૦૩૫ |
| | **એકંદર કુલ :** | **૧૭૬૨** | **૪૧૭૫૦** | **૪૩૫૧૨** |

તા. ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ વર્ષ દરમ્યાન જિલ્લાવાર કબજે કરવામાં આવેલ જથ્થાની કિંમત દર્શાવતું પત્રક :- ૨

| અ.નં. | જિલ્લાનું નામ | કબજે લીધેલ જથ્થાની કિંમત (રૂા.) | | |
|---|---|---|---|---|
| | | રાજ્ય ક્ક્ષા | જિલ્લા ક્ક્ષા | કુલ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૨૨૨૬૫ | ૨૨૬૩૧૬૯ | ૨૯૮૫૪૩૪ |
| ૨ | અમદાવાદ જિ. | ૫૭૪૫૫૮ | ૨૬૧૯૫૪૧ | ૩૧૯૪૦૯૯ |
| ૩ | અમરેલી | - | ૧૦૧૪૬૨૭૧ | ૧૦૧૪૬૨૭૧ |
| ૪ | આણંદ | ૧૫૩૩૭૪ | ૫૮૨૭૯૮૨ | ૫૯૮૧૩૫૬ |
| ૫ | બનાસકાંઠા | ૫૬૭૨ | ૧૪૭૦૨૩૪૮ | ૧૪૭૦૮૦૨૦ |
| ૬ | ભાવનગર | ૧૯૨૬૪૫ | ૫૮૦૯૭૯૩ | ૬૦૦૨૪૩૮ |
| ૭ | ભરૂચ | ૧૮૪૬૦૧ | ૧૭૭૯૧૧૯૦ | ૧૭૯૭૫૭૯૧ |
| ૮ | દાહોદ | ૬૩૪૯૯ | ૩૪૫૫૩૭૨ | ૩૫૧૮૮૭૧ |
| ૯ | ડાંગ | - | ૩૦૫૫૫૦ | ૩૦૫૫૫૦ |
| ૧૦ | ગાંધીનગર | ૨૨૨૭૮૯ | ૧૦૪૧૭૭૧ | ૧૨૬૪૫૬૦ |
| ૧૧ | જામનગર | ૧૬૦૭૧૨ | ૯૨૪૦૦૯ | ૧૦૮૪૭૨૧ |
| ૧૨ | જુનાગઢ | ૩૩૫૮૭૧ | ૭૩૯૭૬૨૮ | ૭૭૩૩૪૯૯ |
| ૧૩ | ખેડા | ૪૮૭૫૬ | ૧૫૦૪૪૬૩ | ૧૫૫૩૨૧૯ |
| ૧૪ | કચ્છ | ૨૩૦૭૪ | ૯૬૯૭૨૬૫૦ | ૯૬૯૯૫૭૨૪ |
| ૧૫ | મહેસાણા | ૧૭૨૪૦૨ | ૧૪૩૧૪૪૦ | ૧૬૦૩૮૪૨ |
| ૧૬ | નવસારી | ૨૩૪૩૦ | ૪૬૮૦૧૮૬ | ૪૭૦૩૬૧૬ |
| ૧૭ | નર્મદા | ૧૨૪૦૫૭ | ૨૫૯૯૮૦ | ૩૮૪૦૩૭ |
| ૧૮ | પંચમહાલ | ૫૬૬૮૨ | ૧૨૪૫૮૨૮૪ | ૧૨૫૧૪૯૬૬ |
| ૧૯ | પાટણ | ૭૯૯૦૫ | ૨૩૫૬૨૩૧ | ૨૪૩૬૧૩૬ |
| ૨૦ | પોરબંદર | ૪૦૨૩૭ | ૨૨૪૧૭૩૦ | ૨૨૮૧૯૬૭ |
| ૨૧ | રાજકોટ | ૪૧૭૨૮૮ | ૭૯૮૬૬૫૪ | ૮૪૦૩૯૪૨ |
| ૨૨ | સાબરકાંઠા | ૩૩૪૩૯ | ૫૮૫૮૬૦૧ | ૫૮૯૨૦૪૦ |
| ૨૩ | સુરત | ૨૧૮૯૭૧ | ૨૮૨૭૮૩૨૬ | ૨૮૪૯૭૨૯૭ |
| ૨૪ | સુરેન્દ્રનગર | - | ૩૬૮૧૪૦૨ | ૩૬૮૧૪૦૨ |
| ૨૫ | વડોદરા | ૭૦૫૪૩ | ૭૮૨૩૧૭૦ | ૭૮૯૩૭૧૩ |
| ૨૬ | વલસાડ | ૯૬૮૯૦ | ૯૭૩૮૭૭૩ | ૯૮૩૫૬૬૩ |
| | **કુલ :** | **૪૦,૨૧,૬૬૦** | **૨૫,૭૫,૫૬,૫૧૪** | **૨૬,૧૫,૭૮,૧૭૪** |

-------------

## જામનગર જિલ્લામાં કન્યા કેળવણી અભિયાન-૨૦૦૫ અંગે

**૧૭૩૧૦શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર કન્યા કેળવણી અભિયાન-૨૦૦૫ દરમ્યાન કુલ કેટલી કન્યાઓને શાળા પ્રવેશ આપવામાં આવેલ છે,

**જવાબ**

(૧)

| તાલુકો | સંખ્યા |
|---|---|
| ભાણવડ | ૧૦૬૧ |
| ધ્રોલ | ૫૯૧ |
| જામજોધપુર | ૧૧૦૮ |
| જામનગર | ૨૫૬૦ |
| જોડીયા | ૬૫૩ |

| | |
|---|---|
| કાલાવાડ | ૮૨૭ |
| કલ્યાણપુર | ૧૬૦૩ |
| ખંભાળીયા | ૨૦૪૯ |
| ધ્વારકા | ૧૨૫૮ |
| લાલપુર | ૯૫૬ |
| **કુલ :** | **૧૨૬૬૬** |

(૨) કન્યાઓને પ્રોત્સાહિત કરવા માટે કઈ કઈ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યુ, અને

(૨) કન્યાઓને પ્રોત્સાહિત કરવા ગામના દાતાઓ તરફથી પાટી, પેન, દફતર, કંપાસ જેવી વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. તેમજ સરકારશ્રી ધ્વારા જે ગામનો સ્ત્રી સાક્ષરતા દર ૩૫ ટકા કે તેથી નીચે હોય તેવા ગામની કન્યાઓને શાળા પ્રવેશોત્સવ વખતે સરદાર સરોવર નર્મદા નિગમ લી.નું રૂા. ૧૦૦૦-૦૦નું વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે.

(૩) આગામી વર્ષે રાજ્ય સરકાર શું આયોજન હાથ ધરવા માંગે છે ?

(૩) દર વર્ષની જેમ આગામી વર્ષે પણ કન્યા કેળવણી અભિયાન હેઠળ કન્યાઓને પ્રોત્સાહિત કરવાનું આયોજન છે.

-------------

## વડોદરા જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગાઓ

૧૬૭૯૯**શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની કેટલી જગા ખાલી છે, અને | (૧) ૩૨૭ |
| (૨) આ જગાઓ ક્યારે ભરવામાં આવશે ? | (૨) વિદ્યાસહાયકોની ભરતીની લાયકાત નક્કી કરવાની બાબત હાલ નામ. હાઈકોર્ટમાં પડતર છે. |

-------------

## ભાવનગરની શૈક્ષણિક સંસ્થાઓ ધ્વારા લેવાતું ડોનેશન

૧૬૮૦૭ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગરની ફાતિમા કોન્વેન્ટ હાઈસ્કૂલ અને અન્ય સંસ્થાઓ ધ્વારા ડોનેશન લેવામાં આવતું હોવાની કેટલી ફરિયાદો મળી, અને | (૧) કોઈ ફરિયાદો મળી નથી. |
| (૨) તે બાબતે સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલાંની વિગતો શી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**મોરબી અને માળીયા તાલુકામાં સસ્તા અનાજની દુકાનો**

૧૮૦૫૦ **શ્રી કાંતિભાઇ અમૃતિયા (મોરબી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

મોરબી અને માળીયા તાલુકામાં સસ્તા અનાજની દુકાનોને વસ્તી પ્રમાણે વધારવા માંગો છો કે કેમ ?

**જવાબ**

સરકારના તા.૨-૮-૨૦૦૪ના ઠરાવ મુજબ ગ્રામ્ય વિસ્તારમાં દર ૨૦૦૦ ની વસ્તીએ એક દુકાન તથા શહેરી વિસ્તારમાં દર ૫૦૦૦ની વસ્તીએ એક દુકાન મંજુર કરવાનું ધોરણ નક્કી કરેલ છે. આ ધોરણ મુજબ મોરબી અને માળીયા તાલુકામાં નીચે મુજબ દુકાનો મંજુર કરેલ છે. જે દુકાનો ખોલવાની બાકી છે તે ટૂંક સમયમાં ખોલવામાં આવશે.

| તાલુકાનું નામ | ખોલવાપાત્ર દુકાનની સંખ્યા | ખોલેલ દુકાનની સંખ્યા | બાકી રહેલ દુકાનની સંખ્યા |
|---|---|---|---|
| મોરબી | ૧૧ | ૬ | ૫ |
| માળીયા | ૭ | ૩ | ૪ |

-------------

**રાજ્યની માધ્યમિક શાળાઓનાં વર્ગોમાં નિયત ધોરણ કરતાં વધુ સંખ્યા**

૧૬૭૯૧ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારના નિયમો અન્વયે માધ્યમિક શિક્ષણના કારપેટ એરીયા અન્વયે એક વર્ગમાં ૪૬ થી ૫૨ વિદ્યાર્થીઓને વર્ગખંડમાં બેસવાની જોગવાઈ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો રાજ્યમાં અલગ અલગ કક્ષાએથી વધારાના વિદ્યાર્થીઓને આવા ક્લાસમાં બેસવાના હુકમો કરાવી વ્યવસ્થા ન હોવા છતાં ફરજિયાત પ્રવેશ આપવો તેવા હુકમો થાય છે તે હકીક્તથી સરકાર વાકેફ છે, અને

(૩) જો હા, તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજ્યમાં સી.ડી.પી.ની ખાલી જ્ગાઓ**

૧૭૭૪૩**શ્રી વજુભાઈ ૫. ડોડિયા (વિરમગામ) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સી.ડી.પી.ઓની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) તેના શા કારણો છે, અને

**જવાબ**

(૧) ૬૭ જગ્યાઓ.

(૨) નીચે મુજબના કારણોસર

૧. કેટલાક અધિકારીઓ વયનિવૃત થવાથી.

૨. સ્વેચ્છિક નિવૃત્તિના કારણે

૩. પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ની જગ્યા પર સીધી ભરતીથી પસંદગી થવાથી.

૪. સ્વેચ્છિક સંસ્થાઓ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ રાજ્ય સરકાર તરફથી સીડીપીઓની

ફાળવણી કરવામાં આવી છે. ઓકટોબર-૦૪.
૫. ભારત સરકાર તરફથી ૩૩ નવા ઘટકો મંજુર થવાથી.

(૩) ખાલી જ્ગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ?

(૩) ભરતી નિયમોનુસાર આ જ્ગ્યાઓ બઢતી તથા સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી ચાલુ છે.

-------------

**રાજ્યમાં બી.પી.એલ.કાર્ડના વિભાજનની પધ્ધતિ અંગે**

૧૬૯૬૬**શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સમગ્ર ગુજરાતમાં બી.પી.એલ.કાર્ડ ધારકો સંયુક્ત કુટુંબના સભ્યો છે તેનું વિભાજન કરી અલગ આપેલ કાર્ડ સરકાર બી.પી.એલ. આપવા માંગે છે કે કેમ ?

**જવાબ**

જો વિભાજીત થયેલ કુટુંબ બી.પી.એલ. કાર્ડની લાયકાત ધરાવતું હશે, તો તેને બી.પી.એલ. કાર્ડ અપાશે અને જો એ.પી.એલ. કાર્ડની લાયકાત ધરાવતું હશે, તો એ.પી.એલ. કાર્ડ આપવામાં આવશે.

-------------

**જુનાગઢ જિલ્લામાં વેરાવળ તાલુકામાં કોમ્પ્યુટરાઈઝ રેશનકાર્ડ અંગે**

૧૭૭૩૪ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકામાં સરકારે નકકી કર્યા મુજબ કોમ્પ્યુટરાઈઝડ નવા રેશનકાર્ડ નિયત થયેલ સમયમર્યાદામાં આપવામાં આવ્યા છે કે કેમ,

(૨) જો ન આપવામાં આવ્યા હોય તો આવા કાર્ડથી વંચિત કેટલા કુટુંબો છે,

(૩) તેના કારણો શાં છે, અને

(૪) હવે ક્યારે તેમને નવા કાર્ડ આપવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી. વેરાવળ તાલુકામાં સરકારશ્રી ધ્વારા નક્કી કર્યા મુજબ નવા કોમ્પ્યુટરાઈઝડ રેશનકાર્ડ તા. ૩૧-૧-૨૦૦૨ના રોજ આપી દેવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજ્યમાં એમ.બી.એ. કોલેજો શરૂ કરવા માટે એન.ઓ.સી.**

૧૭૧૦૩ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી એમ.બી.એ. કોલેજો શરૂ કરવા માટે રાજ્ય સરકારે જિલ્લાવાર કેટલી અને કઈ કઈ સંસ્થાઓને સ્થળ ચકાસણી કરીને એન.ઓ.સી. આપવામાં આવી,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ વર્ષ ૨૦૦૪-૦૫ માં ૧૧ અને ૨૦૦૫-૦૬ માં ૫ એમ કુલ ૧૬ સંસ્થાઓની દરખાસ્તો અંગે ના વાંધા પ્રમાણપત્ર રાજ્ય સરકારે આપેલ છે. જેના નામો નીચે મુજબ છે.

**વર્ષ ૨૦૦૪-૦૫**

| ક્રમ | સંસ્થાનું નામ | જિલ્લો |
|---|---|---|
| ૧ | ટી.એન.રાવ કોલેજ | |
| ૨ | ક્રીસ્ટ કોલેજ | |
| ૩ | શ્રી એચ.એન.શુક્લ કોલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટડીસ | |
| ૪ | સીગ્મા ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી | વડોદરા |
| ૫ | સી.કે.પીથાવાલા ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસ્યુટીકલ સાયન્સ એન્ડ રીસર્ચ | |
| ૬ | શ્રીમદ્ રાજચંદ્ર ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ કોમ્પ્યુટર એપ્લીકેશન | |

| | | |
|---|---|---|
| ૬ | શ્રીમદ્ રાજચંદ્ર ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ કોમ્પ્યુટર એપ્લીકેશન | |
| ૭ | શ્રીમતી સુરેખાબેન હસમુખભાઈ ગાર્ડી ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીસ | જૂનાગઢ |
| ૮ | આર.કે.દેસાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીસ | વલસાડ |
| ૯ | પંડિત આર. બી. શાસ્ત્રી ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીસ | અમદાવાદ |
| ૧૦ | શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ એમ. બી. એ. મહિલા કોલેજ | અમરેલી |
| ૧૧ | આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ | આણંદ |
| **વર્ષ ૨૦૦૫-૦૬** | | |
| **ક્રમ** | **સંસ્થાનું નામ** | **જિલ્લો** |
| ૧ | આર.કે.કોલેજ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ | |
| ૨ | ઓમ વિદ્યાવાસીની ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ | રાજકોટ |
| ૩ | બી.એમ.કોલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેક્નોલોજી | સુરત |
| ૪ | શ્રી મણીલાલ કડકીયા કોલેજ ઓફ મેનેજમેન્ટ | ભરુચ |
| ૫ | જે.જી. ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ | અમદાવાદ |
| સ્થળ ચકાસણીની બાબત એ.આઈ.સી.ટી.ઈ.ના કાર્યક્ષેત્રમાં આવે છે. | | |

(૨) યુનીવર્સિટીએ કરેલ સ્થળ ચકાસણી અને રાજ્ય સરકારની એન.ઓ.સી. પછી સંસ્થાઓ પાસે પૂરતી સુવિધાઓ ન હોવાની કેટલી ફરિયાદો મળી છે, અને

(૨) કોઈ ફરિયાદ મળેલ નથી.

(૩) આવી સંસ્થાઓ ઉપર લીધેલ કે લેવા ધારેલ પગલાં કેવા પ્રકારના છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## આણંદ જિલ્લામાં કેરોસીનના પરવાનેદારો

૧૭૭૭૫ **શ્રી અમીત ચાવડા (બોરસદ)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકા/શહેરવાર કેટલા કેરોસીન વિતરણના પરવાનેદારો છે,

(૨) એક જ વ્યક્તિ/સંસ્થા એકથી વધુ પરવાના ધરાવતા હોય તેવા કેટલા છે,

(૩) વૈકલ્પિક વ્યવસ્થા તરીકે કેરોસીન વિતરણ તાલુકાવાર કેટલી જગ્યાઓએ કરવામાં આવે છે,

(૪) નવા પરવાના આપવાનું કોઈ આયોજન થયેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) પત્રક સામેલ છે.

(૨) ૬ (છ) મંડળીઓ/ગ્રાહક ભંડારો એકથી વધુ પરવાના ધરાવે છે.

(૩)

| અ.નં. | તાલુકો | વૈકલ્પિક વ્યવસ્થા કરેલ ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ (શહેર) | ૫ |
| ૨ | ઉમરેઠ | ૩ |
| ૩ | આંકલાવ | ૨ |
| ૪ | બોરસદ | ૭ |
| ૫ | સોજીત્રા | ૬ |
| ૬ | પેટલાદ | ૮ |
| ૭ | ખંભાત | ૩ |
| ૮ | તારાપુર | ૩ |

(૪) અને (૫) : કેરોસીન વિતરણનો પરવાનો આપવા માટે વાજબી ભાવની દુકાનને પ્રાધાન્ય

આપવાની જોગવાઇ છે. તે ધ્યાને લઇ વાજબી ભાવની દુકાનના સંચાલક દ્વારા માંગણી થયેથી ચકાસણી કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

(૫) કેટલા સમયમાં આપવામાં આવશે ?

**પ ત્ર ક**

આણંદ જિલ્લામાં આવેલ કેરોસીનના પરવાનેદારોની સંખ્યા દર્શાવતું પત્રક

| અ.નં. | તાલુકાનું નામ | ઓઇલ કંપનીના એજન્ટ/ડીલરની સંખ્યા | | | જથ્થાબંધ વિક્રેતાની સંખ્યા (ઓઇલ કંપની સિવાય) | | | છુટક વિક્રેતાઓની સંખ્યા: વા.ભા.ની દુકાનો | | | છુટક વિક્રેતાઓની સંખ્યા: કેરોસીન છુટક વિક્રેતા/મર્યાદિત વિતરકો | | | છુટક વિક્રેતાઓની સંખ્યા: ફેરીયા | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગ્રામ્ય | શહેર | કુલ | ગ્રામ્ય | શહેર | કુલ | ગ્રામ્ય | શહેર | કુલ | ગ્રામ્ય | શહેર | કુલ | ગ્રામ્ય | શહેર | કુલ | ગ્રામ્ય | શહેર | કુલ |
| ૧ | આણંદ શહેર | - | ૪ | ૪ | - | - | - | - | ૨૮ | ૨૮ | - | ૦૮ | ૦૮ | - | ૬૪ | ૬૪ | - | ૧૦૪ | ૧૦૪ |
| ૨ | આણંદ ગ્રામ્ય | - | - | - | ૧ | - | ૧ | ૪૬ | ૧૬ | ૬૨ | ૨૦ | ૦૫ | ૨૫ | ૨૫ | ૨૨ | ૪૭ | ૯૨ | ૪૩ | ૧૩૫ |
| ૩ | ઉમરેઠ | - | ૧ | ૧ | - | - | - | ૨૫ | ૦૫ | ૩૦ | ૦૬ | ૦૩ | ૦૯ | ૨૪ | - | ૨૪ | ૫૫ | ૦૯ | ૬૪ |
| ૪ | આંક્લાવ | - | - | - | - | ૨ | ૨ | ૦૮ | ૦૨ | ૧૦ | ૧૭ | ૦૩ | ૨૦ | ૨૫ | - | ૨૫ | ૫૦ | ૦૭ | ૫૭ |
| ૫ | બોરસદ | - | ૧ | ૧ | - | - | - | ૩૧ | ૦૫ | ૩૬ | ૪૫ | ૧૧ | ૫૬ | ૧૮ | - | ૧૮ | ૯૪ | ૧૭ | ૧૧૧ |
| ૬ | સોજીત્રા | - | - | - | - | - | - | ૧૪ | ૦૩ | ૧૭ | ૦૬ | ૦૩ | ૦૯ | ૦૨ | - | ૦૨ | ૨૨ | ૦૬ | ૨૮ |
| ૭ | પેટલાદ | ૩ | ૨ | ૫ | - | - | - | ૨૭ | ૧૩ | ૪૦ | ૩૪ | ૦૨ | ૩૬ | ૨૪ | - | ૨૪ | ૮૮ | ૧૭ | ૧૦૫ |
| ૮ | ખંભાત | - | ૩ | ૩ | - | - | - | ૨૪ | ૧૨ | ૩૬ | ૧૩ | ૧૩ | ૨૬ | ૩૨ | ૩૦ | ૬૨ | ૬૯ | ૫૮ | ૧૨૭ |
| ૯ | તારાપુર | ૧ | - | ૧ | - | - | - | ૧૯ | - | ૧૯ | ૧૦ | - | ૧૦ | ૦૬ | - | ૦૬ | ૩૬ | - | ૩૬ |
| | કુલ : | ૪ | ૧૧ | ૧૫ | ૧ | ૨ | ૩ | ૧૯૪ | ૮૪ | ૨૭૮ | ૧૫૧ | ૪૮ | ૧૯૯ | ૧૫૬ | ૧૧૬ | ૨૭૨ | ૫૦૬ | ૨૬૧ | ૭૬૭ |

-------------

## કચ્છ જિલ્લાની આંગણવાડીઓના બાળકોમાં કુપોષણ

૧૭૭૬૧ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આંગણવાડીમાં આવતા બાળકોમાં કુપોષણ દૂર કરવા સરકારે કોઈ વ્યવસ્થા કરેલ છે કે કેમ,

**જવાબ**

(૧) (૩) માસથી ૬ વર્ષના બાળકોને પૂરક પોષણ આપવામાં આવે છે.

સામાન્ય ગ્રેડ-૩૦૦ કેલેરી અને ૮ થી ૧૦ ગ્રામ પ્રોટીન

ગ્રેડ-૧ - ૩૦૦ કેલેરી અને ૮ થી ૧૦ ગ્રામ પ્રોટીન

ગ્રેડ-૨ - ૩૦૦ કેલેરી અને ૮ થી ૧૦ ગ્રામ પ્રોટીન

ગ્રેડ-૩ અને ગ્રેડ-૪ (કુપોષિત) ૫૬૦ થી ૬૦૦ કેલેરી અને ૧૮ થી ૨૦ ગ્રામ પ્રોટીન

૬ થી ૩૬ માસના બાળકોને વીનીંગ ફૂ.ડ આપવામાં આવે છે.

(૨) આ અંગે સરકારે કેટલું બજેટ ફાળવેલ છે, અને

(૨) વર્ષ ૨૦૦૫-૦૬ માટે આઇસીડીએસ યોજના અંતર્ગત આ અંગે સરકારે કુલ રૂા. ૬૦.૧૬ કરોડ બજેટ ફાળવેલ છે. કચ્છ જિલ્લા માટે રૂા. ૩૯.૪૭ લાખ બજેટ ફાળવેલ છે.

(૩) કચ્છ જિલ્લામાં કેટલા બાળકોના સ્વાસ્થ્યમાં સુધારો થયો છે ?

(૩) એપ્રિલ-૨૦૦૫ થી ફેબ્રુઆરી-૦૬ સુધી કુપોષિત બાળકોમાં ગ્રેડ પરિવર્તન

ગ્રેડ-૨ માંથી ગ્રેડ-૧માં - ૧૮૦૬૬

ગ્રેડ-૩ માંથી ગ્રેડ-૨માં - ૮૮૫

ગ્રેડ-૪ માંથી ગ્રેડ-૩ માં - ૪૯

## વડોદરા જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ

૧૬૮૦૩ **શ્રી શંકરભાઈ વી. રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ગરીબી રેખા હેઠળ કેટલાં કુટુંબોને રેશનકાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) તાલુકાવાર બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડધારકો કેટલા ?

**જવાબ**

૨,૦૬,૪૬૯

(૨) તાલુકાવાર બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | બી.પી.એલ. રેશનકાર્ડની સંખ્યા | એ.પી.એલ. રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વડોદરા મ્યુ. કોર્પો. વિસ્તાર | ૪૬૭૦૮ | ૩૩૦૦૩૧ |
| ૨ | વડોદરા શહેર | ૧૫૬૫ | ૧૪૯૯૫ |
| ૩ | વડોદરા ગ્રામ્ય | ૧૫૭૫૧ | ૪૧૧૦૦ |
| ૪ | પાદરા | ૧૭૬૬૦ | ૩૦૬૨૧ |
| ૫ | સાવલી | ૧૮૦૦૩ | ૩૧૮૯૦ |
| ૬ | કરજણ | ૧૧૭૨૯ | ૨૧૬૫૬ |
| ૭ | વાઘોડીયા | ૯૩૭૦ | ૧૪૨૧૦ |
| ૮ | ડભોઇ | ૧૬૬૦૦ | ૨૧૮૬૮ |
| ૯ | શિનોર | ૫૮૫૩ | ૭૯૯૮ |
| ૧૦ | નસવાડી | ૯૫૦૮ | ૧૨૭૦૫ |
| ૧૧ | સંખેડા | ૧૬૨૯૦ | ૨૧૨૦૯ |
| ૧૨ | જેતપુર-પાવી | ૧૭૦૧૯ | ૨૧૯૨૭ |
| ૧૩ | છોટા ઉદેપુર | ૯૬૪૭ | ૨૦૧૨૧ |
| ૧૪ | ક્વાંટ | ૧૦૭૬૬ | ૧૯૧૧૯ |
| | કુલ એકંદરે :- | ૨,૦૬,૪૬૯ | ૬,૦૯,૪૫૦ |

-------------

## અમદાવાદ શહેરની ૨૦ ટકા કરતાં ઓછું પરિણામ લાવતી શાળાઓ

૧૭૭૩૭ **ડૉ. માયાબેન સુ. કોડનાની** (નરોડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ શહેરની ૨૦ ટકાથી ઓછું પરિણામ લાવતી માધ્યમિક શાળાઓ કેટલી અને કઈ કઈ છે, અને

(૨) આ શાળાઓનું પરિણામ સુધારવા સરકારે શું પ્રયત્ન કર્યા ?

**જવાબ**

(૧) * પત્રક - અ, બ, ક મુજબ

(૨) ૨૦ ટકા થી ઓછુ પરિણામવાળી શાળાઓના આચાર્યશ્રીની મીટીંગ બોલાવવામાં આવી. ચોક્સાઇપૂર્વક નિરીક્ષણ દૈનિક આયોજન પોથીની યોગ્ય ચકાસણી કરવાની સયોગ્ય સૂચના આપવામાં આવી.

(૧) નિદાન ક્સોટી લઇ નબળા બાળકોને અલગ તારવવા સૂચના આપવામાં આવી.

(૨) બોર્ડ કરતાં નીચુ પરિણામ લાવતી શાળાઓને વિનિમય અનુસાર ગ્રાન્ટ કાપના વહીવટી પગલાં લેવામાં આવે છે.

(૩) તાલીમ વર્ગોનું આયોજન કરી માર્ગદર્શન આપવામાં આવે છે.

(૪) શાળાવાર પરિણામ વધે તે માટે શાળાઓના માર્ગદર્શન માટે પ્રશ્નબેન્કની પુસ્તિકાઓ બે નક્લમાં આપી.

(૫) જિલ્લા શિક્ષણાધિકારી ક્ચેરી દ્વારા એક્શન પ્લાન તેયાર કરી માર્ગદર્શન આપવામાં આવેલ અને તજજ્ઞ રિપોર્ટ કરી માર્ગદર્શન આપવામાં આવેલ અને તજજ્ઞ રિપોર્ટ શાળાઓને વિતરણ કરવામાં આવેલ છે.

(૬) રજાના દિવસે તેમજ સ્કુલ તાસમાં વધારાના વર્ગો ગોઠવી નબળા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી માસિક ટેસ્ટનું આયોજન કરવામાં આવેલ છે.

(૭) રાત્રિ વર્ગોની વ્યવસ્થા કરી શિક્ષકો મારફતે વધુ માર્ગદર્શન મળી રહે તેવા પગલાં ભરવા સૂચવેલ છે.

(૮) ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવે છે.

(૯) ગુજરાતી, ગણિત, સમાજવિદ્યા વિષયમાં સામાન્યતઃ પરિણામ ઓછુ આવે છે તે અંગે બોર્ડ દ્વારા આવી ઉત્તરવહીઓનું પૃથ્થકરણ કરી બાળકો ક્યા પ્રકારની ક્યા પ્રશ્નમાં ક્યા ક્યા વિષયોમાં ભૂલો કરે છે તે તરફ ધ્યાન દોરી આ પ્રકારની ભૂલો ન થાય તે માટે સંબંધિત શાળાઓને જાણ કરવામાં આવી.

* પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.

-------------

**વડોદરા શહેરમાં પોલીસ આવાસોના બાકી કામો**

૧૭૩૦૮ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકિય વર્ષમાં વડોદરા શહેરમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૧૩૧૭.૧૫ લાખ. |
| (૨) આ કામો પેકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૧૩૧૭.૧૫ લાખ. |

**રાજ્યભરમાં સ્વનિર્ભર કોલેજોને માન્યતા**

૧૬૭૯૦ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં કઈ કઈ જગ્યાએ સ્વનિર્ભર કોલેજોની માન્યતા કોને કોને આપવામાં આવી, અને | (૧) * પત્રક - અ - મુજબ. |
| (૨) આવી માન્યતાઓ આપતાં પહેલાં જરુરી ચકાસણીઓ કરવામાં આવેલ છે? | (૨) હા જી. |

* પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.

----------

## કચ્છ જિલ્લામાં રાજ્યકક્ષાના રમત-ગમતના મેદાનોના વિકાસનું આયોજન

૧૬૭૮૫**શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં રાજ્યકક્ષાના રમત ગમત સંકુલો અને મેદાનો વિકસાવવાનું સરકારનું આયોજન છે કે કેમ, | (૧) ના જી. |
| (૨) ક્યા ક્યા વિસ્તાર માટે શાં શાં આયોજન કરવામાં આવ્યા છે, અને | (૨) કચ્છ જિલ્લામાં ગાંધીધામ ખાતે જિલ્લા કક્ષાના રમત-ગમત સંકુલ માટે એથલેટીક્સ ટ્રેક, સ્વીમીંગ પુલ, ઇન્ડોર હોલ તથા વોલીબોલ, કબડ્ડી અને ખો-ખો ના મેદાનનું આયોજન છે. |
| (૩) ક્યારે અમલમાં મુક્વામાં આવશે છે ? | (૩) બજેટ જોગવાઇ મુજબ નાણા ઉપલબ્ધ થયેથી અમલમાં મૂક્વામાં આવશે. |

-----------

## કડી તાલુકામાં પેટ્રોલપંપો પર આચરવામાં આવતી ગેરરીતીઓ

૧૭૫૨૯**શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકાના ક્યા ક્યા પેટ્રોલપંપની ગેરરીતિઓ સંદર્ભે તપાસ કરવામાં આવી, | (૧) ૯ પેટ્રોલ પંપની ૫૪ તપાસો. |
| (૨) કેટલી ગેરરીતિઓ પકડાઈ, અને | (૨) એક પેટ્રોલ પંપનો પેટ્રોલનો નમુનો ધોરણસરનો જણાયેલ નથી. જ્યારે અન્ય તપાસોમાં હાજર જથ્થામાં તફાવત, રેકર્ડમાં હિસાબી ભૂલ જેવી ક્ષતિઓ પકડાઇ છે. |
| (૩) કસુરવાર પેટ્રોલપંપના સંચાલકો સામે શું પગલાં ભરવામાં આવ્યા ? | (૩) (ક) રૂા. ૨૭,૮૮૩/-કિંમતનો જથ્થો કબજે કર્યો.<br>(ખ) રૂા. ૯,૩૫૦/- પરવાના અનામત રાજ્યસાત કરી.<br>(ગ) ૨ પરવાના મોકૂફ.<br>(ઘ) ૧ પરવાનો રદ.<br>(ચ) ૨ પરવાનેદાર સામે પોલીસ કેસ.<br>(છ) ૧ પરવાનેદાર સામે અટકાયતના પગલાં લેવાયા છે. |

-----------

## અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતમાં પોલીસ આવાસો

૧૬૯૩૦**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર)** : **માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યના અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત શહેરમાં કેટલા પોલીસ આવાસો આવેલા છે, તેમાં કેટલા રહેવા લાયક છે અને કેટલા બિસ્માર હાલતમાં છે,

**જવાબ**

(૧)

| ક્રમ | શહેર | પોલીસ આવાસો | રહેવા લાયક આવાસો | બિસ્માર આવાસો |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬૨૪૯ | ૪૩૫૯ | ૧૮૯૦ |
| ૨ | રાજકોટ | ૧૩૬૪ | ૮૩૬ | ૫૨૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | વડોદરા | ૧૩૬૬ | ૧૨૩૬ | ૧૩૦ |
| ૪ | સુરત | ૧૮૦૯ | ૧૫૮૧ | ૨૨૮ |

(૨) આ બિસ્માર હાલતમાં આવેલ પોલીસ આવાસો રહેવા લાયક બનાવવા માટે સરકારે ક્યા ક્યા પગલાં લીધા છે, અને

(૨) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કુલ-૨૭૩૭ આવાસોની મરામત કરી રહેવા લાયક બનાવેલ છે.

(૩) છેલ્લા ૩ વર્ષમાં આવાસો સુધારવા તેમજ નવા બનાવવા માટે કેટલો ખર્ચ ર્ક્યો ?

(૩) આવાસો સુધારવા રૂા.૧૧૦૪.૨૦ લાખ અને નવા બનાવવા રૂા. ૪૧૫૫.૬૨ લાખ.

-----------

## નિરાધાર વિધવા સહાય મેળવવાની યોજનામાં સમય-મર્યાદા

૧૭૫૨૮**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નિરાધાર વિધવા સહાય માટે જાણ કરવાની અરજી કરવાની સમય-મર્યાદા કેટલી છે,

(૨) આ સમય-મર્યાદાના કારણે કેટલીક મહિલાઓ સહાયથી વંચિત રહેવાના ઘણા કિસ્સા બને છે તો રાજ્ય સરકાર આ મર્યાદામાં કોઈ વધારો કરવા માગે છે, અને

(૩) નિરાધાર વિધવા સહાય યોજનામાં ગરીબી રેખાનું કાર્ડ હોવું ફરજિયાત છે કે કેમ ?

**જવાબ**

(૧) વિધવા થયાની તારીખથી બે વર્ષ સુધી.

(૨) આ યોજના હેઠળ અરજી કરવાની સમયમર્યાદા છ માસની રાખવામાં આવેલ. જેમાં સુધારો કરી એક વર્ષની કરવામાં આવેલ અને છેલ્લે તારીખ ૧૪-૩-૦૫ના ઠરાવથી સુધારો કરી બે વર્ષની કરવામાં આવી છે.

(૩) ના, જી.

## સાબરકાંઠા જિલ્લામાં આંગણવાડીઓ બાબત

૧૭૭૬૯**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** :**માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં ભિલોડા, વિજયનગર, ખેડબ્રહ્મા અને મેઘરજ તાલુકાઓમાં કુલ કેટલી આંગણવાડી આવેલી છે, અને

(૨) સન ૨૦૦૧ની વસ્તીના ધોરણ પ્રમાણે છેલ્લા ૩ વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કેટલી નવી આંગણવાડી મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં ભિલોડા, વિજયનગર, ખેડબ્રહ્મા અને મેઘરજ તાલુકાઓમાં કુલ ૬૨૧ આંગણવાડીઓ આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

| | **મંજૂર આંગણવાડી કેન્દ્ર** | **કાર્યરત આંગણવાડી કેન્દ્ર** |
|---|---|---|
| ભિલોડા | ૨૫૩ | ૨૫૩ |
| વિજયનગર | ૯૧ | ૯૧ |
| ખેડબ્રહ્મા | ૧૪૦ | ૧૪૦ |
| મેઘરજ | ૧૩૭ | ૧૩૭ |
| **કુલ :** | **૬૨૧** | **૬૨૧** |

(૨) કેન્દ્ર સરકાર તરફથી નીચે મુજબના આંગણવાડી કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા છે.

| | |
|---|---|
| ભિલોડા | ૮૫ |
| વિજયનગર | ૫૬ |
| ખેડબ્રહ્મા | ૯૦ |
| મેઘરજ | ૪૮ |
| **કુલ :** | **૨૭૯** |

-----------

**રાજકોટ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક અને બિન રહેણાંકના કામો**

૧૭૩૦૨ **શ્રી જશવંતસિંહ સોલંકી (સારસા) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક/બીન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૯૧૯.૨૧ લાખ. |
| (૨) આ કામો પેકી તા.૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૯૧૯.૨૧ લાખ. |

-----------

**રાજ્યમાં વિદ્યાદીપ યોજના અંતર્ગત મળેલી અરજીઓ**

૧૬૯૩૯**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ વર્ષ : ૨૦૦૫-૦૬ દરમ્યાન વિદ્યાદીપ યોજના અંતર્ગત કુલ કેટલી અરજીઓ રાજ્ય સરકારને મળેલ છે, | (૧) ૪૧૨. |
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી રદ કરવામાં આવી, અને કેટલી પડતર છે, અને | (૨) મંજૂર કરેલ કેસોની સંખ્યા- ૭૫<br>ના મંજૂર કરેલ કેસોની સંખ્યા- ૧૮૦<br>ચકાસણી હેઠળ કેસોની સંખ્યા- ૧૫૭ |
| (૩) આ યોજના અંર્તગત રાજ્ય સરકાર ધ્વારા કેટલું ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂા. ૯૧,૩૫,૫૮૦. |

-----------

**સુરત જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ અને તેનો નિકાલ**

૧૭૪૪૪ **શ્રી અનિલકુમાર મો. પટેલ** (બારડોલી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાની વિધવા સહાય યોજના હેઠળની કેટલી અરજી વિભાગને મળી, | (૧) ૨૫૭૯ અરજીઓ પ્રાંત અધિકારીશ્રીઓને જિલ્લા કક્ષાએ મળેલી છે. |
| (૨) તે પેકીની કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી સહાય આપવામાં આવી, | (૨) ૨૧૯૨ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને મંજૂર અરજીઓ-૧૫૬૯ને રૂા. ૧૧૨.૮૦ લાખની સહાય આપવામાં આવી. |
| (૩) કેટલી અરજીઓ પડતર છે, અને | (૩) ૩૮૭. |
| (૪) આ અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે. | (૪) શક્ય તેટલી ઝડપથી. |

-----------

**મહેસાણા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક અને બીન રહેણાંકના કામો**

૧૭૨૯૫**શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં મહેસાણા જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક/ બિન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, | (૧) રૂા. ૯૫૧.૯૩ લાખ. |

અને

| | |
|---|---|
| (૨) આ કામો પેકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૯૫૧.૯૩ લાખ. |

-----------

## રાજ્યમાં કન્યા કેળવણી નિધિની રચના

૧૭૨૯૨**પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કન્યા કેળવણીને ઉત્તેજના આપવા રાજ્ય સરકારે કેળવણી નિધિની રચના કરી છે, | (૧) હા, જી. |
| (૨) તેના ઉદ્દેશો શું છે, અને | (૨) પત્રક "અ" મુજબ. |
| (૩) નિધિમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલું ભંડોળ જમા થયું છે ? | (૩) રૂા. ૫,૧૨,૯૨,૦૩૬/-. |

### પત્રક-અ.

### કન્યા કેળવણી નિધિની રચના કરવાના ઉદ્દેશો :

૧. રાજ્યમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવું અને સ્ત્રી સાક્ષરતાનો દર વધારવો.

૨. રાજ્યની કોઈપણ પ્રકારની શાળાઓની વિદ્યાર્થીનીઓને શિક્ષણની સુવિધાઓ પૂરી પાડવી અને બાળાઓના શાળા છોડી જવાના દરમાં ઘટાડો કરવો.

૩. ૧૦૦ ટકા નામાંકન અને કન્યાઓના શાળા પ્રવેશ માટે શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવી અને ધો. ૧માં પ્રવેશ મેળવતી કન્યાને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવા.

૪. વિદ્યાર્થીનીઓને નાણાંકીય સહાય કે ઈનામ પુરસ્કાર આપવા.

૫. કન્યા કેળવણી સંબંધિત કાર્યક્રમો માટે યોગ્ય તે વ્યક્તિ કે સંસ્થાને અનુદાન કે સહાય આપવી.

૬. વિદ્યાર્થીનીઓ માટે શાળાઓમાં સેનીટેશન સુવિધા પૂરી પાડવી, કોઈપણ પ્રકારના યાંત્રિક કે વિજાણું સાધનો પૂરા પાડવા, ફર્નિચરની સુવિધા પૂરી પાડવી.

૭. શાળાઓમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તેવા બાંધકામો કરવા તથા નિધિ હસ્તકની અસ્ક્યામતો યોગ્ય તે સરકારી કે બિનસરકારી સંગઠન/સંસ્થાને કન્યા કેળવણી માટે ઉપલબ્ધ કરાવવી.

૮. વિદ્યાર્થીનીઓને પુસ્તકો, નોટબુકો, ઈતર સાહિત્યના પુસ્તકો, ફી, ગણવેશ, તબીબી સહાય અને લોન શિષ્યવૃત્તિ કે તે પ્રકારની અન્ય સવલતો પૂરી પાડવી.

૯. વિદ્યાર્થીનીઓના સામાજિક અને શૈક્ષણિક વિકાસને ઉત્તેજન આપે તેવી સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ હાથ ધરવી.

૧૦. વિદ્યાર્થીનીઓના સાંસ્કૃતિક, સાહિત્યક, અભ્યાસીક, સ્પર્ધાત્મક ગુણોના વિકાસ માટેના કાર્યક્રમો સ્પર્ધાઓ આયોજીત કરવા.

૧૧. નિધિની વહીવટી/હિસાબી કામગીરી માટે જરૂરી સાધન સામગ્રી ખરીદવી.

૧૨. નિધિને સંબંધિત કાનુની પ્રવૃત્તિ કે કાર્યવાહી કરવી.

-----------

## રાજ્યમાં બળજબરીથી બી.પી.એલ. કાર્ડ રદ કરવામાં આવતા હોવાની ફરિયાદ

૧૬૯૨૮ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ રાજ્યના બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા ઘટાડવા અભિયાનના ભાગરૂપે બળજબરી પૂર્વક જિલ્લા કલેકટરો/મામલતદારો બી.પી.એલ. કાર્ડ રદ કરતા | (૧) ના, જી. |

હોવાની ફરીયાદો રાજ્ય સરકારને મળેલ છે,

(૨) જો હા, તો આ બાબતની હકીક્ત શું છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) માતર અને ખેડા તાલુકામાં જાન્યુઆરી-૨૦૦૫થી ફેબ્રુઆરી-૨૦૦૬ સુધીના સમયગાળા દરમયાન કેટલા બી.પી.એલ. કાર્ડ રદ કરવામાં આવ્યા છે?

(૩) માતર અને ખેડા તાલુકામાં જાન્યુઆરી-૨૦૦૫થી ફેબ્રુઆરી-૨૦૦૬ સુધીના સમયગાળા દરમ્યાન અનુક્રમે ૨૫ અને ૭ બી. પી. એલ. કાર્ડ રદ કરવામાં આવ્યા છે.

-----------

## રાજ્યમાં પ્રાથમિક શાળામાં વિદ્યાર્થી/શિક્ષકનું પ્રમાણ

૧૭૬૬૫ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર શહેર (ઉત્તર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની પ્રાથમિક શાળાઓમાં હાલમાં કેટલા વિદ્યાર્થીએ એક શિક્ષકની જગ્યા નક્કી કરાઈ છે,

(૨) આ ધોરણ છેલ્લે ક્યારે નક્કી થયેલ, અને

(૩) હવે તેમાં સરકાર કોઈ સુધારો કરવા માગે છે કે કેમ ?

**જવાબ**

(૧) પત્રક "અ" મુજબ.

(૨) તા. ૨૨-૯-૮૦ થી.

(૩) આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

**વિદ્યાર્થી/શિક્ષકના ધોરણોનું પત્રક-અ**

| ધોરણ | વિદ્યાર્થી સંખ્યા | કેટલા શિક્ષકો નીમી શકાય |
|---|---|---|
| **૧+૨** (સરવાળો) | ૧ થી ૬૬ | ૧ |
| | ૬૭ થી ૧૧૧ | ૨ |
| | ૧૧૨ થી ૧૬૬ | ૩ |
| | ૧૬૭ થી ૨૨૨ | ૪ |
| | | અને તે મુજબ આગળ |
| **૩+૪** (સરવાળો) | ૧૭ થી ૫૫ | ૧ |
| | ૫૬ થી ૧૧૧ | ૨ |
| | ૧૧૨ થી ૧૬૬ | ૩ |
| | ૧૬૭ થી ૨૨૨ | ૪ |
| | | અને તે મુજબ આગળ |
| **૫, ૬, ૭** (પ્રત્યેક વર્ગદીઠ) | ૧૭ થી ૫૫ | ૧ |
| | ૫૬ થી ૧૧૧ | ૨ |
| | ૧૧૨ થી ૧૬૬ | ૩ |
| | ૧૬૭ થી ૨૨૨ | ૪ |
| | | અને તે મુજબ આગળ |

-----------

## રાજ્યની જેલો અને સબજેલો

૧૭૫૫૨ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ** (ઓલપાડ) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૫ અંતીત કેટલી જેલો અને સબજેલો આવેલ છે,

(૨) જે પૈકી જિલ્લા મુખ્ય જેલોમાં કેટલા કેદીઓ સમાવવાની મર્યાદા છે, અને

**જવાબ**

(૧) ૨ મધ્યસ્થ જેલ, ૬ જિલ્લા જેલ, ૨ ખાસ જેલ, ૨ ખુલ્લી જેલ તથા ૧૧ સબ જેલ આવેલ છે.

(૨)

| અ. નં. | જિલ્લા મુખ્ય જેલનું નામ | ક્ષમતા |
|---|---|---|
| ૧. | અમદાવાદ મધ્યસ્થ જેલ | ૧૬૭૧ |
| ૨. | વડોદરા મધ્યસ્થ જેલ | ૭૯૫ |
| ૩. | સુરત જિલ્લા જેલ | ૩૬૫ |
| ૪. | રાજકોટ જિલ્લા જેલ | ૨૧૨ |
| ૫. | જામનગર જિલ્લા જેલ | ૨૪૦ |
| ૬. | જુનાગઢ જિલ્લા જેલ | ૨૬૫ |
| ૭. | ભાવનગર જિલ્લા જેલ | ૩૨૦ |
| ૮. | નડીયાદ જિલ્લા જેલ | ૨૭૫ |
| ૯. | ભુજ ખાસ જેલ | ૬૦ |
| ૧૦. | પોરબંદર ખાસ જેલ | ૧૨૦ |

(૩) નિયમ મુજબ કઈ જેલોમાં કેદીઓની સંખ્યા વધારે છે ?

| | | |
|---|---|---|
| ૧૦. | પોરબંદર ખાસ જેલ | ૧૨૦ |

(૩)

| અ. નં. | જેલોનું નામ | |
|---|---|---|
| ૧. | અમદાવાદ મધ્યસ્થ જેલ | જેલોમાં કેદીઓની સંખ્યા વધારે છે |
| ૨. | વડોદરા મધ્યસ્થ જેલ | |
| ૩. | સુરત જિલ્લા જેલ | |
| ૪. | રાજકોટ જિલ્લા જેલ | |
| ૫. | જામનગર જિલ્લા જેલ | |
| ૬. | જુનાગઢ જિલ્લા જેલ | |
| ૭. | ભાવનગર જિલ્લા જેલ | |
| ૮. | નડીયાદ જિલ્લા જેલ | |
| ૯. | ભુજ ખાસ જેલ | |
| ૧૦. | અમરેલી સબ જેલ | |
| ૧૧. | ભરૂચ સબ જેલ | |
| ૧૨. | મહેસાણા સબ જેલ | |
| ૧૩. | હિંમતનગર સબ જેલ | |
| ૧૪. | પાલનપુર સબ જેલ | |
| ૧૫. | સુરેન્દ્રનગર સબ જેલ | |
| ૧૬. | ગોધરા સબ જેલ | |
| ૧૭. | નવસારી સબ જેલ | |
| ૧૮. | મોરબી સબ જેલ | |

-----------

## પ્રાથમિક શાળાઓમાં મૂળભૂત સુવિધાઓ

૧૬૮૦૫ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ જિલ્લાવાર કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણી કંપાઉન્ડ વોલ, વીજળી અને સેનિટેશનની સુવિધાઓ નથી,

(૨) આ અંગે રાજ્ય સરકારે છેલ્લાં બે વર્ષમાં શું શું પગલાં ભર્યા, અને

(૩) આ અંગે જિલ્લાવાર કેટલાં કામો હાથ ધરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨) રાજ્ય આયોજન યોજના હેઠળ પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સુવિધાઓ વિકસાવવા સારૂં વર્ષ ૨૦૦૩-૦૪માં ૩૧૩૦ પ્રાથમિક શાળાઓ અને વર્ષ ૨૦૦૪-૦૫માં ૩૧૫૯ પ્રાથમિક શાળાઓને આવરી લેવામાં આવેલ છે.

(૩) પત્રક-૨ મુજબ.

તા.૦૧-૦૧-૨૦૦૬ની સ્થિતિએ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ખુટતી સુવિધાઓની માહિતી દર્શાવતું

**પ ત્ર ક**

| ક્રમ | જિલ્લાનું નામ | ખૂટતી સુવિધાઓવાળી શાળાઓની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | કમ્પાઉન્ડ વોલ | પીવાનું પાણી | શોચાલય/બાથરૂમ | વીજળીકરણ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અમદાવાદ | ૨૦૫ | ૪૦ | ૬૦ | ૧૫૦ |
| ૨ | ગાંધીનગર | ૧૩૩ | ૪૦ | ૨૮ | ૭૩ |
| ૩ | મહેસાણા | ૧૯૬ | ૨૭ | ૧૨૬ | ૬૩ |

| ક્રમ | જિલ્લાનું નામ | ખૂટતી સુવિધાઓવાળી શાળાઓની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | કમ્પાઉન્ડ વોલ | પીવાનું પાણી | શોચાલય/બાથરૂમ | વીજળીકરણ |
| ૪ | પાટણ | ૨૦૨ | ૧૧૬ | ૯૭ | ૧૧૧ |
| ૫ | ખેડા | ૯૪૫ | ૫૨૭ | ૬૯૧ | ૫૨૫ |
| ૬ | આણંદ | ૪૮૯ | ૧૮૬ | ૨૪૧ | ૧૯૩ |
| ૭ | સાબરકાંઠા | ૮૮૫ | ૯૫૪ | ૭૪૦ | ૫૬૫ |
| ૮ | બનાસકાંઠા | ૮૭૭ | ૬૯૨ | ૧૧૬૦ | ૭૯૮ |
| ૯ | રાજકોટ | ૨૭૨ | ૨૬૩ | ૧૪૭ | ૧૬૩ |
| ૧૦ | જામનગર | ૩૯૧ | ૫૫૪ | ૪૩૨ | ૪૪૯ |
| ૧૧ | જુનાગઢ | ૩૨૧ | ૩૦૧ | ૪૧૬ | ૧૯૫ |
| ૧૨ | પોરબંદર | ૯૯ | ૧૦૨ | ૧૩૫ | ૫૨ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૩૦૫ | ૩૩૩ | ૨૭૦ | ૧૯૮ |
| ૧૪ | ભાવનગર | ૨૭૦ | ૨૧૭ | ૫૧ | ૧૨૪ |
| ૧૫ | અમરેલી | ૧૩૫ | ૨૨૧ | ૨૯૫ | ૧૯૦ |
| ૧૬ | કચ્છ-ભુજ | ૬૩૦ | ૪૩૨ | ૪૩૪ | ૭૦૫ |
| ૧૭ | સુરત | ૮૨૧ | ૨૬૩ | ૬૯૬ | ૯૧૧ |
| ૧૮ | વડોદરા | ૧૨૨૭ | ૭૪૫ | ૧૦૧૯ | ૮૮૩ |
| ૧૯ | ભરૂચ | ૪૦૧ | ૨૫૫ | ૧૪૩ | ૩૨૯ |
| ૨૦ | નર્મદા | ૪૭૯ | ૭૨ | ૨૧૪ | ૩૬૪ |
| ૨૧ | નવસારી | ૩૩૯ | ૫૯ | ૧૦૩ | ૧૮૦ |
| ૨૨ | વલસાડ | ૭૨૧ | ૪૧૭ | ૩૦૩ | ૫૦૪ |
| ૨૩ | દાહોદ | ૯૬૩ | ૧૦૬૮ | ૬૭૩ | ૧૧૧૧ |
| ૨૪ | પંચમહાલ | ૧૩૩૧ | ૭૪૫ | ૯૧૭ | ૭૯૭ |
| ૨૫ | ડાંગ | ૩૭૮ | ૩૭૮ | ૧૮૧ | ૩૭૮ |
| | કુલ : | **૧૩૦૧૫** | **૯૦૦૭** | **૯૫૭૨** | **૧૦૦૧૧** |

## પત્રક-૨

| ક્રમ | જિલ્લાનું નામ | છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણી, કમ્પાઉન્ડ વોલ, વીજળીકરણ અને સેનીટેશન વિગેરે કામો હેઠળ આવરી લીધેલ શાળાઓની સંખ્યા શાળાઓ | |
|---|---|---|---|
| | | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | ૧૪૩ | ૧૫૯ |
| ૨ | ગાંધીનગર | ૨૨૧ | ૫૭ |
| ૩ | મહેસાણા | ૧૯૩ | ૨૯૯ |
| ૪ | પાટણ | ૧૧૬ | ૧૦૯ |
| ૫ | ખેડા | ૯૮ | ૧૩૩ |
| ૬ | આણંદ | ૧૧૩ | ૧૧૦ |
| ૭ | સાબરકાંઠા | ૯૨ | ૧૩૩ |
| ૮ | બનાસકાંઠા | ૬૯ | ૭૯ |
| ૯ | રાજકોટ | ૧૩૩ | ૧૨૧ |
| ૧૦ | જામનગર | ૪૭૪ | ૧૧૯ |
| ૧૧ | જુનાગઢ | ૧૧૪ | ૧૩૬ |
| ૧૨ | પોરબંદર | ૩૪ | ૪૦ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૧૧૬ | ૧૨૭ |
| ૧૪ | ભાવનગર | ૬૯ | ૧૬૯ |
| ૧૫ | અમરેલી | ૮૯ | ૧૦૩ |
| ૧૬ | કચ્છ-ભુજ | ૬૯ | ૧૩૫ |
| ૧૭ | સુરત | ૨૦૦ | ૨૬૮ |
| ૧૮ | વડોદરા | ૧૭૭ | ૨૪૪ |
| ૧૯ | ભરૂચ | ૧૪ | ૧૦૩ |
| ૨૦ | નર્મદા | ૧૬૮ | ૬૦ |
| ૨૧ | નવસારી | ૧૬ | ૪૯ |
| ૨૨ | વલસાડ | ૧૫૪ | ૫૬ |
| ૨૩ | દાહોદ | ૯૭ | ૧૮૧ |
| ૨૪ | પંચમહાલ | ૧૩૫ | ૧૨૫ |
| ૨૫ | ડાંગ | ૨૬ | ૪૪ |
| | કુલ : | **૩૧૩૦** | **૩૧૫૯** |

-----------

**પંચમહાલ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક અને બિનરહેણાંક્ના ક્ામો**

૧૭૨૯૮**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક-બિનરહેણાંક્ના ક્ામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૬૨૭.૪૮ લાખ. |
| (૨) આ ક્ામો પૈકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૬૨૭.૪૮ લાખ. |

-----------

**રાજ્યમાં મહિલાઓના પ્રશ્નો અંગે હેલ્પલાઈન**

૧૭૭૫૦**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં મહિલાઓના પ્રશ્નો અંગે કોઈ હેલ્પલાઈન કાર્યાન્વિત છે કે કેમ, | (૧) રાજ્યમાં મહિલાઓના પ્રશ્નો અંગે કેન્દ્ર સરકારની યોજના હેઠળ બે હેલ્પલાઈન કાર્યાન્વિત છે. |
| (૨) જો હા, તો કેટલા સ્થળોએ, અને | (૨) અમદાવાદમાં (૧) ભુદરપુરા અને (૨) જુહાપુરા ખાતે. |
| (૩) જો ના, તો આવી હેલ્પલાઈન શરૂ કરવાનું આયોજન છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**અમદાવાદ શહેરમાં નવી વ્યાયામ શાળાઓ તથા ગ્રંથાલયોની યોજના**

૧૭૫૩૩**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં હાલમાં કેટલી સરકારી વ્યાયમશાળાઓ અને ગ્રંથાલયો આવેલાં છે, | (૧) સરકારી વ્યાયામ શાળાઓ - એક પણ નથી<br>સરકારી ગ્રંથાલય - એક |
| (૨) સન ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં વ્યાયમશાળાઓ અને ગ્રંથાલયોને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, અને તેમાંથી કેટલો ખર્ચ થયો છે, અને | (૨) વ્યાયામ શાળાઓને ગ્રાન્ટ ફાળવવાનો અને ખર્ચ થયાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જ્યારે ગ્રંથાલયની માહિતી નીચે મુજબ છે.<br>**ગ્રંથાલયઃ-**<br>વર્ષ / ફાળવેલ ગ્રાન્ટ / થયેલ ખર્ચ<br>૨૦૦૪-૦૫ રૂા. ૧૦,૭૦,૪૦૦/- રૂા. ૧૦,૭૦,૪૦૦/-<br>૨૦૦૫-૦૬ રૂા. ૯,૬૪,૦૦૦/- રૂા. ૮,૬૪,૪૦૦૦/-<br>તા. ૩૧-૧-૦૬ સુધી |
| (૩) નવી કેટલી વ્યાયમશાળા અને ગ્રંથાલયો શરૂ કરવાની યોજના છે ? | (૩) વ્યાયામ શાળા - એક પણ નહીં<br>અનુદાનિત ગ્રંથાલયો - ૪ |

-----------

**નગર તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ હેઠળના શિક્ષકોના પગાર ધોરણમાં વિસંગતતા**

૧૭૩૧૨ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) :**માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિનાં શિક્ષકોના પગાર ધોરણમાં નવ વર્ષની નોકરીએ વિસંગતતા જોવા મળે છે તે હકીકત ખરી છે,

(૨) જો હા, તો આ વિસંગતતા દૂર કરવા સરકાર માંગે છે કે કેમ, અને

(૩) કેટલા સમયમાં ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**પંચમહાલ જિલ્લામાં શિક્ષક વગરની પ્રાથમિક શાળાઓ**

૧૭૭૭૧**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** (હાલોલ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં હાલમાં કેટલી પ્રાથમિક શાળાઓ એવી છે કે તેમાં એક પણ રેગ્યુલર શિક્ષક નથી અને વ્યવસ્થાથી પ્રા. શાળા ચાલે છે,

(૨) આવી પ્રા. શાળાઓ વ્યવસ્થાથી કેટલા સમયથી ચાલે છે, અને

(૩) કેટલા સમયમાં રેગ્યુલર શિક્ષક મુકવા માંગો છો ?

**જવાબ**

(૧) ૨૪

(૨) જુન - ૨૦૦૩ થી - ૨
જુન - ૨૦૦૪ થી - ૪
જુન - ૨૦૦૫ થી - ૧૮

(૩) આગામી ભરતી વખતે.

-----------

**શિક્ષણ વિભાગની પરામર્શ સમિતિની બેઠકો**

૧૭૫૨૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** (જસદણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન શિક્ષણ વિભાગની પરામર્શ સમિતિની મીટીંગ ક્યારે ક્યારે અને કેટલી વખત બોલાવવામાં આવેલ ?

**જવાબ**

જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન શિક્ષણ વિભાગની પરામર્શ સમિતિની બેઠક તા. ૯-૨-૨૦૦૫ના રોજ એકવાર બોલાવવામાં આવી હતી.

-----------

**વલસાડ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો**

૧૭૭૮૭ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વલસાડ જિલ્લામાં સરકાર માન્ય પંડિત દીનદયાળ ભંડારો તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ તાલુકાવાર કેટલી દુકાનો ચાલુ છે, અને કેટલી બંધ હાલતમાં છે ?

**જવાબ**

તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ તાલુકાવાર ચાલુ-બંધ દુકાનોની વિગત

| તાલુકાનું નામ | ચાલુ દુકાન | બંધ દુકાન |
|---|---|---|
| વલસાડ | ૧૧૨ | ૧ |
| પારડી | ૯૧ | -- |
| ઉમરગામ | ૬૭ | -- |
| ધરમપુર | ૭૨ | -- |
| કપરાડા | ૬૩ | ૧૨ |
| **કુલ :** | **૪૦૫** | **૧૩** |

## રાજ્યમાં રાંધણગેસની તંગી

૧૬૭૮૯ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં રાંધણગેસના બાટલાઓની અતિપ્રમાણમાં તંગી છે એવું રાજ્ય સરકારના ધ્યાનમાં આવેલ છે કે કેમ, અને | (૧) છેલ્લા છ માસમાં કેન્દ્ર સરકારના જાહેર સાહસોની ઓઈલ કંપનીઓ દ્વારા રાંધણગેસનો દુરૂપયોગ અટકાવવાના હેતુસર ગેસ ધારકોને ખરેખર જરૂરયાતને લક્ષમાં લઈ બે સીલીન્ડરોની ડીલીવરી વચ્ચેનો સમયગાળો ૨૧ દિવસનો ગણતરીમાં લેવાનું વલણ અપનાવતાં સીલીન્ડર મોડું મળવાની દહેશતથી તુર્તજ બીજા સીલીન્ડરનું બુકીંગ કરાવવાની ગેસ ધારકોની માનસિકતાના લીધે તેમજ શિયાળો અને લગ સીઝનના કારણે ગેસ સીલીન્ડરોની માંગ સામાન્ય કરતાં વધારે હોવાથી તેમજ રાંધણગેસના ભાવોમાં વધારો થવા અંગેના પ્રચાર માધ્યમો દ્વારા થતી જાહેરાતના કારણે ભાવ વધે તે પહલાં સીલીન્ડર મેળવી લેવાની વાપરનારા વર્ગની મનોવૃત્તિના કારણે સીલીન્ડરોની માંગમાં નોંધપાત્ર વધારો થતાં ગેસની તંગીની પરિસ્થિતિ પ્રવર્તતી હતી. તે હકીક્ત સાચી છે. |
| (૨) જો હા, તો રાંધણગેસના કાળાબજારો ન થાય અને તંગી નિવારવા રાજ્ય સરકારે શું શું પગલાં લીધા? | (૨) (અ) ઓઈલ કંપનીઓના અધિકારીઓ સાથે અવાર-નવાર બેઠકો યોજી સતત સંપર્કમાં રહી સરળતાથી સમયસર ગેસ સીલીન્ડરોની પૂરતી ઉપલબ્ધિ માટે બેંકલોગ ઘટાડવા જરૂરી જથ્થો ઉપલબ્ધ કરવા તથા વિતરણ પ્રણાલી સુવ્યવસ્થિત કરવા સૂચના આપી અને તેનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.<br>(બ) રાંધણગેસનો દુરૂપયોગ ન થાય તે માટે ગેસ વિતરકો, હોટલ - રેસ્ટોરન્ટ જેવા વ્યાપારી અને ઔદ્યોગિક એકમોની સઘન તપાસણીઓ કરવામાં આવેલ છે અને કસુરવાનો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. |

-----------

## રાજ્યમાં બી.એડ. ઉમેદવારોને વિદ્યાસહાયક તરીકે નિમણૂંક

૧૬૭૯૭ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ)**: **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં પ્રાથમિક શિક્ષણમાં બી.એડ. થયેલા ઉમેદવારોને વિદ્યાસહાયક તરીકે લેવાનો હુકમ સરકારે કઈ તારીખે કર્યો, | (૧) તા. ૧૨-૨-૦૪ |
| (૨) આ હુકમની તારીખથી તા. ૩૧-૧-૦૬ સુધીમાં રાજ્યમાં બી.એડ. થયેલા કેટલાં ઉમેદવારોને વિદ્યાસહાયક તરીકે પંસદ કરીને નિમણૂંક આપવામાં આવી, અને | (૨) ૮૬૨૨ |
| (૩) બી.એડ. તેમજ પી.ટી.સી. બંનેનો સમાવેશ થતા પ્રાથમિક શિક્ષકોની તા. ૩૧-૧-૦૬ સુધીમાં | (૩) વિદ્યાસહાયકોની ભરતી માટેની લાયકાત નક્કી કરવાની બાબત હાલ નામ. હાઈકોર્ટમાં પડતર |

| | |
|---|---|
| ખાલી રહેલ બધી જગ્યાઓ કેટલા સમયમાં ભરાઈ જશે ? | છે. |

-----------

## સુરત જિલ્લામાં પોલીસ આવાસોના બાકી કામો

૧૭૩૦૬ **શ્રી દિલીપસિંહ વ. પરમાર (મોડાસા) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં સુરત જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક-બિનરહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૬૩૩.૬૧ લાખ |
| (૨) આ કામો પેકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનૌ ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૬૩૩.૬૧ લાખ |

-----------

## રાજ્યમાં સોનાના વેચાણમાં હોલમાર્કના અમલીકરણ અંગે

૧૭૪૮૨**શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સોનું વેચતા વેપારીઓ અને સોનીઓ ભેળસેળ યુક્ત સોનું વેચી રહ્યા છે તે હકીક્ત સરકાર જાણે છે, | (૧) ભારતીય માનદ બ્યુરોએ, ગ્રાહક મંડળો સાથે ૩ વર્ષ પહેલા સર્વે કરતા મોટે ભાગે સોનીઓ દ્વારા જણાવ્યા મુજબનું, શુધ્ધ સોનું, નહીં હોવાનું જણાવેલ છે. |
| (૨) ગ્રાહકોને શુધ્ધ સોનું મળી રહે તે હેતુથી હોલમાર્કના અમલીકરણ માટે રાજ્ય સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે, અને | (૨) રાજ્ય સરકારે બ્યુરો ઓફ સુચિત સ્ટાન્ડર્ડ સાથે શુધ્ધ સોનું મળે તે માટે નીચે મુજબ વ્યવસ્થા કરેલ છે.<br>(૧) ભારતીય માનદ્ બ્યુરોએ એપ્રિલ-૨૦૦૦ થી સોનાના દાગીનામાં હોલમાર્કની સ્કીમ દાખલ કરેલ છે. હાલમાં ૨૦૦ સોનાના વેપારીઓ હોલમાર્ક પ્રથાનો અમલ કરે છે. હાલમાં ૧ લી જાન્યુઆરી-૨૦૦૬ થી ભારતીય માનદ્ બ્યુરોએ આ સ્કીમમાં સુધારો કરી સરળ બનાવી છે અને ચાંદીના દાગીનાને પણ આવરી લીધેલ છે. |
| (૩) ગ્રાહકોને હોલમાર્ક વિશે જાણકારી પૂરી પાડવા શી વ્યવસ્થા થઇ છે ? | (૩) (૧) ભારતીય માનદ્ બ્યુરો દ્વારા રાજ્યમાં આ અંગે જાગૃતિ માટે કાર્યક્રમો યોજવામાં આવે છે.<br>(૨) વિશ્વ ગ્રાહક દિન તથા રાષ્ટ્રીય ગ્રાહક દિન દરમ્યાન રાખવામાં આવતા કાર્યક્રમોમાં ગ્રાહકોને જાણકારી આપવામાં આવે છે. |

-----------

## પોરબંદર જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક અને બિન રહેણાંક્ના કામો

૧૭૩૦૦ **શ્રી કાંતિભાઇ પટેલ (વિજાપુર) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં પોરબંદર | (૧) રૂા. ૩૮૬.૫૫ લાખ |

જિલ્લામાં કુલ કેટલી રકમના પાલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો પેકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

(૨) રૂા. ૩૮૬.૫૫ લાખ

-----------

**જામનગર જિલ્લામાં પી. બી. એમ. ના કેસો**

૧૭૭૮૯ડૉ. **દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કાળાબજાર પ્રતિબંધ ધારા તળે કેટલા ઈસમોને વર્ષવાર પકડવામાં આવ્યા,

(૨) તેમાંથી કુલ કેટલા ઈસમોને રાજ્ય સરકારે મંજૂર રાખ્યા અને કુલ કેટલા કિસ્સાઓને અમાન્ય ગણવામાં આવ્યા,

(૩) આવા સરકાર કક્ષાએ મંજૂર રાખેલ કિસ્સાઓમાં કેટલા ઈસમોના કેસો સરકારે રીવોક ર્ક્યા,

(૪) રીવોક કરવાના કારણો શું છે, અને

(૫) કેટલા કેસોને બોર્ડ કક્ષાએ છોડી મુક્વામાં આવ્યા ?

**જવાબ**

(૧) કુલ ... ૪ કેસો.

| ક્રમ | વર્ષ | કેસની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૧-૨-૦૩ થી ૩૧-૧-૦૪ | ૪ |
| ૨ | ૧-૨-૦૪ થી ૩૧-૧-૦૫ | એકપણ નહીં. |
| ૩ | ૧-૨-૦૫ થી ૩૧-૧-૦૬ | એકપણ નહીં. |

(૨) તમામ હુકમો રાજ્ય સરકારે મંજૂર રાખ્યા છે.

(૩) એકપણ નહીં.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) ૨ - કેસો.

----------

**વડોદરા મધ્યસ્થ જેલમાં ક્ષમતાથી વધુ કેદીઓ**

૧૬૮૦૧**શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય)** : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા સેન્ટ્રલ જેલમાં તેની ક્ષમતા કરતાં બમણાંથી પણ વધુ સંખ્યામાં કેદીઓ રાખવામાં આવતા હોવાની બાબતે સરકાર માહિતગાર છે ખરી, અને

(૨) જો હા, તો યોગ્ય માનવીય અભિગમ અર્થે સરકારે કેદીઓની હાલાકી નિવારવા લેવા ધારેલ પગલાંની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વડોદરા મધ્યસ્થ જેલમાં કેદીઓને હાલાકી નિવારવા માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ સુનિયોજીત અને તબક્કાવાર આયોજન થયેલ છે.

૧) એક બેરેક્માં કુલ - ૪૦ કેદીઓની કેપેસીટીવાળી નવી ૮(આઠ) બરેકો બનાવવામાં આવેલ છે. જેમાં કેદીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

૨) યાર્ડ નં. ૬માં ખાળશાળ ચાલતી હતી તે અન્ય જગ્યાએ ખસેડી યાર્ડમાં વધુ કેદીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

૩) સ્ત્રી કેદીઓ માટે નવી અદ્યતન સ્ત્રી જેલ અલગ બનાવવાની કામગીરી ચાલી

રહેલ છે.
૪) હાલમાં જ્યાં સ્ત્રી કેદીઓ રાખવામાં આવે છે ત્યાં અન્ય પુરૂષ કેદીઓનો સમાવેશ કરવા અથવા હોસ્પિટલ ત્યાં ખસેડવામાં આવશે. જેથી ઓવર ક્રાઉડીંગની સમસ્યા હલ થઈ શકશે.

-----------

**કન્યા કેળવણી નિધિમાં જમા રકમ અને ખર્ચ**

૧૬૯૪૧ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ કન્યા કેળવણી નિધિમાં કેટલી રકમ છે, અને | (૧) રૂ. ૫,૧૨,૯૨,૦૩૬-૦૦ |
| (૨) આ નિધિમાંથી ક્યા હેતુસર છેલ્લા બે વર્ષથી કેટલી રકમ ખર્ચવામાં આવી ? | (૨) છેલ્લા બે વર્ષમાં કરેલ ખર્ચ.<br>૧. ઓડીટ ફી પેટે રૂા. ૧૩,૨૬૫/-<br>૨. ઉત્તમ શૈક્ષણિક કારકીર્દી ધરાવતી બે દિકરીઓને પ્રોત્સાહિત કરવા ગુજરાત રાજ્ય સ્થાપના દિને બે લેપટોપ કોમ્પ્યુટર આપવાનો ખર્ચ રૂા. ૯૩,૩૯૨/-.<br>૩. એ.આઈ.ઈ.ઈ.ઈ. તથા કેટ જેવી ઉચ્ચ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તેયારી માટે સેટેલાઈટ થ્રુ માર્ગદર્શન તાલીમ કાર્યક્રમના ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. મારફતે કરેલ આયોજન અંગેનો ખર્ચ રૂા. ૯,૪૫,૫૦૦/-<br>૪. સીવીલ સર્વિસીસ પરીક્ષા કાર્યક્રમ હેઠળ એક વર્ષનો તાલીમ કાર્યક્રમ ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. મારફતે કરવા અંગેનો ખર્ચ રૂા. ૨૨,૪૫,૬૦૦/- |

-----------

**આંગણવાડીઓનું ખાનગી ટ્રસ્ટો દ્વારા સંચાલન**

૧૭૭૪૫ શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આંગણવાડીઓનું સંચાલન ખાનગી ટ્રસ્ટોને પણ સોંપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો ના, તો આ બાબતે કોઈ યોજના વિચારાધીન છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો કેટલા ખાનગી ટ્રસ્ટો પાસે આંગણવાડીઓનું સંચાલન છે ? | (૩) ૪૦ અલગ અલગ સંસ્થાઓ પાસે ૩૩૭૪ આંગણવાડીઓનું સંચાલન છે. |

-----------

**જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર એ.પી.એલ. તથા બી.પી.એલ. કાર્ડથી વંચિત કુટુંબો**

૧૭૭૩૫ શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ અને એ.પી.એલ. કાર્ડધારકોની તારીખ ૩૧-૧૨- | (૧) બી.પી.એલ. - ૧,૫૦,૫૮૯ તથા<br>એ.પી.એલ - ૪,૩૧,૦૭૮ |

૨૦૦૫ની સ્થિતિએ કેટલી સંખ્યા હતી, (સામેલ પત્રક-૧ મુજબ)

(૨) આ જ સમયગાળા દરમ્યાન કેટલા કુટુંબો કાર્ડથી વંચિત છે, (૨) શૂન્ય.

(૩) તેઓની કોઈ ફરિયાદ મળી છે ખરી, અને (૩) ના, જી.

(૪) જો હા, તો તેના નિકાલ માટે સરકારે શું અભિગમ અપનાવ્યો? (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક --૧**

**તાલુકાવાર એ.પી.એલ. તથા બી.પી.એલ. કાર્ડની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | એ.પી.એલ. | | બી.પી.એલ. | |
|---|---|---|---|---|---|
| | | કાર્ડ | જન સંખ્યા | કાર્ડ | જનસંખ્યા |
| ૧ | જૂનાગઢ | ૮૬૬૪૮ | ૩૫૪૮૨૫ | ૧૫૩૨૭ | ૭૦૬૫૭ |
| ૨ | વિસાવદર | ૨૫૧૭૨ | ૧૦૧૭૮૧ | ૭૭૩૩ | ૩૫૧૬૫ |
| ૩ | વંથલી | ૧૬૧૬૫ | ૬૧૭૯૧ | ૯૮૨૬ | ૪૩૩૪૮ |
| ૪ | મેંદરડા | ૧૨૫૮૦ | ૪૭૮૨૦ | ૫૫૦૪ | ૨૧૩૩૨ |
| ૫ | ભેંસાણ | ૧૩૨૭૦ | ૫૨૧૧૫ | ૪૯૬૧ | ૨૪૩૬૮ |
| ૬ | વેરાવળ | ૪૮૭૫૧ | ૨૦૮૮૪૦ | ૧૧૦૯૧ | ૫૯૦૩૦ |
| ૭ | ઉના | ૫૦૦૧૪ | ૨૦૯૧૭૯ | ૨૧૬૪૪ | ૧૧૯૮૨૪ |
| ૮ | કોડીનાર | ૨૫૮૧૪ | ૧૨૫૩૨૭ | ૧૪૨૪૦ | ૭૫૫૫૬ |
| ૯ | તાલાળા | ૧૯૬૨૭ | ૮૩૩૬૨ | ૯૧૨૧ | ૪૩૯૨૪ |
| ૧૦ | સુત્રાપાડા | ૧૮૪૨૩ | ૮૫૯૦૭ | ૫૮૯૬ | ૩૧૬૨૮ |
| ૧૧ | માળીયા | ૨૨૯૨૬ | ૯૬૧૧૨ | ૧૦૧૫૭ | ૪૮૪૪૯ |
| ૧૨ | કેશોદ | ૩૩૨૦૫ | ૧૩૫૦૬૯ | ૧૧૪૯૬ | ૫૨૭૯૧ |
| ૧૩ | માણાવદર | ૨૫૧૭૨ | ૭૯૩૨૯ | ૧૨૪૯૦ | ૪૮૫૦૪ |
| ૧૪ | માંગરોળ | ૩૩૩૧૧ | ૧૪૧૮૧૪ | ૧૧૧૦૩ | ૫૦૫૫૩ |
| | **કુલ ....** | **૪૩૧૦૭૮** | **૧૭૮૩૨૭૧** | **૧૫૦૫૮૯** | **૭૨૫૧૨૯** |

-----------

**ભરૂચ, આમોદ અને વાગરા તાલુકાઓમાં આવેલ આંગણવાડીઓ અંગે**

૧૭૧૦૪ **શ્રીમતી રશીદા ઈ. પટેલ** (વાગરા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ, આમોદ, અને વાગરા તાલુકાઓમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ક્યા ક્યા ગામોને આંગણવાડીઓના મકાન નથી, અને

(૨) મકાન નથી તેવા ગામોમાં આંગણવાડીના મકાન બનાવવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) ભરૂચ, આમોદ, અને વાગરા તાલુકાઓમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સામેલ રાખેલ પત્રક મુજબના ગામોએ આંગણવાડીના મકાન નથી.

(૨) આંગણવાડીના મકાન બાંધકામ અંગેનું આયોજન

| | ભરૂચ | આમોદ | વાગરા |
|---|---|---|---|
| સને ૨૦૦૫-૦૬ | ૨૨ | ૦૯ | ૦૬ |
| સને ૨૦૦૬-૦૭ | ૨૭ | ૧૪ | -- |
| કુલ..... | ૪૯ | ૨૩ | ૬ |

૧. પંચાયતો માટેની ૧૨મા નાણાં પંચની ગ્રાન્ટમાંથી

૨. ભારત સરકારની મોડલ આંગણવાડી યોજના હેઠળ

૩. આદિજાતિ વિસ્તાર વિકાસ પેટા યોજના હેઠળ

૪. સરકારશ્રીની અન્ય વિવિધ યોજના હેઠળ

૫. નોટીફાઈડ એરીયા હેઠળની ગ્રાન્ટમાંથી

ઉપર મુજબની યોજનાઓમાંથી નાણાંકીય સ્ત્રોત મેળવી આંગણવાડીના મકાન બાંધકામ પૂર્ણ કરવાનું આયોજન છે.

**પત્રક**

**ભરૂચ, આમોદ અને વાગરા તાલુકાઓમાં તા. ૩૧/૧૨/૨૦૦૫ ની સ્થિતિએ ક્યા ક્યા ગામમાં આંગણવાડી કેન્દ્રોના મકાન નથી તેની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | ભરૂચ ઘટક | ક્રમ | આમોદ ઘટક | ક્રમ | વાગરા ઘટક |
|---|---|---|---|---|---|
| ૧ | પાલેજ-૨ | ૧ | દાંદા | ૧ | દહેજ-૩ |
| ૨ | પાલેજ-૩ | ૨ | તેલોદ | ૨ | દહેજ-૫ |
| ૩ | પાલેજ-૪ | ૩ | અણોર | ૩ | લખીગામ |
| ૪ | પાલેજ-૫ | ૪ | ઈખર-૨ | ૪ | ચાંચવેલ |
| ૫ | ઝાડેશ્વર | ૫ | રનાડા | ૫ | વસ્તીખંડાલી-૨ |
| ૬ | કંથારીયા | ૬ | સુઠોદરા | ૬ | વોરાસમની-૧ |
| ૭ | નિકોરા | ૭ | સરભાણ-૨ | | |
| ૮ | શંક્લતીર્થ | ૮ | ઈખર-૩ | | |
| ૯ | મનુબર | ૯ | ઈખર-૪ | | |
| ૧૦ | આમદડા | ૧૦ | મંજોલા | | |
| ૧૧ | તવરા | ૧૧ | દોરા-૨ | | |
| ૧૨ | ભુવા | ૧૨ | આમોદ-૬ | | |
| ૧૩ | વડદલા | ૧૩ | ખુવા-૨ | | |
| ૧૪ | મક્તમપુર | ૧૪ | કાંકરીયા | | |
| ૧૫ | વેસદડા | ૧૫ | આમોદ-૨ | | |
| ૧૬ | પગુથણ | ૧૬ | આમોદ-૩ | | |
| ૧૭ | પારખેત | ૧૭ | આમોદ-૫ | | |
| ૧૮ | નબીપુર | ૧૮ | આમોદ-૮ | | |
| ૧૯ | કવિઠા | ૧૯ | આમોદ-૯ | | |
| ૨૦ | ઝરોણ | ૨૦ | આમોદ-૧૦ | | |
| ૨૧ | સીતપોણ | ૨૧ | આમોદ-૧૧ | | |
| ૨૨ | કાસવા | ૨૨ | સરભાણ | | |
| ૨૩ | કંથારીયા-૨ | ૨૩ | ઈખર-૧ | | |
| ૨૪ | દહેગામ-૧ | | | | |
| ૨૫ | મક્તમપુર-૧ | | | | |
| ૨૬ | ઝાડેશ્વર-૩ | | | | |
| ૨૭ | જૂના તવરા-૨ | | | | |
| ૨૮ | ભોલાવ-૨ | | | | |
| ૨૯ | શાહપુરા-૧ | | | | |
| ૩૦ | સેગવા-૧ | | | | |
| ૩૧ | નબીપુર-૧ | | | | |
| ૩૨ | તાલસા-૨ | | | | |
| ૩૩ | ટંકારીયા-૧ | | | | |
| ૩૪ | ટંકારીયા-૨ | | | | |
| ૩૫ | ટંકારીયા-૩ | | | | |
| ૩૬ | ટંકારીયા-૪ | | | | |
| ૩૭ | ટંકારીયા-૬ | | | | |
| ૩૮ | થામ-૧ | | | | |
| ૩૯ | વ્હાલુ-૧ | | | | |
| ૪૦ | પીપલીયા-૧ | | | | |
| ૪૧ | પાદરિયા-૧ | | | | |
| ૪૨ | કુરબા-૧ | | | | |
| ૪૩ | પરીએજ-૨ | | | | |
| ૪૪ | પરીએજ-૩ | | | | |
| ૪૫ | નંદેલાવ-૨ | | | | |
| ૪૬ | શુક્લતીર્થ-૫ | | | | |
| ૪૭ | નિકોરા-૧ | | | | |
| ૪૮ | મહેગામ-૧ | | | | |
| ૪૯ | બોરભાઠા-૧ | | | | |

-----------

**સાબરકાંઠા જિલ્લામાં પોલીસ આવાસના કામો**

૧૭૩૦૩**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક-બિન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૫૪૯.૦૬ લાખ. |
| (૨) આ કામો પેકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૫૪૯.૦૬ લાખ. |

-----------

**અમદાવાદ શહેરની આંગણવાડી વર્કર બહેનોને તાલીમની યોજના**

૧૭૭૩૮**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરની કેટલી આંગણવાડી વર્કર બહેનોને તાલીમ આપવામાં આવી, અને | (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૮૫૯ વર્કર બહેનોને તાલીમ આપવામાં આવી. |
| (૨) કઈ સંસ્થાઓ દ્વારા તાલીમ અપાય છે, અને | (૨) (૧) ભણસાલી ટ્રસ્ટ (૨) ગુજરાત કેળવણી ટ્રસ્ટ (૩) ઈનરેકા |
| (૩) તાલીમ અંગેનું માર્ગદર્શન સરકાર દ્વારા નક્કી થાય છે કે સંસ્થાઓ નક્કી કરે છે ? | (૩) તાલીમ અંગેનો અભ્યાસક્રમ ભારત સરકાર દ્વારા નક્કી થાય છે, જેમાં ૨૫ટકા રાજ્ય કક્ષાએ ફેરફાર કરી અભ્યાસક્રમ મુજબ તાલીમ આપવામાં આવે છે. |

-----------

**વડોદરા જિલ્લામાં પોલીસ આવાસોમાં બાકી કામો**

૧૭૩૦૯ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં વડોદરા જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક-બિન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૧૯૫.૦૦ લાખ. |
| (૨) આ કામો પેકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) રૂા. ૧૯૫.૦૦ લાખ. |

-----------

**મહેસાણા જિલ્લામાં શિક્ષકોની જિલ્લા ફેરબદલી**

૧૭૫૩૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા શિક્ષકો જિલ્લા ફેરબદલી કરી આવ્યા, | (૧) ૧૬૩ |
| (૨) જિલ્લા ફેરબદલી કરી આવવા માંગતા | (૨) ૧૩૪૭ |

શિક્ષકોની કેટલી માંગણીઓ પડતર છે, અને

(૩) ખાસ કિસ્સા તરીકે જિલ્લા ફેરબદલી કરી આવેલા કેટલા શિક્ષકો છે ? — (૩) કોઈ નહીં.

-----------

## રાજ્યમાં રમત-ગમત સંકુલો

૧૭૭૮૨**શ્રી જશવંતસિંહ સોલંકી (સારસા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં રમત-ગમત પ્રવૃત્તિઓને વેગ મળે તે સારૂ જિલ્લા કક્ષાએ રમત-ગમત સંકુલો બનાવવા સરકાર કોઈ પગલાં લેવા માંગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા જિલ્લામાં આયોજન વિચારેલ છે, અને | (૨) ૧૧ જિલ્લામાં |
| (૩) આણંદ જિલ્લા માટે કોઈ આયોજન વિચારણા છે કે કેમ ? | (૩) ના, જી. |

-----------

## સુરત જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ અંગે

૧૭૪૪૫ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ પ્રાથમિક શાળામાં કેટલા શિક્ષકોની ઘટ છે, | (૧) ૧૪૩. |
| (૨) તે પૈકીની બારડોલી અને માંડવી તાલુકાની કેટલી શાળામાં શિક્ષકોની ઘટ કેટલી છે, અને | (૨) |

| બારડોલી તાલુકો | | માંડવી તાલુકો | |
|---|---|---|---|
| શાળાનું નામ | શિક્ષક્ની ઘટ | શાળાનું નામ | શિક્ષક્ની ઘટ |
| અક્રીટી | ૧ | બોધાન | ૧ |
| સમથાણ | ૧ | ફળી | ૨ |
| દેથરીલી | ૧ | નકડેશ્વર | ૧ |
| | | કુમાર | |
| બારડોલી તાલુકો | | માંડવી તાલુકો | |
| શાળાનું નામ | શિક્ષક્ની ઘટ | શાળાનું નામ | શિક્ષક્ની ઘટ |
| નવાફેતન | ૧ | ચોસવાડ | ૧ |
| બારડોલી | ૨ | વરેઠી | ૧ |
| કુમાર | | | |
| નાંદીઠા | ૧ | કુલ : | ૬ |
| ડડીદ્કુમાર | ૧ | | |
| મીયાવાડી | ૧ | | |
| ઉછરેલમોરી | ૧ | | |
| કરીપુરા | ૧ | | |
| ઉવા | ૧ | | |
| ભુવાસણ | ૧ | | |
| બાબેન | ૨ | | |
| વાંકાનેર | ૧ | | |
| અલ્લુ | ૧ | | |
| કુલ..... | ૧૭ | | |

(૩) આ ઘટ પુરવા સરકારનું શું આયોજન છે — (૩) બારડોલી તાલુકામાં એક અને માંડવી

| | |
|---|---|
| ? | તાલુકામાં એક નવી જગા મંજુર કરવામાં આવી છે. બાકી રહેતી જગાઓ તબક્કાવાર મંજુર કરવામાં આવશે. |

-----------

**નર્મદા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકો અને બિન રહેણાંક્ના કામો**

૧૭૨૯૬ **શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં નર્મદા જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક-બિન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૨૪૫.૬૮ લાખ. |
| (૨) આ કામો પેકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૨૪૫.૬૮ લાખ. |

-----------

**રાજ્યની પ્રાથમિક શાળાઓમાં પરીક્ષા ફી ની રકમ**

૧૭૬૬૬**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની પ્રાથમિક શાળામાં ધોરણ ૧થી ૭માં પરીક્ષા ફી ની રકમ ક્યા ધોરણમાં કેટલી રકમ લેવામાં આવે છે, | (૧) ધોરણ ૧ થી ૪ પ્રતિ વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂા. ૧.૫૦<br>ધોરણ ૫ થી ૭ પ્રતિ વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂા. ૩.૦૦ |
| (૨) પરીક્ષા ફી ની રકમ બધા વિદ્યાર્થી પાસેથી લેવામાં આવે છે, | (૨) હા, જી. |
| (૩) તેમાં કોઈ ખાસ વર્ગને રાહત આપવામાં આવે છે, અને | (૩) ના,જી. |
| (૪) જો હા, તો ક્યા ક્યા વર્ગને રાહત અપાય છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**જેલોના આધુનિકરણ અંગે**

૧૬૮૦૬ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જેલોના આધુનિકરણ માટે કેન્દ્ર સરકારની કેટલી ગ્રાન્ટો મળી અને કેટલી ખર્ચ કરવામાં આવી, અને | (૧) છેલ્લા બે વર્ષમાં રૂા. ૯.૮૮૫ કરોડની ગ્રાન્ટ જેલોના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર તરફથી ફાળવવામાં આવી. તે પેકી રૂા. ૪.૫૯ કરોડનો ખર્ચ થયેલ છે. |
| (૨) આ દરમ્યાન જેલોના આધુનિકરણના ક્યા ક્યા નવાં પગલાંઓ રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યાં ? | (૨) આ દરમ્યાન નીચે મુજબના નવા પગલાંઓ હાથ ધરવામાં આવેલ છે.<br>૧. આધુનિક ઉપકરણોની ખરીદી જેવી કે કોમ્પ્યુટરની ખરીદી.<br>૨. રાજ્યની જેલો માટે વોટર કુલરની ખરીદી.<br>૩. અમદાવાદ તથા વડોદરા જેલના દવાખાના માટે એક્સ-રે મશીન, ઈ.સી.જી. મશીન અને ગ્લુકોમીટરની ખરીદી.<br>૪. ઓટો એનલાઈઝરની ખરીદી.<br>૫. એમ્બ્યુલન્સ વાહનની ખરીદી. |

૬ રાજ્યની જેલોમાં વિડીયો કોન્ફરન્સની સીસ્ટમ દાખલ કરવા.
૭. રાજ્યની જેલો માટે ક્લોઝ સરકીટ, ટી.વી. સીસ્ટમ દાખલ કરવા.
૮. રાજ્યની જેલો માટે ઝામર સીસ્ટમ સ્થાપિત કરવાની કામગીરી.
૯. રાજ્યની અમદાવાદ, વડોદરા જેલો માટે લોડીંગ વાનની ખરીદી.
તદ્ઉપરાંત ઓવરક્રાઉડીંગની સમસ્યા હલ કરવા માટે અને નિવારણ માટે રાજ્યની જેલોને અન્યત્ર ખસેડી જિલ્લા જેલોને મધ્યસ્થ જેલોમાં રૂપાંતર કરવા તેમજ સબ જેલોને જિલ્લા જેલમાં રૂપાંતર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. હયાત જેલોમાં વધારાની બેરેક બાંધવા અને અન્ડર ટ્રાયલ યાર્ડનું બાંધકામ હાથ ધરીને પર્યાપ્ત પગલાં લીધા છે.

-----------

## કન્યાઓમાં ટેકનીક્લ શિક્ષણના વ્યાપ અંગે

૧૭૭૪૮ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કન્યાઓમાં ટેકનિક્લ શિક્ષણનો વ્યાપ વધારવા રાજ્ય સરકાર શું કરવા માંગે છે ? | કન્યાઓમાં ટેકનિક્લ શિક્ષણનો વ્યાપ વધારવા માટે સ્વરોજગારી માટેના અવેધિક અભ્યાસક્રમો, વ્યવસાયલક્ષી પ્રમાણપત્ર કક્ષાના અભ્યાસક્રમો અને રહેઠાણ માટે હોસ્ટેલની સુવિધામાં વધારો કરવાનું આયોજન છે. |

-----------

## રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ માટે કાનુની સલાહ કેન્દ્રો

૧૭૭૫૧**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા)**:**માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ માટે કાનુની સલાહ કેન્દ્રોની યોજના છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા ગામડાઓમાં આવી સુવિધા છે, અને | (૨) ગુજરાત રાજ્યના તમામ ગામોને આવરી લેતાં ૮૪ કાનૂની સહાય કેન્દ્રો વિવિધ જિલ્લાઓમાં કાર્યરત છે. |
| (૩) બાકી રહેતા વિસ્તારોમાં આવી સુવિધા આપવાનું આયોજન છે કે કેમ ? | (૩) ૮૪ કેન્દ્રો દ્વારા રાજ્યના તમામ ગામડાઓ આવરી લીધેલ છે. તેમ છતાં સૂચિત વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના હેઠળ ભવિષ્યમાં તમામ જીલ્લા અને તાલુકા કક્ષાએ એક એક કેન્દ્ર ખોલવાનું આયોજન છે. |

-----------

## ભેળસેળમુક્ત અને વિટામીન યુક્ત ખાદ્ય તેલની જાહેરાતની અમલવારી

૧૭૫૨૫**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં લોકોને ભેળસેળ મુક્ત અને વિટામીન યુક્ત પેકીંગમાં ખાદ્ય તેલ મળી રહે તે માટે સરકારે ક્યારે જાહેરાત કરેલ, અને | (૧) તા. ૨૮/૯/૨૦૦૫ના રોજ જાહેરાત કરવામાં આવેલ છે. |
| (૨) ક્યારથી અમલવારી કરવા માંગે છે ? | (૨) તા. ૭/૧/૨૦૦૬થી અમલ ચાલુ કરવામાં આવેલ છે. |

-----------

## ખેડા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક અને બિન રહેણાંકના કામો

૧૭૨૯૪**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ):માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં ખેડા જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક-બિન રહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૬૫.૨૦ લાખ. |
| (૨) આ કામો પૈકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૬૫.૨૦ લાખ. |

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસ આવાસોના બાકી કામો

૧૭૩૦૭ **શ્રી દિલીપસિંહ વ. પરમાર (મોડાસા) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક-બિન રહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૪૧૧.૨૧ લાખ |
| (૨) આ કામો પૈકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૪૧૧.૨૧ લાખ. |

-----------

## કચ્છ જિલ્લામાં પ્રાથમિક શાળામાં સુવિધાઓનો અભાવ

૧૭૪૮૪ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના ભૂજ અને નખત્રાણા તાલુકામાં કઈ કઈ પ્રાથમિક શાળાઓ ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ રમતનું મેદાન, પીવાનું પાણી, મુતરડી જેવી પ્રાથમિક સુવિધાઓથી વંચિત છે, | (૧) કચ્છ જિલ્લાના ભૂજ અને નખત્રાણા તાલુકામાં નીચેની વિગતે પ્રાથમિક શાળાઓમાં રમતનું મેદાન* (પત્રક-૧) પીવાનું પાણી* (પત્રક-૨), મુતરડી *(પત્રક-૩)ની પ્રાથમિક સુવિધાઓથી વંચિત છે. (જેની યાદી આ સાથે સામેલ છે.) |

| તાલુકો | રમતનું મેદાન | પીવાનુ પાણી | મુતરડી |
|---|---|---|---|
| ભૂજ | ૯૫ | | ૧૫૮ |

૧૬૧
નખત્રાણા ૩૬ ૨૧
૨૩

(૨) પ્રાથમિક સુવિધાઓથી વંચિત રાખવાના શાં કારણો છે, અને

(૨) રાજ્ય કક્ષાએ આયોજન યોજના હેઠળ ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં પ્રાથમિક શાળાઓમાં ઉક્ત સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.

(૩) આ સુવિધાઓ વહેલામાં વહેલી તકે ક્યાં સુધીમાં પૂરી પાડવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં આયોજન યોજના તેમજ સંપૂર્ણ સેનીટેશન કાર્યક્રમ અને સર્વશિક્ષા અભિયાન અંતર્ગત આ કામગીરી પૂર્ણ કરવા આયોજન કરવામાં આવશે.

* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

## જામનગર જિલ્લામાં વિદ્યાસહાયકોની ભરતીમાં અન્યાય

૧૭૭૯૦ ડૉ. **દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જામનગર જિલ્લામાં વિદ્યાસહાયકની ભરતીમાં સંગીત વિષારદની ભરતીમાં અન્યાય કરવામાં આવ્યો છે તે સરકાર જાણે છે,

(૨) ઉમેદવારો/અરજદારોને ઈન્ટરવ્યુમાં બોલાવવામાં ભેદભાવ રાખનાર અધિકારી /કર્મચારીઓ સામે સરકારે શું પગલાં લીધા,

(૩) પગલાં નહી લેવાના કારણો શાં છે, અને

(૪) જે અરજદારોને અન્યાય થયો છે તે બાબતે સરકાર શું કાર્યવાહી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) સંગીત વિશારદની ભરતી, ભરતી નિયમો મુજબ થયેલ હોઈ, અન્યાયનો પ્રશ્ન રહેતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કાર્ડધારકોની અરજીઓ

૧૭૭૩૬**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તારીખ ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. કાર્ડ માટે તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરી કાર્ડ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ૭૭ (તાલુકાવાર પત્રક સામેલ છે.)

(૨) ૧ (એક)

(૩) બાકી રહેતી ૭૬ અરજીઓના અરજદારશ્રીઓ જુનું બી.પી.એલ. રેશનકાર્ડ ધારણ કરતાં ન હોય બી.પી.એલ. કાર્ડ આપી શકાય નહી આ અંગેના પ્રત્યુત્તર અરજદારોને આપવામાં આવેલ છે.

**- : પત્રક :-**

**જિલ્લામાં તાલુકાવાર મળેલ અરજીઓની પેકી મંજુર કરેલ અરજીઓની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર કરેલ અરજીઓ | ના મંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૬૫ | ૦ | ૬૫ |
| ૨ | વિસાવદર | ૦ | ૦ | ૦ |
| ૩ | વંથલી | ૦ | ૦ | ૦ |
| ૪ | મેંદરડા | ૯ | ૦ | ૯ |
| ૫ | ભેંસાણ | ૦ | ૦ | ૦ |
| ૬ | વેરાવળ | ૦ | ૦ | ૦ |
| ૭ | ઉના | ૦ | ૦ | ૦ |
| ૮ | કોડીનાર | ૨ | ૦ | ૨ |
| ૯ | તાલાળા | ૦ | ૦ | ૦ |
| ૧૦ | સુત્રાપાડા | ૧ | ૧ | ૦ |
| ૧૧ | માળીયા | ૦ | ૦ | ૦ |
| ૧૨ | કેશોદ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | માણાવદર | ૦ | ૦ | ૦ |
| ૧૪ | માંગરોળ | ૦ | ૦ | ૦ |
| | **કુલ ....** | ૭૭ | ૧ | ૭૬ |

# મુખ્ય મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

## વિધાનસભાના પોડિઅમમાં તૈલચિત્ર મૂકવા અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હિંદુસ્તાનની ઐતિહાસિક તવારીખમાં ૨૩મી માર્ચના દિવસનું અદકેરું મહત્ત્વ છે એની અનોખી સ્મૃતિરૂપે આજે હું આ વિધાનસભા સમક્ષ ઉપસ્થિત થયો છું. હું

માનનીય અધ્યક્ષશ્રી, ૨૩મી માર્ચ ૧૯૩૧ના દિવસને ભારતમાતાના ચરણોમાં વંદન સહ એટલા માટે યાદ કરું છું કે આજથી બરાબર ૭૫ વર્ષ પૂર્વે, ભારતમાતાને ગુલામીની ઝંઝીરમાંથી મૂકત કરવાની તમન્ના અને આંખમાં સપના આંજીને લાહોરની જેલમાં ભારત માતાના ત્રણ ત્રણ ક્રાંતિવીર સપૂતો સરદાર ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવ "ભારત માતાકી જય" ના બુલંદ નારા સાથે ફાંસીના તખ્તા ઉપર શહીદ થઈ ગયા હતા.

આ શહીદ-ત્રિમૂર્તિની ફાંસીએ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામને એક નિર્ણાયક વળાંક આપ્યો હતો. દેશના યુવાનો તે દિવસથી આજે પણ તેમનાં સાહસ, સમર્પણ અને સંઘર્ષને યાદ કરે છે. લાહોરથી શરૂ થયેલી આ વિરલાઓની ક્રાંતિ યાત્રા દિલ્હી સુધી વિસ્તરી હતી. બ્રિટિશ શાસકોના ખતરનાક કાયદાઓનો વિરોધ કરવા માટે તેમણે પાર્લામેન્ટરમાં બૉમ્બ ફેંકયો હતો, લાલા લાજપતરાય પર લાઠીમાર કરનારા બ્રિટિશ સિપાહીને ઠાર કરવાનો પ્રયાસ કર્યો હતો, કોલકત્તા-લખનૌ-કાશી-લાહોર-અમૃતસર-કાકોરી-દિલ્હી એ સમયની ક્રાંતિભૂમિમાં પલટાઈ ગયેલાં.

આ ત્રણેય સાથીદારો ક્રાંતિ દ્વારા આઝાદીના રાષ્ટ્રભક્ત પથ પ્રદર્શકો હતા. સરદાર ભગતસિંહ આપણી સ્વતંત્રતાની કાવ્યબાની - "રંગ દે બસંતી ચોલા" ગીતના મહાનાયક બનેલા. શહીદ ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ ત્રણેય મિત્રો, માત્ર ક્રાંતિની ઉગ્ર વિચારસરણી ધરાવતા યુવાનો નહિ પણ એક પ્રખર વિચારક, પ્રખર રાષ્ટ્રભક્તો અને સામાજિક ચેતનાના અગ્રેસર ક્રાંતિવીરો હતા. આ ત્રિપુટીએ ક્રાંતિને આઝાદી કાજે એટલા માટે સ્વીકારી હતી કે તેમની વ્યકિતગત શહીદી પણ ક્રાંતિકાળમાં સૌને માટે આઝાદીની પળ લાવશે તેવું તેમનું સપનું હતું.

આજે પણ શહીદ ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવ જેવા ક્રાંતિકારીઓના દેશભક્તિના આહલેક જગાવતા "ભારત માતા કી જય " ના નાદ આપણા હ્રદયના તાર ઝણઝણાવે છે.

પંડિત શ્યામજી કૃષ્ણવર્માને આ શહીદોએ જેલમાં અંજલિ આપી હતી. સરદાર ભગતસિંહ 'રંગ દે બસંતી ચોલા' ગીતના મહાનાયક હતા. તેમણે ફાંસીના તખ્તા પરથી એક ગીત લલકારેલું.

"દિલસે નિકલેગી ન મરકર ભી વતન કી ઉલ્ફત
મેરી મિટ્ટી સે ભી ખુશબૂ-એ-વતન આયેગી"

આજે આ શહીદીના ૭૬ મા પૂણ્યપ્રભાતે સમગ્ર ગુજરાતના વતનપરસ્ત પ્રજાજનો અને આ ગૃહના સન્માનનીય સભ્યો તરફથી આપણે તેમને શ્રદ્ધાંજલિ અર્પીએ.

આ દેશની આઝાદીની આબોહવામાં ઊછરેલી પેઢીના દરેક નાગરિકને અને ભવિષ્યની પેઢીઓને ભારત માતાની આઝાદીના ઈતિહાસના ગૌરવની અનુભૂતિ થાય અને તેમની શહીદી ચિરંજીવ સ્મૃતિમાં જળવાઈ રહે તેવો આપણા સૌનો હંમેશા પ્રયત્ન રહેવો જોઈએ.

આ સંદર્ભમાં, મારી આ સભાગૃહ સમક્ષ એવી દરખાસ્ત છે કે વીર ભગતસિંહ, શ્રી સુખદેવ અને શ્રી રાજગુરુનું **સંયુકત તૈલચિત્ર** વિધાનસભા પરિસરમાં મૂકવામાં આવે અને ભારત માતાના અનેક રાષ્ટ્ર નેતાઓની હરોળમાં આ ક્રાંતિવીરોને સન્માનપૂર્વક આદર-અંજલિ અપાય.

રાજય સરકારના આ નિર્ણયની આ સભાગૃહને હું જાણ કરું છું અને માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરું છું કે આ ત્રણેય પ્રખર ક્રાંતિકારી દેશભક્તોની ચિરંજીવ સ્મૃતિ જળવાઈ રહે તે માટે **પોડિઅમમાં સંયુકત તૈલચિત્ર** મૂકવાની પરવાનગી આપે. 'ઈન્કલાબ જીંદાબાદ'

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

**સભાગૃહના નેતાના જવાબમાં વિક્ષેપ અંગે**

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. પ્રશ્નોત્તરી દરમ્યાનની ઘટના પરથી આ મુદ્દો ઉપસ્થિત થયો છે. આ ગૃહની એક પરંપરા રહી છે કે જ્યારે ગૃહના નેતા બોલતા હોય ત્યારે એમને વિક્ષેપ પાડવામાં આવતો નથી. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી જ્યારે બોલતા હતા ત્યારે પણ અમે કોઈએ વિક્ષેપ પાડ્યો નથી. (અંતરાય) અમદાવાદ શહેરનો પ્રશ્ન હતો અને એમાં નિરીક્ષણ વિશેનું એમનું લાંબુ પ્રવચન પણ અમે સાંભળ્યું પણ જે માનનીય કનુભાઈએ પ્રશ્ન ઊભો કર્યો અને એના પરથી એના સંદર્ભમાં જવાબ આપતા હતા ત્યારે વિરોધપક્ષના નેતાએ જે જાતનો વ્યવહાર કરીને પ્રશ્નને રોકવાનો પ્રયાસ કર્યો, હું આશા રાખું છું આ અંગે આપનું એક માર્ગદર્શન મળે.

**અધ્યક્ષશ્રી** : એ મેં કહી દીધું. ગૃહના નેતાશ્રી ગમે ત્યારે બોલી શકે છે, માર્ગદર્શન આપી શકે છે, ગમે ત્યારે આપી શકે છે (અંતરાય).

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપનું એક સ્પષ્ટ માર્ગદર્શન આ પૉઈન્ટ ઑફ ઑર્ડર પર મળે જેથી કરીને આ સભાગૃહના રેકર્ડ પર પણ રહે અને આવા ઔચિત્યભંગના વારંવાર બનાવો ના બને એટલા માટે.

**અધ્યક્ષશ્રી** : બહુ સ્પષ્ટ છે કે આ ગૃહના નેતાશ્રી આ ગૃહમાં જ્યારે પણ ગૃહને માર્ગદર્શનની જરૂર પડે ત્યારે ચોક્કસપણે એ માર્ગદર્શન આપી શકે છે એ બહુ કલીયર છે એમાં કદાચ વિરોધપક્ષના નેતાશ્રીને ખ્યાલ ન હોય એટલા માટે આ ખ્યાલ આપી દઉં છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે જ

**અધ્યક્ષશ્રી** : બેસો બેસો

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે જ ગૃહના નેતાશ્રીએ નિવેદન કર્યું એ અમે શાંતિથી સાંભળ્યું અને એ એમનો અધિકાર હતો. પરંતુ જે પ્રશ્નની સાથે લેવા દેવા ન હોય એવી માહિતી હતી એટલા માટે મેં કહ્યું જે પ્રશ્ન છે..

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ બેસો, પ્લીઝ બેસો એમનો અધિકાર જ છે કોઈ સવાલ જ નથી.

# સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો

**વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રીનો વાર્ષિક અહેવાલ**

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિકલાંગ વ્યકિતઓ માટેનો કમિશનરશ્રીનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

**ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો અહેવાલ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ બોર્ડનો સન ૨૦૦૩-૨૦૦૪નો ઑડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકાવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો વાર્ષિક અહેવાલ**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ : (આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના સન ૨૦૦૩-૨૦૦૪ અને સન ૨૦૦૪-૨૦૦૫ના વાર્ષિક વહીવટી અહેવાલો તથા સન ૨૦૦૩-૨૦૦૪ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમનો અહેવાલ**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૦૩-૨૦૦૪ના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું અંદાજપત્ર તથા વાર્ષિક નાણાકીય પત્રક**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૨૦૦૫-૨૦૦૬નું સુધારેલ અંદાજપત્ર તથા સન ૨૦૦૬-૨૦૦૭નું વાર્ષિક નાણાકીય પત્રક (અંદાજપત્ર) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અંદાજપત્ર તથા વાર્ષિક નાણાકીય પત્રક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**મહેસૂલ વિભાગની ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ અન્વયેની અધિસૂચના**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ ( આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મહેસૂલ વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપત અધિનિયમ અન્વયેની તા.૪-૩'૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક-જીએચએમ-૨૦૦૬-૧૦-એમ-ડીએમએ-૧૦૨૦૦૩ - પુનર્વસન અને પુનઃનિર્માણ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની-

(ક) ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ અન્વયેની તા.૪-૮-૦૫ ની અધિસૂચના ક્રમાંક: જીયુ/૨૦૦૫/(૧૯)/એમએમઆર/૧૦૯૮/૧૧૯૮/છ૧

(ખ) ગ્રેનાઈટ કન્ઝર્વેશન એન્ડ ડેવલપમેન્ટ નિયમો, ૧૯૯૯ અન્વયેની તા.૨૮-૧૦-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીયુ/૨૦૦૫/૪૮/એમઆઈએસ/૧૧૨૦૦૦/જીઓઆઈ/૨૩(૧)છ

(ગ) સન ૧૯૫૭ના માઈન્સ એન્ડ મીનરલ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) અધિનિયમ અન્વયેની -
(૧)તા.૨૬-૧૦-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક:
જીયુ/૨૦૦૫/૪૭/એમઆઈએસ/૧૧૨૦૦૦/જીઓઆઈ-૪/છ
(૨) તા.૨૨-૧૨-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક : જીયુ/૨૦૦૫/૫૪/એમસીઆર/૧૧૦૩/૧૫૭૨/છ

(ઘ) માર્બલ ડેવલપમેન્ટ એન્ડ કન્ઝર્વેશન નિયમ, ૨૦૦૨ અન્વયેની તા.૨૮-૧૦-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક : જીયુ/૨૦૦૫/૪૯/એમઆઈએસ/૧૧૨૦૦૦/જીઓઆઈ/૨૩(૨)/છ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૩૯૮૧ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા (રાજય કક્ષાના શિક્ષણ(પ્રાથમિક) મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૮-૩-૨૦૦૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્ય શ્રીમતી રશીદાબેન પટેલના "ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શાળાઓના મકાનોની મરામત" બાબતના તારાંકિત પ્રશ્ન ક્રમાંક :૧૩૯૮૧ (અગ્રતા-૬)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫૮૨૮ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૮-૩-૨૦૦૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્ય શ્રી અમિતભાઈ ચાવડાના "રાજયમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા" બાબતના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫૮૨૮ (અંગ્રતા-૯)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૪૪૬૬ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી છત્રસિંહ પું. મોરી (રાજય કક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૧૬-૩-૨૦૦૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી ગોવિંદભાઈ પરમારના "સુત્રાપાડા, તાલાલા અને વેરાવળ તાલુકાઓની કેરોસીનની ફાળવણી" બાબતના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૪૪૬૬ (અગ્રતા - ૭) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**શ્રી કાંતિભાઈ રા. લકુમ (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પાંચમો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

**વન અને પર્યાવરણ વિભાગ**

**માગણી ક્રમાંક:૨૬**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું વન અને સેવા અંગેની, વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧,૨૬,૧૫,૭૫,૦૦૦ની તથા મૂડી ખર્ચ માટે રૂપિયા ૮૩,૦૧,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક:૨૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક:૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૫ અને ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ અને ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૯ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૨૭**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણ સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૩,૧૦,૦૦,૦૦૦ ની માગણી ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**માગણી ક્રમાંક: ૯૬**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજના સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧૧,૦૯,૫૯,૭૩,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૪,૦૨,૬૨,૪૫,૦૦૦ ની માગણી ક્રમાંક ૯૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૯૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ અને ૪૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ અને ૪૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરવામાં આવી.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**
**માગણી ક્રમાંક: ૧૦૦**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧,૭૭,૯૫,૦૦૦ ની માગણી ક્રમાંક ૧૦૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૦૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૮ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૫૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૫૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૫૩ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૬–૨૦૦૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી ગુરૂવાર, તા.૨૩–૩–૨૦૦૬ (અગિયારમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **વન અને પર્યાવરણ વિભાગ**<br>**માગણી નં. ૨૬** | | |
| ૧. | ૨૪૦૬–વન નિર્માણ.....પ્રાણી જીવન<br>૦૧–વન નિર્માણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–એફ.એસ.ટી.–૨૭–મુખ્ય વન સંરક્ષક<br>રૂા. ૧,૧૯,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૧૧–૧૨ | ૧૦૦ | ગાર્ડ/ રેન્જ ફોરેસ્ટ ઓફીસરોની ખાલી પડેલી જગ્યાઓ ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| *૨. | –– " –– | ૧૦૦ | ફરજ પ્રત્યે બેદરકારી દાખવનારા અધિકારીઓ સામે જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩. | –– " –– | ૧૦૦ | વન મહોત્સવની ઉજવણી નિમિત્તે ઉગાડવામાં આવેલા વૃક્ષોનું યોગ્ય જતન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૪. | –– " –– | ૧૦૦ | જંગલોમાં નેસડામાં રહેતા માલધારીઓને વિભાગ દ્વારા થતી ખોટી કનડગત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૫. | –– " –– | ૧૦૦ | જંગલોના લાકડાંની ચોરીમાં સંડોવાયેલ કર્મચારીઓ સામે પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માધુભાઈ ભોયે |
| ૬. | ૨૪૦૬–વન નિર્માણ.....પ્રાણી જીવન<br>૦૧–વન નિર્માણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૪–ફરતી...... સ્થાપના<br>રૂા. ૫૧,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૧૬ | ૧૦૦ | ફરતી ટૂકડીમાં પૂરતા સ્ટાફના અભાવે વન રક્ષણ ઉપર ચાંપતી નજર રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માધુભાઈ ભોયે |
| ૭. | ૨૪૦૬–વન નિર્માણ.....પ્રાણી જીવન<br>૦૧–વન નિર્માણ<br>૧૦૧–વન...વિકાસ | ૧૦૦ | વન સંરક્ષકોને જરૂરી સાધન સામગ્રી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મનહરલાલ મકવાણા |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા. ૧,૫૪,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૨૫ થી ૩૨ | | | |
| ૮. | ૨૪૦૬–વન નિર્માણ.....પ્રાણી જીવન<br>૦૧–વન નિર્માણ<br>૧૦૫–વન પેદાશ<br>રૂા. ૨,૧૩,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૩૩ થી ૩૫ | ૧૦૦ | વન પેદાશોની ચોરી થતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૯. | –– " –– | ૧૦૦ | ગૌણ વન પેદાશોના ભાવો નકકી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભીખાભાઈ જોષી |
| *૧૦. | –– " –– | ૧૦૦ | વન પેદાશની વસ્તુઓ પ્રજાને સસ્તાદરે મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૧. | ૨૪૦૬–વન નિર્માણ ....પ્રાણી જીવન<br>૦૧–વન નિર્માણ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૨–તપાસ.... સ્થાપના<br>રૂા. ૪૦,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૩૮–૩૯ | ૧૦૦ | તપાસનાકાઓ પર પૂરતો સ્ટાફ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૧૨. | ૨૪૦૬–વન નિર્માણ....પ્રાણી જીવન<br>૦૨–પર્યાવરણલક્ષી...પ્રાણી જીવન<br>૧૧૦–વન્ય પ્રાણી જીવન<br>૦૧–વન્ય... સંરક્ષણ<br>રૂા. ૬૦,૭૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૪૬–૪૭ | ૧૦૦ | વન્ય પ્રાણીઓને પીવાના પાણી માટે અલાયદી સુવિધા પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૧૩. | –– " –– | ૧૦૦ | ખોરાકના અભાવે વનની નજીકના ગામોમાં વન્ય હિંસક પ્રાણીઓ દ્વારા માનવી/પશુઓ ઉપર થતા હુમલા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઈ જોષી |
| *૧૪. | –– " –– | ૧૦૦ | વન્ય પ્રાણીઓના રક્ષણ માટે પૂરતા સ્ટાફની જોગવાઈ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૫. | –– " –– | ૧૦૦ | રાજયમાં નામશેષ થતા દુર્લભ પક્ષીઓનું રક્ષણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| *૧૬. | ૨૪૦૬–વન નિર્માણ...પ્રાણી જીવન<br>૦૨–પર્યાવરણલક્ષી...પ્રાણી જીવન<br>૧૧૦–વન્ય પ્રાણી જીવન<br>૦૨–એફ.એસ.ટી.–૨૦–રાષ્ટ્રીય.....વિકાસ<br>રૂા. ૧૩,૭૭,૪૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૪૮–૪૯ | ૧૦૦ | રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યોની વ્યવસ્થા અને વિકાસ માટે પૂરતી નાણાકીય જોગવાઈ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૭. | ૨૪૦૬–વન નિર્માણ....પ્રાણી જીવન<br>૦૨–પર્યાવરણલક્ષી...પ્રાણી જીવન | ૧૦૦ | નળ સરોવરમાં આવતા વિદેશી પક્ષીઓને પકડી તેનું બજારમાં થતું વેચાણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૧૦–વન્ય પ્રાણી જીવન<br>૦૩–નળ સરોવર.... યોજના<br>રૂા. ૨૩,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૫૦–૫૧ | | | |
| *૧૮. | ૨૪૦૬–વન નિર્માણ....<br>પ્રાણી જીવન<br>૦૨–પર્યાવરણલક્ષી....પ્રાણી<br>જીવન<br>૧૧૦–વન્ય પ્રાણી જીવન<br>૦૪–ઘુડખર.... વિકાસ<br>રૂા. ૫૦,૧૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૫૨–૫૩ | ૧૦૦ | કાળીયાર હરણો માટે જાહેર કરેલ અભયારણ્યોમાં ઘાસ અને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૯. | ૨૪૦૬–વન નિર્માણ....પ્રાણી<br>જીવન<br>૦૨–પર્યાવરણલક્ષી....પ્રાણી<br>જીવન<br>૧૧૦–વન્ય પ્રાણી જીવન<br>૦૫–ગીર.....પરિયોજના<br>રૂા.૧૮,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા. નં. ૫૪ – ૫૫ | ૧૦૦ | ગીર–બરડાના જંગલના અભયારણ્યનો વિકાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૦. | ૨૪૦૬–વન નિર્માણ....<br>પ્રાણી જીવન<br>૦૨–પર્યાવરણલક્ષી...પ્રાણી<br>જીવન<br>૧૧૦–વન્ય પ્રાણી જીવન<br>૦૬–ગીર.... વિકાસ<br>રૂા. ૭૭,૭૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૫૬–૫૭ | ૧૦૦ | સિંહો માટે ઘાતક રેડીયો કોલર પધ્ધતિ જીવલેણ નીવડતી હોવાથી સિંહના ગળે બંધાતા પટ્ટાને તાકીદે દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૧. | –– " –– | ૧૦૦ | સિંહોના અપમૃત્યુના બનાવો બનતા રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| | **<u>માગણી નં. ૨૭</u>** | | | |
| ૨૨. | ૨૨૧૫–પાણી.....સ્વચ્છતા<br>૦૨–ગટર....સ્વચ્છતા<br>૧૦૬–વાયુ....નિવારણ<br>૦૧–ઈ.પી.સી.–૧૦–<br>ગુજરાત... બનાવવું<br>રૂા. ૧,૨૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૭ | ૧૦૦ | ખારીકટ કેનાલમાં ખુલ્લેઆમ પ્રદૂષિત પાણી છોડનારાઓ સામે જરૂરી કાર્યવાહી કરવામાં કસૂર કરનાર અધિકારીઓ સામે યોગ્ય પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| ૨૩. | –– " –– | ૧૦૦ | રીક્ષાઓમાં કેરોસીનનો વ્યાપક પ્રમાણમાં બળતણ તરીકે થતો ઉપયોગ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| *૨૪. | ૨૨૧૫–પાણી.....સ્વચ્છતા<br>૦૨–ગટર....સ્વચ્છતા<br>૧૦૬–વાયુ....નિવારણ<br>૦૩–કચરાનું.....આપવું<br>રૂા. ૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૭ | ૧૦૦ | ફીલ્ટર પ્લાન્ટોની કાર્યક્ષમતા વધારી તેને કાર્યરત કરવામાં તંત્રની ઉદાસીનતા | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫. | –– " –– | ૧૦૦ | ગટરના પાણી નદીઓમાં છોડવાથી થતું પાણીનું પ્રદૂષણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૨૬. | –– " –– | ૧૦૦ | જળશુધ્ધિ કાર્યક્રમને સફળ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૨૭. | –– " –– | ૧૦૦ | પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરનાર ઔદ્યોગિક એકમોના વાયુ પ્રદૂષણની ચકાસણી માટે અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મુકેશકુમાર ગઢવી |
| ૨૮. | –– " –– | ૧૦૦ | પર્યાવરણમાં વધતું જતું ઝેરી વાયુનું પ્રદૂષણ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઈ રબારી |
| ૨૯. | –– " –– | ૧૦૦ | કચરાનું પ્રમાણ ઘટાડવાની અને સ્વચ્છ ઉત્પાદનની પ્રૌદ્યોગિકીને પ્રોત્સાહન આપવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| | | **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>**માગણી નં. ૯૬** | | |
| ૩૦. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રાથમિક શિક્ષણ<br>૭૯૬–આદિજાતિ...યોજના<br>૦૧–ઈ.ડી.એન.–૧–<br>વધારાના....શિક્ષકો<br>રૂા. ૧,૯૧,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૨૪ | ૧૦૦ | અંતરીયાળ આદિજાતિ વિસ્તારોમાં વિદ્યાર્થીઓના પ્રમાણમાં પૂરતા શિક્ષકો ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મુકેશકુમાર ગઢવી |
| ૩૧. | –– " –– | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં આવેલી શાળાઓમાં પૂરતી સંખ્યામાં શિક્ષકોની ભરતી કરી વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર પડતી વિપરીત અસર નાબૂદ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૩૨. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રાથમિક શિક્ષણ<br>૭૯૬–આદિજાતિ...યોજના<br>૦૯–ઈ.ડી.એન.–૧૧–<br>દેખરેખ....બનાવવું<br>રૂા. ૧૨,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૨૫ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોના બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૩૩. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૩–યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ<br>૭૯૬–આદિજાતિ...યોજના<br>૦૪ ઈ.ડી.એન.–૨૮–<br>સરકારી.....વિકાસ<br>રૂા. ૪,૨૮,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૩૬–૩૭ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં સરકારી કોલેજો શરૂ કરી વિદ્યાર્થીઓને પડતી હાડમારી દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૩૪. | ૨૨૦૩– તકનિકી શિક્ષણ<br>૭૯૬–આદિજાતિ...યોજના<br>૦૧–તકનિકી હાઈસ્કુલો (કૌશલ નિર્માણ)<br>રૂા. ૫૭,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૪૨–૪૩ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં ટેકનિકલ હાઈસ્કૂલોનો વ્યાપ વધારી આધુનિક શિક્ષણ મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૩૫. | ૨૨૦૪–ખેલકૂદ...સેવાઓ | ૧૦૦ | અંતરીયાળ આદિજાતિ વિસ્તારોની શાળાઓમાં | શ્રી જીતુભાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૭૯૬–આદિજાતિ...યોજના<br>૦૨–ઈડીએન.–૭૦–<br>રાજ્ય....વિસ્તરણ<br>રૂા. ૩૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૪૯–૫૦ | | ખેલકૂદ માટેની પ્રવૃત્તિ ઓને યોગ્ય ઉત્તેજન આપવામાં તંત્રની નિષ્ફળતા | ચૌધરી |
| ૩૬. | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ<br>૭૯૬–આદિજાતિ...યોજના<br>રૂા. ૧,૧૭,૬૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૫૩ થી ૫૯ | ૧૦૦ | આદિવાસીઓની પરંપરાગત કલા અને સંસ્કૃતિના વારસાની જાળવણી કરી તેને જીવંત રાખવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૩૭. | ૨૨૧૦–તબીબી....આરોગ્ય<br>૦૩–ગ્રામીણ......એલોપથી<br>૭૯૬–આદિજાતિ...યોજના<br>૦૩–એચ.એલ.ટી.–૪૧<br>પ્રાથમિક...બનાવવો<br>રૂા. ૧૯,૯૧,૫૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૭૧–૭૨ | ૧૦૦ | અંતરીયાળ આદિજાતિ વિસ્તારોમાં આમ જનતાને આરોગ્ય સેવાઓ સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૩૮. | –– " –– | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં ડૉકટરોની અનિયમિત હાજરીને કારણે દર્દીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| *૩૯. | ૨૨૧૦–તબીબી......આરોગ્ય<br>૦૩–ગ્રામીણ.....એલોપથી<br>૭૯૬–આદિજાતિ....યોજના<br>૧૦–ફરતા......સ્થાપના<br>રૂા. ૭,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૮૦ | ૧૦૦ | અંતરીયાળ આદિજાતિ વિસ્તારોના ગામોમાં ફરતાં દવાખાનાંની સેવા નિયમિત રીતે પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૦. | ૨૨૧૬– આવાસન<br>૦૩–ગ્રામીણ આવાસન<br>૭૯૬–આદિજાતિ...યોજના<br>૧૨–એચ.એસ. જી .–૧૫–એ<br>– ગરીબી .....યોજના<br>રૂા. ૧૮,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૯૫ | ૧૦૦ | ગરીબી નિવારણ કાર્યક્રમ હેઠળ ગ્રામીણ મકાનોના બાંધકામ માટેની સરદાર પટેલ આવાસ યોજના અન્વયે નિર્ધારીત લક્ષ્યાંક મુજબના કામો પૂર્ણ થાય તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મનહરલાલ મકવાણા |
| ૪૧. | ૨૨૧૬– આવાસન<br>૦૩–ગ્રામીણ આવાસન<br>૭૯૬–આદિજાતિ...યોજના<br>૧૭– એચ.એસ.કે.–૩.<br>ગ્રામીણ ....સુવિધાઓ<br>રૂા. ૯,૪૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૯૬ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં ગ્રામીણ આવાસન યોજના હેઠળ જમીન સંપાદન કરી નાગરિકોને જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૪૨. | ૨૨૨૫–અનુસૂચિત.....કલ્યાણ<br>૦૨–અનુસૂચિત....કલ્યાણ<br>૭૯૪–આદિજાતિ...સહાય<br>૧૨–શ્રમ ....યોજનાઓ<br>રૂા. ૮૮,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૧૦૯ | ૧૦૦ | આદિવાસીઓને રોજગારી માટેની જુદી જુદી યોજનાઓનો લાભ સરળતાથી મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માધુભાઈ ભોયે |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૩. | ૨૨૨૫–અનુસૂચિત.....કલ્યાણ<br>૦૨–અનુસૂચિત....કલ્યાણ<br>૦૩ બી.સી.કે.–૧૬૨–<br>અનુસૂચિત....કપડાં<br>રૂા. ૧૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૧૧૩ | ૧૦૦ | આદિવાસી ભૂમિહીન મજૂરોના બાળકોને કપડાં આપવામાં ચાલતી ગેરરીતિ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૪૪. | ૨૨૨૫–અનુસૂચિત....કલ્યાણ<br>૦૨–અનુસૂચિત....કલ્યાણ<br>૭૯૬–આદિજાતિ...યોજના<br>૧૦–બી.સી.કે.–૧૭૯<br>આશ્રમશાળાઓ<br>રૂા. ૫૪,૭૪,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૧૧૬ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં પૂરતી સંખ્યામાં આશ્રમશાળાઓ શરૂ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૪૫. | ૨૫૭૫–અન્ય......કાર્યક્રમો<br>૦૧– ડાંગ જિલ્લો<br>૨૫૩–જિલ્લા વહીવટ<br>રૂા. ૨૫,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૩૧૭–૩૧૮ | ૧૦૦ | ડાંગ જિલ્લામાં વહીવટી કામગીરીને ચેતનવંતી બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માધુભાઈ ભોયે |
| ૪૬. | ૨૫૭૫–અન્ય.....કાર્યક્રમો<br>૦૧– ડાંગ જિલ્લો<br>૭૯૬–આદિજાતિ .....યોજના<br>૩૦૬–નાની.....કામો<br>રૂા. ૨૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૩૩૨–૩૩૩ | ૧૦૦ | ડાંગ જિલ્લામાં નાની સિંચાઈ હેઠળ આવરી લીધેલ કામ સમયસર પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માધુભાઈ ભોયે |
| ૪૭. | ૪૮૦૧–નાની.....જોગવાઈ<br>૦૬– ગ્રામ વીજળીકરણ<br>૭૯૬ આદિજાતિ .....યોજના<br>રૂા. ૬૫,૧૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૫૬૩ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં જયોતિ ગ્રામ યોજના હેઠળ વીજળીકરણ કરવાની કાર્યવાહી વેગવંતી બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| | **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**<br>**માગણી નં. ૧૦૦** | | | |
| ૪૮. | ૨૨૫૧–સચિવાલય....સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>રૂા. ૧,૭૭,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પા.નં. ૫૫ – ૫૬ | ૧૦૦ | શહેરમાં રહેતા ગરીબો માટેની આવાસ યોજનાના લાભાર્થીઓને ૨૫ ચો.મી.ના પ્લોટ આપવાની જાહેરાત કર્યા બાદ તેનો અમલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૪૯. | –– " –– | ૧૦૦ | શહેરી વિકાસ વર્ષ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટનો પૂરતો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી રશીદા પટેલ |
| ૫૦. | –– " –– | ૧૦૦ | નગરપાલિકાએ કરેલ ગેરકાયદેસર કાર્યવાહી સામે પગલાં લેવાનો નિર્ણય થયેલ હોવા છતાં તેનો અમલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| *૫૧. | –– " –– | ૧૦૦ | જે તે શહેર માટે બનેલી ટી.પી. સ્કીમમાં ફેરફાર કરી ગેરરીતિ આચરતા અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫૨. | –– " –– | ૧૦૦ | દબાણ હટાવ ઝુંબેશ હેઠળ આચરવામાં આવતી ભેદભાવ ભરી નીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૩. | -- " -- | ૧૦૦ | બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળના કામો માટે સમયસર નાણાકીય સહાય સત્વરે પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મુકેશકુમાર ગઢવી |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેની ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(વિરોધપક્ષના નેતાશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને શહેરી વિકાસ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એની ઉપર હું ચર્ચા કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે માગણીઓ રજૂ થઈ છે એ આદિજાતિ વિભાગ છે એ આ રાજયની લગભગ ૧૫ ટકા વસતિ ધરાવતો સાચા વંચિત લોકો માટેનો વિભાગ છે. જયાં સુધી આ ૧૫ ટકા વસતિ છે એ લોકોનો, એ વસતિનો વિકાસ ના થાય, એનું સશકિતકરણ ન થાય ત્યાં સુધી રાજયમાં વિકાસનું સ્વપ્ન દૂર રહેવાનું છે, પરંતુ આ જે માગણીઓ આવી છે અને આ વિભાગને લગતું જે ચાર પાંચ વર્ષનું ચિત્ર મૂકયું છે એના ઉપરથી તો એમ લાગે છે કે વંચિતોના વિકાસની વાતો અને ખરેખર વિકાસ વચ્ચે ખૂબ મોટું અંતર છે અને એ અંતર જયારે છે ત્યારે એ પણ રાજય સરકારે આ જે આંકડા આપ્યા છે એના ઉપરથી જ ફલિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જાન્યુઆરી, ૨૦૦૬ સુધી જે ગુજરાત પેટર્ન છે તેમાં અત્યાર સુધીમાં ૭૮ ટકા જે ફાળવેલી રકમ હતી એના ૮૯ ટકા સુધી ખર્ચ થયો છે અને ૨ મહિના સુધીમાં કેટલો ખર્ચ થશે એ જોવાનું છે. આદિજાતિ વિકાસ વિભાગના છેલ્લા ૨ વર્ષના આંકડા હું આપું તો ૨૦૦૪-૦૫ માં ૮૨૧ કરોડ ૩૦ લાખનો અંદાજ હતો એની સામે લગભગ એટલો જ ખર્ચ થયો છે, ૨૦૦૫-૦૬ માં ૧૩૮૭ કરોડ ૪૨ લાખનો અંદાજ હતો એની સામે ૯૧૩ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે એટલે કે ૪૭૬ કરોડ રૂપિયાની ફાળવણી ઓછી કરવામાં આવી છે. જો આ રીતે જઈશું તો તેમનો વિકાસ કઈ રીતે થઈ શકવાનો છે? જે ૧૪.૬૫ એટલે કે લગભગ ૧૫ ટકા જેટલી વસતિ માટે માત્ર ૪.૨૨ ટકા ખર્ચ આ કુલ ફાળવણીમાં આદિજાતિ વિકાસ વિભાગ માટે આવ્યો છે. ગુજરાત પેટર્ન હેઠળ ૧૯૯૯ થી ૨૦૦૬-૦૭ સુધીમાં કેટલી જોગવાઈ હતી એની સામે કેટલો ખર્ચ થયો એ આપને કહેવા માગું છું. ૧૯૯૯-૨૦૦૦ માં ૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ હતી એની સામે ૧૯૪ કરોડ ૯ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે એટલે કે જોગવાઈ હતી એના ૯૭ ટકા ખર્ચ થયો હતો, ૨૦૦૦-૦૧ માં ૨૦૦ કરોડની જોગવાઈ કરી એની સામે ૧૯૮.૬૯ લાખ રૂપિયાનો ખર્ચ થયો, ૨૦૦૧-૦૨ માં જોગવાઈ વધુ ઘટતી ગઈ અને ૧૪૬ કરોડ ૮૯ લાખની જોગવાઈ હતી અને એની સામે ખર્ચ માત્ર ૬૯ કરોડ રૂપિયાનો જ થયો એટલે કે ૪૬.૯૯ ટકા ખર્ચ થયો છે, ૨૦૦૨-૦૩ માં ૨૦૮ કરોડ રૂપિયાની જોગવાઈ સામે માત્ર ૧૨૧ કરોડ ૬૨ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે એટલે કે ૫૯ ટકા ખર્ચ થયો છે. ૨૦૦૩-૦૪ માં ૨૦૮ કરોડ ૯૦ લાખની જોગવાઈ સામે ખર્ચ માત્ર ૧૯૦ કરોડ ૫૮ લાખ રૂપિયાનો થયો છે એટલે કે ૯૧ ટકા ખર્ચ થયો છે, ૨૦૦૪-૦૫ માં જોગવાઈ એટલી બધી ઘટી ગઈ કે જે ૧૯૯૯-૨૦૦૦ માં ૨૦૦ કરોડની જોગવાઈ હતી એ ઘટીને ૨૦૦૪-૦૫ માં ૧૫૬ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

૨૦૦૫-૦૬માં ૨૬૨ કરોડ રૂપિયાની જોગવાઈ થઈ અને ખર્ચ થયો માત્ર ૯૨ કરોડ રૂપિયા, એટલે ૩૫ ટકા ખર્ચ આ ૨૦૦૫-૦૬માં ગુજરાત પેટર્ન હેઠળ આદિજાતિ વિકાસ વિભાગ માટે કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૦૭માં માત્ર ૧૬૦ કરોડ રૂપિયાની જોગવાઈ થઈ છે, આટલી જોગવાઈ સામે આ રાજયની પંદર ટકા વસતિ છે તેને કેવી રીતે આટલા ખર્ચમાં પહોંચી વળીશું તે પણ મોટો સવાલ ઊભો થયો છે. આ વિભાગની જુદી જુદી યોજનાઓ હેઠળના લાભાર્થીઓ હતા તેની સંખ્યા પણ દર વર્ષે ઘટતી રહી છે. પ્રી-એસ.એસ.સી. અભ્યાસક્રમ છે એમાં શિષ્યવૃત્તિ હતી તે શિષ્યવૃત્તિમાં ૨૦૦૪-૦૫માં લાભાર્થીઓ ૪,૧૧,૭૮૯ હતા. તે ૨૦૦૬-૦૭માં માત્ર ૧,૪૦,૬૨૫ લાભાર્થીઓ નક્કી કર્યા છે. એટલે ૨,૭૧,૧૬૪ લાભાર્થીઓ, જે આદિવાસી બાળકો છે, જે આવતા દિવસોમાં જવાબદાર નાગરિક બનવાના છે શિક્ષિત બનવાના છે એમાં બે લાખ એકોતેર હજાર બાળકોની બાદબાકી કરી નાખવામાં આવી છે. મફત વૈદ્યકીય સહાય અને બીજી યોજનાઓમાં ૨૦૦૪-૦૫માં ૧૪૫૭ લાભાર્થીઓ હતા તે ૨૦૦૫-૦૬માં માત્ર એક હજાર નક્કી કર્યા છે. પ્રી-એસ.એસ.સી. અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ આદિજાતિ પેટા યોજના હેઠળ હતી તે ઘટાડીને ૨૦૦૬-૦૭માં ૪,૨૧,૮૭૫ લાભાર્થીઓ નક્કી કર્યા છે. એટલે ૯,૨૪,૭૮૩ લાભાર્થીઓ ઘટ્યા છે. મફત કપડા આપવાની યોજના હતી એમાં પણ ૨૦૦૪-૦૫માં ૧૪,૪૮,૯૫૨ લાભાર્થીઓ હતા તેની જગ્યાએ ૪,૪૮,૯૫૨ લાભાર્થીઓ ઘટાડવામાં આવ્યા છે, માત્ર દસ લાખને લાભ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ જ રીતે તમામ યોજનામાં,

મફત વૈદ્યકીય સહાયમાં ૩૨૨ નો ઘટાડો કર્યો છે, વ્યક્તિગત મકાન સહાયમાં ૭૬૨ નો ઘટાડો કર્યો છે અને હળપતિ ગૃહ નિર્માણ યોજનામાં ૧૮૦નો ઘટાડો કર્યો છે. તમામ ક્ષેત્રમાં આ સરકારે આ જોગવાઈમાં ઘટાડો કર્યો છે. અને જોગવાઈ કરી છે એમાં પણ જે ખર્ચ થવો જોઈએ તે ખર્ચ પણ નહીંવત કરવામાં આવ્યો છે. દર વખતે ઘટાડાઓ અનેક ક્ષેત્રમાં થયા છે, પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તક આપવામાં આવે છે તેની રકમમાં પણ આ વખતે, આટલો પાઠ્ય પુસ્તકનો ભાવ વધારો થવા છતાં ૧૨.૯ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. સરદાર પટેલ આવાસ યોજના હેઠળ જે ઘટાડો થયો છે તે પણ કહીશ, યોજનાની શરૂઆતથી માર્ચ ૨૦૦૫ સુધીમાં અનુસૂચિત જનજાતિના ૫૪,૯૦૦ કુટુંબોને આવાસ પૂર્ણ કરવામાં આવ્યા છે, આદિજાતિ પેટા યોજના હેઠળ લગભગ આ વર્ષે ૧૮ કરોડની યોજના સૂચવી છે. એમાં પણ આગલા વર્ષના પ્રમાણમાં ૧૯.૬૧ ટકાનો ઘ ટાડો કરવામાં આવ્યો છે. આદિજાતિમાં પણ અમુક જાતિઓ ખૂબ પછાત જાતિઓ છે. એમાં કોલચા, કોલગા, કાથોડી, પઢાર, સીદી આવી પછાત જાતિના બાળકોને ભણાવવા માટેની જોગવાઈ હતી એમાં પણ આગલા વર્ષના પ્રમાણમાં ૩૩ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ચિંતા થતી હતી કે આ રાજયની અંદર આપણે જે સાક્ષરતાનું પ્રમાણ છે એ વધારવું છે પણ જ્યાં સુધી આદિવાસી સમાજની અંદર સાક્ષરતાનું પ્રમાણ નહિ વધે ત્યાં સુધી કોઈપણ સંજોગોમાં આ રાજયનો સાક્ષરતાનો દર છે એ ગૌરવ લઈ શકીએ તે કક્ષાએ પહોંચવાનો નથી. ૫૫ ટકા કરતાં પણ નીચે સાક્ષરતાનો દર અને કોઈ વિસ્તારમાં ૪૫ ટકાથી નીચે અને ઓછામાં ઓછા સાક્ષરતાના દર વાળા તાલુકાઓ છે. બજેટમાં હું ઈચ્છતો હતો કે આ પ્રકારની જોગવાઈ જરૂરથી આવે અને આ જોગવાઈ આપણે નહિ કરીએ તો સમાજે એનાં પરિણામો ભોગવવાં પડશે. બંધારણની વ્યવસ્થા આ દેશમાં આપી એના કારણે આદિવાસી સમાજ અને એની પાછળનો વર્ગ હતો એને દેશના વહીવટની અંદર ભાગીદાર બનાવવાનું કહ્યું. મને પણ એ વાતનું ગૌરવ છે હું પણ એ જ રીતે આવ્યો અને આ રાજયના નહિ પણ દેશના પહેલા આદિવાસી મુખ્યમંત્રી પણ આ ગૃહની અંદર અમરસિંહભાઈ ચૌધરી હું અત્યારે જે જગ્યાએ બેસું છું એનું આદરપૂર્વક નામ લઉં છું તેઓ આ રાજયના મુખ્યમંત્રી બન્યા અને જ્યારે આવા લોકો આવે ત્યારે એમની નજર ત્યાં હોય છે એનો અનુભવ કર્યો છે. આ ગૃહમાં માનનીય અમરસિંહભાઈ જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી નમ્રતાનું પ્રતિક બનીને રહ્યા. એમણે કયારેય નંબર વનની જેમ હુંકાર નહોતો કર્યો. એમણે હંમેશા આદરપૂર્વક વાત કરી છે. એમનું સ્મરણ એટલા માટે કરવું પડે છે કે સૌથી વધારેમાં વધારે સમય આ ગૃહમાં રહ્યા, મુખ્યમંત્રીશ્રી રહ્યા, વિરોધ પક્ષના નેતા રહ્યા છતાં એણે કયારેય અભિમાનનો હુંકાર નહોતો કર્યો. તેથી આ આદિવાસી સમાજને શિક્ષિત કરી જો એને તક આપવામાં આવે તો કયાં સુધી પહોંચી શકાય એનો આ દાખલો છે. એ સ્થાન મારા મિત્રો ન આપે તો વાંધો નહિ પરંતુ એના બાળકો માટે થોડી ઘણી ચિંતા કરવી જોઈએ. અપેક્ષાઓ રખાય છે. આપણા પોલીસ જવાનો છે એની ભરતી કરો ત્યારે ૩૬ ઈંચની છાતી જોઈએ, સાડાપાંચથી છ ફૂટની ઊંચાઈ હોવી જોઈએ. ૬૦ કિલોની આસપાસ વજન હોવું જોઈએ આ બધું રખાય છે. પરંતુ એનું વજન વધે એની ઊંચાઈ વધે એ બાળકો તંદુરસ્ત બને એની ચિંતા પણ આપણે કરવી જોઈએ. કદાચ એકાદ ઉત્સવમાં પૈસા ઓછા વાપરાય તો વાંધો નહિ પરંતુ જે ગરીબ બાળકો છે પાંચ વર્ષથી છાત્રાલયોમાં ભણે છે એના માટે આ સરકારને ચિંતા નથી. આ છાત્રાલયોને સરકાર બિલ આપે છે એમાં કોઈ વધારો કરવાની આ સરકારને કોઈ જરૂરત લાગતી નથી. બધાનો પગાર વધે, ધારાસભ્યોનો પણ વધે પરંતુ પાંચ વર્ષથી બાળકો ભણે છે એની થોડીક પણ ચિંતા કરવી જોઈએ. એ નહિ થાય એટલા માટે સમાજના નબળા વર્ગના બાળકો ભણે છે એની ચિંતા નથી કરતા. ત્યારે હું દરેક સભ્યશ્રીને વિનંતીના રૂપમાં કહીશ કે જે રીતે છાત્રાલયમાં બાળકો ભણે છે એ બાળકોને જે ખોરાક આપવામાં આવે છે એના માટેની સહાય આપવામાં આવે છે એ પોતાના હ્રદય ઉપર હાથ મૂકીને કહે કે આટલામાં પોષણક્ષમ ખોરાક આપી શકાય કે નહિ? છાપામાં જાહેરાતો ઓછી આપે તો વાંધો નહિ પણ એ પૈસા બચાવીને આ બાળકોને પેટમાં જાય એની ચિંતા સૌએ કરવી પડશે.

ગુજરાતની અંદર Infant mortality rate નો દર છે એ ભારતના દર કરતાં વધારે છે. Infant mortality rate ઝીરોથી છ વર્ષના બાળકો મૃત્યુ પામે એમાં આખા ભારતનો દર હજારે ૬૦ છે જ્યારે ગુજરાતમાં એ હજારે ૫૭ છે. એનું કારણ એ છે કે આદિવાસી વિસ્તારની અંદર આરોગ્યની ખેવના કરવી જોઈએ એ થતી નથી. આની ચિંતા કયાંય થઈ નથી. અશોકભાઈ, આ આપણે સાંભળવું જોઈએ. (અંતરાય) ૬૦ છે. આપના રેકર્ડમાં કદાચ હશે પણ ભારત સરકારના અને ગુજરાત સરકારના રેકર્ડમાં ૫૭ છે.

**અધ્યક્ષશ્રી** : બન્નેના વિવાદને કારણે હું જોઈ લઈશ અને પછી એ આંકડો લખાવીશ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : મારી પાસે તો રેકર્ડ તૈયાર છે. ગુજરાત સરકારે આપેલો તૈયાર છે. તેના માટે આ આદિવાસી વિસ્તારની પંચાયતો છે, અમરસિંહભાઈ એવું કહેતા હતા કે ભૂરિયા કમિટીની ભલામણો અને આ દેશમાં રાજીવ ગાંધીએ પંચાયતી રાજનું બંધારણ આપ્યું છે તેનો અમલ થવો જોઈએ અને આદિવાસી વિસ્તારની જે પંચાયતો છે એ પંચાયતોને રેવન્યુથી માંડીને તમામ અધિકારો આપવાનો નિર્ણય થવો જોઈએ. એ પણ થતો નથી. એટલા માટે થતો નથી કે તો ગાંધીનગરથી રાજ ન કરી શકાય. તો પંચાયત નિર્ણય

લઈ શકે કે આ ગામની જમીન, આ ગામની ફૉરૅસ્ટ પ્રોડકટ, આ ગામની અંદર ઉદ્યોગો નાખવા છે. તેના માટેની વ્યવસ્થા, તેનો નિર્ણય ત્યાં થઈ શકે. અહીં એક નંબરના બ્લૉકમાં બેસીને નિર્ણય ન થઈ શકે. એટલા માટે થઈને આ ભૂરિયા કમિટીની ભલામણોનો અમલ થતો નથી અને એટલા માટે જ બંધારણમાં આદિવાસી વિસ્તારોમાં જે ઓટોનોમી ડિસ્ટ્રિક્ટ બનાવવાના હતા તેનો પણ નિર્ણય થતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારોમાં જમીન આપવાની વાતની ઘણી ચિંતા થઈ છે. ૧૯૮૦ સુધીની જમીન આપી દેવી. તેનો નિર્ણય થઈ ગયો અને તેના માટે ટોટલ ૮૦,૦૦૦ હેકટર આસપાસ જમીન આદિવાસી વિસ્તારની આપવા માટે એટલી જમીન રાજય સરકારે બીજી જમીનો છે, રેવન્યુ લૅન્ડ છે એ ફૉરૅસ્ટ ડિપાર્ટમૅન્ટને આપી પણ દીધી. આનો નિર્ણય થઈ ગયેલ છે પણ છતાં આજ સુધી કેન્દ્ર સરકારે જે જમીન છૂટી કરી છે તેમાંથી ૩૯,૦૦૦ હેકટર જમીન જ આપી શક્યા છીએ અને હજી ૨૦,૦૦૦ હેકટર જમીન ૩૨,૦૦૦ લોકોને આપવાની બાકી છે. માત્ર વહીવટી નિર્ણય લેવાનો છે પણ નિર્ણય થઈ શકતો નથી. માનનીય મંત્રીશ્રી જવાબ એવો આપશે કે ૨૦૦૨ સુધીમાં અમે નિર્ણય લીધો છે. અરે, નિર્ણય તો તમે ઘણાં લો છો. પણ ૨૦૦૨ સુધીની જમીન તેનું નોટિફિકેશન બહાર પાડીને તેની સામે એટલી જ જમીન, રેવન્યુ જમીન જે ફૉરૅસ્ટ માટે આપવાની છે એ આપીને દરખાસ્ત કરીને તેની મંજૂરી મેળવીને ડીસ્ટ્રીબ્યુશન તો કરો. પણ ચૂંટણી આવશે એટલે ફરી પાછી આ વાત જાગૃત થશે. તેના માટેનું કમિટમૅન્ટ નથી અને કમિટમૅન્ટ નથી એટલા માટે આ બધી યોજનાઓ એ કાગળ ઉપર રહેવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારમાં સૌથી ઓછામાં ઓછી રોજગારી ત્યાં મળે છે. સૌરાષ્ટ્ર જેવા દુષ્કાળીયા વિસ્તારમાં પણ દાહોદ, પંચમહાલના મજૂરીએ આવે અને ૬૦ રૂપિયા રોજી લઈને ખુશ થઈને જાય છે. કારણ કે ત્યાં રોજગારી છે ૨૦ થી ૩૦ રૂપિયાની આસપાસ. મારે તો આજે ગૃહમાં એક ખુશીની વાત એ કહેવી છે કે કેન્દ્ર સરકારે યુ.પી.એ.ના ચેરપર્સન સોનિયા ગાંધીના કહેવાથી એક યોજના બનાવી. રાષ્ટ્રીય રોજગાર ગેરેન્ટી બિલ લાવ્યા અને કાયદાની અમલવારી રાજય સરકારને સોંપી. કેવી કાયદાની અમલવારી કે ઓછામાં ઓછી ૬૦ રૂપિયાની રોજી છે તેના માટે આ જે જિલ્લાઓ છે તે જિલ્લાઓમાં આટલી રોજી આપવા માટેનો તમામ ખર્ચ કેન્દ્ર સરકાર આપશે અને જો તેનો લાભાર્થી એક દાવો કરે કે મને રાજય સરકાર રોજગારી નથી આપતી તો તેને ગેરેન્ટી અપાઈ છે કે તેને ઘરે બેસીને પણ પૈસા આપવા પડે. ગુજરાતમાંથી ૬ જિલ્લાઓ પસંદ થયા છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે રાજય સરકારે તેના માટે કેન્દ્ર સરકાર પૈસા આપે છે. શેના માટે ચિંતા કરવાની? તેના જે એસ.ઓ.આર. છે તે સુધારવા જોઈએ. એસ.ઓ.આર. સુધારીને રોજગારી પૂરી મળે તેના માટેનો નિર્ણય કરવો જોઈએ. પણ રાજય સરકારને તેની ચિંતા નથી. તેને કારણે આજે અનેક જગ્યાએ એવું બને છે કે ક્યાંક ૧૯ રૂપિયા રોજી મળે છે, ક્યાંક ૨૫ રૂપિયા રોજી મળે છે, ક્યાંક ૨૦ રૂપિયા રોજી મળે છે. એટલા માટે કે કામ કરવાના જે દર છે એ દર આપણે જેમ રાહત કામોમાં ઓછા આપવા પડે એટલા માટે નીચા રાખ્યા હતા. એમ નીચા રાખેલા છે. મારી તો વિનંતી એટલી છે કે હવે તો કેન્દ્ર સરકાર પૈસા આપે છે.
ઉદારતાથી એના એસ.ઓ.આર. ચેન્જ કરીને લાભાર્થીઓને પૂરી રોજી મળે એવા પ્રયાસો થવા જોઈએ. ગણવેશ હોય, સરદાર આવાસ યોજના હોય અને અતિ પછાત જાતિઓ હોય કે બીજી બધી જાતિઓ હોય. એમાં દરેકની અંદર ઘટાડો કરતા રહેવાનું? (સમયસૂચક ઘંટડી) હજુ તો મારું આદિવાસીઓનું પૂર્ણ થયું છે. હું ઓપનીંગ કરવા ઊભો થયો છું. એમાં ૨-૫ મિનિટમાં ફરક નહીં પડે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ૨૦ મિનિટ થઈ, પાંચ મિનિટ બોલો. સભ્યોને પછીથી બોલવાનો સમય મળતો નથી. મને વાંધો નથી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સબ્જેકટ ઉપર જ બોલું છું. આ આદિવાસીઓની ચિંતા કરવી જોઈએ.હું ગઈ કાલે એક દિવસ પહેલાં ગોરધનભાઈને સાંભળતો હતો બહાર બેસીને પણ. એમણે બહુ સાચી વાત કરી હતી કે, એમની ચિંતા નહીં કરીએ તો, મહેલોમાં રહેનાર માણસ હશે એની બાજુમાં ઝૂંપડામાં રહેનારની ચિંતા કરવી પડશે એના હિત માટે નહીં પણ પોતાની સલામતી માટે પણ એવું કરવું પડશે. આજે ભારતના ૧૨ રાજયોના ૧૬૦ જિલ્લાઓની અંદર નકસલવાદ ફૂલ્યો-ફાલ્યો છે. ગુજરાતની અંદર શાણા આદિવાસીઓએ પોતાની સરહદ ઉપર આ અટકાવીને બેઠા છે. એને અન્યાય કરતા રહીશું તો જાણ્યે-અજાણ્યે આ આદિવાસી સમાજ એનો ભોગ બનતો રહેવાનો છે. ધર્મનું ઘેન છે એ પણ થોડો સમય રહેવાનું છે, ધર્મના ઘેનની અંદર લોકોને લાંબો સમય રાખી શકાતા નથી એ આપણે બધાએ જોયું છે. એક મુદ્દો જાય, બીજો મુદ્દો આવે. આ સમાજ હવે છેતરાવાનો નથી.

" કસમ રામકી ખાતે હૈ, મંદિર વહીં બનાયેંગે."
એમાં ફેરફાર કરીને કહ્યું હતું કે,
"કસમ રામકી ખાતે હૈ મંદિર કહીં બનાયેંગે,"
અને સત્તા ઉપર આવ્યા ત્યારે

" કસમ રામકી ખાતે હૈ મંદિર નહીં બનાયેંગે."

• (xxxxx) (xxxxx) (xxxx) ધર્મના ઘેનની અંદર રાખી નહીં શકાય. સમાજને જાગૃત કરીશું નહીં અને એના વિકાસની વાતો નહીં કરીએ તો આ સમાજ જાગૃત થશે ત્યારે આ સમાજની સાથે એક સમરસ બનીને રહીએ એવું કરવું હશે તો આપણામાંથી થોડોક ભાગ એમને આપવો પડશે. હું એમ કહેવા જતો હતો. આરોગ્યની અંદર સૌથી પાછળ, સિંચાઇની અંદર સૌથી પાછળ, શિક્ષણની અંદર સૌથી પાછળ, રોજગારની અંદર સૌથી પાછળ. આ બધી પરિસ્થિતિ તંદુરસ્ત સમાજ માટે સારી નિશાની નથી. અને એટલા માટે કહું છું કે, નંબર વન બનાવવા હોય તો આદિવાસીઓને નંબર વન બનાવો. એના માટે શૈક્ષણિક સંસ્થાઓ ઊભી થાય, એના માટે છાત્રાલયો થાય, છાત્રાલયોની અંદર ભણતા બાળકોને યોગ્ય ખોરાક મળે, શાળાઓની અંદર ભણતા બાળકોને યોગ્ય શિક્ષણ મળે. એવી વ્યવસ્થા કરવી જોઈએ, એ થતું નથી. જંગલ વિભાગ છે એ પણ આ આદિવાસી સમાજ સાથે સંકળાયેલ છે. કેન્દ્ર સરકાર રાઈટ ટુ ફૉરેસ્ટ બિલ લઈને આવી રહી છે. આપણા સંસદસભ્યશ્રી મધુસૂદન મિસ્ત્રી એના માટે ખૂબ જ પ્રયાસો કરે છે અને જ્યારે આ બિલ આવશે ત્યારે આદિવાસી છે ભય નીચે જેવી છે, એમને ત્યાં ભય નીચે જીવવું નહીં પડે.

ગૌણ જંગલ પેદાશ હોય, જંગલની જમીન જે ખેડે છે એ જંગલની જમીન એમની હોય, કે પછી બીજા અધિકારો હોય એ અધિકારો આ બિલથી પાસ થવાના છે, મળવાના છે એમને, એમને લાચાર દશામાં લાંબો સમય રાખવાની ઈચ્છા હશે તો પણ રાખી શકશો નહીં. જંગલની અંદર સિંહોની વસ્તી છેલ્લા ૪ વર્ષની અંદર લગભગ ૪૦ જેટલા ઘટી છે. (અંતરાય) અહીં કદાચ ૨-૪ વધ્યા હશે પણ ત્યાં જંગલમાં ઘટયા છે અને ઘ ટયા છે માટે આપણે એમની ચિંતા કરવી જોઈશે. આખા ભારતનું નહીં, આખા એશિયાખંડનું ઘરેણું છે. એને સાચવવા માટે પણ પૂરતી બજેટમાં આપણે જોગવાઈઓ થાય એ પણ ખૂબ જરૂરી છે. શહેરી વિકાસને લાગે વળગે છે ત્યાં સુધી ભલે રેવન્યુનો વિષય હોય પણ એમ હતું કે આ સ્ટેમ્પ ડ્યૂટી ઓછી કરી તો એના કારણે થોડાઘણા લાભાર્થીઓને એનો લાભ થશે ખરો પણ મેં આજે જ સાંભળ્યું કે જે જંત્રી ૧૦ વર્ષથી ચાલતી હતી એ જંત્રીના ભાવ ત્રણ ગણા કરી નાખ્યા અને સ્ટૅમ્પ ડ્યૂટી થોડી ઘણી ઘટાડી દીધી, ૩ ટકા એટલે જે આજે ભરવા પડે છે એના કરતાં હવે એમાં વધારે ભરવા પડશે. શહેરી વિકાસની અંદર મારે મંત્રીશ્રીને એક યાદી અપાવવી છે કે ચૂંટણી ઢંઢેરાની અંદર એમાં વચન આપ્યું હતું કે અમે ઓકટ્રોય મહાનગરપાલિકાઓમાંથી નાબૂદ કરી નાખીશું. અમે નહોતું આપ્યું તમે આપ્યું હતું. કંઈ નહીં તો ગયા વર્ષે શહેરી વિકાસ વર્ષ ઉજવ્યું એના સંદર્ભમાં ઓકટ્રોય નાબૂદ કરવાનું કામ જલદીથી થાય એવું આપના મારફત એમનું વચન યાદ અપાવીને હું વિનંતી કરુ છું. ખાસ કરીને સૌરાષ્ટ્રની અંદર બરડા, આલેચ અને ગીરના જે મૂળ આદિવાસી રબારીઓ હતા, સ્વ. ચીમનભાઈ પટેલની સરકારે નિર્ણય લઈ અને એમને આદિવાસીનો દરજ્જો આપવાનું ઠરાવ દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું એટલું જ નહીં એને વિગતદર્શક કાર્ડ પણ આપવામાં આવ્યા અને આજે એ લોકો ત્યાં રહે છે અને પછી આ સરકાર આવી અને ઠરાવ રદ કરી નાખ્યો, હું ફરીથી વિનંતી કરુ છું કે આ જે બરડા, ગીર અને આલેચના જે રબારી ભાઈઓ છે જે આજે પણ પછાત છે. આદિવાસીઓની સમકક્ષ છે તો એનો જે નિર્ણય અમે લીધેલો હતો એની પુર્નવિચારણા કરી અને એમને આદિવાસીના કાર્ડ આપવાની જે વાત હતી એમને ફરી પાછો એનો લાભ આપો એવી મારી વિનંતી છે. અને આ આદિવાસી વિસ્તારની અંદર જે સિંચાઈ યોજનાઓ થાય છે એમાં અમૂક અમૂકની અંદર તો એવું છે કે એક ડેમ બને એનો આદિવાસી વિસ્થાપિત થાય, એટલે બીજી જગ્યાએ જાય, ત્યાં બીજો ડેમ બને અને ત્યાં પણ ફરી પાછો વિસ્થાપિત થાય, આપણે ડેમ ત્યાં બાંધીએ અને છતાં સિંચાઈની કોઈ વ્યવસ્થામાં એના માટે વિચારીએ નહીં, આ લાંબુ ચાલવાનું નથી. માઝમ, ધરોઈ, હાથમતી, મધુવન આ બધા ડેમો થયા એના જે વિસ્થાપિતો છે એને બે-બે, ત્રણ-ત્રણ વખત વિસ્થાપિત થવું પડયું છે એટલે મારી આપના મારફત વિનંતી છે કે હવે ધર્મનો કેફ ન ચડાવે, માધુભાઈ અને એમના સાથીઓ આ બાજુ બેઠા છે. આ બાજુ જે બેઠા છે એ તો ભકિતમાં કાયમ તલ્લીન છે અને જો શબરી માતાની બહુ ભકિત આવી હોય તો તમે તમારા ઘરમાં રાખજો પણ એમના બાળકોને ભણાવવાની વાત કરજો. એમના ભાઈઓ-બહેનોના આરોગ્યની વાત કરજો અને એમના (અંતરાય) શબરીધામની પંચાયત શબરીકુંભ પછી માધુભાઈએ જીતી બતાવી એને તો ફાયદો થયો અને જો ચિંતા કરવી હોય તો એની રોજગારીની ચિંતા કરો, એમના બાળકોની ચિંતા કરજો.

**અધ્યક્ષશ્રી** : માધુભાઈ, તમારા કરતાં અર્જુનભાઈને શબરી વધારે યાદ આવે છે. ભૂલતા જ નથી. આજે શબરી શબરી કહે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાનો હતો ત્યારથી રામાયણ વાંચતો આવ્યો છું એટલે મને યાદ ન હોય એવું ન હોય પણ આ નવા નવા લોકો એ જેણે રામાયણ વાંચ્યું હોય એમને

• **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાકયો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યાં છે.**

તકલીફ પડે, અમે તો નાનપણથી જન્મ્યા ત્યારથી રામાયણ વાંચતા આવ્યા છીએ, પણ રામાયણ લઈને અમે કોઈ દિવસ મતદારો પાસે જતા નથી. મતદારો પાસે યોજનાઓ લઈને જવાય.

**અધ્યક્ષશ્રી** : હવે બધા શબરીને ઓછી યાદ કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તાર છે એના અંદર અનેક પ્રકારના રોગો પણ છે. આ રોગો છે એના માટે પણ આરોગ્ય વિભાગ સતેજ બને. લેપ્ટોસ્પાઈરોસિસ અને એનિમિયાના રોગો છે એના માટે ખાસ યોજના બનાવે. માત્ર પોતે તંદુરસ્ત થાય એવું નહિ પણ આદિવાસી ભાઈઓ અને એના બાળકો પણ તંદુરસ્ત થાય એવી યોજના લઈ આવે. આ બજૅટની માગણીઓ લઈને આવ્યા છે એમાં વંચિતોના વિકાસની કોઈ વાત દેખાતી નથી. માત્ર અને માત્ર આંકડાની ઈન્દ્રજાળ ઊભી કરી છે. આ બજૅટની માગણીઓ સાથે હું સંમત થઈ શકતો નથી.

**શ્રી મહેન્દ્ર લી. મશરૂ (જુનાગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રીશ્રીઓ એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે એમના સમર્થનમાં હું ઊભો થયો છું અને એમના સમર્થનમાં કેટલીક વાતો કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત માતાના પનોતા પુત્રો વીર શહીદ ભગતસિંહ, વીર શહીદ રાજગુરુ, વીર શહીદ સુખદેવની આજે ૭૫મી પુણ્યતિથિ છે. આજે હું એમને ભાવભર્યા વંદન કરું છું અને મારી સલામ પણ કરું છું કે જેમણે ભારત માતાના ચરણે, ભારત માતાને મુક્ત કરવા માટે, દેશને આઝાદી અપાવવા માટે પોતાની જાનનું બલિદાન આપી અને હસતે મોઢે ફાંસીના ફંદે ચડી ગયા. એ વીર નાયકોને વંદન કરી મારી વાત શરૂ કરવા માગું છું. ગૃહમાં જે ચર્ચાઓ થતી હતી એ હું સાંભળતો હતો. ગૃહમાં સામાન્ય રીતે આપણી પ્રણાલિકા રહી છે કે જેને આપણે ભગવાન કહીએ છીએ, જેને આપણે ભગવાન સ્વરૂપે માનીએ છીએ એમના વિશે હળવાશથી વાતો થતી હોતી નથી. પણ ભગવાન રામનો વારંવાર ઉલ્લેખ થાય, શબરી માતાનો ઉલ્લેખ થાય અને એ પણ હળવા સ્વરૂપમાં, આ મારી દ્રષ્ટિએ વાજબી નથી. ભવિષ્યમાં આવું ન બને એવી હું અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રથમ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ બાબતે વાત કરવા માગું છું. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ૧લી જુલાઈ ૧૯૮૩ થી શરૂ કરવામાં આવ્યો છે. બહુ મહામૂલી આઝાદી મળ્યા પછી ભારતની પ્રજાએ અને રાજ્યની પ્રજાને એક ઉમ્મીદ હતી, આશા હતી કે દેશમાં રામ રાજ્ય આવશે, દૂધ ઘી ની નદીઓ વહેશે, ગરીબાઈ નાબૂદ થશે અને લોકો હોંશે હોંશે પોતાના જ ઘરમાં રહેતા હશે. પરંતુ દિવસે દિવસે ગામડાં ભાંગતાં ગયાં. દિવસે દિવસે શહેરો નર્કાગારમાં હોમાતા ગયા. કોઈ આયોજન ન હતું, કોઈ સુવ્યવસ્થા ન હતી. પરિણામ એ આવ્યું કે ગામડાંમાં રોજગારીની તકો ન હતી. ગામડામાં લાઈટ ન હતી, અનાજ દળવાની ઘંટી ન હતી. બે-ત્રણ કિલોમિટર સુધી અનાજ દળાવવા જવું પડે, પાણીના એક બેડા માટે બહેનોએ બે-ત્રણ કિલોમિટર દૂર જવું પડે એવી પરિસ્થિતિ હતી. ઉદ્યોગો ન હતા, ગ્રામીણ ઉદ્યોગો ન હતા, વેપાર ન હતો એના પરિણામે ગામડાંમાંથી લોકો હિજરત કરીને શહેરો તરફ વળ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પરિસ્થિતિ એ ઊભી થઈ છે કે ગુજરાતમાં શહેરીકરણનો જે આંક છે એ આખા દેશમાં સૌથી મોટો આંક છે લગભગ ૪૦ ટકા પ્રજા શહેરોમાં આવીને વસે છે, પરિણામ એ આવ્યું કે શહેરોમાં ઝૂંપડપટ્ટીમાં વધારો થતો ગયો એક તરફ ગામડાં ખાલી થતાં ગયાં, બીજી તરફ શહેરોમાં ઝૂંપડપટ્ટીનો વધારો થયો, રહેઠાણની વ્યવસ્થા ના રહી, ગટર વ્યવસ્થા ના રહી, માળખાકીય સુવિધા તૂટી ગઈ. આ માટે રાજ્ય સરકારે એક ચિંતા કરી છે. રાજ્ય સરકારને એમ લાગ્યું કે જો શહેરો અને ગામડાં બંનેને બચાવવા માટે રાજ્ય સરકારે ગામડાંના ઉદ્ધાર માટેના કાર્યો કર્યા અને શહેરોને પુર્નજીવિત કરવા, એમને માળખાકીય સુવિધા ઊભી કરવા માટેનું કામ શરૂ કર્યું. ગામડાંમાંથી શહેરો તરફ હિજરત ના થાય એ માટે, ગામડાના લોકો ગામડામાં રહે એ માટે ત્યાં શાળાઓ અને ગ્રામીણ ઉદ્યોગો શરૂ કરવામાં આવ્યાં. જ્યોતિગ્રામ જેવી યોજના પૂરી કરીને ગામડામાં ૨૪ કલાક લાઈટો આપી અને પરિણામ એ આવ્યું કે ત્યાં ગામડાંનો માણસ ગામડાંમાં જ રહે. ગામડાંનો માણસ ત્યાં પોતાનો ધંધો કરી શકે, હીરાની ઘંટી નાંખી શકે જેથી શહેરો તરફનું એમનું વલણ ઓછું થાય. હવે જ્યારે શહેરોમાં આટલું બધું ભારણ આવી ગયું છે ત્યારે ગુજરાતના શહેરોનો વિકાસ થાય, માળખાકીય સુવિધા ઊભી થાય એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને શહેરી વિકાસ મંત્રીશ્રીએ ૨૦૦૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવીને માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે પ્રયત્નો કર્યા છે એ માટે ધન્યવાદ આપું છું. આની આમ તો શરૂઆત ૫-૬ વર્ષ પહેલા થઈ ગઈ હતી. શહેરની અંદર જકાતનું જે દૂષણ હતું, વેપારીઓની પણ એક માગણી હતી. જકાત નાબૂદીનું એક ઐતિહાસિક કદમ ભરીને ૧૪૧ નગરપાલિકાઓને જકાત નાબૂદ કરીને શહેરી વિકાસના દર્શન પણ આ સરકારે કરાવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫ના શહેરી વિકાસ વર્ષ દરમિયાન રાજ્ય સરકારે નગરપાલિકાઓના લગભગ ૨૭૨ કરોડ રૂપિયાના પ્રોજેકટો મંજૂર કર્યા છે. મહાનગરપાલિકાના ૧૮૫ કરોડ રૂપિયાના અને એ રીતે બંને

પ્રોજેકટો મંજૂર કરીને ૨૭૦ કરોડ ઓલરેડી ચૂકવી આપ્યા છે અને કામ પૂરા કર્યા છે. ભારત સરકાર પણ શહેરોના વિકાસ માટે ચિંતા કરી રહી છે ત્યારે રાષ્ટ્રીય શહેર નવીનીકરણ NURM ની સાથે સુસંગત રહીને રાજ્ય સરકારે પણ શહેરી વિકાસ નિગમની રચના કરી છે અને એ રચના દ્વારા માળખાકીય સુવિધા ખાસ કરીને ગરીબ વિસ્તારમાં જેમની પાસે લાઈટ, પાણી અને ગટર વ્યવસ્થા નથી, ગટર સફાઈની વ્યવસ્થા નથી એ માટે પ્રયત્નો કરશે. રાજ્ય સરકારની રજૂઆતના પગલે અમદાવાદને મેગાસિટીનો દરજ્જો મળ્યો છે, જાહેર થયું છે. સુરત, વડોદરા અને રાજકોટ મિલિનિયમ પ્લસ સિટી તરીકે જાહેર થયા. અમદાવાદને લગભગ ૨૯.૫૦ કરોડ અને સુરત, વડોદરા અને રાજકોટને ૪૦ કરોડ રૂપિયાની વિકાસની જોગવાઈ પણ આ બજેટમાં સૂચવવામાં આવી છે. માત્ર મોટા સિટીની રાજ્ય સરકારે ચિંતા કરી છે એવું નથી. નાના નાના બીજા શહેરોની પણ ચિંતા કરી છે અને એમાં નાના મધ્યમ શહેરોને માળખાકીય સુવિધા માટે ૯ કરોડ રૂપિયા અને શહેરી ઝૂંપડપટ્ટીમાં રહેતા કે જેમની પાસે કોઈ સાધનો, સુવિધા નથી એમના માટે પરિસ્થિતિ સુધરે, એમના વિસ્તારની સુધારણા થાય એ માટે રાજ્ય સરકારે ૬ કરોડ રૂપિયાની જોગવાઈ સૂચવી છે, સારી વાત છે, ધન્યવાદ. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં અપુરતા વરસાદને કારણે, વરસાદની અનિયમિતતાને કારણે અને દુષ્કાળના કારણે અવારનવાર પાણીની પાયાની અછત વર્તાય છે. ભૂતકાળમાં જ્યારે આવી પરિસ્થિતિ થતી હતી ત્યારે ટ્રેઈનો દ્વારા પાણી પહોંચાડવામાં આવતું હતું અને બિલકુલ વાસ્તવિક વાત નહતું છતાં આપવું પડતું અને એ વખતની સરકારોને એ યોગ્ય લાગ્યું પરંતુ આ સરકાર પાણી લાવી, પોતાના ઘર આંગણે પાણી મળે અને નગરપાલિકાઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તેઓ પોતાનો પાણીનો ખર્ચ પોતે ન કરી શકે એ માટે રાજય સરકારે "અમૃત ધારા યોજના" શરૂ કરી. દર વર્ષે ૩૫ નગરપાલિકાઓને એક એક કરોડ રૂપિયા આપીને આ યોજના પૂર્ણ કરાવી અને આવી રીતે ૧૪૧ નગરપાલિકાઓને એક એક કરોડ રૂપિયા આપવા આયોજન કર્યું છે. આ વર્ષે ૨૦૦૬-૦૭માં ૩૮૬૬ લાખ રૂપિયાનું આમાં આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક શહેરોમાં ઘન કચરાના નિકાલની એક ખૂબ મોટી સમસ્યા છે, રાજય સરકારે આને હળવાશથી લીધી નથી અને રાજય સરકારે ઘન કચરાના નિકાલ માટે પણ બહું મોટું આયોજન કર્યુ છે. ભારત સરકાર સાથે પરામર્શમાં રહીને આ વર્ષે ૧૫૨૦ લાખ રૂપિયાની એમાં જોગવાઈ કરી છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીનો એક સંકલ્પ રહ્યો છે અને મારો પણ એક સંકલ્પ છે અને આપણા બધા લોકોનો એક સંકલ્પ હશે કે ગુજરાતની તમામ નગરપાલિકાઓ ગાંધીનગર જેવી સ્વચ્છ અને હરિયાળી બનવી જોઈએ અને આ માટે દરેક નગરોમાં લોક ભાગીદારીથી, સંસ્થાઓના ટેકા અને સહયોગથી અને સરકારના પૈસાથી ૧૫૧ કરોડ રૂપિયા શહેરો અને નગરપાલિકાઓને હરિયાળી બનાવવા માટે, વૃક્ષારોપણ માટે, વનીકરણ માટે સરકારે આમાં જોગવાઈ સૂચવી છે.સ્વચ્છ ગુજરાત સ્વસ્થ ગુજરાત, જો ગુજરાતનો બાળક સ્વસ્થ હશે, ગુજરાતનો નાગરિક સ્વસ્થ હશે, સ્વસ્થ બનાવવો હશે તો એમણે એમના પોતાના વિસ્તારો પણ સ્વચ્છ રાખવા પડશે. ગુજરાતના બાળકના ગાલ ઉપર લાલી જોવી હશે તો સ્વચ્છતા અનિવાર્ય બાબત છે અને આ માટે ૨૦૦ લાખ રૂપિયાની જોગવાઈ સૂચવી છે એ માટે ધન્યવાદ આપું છું. આ વખતે રાજય સરકારે મનોરંજન કરની ગ્રાન્ટમાં ૨૫ ટકાનો વધારો કરીને ૭૫ ટકા રકમ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આપવાની જોગવાઈ સૂચવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જંગલોને બચાવવા માટે, વનોનો નાશ ન થાય એ માટે વિદ્યુત સ્મશાનોને પ્રોત્સાહન આપવા માટે પણ રાજય સરકારે બજૅટમાં જોગવાઈ સૂચવી છે. જે જે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ વિદ્યુત સ્મશાન બનાવવા ઇચ્છતી હશે એમને રાજય સરકાર ગ્રાન્ટ અને સબસિડી આપવા માગે છે અને આ રીતે ૨૦૦૫-૦૬માં ૧૭૧ લાખ રૂપિયાની જોગવાઈ હતી અને એમાં આ વર્ષે ૭૫૦ લાખ રૂપિયાની જોગવાઈ સૂચવી છે. હમણાં વિરોધપક્ષના નેતાશ્રી વાત કરતા હતા તે હું સાંભળતો હતો, શહેરી ગરીબો કે જે વંચિતો કહેવાય છે એવા વંચિતો માટે પણ રાજય સરકાર ચિંતા કરી રહી છે, એમના પોતાના મકાનો બને, ઘરો બને એ માટે ૩૦,૦૦૦ આવાસો માત્ર ગરીબો માટે આયોજન કર્યુ છે એમાં વાલ્મિકી સમાજના લોકો માટે ૧૦,૦૦૦ મકાનોનું આયોજન કર્યુ છે. નેશનલ સ્લમ ડૅવલપમેન્ટ પ્રોજૅકટ ૧૯૯૭-૯૮થી રાજયમાં અમલમાં છે. સ્લમ વિસ્તારોમાં પાણી, ગટર, ટોયલેટ અને વીજળીકરણ માટે ગયા વર્ષે ૨૦૨૮ લાખ રૂપિયાની જોગવાઈ હતી અને એ કામ અત્યારે ચાલુ છે અને એ દિશામાં રાજય સરકાર પણ ખૂબ ચિંચિત છે. વાજપાઈ નગર વિકાસ યોજનાના પૈસા, અનેક નાણા પંચો આ બધી ગ્રાન્ટોના રૂપિયા પણ રાજય સરકાર ગરીબો સુધી પહોંચાડવા માગે છે. ગરીબ લોકો જે શહેરોમાં વસે છે એમના પોતાના વિસ્તારોમાં લાઈટ, પાણી , રસ્તા, સફાઈ, પાણી અને મકાનો મળે એ માટે રાજય સરકાર ચિંતિત છે. "Social Infrastructure vision - ૨૦૧૦" અને આ બાબતમાં પણ રાજય સરકાર વીઝન જાહેર કરી દીધું છે. પાણીનું શુદ્ધીકરણ, પાણી પુરવઠો, ઘન કચરાનો નિકાલ, ગંદા વિસ્તારોની સુધારણા આ બધાને અગ્રતા આપવામાં રાજય સરકારે પોતાની નેમ જાહેર કરી છે કે અમે આ કાર્યો કરીશું. શહેરી ગરીબો માટેની એક "ડુડા" યોજના છે.

શહેરી વિકાસ સંસ્થા એની આ વખતે ૭૦લાખની જોગવાઈ સૂચવી છે. દરેક શહેરની અંદર સી.ટી.બસની સુવિધા મળતી હતી. નગરપાલિકા ખૂબ મોટી ખોટ ખાય અને સી.ટી.બસો ચલાવે પરિણામે રાજય

સરકાર પાસે વારંવાર ગ્રાન્ટ માટે આવવું પડે, લોન માટે આવવું પડે આ ન થાય એ માટે તમામ નગરપાલિકા, મહાનગરપાલિકાને સી.ટી.બસ સેવાનું ખાનગીકરણ કરવાની છૂટ આપી છે. સૌથી અગત્યની વાત ઘરઆંગણે ગેસ મળે, બહેનોને બાટલાની મુશ્કેલી આવતા વર્ષોમાં ન પડે એ માટે સરકારે આ યોજના કરી છે. રાષ્ટ્રીય નદી સુધારણા યોજના હેઠળ સાબરમતી નદી સુધારણા યોજના ચાલુ છે. તાપી માટે પણ સરકારે યોજના ઘડી કાઢી છે. આ માટે ધન્યવાદ. આવતા દિવસોમાં અમુક અમુક શહેરની નગરપાલિકાને મહાનગરપાલિકામાં, કોર્પોરેશનમાં ફેરવવા માગે છે આણંદ, નડિયાદ, વલસાડ વગેરે માટે સરકાર વિચારણા કરી રહી છે. એ માટે ધન્યવાદ. મુખ્યમંત્રીશ્રીની કલ્પના અને અપેક્ષા છે કે દરેક શહેરમાં નક્ષત્ર વન, પુનીતવન, ઔષધિય વન હોવા જોઈએ. જુનાગઢમાં એની તૈયારી કરી રહ્યા છીએ. વન વિભાગના સહકારથી. દરેક શહેરમાં વન થાય સંસ્કૃતિ જીવંત બને એ માટે રાજય સરકાર મહેનત કરી રહી છે.

રાજય સરકાર મારું પેપર સ્વીકારે તો બીજી અગત્યની વાત કરવા માગું છું. કુતરા અને ભુંડની દરેક શહેરમાં મુસીબત છે. જો એને મારી નાખવામાં આવે તો ધાર્મિક લાગણી દુભાય. હું પણ એના મતનો નથી. જો મારી નાખવામાં ન આવે તો કુતરા કરડે. દર વર્ષે ૧૦,૫૦,૦૦,૦૦૦ના તો ઈન્જેકશન માટે આરોગ્ય વિભાગ બજેટમાં જોગવાઈ સુચવે છે. એ સિવાય ખાનગી લોકો ખર્ચ કરે છે. એ વધારે. ભુંડથી ખેતીને નુકસાન થાય. ગંદકી થાય તો મેં પશુપાલન મંત્રીશ્રીને અગાઉ આપ્યું છે, હું અગાઉ બીલ લાવ્યો હતો. કુતરા અને ભુંડ બંનેના ઑપરેશન થાય તો આવતા પાંચ વર્ષમાં એક પણ રખડતું કુતરું કે ભુંડ જોવા નહીં મળે. એના માટે વાસકટોમી અને કયુબેકટોમી બંને કરવા પડે. પશુપાલન વિભાગના જે ડોકટર હોય એ ભાગ લે. દરેક નગરપાલિકા અને મહાનગરપાલિકામાં કામ શરૂ કરવામાં આવે તો જુનાગઢ મહાનગરપાલિકા તરફથી હું જાહેર કરું છું કે જુનાગઢમાં પહેલા જાહેરાત કરવામાં આવે તો પૂરેપૂરી જવાબદારી હું સ્વીકારવા તૈયાર છું. શહેરી વિકાસ અને ગૃહ નિર્માણની વાત કરવા માગું છું. હવા,પાણી ખોરાક અને મકાન એમાં ગરીબ લોકોને મદદરૂપ થવા માટે ૧૯૭૩માં સ્લમ કલીયરન્સ બોર્ડની રચના કરવામાં આવી છે. એ દ્વારા ગરીબ લોકોને મકાન ફાળવવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે. ત્યારે રાજય સરકાર શહેરી વિકાસ મંત્રાલય અને વિભાગ આ બાબતમાં ખૂબ ઝડપ કરે એવી વિનંતી કરું છું. વન વિભાગની હું વાત કરવા માગું છું. રાષ્ટ્રીય અર્થતંત્રમાં વન્ય સંપત્તિનું બહુ મોટું પ્રદાન રહ્યું છે.

**સભાગૃહનો સમય લંબાવવા બાબત.**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માગણી પર ચર્ચા અને મતદાન માટે બે કલાકનો સમય લંબાવવા માટે અને ત્યારબાદ બિનસરકારી સંકલ્પ હાથ ધરવા માટે હું દરખાસ્ત કરું છું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, અમે સંમત છીએ.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનો સમય બે કલાક લંબાવવામાં આવે છે.

**શ્રી મહેન્દ્ર લી. મશરૂ** : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય અર્થતંત્રમાં વન્ય સંપત્તિનું ખૂબ મોટું પ્રદાન રહયું છે. એ જ રીતે રાજયમાં પણ સ્વાભાવિક રીતે મોટું પ્રદાન રહ્યું હોય ત્યારે ગુજરાત રાજયની સ્થાપના ૧૯૬૦માં થઈ. ત્યારે આપણો વન વિસ્તાર ૧૫૨૦૮ ચોરસ કિલોમીટર હતો. આજે ૧૫૪૩૨ ચોરસ કિલોમીટર વન વિસ્તાર છે. માનનીય મંગુભાઈ અને માનનીય દોલતભાઈ મંત્રી હતા ત્યારથી આ વન વિસ્તારમાં વધારો થઈ રહ્યો છે. અત્યારે ૧૩.૨ ટકા વન વિસ્તાર રહ્યો છે. આંતરરાષ્ટ્રીય વન નીતિ પ્રમાણે વન વિસ્તાર કોઈપણ દેશની અંદર ૩૩ ટકા જેટલો હોવો જોઈએ. કમનસીબે આજે આપણો ૩૩ ટકા વન વિસ્તાર નથી, પરંતુ આશ્વાસન લેવા જેવી બાબત જરૂર છે કે ૯ ટકાથી ૧૩ ટકા પહોંચ્યા છીએ, એ માટે વન વિભાગના તમામ કર્મચારીઓ, અધિકારીઓ અને વન વિભાગના મંત્રીશ્રી અને સરકારના તમામ સભ્યશ્રીઓને અભિનંદન આપું છું. ફોરેસ્ટ ગાર્ડથી માંડીને સી.સી.એફ. તથા ક્લાર્કથી માંડીને સચિવ સુધીના તમામ લોકો વનના રક્ષણ અને વનનું જતન કરવા માટેના પ્રયત્નો કર્યા છે, માટે એ ધન્યવાદને પાત્ર છે. હું એવોર્ડ વિષે વાત કરવા માગું છું કે ભારત સરકારે ગુજરાત સરકારને એવોર્ડ આપ્યો છે. જૂનાગઢ વન વિસ્તારમાં વન વિભાગના ડી.એફ.ઓ., અધિકારી તથા સેવાકર્મીઓ એમના દ્વારા થયેલ પ્રયત્નોથી શ્રેષ્ઠ વનીકરણ અને શ્રેષ્ઠ જળસંચયની કામગીરી કરી છે, એ બદલ રાષ્ટ્રીય કક્ષાનો શ્રી ઈન્દિરાગાંધી પ્રિયદર્શીની વૃક્ષ મિત્ર એવોર્ડ ગુજરાતને પ્રાપ્ત થયો છે અને એનું સહભાગી જૂનાગઢ બન્યું છે, એની અંદર આખા ગુજરાતનું સૌથી મોટું જળસંચયનું કામ થયું છે. ૫ કિ.મી. સુધી જળસંચયનું કામ કરીને ૫ કિ.મી. સુધી તળવા ભરી દીધાં છે અને એ પણ બહુ ઓછા ખર્ચમાં. આ અંગે વન વિભાગને હું ધન્યવાદ આપું છું. બીજા પ્રોજેક્ટની વાત કરું તો વન્ય પ્રાણી સંરક્ષણ અને વન્ય સંપત્તિના વિકાસ માટે ભારત સરકારના વન મંત્રાલયનો ગુજરાત ફોરેસ્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ૯૪૪ કરોડનો તા. ૮-૪-૨૦૦૪ ના રોજ અહીથી સાદર કરવામાં આવેલ છે. હું મારા સાથી મિત્રને વિનંતી કરવા માગું છું કે આપ પણ કેન્દ્ર સરકારમાં ભલામણ કરીને આ પ્રોજેક્ટ ઝડપથી પૂરો થાય તો આપણે વન્ય પ્રાણી સંરક્ષણ અને વન્ય સંપત્તિના વિકાસ માટે ઝડપથી કાર્ય કરી શકીએ અને ૯૪૪ કરોડ છૂટા થાય. રાષ્ટ્રીય ઉદ્યાન, અભ્યારણ્યનો વિકાસ, વન્ય સૃષ્ટિનો વિકાસ, ગીર ફાઉન્ડેશન, ગીર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારે ૧૩૮૮ લાખની

જોગવાઈ સૂચવી છે. સામાજિક વનીકરણ યોજના પણ ખૂબ સારી રીતે આ વિભાગ ચલાવી રહ્યું છે. વન મહોત્સવમાં પણ સારી રીતે કામ થઈ રહ્યું છે. વન સંપત્તિ આપણી પાસે મર્યાદિત હોવા છતા બળતણ માટેનું લાકડું દર વર્ષે ૭૨ લાખ ટનની સામે ૧૩ લાખ ટન આપી શકીએ છીએ. કાગળ માટે એક લાખ ટન વાંસ આપે છે. કાથો બનાવવા માટે ૪,૦૦૦ ખેરના વૃક્ષ પણ મળે છે. વન વિભાગ દ્વારા આપણા સૌને માટે ગૌરવ, ગુજરાત માટે ગૌરવ કે આપણા ગીરના લાયન વિષે અનેક ચર્ચાઓ થાય છે, આટલા લાયન એક્સપાયર થઈ ગયા છે, આટલું થયું, આ થયું, પણ મારે કહેવું છે કે ગીરની અંદર લાયનની વસ્તી દિન-પ્રતિદિન વધતી રહી છે. આ માટે વન વિભાગને ધન્યવાદ આપું છું. ૩૫૯ સિંહો આ ગીરના જંગલમાં મુક્તપણે વિહરે છે. કચ્છના રણમાં ઘુડખર મુક્તપણે વિહરે છે. કાળિયાર પણ મુક્તપણે વિહરે છે અને આ રીતે વન વિસ્તાર મર્યાદિત હોવા છતાં ૪૦ જાતના વન્ય પશુઓ ૪૨૫ જાતના પક્ષીઓ અને લુપ્ત થઈ રહેલ ગોરડ, ઘુડખર, ખડમોર એ જાતના ઉભય જીવો આ ગુજરાતના જંગલમાં જીવી રહ્યા છે. ગુજરાતની અંદર ૪ રાષ્ટ્રીય ઉદ્યાનો અને ૨૨ અભયારણ્યો આવેલા છે. ગીર ઈકો ડેવલપમેન્ટ પ્રોજેક્ટ પણ આપણે પૂરો કર્યો છે. સૌની ચિંતા છે કે ગુજરાતની પ્રજાને ચિંતા છે કે ગીરના સિંહોનું સ્થળાંતર થવાનું છે કે નહિ. મને આશા છે કે નથી થવાનું. રાજ્ય સરકારે સંકલ્પ કર્યો છે કે ગીરના સિંહોનું સ્થળાંતર નહિ થવા દઈએ. બહુ સારી વાત છે. મધ્ય પ્રદેશના કુલુના જંગલની અંદર ગીરના સિંહોનું સ્થળતાંતર થાય તો બધા સિંહો મરી જવાના છે, કારણ કે ત્યાની આબોહવા તેમને માફક નહિ આવે. મધ્યપ્રદેશ જંગલ માત્ર ૭૦૦ ચો.કિ.મી. પૂરતું મર્યાદિત છે. ગીરનું જંગલ ૧૪૧૨ ચો.કિ.મી. છે. મધ્યપ્રદેશના કુલુના જંગલની અંદર વાઘ રહે છે અને સિંહ અને વાઘ એક સાથે રહી ન શકે, લડાઈ કરી કરીને મરી જાય.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ માટે મારા મિત્રોને પણ વિનંતી કરવા માગું છું કે કેન્દ્ર સરકારમાં રજૂઆત કરો અને કેન્દ્ર સરકાર આવો આગ્રહ છોડી દે અને સિંહો જે જીવે છે તેમને જીવવા દે. કેન્દ્ર સરકાર સાહેબ રણથંભોર વનની અંદર વાઘોનું રક્ષણ કરી શકતી નથી અને સાહેબ આજે ત્યાં વાઘ સાફ થઈ ગયા છે. જ્યાં જ્યાં સાહેબ વાઘ હતા તે વાઘ સાફ થઈ ગયા છે. તેવી રીતે આ સિંહોને પણ સાફ કરવા માગે છે. અગાઉ ભૂતકાળમાં કેન્દ્ર સરકાર આપણા ગુજરાતના પાંચ સિંહને ચંદ્રપ્રભા અભયારણ્યમાં લઈ ગયા હતા આજે સાહેબ તેમના હાડકાં પણ મળતાં નથી. મિત્રોને વિનંતી કરીશ કે આપ તેમાં સહયોગ આપશો.

સરદાર સરોવર યોજના બન્યા પછી તે વખતે તેમાં ૬ લાખ ૬૦ હજાર જેટલા વૃક્ષો નાશ પામ્યા હતા. આજે વન વિભાગે છ કરોડ જેટલા વૃક્ષો રોપીને તેનો ઉછેર કરીને આજે ૯૦ ટકા વૃક્ષોનું જતન કર્યુ છે. હું વન વિભાગના અધિકારીઓને ધન્યવાદ આપું છું. છેલ્લે સાહેબ વાત કરું વનીકરણની. વનીકરણ જેટલું વધારે થશે અને આપણે ૩૩ ટકાએ પહોંચવું હશે તો વનીકરણ કરવું પડશે. ભગવાનના નામે, સંતોના નામે, આઝાદીના લડવૈયાઓના નામે, શહીદોના નામે, નેતાઓના નામે, અભિનેતાઓના નામે જેના નામે કરવા હોય તેના નામે વનો ઉભા કરવા જોઈએ. આ વનોનું રક્ષણ કરવા માટે વન યુવક દળની સ્થાપના કરીને અને આ વનોનું રક્ષણ કરે તેટલી વાત સાથે માનની મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમને ફરીથી સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૨૬ અને ૨૭ અને આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી જે માગણી ક્રમાંક-૯૬ અને શહેરી વિકાસ મંત્રીશ્રી જે માગણી ક્રમાંક-૧૦૦ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ કલ્યાણ માટે ૧૫ ટકા જે વસ્તી છે તેનો સંપૂર્ણ વિકાસ કરવો હોય તો ટોટલ બજૅટના ૧૭.૫૭ ટકા ગ્રાન્ટ ફાળવવામાં આવે તો જ તેનો વિકાસ સારી રીતે થઈ શકે. આપણું ૩૭,૮૦૧ કરોડનું જે બજૅટ છે તેની સરખામણીએ અત્યારે જે બજેટ ફાળવ્યું છે તે ૧૫૨૨ લાખ અને ૧૮ હજાર છે તે ૪.૨૨ ટકા જેટલું જાય છે. ગયા વખતે જે બજૅટ ફાળવવામાં આવ્યું હતું તેમાં માનનીય મંત્રીશ્રીએ કહેલું કે આ વખતે ખૂબ મોટું બજૅટ લઈને આવ્યો છું. ૧૩૮૭ કરોડ જેમાં સાહેબ ૪૧૪ કરોડ તો ગુજરાત પેટર્નની જોગવાઈ હતી. તેમની સ્પીચ સાહેબ હું આજે લઈને આવ્યો છું. ત્યારે અમને સાહેબ આનંદ થયો હતો. ગુજરાતની સરકારે ખૂબ તાળીઓ પાડી પણ તે બજૅટ ત્યાં દેખાયું નહીં. સાથે સાથે બજેટ તો ત્યાં ન દેખાયું પણ સરકાર પાસે એનું મોનિટરીંગ કરવા માટે વ્યવસ્થા હોય છે તેમાં રાજય કક્ષાએ રાજય આયોજન બોર્ડ હોય છે તે આદિવાસીઓના વિકાસની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને બોર્ડની રચના કરવામાં આવેલ છે. તે બોર્ડ સાહેબ હજી સુધી એકપણ વખત મળ્યું નથી. ૧૯૯૮માં તેની જાહેરાત કરવામાં આવી હતી તેના પછી સાહેબ તે બોર્ડ ઉપર એક સબ કમિટીની રચના કરવામાં આવી. નાણાં વિભાગના અને આદિજાતિ વિભાગના મંત્રીશ્રીના હાથ નીચે કે જે જુદા જુદા વિભાગોમાં કેટલું બજેટ ફાળવવું અને તેનું મોનિટરીંગ થઈ શકે તે માટે કમિટી નીમવામાં આવી હતી અને તે કમિટી પણ એકપણ વખત મળી નથી. સવાલ એ છે કે બજેટ ફાળવવાની વાત થાય અને સાથે સાથે જે વપરાશ થવો જોઈએ તે થઈ શકતો નથી. અમારો વિભાગ તો મને એમ લાગે છે કે તેમાં કોઈકને હવાલે મૂકીને ચાલતો હોય તેવું લાગે છે. આજે સેક્રેટરી પણ નથી. જે છે તે ચાર્જમાં છે. અમારા

વિકાસ કમિશ્નર પહેલાં આઈ.એ.એસ. હતા હવે તેમાં આઈ.એફ.એસ છે. આઈ.પી.એસ. જે અધિકારી છે તે ઉત્સાહી છે તેનો વાંધો નથી. પણ મુશ્કેલી એ છે કે જે ગ્રાન્ટ ફાળવાય તે જુદા જુદા વિભાગોના હવાલે મૂકવામાં આવે છે અને તેના લીધે સીધો અંકુશ રહેતો નથી. મારે અત્યારે નાણામંત્રી છે નહીં અને નાણામંત્રીશ્રીને પણ વિનંતી છે કે આ વિભાગનું ટોટલ જે બજેટ હોય તે આ વિભાગ હસ્તક મૂકવામાં આવે તો વિભાગનું મોનિટરીંગ થઈ શકે અને જુદી જુદી યોજનાઓ છે તેનું અમલીકરણ થઈ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, બિરછા મુંડા ભવનનું જે બાંધકામ કરવામાં આવ્યું તે વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સારી વાત કરી હતી કે ૪ કરોડ ૯૦ લાખના ખર્ચે આ ભવનનું બાંધકામ કરવામાં આવ્યું છે. ગામડાના આદિવાસીને અહીં આવીને રહેવું હોય તો સારી સગવડ ઉભી થવાની છે. ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આજની તારીખે એકપણ ગામડાનો આદિવાસી ત્યાં આવીને રહ્યો છે ખરો? આ જે નાની એક રૂમ છે એને પણ તાળું મારી દીધું છે અને આ જે ભવન છે એમાં અત્યારે બે ઑફિસો કાર્યરત છે, આદિવાસી વિકાસ વિભાગની અને આદિવાસી વિકાસ નિગમની કચેરીઓ ચાલે છે તો આ કોની પરવાનગીથી અને કેવી રીતે આવી એનો જવાબ માનનીય મંત્રીશ્રી જવાબમાં આપે કે ત્યાં આ ઑફિસો આવવાનું કારણ શું છે? આદિવાસીભાઈઓ ત્યાં રહી શકે એ માટેની એ હતી તો આમ કેમ કરવામાં આવ્યું છે ?

સાથે સાથે એનું મેઈન્ટેનન્સનો ખર્ચ, આજે લાઈટબિલને એ બધુ લગભગ એક લાખ રૂપિયાનો ખર્ચ થાય છે આ ખર્ચ આ વિભાગ ઉપર પડે છે ત્યારે મારી વિનંતી છે કે પહેલાં જે જૂની વ્યવસ્થા હતી એ વ્યવસ્થા માનનીય મંત્રીશ્રી કરે તો વધારે સારું.

આદિજાતિ વિકાસ કોરપોરેશનની પણ હાલત લગભગ આવી જ છે, આમ તો આદિવાસીઓનો આર્થિક વિકાસ થાય એમનું સ્તર ઊંચું આવે એના માટે જુદી- જુદી યોજનાઓ લાવીને સહાય આપવાની હોય છે ત્યારે આ જે કોરપોરેશન છે એને લગભગ ૫૦ કરોડનું શેર મૂડી ભંડોળ છે, એમાં ગયા વખતે ૨૦૦૫-૦૬માં ૧૦૦ લાખ રૂપિયાની ફાળવણી કરી હતી એમાં ૫૦ લાખ રૂપિયા વહીવટ માટે અને ૫૦ લાખ શેર મૂડી ભંડોળ માટે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે, આ જે કોરપોરેશન છે એ કોરપોરેશનને અત્યાર સુધી પૂરી રકમ ફાળવી છે ખરી? મારી જાણ પ્રમાણે તો ૨૦ કરોડ ૩૨ લાખ રૂપિયાની જ ગ્રાન્ટ ફાળવી છે આ કોરપોરેશનની હાલત અત્યારે અપૂરતા નાણાંના કારણે ખરાબ હાલત થઈ ગઈ છે. એમાં જે કર્મચારીઓ છે એ કર્મચારીઓને લગભગ ફાજલ કરવાનો વારો આવ્યો છે અને બીજા વિભાગોમાં તો ૨૦ ટકા ફાજલ કરે છે જ્યારે આ વિભાગમાં એવું બન્યું છે કે ૩૦ ટકા કર્મચારીઓને ફાજલ કરવા પડે છે અને કોરપોરેશન પાસે નવું ધીરાણ કરવા માટે નાણાં નથી અને ત્યાં એમ.ડી. પણ નથી, છેલ્લા બે વર્ષથી આ જગ્યા ખાલી છે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આમાં આપ ધ્યાન આપો, આમાં શું મુશ્કેલી છે?

માનનીય અધ્યક્ષશ્રી, મારે તો એ પણ જાણવું છે કે, એ જે કોરપોરેશનના અધિકારીઓ છે એ સીધેસીધા, આમ તો બીજા તો વિભાગ પાસે માગણી મૂકતા હોય છે કે આટલા કર્મચારીઓ ફાજલ કરવાના થાય પણ આમાં તો સીધેસીધા નાણા વિભાગને જાણ કરી દે છે કે આટલા કર્મચારીઓને ફાજલ કરો, તો આ એક ગંભીર બાબત છે, આ બાબતમાં થોડીક વધારે ચિંતા રખાય એ જરૂરી છે.

અમારા નેતાશ્રી વાત કરતા હતા કે ગુજરાત પેર્ટન જે પાંચ -છ વર્ષથી ચાલે છે એની ગ્રાન્ટમાં વધારો અને ઘટાડો થયા કરે છે. ૨૦૦૪-૦૫માં ૩૫ લાખ જેટલો ઘટાડો થયો હતો, ગઈ વખતે થોડીક ગ્રાન્ટ વધારી, ૨૬૨ કરોડ ૫૦ લાખની ગ્રાન્ટ ફાળવી છે પણ આ જે ગ્રાન્ટ ફાળવાય છે એ વપરાય છે ખરી? અત્યાર સુધીમાં જે ગ્રાન્ટ ફાળવી છે ૧૧૪૦ કરોડ રૂપિયા એની સામે ૯૪૫ કરોડ રૂપિયા વાપર્યા છે, જે વિભાગો છે આ વિભાગોમાં, જુદા- જુદા વિભાગો એ ગ્રાન્ટ નથી વાપરતા, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થામાં ૨૫ કરોડ જેટલી ગ્રાન્ટ ફાળવી નથી, આવાસન યોજનામાં ૧૭ કરોડ રૂપિયા ગ્રાન્ટ વપરાઈ નથી શ્રમ અને રોજગારમાં ૬ કરોડ જેટલી ગ્રાન્ટ વપરાયા વગરની રહી છે, કૃષિ પાક વ્યવસ્થામાં ૬ કરોડ રૂપિયાની ગ્રાન્ટ વપરાઈ નથી, ભૂમિ અને જળ સંચય એ તો આદિવાસી વિસ્તાર માટે બહુ જરૂરી છે એવા વિસ્તારમાં પણ ૧૨ કરોડ જેટલી ગ્રાન્ટ વપરાઈ નથી, પશુપાલનમાં પણ ૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ વપરાઈ નથી, મત્સ્યોદ્યોગ માટે ૨ કરોડ અને વન વિભાગ એ તો આદિજાતિ સાથે જોડાયેલો ભાગ છે એમાં પણ ૭ કરોડ રૂપિયા વણવપરાયેલા રહ્યા છે. ગ્રામ વિકાસમાં પણ ૬ કરોડ રૂપિયા અને નાની સિંચાઈ માટેની અમે દરેક વખતે વાત કરીએ છીએ કે આ વિસ્તારો માટે સ્પેશિયલ કોઈ ગ્રાન્ટ આપો પણ જે ગુજરાત પેટર્નની ગ્રાન્ટ છે એ લગભગ ૫૪ કરોડ રૂપિયા જેટલી એ પણ વપરાયા વગરની રહી છે, આ જે આંકડા હું કહું છું એ આ ચોપડીમાં આપેલા છે એમાંથી જ વાત કરું છું.

રસ્તા અને પુલો, એ અંગે વાત કરું તો અમારા આદિવાસી વિસ્તારમાં રસ્તા બનાવડાવો, આજે ખાડા-ખુટા થઈ ગયા છે, માનનીય મંત્રીશ્રી, જાડેજા સાહેબ દર વખત કહે છે કે ટ્રાઈબલ ગ્રાન્ટ છે, માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાયબલમાં જે ગ્રાન્ટ હોય છે. એમાં ગુજરાત પેટર્નમાં પણ ૬ કરોડ રૂપિયા વણવપરાયા વગરના રહ્યા છે, શિક્ષણમાં પણ શિક્ષણ સારું મળે એ આપણે સૌ ઇચ્છીએ છીએ પણ એની અંદર પણ ૧૯ કરોડ

રૂપિયા જેટલી રકમ વણવપરાયા વગરની રહી છે, આ બધી જ્યારે હું વાત કરું છું ત્યારે એની સાથે- સાથે એ પણ કહું છું કે આ જે ગ્રાન્ટ છે એ ગ્રાન્ટ વાપરવા માટે એક આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રીના અધ્યક્ષપણા નીચે એક કમિટી નીમવામાં આવી હતી એ લગભગ ત્રણ વર્ષ પહેલાં ૨૦૦૩માં નીમી હતી પણ એ કમિટી નિયમિત મળતી નથી અને એ ન મળવાને કારણે એનું વ્યવસ્થિત મોનિટરીંગ થતું નથી એટલે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આ વિભાગના પૈસા છે એ પૈસા વ્યવસ્થિત વપરાય, એમાં મુશ્કેલી શું થાય છે કે આદિજાતિ માટે બજૅટ ફાળવાય પણ આદિજાતિ વિકાસ વિભાગ છે એ પોતાની જરૂરિયાતને ખ્યાલમાં રાખે. મુશ્કેલી શું થવાની કે આદિજાતિ માટે બજૅટ ફળવાય, પણ અમારો જે આદિજાતિ વિકાસ વિભાગ છે એ પોતાની જરૂરિયાતનો ખ્યાલ ન રાખે એટલે બીજા વિભાગો પોત પોતાની રીતે યોજના બનાવે એનો પણ વાંધો નથી. એ યોજના પોતા-પોતાની રીતે બનાવે કારણ કે એને પોતાના વિભાગનો વિકાસ કરવો છે એટલે એ યોજના બનાવે પણ સવાલ એ છે કે આદિવાસીઓના વિકાસ માટે એની જે જરૂરિયાત છે એનું ધ્યાન રાખવા માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. ખાસ કરીને આ વખતે એમાં જે ફાળવણી કરવામાં આવી છે એની વાત કરું છું. પે સેન્ટરો માટે, શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે, ૫૦ ઝેરોક્ષ મશીનો ખરીદવા માટે એમાં ૨૫ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, એનો પણ વાંધો નથી. પરંતુ જે આદિવાસી વિસ્તારો છે એમાં શિક્ષણ સુધારવા માટે શિક્ષકો નથી ત્યારે ત્યાં ધોરણ પ્રમાણે શિક્ષકોની જરૂરિયાત છે એને બદલે આ ઝેરોક્ષ મશીનો ખરીદવામાં આવ્યા છે આપણે કહીએ છીએ કે છોકરાઓ વાંચી નથી શકતા, લખી નથી શકતા, કેવી રીતે વાચી-લખી શકે એ બાળકો? કેમ કે, એક જ ધોરણમાં નિયમ પ્રમાણે ૬૭ છોકરાથી વધુ સંખ્યા હોય તો જ બીજો શિક્ષક મળે છે. આમાં પણ ટ્રાયબલ વિસ્તાર માટે નિયમમાં સુધારો કરવો જોઈએ અને ધોરણવાઈસ શિક્ષકો આપવા જોઈએ તો જ આ છોકરાઓનું શિક્ષણ સુધરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, નોડલ સ્કૂલો માટે, શાળામાં નોડલનું એક વાતાવરણ ઊભું થાય એના માટે ૬૦ કરોડ, સરકારી શાળાઓમાં કૉમ્પ્યુટર અને હાર્ડવેર ખરીદવા માટે ૧૯ કરોડ, શિક્ષકોની હાજરી માટે ૧૪૪ લાખ, ખાનગી સંસ્થાઓમાં અત્યારે પરિસ્થિતિ એવી છે કે ગાંધીનગર કે અમદાવાદ છોકરાઓ આવે એમને હોસ્ટેલની સગવડ મળતી નથી. આ ખાનગી શાળાઓમાં મંત્રીશ્રી જરા જુએ કે ખાનગી શાળાઓમાં બિન આદિવાસી વિસ્તારોમાં ૪૦ વર્ગો શરૂ કરવા માટે ૮૦ કર્મચારીઓ-શિક્ષકો લેવા માટે ૩૫ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવનાર છે. આ બાબત પણ ગંભીરતાથી માનનીય મંત્રીશ્રી જુએ. આવું જ ગોધરા ખાતે ડિપ્લોમાં અભ્યાસ ક્રમ ચાલુ કરવાના છે એના માટે પણ ૪૩ લાખની ફાળવણી કરવામાં આવી છે, આદિજાતિ વિસ્તારોમાં ડેન્ટલ ચેર ખરીદવા માટે જોગવાઈ કરવામાં આવી છે પણ પી.એચ.સી.માં કોઈ જગ્યાએ ડેન્ટલ ડૉકટર હોતા જ નથી ત્યારે ડેન્ટલ ચેર ૩૫ લાખ રૂપિયાના ખર્ચે શા માટે ખરીદવાના છો ? ત્યાં કોઈ આવી સગવડ જ હોતી નથી તો શા માટે ખોટા પૈસા તમે આ રીતે વાપરો છો એ મને ખ્યાલ આવતો નથી. આ માટે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, જ્યાં જરૂરિયાત હોય ત્યાં તમે ચોક્કસ વાપરો પણ બિનજરૂરી પૈસા વાપરવા ન જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાની હૉસ્પિટલ માટે અલગ કૉર્પસ ફંડ અને રોગી કલ્યાણ સમિતિ માટે પણ ૧૨ લાખ, વ્હીલ ચેર અને સ્ટ્રેચર ખરીદવા માટે બીજા ૧૨ લાખ રૂપિયાની જોગવાઈ છે એ સિવાય લીનન ખરીદવા માટે, નવાઈની વાત છે જૈવિક તબીબી કચરાના નિકાલ માટે, ઓલરેડી અવેજીમાં સાધનો છે છતાં ૩ જિલ્લાઓ અને ૬ તાલુકાઓ માટે ઈન્સીસનેટર ખરીદવા માટે વધારાની આ જોગવાઈ કરવામાં આવી છે. મંત્રીશ્રી આમાં ખાસ જુએ કે આમાં આપવાની જરૂરિયાત છે કે કેમ? હડકવાની રસી મળતી નથી અને ગમે ત્યાં જઈએ તો બી.પી.એલ. કાર્ડ માગવામાં આવે છે ત્યારે મારે કહેવું છે કે આવો ખર્ચ કરે છે ત્યારે આ રસી માટે વધારે ખર્ચ કરવો જોઈએ. અત્યાર સુધીમાં ઘન કચરાનો નિકાલ થતો હતો એ ચાલતું હતું. પણ જરૂરી છે નવા પેલા પ્રમાણે એ બરાબર છે પણ આપે જે પૈસા વાપરવાના છે એમાં થોડું ધ્યાન રાખવાની જરૂરિયાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આયુર્વેદની વાત કરું તો આયુર્વેદિક દવાખાના છે એમાં નવી જગ્યાઓ ઊભી કરવાની વાત કરી છે, એના માટે અને એમાં ખાસ કરીને ચિત્રો, પ્રદર્શન એના માટે આટલો બધો ૩૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવાની વાત કરી છે એમાં ગંભીરતાથી વિચારે, જરૂર હોય ત્યાં ચોક્કસ કરે પરંતુ બિનજરૂરી ખર્ચ ન કરે, આ પૈસા શેના માટેના છે? શિબિર, દ્રષ્ય-શ્રાવ્ય પ્રદર્શનો, ચિત્રો, બૅનર, ચોપાનિયા એના માટેના પૈસા છે. આ ન હોવું જોઈએ એટલા માટે મારે કહેવાની જરૂર પડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચકર્મ, ગામડાંમાં કદાચ ઓછું ચાલતું હશે. રાજપીપળા ખાતે સાધન-સામગ્ર માટે પણ ૫૦ લાખ રૂયિપાની ફાળવણી કરવામાં આવી છે. મચ્છરદાનીઓ માટે ૨૮૦ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે એના માટે પણ વિચાર કરવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી તો વિનંતી છે કે, જુદા જુદા વિભાગોની જરૂરિયાત છે એ પોતે ચાલુ કરે છે પણ આપ નથી જોતા. વન વિભાગમાં જરૂરત છે ૧૬ નવી જગ્યાની તો એના માટે ૩૪ લાખ રૂપિયા, ૧૨માં નાણાપંચમાં રસ્તાઓનું વાઈડિંગ કરવાનું છે એના માટે ૨૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી અનિલભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે. મારે એક જાહેરાત કરવાની છે કે, આજ રોજ ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા વિધાનસભાના ચોથા માળે આવેલ સમિતિ ખંડ-૧માં સભાગૃહના વિરામ સમયની શરૂઆતમાં રાખવામાં આવી છે. એમાં દરેક સભ્યશ્રીએ અચૂક હાજરી આપવા વિનંતી.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરૂ અધ્યક્ષસ્થાને**

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ (કામરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ચાર વિભાગની માગણીઓ આ સભાગૃહની અંદર આવી છે, વન અને પર્યાવરણની માગણી નંબર-૨૬ અને ૨૭ અને આદિજાતિ વિભાગની માગણી નંબર-૯૬ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની માગણી નંબર-૧૦૦ લઈને માનનીય મંત્રીશ્રીઓ આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઊભો થયો છે અને સમર્થનની સાથે સાથે મારાં સૂચનો પણ હું રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ માગણીઓ જ્યારે ગૃહમાં આવે છે ત્યારે ટીકાઓ પણ થાય છે અને સમર્થન પણ મળે છે. આ રાજય સરકારે જ્યારથી સત્તાના સૂત્રો સંભાળ્યા છે ત્યારથી આદિવાસી વિસ્તાર હોય, ગામડાનો વિસ્તાર હોય, શહેરી વિસ્તાર હોય એ દરેક ક્ષેત્રની અંદર આ સરકારે ખૂબ સારી કામગીરી કરી છે અને એને કારણે આ બજૅટ જ્યારે અત્રે રજૂ કરવામાં આવ્યું છે ત્યારે માનનીય રાજયપાલશ્રીએ પણ એમના પ્રવચનની અંદર ખૂબ સમર્થન આપીને આ રાજય સરકારને અભિનંદન આપેલા છે ત્યારે આ સભાગૃહની અંદર બજૅટની ઉપર-માગણીઓની જ્યારે ચર્ચા થાય ત્યારે સારી વાતને સમર્થન મળવું જ જોઈએ એ માટે આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું. ટીકાઓ કરવાથી વિકાસના કામો અટકી જવાના નથી. વિકાસની ગતિ દિવસે દિવસે આ રાજય સરકાર ખૂબ ઝડપથી આગળ વધારી રહી છે ત્યારે વિકાસની અંદર• (xxxxx) નાંખવાનું બંધ થાય એવી સભાગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું.

**સભાપતિશ્રી** : આ શબ્દ રદ કરવામાં આવે છે.

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ, આદિવાસી લોકો અંબાજીથી ઉમરગામ સુધીના અગિયાર જિલ્લાઓની અંદર મોટાભાગે રહે છે. એ જિલ્લાઓની અંદર ખૂબ વિકાસ થયો છે. આરોગ્યની દૃષ્ટિએ, જ્યોતિગ્રામની દૃષ્ટિએ, પાણી પુરવઠાની દૃષ્ટિએ દરેક વિભાગની અંદર ખૂબ સારી કામગીરી આ રાજય સરકારે કરેલી છે. વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા જ્યારે પ્રવચન કરતા હતા માગણીઓ પર ચર્ચા કરતા હતા એની હું કોઈ ટીકાટીપ્પણ કરવા માગતો નથી પણ મને દુઃખ થાય છે કે આપણા મુખ્યમંત્રીશ્રી અને ગુજરાતને નંબર- વન મળેલ છે એનાથી સામે બેઠેલા મારા મિત્રોને કેમ બળાપો થાય છે એ મને સમજ નથી પડતી અને મારે એ પણ યાદ અપાવવું છે કે, માનનીય અમરસિંહ આજે આ સભાગૃહની અંદર નથી એ પોતે મંત્રી અને મુખ્યમંત્રીશ્રી તરીકે રહી ચૂક્યા છે અને ૨૫-૩૦ વર્ષ સુધી આ સભાગૃહની અંદર પ્રતિનિધિત્વ કરેલ છે, એમણે આદિવાસી વિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ છે અત્યારે પેટા ચૂંટણી હતી વિધાનસભાની એ ચૂંટણીની અંદર અમે લોકો પ્રચાર માટે અમારા ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારના પ્રચાર અર્થે ગયા હતા તો એ વિસ્તારની અંદર અમરસિંહભાઈનો મત વિસ્તાર વ્યારા એની પેટા ચૂંટણીની અંદર અમે લોકો ગામડામાં ગયા એમનું ગામ ડોલવણ છે એમનું જન્મ સ્થળ છે એ,

**સભાપતિશ્રી .** : માનનીય પ્રવીણભાઈ એનો ઉલ્લેખ રહેવા દો, એનો ઉલ્લેખ ના કરો.

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ** : આદિવાસી વિસ્તારનો જે વિકાસ થવો જોઈએ ગામડાંઓની અંદર તે અમે લોકોએ જોયો નથી અને ત્યાંના લોકોએ પણ ખૂબ રજૂઆતો કરી આટલી બધી મુશ્કેલી એક વાતનું ધ્યાન દોરું કે અત્યારે ઉકાઈ ડૅમ તો બહુ વર્ષોથી બનેલો છે પણ વ્યારા વિભાગની અંદર જે આદિવાસી લોકો રહેતા હોય છે મોટાભાગના ખેડૂતો તે ખેડૂતોને તેને ઉકાઈનું પાણી ખૂબ ઓછું મળે છે તો તેને માટે આ રાજય સરકાર ૧૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરી અને નવી કેનાલ મારફતે ત્યાંના આદિવાસીઓને હજારો એકરની અંદર પાણી મળે તે માટેનું આયોજન કર્યુ અને તે માટેનું કામ પણ ચાલે છે. તે એટલો અવિકસિત વિસ્તાર હતો અને તેને કારણે પાણીની મુશ્કેલી ઘણી બધી પડતી હતી તેમ છતાં પણ અત્યારે પાણી માટેનું ખૂબ સારું આયોજન પાણી પુરવઠા મારફતે, જૂથ યોજના મારફતે ૨૫-૨૫ ગામડાંઓને પાણી મળે તે માટેનું આ રાજય સરકારે આયોજન કરેલું છે ત્યારે આ રાજય સરકારને અભિનંદન તો આપવા જ જોઈએ. બીજી એક વાત કરવા માગું છું કે, અત્યાર સુધીની રાજય સરકારો ચાલતી હતી આદિવાસીઓની ચિંતા, કોંગ્રેસના મિત્રો તે આદિવાસીઓની ચિંતા ખૂબ ગળા ફાડી ફાડીને બોલે છે પણ આદિવાસીઓને વધારેમાં વધારે આ

---

• (xxxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યો છે.

આદિવાસીઓના બાળકોનો વિકાસ થાય આદિવાસીઓ માટેની સાત જેટલી યોજનાઓ છે તેના માધ્યમથી આદિવાસી વિસ્તારોની અંદર ખૂબ સારી રીતે પ્રગતિ અને વિકાસના કામો થાય તે માટેની બધી યોજનાઓ કાર્યરત છે અને આજે હું ગર્વથી કહેવા માગું છું કે, વિદેશમાં ભણવા જવા માટે પણ ૨૦ વિદ્યાર્થીઓના ખર્ચ માટેની જોગવાઈ આ રાજ્ય સરકારમાં કરવામાં આવેલ છે ત્યારે આ રાજ્ય સરકારને હું અભિનંદન આપવા માગું છું.

મારે એક બે સૂચનો કરવાં છે. અત્યારે આ ગ્રામસભાઓની અંદર જે પ્રશ્નો આદિવાસી વિસ્તારની અંદર પ્રશ્નો આવે છે તેમાં પણ આદિવાસી વિસ્તારની અંદર જે આદિવાસી ગરીબ લોકો રહે છે તેના વિકાસ માટે જે પડતર પ્રશ્નો છે તેને પ્રાયોરિટીમાં લઈને તે કામો વહેલી તકે પૂરાં થાય તે માટેનું કામ આયોજનબધ્ધ રીતે કામ આ વિભાગમાં ચાલી રહ્યું છે. પેટા પરા વીજળીકરણ માટે કંપનીને કામ સોંપવામાં આવેલ હતું તે કંપનીમાં ૪૨ કરોડ રૂપિયા ફાળવેલા હતા અને તે કામ અત્યારે બાકી પણ ૧૫ કરોડ રૂપિયા બાકી પડેલા છે એમને એમ તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે. આ જે ૧૫ કરોડ પડેલા છે તે આ પેટા પરા વીજળીકરણમાં પૈસા વપરાય એવી વિનંતી કરું છું અને માગણીઓને સમર્થન આપીને વિરમું છું.

**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૨૬, ૨૭, ૯૬ અને ૧૦૦ લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. આદિજાતિ મંત્રીશ્રી, વન અને પર્યાવરણની જ્યારે આપણે અહીંયા વાતો કરીએ આદિવાસીઓની ગુજરાતની અંદર ટકાવારી જોઈએ તો જે બજૅટની અંદર જોગવાઈઓ કરવી જોઈએ તે મારી દ્રષ્ટિએ આ સરકાર માત્ર જાહેરાતો કરે છે. મારે કહેવું જોઈએ માનનીય મુખ્યમંત્રીશ્રી અને વન મંત્રીશ્રીએ ગયા વખતે ૨૦૮ કરોડ કર્યા ત્યાર પછી ૪૧૪ કરોડ અને ગુજરાત પેટર્નની અંદર જાહેર કર્યા આજે તેમાંથી મારા વિરોધપક્ષના નેતાશ્રી અને અનિલભાઈ જોષીયારાએ આંકડા સાથે આપ્યા છે. હું પણ આંકડા સાથે આપી શકું. જે ખર્ચો, જે આયોજનો, ગામડાંનો વિકાસ જે થવો જોઈએ તેની માનનીય મંત્રીશ્રી જો ચિંતા કરે તો મને લાગે છે ત્યાં સુધી આ માઈનસમાં આપણે નહીં જઈ શકીએ. દર વર્ષે બજેટમાં આપણે વધારો કરીએ, જાહેરાતો કરીએ અને ખર્ચ કરવાનો આવતો હોય ત્યારે આપણે પાછળ જઈએ. ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ બાબતે ખરેખર ગુજરાતની અંદર જે આપણે ૧૫ ટકા આદિવાસી વિસ્તારો છે તેને માટે ચિંતા કરવી જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વાત કરવી છે કે ગયે વખતે ગૌણ સેવા પસંદગીના ઈન્ટરવ્યુ લેવાયા, બધું થયું, પણ સાહેબ, આજસુધી એ ભરતી ભરાઈ નથી. એ ટ્રાયબલની જગ્યાઓ છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ બાબતે મને ગૃહમાં ખાતરી આપે.

બીજી વાત એ કરવી છે કે ટ્રાયબલ વિસ્તારો માટેની ગ્રાન્ટ ગુજરાત પેટર્નમાં ફાળવાતી હોય, એ આયોજન થતું હોય, એ પ્રમાણે હજુ પણ ખર્ચ થઈ શકતો નથી. ઘણા બીજા કામો પણ છે. આજે સિંચાઈ, ખેતીવાડી, એવા અનેક કામોને ટ્રાયબલમાં સમાવેશ કરી શકાય. મહારાષ્ટ્ર સરકારે કર્યા છે. એટલે મંત્રીશ્રીને વિનંતી છે કે મહારાષ્ટ્ર સરકાર જયારે આવા આદિવાસી ખેડૂતોને ૫ એકર જમીન લેવલીંગ મફત, પાઈપલાઈન કરવાની, વીજળી મફત, ત્યારે ગુજરાત સરકાર ગુજરાત પેટર્નમાં આ જોગવાઈ કરે એવી મંત્રીશ્રીને મારી ખાસ વિનંતી છે.

આપણે દર વખતે જંગલની ચિંતા કરીએ છીએ. આ હાઉસમાં દરેક માનનીય સભ્યશ્રી અને સરકાર પણ ચિંતા કરે છે. આપણે આંકડાની દૃષ્ટિએ જોઈએ, તો ગુજરાતમાં ૩૩ ટકા જંગલ હોવું જરૂરી છે. એની જગ્યાએ ૯ પોઈન્ટ બતાવીએ છીએ, પણ મંત્રીશ્રીને મારી ફરી વિનંતી છે કે આપ ફરી સરવે કરાવો. ગુજરાતમાં માત્ર દક્ષિણ ગુજરાતમાં જંગલ છે. દક્ષિણ ગુજરાતમાં જંગલ હોય, ત્યારે એનું રક્ષણ કરવું હોય તો મંત્રીશ્રીને વિનંતી છે કે જયારે આના માટે ભરતી, પૂરતો સ્ટાફ, સુવિધાઓ આજની ઘડીએ મને લાગે છે ત્યાં સુધી ફોરેસ્ટ ખાતાના બીટગાર્ડ, ફોરેસ્ટરથી માંડીને દરેક કચેરીમાં કારકુન પણ ભરતા નથી. એટલું જ નહીં, વાયરલેસ સેટ આપ્યા છે, એ બધી વાત સાચી છે, છતાં દિવસે દિવસે જંગલ કપાતા જાય છે. જંગલ કપાતા હોય, ત્યારે મંત્રીશ્રીને પણ ચિંતા હોય, દરેકને હોય, પણ મારી વિનંતી છે કે આજે દક્ષિણ ગુજરાતમાં ડાંગ જિલ્લો મારે કહેવું જોઈએ કે ૧,૦૮,૦૦૦ હેકટર રીઝર્વ ફોરેસ્ટ છે. એમાં પણ જોઈએ તો ઓછામાં ઓછા ૧૭ હજાર હેકટર જમીન રીઝર્વ કપાઈ રહી છે. અમે અવારનવાર રજૂઆતો કરી છે. માલિકીની જમીન અને રાજય સરકારે, ભારત સરકારે જે જી.આર. કરેલો છે કે ૧૯૮૦ સુધી જે આદિવાસીઓ જમીન ખેડતા હોય, એને અઢી એકર જમીન આપવાની. આ વખતે કેન્દ્ર સરકારે પણ બહાર પાડેલ છે. સાહેબ, બહારથી કેટલાક લોકો ભાડેથી આવીને ડાંગમાં એનો સરવે કરીને ગૃહ મને ખાતરી આપે, તો એટલે જે નકસલવાદ ઉભો થતો હતો. આજે ડાંગ છે. આવતીકાલે બીજા જિલ્લામાં પણ આવવાનો. આપના દ્વારા મંત્રીશ્રીને વિનંતી છે કે જયારે અમે બધાએ આ જિલ્લાના અધિકારીઓ સાથે વાત કરી હતી, પણ સરકારનો સપોર્ટ ન હોય તો શું કરી શકાય? અગાઉ ૧૪ ગામોમાં પ્રવૃત્તિ હતી, ત્યારે ગૌરવથી કહેવું પડે કે તે વખતના વનમંત્રી શ્રી મોહનસિંહ રાઠવા અને અમે ૧૪ ગામોની રેલી કાઢીને લોકોને સમજાવ્યા. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો મારી શરૂઆત છે.

**સભાપતિશ્રી** : એક જ મિનિટમાં પૂરું કરો.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : ત્યારે અમે મંત્રીશ્રી અને તમામ ન્યાતના આગેવાનો, અધિકારીઓ સાથે લોકો પાસે જઈને લોકોને સમજાવ્યા અને એ બંધ કરાવ્યું. ત્યારપછી દિવસે દિવસે આજે ૧૪ ગામો હતા, એને બદલે ૧૮૩ ગામોની અંદર થઈ રહેલ છે. એટલે માનનીય મંત્રીશ્રી આ બાબતે વિચારે અને જંગલ ખાતું આ બાબતે સજાગ થાય એવી મારી વિનંતી છે.

બીજી વાત છે કે ગઈ સરકારે ૫૦ ટકા, માનનીય ચીમનભાઈ પટેલ વખતે અમને માલિકી મળી હતી. માનનીય શંકરસિંહજી વાઘેલા વખતે ૧૦૦ ટકા મળી હતી. માનનીય મંગુભાઈ આવ્યા એટલે એમ કહી દીધું કે આદિવાસીઓનું કલ્યાણ કરવા માટે. કોમ્પ્યુટરમાં નંબર આપી દીધા છે એની સામે મને વાંધો નથી, પરંતુ જે અમારી માગણીઓ છે, જે અમારી અરજીઓ છે એમાં આજે અમારી ૯૭૫ અરજીઓ પડેલી છે. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો મારે વન વિભાગમાં વાત કરવાની છે અને આપણે સમય પણ વધારેલો છે અને મારી વિનંતી છે કે મને વધારે સમય આપવામાં આવે.

**સભાપતિશ્રી** : માનનીય માધુભાઈ, મારી વાત સાંભળો, હજુ ઘણન સભ્યશ્રીઓ બોલવાના છે અને પછી બિન સરકારી સંકલ્પો છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય મંત્રીશ્રી આપ જયારે આ આદિજાતિ વિકાસ વિભાગ સંભાળો છો એનું અમને ગૌરવ છે, પરંતુ આ જે બધી યોજનાઓ છે એનો અમલ થાય એવી મારી વિનંતી છે.

**શ્રી કાંતિભાઈ ભા. તડવી (સંખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૨૬ અને ૨૭, આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી માગણી નંબર: ૯૬ અને શહેરી વિકાસ મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૧૦૦ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે અને એના ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૦૭ ના અંદાજપત્રમાં વન વિભાગની સેવા પૂરી પાડવા માટે લગભગ રૂા. ૧,૨૬,૧૫,૭૫,૦૦૦/- વન નિર્માણ અને પ્રાણી જીવન સાચવવા માટે જોગવાઈ કરી છે. ૨૦૦૬-૦૭ ના કુલ બજેટના ૨,૧૫,૭૮,૭૫,૦૦૦ની રકમ સામે ખર્ચ અંદાજે રૂા. ૨,૧૨,૨૬,૭૫,૦૦૦/- મંજૂરી માટે મૂકયા છે. ગુજરાત રાજયમાં વન વિસ્તારનું પ્રમાણ ફોરેસ્ટ સરવે ઓફ ઈન્ડિયાના ૨૦૦૩ના રિપોર્ટ અનુસાર ૯.૭૩ ટકા હતો ત્યારબાદ ૨૦૦૬ ની સ્થિતિ સુધી ૧૪૯૪૬ ચોરસ કિલો મિટર વૃક્ષાચ્છાદિત અને વન વિસ્તારની બહાર ૧૦૫૮૬ ચોરસ કિલો મિટર વૃક્ષાચ્છાદિત વિસ્તાર છે જે ૧૩.૨ ટકાનો વધારો થયો છે. છેલ્લા ૧૦ વર્ષમાં લગભગ ૫ ટકા આ વનમાં વધારો થયો છે. ૨૦૦૫-૦૬ માં વન વિભાગ તરફથી ૨૦ મુદ્દાના કાર્યક્રમમાં ખાનગી જમીનો અને વન મહોત્સવ વાવેતર માટે ૧૮૦૫.૨૭ લાખ રોપાઓનું વિતરણ કર્યુ છે,જે ૯૦ ટકા સિધ્ધિ છે. ૨૦૦૬-૦૭ માં ગુજરાતને હરિયાળું બનાવવા માટે ૧૬૧ કરોડ ૪૪ લાખ રૂપિયાની જોગવાઈ કરી છે જેમાં ૬૨૫૯૪ હેકટર વિસ્તારમાં વન વિસ્તાર અને વન વિસ્તારની બહાર વાવેતર કરવમાં આવશે. ફળાઉ વૃક્ષોના વાવેતર માટે ૨૦૦૬-૦૭ માં રૂાપયા ૬ કરોડની જોગવાઈ કરી છે, વન વસાહત વિકાસમાં રાજયમાં ૪૧૦૬૬ ની વસતિ સાથે ૧૯૯ વન વસાહતો કરી છે અને આ ગામોમાં મહેસૂલ કે પંચાયત બેની કામગીરી અધિકાર ક્ષેત્રમાં ન આવતી હોઈ જીવન જરૂરી સગવડ એમાં પીવાનું પાણી, શાળા, રસ્તા, આરોગ્યની સગવડ પર્યાપ્ત નથી. આવી વસાહતોમાં રહેતા રહેવાસીઓને ખેતીના વિકાસ માટે આર્થિક સહાય અને કોઈ પણ પ્રકારની લોન મળતી નથી, આ રહેવાસીઓના વિકાસ માટે કેન્દ્ર સરકારની સહાયથી આ યોજનાઓ માટે વર્ષ ૨૦૦૫-૦૬ માં રાજય આયોજન હેઠળ ૧૪.૮૨ લાખ અને ૨૦૦૬-૦૭ માટે રૂા. ૨૫ લાખની જોગવાઈ વધારે સૂચવી છે, વન્ય પ્રાણીઓના સંરક્ષણ માટે ૨૦૦૪-૦૫ માં રૂા. ૧૯ કરોડ ૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો, ૨૦૦૬-૦૭ માં ૨૨ કરોડ ૪૯ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો જે ૩ કરોડ ૪૫ લાખ રૂપિયાનો વધારો સૂચવે છે. ભેજવાળી જમીનમાં સંરક્ષણ માટે ૨૦૦૪-૦૫ માં ૪૩ લાખ ૮૦ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો એની સામે ૨૦૦૬-૦૭ માં ૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે, અન અધિકૃત ખેડાણને નિયમિત કરી વળતરરૂપ વનીકરણ કરવા માટે ૨૦૦૪-૦૫ માં રૂા. ૧૦,૭૦,૫૯,૦૦૦/- ની રકમ મૂડી ખર્ચમાં મૂકવામાં આવી હતી જે ૨૦૦૬-૦૭ માં ૨૦ કરોડ ૧૪ લાખનો મૂડી ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૌણ વન પેદાશની વાત કરું તો વન વિકાસ નિગમની સ્થાપના ૧૯૭૬ માં કરવામાં આવી હતી, કેટલાંય વર્ષો સુધી કોંગ્રેસનું શાસન રહયું.માનનીય અધ્યક્ષશ્રી, મારા ભાગે ૨૦૦૦ ની સાલમાં મને આ નિગમના ચેરમેન તરીકે રહેવાનો અવસર મળ્યો હતો. તે વખતે પણ આ નિગમ ખોટ કરતું હતું, તે સમયે માનનીય મુખ્ય મંત્રીશ્રી કેશુભાઈ પટેલ હતા તેમણે મને કહેલ કે આ નિગમ બંધ કરવાનું છે અને બંધ કરવાના નિગમોની યાદીમાં તેનું નામ છે. ત્યારે મેં કહેલ કે આ નિગમ આદિવાસીઓના ઉત્થાન માટેનું નિગમ છે, એટલે તેને બંધ કરવામાં આવે તે ઠીક નહીં રહે. તેથી એમણે મને તક આપી અને આ નિગમનો વહીવટ મને સોંપ્યો. આ સમયગાળા દરમિયાન ૨૦૦૦ થી ૨૦૦૩ના વર્ષમાં જે નિગમ એ વખતે ૭૬ થી ૮૦ લાખ રૂપિયા ખોટ કરતું હતું તે, હાલમાં હવે તેના ત્રણ વિભાગ છે, વઘઈ પાસે નવતાડમાં જે યુનિટ

છે, વનીલ તેમાં ફરનિચર અને બારી બારણા બનાવવામાં આવે છે, પાનમ વિસ્તારમાં નિલગીરીનો ઉચ્છેર કરવામાં આવે છે અને પોરમાં આયુર્વેદિક ઔષધો માટેનું યુનિટ આવેલું છે. અત્યારે આ નિગમ સવા થી દોઢ કરોડનો નફો કરે છે તેવી મને જાણકારી મળેલી છે. એટલે ૪૫ વર્ષના કોંગ્રેસના શાસનમાં તે વખતના જે કોઈ ચેરમેનો હતા, તેમણે કોઈ ચિંતા કરી નહોતી. બાકી ૩ વર્ષમાં આટલી પ્રગતિ થઈ શકતી હોય તો આદિવાસીઓની ચિંતાની વાતો કરનારા મારા આ મિત્રોએ જો થોડી ઘણી ચિંતા કરી હોત તો આજે પરિસ્થિતિ જુદી હોત. હવે મારે થોડાક સૂચનો કરવા છે તે કરીને હું મારી વાત પૂરી કરીશ. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી કહે છે કે લોકસભામાં હવે એમનો પક્ષ રાઈટ ટુ ફોરેસ્ટનું બિલ લાવવાનો છે. છેલ્લા ૪૫ વર્ષમાં કોંગ્રેસના મિત્રો સાથે અમે પણ બેઠેલા હતા તેઓની સત્તા હતી ત્યારે બિલ લાવતા કોણ રોકતું હતું? તે સમયે તેઓ આવું બિલ લાવી શકયા હોત અને આદિવાસીઓનું કલ્યાણ કરી શકયા હોત. ધર્મના નામે વાતો કરવાનું બંધ કરો તેવું તે લોકો અમને કહે છે, પરંતુ તેમને ખબર નહીં હોય કે આદિવાસી લોકોને લોભ, લાલચ આપી અને ફોસલાવી અને હિન્દુમાંથી ધર્માંતર કરાવવામાં આવે છે. અને એનો સૌથી વધારે મોટો ભોગ આદિવાસીઓ બને છે. (અંતરાય)• (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx)

**ડૉ. દિનેશ પરમાર (જામનગર રૂરલ) : શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી માગણી નંબર ૧૦૦ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.**

આજના સમાચાર છે કે શહેરી વિકાસના હેતુથી પ્રથમ તબક્કે કેન્દ્ર સરકાર તરફથી મગાસિટી માટે ૫૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી દેવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનની ત્રણ પાણીની યોજનાઓ માટે ૫૬.૭ કરોડની ગ્રાન્ટ મંજૂર કરી દીધી છે. આ ભંડોળ આજકાલમાં ગુજરાત સરકારને ચૂકવી દીધું છે. સુરત, વડોદરા અને રાજકોટ માટે ૨૭મી તારીખના રોજ દિલ્હીમાં મિટિંગ મળી રહી છે. બાકીનું પછી ત્યાં ફાળવણી માટેનું આયોજન કરવામાં આવ્યું છે. રાસ્કા પાઈપ લાઈન પ્રોજેકટની અંદર અંડર ગ્રાઉન્ડ સંપ, ઓવરહેડ ટેંકના બાંધકામમાં આ ગ્રાન્ટ મેગાસિટી હેઠળ ફાળવી છે.

રાજકોટ, સુરત, વડોદરા માટે પણ એ જ રીતે કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ મળનાર છે. કેન્દ્ર સરકારે ૨૦૦૫-૬માં બજેટમાં કુલ ૬૩ શહેરો માટે ૨૫૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. તે પૈકી ગુજરાતને સૌથી વધારે ગ્રાન્ટ સહાય આપવાનું નક્કી કરેલ છે. કેન્દ્રની યુ.પી.એ. સરકારે જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મિશન અંતર્ગત એક લાખ કરોડનું આયોજન કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરને મેટ્રો ટ્રેન આપવાની જાહેરાત કરવામાં આવી અને બજેટની અંદર જે મેટ્રો ટ્રેનની જાહેરાત કરી એનાથી આપણા રેલ રાજય મંત્રી નારાયણભાઈ રાઠવા અને લાલુજી બંનેને અભિનંદન આપવાં જોઈએ કે જેઓએ અમદાવાદ શહેરને મેટ્રો ટ્રેન આપી. અમદાવાદ શહેરને મેગાસીટી તો જાહેર કરી પણ માત્ર કર્ણાવતી જેવું નાનું નામ બદલવાની પણ જેનામાં ક્ષમતા નથી એ ગામને મેગાસીટી આપવાનું કામ આ સરકારે કર્યુ છે અને બીજી એવી સુરત, વડોદરા, રાજકોટને મીલીયન પ્લસ સીટી તરીકે જાહેર કરવામાં આવ્યું છે પણ ગુજરાત માટે ગૌરવની વાત છે, સુરત જેવું મોટું શહેર કે જયાં પ્રદૂષણને લીધે લોકો ત્રાહિમામ પોકારતા હોય એમાં હાર્ટ સમા જે કૃષિ ફાર્મ ગણવામાં આવે છે, જે કૃષિ યુનિવર્સિટીનો એક ભાગ છે એની કિંમતી અબજો રૂપિયાની જમીન જો એના ઉપર કોઈનો ડોળો હોય અથવા તો એ કોઈ લઈ લેવા માગતા હોય તો ગુજરાતની પ્રજા એ કોઈ દિવસ ચલાવી લે નહીં કારણ કે વચ્ચોવચ્ચ આવેલા વૃક્ષો અને બગીચાઓ એ તો આ મોટા શહેરોના ફેફસાનું કામ કરે છે. અંગારવાયુ લે છે, શુદ્ધ પ્રાણવાયુ આપે છે. એના ઉપર જો બિલ્ડરો મન પડે એવા મકાનો બનાવે અને જો આ રીતે ગુજરાતની પ્રજાને નુકસાન પહોંચાડવાનું કામ કરતા હોય તો એ મોટા ચમરબંધી હોય કે એના કોઈ સગા હોય કે એન.આર.આઈ.ના નામે હજમ કરવા માટેનો પ્રયત્ન કરતા હોય તો કોઈ દિવસ ચલાવી લઈ શકાય નહીં, આ પ્રજાનો દ્રોહ ગણ્યો ગણાશે. પ્રજા માટે મોટામાં મોટું પાપનું કામ કર્યુ ગણાશે એવું મારું પોતાનું માનવું છે.

જામનગર મહાનગરપાલિકાની હદ દિશા વધારવામાં આવી, બેડી ગામનો સમાવેશ કર્યો પણ એની વચ્ચે આવેલા નવા ગામ ગેડ જે બરો મ્યુનિસિપાલિટી એનો સમાવેશ કરવાની જરૂર હતી. બે ઢીંચડા, ખાડાબેડા, જયાં નાઘેડસી, ગોરધનપર, ધુવાવ અને દરોડ આ ગામોનો સમાવેશ ઉપરાંત જામનગરની બિલકુલ સંલગ્ન જ્યાં ૬૫હજારની વસ્તી વસે છે એવા નગરસીમનો સમાવેશ કરવામાં આવ્યો નથી અને વર્ષોથી હું આ ગૃહમાં દર વખત કહી ચૂક્યો છું કે કેમ મંત્રીશ્રીમાં સંવેદનશીલતા નથી? કેમ અધિકારીઓ આની નોંધ લેતા નથી કે જેને ગ્રામ પંચાયત નથી, બરો મ્યુનિસિપાલિટી નથી, નગરપાલિકા નથી, કૉર્પોરેશન નથી, સ્થાનિક સ્વરાજયની સંસ્થા નથી, પંચવર્ષીય યોજનાના પૈસા એના કારણે વાપરી શકતા નથી. વિકાસનું કોઈ કાર્ય થતું નથી તો આ નગરસીમનો પણ સમાવેશ મહાનગરપાલિકામાં કરવામાં આવે એવું મારું પોતાનું માનવું છે. જામનગર શહેરનું

• (xxxxx) (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ ચર્ચા અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવી છે.

સ્મશાન શ્રેષ્ઠ સ્મશાન ગણવામાં આવે છે. કોઈપણ લોકો આવે સૌથી પહેલા મસાણે જાય છે, સ્મશાન જોવા માટે જાય છે ત્યારે આવું સરસ મજાનું સુંદર સ્મશાન જયાં ઇલેક્ટ્રિક ક્રેમીટોરીયન બાળવા માટેનું સાધન હતું પણ હવેથી આ સરકારે એવો કાયદો કર્યો કર્યો કે ૫૦૦ રૂપિયા એક એક શબને બાળવા માટે લેવામાં આવશે. જીવતા માણસો ઉપર તો ટેક્સ નાખવામાં તો આ સરકારે કોઈ પાછી પાની કરી નથી પણ મરેલા માણસ પણ આ સરકાર છોડયા નથી અને એના મડદા બાળવાના ૫૦૦-૫૦૦ રૂપિયા લેવાનું આ સરકારે નકકી કર્યુ, જે શબવાહિની દ્વારા ઘરેથી શબ વિનામૂલ્યે લાવવામાં આવતું હતું એના પણ પૈસા લેવાનું નકકી કરવામાં આવ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ એના વકતવ્યમાં કીધું કે લોક ભાગીદારી વિકાસના રાજ માર્ગનું પ્રથમ પગથિયું હોય, વિકાસનો માર્ગ વંચિતોના ઘર સુધી પહોંચે એવી આયોજના હોય. મારે કહેવું છે કે વિકાસના નામે નગરપાલિકાઓના ૭૦,૭૫૫ દબાણો દૂર કરી લોકોને રસ્તે રઝળતા કરી દીધા. મહાનગરપાલિકામાં ૫૬,૧૨૩ લોકોના દબાણો દૂર કરીને આ લોકોને બેઘર બનાવી દીધા. કેડી ભૂંસવાનું કામ કર્યું છે. રાજ માર્ગે પહોંચાડવાની વાત બાજુમાં રહી, સામાન્ય કેડી ભૂંસી નાખી અને લોકોને રોડ ઉપર રઝળતા કરી દીધા. ગંદા વસવાટ નાબૂદી કાર્યક્રમ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ઘણો સમય ચર્ચામાં ગયો છે. વર્ષવાર આ યોજનામાં લક્ષાંકો આપેલા છે પણ યોજનાનો અમલ થતો નથી. કલેકટરશ્રીઓ, કોરપોરેશનવાળા જમીન આપતા નથી અને શહેરી ગરીબો માટે આપેલા લક્ષાંકો પૂરા થતાં નથી. ગરીબો માટેની બજેટની જોગવાઈઓ પ્રમાણે કામો થતા નથી. નાના, ગરીબ, પછાત વિસ્તારના લોકોના એરિયામાં ટી.પી. અને ડી.પી. સ્કીમો નાખી એ લોકોને બેઘર કરવા માટેનું કામ ચાલે છે. ઈ.ડબલ્યુ.એસ., એલ.આઈ.જી. ના મકાનો બાંધવાનું કામ બંધ કરી દીધું છે. ગરીબોના કામો થતા નથી. ગુજરાત હાઉસીંગ બોર્ડ, ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, સ્લમ કલીયરન્સ બોર્ડના કામો બંધ કરી અને ગરીબોને આ સરકારે બિલ્ડરોના હવાલે કરી દીધા છે. (અંતરાય) એક જ મુદ્દો છે. (અંતરાય) કુદરત પણ સાનુકૂળ હોય છે એવું માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમના પ્રવચનમાં કહ્યું હતું. પહેલા તો કેશુભાઈના વખતમાં ધરતીકંપ આવ્યો, સાઈક્લોન આવ્યું ત્યારે આ કુદરત મહેરબાન કેમ ન હતી? માત્ર એક ઉપર જ કુદરત મહેરબાન છે?

**શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી આઈ.કે.જાડેજા જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું અને તેમાં મારાં સૂચનો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ મંત્રીશ્રી પાસે માર્ગ અને મકાન વિભાગ પણ છે. આ રાજ્યના ધોરીમાર્ગો અને શહેરના રસ્તાઓ બીજા રાજ્યો કરતાં દેશમાં અવ્વલ નંબરના બનાવવાનું શ્રેય તેઓને આપીએ તો તેમનું બહુમાન થયું કહેવાય. રાજ્યના ૧૮ હજાર ગામડાં તૂટ્યા છે. ગામડાંમાં લોકોને પાણી, વીજળી, રસ્તાનો પૂરેપૂરો લાભ નહિ મળવાના કારણે રાજ્યના અનેક લોકો રોજીરોટી મેળવવા તેમજ અન્ય રાજ્યમાંથી લગભગ બે કરોડ જેટલા લોકો શહેરોમાં આવીને વસ્યા છે. આવતા દશકામાં રેકર્ડ કામગીરી થશે. ભારતીય જનતા પાર્ટીની સરકારે નર્મદા યોજના, ચેકડેમો, ખેત તલાવડી, રાસ્કા વિયર, જ્યોતિ ગ્રામ યોજના જેવી અનેક યોજનાઓ તેમજ ગામડાંને જોડતા રસ્તાઓ કદાચ ઘડિયાળનો કાંટો ઊંધો ફરે, ૧૨ વાગ્યા પછી ૧૧ પણ વાગશે અને શહેરમાં વસતા લોકો પાછા ગામડાંમાં જશે એમાં બેમત નથી. રાજ્યમાં શહેરોને સુંદર બનાવવા, બગીચા નગરી બનાવવી, સ્વાસ્થ્ય સુધારણા, હરિયાળી બનાવવી, સ્વચ્છ પાણી, ઘન કચરાનો નિકાલ, રસ્તાના કામો, ફૂટપાથો, ડિવાઈડરોના કામ થકી શહેરોને ઝગમગતા અને ધમધમતા બનાવવાનું કામ આ શહેરી વિકાસ મંત્રીશ્રી કરે છે એમાં બેમત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારાં સૂચનો રજૂ કરું છું. શહેરી વિકાસમાં કાંઈક ઉણપ હોય એવું લાગે છે. જે વિષય કાયદાનો છે. રાજ્યના ૬ મોટા શહેરો અને મ્યુનિસિપલ કોરપોરેશનો, ગુજરાતને લાગુ પડતા ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ એક્ટ નીચે તેનો વહીવટ ચલાવે છે. વહીવટમાં થતી ખાયકી અને હલકા પ્રકારની કામગીરી અને ખરીદીમાં થતો ભ્રષ્ટાચાર એના કારણે નાગરિકોને મળવી જોઈએ એવી સેવા મ્યુનિસિપલ કોરપોરેશન યોગ્ય સમયે આપી શકતી નથી. મ્યુનિસિપલ કોરપોરેશન એ સ્વાયત્ત સંસ્થા છે. નાગરિકોના કરવેરા અને રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની નાણાકીય સહાયથી તેનો વહીવટ અને સંચાલન થાય છે. તેમાં થતી ગેરરીતિઓ વિધાનસભામાં પ્રશ્નોત્તરી, તારાંકિત પ્રશ્નોત્તરી અથવા બીજા કોઈ મુદ્દા સાથે મ્યુનિસિપલ કોરપોરેશનના સત્તાધારીઓના ગેરવહીવટ કે ભ્રષ્ટાચારને ધારાસભ્યશ્રી વિધાનસભામાં ઉઠાવી શકતા નથી તેમજ ચર્ચા કરી શકાતી નથી. સરકારની કામગીરી આખરે પ્રજાના જાનમાલના રક્ષણ અને સુવિધા આપવાની છે. શહેરોમાં નાગરિકોએ ભરેલ વેરાનું વળતર કેવી રીતે મળે, વહીવટમાં થતા ગોટાળા કરતા અધિકારીઓને કડકમાં કડક સજા થાય આવા વર્ગ-૧ અથવા વર્ગ-રના અધિકારીઓ, ટાઉનપ્લાનર એકજ જગ્યાએ ચીટકી ના રહે અને રાજ્યના બીજા મ્યુનિસિપલ કોરપોરેશનમાં તેમની અદલાબદલી થતી રહે તેવો નવો ગુજરાત કાયદો જ્યારે ઘડાઈ રહ્યો છે ત્યારે, ગુજરાત મ્યુનિસિપલ કોરપોરેશનનો નવો એકટ ઘડાઈ રહ્યો છે ત્યારે વર્ગ-૧-૨ ના અધિકારીઓને ગુજરાતના અન્ય કોરપોરેશનોમાં તેની બદલી થાય એ માટે કોમન કેડર બનાવવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક મ્યુનિસિપલ કોરપોરેશનનું નિયંત્રણ ગુજરાત સરકારના તાબા હેઠળ છે. વિધાનસભામાં મ્યુનિસિપલ કોરપોરેશનના વહીવટ અંગે પ્રશ્નોત્તરીમાં કે ચર્ચા કરવાની છુટ ધારાસભ્યોને મળવી જોઈએ એવું મારું સ્પષ્ટ માનવું છે. નાગરિક પોતાના હકક માટે પોતાના ચૂંટાયેલા પ્રતિનિધિ મારફત જાણી શકે તેમાં કોઈપણ પ્રકારનો વાંધો ના હોઈ શકે જેનાથી વહીવટમાં સુધારો પણ થશે. મારું બીજું સૂચન છે કે કોઈપણ શહેરમાં મ્યુનિસિપલ કમિશનર મૂકાય એ પોતાની જાતે, કાયદાનું અલગ અલગ રીતે અર્થઘટન કરીને મનસ્વી રીતે વહીવટ ચલાવતા હોય છે. કોઈ ફૂટપાથ નાની કરે તો કોઈ મોટી કરે. રસ્તા, સરકલો મોટા કરે, નાના કરે આનાથી ઘણો ખર્ચ થાય છે તો આમાં પણ કોઈ સ્પેસિફિકેશન સરકાર નક્કી કરે, રાજ્યના વિકાસના ચોક્કસ ધારાધોરણો, ડિઝાઈન, માલ-સામાનનું ધારા-ઘોરણ રાજ્ય સરકારે નક્કી કરવું જોઈએ. હાઈરાઈઝ બિલ્ડિંગમાં જે ફાયરફાઈટરની સુવિધા છે તો જ્યારે બિલ્ડર એનું બિલ્ડિંગ બાંધ્યા પછી કાં તો કાઢી લે છે કાં તો જે પિતળના સાધનો હોય છે એ ચોરાઈ જાય છે. જનરેટર મૂકવા જોઈએ એ પણ નથી મુકાતા. જ્યારે આગ લાગવાનો બનાવ બને છે ત્યારે પાણી પણ હોતું નથી તો એનું ચેકિંગ દર મહિને થવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં ધારાસભ્યો હોય એ કોરપોરેશનની મિટિંગમાં જો બેસી શકે છે તો એ એમના માટે કેબિનોની વ્યવસ્થા કરી છે તે ટાઈપની અમારા વડોદરામાં પણ થાય. શહેરમાં જે પાણીની નળિકાઓ ઘણાં વર્ષોથી નંખાયેલી છે તેના લીકેજના કારણે ગંદું પાણી એ નળિકામાં ભેગું થાય છે એનાથી ઘ ણીવાર રોગચાળો ફેલાય છે તો નવી નળિકાઓ પણ નંખાય. ખાદ્યપદાર્થોના નમૂનાઓ પર વોચ રાખવાની જરૂર છે. ખાસ કરીને ઝૂંપડપટ્ટી અને સ્કુલ પાસે હલકા પ્રકારના જે ખોરાક વેચાય છે એટલે એના પણ નમૂના લેવાય એનો નિકાલ થાય એટલું કહીને વિરમું છું.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૭૫ વર્ષ પૂર્વે શહીદ ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવ આ દેશની આઝાદી માટે જાને ફૈસાની રમત રમીને ફાંસીના માચડે લટક્યાં તેને વંદન કરીને મારી વાત ચાલુ કરું છું. નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ રાજ્ય સરકારને એટલીજ વિનંતી કરવા માગું છું, માનનીય મંત્રીશ્રી અહીંયા બેઠા છે એને રાજકીય રીતે ના લેતા ત્રણ ત્રણ વર્ષથી કામોની ગેરરીતિઓ અને કામો કરનાર એજન્સી અને કર્મચારીઓના ભ્રષ્ટાચારની ફરિયાદો આપના લેવલે, આપના ખાતા લેવલે સાહેબ પડી છે એનો નિકાલ ત્રણ ત્રણ વર્ષથી નથી થતો એટલે મુશ્કેલી અમારે શું થાય છે સાહેબ, એ કામો જે યોજના હેઠળ લેવામાં આવ્યા હોય એ કેસોનો નિકાલ નથી થતો એટલે એજે કામો અધૂરાં છે અથવા થયા નથી અને પ્રાયોરિટીવાળા કામો છે. કયાંક શૌચાલયના, કયાંક રસ્તાના, કયાંક બહેન-દીકરીઓ માટે શૌચાલય માટે વ્યવસ્થા છે. એમના અધિકારીઓ જવાબ આપે છે કે, પેલી તપાસમાં આ કામ મૂકયું છે એ તપાસનો નિકાલ ન થાય ત્યાં સુધી બીજા ફંડમાંથી પણ આ કામ કરવામાં આવશે નહીં. એટલે વિકાસની વાતો માટે પણ જે કાંઈ તપાસો અધિકારી લેવલે પડી હોય એને તાત્કાલિક, સાચી-ખોટી, જે કરવું હોય એ કરો પણ એનો નિકાલ જલદી કરો એવી વિનંતી કરું છું. સાહેબ, ખૂબ દુઃખ સાથે વિનંતી કરું છું સરકારને કે હમણાં છેલ્લા પાંચ-પંદર વર્ષોમાં એવા સમાજો છે આ ગુજરાતમાં, એ રાજકીય પક્ષો હોય , સમાજના આગેવાનો હોય, સાધુ સંતો હોય અને આ દેશ-રાજયના મહાપુરુષો હોય એ સૌના સહકાર, બળ અને તાકાતથી જે સમાજોમાં શિક્ષણ નહતું એવા સમાજો શિક્ષિત બનીને આગળ વધી રહ્યા છે. આપના દ્વારા સરકારશ્રીને અને આઈ.કે.જાડેજા સાહેબ અહીયાં બેઠા છે ત્યારે મારી દર્દભરી વિનંતી છે કે, આ પાટનગરમાં અમારા અમદાવાદમાં અમારા મોટા શહેરોમાં શૈક્ષણિક સંકુલનો આ ગુજરાતમાં ખૂબ શકિતશાળી બની રહ્યા છે અને એ શૈક્ષણિક સંકુલોમાં ગ્રામ્ય વિસ્તારના યુવાનો ભણવા માટે આવે એને ક્યાંક સમૂહ લગ્ન સમિતિઓ મદદ કરે છે એને ક્યાંક પ્રમુખ સ્વામી મહારાજ ગઢડાની પી.ટી.સી. કૉલેજ હોય અને મહુડીની આ દીકરી પાસે પૈસા નથી હોતા અમે અમે કહીએ પચાસ ટકા અમારી પાસે સગવડ છે, બાકીના પચાસ ટકા બે મહિના પછી મોકલીશું ચો ચાલશે ? ત્યાંથી વળતો જવાબ આવે છે કે, આ દીકરી પાસે પૈસા નહીં હોય તો અમારી સંસ્થા પૈસા ભોગવશે અને એમ કરીને આ સંસ્થા ગરીબ સમાજની દીકરીઓને ભણાવે છે. સાહેબ તમે ઈન્ફોસિટીને જમીન આપો, જે ભાવે આપવી હોય એ ભાવે આપો, જે કરવું હોય તે કરો , તમે ઔદ્યોગિક ગૃહોને જમીન આપો, અમને સહેજે વાંધો નથી, સોરી સાહેબ એટલા માટે કહું છું અમે માગીએ છીએ અને મારે વાત કહેવી છે કૌશિકભાઈ રેવન્યુ વિભાગ સંભાળે છે, સાહેબ, આ સરકારે એક સંમેલન બોલાવ્યું, એક સમાજનું સંમેલન બોલાવ્યું અને એ સમાજનું સંમેલન ચૂંટણી પૂર્વે બોલાવવામાં આવ્યું, સાહેબ એ સમાજ આ ગાંધીનગરની આજુબાજુ પોતાના પૈસે જમીન શોધતો હતો, એ સમાજ જમીન લે નહીં અને રાજકીય રીતે સંમેલન બોલાવીને જાહેરાત કરવામાં આવી કે પચાસ વર્ષો સુધી આ ગાંધીનગરના માલિકો તમે હતા, આ ગાંધીનગરના ૭X૧૨ના ઉતારામાં ૯૫ ટકા તમે હતા, તમારા વાળાઓ બેઠા હતા તો ય કોઈ શૈક્ષણિક હેતુ માટે કોઈએ ટુકડો જમીન નથી આપી અને ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી આજે જાહેરાત કરે છે કે, ઠાકોર સમાજને શૈક્ષણિક હેતુ માટે જમીન આપી છે. ( અંતરાય ) સાંભળો, પ્લીઝ, આજે મઝાકમાં ન

લેશો, એક ગરીબ સમાજની વાત છે, મોટા સમાજની વાત છે, સાહેબ રાજય સરકારે સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે, માનનીય આઈ.કે.જાડેજા સાહેબને વિનંતી કરું છું કે બજાર ભાવે આ સમાજ કયાંથી જમીન લેશે? તમે બધા સમાજોને રાહતના ભાવે જમીનો આપી છે તો ૨૦૦-૪૦૦ના રાહતના ભાવની જમીન આપો. સાહેબ આ ટ્રસ્ટ છે એ કોઈ રાજકીય કોંગ્રેસનો એકેય ટ્રસ્ટી નથી, તમામ ભા.જ.પ.ના મિત્રો ટ્રસ્ટમાં છે અને એ લોકોએ આ જમીન માગી છે. (અંતરાય ) શહેરી વિકાસમાં આવે છે, તમારા વિભાગમાં આવે છે અને એટલા માટે (અંતરાય) સાહેબ, આમાં જ અટવાય છે અમારો વારો આવે ત્યારે રેવન્યુને માર્ગમાં નાખે, માર્ગને રેવન્યુમાં નાખે, હું તો માનનીય મુખ્ય મંત્રીશ્રી અને સરકારને વિનંતી કરું છું કે,

**સભાપતિશ્રી** : પૂરું કરો.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આવી વાત કરવાનો થોડોક અધિકાર આપો તો આપનો આભાર. નહીં તો આ જે થઈ રહ્યું છે એમાં અમે ચૂપચાપ બેસી રહીએ એવી વિનંતી.

**સભાપતિશ્રી** : પૂરું કરો. શ્રી ફતેસિંહ ચૌહાણ.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રીશ્રીના વડપણ હેઠળ વન મંત્રીશ્રી તેમજ આદિજાતિ વિસ્તારના મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે એમાં સમર્થન આપવા માટે ઊભો થયો છું. આ બે વિભાગો એમાં પણ વન વિભાગની જે ચર્ચા ચાલી એમાં કેટલાક સભ્યશ્રીઓએ સૂચન કર્યા. કેટલાક સભ્યોએ ટીકા પણ કરી. એ વન વિભાગની વિકાસની વાત કરી હોત અને વન વિભાગની બાબત છે એ તમામ સભ્યશ્રીઓની જવાબદારી છે.

**સભાપતિશ્રી** : માગણી ઉપર આવો.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં કોંગ્રેસનું શાસન જયારથી આવ્યું ત્યારથી એકલો કોંગ્રેસને દોષ દેવો એ પણ આપણા માટે યોગ્ય નથી. આદરણીય માલજીભાઈ એક દિવસ ગૃહમાં બોલ્યા હતા કે આ રાજય સમૃદ્ધિના આરે વર્ષો પહેલા હતું. વન્ય ઔષધિમાં મોખરે હતું આટલા બધા વખાણ કર્યા પછી મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે લાંબા સમય સુધી જેણે શાસન ભોગવ્યું. એ દિવસે ઔષધિઓનો ખજાનો કહેવાય ગુજરાત રાજયની અરવલ્લીની ગિરિમાળાથી લઈને સહ્યાદ્રિની ગિરિમાળા વચ્ચે આવેલો વન વિભાગ કોણે લૂંટ કરી? કોણે વન સંપત્તિ લુંટી લીધી અને કોણે અટકાવી નહીં મારે એ કહેવું છે કે આજે કોંગ્રેસના મિત્રો ગૌરવ લે મારે પૂછવું છે કે મુખ્યમંત્રીશ્રીની નંબર-૧, નંબર-૧ એવી વારંવાર ટીકા કરો છો તો •* (તમારો પણ નંબર-૧ છે વન વિભાગમાં કારણકે આ રાજયના ખજાનામાં જે વન વિભાગની ઔષધિ હતી એમાંથી જે વૃક્ષનું વાવેતર કરવાનું હતું એને કાપી નાખ્યા અને પૂરા ગુજરાતમાં માત્ર ગાંડા બાવળ વાવીને નંબર-૧ મેળવ્યો.) આ વન વિભાગની સિદ્ધિ. (અંતરાય) હું મારા શબ્દો પાછા ખેંચુ છું.

**સભાપતિશ્રી** : એ શબ્દો પાછા ખેંચે છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કોંગ્રેસના મિત્રોને કે આ વન વિસ્તારમાં વસતા વનવાસી મિત્રોને વનના અધિકાર આપવામાં એમણે કેટલા અખાડા કર્યા છે. એમાં કોંગ્રેસની જવાબદારી છે. તમે અમારી સરકારને એમ કહો છો કે ૮૦ પહેલાની જમીન તમે ન આપી. હું વિધાનસભાના ફલોર પર વિરોધપક્ષના નેતાને પૂછવા માગું છું કે તમારી સરકારના ૪૫ થી ૪૭ વર્ષના શાસનમાં આદિવાસી વનવાસી પ્રજા પ્રત્યે પ્રેમ હતો તો કોણે રોકયા હતા? તેમને જમીન આપી દેવાની હતી. બોગસ ખાતેદાર કોંગ્રેસના શાસનમાં પંચમહાલ જિલ્લામાં માત્ર વનને તોડવાની પ્રવૃત્તિમાં જોડાયેલા એના અનેકગણા દાખલા રેકર્ડમાં હશે. વન વિભાગમાં મારા ૧-૨ સૂચનો છે. (અંતરાય) ગોવાભાઈ, ઈતિહાસ સાંભળવો પડે. તમે કોઈની વાતો કરીને છાતી ઠોકતા હોય તો અમારા વન વિભાગના અધિકારીઓ કામ કરે છે એને અમારે બિરદાવવા પડે. ખેતી સમયે સનદો લેવા, તકરારી જમીન વન વિભાગ પાસેથી ખેડૂત માગે ત્યારે એને આ રાજયનો ગાંધીનગરમાં બેસેલો અધિકારી નકકી કરે. અમારી રાજય સરકારે ગ્રામ સમિતિ બનાવી, તાલુકા સમિતિ બનાવી અને પ્રશ્નોનો નિકાલ ન આવે તો રાજય સમિતિમાં નિકાલ લઈ તાત્કાલિક ધોરણે જમીનના હક્ક આપવાનું નક્કી કર્યું. ગાંડા બાવળ વાવવા માટે અર્જુનભાઈ તમારી સરકારે વાવેલા. અમારી સરકારે કાઢવા પ્રયત્ન કર્યો.

**શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણી નં.૨૬, ૨૭, ૯૬ અને ૧૦૦ લઈને આવ્યા છે, એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

મારો વિસ્તાર એટલે કે ઉંમરગામમાં ઘણા ઉદ્યોગો આવેલા છે પણ સંખ્યાની દ્રષ્ટિએ જોવા જઈએ તો કેમિકલ ઉદ્યોગો ઘણા બધા આવેલ છે. આ ઉદ્યોગ ભલે રોજીરોટી આપતો હોય પણ પ્રજાનાં આરોગ્ય સાથે ચેડાં થાય છે. આ કેમિકલ કંપની ખુલ્લેઆમ ગમે ત્યાં કેમિકલયુક્ત પ્રદૂષિત પાણી ફેકતી હોય અને પ્રજાના આરોગ્ય બાબતે ગંભીર પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. અધિકારીઓ આ પ્રદૂષિત પાણીના સેમ્પલ તો લઈ જાય છે, પણ

---

**• * (  ) માનનીય સભ્યશ્રીએ આ શબ્દો પાછા ખેંચી લીધા છે.**

લેબોરેટરી સાચું પૃથ્થકરણ કરતી નથી. ડ્રેનેજ લાઈનમાં ૧૦ મી માર્ચ અને ૧૧ મી માર્ચે વિથાઉટ ટ્રિટ થયેલ પાણી દરિયામાં છોડવામાં આવ્યું. ઉંમરગામ તાલુકાના સરગામ અને મરોલી ગામના દરિયા કાંઠે લાખોની સંખ્યામાં માછલીઓ તેમજ અન્ય જીવજંતુઓ મરી જવા પામે છે. આજદિન સુધી એક પણ અધિકારીએ આ કંપનીમાંથી કેમિકલ પ્રદૂષિતયુક્ત પાણી છોડવામાં આવે છે તેની તપાસ કરી નથી. આમ આ અધિકારીઓ, પર્યાવરણ વિભાગ આ પ્રત્યે ઉદાસીન દેખાય છે.

હવા પ્રદૂષણની વાત કરવા માગું છું. જ્યારે લોકો ગાઢ નિદ્રામાં સૂતા હોય રાત્રિના ૧૨ થી ૩ વાગ્યા દરમ્યાન ગેસ ધૂમાડો છોડવામાં આવે છે. આના લીધે આદિવાસી પ્રજા ગાઢ નિદ્રામાંથી ઊઠી જાય છે અને આજે પણ હજારોની સંખ્યામાં આ આદિવાસી ભાઈઓ ટી.બી. જેવા અસાધ્ય રોગોથી પીડાઈ રહ્યા છે. આ લોકોને દવા બાબતે પણ સમજણ ઓછી પડતી હોવાથી સમયસર દવા નહિ લેતા હોવાથી મોતના મૂખમાં જાય છે. મારા વિસ્તારમાં ઘણા ઉદ્યોગ આવેલ હોવાથી રહેણાંક માટે બહુમાળી મકાન બનાવવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં બનાવવામાં આવ્યા છે. જેવા કે ભીલાડ, સરીગામ સંજાણ વગેરે ગામોમાં બહુમાળી મકાન બનેલ હોવાથી અને ગટરોની કોઈ વ્યવસ્થા નહિ હોવાથી ગટરના પાણી ખુલ્લેઆમ છોડવામાં આવે છે. સરકારી તંત્ર આ બાબતે કોઈ પગલાં લેતું નથી. ટોયલેટ અને ગટરનું પાણી છોડવાથી કુવા, બોરના પાણી બગડી જવા પામ્યા છે. લોકોનું આરોગ્ય કથળતું જાય છે. આમ તંદુરસ્તી પણ જોખમાય છે. વલસાડ જિલ્લાના ઉંમરગામ તાલુકાના નેપ્થા અને સોલવંટ વિના રોકટોક જાહેર રસ્તા ઉપર વેચાય છે. ત્યાનું પુરવઠા તંત્ર અને પોલીસ તંત્ર આંખ આડા કાન કરી ખુલ્લેઆમ વેચવા દે છે. નેપ્થા અને સોલવંટનો વાહનોમાં ઉપયોગ વધેલ હોવાથી વાયુ પ્રદૂષણ થાય છે અને જેનાથી આદિવાસીઓના ફેફસા ગંભીર રોગથી પીડાઈ રહ્યા છે. મારો વિસ્તાર આદિવાસી વિસ્તાર હોવાથી છેલ્લાં પાંચ વર્ષથી વિનયન અને વાણિજ્ય કૉલેજ આવેલ છે, જે હજુ સુધી હાઈસ્કૂલમાં ચલાવવામાં આવે છે. હાઈસ્કૂલ ૧૧ થી ૫ ચલાવવામાં આવે છે. આમ દૂરથી આવતા વિદ્યાર્થીઓને મોર્નિંગમાં ૬ થી ૧૧ સુધી ભણવા આવવું પડે છે. અંતરિયાળ વિસ્તારમાંથી આવતા હોવાથી વિદ્યાર્થીઓ સમયસર પહોંચી ન શકવાથી એમને એક-બે પિરિયેડ છોડવા પડે છે. કૉલેજનું ભણતર પૂરું લઈ શકતા નથી. માટે સરકારશ્રીને વિનંતી કરું છું, મંત્રીશ્રીને વિનંતી કરું છું કે કૉલેજનું મકાન જલ્દીમાં જલ્દી થઈ જાય. મારા વિસ્તારમાં હજુ પણ ટેકનિકલ હાઈસ્કૂલ વધારી શક્યા નથી. આધુનિક શિક્ષણ મળી શકે તે પ્રકારનું કોઈ આયોજન નથી. મકાન હજુ પણ ગયા વર્ષથી બને છે, જે પૂર્ણ થયેલ નથી, આથી વિદ્યાર્થીઓને ઘ ણી અગવડ પડે છે. આદિવાસીઓની પરંપરાગત કલા, સાંસ્કૃતિ અને વારસાની જાળવણી કરવા માટે બજેટમાં આયોજન કર્યુ નથી. મંત્રીશ્રીને વિનંતી છે કે દક્ષિણ ગુજરાતના ઘણા આદિવાસીઓ માટે ઉચ્ચ કોટીનો સાંસ્કૃતિક વારસો છે, જેમ કે વાર્લી પેઇન્ટિંગ એવર્ડ કક્ષાએ, રાષ્ટ્રીય કક્ષાએ ફેમસ છે, તે માટે બજેટમાં યોગ્ય ફંડ ફાળવવા માટે વિનંતી કરું છું. આદિજાતિ વિસ્તારમાં સી.એચ.સી., પી.એચ.સી.નાં ઘણાં દવાખાનાં આવેલાં છે, ડૉક્ટરોની અનિયમિત હાજરી તેમજ પૂરતા પ્રમાણમાં સ્ટાફ ન હોવાથી આદિવાસી પ્રજાને પ્રાઈવેટમાં સારવાર લેવા માટે જવું પડે છે.

**સભાપતિશ્રી** : આપ બેસો આપનું પ્રચવન પૂરું થયું.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ મંત્રીશ્રી જે માગણી નંબર-૧૦૦ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા ઉભો થયો છું. સૌ પ્રથમ ત્રણ શહીદવીરોને મારું નતમસ્તક નમાવીને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી પ્રથમ ગામડાઓના વિકાસમાં ધ્યાન આપીને ગોકુળ ગ્રામ યોજના જાહેર કરીને સમગ્ર ગામડાઓને પંદર પંદર લાખની રકમ આપીને ગામડાઓનો વિકાસ કર્યો છે. તેવી જ રીતે ભારતીય જનતા પાર્ટીની સરકાર આજે આવતા દસ વર્ષ પછી શહેરોનો વિકાસ કયાં પહોંચાડવો તેવી કલ્પના સાથે શહેરોના વિકાસ માટે હરણફાળ ભરી રહી છે. શહેરોની અંદર માળખાગત સુવિદ્યા, શહેરોની પ્રજાની જરૂરિયાતો છે તેના માટે શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ ઉજવીને દરેક શહેરોની અંદર જિલ્લા વાઈઝ માતબર ગ્રાન્ટ ફાળવી છે અને તેની અંદર શહેરોના વિકાસ માટે જે રસ્તાઓ ઉપર દબાણ થયા છે તે દબાણ હટાવીને માત્ર વાહ વાહનું કામ કર્યુ નથી અને વાહ વાહ તો દરેકને ગમે છે. પરંતુ શહેરી વિકાસ એટલે આડેધડ દબાણો કરતા હતા તે દબાણો ખસેડી ભારતીય જનતા પાર્ટીની સરકારે સુવિદ્યા આપવામાં પાછીપાની કરી નથી. આજે મારા વિસ્તારની વાત કરું, રાજકોટમાં જે દબાણો હતા તે ખસેડી રસ્તા નીટ એન્ડ કલીન બનાવી આપ્યા છે. આમ કરવાની શહેરી વિસ્તારમાં ટ્રાફિકનો જે પ્રશ્ન હતો તે ઘણે અંશે દૂર થયો છે. હું મારા મિત્રોને કહેવા માગું છું કે રાજકોટના વિકાસમાં ગૌરવપથ માર્ગ ઉપર ક્યારેક આવો, મારા મહેમાન બનો, આપણે રાત્રે રસ્તા ઉપર જઈનું, લાપસીનું ભોજન કરીશું અમારા સૌરાષ્ટ્રમાં લાપસીનું ભોજન ખૂબ મહત્ત્વનું છે. એટલા માટે કહું છું કે નકારાત્મક વલણ છોડીને જે વિકાસ થયો છે તે વાતને આપણે પકડીએ.

મારે બીજી એક વાત કરવી છે કે ૧૧ કરોડ ૬૩ લાખની રકમ એકલા રાજકોટને ફાળવી છે તે માટે શહેરી વિકાસ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી મારે બે-ત્રણ સૂચનો

કરવાં છે. વિકાસની આવે જે પરિબળ આવે છે તેમાં મહત્ત્વનું પરિબળ તે પછી રાજકોટ, વડોદરા, સુરત બધા શહેરોમાં છે તે સૂચિત સોસાયટીઓ જે એગ્રીકલ્ચરમાં બાંધકામ થઈને ૨૦-૨૦ વર્ષથી ચાલે છે તે રેવન્યુ તંત્રના ધ્યાને છે. ઉપલી કક્ષાના અમલદારો, કોર્પોરેશનના અધિકારીઓ જાણી જોઈને આ ચલાવી રહ્યા છે. આના અંદર નાના ગરીબ લોકોના મકાનો પડે છે. તેની સામે પગલાં લેવાય અને નવું ન થાય તેવી એક હૃદયપૂર્વકની મારી અપીલ છે. સાથે સાથે શહેરોના વિકાસની આવનારા દસ વર્ષના વિકાસની જે યોજનાઓ અમલમાં મૂકીને ૧૨૫ નવી ટી.પી.સ્કીમો અમલમાં મૂકી છે. તે ટી.પી. સ્કીમો ફાઈનલ થશે ત્યારે કલ્પના કરો કેવો વિકાસ થશે. સરકારે શહેરોના વિકાસ માટે જે કાર્ય કરી રહી છે તેમાં મારું સૂચન છે કે ટી.પી. અંગે કે ટી.પી. અમલમાં આવ્યા પછી ડ્રાફટ સ્કીમ બન્યા પછી સરકારે મંજૂરી આપ્યા પછી, ખેડૂતોના વાંધાઓ સાંભળ્યા પછી બને ત્યાં સુધી તેમાં ફેરફાર ન કરવો તેવું સૂચન છે. રાજકોટમાં ટી.પી.માં જે મકાનો પડે છે તેની પાછળના ફેરફારને કારણે આજે ગરીબ માણસોને સહન કરવાનું આવે છે. આના માટે અધિકારીઓની જવાબદારી ફીકસ થવી જોઈએ. ફાઈનલ કરતી વખતે નાં વાંધા પ્રમાણપત્ર અધિકારીનું લેવું જોઈએ. કોઈ રસ્તા ઉપર કોઈ જગ્યાએ ઓપન પ્લોટ ઉપર કોઈ જગ્યાએ દબાણ છે નહીં અને દબાણ કરવામાં આવશે તો નાના માણસોને સહન કરવાનું થશે. તે સહન ન કરવુ  પડે તે માટે વિચારવું જોઈએ. દરેક મોટા શહેરોમાં એક મોટો પ્રશ્ન છે ઝૂંપડપટ્ટીનો. આજે તેની અંદર નાના માણસોને માળખાગત સુવિદ્યા આપવા માટે રાજય સરકારે ૬ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. આ જે ઝૂંપડપટ્ટીઓ છે તેમાં કાયમી ધોરણે પ્રાથમિક સુવિદ્યાઓ મળી રહે તેવી જોગવાઈ કરવી જોઈએ. પ્રાઈવેટ મૂડી રોકાણકારો દ્વારા આ બાંધકામ કરવું જોઈએ તો આ બાબતનો નિકાલ આવશે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા)** : માનનીય અધ્યક્ષશ્રી,  વન અને પર્યાવરણ વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નંબર :૨૬, ૨૭ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૯૬ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નંબર: ૧૦૦ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી અને આ માનનીય સભાગૃહમાં બેઠેલા તમામ મારા સાથી મિત્રો રોજ સવારે ઊઠીને માનનીય સભાગૃહમાં આવે છે ત્યારે ગરીબ અને ટ્રાયબલ વિસ્તારની ચિંતા કરે છે ત્યારે મારે ધ્યાન એ દોરવું છે કે, ટ્રાઈબલ વિસ્તારમાં ચાલતી નિવાસીશાળાઓના મકાનની વાત કરું તો બે થી ત્રણ કરોડના એના મકાનો છે અને એમાં ધોરણ ૮,૯,૧૦ ચાલે છે અને અમુક જગ્યાએ તો ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના સૅન્ટર પણ ચાલે છે પણ ત્યાંના પરિણામોની વાત કરું તો  થોડાક વર્ષો પહેલાંની વાત કરું તો નિવાસીશાળાઓમાં ભણવા માટે, અભ્યાસ કરવા માટે આદિવાસી વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા માટે થનગનતા હતા,  કે મારે, નિવાસી શાળામાં અભ્યાસ કરવા માટે જવું છે પણ છેલ્લા લગભગ પાંચ -સાત વર્ષથી હું જોઉં છું કે, આ નિવાસી શાળાઓમાં ધોરણ ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ ચાલે છે તો ત્યાં શિક્ષકોની સંખ્યા  જો  મિનિમમ ફક્ત પાંચ શિક્ષકો હોવા  જોઈએ તો એની જગ્યાએ માત્રને માત્ર  એક- બે શિક્ષકોથી નિવાસી શાળાઓ ચાલે છે કેટલીક જગ્યાએ તો તકેદારી અધિકારીઓમાંથી  ઈન્ચાર્જ મૂકીને શાળાઓ ચલાવવામાં આવે છે તો માનનીય અધ્યક્ષશ્રી, આપ દ્વારા માનનીય મંત્રીશ્રીના ધ્યાને મૂકવા માગું છું કે, તમામ ટ્રાઈબલ વિસ્તારની આદિવાસી-ગરીબ પ્રજા છે એ પ્રજા ઉચ્ચશિક્ષણ લઈ શકે એ માટે ખૂબ વિચારીને ચિંતા કરો છો તો એના વિશે વિશેષ ચિંતા કરો કે આ ટ્રાયબલ વિસ્તારમાં આદિવાસીઓને ઉચ્ચ અને સારું શિક્ષણ આપવું જોઈએ અને ઉચ્ચ અને સારું શિક્ષણ આપવા માટે  પહેલાં શિક્ષકો આપવા પડે, અને એ પ્રમાણે કરવામાં આવશે તો જ આદિવાસી લોકો સારુ શિક્ષણ મેળવી શકશે.

બીજી વાત કરું કે, ટ્રાઈબલ વિસ્તારમાં વીજળી આપો, આજથી ત્રણ વર્ષ અગાઉ કેન્દ્ર સરકારે ૪૨ કરોડ રૂપિયા પેટાપરાંઓ માટે ફાળવેલા હતા, છેલ્લા એક વર્ષ અગાઉ અનુસૂચિત જાતિની કમિટીમાં હું પણ હતો અને તે સમયે ખાતરી આપવામાં આવેલ હતી કે એબીબી કંપની આ ટ્રાઈબલ વિસ્તારના જે પેટા પરામાં છે  એ જૂન સુધીમાં પૂરાં થઈ જશે અને આ વિષય એ ખૂબ ચિંતાનો વિષય છે, ગરીબ અને આદિવાસીઓ માટેનો પ્રશ્ન છે પણ એ  એબીબી કંપનીએ આજ દિન સુધી આ કામગીરી કરેલ નથી, મારા વલસાડ જિલ્લાની વાત કરું તો ૧૦૭ પેટાપરાંમાંથી ફક્ત ૧૫ પેટાપરાંમાં  કામ થયું છે,  અત્યારે એબીબી કંપનીના માણસો સરસામાન ઉંચકીને બીજા જિલ્લામાં નીકળી ગયા છે. તો અત્યારે પૈસા નથી  જ વપરાયા, ભલે, જયોતિગ્રામ યોજના ચાલે તો ટ્રાઈબલ વિસ્તારમાં થાંભલા-પોલ એ પણ સમયસર નથી પહોંચાડવામાં આવતા,  તો એબીબી કંપનીને સંપૂર્ણ માલસામાન સાથે કોન્ટ્રાકટ આપવામાં આવે.  અધીક્ષક ઈજનેર સાથે અમે બે- ત્રણ વાર મીટિંગો પણ કરી, પણ એબીબી કંપનીએ આજ દિન સુધી કામ કરેલ નથી, છેલ્લા ત્રણ વર્ષમાં ફક્ત ૧૦૭ પેટાપરાંમાંથી બાર કે પંદર પેટા પરાંમાં કામ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, ગરીબ અને આદિવાસી ટ્રાઈબલ વિસ્તારમાં આપ આખા ગુજરાતમાં ૧૮ હજાર ગામોમાં જયોતિગ્રામનું  કામ કરો  પણ  જે ટ્રાઈબલ વિસ્તારમાં

ગરીબ લોકોને વીજળી પહોંચાડવાની છે અને એ માટે આજે પોલ પણ નથી પહોંચ્યા તો એ પહેલાં પહોંચાડવાની જરૂરિયાત છે . (સમયસૂચક ઘંટડી) તો આટલાં મારાં સૂચનો કરીને હું મારી વાત પૂરી કરું છું.

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી માગણી નંબર: ૧૦૦ લઈને આવ્યા છે એને સમર્થન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરો એ વિકાસનો અરીસો હોય છે અને આજના ગ્લોબલાઈઝેશનના સમયમાં સૌથી વધારે અસર ગ્લોબલાઈઝેશનની જો થતી હોય તો શહેરમાંથી શરૂ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારતની સંસ્કૃતિમાં શહેરની સંસ્કૃતિ એ કોઈ નવી નથી, મોહે-જો-દડો અને હડપ્પાની સંસ્કૃતિથી લઈને ધોળાવીરાના સમયમાં પણ શહેરો વિકસિત હતાં. આજે જે શહેરીકરણ થઈ રહ્યું છે ૩૮ ટકાથી લઈને ૪૦ ટકા લોકો શહેરોમાં રહી રહ્યાં છે. ધીરે ધીરે આ સંખ્યા વધીને મને લાગે છે કે, ૨૦૧૫ સુધીમાં ૫૦ ટકા લોકો શહેરોમાં રહેતા હશે. માઈગ્રેશન માત્ર ગામડાઓમાંથી જ થાય છે એવું નથી, ગુજરાતના વિકાસને અનુલક્ષીને જે પ્રાંતોમાં વિકાસ નથી થયો એવા અવિકસિત પ્રાંતોમાંથી પણ લોકો અહીંયા આવે છે. યુ.પી., બિહાર, ઓરિસ્સા જેવા રાજયોમાંથી પણ લોકો અહીંયા આવે છે. બાંગલાદેશ જેવા દેશોમાંથી પણ અમદાવાદના ચંડોળા વિસ્તારમાં લોકો આવીને વસતા થયા છે. આ બધા જ કારણોને લીધે શહેરીકરણ વધ્યું છે અને ગુજરાત એક એવું રાજય છે આખા દેશભરમાં શહેરીકરણ સૌથી વધારે થઈ રહ્યું છે. આ વિષયને ધ્યાનમાં રાખીને જ ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારથી સત્તામાં આવી ત્યારથી શહેરોના વિકાસની ચિંતા કરીને બાજપેયી નગર વિકાસ યોજના અંતર્ગત દરેક નાના નાના નગરોને પણ ગ્રાન્ટ આપીને એના વિકાસની ચિંતા કરી છે. ૨૦૦૫ ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું, દરેક નગરપાલિકા અને મહાનગરપાલિકાઓને ગ્રાન્ટ આપીને વિકાસ માટેની યોજના બનાવી. એક વાત હું કરવા એ માગું છું કે, આ નગરોમાં રસ્તાઓ બનાવ્યા અને એક મુખ્ય માર્ગનું નામ આપવામાં આવ્યું ગૌરવ પથ અને વિકાસ પથ. જો કૉન્ગ્રેસ સત્તામાં હોય અને નામ આપવામાં આવે તો શું નામ આપે? • * (XXXX) અમે આ ન આપ્યું. (અંતરાય)

**સભાપતિશ્રી** : આ શબ્દો સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવામાં આવે છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પથ કહ્યું છે કોઈનું નામ નથી લીધું. અમે નામ આપ્યું ગૌરવ પથ, અમે નામ આપ્યું વિકાસ પથ કેમ કે અમારે વિકાસ કરવો છે. માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઈ ઉપર આક્ષેપ કર્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જયારે બજેટ લઈને આવ્યા એ વખતે એમણે આ નગરોના વિકાસ માટે વ્યવસાય વેરો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ લે જેથી કરીને એમના વિકાસમાં ખૂબ સારી રીતે પોતે સ્વ-નિર્ભર થઈ શકે એની ચિંતા કરી અને એના જ કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનને એક વર્ષમાં ૭૫ કરોડ જેવી માતબર રકમ મળશે. મુખ્ય વાત હું એ કરવા માગું છું કે, અમદાવાદ શહેરને અમારે મુંબઈ, દિલ્હી, બેંગલોર સાથે સરખાવવું જ નથી. અમદાવાદ શહેરની સરખામણી અમારે લંડન સાથે કરવી છે, પૅરીસ સાથે કરવી છે, જેવી રીતે લંડનની થેમ્સ નદીના કિનારે આખા લંડન શહેરનો વિકાસ કરવામાં આવ્યો, પૅરીસની સીન નદીને કિનાર પૅરીસ નગરનો વિકાસ કરવામાં આવ્યો, મેલબૉર્નની યારા નદીને કિનારે મેલબૉર્ન શહેરનો વિકાસ થયો છે એવી જ રીતે અમદાવાદનો સાબરમતી નદીના કિનારે અમદાવાદ શહેરનો વિકાસ થાય એ યોજના લઈને અમે આવ્યા છીએ. આ નદી સાબરમતી નદી કેવી? એમના સમયમાં સાબરમતી નદીમાં બાળકો ગિલ્લીદંડા રમતા હતા, ક્રિકેટ રમતા હતા આજે ત્યાં ૨૪ કલાક પાણી વહેતું થયું છે. એનો યશ જો કોઈને આપવો હોય તો અમારી ભારતીય જનતા પાર્ટીને સરકારને આપવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની આ સૌથી પહેલી રીવર ફ્રન્ટ યોજના છે. આ યોજના હમણા નથી બની. હું એટલા માટે કહું છું કે, ૧૯૬૧માં ફ્રૅંચ આર્કિટેક બર્નાર્ડે આની રચના કરી હતી અને ૧૯૬૬માં ફિઝિબિલિટી રિપોર્ટ પણ તૈયાર થઈ ગયો હતો અને મોરારજીભાઈ દેસાઈએ એને એકનોલોજ પણ કર્યો. પરંતુ ૧૯૬૮થી લઈને ૧૯૮૭ સુધી સત્તામાં હોવા છતાં એમણે આ યોજનાને અભેરાઈએ મૂકી દીધી. કોંગ્રેસના લોકોએ આ યોજનાને અભેરાઈએ મૂકી દીધી. આ સાબરમતી રીવર ફ્રન્ટ યોજના આખા ગુજરાતના વિકાસનો નકશો બદલી નાંખશે. મુખ્યમંત્રીના હસ્તે ભૂમિ પૂજન થયું અને એક હજાર દિવસમાં આ યોજનાને પૂરી કરવાનું આયોજન થયું. સેલ્ફ સફિશિયન્સની આ યોજનામાં ૩૫ એકરમાં તો કોમર્શીયલ અને રેસિડેન્શિયલ વિસ્તાર બનશે અને બાકીના વિસ્તારોમાં બાગ-બગીચા અને કન્વેન્શન સેન્ટર બનશે.

**સભાપતિશ્રી** : હજી બે સંકલ્પો બાકી છે. ૫-૧૫ વાગ્યે માગણીઓ પરની ચર્ચા પૂરી કરવાની છે. બે મંત્રીશ્રીઓ હજી બોલવાના બાકી છે આપ આપનાં સૂચનો આપી દેજો.

---

• * (XXXX) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી લઈને આવ્યા છે તેના પર હું મારા વિચારો દર્શાવવા માટે ઊભો થયો છું હું જે વાત લઈને આવ્યો છે એ અમારા વલસાડ વિભાગની આશ્રમશાળાની અંદર નાના નાના ભૂલકાંઓ ભણે છે આદિવાસીઓના ભૂલકાંઓ ભણે છે અને એની વાત જ્યારે આ ગૃહની અંદર હું લઈને આવ્યો છે ત્યારે પક્ષાપક્ષીથી પર રહીને ગરીબ, હરિજન અને આદિવાસીઓની જ્યારે વાત લઈને આવ્યો છું, ત્યારે સરકારનો આશય ગરીબ આદિવાસીઓના વિદ્યાર્થીઓ અભ્યાસ સારો કરી શકે. પૌષ્ટિક ખોરાક એમને મળે, કપડાં એમને મળે એ હોય છે પરંતુ આ આશ્રમશાળાના સંચાલકો દ્વારા બેફામ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. એકાદ ઉદાહરણ આપીને મારું પાંચ મિનિટમાં બોલવાનું બંધ કરી દઈશ. વલસાડ જિલ્લાના પારડી તાલુકાના રોયણા ગામે પછાત વર્ગ સેવા સંઘ કાર્યાલય દ્વારા રોયણા આશ્રમશાળા ચાલે છે. આ આશ્રમશાળાના ટ્રસ્ટી મંડળમાં ચાર ટ્રસ્ટી છે કુલ ચાર ટ્રસ્ટી છે એની અંદર બે ના મૃત્યુ થયાં છે એક નિવૃત્ત થયેલા છે અને એકજ માત્ર ટ્રસ્ટી મંડળનો સભ્ય છે અને એ એનું સંચાલન કરે છે સંચાલક સમિતિના સભ્ય તરીકે કુલ પંદર સભ્યો છે અને એની અંદર અગિયારના મૃત્યુ થયેલા છે બે નિવૃત્ત થયેલા છે અને હયાત બે જ છે. ઉપરોક્ત સંચાલકો દશ વર્ષ પહેલાં મૃત્યુ પામેલા છે તેમ છતાં છેલ્લાં ૧૦ વર્ષમાં જે વહીવટ થઈ રહેલો છે બીન જવાબદારી વ્યકિત દ્વારા વહીવટ થઈ રહેલો છે તેમ છતાં લાગતાવળગતા આશ્રમશાળાના અધિકારીઓ અને તકેદારીના જે અધિકારીઓ હોય એ ૧૦-૧૦ વર્ષથી જે સરકારી ગ્રાન્ટ આવે છે એ ગ્રાન્ટ કોની સહી દ્વારા લેવામાં આવે છે તે તપાસ કરવાની જરૂર છે અને હું માનું છું કે અમારા મંત્રીશ્રી માનનીય મગુભાઈ ખૂબજ લાગણીશીલ છે, હું આશા રાખું છું, હું ટીકા ટિપ્પણમાં નથી પડતો પણ આના માટે જવાબદાર અધિકારીઓ ઘરભેગા થાય અને ૧૦ વર્ષથી જેમણે વહીવટ કર્યો છે એ બિલકુલ ખોટા કામ કર્યા છે આશ્રમશાળાનો વહીવટ બરાબર થયો નથી. બાળકોને જે દૂધ મળવું જોઈએ, ખોરાક મળવો જોઈએ, કપડાં મળવા જોઈએ એ બિલકુલ નથી મળ્યા. આશ્રમશાળાની અંદર ચાર એકર જમીન મળેલી છે એની અંદર જે કંઈ ઉત્પાદન થયેલું છે એનો પણ ચોપડે કોઈ હિસાબ નથી બતાવવામાં આવ્યો. ઑડિટ પણ નથી કરવામાં આવ્યું તેમ છતાં આ જે આ સરકારી ગ્રાન્ટનો દુરુપયોગ કર્યો છે તો એવા જે સંચાલકો હોય અધિકારીઓ હોય એ બન્નેની જવાબદારી નક્કી થવી જોઈએ અને એમને જે રીતે નશ્યત થઈ શકે તેમ કરવા જોઈએ એવું આ તબક્કે હું માનું છું. આદિવાસીઓની થોડીક વાત એટલા માટે કરવા માગું છું કે આદિવાસીઓના રક્ષણ અર્થે ૭૩-એએ ની કલમ લગાવવામાં આવેલી છે અને એ કલમના આધારે આદિવાસીઓની જમીન વેચી શકાતી નથી તેમ છતાં, હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, પાછલા બારણેથી આદિવાસીઓની જમીન આજની તારીખે તવંગરો, પૈસાદારો, બિલ્ડરો અને બધા ભેગા મળીને અત્યારે ખરીદી રહ્યા છે અને જે તે લાગતાવળગતા અધિકારીઓ પણ કાયદેસરની એની પરમીશન આપી રહેલા હોય ત્યારે આદિવાસી સમાજનું હિત સચવાય, એની જમીન સચવાય, આદિવાસી ખેડૂતોની જમીન છીનવાઈ ન જાય આદિવાસી ખેડૂત ખેતી કરતો રહે એટલા માટે જે અધિકારો એમને મળેલા છે એ અધિકારોનું જતન થાય એ દિશામાં હું આ તબક્કે માનનીય મંત્રીશ્રીને યોગ્ય પગલાં ભરવા વિનંતી કરું છું. માનનીય મંગુભાઈ અમારા વિસ્તારના છે મને ચોક્કસ ખાતરી છે અને વિશ્વાસ પણ છે કે અમારા વિસ્તારની અંદર જે દશ માળના મકાનો બની ગયા છે એની સમક્ષ નજર દોડાવો અને કયા બિલ્ડરે બનાવ્યા છે અને કયા અધિકારીએ ૭૩-એએ ની પરમીશનો આપી છે એની તપાસ કરવામાં આવે એવી હું આ તબક્કે વિનંતી કરીને મારું વક્તવ્ય પૂરું કરું છું.

**શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદિજાતિ અને વન પર્યાવરણની માગણી ક્રમાંક: ૨૬,૨૭ અને ૯૬ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપવા અને મારા વિચારો દર્શાવવા માટે ઉપસ્થિત થયો છું. આદિવાસીઓ માટે સામાજિક, આર્થિક, આરોગ્ય અને ગૃહ નિર્માણો અને શૈક્ષણિક ક્ષેત્રે રુપિયા ૨૬૬.૧૨ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલી છે. ૨૦૦૫-૦૬ના વર્ષમાં કુલ રૂપિયા ૨૩૬.૩૪ કરોડની જોગવાઈ કરવામાં આવેલ હતી જેના કરતાં આ વર્ષે ૨૦૦૬-૦૭માં વર્ષમાં ૩૦ કરોડનો વધારો કરી ઉત્તરોત્તર પ્રગતિના પંથ ઉપર જવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મુખ્યત્વે આદિવાસીઓને રહેણાંક માટે મકાન સહાય અને ગ્રાન્ટઈન એઈડ અનુસૂચિત જાતિના છાત્રાલયમાં રહેતા ધોરણ ૮ થી ૧૨ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવાની સુવિધા વ્યકિતગત યોજના, માનવ ગરીબ તબીબી સહાય જેવા કે કૅન્સર, ટી.બી., રક્તપિત્ત, પાંડુરોગ અને જે રોગો મટી ના શકે એવા દર્દીઓને માસિક રૂપિયા ૫૦૦ જેવી સહાય ચૂકવવામાં આવી છે. મને કહેતાં આનંદ થાય છે કે, આ બજૅટની અંદર ૧૫ ટકાની જે જોગવાઈ કરવામાં આવેલી છે. આદિજાતિ પેટા યોજનામાં ૧૩૩૫.૭ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. તેની અંદર મારા કાર્ય વિસ્તારની અંદર કરચેરીયા, વડિયા, પૂના નદીના ઓવારા ઉપર બ્રિજ મંજૂર કરવામાં આવેલો છે. હું ખૂબ ખૂબ અભિનંદન મારા કાર્ય વિસ્તારની પ્રજા વતી માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય શ્રી મંગુભાઈ પટેલ તથા માનનીય મંત્રીશ્રી આઈ.કે.જાડેજા સાહેબને આપવા માગું છું. હું ચૂંટાઈને આવ્યો ત્યારે મારી પાસે અપેક્ષા હતી આ વિસ્તારની અંદર જો બે બ્રિજ બનાવવામાં આવે તો આ વિસ્તારની જનતાને તમે કંઈક કામ કર્યુ છે તે કહેવાશે. તો આ બજૅટની અંદર સામાજિક ન્યાયનું જે બજૅટ ફાળવેલ છે તેની અંદર એક બ્રિજ કરચેરીયા, નરધરા ધુમાસી ખાડી

પર બ્રિજ તે પણ મંજૂર કરી દેવામાં આવ્યો છે. તેનું કામ પણ શરૂ થઈ ગયુ છે અને તે વિસ્તારની જનતા ખૂબ આનંદભેર આઈ.કે.જાડેજા સાહેબ જ્યારે ખાતમુહૂર્ત કરવા આવ્યા હતા ત્યારે તેમને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા. આ સરકારની વિવિધ ક્ષેત્રે જે કામગીરી છે આદિવાસી સમાજની અંદર જે ટ્રાયબલ પેટર્નની અંદર જે કામગીરી થઈ રહી છે સિંચાઈ ક્ષેત્રે કહું, નાની સિંચાઈ ક્ષેત્રે કહું કે રસ્તા અને વિકાસ ક્ષેત્રે કહું ખૂબ ભગીરથ કાર્ય કરી રહી છે. મને કહેતા આનંદ થાય છે કે મારા વિસ્તારની અંદર જે બજૅટની અંદર જોગવાઈ થયેલી છે તેના અનુસંધાનમાં ખૂબ સારા એવા વિકાસના કામો થયા છે. અહીંયા વિરોધપક્ષો જે કંઈ કહેતા તેના કરતા ઉલટી પરિસ્થિતિ એવી છે કે એકે એક યોજનાઓ જે સામાજિક ન્યાય સમિતિમાં સમાવવામાં આવેલી છે તેની તમામ આ વિસ્તારની અંદર ટ્રાયબલ વિસ્તારની જનતા હું એ ટ્રાયબલ વિસ્તારનો પ્રતિનિધિ છું અને આ વધુમાં વધુ બજૅટમાં જોગવાઈ વર્ષો વર્ષ વધતી જાય છે તેમ કહુ તો કંઈ ખોટું નથી. લોકોની અપેક્ષાની સામે જોગવાઈ પણ કરવામાં આવેલી છે. માનનીય મંત્રીશ્રી મંગુભાઈને મારું એક સૂચન છે કે આદિવાસીઓને ઉન્નત મસ્તકે જીવન જીવવા માટે ખેતી ક્ષેત્રે નાના સીમાંત ખેડૂતોને સીંગલ ફેઈઝનું કનૅક્શન જો આપવામાં આવે તો તેઓ ઉન્નત મસ્તકે ખેતી કરી શકે તેમ છે. જ્યોતિ ગ્રામ યોજના પણ આ ૧૫ ટકાની અંદર પણ સમાવેશ કરવામાં આવેલી છે. વંચિતો હજુ પણ જે લોકો રહી ગયા છે તે લોકોને વિના મૂલ્યે કનૅક્શન આપવામાં આવે, રહેણાંકના આવાસો છે એના પ્લોટ અને એની સાથે લક્ષ્યાંક છે, એના લક્ષ્યાંકમાં વધારો કરવામાં આવે. શિક્ષિત બેકારો આદિવાસી સમાજના જે લોકો છે, એને સારી નોકરી અને બેકારોને વધુ રોજગારી મળે એવા પ્રયત્નો થાય એવું મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સાથે સાથે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આરોગ્યની અંદર જે એનીમીયાના લોકો માટે બજેટમાં જોગવાઈ કરી છે એના માટે આરોગ્યમંત્રીશ્રીને અભિનંદન આપી આ માગણીઓને અનુમોદન આપીને વિરમું છું.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓએ, સત્તાધારી પક્ષ હોય કે વિપક્ષ ઉપર બેઠેલા મિત્રો હોય, તમામે તમામ મિત્રોએ શહેરી વિકાસ વિભાગ માટે હકારાત્મક વિચારો વ્યકત કરેલા છે. જે બતાવે છે કે શહેરી વિકાસ વર્ષની સફળતા એ સમગ્ર ગુજરાતમાં જણાઈ આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે આ વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવ્યું છે. આ કાર્યમાં સહયોગ આપનાર તમામ શહેરીજનોનું હું અભિવાદન કરું છું. અને તેમાં માધ્યમ બનનાર આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓને અભિનંદન આપું છું. સાથોસાથ જે પ્રકારની વિકાસની કેડી શહેરી વિકાસ વર્ષ દ્વારા હાથ ધરાઈ છે એ માટે નગરપાલિકામાં ચૂંટાયેલા પ્રતિનિધિથી લઈને ચીફ ઓફિસર, અગ્ર સચિવશ્રી અને બધા અધિકારીઓએ રાતદિવસ જોયા વગર જે પ્રકારે શહેરી વિકાસ વર્ષને સફળ બનાવવા માટે પ્રયત્નો કર્યા છે તેના માટે હું તમામ લોકોને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશનું હ્રદય ગામડું છે, તો મસ્તિષ્ક શહેરો છે. તંદુરસ્ત ગામડાના વિકાસમાં પૂરક બનીને શહેરોનો સર્વાંગી વિકાસ થાય એ રાજય સરકારની નેમ છે. અહીં વિચારો વ્યકત થયા, તેમ ગુજરાતમાં ૩૮ ટકા વસતિ શહેરોમાં વસે છે અને આગામી ૧૫, ૨૦ વર્ષમાં ૫૦ ટકા વસતિ શહેરોમાં વસતી હશે તેવો અંદાજ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શહેરોના વિકાસ માટે હંમેશા નવી દિશા અને દૃષ્ટિ પ્રાપ્ત થઈ રહેલ છે. શહેરોના વિકાસને રાજયના નાગરિકોએ સ્વીકારેલો છે. વિશ્વમાં વસતા તમામ ગુજરાતીઓએ વિકાસની ગતિ દ્વારા હ્રદયમાં એક અલગ પ્રકારની હ્રદયની ઉર્મિના ભાવ અનુભવી રહેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ શહેરી વિકાસ વર્ષ ઉજવવાના વિચાર સાથે ગુજરાતના શહેરોને ધબકતા શહેરો બનાવવાના વિચાર સાથે સાથે શહેરોમાં વસતા લોકો આગવી અનુભૂતિ અનુભવે તે પ્રકારે કાર્ય કરવાનો એક વિચાર મૂકયો અને એ વિચારને ગુજરાતના શહેરીજનોએ સહર્ષ સ્વીકારેલ છે.

શહેરોની પહેલા સમસ્યા કેવા પ્રકારની હતી, તેનાથી ગૃહના સભ્યો વાકેફ છે. તેમાંથી આજે પરિવર્તન સાથે આપણે કયા પ્રકારની નિશ્ચિત દિશામાં જઈ રહ્યા છીએ, તેનો અનુભવ આપણને સૌને થયેલ છે. વિકાસના કામો હાથ ધરવા અને તેનું સંચાલન કરવું, એટલું ફકત શહેરો માટે પૂરતું નથી. પરંતુ સમાજ વ્યવસ્થા દ્વારા શહેરીજનોને જોડીને જન ભાગીદારી દ્વારા કાયમી વ્યવસ્થા ઉભી કરવાનું સ્વપ્ન શહેરી વિકાસ વર્ષ દ્વારા પ્રાપ્ત થયું છે.

રાજયના શહેરોમાં શહેરીજનોની સુખાકારી અને સુવિધાઓને હાંસલ કરવાની સાથોસાથ અનેક પ્રકારની નવી વિકાસની વિચારધારા પ્રાપ્ત થયેલ છે. અત્યારસુધી ચાલતા રહેલા કામચલાઉ કામોને બદલે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓનું શોર્ટટર્મ અને લોંગટર્મ પ્લાનિંગ અતિ ઉપયોગી બન્યું છે. અમારો કયારેય એવો દાવો નથી કે આ વર્ષમાં વિકાસના તમામ આયામો અમે પ્રાપ્ત કર્યા છે અથવા તો કરીએ, પરંતુ સુદૃઢ વિકાસ માટેનો સંગીન પાયો જન ભાગીદારી દ્વારા અને શહેરી વિકાસ વર્ષ દ્વારા પ્રાપ્ત થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વર્ષ દરમ્યાન નગરોમાં ન-ગ-ર એટલે કે નળ, ગટર અને રસ્તાઓના કામોને પ્રાધાન્ય આપીને પીવાના પાણીની યોજના, રસ્તાઓ, સેનિટેશન, ગંદા વિસ્તારોની સુધારણા, વિગેરે બાબતોની સાથે દરેક શહેરો સ્વચ્છ, સુંદર અને રળિયામણાં બને એ પ્રકારે અનેક કામો હાથ ધરાયાં છે. જેમાં ગૌરવ પથ, હરિયાળાં નગર, અંતિમ ધામોનો વિકાસ, બગીચાઓનો, સ્પોર્ટસ ગ્રાઉન્ડ, સર્કલોનો વિકાસ, નગરોત્સવ જેવા કામોનો સમાવેશ કર્યો છે. તેમજ લોક જવાબદારી નિશ્ચિત કરતાં કરવેરા વસૂલાત, દબાણો દૂર કરવાં, પાણી અને ઉર્જા બચતને પણ પ્રાધાન્યતા આપેલ છે. વહીવટી માળખાની સુધારણા માટે પણ અનેક પ્રક્રિયાઓ હાથ ધરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વર્ષ દરમ્યાન સૌના સહિયારા પ્રયત્નોથી જે પ્રકારની વ્યવસ્થા ઉભી થયેલ છે. હું કયારેય એમ નથી કહેતો કે આ બધું અમે કર્યુ છે, પરંતુ સત્તાધારી પક્ષના ધારાસભ્યશ્રીઓએ પણ એમાં ચોકકસ મદદ કરી છે અને એ વાતા તો મેં મારા પ્રવચનની શરૂઆતમાં જ સ્વીકારી છે. તમામ આ સભ્યશ્રીઓએ મને મદદ કરી છે અને સૌના પ્રયત્નોથી જે પ્રકારનાં પરિણામ પ્રાપ્થ થયાં છે જેમાંની કેટલીક બાબતોથી હું આ ગૃહને વાકેફ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વર્ષ દરમ્યાન આશરે ૬૦૮ કરોડ રૂપિયાના ૮૬૮૮ કામ મહાનગરપાલિકા અને નગરપાલિકામાં હાથ ધરાયેલ છે. દરેક મહાનગરપાલિકા અને નગરપાલિકાનો પાંચ વર્ષનો પ્રોજેકટ વીઝન ડોકયુમેન્ટ તૈયાર કર્યા છે અને આ કામ આગામી વર્ષોમાં પણ ગુજરાત અર્બન મિશન તળે ચાલુ રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરોમાં પીવાના પાણીની સમસ્યા હલ કરવા માટે તમામ પ્રકારનું આયોજન કરીને વિવિધ યોજનાઓ દ્વારા અને ખાસ કરીને અમૃતધારા યોજના દ્વારા ૪૯ નગરોને પીવાના પાણીનું આયોજન નકકરતાપૂર્વક આગળ વધી રહયું છે. ગુજરાત દેશમાં પ્રથમ રાજય હશે કે ૨૦૦૭ ના અંતસુધીમાં તમામ શહેરોની પીવાના પાણીની સમસ્યા હલ કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાઓ માટે શહોરોમાં અંદરના રસ્તાઓની ગૌરવપથ અને અન્ય યોજનાઓની કાર્યવાહી હાથ ધરાઈ છે. લગભગ ૪૦ નગરપાલિકાઓમાં ગૌરવપથનું કામ પૂર્ણ કર્યુ છે અને શહેરોની એન્ટ્રી અને એકઝીટનું યોગ્ય સ્વરૂપ આપીને ૭૪ નગરપાલિકાઓમાં વિકાસ પથનાં કામ ૧૨૩ કરોડ રૂપિયાના ખર્ચે હાથ ધરાયા છે. તેમાંથી ૬ નગરપાલિકાઓનું કામ પૂર્ણ થયું છે અને ૬૮ નગરપાલિકામાં કામ પ્રગતિમાં છે. માર્ગ અને મકાન વિભાગે આગામી વર્ષે જે ગુજરાતની ૩૭ નગરપાલિકાઓમાં કામ બાકી છે એને પણ આ યોજનામાં સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે અને સન ૨૦૦૬-૦૭ માં એ કામ હાથ ધરવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે ઘન કચરાના નિકાલ માટે સમગ્ર દેશમાં વિશિષ્ઠ પ્રકારની કાર્યવાહી હાથ ધરી છે અને તમામ શહેરોમાં આ અંગેની કાર્યવાહી પૂર્ણ કરીને ઘન કચરાની ૧૦૫ લેન્ડ ફીલ સાઈટ કાર્યાન્વિત કરવાની કાર્યવાહી હાથ ધરી છે. સુપ્રીમ કોર્ટેની મોનિરિંગ કમિટીએ ગુજરાતના આ કામની પ્રશંસા કરી છે કે રાજયમાં પહેલી વખત ૭ મહા નગરપાલિકાની અને ૧૦૫ જેટલી નગરપાલિકાઓમાં ડોર ટુ ડોર આ ઘન કચરાના નિકાલની કાર્યવાહી શરૂ થઈ છે એ એક ઐતિહાસિક બાબત સમગ્ર દેશમાં છે. અત્યાર સુધીમાં ગુજરાતમાં પ્રતિદિન ૩૭૫૫ મેટ્રિક ટન કચરાનો નિકાલ થતો હતો એની જગ્યાએ ૫૫૫૬ મેટ્રિક ટન કચરાનો નિકાલ શહેરી વિકાસ વર્ષમાં જે ઝૂંબેશ ચાલી રહી છે એનાં પરિણામો પ્રાપ્ત થયાં છે અને એની જગ્યાએ આજે ૫૫૫૬ મેટ્રિક ટન પ્રતિદિન એટલે કે લગભગ ડબલ જેટલો નિકાલ કરી શકયા છીએ જે સ્વચ્છતા જાળવવામાં પણ ઉપયોગી બન્યું છે. શહેરોમાં રાત્રી સફાઈનું કામ શરૂ કરીને શહેરીજનોને એક આગવા પ્રકારની અનુભૂતિ કરાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર પ્રામાણિકતા અને પારદર્શકતાને વરેલી સરકાર છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ વ્યકત કરેલ વિચાર કે ગુજરાતની મહાનગરાલિકા અને નગરપાલિકાઓમાં સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઈઝેશન કરવું જોઈએ. રાજયની તમામ શહેરોની તેમજ શહેરી વિકાસ વિભાગની કચેરીઓનું એક જઅમ્બ્રેલા વેબસાઈટ તળે સાંકળી લઈને શહેરોના વહીવટની પારદર્શકતા અને સરળતા વધારવાની સાથોસાથ લોકોને શહેરો વિશેની અગત્યની માહિતી ઓન લાઈન મળી શકે એ માટે ગુજરાત અર્બન નામની વેબ સાઈટ પણ શરૂ કરી છે. મને એ વાતનો આનંદ છે કે ઈ-ગવર્નન્સનું કામ એમાં પણ આપણે સંપર્ણ સફળતા પ્રાપ્ત કરી શકયા છીએ. તમામ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં આ કામ પૂર્ણ થયું છે. મહાનગરપાલિકાઓમાં શરૂ થયેલ સિવિક સેન્ટરોમાં પણ આમ નાગરિકોને વહીવટી સરળતા પૂરી પાડી રહેલ છે. મારે એ વાતનોઉલ્લેખ કરવો છે કે યુ.પી.એ.ની કેન્દ્રની સરકારે પણ સમગ્ર દેશમાં પહેલરૂપ ગુજરાતના શહેરોના ઈ-ગવર્નન્સના કાર્યને બિરદાવેલ છે. ઈ-ગવર્નન્સ માટે સુરત મહાનગરપાલિકાનું કામ મોડેલ તરીકે સમગ્ર દેશની મહાનગરપાલિકાઓ અને કેબિનેટ સેક્રેટરી સમક્ષ આગામી એપ્રિલ માસમાં રજૂ થનાર છે જે બતાવે છે કે આ ક્ષેત્રમાં આપણું કામ કેટલું ઉચ્ચત્તમ છે.

**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વર્ષમાં પણ આપણું સ્વપ્ન હતું કે જનભાગીદારી દ્વારા સમાજ વ્યવસ્થા ઉભી કરવી અને આ કાર્યમાં સમગ્ર વર્ષ દરમ્યાન શહેરીજનોએ સુંદર શહેરોના નિર્માણ માટે પોતાન તન, મન અને ધનનું યોગદાન આપેલ છે એ સૌને આપના થકી અભિનંદન આપું છું. રાજયના શહેરોમાં સો ટકા જન ભાગીદારીથી ૧૦૮૭ કામો આશરે ૫૦ કરોડ રૂપિયાના ખર્ચે હાથ ધરી રહ્યા છીએ. આ પ્રકારની કાર્યવાહી પહેલી વખત રાજયમાં અમલી થયેલ છે. જે શહેરી વિકાસ વર્ષની સફળતા રહેલી છે,

શહેરીજનોના જન-વિશ્વાસનો પ્રતિસાદ છે. અહીંથી કેટલાક મિત્રોએ દબાણ માટે વિચારો વ્યકત કર્યા છે. આપણે સૌ જાણીએ છીએ તે મુજબ શહેરી વિસ્તારોમાં દબાણોનો પ્રશ્ન ખૂબ મુશ્કેલ સ્વરૂપનો હતો એમાં વર્ષ દરમિયાન લોક સહયોગ દ્વારા સવા લાખ કરતાં વધારે દબાણ દૂર કરી શકયા છીએ. અને એમાંથી અનેક વ્યવસ્થા પણ આપણે ઊભી કરી શકયા છીએ. એટલું જ નહીં પણ તેની સાથો સાથ મહાનગરપાલિકાઓની ૧૯૨.૪૯ કરોડ અને નગરપાલિકાઓની ૧૦૭.૮૦ કરોડ રૂપિયાની જમીન આપણે ખુલ્લી પ્રાપ્ત કરી શકયા છીએ. ગંદા વિસ્તાર સુધારણા વિના શહેરી વિકાસ વર્ષ અધૂરું રહે. અને તે બાબત ધ્યાનમાં લઈને ગંદા વિસ્તારોમાં જાહેર શૌચાલયો, આવાસો, રસ્તાઓ, વીજળી, પાણી વગેરે બાબતોની કાર્યવાહી પણ અમે હાથ ધરી શકયા છીએ. આ માટે ૨૦.૨૮ કરોડ રૂપિયાના ખર્ચે ગંદા વિસ્તારોમાં ૬૮૨ જેટલા વિવિધ કામો હાથ ધર્યા છે. રાજયમાં પ્રથમવાર મોટા પ્રમાણમાં તમામ નગરપાલિકાઓ અને મહાનગર પાલિકાઓમાં એક હજાર જેટલા પે એન્ડ યુઝ ટોઈલેટ બનાવવાનું હાથ ધરેલ છે અને દરેક મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવેલ છે. સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના હેઠળ ૭૩૧૮૦ બહેનોને સાંકળીને બહેનોના જુદા જુદા જૂથો બનાવીને રોજગારી માટેની તાલીમ વ્યવસ્થા અમે ઉભી કરી શકયા છીએ. સમગ્ર વર્ષ દરમિયાન નાના અને મધ્યમ વર્ગના લોકોને રહેઠાણની સુવિધા પ્રાપ્ત કરાવવા ૪૧૫૬ આવાસો પૂર્ણ કર્યા છે. અને ૧૯૪૫૯ આવાસોના કામ ચાલી રહ્યા છે. ગુજરાતના ઈતિહાસમાં હાઉસિંગ બોર્ડ પ્રથમ વખત દેવા મુકત બનેલ છે. આજે એક પણ રૂપિયાનું દેવું રહેલ નથી. તમામ ગ્રાહકોને પડતી મુશ્કેલીઓના નિવારણ માટે પ્રયત્નો હાથ ધરી શકયા છીએ. રાજયના શહેરોને અગ્નિશમન સાધનોનો અભાવ હતો. જે આ વર્ષમાં અમે સીધી જ સરકારની સો ટકા ગ્રાન્ટ દ્વારા ૧૯ શહેરોને દસ કરોડ રૂપિયાના ખર્ચે ફાયર સેફટીના સાધનો અપાયેલા છે. ઉપરાંત આ શહેરોને ફાયર સ્ટેશનના મકાન માટે પ્રત્યેકને રૂા. ૨૫ લાખ ફાળવવામાં આવેલ છે. અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ લાઈનની સફાઈ માટેના પ્રશ્નો રહેતા હતા અને સફાઈ કામદારોની સલામતીનો પ્રશ્ન વારંવાર ઉપસ્થિત થતો હોવાથી આ પ્રકારની ડ્રેનેજ વ્યવસ્થા ધરાવતી નગરપાલિકાઓને રૂા. ૧.૧૩ કરોડના ખર્ચે ડ્રેનેજની સફાઈના વિવિધ પ્રકારના જેટીંગ મશીન તથા ડીસીલ્ટીંગ મશીન વિગેરે સાધનો તેમજ ભૂકંપગ્રસ્ત ૧૪ શહેરોમાં રૂા. ૫.૮૭ કરોડના કચરાના નિકાલ અને ડ્રેનેજ સફાઈના સાધનો પૂરા પાડવામાં આવી રહેલ છે. રાજયમાં ભારે વરસાદે શહેરોમાં અનેક પ્રકારે નુકસાન કરેલ છે અને તે માટે આફતગ્રસ્ત નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં ૬૦ કરોડ રૂા. ના ખર્ચે કાર્યો તુરત હાથ ધરીને સુવિધા પુનઃસ્થાપિત કરેલ છે. સમગ્ર દેશ માટે પર્યાવરણનો પ્રશ્ન ખૂબ જોખમરૂપ બની રહ્યો છે. ત્યારે આપણે સમયસર કાળજી લઈને શહેરોમાં ફકત વિકાસના કામો લેવા તેવું માન્યા વગર હરિયાળા શહેરોની યોજના માટે નિશ્ચિત દિશા અપનાવી છે. આ કાર્યમાં ગ્રીનગાર્ડ થકી જનભાગીદારીને જોડી છે. રાજયમાં ૨૦,૦૦૦ ગ્રીનગાર્ડ વોલીયેન્ટર જોડાયેલ છે અને સમગ્ર વર્ષ દરમિયાન શહેરોમાં જનભાગીદારી દ્વારા ૨૫,૬૯,૨૨૪ વૃક્ષો વાવીને ઉછેરવાના કાર્યની સાથે પુનિત વન, નક્ષત્ર વન, રાશી વન, નવગ્રહ વન વિગેરે થકી આશરે રૂા. ૨૧ કરોડના ખર્ચે હરિયાળા શહેરોના પ્રોજેકટોને નક્કર સ્વરૂપ આપેલ છે. અંતિમધામોના વિકાસમાં મોટા પ્રમાણમાં જનભાગીદારીને જોડીને યોગ્ય સ્વરૂપ અપાયેલ છે. શહેરનો દરેક બાળક અને યુવાન મેદાન ઉપર રમતો થાય અને તન મનનો વિકાસ સધાય તે માટે રમત ગમતના મેદાનો બનાવવાની યોજના પણ અમલમાં મુકાઈ છે. ભૂતકાળના વર્ષો દરમિયાન પાંચ દસ ટાઉનપ્લાનિંગ સ્કીમો બનતી હતી. તેના બદલે આ વર્ષમાં ૪૬ ટાઉનપ્લાનિંગ સ્કીમોની રચના કરવામાં આવેલ છે. સમગ્ર વર્ષ દરમિયાન શ્રેષ્ઠ નગરપાલિકાને દર મહિને ઈનામ આપીને નગરપાલિકાઓ વચ્ચે તંદુરસ્ત હરીફાઇ કરવામાં આવે અને તેના કારણે અનેક પ્રકારના નવા આયામો પ્રાપ્ત થયા છે. સમગ્ર વર્ષ દરમ્યાન ૧૬ જેટલી નગરપાલિકાઓને શ્રેષ્ઠ નગરપાલિકા જાહેર કરી કુલ ૧.૨૫ કરોડના ઈનામો આપવામાં આવેલ છે. અને સમગ્ર વર્ષ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર નગરપાલિકાઓને વિશિષ્ઠ અને મોટી રકમના પુરસ્કાર આપવામાં આવશે. આ શહેરી વિકાસ વર્ષ ૩૧મી માર્ચે પૂર્ણ થાય અને જે તે નગરપાલિકાઓએ જે કામગીરી કરેલ હોય તેના જે નોર્મ્સ રહેલા છે તેમાં અ અને બ વર્ગની નગરપાલિકાઓમાં પ્રથમ આવનાર નગરપાલિકાને રૂપિયા એક કરોડનું ઇનામ રાજય સરકાર દ્વારા પ્રાપ્ત થવાનું છે. જ્યારે વ્દિતીય ક્રમે આવનાર નગરપાલિકાને ૫૦ લાખ રૂપિયાનું ઇનામ પ્રાપ્ત થવાનું છે. ક અને ડ વર્ગની નગરપાલિકાઓમાં પ્રથમ આવનારને ૫૦ લાખનું ઇનામ પ્રાપ્ત થવાનું છે જ્યારે બીજા ક્રમે આવનારને ૨૫ લાખનું ઇનામ પ્રાપ્ત થવાનું છે. સમગ્ર વર્ષ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર ચીફ ઓફિસરને પણ ઇનામ આપવાના છીએ. એને અનુક્રમે ૧૫ હજાર અને ૧૦ હજારનો એવોર્ડ આપવાના છીએ.

ઈ-ગવર્નસના કામમાં વેજલપુર નગરપાલિકાને ભારત સરકારનો સિલ્વર આઈકોન એવોર્ડ પ્રાપ્ત થયો છે. નવસારી નગરપાલિકાને જળ વ્યવસ્થાપન માટેની ઉત્તમ કામગીરી કરવા માટે ક્રિસિલ દ્વારા રાષ્ટ્રીય સ્તરનો એવોર્ડ પ્રાપ્ત થયો છે.

માનનીય સભ્યશ્રી માયાબહેને વાત કરી. સાબરમતી રીવર ફ્રન્ટ યોજનાએ ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે ગુજરાતે કરેલ કામને વિશિષ્ટ સ્થાન અપાયું છે. ખૂબ ઝડપથી આ યોજના હાથ ધરાઈ રહેલ છે. આ યોજના પૂર્ણ થતાં સમગ્ર દેશમાં અને વિશ્વમાં આગવા સ્વરૂપનું ગુજરાતનું અને કર્ણાવતી મહાનગરપાલિકાનું સ્વપ્નું પૂરું થવાનું છે. મને જણાવતાં આનંદ થાય છે કે આ યોજનાને આર્કિટેકચર કન્સેપ્ટ એન્ડ ડિઝાઈનનો હાલના વડાપ્રધાનશ્રીનો શ્રેષ્ઠ એવોર્ડ પ્રાપ્ત થયો છે. જે આપણા સૌ માટે ગૌરવની બાબત છે.

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ જે પ્રકારની કામગીરી કરી રહી છે સમયસર ગુણવત્તા સભર કામગીરીને ધ્યાનમાં લઈ ચાલુ વર્ષ દરમિયાન આઈ.એસ.ઓ. ૯૦૦૧નું સર્ટિફિકેટ પ્રાપ્ત થયું છે. કોઈપણ શહેરો માટે શહેરી જનોના ઉત્સાહ ઉમંગ ધબકતું જીવન એજ પ્રાણ પૂરી શકે, આ બધી જ બાબતો સમાજ જીવનને જોડવા શહેરી વિકાસ વર્ષ દરમિયાન નગરોત્સવનું આયોજન હાથ ધરેલ. એમાં અનેક સભ્યશ્રીઓ આ કાર્યક્રમોમાં સામેલ થયા. ૯૪ જેટલી નગરપાલિકાઓએ નગરોત્સવ ઉજવીને સમગ્ર શહેરીજનોમાં વિકાસની જયોત જલાવી છે. આનાથી સભાગૃહના તમામ સભ્યશ્રીઓ વાકેફ છે.

વીજળી બિલ ભરવું એ સમગ્ર નગરપાલિકાઓ માટે મુશ્કેલ બાબત રહી છે. જી.ઈ.બી. સાથે સમાધાન યોજના મૂકીને ૧૦૪ નગરપાલિકાઓ આ યોજનામાં સામેલ થઈ છે. અગાઉ દર વરસે ૪૪ કરોડ રૂપિયાના વીજળી બિલ નગરપાલિકાઓ દ્વારા એવરેજ ભર્યા છે, પરંતુ આ એકજ વર્ષમાં ૯૧ કરોડ રૂપિયા ભર્યા છે. પહેલી વખત ૨૮ નગરપાલિકાઓ એવી છે કે જે સંપૂર્ણપણે દેવા મુકત થયેલ છે.

દેશમાં પ્રથમ વખત અર્બન હેલ્થની યોજના શરૂ કરી છે. મહાનગરપાલિકા કે નગરપાલિકાનો સામેલ વિસ્તારમાં આર્થિક રીતે નબળા વર્ગના લોકોના આરોગ્યની સેવાઓની શરૂઆત કરી છે. સુરત મહાનગરપાલિકા દ્વારા દેશનો સૌ પ્રથમ સાયન્ટીફીક લેન્ડ ફીલ સાઈટ વિકસાવવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશમાં ઘન કચરામાંથી સાડા સાત મેગાવોટનો પાવર ઉત્પન્ન કરવાનો પ્રોજેકટ શરૂ થવાનો છે. રાજકોટ શહેરમાં જન ભાગીદારી દ્વારા સોલર એનર્જી આધારિત ૮૦૫૦ જેટલી સોલાર હીટીંગ સિસ્ટમ અને દસ હજાર સોલાર કુકર કાર્યરત કરેલ છે અને શહેરોમાં સોલાર ઉપકરણોના ઉપયોગ માટે એક નવી દિશા આપેલ છે.

પ્રવાસન પ્રવૃતિને ધ્યાને રાખી બહુચરાજી, અંબાજી અને કેવડિયાના યોગ્ય સ્વરૂપમાં વિકાસ માટે થઈને ડેવલપમેન્ટ ઓથોરિટી જાહેર કરેલ છે અને તેનું પ્લાનિંગ શરૂ કરાયેલ છે.

ભૂકંપગ્રસ્ત શહેરોમાં બાકી રહેતી સુવિધાઓની પૂર્તતા માટે આશરે ૮૦ કરોડ રૂપિયાના વિકાસના કામો પૂર્ણ કરાયેલ છે અને આવતા વર્ષે રૂા. ૪૦૦ કરોડમાંથી બાકી રહેતો પ્રોજેકટ પૂર્ણ થશે.

ગુજરાતના પાટનગર ગાંધીનગરને આગવું સ્વરૂપ આપવા અને તેને સુંદર બનાવવા છેલ્લા એક વર્ષમાં અનેક કામો હાથ ધરાયેલ છે. જેમાં વસતિને ધ્યાને રાખી ડ્રેનેજ અને પાણી વ્યવસ્થા પૂર્ણ કરવી, રસ્તાઓ યોગ્ય સ્વરૂપમાં હાથ ધરવા, સેન્ટ્રલવર્જ, ફૂટપાથ, સર્કલોનો વિકાસ, હાઈમાસ્ટ લાઈટ, બગીચાઓ વિકસાવવા, દબાણો દૂર કરવા, હાલની વ્યવસ્થાને યોગ્ય સ્વરૂપ આપવું, જામનગરની જેમ અહીંયા પણ અંતિમધામના વિકાસનું કામ શરૂ કર્યુ છે. સમગ્ર ગુજરાતમાં શ્રેષ્ઠ અંતિમધામ ગાંધીનગરમાં બનવાનું છે. શહેરમાં એકપણ વોટરબોડી ન હોવાથી વોટરબોડી નવી બનાવવી, સંત સરોવર તેમજ જન ભાગીદારી સાથે જુદા જુદા સેકટરોના જાહેર પ્લોટોને અલગ સ્વરૂપમાં ડેવલપ કરવા વિગેરે કામો હાથ ધરાયેલ છે.

મારે કેટલીક નવી બાબતોની જાહેરાત ગૃહ સમક્ષ કરવી છે. રાજય સરકારે શહેરોની સર્વાંગી અને લાંબાગાળાની વિકાસ યોજનાને સુઆયોજીત રીતે આગળ ધપાવી દેશમાં નમૂનારૂપ શહેરોનું સ્વરૂપ આપવા માટે ગુજરાત અર્બન મિશનની રચના દ્વારા વિવિધ યોજનાઓ સાંકળીને વિકાસના કામો આયોજનબદ્ધ હાથ ધરશે.

માનનીય સભ્યશ્રી કેન્દ્ર સરકારની યોજનાઓનો વિચાર વ્યક્ત કરતા હતા. એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે એક લાખ કરોડનું જે આયોજન પ્લાનીંગ કમિશને કર્યું હતું તેની અમલવારી અત્યારની યુ.પી.એ.ની સરકારે શરૂ કરી છે, પરંતુ તેમાં કયારેય કેન્દ્રના ૧૦૦ ટકા પૈસા મળવાના નથી. કોઈ યોજનામાં ૨૦ ટકા મળવાના છે, કોઈ યોજનામાં ૨૫ ટકા મળવાના છે, કોઈ યોજનામાં ૩૦ ટકા મળવાના છે અને રાજય સરકાર તેમાં સહભાગી થવાની છે. ગુજરાત અર્બન મિશનની કાર્યવાહી હાથ ધરાશે. સ્થાનિક શહેરી સંસ્થાઓને નાણાકીય રીતે સક્ષમ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી છે. તે મુજબ વ્યવસાય વેરાની વસૂલાત કરવા અને વાપરવાની જોગવાઈ બજૅટમાં કરાયેલ છે. આ નિર્ણયથી શહેરોને લગભગ ૧૦૦ કરોડ રૂપિયાનો ફાયદો થવાનો છે. નગરપાલિકાની હિસાબી પદ્ધતિ પારદર્શક બને અને આર્થિક ક્ષમતા વધે તે માટે ૧૪૧ નગરપાલિકાઓમાં એકુઅલ બેઈઝડ ડબલ એન્ટ્રી એકાઉન્ટ સિસ્ટમ અમલમાં આવવાની છે. જેનું પણ કેન્દ્રની સરકારે સ્વાગત કરીને તેના માટે રાજય સરકારને અભિનંદન આપ્યાં છે. સરળ અને પારદર્શક એરિયા બેઈઝડ પ્રોપર્ટી ટેક્સ ફૉરમ્યુલા ૧૪૧ નગરપાલિકાઓમાં અને બાકી રહેલી મહાનગરપાલિકાઓમાં શરૂ કરવામાં

આવશે. આની સરળતા સાથે સેલ્ફ એસેસમેન્ટ દ્વારા નાગરિકોને પણ એક અલગ પ્રકારની વિશ્વસનીયતા ઉભી થવાની છે.

કેટલાક સભ્યશ્રીઓએ જે વિચાર વ્યકત કર્યો છે એ રાજયની નગરપાલિકાઓમાં તેમની આવક અને ખર્ચના હિસાબો અને વ્યવહારોમાં પારદર્શકતા અને એકરૂપતા લાવવા અદ્યતન મૉડલ મ્યુનિસિપલ એકાઉન્ટ કોડ તૈયાર થઈ રહ્યો છે. જે આવતા વર્ષોમાં તમામ નગરપાલિકાઓમાં અમે અમલમાં લાવવાના છીએ. સરકારશ્રી દ્વારા શહેરી સ્થાનિક સંસ્થાઓમાં જે ચીફ ઑફિસરોની તકલીફ છે તેના માટે થઈને સરકારે નવા ૭૬ ચીફ ઑફિસરોની ભરતી માટેની મંજૂરી આપી છે. જી.પી.એસ.સી.ની જાહેરાત પણ બહાર પડી ગઈ છે અને આગામી દિવસોમાં આ ૭૬ ચીફ ઑફિસરો પ્રાપ્ત થવાથી નગરપાલિકાના વહીવટમાં સુદ્રઢતા આવવાની છે.

ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપના ધોરણે હાઉસીંગ બોર્ડની જમીનોના વિકાસ માટે સંયુક્ત સાહસવાળા પ્રોજેકટો હાથ ધરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

બૉમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કૉર્પોરેશન એકટ અને ગુજરાત મ્યુનિસિપલ એકટને પણ સુધારવામાં આવી રહ્યો છે અને તેમાં લોક સહયોગી, લોકોને જવાબદાર અને પ્રતિસાદ આપનાર વિવિધ પ્રકારના સૂચનો દ્વારા તેને આવરી લેવામાં આવેલ છે. શહેરી ગરીબો અને મધ્યમ વર્ગના નાગરિકોને ઉપયોગી તેમજ તેમના ઉત્કર્ષ માટે શહેરી સ્લમ નીતિ અને શહેરી સ્ટ્રીટ વેન્ડર પૉલિસી આખરી થવાના તબક્કામાં છે. શહેરોના આયોજનની નવી દિશા સ્વરૂપ આપવા તેમજ મધ્યમ વર્ગના શહેરીજનોને મદદરૂપ બને તેવી વિશિષ્ટ ટાઉનશીપ પૉલિસી તૈયાર થઈ રહેલ છે. જેનો આગામી વર્ષોમાં અમલ થવાનો છે. તમામ મહાનગરપાલિકાઓ દ્વારા ઓનલાઈન મકાન બાંધકામ પરમીશન આપવાનું આવતા વર્ષમાં અમે શરૂ કરવાના છીએ. ગુજરાત દેશનું એવું પહેલું રાજય હશે જ્યાં તમામ મહાનગરપાલિકાઓમાં ઓન લાઈન મકાન બાંધકામની પરમીશન આવતા વર્ષોમાં પ્રાપ્ત થશે. તમામ મહાનગરપાલિકાઓમાં આગામી વર્ષમાં બાયો મૅટ્રિક એટેન્ડન્સ (હાજરી) પદ્ધતિથી કર્મચારીઓની હાજરીની વ્યવસ્થા અમે કરવાના છીએ. તમા મહાનગરપાલિકાઓમાં ડિસૅમ્બર-૨૦૦૬ સુધીમાં દરરોજ પીવાનું પાણી પ્રાપ્ત થાય, રાજકોટ, જામનગરનો જે પ્રશ્ન છે તેને હલ કરીને ગુજરાતની સાત મહાનગરપાલિકાઓમાં ડિસૅમ્બર-૨૦૦૬ના અંત સુધીમાં દરરોજ પીવાનું પાણી પ્રાપ્ત થાય તે પ્રકારનું આયોજન અમે કર્યું છે. તમામ મહાનગરપાલિકાઓમાં ૦.૨૨ માઈક્રોથી ઓછી પ્લાસ્ટિક થેલીઓના ઉપયોગ પર આગામી વર્ષમાં અમે પ્રતિબંધ મૂકવાના છીએ. તમામ મહાનગરપાલિકાઓમાં અને અન્ય ૨૦ શહેરોમાં પ્રવાસન સ્થળો નિશ્ચિત કર્યા છે. તેને વિકસાવવામાં આવશે. દરેક મહાનગરપાલિકામાં ટ્રાફિકના ભારણને હળવો કરવા માટે સાતેસાત મહાનગરપાલિકામાં રીંગ રોડનું આયોજન કર્યું છે. જે આવતા વર્ષમાં હાથ ધરીને પૂર્ણ કરવાનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે ડો. માયાબેને વિચાર વ્યક્ત કર્યો તે મુજબ અમદાવાદમાં વિકાસની ગતિને ધ્યાને લઈને ઔડા દ્વારા બનાવવામાં આવેલ સરદાર પટેલ રીંગરોડને ચાર લાઈનનો કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે અને આગામી વર્ષમાં તેની કાર્યવાહી હાથ ધરાશે.

સમગ્ર દેશમાં પ્રથમવાર બી.આર.ટી.એસ. પ્રોજૅકટ (ઝડપી બસ વાહન વ્યવહાર વ્યવસ્થા) અમદાવાદ મહાનગરપાલિકા અને ઔડા વિસ્તારમાં ૫૯ કિલોમીટરમાં રૂા. ૩૨૮ કરોડના ખર્ચના પ્રોજૅકટ અમે મંજૂર કર્યા છે. જે આગામી વર્ષમાં કામ હાથ ધરવાનું છે. રાજયની ૧૬ નગરપાલિકાઓને આવતા વર્ષમાં ૧૧૬ એમ્બ્યુલન્સ ૫૩૮ લાખ રૂપિયાના ખર્ચે આપવાનો નિર્ણય કરેલો છે અને ગુજરાત શહેરી સુધારણા અંગેના વિશ્વબેંક સાથેના પ્રોજેકટમાં ત્રણ મહાનગરપાલિકાઓમાં જેના એન.યુ.આર.એમ.માં..

**સભાગૃહનો સમય લંબાવવા બાબત**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે બે કલાક ચર્ચા લંબાવી હતી. પરંતુ માનનીય મંગુભાઈને બોલવાનું હજુ બાકી હોઈ તેમનો જવાબ અને માગણીઓ ઉપરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય અડધો કલાક લંબાવવાની હું દરખાસ્ત કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ૩ સભ્યો રહી ગયા. ૨ કલાક સમય વધારવા પાછળનો આશય એટલો હતો કે, બધા સભ્યોને બોલવાની તક મળે.

**શ્રી અશોક ભટ્ટ** : ચર્ચાનો સમય વધાર્યો છે એટલે મંત્રીશ્રીઓનો જવાબ પણ સાંભળવો પડે. એટલે મંત્રીશ્રીઓના જવાબ પૂરા થાય અને માગણીઓ ઉપર મતદાન થાય ત્યાં સુધી સમય લંબાવવો જોઈએ. (અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે, સવારે જ ૨ કલાક સમય લંબાવ્યો હતો. આપની ચેમ્બરમાં વાત થઈ હતી. મારે ચેમ્બરની વાત અહીં ન કરવી જોઈએ. બન્ને બાજુથી ૮-૮ સભ્યો બોલશે. છતાં અમારા ૩ સભ્યો રહી ગયા છે. એટલે હવે વધારવો બરાબર નથી. કારણ કે, બે કલાક વધારવાનો અમને કોઈ ફાયદો મળ્યો નથી. એમને અમારે બે કલાક સુધી સાંભળવાના?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : બે કલાક સાંભળવાના એટલે? મંત્રીશ્રીઓના જવાબ તો સાંભળવા પડે.

**અધ્યક્ષશ્રી** : બે કલાક સાંભળવાના એટલે? મંત્રીશ્રીનો જવાબ ગૃહે સાંભળવાનો છે. પણ સાથે તેમણે મર્યાદા પણ રાખવાની છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, અમારી ના, નથી. પરંતુ ગૃહે સમય વધારવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : દરેકની મર્યાદાની એક ચીજ હોય છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, અમે કયાં ના પાડી છે? અમે તૈયાર છીએ. સવારે સાહેબની ચેમ્બરમાં વાત થઈ હતી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ચેમ્બરની વાત અહીં ચર્ચાવાની ન હોય. એટલે બધા જ સભ્યોને લાભ મળ્યો છે. જે યાદી આપી હતી એમાં બન્ને બાજુથી ૮-૮ સભ્યો બોલ્યા છે અને ત્યાર પછી મંત્રીશ્રીનો જવાબ શરૂ થયો અને જરૂરિયાત પેદા થઈ છે એટલા માટે આપને વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** : મંગુભાઈ તમારે કેટલો સમય જોઈશે? (શ્રી મંગુભાઈ પટેલ બેઠાં બેઠાં બોલતાં) ૩૦ મિનિટ? એટલી ચાલશે? એટલાથી નહીં પતે ૪૦-૪૫ મિનિટ તો જોઈશેને? નહીં પતે. ચાલો.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં વિશ્વ બેંક પાસે શહેરી સુધારણા પ્રોજેકટ ચાલે છે. આ વિશ્વ બૅન્કના પ્રોજેકટમાં ૩ મહાનગરપાલિકાઓનો જેનો એન.યુ.આર.એમ.માં સમાવેશ થયો નથી. રાજકોટ, સુરત વડોદરા અને અમદાવાદનો એન.યુ.આર.એમ.માં સમાવેશ થયો છે. જ્યારે ભાવનગર, જામનગર, જુનાગઢ એન.યુ.આર.એમ.માં સમાવેશ થયો નથી. એ ત્રણેય મહાનગરપાલિકાઓ અને અન્ય શહેરોની સાથે લઈને વિશ્વબૅંક પાસે રૂ.૫૦૦ કરોડથી વધારે રકમનો પ્રોજેકટ મૂકવામાં આવ્યો છે. જેને વિશ્વબૅંકે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. રૂ.૪.૫ કરોડ પ્રોજેકટ પ્રીપરેશન ફેસેલીટી માટે વર્લ્ડબેંક તરફથી ફાળવી આપવામાં આવ્યા છે. જે શહેરો માટે ઉપયોગી બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણની સમતુલીતતા જાળવવા માટે શહેરી વિસ્તારોમાં એક નવી નગર નંદનવન યોજના શરૂ કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. જેમાં આગામી વર્ષથી શહેરના નાગરિકોનો સહયોગ લઈને જનભાગીદારી દ્વારા હરિયાળા શહેરોનું નિર્માણ કાર્ય નક્કી કર્યું છે. જે નગરપાલિકા જનભાગીદારી સાથે કામ કરશે તેને મેચીંગ ગ્રાન્ટ તરીકે સહાય આપવા માટે ૧૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. એ જ પ્રમાણે અહીંથી સભ્યશ્રીઓએ વિચાર વ્યકત કર્યો છે. પર્યાવરણની સુરક્ષા અને અંતિમધામોના વિકાસના હેતુસર શહેરોમાં વિદ્યુત અને ગેસ આધારિત અંતિમધામો ઊભા કરવા માટે ૭.૫ કરોડ રૂપિયાની જોગવાઈ આ વખતે કરાઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી જગદીશભાઈએ એક તપાસ માટેની બાબત કહી. તપાસ જિલ્લા અધિકારી દ્વારા ચાલી રહી છે. પરંતુ પ્રાથમિક તબક્કે એમાં ગેરરીતિ જણાતાં એ કામ કરનાર સંસ્થાને નગરપાલિકાની કામ કરનાર સંસ્થાઓની યાદીમાંથી તુર્તજ બાકાત કરી છે. એને કોઈપણ નગરપાલિકામાં કામ ન આપવું અને પેમેન્ટ નહીં કરવું એ પ્રકારનો નિર્ણય કર્યો છે. શહેરી વિકાસ વર્ષમાં શહેરોના માળખાકીય વિકાસ દ્વારા નવી દિશા અને ગતિ પ્રાપ્ત થઈ છે. ગુજરાત અર્બન મિશન હેઠળ આગામી વર્ષમાં આપવા માગીએ છીએ. શહેરોમાં ૫૦ ટકા જેટલી વસ્તી વસવાટ કરતી હોય અને ૧૦ ટકા જેટલી તેની આધારીત આજુબાજુ રહેતી હોય એવા સંજોગોમાં માનનીયમુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિચારોમાં શહેરોના વિકાસ માટેનું એક અનેરું સ્વપ્ન રહેલું છે. આ સ્વપ્નની પૂર્તતા ટૂંકા અને લાંબા ગાળાનું આયોજન આપણે પ્રથમ વખત હાથ ધરી શકયા છીએ. રાજયના વિકાસમાં શહેરોનો વિકાસ પૂરક બનવાનો છે એવા સ્વરુપમાં જે માગણીઓ હું લઈને આવ્યો છું એ આગામી વર્ષોમાં વધુ ઉપયોગી બનવાની છે. મારે બીજી એક વાત કરવી છે કે માનનીય મુખ્યમત્રીશ્રી જે ૪૪નું નિવેદન લઈને આવ્યા અને ગૃહના અનેક સભ્યશ્રીઓએ એમાં સૂર પુરાવ્યો એવા વીર શહીદો ભગતસિંહ, સુખદેવ અને રાજયગુરુની શહીદીના ૭૫ વર્ષનો આજનો એનો દિવસ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજ રોજ યુનિવર્સિટી રોડ ઉપર શહેરી વિકાસ વર્ષ દરમિયાન નિર્માણ પામેલ ઉદ્યાનનું નામકરણ તેમજ વીર શહીદ ભગતસિંહની પ્રતિમાનું અનાવરણનો કાર્યક્રમ શહીદ ભગતસિંહની ભત્રીજી શ્રીમતી વિરેન્દ્રસિંધુ અરુણાના હસ્તે આજે કરવામાં આવ્યું છે. જે બતાવે છે કે આ ક્રાંતિવીરો માટે આ સરકાર આદર ધરાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વર્ષ દરમિયાન જે વિકાસના કામો થયા છે, સભ્યશ્રીઓએ એમાં પણ બધાએ સહકાર આપ્યો છે. હું આશા રાખુ છું કે એમની આ કાપ દરખાસ્ત પાછી ખેંચીને જે માગણીઓ લઈને આવ્યા છીએ એમાં સહકાર આપે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ જો બરાબર મળ્યો હોત તો અમે પાછી ખેંચી લેત પણ અમને સંતોષકારક નથી મળ્યો એટલે અમે પાછી નથી ખેંચતા.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંગુભાઈ ૧૫ મિનિટમાં જવાબ પૂરો કરો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ મેં ૩૦ મીનીટ પહેલાથી માગી છે. આ કોંગ્રેસના મિત્રોએ તો આદિવાસીઓને બહુ અન્યાય કર્યો છે તો આપના તરફથી મને

પૂરો જવાબ આપવાનો સમય આપો એવી મારી વિનંતી છે. મારા આદિજાતી વિભાગની ચર્ચામાં લગભગ ૧૦ જેટલા મિત્રોએ ભાગ લીધો છે. કેટલાક મિત્રોએ સરાહના પણ કરી છે અને કેટલાક મિત્રોએ ટીકા પણ કરી છે.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવીએ છીએ. (અંતરાય) પણ મર્યાદામાં.(અંતરાય) પ્લીઝ. . પ્લીઝ..

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સમાજ માટે અને મારા આદીજાતી કલ્યાણ વિભાગ માટે તો એક મોટી વાત એટલે શબરીકુંભની જે વાત અહીં થઈ છે. વિરોધપક્ષના નેતાએ પણ શબરીમાતાને આજે યાદ કર્યા, અત્યાર સુધી કુંભમેળા ગયા, નાસિક કે પ્રયાગમાં થતા હતા પણ ડાંગમાં શબરીકુંભ જે થયો છે એના કારણે કાયમ માટે શબરીધામ આ કુંભમેળા માટે લાયક સ્થળ બની ગયું છે એવું મારું માનવું છે. મારી માહિતી મુજબ જે કુંભમેળો થયો ત્યાં ૮ લાખ લોકો શબરી માતાના દર્શને આવ્યા હતા એમાં દેશ અને દુનિયામાંથી આ ૮ લાખમાંથી ૬ લાખ જેટલા આદીવાસી બંધુઓએ શબરીમાતાના ધામે દર્શન કર્યા છે. એ આદિવાસી સમાજ માટે મોટી વાત છે. વિરોધપક્ષના નેતા અહીં જે વાત કરતા હતા આદિવાસીઓની ચિંતા કરતા હતા, મારો વિભાગ જે છે એ વિભાગમાં શિક્ષણ, આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય, ગૃહનિર્માણ, વહીવટ અને નિર્દેશ આ મહત્વના વિભાગો આવે છે. વિરોધપક્ષના નેતાએ અહીં ચિંતા કરી છે, આદિવાસી બાળકોના શિક્ષણની વાત, મારા વિભાગ અને શિક્ષણ વિભાગની થઈ છે. જે આદિવાસીઓમાં જે આજે અક્ષરજ્ઞાન મળ્યું છે, મારા આગળના થોડાક કોંગ્રેસના સમયમાં લગભગ મને યાદ છે ત્યાં સુધી ૧૩-૧૪ વર્ષ કોંગ્રેસ સિવાયની પાર્ટીઓએ આ ગુજરાતમાં સત્તા સાચવી હતી અને એ બાદ કરતાં કુલ કોંગ્રેસની સત્તા રહી છે. મારી પાસે કેટલાક સાક્ષરતાના દર છે એ મારે વાંચવા છે. ૧૯૬૧માં આદિવાસીઓમાં શિક્ષણ હતું ૧૧.૬૯, ૧૯૭૧માં ૧૪.૧૨, ૧૯૮૧માં ૨૧.૧૪, ૧૯૯૧માં ૩૬.૪૫ અને ૨૦૦૧માં ૪૭.૭૪ એટલે ૪૮ ટકા જેટલું આદિવાસીઓમાં શિક્ષણ છે. આ તો ૨૦૦૧ના આંકડા છે. આ અત્યારના આંકડા નથી. અત્યારે તો એના કરતાં પણ આગળ વધી ગયા છીએ. બીજી એમણે ગુજરાત પેટર્નના પૈસા વપરાતા નથી એવી વાત કરી છે. ગુજરાત પેટર્ન ભારતીય જનતા પાર્ટીની સરકારે માનનીય કેશુભાઈ પટેલ મુખ્યમંત્રીશ્રી હતા ત્યારથી શરૂ કરી છે. ૧૯૯૯માં ૨૦૦ કરોડમાંથી ૧૯૪ કરોડ વપરાયા છે એટલે ૯૭ ટકા કામગીરી થઈ છે. વર્ષ ૨૦૦૦-૦૧માં રૂપિયા ૨૦૦ કરોડમાંથી ૧૯૮.૬૯ કરોડ એટલે ૯૯.૩૫ ટકા પૈસા વપરાયા છે. વર્ષ ૨૦૦૧-૦૨માં ૧૪૦ કરોડની ગ્રાન્ટ મળી હતી. તે વખતે ભૂકંપ હતો એટલે ઓછા પૈસા વપરાયા છે. વર્ષ ૨૦૦૨-૦૩માં ૧૨૩ કરોડ સામે ૧૨૧ કરોડ એટલે ૯૮.૮૩ ટકાની કામગીરી થઈ હતી. વર્ષ ૨૦૦૩-૦૪માં ૧૯૧ કરોડ સામે ૧૯૦.૫૮ એટલે કે ૯૯.૩૨ ટકા પૈસા વપરાયા છે. વર્ષ ૨૦૦૪-૦૫માં ૧૭૫.૮૦ કરોડની સામે ૧૭૫.૮૦ લાખ પૂરા વપરાયા છે એટલે ૧૦૦ ટકા કામગીરી થઈ છે. વર્ષ ૨૦૦૫-૦૬માં અત્યાર સુધી જે કાંઈ ગ્રાન્ટ ફાળવાઈ છે એમાં ફેબ્રુઆરી અંતિત ૧૬૮ કરોડ એટલે કે ૮૧.૭૨ ટકા પૈસા વપરાયા છે. આજ સુધી ન થઈ હોય એટલી કામગીરી ૫૨,૮૫૨ જેટલા નાના મોટા કામો આ ગુજરાત પેટર્ન હેઠળ થયા છે. આ સત્તાનું વિકેન્દ્રીકરણ છે. અત્યાર સુધી સત્તાનું કેન્દ્રીકરણ હતું. જેનું ઘડતર જિલ્લા અને તાલુકા મથકે બેઠેલા લોકો કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની ચિંતા અહીંયા કરવામાં આવી. આરોગ્યની વાત કરીએ તો સિકલસેલ અને લેપ્ટોસ્પાઈરોસિસની વાત થાય છે. દક્ષિણ ગુજરાતમાં લેપ્ટોસ્પાઈરોસિસ છે એના માટે જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે ત્યાં ડોકટરોની પૂરી વ્યવસ્થા થઈ છે. સિકલસેલની વાત કરીએ તો ગુજરાતમાં ૭૫ લાખ જેટલી આદિવાસીઓની વસતિ છે. સમાચાર મળે છે એ મુજબ ૧૫ ટકા જેટલા આ આદિવાસીઓમાં સિકલસેલ છે. ભૂતકાળમાં બે વાર કોંગ્રેસની સરકારોમાં આ વાત મુકાયેલી પણ તે વખતે પૈસાનો ખર્ચ સરકાર ન કરી શકી એટલે ઉડાવી દીધેલી. આ વખતે આરોગ્ય મંત્રીશ્રીએ ૧.૪૯ કરોડ રૂપિયા ચાલુ વર્ષે વાપરવાની વાત કરી એનું આયોજન થયું છે. નવા આયોજનમાં ૭૫ લાખ જેટલા ફાળવવામાં આવ્યા છે. બાળકોના આરોગ્યની ચિંતા થાય છે. ૭ લાખ બાળકોના સ્વાસ્થ્ય પરીક્ષણ કરવામાં આવ્યા છે. તે પૈકી ૨,૯૪,૫૭૪ બાળકોને જુદી જુદી સારવાર આપેલ છે. ૮ હજાર વિદ્યાર્થીઓને મોટા દવાખાને, રેફરલમાં મોકલીને સારવાર કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આવાસોની વાત પણ થઈ કે આદિવાસીઓને આવાસો નથી. વર્ષ ૨૦૦૪-૦૫માં મારી સરકારે ગુજરાત પેટર્નમાંથી ૬૦૧, ઈન્દિરા આવાસમાં ૨૦૫૨, સરદાર પટેલ આવાસ યોજનામાં ૮૮૨૫, આદિવાસી ગૃહ નિર્માણમાં ૨૦૪૨ એમ કરીને કુલ ૧૩૫૨૦ આવાસો બનાવ્યા છે. વર્ષ ૨૦૦૫-૦૬માં ગુજરાત પેટર્નમાં ૯૦૫, ઈન્દિરા આવાસમાં ૮૦૯૩, સરદાર આવાસમાં ૮૫૩૬, આદિવાસી ગૃહ નિર્માણમાં ૧૩૨૮ એમ બે વર્ષના આંકડા ગણીએ તો ૩૨,૩૯૨ આવાસો આદિવાસીઓને ફાળવવામાં આવ્યા છે. અહીં રોજગારીની વાત થાય છે. છેલ્લા ચાર વર્ષથી જે કાંઈ રોજગારીની વાત છે એમાં ગુજરાતમાં ૫૪ ટકા રોજગારી મળે છે એમાં આદિવાસી પણ આવી જાય છે. બાકીના ૫૬ ટકામાં આખા દેશમાં બીજા રાજ્યો આવે છે. અહીં આદિવાસીઓના બીજા કામોની વાતો થઈ. વીસ મુદ્દા કાર્યક્રમમાં છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત પ્રથમ

આવ્યું છે. વીસ મુદ્દા કાર્યક્રમ એ આદિવાસી, હરિજન અને બક્ષીપંચના લોકોની યોજના છે. આ રીતે મારા વિભાગમાં વધારેમાં વધારે જો પૈસા ખર્ચાયા હોય તો શિક્ષણ પાછળ ખર્ચાયા છે. આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ, ગ્રાન્ટ ઈન એઈડ ૪૫૬ જેટલી ચાલે છે. ૮ થી ૧૨ ધોરણમાં ૮૯ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ ચાલે છે. નવા વર્ષ ૨૦૦૬-૦૭માં ૮ નવી ઉત્તર બુનિયાદી શાળાઓ શરૂ કરવામાં આવનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગમાં કેન્દ્ર પુરસ્કૃત અને તેજસ્વી વિદ્યાર્થીઓની આદર્શ નિવાસી શાળાઓ પણ ચાલે છે. અહીંયા માનનીય જીતુભાઈએ આદર્શ નિવાસી શાળાની ચિંતા કરી, આ આદર્શ નિવાસી શાળાઓનું જે રિઝલ્ટ આવે છે એ લગભગ બોર્ડમાં ૭૬ ટકા જેટલું આવે છે. એના માટે પણ કેન્દ્ર પુરસ્કૃત યોજના ૬ થી ૧૨ સુધી ૮ જેટલી એકલવ્ય શાળા ચાલે છે. ૧૦૫૫ આદર્શ બાળકોને શિક્ષણ આપવામાં આવે છે. ૪૩ જેટલી આદર્શ નિવાસી શાળામાં ૫૨૨૪ બાળકો એમાં અભ્યાસ કરે છે, એમાં વિના મૂલ્યે જમવાની અને રહેવાની સગવડ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નિવાસી શાળાઓના મકાનની પણ અહીંયા વાત થઈ છે. ૨૦૦૫-૦૬માં આદર્શ નિવાસી શાળા સાપુતારા જે આખો આદિવાસી એરિયા છે એ કન્યાના બાંધકામની વાત છે. ઉકાઈ કન્યા, ખેડબ્રહ્મા કન્યા, ઝાલોદ કન્યા ચીખલી કન્યા અને તલાલા વગેરે નિવાસી શાળાના મકાનોના બાંધકામ તથા સ્ટાફ કવાર્ટર બાંધકામ માટે ૮૫૪ લાખનું આયોજન કરેલ છે. છાત્રાલયની વાત મારા વિભાગમાં ૮ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓ માટે કુલ ૯૨૯ જેટલા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય ચાલે છે(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ડો. જોષીયારા, આપે જવાબ સાંભળવો પડે. પ્લીઝ.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : એમાં (અંતરાય) ૪૧,૭૪૨ જેટલા વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવા-જમવાની સુવિધા આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, કોલેજના ૫૦ જેટલા છાત્રાલયો આવેલા છે. ૨૦૦૬-૦૭માં ૫ નવસારીમાં નવી નિવાસી સરકારી છાત્રાલયો શરૂ કરવામાં આવશે. છાત્રાલયમાં દર વર્ષે ૨૦૦ સંખ્યા વધતી હતી તેની જગ્યાએ ૩૦૦નો વધારો કરીને ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓનો વધારો કરવામાં આવ્યો છે. ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયમાં અત્યાર સુધીમાં ૨૦૦ વધારો થતો હતો, તેની જગ્યાએ ૭૦૦નો વધારો કરવામાં આવ્યો છે. મારા વિભાગમાં ડ્રાય હોસ્ટેલ પણ ચાલે છે. ૨૪ જેટલી ડ્રાય હોસ્ટેલ કોલેજની છે અને ૧૦ જેટલી હોસ્ટેલો હાઈસ્કૂલો માટે છે. ૨૦૦૬-૦૭માં ૪ કરોડ ૧૦ લાખની જોગવાઈ એમાં સૂચવેલ છે. આદિજાતિ, બિનઆદિજાતિ વિસ્તારમાં અત્યારે જોષીયારાજી કહેતા હતા ગાંધીનગર સુધી આદિવાસી બાળકો ભણવા આવે છે એવી જગ્યાએ પણ છાત્રાલય હોવા જોઈએ. બિનઆદિજાતિ વિસ્તારમાં ૨૦ નવી ડ્રાય હોસ્ટેલો માટે ૨૦૮ લાખ જેટલી જોગવાઈ સૂચવવામાં આવેલ છે. વિદ્યા સાધના યોજનાએ મારા વિભાગમાં દીકરીઓને સાઈકલો આપવાની યોજના છે એમાં ૨૦,૦૦૦ જેટલી દીકરીઓને ૩ કરોડ રૂપિયાનું આયોજન ચાલુ વર્ષે કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગણવેશની પણ અહીંયા વાત થઈ. ગણવેશના ૧૫૦ રૂપિયા રોકડા આપીએ છે. ૨૦૦૬-૦૭માં ૨૯ કરોડ ૮૫ લાખની જોગવાઈ સૂચવેલ છે. અહીંયા સ્કૉલરશિપની પણ વાત થઈ. ધોરણ ૧ થી ૧૦માં ભણતાં ૭૫ થી ૨૦૦ સુધીની શિષ્યવૃત્તિ આવક મર્યાદાને ધ્યાનમાં લઈને લગભગ ૮ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવેલ છે. (અંતરાય) ૨૦૦૬-૦૭માં ૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. (અંતરાય)

# અધ્યક્ષશ્રીની ટકોર

## મંત્રીશ્રીનું પ્રવચન સાંભળવા અંગે

**અધ્યક્ષશ્રી** : વન મિનિટ મંગુભાઈ, પ્લીઝ, માનનીય સભ્યશ્રીઓને જો પ્રવચન સાંભળવાની ઇચ્છા ના હોય અને માત્ર વાતો કરતા હોય, એ ઠીક નહિ, હવે પછી આ બાબતે વિચાર કરવામાં આવશે. માત્ર આપને વાતો જ કરવી હોય અને સાંભળવું જ ના હોય, બધા જ વાતો કરે છે. એકે એક વાતો કરે છે, કોઈ બાકાત નથી. અહીંયા જે મંત્રી બોલતા હોય એ હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકાઈ જાય છે, કોઈએ વાત સાંભળવી નહિ. પ્રવચન કરનાર વિધાનસભાગૃહમાં હાસ્યાસ્પદ બને છે ભાષણ ચાલુ છે. હું ઈચ્છું કે મારે ફરીવાર ટકોર કરવી ના પડે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આદિમ જૂથ નીચે આદિમ જૂથમાં કોળઘા, કોલચા, કોટવાળિયા, પઢાર અને સીદી જાતિના ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા બાળકોને વાર્ષિક ૩૦૦ થી ૬૦૦ રૂપિયા આપવામાં આવે છે. ૨૦૦૫-૦૬માં ૫.૪૦ કરોડ રુપિયાનો ખર્ચે, ૧ લાખ ૫૪ હજાર વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. ૨૦૦૬-૦૭માં છ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. અનુસૂચિત જનજાતિના પોસ્ટ મૅટ્રિકનું શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને ભારત સરકાર તરફથી પોસ્ટ મૅટ્રિકની જે શિષ્યવૃત્તિ મળે છે, ચાલુ વર્ષે ૨૦ કરોડ ૪૭ લાખની જોગવાઈ સામે ૧૯ કરોડ ૬૨ લાખનો ખર્ચ કર્યો છે અને ૮૨,૪૪૫ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવ્યો છે. ૨૦૦૬-૦૭માં ૨૩ કરોડ ૩૫ લાખની

જોગવાઈ સૂચવવામાં આવેલ છે આ રીતે મારા આદિજાતિ કલ્યાણમાંથી જે શિક્ષણની યોજના બની છે અને અમલ થાય છે એને લીધે આદિવાસીઓમાં ડ્રોપ આઉટ રેશિયો હતો એ પણ ખૂબ નીચે ઊતર્યો છે. આજે સવારે પ્રશ્નોત્તરીમાં પણ શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું છે, આદિવાસીઓમાં ડ્રોપ આઉટ રેશિયો ૧૯૯૯-૨૦૦૦માં ૪૧.૪૮ ટકા હતો, ૨૦૦૪-૦૫માં ૧૮.૧૯ એટલે ૧૯ ટકા ઉપર આવેલો છે, લગભગ ૨૯.૬૯ ટકા જેટલો ડ્રોપ આઉટ રેશિયો નીચે ઊતર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીની કેટલીક ઉત્કર્ષની યોજના પણ છે, જેમાં માનવ ગરિમા યોજના જેમાં ત્રણ હજાર રૂપિયા જે કોઈ નાનો ઉદ્યોગ કરનાર હોય એને ત્રણ હજાર રૂપિયાની સબસિડી આપવામાં આવે છે. ૨૦૦૬-૦૭માં ૧૯૫ લાખની જોગવાઈ સૂચવેલ છે. કુંવરબાઈનું મામેરું, એમાં ૨૦૦૬-૦૭માં ૧૮૦લાખની જોગવાઈ સૂચવેલ છે, સાત ફેરા સમૂહ લગ્નની યોજના એમાં ૨૦૦૬-૦૭માં યુગલ દીઠ પાંચ હજાર અને સંસ્થાને પણ એક હજાર રૂપિયા પ્રમાણે ૪૫ લાખની જોગવાઈ સૂચવેલ છે. તબીબી સહાય યોજના, એમાં કૅન્સર, રક્ત પિત્ત, પ્રસૂતિના રોગ માટે બહેનોને, પાંડુ રોગ માટે ૭૦૫૦ દર્દીઓને આર્થિક સહાય કરેલ છે. ૨૦૦૬-૦૭માં ૧૮૮ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી સમાજને હરિયાળી ક્રાંતિ તરફ, ખેતી તરફ વાળવામાં આવ્યો છે એમાં આ  વાડી યોજના આદિવાસીઓમાં ખૂબ લોકપ્રિય બની છે. આદિવાસી મિત્રો મશરૂમની ખેતી, સુગંધી ઘાસનું વાવેતર, અળસિયા ખાતર, આ રીતે ખેતી કરીને આદિવાસીઓને વાડી યોજનામાં મોટા પ્રમાણમાં મારા વિભાગે લાભ આપવાનો પ્રયત્ન કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારોમાં શ્વેત ક્રાંતિમાં પશુપાલનનો ખાસ ઉપયોગ થાય છે. ત્રણ વર્ષમાં ૨૦૩૬૮ જેટલા આદિવાસી લોકોને આ પશુપાલનથી પૂરક રોજી મળે એના માટે લાભ આપવાનો પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિમ જૂથ જનશ્રી વીમા યોજના, ભારત સરકારના આદિજાતિ કલ્યાણ મંત્રાલય તથા કેન્દ્ર સરકારના માજી સુરક્ષા ફંડની સહાયથી ભારતીય જીવન વીમા મારફતે આદિમ જૂથના ગરીબીની રેખા નીચે જીવતા, તેનાથી સહેજ પણ ઉપર આવતા આદિમ જૂથની પછાત જાતિ જેવી કે, કોલધા, કાટોડા, પઢાર, કોટવાળિયા અને સીદી જાતિના કુટુંબોને મદદરૂપ થવા માટે જનશ્રી વીમા યોજના શરૂ કરેલ છે જેમાં ૨૦૦૪-૦૫માં અત્યાર સુધીમાં ૧૫,૦૦૦ કુટુંબોને આવરી લીધા છે. ૨૦૦૬-૦૭માં બાકી રહેલા તમામ આદિમ જૂથના લોકોને આ જનશ્રી વીમા યોજનાનો લાભ મળવાનો છે. આ રીતે મારા આદિજાતિ વિભાગે આદિજાતિના ઉત્કર્ષ માટે કામ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વન અને પર્યાવરણથી થોડી વાતો કરવી છે, છેલ્લા એક દશકામાં વૃક્ષાચ્છાદિત વિસ્તારમાં નોંધપાત્ર વધારો થયેલો જોવામાં આવેલ છે, ગુજરાત માટે ગૌરવની વાત છે કે, સામાજિક વનીકરણ હેઠળ ગામની પડતર જમીન, ગામની ગૌચર જમીન, ખરાબાની જમીન, ખેતર પાળા, તળાવ પાળા, શાળાઓ, પંચાયતો અને ડેરીના પટાંગણમાં વૃક્ષો ઉછેરવામાં આવ્યા છે. ૨૦૦૧માં જે વૃક્ષાચ્છાદિત વિસ્તાર હતો ૧૯૧૮૮ ચોરસ કિલોમીટર, ફૉરેસ્ટ સરવે ઑફ ઈન્ડિયાના તારણમાં એ વધીને ૨૫,૫૩૨ ચોરસ કિલોમીટર થયો છે જેમાં ૬૩૪૪ ચોરસ મીટરનો વધારો થયેલો છે. ફૉરેસ્ટ સરવે ઑફ ઈન્ડિયાના રિપોર્ટમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે, જંગલ વિસ્તાર બહારમાં ૨.૧૦ ટકા હતો એ વધીને ૫.૪૦ ટકા જેટલો થયો છે એમાં પણ ૩.૩૦ ટકાનો વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે ૨૦૦૬-૦૭માં ૧૬૧.૪૪લાખની જોગવાઈ કરવામાં આવી છે. વિવિધતાની દ્રષ્ટિએ ગુજરાતનું આગવું સ્થાન  છે. દક્ષિણ ગુજરાતમાં લગભગ સો ઈંચ વરસાદ પડતો હોય પણ કચ્છની વાત કરીએ તો ૫ થી ૧૦ ઈંચ વરસાદ પડે છે છતાંપણ વન વિકાસક્ષેત્રે લગભગ ૧૦૯.૪૭લાખની માનવ રોજગારી ઉભી કરનાર છે. સૌરાષ્ટ્રના  બેડી બંદર છે. ઉજજડ વિસ્તારમાં ટપક સિંચાઈ પદ્ધતિથી વનીકરણ માટે એક કરોડ ફાળવ્યા છે. સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ ૧૯૧૦ હેકટરમાં વનીકરણ ૧,૬૬,૦૦,૦૦૦ની જોગવાઈ કરવામાં આવી છે. વન વિભાગના સામાજિક વનીકરણ હેઠળ જેમાં લોકભાગીદારીનો સમાવેશ થાય છે. પટ્ટી વાવેતર, રસ્તા, રેલ્વે, નહેર કાંઠે ગ્રામ્ય વિસ્તારમાં ગૌચરની ખરાબ જમીનમાં જમીનમાં વરસાદ આધારિત પિયત ઘસાયેલી ખેત જમીનમાં વાવેતર વન મહોત્સવ હેઠળ રાહત દરે વૃક્ષના રોપાનું વિતરણ કરવામાં આવ્યું છે. સામાજિક વનીકરણ યોજના હેઠળ બળતણ, અને નાના ઈમારતી લાકડાની જરૂરિયાત લોકોને પડે છે. વૃક્ષના ઉત્પાદનથી લોકોને સહાય અને રોજી, આવક મળે એ હેતુથી આ યોજના ૨૦૦૫-૦૬ સુધીમાં ૫,૪૫,૯૦૪ હેકટર વિસ્તારમાં વૃક્ષનું વાવેતર કરવામાં આવ્યું છે. સહભાગી વન વ્યવસ્થા. વન ઉપર દબાણ ન આવે અને સુરક્ષિત રહે એ માટે સહભાગી યોજના સમિતિ બનાવી છે. ગુજરાતમાં ૨૦૫૮ વન વ્યવસ્થા સમિતિ છે એના દ્વારા ૨૬૯લાખ હેકટરમાં વનીકરણ કરવામાં આવ્યું છે. ૨૦૦૬-૦૭માં ૫૦૦ વધારાની સહભાગી વન વ્યવસ્થા સમિતિ બનાવવામાં આવશે. એની સાથે ૨૧ જેટલી વન વિકાસ એજન્સીનો પ્રોજેકટ પણ મંજૂર કરવામાં આવ્યો છે. એમાં ૨૦૦૬-૦૭માં ત્રણનો વધારો કરાયો છે. ડાંગમાં મોટાભાગના આદિવાસીઓને પોતાના સાગના ઝાડ હોય છે. માલિકીના ઝાડ કપાય તે વખતે ભૂતકાળમાં ૨-૩

વર્ષ સુધી પૈસા મળતા નહોતા પણ હવે એક કરોડનું રીવોલ્વીંગ ફંડ કરીને ૬ મહિનામાં પૈસા મળી જાય એ માટે વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. વન મહોત્સવ. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેજા હેઠળ સરકારમાં દરેક વિભાગોએ પ્રગતિ કરી છે.એ રીતે મારા વન વિભાગની વાત જો મારે કરવી હોય તો પુનિત વન ગાંધીનગરમાં બન્યું છે. ૬ હેકટરમાં એ પુનિત વનમાં ૧૨ રાશીના આરાધ્ય વૃક્ષ, નવ ગ્રહના આરાધ્ય વૃક્ષ અને ૨૭ નક્ષત્રના આરાધ્ય વૃક્ષ છે. એ પુનિત વન ગાંધીનગરમાં બન્યું છે. ૩૧૬૧ જેટલા બીલીપત્રના વૃક્ષ ત્યાં વવાયા છે. ૫-૭ વર્ષ પછી તૈયાર થશે ત્યારે શિવલીંગનો આકાર બનવાનો છે અને ગાંધીનગરમાં જે દર્શનાર્થી અક્ષરધામ જોવા આવે છે એ ટાઈપનું પુનિત વન ભવિષ્યમાં બનશે એવું લાગે છે. સવારના મોર્નીંગ વોક અને સાંજના ઈવનીંગ વોક માટે કેટલાય લોકો ત્યાં ફરતા હોય છે. પુનિત વનની વાત કરીએ ત્યારે ચોકકસ એવું થાય કે પુનિત વન જોવું જોઈએ એવી જિજ્ઞાસા માણસના મનમાં જાગે એવું પુનિત વન મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં બન્યું છે. ૫૫ જેટલા વન મહોત્સવ ગાંધીનગરમાં ઊજવાયા છે. વન વિભાગ કે અધિકારીઓ એક દિવસ બધા મંત્રીશ્રીઓ, અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહીને વન મહોત્સવ કરતા હતા પણ મુખ્યમંત્રીશ્રીએ નવી ભાત ગુજરાતમાં ઉભી કરી છે. સ્વાતંત્ર્ય દિન, પ્રજાસત્તાક દિન અને પહેલી મે જુદાજુદા જિલ્લામાં ઉજવવાનું નકકી કર્યું છે. એ મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી વન વિભાગે ગાંધીનગર છોડીને વન મહોત્સવ બીજા જિલ્લામાં ઉજવવાનું નકકી કર્યું છે. ૫૬મો વન મહોત્સવ અંબાજી ધાર્મિક સ્થાને ઊજવાયો. વન મહોત્સવ થયો એ વખતે ૫૫૧ જેટલા નવદંપતિઓએ ત્યાં આવીને કૈલાસ ટેકરીની બાજુમાં વૃક્ષારોપણ કર્યું છે. એ કાર્યક્રમમાં લગભગ ૨૫ થી ૨૭૦૦૦ લોકો હાજર હતા આ વર્ષે પણ અમે ૫૭મો વન મહોત્સવ તારંગા હીલ ઉપર જૈન ટેમ્પલ છે ત્યાં ઉજવવાના છીએ.

શહેરી વિકાસ વર્ષમાં પણ ૧૪૨ નગરપાલિકાઓમાં શહેરને હરિયાળું કરવા માટેની વાત શહેરી વિકાસ મંત્રીશ્રીએ કરી છે, એટલે મારે વાત નથી કરવી. ઈકો ટુરિઝમ. અત્યારે ટુરિઝમ યર ચાલી રહ્યું છે, ત્યારે ઈકો ટુરિઝમને વધારે પ્રોત્સાહન આપીશું. અમારા વન વિભાગ તરફથી ૭૧ ઈકો ટુરિઝમ સ્થળ માટે ૩૫.૨૬ કરોડનો એક્શન પ્લાન બનાવીને આપેલ છે. પ્રવાસન વિભાગ દ્વારા ઈકો ટુરિઝમના વિકાસ અંગે ૨૦૦૫-૦૬માં સાસણગીર માટે ૪૫ લાખ રૂપિયા, જાંબુઘોડા માટે ૨૫ લાખ રૂપિયા અને વઢવાણ જળસ્ત્રાવ વિસ્તાર માટે ૪૦ લાખની રકમ આપવામાં આવેલ છે. ૨૦૦૬-૦૭ માટે ભારત સરકારના પ્રવાસન વિભાગનો સહયોગ મેળવવા વન વિભાગ પ્રયત્ન કરી રહેલ છે. બાયો ડીઝલ, જેટ્રોફા અંગે કેન્દ્ર સરકારમાંથી ૬૫ લાખ રૂપિયા લઈને રતન જ્યોત બાયો ડીઝલના સ્ત્રોત માટે ૫ લાખ જેટલા રોપાઓ રોપ્યા છે. આવતા દિવસોમાં ૫ લાખ રોપાનું આયોજન છે. ચેરના વૃક્ષ માટે ભરતીના કાદવવાળા આશરે લગભગ ૨૫,૦૦૦ હેક્ટર જેટલા વિશાળ વિસ્તારમાં ચેરની જાતનું વનીકરણ કરવામાં આવ્યું છે. ફોરેસ્ટ સર્વે ઑફ ઈન્ડિયા-દહેરાદુનના અહેવાલ મુજબ ચેરનું પ્રમાણ વર્ષો વર્ષ વધી રહ્યું છે. આ અહેવાલ મુજબ ચેરનું પ્રમાણ ૧૯૯૩ માં ૪૧૯ ચોરસ કિ.મી.હતું. ૨૦૦૩ માં ૯૬૦ ચોરસ કિ.મી. જેટલું થયું છે. આ એક મોટી ઉપલબ્ધિ છે. ઈકો ક્લબ. બાળકો, યુવાનો, આવતી પેઢીના શિલ્પીઓ બાળપણથી પ્રકૃતિ પ્રેમી બને, વન અને વન્ય પ્રાણીઓના સંરક્ષણ પ્રત્યે જાગૃત બને તેવા આશયથી ઈકો ક્લબની સ્થાપના કરવામાં આવી છે. ગુજરાતમાં ૨૫,૦૦૦ થી વધારે ઈકો ક્લબ આવી છે. ગુજરાતમાં સિંહ, દીપડા, કાળીયાર, મગર વગેરે વન્ય પ્રાણીઓની વૃદ્ધિ દેખાય છે. ગુજરાતમાં ૫૦૦ થી વધારે પશુઓની જાતો આવેલ છે. ૨૦૦૧-૦૨ માં ૩૨૭ સિંહો હતા. અર્જુનભાઈ કહેતા હતા કે સિંહોની સંખ્યા ઘટી છે. જે ૨૦૦૧ માં ૩૨૭ હતી, તે અત્યારે ૩૫૯ થઈ છે, એટલે ૩૨ નો વધારો થયો છે. નળ સરોવર ખાતે અત્યારે જે પક્ષીઓની ગણતરી થઈ, એમાં ૧,૯૨,૦૦૦ હતા. ફેબ્રુઆરી-૨૦૦૬માં ૨,૫૨,૦૦૦ પક્ષીઓ નોંધાયેલ છે, એટલે ૬૦,૦૦૦ પક્ષીઓ વધ્યાં છે.

પર્યાવરણની વાત કરું તો જેમ જેમ વસ્તી વધી છે, વિકાસ થયો છે તેમ તેમ ઉદ્યોગ સ્થાપવા પડે છે, તેના કારણે કેટલીક ખરાબીઓ આવે છે. હમણાં પ્રદૂષણને અટકાવવા માટે ૨૧ જેટલા કાયદાનું નેટવર્ક ગોઠવાયું છે. આના માટે દર વર્ષે કૉમન કન્સેન્ટ આપીએ છીએ. ૫ વર્ષ સુધી એને મંજૂરી મળી જાય છે. છેલ્લાં ૫ વર્ષમાં ૬,૨૭૬ ઔદ્યોગિક એકમોને કૉમન કન્સેન્ટની મંજૂરી આપવામાં આવી છે. આપણે જાણીએ છીએ કે હવાનું પ્રદૂષણ, પાણીનું પ્રદૂષણ અને જોખમી કચરો એટલે બાયો મેડિકલ વેસ્ટ આ બધા માટે જ્યાં જ્યાં આ અધિનિયમનો ભંગ થાય છે, ત્યાં મારો વિભાગ તેને રોકવા માટે પૂરો પ્રયત્ન કરે છે. હવા પ્રદૂષણ અધિનિયમ હેઠળ ૫૨૬ કાયદાકીય નોટિસો અને ૭૧ ઉદ્યોગોને બંધ કરવાનું ક્લોઝર આપ્યું છે. ગંદા પાણીના શુદ્ધીકરણ માટે ૫૪ કિ.મી. લાંબી પાઈપલાઈન ૧૨૦ કરોડના ખર્ચે જે ભરૂચ અને અંકલેશ્વરમાં આવેલ છે, જે એશિયાખંડમાં મોટામાં મોટો પાઈપલાઈન પ્રોજેક્ટ છે. નરોડા, પીરાણા સુધી ૨૬ કિ.મી. પાઈપલાઈન નાખેલ છે. ઉદ્યોગોનું શુદ્ધીકરણ કરેલ પાણી દરિયામાં છોડવા માટે ૫ જેટલી પાઈપલાઈન છે. આવી પાઈપલાઈન યોજના સ્થાપવામાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ નંબરે છે. પાણીના શુદ્ધીકરણ પ્લાન્ટ ૨૧ જેટલા સંયુક્ત શુદ્ધીકરણ પ્લાન્ટ આવેલ છે, જે અધિનિયમનો ભંગ કરે છે, તેવા ૫૫૧ એકમોને કાયદાકીય નોટિસ આપવામાં આવેલ છે. ૩૨૯ એકમોને બંધ પણ કરવામાં આવ્યા છે. જોખમી કચરા માટે ૧૪૨ નગરપાલિકામાં લૅન્ડ ફીલ

સાઈટ બનાવાની મંજૂરી આપેલ છે. આ રીતે ઘન કચરાના નિકાલની વ્યવસ્થા થઈ છે. જોખમી કચરાના કાયદા હેઠળ કાયદાકીય નોટિસ આપીને ૭૨ જેટલા યુનિટો બંધ કરવામાં આવ્યા છે. બાયો મૅડિકલ વેસ્ટ એટલે કે હૉસ્પિટલનો કચરો તે કચરાને વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા ૧૧ જેટલી સુવિદ્યાઓ કરવામાં આવી છે. કોસ્ટલ મેનેજમેન્ટ જે દરિયાઈ ખરાબી આવે છે તેમાં સીઆરઝેડ-૧,૨,૩ અને ૪ અને તેમાં પણ કાયદાનો અમલ કરવામાં આવી રહયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસની ખાસ કરીને મારે જાહેરાત કરવી છે તેમાં પાંચ નવા છાત્રાલયો શરૂ કરવાના છે. ચાલુ છાત્રાલયોમાં ૫૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા કરવામાં આવશે. તેના માટે ૧૨૭.૩૨ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આદિજાતિ જિલ્લામાં સરકારી છાત્રાલયોમાં ૩૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા કરવામાં આવી છે. ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં ૭૦૦ ની સંખ્યા વધારો કરવામાં આવ્યો છે. બિનઆદિજાતિ વિસ્તારોમાં ૨૦ જેટલી ડ્રાઈ હોસ્ટેલો શરૂ કરવામાં આવશે. આઠ નવી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ માટે ૧૬૩.૪૧ લાખની જોગવાઈ કરવામાં આવી છે. વન અને પર્યાવરણ વિભાગની કામગીરીની ખૂબ ચિંતા કરી છે. વન અને પર્યાવરણની વાત કરીએ તો ગુજરાતમાં અત્યારે દસ ટકા જ વન વિસ્તાર છે તે ખૂબ ઓછો છે. રાષ્ટ્રીય વન નીતિ પ્રમાણે તે ૩૩ ટકા હોવો જોઈએ. તેમાં આપણે સૌ સહયોગ આપીએ. પર્યાવરણ જો સમતોલ નહીં હોય તો આપણું અસ્તિત્વ રહેવાનું નથી. એટલે આપણે સૌ તેમાં સહયોગ આપીએ. મારા વિભાગની જે માગણીઓ લઈને આવ્યો છું તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવે.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૨, અને ૫૩ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૨૬, ૨૭, ૯૬ અને ૧૦૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

# બિન સરકારી સંકલ્પો

## જયોતિગ્રામ યોજના અંગે

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે

"રાજય સરકારે *"જયોતિગ્રામ યોજના"* દ્વારા ઘર વપરાશ માટે ૨૪ કલાક થ્રી ફેઝ વીજળી આપી રાજયના ૧૬,૦૦૦ થી વધુ ગામોનું વીજળીકરણ કરી ગામડાંઓમાં અજવાળાં પાથર્યા છે. આ *"જયોતિગ્રામ યોજના"* ગ્રામીણ ઉદ્યોગો માટે ઉદ્દીપક બની છે ત્યારે રાજયના બધાં જ ગામોને આ યોજના હેઠળ આવરી લેવા આ સભાગૃહ રાજય સરકારને ભલામણ કરે છે."

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો રાજય સરકારને હું અભિનંદન આપીશ એટલા માટે કે જયોતિગ્રામ યોજના દ્વારા રાજયના ૧૮૦૬૫ ગામોને થ્રી ફેઝ વીજળી ૨૪ કલાક આ રાજય સરકારે આપી છે. વાડી વિસ્તારમાં સીંગલ ફેઝ વીજળી આપી છે અને ગ્રામ્ય વિસ્તારોમાં થ્રી ફેઝ વીજળી આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ભૂતકાળ ઉપર દ્રષ્ટિપાત કરીએ તો જ્યારે સાંજનો સમય થાય અને ગ્રામ વિસ્તારમાં લોકો જમવાની તૈયારી કરે અને લાઈટ જાય આ પરિસ્થિતિ આ દિવસોમાં આપણે બધાએ જોઈ છે. વિદ્યાર્થીઓની પરીક્ષા હોય ત્યારે વિદ્યાર્થીઓને મોટામાં મોટી ચિંતા જો હોય તો એ લાઈટની ચિંતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક લાખ કરતાં વધારે કિલોમીટરની નવી લાઈન રાજય સરકારે ૧૬૪૨૧ ગામોની અંદર નાખી છે આટલી મોટી લાઈન ટૂંકસમયમાં આ રાજય સરકારે ઊભી કરી છે. જે બાકી રહેતા ગામો છે એના માટે આ સંકલ્પ દ્વારા આપણે રાજય સરકારને વિનંતી કરી છે કે બાકી રહેતા ગામોને પણ તાત્કાલિક આ જયોતિગ્રામ યોજનાનો લાભ મળે અને રાજયના તમામે તમામ ગામ જયોતિગ્રામથી ઝળહળતા થાય. હાલમાં, આ જયોતિગ્રામ યોજના નીચે રાજયના ૧૪ જિલ્લા સંપૂર્ણ જયોતિગ્રામ બન્યા છે, ડાંગ, મહેસાણા, આણંદ, ગાંધીનગર, અમદાવાદ, પાટણ, કચ્છ, પોરબંદર, રાજકોટ, સાબરકાંઠા, બનાસકાંઠા, ખેડા, દાહોદ, સુરેન્દ્રનગર આ ચૌદ જિલ્લાઓને સંપૂર્ણ જયોતિગ્રામ યોજનામાં રાજય સરકારે આવરી લીધા છે, અને મને વિશ્વાસ છે કે, આની અંદર બાકી રહેતા જિલ્લાઓ, બાકી રહેતા ગામો, એકેએક ગામના પેટાપરાં આ તમામનો સમાવેશ આ જયોતિગ્રામ યોજનામાં કરવામાં આવશે અને સમગ્ર ભારતમાં આ પ્રથમ રાજય એવું હશે કે જે ગામડાંમાં રહેતા છેવાડાના નાનામાં નાના માનવીની ચિંતા કરીને એને વીજળી આપી છે, આ જયોતિગ્રામ

યોજનાના કારણે નાના- નાના ગામડાંમાં પણ માણસોને રોજી-રોટી મળે છે, આ જયોતિગ્રામ યોજનાના કારણે કુટિર ઉદ્યોગોનો વિકાસ થશે, આધુનિક ઉપકરણોની વ્યવસ્થાથી સમાચાર અને મનોરંજનના કાર્યક્રમોની ઉપલબ્ધતા વધી છે, શાળા અને કૉલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કૉમ્પ્યુટરના વપરાશ માટેની સરળતા થઈ છે, તાત્કાલિક સારવાર, આરોગ્યની સેવાઓ સરળતાથી ઉપલબ્ધ બની છે.

ગૃહિણીઓને રસોડામાં આધુનિક ઉપકરણો વાપરવા માટે સુગમતા પ્રાપ્ત થઈ છે, સ્થાનિક રોજગારીની તકો વધી છે, રાત્રે જીવજંતુ-જાનવરોનો અને ચોરીનો ભય ઓછો થયો છે, ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન સરળતાથી થાય છે. દૂધના ફેટનું ટેસ્ટીંગ, જાળવણીમાં સુગમતા થઈ છે ગામડાંઓ અને શહેરો વચ્ચેની વિષમતા અને વૈમનસ્ય નિવારી શકાયા છે. નિયમિત અને ગુણવત્તાવાળી વીજળી મળતા વીજ વપરાશના સાધનોને નુકસાન થતું અટકાવી શકયા છીએ. ગામડાંના માણસો શહેરોમાં ૨૪ કલાક વીજળી જોઈને એને એમ થતું હતું કે, શહેરો અને ગામડાંઓ વચ્ચે ભેદભાવ છે, તફાવત છે એ આજે આ જયોતિગ્રામ યોજના આવતા જે ભાવ હતો એ ગામડાંના માણસમાંથી નીકળી ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજ ક્ષેત્રે રાજયે ખૂબ પ્રગતિ કરી છે અને રાજયની પ્રગતિ એ દેશની પ્રગતિ છે. આજે સમગ્ર દેશની અંદર હું કહી શકીશ કે ઊર્જા ક્ષેત્રમાં ગુજરાત સૌથી મોખરે છે અને આવનારા દિવસોમાં આ રાજય દેશને ઘણું બધું આપશે, વીજ ક્ષેત્રમાં વધુમાં વધુ પાવર જનરેટ કરીને આ દેશને અને આ રાજયને ખૂબ મોટા પ્રમાણમાં વીજ પુરવઠો આ રાજયમાંથી મળવાનો છે. મારે આજે કહેવું છે કે, આટલી બધી આપણી પાસે વિપુલ પ્રમાણમાં સંપત્તિ પડી હોય અને એનો આપણે વર્ષો સુધી ઉપયોગ ન કર્યો એના કારણે આપણી પહેલાની જે પ્રગતિ છે એ અને છેલ્લા થોડાક વર્ષોની આપણી આ પ્રગતિ છે એ જોઈ રહ્યા છીએ ત્યારે મને કહેવાની ઈચ્છા થાય છે કે જો આપણે કોઈ આગોતરું આયોજન કરવામાં આવ્યું હોત તો આજથી વર્ષો પહેલાં આ રાજય કયાંનું કયાં પહોંચી ગયું હોત. આજે આ રાજયને આપણે સિંગાપોર બનાવવાની તમન્ના લઈને બેઠા છીએ, એ સિંગાપોર વર્ષો પહેલા જ બની શકયું હોત. એના માટેનો દૃષ્ટિકોણ, એના માટેની નિયત એ હોવી જોઈએ. વિપુલ પ્રમાણમાં ખનિજ સંપત્તિ પડી છે ત્યારે ખનિજ આધારિત પાવર સ્ટેશનો ઊભા થાય એ જરૂરી છે. આવનારા દિવસોમાં મોટા પાવર સ્ટેશનો આ રાજયમાં આવી રહ્યાં છે. ૪૦૦૦ મેગાવોટનું એક મેગા પાવર સ્ટેશન પણ આપણા રાજયમાં આવી રહ્યું છે. એના માટે સંપૂર્ણ સહિયારા પ્રયાસો થાય એ ખૂબ જરૂરી છે અને જ્યારે સારું કામ થતું હોય ત્યારે આપણે સૌએ સાથે મળીને આ કાર્ય કરવાનું હોય છે, એમાં બધાનો સહયોગ પણ જરૂરી હોય છે. જયોતિગ્રામ યોજના એ સમગ્ર દેશ માટે મોર્ડન યોજના છે. આપણે આજે દેશના અન્ય રાજયોમાં જોઈએ તો ગામડાંમાં બેઠેલ માનવીની વીજળીની બાબતમાં દશા શું છે? ત્યારે ખરેખર આ યોજના આપણી સરકારે અને આપણા રાજયના મુખ્યમંત્રીશ્રીએ મૂકી છે એ બદલ એમને ખૂબ ખૂબ ધન્યવાદ અને અભિનંદન આપુ છું. સમગ્ર દેશની અંદર દાખલા રૂપ અગર કોઈ યોજના આપી હોય તો આ રાજયે જયોતિગ્રામ યોજનાના રૂપમાં આપી છે. તો આના માટે આપણે સૌ સાથે મળીને આવી અનેક યોજનાઓ કરીને અનેક દિશામાં પ્રગતિ કરીએ અને આપણે સૌ આગળ વધીએ અને આ દિશામાં હંમેશા સાથે મળીને રાજયની પ્રગતિની અંદર કારણકે ઊર્જા એ શકિત છે અને એ શકિત દ્વારા દેશના વિકાસના અનેક દ્વાર ખૂલતા હોય છે તો એ ઊર્જા શકિતની અંદર આપણે સૌ સાથે મળીને આગળ વધીએ એટલા માટે આ સભાગૃહને હું વિનંતી કરું છું અને મારો આ સંકલ્પ હું સભાગૃહ સમક્ષ વિચારણા અર્થે મૂકું છું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી નરેન્દ્રસિંહ જાડેજા જે સંકલ્પ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. આ સંકલ્પનો જે હાર્દ છે એ હાર્દને હું સ્વીકારું છું આ યોજના થકી ગામડાઓની અંદર લાઈટો મળે એ જરૂરી છે. સંકલ્પમાં જ્યોતિ ગ્રામ યોજના દ્વારા ઘર વપરાશ માટે ચોવીસ કલાક થ્રી ફેઝ વીજળી આપી રાજયના સોળ હજારથી વધુ ગામોનું વીજળીકરણ કરી ગામડાઓમાં અજવાળા પાથર્યા છે. થ્રી ફેઝ લાઈટ આપવાનો જે શબ્દ પ્રયોગ આ સંકલ્પમાં કરવામાં આવ્યો છે એ વાત સાથે સહમત થઈ શકાય એવું નથી એટલા માટે કે આજે પણ જ્યોતિ ગ્રામ યોજના કર્યા પછી જે લાઈટો આપણે ઊભી કરી છે એ ગામોમાં જ્યોતિ ગ્રામ યોજના દ્વારા સિંગલ ફેઝ લાઈટ પણ ચોવીસ કલાક મળતી નથી. હું કોઈ રાજકીય અવલોકન નથી કરવા માગતો. આ યોજનાનો જે હાર્દ છે એને હું ફરી વખત દોહરાવું છું હ્દયપૂર્વક હું એમને આવકારું છું, પણ જે હકીકત છે એ મૂકવાની મારી ફરજ છે. મારે ઘેર આજે હું જાઉં છું ત્યાં લાઈટ નથી આવતી એનો હું અનુભવ કરું છું. થ્રી ફેઝ લાઈટની અંદર માનનીય મંત્રીશ્રી જે કહે છે તો જી.ઈ.બી.ની ઑફિસ મારફતે રેકર્ડ મંગાવો આજે કાપ મૂકવામાં આવે છે ફિડરો ઉપર અને ફિડરો ઉપર જો કાપ મૂકવામાં આવતો હોય તો થ્રી ફેઝ લાઈટ ગામડાંમાં કયાંથી મળી શકે એ ન સમજી શકાય? એટલે આજે પણ થ્રી ફેઝ લાઈટ મળતી નથી અને સિંગલ ફેઝ લાઈટ પણ, આજેય એમાં પણ પૂરેપૂરી ૨૪ કલાક વીજળી મળતી નથી માનનીય મંત્રીશ્રીને હું આપના મારફતે વિનંતી કરું છું કે લાખ્ખો રૂપિયાનો ખર્ચ કરીને એક લાખ ઉપરાંત નરેન્દ્રસિંહજીએ કહ્યું એ પ્રમાણે એક લાખ કિલોમીટરની લાઈનો આપણે ઊભી કરી છે અને ખર્ચ કર્યો છે અને જો સિંગલ ફેઝ પણ પૂરેપૂરી ૨૪ કલાક વીજળી ન મળે તો એ

વાજબી નથી. સંપૂર્ણ ૨૪ કલાક સિંગલ ફેઝ લાઈટ મળે એવી હું માનનીય મંત્રીશ્રીને આપના મારફતે વિનંતી કરું છું. જે લાઈનો ઊભી કરવામાં આવી છે એ સારી વાત છે. લાઈનો જે ઊભી કરવામાં આવી છે અને જે રીતે કામ શરૂ કરવામાં આવ્યું છે એ મોટાભાગના સ્ટેટ હાઈવેના રસ્તા અને ગ્રામ્ય વિસ્તારની અંદર પંચાયત હસ્તકના જે રસ્તાઓ છે એ રસ્તા પર આ લાઈનો ઊભી કરવામાં આવી છે. આડેધડ લાઈનો ઊભી કરવામાં આવેલ છે એમ કહીએ તો પણ ખોટું નથી આ અંગે મારા વિસ્તાર પૂરતી વાત કરું તો મારા વિસ્તારની જે હકીકત છે જિલ્લા ફરિયાદ સમિતિની અંદર જે લાઈનો રોડ પર ઊભી કરાઈ છે એને કાઢવા માટે અમે પ્રશ્નો દાખલ કર્યા છે. હજી સુધી એ લાઈનો બહાર કાઢવામાં આવી નથી કે જ્યાં જિલ્લા પંચાયતના પોતાના રસ્તા માટે જે જમીન સંપાદન કરેલ છે અને માર્ગ મકાન વિભાગના જે માલિકીના રસ્તાઓ છે સ્ટેટના અથવા પંચાયતના એની અંદર લાઈનો નાંખી છે અને મોટાભાગે ભાવનગરથી તળાજા આપણે જઈએ તો, ભાવનગર તો માનનીય મંત્રીશ્રીનો જિલ્લો પણ છે. અમે આ રોડ પર જઈએ છીએ આવીએ છીએ, ૭ થી ૮ કિલોમીટરની અંદર જે લાઈનો નાંખવામાં આવી છે વરતેજથી આગળ જઈએ ત્યાં એક ગામ આવે છે એની આગળના ભાગમાં ૭ થી ૮ કિલોમીટરની લાઈનો રોડ પર આવે છે માનનીય અધ્યક્ષશ્રી આ વાત હું એટલા માટે કરું છું કે, જ્યારે આ રોડનું આપણે નવીનીકરણ કરી અને પહોળા કરવા માટે જઈશું. ત્યારે એ લાઈનો નડતર રૂપ થવાની છે અને બીજી વાત હું એ માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે આ કામની અંદર જે મટીરીયલ્સ વાપરવામાં આવ્યું તે હલકી ગુણવત્તાવાળું છે. એકવાર સ્પાર્ક થાય, બે વાર સ્પાર્ક થાય, ત્રણ વાર સ્પાર્ક થાય તો એ વાયરીંગ બળી જાય છે અને તાર તૂટી જાય છે આ વાત છે તે મારા વિસ્તારની અંદર મારી પોતાની નજરે જોયેલા અનુભવ ઉપરથી આ વાત કરું છું કોઈ ઉપજાવી કાઢેલી નથી કરતો પણ જે હકીકત છે તે વાત કરવા માગું છું અને તેને કારણે આ જ્યારે લાઈનો આપણે ઉભી કરી દીધી છે જૂની લાઈનો જે ઉભી થઈ છે, તે વર્ષો જૂની છે અને તેનું મટિરિયલ પૂરેપૂરું ના હોવાને કારણે તેનું મેઈન્ટેનન્સ નથી કરી શકતા. નવી લાઈનો ઉભી કરી છે તે એક લાખ કિલોમીટર કરતાં વધારે લાઈનો ઉભી કરી છે ત્યારે આના મેઈન્ટેનન્સ માટેનું આગોતરુ પ્લાનીંગ કરવું પડશે અને જો તે પ્લાનીંગ પણ કરવામાં નહીં આવે તો જ્યારે પણ કંઈ પરિસ્થિતિનું નિર્માણ થશે ત્યારે આ લાઈનોનું મેઈન્ટેનન્સ દિવસોના દિવસો સુધી કે મહિનાઓ સુધી નહીં થઈ શકે અને તેને કારણે ગામડાંઓમાં સંપૂર્ણ અંધારપટ રહેશે. એટલે માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે જ્યારે આપણે લાઈનો ઉભી કરી છે તો તેના મેઈન્ટેનન્સ માટે, મટિરિયલ્સ માટે અગાઉથી પ્લાનીંગ કરીને આગોતરું આયોજન કરવું પડશે અને તે આગોતરું આયોજન આપને વિનંતી કરું છું કે કરે રસ્તાઓ ઉપર જે થાંભલાઓ કે લાઈનો ઉભી કરી છે તે તેમાં અમુક થાંભલાઓ તો જૂના છે તેની સાથે જોઈન્ટ કરવામાં આવ્યા છે જે ખેતીવાડીમાં અને આગળ પાછળ છે અને તેનું જૂથ થયું છે એકની એક લાઈન ઉપરથી ૧૧ કે.વી.ની જતી હોય તો બાજુમાંથી આ લાઈન ઉભી કરવામાં આવે તો તેની માથેથી પસાર કરવામાં આવે છે અને પછી તેનું અંતર ના હોય. કોઈ જગ્યાએ લોખંડના થાંભલાઓ વાપરવામાં આવ્યા છે. જે રીતે લાઈનો પસાર કરવામાં આવી છે તેમાંય પણ ભવિષ્યની અંદર અકસ્માતો થાય તે પ્રકારની સ્થિતિઓનું નિર્માણ થયુ છે એટલે આવી જ્યાં જ્યાં સ્થિતિ હોય અને ભવિષ્યમાં આવા બનાવો ના બને તેને માટે આપના મારફતે માનનીય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરું છું અને વિનંતી કરું છું કે જ્યાં જ્યાં આવી બાબતો ઉભી થઈ હોય તો એ બાબતોને વધુ સમય ના જતા વહેલી તકે આપણે તેને સુધારી લઈએ અને જ્યાં જરૂરિયાત પડે ત્યાં ફેરફાર કરવાનો આવે ત્યાં ફેરફાર કરીએ અને માનનીય નરેન્દ્રસિંહ જાડેજા રાજયના ૧૮હજાર ગામોની અંદર જ્યોતિ ગ્રામ યોજના વહેલી તકે પહોંચે એવો જે સંકલ્પ લઈને આવ્યા છે તે સંકલ્પના હાર્દ સાથે હું હ્દયપૂર્વક સંમતિ આપી, સ્વીકારી અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રસિંહજી જે સંકલ્પ લઈને આવ્યા છે તેને સમર્થન કરવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું બે વર્ષ પહેલાના એ દિવસો હતા કે અમે અહીંથી વિધાનસભા ચાલતી હોય અને ઘરે જઈએ અથવા તો અમારા ગ્રામ્ય વિસ્તારનો પ્રવાસ હોય કે અમારા કાર્યાલય ઉપર અમે જ્યારે બેસીને લોકપ્રશ્નો સાંભળતા હોઈએ ત્યારે જે કુલ પ્રશ્નો રજૂ થયા તેમાંથી ૫૦ ટકા પ્રશ્નો વીજળીને લગતા થતા હતા. પ્રશ્ન એવા હોય કે ગામડાંની અંદર સીંગલ ફેઈઝ વીજળી નિયમિત મળતી નથી. ખેતીવાડીની અંદર વીજળી મળે છે ૮ કલાક તે પણ નિયમિત મળતી નથી. વીજળી બધી જગ્યાએ અનિયમિત અને અનિશ્ચિત રીતે મળતી હતી ત્યારે આવા સંજોગોમાં અમે રજૂઆત માટે માનનીય મંત્રીશ્રી પાસે અવાર-નવાર હું અને અન્ય ધારાસભ્યો માનનીય મંત્રીશ્રીની ચેમ્બરમાં રજૂઆત કરતા હોય કે માનનીય મંત્રીશ્રી વીજળી અનિયમિત મળે છે. સીંગલ ફેઈઝ વીજળી નિયમિત મળતી નથી અને જ્યારે આવા એક વિષયની રજૂઆત લઈ હું માનનીય ઊર્જા મંત્રીશ્રી પાસે ગયો ત્યારે મને કહ્યું કે તમે વીજળીની વાત કરો છો પરંતુ તમારે ૨૪ કલાક વીજળી તમારા વિસ્તારના ગામડાંમાં જોઈતી હોય તો તમારે મને ગ્રાન્ટ લખી આપવી જોઈએ. એટલે હું કંઈ સમજ્યો નહીં. મેં વિસ્તારથી વિગત જાણી. માનનીય મંત્રીશ્રીએ મારા ધ્યાન ઉપર મૂક્યું કે તમે ૩૦ ટકા રકમ તમારા ગામડાંની ૨૪ કલાક વીજળી આપવા માટે જે એસ્ટીમેટ બને. એના માટે

૩૦ ટકા રકમ આપવામાં આવે તો ૭૦ ટકા રકમ વિભાગ ભોગવશે. તમારા ગામડામાં થ્રી ફેઈઝ ૨૪ કલાક વીજળી આપવાનું વ્યવસ્થિત આયોજન કરી આપશે. મેં અભ્યાસ કર્યો, તો દેખાયું કે ગામડાની ચિંતા થઈ રહી છે. ૧૮૦૬૫ ગામડાના વિકાસની અને એના થકી રાજયના વિકાસની ચિંતા અને વિચાર કરતા હોઈએ ત્યારે ગામડાના વિકાસ વગર રાજયનો વિકાસ શકય બનવાનો નથી. રાજયના મુખ્યમંત્રીશ્રી અને ઉર્જામંત્રીશ્રીને મારે એટલા માટે અભિનંદન આપવા છે કે એમના દિમાગમાં ગામડાના વિકાસનો વિચાર આવ્યો છે, એમના મનમાં ગામડાની ચિંતા ઉદ્‌ભવી છે. એમને વિકાસનું કેન્દ્રબિંદુ ગામડું દેખાયું છે. ગામડામાં રસ્તાની વ્યવસ્થા ઉભી થઈ, જળ સંચયની વ્યવસ્થા ઉભી થઈ. આ સિવાય હવે ગામડાના વિકાસમાં શું ખૂટે છે, એના આધાર ઉપર એમણે નિર્ણય કર્યો કે ૧૮૦૬૫ ગામડામાં ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી આપવાની છે. ૩૦ ટકા ગ્રાન્ટ ધારાસભ્યની ગ્રાન્ટમાંથી આપવાની હતી, ત્યારે આખી યોજના હું સમજયો ત્યારે મારા ફંડના ૩૯ લાખ રૂપિયા એકી ઝાટકે ગામડાના વિકાસ માટે, ૩૬ ગામોને જયોતિગ્રામ કરવા માટે ફાળવી આપ્યા. ૩ મહિનામાં કામ પૂરું કરવાનું એમણે કહ્યું અને એ જ રીતે પૂરું કર્યુ. અમે ઉદ્‌ઘાટન કરવા ગામડે ગામડે ગયા, ત્યારે ગામડાના લોકોને કલ્પના પણ નહોતી કે એમને ૨૪ કલાક વીજળી મળશે કે કેમ? પણ, હા. એ પ્રમાણે જ મળી. અમે ઉદ્‌ઘાટન કરવા ગયા ત્યારે વરસાદ કે ચોમાસુ આવવાનું હોય ત્યારે થોડો વરસાદ પડે અને એની અસર દેખાય, પણ ગામડામાં ૨૪ કલાક વીજળી મળતી થઈ.

કેટલાક લોકોએ રજૂઆત કરી કે ગામડામાં તો ૨૪ કલાક વીજળી કરી આપી. હવે ખેતીવાડીનું શું? ૮ કલાક ખેતીવાડી માટે વીજળી મળશે તો તો ખેતીવાડી ભાંગી જશે. આવી વાત કરતા કરતા કેટલાક લોકોએ રજૂઆત કરી, એમને વિશેષ અનુભવ નહોતો. જયોતિગ્રામ થઈ, ગામડામાં જઈને કીધું કે તમે આ યોજનાનો એટલો જ માત્ર અર્થ નહીં કરતા કે ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી તમને મળે અને તમે બપોરે નિરાંતે સૂવો, ઉનાળામાં આરામ કરી શકો, આટલો જ માત્ર અર્થ ન થાય. ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી આપી છે, એની પાછળ રાજય સરકારની બહુ મોટી કલ્પના છે. રાજય સરકારની બહુ મોટી આશાઓ છે. રાજય સરકારની બહુ મોટી અપેક્ષાઓ છે. એને આપણે મૂર્તિમંત કરવી જોઈશે. ગામડાના લોકોએ આ વાત સ્વીકારી અને એના પરિણામો પણ મળ્યા. ઉનાળામાં ઉદ્‌ઘાટન કરતા હતા. ચોમાસુ આવ્યું. વરસાદ ખેંચાયો. ખેડૂતો આવ્યા કે મનસુખભાઈ, ૮ કલાક તો નિયમિત વીજળી ખેતી માટે મળે છે, ઝટકા આવતા હતા તે પણ હવે નથી આવતા, પરંતુ ૮ કલાક મળે છે અને અમારે પિયતની ખૂબ જરૂર છે. વરસાદ ખેંચાયો છે. આવી સ્થિતિમાં શું? સરકારમાં રજૂઆત કરી. ઉર્જામંત્રીશ્રીએ કીધું કે વરસાદ ખેંચાયો હોય, ખેડૂતોના કૂવામાં પાણી હોય અને ખેતીનો પાક સૂકાઈ જાય, એવી યોજના તો સરકાર કયારેય ન બનાવે. એક ઝાટકે હુકમો છૂટયા. ૮ કલાકના બદલે ૧૦ કલાક, પછી ૧૨ કલાક, ૧૬ કલાક અને છેલ્લા દિવસોમાં ૧૮, ૧૮ કલાક અને ૨૦ કલાક વીજળી ગામડામાં આપીને ખેતરોને પાણી આપ્યું.

બીજો અનુભવ કહું. ત્યારપછીનું ચોમાસું પૂરું થયું. અમે ગયા, તો ખેડૂતો પણ સામેથી કહેવા લાગ્યા. ગારિયાધાર મારો વિસ્તાર છે. ત્યાં પાણીની ખૂબ તંગી છે. કયારેય ચોમાસા પછી શિયાળાની અંદર છેલ્લા ૨૦ વર્ષની અંદર ઘંઉનો પાક અમારા વિસ્તારના ખેડૂતો લઈ શકતા નહોતા. ૨૪ કલાક થયા અને ૮ કલાક ખેતીને નિયમિત વીજળી મળી, એનો ફાયદો એ થયો કે બાકીના સમયમાં પંપીંગ કરીને ૩૦૦, ૩૦૦ ફૂટેથી જે પાણી બહાર કાઢતા હતા, એનું સાતત્ય જળવાઈ રહ્યું. ૮ કલાક નિયમિત રીતે વીજળી બધા વાપરે. અમે ખેડૂતોને કીધું કે ૮ કલાક નિયમિત વીજળી મળવાથી ઘંઉનો પાક થયો છે. (સમય સૂચક ઘંટડી) સાહેબ, મને સમય આપજો. ગામડામાં મારા એક બે અનુભવ બહુ સરસ છે. માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : સમય નથી. માનનીય પ્રવિણભાઈ. પાંચ જ મિનિટ.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નરેન્દ્રસિંહ જે સંકલ્પ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂજય મહાત્મા ગાંધીજીની આ મૂર્તિ સામે આપણે સૌ અહીંયાં ઉપસ્થિત છીએ ત્યારે માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે જયોતિગ્રામની યોજનામાં ૧૮-૧૮ કલાક વીજળી આપીએ છીએ એવી જે વાતો થઈ રહી છે (અંતરાય) તો મારે એમને આમંત્રણ આપવું છે કે મારા મત વિસ્તારમાં આવે અને જુએ, માનનીય મંત્રીશ્રી તો મારા પાડોશી છે, બોટાદ અને વલ્ભીપુરમાં કદાચ ૨૪ કલાક વીજળી આપતા હશે કેમકે તેમના મત વિસ્તારના અધિકારીઓને સૂચના આપીને વીજળી આપે, પરંતુ મારા મત વિસ્તારમાં માનનીય મંત્રીશ્રી મારી સાથે આવે તો એકેએક ગામની અંદર આઠ કલાકથી એક પણ કલાક વધારે વીજળી આપતા હોય તો આ મારી ચેલેન્જ માનનીય મંત્રીશ્રી સ્વીકારે અને હું એમનું ધ્યાન દોરવા માગું છું કે આ જે ખેતીની વાત કરે છે, મારા સાથી મિત્ર શ્રી મનસુખભાઈ વાત કરતા હતા કે આ જયોતિગ્રામ ના હિસાબે ઘઉંનો પાક વધારે થયો છે. આ જયોતિગ્રામ એ શહેરી વિસ્તારમાં, ગ્રામ્ય વિસ્તાર એટલે કે ખેતી માટે વીજળી માટે આ નથી એટલે એનાથી પાક વધે નહીં. ગામડાંની પ્રજામાંથી આજે ૮૦ ટકા પ્રજા ખેતરોમાં વસવાટ કરે છે, પોતાના ઘરને સવારે તાળું મારીને ખેતરમાં જાય છે અને આખો દિવસ અને રાત ખેતી કરે છે અને આ રીતે એમનો

ખેતરમાં વસવાટ હોય તો ખેતી માટે જો કોઈ યોજના માનનીય મંત્રીશ્રી લાવ્યા હોત તો હું એમને અભિનંદન આપી શકત.

માનનીય અધ્યક્ષશ્રી, આ મારા મત વિસ્તારમાં આની પહેલાં પણ મેં કહયું હતું તેમ વીજળીના જે તાર નાંખવામાં આવે છે એ એટલી હદે હલકા પ્રકારના અને ઢીલા હોય છે અને આ પહેલાં પણ મેં પત્ર દ્વારા જાણ કરી હતી કે કોઈપણ જાતના ફયુઝ નાખ્યા વિના દરેક જગ્યાએ ડાયરેકટ લાઈન આપે છે એના હિસાબે બે વર્ષ પહેલાં એક મૃત્યુ થયું અને એક વ્યકિતને ગંભીર ઈજા થઈ હતી. આજસુધી એના માટે કોઈપણ પ્રકારનું રૂા. ૧૦ હજારથી વધારે વળતર આપ્યું નથી એમાં લગભગ આખા ગામની અંદર ડાયરેકટ કરન્ટ આવી ગયો હતો, આ રિવર્ટ કરન્ટ આવવાને કારણે, ફયુઝ નહીં નાંખવાને કારણે આ કરન્ટ આવ્યો એના હિસાબે આ થયું અને એના પછી પણ આવો બનાવ બન્યો હતો એના ઉપર ગંભીર ધ્યાન આપવાની જરૂર છે. આ જયોતિગ્રામની અલગ લાઈન નાંખીને સસ્તી પ્રસિધ્ધિ માટે સરકારે જે પૈસા અન્ય જગ્યાએથી પણ લાવીને એમાં ઉપયોગ કર્યો છે અને એ પ્રસિધ્ધિ વારંવાર ઉદ્ઘાટન કરીને, વારંવાર જયોતિગ્રામના નામે જે ગરીબ ખેડૂતોને, ગામડાંના ગરીબ લોકોને ખોટાં વચનો આપીને આ જે રીતની જયોતિગ્રામની વિધાનસભાનમાં વાતો થઈ રહી છે એનું જો ૫૦ ટકા પણ કામ થયું હોય તો હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપત. સરકારની નીતિ હંમેશાં ખેડૂતોની તરફેણમાં રહી નથી, કિસાનોની પરિસ્થિતિ આજે મફત વીજળી આપી હોત તો સુધરી હોત. જે રીતે હાથકડીનાં પોસ્ટરો લગાવ્યાં છે એનાથી ગામડાંના લોકો ગભરાઈ ગયા છે અને એમના મત વિસ્તારમાં, માનનીય નાણા મંત્રીશ્રીના મત વિસ્તારમાં બોટાદ વિસ્તારમાં એક કરતાં વધારે વખત....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓછામાં ઓછું સત્ય કોણ બોલે છે એની પરીક્ષા ચાલે છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, રેઈડ પાડીને • * (xxxx) એક સાથે પચીસ-પચીસ ગાડીઓ લઈને ચોરી પકડવા જાય, ચોરી કરતા હોય એમને છોડવા માટેનો ઈરાદો હું રાખતો નથી, પરંતુ નિદોર્ષ લોકોને, માત્ર કોંગ્રેસના લોકોને પકડવામાં આવે છે એની સામે મારો વાંધો છે. (અંતરાય)

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી એમના પ્રવચનમાં એમ બોલ્યા કે * (xxxx) આપ રેકર્ડ ઉપરથી જોઈ લેજો અને અયોગ્ય હોય તો તે દૂર કરવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : મને એવું લાગશે તો હું રેકર્ડ ઉપરથી દૂર કરીશ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રસિંહ જાડેજા જયોતિગ્રામ યોજનાનો જે સંકલ્પ લઈને આવ્યા છે તે સંકલ્પને મારો ટેકો અને સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું. જયોતિગ્રામ યોજનાની વાત કરીએ તો હું પ્રથમ મારા જિલ્લાની વાત કરીશ, પંચમહાલ જિલ્લામાં ૧૨૦૫ ગામો આવેલા છે, એમાં પંચમહાલ જિલ્લામાં આજે ૧૧૯૬ ગામોમાં સંપૂર્ણ જયોતિગ્રામ યોજના પૂર્ણ થઈ ગયેલ છે. ૧૨૨ ગામોમાં તો ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ફાળો આપીને મારા વિસ્તારમાં ૮૬ ગામોમાં ૩૩ લાખ રૂપિયા ફાળો આપી મારા શહેરા તાલુકા મત વિસ્તારમાં ૮૬-૮૬ અને ૯૨ ગામો અને ૧૬૬ ગામોમાંથી ફકત પાંચ ગામો બાકી રાખીને સંપૂર્ણપણે જયોતિગ્રામ યોજના આખા મત વિસ્તારમાં સાંકળવાની સૌથી પહેલો ગુજરાતમાં કોઈ બનાવ હોય તો તે મારા મત વિસ્તારમાં બન્યો છે. માનનીય મંત્રીશ્રીને અને માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને લાખ લાખ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લાના ૭૮૨ પેટા પરામાં જયોતિગ્રામ યોજનાનો લાભ મળેલ છે. આ જયોતિગ્રામ યોજનાની આ કોંગ્રેસના મિત્રોને ખબર નહીં પડે કે તેનાથી શું લાભ થાય છે. માનનીય પ્રવિણભાઈ બોલતા હતા, તેઓ શહેરમાં રહે છે, ગામડાંમાં જાય તો ખબર પડે કે ખેડૂતોને વાડી યોજનાનો લાભ આપીને ખેતરમાં રહેતા ખેડૂતો માટે અલગ ટ્રાન્સફોર્મર આપીને કનેકશન આપવાનું કામ પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. ગામડાંમાં જાય તો ખબર પડે. ગામડાના ખેડૂતોને શું શું લાભ થાય છે તે હું માનનીય પ્રવિણભાઈને કહીશ, કુટિર ઉદ્યોગોમાં લાભ થાય, આધુનિક ઉપકરણોમાં લાભ થાય, શાળા, કોલેજો અને કોમ્પ્યુટરમાં આનો લાભ મળે, તાત્કાલિક સારવાર અને આરોગ્ય માટે પણ ઑપરેશન થતું હોય ત્યાં પણ લાભ મળે, ગૃહિણીઓને આવા ઉપકરણોથી સિનેમા જોવું હોય તો એ ગરીબ ખેડૂતોની ગૃહિણીઓ ૨૪ કલાક ટી. વી. જોઈ શકે તે લાભ પણ મળી શકે છે. ગ્રામીણ રોજગારીની વધુ તકો મળે છે. રાત્રે જીવ જંતુનો ડર ઓછો રહે, ચોરીઓ થતી હોય તો તેમાં પણ ૨૪ કલાક વીજળી ચાલુ રહેતી હોવાથી ચોરીઓ પણ ઓછી થવા લાગી છે. ધાર્મિક સંસ્થાઓ, ધાર્મિક કાર્યક્રમો વગેરેની અંદર પણ આનો લાભ મળી શકશે. અને બીજો વધુમાં વધુ લાભ ગામડાંના માણસો જે શહેર તરફ વળેલા હતા તે વીજળી ૨૪ કલાક મળવાને કારણે ગામડાંના લોકો ગામડાંમાં જ રહેવાનું પસંદ કરવા લાગ્યા છે અને શહેરના લોકો પણ ગામડાંમાં જઈને ફાર્મ બનાવી ને ત્યાં રહેવાનું પસંદ કરવા લાગ્યા છે. આ કોંગ્રેસના મિત્રોને હું કહેવા માગું છું કે મહારાષ્ટ્રમાં ચૂંટણીઓ થઈ ત્યારે મફત વીજળી આપવાનું વચન તમે આપ્યું હતું, પણ ચૂંટાઈને

---

**• * (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

આવ્યા પછી સરકારમાં બેસી ગયા પછી ફરી ગયા. માટે કોઈ ૨૪ કલાક વીજળી આપવાની વાત કરતા હોય તો એ ખોટી વાત કરે છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નરેન્દ્રસિંહ જાડેજા સંકલ્પ લઈને આવ્યા છે. આ જયોતિ ગ્રામ યોજના વિશે ઘણા બધા સભ્યશ્રીઓ કહેતા હોય છે. સારી કોઈપણ યોજના થાય એ હંમેશા આવકારદાયક હોય છે. અમારા કોંગ્રેસના રાજમાં ૨૪ કલાક વીજળી મળતી હતી. મેં માનનીય નરેન્દ્રસિંહભાઈને પૂછયું કે આ થ્રી ફેઈઝની વાત છે કે સીંગલ ફેઈઝની વાત છે. પરંતુ આ વીજળીની પરિસ્થિતિ તો છેલ્લા દસ પંદર વર્ષથી જ ઊભી થઈ છે. કોઈ જગ્યાએ આઠ કલાક તો કોઈ જગ્યાએ ચાર કલાક મળે છે. અમારા વખતમાં તો ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી તથા સીંગલ ફેઈઝ વીજળી મળતી હતી.

મારી વાત એ હતી કે વીજળીની જરૂરિયાત ખરેખર હમણાંથી જ ઊભી થઈ છે. વાસ્તવિકતા એ હતી કે ૧૦-૧૫ વર્ષ પહેલા ૨૪ કલાક વીજળી મળતી હતી. વીજળીની માંગ વધી, દિનપ્રતિદિન જરૂરિયાત વધી અને એના લીધી એવી સ્થિતિ થવા માંડી કે વીજળી ગામડાંની અંદર આઠ કલાક કે દસ કલાક મળવા માંડી તેથી સરકારશ્રી જયોતિ ગ્રામ યોજના લાવી. આ યોજના નીચે ધીમે ધીમે લાભ આપવાની વાત કરી છે. સારી વાત હોય તો ચોક્કસ કહી શકાય કે સારી વસ્તુ છે અને અમે એને આવકારીએ પણ છીએ. જયોતિ ગ્રામની અંદર તમે બધા જ ગામોને વીજળી આપો પણ સાથે સાથે પેટા પરાં છે એને પણ આપો. ગામની બાજુમાં જ પરું હોય એને વીજળી આપવામાં આવી નથી. (અંતરાય) માનનીય નારાયણકાકા ગુજરાતમાં ૩૨ હજાર પેટા પરા છે. મારે ખાસ કરીને આ વાત કરવી છે આપણો ખરેખર જે લક્ષ્યાંક હતો એ લક્ષ્યાંક પ્રમાણે કામ કરી શકયા નથી. તેથી જેમ બને તેમ ઝડપથી અને ગામની સાથેસાથે પેટા પરાને પણ આપવામાં આવે એ ખાસ જરૂરી છે. ૨૦-૨૫ કે ૫૦ ઘરો ખેતરમાં હોય એને આજે ખૂબજ મુશ્કેલી છે. તેથી મંત્રીશ્રીને વિનંતી કરુ છું કે વહેલામાં વહેલી તકે આવા પરાને પણ વીજળી મળે તેવું કરે કારણ કે ગામને વીજળી આપી પણ જે ખેતરમાં રહે છે જે મહેનત મજૂરી કરે છે એને વીજળી ન મળે એ બરાબર નથી. એટલે ખેતર સુધી વીજળી પહોંચે તેવી વિનંતી છે.

આજે વીજળીનું ભારણ ખૂબ જ છે. જયોતિ ગ્રામ યોજના કરીને ઊર્જામાં ઘણી ખેંચ પડી છે. તેથી ઊર્જાના ઉત્પાદનમાં વધારો કરે તેવી મારી વિનંતી છે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર)**: માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર માનનીય નરેન્દ્રસિંહજી જે સંકલ્પ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

ગુજરાતના ૧૬ હજાર ગામડાંને જયોતિ ગ્રામ યોજના નીચે આવરી લઈને ૨૪ કલાક વીજળી આપવામાં આવી રહી છે. સાથે સાથે પેટા પરાને આવરી લઈને અદ્‌ભુત કાર્ય કર્યુ છે. જેની કલ્પના પણ ન કરી શકીએ. હું ત્રણ વર્ષ પહેલા જ્યારે ચૂંટણી હતી ત્યારે એમાં અમે ભારતીય જનતા પાર્ટીના સૌ ધારાસભ્યશ્રીઓ મત માગવા ગામડાંમાં ગયા ત્યારે અમારા મેની ફેસ્ટોમાં ૨૪ કલાક વીજળી અમે આપીશું એવી વાત કરી જ નહોતી તેમ છતાં અમે એ આપી છે. કોંગ્રેસ પાર્ટીએ પોતાના મેની ફેસ્ટોમાં કેટલાય વચનો બહાર પાડયા પરંતુ એ મેની ફેસ્ટોનું શું થયું એ ભગવાન જાણે. ભારતીય જનતા પાર્ટીની આ સરકારના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ તથા અમારા વીજ મંત્રીશ્રી સૌરભભાઈનો જાદુ કહેવો કે એને શું કહેવું એના માટે શબ્દો નથી. અમારા મત વિસ્તારમાં અમે જઈએ ત્યારે બહેનો એમ કહેતી કે સાહેબ પહેલા સાત વાગ્યે જમવા બેસીએ, વાળુ કરવા બેસીએ અને અમારો કોળિયો મોઢાને બદલે નાકમાં જાય એ પરિસ્થિતિ હતી. આ પરિસ્થિતિ હતી, ભાઈ, પુંજાભાઈ. આજે એ પરિસ્થિતિ નથી.

**અધ્યક્ષશ્રી** : હવે હું મુંઝાઉ છું. મારે કોને નંબર આપવો તે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : હું વાસ્તવિકતાવાળી વાત કરું છું. નાકમાં કોળિયો જતો રહે એવી બહેનોની ફરિયાદ. એ પરિસ્થિતિમાં મારા મિત્ર પુંજાભાઈ હમણાં વાત કરતા હતા કે૧૧ કે.વી.ની લાઈનના થાંભલા ઉભા હોય, ૧૧ કે.વી.ની લાઈન નીકળતી હોય તેના ઉપર સીંગલની લાઈન આ થ્રીફેઝ જે ૨૪ કલાક વીજળી જયોતિગ્રામની હતી તેના ઉપર લાઈન ખેંચી દેવામાં આવે. ટૅક્નીકલ કારણો જોઈએ તો આ ૧૧ કે.વી.ની લાઈન ઉપર ક્યાંક થ્રીફેઝની આ ૨૪ કલાક વીજળીની લાઈન ન ખેંચાય. તેના માટે નવી લાઈન ઉભી કરી છે અને લાખો થાંભલાઓ અને લાખો કિલોમીટરની લાઈન ઉભી થઈ છે. આપણે જોઈ છે. મારો જિલ્લો અને એમાંય મારો મતવિસ્તાર. મારા મતવિસ્તારનું એક પણ ગામ પાલનપુર, દાંતીવાડા તાલુકો હોય, એક પણ ગામ આજે જયોતિગ્રામ સિવાય નથી. તેનાથી આગળ વધીને કહું કે એક પણ પરું મારા મતવિસ્તારની વાત. ગોવાભાઈનું પરું ક્યાંક ખૂણે-ખાંચરે બાકી હશે તો આજે નહીં તો કાલે થવાનું છે. બનાસકાંઠા જિલ્લાના કુલ ૧૨૪૩ ગામો જયોતિગ્રામથી જોડાયેલા છે અને ૧૦૭ પેટાપરાં પણ જયોતિગ્રામથી જોડાયેલા છે. તેનાથી આગળ વધીને વાત કરું કે જે લોકો ખાસ કરીને વાડીમાં રહે અને ફાર્મ હાઉસમાં જે લોકો રહેતા હોય એવા લોકોને જે વાડી કહો, ફાર્મ કહો, જે કહો તે. ખેતરમાં રહેનાર ખેડૂતને તેના ખોરડામાં સીંગલની લાઈન ૨૪ કલાક આ સરકારે આપી છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નરેન્દ્રસિંહ જાડેજા જે સંકલ્પ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. મારે ખૂબ લાંબી વાત નથી કરવી. વલસાડ જિલ્લામાં જયોતિગ્રામ યોજના હેઠળ જે ચાલતા કામો છે તેમાં છેલ્લા લગભગ ચારથી પાંચ મહિનાની અંદર મજૂરો કામ કરતાં પોલ પરથી પડી થઈને મૃત્યુ પામેલા છે. કારણ કે એ વિસ્તારમાં આવતા પોલ, ખબર નથી, કઈ કંપની પણ ભાવનગરથી પોલ આવે છે. કેટલાય પોલ આવી ગાડીમાંથી ઉતારે એટલે ૨૦માંથી બે-ત્રણ પોલ તૂટી જાય છે અને મારા તાલુકાની જ વાત કરું તો કામ કરતાં બેથી ત્રણ મજૂરો મૃત્યુ પામેલા છે તેમને આજ દિન સુધી વળતર મળેલ નથી. મારા સાથી મિત્રો એમ કહેતા હતા કે મોઢામાં કોળિયો જતો નહીં, તો હું એમ કહેવા માગું છું કે દેશ આઝાદ થયો તેના પહેલાં લાઈટ ન હતી. રાજા-રજવાડા ફાનસમાં કે જંગલ વિસ્તારમાં લાકડા સળગાવીને બેસતા ત્યારે ભૂખ્યા નહોતા બેસતા. ત્યારે પણ જમતા હતા ત્યારે નાકમાં કોળિયો નહોતો જતો. ત્યારે મોઢામાં જતો હતો. માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસમાં પણ પહેલાં ઉજાસ હતો જ. આ લાઈટ લગાડેલી હતી. એ જૂની હતી તેના બદલે નવી લગાડી છે. ફરક એ છે કે તે વધારે સારો ઉજાસ આપે છે. એટલે જે તે સમયની ફરજ છે. અદા કરવાની જરૂરિયાત છે અને સમય સાથે પહોંચી વળવાની તે જરૂરિયાત છે. તે દરેકની જવાબદારી થાય છે અને એ જવાબદારી આપણે નીભાવીએ છીએ. તો ઉર્જા મંત્રીશ્રીને મારી વિનંતી છે કે વલસાડ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના સિવાય જે બાકી ગામો છે તે ઝડપથી જૂન સુધીમાં પૂરા કરી આપે એવી મારી વિનંતી છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યશ્રી નરેન્દ્રસિંહ જે સંકલ્પ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સંકલ્પ લઈને આવ્યા છે એનાથી પણ આગળ વાત કરું તો અમારા મુખ્યમંત્રીશ્રીએ જે દિવસે આ રાજયની ધૂરા સંભાળી એ જ દિવસે સંકલ્પ કર્યો હતો કે ગુજરાતના ગામડાઓના ફાનસના અજવાળાની અંદર વાળુ-પાણી બંધ થવા જોઈએ અને એની ચર્ચા આજે અહીં થઈ રહી છે. એનો મને ભારોભાર આનંદ છે. આજે ગામડાની અંદર વીજળી આશીર્વાદરૂપ આ પુરવાર થઈ છે. ગામડાનો ખેડૂત સાંજે થાકીને ઘેર આવે, પરસેવો પાડીને આવે અને એના મનોરંજનનું કોઈ સાધન નહોતું. એને થોડાક વખત માટે મનોરંજન માટે ટી.વી. ચાલુ કરવું હોય તો વીજળી ન હોય. આજે ગામડાની બહેનો સિરિયલો જોઈ રહી છે. ગામડાની અંદર આજે મૅચ જોવાય છે. હમણાં ગામમાંથી મારા પર ફોન આવ્યો કે, લોકસભામાંથી સોનીયા ગાંધીએ દિલ્હીમાં રાજીનામું આપ્યું છે. મારા પહેલાં પેલા ગામડાના લોકોને સમાચારની ખબર પડી જાય છે કે, લોકસભામાંથી સોનીયા ગાંધીએ રાજીનામું આપ્યું છે. આજે શહેરો અને ગામડાનું અંતર હતું એ રહ્યું નથી. આજે સમગ્ર દેશનો પ્રવાસ મેં કર્યો છે, મોટા મોટા શહેરોમાં હું ફર્યો છું. મોટા મોટા પાંચ-પાંચ કરોડના સુરમાઓના ત્યાં આંગણામાં જનરેટર પડ્યા હોય. ગુજરાતના કોઈ ગામડાની અંદર જનરેટર નથી. આજે ગામડાની અંદર ૨૪ કલાક વીજળી મળે છે. કેન્દ્ર શાસિત રાજયોએ આ યોજનાને વખાણી હોય, કેન્દ્રના આયોજન પંચે આ યોજના વખાણી હોય, ત્યારે આ વિપક્ષ ટીકા કરતો હોય તો વામણો લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગામડાનો વિકાસ, પશુપાલન હોય, આજે ગામડામાં કહેવાય કે શહેર જેવું સમૃદ્ધ જીવન જીવવા માટે આગળ ડગલું માંડતા દેખાય છે. ગામડાની અંદર ૨૪ કલાક વીજળી આપતા હોય, કોઈના ત્યાં સારો પ્રસંગ હોય, ધાર્મિક પ્રસંગ હોય તો ફોન કરીને નહીં કહેવું પડે કે અડધો કલાક વીજળી વધારી આપો. આ ગામડાની અંદર લઘુઉદ્યોગો શરૂ થયા છે. નાના મોટા ઉદ્યોગો શરૂ થયા છે, હીરાની ઘંટીઓ ચાલે છે. એમને રોજી રોટી મળે છે. એના કારણે કારીગરોની બચત વધી છે. જ્યારે આ વીજળીની વાત કરીએ છીએ ત્યારે હમણાં પુંજાભાઈ વાત કરતા હતા. રોડ ઉપર થાંભલાઓ નાખ્યા છે. ખૂબ સાચી વાત કરી. મારા વિસ્તારની અંદર આ થાંભલાઓ રોડ ઉપર છે. જેથી અડધી રાત્રે પણ જો વીજળી જાય અને ફોન આવે તો વિદ્યુત કર્મચારી અડધી રાતે પણ રિપેર કરે છે. કારણ કે, આઈ.કયુ દોડાવીને ઊર્જા મંત્રીશ્રીએ આ કર્યું છે એમને અભિનંદન આપું છું. આ યોજનાની અંદર આ માર્કિંગ ધ્યાનમાં રાખ્યું છે. થાંભલાઓ રોડ ઉપર નાખવામાં આવ્યા છે એટલે અડધી રાતે પણ રિપેર થઈ જાય છે. આ થાંભલાઓ અડધી રાતે લાઈટો ચાલુ કરવા માટે નાંખવામાં આવેલ છે. કૉન્ગ્રેસના સમયમાં ગમે ત્યાં આડેધડ ખેતરની અંદર થાંભલો નાંખ્યો હોય, વરસાદ પડતો હોય તો અઠવાડિયા સુધી એમના શાસનમાં લાઈટ બંધ રહેતી હતી. ત્યારે અમારા વીજળી મંત્રીશ્રીને અભિનંદન આપવા ઊભો થયો છું. ભારત માતાકી જય.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઈ સંકલ્પ લઈને આવ્યા છે એ સંકલ્પ સારો છે. એમાં મારા વિચારો વ્યક્ત કરું છું. સંકલ્પનો આશય ખૂબ ઊંચો છે. જયોતિગ્રામ યોજના પણ સારી છે. પરંતુ એની જાહેરાત મુજબ પૂરેપૂરો અમલ થાય તો.

માનનીય અધ્યક્ષશ્રી, મારું સૂચન એ છે કે, આ વિધાનસભામાં ગામડાના આંકડા આપીને કે ગમે તે કારણોસર ગામડાની અંદર, ગામડાના છેવાડા ઘર સુધી એક થાંભલો નાખીને એમ કહે કે વીજળીકરણ થઈ ગયું. આંકડાઓ લખી દીધા. કેટલાય ગામ માટે મેં કાગળ લખ્યા છે. જે ગામની અંદર રહેતા હરિજન, વાલ્મિકી

ભાઈઓનો વિસ્તાર છે બાપ-દાદાઓના, ૫૦ વર્ષથી રહે છે એવા પરાને બાકાત રાખી દીધા છે આ તમારું ગામતળ નીમ થયેલ નથી, જ્યારે એમનો વસવાટ થયો છે ત્યારે ૧૦૦૦-૧૫૦૦ મીટર દૂર હોય તો પણ એકપણ પરાને જયોતિગ્રામનો લાભ આપતા નથી. સાથેસાથે કોઈપણ ગામની અંદર નાના ગામ હતા અને બાજુમાં બિન ખેતી કરીને ૧૦૦-૨૦૦ ઘર જ્યાં વીજળી વાપરે છે. એ એન.એ. કરેલ છે. આ એન.એ. કરેલ નથી. એટલે લાભ મળે નહીં. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, જ્યાં પરા આવેલ છે અને માત્રને માત્ર એસ.સી., એસ.ટી. અને વાલ્મિકી ભાઈઓ રહેતા હોય છે. એ પર્ટીકયુલર પરા છે. એના માટે કેટલાય કાગળો લખ્યા. મારા વિસ્તારની વાત કરું તો એવા પરાને લેવા જોઈએ. આપણે સમગ્ર ગુજરાતની વાત કરીએ છીએ, સમગ્ર જનતાની વાત કરીએ છીએ.

મારા મિત્ર કાંતિભાઈ બાજુમાં જ છે. એનું ૧૦૦ ટકા થઈ ગયું તો વિકસીત તાલુકો તો મારો છે. મારે બાકી છે. મારા કેટલાય પરા બાકી છે તો એવું કયું કારણ છે એ આપ જ નક્કી કરો, આપ જ બતાવો કારણ કે મંત્રી સુધી વાત ન આવતી હોય, આ વિધાનસભા છે એટલે આંકડા જ આવતા હોય એટલે હું કોઈનો દોષ નથી કાઢતો પણ આ પણ જોવું ખૂબ જરૂરી છે કે પરાઓ બધા લઈ લે સાથેસાથે આ લાઈનો આટલી મોટી નાખી છે. હજારો કિલોમિટરના અંતરે તો મારે મંત્રીશ્રી પાસેથી એ પણ જાણવું છે, એમના જવાબમાં કહે કે એમના મેઈન્ટેનન્સ માટે કેટલો સ્ટાફ વધાર્યો? નાનામાં નાનો હેલ્પર જેવો માણસ પણ કેટલો વધાર્યો ? જે આ મેઈન્ટેનન્સ કરવું પડે છે. હજારો કિલોમીટરની લાઈન નાખી છે આખા ગુજરાતમાં એની સામે સ્ટાફ કેટલો છે એ પણ જવાબ આપે તો સારું છે. એની સાથે અમારા મિત્ર એક બે એ ખેતીની પણ વાત કરી. આજના સંકલ્પને અને ખેતીને લેવા દેવા નથી પણ એમણે કહ્યું એટલે કહુ છું. ૧૯૯૧ની અરજી પડી હતી એનો નિકાલ નથી થયો.

**અધ્યક્ષશ્રી** : ઓ.કે. ઓ.કે. પ્લીઝ પ્રવચન પૂરું કરો.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રસિંહજી જાડેજા જે સંકલ્પ લઈને આવ્યા છે એમાં સમર્થન કરી મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. આ જયોતિ ગ્રામ યોજના આ રાજય સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી અને ઉર્જા મંત્રીશ્રીએ એનો જયારે વિચાર કર્યો, આ રાજયની અંદર જયારે ગામડાની અંદર ૨૪કલાક વીજળી આપવાના છે ત્યારે આ સાથી મિત્રો એવું કહેતા હતા કે આ જ્યોતિ ગ્રામ યોજના એ તો ધોળે દાડે તારા દેખાડવા જેવી વાત છે, એ શકય બનવાનું છે? આ શકય નહોતું બનવાનું એમ આ લોકો કહેતા હતા અને આજે મારે કહેવું છે કે આ જ્યોતિ ગ્રામ યોજનાને કારણે ગામડાના છેવાડાના માનવીના ઝુંપડા સુધી આ લાઈટ પહોંચાડી છે. મારા વિસ્તારની વાત કરું તો છોટા ઉદેપુર તાલુકો એમ.પી.ની બોર્ડર ઉપર આવેલો છે અને રાઠ વિસ્તારની અંદર કયારેય થાંભલા પણ નહોતા અને એક સમય એવો આવ્યો છે આજે એ વિસ્તારની અંદર ૨૪ કલાક લાઈટ મળે છે. આ જે યોજના મૂકી એ યોજનાને કારણે આદિવાસીના વિસ્તારની અંદર આ જે મહત્વની યોજના બનાવી છે, માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત કહેવી છે કે આ જે અમૂક ફીડરોની અંદર જયાં ખેડૂતોને ઓછા મીટર મળેલા છે અને જેને લાઈન આપવામાં આવી છે એવા ફીડરો ઉપર વધારાનો ખર્ચ ન કરવામાં આવે અને આવા જે ફીડરો છે એના ઉપર આ જ્યોતિ ગ્રામ યોજના વહેલી તકે મૂકવામાં આવે જેથી કરીને એનું અમલીકરણ થાય અને જે ગામડા બાકી છે એ બાકી રહેલા ગામડામાં વહેલી તકે કામ થાય એવી મારી વિનંતી છે.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નરેન્દ્રસિંહજી જાડેજા જે સંકલ્પ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. મારા વિસ્તારની પણ થોડીક એમણે વાત કરી સભ્યશ્રીએ કે ૨૪ કલાક થ્રીફેઈઝ લાઈટ આવી ગઈ છે, એટલે મારો સાબરકાંઠા જિલ્લો પણ આવી ગયો. એમાં મારે એ વિનંતી કરવી છે કે થ્રીફેઈઝ લાઈટ હોય તો એના તાર બે થી વધુ હોવા જોઈએ પણ અમારા વિસ્તારમાં જે કંઈ થ્રીફેઈઝ લાઈન કરવામાં આવી એમાં બે જ તાર છે અને એમાં ૨ લાઈન આપવામાં આવી છે. એમાં જે લાઈન આપવામાં આવી છે એમાં અમે એમ માનવીએ છીએ કે સીંગલ ફેઈઝ છે અને તે પણ જે થોડાઘણા ગામ હોય તો સ્કૂલ સુધી અને એની આજુબાજુના ૪-૫ ઘરોને જ વીજળી મળી છે. માનનીય મંત્રીશ્રી બહુ લાગણીવાળા છે. મેં મંત્રીશ્રીને પણ વાત કરી હતી પણ એમને જે રિપોર્ટ મળે છે નીચેથી રિપોર્ટ મળે છે તાલુકા કક્ષાએથી એ ખોટા રિપોર્ટ મળે છે. એ રિપોર્ટને લીધે એમને મુશ્કેલી પડે છે એટલે મારી વિનંતી છે કે એમના તંત્ર દ્વારા બધી તપાસ કરાવે અને બીજું સાથે સાથે એ કહેવું છે કે અમૂક વિસ્તાર એવા છે કે તમે કહો છો એમ ૨૪ કલાક થ્રીફેઈઝ લાઈટ છે પણ એમાં જે સબસ્ટેશનો છે એની સંખ્યા ખૂબ ઓછી છે. મારા જ વિસ્તારની વાત કરું એક સબસ્ટેશન ૬૬ કે.વી.નું છે એનાથી આખો તાલુકો અઢી લાખની સંખ્યા કેવી રીતે સચવાય? એ લોડ કેવી રીતે લેતા હશે? આપ પણ સમજી શકો છો. સાથેસાથે મારે એ પણ કહેવું છે કે જયાં આવી લાઈનો નખાઈ છે એના તાર બહુ ઢીલા છે અને એના લીધે કયાંકને કયાંક એકસીડન્ટ થાય છે. મારા જ ઘરની વાત કરું કે રજાના દિવસે આવી રીતે તાર પડી ગયેલો, કોઈ અધિકારી ન મળે, મારે છેક મહેસાણા, એમ.ડી. સુધી વાત કરવી પડી, હમણાં થોડાક દિવસ પહેલા પાવી-જેતપુરના ધારાસભ્ય, એમના

ઘરોમાં રાત્રે તાર અડી ગયા અને સળગી ગયા, ઘરો સળગી ગયા. ઘણા બધા ઘરો સળગી ગયા. જો આ રાત્રે બન્યું હોત તો ઘણા માણસો મરી ગયા હોત. મારી વિનંતી છે કે થાંભલા વ્યવસ્થિત ઊંડા જે કરવાના હોય તે અને તાર ઢીલા ન રહે એ જોવામાં આવે. ખાસ કરીને જે ગામડાંના પેટા પરા રહી ગયા છે, સરકાર કહે છે કે અત્યારે લાઈટ આપવાની છે એ અગાઉ મળતી હતી એ જ ઘરમાં આપવામાં આવે છે. મંત્રીશ્રીને વિનંતી છે કે ગામડાં શહેર જેવા થાય એના માટે તમામ ગામડાંના તમામ ઘર આવી જવા જોઈએ એવી જોગવાઈ કરવી જોઈએ.

**શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રસિંહ જાડેજા સંકલ્પ લઈને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું. માનનીય અધ્યક્ષશ્રી, જ્યોતિગ્રામ યોજના ગુજરાતની અંદર ૧૬૦૦૦ ગામડાંના ગામે ગામ અને પરે પરે પૂરી કરી નાખી છે. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આ કામગીરી થઈ છે અને તે માટે મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. વર્ષોથી લોકો રોજીરોટી માટે શહેરો તરફ જતા હતા. ગામડાંમાં નાના કામો જેવા કે વેલ્ડીંગ કામ હોય, સુથારી કામ, હીરા ઘસવાનું કામ કરતા હોય, અનાજ દળવાની ઘંટી હોય, અગાઉની સરકારમાં સાંજના સમયે જમવાના ટાઈમે લાઈટ જાય એટલે સાંજના છ વાગ્યે જાય તો સવારે આવે એવા દિવસો અમે કોંગ્રેસના શાસનમાં ગામડાંમાં જોયા છે. ગોવાભાઈ, આપ કહો છો પણ અમારી સરકારે કહ્યું છે એ કર્યું છે, કરતી આવી છે અને કરતી રહેશે. આ ભારતીય જનતા પાર્ટીનું શાસન ગુજરાતમાં આવ્યું ત્યારથી વિકાસના કામો અને વીજળીકરણના કામો થઈ રહ્યા છે. જ્યોતિગ્રામ યોજનામાં મારા તાલુકામાં વાઘોડિયા મત વિસ્તારમાં ૧૮૨ ગામો પરા સાથે આવેલા છે. ૬૭ પંચાયતો છે. એક પણ ગામ કે એક પણ પરું આજે બાકી નથી. જ્યોતિગ્રામ યોજનાની લાઈટ આજે ચમકી રહી છે. આ ગુજરાતમાં વીજળીનું કાર્ય લોકોનું ભણતર બગડતું હતું એ ગામડાંમાં સુધરતું આવ્યું છે. (અંતરાય) અસલ ખેડૂત હતા, આદિવાસી ખેડૂત હતા એ લોકોને બહાર હટાવીને તમારા-મારા જેવા ધણીઓએ જમીન લઈ લીધી છે. એ જ ખેડૂતો આજે મજૂરી કરવા જાય છે. સાચી વાત કહું તો તમે અને અમે બધા સાથે છીએ. નવાઈની વાત નથી, સાચું જ કહેવાનું છે. અમારી સરકાર જે લોકોએ જમીન છીનવી લીધી છે, જેણે પણ લીધેલ હશે એની પાસેથી એ ટૂંક સમયમાં આદિવાસી ખેડૂતોને પાછી અપાવી દેશે. જ્યોતિગ્રામ યોજનામાં ૨૦૦૦ ગામો બાકી છે એ પણ મંત્રીશ્રી જવાબ આપશે કે ટૂંક સમયમાં એ પણ પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રસિંહજી જે સંકલ્પ લઈને આવ્યા છે એમાં ઓછામાં ઓછા ૧૪ સભ્યશ્રીઓએ ભાગ લીધો છે. ત્રણ વર્ષ પહેલા આ જ વિધાનસભા ગૃહમાં માનનીય વજુભાઈએ જ્યારે જ્યોતિગ્રામ યોજનાની જાહેરાત કરી હતી ત્યારે ઘણા બધા સભ્યશ્રીઓ વિચારમાં પડી ગયા હતા. આજે અમરસિંહભાઈને યાદ કરીએ અને એ જો હોત તો ચોક્કસ રાજી થયા હોત. એ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીને કહ્યું હતું કે સિંગલ ફેઝની તકલીફ પડે છે ત્યાં થ્રી ફેઝ તો શક્ય જ નથી. આ યોજના તમે ખોટી જાહેર કરી છે. આજે એ દિવસો યાદ કરો. થોડી વાતો કહું તો જ્યારે આ યોજના જાહેર કરવામાં આવી ત્યારે એ વખતે જી.ઈ.બી.ની અંદર પણ કોઈ એન્જિનિયરભાઈઓ માનતા નહોતા કે આ યોજના સફળ થાય. ૬ મહિના પછી ૩/૯ ની તારીખે એનો પહેલો જી.આર. બહાર નીકળ્યો. મારે મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવાં છે કે જો એમણે ચોક્કસપણે કહ્યું ના હોત કે આ યોજના કરવી છે તો આ જી.ઈ.બી.ના કર્મચારીઓ, ઓફિસર્સ આ યોજના ના થવા દેત. આ સ્પષ્ટ કેમ કહ્યું છે એ લોકો પોતે માનતા હતા કે આ યોજના શક્ય નથી કારણ કે, આપણી પાસે આટલી વીજળી નથી, ચોરીનું પ્રમાણ વધશે, સબસિડીઝ વધશે. છેવટે તો ક્યાં સુધી કહ્યું આ યોજના કરવી હોય તો ૧૦ વર્ષ થશે કારણે કે, આટલું બધું રો-મટિરિયલ્સ ક્યાંથી લાવીશું? પરંતુ મુખ્યમંત્રીશ્રીની ઈચ્છાશકિતને કારણે પહેલી જ્યોતિગ્રામ યોજના ૧૭/૧૦એ વિલેજ દાસત તાલુકો ઊંઝાની અંદર થયું અને એ વખતે માનનીય નારાયણભાઈએ ૫૦ લાખની ગ્રાન્ટ આપી હતી, હું એમને પણ અત્યારે અભિનંદન આપું છું, પછી એકવાર ગામડું ચાલુ થયું અને પછી જે કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક કામ કર્યુ છે, કલ્પના બહારનું કામ થયું છે. ૧૦ વર્ષનું કામ ૨ વર્ષમાં કર્યુ છે. આજે પણ વાત કરું છું દેશની અંદર ૧૮,૦૬૫ ગામડા, આજે ગુજરાતની અંદર ૧૬૦૦૦ નહિ, ૧૭૦૦૦ નહિ ૧૭,૩૪૪ ગામડાં ગઈકાલ સુધીમાં થઈ ગયા છે અને માત્ર અને માત્ર ૭૨૧ ગામડાં આજે બાકી છે. ૭૨૧ ગામાડાંમાં પણ ૧૨૪ ગામડાંમાં આપણે સોલાર એનર્જિ આપીએ છીએ. ૧૬૬ ગામડાંમાં કોઈ રહેતું નથી એટલે રહ્યાં કેટલા? ૪૩૧ ગામડાં. એટલે માત્ર અને માત્ર ૪૩૧ ગામડાને આજે આપણે જ્યોતિગ્રામમાં જાહેર કરવાના બાકી છે. હું આપને કહું ૧૪ જિલ્લા પૂરા થઈ ગયા છે. પંચમહાલ-૫, વલસાડ-૮૬, અમરેલી-૧૩, ભરૂચ-૯, ભાવનગર-૨૩ આવા છુટાંછવાયાં જિલ્લાની અંદર ગામડાં બાકી છે અને મને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે આ સ્ટાફે જે કામગીરી કરી છે, આ ૪૩૧ ગામડાં ૩૧/૩ પહેલા જે અમારું પૂરા કરવાનું આયોજન છે અને આ વિધાનસભાની અંદર અનેક વખત કહ્યું હતું કે આ યોજના અમે કરીશું એ પૂરો કરવાનો અમારો સંકલ્પ છે. વિચાર તો કરો ૬૦,૦૦૦ કિલોમીટરની લાઈનો કાશ્મિરથી કન્યાકુમારી કેટલું છે? ૫૦૦૦, ૭૦૦૦, કેટલીવાર તમે જઈ શકો? ૧૯૬૦થી નંખાયેલા થાંભલા બીજીવાર નંખાયા છે. ૧૦ -૧૦ લાખ ઉપર થાંભલા, એકેએક

૧૨૦૦, ૧૩૦૦ નવા ફીડરો અને ગઈ સાલ વિચાર આવ્યો કે ખેતી ખેડતો, ખેતરમાં રહેતો ખેડૂત હોય એનું શું? આજે એન્જિનિયરે હિન્દુસ્તાનમાં ક્યાંય નથી કરેલું કામ એવું સ્પેશ્યલ ડિઝાઈન ટ્રાન્સ્ફૉર્મર સ્ક્રેપમાંથી બનાવ્યું અને ટ્રાન્સ્ફૉર્મર બન્યા પછી આજે ૭૯૮ ફીડર ઉપર એ ટ્રાન્સ્ફૉર્મર લગાડ્યું છે. એટલે ૭૯૮ ખેતરમાં રહેતા વ્યકિત માટે, હું બધા સભ્યશ્રીઓને કહું છું કે માગણી આપ મૂકજો જે જે ફીડર ઉપર આપણને જરૂર લાગશે તો હું પ્રાયોરિટીમાં કરી આપીશ. માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે પેટાપરાની વાત કરું કે, પેટાપરાની ડિમાન્ડ આવી એમાં ૯૫૮૭ પેટાપરામાં આજે કામ થઈ ગયું છે. એટલું કામ આવતા દિવસોમાં પેટાપરામાં પણ જે કોઈ પેટાપરા બાકી હશે એ કરીશું અને જે કોઈ ખેડૂતોને સ્પેશ્યલ ડિઝાઈન ટ્રાન્સ્ફૉર્મર કરવાનું હોય એની અંદર પણ આપણે ચોક્કસપણે મૂકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા રાજ્યોની વાત કરીએ તો ૮ - ૧૦ - ૧૨ કલાક ગામડાંમાં લાઈટો નથી. હું ગઈકાલે નાણામંત્રીશ્રીની મિટિંગમાં હતો ત્યારે વાત કરી, મારી બાજુમાં મહારાષ્ટ્રના જયંત પાટિલ હતા. એમણે વાત કરીકે તમે આ કઈ જાતનું કર્યુ છે મને સમજાવો તો ખરા? અમે અનેક વખત બધાની જોડે વાત કરી, આટલું બધું કામ આટલી બધી ઝડપથી થાય કઈ રીતે? માનનીય અધ્યક્ષશ્રી, હું આપને ચોક્કસપણે કહું ૧૦ વર્ષનું કામ ૨ વર્ષમાં કર્યુ છે અને વધારે આના કારણમાં ગયા. બીજા રાજ્યો કરતા ૧૦ વર્ષ આગળ નીકળી જઈશું, જોત જોતામાં ૧૦ વર્ષ ગુજરાત આગળ નીકળી જશે. માનનીય અધ્યક્ષશ્રી, આજે સાચું કહું રાજકારણમાં મને આવ્યે ૮ વર્ષ થયા છે. જો કોઈ સંતોષ મળ્યો હોય કામનો તો આમાં મળ્યો છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો આજે સભાગૃહમાં મારે આભાર માનવો છે કે આજે આ કામ કરવાની મને તક આપી કે આટલી મોટી યોજના અને આટલો બધો પ્રજાને લાભ મળતી યોજના કયારેય ઇતિહાસમાં નથી થઈ. હું આપને કહું કે લાભ એટલે કેવો લાભ કે, મા-બાપ અને દીકરા છૂટા પડી જતા હતા, લોકો શહેરો તરફ આવતા હતા, ગામડાઓમાં રોજગારીની તકો વધી ગઈ છે, અનેક સરવે કરાવ્યા છે, અમે યુનિવર્સિટીઓ દ્વારા સરવે કરાવ્યા છે અને એ પછી ચોક્કસપણે કહી શકીએ છીએ કે ગામડામાં આવકો વધી છે, રોજગારી વધી છે, શિક્ષણનું પ્રમાણ વધ્યું છે અનેક ફાયદાઓ થયા છે અને આના કારણે જી.ડી.પી. ગ્રોથ વધ્યો છે અને એના કારણે આપ જોશો કે પહેલાં ઉદ્યોગપતિઓ પૈસા બનાવતા હતા, ગરીબ એ ગરીબ થતા હતા, આજે ૫,૦૦૦, ૭,૦૦૦, કે ૧૦,૦૦૦ કમાનાર ગામડામાં એક એક કુટુંબ આવી ગયા છે. અનેક ધારાસભ્યોને ચિંતા હતી કે, મારા વિસ્તારમાં ન કરતા એવું આવીને મને કહી જતા હતા, લખીને આપતા હતા કારણ ખેડ્રતોની ચિંતા કરતા હતા, માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વાસ નથી તમને ? ખેડ્રતો આ બાબતમાં રાજી થશે. આજે જે ધારાસભ્યો કે જેઓ ના પાડતા હતા એ ધારાસભ્યો આજે એમ કહે છે કે, આઠ કલાક વીજળી આપવાથી ખેડૂત સમાજને અને રાજયના લોકોને ફાયદો થયો છે, ખેડૂતો રાજી થયા છે. પહેલાં વીજળી દસ-પંદર હજારની બળતી હતી એ બધું આજે બંધ થઈ ગયું, ટ્રાન્ફરમરોમાં ટ્રિપિંગ થતા હતા એ બંધ થઈ ગયા છે. બાર-ચૌદ કલાકનું પાણી જે વાપરતા અને એમાં જેટલું પિયત નહતું થતું એટલું અત્યારે આઠ કલાકમાં થાય છે. હજી આપણી પાસેથી બીજા રાજયો ઘણું બધું શોધશે પણ હું આપને કહું છું કે, આ કામ જે સ્પીડમાં થયુ છે, મારે દરેક વ્યકિત જે નાનામાં નાનો હેલ્પરથી માંડીને દરેક વ્યકિતઓએ એમાં ભાગ લીધો છે એને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસપણે કહીશ કે નરેન્દ્રસિંહજી જે સંકલ્પ લાવ્યા છે ત્યારે બધા સભ્યોશ્રીઓનો મારે આભાર માનવો જોઈએ, ખાસ કરીને ગોવાભાઈને મારે કહેવું કે તમારા ગામડાઓમાં પણ હવે ગમાણોમાં ગાય - ભેંસની ઉપર પંખા ચાલે છે એ આપ જાણો છો, સાચું બોલજો અને એના કારણે ગાય અને ભેંસ દૂધ વધારે આપતી થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજું કહું કોંગ્રેસના મિત્રોને કે આપે ઘણી બધી ટીકાઓ કરી. આપને ખાલી એક જ વસ્તું કહું છું કે સાચવજો, આ એક જ યોજના તમે જ્યાં બેઠા છો એ તમને ત્યાં જ રાખશે, એ સો ટકા તમને ત્યાં જ રાખશે અને આપ પણ જાણો છો એટલે મહેરબાની કરીને ગામોમાં ટીકા ના કરો અને તમારામાંથી બધાને ચેલેન્જ આપું છું એનો તમે નહીં સ્વીકાર કરી શકો કે કાલે ઊઠીને તમારા ગામોમાં જઈને કહો કે જ્યોતિ ગ્રામ યોજના નથી જોઈતી, એ ચેલેન્જ આપું છું તમને તમે નહીં સ્વીકારી શકો.

**અધ્યક્ષશ્રી** : પાછો ખેંચી લો આપનો સંકલ્પ ( અંતરાય) શ્રી નરેન્દ્રસિંહ.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહની અંદર મેં જે સંકલ્પ રજૂ કર્યો એ સંકલ્પમાં પોતાના વિચારો રજૂ કરવા માટે ભાઈ શ્રી પુંજાભાઈ, શ્રી મનસુખભાઈ, શ્રી પ્રવિણભાઈ મારુ, શ્રી જેઠાભાઈ, શ્રી બળવંતસિંહજી, શ્રી કાન્તિભાઈ કચોરિયા, શ્રી જીતુભાઈ, શ્રી પ્રાગજીભાઈ, શ્રી ગોવાભાઈ, શ્રી શંકરભાઈ રાઠવા, ડૉ. અનિલભાઈ જોષીયારા અને શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ આ બધા સભ્યશ્રીઓએ પોતાના વિચારોમાં અને આ સંકલ્પની અંદર કોઈપણ સભ્યશ્રીઓએ આ જ્યોતિ ગ્રામ યોજનાને આવકારી ન હોય એવું બન્યું નથી, કોઈને કોઈ સ્વરૂપમાં એનો તમામ સભ્યશ્રીઓએ એનો સ્વીકાર કર્યો છે અને એમ પણ કહ્યું છે કે, સારી યોજના હોય એ આવકારદાયક છે એટલે માનનીય અધ્યક્ષશ્રી, મને આ મારા સંકલ્પથી અને મારા સંકલ્પના સમર્થનમાં હું માનું છું ત્યાં સુધી સમગ્ર સભાગૃહે આ સંકલ્પનું સમર્થન કર્યુ છે.

રાજય સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી, રાજયના ઊર્જા મંત્રીશ્રી એને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને માનનીય ઉર્જા મંત્રીશ્રીએ અત્યારે આ સભાગૃહની અંદર એની ખૂબ વિસ્તૃત માહિતી અને વિગતો પણ મૂકી અને એમણે બાકી રહેતા ૪૩૧ ગામો ૩૧-૩ સુધીમાં પૂરા થઈ જશે એટલે આ સમગ્ર રાજય ૩૧-૩ સુધીમાં જયોતિ ગ્રામ સાથે સમગ્ર રાજય સંકળાઈ જશે એવી માનનીય મંત્રીશ્રીએ અત્યારે જ આ સભાગૃહમાં ખાતરી આપી છે. એનાથી વાકેફ કર્યા છે માટે એક વાત સાથે આપણે સૌ આ રાજયના વિકાસની અંદર સાથે મળીને

આઓ ફીર સે દિયા જલાએ.
ભરી દુપહરી મેં અંધેરા છાયા, સુરજ પરછાઈ સે હારા,
અન્તરતમ કા નેહ નિચોડ, બુઝી હુઈ બાતી સુલગાએ.
આઓ ફીર સે દિયા જલાએ.
હમ પડાવ કો સમઝે મંઝિલ, લક્ષ્ય હુઆ આંખો સે ઓઝલ,
વર્તમાન કે મહાઝાલ મેં, આનેવાલા કલ ન ભુલાયેં,
આઓ ફીર સે દિયા જલાએ.
આહુતિ બાકી, યજ્ઞ અધૂરા, અપનોં કે વિઘ્નોંને ઘેરા,
અંતિમ જય કા વજ્ર બનાને, નવ દધીચી હડિયાં લગાયે.
આઓ ફીર સે દિયા જલાએ

આપણે બધા સાથે મળીને દિપકનું અજવાળું ઊભું કરીએ એવી વિનંતી સાથે હું મારો સંકલ્પ પાછો ખેંચી લેવાની સભાગૃહની પરવાનગી માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ પાછો ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : સંકલ્પ પાછો ખેંચવામાં આવે છે.

**રાજયમાં વધતી જતી બેરોજગારી માટે સકારાત્મક પગલાં લેવા અંગે**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે "રાજયમાં બેરોજગારીનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જાય છે. શિક્ષિત બેરોજગારોને રોજગારી મળતી નથી. વેપાર ધંધા માટે સરળતાથી લોન મળતી નથી. રોજગારીની સમસ્યા સમાજના દરેક વર્ગને સતાવી રહી છે. રોજગારી ન મળવાથી રાજયનો ક્રાઈમરેટ ઊંચો જઈ રહ્યો છે અને યુવા ધન ગુનાહિત કૃત્યો તરફ વળતું જાય છે. રોજગારી ન મળવાથી કેટલાય કુટુંબોમાં સામૂહિક આત્મહત્યાના બનાવો નોંધાય છે. રાજયમાં સ્થપાતા નવા ઉદ્યોગોમાં રાજયના સ્થાનિક યુવાનોને સમાવવાના નિયમો હોવા છતાં છડેચોક તેનો ભંગ થાય છે. આવા સંજોગોમાં બેરોજગારીના પ્રશ્નને ગંભીર ગણી રાજય સરકાર દ્વારા આ દિશામાં સકારાત્મક પગલાં લેવાય તે માટે આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે"

**શ્રી પુંજાભાઈ ભી. વંશ:** માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ ઉપરનો મારો સુધારો નીચે મુજબ રજૂ કરું છું.

સંકલ્પની બીજી લીટીમાં

"રોજગારી મળતી નથી" એ શબ્દો પછી તુરત જ નીચેની લીટી ઉમેરવામાં આવે :-

" છેલ્લાં` ઘણાં વર્ષથી રાજય સરકારની નોકરીમાં ભરતીઓ થતી નથી."

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી:** માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ ઉપરનો મારો સુધારો નીચે મુજબ રજૂ કરું છું.

સંકલ્પની સાતમી લીટીમાં,

"છડેચોક ભંગ થાય છે" એ શબ્દો પછી તુરત જ નીચેની લીટીમાં ઉમેરવામાં આવે:-

" આવા ઉદ્યોગ સામે સખ્તાઈથી પગલાં લેવામાં આવતાં નથી"

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ ઉપરનો મારો સુધારો નીચે મુજબ રજૂ કરું છું. સંકલ્પની પ્રથમ લીટીમાં,

" વધતું જાય છે" એ શબ્દો પછી તુરત જ નીચેની લીટી ઉમેરવામાં આવે :-

" રાજ્યની રોજગાર વિનિમય કચેરીઓમાં વર્ષોથી બેરોજગારોનાં નામ નોંધાયેલા છે જે તેમને રોજગારી આપી શક્યા નથી ".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : હવે સંકલ્પ અને સુધારા બંને ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં ૯ લાખથી પણ વધારે યુવક, યુવતિઓ આજે બેકાર છે અને હતાશ થયેલ છે, ત્યારે મારે આ સંકલ્પ લાવવાની જરૂર પડી છે. ગુજરાતમાં

લાંબા સમયથી સરકારી નોકરીની ભરતી ઉપર એક-યા બીજા કારણોસર પ્રતિબંધ યા નિયંત્રણ ચાલુ રહેવાના લીધે ગુજરાતમાં હજારો એસ.એસ.સી., ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, એન્જિનિયરોની સરકારી નોકરી માટેની વય મર્યાદા પૂરી થઈ ગયેલ છે, જેના કારણે હજારો ભણેલા, બેકાર યુવાનો સરકારી નોકરીની તકમાંથી વંચિત રહ્યા છે. રાજ્યે હજારો બેકાર યુવાનોને હળાહળ અન્યાય કર્યો છે એવું લાગે છે, આથી રાજ્ય સરકારે ગુજરાતના ૯ લાખ થી વધારે યુવાન, યુવતિઓને ન્યાય આપવા માટે તેમને નોકરી આપી બેકારી દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. સરકારી નોકરીમાં ભરતી માટે વય મર્યાદામાં દરેક સ્તરે ઓછામાં ઓછો પાંચ વર્ષનો વધારો કરવો જોઈએ. બેકાર યુવાનોને નોકરીમાં અગ્રીમતા આપવી જોઈએ, જ્યારે નોકરી માટે ઇન્ટર્વ્યૂમાં જાય ત્યારે એસ.ટી. બસ કે ટ્રેનમાં જાય ત્યારે નિઃશુલ્ક મુસાફરી કરવા અંગેની સૂચના આપવી જોઈએ. રોજગાર વિનિમય કચેરીમાંથી કોઈપણ જાતની નોકરી માટેના કોલ લેટરો મળવા જોઈએ. ગુજરાત રાજ્યમાં ૮,૫૫,૦૦૦થી વધુ યુવાનો શિક્ષિત બેકાર છે અને ૬૬,૦૦૦ જેટલી બહેનો બેકાર છે અને નોંધ્યા વગરના તો કેટલાય બેકાર છે. તેમની દારુણ પરિસ્થિતિ છે. તેમનાં મા-બાપની જે કરુણતા છે, તે ખરેખર જોઈએ તો આપણું હૈયુ ગદગદ થઈ જાય, જેણે લોકોના ઘરે જઈને કાળીમજૂરી કરીને, કપડાં, વાસણ ઘસીને, ખેતરમાં તડકા-છાયડામાં મજૂરી કરીને જેમ તેમ કરીને તેમના જીવનની બધી કમાણી પોતાનાં બાળકો માટે લગાડી છે. એમને એવી આશા હતી કે મારાં દીકરા-દીકરીને સરકારી નોકરી મળશે અને અમારું ઘડપણ સારી રીતે જશે, પરંતુ સરકારની અત્યંત બેદરકારીના કારણે આજે ઘરડા લાખો માણસો અને તેમનાં કુટુંબની આશા ઠગારી નીવડે છે. સરકાર ધારે તો ગુજરાતમાં હજાર, કરોડોના ઉદ્યોગો પડેલા છે જેવા કે: ટેક્સટાઈલ, હીરા ઉદ્યોગ, ઝરી ઉદ્યોગ, જી.આઈ.ડી.સી. વગેરે જેવા ક્ષેત્રોમાં નોકરી આપી શકે તેમ છે. પરંતુ તેમ થયું નથી. રાજ્ય સરકારની કચેરીમાં જિલ્લા, તાલુકા પંચાયતમાં, નગરપાલિકામાં, મહા નગરપાલિકામાં અને અન્ય સરકારી વિભાગોમાં અસંખ્ય ખાલી જગ્યાઓ છે, તેમાં પણ ભરતી અને બઢતી આપીને નોકરી આપી શકાય તેમ છે, પરંતુ એમ થયું નથી. બેકારી દૂર કરવા અનેક યોજના બનાવી છે, પરંતુ પૂરતાં નાણાં ફાળવ્યા નથી, અથવા તો ફળવાતા નથી. જેમાં ફળવાયા તેનો સીધો લાભ શિક્ષિત બેરોજગારોને મળતો નથી. અનામત બેકલોગની જગ્યાએ બેકારોને લાભ આપવા માટે ખાસ કરીને ગુજરાત રાજ્યે, સરકારશ્રીએ વર્ગ-૩, કારકુન, કારકુન કમ ટાઈપિસ્ટના કર્મચારીઓને ભરતી માટે નાણાં વિભાગે મંજૂરી આપેલી છે, તેમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ખાલી જગ્યાના આધારે ખાલી જગ્યા પૂરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ મારફત તા. ૨૦-૬-૧૯૯૬ થી છેલ્લી તારીખ આપી ૧૯૯૦ માં આખરી પ્રસિદ્ધ યાદી જાહેર કરેલ છે, એમાં કુલ ૧,૦૫૦ જેટલા ઉમેદવારો ઉત્તીર્ણ થયેલ છે, એમાં એસ.સી. ના ૧૪૫, એસ.ટી.ના ૭૬૩, ઓ.બી.સી. ના ૧૪૨ એમાં ફક્ત નિમણૂક પાત્ર ૨૪૭ છે. એસ.સી. ના ૪, એસ.ટી.ના ૧૦૨, ઓ.બી.સી. ના ૧૪૧. હવે ૮૦૩ જેટલી જગ્યાઓ ભરવાની બાકી છે. ૨૪૭ નિમણૂકો આપ્યા પછી ૨૦ ટકા બહારથી રહેમરાહ આધારિત ભરતી બંધ છે, ત્યારે આવા સંજોગોમાં અમારી સ્પષ્ટ માગણી છે કે બંધારણમાં અનામતની જોગવાઈ હોવા છતાં અને વખતોવખત અનામતના રક્ષણ માટે સરકારશ્રીએ જવાબદારી સ્વીકારી હોવા છતાં આદિવાસી તથા અન્ય રક્ષિત સમાજમાંથી ઉતીર્ણ થયેલ ઉમેદવારોને ન્યાય મળે, બંધારણ અને કાયદાનું રક્ષણ મળે તે માટે આપશ્રી ન્યાય ન આપી શકતાં ઉંમરના બાધને કારણે તેમણે જિંદગીભર આ હક્કનો લાભ મળવાપાત્ર રહ્યો નથી. આવા સંજોગોમાં આપશ્રી ઉદાર મન રાખીને જૂના બેકલોગની જગ્યાઓ તેમજ નવી ઉભી થયેલી બેકલોગની જગ્યાઓને હાલના નાણાં વિભાગે મંજૂરી આપેલ છે તેમાં સમાવી લેવા મારી આગ્રહભરી વિનંતી છે. કેન્દ્ર સરકારમાં અમારા નેતા શ્રીમતી સોનિયાજી અને માનનીય વડાપ્રધાન મનમોહનસિંહને હું અભિનંદન આપવા માગું છું કે રાષ્ટ્રીય રોજગારી ગેરંટી એકટ યોજના દાખલ કરી હજારો ગરીબોને રોજી મળે તેના માટે સુંદર યોજના દાખલ કરી છે. સો દિવસની રોજગારી મળે અને ૬૦ રૂપિયા લેખે રોજગારી મળે તે માટે છ જિલ્લાઓમાં અમલ શરૂ કર્યો છે. ત્યારે રાજય સરકાર તેમાં પણ કાળજીપૂર્વક દેખરેખ રાખીને વ્યવસ્થિત આયોજન કરીને કામ કરશે તો બીજા નાણાં વધારે મળશે અને બેકારી દૂર કરી શકીશું. લાભાર્થીની બીજી પણ જોગવાઈ કરી છે કે લાભાર્થી કામની માગણી કરે તો તેને કામ આપવું પડે ન મળે તો તેને બેકારી ભથ્થું આપવાની પણ તેમાં જોગવાઈ કરેલ છે. અધિકારી તે કામમાં નિષ્કાળજી રાખે તો તેને શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે. રાજય સરકાર પણ આ દિશામાં આગળ વધી બેરોજગારોને રોજગારી આપવા માટે સારાં પગલાં ભરશે તો અમારા બેરોજગારોને રોજી મળશે. આજે સાહેબ રોજી નહીં મળવાથી યુવાધન ગુનાહિત પ્રવૃત્તિઓ તરફ વળ્યું છે. લૂંટ, ખૂન, ધાડ, બળાત્કાર જેવી પ્રવૃત્તિઓ તરફ વળ્યું છે અને તેવા બનાવો વધતા જાય છે. પ્રશ્નોત્તરીના જવાબમાં આપણને જવાબ મળ્યો છે કે ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં ૧૧૩ ખૂન, ૩૭૮ બળાત્કાર અને ૧૦૨૪ લૂંટ અને ૪૬૩૮ આત્મહત્યાના બનાવો બન્યા છે. સામૂહિક આત્મહત્યાના ગુનાઓ તો અલગ છે. આમ રોજગારી નહીં મળવાને કારણે કેટલાક યુવાનો હિજરત કરીને ચાલ્યા ગયા છે. નહીં નોંધાયેલ બેરોજગારો પણ મોટી સંખ્યામાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બેરોજગાર યુવાનો ખોટા માર્ગે ન દોરાય અને પોતાના જીવન દરમ્યાન સમાજને રાહ ચીંધનારા બને, પોતાના કુટુંબને ભારરૂપ ન બને, પોતાના કુટુંબને મદદરૂપ થાય એટલા માટે બેરોજગારીનો પ્રશ્ન ગંભીર ગણી રાજય સરકાર દ્વારા આ પ્રશ્નમાં સકારાત્મક પગલાં લેવાય તે માટે આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભારતીબેન જે સંકલ્પ લઈને આવ્યા છે તેમાં હું અનુમોદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં બેરોજગારોની સંખ્યા જે રોજગાર વિનિયમ કચેરીમાં નોંધાયેલ છે તેને ઘટાડવા માટે રાજય સરકાર પ્રમાણિક પ્રયત્નો કરે તે અતિજરૂરી છે. જે મા-બાપ પોતાના દીકરા અને દીકરીઓને ભણાવે અને ભણાવવા પાછળ ખર્ચ કરે, પેટે પાટા બાંધીને પણ તેમને સંપૂર્ણપણે સ્નાતક કક્ષાનું શિક્ષણ આપવું અને સ્નાતક થયા પછી તેમને ક્યાંક રોજગારી ન મળે ત્યારે તે બેરોજગારોના કુટુંબની કેવી સ્થિતિ હોય, તે મા-બાપની કેવી સ્થિતિ હોય તે આપણે સૌ સમજી શકીએ તેવી બાબત છે. એવા સંજોગોમાં રાજય સરકારના તમામ વિભાગો, અર્ધ સરકારી કચેરીઓ પણ એ વિભાગો ચલાવે છે એમાં મોટાભાગની જગ્યાઓ ખાલી છે અને એ ખાલી જગ્યાઓ ભરવા માટેનો પ્રતિબંધ છે પણ આ પ્રતિબંધ ઉઠાવીને પણ લાયકાતવાળા જે બેરોજગારો છે એ બેરોજગારોની સમયસર ભરતી કરવામાં આવે એ જરૂરી છે, જો એમની સમયસર ભરતી કરવામાં નહીં આવે તો એ બેરોજગારો પોતાની વયમર્યાદાના કારણે એ નોકરી માટે પણ અરજી ન કરી શકે એવી પરિસ્થિતિ સર્જાય છે, તો આવી પરિસ્થિતિનું નિર્માણ ન થાય એટલા માટે બેરોજગારોને છૂટછાટ આપીને પણ આ ખાલી જગ્યાઓ ભરવી જોઈએ. રાજય સરકાર પ્રયત્ન કરે છે પણ પંદરસો રૂપિયાના ફીકસ પગારથી પટાવાળાની અને પચીસો રૂપિયાના ફીકસ પગારથી કારકુનની ભરતી કરવામાં આવે તો આ જે પંદરસો રૂપિયાના ફીકસ પગારથી જે ભરતી કરીએ છીએ, તો જ્યારે શ્રમ વિભાગનો આપણો જે કાયદો છે કે કોઈપણ વ્યકિતને લઘુત્તમ વેતન મળવું જોઈએ અને આ લઘુતમ વેતન જે રૂપિયા ૬૦ આપીએ છીએ એ ૬૦ રૂપિયા લેખે ત્રીસ દિવસના રૂપિયા ૧૮૦૦ થાય તો આ જે પંદરસો રૂપિયાના ફીકસ પગારથી પટાવાળાની જગ્યા ભરવાની વાત છે, રાજય સરકારના કાયદા મુજબ આપણે ભરતી કરીએ છીએ, તો એ બેરોજગારોને લઘુતમ વેતન આપણે પૂરું આપી શકતા નથી. આ એક ગંભીર બાબત છે, રાજય સરકારની આવી બેધારી નીતિ ન હોઈ શકે, એક બાજું આપણે લઘુતમ વેતન મળે એ માટેના પ્રયત્નો કરીએ છીએ અને બીજી બાજુ રાજય સરકાર જો લઘુતમ વેતન પ્રમાણે પૂરો પગાર એમને આપતી નથી તો એ વાજબી નથી. તો એને લઘુતમ વેતન મળી રહે એવા પ્રકારની વ્યવસ્થા રાજય સરકાર કરે એ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં ઉદ્યોગ ગૃહો વિશે ઘણી બધી ચર્ચાઓ થાય છે, તારાંકિત પ્રશ્નો દ્વારા ઘણા માનનીય મિત્રોએ આ સભાગૃહમાં પ્રશ્નો પૂછ્યા છે, જે ઉદ્યોગગૃહો છે એ ઉદ્યોગગૃહોની અંદર સ્થાનિક કક્ષાએ જે બેરોજગારો છે, જે સ્થાનિક લોકો છે એમને રોજગારી આપવાનો જે આપણો નિયમ છે અને મોટાભાગના તારાંકિત પ્રશ્નોમાં સરકારે જવાબ આપ્યો છે કે જે ઉદ્યોગગૃહો સરકારનો લાભ લેતા નથી એવા ઉદ્યોગગૃહોને આપણે ફરજ પાડી શકતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારી માહિતી મુજબ જે ઉદ્યોગગૃહો લાભ લેતા નથી એવા ઉદ્યોગોને વિભાગ તરફથી પણ એક યા બીજી રીતે, આડકતરી રીતે પણ રાજય સરકાર તરફથી લાભ આપવામાં આવે છે અને રાજય સરકારે આપ્યો છે, એવી મારી પાસે માહિતી છે અને એવી વિગતો પણ છે, એવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપીએ છીએ, અને એમને જ્યારે બીજી રાહતો આપીએ છીએ ત્યારે આવા લાભ-રાહતો રાજય સરકાર પાસેથી એ લે છે ત્યારે આ ઉદ્યોગગૃહો જે લાભ ન લેતા હોય ત્યારે આપણે કંઈ ન કરી શકીએ એ બાબતમાં આ રાજય સરકારે અને ઉદ્યોગ વિભાગે એમાં સુધારો કરવો જોઈએ. એવા ઉદ્યોગગૃહોમાં પણ સ્થાનિક લોકોની પ્રસ્થાપિત પ્રણાલિકા છે એ પ્રમાણે સ્થાનિક લોકોને/બેરોજગારોને રોજગારી મળે, તો તેના માટે, આવા ઉદ્યોગગૃહો સ્થાનિક લોકોમાંથી ભરતી કરે તેવી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગગૃહોને આપણે એ સિવાય બીજી ઘણી બધી રાહતો આપીએ છીએ, પાણી હોય, પાણીનો વેરો બાકી હોય ઉદ્યોગ ગૃહો પાસે, સેલ્સટેકસ હોય આવી ઘણી બધી બાબતોમાં આપણે કરોડો રૂપિયાની રાહતો એવા ઉદ્યોગગૃહોને આપીએ છીએ. રાજયના અન્ય વિભાગોમાંથી કરોડો રૂપિયાની આવક અથવા બીજી રીતે જે એ નાણાં મેળવતા હોય છે, ક્યાંકને ક્યાંક ગેરરીતિઓમાં અથવા નિયમ વિરુદ્ધની કામગીરીમાં લાખો કરોડો રૂપિયાની આવક રાજય સરકાર મેળવી શકતી નથી તો આવી પરિસ્થિતિ હોય ત્યાં, આવા વિભાગો હોય ત્યાં વ્યવસ્થિત રીતે દેખરેખ રાખી એ વિભાગ ઉપર નીચલા સ્તરેથી નિયંત્રણ રાખી અને વધારે આવક મેળવી એ પૈસાની જે આવક થાય એ પૈસા આ બેરોજગારોને રોજગારી આપવા માટે રાજય સરકાર ખર્ચે તો મને લાગે છે કે આપણે બેરોજગારોને રાહત આપી છે એમ કહેવાશે.

માનનીય સભ્ય શ્રીમતી ભારતી બહેને કહ્યું એ પ્રમાણે કેન્દ્ર સરકારે, યુ.પી.એ. સરકારે રોજગાર ગૅરન્ટી કાયદો લાવીને અને એક સારી કામગીરી કરી છે. જો રોજગારી એને ન મળે તો એને બેકારી ભથ્થું આપવું, અગાઉ માનનીય મંત્રીશ્રી ભરતભાઈ બારોટે પણ એ બાબતનો ઉલ્લેખ કર્યો છે. પણ રાજય સરકાર આ

કાયદાનો નિષ્ઠા અને પ્રમાણિકતા-પૂર્વક અમલ કરવાનો પ્રયત્ન કરે અને એ યોજનાનો વ્યાપ અને અમલકરણ સારી રીતે રાજયમાં થાય અને એ દ્વારા બેકાર યુવાનો-યુવતીઓને રોજગારી મળે એવી આપના મારફત રાજય સરકારને હું વિનંતી કરું છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રીમતી ભારતીબેન પટેલ જે સંકલ્પ લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સંકલ્પનો આશય ખૂબ ઊંચો છે. સંકલ્પ અંગેની વાત ભારતીબેને કરી, પુંજાભાઈએ કરી. જે આપણા રાજયમાં ઉદ્યોગો સ્થપાય છે એ ઉદ્યોગો માટે વર્તમાન સરકારે પરિપત્ર કરેલ છે. અગાઉ કર્યો હશે પણ અત્યારે કર્યો છે જે ઉદ્યોગો ગુજરાતમાં સ્થપાય ત્યાં ૮૫ ટકા ગુજરાતના લોકોને રોજગારી આપવી. આજે આખી પરિસ્થિતિ ઉલટી છે ૮૫ ટકા બહારના છે અને ૧૫ ટકા ગુજરાતના છે. કયા કારણસર આ ઉદ્યોગવાળાથી સરકાર દબાઈ જાય છે એ તો સરકાર જાણે. કારણ કે, ઉદ્યોગવાળાઓ સરકારનો પરિપત્ર હોવા છતાં માનતા નથી અને પોતાની મનમાની કરીને ગમે તેને રાજયની બહારના લોકોને નોકરીએ રાખી લે છે. તેમ છતાં સરકાર કશું કરી શકતી નથી. કયા કારણસર સરકાર દબાઈ છે એ તો સરકાર જ ખુલાસો કરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત પ્રશ્નના જવાબમાં પણ કહે છે કે, ઉદ્યોગકારો આ પરિપત્રનો અમલ નથી કરતા. અમલ ન કરતા હોય તો મારે સરકારશ્રીને કહેવું છે કે, જે ઉદ્યોગો માટે પરિપત્ર કર્યો છે અને છતાં અમલ નથી કરતા એનું શું? આની તપાસ કરીને ગુજરાતના સ્થાનિક લોકોને રોજગારી અપાવે અગર સરકાર દબાયેલ નથી તો બહારના માણસોને છૂટા કરીને સ્થાનિક માણસોને રખાવે અને જો એ ન રાખે તો એ ઉદ્યોગને રાજયની બહાર જવા માટે કહી શકે છે? આવા જે ઉદ્યોગો છે એને ફરજ પાડે કે તમારો ઉદ્યોગ આવ્યો ત્યારે એમાં સરકારે મોટી સબસીડી આપી છે, વેચાણવેરામાં લાભ આપ્યો છે, તમને પૂરી સુવિધા આપી છે એની પાછળનો સરકારનો આશય રોજી-રોટીનો છે. ઉદ્યોગોની તમામ સમસ્યાનો ઉકેલ કરીને, તમામ પ્રકારની સબસીડી આપીએ છીએ એની પાછળ આશય એ છે કે ગરીબ સ્થાનિક લોકો છે એને રોજી-રોટી મળે, રોજગારી મળી રહે, કેમ કે રોજગારીનો પ્રશ્ન આની સાથે જ સંકળાયેલો હોય છે. ત્યારે આજના તમામ ઉદ્યોગોએ આ લાભ લીધો છે અને છતાં આ પરિપત્રનો છડેચોક ભંગ કરે છે ત્યારે મારી સરકારશ્રીને વિનંતી છે કે, તમે આ ઉદ્યોગોને ફરજ પાડો. છતાં ન માને તો ઉદ્યોગને તાળા મારો અને કહો કે, અમારા રાજયના સ્થાનિક લોકોને રોજગારી મળી રહે એ માટે અમે તમને સબસીડી અને વેચાણવેરાનો લાભ આપીએ છીએ ફકત તમને જ કમાવવા માટે નહીં. સરકાર દબાયેલ ન હોય તો ફરજ પાડી અમલ કરાવે તો સરકારને ધન્યવાદ આપીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આની સાથે સાથે આ ઉદ્યોગો આવું કરે છે તો હીરાનો ધંધો પણ ખૂબ મોટો છે. આપ એમાં પણ એવો ઝોન બહાર પાડો કે આટલો વેચાણ વેરામાં લાભ આપીશું, આટલી સબસીડી આપીશું, આટલા યુનિટ સુધી વીજળીમાં લાભ આપીશું અથવા સો ટકા ગુજરાતના બેરોજગારોને રોજી આપે એને માટે આ લાભ આપીશું. જો તમારે રોજી આપવી હોય તો આ કરો. કદાચ તમે ભૂલી ગયા છો, મારે તમને યાદ અપાવવું છે કે તમે ચૂંટણી ઢંઢેરામાં કહ્યું હતું કે દર વર્ષે અમે એક લાખ શિક્ષિત બેરોજગારોને રોજી આપીશું અને પાંચ વર્ષમાં પાંચ લાખ બેરોજગારોને રોજી આપીશું. પણ આજે આ વાત કોઈ યાદ કરતું નથી. આજે કેટલા શિક્ષિત બેરોજગારો આત્મહત્યા કરે છે, કેટલા યુવાનો અવળા રસ્તે ચડી જાય છે. ત્યારે આ બેકારી કયાં જઈને અટકશે એની ચિંતા કોઈ કરતું નથી. ચૂંટણી ગઈ અને બધું પતી ગયું. તમે સરકારની નોકરીઓની ખાલી જગ્યાઓ ભરો તો પણ કેટલાય યુવાનોનો સમાવેશ થઈ જાય. કેટલાય કુટુંબો એવા છે કે, મજૂરી કરીને દીકરા-દીકરીઓને ભણાવે છે પણ પછી એને નોકરી મળતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હેલ્થ વિભાગની જ વાત કરું તો એમાં બે બે વર્ષ સુધી ફીમેલ હેલ્થ વર્કર તરીકે ટ્રેનિંગ લે છે પછી મા-બાપ એમ કહે છે કે આમાં તો નોકરી ફિકસ છે પણ છતાં ચાર ચાર વર્ષથી ભરતી થતી નથી, નોકરીએ લેતા નથી. એજ રીતે ડ્રાઈવર, પટાવાળા અને વર્ગ-૪ની અન્ય નોકરીઓ માટેના ઉમેદવારો તાલીમબધ્ધ થયેલા બેકાર ફરે છે. જગ્યા ખાલી છે હવે કયું મહુરત વિચારે છે ? કોઈ મહારાજને મહુરત પૂછવું હોય તો એ પૂછીને પણ જાહેરાત આપીને આ બધી જગ્યાઓ ભરી દેવામાં આવે એવી મારી સરકારને વિનંતી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રીમતી ભારતીબેન પટેલ જે સંકલ્પ લઈને આવ્યા છે એ સંકલ્પ એક વર્ષ પહેલાં આ વિધાનસભાનમાં હું પણ લાવ્યો હતો. વાસ્તવિક આંકડા ગુજરાત સરકારના ૩-૩-૨૦૦૬ના હું રજૂ કરું છું. હમણાં નવા નોંધાયેલા બેરોજગારો ૯,૦૦,૫૨૫ છે એમાં નોકરી આપવા માટેની જગ્યાઓ આ સરકારે શોધી એ માત્ર ૨૧૩૫૫ અને નોકરી આપવા માટેની ભલામણ કેટલા લોકોની કરી તો ૫૮૬૦૦ અને આ વર્ષે નોકરી કેટલા જણાને મળી ૧૭૦૨૮. એટલે આટલા જણાને નોકરી મળતી હોય અને આ ગુજરાતની પરિસ્થિતિમાં નવ લાખ જેટલા બેરોજગાર લોકો નોંધાયેલા હોય અને ૧૭ હજાર જણાને જ નોકરી મળે, આપણે નોકરી આપવા માટેની જગ્યાઓ માત્ર ૨૧૩૫૫ શોધતા હોઈ તો

આવનારા સમયમાં શું પરિસ્થિતિ થશે એ તો આ સરકાર જ જાણે. એ જ રીતે અમદાવાદમાં જે નોંધાયેલા વિકલાંગ બેરોજગારોની સ્થિતિ જોઈએ તો નોંધાયેલા કુલ બેરોજગારો ૩૬૭૨ એમાં નોકરી આપવા માટેની જગ્યાઓ શોધી ૫૩૫ અને નોકરી આપવા માટેની ભલામણ કરાઈ ૨૧૬ નોકરી મળી ૧૭૨ જણાને. તારીખ: ૨૦-૩-૦૬ ની સ્થિતિએ ગ્રૅજ્યુએટ કે તેથી વધુ ભણેલા બેકારોની જે સ્થિતિ જોઈએ તો ૮૧૬૭ ગુજરાત યુનિવર્સિટીમાં નોંધાયેલા છે, ૪૫૨૪ જણાની ભલામણ કરી છે અને ૧૬૯ જણાને નોકરી મળી છે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની અંદર ૯૮ જણાને નોકરી મળી છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાની અંદર ૧૫૨ જણાને નોકરી મળી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટની અંદર ૭૩ જણાને નોકરી મળી છે. ભાવનગર યુનિવર્સિટી, ભાવનગરની અંદર ૪૮ જણાને નોકરી મળી છે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ અમારે ત્યાં એમાં માત્ર ૨૨ જણાને નોકરી મળી છે અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર એમાં ૨૨૦ જણાને નોકરી મળી છે. મારે માત્ર એટલું જ કહેવું છે આ એક્ઝૅક્ટ આંકડા છે. શિક્ષિત બેરોજગારો જે નોંધાયેલા છે એમાં એસ.એસ.સી. અને પૂર્વ સ્નાતક ૨૧ જણાને નોકરી મળી. વિનયન, વિજ્ઞાન, વાણિજ્યમાં ૯૧ જણાને અને ટૅક્નીકલ અને વ્યવસાયિક વિષયમાં ૫ જણા, આમ આ બધાનો સરવાળો કરીએ તો ૧૩૦ થાય છે. આજની સ્થિતિમાં હું જે રીતે યુવાન છું જે પરિસ્થિતિ મેં જોઈ છે આ એક વાસ્તવિકતા એક ઉદ્યોગપતિના નાતે હું જોઉં છું કે આપણા વિદ્યાર્થીઓ માટે જે રીતે એજ્યુકેશન દિનપ્રતિદિન વધી રહ્યું છે અને એની બેકારીનું પ્રમાણ દિનપ્રતિદિન વધશે, ૨૦૦૭ની અંદર રિપૉર્ટ છે એ પ્રમાણે ગુજરાતના ૧૫ લાખથી વધુ લોકોનો આમાં વધારો થવાનો છે. આ સન્માનનીય ગૃહના બધા લોકોને આની ચિંતા થાય. આપ જોતા હશો કે તમે બે જણાને નોકરી અપાવી શકશો તો એ ખુશ થઈ જશે તમારા ઉપર અને એમ કહેશે કે આખી જિંદગીનું મારું મોટામાં મોટું કામ કર્યુ છે. એવી સ્થિતિ લાગે ત્યારે આ સરકારે એના માટે ચિંતન કરવું જોઈએ, નવી નવી રોજગારીની તકો.. ખાસ કરીને હમણાં ગોવાભાઈ જે કહેતા હતા, મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે આજનો જે જમાનો છે એ ટૅક્નીકલ માણસો કેમ ઉદ્યોપતિઓને બહારથી લાવવાની જરૂરિયાત ઊભી થાય છે તો ખરેખર વાસ્તવિકતા એ છે કે આપણા જે લોકો ટૅક્નીકલ લેવલે તૈયાર થાય અને વાસ્તવિક લેવલે તૈયાર થાય તો ગુજરાતના લોકોને અને એ વિસ્તારના લોકોને હંમેશા એ લોકો પસંદ કરતા હોય છે. ખાસ કરીને વધારે વાત નહિ કરતા મારે એટલું જ કહેવું છે કે આ સરકારના આંકડા જે છે જે શિક્ષિત બેરોજગારો ત્રણ દિવસે એક જણ આત્મહત્યા કરતું હોય છે આ વાસ્તવિકતા છે. જ્યારે ગુજરાતની એવી પરિસ્થિતિ થઈ છે ત્યારે મારે આ સરકારને વિનંતી કરવી છે કે, ૨૦૦૬-૦૭ની અંદર ખરેખર એને ઉત્તેજના આપવી જોઈએ એની જગ્યાએ સરકારે કઈ કઈ યોજનાઓ બંધ કરી તો કામદારો અને બેરોજગારો માટે અપાતી અગ્રિમ વ્યવસાયિક તાલીમ પદ્ધતિની યોજના બંધ કરી, ગુજરાત ડાયમંડ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા અપાતી તાલીમ આજે બંધ કરી દીધી છે. રોજગાર સેવાઓના વિસ્તાર માટેનો જે ખર્ચ હતો એ આજે બંધ કર્યો છે. યુવા રોજગાર ખર્ચ આજે બંધ કર્યો છે, સંરક્ષણ સેવાઓમાં ભરતી પૂર્વે તાલીમ યોજનાનો ખર્ચ બંધ કર્યો છે અને ખાસ કરીને દુ:ખદ વાત એ છે કે આ સરકારે ચિંતા કરી હતી ગ્રામ મિત્ર યોજનાની અને આપણી સરકારે ૨૦૦૪-૦૫માં ૪૦ કરોડ રૂપિયા ફાળવેલ હતા એમાંથી ૬ લાખ રૂપિયા ખર્ચાયા આ યોજના પાછળ આપણે એમાં પણ પૈસા ખર્ચી શકતા નથી.

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય ગૃહના સભ્ય માનનીય ભારતીબેન પટેલ જે સંકલ્પ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું. આ સંકલ્પ વાંચીને એમ લાગતું હતું કે કદાચ આ ગુજરાતની અંદર યુવાનોની રોજગારીની આપણે ભેગા થઈને ચિંતા કરતાં હોઈશું અને આ સન્માનીય સભાગૃહમાં ચિંતા થાય તે યોગ્ય છે. પણ જે રીતે વાતની શરૂઆત થઈ, જે રીતે રાજયની સરકાર અને કેન્દ્રની સરકારની સરખામણી કરવામાં આવી તેના કારણે કદાચ રાજકીય અવલોકનો કરવાનું મન થતું હોય તો કરવા પડે એવી સ્થિતિ ઉભી થઈ છે. આ રાજયમાં અને રાષ્ટ્રમાં સૌથી પહેલાં મજદૂરો માટે વાત કરવાની ચિંતા કરવાવાળા ક્યાંક Communist Party (Marx) લાલ વાવટા લઈને નીકળવાવાળા લોકો હતા. બીજા નંબરે આવ્યુ તો INTUC ના લોકો આવ્યા. અહીંયા મજૂર મહાજન હતુ કે જે લોકો શ્રમજીવીઓની, કામદારોની ચિંતા કરે છે એવુ માનવામાં આવતું અને અમે જે વિચારધારામાંથી આવીએ છીએ તે ભારતીય મજદૂર સંઘ પૂજ્ય દત્તોબન ઠેંગણીજીએ જે વિચારધારા આપી એ વિચારધારા લઈને શ્રમજીવીઓનું કામ કરવા નીકળ્યા. આ ત્રણની સરખામણી કરવી છે. ૨૦૦૪ના આંકડાઓ હું માનનીય સભ્યશ્રીઓ કોંગ્રેસના સભ્યશ્રીઓએ વિચારો વ્યક્ત કર્યા તેમના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે એક તરફ ૨૦૦૪ની અંદર એ લાલ વાવટો આજે રાજયમાં છે, શાસનમાં છે એવા પશ્ચિમ બંગાળની અંદર કુલ ૭૯ લાખ ૯૬ હજાર એટલે લગભગ ૭૦ લાખ જેટલાં લોકો તે રોજગાર કચેરીમાં નોંધાયેલા છે, બેરોજગાર તરીકે અને તેમાંથી રોજગારી આપવામાં આવી તો ફક્ત ૧૫૦૦ લોકોને. જ્યારે કોંગ્રેસ અને તેમના શાસનની વાત થાય છે, જ્યારે ઉદ્યોગની વાત થાય છે ત્યારે એમ કહે છે કે અમારું મહારાષ્ટ્ર આગળ છે. આ મહારાષ્ટ્રની અંદર નોંધાયેલા બેરોજગારો ૨૦૦૪ની સાલમાં ૪૩ લાખ ૯૧ હજાર હતા તેમાંથી રોજગારી આપવામાં આવી તો ૧૨ હજાર ૮૦૦ લોકોને. ઘણી વખત વિપક્ષી નેતા અહીંયા વાત કરતા હોય છે આંધ્રપ્રદેશની. આંધ્રપ્રદેશમાં જે

બેકારો નોંધાયેલા હતા તે ૨૫ લાખ ૩૧ હજાર અને રોજગારી આપવામાં આવી તો ૨૪૦૦ લોકોને. હવે ગુજરાતના આંકડાની વાત કરું છું. સમગ્ર દેશમાં ૨૦૦૪માં સમગ્ર રાષ્ટ્રમાં, સમગ્ર ભારતમાં રોજગારી આપવામાં આવી ૧ લાખ ૩૭ હજાર લોકોને અને તેમાંથી ગુજરાતની અંદર રોજગારી આપવામાં આવી ૭૩,૮૪૧. પચાસ ટકા પંચાવન ટકા કરતાં વધારે સમગ્ર દેશના સંદર્ભમાં અને બેરોજગાર નોંધાયેલા કેટલાં ? તો આપ જ આંકડો બોલ્યા છો ૯ લાખ ૨૧ હજાર. એક તરફ ૯ લાખ ૨૧ હજાર બેરોજગારો આ રાજયમાં, એક તરફ પશ્ચિમ બંગાળમાં ૭૦ લાખ, મહારાષ્ટ્રમાં ૪૪ લાખ અને તેની સામે રોજગારી તો ૧૦ હજાર, ૧૨ હજાર. સમગ્ર દેશની રોજગારીમાં અડધા કરતાં વધારે ઉભું રહેતું ગુજરાત રાજય. હું બલવંતસિંહ અને ભારતીબેનના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે International Labour Organisation ની ટીમ આવી ગુજરાતની અંદર અને ટીમ આવી તેમણે જે નિરીક્ષણો કર્યા છે તે નિરીક્ષણો આ દેશની કે આ દેશના કોઈ રાજયની ટીમ નથી કે કોઈ પક્ષની ટીમ નથી. international level ની ટીમે જે નિરીક્ષણો કર્યા છે તે હું જરા તેમના ધ્યાન ઉપર મૂકીશ. તેમણે પહેલું એવુ કહ્યું છે કે જાહેર રોજગાર સેવાઓની સુધારણા અંગેની પહેલી કરવામાં કદાચ ગુજરાત પ્રથમ રાજય છે. તેમણે બીજું એવું કહ્યું છે કે, રાજયની તમામ રોજગાર કચેરીઓનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં ગુજરાત આ દેશમાં પહેલું છે અને સમગ્ર વિશ્વમાં તેની નામના છે. તેમણે આગળ International Llabour Organisation આગળ કહ્યું છે કે ગુજરાતની રોજગાર સેવાની સફળતા તરફ દોરી જનારા કયા પરિબળો છે. તે પરિબળોને શોધી કાઢવા અત્યંત જરૂરી છે. કેમ કે અન્ય રાજયો પણ આ ગુજરાત મોડેલને અનુસરવા માટે યોગ્ય વિચારણા કરી શકે. આપણું ગુજરાત રાજય એ મોડેલ છે એમ્પ્લોયમેન્ટની બાબતમાં. રોજગારી આપવાની બાબતમાં ગુજરાત એ મોડેલ સ્ટેટ છે અને ફરીથી આપસૌને કદાચ ગમે કે ના ગમે, પરંતુ રોજગારીના ક્ષેત્રે સતત ૩ વર્ષ સુધી હેટ્રીક. એક વખત કદાચ કોઈ ગુજરાત નંબર વન, પ્રથમ કક્ષાનું રાજય છે એમ કહે તો તમને થોડીઘણી તકલીફ પડશે, પણ રોજગારીમાં તો આ રાજયના મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં સતત ૩ વર્ષ હેટ્રીક છે. સન ૨૦૦૨માં ૧,૫૩,૦૦૦ સમગ્ર દેશમાં અને તેની સામે ગુજરાતમાં ૭૦ હજાર કરતાં વધારે રોજગારી આપવામાં આવી. ૨૦૦૩ માં ૧,૫૪,૦૦૦ સમગ્ર દેશમાં રોજગારી આપવામાં આવી, તેની સામે આપણે ૬૫ હજાર કરતાં વધારે રોજગારી આપી. માનનીય અધ્યક્ષશ્રી, આટલું એમ્પ્લોયમેન્ટ એવું સ્ટેટ જ આપી શકે કે જે રાજયના મુખ્યમંત્રી પાસે વિઝન હોય.

**અધ્યક્ષશ્રી** : માનનીય વેચાતભાઈ.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનનીય સભ્ય શ્રીમતી ભારતીબેન જે સંકલ્પ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં ઘણીબધી વાત થઈ ગઈ છે, એટલે લાંબી વાત નથી કરતો. મારે જે કહેવું હતું, એ માનનીય સુનિલભાઈએ કહી દીધું છે. એટલે આંકડામાં પણ પડતો નથી. પરંતુ બેકારીની વાત છે અને બેકારીની વાત એ સૌની ચિંતાની વાત છે. રાજયની અંદર બેકારોની સંખ્યા વધારે હોય એ રાજયની ચિંતા છે, કારણ કે ભુખનું દુ:ખ દારુણ છે. એને મીટાવવું જ પડે. પણ, જે રીતે વાત થાય છે. સરકારી નોકરીઓ આપીને જ બેકારી દૂર કરવાની, એ ન ભૂતો ન ભવિષ્યતિ: કોઈપણ સંજોગોમાં, કોઈપણ કાળે, કોઈપણ રાજયસત્તા સરકારી નોકરીઓ આપીને રાજયના યુવાનોની બેકારી દૂર કરી શકવાની નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના જે સંસાધનો છે, એ સીમીત હોય છે. રાજયની નોકરીની જગ્યાઓ પણ સીમીત હોય છે. એના પ્રમાણમાં વસતિને ધ્યાનમાં લઈએ ત્યારે એનો મેળ કોઈ રીતે બેસે તેમ નથી. આપણે વિચાર કરીએ. થોડો ઈતિહાસને યાદ કરીએ. લાંબી વાત કરતો નથી. મધ્ય યુગની, સામંતશાહી, રાજાશાહીની વાત યાદ કરીએ. એ રાજાઓ પણ એક કલ્યાણ-રાજય તરીકે તમામ યુવાનો, જે ભણેલા ગણેલા યુવાનોને બેકારોની વ્યાખ્યામાં ગણીને રાજય તરફથી નોકરી આપવી અને નોકરી ન આપી શકાય એવા બેકાર લોકોને દ ારે બેઠા વેતન આપવું. દિલ્હી સરકારની વાત કરે છે. એ પ્રમાણે, યુ.પી.એ. પેટર્ન પ્રમાણે મધ્ય યુગમાં નકકી થયું હતું. એ મધ્ય-યુગના રાજયકાળમાં નોકરશાહોની સંખ્યા વધતી ગઈ અને એના ભારથી રાજયસત્તાઓ ખતમ થઈ ગઈ. રાજય પાસે વહીવટ કરવાના કોઈ સંસાધનો બચ્યા નહીં.

આપણે બેકારી દૂર કરવી છે. રોજગારી આપવી છે, રોટલો આપવો છે, પણ એના માટે વિવેકબુદ્ધિનો વિચાર કરીને યોગ્ય નિકાલ શોધવો પડશે. બેકારીના મૂળમાં જે બાબત છે, દરેક હાથને કામ આપવું પડશે અને એના માટે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ જે આયોજન કર્યુ છે. જે વિચાર વહેતો મૂકયો છે કે દરેક ગામને ઉત્પાદન કેન્દ્ર બનાવવું. ગામમાં પેદા થયેલ ખેતીની પેદાશો, પશુપાલનની પેદાશો એ ગામની અંદર જ એનું ઉત્પાદન થાય અને ઉપભોકતા પણ સ્થાનિક જગ્યાએ મળી રહે, જેને લીધે ત્યાંને ત્યાં જ કામ મળી રહે. એ રીતે બેકારી દૂર થઈ શકશે. બાકી બેકારીનો મતલબ આપણે જે....

**અધ્યક્ષશ્રી** : માનનીય શંકરભાઈ.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રીમતી ભારતીબેન પટેલ જે સંકલ્પ લઈને આવ્યાં છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી,

તેમના સંકલ્પના હાર્દ સાથે હું સંમત છું, પરંતુ આ બેરોજગારીનો પ્રશ્ન એ એક ખૂબ જ જટીલ પ્રશ્ન છે કારણ કે સૌ કોઈ સરકારોએ રાજયનું કલ્યાણ થાય, ગુજરાતનું કલ્યાણ થાય, ગુજરાત આગળ વધે, સુખી અને સમૃધ્ધ થાય એના માટેના પ્રયત્નો કર્યા છે. તો આ બધું ઉદ્‌ભવવાનું કારણ શું? તો એક જ કે આપણાં બાળકો ભણે, ગણે અને હોંશિયાર થાય, એ રોજગારી મેળવે અને એટલા માટે ગામડાંમાં શાળાઓ, માધ્યમિક શાળાઓ, ફરજીયાત શિક્ષણ, કન્યા કેળવણી મફત આ રીતે શિક્ષણની ભૂખ વધી અને આપણે અનેક યોજનાઓ કરતા જ રહયા જેવી કે વ્યવસાયલક્ષી શિક્ષણ, ટેકનીકલ શિક્ષણ, એન્જિનિયરિંગ શિક્ષણ, કૃષિલક્ષી શિક્ષણ અને આ રીતે શિક્ષણની ભૂખ વધવાને કારણે ગરીબ કે આદિવાસી કે કચડાયેલા અને દબાયેલો વર્ગ હોય અને એના માતાપિતાને નકકી કર્યુ કે મારે મારા બાળકને ભણાવવો છે, એ ભણાવવાનું કારણ એક જ હતું કે બુધ્ધિશાળી માણસ હોય એ પોતાની બુધ્ધિને વાપરીને કમાઈ શકે એ એની પાછળનો આશય છે ત્યારે આ બધા બેરોજગારોને થાળે પાડવાના હોય તો ગામડાં તરફ પણ આપણે દ્રષ્ટિ રાખવી પડશે, ગામડાંમાં ગૃહ ઉદ્યોગો ખીલવવા પડશે, લઘુ ઉદ્યોગોને ગુજરાતમાં ખીલવવા પડશે અથવા તો ટેકનીકલ હોય તો એમને એ રીતે કામ આપવું પડશે. મને લાગે છે કે એમને આપણે આ રીતે સહાય કરીશું તો આ રીતે કામ આપી શકીશું અને આ સહાય કરવા માટે આપણે ગ્રાન્ટ ફાળવીને એમને રોજગારી આપી શકીશું. ત્યારે આપણે કેટલા માણસોને કામ આપી શકીશું એ પણ પ્રશ્ન છે. તો સરકારી સંસ્થા, અર્ધ સરકારી સંસ્થા હોય કે તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયત હોય, ઉદ્યોગગૃહો હોય અને આ બેરોજગારી તો દિવસે દિવસે વધવાની જ છે કારણ કે જેમ વધારે વધે તેમ બન્ને શિક્ષણ અને રોજગારી વધે છે ત્યારે મારે એક જ વિનંતી છે કે આ બેકારોને રોજગારી આપીને જયાં ત્યાં થાળે પાડવા માટે કયાં કયાં લઘુ ઉદ્યોગો અથવા ગ્રામ ઉદ્યોગો જે કોઈ વ્યવસાયલક્ષી ઉદ્યોગો હોય અથવા વેપારલક્ષી હોય અથવા રેંકડી જેવા નાના નાના ઉદ્યોગનું કામ આપીને તેમને શિક્ષણ પ્રમાણે જો આપણે કામ આપીને એમની પાસેથી કામ લઈશું તો વહેલી તકે કામ આપી શકાશે. અને જે વેતનની વાત છે એમાં થોડું ઘણું વેતન જેમ શિક્ષણમાં વ્યવસાયલક્ષી ગણો એમાં વ્યવસાય કરીએ છીએ કે જેથી કરીને જે બેરોજગારો છે એને કયાંને કયાંક કામ આપીને થાળે પાડવા અને જે શિક્ષણ લીધું છે એ ગ્રેજયુએટ હોય કે આગળ વધ્યા હોય તો નાનું મોટું જે કામ મળે એ સ્વીકારવું પડશે અને જયારે ચીનમાં સામ્યવાદી દેશોમાં ચાલે છે એ રીતે ફરજ પાડી પાડીને જો આવું કરીને રોજગારી આપવા માટે આવું કોઈ તંત્ર ગોઠવીએ જેથી એમને લાભ આપી શકાય અને આ સંકલ્પ જે લાવ્યા છે એના હાર્દ સાથે સંમત થાઉં છું.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના માનનીય સભ્ય શ્રીમતી ભારતીબેન જે સંકલ્પ લઈને આવ્યાં છે એની ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં બેરોજગારીનું પ્રમાણ વધી રહયું છે એ વાત સાચી છે અને રાજયની ચિંતાનો વિષય છે, પરંતુ રાજય સરકારે બેરોજગાર યુવાન અને યુવતીઓને રોજગારી પૂરી પાડવા માટેનાં અન્ય પગલાં પણ લીધાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના રિપોર્ટ મુજબ રોજગાર કચેરી દ્વારા પૂરી પાડવામાં આવતી માહિતી મુજબ રોજગારી આપવામાં ગુજરાત સતત છેલ્લા ત્રણ વર્ષથી પ્રથમ નંબરે છે તેના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગ્રામ્ય વિસ્તારમાં રહેતા શ્રમિકો અને રાજય સરકારે અનેક યોજનાઓ કરી છે એ થોજનાઓ થકી ગ્રામ્ય શ્રમિકોને સારો એવો લાભ મળી રહયો છે. રાજયના વન વિભાગ તરફથી ગાંડા બાવળ કાપવાની પરવાનગી મળવાને કારણે કચ્છ જિલ્લામાં અને અન્ય તાલુકાઓમાં પણ રોજગારીનું પ્રમાણ વધ્યું છે. રાજય સરકાર તરફથી રોજગાર અને તાલીમ ખાતા દ્વારા વ્યવાસાય લક્ષી તાલીમ શરૂ કરવામાં આવેલ છે. એમાં તાલીમ લઈને યુવક યુવતિઓને રોજગારીની સારી તકો મળી રહી છે. રાજય સરકાર બેરોજગારો માટે અને લઘુ ઉદ્યોગો માટે લોનની યોજના લઈને આવેલી છે. એમાંથી ઘણા રોજગાર ધંધા શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં શરુ થયેલા છે. રાજયના ઉદ્યોગ વિભાગ તરફથી બેંકેબલ યોજના જેવી બાજપાઈ બેંકેબલ યોજના અને અન્ય ધંધા માટે એક થી બે લાખ રૂપિયા સુધીની લોન તથા સબસીડીની યોજના કરેલી છે અને તેનો લાભ નાના કારીગરોને મળી રહ્યો છે. અને તેના કારણે બેરોજગારીનું પ્રમાણ ઘટયું છે. મારા મત વિસ્તારમાં મુન્દ્રામાં ઘણાં કારખાનામાં સ્થાનિક બેરોજગારોને રોજગારી મળી રહી છે. મારા મત વિસ્તાર મુન્દ્રામાં સ્પેશ્યલ ઈકોનોમી ઝોન માટે ૧૯-૯-૦૩ના રોજ સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવેલો અને તેની ૧૨-૦૨-૨૦૦૪ ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી મળી ગઈ છે તેના માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી અને ઉદ્યોગ મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ ઈકોનોમી જોન આવવાથી દસ હજાર હેકટર જમીનમાં એસ.ઈ ઝોન શરૂ કરવાનો નિર્ણય થયેલ છે અને તે પૈકી પ્રથમ તબક્કામાં ૨૭૫૭ હેકટર જમીનમાં શરૂ કરવામાં આવેલ છે. આ ઈકોનોમી ઝોન કાર્યરત થશે અને તેનો વિકાસ થશે ત્યારે ખૂબ મોટા પ્રમાણમાં રોજગારીની તકો પ્રાપ્ત થશે. અત્યારસુધીમાં ૬૦ કરોડ રૂપિયાનું રોકાણ થયેલ છે. આ એસ.ઈ. ઝોનમાં ૧૩૪૯ એકમો સ્થપાશે અને તેમાં એક લાખ રોજગારી ઉત્પન્ન થશે. અને બે લાખ જેટલા વર્કશોપ ઉભા થશે. મારા મત વિસતારમાં ૪ હજાર મેગાવોટનું પાવર સ્ટેશન આવવાનું છે તેનાથી રોજગારીની તકો ઉભી થવાની છે. મારા

મત વિસ્તારમાં નાના નાના કારીગરો સીડી બનાવનારા, ચપ્પુ બનાવનારા, અને વણાટકામનો ધંધો કરનારા, ભરતકામ કરનારા આવા નાના ધંધા કરનારા લોકોને આ રાજય તરફથી જયોતિગ્રામ યોજના આપવાથી ૨૪ કલાક વીજળી મળવાથી રોજગારી મેળવતા ધંધાર્થીઓને સારો એવો લાભ થયો છે. અને રોજગારીનું પ્રમાણ વધ્યું છે અને બેરોજગારોનું પ્રમાણ ઘટયું છે. આ સરકારે ઔદ્યોગિક વિસ્તારમાં ભરતી મેળાઓ, લશ્કરી ભરતી મેળાઓ વગેરે આયોજન કરીને રોજગાર શીબીરો ગોઠવીને રાજયમાં બેરોજગારીમાં ઘટાડો કરી શકયા છીએ. આમ રાજય સરકારે અનેક પ્રયાસો કરીને રાજયમાં બેરોજગારીનું પ્રમાણ ઘટાડયું છે. રાજયના યુવાનોને મળતી રોજગારીના પ્રમાણમાં ખાસ્સો એવો વધારો થયો હોય હું માનનીય મુખ્ય મંત્રીશ્રી અને શ્રમ અને રોજગાર મંત્રીશ્રીને અભિનંદન આપું છું. મારે બે સૂચનો કરવા છે ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી આપવાનો રાજય સરકારનો પરિપત્ર છે તેનો સખ્તાઈથી અમલ થવો જોઈએ. તેમજ જિલ્લાના સ્થાનિક અરજદારોને અગ્રતા આપવી જોઈએ. સ્થાનિક શબ્દનું  અર્થઘટન એટલે સમગ્ર ગુજરાત રાજય, એવો કરીને સ્થાનિક લોકોને રોજગારી મળતી નથી, તેથી આ બાબતમાં ખરેખર સ્થાનિક જિલ્લાના અરજદારોને અગ્રતા આપવી જોઈએ. અને એમને તક આપ્યા પછી જ બીજા જિલ્લાના અરજદારોને તક આપવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : બસ પૂરું થયું, માનનીય મંત્રીશ્રી, (અંતરાય) આ સંકલ્પની ચર્ચા ૮ વાગ્યે પૂરી કરવાની છે.અને ૫૦ મિનિટનો જ સમય આ સંકલ્પ માટેનો છે. ફકત પાંચ મિનિટ બાકી છે. હવે સમય નથી. માનનીય મંત્રીશ્રી પ્રવચન શરૂ કરો. પાંચ મિનિટમાં પૂરું કરજો.

**શ્રી મુળુભાઈ હ. બેરા (રાજય કક્ષાના શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, બેરોજગારોની સમસ્યા આપણા બધાનો એક ચિંતાનો વિષય છે. એટલે માનનીય સભ્યશ્રી ભારતીબહેન બે દિવસ પહેલા મારા વિભાગની માગણી લઈને આવ્યો હતો ત્યારે અહીંયા બેઠા નહિ હોય નહિતર આ સંકલ્પ લઈને અહીંયા આવવાની જરૂરત ન પડેત અને બધાને અહીંયા જવાબ સાંભળવા માટે મોડે સુધી બેસવું ન પડત. તે દિવસે મેં કહ્યું હતું  કે સમગ્ર દેશમાં  એક માત્ર આપણું રાજય એવું છે કે જયાં બેરોજગારોની નોંધાયેલી સંખ્યા પણ ઓછી છે. રોજગારી પણ મોટા પ્રમાણમાં આપે છે. આપણી સરખામણી અન્ય રાજયો સાથે કરીએ ત્યારે એનો ખ્યાલ આવે.  આપણા પછી જે બીજા રાજયનો ક્રમ છે એ તામિલનાડું રાજય  છે એની વચ્ચે અને આપણી વચ્ચે પણ બહું જ મોટો તફાવત છે. અહીંયા માનનીય સભ્યશ્રી સુનીલભાઈ વાત કરતા હતાં આખા દેશનો રોજગારીનો આંકડો પ્રકાશિત થાય છે. એમાં ગુજરાતમાં જે રોજગારી અપાઈ  રહી છે એ અંગે ૪૬ ટકા છેલ્લા ત્રણ વર્ષથી રહી છે. અને આપણું નંબર એક રાજય બન્યું છે. ૨૦૦૫ના વર્ષમાં આપણું રાજય સતત ચોથા વરસે  પણ દેશના આંકડા પ્રકાશિત થશે ત્યારે  નંબર વન પર રહેશે. આ વખતે ૧,૦૨,૫૨૫ જેટલા રોજગારોને આપણે રાજયમાં રોજગારી આપી છે.  મારે આપણા બાજુના જ રાજયની વાત કરવી છે. માનનીય સભ્યશ્રી ગોવાભાઈ અહીયા હાજર નથી.  એ વાત કરતા હતાં અને બીજા મિત્રોએ પણ વાત કરી છે. મારે એના આંકડા પણ આપવા છે. મહારાષ્ટ્ર રાજય છે એમાં ૪૩ લાખ ૯૧ હજાર ૧૦૦ નોંધાયેલા બેરોજગારો છે. ૨૦૦૪ના ભારત સરકારે જે આંકડા બહાર પાડયા  છે એમાં આ રાજયે ફકત ૧૨૮૦૦ ને જ રોજગારી આપી છે. મહારાષ્ટ્ર રાજય તો ઔદ્યોગિક રીતે આગળ પડતું રાજય છે. આંધ્રપ્રદેશની વાત કરીએ તો એમાં ૨૫ લાખ ૩૧ હજાર ૮૦૦ બેરોજગારો છે એમાંથી ૨૪૦૦ને જ રોજગારી અપાઈ છે. એની સામે આપણા ગુજરાતે ૨૦૦૪ના વર્ષમાં નવ લાખ ઉપરાંત બેરોજગારો હતા એમાંથી ૬૪૯૦૦ને રોજગારી પૂરી પાડી હતી. આપણા રાજયમાં આ વખતે મેં હમણાં કહ્યું એ પ્રમાણે ડિસેમ્બર સુધીમાં ૧ લાખ ૨૫૫૫ લોકોને રોજગારી પૂરી પાડી છે. ૨૦૦૩-૦૪ના અને ૨૦૦૩ના વર્ષના આંકડા આપ્યા છે. ૨૦૦૨ના વર્ષમાં  આપણો નંબર વન રહ્યો હતો. એના આંકડા પણ મારી પાસે છે પરંતુ બધાને મોડું થાય છે એટલે એ આપતો નથી.  મેં હમણાં મહારાષ્ટ્રની વાત કરી, આંધ્રપ્રદેશની વાત કરી એમ તામિલનાડુંમાં  લગભગ ૪૫ લાખ જેટલા બેરોજગારો  છે  જેનો આપણા પછી રોજગારી આપવામાં બીજો નંબર છે એ ફકત ૧૩૨૦૦ને જ રોજગારી પૂરી પાડી છે. પશ્ચિમ બંગાળમાં ૬૯ લાખ ૯૬ હજાર બેરોજગારો છે એમાંથી ૧૦ હજારને જ રોજગારી આપી છે.  દિલ્હીની વાત કરીએ તો એ ઘણું નાનું રાજય છે  ત્યાં ૬ લાખ ૩૬ હજાર બેરોજગારો છે, જ્યારે ગુજરાતમાં ૮ લાખ ૫૦ હજાર બેરોજગારો છે એની સામે દિલ્હીમાં ૬ લાખ ૩૬ હજાર બેરોજગારો છે એમાંથી રોજગારી ફકત ૩૦૦ને જ આપી છે. દર વરસે ૩૦૦ને જ રોજગારી આપી છે.  એની સામે ગુજરાતમાં શિક્ષિત બેરોજગારની સંખ્યા ૭ લાખ ૪૨૩૦૩ અને અશિક્ષિત ૧ લાખ ૨૯૬૩ નોંધાયેલ છે. અહીંયા વાત કરવામાં આવી એમાં વધારે પડતી રોજગારીની વાત નથી કરી. પરમ દિવસે મેં આના આંકડા આપેલા જ છે.

અહીંયા  માનનીય સભ્યશ્રી પુંજાભાઈએ સરકારી નોકરીઓમાં ભરતી ઉપર પ્રતિબંધ છે એવી વાત કરી. છેલ્લા ત્રણ વર્ષના આંકડા મને મળ્યા એમાંથી ૨૦૦૩-૦૪માં ૯૬૮૬ને આપવામાં આવી છે.  જ્યારે ૨૦૦૪-૫માં ૨૩૩૧૩ને  સરકારમાં રોજગારી આપવામાં આવી છે.

(ક) ૨૦૦૫-૦૬માં ૧૦,૯૮૧. આ અમે જે ભલામણ કરી હોય અને સરકારી નોકરી મળી હોય તેની વાત છે. પણ એકલા શિક્ષણ વિભાગમાં જ ૮૨,૧૪૮ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં  આવી છે. એટલે કુલ

૧,૦૬,૪૭૪ એકલા શિક્ષણ વિભાગમાં, માધ્યમિક શિક્ષકો અને બાકીના જે કોઈ કેળવણી નિરીક્ષકો વગેરેની શિક્ષણ વિભાગે ભરતી કરી છે. આ છેલ્લા ૨૦૦૫-૦૬ના વર્ષની વાત કરું તો રોજગાર વિભાગ જે રીતે પ્રયત્નો કરે છે તેમાં ફેબ્રુઆરીના અંત સુધીમાં ૩૮૦ જેટલા ઔદ્યોગિક ભરતી મેળાઓનું અમે આયોજન કરીને વધારાના ૭૯,૯૪૭ લોકોને રોજગારી પૂરી પાડી છે. એવી જ રીતે અહીં ઔદ્યોગિક ભરતી મેળાઓ છે તેમાં ૩૮૦ મેળાઓનું આયોજન કર્યું અને ખાનગી ઉદ્યોગોમાં રોજગારી મળી. તે ઉપરાંત એક નવો અભિગમ ૨૦૦૫-૦૬ના વર્ષમાં જેમાં ગયા વર્ષના બજૅટમાં જોગવાઈ કરી હતી. જેમાં ખર્ચ કરીએ છીએ. ભરતી મેળામાં જે આવે છે તેને આવવા જવાનું ટિકીટભાડું આપીએ છીએ. તેવા ૧૫ મેગા જોબ ફેરનું આ વર્ષમાં આયોજન, ૩૮૦ ઉપરાંત બીજાં મોટા જે વિસ્તારમાં ઔદ્યોગિક વિસ્તાર વધારે છે એવા વિસ્તારને પસંદ કરીને જગ્યાઓ મેળવીને એક મંચ ઉપર બેરોજગાર અને નોકરીદાતાને ભેગા કરીને ભારતીબેનને ત્યાં જિલ્લામાં પણ મેગા જોબ ફેરનું આયોજન કર્યું છે. બીજાં અનેક જિલ્લામાં આવા ૧૫ મેગા જોબ ફેરનું આયોજન કરવાથી ૧૫,૪૩૧ લોકોને રોજગારીની પ્રાથમિક પસંદગી સ્થળ ઉપર જ કરી અને તેમાંથી ૭ મેળાની આખરી પસંદગી થઈ છે. એ મળી છે. ૪,૭૮૪ લોકોને વધારાની રોજગારી મેગા જોબ ફેર પરથી આપી છે. એવી રીતે લશ્કરમાં, સંરક્ષણમાં ભરતી થતી નથી એવી વાત અહીં કરી. ગયા વર્ષે ૭ લશ્કરી ભરતી મેળામાં ૪૬૯ જેટલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડી. એરમેનની ભરતી, એરફોર્સમાં પહેલી વખત આ આયોજન થયું છે. એમાં એક મેળામાં ૯૪ ઉમેદવારોની પસંદગી થઈ છે. આ જે લશ્કરી ભરતી મેળાઓનું આયોજન થાય છે તેમાં જે શારીરિક તેમજ મૅડિકલમાં પાસ થયા પછી લેખિત પરીક્ષામાં ગણિત, વિજ્ઞાન, સામાન્ય વિજ્ઞાન અને અંગ્રેજી જેવી બાબત છે. તેમાં હિંદી થતા અંગ્રેજી માધ્યમમાં લેવાતી પરીક્ષાઓ છે તેમાં ઓછા પ્રમાણમાં ગુજરાતી બેરોજગાર યુવાનોને સફળતા મળતી હતી. તેને સફળ કરવા માટે પણ વર્ષમાં ૩૨ જેટલા તાલીમ વર્ગો કર્યા અને ૧૫૫૬ ઉમેદવારોને તાલીમ આપી. પહેલી વખત રહી ગયા હોય તો બીજી વખત સંરક્ષણમાં જોડાવા માટે તાલીમ પામ્યા પછી થઈ શકે. એવી રીતે રોજગારી ઉપરાંત સ્વરોજગારમાં ૪૮૯ જેટલી શિબિરોનું આયોજન એક વર્ષમાં કર્યું અને ૫૧,૦૦૦ જેટલા બેરોજગારોને સ્વરોજગારી મળે તે માટેનું આયોજન થયું હતું. જે પછાત છે તેમાંથી ૫૧ તાલુકાઓમાં દીનદયાળ સંકલિત સ્વાવલંબન યોજના પણ અમલમાં છે અને રાજયમાં ૧૯૮૭ જેટલા કેરિયર કૉર્નર કરીને બેરોજગાર યુવાનોને માર્ગદર્શન આપ્યું. એવી રીતે ફેબ્રુઆરીના અંત સુધીમાં જે આંકડા મળ્યા છે તેમાં ૧,૧૧,૯૪૫ લોકોને રોજગારી પૂરી પાડી છે અને એટલે પહેલાં નંબરના પણ ગયા વર્ષે ૬૪,૦૦૦ હતા. તેના ડબલ આ વર્ષે થયા છે. એટલે રોજગારીમાં આ રીતે આપણો પ્રથમ ક્રમ રહ્યો છે. ૮૫ ટકા રોજગારીમાં વાત કરતા હતા. ગોવાભાઈ કહેતા હતા કે ઉદ્યોગોથી દબાવ છો. મારે તેનો જવાબ આપવો છે. અમે ઉદ્યોગોથી દબાતા નથી અને જે સરવે કર્યું તેમાં ૨૮૫૧ ઉદ્યોગોમાંથી ૨૪૭૪ એકમો છે તે સ્થાનિક રોજગારી આપે છે અને કુલ એકમના ૮૭ ટકા એકમ છે તે સ્થાનિક ટકાવારીમાં સુપરવાઈઝરમાં ૬૦ ટકા અને ૮૫ ટકા કામદારમાં તેની ટકાવારી જાળવે છે અને ૯૮ ટકા ગુજરાત રાજયમાં છે.

આ સ્થાનિક રોજગારી આપવામાં ટકાવારી જળવાય છે અને અહીંયાં જે કાંઈ પ્રશ્નોત્તરીમાં વાત આવતી હતી પુંજાભાઈ, એમાં અમુક એરિયામાં ખરેખર એકાદ ટકાનો તફાવત રહેતો હોય છે. સુપરવાઈઝરમાં ૬૦થી ૮૦ ટકા જળવાતું હોય છે. કામદારોની જગ્યાએ ૮૫ના બદલે ૯૮ ટકા જળવાયું હોય. પણ એકંદરે ૧ ટકાની જે વાત છે એ કોઈ એક જગ્યાને ધ્યાને લઈને પ્રશ્ન પૂછવામાં આવતા હોય છે, એટલે પ્રશ્ન ઉપરથી જે હકીકત આવતી હોય છે એના બદલે આ હકીકત છે. એ એકમોમાં ટકાવારી જળવાય જ છે. સ્થાનિક રોજગારી આપવા માટેનો ઠરાવ છે એ પ્રમાણે જ જળવાય છે. (અંતરાય) ભારતીબેનને હું વિનંતી કરું છું કે, બેકારોની ગુનાહિત પ્રવૃત્તિ તરફ વળવાની વાત છે એ એમની નજીક મહારાષ્ટ્ર છે. એટલે કદાચ મહારાષ્ટ્રની વાત હશે. અહીંયાં એવું છે નહીં. એટલે તમારો જે સંકલ્પ છે એ પાછો ખેંચવાની મારી વિનંતી છે.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સંકલ્પમાં કુલ ૭ સભ્યશ્રીઓએ લગભગ બધાએ જ સમર્થન આપ્યું છે. મેં જ્યારે સજેસન કર્યું છે અને આ બેકારોને રોજી મળે એના માટે સૌએ મને સાથ આપ્યો છે. પરંતુ ગુજરાત રાજય ભલે પહેલા નંબરે આવતું હોય, પણ આપણે સૌએ બેકારોની જ્યારે ચિંતા કરી છે ત્યારે આપણે સૌએ એક નંબર ગણીને ૧ લાખ જેટલી રોજગારી વિદ્યા સહાયકોની ઉમેરીને જે આંકડા આપ્યા છે. પણ આપણે ત્યાં ૯ લાખ જેવી બેકારી છે. તો એની સામે આ આંકડાઓ કાંઈ નહીં કહેવાય. રાજયના બેકારો માટે કાંઈ કરવું હોય તો આપણે આનાથી સંતોષ ન માનવો જોઈએ અને મને આપના જવાબથી સંતોષ નથી. હું દરરોજ માનનીય મંત્રીશ્રીઓના જવાબો સાંભળવા નિયમિત બેસું છું. આપની માગણીઓ હતી ત્યારે પણ મેં બેસીને આપને સાંભળ્યા હતા. આપે આંકડા આપ્યા એ નોંધાયેલા પણ છે. પરંતુ સમયના અભાવે કહેતી નથી. આપના જવાબથી સંતોષ નથી, શ્રદ્ધા નથી, વિશ્વાસ નથી, એટલે હું મારો સંકલ્પ લાવી છું એ પાછો ખેંચી શકતી નથી.

**સુધારા ક્રમાંક-૧,૨,૩ મત માટે મૂકવામાં આવ્યા અને નામંજૂર કરવામાં આવ્યા.**
**સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૮-૦૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૨૪મી માર્ચ,૨૦૦૬ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૨૪મી માર્ચ, ૨૦૦૬**
**ચૈત્ર ૩, ૧૯૨૮ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## અમરેલી જિલ્લામાં પાક વીમાની ચૂકવવાની બાકી રકમ

***૧૭૧૩૧ શ્રી ધીરુભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમરેલી જિલ્લામાં ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૪ના ત્રણ નાણાકીય વર્ષ માટે કયા કયા તાલુકાના કયા કયા પાક વીમા યોજના હેઠળ કેટલા ખેડૂતોને કેટલી રકમનો વીમો ચૂકવવામાં આવ્યો,
(૨) વીમો ચૂકવવામાં વિલંબ થવાના કારણો શાં છે, અને
(૩) આ વીમો બાકી રહેલા ખેડૂતોને ક્યારે ચૂકવવામાં આવશે?

**કૃષિ મંત્રીશ્રી:**

(૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના ત્રણ નાણાકીય વર્ષ માટે તાલુકાવાર પાકવાર લાભાર્થી ખેડૂતોને ચુકવાયેલ પાક વીમાના દાવાઓની વિગત પત્રક-૧ મુજબ છે.
(૨) ૧. ખરીફ-૨૦૦૨ ઋતુના પાક વીમાના મગફળી પાકના દાવાઓ અંગે કેટલીક બાબતોએ વિસંગતતા જણાયેલ હોઈ ભારતીય કૃષિ વીમા કંપની તરફથી ધિરાણ સબંધી તેમજ સરકારશ્રી તરફથી ઊપજ સબંધી ચકાસણી કરાવવામાં આવેલ તેથી સમય પસાર થયેલ હતો.
૨. ખરીફ-૨૦૦૪ના મગફળી પાકના પાક વીમાના દાવાઓ બાબતે વાવેતર વિસ્તાર અને વીમા હેઠળ આવરી લીધેલ વિસ્તારમાં તફાવત ધ્યાને આવેલ હોઈ તેની ચકાસણીની કામગીરી ચાલુ છે.
(૩) ખરીફ-૨૦૦૨ના પાક વીમાના તમામ દાવાઓ ચૂકવી આપવામાં આવેલ છે. જ્યારે ખરીફ-૨૦૦૪ના
મગફળી પાકના દાવાઓ ચકાસણીની કામગીરી પૂર્ણ થયા બાદ મંજૂર થયે ચૂકવવામાં આવશે.

**પત્રક-૧**

અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ માટે
તાલુકાવાર, પાકવાર ખેડૂતોને ચૂકવેલ પાક વીમાના દાવાઓની વિગત

(દાવાની રકમ રૂ. લાખમાં)

| તાલુકાનું નામ | પાકનું નામ | ૨૦૦૨-૦૩ | | ૨૦૦૩-૦૪ | | ૨૦૦૪-૦૫ | |
|---|---|---|---|---|---|---|---|
| | | લાભાર્થી ખેડૂતોની સંખ્યા | ચુકવેલ દાવા | લાભાર્થી ખેડૂતોની સંખ્યા | ચુકવેલ દાવા | લાભાર્થી ખેડૂતોની સંખ્યા | ચુકવેલ દાવા |
| જાફરાબાદ | કપાસ | ૨૭૨૨ | ૯૨.૫૫ | નિયમોનુસાર કોઈપણ પાકના દાવાઓ મળવાપાત્ર ન હોઈ ચુકવાયેલ નથી | | મગફળી સિવાય કોઈ પાકના દાવાઓ નિયમોનુસાર મળવાપાત્ર થતા નથી. જ્યારે મગફળી પાકના દાવાઓ ચકાસણી હેઠળ છે. | |
| કુકાવાવ | મગફળી | ૧૫૭૦૯ | ૨૦૭૧.૨૯ | | | | |

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વરસાદ ન થાય અને પાક નિષ્ફળ જાય ત્યારે સરકાર ખેડૂતોને પાક વીમો ચુકવતી હોય છે. ૨૦૦૨-૦૩માં પાક વીમાની રકમ ચૂકવી દીધેલ છે. જ્યારે ૨૦૦૩-૦૪માં નિયમાનુસાર કોઈપણ પાકના દાવાઓ મળવાપાત્ર ન હોઈ ચુકવાયેલ નથી, તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પાક નિષ્ફળ ગયો હોય ત્યારે કયા કયા કારણોએ ખેડૂતોને આ પાક વીમો ચૂકવવામાં વિલંબ થયો છે અને આ નહિ ચૂકવવાના કારણો શું છે? ૨૦૦૪-૦૫માં મગફળી સિવાય કોઈ પાકના દાવા નિયમાનુસાર મળવાપાત્ર નથી. જ્યારે મગફળીના દાવાઓ ચકાસણી હેઠળ છે. તો કઈ કઈ જાતની ચકાસણી કરવામાં આવે છે. જ્યારે ખૂબ વરસાદ થાય ત્યારે પણ પાક નિષ્ફળ જાય છે. તેમજ ઓછો વરસાદ થાય ત્યારે પણ પાક નિષ્ફળ જતો હોય છે. તો આ પાક નિષ્ફળ જાય ત્યારે તાત્કાલિક આ પાક વીમાની રકમ

બે વર્ષની નિયમાનુસાર બાકી છે એ સરકાર ક્યારે ચૂકવવા માગે છે? અમરેલી જિલ્લામાં પાક વીમા હેઠળ કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : પાક વીમો ચૂકવવા માટેના નિયમો છે. ડાંગર ઘઉં માટે જે તે વર્ષથી છેલ્લા ત્રણ વર્ષનો સરેરાશ ઊપજ એના ૬૦ ટકાથી ઓછું ઉત્પાદન થયું હોય એને થ્રેસોલ્ડ કહેવામાં આવે છે. બાકીના પાકોમાં છેલ્લા પાંચ વર્ષનું સરેરાશ ગણતાં એનાથી ઓછું થયું હોય તો એમાં ડાંગર, ખરીફ બાજરી, મકાઈ, ખરીફ મગફળી, તલ, મગ,મઠ,અડદ,તુવેર, દીવેલા, કપાસ, ઘઉં, બિન પિયત ચણામાં ૬૦ ટકા થ્રેસોલ્ડ મર્યાદા છે જુવાર,જીરુ,ઈસબગુલ,વરિયાળી,લસણ,ડુંગળી,રાઈ, ઉનાળુ મગફળી અને ઉનાળુ બાજરીમાં ૮૦ ટકા થ્રેસોલ્ડ મર્યાદા છે એના કરતાં પાક સરેરાશ કરતાં ઓછો થયો હોય તો મળવાપાત્ર નથી. ઘઉં, પિયત બટાકા કેળમાં ૯૦ ટકા થ્રેસોલ્ડ મર્યાદા છે એના કરતાં છેલ્લા પાંચ વર્ષની મર્યાદા કરતાં ઓછી ઊપજ હોય તો એ મળવાપાત્ર નથી.

બીજો સવાલ માનનીય સભ્યશ્રીએ પૂછયો કે ૨૦૦૪ માં પાક વીમા યોજના હેઠળ કેટલા ખેડૂતોને આવરી લેવામાં આવશે અને કેટલી રકમ ચૂકવવાપાત્ર થાય છે. અમરેલી જિલ્લામાં ૧,૦૫,૫૦૬ ખેડૂતોને આવરી લીધા છે અને ૮૫ થી ૯૦ કરોડ રૂપિયા અંદાજે મળવાપાત્ર છે. ત્રીજો સવાલ માનનીય સભ્યશ્રીએ પૂછયો હતો કે કેવા પ્રકારની ચકાસણી કરવામાં આવે છે. ખેડૂતોએ જેટલું કવરેજ લીધું હોય એ પછી કવરેજ કરતાં વાવેતર ઓછું કર્યુ હોય એની ચકાસણી કરવાની થાય છે એ પ્રક્રિયા અત્યારે ચાલુ છે. જે પાકના વાવેતર માટે વીમો લીધો હોય અને સંજોગોવશાત એ પાક સિવાય અન્ય પાકનું વાવેતર કર્યુ હોય એવા સંજોગોમાં અમે એની ચકાસણી કરીએ છીએ. અત્યારે હાલમાં આ પ્રક્રિયા ચાલુ છે અને ખૂબ જ ઝડપથી આ પ્રક્રિયા પૂરી કરીને પાક વીમો ચૂકવવામાં આવશે.

**શ્રી બેચરભાઈ વી. ભાદાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા પાંચ વર્ષમાં તાલુકાવાઈઝ કયા કયા પાકો માટે કેટલી રકમ ચૂકવવામાં આવી?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલીમાં તો મગફળી, તલ અને કપાસ છે. અમરેલીમાં ૧૯૯૯, ૨૦૦૦ અને ૨૦૦૧. તેમાં ૧૧,૫૧,૬૪,૫૦૦. બાબરામાં ૭,૦૭,૯૧,૦૦૦, ધારીમાં ૪૧,૪૫,૨૫,૦૦૦, જાફરાબાદમાં ૨,૨૮,૩૬,૦૦૦, ખાંભામાં ૬,૨૮,૯૪,૦૦૦, કોડીનારમાં ૮,૪૦૦, કૂકાવાવમાં ૩૬,૭૫,૨૮,૦૦૦, લાઠીમાં ૧૨,૨૫,૯૬,૦૦૦, લીલીયામાં ૩,૯૧,૬૧,૦૦૦, રાજુલામાં ૧૦,૮૭,૦૦,૦૦૦. અમરેલી જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૯૫,૦૯,૬૪,૦૦૦નો વીમો ચૂકવવામાં આવ્યો છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે આ પાક વીમાનો સવાલ છે. અમરેલી જિલ્લા પૂરતો મર્યાદિત નથી. રાજયના અન્ય જિલ્લાઓમાં પણ પાક વીમાની રકમ માટેની વાત છે. તો માનનીય મંત્રીશ્રીએ પોતાના જવાબમાં જણાવ્યું છે કે મગફળીના પાક વીમાના દાવા ચકાસણી હેઠળ છે અને જલદીમાં જલદી અમે તેનો ઉકેલ લાવીશું. તો જલદીમાં જલદી એટલે ત્રણ મહિના, છ મહિના, આ ટર્મ પૂરી થઈ જાય ત્યાં સુધીમાં અથવા ટર્મ પૂરી થયા પછી. આપણે ખેડૂતોની વાત કરીએ છીએ. પણ છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં ખેડૂતોની જે મુશ્કેલીઓ ઉભી થઈ છે, તો એ આ રકમ મળે તો કમસેકમ તેનું રાબેતા મુજબનું જીવન ધોરણ વ્યવસ્થિત કરી શકે. તો સમય મર્યાદામાં ઓછામાં ઓછા ત્રણ મહિનામાં, હવે તો કોમ્પ્યુટરાઈઝ થઈ ગયું છે. સોઈલ હેલ્થ કાર્ડની આપ વાત કરો છો. લેબ ટુ લૅન્ડની આપ વાત કરો છો તો આ પાક વીમાની રકમમાં પણ ત્વરિત રીતે દાવાઓની ચકાસણી કરીને રાજયના તમામ જિલ્લાઓમાં આ ખેડૂતોને ચૂકવવા માગીએ છીએ કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ભાવનાથી પુંજાભાઈએ સવાલ પૂછયો છે એ જ ભાવનાથી હું જવાબ આપું છું. સવાલ અહીં અમરેલી જિલ્લા પૂરતો છે. પરંતુ સત્ર અંતિમ તબક્કામાં છે. કૃષિ વિભાગની પ્રશ્નોત્તરીનો છેલ્લો તબક્કો છે. એટલા માટે આખા રાજયની માહિતી માનનીય પુંજાભાઈ જાણવા માગે છે. આ આખી પ્રક્રિયા માત્ર અમરેલી જિલ્લા માટે જ ચાલુ છે એવું નથી. આખા રાજયમાં માત્રને માત્ર મગફળી સિવાય કોઈ પાકનો વીમો બાકી નથી અને આ આખી પ્રક્રિયા આખા રાજય માટે તમે જે સમય મર્યાદા આપી છે, લગભગ એ સમય મર્યાદામાં આ પાક વીમો ચૂકવવાનો અમારો પ્રયત્ન રહેશે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે અમરેલી જિલ્લા સિવાય બીજા કોઈ જિલ્લામાં મગફળીનું બાકી નથી. તો માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે જુનાગઢ જિલ્લામાં ૨૦૦૪-૦૫ના મગફળીના પાક વીમાના દાવાની અરજીઓ પેન્ડીંગ છે. આપને ગઈ કાલે પણ રજૂઆત કરવામાં આવી છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : એ કહ્યું જ છે.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આ પ્રશ્ન તો અમરેલી જિલ્લાનો છે. પરંતુ આખા રાજયને અસર કરતો વિષય છે. જવાબ-૨માં જણાવ્યું છે કે વિલંબ થવાના કારણોમાં વિસંગતતાના કારણે વિલંબ થયો છે. આ વિસંગતતા કેવા પ્રકારની છે? જમીનના ક્ષેત્રફળ કરતાં વધુ રકમનો પાક વીમો આપવામાં આવેલ છે કે અન્ય કોઈ કારણો છે? આમાં કોઈ ગેરરીતિ થઈ હોય અને આવા પ્રકારની

ગેરરીતિ થઈ હોય તો કોઈ પણ પ્રકારની ફરિયાદ રાજય સરકારના ધ્યાને આવેલ છે કે કેમ? બીજું, રાજયના અનેક જિલ્લાઓમાં આ પ્રકારે જમીનના ક્ષેત્રફળ કરતા વધુ ધિરાણ આપવામાં આવ્યું હોય અને તેના કારણે વિલંબ થયો છે એવું કંઈ રાજય સરકારના ધ્યાનમાં આવેલ છે અથવા તો કોઈ ફરિયાદના રૂપમાં પણ આ વાત આવેલ છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત ધ્યાનમાં આવ્યા પછી જ ચકાસણીની પ્રક્રિયા શરૂ કરી છે. મેં અગાઉ આ જ વાત કરી છે કે ખેડૂતે જેટલા વિસ્તાર માટે વીમો લીધો હોય તેના કરતાં ઓછું વાવેતર કર્યું હોય. પાક માટે લીધો હોય એ પાક સિવાયનું વાવેતર કર્યું હોય એવી અનિયમિતતાઓ ધ્યાન ઉપર આવી છે. એટલે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર પણ આમાં ભાગીદાર છે. એમણે પણ કહ્યું છે. આ અનિયમિતતા જ્યારે ધ્યાન ઉપર આવી હોય ત્યારે એની ચકાસણી એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની દ્વારા અને રાજય સરકારની મશીનરી દ્વારા આ પ્રક્રિયા થવી જોઈએ અને આ પ્રક્રિયા અમે શરૂ કરી દીધી છે અને વહેલામાં વહેલી તકે અમરેલી જિલ્લા સિવાય જ્યાં મગફળીના પાક વીમાના પૈસા બાકી છે એ વહેલામાં વહેલી તકે ચૂકવી આપવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે, પ્લીઝ ઊભા ન થઈ જાઓ. પ્રશ્ન બહુ ટૂંકો પૂછો અને માનનીય મંત્રીશ્રીઓ પણ જે માહિતી માગી હોય એટલા પૂરતો જ જવાબ આપે. બન્નેમાંથી કોઈ વિષય લંબાવીને વાત ન કરે એટલી મારી વિનંતી છે.

### અમદાવાદ શહેરમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ સહાય

***૧૭૫૪૧ શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કેલૅન્ડર વર્ષ ૨૦૦૪-૦૫માં વર્ષવાર કુંવરબાઈનું મામેરું યોજનામાં અનુસૂચિત જાતિઓનાં કેટલા લાભાર્થીઓની અમદાવાદ શહેરમાંથી અરજીઓ આવી,

(૨) આવેલ અરજીઓમાંથી જે તે વર્ષમાં કેટલા લાભાર્થીઓની સહાય મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી રહેલ લાભાર્થીઓને રકમ કેટલા સમયમાં ચૂકવવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) સને૨૦૦૪માં ૧૪૨૩ અને સને ૨૦૦૫માં ૧૫૮૮

(૨) સને ૨૦૦૪માં ૧૨૩૬ અને સને ૨૦૦૫માં ૧૨૪૯

(૩) ક્ષતિપૂર્તતા થયેથી તૂરતજ.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, જ્યારે આ યોજના ગરીબો માટેની છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના એવા લોકોની, જ્યારે યોજના શરૂ કરી હતી એવા સંજોગોમાં એવી કોઈ આવક મર્યાદા રાખી હતી? જાતિ આધારિત યોજના શરૂ થઈ, એ પ્રમાણે આજની તારીખે એ જ પદ્ધતિથી આપવામાં આવે છે કે કેમ? બીજો પ્રશ્ન ક્ષતિ પૂર્તતા થતી હતી, બાકીની નામંજૂર કરી છે. તો આ ક્ષતિ પૂર્તતા નાગરિક અધિકારપત્ર આવ્યો છે ત્યારે અરજી આવે છે તે જ સમયે ક્ષતિ પૂર્તતા કરવી જોઈએ. કારણ કે એ તો અભણ છે, અનુસૂચિત જાતિ, જનજાતિ અને બક્ષીપંચનો છે. જ્યારે અરજી આવે છે ત્યારે ક્ષતિ પૂર્તતા પૂર્ણ કરીને જ સ્વીકારવાનો આદેશ કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, જે દૃષ્ટિથી આ યોજના શરૂ કરવામાં આવી એ વખતે આવકની મર્યાદા રૂ.૧૧૦૦૦/- ની, પુખ્તવયની કન્યા અને કુમાર ૧૮ વર્ષ અને ૨૧ વર્ષની વય મર્યાદાને ધ્યાનમાં રાખીને આ યોજનાનો લાભ આપવામાં આવે છે. ૨ વર્ષ દરમિયાન ૪૫૧ જેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે ક્ષતિ પૂર્તતાનો મતલબ આ અરજીઓમાં ૨૦૩ અરજદારોમાં આવક વધારે હતી, ૧૨૮ અરજીઓ અરજી કરવાના સમયગાળા બાદ આવેલ હતી. ૬૬ કિસ્સાઓની અંદર યુવકો અને યુવતીઓની ઉંમર ઓછી હતી અને જે જગ્યાએ રાજય સરકારના પ્રમાણપત્ર અથવા તો આધાર-પુરાવા માગે છે એ આધાર-પુરાવા ન આપવાના કારણે ૩૯ અરજીઓ હતી. આ પ્રમાણે જે નોર્મ્સ નક્કી કર્યા છે. એમાં જો કાંઈ ખૂટતું હોય તો એ ત્વરિત આપવામાં આવે તો અરજી મંજૂર કરવામાં આવે છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં બી.પી.એલ. કાર્ડ નહોતા લેતા અને આજે બી.પી.એલ.ના કાર્ડની આવશ્યકતા છે. આ ક્યારથી માગવામાં આવે છે. આ યોજના ૧૯૯૫માં શરૂ કરી ત્યારે આવી કોઈ યોજના નહોતી કે બી.પી.એલ. કાર્ડ જોઈશે. અનુસૂચિત જાતિ, જનજાતિ અને બક્ષીપંચના હોય તો ક્રિમિલેયર હોય આ પ્રકારની યોજના હતી. આજે અગાઉના પુરાવા કઈ રીતે હતા? એ જ રીતે અગાઉની પ્રથા પ્રમાણે આપવા માગો છો કે કેમ? એ મંત્રીશ્રી જણાવશે.

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આવક મર્યાદાનું ધોરણ રૂ. ૧૧૦૦૦/- છે. બી.પી.એલ. યાદી અથવા તો બી.પી.એલ. કાર્ડ છે. એ આ યોજનામાં કયાંય આવતું નથી. અત્યારે જ્યારે કેન્દ્ર સરકારે નવા

નોર્મ્સ અને આવકના ધોરણો નક્કી કર્યા છે કે ૧૧૦૦૦ની આવક મર્યાદામાં વધારો કરીશું અને બી.પી.એલ.ની યાદીમાં હોય અથવા તો કાર્ડ હોય તો જ એને યોજનાનો લાભ આપવામાં આવે છે એવું નથી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, જેમ ગોરધનભાઈએ કહ્યું એ પ્રમાણે બી.પી.એલ.ની યાદી થયો કે, બી.પી.એલ. કાર્ડ જે તે વર્ષે આ યોજના દાખલ કરવામાં આવી ત્યારે માગવામાં આવતા નહોતા. આજે સ્થાનિક કક્ષાએ જ્યારે અરજી કરવામાં આવે છે ત્યારે બી.પી.એલ.ના કાર્ડ માંગવામાં આવે છે. બી.પી.એલ.ના કાર્ડ જો જોડવામાં ન આવે તો અરજી સ્વીકારતા નથી અને એ અરજી રીટર્ન કરી દે છે. બી.પી.એલ. કાર્ડ અત્યારે માંગવામાં આવે છે એ પરિપત્ર દ્વારા ન માંગવામાં આવે એવું કરવા માંગો છો કે કેમ? બીજું આવક મર્યાદા જે રૂ.૧૧૦૦૦/-ની નક્કી કરી છે. બી.પી.એલ.માં હવે રૂ.૧૮૦૦૦/-ની નક્કી કરી છે. એ રૂ.૧૮૦૦૦/-ની આવક મર્યાદા આમાં કરવા માગો છો કે કેમ? જો હા, તો કેટલા સમયમાં?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે બી.પી.એલ.ની યાદી અથવા કાર્ડની કોઈ જરૂરિયાત નથી. આ અંગેનો વિગતવાર પરિપત્ર પણ નજીકના ભવિષ્યમાં એટલે ૨ મહિના પહેલા જ કરી દેવામાં આવ્યો છે એટલે ફરીથી પરિપત્ર કરવાનો રહેતો નથી. મેં આગળના પ્રશ્નમાં કહ્યું એ પ્રમાણે કેન્દ્ર સરકારે ગરીબી રેખા માટે જે નોર્મ્સ સુધારેલા છે એ સુધારેલા નોર્મ્સ પ્રમાણે અમે ૩ મહીનામાં આ અંગેનો એક પરિપત્ર કરી દઈશું.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે જે કુંવરબાઈનું મામેરુ છે, એમાં દીકરીના લગ્ન જયારે થતા હોય અને એનું મામેરુ ભરવાનો રિવાજ છે એ મંડપમાં થતો હોય છે પરંતુ લગ્ન પછી રાહ જોવી પડે છે. એક-એક વર્ષ, બે-બે વર્ષ અને જયારે વિધાનસભા નજીક આવે ત્યારે એકાએક બધાને ચૂકવવામાં આવે છે. આ લગ્ન જયારે એના નક્કી થાય ત્યારે મંડપમાં આવ્યા પહેલા એટલા માટે કે ગરીબોને આ યોજનાનો લાભ મળશે એવી આશાએ વ્યાજે પૈસા લઈને બધું કરતા હોય છે પણ જયારે આનો લાભ નથી મળતો ત્યારે એને વ્યાજ ભોગવવું પડે છે. એને હિસાબે એને દ ણી બધી મુશ્કેલીઓ આવે છે તો આ યોજનાનો ત્વરિત લાભ જે તે લગ્ન સમયે આપવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના ૫૦ વર્ષ સુધી આ યોજનાનો કયારેય અમલ ન થયો એ વખતે ગરીબો યાદ ન આવ્યા? આ સરકારે આ યોજના અમલમાં મૂકી છે અને સમયમાં નાણા ચૂકવવામાં આવશે.

### ભાવનગર જીવનસંધ્યા વૃદ્ધાશ્રમની સીટ વધારવાની મંજૂરી

***૧૭૬૮૫ શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (૭) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ભાવનગર જીવનસંધ્યા (ઘરડાઘર) ટ્રસ્ટ દ્વારા વૃદ્ધાશ્રમની તા:૩૧-૧-૦૬ની સ્થિતિએ મંજૂર ૧૦૦(એકસો) સીટમાં બીજી વધારાની ૫૦ સીટની મંજૂરી કયારે માગી,
(૨) તેમને મંજૂરી નહીં આપવાના શાં કારણો છે?
(૩) કેટલા સમયમાં મંજૂરી આપવામાં આવશે?

**સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) તા:૧૩-૧૧-૨૦૦૩ની સ્થિતિએ વધારાની ૧૦૦ સીટની માગણી કરી હતી.
(૨) તા:૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ૧૫૦ સીટની મંજૂરી આપેલી છે.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, છેક ૨૦૦૩ની સાલથી જે માગણી હતી એ સંસ્થાની એને સંતોષવામાં આવી એના માટે આભાર પણ આમાં લખ્યું છે કે તા:૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ૧૫૦ સીટની મંજૂરી આપેલ છે. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે મંજૂરીનો પત્ર સંસ્થાને ક્યારે મોકલવામાં આવ્યો અને આ સંસ્થાનો એનો જે બીજો એક ભાગ બન્યો છે ત્યાં ખૂબ સરસ બધી મોડેલ પ્રવૃત્તિઓ પણ આ સંસ્થામાં ચાલે છે એટલે માનનીય મંત્રીશ્રી દ્વારા મારે વિભાગના અધિકારીઓને પણ વિનંતી કરવી છે કે આ પ્રકારની પ્રવૃત્તિ માટે એની સ્થળ મુલાકાત લઈ અને એના માટેની બાકી જે કંઈ માગણી હોય એની પણ સ્થળ ઉપર તપાસ કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : તા:૪-૧૧-૦૪ના રોજ ધારાસભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે વધારો આપવામાં આવ્યો છે. આજે આ સંસ્થાની અંદર ૧૯૪ જેટલા અંતેવાસીઓ છે એટલે ૧૫૦નો વધારો આપવાને કારણે માત્ર ૪૪ જે નવું એમણે ભવન બાંધ્યું છે એમાં ૪૪ની ક્ષમતા આજે છે. માનનીય ધારાસભ્યશ્રી અને સરકાર પોતે રાજય સરકારમાં આ અંગેની વિગતવાર માહિતી આપશે તો આ માટેનો થનાર ખર્ચ છે એ અંગેની વધારાની ૫૦ સીટો આ સંસ્થામાં અમે વધારી આપીશું.

**રાજયમાં પંચવટી યોજનાનો લાભ**

***૧૭૨૨૬ શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા:૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ પંચવટી યોજનાનો રાજયમાં કેટલા ગામોને લાભ મળેલ છે, અને

(૨) તે પૈકી પાલનપુર અને દાંતીવાડા તાલુકાના કેટલા ગામોનો સમાવેશ કરેલ છે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ૮૯૨ ગામો.

| **(૨) તાલુકાનું નામ** | **ગામોની સંખ્યા** |
|---|---|
| પાલનપુર | ૯ |
| દાંતીવાડા | ૮ |

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવું છે કે આ ૮૯૨ ગામોમાં જે રાજય સરકાર તરફથી પંચવટી મંજૂર થઈ એનો કુલ કેટલો ખર્ચ છે અને એક પંચવટી યોજનાનો વધુમાં વધુ કેટલો ખર્ચ થઈ શકે એમ છે અને એમાં વધુમાં વધુ માની લો કે લોકફાળો ભરીએ તો એ પ્રમાણે પંચવટી મંજૂર કરવા માગે છે કે કેમ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, પંચવટી યોજનામાં અનુદાન ગામ દીઠ લાખ રૂપિયા અને પચાસ હજાર એ ગામની સહાય પોતાની હોય છે. કુલ મળીને દોઢ લાખ રુપિયાની યોજના હોય છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે વર્ષ ૨૦૦૬-૦૭માં આવા કેટલા પંચવટી ગામો બનાવવાનું આયોજન છે. એમાં જુનાગઢ જિલ્લાના કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવશે?

**શ્રી ભરત બારોટ** : આમાં આખા રાજ્યની વાત નથી. પાલનપુર અને દાંતીવાડાની વાત છે. આવતા દિવસોનું આયોજન છે એમાં ૧૦૦૦ ગામો માટેનું આયોજન છે. આખા ગુજરાતમાં વર્ષ ૨૦૦૬-૦૭માં ૧૦૦૦ ગામોમાં પંચવટી યોજનાનો અમલ થશે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે પંચવટી યોજનામાં તાલુકાવાર લક્ષાંક ૨, ૫ કે ૧૦નો આપવામાં આવે છે કે જે ગામ ફાળો આપે એ દરેક ગામમાં આપવાનું હોય છે? એના ધોરણો શું છે? તાલુકામાં એવું કહેવામાં આવે છે કે પંચવટી યોજનામાં અઢી લાખ આપવામાં આવે છે. ૫૦ હજાર ગામ ફાળો અને ૨ લાખ રૂપિયાની ગ્રાન્ટ એમ કરીને અઢી લાખની યોજના છે. જ્યારે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે દોઢ લાખની યોજના છે. આ વિસંગતતા થાય છે.

**શ્રી ભરત બારોટ** : ૧ લાખ અને ૫૦ હજાર એમ કુલ ૧.૫૦ લાખની યોજના છે. જે ગામ ૫૦ હજાર આપે એને પંચવટી યોજના આપવામાં આવે છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : મારા વિસ્તારમાં પૈસા ભરાયેલા છે પણ એ લોકો કહે છે કે પાંચ જ આખા તાલુકામાં આપવાની છે.

**શ્રી ભરત બારોટ** : ના એવું નથી. મને આપજો હું કરી આપીશ.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : એક સૂચન કરવું છે કે આ પંચવટી યોજના એટલી સરસ છે કે ગામને એનો કાયમી લાભ મળે એ વધારે અગત્યનું હોય છે. મારો તો જાહેર જીવનનો અનુભવ છે કે સરસ યોજનાઓ બન્યા પછી એના નિભાવ માટેની કોઈ વ્યવસ્થા નહિ હોવાના કારણે આપણી અનેક સરસ યોજનાઓ છે એ ખંડેર જેવી અને મરામત નહિ થવાના કારણે ખરાબ થઈ જાય છે. આ પ્રકારની સારી યોજના માટે સાથે સાથે એના નિભાવ માટેનું કોઈ આયોજન રાજ્ય સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી ભરત બારોટ** : આમ તો સૂચન છે છતાં પણ એના માટે વિચારી શકીશું.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, એમણે જણાવ્યું છે કે પંચવટી યોજનાનો કુલ ૮૯૨ ગામોને લાભ મળ્યો. મારા વિસ્તારના જાંબુઘોડા તાલુકાની વાત કરું તો ત્યાંથી દરખાસ્ત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને મોકલ્યે લગભગ આઠ-નવ મહિના થયા. એની મંજૂરી આપવામાં અધિકારીઓ નિષ્કાળજી રાખે છે. સમયસર નિયત સમય મર્યાદામાં મંજૂરી આપીને મારા કકુરી અને કકરોલિયા ગામની અધિકારીઓએ મંજૂરી આપી નથી તો એ આપવા માગો છો કે કેમ?

**શ્રી ભરત બારોટ** : આ પ્રશ્ને એ મને વ્યકિતગત રીતે લખીને આપશે તો એમની તકલીફ દૂર કરવામાં આવશે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે જે ગામ ૫૦ હજાર ભરે એ તમામ ગામને આ સગવડતા આપવાનો નિર્ણય થયો છે. પાલનપુર અને દાંતીવાડામાં કેટલા ગામોએ અરજી આપી અને કેટલા

ગામોએ ૫૦ હજાર ભર્યા અને કેટલા મંજૂર કર્યા? આ વખતે પંચાયતના કામગીરી અંદાજપત્રમાં ૫૦ હજારના બદલે ૨૫ હજારની વાત છે. કામગીરી અંદાજપત્રમાં ૨૫ હજાર ભરવાની વાત કરી છે એ સાચું છે કે કેમ?

**શ્રી ભરત બારોટ** : ૨૫ હજારની ખબર નથી. મેં ક્યાંય સાંભળ્યું નથી. ૫૦ હજાર જ છે. જન ભાગીદારીની યોજના છે. ગામ ૫૦ હજાર આપે તો રાજ્ય સરકાર એક લાખ આપશે. જવાબમાં પાલનપુરના ૯ અને દાંતીવાડાના ૭ ગામો છે એ તમામ ગામોની યાદી પણ અહીંયા છે. તેમને જોઈએ તો ટેબલ ઉપર મૂકી દઈશ.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : તમે કહ્યું કે બધા જ ગામમાં આપવામાં આવે છે. મારે જાણવું છે કે લોક ફાળો ભર્યા પછી આ ૯ અને ૮ ગામને આપ્યા છે. માગણી કેટલાની આવી હતી?

**શ્રી ભરત બારોટ** : ૧૭ ગામોએ પૈસા ભર્યા છે અને ૧૭ને આપી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : આ પંચવટી બહુ સરસ યોજના છે. મારા મત વિસ્તારમાં ચાર-પાંચ ગામમાં કામો પૂર્ણ થઈ ગયા છે. મારે જાણવું છે કે અત્યારે ૧૨મા નાણાપંચમાં એમ.એલ.એ. ફંડમાંથી ભરી શકાય છે તેમ આ યોજના માટે એમ.એલ.એ. ફંડમાંથી પૈસા ભરી શકાય કે કેમ?

**શ્રી ભરત બારોટ** : આ જન ભાગીદારીની યોજના છે. એલ.એલ.એ. ફંડ એટલે સરકારના પૈસા છે. લોકોના પૈસા નથી.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પંચવટી યોજના છે એના માટે એકજ ગામમાં ૫૦,૦૦૦ ભરે અને બીજા વિશેષ વધારે પૈસા ૫૦,૦૦૦ ત્રણ-ચારવાર ભરે તો એ ગામમાં ત્રણ-ચાર યોજના દાખલ કરવા માગો છો કે એકજ ગામમાં એક વખત આપે કે વધારે વિશેષ આપશો?

**શ્રી ભરત બારોટ** : એક જ ગામમાં એકજ. પહેલા ૧૮,૦૦૦ ગામ પતે પછી બીજી ફરીવાર વિચારીએ.

## રાજ્યમાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ

***૧૭૮૭૦ શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ સમગ્ર રાજ્યમાં તલાટી-કમ-મંત્રીની કુલ કેટલી જગ્યા ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ ભરવાનું રાજ્ય સરકારનું આયોજન છે કે કેમ?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ૨૩૩૧.

(૨) હા, જી.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતની અંદર તલાટી-કમ-મંત્રીની ૨૩૩૧ જગ્યાઓ ખાલી છે. આ જગ્યા ભરવાના સંદર્ભમાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે આ જગ્યા અમે ભરીશું. પરંતુ મારે કહેવું છે કે ગુજરાત સરકારે ગામડાંને ગુજરાતનું વિકાસ બિંદુ બનાવ્યું છે અને ગામડાંના સઘળાં કાર્યો એ પંચાયત સચિવ તરીકે કામ કરે છે. તલાટી-કમ-મંત્રી રેવન્યુનું પણ કામ કરે છે. ગામડાંની અંદર તલાટી-કમ-મંત્રી ના હોય તો ગામના બધાજ વિકાસના કાર્યો ઠપ થઈ જતાં હોય છે તો આવા મહત્ત્વના પ્રશ્ન વિષે ભૂતકાળમાં પણ આ સન્માનનીય ગૃહની અંદર તલાટી-કમ-મંત્રીની જગ્યા ભરવા ચર્ચા થઈ છે ત્યારે મારે એ પૂછવું છે કે આ જગ્યા કયાં સુધીમાં અને કઈ પદ્ધતિથી ભરવામાં આવશે?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભામાં એકવાર ચર્ચાઈ ગયું છે, ભૂતકાળમાં ૧૫ વર્ષ દરમિયાન આ તલાટી-કમ-મંત્રીની જગ્યા ભરાય નથી. આ રાજ્ય સરકાર આવ્યા પછી આ તલાટી-કમ-મંત્રીની જગ્યા એમણે કહ્યું એ પ્રમાણે કેટલી અગત્યની છે એ તાત્કાલિક ભરવી પડે અને એટલા માટે આ રાજ્ય સરકાર છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન પંચાયત સહાયકના નામે ૧૦૦૦ નવી જગ્યા ઊભી કરીને એમને ભરવા માટે પ્રયત્નો કર્યા છે અને ૧૦૦૦માંથી લગભગ ૭૦૦ લોકો ભરાઈ ગયા અને રહેમરાહેના ૧૯૪ એમ કરીને ૯૦૦ લોકોની જગ્યા ભરાય છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પંચમહાલ અને દાહોદ જિલ્લામાં હાલમાં કેટલી જગ્યા ખાલી છે અને અતિપછાત જાહેર થયેલા તાલુકાને અગ્રતા આપવા માગો છો કે કેમ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલમાં મંજૂર થયેલી જગ્યા ૫૩૩ છે અને ભરાયેલ જગ્યા ૪૫૮, ખાલી જગ્યા ૭૫ છે. પછી એમણે બીજું દાહોદનું કહ્યું એમાં ૨૭૦ મંજૂર, ૨૪૫ ભરાયેલ, ૨૫ ખાલી. મેં કહ્યું એમાં આ બધા જિલ્લામાં કુલ મળીને ૧૦૦૦ જગ્યા છે પંચાયત સહાયકના નામે ભરવાની છે અને એમાં ૭૦૦-૯૦૦ જેટલી ભરાઈ ગઈ છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે ગ્રામ્ય લેવલની આ બહુ અતિ અગત્યની જગ્યા છે. જવાબ પૂછીશું એટલે કહેશે કે બહુ ત્વરિત ગતિએ, ટૂંક સમયમાં અને ઝડપથી ભરી કાઢીશું. મારે મંત્રીશ્રી પાસે એટલું જાણવું છે કે એનો કોઈ ચોક્કસ ટાઈમ કહેવા માગો છો કે કેમ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં સરકારની અંદર સરકારી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા જે તે વિભાગ પાસે હોતી નથી, એની ચોક્કસ જગ્યાઓ, ચોક્કસ સમયગાળો હોય એ સમયગાળો અમારા હાથમાં નથી હોતો. ગૌણ સેવા પસંદગી મંડળ પાસે હોય અને એ લોકો જે રીતે ભરતા હશે એ ભરીને અમારા વિભાગમાં ૧૦૦૦ આપશે એટલે અમે બને એટલી ત્વરાથી ભરીશું.

**શ્રી કનુભાઈ મે. ભલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે આવી અગત્યની જગ્યાઓ એના માટે તલાટી-કમ-મંત્રીની શોર્ટેઝ કે કોઈ અન્ય કારણોસર આવી જગ્યા ભરવામાં નથી આવતી કે આવા કોઈ લાયક ઉમેદવારો નથી મળતા તલાટી-મંત્રીની ફરજ બજાવી શકે એવી અગત્યની જગ્યા જો લાંબા સમય સુધી ખાલી રહે તો રાજ્ય સરકારના કે અન્ય સંસ્થાના કે ખેડૂતના કે ગામડાંની અંદર કોઈ કામો પૂરા નથી થતા તેમજ રાજ્ય સરકારની કોઈપણ યોજના જો પૂરી કરવી હોય તો એમાં તલાટી-કમ-મંત્રી ના હોવાને નાતે પૂરેપૂરી મુશ્કેલી ગામડાં અનુભવી રહ્યાં છે.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, આનો ઈતિહાસ એવો છે ૧૯૮૫માં આપણા રાજ્યની અંદર સળંગ ચાર વર્ષ દુષ્કાળ પડ્યો એ દિવસે રાજ્ય સરકારે સરકારી નોકરીઓમાં પ્રતિબંધ મૂકેલો અને એ પ્રતિબંધ એક યા બીજા કારણોસર વરસાદ સારો થયો, ૧૯૮૫ થી ૧૯૯૫ સુધી, ૧૯૯૬, ૧૯૯૭ અને કાળક્રમે પછી એમાંથી છુટ મળી અને એમાંથી આ રાજ્ય સરકાર આવ્યા પછી આ બધામાંથી નિર્ણય કરીને ૧૦૦૦ પંચાયત સહાયકો ભરવાનો નિર્ણય કર્યો છે.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, રાજય સરકારે છેલ્લે આ તલાટી કમ મંત્રીશ્રીઓની ભરતી ક્યારે કરી ?

**શ્રી ભરત બારોટ** : આમાં ૧૯૯૭માં એક સ્પેશિયલ ભરતી કરવામાં આવી અને એ વખતે લગભગ સો-સવાસો લોકો અને મહિલા તલાટીઓની ભરતી કરવામાં આવી હતી.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, તલાટીઓ જે મોટા શહેરોની આસપાસના જે સૈજા છે એમાં ઓછી જગ્યાઓ ખાલી રહે છે અને પછાત તાલુકાના ગામડાઓમાં એમની બદલી થતી હોય ત્યારે ત્યાં જતા નથી અને રજા ઉપર ઊતરી જતા હોય છે ત્યારે આ મહેકમ બેલેન્સ કરવા માટે કોઈ વિચારણા કરવા માગો છો કે કેમ ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સૂચન છે, છતાં પણ આખા રાજયમાં આ જે પ્રશ્ન છે એ હકીકત છે. નાના-મોટા શહેરોની નજીકમાં એવા જિલ્લાઓમાં તલાટીઓ વધારે હોય છે અને દૂરમાં નથી હોતા એના માટે એક સર્વગ્રાહી નીતિ નક્કી કરી આ નિર્ણય કરાશે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, તલાટીઓની ખાલી જગ્યાઓ એ બહુ ગંભીર બાબત છે આ લોક ઉપયોગી જગ્યાઓ છે, એક એક તલાટીને પાંચ-પાંચ સૈજા ખેડા અને આણંદ જિલ્લામાં આપ્યા છે. આ બહુ મહત્ત્વની બાબત છે અને લોક ઉપયોગી બાબત છે, એમાં સરકાર શા માટે કરકસર કરે છે, જ્યાં કરકસર કરવી હોય ત્યાં કરો પણ આ જગ્યાઓ જલદી ભરી દેવી જોઈએ, ઉચ્ચક ભરો પણ ભરો. સરકાર શું કરવા માગે છે, ભરવા માગે છે કે કેમ અને ક્યારે ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, એ ગંભીર છે, પ્રશ્ન સાચો છે. રાજય સરકાર આના ઉપર ગંભીરતાથી વિચારી રહી છે, અગત્યની જગ્યા છે, એક હજાર પંચાયત સહાયકો પછી બને એટલી ત્વરાએ આગામી દિવસોમાં ભરાશે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, તલાટી મંત્રીની ઘટ હોય, એક તલાટી મંત્રી પાસે ચાર, પાંચ, સાત કે આઠ ગામો હોય છે, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અત્યારે જે લખ્યું છે કે, તલાટી-મંત્રી બુધવારે મળશે એના કારણે પંચાયતમાં મંત્રીને કયાં શોધવા ? ગામોમાં આખા અઠવાડિયામાં એ કયા કયા ગામે છે એવા પ્રકારના દરેક જગ્યાએ બોર્ડો મૂકીને ગ્રામ્ય જનતાને જણાવવા માગો છો કે કેમ ?

**શ્રી ભરત બારોટ** : સૂચન છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ લગભગ અત્યાર સુધીમાં એક હજાર જગ્યાઓ ભરી દીધી એનો ઉલ્લેખ કર્યો એમાં કુલ ૨૩૩૧ જગ્યાઓ આખા રાજયમાં ખાલી છે એટલે હજી ૬૦ ટકા જેટલી જગ્યાઓ ખાલી છે એટલે કે ૪૦ ટકા જગ્યાઓ જ ભરાયેલ છે એવા સંજોગોમાં આ વસ્તુ ૫૦-૫૦ટકા ભરાઈ ગઈ હોત તો પણ વાંધો નહતો પણ ૪૦ ટકા કરતાં ઓછી જગ્યાઓ ભરાયેલ છે ત્યારે આમાં ઝડપથી કોઈ કાર્યવાહી થાય એના માટે સરકાર કંઈ કરવા માગે છે કે કેમ ?

**શ્રી ભરત બારોટ** : મહેન્દ્રભાઈનું ગણિત કાચું છે. ૧૧૯૫૧ જગ્યાઓમાંથી ૯૬૨૦ જગ્યાઓ ભરાયેલી છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : એમાં લખ્યું છે કે, તા ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સમગ્ર રાજયમાં કુલ કેટલી જગ્યાઓ ખાલી છે ? તો જવાબમાં છે કે, ૨૩૩૧ એટલે તમે એક હજાર જગ્યાઓ ભરી.

**શ્રી ભરત બારોટ** : ૧૧૯૫૧માંથી ૯૬૨૦ ભરાયેલ છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : ૨૩૩૧ ખાલી છે ત્યારે એમણે કહ્યું કે એક હજાર નવી ભરી એવી વાત કરી તો ૨૩૩૧માંથી એક હજાર એટલે કેટલી થાય ? હું ગણિતનો વિદ્યાર્થી છું

**શ્રી સુનીલ બા. ઓઝા** : મારે તો લાંબુ પૂછવું ન હતું, બાપુ પૂછે અને બારોટ આ પ્રશ્નનો જવાબ આપે તો તલાટી મંત્રીનું શું થશે? મારે પૂછવું છે કે, કેટલાય તલાટીઓ કાર પણ રાખે છે અને પી.એ. પણ રાખે છે તો આ અંગે તપાસ કરવા માગો છો કે કેમ ?

**શ્રી ભરત બારોટ** : ફરિયાદ આપશે તો એની તપાસ જરૂર કરીશું અને એને સજા પણ કરીશું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું કે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ મારફત આ ભરતી કરવામાં આવે છે આ અમારા હાથમાં નથી. તો હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગૌણ સેવા પસંદગી મંડળમાં જે અધ્યક્ષની નિમણૂક કરવામાં આવે છે એ નિમણૂક કોણ કરે છે? આ ગંભીર સમસ્યા છે, ગંભીર પ્રશ્ન છે. ગામડાંમાં લોકોની મોટામાં મોટી જરૂરિયાત હોઈ, મંત્રીશ્રીએ જવાબ આપ્યો એ જગ્યા ભરવાનું કામ અમારા હાથમાં નથી તો ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ સરકારના હાથ નીચે આવે છે કે કેમ? અને તાત્કાલિક જાહેરાત કરીને ૬ મહિનામાં આ ભરતી કરવા માગે છે કે કેમ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, એક હજારમાંથી ૮૫૦ લોકો હાજર થઈ ગયા છે. બાકીના લોકોને ઝડપથી હાજર કરવાના છે.

### કેન્દ્ર સરકાર દ્વારા અલ્પ સંખ્યકોને સહાય

***૧૭૭૯૬ ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) કેન્દ્ર સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ ભાષાકીય અલ્પસંખ્યકોને ધિરાણ આપવા માટે કેટલી સહાય આપી, અને

(૨) તે પૈકી કઈ કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમ ફાળવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા કોઈ સહાય ફાળવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, લઘુમતીઓ માટેના બોર્ડને ભા.જ.પા. સરકારે નિગમમાં પરિવર્તિત કર્યું એ ખૂબ આવકારદાયક પગલું હતું. આ નિગમ દ્વારા ધાર્મિક અને ભાષાકીય લઘુમતીઓને લાભ આપવામાં આવે છે એમને ધિરાણ પણ આપવામાં આવે છે. આપના મારફત પૂછવા માગું છું કે ભાષાકીય લઘુમતીઓને કઈ કઈ યોજનાનો લાભ આપવામાં આવે છે અને જો ન આપવામાં આવતો હોય તો કેન્દ્ર સરકારને આ અંગે ભલામણ કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ભાષાકીય લઘુમતીમાં આજ દિન સુધી કેન્દ્ર સરકાર તરફથી એક પણ નવો પૈસો આપવામાં આવ્યો નથી. જયારે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે ત્યારે એમાં કેન્દ્ર સરકારમાં આ અંગેની ભલામણ કરીને મળે એ માટે પ્રયત્ન કરીશું.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી જાણ છે ત્યાં સુધી અગાઉ ભાષાકીય લઘુમતી બોર્ડમાં ડાયરેકટર હતા. ભાષાકીય લઘુમતીને અગાઉ પણ લાભ આપવામાં આવેલ છે કે કેમ? મારા ખ્યાલ પ્રમાણે લાભ આપવામાં આવે છે. મંત્રીશ્રી સ્પષ્ટતા કરે તેવી વિનંતી.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૦૦-૦૧માં નાણા આપવામાં આવેલ હતા. આ અંગે ડ્રો કરીને ૬૬ લાભાર્થીઓને ૩૬.૬૦લાખનું ધિરાણ કર્યું. કેન્દ્ર સરકારમાં યાદી મોકલવામાં આવી તો કેન્દ્ર સરકારે રીજેકટ કરી. ભાષાકીય લઘુમતીમાં આ પ્રકારનું ધિરાણ થઈ શકે નહીં એક વખત ભૂલથી રાજય સરકારે ધિરાણ કર્યું હતું. જેની કેન્દ્ર સરકારે ના પાડી હતી.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : પ્રક્રિયા જોઈને ધિરાણ કરેલું હોવું જોઈએ કે કેમ?

**અધ્યક્ષશ્રી** : એની પછી ચર્ચા કરી લેજો.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ભાષાકીય અલ્પસંખ્યકોમાં કોનો કોનો સમાવેશ થાય છે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ભાષાકીય અલ્પસંખ્યકોમાં ઉર્દુ, મરાઠી અને સિંધીનો સમાવેશ થાય છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર તરફથી ના ની ડાયરેકશન આપી છે તો કેન્દ્ર સરકારને ફેરવિચારણા કરવા માગે કહેવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : હાજી.

**ખેડા અને માતર તાલુકામાં ખેત તલાવડી માટે અનાજની કૂપનો**

***૧૭૫૪૪ શ્રી રાકેશ રાવ (માતર)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ ખેડા અને માતર તાલુકાઓમાં ખેત તલાવડી યોજનાના સંદર્ભમાં આપવામાં આવેલ અનાજની કુપનોના બદલામાં શ્રમજીવીઓને અનાજ મળેલ નથી તે હકીકત ખરી છે,

(૨) આટલો બધો વિલંબ થવા પાછળ શું કારણો જવાબદાર છે, અને

(૩) આ અનાજ શ્રમજીવીઓને કયાં સુધીમાં મળી જશે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) આ યોજના અંતર્ગત મળવાપાત્ર અનાજ કે રોકડ સહાય ચૂકવાઈ ગઈ છે.

(૨) અને (૩) : યોજના અંતર્ગત મળવાપાત્ર સહાય ચૂકવી દીધેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રાકેશ રાવ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે આ યોજના અંતર્ગત મળવાપાત્ર અનાજ કે રોકડ સહાય ચૂકવાઈ ગઈ છે. જો ખરેખર આ સ્થિતિ હોય તો આભાર વ્યકત કરું છું. હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કેટલી રોકડ સહાય અને કેટલા અનાજની ચૂકવણી કરવામાં આવી છે અને એમણે કયારે કરેલ કામમાં કેટલા સમય બાદ ચૂકવણું કરવામાં આવ્યું અને સુપ્રીમ કોર્ટે જે ડાયરેકશન આપી છે કે શ્રમજીવી કામ કરે અને તરત ચૂકવણી થઈ જાય તો આની કડક અમલવારી કરવા માટે વિભાગ શું કાર્યવાહી કરવા માગે છે?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા તાલુકામાં ૩૦૫ ખેત તલાવડી અને માતરમાં ૩૨૭ આમ કુલ ૬૩૨ ખેત તલાવડીમાં ખેડામાં ૧૮૪.૯૫ મૅટ્રિક ટન, માતરમાં ૨૧૭.૮૨ મૅટ્રિક ટન અનાજનો જથ્થો ચૂકવવામાં આવ્યો. આ બધામાં જવાબ લખ્યો છે તે પ્રમાણે ખેત તલાવડી સામે અનાજ અને અનાજ ન હોય તો તેની સામે પૈસાનું ચુકવણું થઈ ગયું છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ખેત તલાવડીમાં અનાજ અને રોકડ બંને ચૂકવવામાં આવે છે. હવે અનાજ અને રોકડ એ કયા રેશિયામાં ચૂકવવામાં આવે છે? અનાજની જગ્યાએ રોકડ ચૂકવવામાં આવે છે તો રોકડ એસ.જી.આર.વાય. માં કે પંચાયતના ખાતામાં જમા થાય છે? એમાં કોઈ ગેરરીતિ ધ્યાન ઉપર આવી છે કે નહિ?

**શ્રી ભરત બારોટ** : આ માતર તાલુકાનો અને ખેડા તાલુકાનો પ્રશ્ન છે. આખા ગુજરાતનો કે એમના વિસ્તારનો પ્રશ્ન નથી,

**અધ્યક્ષશ્રી** : એસ.જી.આર.વાય. માં જમા થાય છે કે બીજે?

**શ્રી ભરત બારોટ** : એસ.જી.આર.વાય. માં જમા થાય છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : બીજા કોઈ ખાતામાં જમા થયેલ હોય તેવી કોઈ ફરિયાદ છે આપની પાસે?

**શ્રી ભરત બારોટ** : મારી પાસે નથી. ફરિયાદ આપશે તો કરી આપીશ.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : આ જે અનાજ આપવાની પ્રક્રિયા હતી તો અનાજ ન આપવાના બદલે રોકડ સહાય આપવાનાં કારણ શાં? રોકડ સહાય આપવી એવો નિર્ણય રાજ્ય સરકારે ક્યારે લીધો? માતર અને ખેડામાં કઈ તારીખે ચુકવણું થયું?

**શ્રી ભરત બારોટ** : આ યોજનાના પરિપત્રમાં બે વાત છે. કેન્દ્ર સરકાર દ્વારા અનાજ આપવામાં આવે છે અને જ્યારે કેન્દ્ર સરકારે અનાજ આપવાનું બંધ કર્યુ અને આપણને જથ્થો ન મળ્યો, એટલા માટે રાજ્ય સરકારે તા. ૧૨-૧૨-૨૦૦૫ ના રોજ જે કૂપનો જ્યારે લોકો આપે ત્યારે એને કિલો દીઠ ૫ રૂપિયા જેટલા રૂપિયા આપવાનું નક્કી કર્યુ.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માતર અને ખેડામાં ખેત તલાવડી સંદર્ભે ચુકવણાની વાત કરી. અનાજ ચૂકવવામાં આવ્યું જ નથી. એના કરતા ખેત તલાવડી ના કરાવડાવેલ હોત તો સારું. અનાજ આપવા માગો છો કે કેમ? ના આપેલ હોય તો એની તપાસ કરો અને અનાજ કે પૈસા આપો?

**શ્રી ભરત બારોટ** : જે લોકોને અનાજની કૂપનો પહેલા વહેંચાઈ છે અને અનાજ નથી મળ્યું તે તમામ લોકોને રાજ્ય સરકારે કેસમાં પૈસા આપવાનું તા. ૧૨-૧૨-૨૦૦૫ ના રોજ પરિપત્ર કર્યો છે. ટૂંક સમયમાં બધા પૈસા વહેંચાઈ જશે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : નટવરસિંહે જે ચિંતા વ્યક્ત કરી તે સાચી છે. બબ્બે,ત્રણ-ત્રણ મહિના સુધી મજૂરો રસીદો લઈને ફર્યા, તેમ છતા બબ્બે, ત્રણ-ત્રણ મહિના સુધી અનાજ નહોતું મળ્યું. ત્યારપછી રોકડનો નિર્ણય લેવામાં આવેલ છે તે વાત સાચી છે?

**શ્રી ભરત બારોટ** : આપની લાગણી સાચી છે. કેન્દ્ર સરકારમાંથી અનાજનો જથ્થો ન આવ્યો, એટલે રાજ્ય સરકારે ના છુટકે આ પરિપત્ર કેસનો કર્યો છે.

## અનુસૂચિત જાતિની કલ્યાણલક્ષી યોજનામાં રકમની ફાળવણી

***૧૭૭૯૨ ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ સરકારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની અનુસૂચિત જાતિની કલ્યાણલક્ષી કઈ કઈ યોજનાઓમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૦ શૂન્ય રકમની ફાળવણી કરવામાં આવી છે,

(૨) કઈ કઈ યોજનામાં કેટલી રકમ ફાળવ્યા બાદ પૂરતી રકમ વપરાયા વગર રહી જવા પામી, અને

(૩) કઈ કઈ યોજનાઓમાં રકમનો ઘટાડો કરવામાં આવેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ઘણાં વર્ષોથી બિનલોકપ્રિય ૫ જેટલી યોજનાઓમાં ફાળવણી કરવામાં આવી નથી.

(૨) એક પણ યોજનામાં નહીં.

(૩) જે યોજનાઓમાં ઘણાં વર્ષો સુધી નાણાં વપરાતા નહોતા તેવી યોજનાઓની રકમમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

**ડૉ. દિનેશ પરમાર** : મે પ્રશ્નમાં પેટા પ્રશ્ન-૧ માં સ્પષ્ટ પ્રશ્ન કર્યો છે કે કઈ યોજનાઓમાં તેની સામે કઈ કઈ યોજના જાણવાનો પ્રયત્ન કર્યો, તેના બદલે બિનલોકપ્રિય ૫ યોજનાઓમાં એવો જવાબ છે, એટલે સ્પષ્ટ નામ નથી. જ્યારે પેટા પ્રશ્ન ૩ માં કઈ યોજનાની રકમમાં ઘટાડો કર્યો? જેમાં જવાબ આપ્યો છે જે યોજનાઓમાં ઘણાં વર્ષો સુધી, તો એની અંદર પણ મેં યોજના જાણવાનો પ્રયત્ન કર્યો છે. આ ફાળવેલ નાણાં નહિ વપરાવવાનાં કારણ શાં છે અને આ કારણ શોધી કાઢી પૂરતી રકમ વાપરી અને લાભાર્થીઓને થતો અન્યાય દૂર કરવા માગો છો કે કેમ? સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના લાભાર્થીઓ છે, એને ખરેખર સરકાર ન્યાય આપવાનું કામ કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય સભ્યશ્રીએ કહ્યું છે તેની પૂરતી વિગત આપી દઉં. રાજ્ય સરકારે જે જે યોજના ઘણા લાંબા સમય સુધી ચાલતી હતી, જેમાં છેલ્લા ૫ વર્ષમાં ફાળવણી કર્યા પછી પણ એમાં બિલકુલ ખર્ચ નથી થયો અથવા થવાની કોઈ સંભાવના નથી, તો એ યોજના બંધ કરીને તેની સામે વધારે નાણાં ઉપલબ્ધ થાય અને સારી અને સરળ યોજના થાય એ માટે જૂની યોજના બંધ કરીને નવી યોજના ચાલુ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવી જે યોજનાઓ છે તેમાંથી એમણે કહયું કે હાલ શૂન્ય ફાળવણીવાળી યોજનાઓ છે તેમાં (૧) અનુસૂચિત જાતિના શિક્ષિણ બેરોજગારોને પેટ્રોલપંપ, કેરોસીન, ગેસ એજન્સી માટે નાણાંકીય સહાય, (૨) આઈ.એ.એસ., આઈ.પી.એસ. સંલગ્ન સેવાઓ માટે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વૃત્તિકા (૩) અનુસૂચિત જાતિ સંશોધન કેન્દ્ર (૪) ધોરણ-૮ થી ૧૦માં અભ્યાસ કરતા ખાનગી શાળાના વિદ્યાર્થીઓને ટયુશન ફી (૫) અનુસૂચિત જાતિની સહકારી ગૃહ મંડળી ટી.એ.ડબલ્યુ.આર-૨૧૯ માટેની સહાય. આ પાંચ યોજનાઓની અંદર શૂન્ય ફાળવણી કરી છે. જે યોજનાઓમાં ઘટાડો કરવામાં આવ્યો છે એટલે કે રાજય સરકારે જેમાં જોગવાઈ કરી હતી પરંતુ ખર્ચ થતો નથી અને સળંગ પાંચ વર્ષનો અનુભવ કરતાં જેમાં ખર્ચ થતો નથી તેમાં આ વર્ષમાં ઘટાડો કરવામાં આવ્યો છે. એમાં જે યોજનાઓ છે તેમાં કોમર્શિયલ પાઈલોટ લાઈસન્સ તાલીમ, ધોરણ-૧૧ અને ૧૨ ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ટયુશન કલાસીસ, ધોરણ-૧૧ના વિજ્ઞાન પ્રવાહ સિવાયના વિદ્યાર્થીઓ માટે ટયુશન, ખેતીની જમીન ખરીદવા માટે તથા શિક્ષિત બેરોજગારોને કોમ્પ્યુટર તાલીમ.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જે યોજનાઓના નામ લીધા તેમાં આખું ગૃહ ગંભીરતાથી વિચારે તો બિનલોકપ્રિય છે તે કહી શકાય ખરું. કોઈપણ વિદ્યાર્થી ટયુશન લેતો હોય અને ફી આપવા માટેની કાર્યવાહી હોય, પેટ્રોલપંપમાં આર્થિક મદદ કરવાની હોય સાહેબ કોણ આવી મદદ લેવા તૈયાર ન થાય. આ તો બિનલોકપ્રિય ગણી બંધ કરવા માટે આ કર્યુ છે.

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, યુવાનો પેટ્રોલપંપ, કેરોસીન, ગેસ એજન્સી માટે નાણાંકીય સહાય યોજના. આ નાણાંકીય યોજના ૧૯૮૬-૮૭માં અમલમાં આવી, આ યોજનામાં ૧૯૯૪-૯૫ થી આજદિન સુધી એકપણ લાભાર્થી મળ્યો નથી. ૧૯ વર્ષ થયા માત્ર આઠ લાભાર્થીઓએ આનો લાભ લીધો છે.

કુલ ૩૪ લાખની જોગવાઈ થઈ હતી તેની પાછળ ફક્ત ૩.૨૭ હજારનો ખર્ચ થયો છે. આ સાહેબ ૧૯૯૭-૯૮ થી ૨૦૦૫-૦૬ સુધીના ઝીરો ખર્ચ થયેલ છે તેના સરકારી આંકડા છે.

**જોડીયા તાલુકામાં સ્વ સહાય યોજના હેઠળ ખેડૂતોને પાઈપ લાઈન**

***૧૭૮૬૯ શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી (જોડિયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે,

(૧) જોડીયા તાલુકામાં સ્વ સહાય યોજના નીચે ખેડૂતોને પાઈપ લાઈન નાંખવા સબસીડી ચૂકવવામાં આવે છે,

(૨) જો હા, તો છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જોડીયા તાલુકાના કેટલા જુથને સબસીડી ચૂકવવામાં આવેલ છે,

(૩) કુલ કેટલી અરજીઓ આવેલ હતી, અને

(૪) તે પૈકી કેટલી અરજીમાં લાભાર્થીને સબસીડી ચૂકવવામાં આવી?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજયકક્ષા):**

(૧) હા,જી.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જોડીયા તાલુકાના ત્રણ જૂથોને સબસીડી ચૂકવવામાં આવેલ છે.

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં ચાર અરજીઓ આવેલ હતી.

(૪) આવેલ અરજીઓ પૈકી ત્રણ અરજીઓ મંજૂર થયેલ હતી, ત્રણ જૂથોને સબસીડી ચૂકવવામાં આવેલ છે.

**શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે સ્વ સહાય યોજનામાં ખેડૂતોને પાઈપ લાઈન આપવા માટે સબસીડી ચૂકવવામાં આવી છે. તેમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૪ અરજીઓ આવી તેમાંથી ત્રણ મંજૂર કરવામાં આવી છે. તેમાંથી બે અરજીઓ પ્રથમ તો નામંજૂર કરવામાં આવી હતી અને તે ગમે તે કારણોસર ફરીથી મંજૂર કરવામાં આવી છે. તો આ ફરીથી મંજૂર કરવામાં વ્યાપક ગેરરીતિ થઈ હોય તો તેની તપાસ કરવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે ચારમાંથી ત્રણ અરજીઓ મંજૂર કરવામાં આવી અને એક નામંજૂર કરવામાં આવી તો આ નામંજૂર થયેલી અરજીના કારણો શું છે અને જો તે નિયમસરની અરજી હોય તો તેને સબસીડી ચૂકવવા માગો છો કે કેમ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના જિલ્લા કક્ષાએથી ડી.આર.ડી.એ. અને ડી.ડી.ઓ. ભેગા થઈ નક્કી કરતા હોય છે. તેમાં ડી.ડી.ઓ.ની એક સમિતિ હોય છે. પહેલા સાહેબ રજૂઆત ત્રણ લોકોની આવી હતી એ ત્રણે ત્રણને સહાય ચૂકવાઈ છે. તે ત્રણના નામ કહું તો જયભવાની જલધારા પિયત અને ધિરાણ જૂથ મુ.હડીયાણા, જય બહુચરાજી પિયત અને ધિરાણ જૂથ, જેસાપરા, બંસીધર સિંચાઈ જૂથ મોરાડા. આ ત્રણેએ અહીયાં રજૂઆત થઈ ત્યારે રજૂઆતના આધારે જિલ્લા કક્ષાએ ચર્ચા થઈ અને ડી.ડી.ઓ. એ પુનઃસમીક્ષા કરી ત્રણ યોજનાઓને સહાય આપી છે. ચોથી જે બાકી છે તેમાં સાહેબ આ તો લોનની બેન્કેબલ યોજના છે, રાજય સરકાર ચુકવણી નથી. તેમાં બૅન્ક પૈસા ચૂકવતી હોય છે. તેની અંદર ધિરાણ માટેના પૂરતા કાગળો મળી જશે ત્યારે ચોથાને પણ ચૂકવવામાં આવશે.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખેડૂતોના હિતની આ અગત્યની યોજના છે. આ યોજનાઓનો બહોળા પ્રમાણમાં પ્રચાર, પ્રસાર થાય તેના માટે રાજય સરકારશ્રી દ્વારા કોઈ પદ્ધતિ નક્કી કરવામાં આવી છે કે કેમ અને આ જે અરજીઓ આવેલ છે તેમાં મને એવું લાગે છે કે તેમાં ખેડૂતોને કોઈ જાણકારી હોતી નથી. તો આવી જાણકારી આપવા માટે પ્રચાર, પ્રસારની પદ્ધતિ અખત્યાર કરવામાં આવેલ છે કે કેમ?

**શ્રી ભરત બારોટ** : રાજય સરકાર દ્વારા પ્રાંત કક્ષાએથી ગ્રામીણ વિકાસની વિવિધ યોજનાઓ માટે જે તે જિલ્લા અને એના માટેનું ફંડ ફાળવવામાં આવે છે અને એ લોકો એ રીતે લોકલ સ્તરે એનો પ્રચાર કરતા હશે અને એના આધારે આટલા આ બધા કામ થયા છે અને એનો લક્ષ્યાંક પણ ઘણો છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વ સહાય યોજનામાં સબસિડી ચૂકવવામાં આવે છે એ સબસિડીની મર્યાદા કેટલી છે અને કેટલા રૂપિયા ધીરાણની પાછળ કેટલી સબસિડી ચૂકવવામાં આવે છે ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, સવા લાખ રૂપિયા મેકસીમમ ચૂકવાય છે અને સ્વ સહાય જૂથ તરીકે એ મેકસીમમ ચૂકવાય છે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ માગણીદારની અરજી પહેલાં નામંજૂર કરવામાં આવે અને પછી પાછળથી એ અરજી મંજૂર કરવામાં આવે આ ગંભીરતાની પણ આ માનનીય સભાગૃહે નોંધ લેવાની જરૂર છે, બીજી બાબત એ છે કે, જે અરજી બાકી રહી છે એ માટે અધિકારીઓને સૂચના આપી ખૂટતી વિગતોની પૂર્તતા કરાવીને એને આપવા માગે છે કે કેમ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં આ રાજય સરકારે નથી આપવાની, બૅન્કમાં જઈ બૅન્કનું ધીરાણ પચાસ ટકા અને પચાસ ટકા રાજય સરકારની સહાય છે બૅન્કોમાં પૂરતું થઈ જશે તો રાજય સરકાર એની સહાય ચૂકવશે, બૅન્ક ન ચૂકવે તો શું કરવાના?

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં માનનીય દિનેશભાઈએ જે ચિંતા વ્યક્ત કરી કે અરજદાર અરજી કરે અને સાચી અરજીને ન્યાય ન મળે એના કારણના મૂળમાં ભ્રષ્ટાચાર સમાયેલો છે અને ફરીવાર અરજીની જ્યારે સમીક્ષા કરવામાં આવે છે ત્યારે અરજદારો અધિકારીઓને પૈસા આપે છે ત્યારે આ અરજીઓ મંજૂર થાય છે તો અરજીઓ પહેલાં નામંજૂર કરીને ફરીવાર એની સમીક્ષા કરવાના કારણો શું છે ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, જે તે ગામની અંદર જ્યારે સ્વ સહાય જૂથ બન્યા હોય એ સ્વ સહાય જૂથની અંદર ગરીબ, ગરીબની વ્યાખ્યામાં, એમાં ગરીબ સિવાયના લોકો આવી જતા હોય છે ત્યારે આ સ્વ સહાય જૂથની એ સહાય મળતી નથી, બીપીએલ સિવાયના ઉપરના હોય તો ના મળે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં જે સ્વ સહાય જૂથોની ત્રણ અરજીઓ ના મંજૂર કરવામાં આવી એ કયા કારણોસર નામંજૂર કરવામાં આવી અને જ્યારે એ જ અરજીઓની પુનઃસમીક્ષા કરી પછી એ મંજૂર કરવામાં આવી તો પુનઃઃસમીક્ષામાં શું શું મુદ્દાઓ હતા ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ આખા પ્રશ્નની અંદર મૂળ પ્રશ્ન એ કે ગામમાં જે સ્વ સહાય જૂથ બન્યા એમાં ફરિયાદીમાં (અંતરાય)..

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો કારણો માગ્યા છે?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, એમાં કોઈ સ્પેશિફિક કારણ છે કે આ ખૂટતું હતું અને એની પૂર્તતા થઈ એટલે આ મંજૂર થઈ એવું કંઈ છે?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે મારી પાસે નથી. એ ફરીવાર મૂકીશ. (અંતરાય).

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, એ કારણો તો એમની પાસે હોવાં જોઈએ. (અંતરાય) આ મુલતવી...

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, એ માહિતી આપી દેશે,

**શ્રી ભરત બારોટ** : આ પ્રશ્નનો જવાબ મળી ગયા પછી મુલતવી રાખવાનો કોઈ સવાલ નથી.

**અધ્યક્ષશ્રી .** : માનનીય મંત્રીશ્રી, એ કારણો સભાગૃહના ટેબલ ઉપર મૂકજો.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, એ જો કારણો મારી પાસે આવશે તો ટેબલ ઉપર મૂકીશ.

**અધ્યક્ષશ્રી .** : આવશે તો નહીં, તમારે મંગાવવા જ પડે. (અંતરાય)

**શ્રી ભરત બારોટ** : હા, મૂકી દઈશ, ટેબલ ઉપર મૂકી દઈશ.

**અધ્યક્ષશ્રી :** મૂકી દેશે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, જે કારણો...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, એ કારણો આપે ગૃહના ટેબલ ઉપર મૂકવાના છે.

**શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પેટા પ્રશ્નમાં જે મૂળ વાત હતી કે આ બે સબસિડી ચૂકવવામાં આવી છે એમાં ગેરરીતિ થઈ હોય તો માનનીય મંત્રીશ્રી તપાસ કરાવવા માગે છે કે કેમ?

**શ્રી ભરત બારોટ** : જરૂર કરવા માગીએ છીએ.

## વલસાડ જિલ્લામાં વોટરશેડના કામો

***૧૭૮૯૪ શ્રી શંકરભાઈ મં. વારલી (ઉંમરગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

(૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં વોટર શેડ અન્વયે તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલા કામો છેલ્લા એક વર્ષમાં મંજૂર થયેલ છે, અને

(૨) કઈ કઈ એજન્સીને ક્યારે કામો સોંપવામાં આવેલ છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** ( રાજ્યકક્ષા ) :

(૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં વોટર શેડ અન્વયે તા. ૩૧-૧-૦૬ સુધીમાં ચાર કામો (વોટર શેડ પ્રોજૅકટ) મંજૂર થયેલ છે.

(૨) તાલુકા પંચાયત ઉમરગામને ફેબ્રુઆરી-૦૫ અને જાન્યુઆરી-૦૬માં આ પ્રોજૅકટના કામો સોંપવામાં આવ્યા છે.

**શ્રી શંકરભાઈ મં. વારલી :** માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નમાં જે જવાબ આપવામાં આવ્યો છે કે ચાર કામો મંજૂર કરવામાં આવ્યા છે તો ઉમરગામના કયા -કયા ગામોમાં આ વોટર શેડ પ્રોજૅક્ટ મંજૂર કરવામાં આવેલ છે અને કઈ એન.જી.ઓ.ને આપવામાં આવેલ છે અને આ વોટર શેડ પ્રોજૅક્ટમાં કેટલી રકમ ફાળવી અને અત્યાર સુધી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉમરગામ તાલુકાના જે જે ગામો નીચે આ વોટર શેડ પ્રોજૅક્ટનો અમલ થયો છે એ ગામોના નામો આપું તો આ વોટર શેડ પ્રોજૅક્ટમાં જે સમાવેશ થયેલ ગામોમાં જંબુરી, એકેલરા, સરઈ, આહુ, બલગામ અને માણેકપુર છે આની પ્રોજૅક્ટ ઈમ્પલીમેન્ટીંગ એજન્સી જે તે તાલુકા પંચાયત એટલે ઉમરગામ છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં વોટર શેડ યોજનામાં ગેરરીતિ થયેલી છે અને આ ચર્ચા વીજીલન્સની મીટિંગમાં પણ થઈ હતી અને જે માણસો હયાત નથી એવા એવાના નામે પણ આનો લાભ લેવામાં આવે છે એના ઉપર કાર્યવાહી કરવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે, વલસાડ જિલ્લામાં વોટરશેડની યોજનામાં આખા ગુજરાતની વાત કરું તો ધારાસભ્યના જે મત વિસ્તારમાં જે જગ્યાએ કામ ચાલતું હોય ત્યાં વિશ્વાસમાં પણ લેવામાં આવતા નથી અને ધારાસભ્યશ્રીને ખબર પણ હોતી નથી બારોકાર એજન્સી આવીને કામ કરીને નીકળી જાય છે પછી જયારે વિજિલન્સ કમિટીમાં જાય ત્યારે ખબર પડે છે કે, કોને રોપા આપ્યા, કોને કલમ આપી. તો આ પદ્ધતિમાં સુધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઉમરગામનો પ્રશ્ન છે આમાં અમલ કરનારી એજન્સી જે તે તાલુકા પંચાયત છે કોઈ વ્યકિત નથી. છતાં તાલુકા પંચાયતમાં એવું કાંઈ હોય તો એમાં મને ફરિયાદ કરશે તો તપાસ કરાવીશ.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે, ઉમરગામ તાલુકામાં વોટરશેડના ૩૧-૧-૦૬ સુધીના ૪ કામ કર્યા છે તો એમાં મારે જાણવું છે કે, આ વોટરશેડનું કામ કઈ કઈ કંપનીઓએ કઈ કઈ એન.જી.ઓ.ને આપ્યું છે, અને કેટલા રૂપિયા ફાળવવામાં આવ્યા છે? અને કેટલા ગામોને લાભાર્થી તરીકે આવરી લેવામાં આવ્યા છે?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ એન.જી.ઓ. નથી, તાલુકા પંચાયત પોતે છે. આ ૨૦૦૩ પછી વોટરશેડના કામો જે તે તાલુકા પંચાયત દ્વારા કરવાનો કેન્દ્ર સરકારે હુકમ કર્યો છે અને એ પ્રમાણે આખા ગુજરાતમાં જે તે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતે કર્યા છે. આને હરિયાળી યોજના કહે છે. એ હરિયાળી યોજનામાં પરિપત્ર થયો છે. ૧-૪-૦૩ થી આ યોજના અમલમાં આવી છે. એમાં માત્ર તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને સરકાર પણ વોટરશેડના કામો હેન્ડલ કરે છે અને એમાં પાંચ વર્ષમાં ૩૦ લાખ રૂપિયાના કામો થવાનો છે.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ યોજના પાછળ કેટલા લાખનો ખર્ચ થવાનો છો, અને હાલ આ કામ કયા તબક્કામાં ચાલી રહ્યાં છે?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ વર્ષમાં ૩૦ લાખનો કુલ ખર્ચ થવાનો છે.

### ગ્રામીણ રોજગાર ગૅરન્ટી અન્વયે રોજગારી અને મળેલ નાણાંકીય રકમ

***૧૭૭૧૬ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તાજેતરના કેન્દ્ર સરકારના ગ્રામીણ રોજગાર ગૅરન્ટી કાનૂન હેઠળ ગુજરાત રાજયના કયા કયા જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે,

(૨) તા.૩૧-૧-૦૬ સુધીમાં આ જિલ્લાઓમાં કેવા પ્રકારની કેટલી રોજગારી કેટલા લોકોને આપવાનું આયોજન કરવામાં આવ્યું છે, અને

(૩) આ કાનૂન હેઠળ રાજયને કેટલી નાણાંકીય રકમ ફાળવી આપવામાં આવી છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાયંધરી અધિનિયમ-૨૦૦૫ હેઠળ બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, નર્મદા અને ડાંગ એમ કુલ છ જિલ્લાઓ આવરી લેવામાં આવ્યા છે.

(૨) મુકરર થયેલ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા કુટુંબોના પુખ્ત વયના સદસ્યોને શારીરિક શ્રમ થઈ શકે તેવા બીન કુશળ કામ દ્વારા નાણાંકીય વર્ષમાં ૧૦૦ દિવસ સવેતન રોજગારી, માગણી થયેથી પુરી પાડવા આયોજન કરવામાં આવેલ છે.

(૩) આ કાનૂન હેઠળ છ જિલ્લાઓને રૂા.૨૭૩૦.૩૮ લાખ ફાળવવામાં આવેલ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, કેન્દ્રમાં ગત દિવસોમાં એન.ડી.એ.ની સરકાર હતી અને એ સરકારે દેશના લાખો બેરોજગારોને રોજગારી મળે એ માટે સુવર્ણ જયંતી રોજગાર યોજના બનાવી હતી અને હમણા આ કેન્દ્રની યુ.પી.એ.ની સરકારે આ યોજનામાં માત્ર ૬ જિલ્લાનો સમાવેશ કર્યો છે તો આ બન્ને યોજના વચ્ચે ભેદ શું છે?

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ મારે એ જાણવું છે કે, • * (XXXX) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ શબ્દો સભાગૃહની કાર્યવાહીમાંથી કાઢી નાંખવામાં આવે છે. પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### ધંધુકા, બરવાળા અને રાણપુરમાં ઘઉંનું વાવેતર

૧૭૮૪૭**શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં સને ૨૦૦૪-૦૫માં કુલ કેટલા હેક્ટર જમીનમાં ઘઉંનું વાવેતર થયેલું અને કુલ કેટલું ઉત્પાદન થયું, અને | (૧) ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં સને ૨૦૦૪-૦૫ માં અનુક્રમે ૨૨૯૧૨, ૧૭૬૪ અને ૩૩૦ હેકટરમાં ઘઉંનું વાવેતર થયેલ અને ૧૬૧૮૮, ૧૮૭૧ અને ૭૮૨ મે. ટન ઘઉંનું ઉત્પાદન થયું હતું. |
| (૨) આ વર્ષે ઉપરોક્ત ત્રણેય તાલુકામાં કુલ કેટલા હેક્ટરમાં ઘઉંનું વાવેતર થયું છે, અને કુલ કેટલું ઉત્પાદન થવાની સંભાવના છે ? | (૨) ચાલુ વર્ષે ૨૦૦૫-૦૬ માં ત્રણેય તાલુકાનું ઘઉંનું અનુક્રમે અંદાજિત ૨૪૦૦૦, ૨૧૦૦ અને ૫૦૦ હેકટરમાં વાવેતર થયેલ છે અને ૨૦,૩૦૦,૨૬૩૫ અને ૧૪૨૫ મે.ટન ઉત્પાદન થવાનો અંદાજ મુકેલ છે. |

-----------

### રાજ્યમાં રણ વિસ્તારના કામો પાછળ કરેલ ખર્ચ

૧૭૧૧૩**શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં રણ વિસ્તારના ગ્રામ વિકાસ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર, તાલુકાવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૧) રાજ્યમાં રણ વિસ્તારના ગ્રામ વિકાસ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કુલ રકમ રૂા.૯૦૨૫.૧૧ લાખ ફાળવવામાં આવી. (પરિશિષ્ટ-અ ના કોલમ નં.૪ મુજબ).<br>આ રકમ પૈકી જિલ્લાઓ દ્વારા આયોજન મુજબ તાલુકાઓને કુલ રકમ રૂા.૮૨૩૮.૧૭ લાખ ફાળવવામાં આવી છે. (પરિશિષ્ટ-અ ના કોલમ નં.૮ મુજબ), અને |
| (૨) આ ફાળવેલ રકમમાંથી જિલ્લાવાર, તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) આ ફાળવેલ રકમ સામે રાજ્ય સરકારે ફાળવેલ રકમ અને ઉઘડતી સિલક મળી કુલ રકમ રૂા.૧૫૧૯૧.૧૩ માંથી કુલ રૂા.૧૦૩૪૮.૩૦ લાખ જિલ્લાવાર ખર્ચ કરવામાં આવેલ છે. (પરિશિષ્ટ-અ |

• * (XXXX) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાકયો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

ના કોલમ નં.૧૩ મુજબ), તે પેકી તાલુકાવાર કુલ રૂા.૧૦૦૮૩.૨૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. (જેની વિગતો પરિશિષ્ટ-અ ના કોલમ નં.૧૧ મુજબ).

## પરિશિષ્ટ-અ

## તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના ડી.ડી.પી. જિલ્લાઓમાં ફાળવેલ ફંડ તથા ખર્ચની વિગત

(રકમ રૂા. લાખમાં)

| ક્રમ | જિલ્લો | ઉઘડતી સિલક તા.૧-૧-૦૪ ની સ્થિતિએ | તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં ફાળવેલ ફંડ જિલ્લા કક્ષાએ | | |
|---|---|---|---|---|---|
| | | | કેન્દ્રનો ફાળો | રાજ્યનો ફાળો | કુલ (૩+૪+૫) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | કચ્છ | ૭૪૭.૬૮ | ૨૧૬૮.૧૭ | ૭૩૫.૮૭ | ૩૬૫૧.૭૨ |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | **કુલ** | **૭૪૭.૬૮** | **૨૧૬૮.૧૭** | **૭૩૫.૮૭** | **૩૬૫૧.૭૨** |
| ૨ | સુરેન્દ્રનગર | ૨૬૮.૫૦ | ૧૭૬૭.૩૯ | ૫૮૯.૧૩ | ૨૬૨૫.૦૨ |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | **કુલ** | **૨૬૮.૫૦** | **૧૭૬૭.૩૯** | **૫૮૯.૧૩** | **૨૬૨૫.૦૨** |
| ૩ | બનાસકાંઠા | ૭૧૦.૪૦ | ૧૭૨૯.૩૦ | ૫૮૫.૨૧ | ૩૦૨૪.૯૧ |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | **કુલ** | **૭૧૦.૪૦** | **૧૭૨૯.૩૦** | **૫૮૫.૨૧** | **૩૦૨૪.૯૧** |
| ૪ | રાજકોટ | ૮૩૮.૦૭ | ૧૧૨૨.૬૬ | ૩૭૪.૨૧ | ૨૩૩૪.૯૪ |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | **કુલ** | **૮૩૮.૦૭** | **૧૧૨૨.૬૬** | **૩૭૪.૨૧** | **૨૩૩૪.૯૪** |
| ૫ | પાટણ | ૪૬૩.૦૦ | ૧૦૯૦.૮૯ | ૩૫૨.૪૯ | ૧૯૦૬.૩૮ |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | **કુલ** | **૪૬૩.૦૦** | **૧૦૯૦.૮૯** | **૩૫૨.૪૯** | **૧૯૦૬.૩૮** |
| ૬ | જામનગર | ૧૧૯.૨૨ | ૧૧૪૬.૭૦ | ૩૮૨.૨૪ | ૧૬૪૮.૧૬ |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | **કુલ** | **૧૧૯.૨૨** | **૧૧૪૬.૭૦** | **૩૮૨.૨૪** | **૧૬૪૮.૧૬** |
| | **એકંદરે કુલ** | **૩૧૪૬.૮૭** | **૯૦૨૫.૧૧** | **૩૦૧૯.૧૫** | **૧૫૧૯૧.૧૩** |

| તાલુકાવાર ફાળવણી (તા. ૧-૧-૦૪ થી ૩૧-૧૨-૦૫ સુધીમાં ફાળવેલ ફંડ) | | | | તાલુકા વાર ખર્ચ તા. ૧-૧-૦૪થી ૩૧-૧૨-૦૫) | જિલ્લા કક્ષાએથી થયેલ ખર્ચ તા. ૧-૧-૦૪થી ૩૧-૧૨-૦૫ સુધીનો) | જિલ્લા કક્ષાએ કુલ ખર્ચ (૧૧+૧૨) |
|---|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | કેન્દ્રનો ફાળો ૭૫% | રાજ્યનો ફાળો ૨૫% | કુલ (૮+૯) | | | |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| અબડાસા | ૧૨૭.૫૯ | ૪૩.૩૬ | ૧૭૦.૯૫ | ૪૪.૭૦ | - | ૪૪.૭૦ |
| અંજાર | ૧૩૦.૭૨ | ૪૪.૪૬ | ૧૭૫.૧૮ | ૧૪૨.૯૫ | - | ૧૪૨.૯૫ |
| ભચાઉ | ૧૭૦.૨૫ | ૬૫.૭૧ | ૨૩૫.૯૬ | ૨૬૩.૧૯ | - | ૨૬૩.૧૯ |
| ભુજ | ૩૯૭.૭૬ | ૧૪૬.૫૧ | ૫૪૪.૨૭ | ૬૭૧.૧૭ | - | ૬૭૧.૧૭ |
| ગાધીધામ | ૧૬.૮૫ | ૫.૬૦ | ૨૨.૪૫ | ૧.૧૪ | - | ૧.૧૪ |
| લખપત | ૪૯.૫૯ | ૧૫.૬૦ | ૬૫.૧૯ | ૦.૪૦ | - | ૦.૪૦ |
| માંડવી | ૧૪૭.૦૯ | ૪૮.૯૦ | ૧૯૫.૯૯ | ૧૦૯.૩૮ | - | ૧૦૯.૩૮ |
| મુન્દ્રા | ૧૪૬.૮૫ | ૫૦.૦૦ | ૧૯૬.૮૫ | ૧૮૩.૨૩ | - | ૧૮૩.૨૩ |
| નખત્રાણા | ૧૭૯.૩૫ | ૬૧.૧૦ | ૨૪૦.૪૫ | ૨૬૧.૬૧ | - | ૨૬૧.૬૧ |
| રાપર | ૨૬૮.૯૬ | ૯૫.૧૨ | ૩૬૪.૦૮ | ૩૮૬.૧૨ | - | ૩૮૬.૧૨ |
| | **૧૬૩૫.૦૧** | **૫૭૬.૩૬** | **૨૨૧૧.૩૭** | **૨૦૬૩.૮૯** | **૨૩.૦૮** | **૨૦૮૬.૯૭** |
| વઢવાણ | ૧૯૩.૭૦ | ૬૪.૫૭ | ૨૫૮.૨૭ | ૨૧૮.૦૯ | | ૨૧૮.૦૯ |
| મુળી | ૧૫૭.૨૨ | ૫૨.૪૧ | ૨૦૯.૬૩ | ૧૬૨.૬૫ | | ૧૬૨.૬૫ |
| ધ્રાંગધ્રા | ૧૨૯.૩૩ | ૪૩.૧૧ | ૧૭૨.૪૪ | ૧૬૭.૫૭ | | ૧૬૭.૫૭ |
| પાટડી | ૧૧૮.૪૬ | ૩૯.૪૯ | ૧૫૭.૯૫ | ૧૧૯.૪૧ | | ૧૧૯.૪૧ |
| હળવદ | ૧૩૦.૨૦ | ૪૩.૪૦ | ૧૭૩.૬૦ | ૧૨૬.૧૫ | | ૧૨૬.૧૫ |
| ચોટીલા | ૧૧૮.૦૪ | ૩૯.૩૫ | ૧૫૭.૩૯ | ૧૩૫.૮૮ | | ૧૩૫.૮૮ |
| સાયલા | ૧૪૦.૯૪ | ૪૬.૯૮ | ૧૮૭.૯૨ | ૧૧૭.૬૮ | | ૧૧૭.૬૮ |
| લખતર | ૧૬૩.૦૧ | ૫૪.૩૪ | ૨૧૭.૩૫ | ૧૮૩.૯૭ | | ૧૮૩.૯૭ |
| લીંમડી | ૧૬૮.૬૬ | ૫૬.૨૨ | ૨૨૪.૮૮ | ૧૪૨.૮૫ | | ૧૪૨.૮૫ |
| ચુડા | ૧૧૫.૬૭ | ૩૮.૫૬ | ૧૫૪.૨૩ | ૮૫.૬૩ | | ૮૫.૬૩ |
| | **૧૪૩૫.૨૩** | **૪૭૮.૪૩** | **૧૯૧૩.૬૬** | **૧૪૫૯.૮૮** | **૧૨૬.૩૧** | **૧૫૮૬.૧૯** |
| વાવ | ૨૭૬.૩૨ | ૯૨.૧૧ | ૩૬૮.૪૨ | ૩૫૪.૧૦ | | ૩૫૪.૧૦ |
| થરાદ | ૨૯૧.૧૪ | ૯૭.૦૫ | ૩૮૮.૧૮ | ૩૭૪.૨૦ | | ૩૭૪.૨૦ |
| કાંકરેજ | ૧૪૫.૮૦ | ૪૮.૬૦ | ૧૯૪.૪૦ | ૧૯૨.૭૦ | | ૧૯૨.૭૦ |
| દિયોદર | ૨૦૧.૪૧ | ૬૭.૧૪ | ૨૬૮.૫૪ | ૨૬૧.૫૦ | | ૨૬૧.૫૦ |
| ભાભર | ૧૭૦.૯૯ | ૫૭.૦૦ | ૨૨૭.૯૮ | ૨૨૬.૧૦ | | ૨૨૬.૧૦ |
| ધાનેરા | ૨૩૦.૬૫ | ૭૬.૮૮ | ૩૦૭.૫૩ | ૨૯૧.૬૦ | | ૨૯૧.૬૦ |
| દાંતિવાડા | ૧૩૪.૭૫ | ૪૪.૯૨ | ૧૭૯.૬૭ | ૧૬૫.૭૦ | | ૧૬૫.૭૦ |
| | **૧૪૫૧.૦૪** | **૪૮૩.૬૮** | **૧૯૩૪.૭૨** | **૧૮૬૫.૯૦** | **૪૮.૫૭** | **૧૯૧૪.૪૭** |
| રાજકોટ | ૧૧૪.૬૮ | ૩૮.૨૩ | ૧૫૨.૯૧ | ૧૬૦.૮૪ | | ૧૬૦.૮૪ |
| ધોરાજી | ૪૩.૩૩ | ૧૪.૪૪ | ૫૭.૭૭ | ૭૩.૬૨ | | ૭૩.૬૨ |
| મોરબી | ૧૬૨.૧૩ | ૫૪.૦૪ | ૨૧૬.૧૭ | ૨૧૭.૫૫ | | ૨૧૭.૫૫ |
| ગોંડલ | ૨૪૫.૪૬ | ૮૧.૮૨ | ૩૨૭.૨૮ | ૨૪૭.૦૬ | | ૨૪૭.૦૬ |
| જામકંડોરણ | ૧૨૫.૩૩ | ૪૧.૭૮ | ૧૬૭.૧૧ | ૧૨૯.૦૯ | | ૧૨૯.૦૯ |
| જસદણ | ૧૫૬.૨૮ | ૫૨.૦૯ | ૨૦૮.૩૭ | ૨૨૭.૨૬ | | ૨૨૭.૨૬ |
| કોટડા સાં. | ૧૦૧.૨૯ | ૩૩.૭૬ | ૧૩૫.૦૫ | ૧૩૫.૮૩ | | ૧૩૫.૮૩ |
| લોધીકા | ૮૫.૨૦ | ૨૮.૪૦ | ૧૧૩.૬૦ | ૧૧૬.૨૩ | | ૧૧૬.૨૩ |
| માળીયામી. | ૧૧૫.૯૭ | ૩૮.૬૬ | ૧૫૪.૬૩ | ૧૭૯.૦૫ | | ૧૭૯.૦૫ |
| પડધરી | ૧૨૫.૩૮ | ૪૧.૭૯ | ૧૬૭.૧૭ | ૧૫૮.૯૧ | | ૧૫૮.૯૧ |
| ટંકારા | ૯૩.૮૬ | ૩૧.૨૯ | ૧૨૫.૧૪ | ૧૨૧.૧૩ | | ૧૨૧.૧૩ |
| વાંકાનેર | ૧૮૭.૪૫ | ૬૨.૪૮ | ૨૪૯.૯૩ | ૨૪૯.૪૩ | | ૨૪૯.૪૩ |
| | **૧૫૫૬.૩૫** | **૫૧૮.૭૮** | **૨૦૭૫.૧૩** | **૨૦૧૬.૦૦** | **૧૮.૫૭** | **૨૦૩૪.૫૭** |
| હારીજ | ૧૭૬.૫૨ | ૫૮.૮૪ | ૨૩૫.૩૬ | ૨૩૬.૨૫ | | ૨૩૬.૨૫ |
| સમી | ૩૨૨.૯૬ | ૧૦૭.૬૫ | ૪૩૦.૬૧ | ૪૨૭.૭૪ | | ૪૨૭.૭૪ |
| રાધનપુર | ૨૫૦.૮૭ | ૮૩.૬૨ | ૩૩૪.૪૯ | ૨૫૦.૨૫ | | ૨૫૦.૨૫ |
| સાંતલપુર | ૨૬૩.૪૯ | ૮૭.૮૩ | ૩૫૧.૩૨ | ૩૨૧.૭૫ | | ૩૨૧.૭૫ |
| | **૧૦૧૩.૮૪** | **૩૩૭.૯૪** | **૧૩૫૧.૭૮** | **૧૨૩૫.૯૯** | **૩૩.૮૪** | **૧૨૬૯.૮૩** |
| જામનગર | ૧૪૭.૦૯ | ૪૯.૦૩ | ૧૯૬.૧૨ | ૧૯૪.૫૮ | | ૧૯૪.૫૮ |
| ધ્રોલ | ૧૦૦.૭૪ | ૩૩.૫૮ | ૧૩૪.૩૩ | ૧૩૩.૩૯ | | ૧૩૩.૩૯ |
| જોડીયા | ૧૩૦.૩૨ | ૪૩.૪૪ | ૧૭૩.૭૬ | ૧૩૩.૨૮ | | ૧૩૩.૨૮ |
| ખંભાળીયા | ૧૨૮.૬૪ | ૪૨.૮૮ | ૧૭૧.૫૨ | ૧૬૯.૧૬ | | ૧૬૯.૧૬ |
| લાલપુર | ૧૨૬.૬૩ | ૪૨.૨૧ | ૧૬૮.૮૪ | ૧૫૭.૭૧ | | ૧૫૭.૭૧ |
| ભાણવડ | ૧૨૭.૦૭ | ૪૨.૩૬ | ૧૬૯.૪૨ | ૧૫૫.૩૨ | | ૧૫૫.૩૨ |
| જામજોધપુર | ૧૨૯.૨૪ | ૪૩.૦૮ | ૧૭૨.૩૩ | ૧૬૭.૨૬ | | ૧૬૭.૨૬ |
| કલ્યાણપુર | ૧૫૦.૩૩ | ૫૦.૧૧ | ૨૦૦.૪૪ | ૧૯૭.૨૯ | | ૧૯૭.૨૯ |
| દવારકા | ૭૬.૭૫ | ૨૫.૫૮ | ૧૦૨.૩૩ | ૧૦૦.૦૨ | | ૧૦૦.૦૨ |
| કાલાવડ | ૨૯.૮૯ | ૯.૯૬ | ૩૯.૮૫ | ૩૩.૫૩ | | ૩૩.૫૩ |
| | **૧૧૪૬.૭૦** | **૩૮૨.૨૪** | **૧૫૨૮.૯૪** | **૧૪૪૧.૫૫** | **૧૪.૭૨** | **૧૪૫૬.૨૭** |
| | **૮૨૩૮.૧૭** | **૨૭૭૭.૪૩** | **૧૧૦૧૫.૬૦** | **૧૦૦૮૩.૨૧** | **૨૬૫.૦૯** | **૧૦૩૪૮.૩૦** |

## કૃષિ ખાતામાં ખેતી અધિકારી વર્ગ-૨ની ખાલી જગ્યાઓ

૧૭૪૭૭**શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : તા. ૨૪-૨-૨૦૦૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૯૬૯૪ (અગ્રતા-૧)ના અનુસંધાને : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કૃષિ ખાતામાં ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ ખેતી અધિકારી વર્ગ-૨ની ૧૪૭ અને મદદનીશ ખેતી નિયામક વર્ગ-૨ની ૧૧૭ જગ્યાઓ ખાલી હતી તે હકીક્ત બરાબર છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉપરોક્ત જગ્યાઓ પૈકી કોઇપણ જગ્યા ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ ભરવામાં આવી નથી કે કાયમી ધોરણે ભરવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો નથી તે હકીક્ત સાચી છે, | (૨) ના, જી. |
| (૩) જો હા, તો આ કામગીરી કરવામાં નિષ્ફળ જનારા સત્તાધીકારીઓ કોણ છે અને તેની સામે શાં પગલાં લેવામાં આવ્યા છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) અગાઉ જાહેરાત થયા મુજબ આ તમામ જગ્યાઓ કાયમી ધોરણે ક્યાં સુધીમાં સરકાર દ્વારા ભરવામાં આવશે ? | (૪) આ જગ્યાઓ ભરવા માટે કાર્યવાહી ગતિમાં છે. |

-----------

## સંપૂર્ણ સ્વચ્છતા કાર્યક્રમ હેઠળ સમાવેશ

૧૭૮૪૯**શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત રાજ્યના કેટલા જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે ? | તા.૩૧/૧/૦૬ની સ્થિતિએ સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યના તમામ (૨૫) જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. |

-----------

## કઠલાલ તાલુકા પંચાયતનું બાંધકામ

* ૧૭૮૬૮**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કઠલાલ તાલુકા પંચાયતનું મકાન બાંધવા માટે કેટલી રકમ મંજૂર થઇ છે, | (૧) રૂપિયા ૪૦ લાખ. |
| (૨) આ મકાનનું બાંધકામ ક્યારથી શરૂ કરવામાં આવશે, અને | (૨) વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. વહેલી તકે શરૂ કરવામાં આવશે. |
| (૩) બાંધકામ શરૂ ન કરવાના કારણો શું છે ? | (૩) વહીવટી કારણોસર. |

-----------

**જિલ્લા ગોણ વન પેદાશ સમિતિની સત્તાઓ**

૧૭૪૯૬**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જિલ્લા પંચાયતોમાં બનાવેલ જિલ્લા ગોણ વન પેદાશ સમિતિની સત્તાઓ વન વિકાસ નિગમને પરત કરાઇ છે તે હકિક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યારે અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ક્યા કારણોસર ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**બનાસકાંઠામાં વોટર શેડના કામો**

૧૭૮૫૫ **શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા ગામોમાં હરિયાળી ક્રાન્તીના કામો મંજૂર થયા ? | તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ હરિયાળી કાર્યક્રમ હેઠળ બનાસકાંઠા જિલ્લામાં ૬૯ ગામોમાં કામો મંજૂર થયા છે. |

-----------

**સુરત જિલ્લા પંચાયતના કૃષિફાર્મ પાછળ ખર્ચ**

૧૭૫૩૭**શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરત જિલ્લામાં જિલ્લા પંચાયત હસ્તક તથા સરકાર હસ્તક્ના કેટલા કૃષિફાર્મ આવેલ છે, અને | (૧) સુરત જિલ્લામાં, જીલ્લા પંચાયત હસ્તક પાંચ અને નવસારી કૃષિ યુનિવર્સિટીને સોંપેલ એક ફાર્મ મળી કુલ-૬ કૃષિ ફાર્મ આવેલા છે.<br>જ્યારે કૃષિ ખાતા હસ્તક ત્રણ કૃષિ પ્રયોગ વ નિદર્શન ફાર્મ (ટી.સી.ડી. ફાર્મ) આવેલ છે. |
| (૨) તે પેકી ઓલપાડ તાલુકામાં જિલ્લા પંચાયત હસ્તક્ના કૃષિ ફાર્મમાં સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા.૩૧-૧-૦૬ સુધીમાં કેટલો ખર્ચ કરેલ છે ? | (૨) ઓલપાડ તાલુકાના જીલ્લા પંચાયત હસ્તક્નાં કૃષિ ફાર્મમાં સને : ૨૦૦૫-૨૦૦૬ ના વર્ષમાં તારીખ : ૩૧-૧-૨૦૦૬ સુધીમાં કુલ રૂા.૨,૯૧,૫૧૭/- નો ખર્ચ કરવામાં આવેલ છે. |

------------

**કચ્છ જિલ્લામાં ગોચરની જમીન ઉપરના દબાણ દૂર કરવા અંગે**

૧૭૧૨૫**શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ગોચરમાં દબાણો દૂર કરવાની કેટલી ફરિયાદો સરકાર પાસે પડતર છે, | (૧) આવી ૩૩ ફરિયાદો વિવિધ ગ્રામ પંચાયતો ખાતે પડતર છે. |
| (૨) આ દબાણો ક્યારે દૂર કરવામાં આવશે, અને | (૨) દબાણદારોને ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળની જોગવાઇઓને આધિન નોટીસ આપી પ્રશ્નવાળા દબાણો ખુલ્લા કરાવવા અંગેની કાર્યવાહી ગતિમાં છે. |
| (૩) ફરિયાદવાર શાં પગલાં ભરવામાં આવ્યા છે? | (૩) ઉપર મુજબ. |

## ગ્રામીણ રોજગાર ગેરન્ટી અન્વયે રોજગારી અને મળેલ નાણાંકીય રકમ

૧૭૭૧૬**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરના કેન્દ્ર સરકારના ગ્રામીણ રોજગાર ગેરન્ટી કાનુન હેઠળ ગુજરાત રાજ્યના ક્યા ક્યા જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે, | (૧) કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રિય ગ્રામિણ રોજગારી બાંયેધરી અધિનિયમ-૨૦૦૫ હેઠળ બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, નર્મદા અને ડાંગ એમ છ જિલ્લાઓ આવરી લેવામાં આવ્યા છે. |
| (૨) તા. ૩૧-૧-૦૬ સુધીમાં આ જિલ્લાઓમાં કેવા પ્રકારની કેટલી રોજગારી કેટલા લોકોને આપવાનું આયોજન કરવામાં આવ્યું છે, અને | (૨) મુકરર થયેલ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા કુટુંબોના પુખ્ત વયના સદસ્યોને શારીરિક શ્રમ થઇ શકે તેવા બીન કુશળ કામ દ્વારા નાણાંકીય વર્ષમાં ૧૦૦ દિવસ સવેતન રોજગારી, માંગણી થયેથી પુરી પાડવા આયોજન કરવામાં આવેલ છે. |
| (૩) આ કાનુન હેઠળ રાજ્યને કેટલી નાણાંકીય રકમ ફાળવી આપવામાં આવી છે ? | (૩) આ કાનુન હેઠળ છ જિલ્લાઓને રૂા. ૨૭૩૦.૩૮ લાખ ફાળવવામાં આવેલ છે. |

------------

## રાજ્યમાં હાઇટેક એગ્રીકલ્ચર ઝોનની પ્રવૃત્તિ

૧૭૮૯૫**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરકાર દ્વારા હાઇટેક એગ્રીકલ્ચર ઝોન બનાવવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) ક્યા વિસ્તારો છે, અને આ ઝોનમાં શી પ્રવૃત્તિઓ સરકારે કરી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## કૃષિ રથયાત્રા દ્વારા ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ

૧૭૧૧૬ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા આયોજિત કરાયેલ કૃષિ રથયાત્રા માટે જિલ્લાવાર કુલ કેટલા ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ તા. ૩૧-૧-૦૬ સુધીમાં કરવામાં આવ્યું, અને | (૧) રાજ્ય સરકાર દ્વારા આયોજિત કરાયેલ કૃષિ રથયાત્રા દરમ્યાન કુલ : ૮૭૬૬૪૭ ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ તા. ૩૧-૧-૦૬ સુધીમાં કરવામાં આવ્યું હતું. જિલ્લાવાર માહિતી પત્રક-૧ થી સામેલ કરેલ છે. |
| (૨) આ કૃષિ રથયાત્રા દરમ્યાન કઇ કઇ કીટો, ક્યા ક્યા પાકોના બિયારણો તેમજ અન્ય વસ્તુઓનું કેટલા ખેડૂતોને વિતરણ કરવામાં આવ્યું ? | (૨) **(અ) કૃષિ કિટસ** બિયારણ : દેશી કપાસ, હાઇબ્રીડ કપાસ, ડાંગર, મકાઇ, બાજરી, મગ, તલ, અડદ, દિવેલા, મગફળી જેવા પાકો પૈકી જે તે વિસ્તારને અનુરૂપ પાક્નું બિયારણ રસાયણિક ખાતર જેવા કે ડીએપી/યુરિયા અને પાક સંરક્ષણ દવા જેવી કે મોનોક્રોટોફોસ/ફોસ્ફામીડોન તેમજ હેન્ડ સ્પ્રેયર પંપ મળી રૂા. ૧૫૦૦/- ની મર્યાદામાં કૃષિ કિટસ વિના મુલ્યે પ્રત્યેક ગામના ૫ બીપીએલ ખેડૂતોને વિતરણ કરવામાં આવેલ છે.રાજ્યમાં કુલ ૯૧,૪૬૫ બી.પી.એલ/નાના ખેડૂતોને કૃષિ કિટસ આપેલ છે. **(બ) બાગાયતી પાકોના ઇનપુટ કિટસ** વિસ્તારને અનુરૂપ બાગાયતી પાકોના ઇનપુટ |

કિટસમાં શાકભાજી/મસાલાપાક્ના બિયારણ, રસાયણિક ખાતર તથા જંતુનાશક દવા આપવામાં આવેલ. બીજા તબક્કામાં કલમ/ રોપા વિતરણ કરવામાં આવેલ. રાજ્યમાં કુલ ૯૧૫૮૦ ખેડૂતોને આપવામાં આવેલ છે.

**(ક) પશુપાલન ખાતાની ઘાસચારા પાક્ના બિયારણ કિટસ.**

રાજ્યના તમામ ગામોમાં દરેક ગામ દીઠ ૫ (પાંચ) ગરીબ ખેડૂતોને (બી.પી.એલ. યાદીમાં હોય તેવા) તેમજ બીપીએલ યાદી હેઠળના લાભાર્થી ન હોય ત્યાં નાના સીમાંત ગરીબ કિ્સાનોને/પશુધારકોને ઘાસચારા પાક્ના બિયારણની ઇનપુટ કીટ ૯૦,૫૩૩ + ૯૪૬૭= ૧,૦૦,૦૦૦નું વિતરણ ર્ક્યું અને ૧,૦૦,૦૦૦ ખેડૂતોને લાભાન્વિત કરવામાં આવ્યા જેમાં પ્રતિ ઇનપુટ કીટ

(૧) જુવાર સ્વીટ સુદાન- ૫ કિ.ગ્રા.
(૨) મકાઇ આફ્રિક્ન ટોલ- ૫ કિ.ગ્રા.
(૩) રજકા બાજરી- ૨ કિ.ગ્રામના બિયારણ પૂરા પાડેલ હતા.

------------

**૫ ત્ર ક - ૧**

**કૃષિ મહોત્સવ-૨૦૦૫ દરમ્યાન ખેડૂતોના પ્રશ્નો અંગેની માહિતી.**

| અ.નં. | જીલ્લાનું નામ | નિરાકરણ લાવેલ પ્રશ્નોની સંખ્યા | ઉકેલવાના બાકી પ્રશ્નો | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૩૬૮૪૧ | - | - |
| ૨. | અમરેલી | ૩૭૬૨ | - | - |
| ૩. | આણંદ | ૩૭૦૦ | - | - |
| ૪. | બનાસકાંઠા | ૧૭૧૮૬૨ | - | - |
| ૫. | ભરૂચ | ૨૭૦૦ | - | - |
| ૬. | ભાવનગર | ૮૧૨૦ | - | - |
| ૭. | દાહોદ | ૩૨૮૩ | - | - |
| ૮. | ડાંગ | ૧૨૭૫૯ | - | - |
| ૯. | ગાંધીનગર | ૧૪૪૭૬ | - | - |
| ૧૦. | જામનગર | ૩૮૦૦ | - | - |
| ૧૧. | જુનાગઢ | ૪૧૦૦ | - | - |
| ૧૨ | કચ્છ | ૬૨૮૮ | - | - |
| ૧૩. | ખેડા | ૧૩૦૦ | - | - |
| ૧૪. | મહેસાણા | ૩૭૧ | - | - |
| ૧૫. | નર્મદા | ૫૫૦૦ | - | - |
| ૧૬. | નવસારી | ૬૮૬૮ | - | - |
| ૧૭. | પંચમહાલ | ૧૭૬૧૦૬ | - | - |
| ૧૮. | પાટણ | ૨૦૭૭ | - | - |
| ૧૯. | પોરબંદર | ૩૫૭૫ | - | - |
| ૨૦ | રાજકોટ | ૧૦૩૧૧૦ | - | - |
| ૨૧ | સાબરકાંઠા | ૧૨૩૬૬૪ | - | - |
| ૨૨ | સુરત | ૫૨૩૬૧ | - | - |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૦૧૮૫૦ | - | - |
| ૨૪ | વડોદરા | ૧૬૦૫૯ | - | - |
| ૨૫ | વલસાડ | ૧૨૧૧૫ | - | - |
| | કુલ : | ૮,૭૬,૬૪૭ | | |

------------

**બનાસકાંઠા જિલ્લામાં ૧૧મા નાણાંપંચ દ્વારા પંચાયત હસ્તકના રસ્તાના કામોમાં સરકારનો પચ્ચીસ ટકા ફાળો**

૧૭૬૩૭ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં અગિયારમા નાણાંપંચ અંતર્ગત પંચાયત હસ્તક્ના રસ્તાઓના કામો માટે રાજ્ય સરકારે પચીસ ટકા લેખે લોકફાળો ઉમેરવા બાંહેધરી આપ્યા પછી જાહેર નિવિદા દ્વારા ટેન્ડરો | (૧) હા, જી. |

માંગેલ તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આવા રસ્તાઓની સ્થળ પર કામગીરી ક્યા કારણે શરૂ થયેલ નથી, અને

(૩) કામગીરી પૂર્ણ કરવા માટે શું આયોજન થયેલ છે?

(૨) ગ્રાન્ટ ફાળવણીની મર્યાદામાં સમાવેશ ન થઇ શકવાથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં વર્ગ-૩નો અનુસૂચિત જનજાતિનો બેક્લોગ

૧૭૮૦૦ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં વર્ગ-૩ની અનુસૂચિત જનજાતિનો કુલ કેટલો બેક્લોગ અને કેટલી ઘટ છે, | (૧) અનુસૂચિત જનજાતિની ઘટ ૫૧ છે. ૧૫નો બેક્લોગ છે. |
| (૨) આ બેક્લોગ અને ઘટની જ્ગ્યાઓ સરકાર ભરવા માંગે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેટલા સમયમાં ? | (૩) બનતી ત્વરાએ. |

------------

## ચોટીલા તાલુકાના જાનીવડલા ગામે કોઝવેના નબળા કામની ફરીયાદ

૧૪૪૧૧**શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના જાનીવડલા ગામે કોઝવેના નબળા કામની ફરિયાદ મળેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો થયેલ તપાસમાં નબળા કામ માટે કોણ જવાબદાર છે, અને | (૨) કોઇ નહીં. |
| (૩) જવાબદાર અધિકારી, પદાધિકારી સામે શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## રાધનપુર સ્થાયી વાદી સમાજના પરિવારોને રહેણાંક

૧૭૪૪૬**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાધનપુર (વડનગર) ગામે વાદી (મદારી) સમાજના લોકો વસે છે, જેઓ ખૂબજ ગરીબ પ્રજા છે. સરકારે આ વાદી સમાજનાં પરિવારોને રહેણાંક માટે દ ાર બનાવી આપવા કોઈ આયોજન કર્યું છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વિભાગ દ્વારા આ અંગે કોઈ જરૂરી પગલાં ભરવામાં આવી રહયાં છે, અને | (૨) પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મકાન બાંધકામ માટે સહાયની યોજના અંતર્ગત અરજદારો પાસેથી અરજી પત્રકો મંગાવવામાં આવ્યાં છે, જે ચકાસણી હેઠળ છે. |
| (૩) જો હા, તો કામગીરી કેટલા સમયમાં પૂર્ણ થઈ શકે તેમ છે ? | (૩) શક્ય તેટલી વહેલી તકે. |

------------

### ગાંધીનગર જિલ્લામાં ગોચરની જમીન ઉપર દબાણો દૂર કરવા અંગે

૧૮૦૮૩ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ગોચરની જમીનો ઉપરના દબાણો દૂર કર્યા,

(૨) દબાણ દૂર કરીને કેટલી જમીન મુક્ત કરવામાં આવી, અને

(૩) આ ગોચરમાંથી ગાંધીનગર જિલ્લામાં કોને કોને જમીન ફાળવી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ તાલુકાવાર દબાણો દૂર કરેલ ગોચરની જમીનની વિગતો.

| અ.નં. | તાલુકો | ક્ષેત્રફળ | | |
|---|---|---|---|---|
| | | હેકટર | આર | પ્રતિ.આરે |
| ૧ | ગાંધીનગર | ૦ | -૩૨ | -૨૫ |
| ૨ | કલોલ | ૬૧ | -૪૧ | -૪૬ |
| ૩ | માણસા | ૦૮ | -૦૫ | -૧૪ |
| ૪ | દહેગામ | ૧૦ | -૦૨ | -૦૩ |
| | **કુલ...** | **૭૯** | **-૮૦** | **-૮૮** |

(૨)

| હેકટર | આરે | પ્રતિ.આરે |
|---|---|---|
| ૭૯ | -૮૦ | -૮૮ |

(૩) જમીન ફાળવણીના અધિકારો પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને નથી
.

------------

### કચ્છ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૭૮૯૮**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા ઈન્દિરા આવાસ યોજના હેઠળ અરજીઓ આવેલ હતી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને તાલુકાવાર ગામદીઠ કેટલી રકમ ફાળવી,

(૩) તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) પડતર અરજીઓ રહેવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ૧૦ તાલુકાવાર ઈન્દિરા આવાસ યોજના હેઠળ કુલ : ૪૦૮૮ અરજીઓ આવેલ હતી.

(વિગતવાર પત્રક-૧ સામેલ છે.)

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં ૧૦ તાલુકાવાર કુલ : ૧૮૪૨ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૧૦ તાલુકાવાર ગામદીઠ કુલ ૪૧૩:૨૭ લાખની રકમ ફાળવી. (ખર્ચ કરી) (વિગતવાર પત્રક-૨ સામેલ છે.)

(૩) ૧૦ તાલુકાવાર કુલ : ૮૬૩ અરજીઓ પડતર છે, અને (વિગતવાર પત્રક-૩ સામેલ છે.)

(૪) લક્ષાંકો કરતાં વધારે અરજીઓ આવતાં.

------------

### પત્રક-(૧)

### કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ તાલુકાવાર ઈન્દિરા આવાસ યોજના હેઠળની આવેલ અરજીઓની વિગત દર્શાવતુ પત્રક

| અ.નં. | જિલ્લાનું નામ | ક્રમ | તાલુકાનું નામ | વર્ષ : ૨૦૦૪-૦૫ | | | વર્ષ : ૨૦૦૫-૦૬ (તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ) | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | અગાઉના વર્ષની પડતર અરજીઓ | ચાલુ વર્ષ દરમ્યાન આવેલ અરજીઓ | કુલ અરજીઓ | અગાઉના વર્ષની પડતર અરજીઓ | ચાલુ વર્ષ દરમ્યાન આવેલ અરજીઓ | કુલ અરજીઓ | કોલમ નં. ૬ + ૯નો સરવાળો કુલ આવેલ અરજીઓ |
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | કચ્છ | ૧ | અબડાસા | ૨૨૯ | ૨૬૭ | ૪૯૬ | ૧૬૯ | ૧૧૦૭ | ૧૨૭૬ | ૧૭૭૨ |
| | | ૨ | અંજાર | ૦ | ૩૬ | ૩૬ | ૦ | ૮૪ | ૮૪ | ૧૨૦ |
| | | ૩ | ભચાઉ | ૦ | ૨૬ | ૨૬ | ૦ | ૬૭ | ૬૭ | ૯૩ |
| | | ૪ | ભૂજ | ૦ | ૧૩૩ | ૧૩૩ | ૦ | ૮૫ | ૮૫ | ૨૧૮ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | ગાંધીધામ | ૦ | ૨ | ૨ | ૦ | ૫ | ૫ | ૭ |
| | | ૬ | લખપત | ૦ | ૧૭૩ | ૧૭૩ | ૧૦૯ | ૪૦૩ | ૫૧૨ | ૬૮૫ |
| | | ૭ | માંડવી | ૬ | ૧૫૨ | ૧૫૮ | ૮૪ | ૧૪૪ | ૨૨૮ | ૩૮૬ |
| | | ૮ | મુન્દ્રા | ૩૩ | ૧૨૪ | ૧૫૭ | ૩૭ | ૪૧ | ૭૮ | ૨૩૫ |
| | | ૯ | નખત્રાણા | ૦ | ૯૮ | ૯૮ | ૦ | ૧૬૨ | ૧૬૨ | ૨૬૦ |
| | | ૧૦ | રાપર | ૮ | ૮૯ | ૯૭ | ૧૬ | ૧૯૯ | ૨૧૫ | ૩૧૨ |
| | | | **કુલ..** | **૨૭૬** | **૧૧૦૦** | **૧૩૭૬** | **૪૧૫** | **૨૨૯૭** | **૨૭૧૨** | **૪૦૮૮** |

## પત્રક-(૨)

## કચ્છ જિલ્લામાં તાલુકાવાર મંજુર કરવામાં આવેલ અરજીઓ તેમજ તાલુકાવાર ફાળવેલ રકમની વિગત દર્શાવતુ પત્રક

| અ.નં. | જિલ્લાનું નામ | ક્રમ | તાલુકાનું નામ | સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં મંજુર કરેલ અરજીઓ | સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં મંજુર કરેલ અરજીઓ | બન્ને વર્ષની થઈને મંજુર કરેલ કુલ અરજીઓ (૪ +૫) | તાલુકાવાર ફાળવેલ રકમ | | કુલ (કોલમ નં. ૭ + ૮) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | |
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | કચ્છ | ૧ | અબડાસા | ૩૧૨ | ૧૯૦ | ૫૦૨ | ૭૭.૭૧ | ૩૭.૧૩ | ૧૧૪.૮૪ |
| | | ૨ | અંજાર | ૩૬ | ૮૦ | ૧૧૬ | ૧૨.૨૪ | ૧૨.૭૪ | ૨૪.૯૮ |
| | | ૩ | ભચાઉ | ૨૬ | ૫૫ | ૮૧ | ૫.૨૫ | ૭.૮૬ | ૧૩.૧૧ |
| | | ૪ | ભૂજ | ૧૩૩ | ૮૫ | ૨૧૮ | ૪૪.૬૬ | ૧૯.૯૯ | ૬૪.૬૫ |
| | | ૫ | ગાંધીધામ | ૨ | ૫ | ૭ | ૦.૭૨ | ૧.૨૬ | ૧.૯૮ |
| | | ૬ | લખપત | ૨૮ | ૧૫૦ | ૧૭૮ | ૯.૧૪ | ૧૯.૨૧ | ૨૮.૩૫ |
| | | ૭ | માંડવી | ૭૧ | ૧૦૩ | ૧૭૪ | ૧૧.૧૪ | ૧૮.૮૫ | ૨૯.૯૯ |
| | | ૮ | મુન્દ્રા | ૧૦૫ | ૭૮ | ૧૮૩ | ૩૨.૩૯ | ૧૦.૭૪ | ૪૩.૧૩ |
| | | ૯ | નખત્રાણા | ૯૩ | ૧૪૦ | ૨૩૩ | ૨૦.૭૩ | ૪૨.૮૭ | ૬૩.૬ |
| | | ૧૦ | રાપર | ૪૪ | ૧૦૬ | ૧૫૦ | ૧૩.૨૪ | ૧૫.૪૦ | ૨૮.૬૪ |
| | | | **કુલ..** | **૮૫૦** | **૯૯૨** | **૧૮૪૨** | **૨૨૭.૨૨** | **૧૮૬.૦૫** | **૪૧૩.૨૭** |

## પત્રક-(૩)

## કચ્છ જિલ્લામાં તાલુકાવાર પડતર અરજીઓની વિગત દર્શાવતુ પત્રક

| અ.નં. | જિલ્લાનું નામ | ક્રમ | તાલુકાનું નામ | સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં પડતર અરજીઓની સંખ્યા | સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં પડતર રહેલ અરજીઓની સંખ્યા | પડતર અરજીઓ રહેવાના કારણો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | કચ્છ | ૧ | અબડાસા | ૧૬૯ | ૫૮૧ | લક્ષાંકો કરતાં અરજીઓ વધારે આવતાં અરજીઓ પડતર રહેવા પામેલ છે. જે આગામી વર્ષ : ૨૦૦૬-૦૭ના વર્ષમાં પ્રથમ અગ્રતા ક્રમે મંજુર કરવાનું આયોજન કરવામાં આવશે. |
| | | ૨ | અંજાર | ૦ | ૪ | |
| | | ૩ | ભચાઉ | ૦ | ૪ | |
| | | ૪ | ભૂજ | ૦ | ૦ | |
| | | ૫ | ગાંધીધામ | ૦ | ૦ | |
| | | ૬ | લખપત | ૧૦૯ | ૨૬ | |
| | | ૭ | માંડવી | ૮૪ | ૧૧૯ | |
| | | ૮ | મુન્દ્રા | ૩૭ | ૦ | |
| | | ૯ | નખત્રાણા | ૦ | ૨૦ | |
| | | ૧૦ | રાપર | ૧૬ | ૧૦૯ | |
| | | | **કુલ..** | **૪૧૫** | **૮૬૩** | |

-------------

## મહેસાણા જિલ્લામાં વોટરશેડ કાર્યક્રમ હેઠળ કરેલ ખર્ચ

૧૭૬૭૨**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં હરિયાળી વોટરશેડ કાર્યક્રમ હેઠળ કેટલા તાલુકા પંચાયતોમાં કેટલા પ્રોજેકટો મંજૂર થયેલ છે,

(૨) તાલુકાવાર તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ સંસ્થાઓના કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) આમાં તાલુકા પ્રમાણે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) કુલ ચાર તાલુકાઓમાં કુલ ૪૦ પ્રોજેક્ટ મંજૂર થયેલ છે.

(૨) હરિયાળી યોજનાની માર્ગદર્શિકા મુજબ સંબંધિત તાલુકા પંચાયતોને આ પ્રોજેક્ટ સોંપવામાં આવ્યા છે.

(૩) આમાં તાલુકા પ્રમાણે રૂા. ૩૭.૬૭ લાખ ખર્ચ નીચે મુજબ કરવામાં આવ્યો છે.

(રૂા. લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૦૫ની |
|---|---|---|

| | | સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ ખર્ચ. |
|---|---|---|
| ૧ | સતલાસણા | ૩૧.૧૪ |
| ૨ | બેચરાજી | ૬.૦૦ |
| ૩ | ખેરાલુ | ૦.૦૮ |
| ૪ | કડી | ૦.૪૫ |
| | **કુલ :** | **૩૭.૬૭** |

------------

**ગ્રામ વિકાસ સેસકરની રકમમાંથી ઓદ્યોગિક એકમો ધ્વારા કરેલ ખર્ચ**

૧૭૮૭૮**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા ત્રણ વર્ષોમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યમાં વિલંબીત સેલ્સ ટેક્ષની ચૂકવણી પરની ગ્રામીણ વિકાસ સેસ/કરની રકમ સરકારમાં ન ભરતાં ગ્રામ વિકાસ માટે ખર્ચવાની અનુમતિ મેળવનાર ઓદ્યોગીક એકમો ધ્વારા પૂરી રકમ ખર્ચવામાં આવી નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ક્યા ક્યા એકમોએ વર્ષવાર કેટલી રકમનું ઓછું ખર્ચ કર્યુ અને આ અંગે શું પગલાં લેવાયા, અને

(૩) જો ના, તો આવી સેસ/કરની રકમ સરકારમાં ન ભરતાં જાતે ખર્ચ કરવાની અનુમતી મેળવનાર ક્યા એકમોએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટકેટલું ખર્ચ તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કર્યું ?

**જવાબ**

(૧) ઓદ્યોગિક નીતિ ૧૯૯૫-૨૦૦૦ અન્વયે ગોકુળ ગ્રામ યોજના માટે ભરપાઈ કરવાની થતી રકમો સરકારમાં ન ભરતાં જાતે ખર્ચ કરવા માટે કોઈપણ ઓદ્યોગિક એકમને અનુમતિ આપવામાં આવેલ નથી જેથી અનુમતિ મેળવનાર ઓદ્યોગિક એકમો દ્વારા પૂરી રકમો ન ખર્ચવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**માણસા તાલુકામાં અનુસૂચિત જાતિના લોકોની જમીનમાં પાઈપ લાઈન નાંખવા અંગે**

૧૭૬૭૮ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના માણેકપુર અને દેલવાડ (ગ્રામભારતી-અમરાપુર પાસે) ગામે તા. ૧-૬-૦૫થી તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં ગ્રામપંચાયતે અનુસૂચિત જાતિના લોકોની ખેતીની જમીનમાંથી જમીનના માલિકોની પરવાનગી વગર ગંદા પાણીના નિકાલની પાઈપો નાંખી છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો અનુસૂચિત જાતિના કેટલા જમીન માલિકોએ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આ અંગે સરકારમાં કેટલી ફરીયાદો કરી છે,

(૩) માથાભારે તત્ત્વોનાં સહારે ગ્રામપંચાયતે પોતાની સત્તાનો દુરુપયોગ કર્યો છે તેની સામે સરકારે શાં પગલાં લીધાં છે, અને

(૪) જે ખેડૂતોની સંમતિ વગર ગંદા પાણીના

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૦૧-૦૬ની સ્થિતિએ કોઈ ફરીયાદ મળેલ નથી.

(૩) આ બાબત તપાસી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

(૪) આ અંગે તાલુકા વિકાસ અધિકારી તથા

નિકાલ માટે પાઈપ લાઈનો તેમના ખેતરમાં નાંખી છે તે દૂર કરવા સરકાર ક્યારે અને શા પગલાં લેવા માંગે છે ?

સમાજ કલ્યાણ અધિકારીએ સ્થળ મુલાકાત લઈ ગંદા પાણીને જમીનમાં નાંખવાનું બંધ કરાવેલ છે.

------------

**રાજ્યમાં બી. પી. એલ.ની યાદી સુધારણા**

૧૭૩૧૩**ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની બી.પી.એલ. લાભાર્થીઓની યાદીમાં સમાવેશ થવા પાત્ર ગરીબ કુટુંબો રહી જવા પામેલ છે, અને સધ્ધર કુટુંબોનો સમાવેશ થયેલ છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ બી.પી.એલ. યાદી સરકાર સુધારવા માંગે છે કે કેમ, અને

(૩) કેટલા સમયમાં સુધારવામાં આવશે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વડોદરા જિલ્લામાં ખેત તલાવડી અંતર્ગત ફાળવેલ અનાજનો જથ્થો**

૧૭૧૨૪**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ખેત તલાવડી અંતર્ગત કેટલી અનાજની કુપનો આપવામાં આવી,

(૨) તે માટે કેટલું અનાજ ફાળવવામાં આવ્યું, અને

(૩) દરેક તાલુકામાં કેટલી ખેત તલાવડી થઈ અને તાલુકાવાર કેટલું અનાજ આપવામાં આવ્યું ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ખેત તલાવડી અંતર્ગત ૩૨૩૧.૯૯૩ (મે. ટન) અનાજની કુપનો આપવામાં આવી.

(૨) તે માટે ૨૯૩૩.૫૮૯ (મે. ટન) અનાજ ફાળવવામાં (વિતરણ કરવામાં) આવેલ છે.

(૩) તાલુકાવાર થયેલ ખેત તલાવડીઓ અને તે માટે આપવામાં આવેલ અનાજના જથ્થાની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું | બનાવેલ | આપવામાં |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | વડોદરા | ૩૬૮ | ૨૫૮.૬૩૦ |
| ૨ | સાવલી | ૬૬૫ | ૩૯૦.૯૫૦ |
| ૩ | વાઘોડિયા | ૬૬૧ | ૩૮૯.૦૩૦ |
| ૪ | પાદરા | ૨૪૩ | ૯૭.૦૦૦ |
| ૫ | કરજણ | ૧૨૫ | ૭૧.૬૭૦ |
| ૬ | શિનોર | ૭૭ | ૩૧.૭૮૦ |
| ૭ | ડભોઈ | ૫૮૨ | ૧૯૭.૮૭૦ |
| ૮ | સંખેડા | ૬૬૩ | ૩૫૩.૭૩૬ |
| ૯ | નસવાડી | ૪૧૨ | ૨૦૪.૬૦૯ |
| ૧૦ | જેતપુર-પાવી | ૬૬૮ | ૩૬૫.૬૨૦ |
| ૧૧ | છોટાઉદેપુર | ૬૪૬ | ૩૯૩.૭૩૧ |
| ૧૨ | ક્વાંટ | ૪૮૦ | ૧૭૮.૯૬૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | ક્વાંટ | ૪૮૦ | ૧૭૮.૯૬૩ |
| | **કુલ :** | **૫૫૯૦** | **૨૯૩૩.૫૮૯** |

------------

**નર્મદા જિલ્લા દુધ સહકારી મંડળીઓ અલગ કરવા રજૂઆત**

૧૮૨૧૮ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લાની દૂધ સહકારી મંડળીઓ તા. ૩૧-૧-૦૬ સુધીમાં દુધ ધારા ભરુચ સાથે સંકળાયેલ છે તેમાંથી છૂટી પાડી નર્મદા જિલ્લામાં આવેલ દૂધ સહકારી મંડળીઓનું અલગ જૂથ રચવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી દરખાસ્તો મળેલ છે,

(૨) આ દરખાસ્તોના મુખ્ય કારણો શું છે,

(૩) સરકાર આ દરખાસ્તોને ધ્યાનમાં લઈ નર્મદા જિલ્લાની દુધ મંડળીઓને દુધ ધારા ભરુચથી અલગ પાડી તેમને અલગ અસ્તિત્વ આપવા માંગે છે કે કેમ, અને

(૪) જો ના, તો તેના કારણો શું છે ?

**જવાબ**

(૧) અલગ જુથ રચવા માટે છેલ્લા બે વર્ષમાં કોઈ દરખાસ્તો મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્યમાં કૃષિરથ યાત્રા દરમિયાન કરેલ ખર્ચ**

૧૭૧૨૧ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કૃષિરથ યાત્રા દરમ્યાન કુલ કેટલા ખેડૂતોને ક્યા ક્યા પ્રકારની, કેટલી કીટોનું વિતરણ કરવામાં આવ્યું હતું, અને

(૨) કીટ, જાહેરાત અને આનુસંગિક ખર્ચ પેટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| | **વિગત** | **ખેડૂતોની સંખ્યા** | **કીટની સંખ્યા** |
|---|---|---|---|
| અ) | કૃષિ કીટ | ૯૧૪૬૫ | ૯૧૪૬૫ |
| | | | |
| બ) | બાગાયતી કીટ | | |
| ૧) | શાકભાજી કીટ | ૪૪૮૫૦ | ૪૪૮૫૦ |
| ૨) | મસાલા કીટ | ૪૬૭૩૦ | ૪૬૭૩૦ |
| | **કુલ :** | **૯૧૫૮૦** | **૯૧૫૮૦** |
| | | | |
| ક) | પશુપાલન માટે ઘાસચારા કીટ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ |

(૨)

| | ખર્ચની વિગત | કીટ ખર્ચ | આનુષાંગિક ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| અ) | કૃષિ કીટ ખર્ચ | ૧૨૪૮૧૮૬૫૬ | ૪૭,૭૧,૮૧૦ | ૧૨૯૭૪૬૨૫૪ |
| | જાહેરાત ખર્ચ | | ૧,૫૫,૭૮૮ | |
| | | | | |
| બ) | બાગાયતી કીટ | | | |

| | | | | |
|---|---|---|---|---|
| બ) | બાગાયતી કીટ | | | |
| ૧) | કીટ | ૮૫૮૬૭૫૧૯ | ૨૯૫૬૧૪૩ | ૯૨૯૫૬૧૪૩ |
| ૨) | ક્લમ રોપા | ૪૧૩૨૪૮૧ | -- | |
| | | | | |
| ક) | પશુપાલન માટે ૬ ાસચારા કીટ | ૭૯૮૫૦૦૦ | -- | ૭૯૮૫૦૦૦ |
| | કુલ ખર્ચ : | | | ૨૩,૦૬,૮૭,૩૯૭ |

------------

## સાબરકાંઠા જિલ્લામાં વોટરશેડ પ્રોજેક્ટનું નિરીક્ષણ

૧૭૮૭૨ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૩થી ૨૦૦૫માં સાબરકાંઠા જિલ્લામાં કઈ કઈ સંસ્થાઓને વોટરશેડ પ્રોજેકટ મંજૂર કરવામાં આવ્યા છે, અને

(૨) તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં મેઘરજ-માલપુર તાલુકના ક્યા ગામે ક્યા અધિકારીએ કામોનું નિરીક્ષણ કર્યુ છે ?

**જવાબ**

(૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૩ થી ૨૦૦૫માં સાબરકાંઠા જિલ્લામાં કોઈ સંસ્થાઓને વાટરશેડ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા નથી. હરીયાળી માર્ગદર્શીકા અમલમાં આવેલ હોઈ વોટરશેડ પ્રોજેક્ટની કામગીરી તાલુકા પંચાયતોને ફાળવવામાં આવેલ છે.
(જેની વિગત પત્રક-અ ઉપર સામેલ છે.)

(૨) નિરીક્ષણ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### પત્રક-અ

| અ.નં. | કેલેન્ડર વર્ષ | મંજુર થયેલ પ્રોજેક્ટ | સંખ્યા | પીઆઈએનું નામ | લીડએનજીઓનું નામ |
|---|---|---|---|---|---|
| ૧. | ૨૦૦૩ | IWDP | ૧૦ | તા.પં. ખેડબ્રહ્મા | માનવ કલ્યાણ ટ્રસ્ટ, ખેડબ્રહ્મા |
| | | DPAP | ૩ | તા.પં. માલપુર | -""- |
| ૨. | ૨૦૦૪ | IWDP | ૧૦ | તા.પં. વિજયનગર | -""- |
| | | DPAP | ૩ | તા.પં. માલપુર | -""- |
| ૩. | ૨૦૦૫ | IWDP | ૧૦ | તા. પં. ઈડર | બાયફ |
| | | | ૧૦ | તા. પં. વડાલી | બાયફ |
| | | | ૧૦ | તા. પં. ભિલોડા | વિકસત |
| | | DPAP | ૪ | તા. પં. માલપુર | માનવ કલ્યાણ ટ્રસ્ટ, ખેડબ્રહ્મા |

-----------

**ખેડૂતોને આર્થિક રક્ષણ માટે ખરીદી યોજના હેઠળ ચૂકવવાની બાકી રકમ**

૧૭૪૭૪ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર ધ્વારા કપાસ પકવતા ખેડૂતોને આર્થિક રક્ષણ માટે કપાસ ખરીદી યોજના ૧૯૯૮-૯૯ અંતર્ગત ગુજકોટને સરકાર તરફથી ખોટની રકમ ચુકવવાની બાકી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો કેટલી રકમ ચૂકવવાની બાકી છે અને તે ક્યારે ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) ના, જી. આવી કોઈ રમક ચૂકવવાની બાકીમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્યની માંદી ખાંડ મીલોને મદદ માટે પેકેજ**

૧૭૮૮૪ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભારત સરકારે રાજ્યની માંદી ખાંડ મીલોને મદદ કરવા ખાસ પેકેજની જાહેરાત કરેલ છે, તે હકીત સાચી છે,

(૨) જો હા, તો ઉના સુગર ફેક્ટરીને આ પેકેજનો લાભ મળે છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલી રકમનો, જો ના, તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ના, જી.

(૩) પેકેજ માટે નક્કી કરવામાં આવેલ ધોરણો સંતોષાતા ન હોવાથી.

------------

**રાજ્યમાં બી.પી.એલ. કુટુંબોની સંખ્યા**

૧૭૧૩૨ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જિલ્લાવાર ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા કેટલી છે ?

**જવાબ**

રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નવમી પંચવર્ષીય યોજના અંતર્ગત જિલ્લાવાર ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા નીચે દર્શાવ્યા પ્રમાણેની છે.

| અ.નં. | જિલ્લાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૭૮૭૨૨ |
| ૨ | અમરેલી | ૫૦૭૬૧ |
| ૩ | કચ્છ | ૭૩૨૨૫ |
| ૪ | ખેડા | ૧૦૮૫૮૬ |
| ૫ | આણંદ | ૭૩૬૪૧ |
| ૬ | ગાંધીનગર | ૩૫૪૫૭ |
| ૭ | જામનગર | ૭૯૬૭૧ |
| ૮ | જુનાગઢ | ૭૫૮૧૯ |
| ૯ | પોરબંદર | ૧૭૫૮૧ |
| ૧૦ | ડાંગ | ૩૩૯૬૮ |
| ૧૧ | પંચમહાલ | ૨૨૨૪૯૩ |
| ૧૨ | દાહોદ | ૧૯૨૯૨૦ |
| ૧૩ | બનાસકાંઠા | ૧૩૫૬૧૫ |

| અ.નં. | જિલ્લાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧૪ | ભરૂચ | ૧૦૯૫૯૩ |
| ૧૫ | નર્મદા | ૭૩૪૯૪ |
| ૧૬ | ભાવનગર | ૭૨૪૪૪ |
| ૧૭ | મહેસાણા | ૪૬૫૧૯ |
| ૧૮ | પાટણ | ૫૬૨૨૮ |
| ૧૯ | રાજકોટ | ૭૮૩૭૬ |
| ૨૦ | વડોદરા | ૧૩૨૦૫૩ |
| ૨૧ | વલસાડ | ૮૫૨૬૯ |
| ૨૨ | નવસારી | ૭૫૫૧૨ |
| ૨૩ | સાબરકાંઠા | ૧૪૬૪૫૫ |
| ૨૪ | સુરત | ૧૯૫૭૬૧ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૭૯૨૧૫ |
| | **કુલ :** | **૨૩૨૯૩૭૮** |

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં રસ્તા, પાણી અને વિકાસના કામો માટે ફાળવેલ ગ્રાંટ**

૧૭૩૨૦ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૫-૨૦૦૬ના નાણાકીય વર્ષમાં સુરેન્દ્રનગરને કેટલી ગ્રાંટ રસ્તા/પાણી અને વિકાસ તથા અન્ય કામે તારીખ. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ફાળવાઈ છે, | (૧) રૂપિયા ૧૪૯૦.૩૦ લાખ. |
| (૨) આ ગ્રાંટમાંથી કેટલી રકમ લીંબડી તાલુકા માટે તારીખ. ૩૧-૧-૦૬ સુધીમાં વપરાઈ છે, અને | (૨) રૂપિયા ૯૪.૫૩ લાખ. |
| (૩) મંજૂર થયેલ ગ્રાંટથી ઓછી ગ્રાંટ ફાળવવાના શાં કારણો છે ? | (૩) મળવાપાત્ર ગ્રાંટ ફાળવાયેલ હોઈ ઓછી ગ્રાંટ આપવાનો પ્રશ્ન રહેતો નથી. |

**રાજ્યમાં અપંગોને એસ. ટી. પાસની સુવિધા અને આવક મર્યાદા માટે આયોજન**

૧૭૮૮૩ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યમાં વિકલાંગોને એસ. ટી. બસમાં મુસાફરી માટેના પાસ આપવામાં આવે છે તે યોજના સરકારે રદ કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) આ યોજના સરકારના ઠરાવમાં આવક મર્યાદાનો જે ઉલ્લેખ છે તે સરકારે રદ કરવા વિચારણા કરેલ છે કેમ, અને | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ યોજના અંતર્ગત વિકલાંગોની આવક તથા તેમના વાલીઓની આવક મર્યાદાના ભેદની સ્પષ્ટતા કરવા સરકારનું શું આયોજન છે ? | |

-------------

**રાજ્યમાં ભૂમિ નવસાધ્ય કરવા અંગે**

૧૭૮૫૪ **શ્રી રાજેશભાઈ પાઠક (બાલાસિનોર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પડતર જમીનનો ઉપયોગ કરીને કોઈ ખાસ પ્રોજેક્ટ દ્વારા ભૂમિ નવસાધ્ય કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે કે કેમ, અને | (૧) રાજ્યમાં પડતર જમીનના ઉપયોગ કરીને પાટણ જિલ્લાના સમી તાલુકાના મુંજપર ખાતે ૫૦ હેક્ટર વિસ્તારમાં ડ્રીપ ઈરીગેશનથી ૧.૮૪ લાખ રોપાઓનું સફળ પ્લાન્ટેશન કરેલ છે. પાંચ વર્ષના અંતે આ પ્લાન્ટેશન સફળતાના આરે આવી ઉભુ છે. મુંજપર સર્વે નંબર ૧૩૫૪ પૈકીની સરકારી પડતર જમીનનો કબજો લઈ ગ્રામ વિકાસ નિગમ ધ્વારા જોજોબા પ્લાન્ટેશન પ્રોજેક્ટની કામગીરી હાથ ધરવામાં આવી છે. |
| (૨) જો હા, તો આવો ક્યો (ખેડુતલક્ષી) પ્રોજેક્ટ હાથ ધરેલ છે અને તેના શું પરિણામો મળ્યા છે ? | (૨) જોજોબા પ્લાન્ટેશનનો ઉત્પાદન થવાનો તબકકો ઉભો થયો છે, અને જોજોબા પ્લાન્ટેશનનો વ્યાપ અને જાણકારી વધે તે માટે નિગમે કુલ ૬૯૮૦ ખેડૂતોને તાલીમ આપેલ છે. |

-------------

## સહકાર ખાતામાં એકજ જગ્યા પરથી બદલવા અંગે

૧૭૬૧૯ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સહકાર ખાતામાં ચાર અધિક રજિસ્ટ્રાર ઉપલબ્ધ હોવા છતાં અધિક રજિસ્ટ્રાર (વહીવટ)ને ચાર વર્ષ ઉપરાંતનો સમય થયો હોવા છતાં બદલવામાં આવ્યા નથી તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સામાન્ય વહીવટ વિભાગના ઠરાવના આધારે ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી એક જ જગ્યા ઉપર ચાલુ રાખી શકાતા નથી, તેમ છતાં આ અધિકારીને શા માટે બદલવામાં આવ્યા નથી, અને તેના કારણો શાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## પંચમહાલ જિલ્લાના શ્રમ વિકાસના કામો

૧૭૮૦૩ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય શ્રમ વિકાસ યોજના હેઠળ કેટલા કામોને મંજુર કરવામાં આવેલ છે, | (૧) પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રિય શ્રમ વિકાસ યોજના હેઠળ કુલ ૩૭૨ કામોને મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) આ પૈકી કેટલા કામો તા. ૩૧-૧-૦૬ની પરિસ્થિતિએ પૂર્ણ થયેલા છે, બાકી રહેલા કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) આ પૈકી બે કામો તા. ૩૧/૧/૦૬ની પરિસ્થિતિએ પૂર્ણ થયેલા છે, બાકી રહેલા કામો બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) તે કામોના કેટલા નાણા ચૂકવાયા છે, અને કેટલા નાણા ચૂકવવા બાકી છે ? | (૩) તે કામોના રૂા. ૩૮.૭૭ લાખ ચુકવાયેલ છે, અને રૂા. ૬૮૮.૧૨ લાખ ચુકવવાના બાકી છે. |

-------------

## ડૉ. આંબેડકર આવાસ યોજના માટે ગ્રાન્ટની જોગવાઈ

૧૭૮૭૬**શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં રાજ્યમાં ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ જિલ્લાવાર કુલ કેટલા આવાસો ફાળવવામાં આવ્યા, અને | (૧) ડૉ. આંબેડકર આવાસ યોજના અંતર્ગત સરકાર ધ્વારા આવાસોની ફાળવણી કરવામાં આવતી નથી. પરંતુ અનુસૂચિત જાતિના લોકોને આવાસ નિર્માણ માટે યોજનાના ધારાધોરણ મુજબ આર્થિક સહાય આપવામાં આવે છે. |
| (૨) તેના માટે કેટલી ગ્રાન્ટની જોગવાઈ હતી, અને કેટલો ખર્ચ થયો ? | (૨) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રૂા. ૧૨૬૪.૫૬ લાખની જોગવાઈ સામે રૂા. ૪૫૦.૪૯ લાખ ખર્ચ થયેલ છે. |

-------------

## આણંદ જિલ્લામાં વિકાસના કામોની મંજૂરી

૧૭૨૭૦**શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલી રકમના વિકાસના કામોને વહીવટી મંજૂરી આપેલ છે, કેટલો ખર્ચ થયેલ છે,

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧/૧૨/૦૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં વર્ષવાર નીચે મુજબની રકમના વિકાસ કામોને વહીવટી મંજૂરી આપેલ છે. અને નીચે પ્રમાણે ખર્ચ થયેલ છે.

| વર્ષ | વહીવટી મંજૂરી આપેલ કામની રકમ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૧૪૮૩.૪૭ | ૧૦૦૪.૪૯ |
| ૨૦૦૪-૦૫ | ૨૧૭૬.૪૮ | ૯૨૩.૭૯ |
| ૨૦૦૫-૦૬ તા. (૩૧/૧૨/૦૫ અંતિત) | ૧૫૩૫.૪૭ | ૭૫૩.૫૮ |

(૨) આ વિકાસના કામો માટે ગ્રાન્ટમાં ૩૩ ટકા કાપ મૂકવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) ના, જી.

(૩) જો હા, તો તેના શાં કારણો છે ?

(૩) પ્રશ્ન રહેતો નથી.

-----------

## રાજ્યમાં રહેમરાહે નિમણૂક પામેલા કર્મચારીઓને પૂર્વસેવા તાલિમ

૧૭૭૯૯**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં પંચાયત વિભાગ દ્વારા વર્ગ-૩માં રહેમરાહે નિમણૂક આપેલ કર્મચારીઓ પૈકી કેટલા કર્મચારીઓને પૂર્વસેવા તાલીમમાં મોક્લવામાં આવેલ છે, અને

(૧) ૮૫૧

(૨) પૂર્વ સેવા તાલીમમાં મોક્લેલ આ કર્મચારીઓ પૈકી કેટલાને સરકારશ્રીના પંચાયત વિભાગના તા.૩-૧૨-૦૪ના જાહેરનામાંથી અમલી થતાં નિયમોની જોગવાઈ મુજબ લાગુ પડતાં પગાર અને મોંઘવારી ભથ્થુ બંન્ને ચૂકવવામાં આવેલ છે ?

(૨) એકપણ નહિ.

-------------

## મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોને દબાણ દૂર કરવા નોટિસ

૧૭૫૩૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કઈ કઈ ગ્રામ પંચાયતોના સરપંચોને દબાણ દુર કરવા સબંધી નોટિસો

**જવાબ**

(૧)

| ક્રમ | ગ્રામ પંચાયત |
|---|---|
| ૧. | ડભોડા |
| ૨. | પાલાવાસણા |

| | |
|---|---|
| આપવામાં આવી, અને | ૩. રૂપાલ-કુકચા<br>૪. મેવડ<br>૫. મોલીપુર<br>૬. ગોઝારીયા<br>૭. ડાંગરવા<br>૮. સિપોર |
| (૨) નોટિસ આપવા છતાં દબાણ દુર નહી કરનાર ગ્રામ પંચાયતના સરપંચો વિરૂધ્ધ સરકારે શાં પગલાં ભર્યા ? | (૨) ઉપરોક્ત ૮ પેકી ૫ સરપંચોને હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવેલ છે. બાકીના ૩ સરપંચો સામેના અર્ધન્યાયિક પ્રક્રિયા હેઠળ ચાલતા વિવાદોના ઉકેલ આવ્યા બાદ કાર્યવાહી કરવામાં આવશે. |

-------------

**અનામત વર્ગોની બેક્લોગની જ્ગ્યાઓ**

૧૪૯૬૪ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનામત વર્ગોની બેક્લોગની જ્ગ્યાઓ ભરવા માટે હાઈકોર્ટે સરકારને છેલ્લે ક્યારે આદેશ આપેલ હતો, | (૧) તા. ૭-૭-૧૯૯૮ના રોજ |
| (૨) બેક્લોગની કેટલી જ્ગ્યાઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ભરવાની થાય છે, અને | (૨) ૧૧,૯૮૬ |
| (૩) સરકાર અનામતની આ બેક્લોગની જ્ગ્યાઓ ક્યારે ભરવા માંગે છે ? | (૩) બનતી ત્વરાએ. |

-------------

**ગ્રામિણ સ્વરોજ્ગારી યોજના હેઠળ બેરોજ્ગારોને સહાય**

૧૭૧૨૦ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારે ગ્રામિણ સ્વરોજ્ગારી બેરોજ્ગારો માટે જે યોજના તાજેતરમાં અમલી બનાવી છે તે અન્વયે રાજ્ય સરકારે રાજ્યમાં તેનો અમલ ક્યારથી કરેલ છે, અને | (૧) કન્દ્ર સરકારે ગ્રામિણ સ્વરોજ્ગારીની કોઈ યોજના તાજેતરમાં અમલી બનાવી નથી. પરંતુ રાષ્ટ્રીય ગ્રામિણ રોજ્ગારી બાંહેધરી અધિનિયમ ૨૦૦૫ હેઠળ રાજ્યમાં રોજ્ગારી આપવા માટે રોજ્ગારી બાંહેધરી યોજનાનો અમલ તા. ૨/૨/૦૬થી રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, નર્મદા, પંચમહાલ, દાહોદ અને ડાંગ જેવા છ પછાત જિલ્લાઓમાં કરવામાં આવેલ છે. |
| (૨) બેરોજ્ગારોને કેટલી રકમ સહાય પેટે આપવામાં આવશે ? | (૨) ઉપરોક્ત યોજના માંગ આધારીત હોઈ રોજ્ગારીની માંગણી થયેથી રોજ્ગારી પુરી પાડવામાં આવશે. |

-------------

**પંચમહાલ જિલ્લામાં સરદાર પટેલ આવાસની લાભાર્થીને ચૂક્વેલ રકમ**

૧૭૬૭૭**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં ગરીબો માટેના સરદાર આવાસો એસ.ઓ.આર. ભાવ મુજબ કેટલી રકમનું ગણી શકાય, | (૧) યોજનાના અંતર્ગત બાંધકામમાં અપાયેલ છૂટછાટોને ધ્યાને લઈ આવાસની યુનીટકોસ્ટ રૂા. ૪૩૦૦૦-૦૦ ચાલુ રાખેલ છે. |

(૨) તે પૈકી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ લાભાર્થીને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૨) રૂા. ૩૬૦૦૦-૦૦ (છત્રીસ હજાર)

(૩) ગામડામાં વસતા ગરીબ લાભાર્થીઓને ધ્યાને રાખી આવાસોની રકમ અને ડિઝાઈનમાં સુધારા વધારા કરવા માગો છો કે કેમ ?

(૩) ના, જી.

-------------

## સુરત જિલ્લામાં વાઘેચા ગામને તીર્થગ્રામ તરીકે જાહેર કરવા અંગે

૧૭૪૪૭**શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સુરત જિલ્લાના બારડોલી તાલુકાના વાઘ ેચા ગામને તીર્થગ્રામ યોજનામાં સમાવેશ નથી કરવામાં આવ્યો એ હકીક્તથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ગામનો તીર્થગ્રામ યોજનામાં ક્યા કારણસર સમાવેશ નથી કરાયો, અને | (૨) નિયત ધોરણો પરીપૂર્ણ થતાં ન હોવાથી. |
| (૩) આ ગામને ક્યાં સુધીમાં તીર્થગ્રામ યોજનામાં સમાવેશ કરવામાં આવશે ? | (૩) નિયત ધોરણો પરીપૂર્ણ થયેથી. |

-------------

## રાજ્યના માછીમારોને પાકિસ્તાનમાંથી છોડાવવા અંગે

૧૭૭૨૭**શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) દરિયામાં માછીમારી કરતા રાજ્ય માછીમારોને પાકિસ્તાન દ્વારા વારંવાર તેમની બોટને આંતરીને પાકિસ્તાન લઈ જવાય છે આવા માછીમારોને ઝડપથી મુક્તિ અપાવવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ, અને | (૧) પકડવામાં આવેલ બોટો અને માછીમારની વિગતો ભારત સરકારના વિદેશ મંત્રાલય નવી દિલ્હીને મોકલી આપવામાં આવે છે. જેને મંત્રાલય દ્વારા પાકિસ્તાન સરકારશ્રીને પાકિસ્તાન એલચી ક્ચેરી મારફ્ત વિગતો રજૂ કરીને બોટો અને માછીમારોને મૂક્ત કરવા જણાવવામાં આવે છે.<br>આ બાબત આંતરરાષ્ટ્રીય ડીપ્લોમેટીક મેટર હોવાથી રાજ્ય સરકાર ભારત સરકારશ્રી સાથે સતત સંપર્કમાં રહે છે. |
| (૨) પકડાયેલ માછીમાર પર નિર્ભર તેમના કુટુંબને સહાયરૂપ બનાવવા પ્રબંધો ક્યા પ્રકારના છે ? | (૨) પકડાયેલ માછીમારનાં કુટુંબને પકડાયેલ માછીમાર દીઠ રૂા.૫૦/- પ્રતિદિન લેખે પકડાયેલ તારીખથી જ્યાં સુધી તે પાકિસ્તાનની જેલમાં રહે ત્યાં સુધી રાજ્ય સરકાર તરફથી આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. |

-------------

## કલોલ તાલુકામાં તલાટીઓની બદલી

૧૫૯૨૦**ડૉ. અતુલ કે. પટેલ (કલોલ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| કલોલ તાલુકામાં પાંચ વર્ષથી વધુ સમયથી એક જ ગામમાં તલાટી તરીકે ફરજ બજાવતા તલાટીઓની બદલી કરવા માગો છો કે કેમ ? | વહીવટી જરૂરીયાત હશે તો વિચારવામાં આવશે. |

-------------

## પાક વિમા યોજના હેઠળ ચૂકવેલ રકમ

**૧૭૧૦૯શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાક વીમા યોજના અંતર્ગત રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલા લાભાર્થીઓને કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી,

(૨) આ યોજના અંતર્ગત જિલ્લાવાર બાકી કેસો કેટલા, અને

(૩) આવા કિસ્સાઓમાં ક્યારે ચૂકવણી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાક વીમા યોજના અંતર્ગત રાજ્યમાં જિલ્લાવાર લાભાર્થીઓને ચૂકવવામાં આવેલ દાવાઓની વિગત પત્રક-૧ મુજબ છે.

(૨) આ યોજના અંતર્ગત મંજુર થયેલ પાક વીમાના કોઇ દાવાઓ ચુકવવાના બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**પ ત્ર ક -૧**

તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાક વિમા યોજના અંતર્ગત રાજ્યમાં જિલ્લાવાર લાભાર્થીઓને ચૂકવેલ રકમની વિગત દર્શાવતું પત્રક (નાણાકીય રૂ.લાખમાં)

| અ.નં. | જિલ્લાનું નામ | ખરીફ-૨૦૦૨ | | રવિ/ઉનાળુ-૨૦૦૨-૦૩ | | ખરીફ-૨૦૦૩ | | રવિ/ઉનાળુ ૨૦૦૩-૦૪ | | ખરીફ-૨૦૦૪ | | કુલ સરવાળો | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લાભાર્થીની સંખ્યા | ક્લેઇમની ચૂકવેલ રકમ | લાભાર્થીની સંખ્યા | ક્લેઇમની ચૂકવેલ રકમ | લાભાર્થીની સંખ્યા | ક્લેઇમની ચૂકવેલ રકમ | લાભાર્થીની સંખ્યા | ક્લેઇમની ચૂકવેલ રકમ | લાભાર્થીની સંખ્યા | ક્લેઇમની ચૂકવેલ રકમ | લાભાર્થીની સંખ્યા | ક્લેઇમની ચૂકવેલ રકમ |
| ૧ | બનાસકાંઠા | ૫૯૩૯૭ | ૨૧૦૫.૩૪ | ૧૮૦૬ | ૧૮.૮૫ | - | - | ૨૨ | ૦.૦૭ | ૨૨.૫૮ | ૫.૬૫ | ૬૩૪૮૩ | ૨૧૨૯.૯૧ |
| ૨ | જામનગર | ૧૪૩૦૧૦ | ૨૭૫૧૭.૧૮ | - | - | - | - | - | - | - | - | ૧૪૩૦૧૦ | ૨૭૫૧૭.૧૮ |
| ૩ | કચ્છ | ૧૪૧૮ | ૫૧.૩૭ | ૫ | ૦.૭૭ | - | - | - | - | ૫૦ | ૨.૬૯ | ૧૪૭૩ | ૫૪.૮૩ |
| ૪ | મહેસાણા | ૭૯૯૬ | ૪૪.૬૫ | ૪૫૧ | ૧.૫૧ | - | - | ૨૩ | ૦.૦૪ | - | - | ૮૪૭૦ | ૪૬.૨૦ |
| ૫ | રાજકોટ | ૨૬૪૭૨૬ | ૨૮૩૬૪.૨૯ | ૭૬ | ૦.૬૪ | - | - | - | - | ૧૧૧૧ | ૪૦.૩૪ | ૨૬૫૯૧૩ | ૨૮૪૦૫.૨૭ |
| ૬ | સુરેન્દ્રનગર | ૨૬૮૩૮ | ૧૯૮૦.૯૫ | ૬૬૬ | ૧૩.૮૩ | ૭૮૧૩ | ૪૫૭.૨૩ | - | - | ૧૫૭ | ૧.૪૦ | ૩૫૪૭૪ | ૨૪૫૩.૪૧ |
| ૭ | અમદાવાદ | ૨૧૦૫૦ | ૮૮૫.૩૧ | ૭ | ૦.૧૨ | ૬ | ૦.૧૦ | - | - | ૧૪૧ | ૩.૫૦ | ૨૧૨૦૪ | ૮૮૯.૦૩ |
| ૮ | અમરેલી | ૧૮૪૩૧ | ૨૧૬૩.૮૪ | - | - | - | - | - | - | - | - | ૧૮૪૩૧ | ૨૧૬૩.૮૪ |
| ૯ | ભાવનગર | ૧૬૬૩ | ૨૦.૪૪ | - | - | - | - | ૨૮ | ૧.૯૫ | ૩૧ | ૦.૩૬ | ૧૭૨૨ | ૨૨.૭૫ |
| ૧૦ | જૂનાગઢ | ૬૧૭૩૬ | ૭૩૧૧.૪૪ | ૨૩ | ૦.૦૮ | - | - | - | - | - | - | ૬૧૭૫૯ | ૭૩૧૧.૫૨ |
| ૧૧ | સાબરકાંઠા | ૬૫૧૮૮ | ૨૧૫૦.૯૮ | ૫૨૦૯ | ૨૦૧.૬૧ | ૧૨૬૦ | ૧૦૬.૬૫ | - | - | ૩૯૫૬૨ | ૫૭૫.૭૩ | ૧૧૧૨૧૯ | ૩૦૩૪.૯૭ |
| ૧૨ | ગાંધીનગર | - | - | ૨૪ | ૦.૫૦ | - | - | - | - | - | - | ૨૪ | ૦.૫૦ |
| ૧૩ | ખેડા | - | - | ૭૭ | ૦.૩૪ | - | - | - | - | ૯૧ | ૧.૨૨ | ૧૬૮ | ૧.૫૬ |
| ૧૪ | પંચમહાલ | - | - | ૩૭ | ૦.૩૯ | ૪૦૮૪ | ૪.૫૮ | - | - | ૫૫૨૮ | ૯૮.૦૬ | ૯૬૪૯ | ૧૦૩.૦૩ |
| ૧૫ | દાહોદ | - | - | - | - | - | - | ૫ | ૦.૦૧ | ૭૬૩૫ | ૧૦૧.૭૪ | ૭૬૪૦ | ૧૦૧.૭૫ |
| ૧૬ | વડોદરા | - | - | - | - | - | - | - | - | ૧ | ૦.૦૧ | ૧ | ૦.૦૧ |
| ૧૭ | પાટણ | - | - | - | - | - | | - | - | ૭૫૧૮ | ૧૫૯.૧૫ | ૭૫૧૮ | ૧૫૯.૧૫ |
| | કુલ .. | ૬૭૧૪૫૩ | ૭૨૫૯૫.૭૯ | ૮૩૮૧ | ૨૩૮.૬૪ | ૧૩૧૬૩ | ૫૬૮.૫૬ | ૭૮ | ૨.૦૭ | ૬૪૦૮૩ | ૯૮૯.૮૫ | ૭૫૭૧૫૮ | ૭૪૩૯૪.૯૧ |

## વલસાડ જિલ્લાની આશ્રમ શાળાઓનું ચેકિંગ

**૧૭૮૬૫શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કુલ કેટલી તાલુકાવાર આશ્રમશાળાઓ ચાલે છે તેની અંદર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે,

(૨) આ આશ્રમશાળાઓનું બે વર્ષ દરમ્યાન ઓચિંતુ ચેકિંગ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) ચેકિંગ દરમ્યાન કોઈ ગેરરિતિ માલુમ પડેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો થયેલ કાર્યવાહીની વિગતો શું છે ?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની વિકસતી જાતિની તેમજ અનુસૂચિત જાતિની એકપણ આશ્રમશાળા ચાલતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શું છે ?

-------------

**રાજ્યના ખેડુતોને પોષણક્ષમ ભાવો માટેનું આયોજન**

૧૭૩૨૫**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ખેડુતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે કૃષિ ભાવ પંચે કઈ કઈ જણસીઓનો યાદીમાં સમાવેશ કરેલ છે, | (૧) ડાંગર, બાજરી, જુવાર, મકાઇ, તુવેર, મગ, અડદ, મગફળી, તલ, કપાસ, ઘઉં, ચણા, રાયડો અને શેરડીનો સમાવેશ કરેલ છે. |
| (૨) તે પૈકી રાજ્ય સરકાર કઈ કઈ જણસીઓના ટેકાના ભાવથી ખરીદી કરવાનું શરૂ કરેલ છે, અને | (૨) ટેકાના ભાવની યોજના કેન્દ્ર સરકાર હસ્તક હોઇ, રાજ્ય સરકારે ટેકાના ભાવથી ખરીદી કરવાનો પ્રશ્ન રહેતો નથી. પરંતુ કેન્દ્ર સરકારે જાહેર કરેલ ટેકાના ભાવો પૈકી કપાસ પાકના ટેકાના ભાવ કરતાં બજાર ભાવ નીચા જતાં કપાસ પાકની ટેકાના ભાવે ખરીદી ભારત સરકારે નિયુક્ત કરેલ એજન્સી મારફતે શરૂ કરવામાં આવેલ છે. |
| (૩) બાકીની જણસીઓની ખરીદી કરવા સરકારે આયોજન કરેલ છે કે કેમ ? | (૩) હા, જી. |

-------------

**અમદાવાદ શહેરમાં સરસ્વતી સાધના યોજના હેઠળ આપેલ સાયકલો**

૧૭૮૦૫**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેર અને જિલ્લાના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીઓને સરસ્વતી સાધના યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલી સાયકલો આપવાની મંજૂર થયેલ છે, અને | (૧) અમદાવાદ શહેર-શૂન્ય<br>અમદાવાદ જિલ્લો<br>વિધાર્થીનીઓ-૩૩૨ ને સાયકલ ખરીદવા રકમ મંજૂર થયેલ છે. |
| (૨) તેમાંથી કેટલી સાયકલો આપવામાં આવી છે ? | (૨) ૨૪૪ વિધાર્થીનીઓને સાયકલ ખરીદવા રકમ આપવામાં આવેલ છે. |

-------------

**રાજ્યમાં એગ્રો પ્રોસેસીંગ ઝોન**

૧૭૬૭૫**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી -૦૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં કેટલાં ક્યા ક્યા સ્થળે એગ્રો પ્રોસેસીંગ ઝોન સ્થાપવામાં આવ્યા છે, અને | (૧) એકપણ નહીં. |
| (૨) જાન્યુઆરી ૦૬ની સ્થિતિએ રાજ્યમાં કેટલા પ્રોસેસીંગ યુનિટો કાર્યરત છે, આ માટે કેટલી સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## ભાવનગર તાલુકામાં વરસાદથી જમીનનું ધોવાણ

૧૭૮૮૭ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દક્ષિણ):માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર તાલુકાના ભાલ વિસ્તારના ગામડાઓના ખેતરોમાં વરસાદનું પાણી ફરી વળવાથી વરસોવરસ ખેતીની જમીનનું ધોવાણ થાય છે તે સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ જમીન નવ સાધ્ય કરવા માટે રાજ્ય સરકાર શું આયોજન કરવા માંગે છે ? | (૨) જમીન નવસાધ્ય કરવા માટે રાજ્યના ભાલ વિસ્તાર વિકાસ યોજના વર્ષ ૨૦૦૫-૦૬ થી રૂા.૧.૦૦ કરોડની જોગવાઇથી યોજના અમલમાં છે. |

-------------

## જિલ્લા પંચાયતોમાં રહેમરાહે નોકરીની અરજીઓ

૧૭૮૬૦ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ રાજ્યમાં કઈ કઈ જિલ્લા પંચાયતોમાં રહેમરાહે નોકરી મેળવવા માટે કેટલી અરજીઓ પડતર છે, | (૧) ૨૨૬ (પત્રક સામેલ છે) |
| (૨) આ અરજીઓ કેટલા સમયથી ક્યા કારણોસર પડતર છે, | (૨) જુદા જુદા સમયથી વહીવટી કારણોસર |
| (૩) આ અરજીઓનું નિકાલ કરવાનું શું આયોજન છે, અને | (૩) કાર્યવાહી ગતિમાં છે. |
| (૪) રાજ્ય સરકારે રહેમરાહે નોકરી મેળવનાર પાસેથી બોન્ડ લેવાનું નક્કી કરેલ છે કે કેમ ? | (૪) ના, જી. |

**પત્રક**

**તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ જિલ્લા પંચાયતમાં પડતર કેસોનું પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | પડતર કેસોની સંખ્યા | ક્રમ | જિલ્લાનું નામ | પડતર કેસોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૦૬ | ૧૪ | સુરેન્દ્રનગર | ૦૭ |
| ૨ | પાટણ | ૧૬ | ૧૫ | નર્મદા | ૦૨ |
| ૩ | નવસારી | ૦૫ | ૧૬ | દાહોદ | ૦૫ |
| ૪ | મહેસાણા | ૦૬ | ૧૭ | વડોદરા | ૧૪ |
| ૫ | અમરેલી | ૧૬ | ૧૮ | અમદાવાદ | ૧૯ |
| ૬ | જુનાગઢ | ૦૯ | ૧૯ | સાબરકાંઠા | ૦૮ |
| ૭ | જામનગર | ૦૪ | ૨૦ | કચ્છ-ભૂજ | ૦૪ |
| ૮ | પોરબંદર | ૦૦ | ૨૧ | સુરત | ૧૧ |
| ૯ | ખેડા-નડિયાદ | ૧૭ | ૨૨ | ભરૂચ | ૧૧ |
| ૧૦ | રાજકોટ | ૦૮ | ૨૩ | આણંદ | ૦૫ |
| ૧૧ | ભાવનગર | ૧૩ | ૨૪ | ગાંધીનગર | ૦૪ |
| ૧૨ | બનાસકાંઠા | ૨૯ | ૨૫ | પંચમહાલ | ૦૬ |
| ૧૩ | ડાંગ-આહવા | ૦૧ | | કુલ : | ૨૨૬ |

-------------

## ડુંગળીના ટેકાના ભાવો માટે આયોજન

૧૭૫૪૨**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં ડુંગળીના ભાવો નીચે જતાં રાજ્ય સરકાર દ્વારા ખેડુતોને પોષણક્ષમ ભાવો મળે તે માટે ખરીદીમાં કોઈ સહાય કરવા માગે છે, | (૧) અને (૨) : પોષણક્ષમ ભાવ મળતા નથી એવી રજુઆત મળેલ છે તે અંગે યોગ્ય કાર્યવાહી કરવાની બાબત વિચારણા હેઠળ છે. |
| (૨) આ ભાવો પોષણક્ષમ રીતે ટકી રહે તે માટે કઈ કઈ સહકારી સંસ્થાઓ દ્વારા ખરીદી કરવાનું સરકારે આયોજન કરેલ છે, અને | |

(૩) જુદી જુદી સંસ્થાઓ દ્વારા કુલ કેટલો જથ્થો ખરીદ કરીને કેટલા રૂપિયા ટેકાના ભાવ તરીકે રાજ્ય સરકાર દ્વારા આપવાનું આયોજન છે ?

(૩) ભારત સરકારની માર્ગદર્શિકા હેઠળ ટેકાના ભાવની ખરીદીમાં નાશવંત ચીજોનો સમાવેશ થતો નથી, ડુંગળી નાશવંત ચીજ હોઈ ટેકાના ભાવે ખરીદ કરવાનું આયોજન કરવાનું હોતુ નથી.

-------------

## ધંધુકા, બરવાળા અને રાણપુરમાં કપાસનું વાવેતર

૧૭૮૪૮**શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં સન ૨૦૦૪-૦૫ના નાણાકીય વર્ષમાં કુલ કેટલા હેકટર જમીનમાં કપાસનું વાવેતર થયેલું અને કુલ કેટલું ઉત્પાદન થયું ?

**જવાબ**

સન ૨૦૦૪-૦૫ના નાણાંકીય વર્ષમાં માગેલ તાલુકાઓના કપાસના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનની માહિતી આ મુજબ છે.

| **તાલુકો** | **વાવેતર વિસ્તાર (હેકટરમાં)** | **કપાસનું ઉત્પાદન (મે.ટન)** |
|---|---|---|
| ધંધુકા | ૪૧૦૦૦ | ૨૫૮૨૨ |
| બરવાળા | ૧૮૫૨૦ | ૨૪૨૪૩ |
| રાણપુર | ૨૦૦૭૫ | ૨૩૨૫૯ |

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લા પંચાયતનું સેટઅપ

૧૭૧૧૫ **શ્રી જયંતિલાલ ર. કવાડિયા (હળવદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતનું સેટઅપ કેટલુ,

(૨) સેટઅપ મુજબ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) તે પેકી જિલ્લાનું તલાટી ક્રમ મંત્રીનું સેટઅપ તાલુકાવાર કેટલું છે.

(૪) દરેક તાલુકાવાર સેટઅપ મુજબ ઘટ કેટલી, અને

(૫) આ ઘટ ક્યારે પૂરી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૨૪૪૮

(૨) ૭૬૫

(૩)

| તાલુકાનું નામ | તલાટીનું સેટઅપ | ઘટ |
|---|---|---|
| સાયલા | ૪૮ | ૧૨ |
| ચોટીલા | ૬૫ | ૨૦ |
| મૂળી | ૪૯ | ૧૧ |
| હળવદ | ૮૮ | ૨૯ |
| ધ્રાંગધ્રા | ૭૨ | ૧૦ |
| પાટડી | ૮૯ | ૧૬ |
| તાલુકાનું નામ | તલાટીનું સેટઅપ | ઘટ |
| લખતર | ૪૨ | ૧૪ |
| લીબડી | ૫૯ | ૧૫ |
| ચુડા | ૩૭ | ૦૭ |
| વઢવાણ | ૫૫ | ૧૧ |
| **કુલ** | **૬૦૪** | **૧૪૫** |

(૪) અને (૫) : બનતી ત્વરાએ

-------------

**રાજ્યમાં ટપક સિંચાઈ પધ્ધતિમાં સબસીડીથી ખેડૂતોએ ખરીદેલા સાધનો**

૧૫૫૩૯ **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના તમામ જિલ્લાઓમાં સને ૨૦૦૨-૨૦૦૩, ૨૦૦૩-૨૦૦૪ તથા ૨૦૦૪-૨૦૦૫ ના વર્ષમાં ટપક સિંચાઈ પધ્ધતિ સબસીડીની યોજના હેઠળ ખરીદનારા ખાતેદાર ખેડૂતોને આપેલ બાંહેધરી મુજબ સાધનો પાંચ વર્ષ સુધી જાળવ્યા નથી તે હકીક્તથી સરકાર વાકેફ છે, | (૧) આવી કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) જો હા, તો આવી બાંહેધરીનો ભંગ કરનારા ખાતેદારો ખેડૂતોની પાસેથી સબસીડીના નાણાં વસૂલ કરવા માગે છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ જવાબદારી કોને સોંપવામાં આવી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજ્યમાં ગ્રુપ ગ્રામ પંચાયતોનું વિભાજન**

૧૭૨૨૭ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા(પાલનપુર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ગ્રુપ ગ્રામ પંચાયતોનું વિભાજન કરવા સરકારે વિચારેલું છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો, હા તો બનાસકાંઠા જિલ્લાની કેટલી દરખાસ્તો આ બાબતે વિભાગમાં જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ પડેલ છે ? | (૨) વિભાગ કક્ષાએ ચાર દરખાસ્તો પડતર છે. |

-------------

**ખેડા જિલ્લામાં તલાટી કમ મંત્રીની જગ્યાઓ અંગે**

૧૭૯૩૯**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ તલાટી-કમ-મંત્રીની કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) ૮૧. |
| (૨) જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને | (૨) વહીવટી કારણોસર. |
| (૩) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

-------------

**જુનાગઢ જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સી માટે ફાળવેલ રકમ**

૧૭૭૯૪**શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી માટે વર્ષ ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવી છે, અને | (૧) રૂા. ૧૬૧૯.૮૭ લાખ. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂા. ૧૧૫૮.૬૧ લાખ. |

-------------

**પશુઓને ખરવા મોવાસા રોગની રસી**

૧૭૮૭૧ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખરવા મોવાસા રોગની રસી સમગ્ર રાજ્યમાં પશુઓમાં વિના મુલ્યે મુકવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો એક ડોઝ દીઠ કેટલી રકમ નક્કી કરેલ છે ? | (૨) આ રસી માટે પશુપાલક પાસેથી કોઈ રકમ વસૂલ કરવામાં આવતી નથી પરંતુ ઉત્તર ગુજરાતના ચાર જિલ્લાઓમાં એક ડોઝની કિંમત રૂા. ૬.૯૩ પેસાનો ખર્ચ ભારત સરકાર ભોગવે છે. જ્યારે બાકીના જીલ્લાઓમાં આ ખર્ચ ભારત સરકાર અને રાજ્ય સરકાર ૭૫:૨૫ ટકાના ધોરણે ભોગવે છે. |

-------------

**બાયોફ્યુઅલના પ્લાન્ટેસનોની માહિતી અને સહાય**

૧૬૭૬૯ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિસ્તારમાં બાયોફ્યુઅલ પ્લાન્ટેશન કરવામાં આવ્યું, | (૧) છેલ્લા બે વર્ષમાં કુલ ૨૦૩૦ હેક્ટર વિસ્તારમાં બાયોફ્યુઅલ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. |
| (૨) છેલ્લા બે વર્ષમાં વર્ષ દીઠ કેટલુ ફ્યુઅલ આ રીતે પ્રાપ્ત થયું, અને | (૨) ઉપરોક્ત વાવેતર ઉત્પાદન સ્તરે આવેલ ન હોઈ, ફ્યુઅલ પ્રાપ્ત થયેલ નથી. |
| (૩) આ યોજનામાં કેન્દ્ર સરકાર કેટલી સહાય કરેલ છે ? | (૩) આ યોજનામાં કેન્દ્ર સરકારે કુલ રૂા. ૩૬૫.૦૩ લાખની સહાય કરેલ છે. |

-------------

**સમાજ કલ્યાણ ખાતા ધ્વારા છાત્રાલયોને મંજૂરી**

૧૭૮૫૭ **શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં સમાજકલ્યાણ ખાતામાં અનુસૂચિત જાતિનાં તથા અન્ય પછાત વર્ગોના કેટલા છાત્રાલયો મંજૂર થયેલ છે ? | (૧) અનુસૂચિત જાતિનાં ૧૪ અને વિક્સતી જાતિનાં ૩૫ મળી કુલ ૪૯ છાત્રાલયો મંજૂર થયેલ છે. |

-------------

**કચ્છ જિલ્લામાં કપાસ અને અન્ય બિયારણમાં ભેળસેળ**

૧૭૧૨૬**શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કપાસ તેમજ અન્ય બિયારણનાં ભેળસેળના કેટલા કિસ્સાઓ પકડાયા, | (૧) બે. |
| (૨) આ બાબતે કસૂરદારો સામે શાં પગલાં ભરવામાં આવ્યા, અને | (૨) એફઆઈઆર દાખલ કરેલ છે. |
| (૩) ખેડૂતો ભેળસેળ યુક્ત બિયારણોથી | (૩) ખેડૂતો ભેળસેળ યુક્ત બિયારણોથી છેતરાય |

છેતરાય નહિ તે માટે સરકાર ધ્વારા શાં પગલાં ભરવામાં આવ્યા છે ?

નહિ તે માટે સરકાર દ્વારા નીચે દર્શાવ્યા મુજબના પગલાં ભરવામાં આવેલ છે.

(૧) કચ્છ જિલ્લામાં નાયબ ખેતી નિયામક (વિ), મદદનીશ ખેતી નિયામક (ગુનિ) અને ૪ ખેતીવાડી અધિકારીઓ બિયારણની ગુણવત્તાની સતત તકેદારી રાખી રહેલ છે અને તેઓએ ફેબ્રુઆરી-૨૦૦૬ અંત સુધીમાં બિયારણની ગુણવત્તાની તકેદારી માટે બિયારણના ૧૫૪ નમુનાઓ લઈ બીજ ચકાસણી પ્રયોગશાળામાં પૃથ્થકરણ કરાયેલ છે.

(૨) ખાતાના વિસ્તરણ તંત્ર દ્વારા ગુણવત્તા યુક્ત બિયારણની ખરીદી માટે ખેડૂત સમુદાયમાં જાણકારી આપવામાં આવે છે.

(૩) બિયારણના વિતરણના પીક અપ પીરીયડમાં ગુણવત્તાની તકેદારી માટે ઘનિષ્ટ ઝુંબેશ હાથ ધરવા જીલ્લા કક્ષાની સ્કવોર્ડની રચના કરી કામગીરી કરવામાં આવે છે.

(૪) જાહેર સમાચાર પત્રોમાં ગુણવત્તાની તકેદારી માટે ખેડુત સમુદાયમાં બહોળી પ્રસિધ્ધી માટે પ્રેસનોંધ આપવામાં આવેલ છે. જે પ્રસિધ્ધ થયેલ છે.

(૫) જિલ્લાની સ્થાનિક ટી.વી. ચેનલ દ્વારા પણ ખેડૂતોમાં જાગૃતિ માટે પ્રસારણ થયેલ છે.

------------

## ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૭૮૯૬ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન સહાય માટે જિલ્લાવાર કેટલી અરજીઓ મળી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૪૧૩૮ |
| ૨ | મહેસાણા | ૭૦૭ |
| ૩ | પાટણ | ૪૨૨ |
| ૪ | ખેડા/નડિયાદ | ૭૭૦ |
| ૫ | આણંદ | ૨૦૬ |
| ૬ | સાબરકાંઠા | ૮૨૧ |
| ૭ | બનાસકાંઠા | ૧૬૫૫ |
| ૮ | રાજકોટ | ૩૮૪ |
| ૯ | જામનગર | ૨૮૮ |
| ૧૦ | જુનાગઢ | ૭૯૨ |
| ૧૧ | પોરબંદર | ૧૬૩ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૮૫૫ |
| ૧૩ | ભાવનગર | ૫૩૪ |
| ૧૪ | અમરેલી | ૫૩૫ |
| ૧૫ | કચ્છ-ભૂજ | ૧૫૫ |
| ૧૬ | સુરત | ૨૦૧ |
| ૧૭ | વડોદરા | ૪૬૮ |
| ૧૮ | ભરૂચ | ૩૩૨ |
| ૧ | ૨ | ૩ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૯ | નર્મદા | ૧૮૫ |
| ૨૦ | વલસાડ | ૧૫૪ |
| ૨૧ | નવસારી | ૪૦ |
| ૨૨ | ડાંગ | ૦ |
| ૨૩ | પંચમહાલ | ૩૧૬ |
| ૨૪ | ગાંધીનગર | ૩૯૨ |
| ૨૫ | દાહોદ | ૬૪ |
| | **કુલ** | **૧૪૫૭૭** |

(૨) આ મળેલ અરજીઓમાંથી કેટલી અરજીઓ ક્યા કારણોસર ના મંજૂર કરવામાં આવી ?

(૨)

| ક્રમ | નામંજુર અરજીઓની સંખ્યા | ના મંજુરના કારણો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| (૧) | ૫૧૮ | ૫૦ વર્ષ કરતાં વધુ હોવાથી, |
| (૨) ૩૩૭ | ૩૩૭ | રૂા. ૨૪૦૦૦/-કરતાં આવક વધારે હોવાથી |
| (૩) | ૪૬૪૫ | પોતાના નામે જમીન ન હોવાથી |
| (૪) | ૧૯૦૪ | સાધનિક આધાર-પુરાવા જેવા કે રજા ચિઠ્ઠી આકારણી પત્રક રજુ ન કરવાથી |
| (૫) | ૮૧૭ | સ્થળ તપાસમાં પાકુ મકાન ધરાવતા હોવાથી |
| (૬) | ૩૩૪ | અન્ય યોજના હેઠળ સહાય મેળવેલ હોવાથી |
| (૭) | ૧૦૫૧ | તા. ૮/૬/૦૫ના ઠરાવની જોગવાઈ ૪ (૬)થી જુની અરજીઓ રદ થઈ છે. |
| **કુલ.** | **૯૬૦૬** | |

------------

## સહકાર વિભાગમાં માહિતી અધિકાર હેઠળ મળેલ અરજીઓ

૧૭૧૧૭**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં જુદા જુદા વિષયોના સંદર્ભમાં સહકાર વિભાગ અન્વયે માહિતિ અધિકાર હેઠળ માહિતિ માંગતી કેટલી અરજીઓ આવી, અને

(૨) તે અન્વયે કેટલી અરજીઓમાં માહિતિ આપવામાં આવી અને કેટલી અરજીઓમાં માહિતિ આપી શકાઈ નથી ?

**જવાબ**

(૧) ૮ આઠ અરજીઓ આવી.

(૨) તમામ અરજીઓ પરત્વે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવી છે.

------------

**બનાસકાંઠા જિલ્લાની આદર્શ નિવાસી શાળાઓમાં ખાલી જ્ગ્યાઓ**

૧૭૬૮૯ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ અને અંબાજી ખાતેની આદર્શ નિવાસી શાળાઓમાં ખાલી રહેતી જ્ગ્યાઓ, સરકાર બક્ષીપંચના વિદ્યાર્થીઓથી ભરવા વિચારી રહી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો ના, તો તેનાં શાં કારણો છે, અને બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે આવી શાળાઓ શરૂ કરવા સરકારે કોઈ આયોજન વિચારેલ હોય તો તેની વિગતો શી છે ? | (૨) આ ત્રણ આદર્શ નિવાસી શાળાઓ આદિજાતિની હોવાથી તેમાં ખાલી રહેતી જ્ગ્યાઓ પર આદિજાતિઓના વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓને જ પ્રવેશ આપવાનું ધોરણ નક્કી થયેલ છે.<br>બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઈ આયોજન વિચારી શકાય. |

------------

**સાબરકાંઠા જિલ્લામાં જળાશયમાં પરવાનેદાર સામે ફરિયાદ**

૧૭૮૦૧ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) :માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લા હાથમતી જળાશયમાં મત્સ્યોદ્યોગના પરવાનેદાર સામે સરકારને કોઈ ફરિયાદો મળી છે કે કેમ ? | (૧) હા, જી. |
| (૨) આ ફરિયાદો કેવા પ્રકારની છે, | (૨) મંડળીના સભાસદોને મળવાપાત્ર આવાસો માટેની સહાયની અરજીઓમાં મંડળીએ કેટલીક હકીક્તો છૂપાવી હોવાની ફરીયાદ મળી છે. |
| (૩) પરવાનેદાર સામે સરકારે કોઈ પગલાં લીધા છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો કેવા પ્રકારના પગલાં લીધાં છે ? | (૪) ૧. પરવાનેદાર મંડળીએ જે ગેરરીતિ આચરેલ છે. તે વિગતો સાથે મંડળી સામે સહકારી કાયદા મુજબ પગલાં લેવા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓને ભલામણ કરેલ છે.<br>૨. આ મંડળીના હોદ્દેદારોને બ્લેક લીસ્ટ કરવાની બાબત વિચારણા હેઠળ છે.<br>૩. વર્ષ ૨૦૦૫-૦૬ માં મંડળીને મળવાપાત્ર મત્સ્યબીજ સહાયની રકમની ચૂકવણી રોકવામાં આવેલ છે. |

------------

**ગોબર ગેસ બેંક્નું આયોજન**

૧૭૮૬૨ડૉ. **સી. જે. ચાવડા(ગાંધીનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગોબરગેસ બેંક બનાવવાની યોજના સરકારની વિચારણા હેઠળ છે, તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ વિચારણા તા. ૩૧-૧- | (૨) હજુ આખરીકરણ થયેલ નથી. |

૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) કેટલી રકમનું બજેટ પ્રોવીઝન કરવામાં આવેલ છે ?

(૩) પ્રોજેકટનું આખરીકરણ થયેથી બજેટ જોગવાઈ કરવામાં આવશે.

------------

**કચ્છ જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત**

૧૮૨૧૬ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર તેમજ ગામવાર કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા તેના પર ખર્ચ કેટલો કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) કચ્છ જિલ્લાના આઠ તાલુકાના ૨૩ ગામોમાં રૂા. ૧૦૦.૨૭ લાખના ખર્ચે ૨૮ તળાવો ઉંડા કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ગામનું નામ | તળાવની સંખ્યા | થયેલ ખર્ચ (રૂા.લાખમાં) |
|---|---|---|---|
| ૧. અંજાર | ચાંદ્રોડા | ૧ | ૩.૩૬ |
| | ભલોટ | ૧ | ૨.૨૦ |
| | ખીરસરા | ૧ | ૦.૭૩ |
| | દૂધઈ | ૧ | ૪.૯૩ |
| ૨. મુન્દ્રા | મોટી | ૧(ગા.ત.) | ૪.૯૮ |
| | ભૂજપર | ૧ (સી.ત.) | ૪.૯૪ |
| | ડેપા | ૧ | ૩.૧૩ |
| | નવીનાળ | ૧ | ૫.૦૦ |
| | લુણી | ૧ (સી.ત.) | ૪.૯૮ |
| | | ૧ (ગા.ત.) | ૧.૯૯ |
| | ઝરપરા | ૧ (સી.ત.) | ૪.૨૦ |
| | | ૧ (ગા.ત.) | ૪.૯૩ |
| | ભૂજપરનાની | ૧ | ૨.૬૮ |

| | | | |
|---|---|---|---|
| | ડુમરા | ૧<br>૧<br>૧ | ૪.૩૦ |
| ૮. ગાંધીધામ | પડાણા | ૧ | ૪.૬૭ |

(૨) તળાવો ઉંડા કરવાથી તાલુકાવાર ગામવાર કેટલા તળાવોની કેપેસીટીમાં વધારો થયેલ છે, અને

(૨) તમામ તળાવોની કેપેસીટીમાં વધારો થયેલ છે.

(૩) તળાવો ઉંડા કરવાની જોગવાઈ ચાલુ છે કે બંધ કરવામાં આવી છે ?

(૩) ચાલુ છે.

------------

## કચ્છ જિલ્લામાં મજૂરી પેટે અનાજ આપવા અંગે

૧૭૮૭૯ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ખેત તલાવડીઓ અન્વયે મજૂરી પેટે આપવાનાં અનાજનો જથ્થો લાભાર્થીઓને આપવામાં આવેલ નથી તે હકીક્ત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી અંશતઃ સાચી છે.

(૨) જો હા, તો છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કચ્છના ક્યા ક્યા તાલુકામાં કેટલી ખેત તલાવડી બનાવનાર લાભાર્થીઓને કેટલું અનાજ આપવાનું બાકી છે, અને

(૨) તા. ૩૧/૧૨/૦૫ની સ્થિતિએ કચ્છના નીચે મુજબના તાલુકાઓમાં ખેત તલાવડી બનાવનાર લાભાર્થીઓને અનાજ આપવાનું બાકી છે.

| **ક્રમ** | **તાલુકો** | **વર્ષવાર આપવાનો બાકી અનાજનો જથ્થો (મે.ટન)** | | | **ખેત તલાવડી-ના લાભાર્થી-ઓની સંખ્યા** |
|---|---|---|---|---|---|
| | | **૨૦૦૪-૦૫** | **૨૦૦૫-૦૬** | **કુલ** | |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| **૧** | **અબડાસા** | **૪૭.૦૯** | **૧૫.૮૨** | **૬૨.૯૧** | **૧૧૦** |
| **૨** | **લખપત** | **૫૨.૯૯** | **-** | **૫૨.૯૯** | **૭૨** |
| **૩** | **માંડવી** | **૧૦૩.૭૧** | **૪.૬૯** | **૧૦૮.૪૦** | **૧૮૭** |
| | **કુલ...** | **૨૦૩.૭૯** | **૨૦.૫૧** | **૨૨૪.૩૦** | **૩૬૯** |

(૩) જો ના, તો છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કચ્છમાં તાલુકાવાર કેટ કેટલા લાભાર્થીને ક્યા પ્રકારનું કેટલું અનાજ આપવામાં આવ્યું ?

(૩) છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર નીચે દર્શાવ્યા મુજબ લાભાર્થીઓને અનાજ (ઘઉં) આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | અનાજ (ઘઉં) | લાભાર્થીઓને |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧ | અબડાસા | ૧૧૯૮ | ૭૨૪.૮૧ |
| ૨ | અંજાર | ૯૩ | ૫૭.૮૯ |
| ૩ | ભચાઉ | ૩૦ | ૧૮.૦૩ |
| ૪ | ભુજ | ૧૫૬૪ | ૧૦૨૬.૪૫ |
| ૫ | ગાંધીધામ | ૬૦ | ૪૨.૭૩ |
| ૬ | લખપત | ૧૧૬૮ | ૬૨૫.૦૧ |
| ૭ | માંડવી | ૫૮૪ | ૪૦૧.૪૬ |
| ૮ | મુન્દ્રા | ૬૭૫ | ૪૭૧.૦૬ |
| ૯ | નખત્રાણા | ૧૧૭૨ | ૭૫૩.૦૮ |
| ૧૦ | રાપર | -- | -- |
| | **કુલ...** | **૬૫૪૪** | **૪૧૨૦.૫૨** |

------------

**રાજ્યમાં અનુસૂચિત જાતિના તબીબી સ્નાતકો અને વકીલ વ્યવસાય માટે સહાય**

૧૭૬૭૯ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૨૦૦૬ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં ડૉક્ટર અને વકીલ લોન સહાય યોજના હેઠળ અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો વ્યવસાય કરવા કેવા પ્રકારની કેટલી લોન, સહાય કેટલા લોકોને વર્ષવાર આપવામાં આવી છે,

(૨) આ લોન-સહાય મેળવવા કેટલી અરજીઓ આવી હતી, અને કેટલી નામંજૂર કરવામાં આવી છે,

(૩) કેટલા લોકોને હજુ લોન-સહાય ચૂકવવાની બાકી છે અને તે ક્યારે ચૂકવી આપવામાં આવશે, અને

(૪) સીનીયર વકીલો જોડે પ્રેક્ટીસ શરુ કરનાર સ્ટાઈપેન્ડ મેલવતા જુનીયર વકીલોને લોન-સહાય મેળવવાની અરજીઓ નામંજૂર કરવાના શા કારણો છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૪-૦૫માં ૧૬ વકીલોને રૂા. ૧,૧૨,૦૦૦/- લોન તથા રૂા. ૮૦,૦૦૦/- સહાય તથા વર્ષ ૨૦૦૫-૦૬માં ૪ વકીલોને રૂા. ૨૮,૦૦૦/- લોન તથા રૂા. ૨૦,૦૦૦/- સહાય આપવામાં આવી છે.

(૨)

| વર્ષ | મળેલ અરજીઓ | ના મંજુર કરેલ અરજીઓ |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૮ | ૧ |
| ૨૦૦૫-૦૬ | ૬ | -- |

(૩) ત્રણ વકીલોને લોન/સહાય આપવાની બાકી છે જે બનતી ત્વરાએ ચૂકવવામાં આવશે.

(૪) ઉપર ખંડ (૨)માં દર્શાવ્યા મુજબ, લાભાર્થી અરજીમાં દર્શાવેલ સ્થળે રહેતા ન હોઈ, અરજી ના મંજુર કરેલ છે.

------------

**ભાવનગર જિલ્લામાં ડુંગળીના પોષણક્ષમ ભાવ**

૧૭૩૧૪**ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં ડુંગળીનું ઉત્પાદન કરતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા નથી, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ અંગે યોગ્ય કરવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨). પોષણક્ષમ ભાવ મળતા નથી તેવી રજૂઆત મળેલ છે, તે અંગે યોગ્ય કાર્યવાહી કરવાની બાબત વિચારણા હેઠળ છે.

------------

**રાજ્ય સરકાર ધ્વારા બી.પી.એલ. કાર્ડની યાદી અંગેની કામગીરી**

૧૬૯૩૮ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર ધ્વારા નવી બી.પી.એલ. યાદી બનાવવાની કામગીરી કેટલા સમયથી ચાલુ છે, | (૧) દશમી પંચવર્ષીય યોજના અંતર્ગત રાજ્યમાં નવી બી.પી.એલ. યાદી બનાવવા અંગેની કામગીરી જાન્યુ.-૦૩થી ચાલુ છે. |
| (૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) આખરી તબક્કામાં છે. |
| (૩) ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ૧૦મી પંચવર્ષીય યોજના માટે નવી બી.પી.એલ. યાદીમાં લાભાર્થીઓનો (કુટુંબોનો) સમાવેશ ભારત સરકારની સુચના મુજબ અને વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી કરવામાં આવશે. |

------------

**સાબરકાંઠા જિલ્લામાં શોચાલયો બનાવવા પાછળ ખર્ચ**

૧૭૮૭૩**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૩ થી ૨૦૦૫ સુધીમાં ક્યા તાલુકામાં વ્યક્તિગત શોચાલયો કઈ સંસ્થાઓ ધ્વારા બનાવવામાં આવ્યા છે, | (૧) સાબરકાંઠા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૩ થી ૨૦૦૫ સુધીમાં ગ્રામ્ય સુખાકારી કાર્યક્રમ હેઠળ કોઈ વ્યક્તિગત શોચાલયો બનાવવામાં આવ્યા નથી. |
| (૨) આ શોચાલયો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા ટકા સબસીડી ચૂકવવામાં આવી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ઉના તાલુકામાં ફડચામાં ગયેલ તેલીબીયાની સહકારી મંડળીઓ**

૧૭૮૮૫ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ઉના તાલુકામાં કુલ કેટલી તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળીઓ નોંધાયેલ હતી, | (૧) ૮ (આઠ) |
| (૨) તે પૈકી કેટલી મંડળીઓને ફડચામાં લઈ જવામાં આવેલ છે, કેટલી બાકી છે, | (૨), (૩) અને (૪) : ""આઠ મંડળીઓ પૈકી ૬ (છ) ને ફડચામાં લઈ જવામાં આવી છે અને તા. ૩૧-૧-૦૬ પહેલાં આઠ પૈકી ૨ (બે) મંડળીઓને પુન : જીવીત કરવામાં આવી છે. આ મંડળીઓ રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, બિયારણ વગેરેની ખરીદ વેચાણની કામગીરી કરતી હોઈ સભાસદોના હીતને ધ્યાનમાં રાખી ચાલુ રાખવામાં આવી છે. |
| (૩) બાકી રહેવાના કારણો શા છે, અને | |
| (૪) ફડચામાં લઈ ગયા બાદ પાછળથી ફરી પુનઃજીવીત કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે ? | |

------------

## ભરૂચ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ

૧૭૧૩૩ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના તાલુકાવાર તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોમાં તલાટી-કમ-મંત્રીની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) કુલ-૧૧૮ ગ્રામ પંચાયતોમાં તલાટી-કમ મંત્રીની જગ્યા જુદા જુદા સમયથી ખાલી છે. |
| (૨) આ જગ્યાઓ કેટલા સમયમાં સરકાર ભરવા માંગે છે ? | (૨) બનતી ત્વરાએ. |

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં અતિવૃષ્ટિથી નુકસાન

૧૭૩૨૧**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુન-જુલાઈ ૨૦૦૫માં અતિભારે વર્ષાના કારણે સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોને પાકનું કેટલું નુકસાન થયું છે,

**જવાબ**

(૧) તાલુકાવાર થયેલ નુકસાનની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | અસરગ્રસ્ત વિસ્તાર હેક્ટરમાં | થયેલ નુકસાનની વિગત રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧. | વઢવાણ | ૩૫૦૦ | ૫.૫૦ |
| ૨. | લીંબડી | ૬૫૫ | ૮.૩૯ |
| ૩. | ચુડા | ૧૨૩૮૫ | ૧૨૮.૦૦ |
| ૪. | સાયલા | ૩૪૭ | ૫.૫૮ |
| ૫. | મુળી | ૧૧૦૦ | ૧૫.૫૨ |
| ૬. | ચોટીલા | ૪૬૫ | ૬.૬૫ |
| ૭. | હળવદ | ૧૬૦ | ૩.૬૦ |
| ૮. | ધાંગ્રધા | ૦ | ૦ |
| ૯. | પાટડી | ૦ | ૦ |
| ૧૦. | લખતર | ૦ | ૦ |
| | જિલ્લાનું કુલ | ૧૮૬૧૨ | ૧૭૩.૩૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ નુકસાનનો અંદાજ કાઢીને પાક વિમા યોજના હેઠળ ખેડૂતોને કેટલો વિમો મળવાપાત્ર છે, અને | (૨) પાક વિમાના દાવાઓની ગણત્રી કરવાની કાર્યવાહી વિમા કંપની સાથે પરામર્શમાં છે. પરંતુ જુન-જુલાઈ ૨૦૦૫ના અતિભારે વરસાદથી અસરગ્રસ્ત સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂતોને કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૫-૭-૨૦૦૫ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ કૃષિ સહાય પેકેજ હેઠળ મળવાપાત્ર સહાય ચૂકવવામાં આવેલ છે. |
| (૩) તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી વિમા રાહત કેટલા ખેડૂતોને તાલુકાવાર અપાઈ છે ? | (૩) ખંડ-૨ મુજબ. |

------------

**રજીસ્ટ્રાર સહકારી ખાતામાં કર્મચારીઓની બદલીનું આયોજન**

૧૭૨૨૪ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એક જ જગ્યાએ સળંગ પાંચ વર્ષની નોકરી કરી હોય તેવા કર્મચારીઓની બદલી કરવાનાં ઠરાવો છે. તેમ છતાં રજીસ્ટ્રાર સહકારી મંડળીઓના સહકાર ખાતામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ વર્ગ-૨ અને વર્ગ-૩ કર્મચારીઓની બદલી કરવામાં આવી નથી, તે હકીકત સાચી છે, અને | (૧) વર્ગ-૨ની ભરાયેલ ૧૨૨ જગ્યાઓ પૈકી ૨૦ અધિકારીઓની અને વર્ગ-૩ની ભરાયેલ જગ્યાઓ પૈકી ૩૪૧ કર્મચારીઓની એકજ જગ્યાએ સળંગ પાંચ વર્ષની નોકરી પુરી કરવામાં આવી હોવા છતાં વહીવટી કારણોસર બદલી કરવામાં આવી નથી. |
| (૨) જો હા, તો કર્મચારીઓની બદલી ક્યાં સુધીમાં કરવાનું સરકારનું આયોજન છે ? | (૨) સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૫-૧૧-૨૦૦૫નાં ઠરાવની જોગવાઈ મુજબ વેકેશનનાં સમયગાળા દરમ્યાન બદલી કરવાનું આયોજન કરાયેલ છે. |

------------

**પંચમહાલ જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં સુપરવાઈઝરના વી.આર.એસ.ની પડતર અરજીઓ**

૧૭૮૦૪**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લા પંચાયત હસ્તકના આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવતા કેટલા સુપરવાઈઝરને છેલ્લા ત્રણ વર્ષોમાં વી.આર.એસ. હેઠળ નિવૃત્ત કરેલ છે, | (૧) રાજ્યમાં વી.આર.એસ. યોજના અમલમાં ન હોઈ, આ યોજના હેઠળ નિવૃત્ત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) કેટલા સુપરવાઈઝરની વી.આર.એસ.ની અરજીઓ છેલ્લા ત્રણ વર્ષોમાં નિર્ણય લીધા વગરની પડતર છે, અને ક્યા કારણોસર, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જે સુપરવાઈઝરને નિવૃત્તી (સ્વૈચ્છિક) કરેલ છે, તેમની પાસેથી પી.ટી.એ. વસૂલ કરેલ છે કે કેમ, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જે સુપરવાઈઝર અને કર્મચારીઓની સ્વૈચ્છિક નિવૃત્તિની અરજીઓ પડતર છે, તેનો કેટલા સમયમાં નિર્ણય કરવા માંગો છો ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**વલસાડ જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓની યાદી**

૧૭૮૯૦**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓની યાદી બનાવવા માટે તાજેતરમાં નવી સૂચનાઓ આપી છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો બી.પી.એલ. લાભાર્થીઓને એ.પી.એલ. યાદીમાં તબદીલ કરવામાં આવ્યા હોય તેવા તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કિસ્સાઓ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેના કારણો શાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## રાજ્યમાં બી.પી.એલ. કુટુંબોની સંખ્યા

૧૭૮૮૦ **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા બી.પી.એલ. કુટુંબો છે,

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૦૫ ની સ્થિતિએ નવમી પંચવર્ષીય યોજના અંતર્ગત રાજ્યમાં જિલ્લાવાર નીચે દર્શાવેલ વિગતોએ બી.પી.એલ. કુટુંબો છે.

| અ.નં. | જિલ્લાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૭૮૭૨૨ |
| ૨ | અમરેલી | ૫૦૭૬૧ |
| ૩ | કચ્છ | ૭૩૨૨૫ |
| ૪ | ખેડા | ૧૦૮૫૮૬ |
| ૫ | આણંદ | ૭૩૬૪૧ |
| ૬ | ગાંધીનગર | ૩૫૪૫૭ |
| ૭ | જામનગર | ૭૯૬૭૧ |
| ૮ | જુનાગઢ | ૭૫૮૧૯ |
| ૯ | પોરબંદર | ૧૭૫૮૧ |
| ૧૦ | ડાંગ | ૩૩૯૬૮ |
| ૧૧ | પંચમહાલ | ૨૨૨૪૯૩ |
| ૧૨ | દાહોદ | ૧૯૨૯૨૦ |
| ૧૩ | બનાસકાંઠા | ૧૩૫૬૧૫ |
| ૧૪ | ભરૂચ | ૧૦૯૫૯૩ |
| ૧૫ | નર્મદા | ૭૩૪૯૪ |
| ૧૬ | ભાવનગર | ૭૨૪૪૪ |
| ૧૭ | મહેસાણા | ૪૬૫૧૯ |
| ૧૮ | પાટણ | ૫૬૨૨૮ |
| ૧૯ | રાજકોટ | ૭૮૩૭૬ |
| ૨૦ | વડોદરા | ૧૩૨૦૫૩ |
| ૨૧ | વલસાડ | ૮૫૨૬૯ |
| ૨૨ | નવસારી | ૭૫૫૧૨ |
| ૨૩ | સાબરકાંઠા | ૧૪૬૪૫૫ |
| ૨૪ | સુરત | ૧૯૫૭૬૧ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૭૯૨૧૫ |
| | કુલ.. | ૨૩૨૯૩૭૮ |

(૨) બી.પી.એલ. કુટુંબોની નોંધણી માટે છેલ્લે ક્યારે સર્વે કરવામાં આવેલ, યાદી પ્રસિધ્ધ ન થવાના શાં કારણો છે,

(૨) દશમી પંચવર્ષીય યોજના અંતર્ગત બી.પી.એલ. યાદી તૈયાર કરવા માટે છેલ્લે ૨૦૦૩ દરમ્યાન આર્થિક મોજણી હાથ ધરવામાં આવેલ છે. ભારત સરકારની સૂચના અનુસાર બી.પી.એલ. યાદી પ્રસિધ્ધ કરવા સામે સ્ટે હતો. તાજેતરની ભારત સરકારની સુચના અનુસાર સ્ટે દુર થતાં ભારત સરકારની સુચનાનુસાર અને વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી નવી બી.પી.એલ. યાદી પ્રસિધ્ધ કરી શકાશે.

(૩) આણંદ જિલ્લામાં શહેર-તાલુકાવાર કેટલા ખોટા લોકો બી.પી.એલ. તરીકે નોંધાયેલા ધ્યાને આવેલ છે, અને

(૩) અને (૪) : નવી બી.પી.એલ. યાદી હજુ પ્રસિધ્ધ કરવામાં આવેલ નથી ત્યારે ખોટાં લોકો બી.પી.એલ. તરીકે નોંધાયાનો હાલ પ્રશ્ન ઉપસ્થિત

(૪) ખોટી રીતે બી.પી.એલ. લાભાર્થી બનેલા સામે પગલા લેવાની શી જોગવાઈ છે ?

બી.પી.એલ. તરીકે નોંધાયાનો હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**મહેસાણા જિલ્લામાં તલાટીઓની તાલુકા ફેર બદલી**

૧૭૫૩૯ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા તલાટીઓની તાલુકા ફેર બદલી કરવામાં આવી,

(૨) તાલુકા ફેર બદલી કરવામાં આવેલ તલાટીઓ પૈકી કેટલા તલાટીઓને બદલીવાળા તાલુકામાં પરત મુક્વામાં આવ્યા, કેટલા બાકી છે, અને

(૩) બાકી રહેવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) **કુલ--૧૧૨**

(૨) કુલ-૧ પરત મૂક્વામાં આવેલ છે. બાકી-૧૧૧ છે.

(૩) પ્રવર્તમાન સૂચનાઓ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવે છે તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**કૃષિ વિભાગ ધ્વારા સિંચાઈની પાઈપ લાઈન નાખવા ફાળવેલ રકમ**

૧૭૫૫૦ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કૃષિ વિભાગ ધ્વારા ગુજરાત એગ્રોને ખેડૂતો માટે સિંચાઈની પાઈપ લાઈનો નાખવા માટે સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી રકમ ફાળવી,

(૨) આ ફાળવેલ રકમ પૈકી ક્યા ક્યા જિલ્લામાં કેટલી પાઈપ લાઈનો નાખવામાં આવી, અને

(૩) આવી પાઈપ લાઈનો હલકી કક્ષાની છે તેની કેટલી ફરિયાદો સરકારને મળી ?

**જવાબ**

(૧) નીચે મુજબની રકમ ફાળવેલ છે.

| વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|
| ૨૦૦૪-૦૫ | રૂા. ૭૬.૯૮ લાખ |
| ૨૦૦૫-૦૬ (૩૧/૧/૦૬ સુધી) | રૂા. ૩૩.૦૦ લાખ |

(૨) જીલ્લાવાર નાંખવામાં આવેલ પાઈપલાઈનની વિગતો આ સાથેના પત્રકમાં સામેલ છે.

(૩) ૧ (એક).

**પત્રક-૧**

જિલ્લાવાર નાખવામાં આવેલ પાઈપ લાઈનની વિગત

(સંખ્યા સેટમાં)

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ : ૨૦૦૪-૦૫ | | | ૨૦૦૫-૦૬ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | એજીઆર-૧૧ | એજીઆર-૧૪ | એજીઆર-૧૬ | એજીઆર-૧૧ | એજીઆર-૧૪ | એજીઆર-૧૬ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અમદાવાદ | ૨૬ | - | ૪૩ | - | ૧૧ | ૧૬ |
| ૨ | આણંદ | - | - | - | - | - | - |
| ૩ | ખેડા | ૦૬ | - | ૦૧ | - | ૦૯ | - |
| ૪ | ગાંધીનગર | ૧૨ | - | - | - | ૦૪ | - |
| ૫ | વડોદરા | ૭૪ | ૧૪૫ | ૦૨ | - | ૭૮.૫ | ૨.૫ |
| ૬ | દાહોદ | ૧૩ | ૨૨ | - | - | ૭૭.૫ | ૨.૫ |
| ૭ | નર્મદા | - | - | - | - | - | - |
| ૮ | પંચમહાલ | ૦૫ | ૨૨ | ૦૩ | - | ૭૬ | ૦૪ |
| ૯ | ભરુચ | ૧૩ | - | - | - | - | - |
| ૧૦ | સુરત | - | ૪૮ | ૦૬ | - | ૩૩ | - |
| ૧૧ | ડાંગ | - | - | - | - | - | - |
| ૧૨ | નવસારી | ૧૫૩ | ૯૯ | ૦૫ | - | ૩૬ | - |
| ૧૩ | વલસાડ | ૧૪ | ૯૨ | ૦૪ | - | ૩૩ | ૦૨ |
| ૧૪ | મહેસાણા | ૧૮ | - | ૦૫ | - | ૦૯ | ૦૨ |
| ૧૫ | પાટણ | ૦૮ | - | - | - | - | - |
| ૧૬ | બનાસકાંઠા | ૨૦ | ૫૦ | ૦૫ | - | ૨૧.૫ | ૨.૫ |
| ૧૭ | સાબરકાંઠા | ૬૨ | ૨૩૮ | ૩૫ | - | ૩૦ | ૦૫ |
| ૧૮ | રાજકોટ | ૩૦ | - | ૦૫ | - | - | - |

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ : ૨૦૦૪-૦૫ | | | ૨૦૦૫-૦૬ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | એજીઆર-૧૧ | એજીઆર-૧૪ | એજીઆર-૧૬ | એજીઆર-૧૧ | એજીઆર-૧૪ | એજીઆર-૧૬ |
| ૧૯ | કચ્છ-ભૂજ | - | - | - | - | - | - |
| ૨૦ | જામનગર | ૨૫ | - | ૦૭ | - | - | - |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૦૫ | - | - | - | - | - |
| ૨૨ | જુનાગઢ | ૨૨ | - | ૦૬ | - | - | - |
| ૨૩ | અમરેલી | ૦૬ | - | ૦૨ | - | - | - |
| ૨૪ | પોરબંદર | - | - | ૦૨ | - | - | - |
| ૨૫ | ભાવનગર | ૦૭ | - | ૦૨ | - | - | - |
| | કુલ :- | ૫૧૯ | ૭૧૬ | ૧૩૩ | - | ૪૧૮.૫ | ૩૬.૫ |

------------

## સુરત જિલ્લામાં બાંધકામ સહકારી મંડળીઓ

૧૭૪૪૮ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ બાંધકામ કરનારી સહકારી મંડળી કેટલી અને કઈ કઈ છે,

(૨) તે પેકીની બારડોલી અને માંડવી તાલુકામાં કેટલી મંડળી આવેલ છે,

(૩) સુચિત બાંધકામ મંડળીનું રજીસ્ટ્રેશનની નિયત ફી કેટલી લેવામાં આવે છે, અને

(૪) કેટલી સુચિત બાંધકામ મંડળી માટે અરજીઓ આવી અને કેટલાનો નિકાલ થયો ?

**જવાબ**

(૧) ૧૨૭ (પરિશિષ્ટ-૧ સામેલ છે તે મુજબ).

(૨) બારડોલી તાલુકામાં ૧૦ અને, માંડવી તાલુકામાં ૧૪.

(૩) રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.

(૪) ૨૦૦૫-૦૬ના વર્ષ દરમ્યાન તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આવી એક અરજી મળી હતી અને તેનો નિકાલ કરેલ છે.

### પરિશિષ્ટ-૧

તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ બાંધકામ સહકારી મંડળીઓની યાદી

| અ.નં. | નામ | સરનામું |
|---|---|---|
| | **સીટી તાલુકો** | |
| ૧ | બાંધકામ કરનારી મજૂર કા.સ.મં.લી. | શ્રમજીવી સેવાલય સ્ટેશન, સુરત |
| ૨ | સુરત જિલ્લા વિદ્યુત મજૂર કા.સ.મં.લી. | હરીપુરા |
| ૩ | ભટાર વિ.ખેત મજૂર કા.સ.મં.લી. | ભટાર |
| ૪ | શીલ્પી મજૂર કા.સ.મં.લી. | સુરત |
| ૫ | શીતલનગર મજૂર કા.સ.મં.લી. | શીતલ ચાર રસ્તા, સુરત |
| ૬ | ન્યુ આદર્શ મજૂર કા.સ.મં.લી. | સીંગણપોર, સુરત |
| ૭ | લીંબાયત મજૂર કા.સ.મં.લી. | લીંબાયત સુરત |
| ૮ | લક્ષ્મી નારાયણ મજૂર કા.સ.મં.લી. | ભટાર |
| *૧૫. | ૨૦૭૧–પેન્શન....લાભ<br>૦૧–મુલકી<br>૧૦૧– વય નિવૃત્તિ ....ભથ્થાં<br>૦૨–પેન્શનરો....કરવી<br>રૂા. ૧૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પા.નં. ૬૩ | ૧૦૦ | પેન્શનરો અને તેમના કુટુંબીજનોને તબીબી ખર્ચની રકમ સત્વરે ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૬. | ૨૦૭૧–પેન્શન....લાભ<br>૦૧– મુલકી<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૧–મનીઓર્ડર ..... ખર્ચ<br>રૂા. ૨૬,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પા.નં. ૬૫ | ૧૦૦ | પેન્શનરોને મનીઓર્ડર દ્વારા ચૂકવવામાં આવતું પેન્શન નિયમિતપણે મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત
## ગીલોટીન અંગે.

**અધ્યક્ષશ્રી :** અનુદાનો માટેની માગણીઓ પરની ચર્ચા અને મતદાન માટે આજે છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની આ બેઠકનો સમય સવારના ૮-૩૦થી બપોરના ૧-૦૦ વાગ્યા સુધીનો ઠરાવવામાં આવેલો છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૮(૨) મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવાના ઠરાવેલ સમયના એક કલાક પહેલાં અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચા પૂરી થાય. આ જોગવાઈ અનુસાર આજે બપોરના ૧૨-૦૦ વાગ્યે અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચાનો અંત આવશે અને જે માગણીઓ પર ચર્ચા ચાલતી હશે, તે અને બાકીની બીજી બધી જ માગણીઓ એકીસાથે સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ નંબરની માગણી લઈને આવ્યા છે, એમાં મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો મેં શરૂઆત જ કરી નથી અને ટ્રેઝરી બેંચ જ વિક્ષેપ કરે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપના માટે પ્રેમ છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આ પ્રેમ લાગે છે? આટલો બધો પ્રેમ?

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારમાં કોઈ છેલ્લા નંબરવાળાને પણ પહેલા બેસાડી દીધા છે.

**અધ્યક્ષશ્રી** : એવું થાય.

**શ્રી બલવંતસિંહ રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિકાસમાં નાણાં એ જરૂરી અંગ છે અને જો સરકારે એને પોઝિટીવ રૂપમાં ચલાવે તો ગુજરાત સરકારનો સો ટકા વિકાસ થાય અને જો એને નેગેટિવ રૂપમાં ચલાવે તો દિનપ્રતિદિન એ રાજયની પરિસ્થિતિ જુદી થાય. એટલા માટે રાજય સરકાર હંમેશાં એવી વ્યકિતને નાણાં વિભાગ આપતું હોય છે કે હંમેશાં દિનપ્રતિદિન એની પ્રગતિ થાય. માનનીય મુખ્યમંત્રીશ્રી જયારે નાણા વિભાગ સંભાળતા હોય અને તેમના ૨૦૦૬-૦૭ ના બજેટ પ્રવચન ઉપર પાના નંબર ૩૧ ઉપર તેમણે જણાવ્યું હતું કે મહેસૂલી ખર્ચમાં કરકસર કરીશું, પરંતુ વાસ્તવિકતા આજે એ રીતે જુદી થઈ કે વિકાસલક્ષી ખર્ચ ઘટાડયો છે. નાણાકીય શિસ્ત લાવવાની વાત તેમણે કરી હતી, પરંતુ કેગ દ્વારા દરેક અહેવાલમાં શિસ્ત અંગેની ટકોર કરવી પડે છે એ આપણી પરિસ્થિતિ છે. વિવેકપૂર્ણ બુધ્ધિપૂર્વકનું આયોજન કરાશે, આયોજન પ્રમાણે આવક વૃધ્ધિ ના થાય, આયોજીત ખર્ચ સમયસર કરી શકતા નથી એ આજની સ્થિતિ થઈ છે, નાણાકીય વ્યવસ્થા મેનેજમેન્ટ બિલમાં જાહેર કર્યા પ્રમાણે આજસુધી પગલાં ભરી શકાતાં નથી, વ્યાજની ચૂકવણી ઘટાડીને નાણાંકીય ખાદ્ય શૂન્ય ઉપર લઈ જવાશે અને દેવું ઘટાડશે અને બિલ લાવીશું તો આજે પણ આ પરિસ્થિતિ થઈ નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમના બજેટ પ્રવચનમાં કહયું હતું, પરંતુ આજે પરિસ્થિતિ જુદી જાતની છે એ વાત હું યાદ અપાવવા માગું છું કે હંમેશાં કોઈપણ સરકાર એના ચૂંટણી ઢંઢેરાની વાત કરતી હોય છે અને એમાં પણ ઘણાબધા દરેક વિભાગના લોકો એમાં કોઈને કોઈ લોકો સમક્ષ જઈને એની વાત કરતા હોય છે એમાં પણ આયોજન પંચને કેન્દ્રના ધોરણે મોડલિંગ કરીશું, રાજયની માથાદીઠ આવક ૧૦ વર્ષમાં બમણી કરીશું, ભૌગેલિક વિસ્તારની અસતુલિતતા દૂર કરવાના સંખ્યાબંધ પગલાં લેવામાં આવશે, વહીવટી ખર્ચમાં ઘ ટાડાની વાત કરી હતી અને આયોજન નીચે ઉપરથી સુદ્રઢ બનાવીશું અને ગુજરાત રાજયમાં સ્થાપેલ ઉદ્યોગો ગુજરાત બહાર હોય તે અંગેનો મળનાર કરનો હિસ્સો પણ ગુજરાતને મળે એવા પ્રયત્નો કરીશું એ બધાં વચનોમાં આજે એકપણ વચન તેમણે પાળ્યું નથી. કોઈપણ રાજય ચાલે પણ કોઈપણ માણસ એની બેલેન્સશીટ જુએ, એની પરિસ્થિતિ જુએ તો એના ઉપરથી ખબર પડે કે ગુજરાત રાજય કયા પ્રકારે ચાલે છે એ બહુ મહત્વની વાત છે. આપણું બેલેન્સશીટ સૌથી પહેલાં કોઈ જુએ તો અનો અર્થ એ થાય કે ગુજરાત રાજયના દેવાની જે પરિસ્થિતિ છે એમાં આપણે દેવાની પરિસ્થિતિ જોઈએ તો આપણને જણાશે કે આપણે આજે એમાં કઈ પરિસ્થિતિએ પહોંચ્યા છીએ? ૮૧ હજાર કરોડ રૂપિયાથી વધારે જયારે સરકારનું દેવું હોય અને વ્યકિતદીઠ ૨૦૦૧-૨ ૯ હજારનું દેવું હતું એ આજે ૨૦૦૫-૦૬ માં ૧૪૬૮૩ એટલે કે છેલ્લા પાંચ વર્ષમાં ૫૬૬૨ રૂપિયા વ્યકિતદીઠ દેવું વધ્યું છે અને છેલ્લા પાંચ વર્ષમાં દર વર્ષે ૨૦ ટકાથી વધારે દરે દેવું દિનપ્રતિદિન વધતું જાય

છે અને છતાં નંબર એકની વાત કરીએ તો કયા પ્રકારની વાત કરી શકાય? અને છતાંય એની અંદર જવાબ આપવામાં આવે કે આ દેવું એટલા માટે વધે છે કે અમારે કેન્દ્ર સરકારની જે નાની બચતની યોજના છે એમાંથી ફરજીયાત પૈસા લેવા પડે છે. મારે એ ધ્યાન દોરવું છે કે બીજી બાજુ વિધાનસભામાં એમ કહેવામાં આવે કે કેન્દ્ર સરકાર પૈસા આપતી નથી એના કારણે અમારો વિકાસ થતો નથી. તો આ બધું બતાવે છે કે બિલકૂલ જૂદી જાતનું છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે સાચી યોજનાઓ કરીએ અને દેવું વધે તો ચોકકસ બરાબર છે, પરંતુ ખોટો ખર્ચ કરીએ એના કારણે સરકારનું દિનપ્રતિદિન દેવું વધતું હોય છે. એનું મહેસૂલી ખર્ચ અને મહેસૂલી ખાદ્ય એ કોઈપણ રાજય હોય એમાં દિનપ્રતિદિન ઘટાડો થવો જોઈએ એની જગ્યાએ દિનપ્રતિદિન વધારો થાય છે.

છેલ્લા ત્રણ વર્ષનાં આંકડા જોઈએ તો દર વર્ષે ૩૦૦ કરોડ રૂપિયાથી વધારે મહેસૂલી ખાદ્ય વધી છે. ૨૦૦૪-૦૫ પ્રમાણે ૨૦૦૬-૦૭ માં મહેસૂલી ખાદ્ય ૪૪ કરોડ છે. આપણે બજેટમાં એમ બતાવતા હોઈએ કે પુરાંત વાળું બજેટ મૂક્યું છે, આજે મહેસૂલી ખાદ્ય દિન પ્રતિદિન વધે અને છતાં આપણે એમ કહીએ કે અમારું બજેટ પુરાંત વાળું બજેટ છે તો એ શકય નથી. અને ખાસ કરીને મારે એ કહેવું છે કે રાજય સરકારની આવકોમાં વધારો થવો જોઈએ તેના બદલે ઘટાડો થઈ રહ્યો છે. આપણે વાયબ્રન્ટ ગુજરાતની વાત કરતા હોઈએ અને ખેતી લક્ષી વાતો કરતા હોઈએ ત્યારે દિન પ્રતિદિન આવકો વધવી જોઈએ અને તેમાં ચોક્કસ વધારો થવો જોઈએ. તો જ તેના ઉપરથી ખબર પડે કે રાજય સરકારની કેટલી આવક વધી છે. છેલ્લા પાંચ વર્ષના આંકડા હું એટલા માટે કહીશ કે ૨૦૦૨-૦૩ માં ૪૨૪૫૦ કરોડ રૂપિયાની આવક હતી તે આજે ૨૦૦૬-૦૭ માં ૩૭૧૩૧ કરોડ એટલે છેલ્લા પાંચ વર્ષમાં ૫૩૧૯ કરોડ રૂપિયાની આવકો ઘટી છે. અને ૬૬૨ કરોડ રૂપિયાનો એમાં ઘટાડો થયો છે. આ જ રાજય સરકારની નીતિ કેવી છે તે બતાવે છે છેલ્લા પાંચ વર્ષમાં ૬૬૨ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે અને તેથી રાજયનો વિકાસ કઈ તરફ જઈ રહ્યો છે તે આ આવકો ઉપરથી ખબર પડે છે. માથાદીઠ આવકની વાત કરું તો કોઈ પણ જગ્યાએ, રાજયની વાત હોય કે દેશની વાત હોય, હંમેશા માથાદીઠ આવક વધવી જોઈએ. એમાં વધારો થવાના બદલે રાજયમાં માથાદીઠ આવકમાં પણ ઘટાડો થયો છે. આપણે એમ કહીએ છીએ કે ગુજરાત નંબર વન છે, આજની સ્થિતિ એવી છે કે ૨૦૦૨-૦૩ માં પાંચ કરોડ ત્રીસ લાખની વસતિ હતી અને તેની માથાદીઠ આવક ૮૦૧૯ રૂપિયા હતી. આજે એમાં ઘટાડો થયો છે અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં ૬૫૪૯ની આવક થઈ છે, એટલે વસતિ વધી છે તો પણ આ સ્થિતિ થઈ છે. અને ખર્ચની વાત કરું તો ૬૯૬૦ રૂપિયા હતું તેમાં પણ આજે ઘટાડો થયો છે. એટલે ૬૫૪૯ રૂપિયા થયું છે, આ બતાવે છે કે ગુજરાતનો વિકાસ કેવો છે, વ્યકિતની આવક વધે તો તેમનો ખર્ચ પણ વધે, ગુજરાતમાં તો લોકોની આવક વધી નથી માટે તેનો ખર્ચ કરવાની ક્ષમતા પણ ઘટી છે અને છેલ્લા પાંચ વર્ષમાં માથાદીઠ ૧૪૭૦ રૂપિયાનો આવકમાં ઘટાડો થયો છે અને ખર્ચમાં પણ ઘટાડો થઈ અને ૧૪૧૧ રૂપિયા થયો છે. એટલે આ બતાવે છે કે રાજય સરકારની દિન પ્રતિદિન આવકો ઘટી છે અને ખર્ચ રાજય સરકારનો વધ્યો છે. અને વિકાસ ઘટ્યો છે. આ વાત આના ઉપરથી સ્પષ્ટ થાય છે. કેન્દ્ર સરકારની આવકો દિન પ્રતિદિન વધી છે જ્યારે રાજય સરકારની આવકો દિન પ્રતિદિન ઘટી છે, ખરેખર રાજય સરકારની આવક વધવી જોઈએ તેના બદલે કેન્દ્ર સરકારની આવકો વધી છે, ૨૦૦૨-૦૩માં ૭.૫૮ હતી તે ૨૦૦૯-૭ માં ૧૪.૩૨ એટલે છેલ્લા પાંચ વર્ષમાં જોઈએ તો ૨૦૦૩માં ૧૦ ટકા, અને ૨૦૦૪-૦૫ માં ૧૦.૯૦ ટકા, એમ દર વર્ષે કેન્દ્રની આવકમાં વધારો થયો છે. અને એ રીતે કેન્દ્ર સરકારની આવકો વધી છે. જ્યારે રાજય સરકારની આવકો ઘટી છે. આ કેવું? આપણે રાજયનો ખરેખર વિકાસ કરતા હોઈએ તો તેની આવકો વધે ઘટે નહીં. ૨૦૦૪-૦૫ માં ૬૩.૯૩ ટકા હતી તે ૨૦૦૫-૦૬માં ૬૦.૨૬ ટકા અને આ વર્ષે ૬૧.૮૧ ટકા થઈ છે. એટલે આવકમાં ખરેખર વધારો થવો જોઈએ તેના બદલે ઘટાડો થયો છે.

આ જ રીતે રાજયની બિન કરની આવક, સિંચાઈ ઉપર અને ખેડૂતો પાસેથી લેવાતી ફી, શિક્ષણની, આરોગ્યની, આવી બધી આવકોમાં ઘટાડો થયો છે. ૨૦૦૩-૦૪માં ૩૯૯૩ કરોડની આવક હતી તે ૩૩૩૪ કરોડ થઈ છે એટલે એમાં પણ ૬૬૫ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. આ બધી આવકો ઘટવાને કારણે અને દેવું વધવાને કારણે આજે આપણે એ સ્ટેજે પહોંચ્યા છીએ કે ભાજપની રાજય સરકારમાં વ્યાજની ચૂકવણીનો ખર્ચ પણ દિન પ્રતિદિન વધતો ગયો છે. આજે ૨૦૦૧-૦૨માં ૪૨૦૬ કરોડ રૂપિયા હતો તે ૨૦૦૬-૦૭માં ૭૧.૫૪ કરોડ રૂપિયા એટલે વધારો થતાં થતાં આજે છેલ્લા છ વર્ષમાં ૭૦.૧૧ ટકા રાજય સરકારની વ્યાજની ચુકવણીની અંદર વધારો થયો છે. ગુજરાતમાં કોઈ જન્મે છે એ ૧૫ હજારના દેવા સાથે જન્મે છે પણ એની સાથે સાથે એના માથે ૧૧૮૨ રૂપિયાનું વ્યાજ વ્યકિતદીઠ શરૂ થઈ જાય છે. આવી ગુજરાતની આજની પરિસ્થિતિ છે.

માથાદીઠ આવકની વાત કરીએ તો એમાં ગુજરાતનો આઠમો ક્રમ છે. ગોવા, હરિયાણા, કેરલ કેટલાય રાજયો આપણા કરતાં આગળ છે. મહારાષ્ટ્ર, પંજાબ, તામિલનાડુ અને દિલ્હી આ બધા જ રાજયો આપણા કરતાં આગળ છે. એના આંકડા આપવા જઈશ તો ઘણો ટાઈમ લાગશે એટલે આપતો નથી.

ગુજરાતનું આંતરિક દેવું છેલ્લા ત્રણ વર્ષમાં ૩.૩૬ ટકા થયું છે. ઘણી વખત કહેવામાં આવે છે કે રાજય સરકારની જૂની લોનો હતી એ ભરપાઈ કરી એના કારણે આ બધું થયું છે. મારે એ વાતનું ધ્યાન દોરવું છે કે ૪૨ કરોડ રૂપિયાનું વ્યાજ ચૂકવીએ કે આજની તારીખે ૧૯૮૪ની અંદર લીધેલી લોનનું વ્યાજ પણ ચૂકવીએ છીએ. વ્યાજ વધવાનું કારણ હોય તો એ આ પણ છે. આજે આપણે ૧૯૮૪ની લોન ઉપર વ્યાજ ચૂકવીએ છીએ.

વેચાણવેરાની આવકની બાબતમાં જોઈએ તો આજે આપણી આવક ચોક્કસ વધી છે એ ૧૦૯૦૦ કરોડ રૂપિયા થઈ છે. હમણાં માનનીય મંત્રીશ્રી કહેશે કે ૭ હજાર કરોડની આવક હતી એ વધીને આટલી આવક થઈ છે. પરંતુ ગુજરાતનો દેશ લેવલે એમાં કયો ક્રમ છે એ તો બતાવે? દેશની અંદર વેચાણવેરાની આવકમાં ગુજરાત આજે છઠ્ઠા નંબરે છે. આપણે ૨૦૦૪-૫ના આંકડા જોઈએ તો આંધ્રપ્રદેશની આવક ૧૧૨૪૨ કરોડ હતી, કર્ણાટક, મહારાષ્ટ્રની આવક ૧૬૯૮૦ કરોડ હતી. તામિલનાડુ, ઉત્તર પ્રદેશ આ બધા રાજયોની આવક આપણા કરતાં વધારે છે.

**અધ્યક્ષશ્રી** : આજે સમય ઓછો છે એટલે ઓપનીંગ કરનારને પણ સમય ઓછો મળશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા તરફથી આજે બહુ જ ઓછા સભ્યશ્રીઓ બોલવાના છે.

**અધ્યક્ષશ્રી** : આપણે ૧૨-૦૦ વાગ્યે પૂરું કરવાનું છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : મારે સરકારશ્રીનું એ વાત તરફ ધ્યાન દોરવું છે કે વેચાણવેરાની બાકી નીકળતી રકમ હતી એની વસુલાત ૯૩.૬૩ કરોડની કરવામાં આવી છે. પરંતુ એમાં જે લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો એ લક્ષ્યાંક પ્રમાણે કામગીરી થઈ નથી. ફક્ત ૬૮ ટકા જ રકમ આવી છે એના લીધે પણ આવકોમાં ઘટાડો થયો છે. વેપારીઓની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થવો જોઈએ. રાજય સુખી હોય તો વેપારીઓની સંખ્યામાં ચોક્કસ વધારો થવો જોઈએ ૨૦૦૧-૦૨માં ૩ લાખ ૭૭ ની સંખ્યા હતી એમાં આજે ઘટાડો થયો છે. આજે રાજય સરકારના ટેબલ કેસોની અંદર વધારો થયો છે. એમાં ખર્ચ વધારીએ તો પણ એમાં ૨૦૦૧-૦૨માં ૪૬૯૫ કેસો હતા જ્યારે ૨૦૦૪માં ૫૪૫૮ થયા છે એટલે કે એમાં ૭૬૩ કેસોનો વધારો થયો છે. આકરણીનો ઝડપી નિકાલ નહિ થવાને લીધે ૨૦૦૪માં ૧૫૦૪ કેસ નિકાલ વગરના પડ્યા હતા. જ્યારે ૨૦૦૫માં ૬૨૬૬ નિકાલ થયા વગરના પડ્યા છે. મારે આ રાજય સરકારનું ખાસ ધ્યાન દોરવું છે કે આપણે કરોડો લોકોને ફાયદો આપતા હોઈએ છીએ. તેના કારણે આજે રાજય સરકારે ૧૦ કરોડથી વધારે રકમ માફી આપી હોય એવા ૧૪ એકમો છે. તેમાં રીલાયન્સને ૧૨૨૫ કરોડની રાહતો આપી છે. મારે આપનું એ ધ્યાન દોરવું છે કે પરંતુ દાન યોજનાઓ માટે જે પૈસા લેવાના હતા અને સરકારે આપણાં જ પૈસા લઈને લોકોને દાન યોજનાઓમાં આપવા જોઈએ. એ પૈસા પણ સમયસર અપાતા નથી. જેના કારણે પણ વિકાસની યોજનાઓ બંધ રહે છે. મારે રાજય સરકારનું એ ધ્યાન દોરવું છે કે એક કરોડથી વધારે લેણાં ૧૩૯ એકમો પાસેથી લેવાના છે. તેમાં ૭૬ એકમો બિલકૂલ બંધ થઈ ગયા છે. ૫૧ એકમો કાયદાકીય મેટરના કારણે આ પરિસ્થિતિ થઈ છે. એટલે આ પૈસા પણ કેવી રીતે વસૂલ થશે એ મોટો સવાલ છે. વેચાણવેરા કચેરીના ખર્ચમાં દિનપ્રતિદિન વધારો થતો રહયો છે અને ૧૦ કરોડથી વધારાની રકમ જેની પાસેથી લેવાની હોય એવા ઘણા બધા એકમો છે. તેમની પાસેથી રાજય સરકાર ઝડપથી વસૂલ કરે એ પ્રકારની વ્યવસ્થા કરવી જોઈએ. તિજોરી-હિસાબ વહીવટના ખર્ચમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૨૦ લાખ ૨૪ હજારનો વધારો થયો. પગાર હિસાબી ખર્ચમાં પણ આ જ પરિસ્થિતિ છે. એમાં ૧૯ લાખ ૯૧ હજારનો વધારો થયો. કર્મચારીઓનો વધારો થયો, પંચાયતના ઑડિટના ખર્ચમાં વધારો થયો તેમ છતાંય વહીવટ સારો થવો જોઈએ એ આજની તારીખમાં સારો થતો નથી એવી સ્થિતિ છે.

પેન્શન અને નિવૃત્તિના લાભ માટે આજે પરિસ્થિતિમાં એમ કહી શકાય કે જોઈન્ટ બેંક એકાઉન્ટ નહીં ખોલવાને કારણે હેરાનગતિ થતી હોય છે. ખાસ કરીને છેલ્લે મારા સૂચનો સરકારશ્રીને એટલા માટે કરવા છે કે સરકારને મદદરૂપ થઈ શકાય, જેના કારણે સરકારની આવકો વધે અને તો જ એ મજબૂત થાય. એટલે સરકારના જે ખર્ચાઓ છે તે ઘટાડીને સારી પરિસ્થિતિમાં મૂકાય. એ પણ બહુ જરૂરી છે. રાજય સરકાર દ્વારા વર્ષોથી પોતાની કરવેરાની આવક ૧૫ ટકાના દરે કરી છે. દર વર્ષે કરની આવકો ૨૫ ટકા વધી છે. દર વર્ષે બિન કરની આવકો ૭ ટકાના દરે વધારવામાં આવે અને વ્યાજની ચૂકવણી દર વર્ષે ૧૮ ટકા ઘટાડવામાં આવે તો જ રાજય સરકારની નાણાકીય પરિસ્થિતિ સમતોલ થાય. જ્યાં આગળ વેચાણવેરાના મકાનો તૈયાર હોય એ ઑફિસ બંધ કરીને મારા મતવિસ્તાર સિદ્ધપુરની વાત કરું તો ચાર મોટી કંપનીઓ આવી તો પણ વેચાણવેરાની કચેરી બંધ કરીને બીજે બદલવાનું કરે એ પણ નહીં કરવું જોઈએ, ખાસ કરીને એ ધ્યાન રાખવું જોઈએ કે અમારી જે પરિસ્થિતિ છે સરકારની પૉલિસી ઉપર ઘણી બધી બનતી હોય છે. કચ્છમાં ભૂકંપ આવ્યો ઘણાં બધા વેપારીઓ કરોડો રૂપિયા ખર્ચીને ગયા. આ બાબતે ઈમ્પોર્ટ ટેક્સ લાગ્યો. જેને એકસાઈઝના લાભ મળવાના હતા એ આજે પણ ચાર ટકાનો ઈમ્પોર્ટ ટેક્સ લાગવાથી ઈન્ડસ્ટ્રીઝને અસર થવાની છે. ઘણી વખત એકસાઈઝ

નીકળી જતું હોય છે. જેમ બીજાં રાજયો જે પ્રમાણે વ્યવસ્થા કરતા હોય છે એ પ્રમાણે આપણે વ્યવસ્થા કરવી જોઈએ. રાજસ્થાન સરકારે વેટના અમલીકરણમાં ખાસ કરીને જે ખાદ્યતેલો છે તેને પ્રોત્સાહન આપવાની ઘણી બધી વાત કરી છે. ટન ઉપર એન્ટ્રી ટેક્સ કાઢી નાખ્યો છે. મંડીઓમાં જે ટેક્સ હતો એક ટકો કર્યો છે. રાયડા ઉપર બી ખરીદવેરો બે ટકા હતો તે કાઢીને એક ટકો કર્યો છે. એટલે એ વાત બીજાં રાજયોની હરોળમાં આપણા ખેડૂતોને ફાયદો થાય, આપણી ઈન્ડસ્ટ્રીઝને ફાયદો થાય તો જ ટેક્સ વધારે આવે અને તો જ સરકાર મજબૂત થાય એવું આયોજન હોય છે. ઘણી વખત ભારત સરકાર બીજાં દેશોની સાથે એગ્રીમૅન્ટ કરતા હોય છે તેના કારણે ડ્યૂટી સ્ટ્રકચરમાં ઘણો બધો ફરક પડતો હોય છે. જેમ શ્રીલંકાની સરકાર સાથે આપણે ઝીરો ડ્યૂટીથી ડ્યૂટી સ્ટ્રકચરનો એગ્રીમૅન્ટ કર્યો છે એટલે વનસ્પતિ ઘી આપણે ત્યાં આવે, પામોલીન ઉપર ૮૫ ટકા અહીંના લોકો ડ્યૂટી ભરે અને ત્યાંથી ઝીરો પર્સન્ટ આવે તો બીજાં રાજયોએ ઉત્તર પ્રદેશ હોય જે બહારથી આવે તેમાં ૧૨-૧૨ ટકા ટેક્સ નાખ્યો છે આ બાબતની કાળજી લેવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ ઘણા બધા સૂચનો કર્યા છે. એ વેટના સૂચનો પણ આવનાર વેટ આવતો હોય ત્યારે એ પ્રમાણે સૂચિત થાય. છેલ્લી વાત. કોઈપણ સરકાર પાસે પૈસા ન હોય તો, ગુજરાતીમાં એક કહેવત છે કે, આપણે પણ કહીએ છીએ કે, "નાણે નાથાલાલ, નાણા વગરનો નાથીયો" થઈ જાય એમ ગુજરાત સરકાર પાસે પૈસા પણ વધુમાં વધુ ટેક્સના વધે, સારી રીતે વધે, તો જ ગુજરાત સરકાર ખર્ચ કરી શકે અને વહીવટ સારો થાય. આ પ્રકારનું માનનીય મંત્રીશ્રી કરીને આવ્યા હોત તો ચોક્કસ સમર્થન કરત. તેથી આ બાબતે સમર્થન નથી કરતો. સરકાર પગાર વિસંગતતાનો અહેવાલ જાહેર કરે અને તેનો લાભ સરકારી કર્મચારીઓને આપવા માગો છો કે કેમ? એ પણ માનનીય મંત્રીશ્રીને પૂછવું છે.

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે નાણા વિભાગની માગણી ક્રમાંક: ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ લઈને આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને નાણાં મંત્રીશ્રી, શ્રી નરેન્દ્રભાઈ મોદી અને સૌરભભાઈ પટેલ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ એક વિભાગ એવો છે કે, આજે બારમો દિવસ છે. જુદા જુદા વિભાગની ઘણી વાતો થઈ ગઈ છે.(અંતરાય) આ જો દેવાળિયો હોત તો આ રાજયમાં એકપણ કામ ન થઈ શક્યા હોત. એટલેજ ક્યારેક કોઈને, મિત્રને અને (અંતરાય) આ તો માલજીભાઈ ગણપતિની જગ્યાએ મુકાય એવો વિભાગ છે. આની પહેલાં સ્થાપના કરવી પડે, પૂજા કરવી પડે અને ગણપતિ જ રિદ્ધિ-સિદ્ધિ આપે. શ્રી વિષ્ણુજી લક્ષ્મી આપે પણ એ ચંચળ છે. આ રિદ્ધિ-સિદ્ધિ તો સમૃદ્ધિ આપે એવું કોઈ કામ જે વિભાગ દ્વારા થતું હોય એની પહેલાં સ્થાપના કરવી પડતી હોય છે, પૂજા કરવી પડતી હોય છે. ઘણી વખત માણસના મિત્રો ફિલોસોફર એન્ડ ગાઈડ જેવા હોય છે. આ એક જ વિભાગ એવો છે કે, જે રાજયના તમામ વિભાગોએ આ વિભાગ સાથે પરામર્શ કરવો પડે છે. પરામર્શ કર્યા પછી પણ આ વિભાગની મંજૂરી લેવી પડે છે. આ વિભાગનું કામ કદાચ એના કર્મચારીના સંદર્ભમાં તિજોરી કે વેચાણ વેરાના સંદર્ભમાં ગુજરાત રાજયની ૭૦ ટકા આવક આ વિભાગમાંથી આવે છે. બાકી સ્ટાફના સંદર્ભમાં ગણીએ તો કહેવાતું હશે પણ દરેક વિભાગને એની સાથે પરામર્શ કરવાની ફરજ પડે. એનો અર્થ એ થાય કે, નાણા વિભાગની મંજૂરી વગર આગળ જાય જ નહીં. આપણા ઘરમાં તિજોરીમાં કેટલા પૈસા છે? એની પ્રાયોરીટી શું હોઈ શકે? આ પ્રાયોરીટી નક્કી કરવાનું કામ જે થાય છે એ વાજબી રકમમાં થાય છે કે કેમ? વિધિસર થાય છે કે નહીં, નિયમાનુસાર થાય છે કે નહીં? એ જોવાની જવાબદારી આ વિભાગની છે. એ ફ્રેન્ડ ફિલોસોફર એન્ડ ગાઈડ નહીં પણ કંટ્રોલ પણ જેનો છે, કાબૂ પણ જ્યાં અર્થતંત્ર ઉપર રાખે છે અને અર્થતંત્રનો એ વહીવટ કરકસરયુકત થાય, સુદૃઢ થાય, મક્કમ થાય. આ વહીવટમાં છીંડાં છે પૂરાય. ગઈકાલ સુધી આ વહીવટ જે ચાલતો હતો, આ વહીવટની અંદર કંટ્રોલ આવે અને હું નાણા મંત્રીશ્રીને અભિનંદન આપું છું. એટલા માટે કે, એમને ટીમ પણ મળી છે એ બરાબર નાણા વિભાગનો કંટ્રોલ કરી શકે, બધા વિભાગ ઉપર એક સરસ ટીમ મળી છે ત્યારે આ રાજય સર્વાંગી વિકાસ તરફ જઈ રહ્યું છે, એના મૂળ પાયામાં જો કોઈ વિભાગ હોય તો એ નાણા વિભાગની આજની પ્રવૃત્તિઓ ઉપર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજ સુધીમાં ઘણી જગ્યાએ કહેવાયું છે, બોલાયું છે, રાષ્ટ્રના વિકાસ માટે ગુજરાતનો વિકાસ જરૂરી છે. આપણને એ જી.ડી.પી. ગ્રોથ રેઈટની વાત હોય કે કયાંય પણ અર્થતંત્રના પડકારોની વાત હોય. અહીંયાં મારા મિત્ર બળવંતસિંહજી જ્યારે કહી રહ્યા હતા ત્યારે મને એ કહેવાની ફરજ પડશે કે છેલ્લા ૫ વર્ષની અંદર આ રાજયમાં આવેલું ઔદ્યોગિક મૂડીરોકાણ એ દેશના કોઈપણ રાજયમાં થયેલા મૂડીરોકાણ કરતાં વધારે છે અને ૯૪૩૫૭ કરોડ રૂપિયાનું છે. પહેલા નંબરે છે. મને ખબર છે, આપને અમે પહેલા નંબરે આવીએ કે કહીએ ત્યારે થોડી થોડી તકલીફો પડે છે પણ હવે એમાં રસ્તો નથી અમારો કારણ કે ગુજરાત એ છેલ્લા ૫ વર્ષમાં પહેલા નંબરે છે. ૯૪૩૫૭કરોડના નવા મૂડીરોકાણ સાથે અને એના પછી આંધ્રપ્રદેશ, એના પછી છત્તીસગઢ, ઓરિસ્સા, તામિલનાડુ અને મહારાષ્ટ્ર છે. જે રાજયની પ્રગતિની દુહાઇ દેતા મારા મિત્રો થાકતા નથી અને એનું કારણ એ એટલું જ, જે રીતે ડીસીપ્લીનની વાત કરી રહ્યા હતા મારા મિત્રો બરાબર એ ડીસીપ્લીન અને ડીસીપ્લીનની કયાં વાત કરવી એક જ ઉદાહરણ પૂરતું છે.

અવાર નવાર આ વાત થઈ છે કે આ રાજયના બજેટમાંથી આ રાજયના ફંડમાંથી ફકત જી.ઈ.બી. એ વર્ષે ૨હજાર કરોડ જી.ઈ.બી. લઈ જતું, કઈ કક્ષાની કરકસર, કઈ કક્ષાનો વહીવટ ઉપર કંટ્રોલ, કઈ કક્ષાની એ શિસ્ત હશે કે બે એ બે હજાર કરોડ રૂપિયા ગયા વર્ષ સુધી ૨૦૦ કરોડ આવ્યા, આ વર્ષે તો એ નફો કરતું યુનિટ થઈ જાય, આ દરેક વિભાગમાં આ વાત અને એટલે કદાચ દેશમાં કેન્દ્ર સરકારે પણ છેલ્લા બે-ત્રણ વર્ષમાં એવો પ્રયત્ન કર્યો હતો, એવો સંકલ્પ કર્યો હતો કે અમે ઝીરો મહેસૂલી ખાધ મૂકી દઈશું પણ કેન્દ્રમાં એ ન થઈ શકયું. ગુજરાતની સરકારે એકંદર પુરાંત ૨૭ કરોડની કરી એ વાત જૂદી છે કે એ પછીના ટેકસ, છેલ્લા ઘણા વર્ષોથી સેલ્સટેકસમાં સતત ઘટાડો કર્યો છે. ઉમેરો તો કર્યો નથી પણ જે વાત થઈ છે કે ફાઈનાન્સીયલ ડીસીપ્લીન છે એના કારણે એની જે વસુલાત છે ઈફેકટીવલી વસુલાત આવે એ વસુલાતના આંકડા આપ્યા છે. હું કહીશ એના કારણે સતત કરમાં ઘટાડો કરતા જતા હોવા છતાં એ પુરાંત સુધી પહોંચી શકયા છીએ અને આ વર્ષે પણ વીજકરમાં એ શિક્ષણ હોય કે રહેણાક હોય એ રેસીડીયરી ધંધાદારી ગૃહો હોય, હોટલ હોય કે રેસ્ટોરંટ હોય કે સિનેમાગૃહો હોય એ બધાને ૩પટકામાંથી ૩૦ ટકા વીજ દર કરી નાખીને ૫ ટકાનો ઘટાડો કર્યો.

સ્ટૅમ્પ ડ્યૂટી તો આ ગુજરાતનો મધ્યમવર્ગનો માણસ જેના મનમાં એવું છે (અંતરાય) એ તો તમે કર્યા છે ધંધા બધા ભૂતકાળમાં, હું જે વાત કરી રહ્યો હતો આપણે સ્ટૅમ્પ ડયુટીમાં ઘટાડો કર્યો છે એ વિષય ઓછો છે પણ ક્યારે કરી શકયા, ૧૦૦ રૂપિયે ૧૪ રૂપિયા ભરવા પડતા હતા. એક મધ્યમવર્ગના માણસને એક લાખનું મકાન લેવું હોય તો ૧૪હજાર રૂપિયાની તો જોગવાઈ કરવી પડતી પહેલા એનો અર્થ ૧/૭રકમ, એક સપ્તમાંશ રકમ કોઈ માણસને પોતાના મકાનના બજૅટમાં સ્ટૅમ્પ ડયુટી માટે ભરવા પડતા હતા એમાં આજે ફેરફાર આવ્યો છે. ૧/૭માંથી ૧/૧૭થાય છે. ૧૭મો ભાગ, હવે સો રૂપિયા વખતે એમણે ૬ રૂપિયાની જોગવાઈ કરવાની છે. સ્ટેમ્પ ડયુટી માટે આ થઈ શકયું એટલા માટે અને એના પછી જે ખાદ્ય રહે છે એ ર૯૬કરોડની ખાદ્ય રહેવાની છે અને એમાં પણ માનનીય નાણામંત્રીશ્રીએ બજૅટ રજૂ કરતી વખતે કહ્યું હતું કે જે રીતે બિન વિકાસલક્ષી ખર્ચમાં ઘટાડો થાય છે કરકસરયુકત વહીવટ થાય છે જે રીતે કરવેરાની ઈફેકટીવ રિકવરી છે એ જોતાં એમાં કદાચ આ વર્ષના અંતે કોઈપણ પ્રકારની ખાદ્ય ન રહે એ સ્થિતિ સર્જાવાની છે. આ પહેલા પણ અને આજે પણ વિપક્ષના મિત્રોએ સતત ગુજરાતના દેવાની ચર્ચા કરી છે, એમના ધ્યાન ઉપર મૂકું કે ગુજરાતના દેવાની રકમ એ લોકો જે બોલ્યા હોય એ ૬૦, ૭૦ કે ૮૦ કરોડ. મહારાષ્ટ્રની દુહાઇ દે છે. છેલ્લે આર.બી.આઈ.એ સ્ટેટ ફાઈનાન્સ, એ સ્ટડી ઈન બજૅટ ૨૦૦૫-૨૦૦૬ નો રિપોર્ટ રજૂ કર્યો છે એ મુજબ મહારાષ્ટ્રનું દેવું ૧૩૬ લાખ કરોડ છે. આપણા કરતાં ૫૦ હજાર કરોડ કરતા વધારે છે. એના વિશે પણ અવાર-નવાર અહીંથી કહેવાયું છે. પુનરોક્તિનો દોષ વ્હોરીને પણ કહું છું કે આ જે દેવું કરીએ છીએ એ દેવામાં પણ નાની બચતની જે રકમો આવે છે એ રકમ આપણે ફરજિયાત સો એ સો ટકા રકમ દેવા માટે લેવી પડે છે. આ રસપ્રદ આંકડા છે. આ દેવામાંથી ૩૬,૮૯૩ કરોડ તો નાની બચતનું દેવું છે. છેલ્લા બે વર્ષમાં આ દેવામાં જે વધારો થયો છે એ ૧૭,૩૦૦ કરોડ છે. એ ૧૭,૩૦૦ કરોડના દેવા વધારામાંથી ૧૬,૬૬૬ કરોડ તો નાની બચતનું, ગુજરાતના લોકોએ જે સેવિંગ્ઝ કર્યું હોય, ડિપોઝિટ મૂકી હોય એમાંથી આ ૧૬,૬૬૬ કરોડ પાછા આવ્યા. બચત માટે પ્રોત્સાહન આપવાનું ગુજરાત સરકાર બંધ કરે એવું વિપક્ષના મિત્રો ઈચ્છે છે? બચત કરીને મૂડી રોકાણ ગુજરાતમાં વધ્યું છે. ગુજરાતમાં ખરીદ શક્તિ ઘટી એની વાત કરી છે. એક તરફ આવડી મોટી બચત સ્મોલ સેવિંગ્ઝમાં થઈ રહી છે. નાના લોકો બચત કરી રહ્યા છે અને એ પણ આ રાજ્ય સરકારના બેસ્ટ એડમિનિસ્ટ્રેશનના કારણે કરી રહ્યા છે. એ પછી પણ આ દેવાની રકમ કયાં વપરાય છે એ જોવું જોઈએ. ૮ ટકા જેટલી તો એ કેલેમિટિઝમાં વપરાય છે. ભૂકંપથી માંડીને વાવાઝોડું, ભારે વરસાદ, પૂર જેવી કોઈપણ પ્રકારની કુદરતી આફતમાં વપરાય છે. ૭૩ ટકા જેટલું દેવું નવા બાંધકામો, નવી સિંચાઈ યોજનાઓથી માંડીને સરદાર સરોવરમાં આ વર્ષે ૨૬૦૦ કરોડ જેટલી રકમ મૂકી છે એની ખૂબ વાત થઈ છે એટલે એની વિગતોમાં જતો નથી. આવડી મોટી રકમ એટલા માટે મૂકી શક્યા છીએ. માથાદીઠ આવકની વાતો થતી હતી. વર્ષ ૨૦૦૧-૦૨માં માથાદીઠ આવક ૧૯૦૦૦ રૂપિયા હતી જે વર્ષ ૨૦૦૪-૦૫માં ૨૮,૩૫૫ રૂપિયા છે. એની સામે પર કેપિટા એક્સપેન્સિસ, માથાદીઠ ખર્ચ ૧૧,૧૪૫ રૂપિયા અને વર્ષ ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧-૦૬ સુધીમાં ૩૧,૯૮૬ રૂપિયા અને એની સામે માથાદીઠ ખર્ચ રૂપિયા ૧૧,૯૦૬ છે. આ રાજ્યનો પહેલો, બીજો, ત્રીજો નહિ ચોથા વર્ગનો કર્મચારી સમૃદ્ધ છે. ચોથા વર્ગનો કર્મચારી આજે સ્કૂટર લઈને નીકળી શકે છે. એટલા માટે આ રાજ્ય તેને અપાયેલ તમામ લક્ષાંકો પૂર્ણ કરવા તરફ જાય છે. પંચવર્ષીય યોજનાનો ૪૭ હજાર કરોડનો લક્ષાંક હોય. સમગ્ર દેશનો ૮ ટકા વિકાસ દર કરવા માટે ગુજરાતને ૧૦ ટકા વિકાસ દર કરવાનો લક્ષાંક હોય. સતત કહેવાયું છે કે ૧૦ ટકા નહિ પણ શેરના માથે સવા શેર મુજબ ૧૦.૨ ટકા વિકાસ દર આપી શકાશે. ૪૭ હજાર કરોડની પંચવર્ષીય યોજના પૂરી કરી નાખી છે. છેલ્લા પાંચ વર્ષમાં જે ઘરેલું ઉત્પાદનની વાત કરી. ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ વધીને ૯૩ હજાર કરોડથી વધીને લગભગ બમણા જેવું થયું છે. આ વર્ષે ૨ લાખ કરોડના જી.ડી.પી.ના આંકને વટાવી જઈશું. વર્ષ ૨૦૦૩-૦૪માં જે જી.ડી.પી.નો રેટ ૧૫ ટકા હતો એ ફકત આ દેશ

નહિ પણ આ રાજ્યનો જી.ડી.પી.નો રેટ સમગ્ર વિશ્વમાં સર્વશ્રેષ્ઠ રહ્યો છે. આની સાથોસાથ દેશનું પણ બજૅટ રજૂ થયું. કેન્દ્રના બજૅટમાં ત્યાં વિકાસલક્ષી ખર્ચમાં જે રકમો ફાળવાય છે, એલોટ થાય છે, એ કુલ બજૅટના ૩૦ ટકા રકમ છે. આ રાજ્યના બજેટમાં ડેવલપમેન્ટના કામો માટે, વિકાસના કામો માટે, વિકાસલક્ષી ખર્ચ માટે જો કોઈ રકમ ફળવાય છે તો એ ૬૦ ટકા કેન્દ્રના પ્રોરેટા કરતાં ડબલ ૬૦ ટકા જેટલી રકમ બજેટની ૨૦૦૬-૦૭માં વિકાસલક્ષી ખર્ચમાં વધારો કરવાનો છે આની સાથે સાથે બારમાં નાણાપંચમાં પણ ભૂતકાળમાં ૭૦ કરોડ લેખે સાડાત્રણ સો કરોડ રૂપિયા મળ્યા હતા. ગુજરાતને આ વર્ષે ૧૮૬ કરોડ લેખે લગભગ અઢી ગણી રકમ નવસો, સાડાનવસો કરોડ રકમ એ બારમાં નાણાપંચમાં મળવાની છે. ૨૦૦૨-૦૩ થી ૨૦૦૬-૦૭માં આ બજૅટ એ કંન્ટીન્યુઅસ પ્રોસેસ છે. સતત આ કર રાહતો આપી છે એ ૧૧૮૬ કરોડની આપી છે એમાં વીજકર, સ્ટેમ્પ ડ્યૂટી કે બીજી રાહતોના કારણે રાજ્યની પ્રજાને ક્યાંક વીજકરની વાત હોય તો ૯૦ લાખ લોકોને ફાયદો થતો હોય છે. એનો ઘટાડો ૧૨ લાખ વેપારીઓને થતો હોય છે. એમ કરતાં કરતાં કુલ રાહતો આપતા આપતા પણ રાજ્યનો જી.ડી.પી. અને વિકાસલક્ષી ખર્ચને યથાવત જાળવી રાખ્યો છે. એટલું જ નહિ એમાં વધારો કર્યો છે. સાથે સાથે આ કરવાની સાથે આટલી ઈન્કમ આવે એમ છે. એમ છતાં આ ઈન્કમ જ્યારે આવે છે કરની સમાધાન યોજના કરતા જાય છે, તા.૩૧/૬/૨૦૦૬ સુધીનો જે હોય એ કર ભરી દો તો ૩૧-૩-૦૬ સુધીમાં તો પુરું. સ્ટેમ્પ ડ્યૂટીમાં પણ જૂના ૩૨-ક કેસ જેટલા હોય એમાં એકીસાથે એમ્નેસ્ટી સ્કીમ જાહેર કરીને એવી જે રાહતો આપીને ગુજરાતમાં લાર્જ સ્કેલ ઉપર પૂરા થયા હોવા છતાં માનનીય બલવંતસિંહજી જ્યારે આંકડા સાથે વાત કરતા હતા ત્યારે મને એવું કહેવામાં આ રાજ્યના, આ ગૃહના ધારાસભ્ય તરીકે ગૌરવ થાય છે કે આટલું હોવા છતાં કરની આવક છેલ્લા પાંચ વર્ષમાં ૧૦,૭૦૦ કરોડથી બમણી થઈ અને આવતા વર્ષમાં ૨૦,૦૦૦ કરોડ જેટલી થશે. આ જે સમય પાંચ વર્ષની પહેલાં જે વેચાણવેરાની આવક હતી એ ૫૮૦૦ કરોડ હતી એ લગભગ બમણી થઈને આ વર્ષે લગભગ ૧૦૫૦૦ કરોડ થવા જવાની છે. વેટમાં અગાઉ કરતાં ડબલ, પાંચ વર્ષમાં જેમ ડિપોઝિટ મૂકીએ અને ડબલ થાય એમ ડબલ થાય બલવંતસિંહજી. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) સાહેબ, તકલાદી જે હતાને એમને પ્રજા પોતે નક્કી કરે કોણ તકલાદી અને કોણ તકલાદી નહિ? માણસ પોતાના ઘરમાં વસાવે ક્યારેક કોક ભૂલથી તકલાદી વસ્તુ આવી જાય પણ એમાં ૧૦૦ ટકા વસ્તુના આવે, થોડીક આવે. આ રાજ્યની વિધાનસભામાં પ્રજા મોકલે છે. ક્યાંક તો ભૂલ થાય છે, પણ એ તકલાદી લોકો ઓછા મોકલે છે. નક્કર, મક્કમ લોકોને વધારે મોકલે છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી મારે નહોતું કહેવું મારા મિત્ર પ્રદિપસિંહજીએ પણ આ પ્રયત્ન કર્યો છે પણ મારે કોઈ પોલિટિકલ નહિ, પણ નેશનલ એડવાઈઝરી કાઉન્સિલના ચેરમેન તરીકે એમણે જે ભલામણ કરી, ગઈ કાલે એમ્પ્લોયમેન્ટમાં મને બોલવાનું ઓછું મળ્યું. એમણે જે ભલામણ કરી એ બાજપાઈ સરકારની S.J.S.Y. યોજના અને બીજી યોજના એ ગયા વર્ષના કેન્દ્રના બજેટની સાથે ઈકોનોમિક સરવેની બૂક આવે છે. આદરણીય બલવંતસિંહજીએ બતાવ્યું છે કે આ યોજના દ્વારા મારે તો એટલું જ કહેવું છે કે નેશનલ એડવાઈઝરી કાઉન્સિલના ચેરમેન તરીકે બેનની ભલામણ હતી કે દેશના બધા જ જિલ્લામાં આ યોજના અમલમાં લાવવી. એની અંદર કેન્દ્ર સરકારે કોમન મિનિમમ પોગ્રામ હોવા છતાં C.M.P. હોવા છતાં કેન્દ્ર સરકારે ૧૦૦ જિલ્લામાં આ યોજના અમલમાં અને એનાથી બેન નારાજ થઈ ગયા છે.એમની પોતાની સરકાર છે, કહેવાય નહીં ( અંતરાય) એની સામે આ રાજયમાં, મેં ગઈ કાલે આંકડા આપ્યા છે ( અંતરાય )

માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં એમ્પ્લોયમેન્ટ લાવવું હોય તો રોલ મોડેલ ગુજરાતને બનાવવું પડશે. આ દેશની નવી રોજગારી પચાસ ટકા કરતાં વધારે ગુજરાત આપે છે અને બહારથી પણ રોજગારી લેવા અહીંયા આવે છે. યુ.પી., બિહાર, બંગાળના હોય, અમે તો એટલું ઈચ્છીએ કે કોંગ્રેસના મિત્રો બાંગ્લાદેશી લોકોને ન આવકારે, અમારા દેશમાંથી ગમે ત્યાંથી આવે અમને વાંધો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આવકની વાત થતી હતી, છેલ્લા પાંચ વર્ષમાં મહેસૂલી આવક ૧૫,૯૮૬ કરોડ પાંચ વર્ષ પહેલાં હતી આજે વધીને ૨૬,૨૮૧ કરોડે પહોંચશે અને આ છેલ્લા પાંચ વર્ષમાં મહેસૂલી આવકનો વધારો ૫૭ ટકા છે. મહેસૂલી ખર્ચ એની સાથો સાથ ૨૨,૭૧૭ કરોડ હતો પાંચ વર્ષ પહેલા, એમાં વધારો એ ફક્ત ૧૨ ટકાનો અને મહેસૂલી ખર્ચ થવાનો ૨૬,૨૭૫ કરોડ. મહેસૂલી આવકમાં વધારો ૫૭ ટકા , મહેસૂલી ખર્ચમાં વધારો ૧૨ ટકા ફક્ત અને અમે બિન વિકાસલક્ષી ખર્ચ ઘટાડી શક્યા છીએ અને વિકાસલક્ષી ખર્ચમાં ૬૦ ટકા રકમ આપી શક્યા. આ રાજયની મહેસૂલી ખાદ્ય ૨૦૦૦-૦૧માં ૬૭૩૧ કરોડ હતી એ ઘટતી ઘ ટતી ૨૦૦૬-૦૭માં ફક્ત ૬૩ કરોડની, એ ખાદ્યની જગ્યાએ પુરાંત રહેવાની છે. આ બજૅટ સરપ્લસ છે. અહીંથી દેવાની વાત અમારા મિત્રો કરતા હતા ત્યારે ડેપ્થ સ્વેપ યોજનામાં આ સરકારે ૨૦૦૩-૦૪માં ૯,૬૬૦ કરોડ રૂપિયાની લોન, એ ઊંચા વ્યાજમાંથી ફેરબદલ કરીને એવી રીતે મૂકી કે જેનાથી વર્ષે ૬૦૦ થી ૭૦૦ કરોડ રૂપિયા વિકાસ માટે આ રાજયને મળી શકે એટલું વ્યાજ ઓછું થાય અને એટલે ૧૨.૧૦ ટકા કુલ જે દેવું છે એનો વ્યાજનો દર એવરેજ, સરેરાશ દર જે ૧૨.૧૦ ટકા હતો એ ૯.૫૨ ટકા જેટલો થઈ ગયો છે અને એના કારણે જ્યારે અહીંયા કહેતા હતા ત્યારે જી.ડી.પી. અને માથાદીઠ આવક, સમગ્ર ભારત અને ગુજરાત

બંનેની સરખામણી કરવાની રહે છે. માથાદીઠ આવકનો આંકડો એમાં પંજાબ, હરિયાણા અને મહારાષ્ટ્ર કરતાં ગુજરાતનો વધારે છે. જે હરિયાણા અને પંજાબ એક જમાનામાં સૌથી વધારે હતું એના કરતાં ગુજરાત માથાદીઠ આવકમાં આગળ છે. ૨૦૦૦-૨૦૦૧માં સમગ્ર ભારતમાં માથાદીઠ આવક ૧૬,૫૬૩ છે અને ગુજરાતમાં ૧૭,૯૩૮ છે, ૨૦૦૧-૦૨માં ભારતમાં માથાદીઠ આવક ૧૭,૯૪૭ છે અને ગુજરાતમાં ૧૯,૬૦૭ છે, ૨૦૦૨-૦૩માં ભારતમાં ૧૯,૦૪૦ અને ગુજરાતમાં૨૨,૮૩૮, ૨૦૦૩-૦૪માં ભારતમાં ૨૦,૯૮૯ અને ગુજરાતમાં ૨૬,૯૭૯, ૨૦૦૪-૦૫માં ગુજરાતમાં ૨૯,૨૬૦ અને સમગ્ર દેશમાં ૨૩,૩૦૮ છે. સમગ્ર દેશ કરતાં પાંચે પાંચ વર્ષ જી.ડી.પી.માં આગળ છે. માથાદીઠ આવકમાં છેલ્લા બે વર્ષમાં તો સિદ્ધો હનુમાન કૂદકા જેટલો, વધારો થયો છે અને એટલે એસોસિએશન ઑફ ઈકો પ્લસે પણ રાજયની કુલ વાર્ષિક આવકનો જે વધારો છે એ ૨૭ ટકા જેટલો વાર્ષિક વૃદ્ધિ દર થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, પેન્શનનો ઉલ્લેખ મારા મિત્રો અહીંયા કરતા હતા, આ રાજયમાં એક જમાનો એવો હતો કે, પેન્શનરો પેન્શન ઉપર ઊતરી ગયા પછી એક વર્ષ, બે વર્ષ સુધી એનો પત્તો ન પડે અને પત્તો પડે તો પણ એને કોઈના ખિસ્સા ગરમ કરવા પડે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, ગૃહ ફરીથી ૧૧.૦૦ કલાકે મળશે. આપનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ સવારના ૧૦.૩૦ થી ૧૧.૦૦**

**સભાપતિ શ્રી મહેન્દ્ર લી મશરૂ, અધ્યક્ષસ્થાને**

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)**: માનનીય અધ્યક્ષશ્રી, નોન કોરમ છે. કોરમ થાય એ જવાબદારી દંડકની અને પાર્લામેન્ટરી મંત્રીશ્રીની છે. બેલ વગાડવી પડી. જવાબદારી સંસદીય બાબતોના મંત્રીશ્રીની છે.

**સભાપતિશ્રી .** : જવાબદારી બંને સાઈડના દંડકોની છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબદારી બંને પક્ષના દંડકની છે. બાબુભાઈ, પ્રણાલિકા હું તમને શીખવું. આ બાજુ બે ઓછા હોય તો એને પૂરા કરવાની જવાબદારી. સાહેબ, કામકાજ સલાહકાર સમિતિની મિટિંગ હતી.

**શ્રી બાબુભાઈ મે. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, અમને ખબર ન હોય. અમે એમાં સભ્ય નથી. અમે હળવાશથી લઈએ છીએ. વી આર નોટ ટોકીંગ સીરીયસલી. સત્ર સમાપ્ત થવા જઈ રહ્યું છે ત્યારે બને એટલી કડવાશ ન થાય એની અમે કાળજી રાખી છે. સ્પોર્ટીંગલી એકસેપ્ટ કરી લે તો આ ભૂલ સુધરી શકે.માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી એમની માગણી લઈને આવેલા છે. એટલે મુખ્યમંત્રીશ્રી નાણા વિભાગની માગણી લાવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું. નાણા ખાતું એ અતિ મહત્વનું અંગ છે રાજયનું અને નાણા વગર કયાંય આગળ વધી શકાતું નથી એ નિર્વિવાદ વાત આપણે બધાએ સ્વીકારી છે. જયારે આપણે વેટના અમલ ભણી જઈ રહ્યા છીએ ત્યારે મારે આપના મારફત નાણા મંત્રીશ્રીને કેટલાક સૂચનો કરવા છે. કારણકે બીજા બધા અન્ય સભ્યો બોલવાના છે પણ જયારે એક તો વેટના અમલમાં આપણે પાછળ રહ્યા છીએ. અધકચરી રીતે એનો અમલ થઈ રહ્યો છે. આ વેટના કાયદાની સમજ માટે વેપારીઓ હજી અવઢવમાં છે. નાણામંત્રીશ્રીને ત્યાં ઉદ્યોગપતિઓની જયારે અવરજવર થાય મેં કહ્યું હતું કે ઉદ્યોગ મંત્રીશ્રીને ત્યાં ઉદ્યોગપતિઓની અવરજવર થાય તો કોઈ પ્રશ્ન નથી પણ નાણામંત્રીશ્રીને ત્યાં અવરજવર થાય તો સુગંધ નહીં પણ ગંધ આવે. વેટની દરખાસ્ત જયારથી આવી છે ત્યારથી અનેક વચોટીયાઓ જુદા જુદા ઠેકાણે ફરી રહ્યા છે. નાણામંત્રી જે વહીવટ કરે છે એમાં ધ્યાન આપે વેટ ખૂબ સારી બાબત છે. સેલટેકસની જગ્યાએ વેટનું અમલીકરણ કરવાનું હતું હું જયારે નાણામંત્રી હતો ત્યારથી આ પ્રક્રિયા શરૂ કરી છે. કેન્દ્રના નાણામંત્રી ચિદમ્બરમ હતા. મારા પછી વજુભાઈસાહેબ વેટ કમિટિમાં નાણામંત્રીઓની જે કમિટિ છે. તેમાં ઉપપ્રમુખપદે હતા. એટલે આપણા ગુજરાતનું હંમેશા ત્યાં વજન રહ્યું છે. ગુજરાતનાં સૂચનો તરફ ધ્યાન અપાય છે અને આપણા નાણા ખાતાના અધિકારીઓ રાજ્યની આવકો જળવાઈ રહે તે માટે હંમેશા ચિંતિત હોય છે. નાણા ખાતું એ ઘરરખ્ખું સ્ત્રી જેવું છે. હમણાં જ મારા અગાઉના વક્તા કહેતા હતા કે નાણા ખાતું એટલે પોતે બ્રહ્મદેવ છે, એટલે ગણપતિ. ગણપતિનું સ્થાન કહેવાય અને રિદ્ધિ સિદ્ધિ મારફતે રાજ્યની આવકો વધારતા હોઈએ, નાણા ખાતું હંમેશા ઘરરખ્ખું સ્ત્રી જેવું રહ્યું છે. કોઈપણ વસ્તુની કમી ન દેખાય, એ રીતે નાણા ખાતાએ મેનેજ કરવાનું હોય છે, એટલે રાજ્યની આવકો જળવાઈ રહે તે માટે એમનાં તરફથી સૂચનો આવે અને મિનિસ્ટર તરફથી એમાં ઉમેરો કરવાનો હોય એ થઈ જાય એટલે આપણી એ વખતે રાજ્યના વેટને કારણે આવકો ઘટશે અને ઘટતી આવકો વગર વ્યાજે કમ્પેનસેટ કરી દેવી એ માગણી ૧૯૯૭ માં કરેલ હતી. આ વખતે અમલમાં છે. ઘટતી આવકો છે, એ લોન તરીકે નહિ, પણ કમ્પેનસેટ કરી દેવાની, વગર વ્યાજે નહિ, પણ પહેલા વર્ષે ૧૦૦ ટકા, બીજાં વર્ષે ૭૫ ટકા એમ કરીને ઘટીને ૪ વર્ષની અંદર આ વેટની આવકના કારણે મૂળ તમારી આવકમાં જો કોઈ ઘટાડો થયો હોય તો આપણે પહેલા વર્ષની તો ૨૫ ટકાની છે, એની કોઈ સ્પષ્ટતા મળવાની છે કે કેમ, તે નાણા મત્રીશ્રી તેમના પ્રવચનમાં કરે ત્યારે ખરા? કેટલીક નાની નાની બાબતો વેટમાં આવરી લેવાય છે ને થોડું ક દુ:ખ થાય છે. અમારી પાસે પણ કેટલાક રિપ્રેઝન્ટેશન આવેલા છે. વચેટિયાઓ અમારી પાસે આવવાની હિંમત ન કરે, પણ

એમનાં જે સૂચન આવેલાં છે, તે આપની મારફત માનનીય નાણામંત્રીશ્રીને અને રાજ્ય કક્ષાના નાણામંત્રીશ્રી ઉપસ્થિત છે, ત્યારે એમની સમક્ષ મુકવાનાં છે. અગાઉ પણ મેં કહ્યું હતું કે વેટનું જ્યારે બિલ આવેલું ત્યારે એની અંદર ખાવાપીવાની વસ્તુ છે, એનું પૅકીંગ છે. અત્યારે તો પૅકીંગ મેનિયા થઈ ગયો છે. હાઈજનિક રીતે એ પૅકીંગ જરૂરી પણ હોય છે. એની અંદર રેવડી, ચિક્કી એના ઉપર ૧૨.૫ ટકા ટેક્સ મુકવામાં આવે અને કહેવામાં આવે કે આ પેક મટીરિયલ્સ છે. આજે ચિક્કી કે રેવડી ખુલ્લા બજારમાં વેચાય ખરી અને કોઈ લે ખરું? તો નાના ઉત્પાદકો, ગુજરાતના ગૃહઉદ્યોગો છે તે ઘરે ચિક્કી બનાવતા હોય, પૅકીંગ કરી અને હોલસેલની અંદર દુકાનદારને ત્યાં વેચવા આવતા હોય, એના ઉપર ૧૨.૫ ટકા ટેક્સ છે. આપણને એમાં કેટલીક બાબતોમાં અધિકારો મળેલા છે.

લાકડાનો ઉદ્યોગ ખાસ કરીને આયાતી લાકડું આપણે ત્યાં વધેલું છે, અન્ય રાજ્યમાંથી લાવીને આપણે વહેરીએ છીએ. એમનો ટેક્સ ૧૪ ટકા હતો, ૨ ટકા ટર્નઓવર ટેક્સ હતો. ૧૬ માંથી ૮ ટકા ટેક્સ ૧૯૯૭ માં કરેલો, એ પછી ટેક્સ એમાં ઘટ્યો નથી, પણ વેટ વખતે એ ટેક્સ છે, એ ૧૨ ટકા જેવો થવાનો છે એવી રજૂઆત આવી છે, તો જ્યાં જ્યાં ટેક્સ વધે ત્યાં આવકો વધતી નથી હોતી અને ટેક્સ આપણે ૧૪ ટકામાંથી ૮ ટકા કરીએ તો પણ ટેક્સની આવક વધે. જે રીતે આપણે અલંગની અંદર સેલ્સટેક્સનો ઘટાડો કર્યો તો ટેક્સની આવકો ૪ ગણી વધી હતી, તો વેટની અંદર જે અધકચરું છે. હજુ સરકારી ખાતામાં જે રીતે ઑન લાઈન કૉમ્પ્યૂટર કન્ટ્રોલ રજિસ્ટરો અને જરૂરી વેટના કાયદા પ્રમાણે ફૉર્મ્સ આપણે હજુ છાપ્યા છે ખરા? આ નહિ હોય તો વેટના અમલ વખતે અવઢવમાં આવી જઈશું, ગૂંચવાડા ઊભા થશે અને સારી યોજના છે. વિશ્વભરની અંદર મોટા ભાગના દેશોએ આને અપનાવેલ છે, ત્યારે એનો આ રાજ્યની અંદર મોડો અમલ થઈ રહ્યો છે, પણ સારી રીતે થાય તેનો નાણા મંત્રીશ્રી પ્રયત્ન કરે, કારણ કે અમારા મનની અંદર રજૂઆતો આવેલ છે. કેટલાક પ્રશ્નો ઉદ્‌ભવેલ છે, એની વાત કરું છું. કેટલીક જગ્યાએ મશીનરી કોને ગણવી તેની સ્પષ્ટતા નથી. કોઈ પાર્ટસને મશીનરી ગણી એના ઉપર વેટ લાગે તો એના કારણે રાજ્યના ઉત્પાદનને ફેર પડશે. આજે પણ વેટનો મોડો અમલ થવાને કારણે રાજ્યના ઉદ્યોગોને ખૂબ મોટું નુકસાન થયું છે. કોણ કમ્પેનસેટ કરશે. કયાંય જોગવાઈ નથી, એટલા માટે થઈ અને યુ.આર.ડી. ની ખરીદીના સ્ટૉક રજિસ્ટર ઉપર ૧-૪ પછી વેચાણ થાય તો ખરીદી ઉપરના ખરીદવેરા અંગેની કોઈ સ્પષ્ટતા નથી. આજે સ્પષ્ટતા કરવામાં આવે, જેથી આ પ્રશ્ન ઉદ્‌ભવતા રજૂઆતમાં આપની પાસે આવ્યો હશે,પરંતુ અમારી પાસે પણ કેટલાક જે પ્રશ્નો આવે છે કારણકે તેમાંથી મોટાભાગના ઉકેલવાનું અમારા ભાગે આવેલ હતું. એટલા માટે રાજયના રિફોર્મની અંદર ૧૯૯૭માં જે રિફોર્મ આવેલ હતા તેમાં ત્રણ રિફોર્મનો ઉલ્લેખ ખાસ કરીને કરવામાં આવેલ છે તેમાં એક સરચાર્જ સિવાયનો ટર્ન ઓવર ટેકસ અને ૧૭ સ્લેબમાંથી ૬ સ્લેબ ૧૯૯૭માં કરવામાં આવેલ છે. આ રાજયની પરંપરા રહી છે. રાજય હંમેશાં પ્રોગ્રેસિવ રહ્યું છે. સો ફાર ઈઝ ધ ફાઈનાન્સ ઈમ્પ્લીમેન્ટેશન.

માનનીય અધ્યક્ષશ્રી, તે વખતે અમે દરેક પ્લાનિંગની ગ્રાન્ટના દરેક વિભાગને એડવાન્સ ત્રણ મહિનાના પૈસા આપી દેતા હતા. અત્યારે એક મહિનાના પૈસા આપવામાં આવે છે. તે પણ શરૂઆતનો અડધો મહિનો જાય પછી આપવામાં આવે છે. તેના લીધે આયોજનનું જે અમલીકરણ છે તેની અંદર માર્ચ મહિનામાં અને ડિસૅમ્બર પછી દોડાદોડી થાય અને લક્ષ્યાંકો પૂરા કરવા પડે એટલે શા માટે શરૂઆતમાં પૈસા રીલીઝ કરતા નથી. આ રાજયમાં નાણાંકીય રેલમછેલ જે છે તેમ અવાર નવાર કહેવાય છે. ત્યારે સાહેબ મારે ચાણકયની એક વાત કહેવી છે. ચાણકય નીતિમાં કહેવાયું છે કે જે રાજા પોતાની પ્રસિદ્ધિ પાછળ પ્રજાના પૈસા વેડફે તે રાજયનો કોઈ દિવસ વિકાસ થતો નથી. આ રાજયમાં પ્રસિદ્ધિ પાછળ કેટલા પૈસા ખર્ચાયા છે? નાણાખાતું દરેક વિભાગની જે આવક હોય તે આવક થાય છે કે કેમ તેની ચિંતા કરે છે ખરું? હમણાં હું એકત્રિત હિસાબની જે ચોપડી આપેલ છે તે જોતો હતો ત્યારે સિંચાઈ ખાતાની અંદર ૨૦૦૪-૦૫ની અંદર કાકરાપારમાં ૯ કરોડ અને ૧૩ લાખની આવક થઈ હતી. ૨૦૦૫-૦૬માં ૧૯ કરોડની આવક થઈ. આ વર્ષે પણ૧૪ કરોડ અંદાજેલ છે. સાહેબ મચ્છુની અંદર ૨૦૦૪માં કોઈ આવક થઈ નથી. હિરણમાં પણ ૨૦૦૪-૦૫ના વર્ષમાં કોઈ આવક થઈ નથી. ૨૦૦૫-૦૬માં ૫ કરોડ રૂપિયાના સુધારેલ અંદાજ પ્રમાણે આવક થઈ છે ખરી? આ વર્ષે પણ પાંચ કરોડ રૂપિયા અંદાજેલ છે. હમણાં ટાઈમ માટે મને માનનીય અધ્યક્ષશ્રી તરફથી કહેવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી તરફથી કહેવામાં આવશે. પણ હું મારા રચનાત્મક મુદ્દાઓ અને સૂચનો છે તેમાં નાણાં ખાતાની આવકો આપણે એમ કહીએ કે નાની બચતને કારણે પૈસા લેવા પડે છે. પણ આપણે નાની બચતનો ઉલ્લેખ શું કર્યો ખબર છે? દસ ટકા પ્રમાણે મળતી વ્યાજ મુક્ત લોન તે નાની બચત મારફતે મળે છે તે રાજય સરકાર માટે ખૂબ જ મહત્ત્વનું નાણાંકીય સ્ત્રોત છે. તે મહત્ત્વનું નાણાંકીય સ્ત્રોત કહીએ અને બીજી બાજુ કરજ વધતું જાય છે. નાની બચતને કારણે વધતું રહે છે તે ચાલુ રહે. નાની બચતની અંદર રાજયના લોકો પૈસા રોકે છે. પૈસા રાજયની અંદર આવતા હોય, કેન્દ્ર સરકાર પહેલાં ૭૦-૩૦ પ્રમાણે આપતી હતી હવે ૧૦૦ ટકા પ્રમાણે આપે છે. પણ આ રકમનો ઉપયોગ વિકાસના કામ માટે થાય તે અગત્યનું છે. બજેટમાં કહ્યું છે કે આ જે કરજ વધ્યું છે તેમાંથી ૭૦ ટકા વિકાસના કામો માટે અને બાકીના ભૂકંપ અસરગ્રસ્ત વિસ્તાર માટે ખર્ચ વધાર્યો છે. કહેવાનું

એ છે કે જે ભૂકંપ અસરગ્રસ્તો માટે જે લોન લીધી, ગ્રાન્ટ આવી અને તેનો સંપૂર્ણ ખર્ચ થયો છે ખરો? જેટલી લોન, માર્કેટ બોરીંગના ૨૦૦૦ કરોડ રૂપિયા વિશ્વ બેંક, એ.ડી.બી. પાસેથી હજી ડ્રો કરીએ છીએ. આપણે પાસે ૪૦૦૦ કરોડ રૂપિયા વગર વપરાયેલા ખાતામાં પડ્યા હોય. મારે નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરવાનું કે આ અગાઉના નાણાંમંત્રીશ્રીએ કહેલું કે બે ટકા સરચાર્જ જે હતો અને કુદરતી આફતો માટે લીધેલ અને ૭૦૦ કરોડ તે કેલીમીટી પુલમાં નાંખવાને બદલે રાજયના રોજબરોજના વહીવટમાં લઈ ગયા છે. કેલીમીટી પુલમાં ૭૦૦ કરોડ રૂપિયા મૂકવામાં આવે તો કુદરતી આફતો વખતે આપણે કેન્દ્ર સરકાર ઉપર અવલંબિત રહેવું ન પડે. રાજયની આવકો વધારવા માટે માટે નોન ટેકસેબલ આવક દિવસે દિવસે ઘટતી જાય છે. ૨૦૦૨માં ૩૯૯૫ કર સિવાયની આવક હતી. આ વખતે અંદાજે ૩૩૩૩ અને અન્ય આવકો ૨૦૦૨-૦૩માં ૨૯૯૫ કરોડ રૂપિયા હતી અને આ વખતે જે અંદાજો કાઢયા છે તેમાં ૨૯૪૦ કરોડ રૂપિયા છે. સામાન્ય રીતે દશ ટકાનો રાજય ગ્રોથ વધતો હોય ત્યાં ટેક્સની આવકો દરેક ફિલ્ડની અંદર દશ ટકા શા માટે ના વધે?

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની આવકો, યુપીએ સરકાર આવ્યા પછી વધી છે, આપણે રજૂઆત કરેલી એના કારણે, પણ એની અંદર પણ સેન્ટ્રલ એકસાઈઝની જે આવકો રાજયની છે એ આપણે અંદાજેલી છે ૧૦૦ કરોડ રૂપિયાની અંદાજેલી છે એટલી આવક નહીં થાય ત્યાં, અને શા કારણે થાય છે કે કેન્દ્રની આપણી આબકારી આવકો રાજયની શા માટે ઘટતી જાય છે? કારણ કે અહીંના કેટલાક ઉદ્યોગો અન્ય રાજયોમાં જઈ રહ્યા છે અને એ એક ચિંતાનો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે પેન્શનની માગણી ૧૬૦૦ કરોડ રૂપિયાની આવી છે ત્યારે એનો અમલ પાંચમા પગાર પંચ પ્રમાણે ૧૯૯૭-૯૮માં કરેલો અને આજે કોઈક એમ કહે કે પગાર પંચને કારણે, પેન્શનને કારણે રાજયનો વિકાસ અટકી રહ્યો છે ત્યારે મને દુ:ખ થાય છે. આ રાજયનો વિકાસ એ રાજયની આવક વધારીને કરવાનો છે, અને પેન્શન એ તો આપણું કમિટમૅન્ટ છે અને એ વખતે ખૂબ જ દૂરંદેશી સાથે કેન્દ્ર સરકારના પાંચમા પગાર પંચનો જે રિપોર્ટ આવેલો એ ગુજરાતે સૌથી પહેલાં સ્વીકાર કરેલો, અને એમાં આ રાજય સરકારના ચાર લાખ કર્મચારીઓ છે, એમને સમયસર આપણે એમના અધિકારો આપી શકેલા અને એના જ અનુસંધાને પેન્શનની માગણી આવી છે અને એની અંદર સમયસર પેન્શન મળે એ ખૂબ જરૂરી છે. એ આપણી પરંપરાઓ છે, આપણી જે પેન્શન કચેરી અને ટ્રેઝરી છે એની જે સિસ્ટમ છે અને એની અંદર કયાંય ડ્રોબેક ન થાય એની કાળજી લેવામાં આવે એ ખૂબ જરૂરી છે કારણ કે લુપહોલ્સ દ્વારા આજે કચેરીમાં જ્યારે ટ્રેઝરીમાં બિલ જાય ત્યારે એની ચકાસણી થાય છે અને આ બજૅટના હેડની નીચે નાણા ખાતાનું કન્કરન્સ મળેલ છે કે કેમ? એની ચકાસણી કરવામાં આવેલી હોય છે અને એ ચકાસણી કરવામાં આવે એ ખૂબ જરૂરી છે અને ચકાસણી વગર મહા અનર્થ પણ ક્યાંક- ક્યાંક થતો હોય છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી નાણાં વિભાગની માગણીઓ લઈને સભાગૃહ સમક્ષ આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બલવંતસિંહ વાત કરતા હતા એ આંકડાની માયાજાળ વિસ્તૃતપૂર્વક સમજાવતા હતા, પણ હું એટલું ભણેલો નથી આ આંકડાની માયાજાળમાં પડું, માનનીય બાબુભાઈએ એમ કહ્યું કે, વેપારીઓ ઉંઝામાં છે, દલાલો અને વેપારીઓ આવી શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, પણ આ પહેલા જ માનનીય મુખ્ય મંત્રીશ્રી એવા છે અને એ રાજ્યસભાના માનનીય નાણામંત્રીશ્રી એવા છે કે, સમગ્ર ગુજરાતના એકેએક વિભાગમાં જઈ જેણે આમંત્રણ આપ્યું ત્યાં જઈને વિસ્તૃતપૂર્વક અધિકારીઓ સાથે બેસી વેટની સમજણ આપેલી અને એના કારણે આપણે એમાંથી થોડાક માહિતગાર થયા છીએ પણ હું એ પૂછું કે, પાંચ વર્ષમાં ૬૨ ટકાનો યોજનાના કદમાં વધારો કરવો એ કંઈ નાનીસૂની બાબત નથી. સને ૨૦૦૩-૨૦૦૪માં ૭૮૬૦ કરોડ, ૨૦૦૪-૨૦૦૫માં ૮૩૦૦ કરોડ, ૨૦૦૫-૨૦૦૬માં ૧૧૦૦૦ કરોડ અને ૨૦૦૬-૨૦૦૭માં ૧૨૫૦૩.૫૦ કરોડ રૂપિયા આ ગુજરાતના વિકાસ માટે કરકસર કરીને, અરે, વહીવટ કરવો હોય તો અળખામણા પણ થવું પડે, ત્યારે કરચોરી અટકાવીને આ વધારો કરવામાં આવ્યો છે અને ખાદ્ય ઘટાડવી એ કંઈ સહેલી વાત નથી, વર્ષોથી ખાધ ચાલી આવતી હોય, ૨૦૦૨-૦૩માં ૫૦૯.૬૩ કર ોડની, ૨૦૦૩-૦૪માં ૪૦૬ કરોડની, ૨૦૦૪-૦૫માં પ્લસ ૨૯ કરોડ, અને ૨૦૦૫-૦૬માં ૫૬૫ કરોડની પુરાંત આ બજૅટમાં દર્શાવેલ છે. તો આ ક્યારે વધે? જ્યારે કરચોરી અટકાવી હોય, જેનો વેરો વસૂલ થવાનો હોય એ ના થતો હોય, અને આટલું બધું કર્યા છતાં વેચાણવેરા સમાધાનમાં કેટલીય રાહતો આપવાની, વીજ કર માળખામાં જુદા -જુદા કરવેરામાં ૬૨૯ કરોડની રાહત હોટૅલ-રેસ્ટોરામાં ૩૫ થી ૭૦ ટકા રાહતો, સ્ટૅમ્પ ડ્યૂટીમાં રાહતો, વેચાણવેરાની આવક પરના ઘટાડા છતાં લગભગ બમણી આવક થવાની છે એ કોઈ નાની-સૂની વાત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક નિયંત્રણ બજાર સંઘનો સમગ્ર ગુજરાતનો ચેરમેન છું. અમારી ખેતી-વાડી ઉત્પન્ન બજાર સમિતિમાં જે જે મુસીબતો પડે છે એ અંગે અહીંયા સૂચનો રજૂ કરવા ઊભો થયો છું. વેટના કાયદામાં એવું છે કે, નિકાસકાર જ્યારે બજારમાંથી માલ ખરીદે અને એમાં જ્યારે ખેડૂતના માલની લાખોની ગુણીમાં આવક આવતી હોય ત્યારે ટેક્સ ભરીને ખરીદે તો એને રિફંડ ક્યારે મળે એ નક્કી નથી? આમાં નાનો

વેપારી ખતમ થઈ જાય, મોટો વેપારી સધ્ધર થાય કારણ કે રોજના ૪ ટકા લેખે કરોડો રૂપિયા એણે ભરવાના હોય એ નાનો વેપારી ભરી શકે નહીં અને વળી પાછું ક્યારે રિફંડ મળે એ નક્કી નહીં, ત્યારે મોટો વેપારી જ વેપાર કરી શકે પણ નાનો વેપારી ખતમ થઈ જશે, એટલે આની જગ્યાએ ફૉર્મ ભરવામાં આવે. નિકાસકાર માલ ખરીદે એ ફોરમ ભરીને માલ લેવામાં આવે તો વાજબી છે. વેપારી માલ ખરીદે એના ઉપર ટેક્સ લાગે એ વાજબી છે પણ કમિશન ઉપર ટેક્સ કોઈ દિવસ લાગતો નથી અને એ વાજબી નથી. પણ અહીંયા વેટમાં માલ ઉપર આ રીતે ટેક્સ માગે એમાં અમે સંમત નથી. કમિશન ઉપર આજ સુધી કોઈ દિવસ ટેક્સ લાગ્યો નથી અને એ લાગવો પણ ન જોઈએ. પછી ટર્નઓવર ૧ કરોડથી વધારે હોય એવા વેપારીએ એની વિગતો કૉમ્પ્યુટરની ફલોપી-સીડીમાં રજૂ કરવી. મોટો વેપારી હોય તો એક-બે દિવસમાં જ કરોડો રૂપિયાનું ટર્ન ઓવર થાય પણ નાના વેપારીને પણ એક કરોડથી વધુનું ટર્ન ઓવર તો સામાન્ય થઈ ગયું છે તેથી વાર્ષિક ૧ કરોડથી વધારે ટર્ન ઓવર હોય એણે કૉમ્પ્યુટરની ફલોપી-સીડી રજૂ કરવાની જોગવાઈ છે એની જગ્યાએ વાર્ષિક રૂ.૧૦ કરોડથી વધુ ટર્ન ઓવર થતું હોય એને આ નિયમ લાગુ પાડવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, બજાર સમિતિમાં ટેક્સ ભરીને માલ ખરીદ કરેલ છે ત્યારે આજે બજારની પરિસ્થિતિ એવી છે કે છેલ્લા પાંચ વર્ષથી ઇસબગૂલ અને જીરુનો માલ સ્ટોકમાં પડયો છે, બજાર એની તરફેણમાં નથી. અમે માનનીય મુખ્યમંત્રીશ્રને અને શ્રી શરદ પવારને પણ લખ્યું છે કે ટેકાના ભાવ બાંધો. ત્યારે અહીંયા ટેક્સ ભર્યો હોવા છતાં વેટ આવશે એટલે ફરીથી ચાર ટકા ભરવા પડશે. આ જોગવાઈ ખરેખર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાંથી રદ કરવી જોઈએ અને આમાં કોઈ વચલો માર્ગ કાઢીને રાહત આપવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, ભારતના કોઈ ગામડાંમાંથી ખેતીવાડી ઉત્નન્ન બજાર સમિતિમાં માલ વેચાવા આવે ત્યારે ૪૦૨ નંબરનું ફૉર્મ ભરવાનું થાય છે એ યોગ્ય નથી. ખેડૂતો માટે કોઈ દિવસ કોઈ ફૉર્મ ભરવાની વાત વાજબી નથી. આઝાદીથી આજ સુધીમાં કોઈ ફૉર્મ ભરવાનો નિયમ થયો નથી. તેમ છતાં આમાં કોઈ ચોખવટ નથી તો માનનીય મંત્રીશ્રી આમાં ચોખવટ કરે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની સરહદ ઉપર, રાજસ્થાનની સરહદ ઉપર, એમ.પી.ની સરહદ ઉપર ખેડૂતોના ટ્રકો રોકવામાં આવે છે અને ટક્રો લાવવામાં આવે છે એના ઉપર તોડ કરવામાં આવે છે અગર એના ઉપર ટેક્સ વસૂલ કરવામાં આવે છે તો ટેક્સ કોઈ દિવસ ખેડૂતો ઉપર સીધો લાગતો નથી, લાગી શકે નહીં. મારા આ જે સૂચનો છે એ માનનીય મંત્રીશ્રી ધ્યાન ઉપર લેશે એવી મને આશા છે. આ જે વેટ લાવ્યા છે એ ખૂબ સારું કામ કર્યું છે પણ અમારી જે વ્યથા છે એ વ્યથા રજૂ કરવા હું ઊભો થયો છું, મારી વ્યથા તરફ માનનીય મંત્રીશ્રી ધ્યાન આપશે એટલું કહીને હું મારું પ્રવચન પૂરું કરું છું.

**શ્રી બલદેવજી ચં. ઠાકોર (કડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી એમની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે હું એમાં ચર્ચા કરવા .ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું ત્યાં સુધી ગુજરાત રાજયમાં આર્થિક રીતે, ભૌગોલિક રીતે ૧૮ જગ્યાએ પછાત વિસ્તારો આવેલા છે એનો વિકાસ કરવા માટે અગાઉની સરકારોએ બજૅટમાં એની અલગ ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કર્યો હતો અને અત્યાર સુધી ફળવાતી આવી છે. અત્યારસુધી ફળવાતી આવેલ છે પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારથી આવી છે ત્યારથી આ ગૃહમાં બજૅટ જે આવ્યા છે ત્યારથી હું માનું છું ત્યાંસુધી આવા ભૌગોલિક રીતે જે પછાત વિસ્તારો છે એના વિકાસ માટે ગ્રાન્ટ ફાળવવાની હોય છે એમાં લગભગ હું માનું છું ત્યાંસુધી ૬૦ ટકા જેટલો કાપ મૂકવામાં આવ્યો છે. બજૅટની અંદર મોટા ઔદ્યોગિક એકમોને આ સરકાર લગભગ હું માનું છું ત્યાંસુધી ૩૫૩૬ કરોડ રૂપિયાની કરરાહતો આપીને આ રાજયની અંદર ઉદ્યોગપતિઓને ઘી-કેળાં કરાવ્યા છે. ગુજરાતના ગરીબ માણસો પાછળ આ રકમ જો વાપરવામાં આવી હોત તો ગુજરાતની પચાસ ટકા ગરીબ વસતિ આજે ગરીબ વસતિ રહી ન હોત. પરંતુ ભારતીય જનતા પાર્ટીને ઉદ્યોગપતિઓમાં જ રસ છે અને ઉદ્યોગપતિઓની જ ચિંતા છે અને જો આમજ કરવાનું હોય તો મારે આ સરકારને કશું કહેવાનું રહેતું નથી પથ્થર પર પાણી રેડ્યા સમાન છે. મારે આ ગૃહને એક વાત કરવી છે. વેચાણવેરાની ચોરી કરતાં એકમોનો ગુજરાતમાં રાફડો ફાટ્યો છે ત્યારે મારે આ ગૃહનું ધ્યાન દોરવું છે કે વેચાણવેરાની ચોરી કરતા એકમો અંગે વારંવાર રજૂઆત કરવા છતાં નાણાં વિભાગ દ્વારા કોઈપણ પ્રકારના પગલાં ભરવામાં આવ્યા નથી મારા મત વિસ્તારમાં (અંતરાય) ખાદ્યતેલનું ઉત્પાદન કરતા એન.કે. પ્રોટિન ગૃપ દ્વારા ખોટાં બિલો, ખોટાં ચલણો, ખોટા બેલેન્સશીટ બનાવી મોટી કરચોરી આજે કરવામાં આવી રહી છે. એમના સેલ્સટેક્સ અને ઇન્કમટૅક્સ અને બેલેન્સશીટ જો તપાસવામાં આવે અને પાંચ વર્ષના તફાવતના જો આંકડા કાઢવામાં આવે તો હજારો કરોડ રૂપિયાના કૌભાંડ થવા જાય તેમ છે. આ બાબતે નાણા વિભાગ, માનનીય મુખ્યમંત્રીશ્રી, નાણા મંત્રી તેમજ વેચાણવેરા અધિકારીઓ સમક્ષ વારંવાર પત્ર વ્યવહાર કરવામાં આવ્યો હોવા છતાં આજ દિન સુધી કોઈ સાચી તપાસ કરવામાં આવી નથી. ઊલટાનું આવી મોટી ચોરી કરનારાઓને ગુજરાતના મંત્રીશ્રીઓની ગાડીમાં ફરવાનું મળે છે. આ છે ગુજરાતના મોટા ભ્રષ્ટાચારની તાસીર. ગુજરાતમાં ૫૯ ઉદ્યોગગૃહો એવા આવેલા છે કે એ ઉદ્યોગગૃહોના ૫૩૮૪ કરોડનો વેરો આજે વસૂલ લેવાનો આ સરકારની

અંદર બાકી છે ત્યારે મારે કહેવું છે કે એ પૈકી એન.કે. ઇન્ડસ્ટ્રીઝ પાસેથી ૪૦ કરોડની રકમ વસૂલ કરવાની બાકી છે અને નાણા મંત્રીશ્રી પાસે વારંવાર આ અંગે રજૂઆત કરવા છતાં નાણામંત્રીશ્રીએ મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે છતાં આની પાછળ કોઈપણ કાર્યવાહી આજ દિન સુધી કરવામાં આવી નથી તેથી આગળ વધીને વાત કરું તો વીસનગર બૅન્કની અંદર ખેડૂતોએ તેમના પરસેવાના પૈસા ખેડૂતોની મહેનતના પૈસા ભેગા કરીને એ લોકોએ આ બૅન્કની અંદર મૂક્યા હતા ત્યારે એ બૅન્કમાંથી આ એન.કે. ગૃપે ૪૫ કરોડ રૂપિયાની લોન લીધેલી હતી આ ૪૫ કરોડ રૂપિયાની લોન લીધા પછી આજ દિન સુધી લોનની રકમ પરત કરવામાં આવી નથી. એથીય વિશેષ હું વાત કરું તો નામદાર હાઈકોર્ટે પણ એવો આદેશ કર્યો છે કે દર મહિને ૬૦ લાખ રૂપિયા ભરવાના આવું કમિટમૅન્ટ કર્યુ છે અને એ ૬૦ લાખ રૂપિયાનો હપ્તો ભરવામાં ન આવતા એની સામે ધરપકડના વૉરંટ ઇશ્યુ કર્યા છે. આજ દિન સુધી આ ૬૦ લાખ રૂપિયાનો હપ્તો પણ વસૂલ થતો નથી અને ૪૫ કરોડ રૂપિયા વસૂલ થતાં નથી અને ખેડૂતોના રૂપિયા જમા થતા નથી અને આજે ગુજરાતની અંદર એ છાતી કાઢીને મંત્રીશ્રી સાથે હળી મળીને ફરે છે (અંતરાય) મંત્રી શોધી લેજો કોણ છે એ તમારે ગોતવાનું છે હું નામ આપીશ તો ભડકો થશે. લીધેલ લોનનું ચૂકવણું કરવામાં આવતું નથી જો કદાચ ખેડૂતોએ ગુજરાતનો નાનો ખેડૂત. કદાચ વીજ બિલ ભરે નહીં તો એકી ઝાટકે વીજ કનૅક્શન કાપવામાં આવે છે ત્યારે આવી મોટી મોટી રકમ ઉદ્યોગ ગૃહો પાસેથી બાકી હોય આજે તેમને કશું થતું નથી, તેમના વીજળી બિલો કપાતા નથી. ફક્ત વીજળી બિલો કાપવાનો વારો આવે ત્યારે ખેડૂતોના જ વીજ બિલો દેખાશે તેથી પણ વિશેષ વાત કરું.

**સભાપતિશ્રી** : માનનીય જેઠાભાઈ, આપ એવું ઇચ્છો છો કે બલદેવજી આપ ઇચ્છો તેવું જ બોલે?

**શ્રી બલદેવજી ચં. ઠાકોર**: માનનીય અધ્યક્ષશ્રી, કદાચ જેઠાભાઈ વિશે બોલવાનું હોય તો પણ બોલી શકું છું. જેઠાભાઈ ભાજપમાં કેમ ગયા તે આખી દુનિયાને ખબર છે. જ્યારે જ્યારે હું આ વાત આપની સમક્ષ મૂકું છું ત્યારે હું આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે, ખેડૂતોના વીજ બિલો બાકી હોય છે ત્યારે કાપવાની જે કાર્યવાહી કરવામાં આવે છે તેની સાથે સાથે આ ઉદ્યોગોના પણ કનેકશનો કાપી અને તેમની પાસેથી કરવેરા વસૂલ કરી ગુજરાતની તિજોરીમાં તે પૈસા જમા કરવાનો પ્રયત્ન કરે. હું આપના દ્વારા આ ગૃહ સમક્ષ એક વાત કરવા માગું છું કે, ગુજરાત રાજયની અંદર આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર જે ચાલે છે તેને રિલાયન્સને વર્ષે ૧૫૦૦ કરોડની કરમાં તેને રાહત આપી છે.સારી વાત છે. (અંતરાય) •* (કૌશિકભાઈ તમે શું કરો છો તે કોઈને કહેવાની જરૂર નથી આખી દુનિયાને ખબર છે.) હું બોલું છું તો મને શા માટે ડિસ્ટર્બ કરે છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, શબ્દો યોગ્ય નથી પાછા ખેંચવામાં આવે.

**શ્રી બલદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, શબ્દો પાછા ખેંચુ છું. સાચી વાત છે, સારી વાત છે તેમણે જે હેતુથી આપી છે તેમણે રિલાયન્સે પોતાનું રિલાયન્સે પોતાનું ટ્રસ્ટ બનાવ્યું છે. તે ટ્રસ્ટની અંદર પૈસા જે ૧૫૦૦ કરોડ જમા થાય તે ગુજરાતના ગામડાંના વિકાસ પાછળ વાપરવાના હતા. પણ જે મોટા કરની રાહતો જમા થઈ ગામડાંના વિકાસ માટે જે પૈસા વાપરવાના છે તે પૈસા વપરાવાની જગ્યાએ આજે ૧૦ ટકા પૈસા વપરાય છે અને બાકીના પૈસા ટ્રસ્ટમાં પડ્યા રહે છે. બીજા તેના ઘરે રહે છે અને બીજા કયા સરકારમાં કોને ત્યાં થેલા જાય છે તે મને કંઈ ખબર નથી અને મને કંઈ બહુ શિખવાડવાની જરૂર નથી.તે પૈસાનું શું થાય છે તે કદાચ સરકારને ખબર હશે. એટલે સરકારને હું પૂછું છું કે જે આ કરોડો રૂપિયા આવા ઉદ્યોગપતિઓને હવાલે જે મૂકો છો તેમનાં ઘરમાં જે લઈ જવાનો પ્રયત્ન કરો છો તેનાથી દૂર રાખે અને આ બધા પૈસા ગરીબો પાછળ વાપરવામાં આવશે તો હું માનું છું કે, ૫૦ ટકા ગરીબી એક વર્ષમાં આ ગુજરાત રાજયમાંથી દૂર થઈ શકે તેમ છે. આ સરકારને ફક્ત ગરીબી દૂર કરવામાં રસ નથી ગરીબોને કઈ રીતે દૂર કરવા તેની ચિંતા ભારતીય જનતા પાર્ટીની સરકાર કરે છે. તે સિવાય આ સરકાર કોઈ ચિંતા કરતી નથી. હું આ ગૃહ સમક્ષ એક વિનંતી કરું છું કે જે ગરીબ માણસો કહી શકાય, ગરીબ યોજનાઓ કહી શકાય તે તેમના વિકાસની યોજનાઓમાં જે કાપ મૂક્યો છે તેમાં વધારો કરી અને ગરીબો પાછળ જેટલાં વધારે પૈસા ફાળવાય તેવી વિનંતી સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી બેચરભાઈ વી. ભાદાણી (લાઠી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી નાણા વિભાગની માગણીઓ અનુક્રમે ૧૫,૧૬,૧૭,૧૮ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા અને મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. ખેતીમાં રોજ હરણના ત્રાસને કારણે પારાવાર ઉત્પાદન ઉપર અસર થાય છે તો માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી કે ખેતર ફરતી વાડ બનાવવા માટે આ ગુજરાતમાં જેટલી માગણીઓ આવે ખેડૂતોની એટલી રકમ ફાળવવા હું હ્દયપૂર્વક વિનંતી કરું છું. બીજું, બિયારણ ઉપર જે ટેક્સ નાખવામાં આવ્યો છે વેટમાં બિયારણ ઉપર આખા રાજયમાં લગભગ મોટાભાગના રાજયમાં ઝીરો પર્સન ટેક્સ છે ગુજરાતમાં તે ચાર ટકા છે તો તેના કારણે બહારના રાજયોમાંથી જે કોઈ ઉત્પાદકો અહીંયા આવે છે તે ઉત્પાદકો બહાર જતાં

• * ( ) માનનીય સભ્યશ્રીએ આ શબ્દો પાછા ખેંચી લીધા છે.

રહેશે ઉત્પાદન કરવા અને તેને કારણે કરોડો રૂપિયાની નુકસાની ગુજરાતના ખેડૂતોને થશે. તો આ જે ટેક્સ તે નાબૂદ થાય એવી મારી વિનંતી છે.અસ્તુ.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારા ૨, ૪ સૂચનો કરવા માગુ છું. એમની માગણીઓના અનુસંધાને એટલું કહીશ કે એમણે અહીંયા જે માગણીઓ મૂકી છે, એમાં આ વખતે ૨૦૦૫-૦૬ના ૩ વર્ષની વેચાણવેરાની આવક જે હતી, એ ૨૫૫૯૪.૯૫ કરોડ સુખ સુવિધા કરની આવક હતી, એની સામે આ વખતે જે પ્રક્રિયા શરુ કરી, એમાં જૂન-૨૦૦૦ ની સ્થિતિએ વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ના સમયગાળામાં પેન્શનરોને પેન્શન ચૂકવવાની પ્રક્રિયામાં માગણી સાથે આવ્યા છે, ત્યારે ૨, ૩ વાત કરવી છે. એક તો વેચાણવેરા, તિજોરી અને હિસાબ વહીવટ માટેનો ખર્ચ વધારો છેલ્લા ૩ વર્ષમાં હિસાબ અને તિજોરીનો ખર્ચ રૂપિયા ૨૦ લાખ ૨૭ હજારનો વધારો, પગાર અને હિસાબી કચેરી માટે ૧૯ લાખ ૯૧ હજાર અને તિજોરી કર્મચારી વર્ગમાં ૫૯ લાખ ૮૭ હજાર અને પંચાયત ઓડિટના ૧ કરોડ ૬ લાખનો વધારો થાય છે. હમણાં માનનીય સુનિલભાઈ બોલતા હતા, ત્યારે હું સાંભળતી હતી. નાણા વિભાગ મહત્વનો વિભાગ છે. નાણા વિભાગ દ્વારા તમામ વિભાગોનું સંચાલન તથા કાર્યવાહી થાય છે. કોઈપણ પ્રકારની નાણાકીય કામગીરી નાણા વિભાગની વહીવટી મંજૂરી વગર, નાણા વિભાગના અભિપ્રાય વગર કોઈપણ વિભાગ કરી શકતો નથી. મારે મંત્રીશ્રીને પૂછવું છે કે નાણા વિભાગ પોતાનું બજેટ જયારે રજૂ કરે છે અને બજેટ લઈને આવે છે ત્યારે એમની પાસે કોઈ સ્પષ્ટ આગવું આયોજન નથી.

**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

મારે વારંવાર એ વાતનું ધ્યાન દોરવું પડે છે કે અહીંયા પેન્શન અને નિવૃત્તિ લાભો માટે ખર્ચની વાત લઈને આવ્યા છે અને છેલ્લા પાનામાં એમણે લખ્યું છે કે જે વિગતો અત્યારે લઈને આવ્યા છીએ, ત્યારે કેટલાક કેસોમાં કર્મચારીઓ નિવૃત્ત થાય છે અને તેની સામે શિસ્ત વિષયક પગલાંની કાર્યવાહી અને અન્ય બાબતો અનિર્ણિત હોય છે. મારે કહેવું છે. એટલા માટે કે પોતાના કર્મચારીઓ જયારે પેન્શન ઉપર ઉતરવાના હોય ત્યારે એમાં બક્ષી પંચ, આદિવાસી કે હરિજન સમાજના કર્મચારી હોય ત્યારે તપાસ મૂકી દેવામાં આવે. કોઈ પણ કાગળની છેલ્લી ઘડીએ તપાસ કરીને પેન્શન રોકાઈ જાય છે. કોર્ટમાં જાય અને વધારાના વ્યાજ સાથેનું ચૂકવણું કરવું પડે. માગણીઓ લઈને આવ્યા અને એમની પોતાની વાતમાં એમણે કહ્યું છે કે આવા વિલંબિત પેન્શનરોને લગતા લાભો ઉપર વ્યાજ માટે કાનુની મદદ લઈએ છીએ. આવી અવહેલના નિવારવા આ વ્યાજનું ચૂકવણું કરવાની જરૂર પડે છે. આપણા કર્મચારીઓને પેન્શન આપવાની પ્રક્રિયા સ્વાભાવિક પ્રક્રિયા છે. તો પછી તપાસ થાય, એમને પેન્શન ન મળે, એમનું કુટુંબ રોટલા વગરનું થઈ જાય અને એને કોર્ટનો આશરો લેવો પડે. આ બાબત યોગ્ય નથી.

માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, તેમાં મકાનો માટે, મોટર વાહનો માટે, નાના નાના વાહનો માટે આપણા કર્મચારીઓ છે, એને આપણે લોન આપવી જોઈએ. પરંતુ બજેટમાં મોટી રકમ મૂકીએ અને પછી કહીએ કે આટલી રકમની જરૂર છે. અંતે એ રકમ સરન્ડર કરવાની. કારણ પૂછીએ તો કહે કે મકાનોની માગણી ઓછી આવી હતી. મારે કહેવું છે કે પેન્શન, મકાન લોન, પેશગી, એનો વહીવટી ખર્ચ, વાહન ખર્ચ, એમાં કોઈ સવાલ નથી, પણ આજની તારીખે કહું કે આ વખતે સરકારી કર્મચારીઓને કેટલા મકાનોની જરૂર છે, બજેટમાં રકમ મૂકીએ અને સરન્ડર કરીને પાછી આપવી પડે અને કહે કે રકમ મૂકાઈ, પણ અરજીઓ ઓછી આવી. ઓછી આવવાની હોય તો એનો અંદાજ પહેલેથી રહેવો જોઈએ.

ત્રીજી વાત. અમદાવાદ અને ગાંધીનગરમાં બે જગ્યાએ ઓફિસ છે અને ત્રીજી ગાંધીધામમાં કરવા જઈ રહ્યા છીએ. પણ વસૂલાત, માનનીય બાબુભાઈ અને બળદેવભાઈએ પણ કહ્યું. મારે પૂછવું છે કે આજની તારીખે વસૂલાત વધી છે એવી વાત સુનિલભાઈ કરતા હતા, પણ આજે કેટલી કર વસૂલાત બાકી છે એના આંકડા આપે તો ૯ હજાર કરોડની કર વસૂલાત બાકી છે. વસૂલાત વધે તો આનંદ થાય, પણ વધ્યા પછી ઘરમાં ન આવે તો એના કારણો શું? એનો ફાયદો સરકારને શું અને એના કરતાં પણ મારે એ કહેવું છે કે નાણા વિભાગે હમણાં હમણાં નાણા વિભાગની મંજૂરીથી તમામ મંદિરો, એ મંદિરોના ટ્રસ્ટો અને એ ટ્રસ્ટોમાં પ્રવાસન નીતિના અનુસંધાને પણ એમની પાસેથી પૈસા લેવાનો ઠરાવ કરવાની પ્રક્રિયા કરે છે. તો એકબાજુ એમ કહેવામાં આવે કે અમારી પાસે બજેટમાં ખાદ્ય નથી તો આ મંદિરો અને ટ્રસ્ટો પાસેથી પૈસા શામાટે લઈને છીએ, એનો શેમાં ઉપયોગ કરવા માટે લઈએ છીએ?

મારે બીજી પણ એક વાત કરવી છે કે પ્લાન અને નોન પ્લાન બન્ને પ્રક્રિયા છે. પ્લાન અને નોન પ્લાનમાં બહુચરાજી મંદિર માટેનો ૧ કરોડ રૂપિયાનો ઠરાવ કર્યો છે. તો મારે આ પ્લાન અને નોન પ્લાન બે બાબતમાં જવું છે. એમાં હું આંકડાની માયાઝાળમાં પડવા માગતી નથી, પરંતુ એક વાત કરવી છે કે આપ ખૂબ હોંશિયાર છો, પાવર લઈને પાવરમાં ઘટાડો કર્યો છે, અમારાં નાણાં વિભાગનાં સેક્રેટરી મંજૂલાબેન છે એ એક વખત આ ગુજરાત વિદ્યુત બોર્ડનાં એમ.ડી. હતાં ત્યારે વાત કરી હશે કે પ્લાન અને નોન પ્લાનમાં પ્લાનિંગમાં

પૈસા વપરાય, નોન પ્લાનમાં આડેધડ ના વપરાય. એટલી મારી વાત સાથે કે આ બજેટ છે એ આપણા સૌ લોકો માટે, પ્રજા માટે દસ્તાવેજ છે ત્યારે નાણા વિભાગ એની મહત્વની કામગીરી છે એ કરે એટલી મારી આટલી વાત સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી રણજિતસંહ ન. ચાવડા (હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારે તો ફકત એક બે સૂચનો જ કરવાં છે. ખાસ કરીને આ વેઈટના કાયદા ઉપર માનનીય સભ્યશ્રી બેચરભાઈએ વાત કરી એ પ્રમાણે બિયારણ ઉપર આ વેઈટમાં ટેકસ ના હોવો જોઈએ એવી સમગ્ર ખેડૂતવર્ગની લાગણી છે. બીજી એક વાત કે પશુઓ માટેનો જે ખોઈ છે એના ઉપર પણ આ ટેકસ ના હોવો જોઈએ અને ત્રીજું મારું સૂચન એ છે કે અત્યારે હાલ સામાન્ય પ્રકારે મકાનોના બાંધકામમાં જે ગ્રીટ અને કપચી વપરાય છે એમાં બીજા રાજયોના પ્રમાણમાં વધારે એટલે કે ૧૨.૫૦ ટકાનો ટેકસ છે એમાં ઘટાડો કરવો જોઈએ. એ જ રીતે સામાન્ય પ્રકારે જે મધ્યમવર્ગ જે વ્હીકલોનો વપરાશ કરે છે એમાં પણ ટાયર અને ટયુબ ઉપર જે ટેકસ છે એ પણ હળવો કરવો જોઈએ.સાથોસાથ નિયમ ૧૯ માં જે જોગવાઈ છે એની સાથે માસિક પત્રક સાથે વેચાણ રજીસ્ટર છે એ વેચાણ રજીસ્ટર સંપૂર્ણ ખરીદીના રજીસ્ટર સાથે સામેલ કરી સ્ટોકની વિગત પત્રકમાં રજૂ કરવાની જોગવાઈ છે એ મોટાભાગના વેપારીઓને ખૂબ મોટી વહીવટી રીતે મુશ્કેલીરૂપ થશે એટલે રજીસ્ટર અને માલનો સ્ટોક લઈ શકાય, પરંતુ પત્રકની નકલ આપવાની જોગવાઈ છે એ રદ કરવી જોઈએ અને એની સાથે જે એની મુદત ૨૨ દિવસની છે એ પણ મને લાગે છે કે ઓછી છે તો એ મુદતમાં પણ મહિનો કે દોઢ મહિના ઉપરનો સમય મળે એ રીતે  કરવું જોઈએ. તો આટલાં મારાં સૂચનો સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી M#Mi/સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગની હું જે માગણીઓ લઈને આવ્યો છું એની ઉપર ઘણા બધા માનનીય સભ્યશ્રીઓએ એમના વિચારો વ્યકત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાર પાંચ વિષયો ઉપર હું ચર્ચા કરવા માગું છું, સમય બહુ ઓછો છે, પરંતુ અગત્યની બાબતો છે એની વાત કરું તો સૌથી અગત્યનો વિષય આ હાઉસમાં ચાલ્યો હોય તો એ દેવા માટેનો હતો. મારે માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન દોરવાનું છે કે દરેક રાજયનો આ પ્રશ્ન છે, એકલા ગુજરાત રાજયનો આ પ્રશ્ન છે એવું નથી અને એ પ્રશ્ન હોવાનું મૂળભૂત કારણ એ છે કે કેન્દ્ર સરકારે નાની બચતનાં નાણાં રાજયોએ લેવાં એ ફરજીયાત કર્યુ છે અને આના માટેની અનેક વખત નાણામંત્રીશ્રીને અને આદરણીય વડાપ્રધાન શ્રી મનમોહનસિંઘને પણ રજૂઆત કરી હતી અને નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલમાં પણ રજૂઆત કરવામાં આવી હતી કે તમે આ જે વ્યાજ લો છો એ વ્યાજ જેટલું તમે નાની બચત ઉપર ચૂકવો છો એનાથી ઘ ણું વધારે લો છો. દા.ત. આજની તારીખમાં નાની બચતમાં ૬.૨૫ ટકાથી માંડીને ૮.૫૦ ટકા સુધીનું વ્યાજ રોકાણકારોને આપવામાં આવે છે ત્યારે રાજય સરકાર જે વ્યાજ કેન્દ્ર સરકારને આ નાની બચતની લોન ઉપર ચૂકવે છે એ આશરે ૧૦.૫૦ ટકા જેટલું થવા જાય છે.  આવી પરિસ્થિતિ દરેક રાજયની છે અને એના કારણે ૧૨૦૦ થી ૧૩૦૦ કરોડ રૂપિયાનું વ્યાજ વધારે લઈ જાય છે. મારે આનંદ સાથે એક વાત કરવી છે કે હમણાં પરમ દિવસે એમ્પાવર કમિટીની બેઠક મળી હતી એમાં નાણામંત્રીશ્રીને ભારપૂર્વક બધા રાજયોના નાણામંત્રીશ્રીઓએ આ બાબતે કહયું હતું અને માનનીય નાણામંત્રીશ્રી ચિદમ્બરમે એમાં કહયું હતું કે ચોકકસપણે આ બાબતમાં હું વિચારીશ. અત્યાર સુધી વિચારવા તૈયાર નહોતા. પણ એમણે કહ્યું કે જેટલું વ્યાજ મને મળે છે એમાં નફા વગર રાજયોને આપીશું, તેના માટે પહેલી વખત ચોથી તારીખે મીટિંગ બોલાવવામાં આવી છે અને સંમંત થયા છે કે કેન્દ્ર સરકાર નફો નહીં લે અને હું ચોક્કસપણે કહું કે આ વાત જે એમણે કરી છે તે સંપૂર્ણપણે આવતા દિવસોમાં લાગુ પડે તો ગુજરાત સરકારને ઓછામાં ઓછા ૮૦૦ થી ૧૨૦૦ કરોડ રૂપિયાનો વાર્ષિક ફાયદો થાય. આપણી ભારપૂર્વકની રજૂઆત આ હતી.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, બેસો, તમે લખી રાખો, તમને ચાન્સ આપીશું.

**શ્રી સૌરભ પટેલ** : તમારી ગાડી પાટા ઉપરથી ઉતરી ગઈ છે. માફ કરજો, ૩૪ હજાર કરોડ રૂપિયા ફકત સ્મોલ સેવિંગ્ઝના છે. એટલે સાડા દસ ટકા એટલે કેટલો આંકડો આવે તે સમજો. બીજી અગત્યની વાત તરફ મારે ધ્યાન દોરવું છે કે માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે, (અંતરાય) ભાઈ આ અગત્યના પાંચ મુદ્દા હું આપને કહું એટલે આપને ખબર પડે અને આ હાઉસને જાણવા માટે કહું છું હમણાં મારો સમય પૂરો થઈ જશે. એલ.પી.જી. વિશે વાત કરીએ તો નાણા મંત્રીશ્રીને  સ્ટ્રોંગ્લી રજૂઆત કરી કે એલ.પી.જી.ને ડિકલેર ગુડ જાહેર કર્યુ તેના કારણે ૪ ટકા કેન્દ્ર સરકારે, ફરજિયાત એલ.પી.જી.ઉપર કર્યા, અને પ્રજાને આ લાભ આપવાની વાત થઈ ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે સરકારની તિજોરીમાંથી ગુજરાત સરકાના ૮૦ કરોડ રૂપિયા એ પ્રજાને પાસ ઓન થવા જોઈએ અને એલ.પી.જી.નો ભાવ ઘટવો જોઈએ. તેના બદલે નાણા મંત્રીશ્રીએ એમ કહ્યું કે તમારે ૮૦ કરોડ રૂપિયા ઓઈલ કંપનીને આપી દેવાના છે. એનો ભાવ એનો એ જ રહેશે.  ગુજરાત સરકારને ટેકસ ઘટયો સાડા બાર-બાર ટકાનો સાડા ચાર ટકા થયો, તેના ૮૦ કરોડ રૂપિયા ગુજરાત સરકારને નુકસાન થયું એ ભાવ ઘટવા જોઈતા હતા તે ભાવ  ઘટાડ્યા નહીં અને ઓઈલ કંપનીઓને આપવાનું કહ્યું. એલ.પી.જી.ના ભાવમાં એક રૂપિયાનો ઘટાડો નહીં થાય. માનનીય અધ્યક્ષશ્રી, મારે વિપક્ષના સભ્યશ્રીઓને કહેવું

છે કે આપ નાણા મંત્રીશ્રીને લખો. ત્રીજી અગત્યની વાત કરું સી.એસ.ટી. બાબતમાં. ગુજરાતને જે ૪ ટકા ના બે ટકા કર્યા હોત તો ૯૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થાત, છેલ્લા ૩ મહિનામાં અનેક વખત રજૂઆતો કરી, એમ્પાવર કમિટીમાં મળ્યા, અનેક વખત કહ્યું કે આમાં ટેકસ ઘટાડો, ત્યારે એમ કહેવામાં આવ્યું કે આ ટેકસ ઘટાડો ત્યારે જ થશે કે જો તમે અમને પેકેજ બનાવીએ આપો. પેકેજમાં પણ તે લોકોએ પહેલા એક વર્ષમાં એમ વિચાર કર્યો કે આપણે કોમ્પેન્સેસન આપીએ આપણે કોમ્પેન્સેસન માટે ના પાડી આપણે કહ્યું કે પરમેનન્ટ પેકેજ આપો. ૪ થી ૩ ટકા પહેલા એમ્પાવર કમિટીમાં કરવામાં આવ્યા અને પછી ના પાડી, ના ચાર ના ચાર જ રહેશે. પહેલા કોમ્પેન્સેસન પેકેજ નક્કી કરો. ગુજરાત એમાં સંમંત નથી. મારે આનંદ સાથે કહેવું પડશે કે ચીદંબરમજીએ પરમ દિવસે એમ્પાવર કમિટીમાં કહ્યું કે કોમ્પેન્સેસન પેકેજ બનશે, તમારી કમિટી બનાવો અને કોમ્પેન્સેસન પેકેજની અંદર સર્વિસીસ (અંતરાય) આ બહુ અગત્યનો વિષય છે, સાંભળો, સર્વિસીસ આપણને રાજય સરકારને આવતા દિવસોમાં મળશે...

**અધ્યક્ષશ્રી** : મનહરભાઈ, આ રીત બરાબર નથી. પ્લીઝ, આ તમારી ખરાબ રીત છે. કાયમ માટે બોલ બોલ કરવાનું? જે માહિતી હોય તે તો આપે જ ને?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બે હજાર કરોડ રૂપિયાની આવક થાય એવી આ વાત છે.

**અધ્યક્ષશ્રી** : આ આપણી સાથે જે બાબતમાં કેન્દ્રનો સંબંધ છે. તે બાબતની વાત ચાલે છે. આ કેન્દ્રની વાત નથી. કહેવું પડે, પ્લીઝ, બેસો, બાબુભાઈ, આ કેન્દ્રની વાત આપણા સંબંધમાં હોય તો તે કહેવી પડે. પ્લીઝ. બેસો. (અંતરાય)

**શ્રી સૌરભ પટેલ** : જે સી.એસ.ટી. નાબૂદ, ચાર ના બે ટકા થવાના હતા અને ૯૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થવાનું હતું તેની જગ્યાએ ચાર ના ચાર જ રખાયા, સર્વિસીસ આવતા દિવસોમાં ગુજરાત સરકારને સર્વિસીસ આપશે, તે સર્વિસીસનું લિસ્ટ આવતા દિવસોમાં બનવાનું છે, અને ૩ મહિનામાં આખું કોમ્પેન્સેસન પેકેજ બનાવશે અને પછી સી.એસ.ટી. ૪ ટકાના ૩ ટકા થશે. આ આનંદના સમાચાર હં સભ્યશ્રીઓને આપું છું. હમણાં એ.ઈ.ડી.ની વાત કરી. એ.ઈ.ડી. ની આઈટમ ઉપર એવો નિર્ણય લીધો કે આ આઈટમનો વેટમાં સમાવેશ કરવામાં આવશે નહિ. એના કારણે ઘણી બધી માગણીઓ હતી કે ટેકસટાઈલ ઉદ્યોગ વેટમાં આવશે તો એને ઘણી તકલીફ થશે. તો હું સભાગૃહને કહું કે એમાં કોઈ જાતની ચિંતા કરવાની જરૂર નથી.

બીજી વાત જણાવવા માગું છું કે સમાધાન યોજના જાહેર કરી હતી એ સમાધાન યોજનાની અંદર સવા બે લાખ કેસો ૨૦ દિવસમાં આવ્યા છે. એના એસ્ટીમેટ ઓર્ડર થયા છે કે આનો લાભ કેટલો થાય છે એ આવતા દિવસોની અંદર સંપૂર્ણપણે રાજય સરકારને લાભ થશે.

અહીંયા ખર્ચની વાત કરી, આપણી પાસે ટાઈમ ઓછો છે એટલે એની વાત કરવી શકય નથી. વેટની વાત કરું તો આ બાબતમાં આપણે કાયદામાં સુધારા પણ કર્યા છે. તમે મહારાષ્ટ્ર જૂઓ, આંધ્ર પ્રદેશ જૂઓ, તેઓએ એક પણ સુધારો કર્યો નથી. આપણા કરતાં દસ ગણા કડક કાયદા છે. આપણું પહેલું એવું રાજય છે કે વેપારીઓને સાથે લઈને કામ કર્યુ છે, વેપારીઓને વિશ્વાસમાં લીધા છે, એમના જે પ્રશ્નો હતા એનો ઉકેલ લાવ્યા છીએ. આજની તારીખે આ રૂલ્સના દરેક નોટિફિકેશન નવા નવા આપીએ છીએ. રૂલ્સમાં ઘણી બધી સરળતા આપણે કરી છે. માનનીય સભ્યશ્રી નારાયણકાકાએ વાત કરી. હું આ તકે એમને જણાવીશ કે એમણે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. એમનો પ્રશ્ન ઉકેલાશે. કાયદામાં એવી જોગવાઈ છે. નિકાસ કરશે એમને ખાતરી આપી છે અને અત્યારે ત્રણ મહિના મેકસીમમ લખ્યું છે પરંતુ ત્રણ મહિનાથી નીચે રિફંડ આપી શકીએ. નાના ખેડૂતોની ચિંતા વ્યક્ત કરી, એની ચિંતા કરવાની જરૂર નથી. સંતોષકારક રીતે આપણે રિફંડ અપાવીશું એવું ચોક્કસ કહી શકાય. બીજું ખેડૂતોના કમિશનની વાત કરી. વેટ ક્યારે લાગે કે ખરીદ કરી અને પછી વેચાણ કર્યુ હોય તો લાગે. એમાં કમિશન આપ્યું હોય એના ઉપર વેટ લાગતો નથી.

બીજી કલમ-૧૯ની વાત કરી. રૂલ્સની અંદર ઘણા બધા ફેરફારો કરવામાં આવ્યા છે. સરળતા કરવામાં આવી છે. જે સ્ટોકની વાત કરીએ છીએ. સ્ટોકની ઈન્વોઈસ બતાવવાની વાત કરીએ છીએ એમાં ઘણા બધાની અંદર આપણે હળવું કર્યુ છે, સરળ કર્યુ છે. એક વસ્તુ કહું કે વેટની અંદર ક્રેડિટ આપતા હોય ત્યારે કેટલો સ્ટોક હોય તેની ખબર જ હોય છે. ખબર હોય એ વિભાગને આપવાની જરૂરિયાત રહેતી હોય છે. ઘણી બધી તમને ક્રેડિટ મળશે તમે ચિંતા છોડો.

અહીંયા બીજા ઘણા ટેકસના દરની વાત કરવામાં આવી છે. બિયારણ પરના ટેકસની વાત કરી એ સિવાય પણ બીજી વાતો કરવામાં આવી છે. આપણે આવતા દિવસોની અંદર ઘણી બધી આઈટમોની અંદર નોટિફિકેશન ઈસ્યુ કરવાના છીએ. એ નોટિફિકેશન આવશે એટલે રાહત મળશે. ઘણા સભ્યશ્રીઓએ ચિંતા વ્યક્ત કરી એને ધ્યાનમાં લીધી છે. ઘણી બધી ચિંતા કર્યા પછી ટેકસ બાબતમાં છૂટછાટો આપવાના છીએ. આવતા બે-ત્રણ દિવસમાં નોટિફિકેશન ઈસ્યુ થઈ જશે.

માનનીય બાબુભાઈએ ઈન્સેન્ટિવ સ્કીમની વાત કરી છે. એ સ્કીમ ૧૯૯૦-૯૫ની અંદર અમલમાં આવી હતી. ૧૯૯૦-૯૫માં કોણ બેઠું હતું અને કોણે ઈન્સેન્ટિવની મંજૂરી આપી છે એ આપણે સૌ જાણીએ છીએ. એ ઈન્સેન્ટિવ સ્કીમમાં મોટા ભાગની મંજૂરી એટલે કે ૯૮ ટકા મંજૂરી તે સમયમાં મળેલ છે.

આવતા દિવસોમાં વેટનું અમલીકરણ સારી રીતે થાય એ માટે હેલ્પલાઈન ડેસ્ક કર્યુ છે. હેલ્પલાઈન ડેસ્ક આપીએ છીએ, નાની પુસ્તિકા આજે નીકળશે, દરેક પ્રશ્નના જવાબ સાથે દરેક વેપારીને ફ્રી બુકલેટ આપવાના છીએ.

કે તે સીધો પ્રશ્ન વાંચે એટલે તેને જવાબ મળે. બીજું, હેલ્પલાઈન ડેસ્ક છે. જાહેર ખબરો આપીએ છીએ, અનેક કામો આવતા અઠવાડિયા- દસ દિવસમાં કરવાના છીએ અને ચોક્કસપણે કહું કે દરેક વસ્તુની ચિંતા વ્યક્ત કરી છે. મેં મારા પ્રવચનમાં જવાબો આપી દીધા છે.

મારે સભ્યશ્રીઓને બે-ત્રણ વિનંતી કરવાની કે આપણાં ભૂકંપના પૈસા તમે લઈ આપો. જે ભૂકંપના પૈસા કેન્દ્રએ લીધા છે. ૧૨૦૦ કરોડ રૂપિયા જેવા કેન્દ્ર પાસે બાકી છે એ આપ લઈ આપો. એટલી મારી આપને વિનંતી છે. મારી આ સરખામણી બલવંતસિંહને જવાબ આપશે. આપણો એન્યુઅલ ગ્રોથ ૨૦૦૫-૦૬માં ૧૦.૩ ટકા, મહારાષ્ટ્રમાં ૬.૭ ટકા, આંધ્રપ્રદેશમાં ૫.૯ ટકા. આપણો પર કેપીટા એન્યુઅલ પ્લાન ૨૦૦૫-૦૬નો ૨૧૭૦, મહારાષ્ટ્રનો ૧૧૫૩, આંધ્રપ્રદેશનો ૨૦૫૩. પર કેપીટા ઈન્કમ, માથાદીઠ આવક, આપણી ૧૬,૭૭૯, મહારાષ્ટ્રમાં ૧૬,૪૭૯, આંધ્રપ્રદેશ ૧૧,૭૫૬, આપણો પર કેપીટા કન્ઝમ્શન ઑફ પાવર ૮૩૮, મહારાષ્ટ્ર ૫૩૮, આંધ્રપ્રદેશ ૪૬૪. પાકા ઘરમાં રહેનાર વ્યકિતઓ ગુજરાત ૬૫.૩, મહારાષ્ટ્ર ૫૭.૮ અને આંધ્રપ્રદેશ ૫૪.૭. વેહીકલ પર ૧૦૦ કિલોમીટર આપણાં ૮,૧૬૪, મહારાષ્ટ્ર ૨,૨૦૩, આંધ્રપ્રદેશ ૨,૮૨૫. એક જ વાત જે આપ લોકો અહીં બીજું બોલો છો અને આપના જ સભ્યશ્રીઓ મહારાષ્ટ્રમાં શું કહે છે, ઓફિશિયલ રેકૉર્ડ જે આજે છાપામાં આવ્યો છે તે આપને વાંચી સંભળાવું. આજે ઈકોનૉમિક ટાઇમ્સ (અંતરાય) આ અગત્યનું છે. બતાવતો નથી. ગૌરવ લેવા જેવી વાત છે. ઈકોનૉમિક સરવે ઑફ મહારાષ્ટ્રની ૨૦૦૫-૦૬ની ચોપડી છપાઈ તેના આંકડા છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આંકડાઓ જોઈને બોલી શકે. પ્લીઝ.

**શ્રી સૌરભ પટેલ** : ગુજરાત વિષે તેમણે વાત કરી છે અને તે કહે છે કે-
The BJP ruled State's performance received compliments from Congress ruled Maharashtra. In the State Governments economic survey of Maharashtra ૨૦૦૫-૦૬ the Maharashtra Government has acknowledged that it is no longer a top contributor of the country in the organised manufacturing sector. It is not the topmost contributor. Gujarat has surpassed Maharashtra marginally in industrial growth. માનનીય અધ્યક્ષશ્રી, આ મહારાષ્ટ્રનો ઈકોનૉમિક સરવે રિપૉર્ટ ક્હે છે. એ એગ્રી થયા છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, એ સાઈડ શા માટે જૂઓ છો. મારી સામે જોઈને બોલો. પ્લીઝ.

**શ્રી સૌરભ પટેલ** : બીજું તેમણે કહ્યું છે- The total debt for the financialyear ending ૩૧-૦૩-૦૬ (interrruption)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : તેમણે જે વાત કરી છે. (અંતરાય)

**શ્રી સૌરભ પટેલ** : આ ઈકોનૉમિક સરવેની અંદર જયંત પાટીલ મહારાષ્ટ્રના નાણામંત્રી એમ કહે છે કે આ વર્ષે મહારાષ્ટ્રનું દેવું ૧,૬૦,૦૦૦ કરોડ ઉપર પહોંચશે. ૩૧-૩-૦૬ એ. હવે તમે એના વખાણ કરો અને અહીં ટીકા કરો એવું કેમ ચાલે? મારે આનંદ સાથે કહેવું પડે છે કે, મહારાષ્ટ્રના નાણા મંત્રીને મેં પૂછ્યું કે આપના એન્યુઅલ પ્લાન કેટલા કરોડનો છે. તો ૧૩૫૦૦ કરોડનો. ૧૩૫૦૦ કરોડનો એન્યુઅલ પ્લાન મહારાષ્ટ્રનો પણ આપણા ૧૨૦૦૦ કરોડ એન્યુઅલ પ્લાનના. આપણું સારું કે, એમનું? આવડું મોટું રાજય, આટલી મોટી વસ્તી અને આપણા રાજયની ટીકા કરે? હું આપને કહું, હું આ લોકોને કહું આ સભ્યશ્રીઓની ઇચ્છા હોય તો દરેક રાજયની નાણાકીય પરિસ્થિતિ કેવી છે એના માટે આપણે કલાસીસ રાખીએ. આપ આપો અને આપ જુઓ. અને આપણા રાજયની અંદર ચોક્કસપણે લાગશે. બાબુભાઈને કહીશ. વજન છે એ આર્થિક પરિસ્થિતિને કારણે છે. એમનેએમ વજન નથી. આ આપણી ફાયનાન્શીયલ સ્ટ્રેન્થ છે એના કારણે છે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, જેની શકિત છે એને વજનના આધારે સરખાવવામાં આવતું હશે એ નહીં ચાલે સાહેબ, અને સાહેબ પોતાના વજન જેટલું બધે વજન હોય એવું સાચું નથી હોતું સૌરભભાઈ,

**શ્રી સૌરભ પટેલ** : સાહેબ, આવતા વર્ષની ચિંતા કરી છે.

**શ્રી અશોક ભટ્ટ** : એમના નેતાશ્રીનું વજન ઓછું છે અને ત્યાં વજન પડતું નથી એની એમને ચિંતા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો શારીરિક વજનની વાત છે, રાજકીય વજન સાથે સરખાવવાની જરૂર નથી.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સીંકીંગ ફંડ ઊભું કર્યું છે. આ બહુ અગત્યનું કહેવાય. ફાઈનાન્શિયલ રિસ્પોન્સીબીલીટીથી અમે અમારી જવાબદારી સમજીએ છીએ. આવતા દિવસો માટે ચિંતા અત્યારથી કરીએ છીએ અને આ સરકાર ૧૫૬૦ કરોડ અને વર્ષે ૮૦૦ કરોડ રૂપિયાનું સીંકીંગ ફંડની અંદર ભેગું કર્યું છે. બીજું કહુ ખર્ચમાં ઘટાડો થશે અને આવકમાં વધારો થશે. આવક વધારાની ટકાવારી વધારે છે અને ખર્ચમાં વધારાની ટકાવારી ઓછી છે. આ સંપૂર્ણપણે દેખાય છે. ચિત્ર બીજું સ્પષ્ટ છે. એટલે મારી આપ સૌને વિનંતી છે કે, ઘણી બધી ચર્ચાઓ થઈ ગઈ છે અને મહેસૂલી આવક મહેસૂલી ખર્ચ કરતાં વધશે એવું અત્યારે આખું ચિત્ર ઈનફેકટ આ વર્ષની અંદર જે આપણો સેલ્સ ટેક્સને બધી આવક ગણી હતી. એનાથી ૪૦૦ કરોડ રૂપિયાનું રીવાઈઝડ એસ્ટીમેટથી વધે એવું છે. ૧૦૯૦૦ કરોડથી પણ ક્રોસ થઈ શકે એવી શક્યતા છે. આટલી બધી સારી પરિસ્થિતિમાં રાજય છે અને એકપણ વર્ષની અંદર, આખા વર્ષની અંદર છેલ્લા દોઢ-બે વર્ષમાં એકપણ વખત ઓવર ડ્રાફટ એકપણ વખત લીધો નથી. વેઈજ એન્ડ મીન્સ ગયા નથી અને આપણે ચોક્કસપણે કહી શકીએ કે આ એક સારા વહીવટના કારણે આ પરિસ્થિતિ ઉભી થઈ છે. એટલે મારી વિનંતી છે કે, જેટલી કાપદરખાસ્તો લાવ્યા છો એ કાપ દરખાસ્તો પાછી ખેંચી લે અને સભ્યશ્રીઓએ વધારે માહિતી મેળવવી હોય તો મારી પાસે આવે હું ચોક્કસપણે આપીશ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે નાણા ઉપર માગણીઓ લઈને આવ્યા છે ખાસ કરીને મારે બે વિનંતી એમને કરવી છે અને એ જો માન્ય રાખે તો (અંતરાય) બે મિનિટ બોલી લેવા દો. અમારા સિનિયર સભ્ય છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બેસો, બાબુભાઈ, પ્લીઝ. બેસો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારી એક જ વિનંતી છે કે, આ બે વસ્તુની ખાતરી આપે તો અમે અમારી કાપદરખાસ્તો પાછી ખેચી લઈએ એની હું ૧૦૦ ટકા ગૅરન્ટી આપું છું. આપણું દેવું જે ૧૯.૬૬ ટકાથી વધે છે એ ઘટાડવા માટેની ખાતરી મળતી હોય તો પાછી ખેંચી લેવા તૈયાર છીએ.
અને બીજું કે ઉદ્યોગોની ઉપર જે આપણી તરફેણદારી ન થાય એવી આ બે વસ્તુની ખાતરી મળે તો અમે અમારી કાપ દરખાસ્ત પાછી ખેંચવા તૈયાર છીએ.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જો વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા એમની પહોંચ દ્વારા સ્મોલ સેવીંગની અંદર આપણને દેવું ફરજીયાત કર્યુ છે એ જો કેન્દ્ર સરકાર તરફથી ફરજિયાત ન કરી આપે તો ચોકકસપણે હું કહી શકું કે આપણું દેવું ઘટી શકે એમ છે. એ તો કમનસીબી એવી છે કે કેન્દ્ર સરકાર દર વર્ષે ૮હજાર કરોડ રૂપિયાનું દેવું આપણને ફરજીયાત કરે છે. ફરજીયાત તો કરે છે પણ એના ઉપર વ્યાજ જે ગુજરાતની પ્રજાને આપે છે એનાથી ૨, ૩, ૪ ટકા વધારે લે છે. જો એ ખાતરી આપી શકતા હોય તો હું ચોકકસપણે કહી શકું કે આ દેવું ઘટશે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ પ્લીઝ, પ્લીઝ, બેસો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, સારું કર્યુ મને વિનંતી કરી પણ કેન્દ્રનું દેવું તો તમારી પાસે માત્ર દર વર્ષે તમે કહો છો ૮હજાર છે, પણ ૮૧હજાર કરોડ રૂપિયાનું દેવું ૧૨હજાર કરોડ રૂપિયાથી શરૂ કરીને ૮૧હજાર સુધી થઈ ગયું અને એક વર્ષનું તમારું દેવું વધવાનો દર છે એ ૧૧હજાર કરોડ રૂપિયાનો છે અને તમે જ ફીસ્કલ રીસ્પોન્સીબીલીટી બીલ લઈ આવ્યા ત્યારે તમે એવું કહ્યું હતું કે ૨૦૦૮સુધીમાં ૩૦ ટકા જે જી.એસ.ડી.પી. છે એની મર્યાદામાં લઈ આવવું છે. આજે ૪૫ ટકા છે અને તમે કેવી રીતે લઈ આવી શકશો પણ આ તો જે પાછળ રહે એ દરવાજો દે, એવી નીતિ તમે ચાલુ રાખી છે અને એના કારણે ગુજરાત આજે સૌથી દેવાદાર પહેલા ૩ રાજયોમાંનું એક છે, એટલે તમારે ખાતરી આપવી પડે બલવંતસિંહભાઈએ કહ્યું એમ કે તમે દર વર્ષે ૨૦ ટકા દેવું ઘટાડશો તો જ તમારે જે fiscal responsibility બિલ જે છે ૧૨મા નાણાપંચની શરત છે એ પરીપૂર્ણ થશે, નહીં તો તમે તો જતા રહેશો પણ ગુજરાતને દેવાળામાં મૂકતા જશો. (અંતરાય) તમે વયા જવાના છો. કોઈ રોકી શકવાનું નથી. કોઈ યાત્રાઓ બચાવી શકવાની નથી અને બીજી વાત જે બલવંતસિંહભાઈએ વાત કરી કે લાડકા ઉદ્યોગપતિઓને બહુ સાચવવાની જરૂર નથી. એમનો પણ ટેકસ છે એ યોગ્ય રીતે લેવાય અને રાજયની આવક વધે. આ બે બાબતની ખાતરી આપો એટલે અમે દરખાસ્ત પાછી ખેંચી લઈએ.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો મારે વિરોધ પક્ષના નેતાને કહેવું છે કે એમનો ૮૧હજારનો આંકડો ખોટો છે. આ ઓફીસીયલ આંકડો કહું છું તા:૩૧/૧/૨૦૦૬ સુધીનું ૬૪૮૫૭ (અંતરાય) હું ફરીથી રીપીટ કરું છું તા:૩૧/૧/૨૦૦૬ સુધીનું દેવું ૬૪૮૫૭ એ પહેલા સવાલનો જવાબ છે અને બીજો

સવાલનો જવાબ દેવું છેલ્લા ૨ વર્ષના ખાલી આપને આંકડા આપું કે તા:૩૧/૩/૨૦૦૪માં દેવું ૫૦૩૬૨ હતું એ વખતે સ્મોલ સેવીંગનું દેવું ૨૧૯૫૧ હતું. બીજે વર્ષે ૫૩૬૬૨માંથી ૫૯૩૪૧ થયું એટલે ૯હજાર કરોડનું દેવું વધ્યું વાર્ષિક, એની સામે small savings ૨૧હજારનું ૩૦ હજાર થયું ૯હજાર વધ્યું એ જ સમયની અંદર જે financial institution હતું એ ૧૬૮૬નું ૧૫૨૦ કર્યું. ઘટાડયું. central loan ૧૪૨૦૮ની ૧૨૮૫૪ ઘટાડી આ હું પીકચર એ વખતનું આપુ છું. પછી આ વર્ષનું પીકચર આપું. ૫૯કરોડનું દેવું ૬૪હજાર થયું તારીખ: ૩૧/૧માં અને એની અંદર સેંન્ટ્રલનું એક હજાર કરોડ ઘટયું સ્મોલ સેવીંગમાં ૭હજાર કરોડ વધ્યું આ નવું પિકચર છે. હું ચોક્કસપણે ખાતરી આપી શકું કે સ્મોલ સેવિંગ્ઝનું જો ફરજિયાત ન કરે અને એમની વગ વાપરે. હું એમાં નિષ્ફળ ગયો છું એ સ્પષ્ટ કહું છું. ગુજરાતના નાણામંત્રીને સફળતા નથી મળી. કેન્દ્રમાં આપ વગ વાપરો અને જો આ ફરજિયાત ન થાય તો ચોક્કસપણે કહું છું કે આ દેવું ઘટશે.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩ અને ૧૬ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૧૫, ૧૬, ૧૭, અને ૧૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

# ગિલોટીન થયેલી માગણીઓ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૬-૦૭ ના વર્ષની અનુદાનો માટેની માગણીઓને લગતી ગિલોટીનથી ૫૨ માગણીઓ, જેના માગણી ક્રમાંક: ૧, ૩, ૭, ૧૦, ૧૧, ૧૪, ૧૯, ૨૪, ૨૫, ૨૮, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૪૧, ૪૫, ૪૭, ૪૮, ૫૨, ૫૪, ૫૫, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૮, ૭૦, ૭૨, ૭૩, ૭૫, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૫, ૮૮, ૯૦, ૯૧, ૯૩, ૯૪, ૯૭, ૯૯, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪ અને ૧૦૬ છે તે રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧, ૩, ૭, ૧૦, ૧૧, ૧૪, ૧૯, ૨૪, ૨૫, ૨૮, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૪૧, ૪૫, ૪૭, ૪૮, ૫૨, ૫૪, ૫૫, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૮, ૭૦, ૭૨, ૭૩, ૭૫, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૫, ૮૮, ૯૦, ૯૧, ૯૩, ૯૪, ૯૭, ૯૯, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪ અને ૧૦૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રી** : હું, રાજ્ય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક: ૩૬ અને ૩૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૩૬ અને ૩૭ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

# કામકાજ સલાહકાર સમિતિના અહેવાલની રજૂઆત

**અધ્યક્ષશ્રી** : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો બારમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક શુક્રવાર, તા. ૨૪મી માર્ચ, ૨૦૦૬ના રોજ સભાગૃહના વિરામ સમયમાં મળી હતી. સમિતિ નીચે મુજબ ભલામણો કરે છે.

૧. સોમવાર, તા. ૨૭મી માર્ચ, ૨૦૦૬ના દિવસના કામકાજની યાદીમાં નીચે દર્શાવ્યા મુજબના સરકારી

| | |
|---|---|
| વિધેયકો માટે બાકી હાથ ધરવા | વિચારણા માટે હાથ ધરવા દર્શાવવા અને તે પૈકીના જે સરકારી વિધેયકો તે દિવસે વિચારણા રહે તે સરકારી વિધેયકોને મંગળવાર, તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ વિચારણા માટે દર્શાવવા. |

(૧) સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૨ - સન ૨૦૦૬નું મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૦૬નું મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૭- સન ૨૦૦૬નું ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખ સુવિધાકર (સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૬ - સન ૨૦૦૬નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૯ - સન ૨૦૦૬નું મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક.

(૬) સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૩ - સન ૨૦૦૬નું ગુજરાત શિક્ષણ ઉપકર (સુધારા) વિધેયક.

(૭) સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૪ - સન ૨૦૦૬નું મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક.

(૮) સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૮ - સન ૨૦૦૬નું ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ વિધેયક.
(૯) સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૯ - સન ૨૦૦૬નું ગુજરાત વખાર વિધેયક.
(૧૦) સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૦ - સન ૨૦૦૬નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ વિધેયક.
(૧૧) સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૪ - સન ૨૦૦૬નું ગુજરાત લગ્ન નોંધણી વિધેયક.
(૧૨) સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૧૮ - સન ૨૦૦૬નું ગુજરાતનું સુખસુવિધા ચીજવસ્તુ કર (રદ કરવા બાબત) વિધેયક.
(૧૩) સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક-૨૦ - સન ૨૦૦૬નું ગુજરાત માળખાકીય વિકાસ (સુધારા) વિધેયક.
(૧૪) સન ૨૦૦૬નું ગુજરાત વ્યવસાયી સિવિલ ઈજનેર વિધેયક.

**૨. મંગળવાર, તા.૨૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ નીચે મુજબ કામકાજ હાથ ધરવું.**

(૧) સન ૨૦૦૬નું ગુજરાત વિનિયોગ વિધેયક.
(૨) સોમવાર, ૨૭મી માર્ચ ૨૦૦૬ના દિવસના કામકાજની યાદીમાંથી હાથ ધરવાના બાકી રહેલા સરકારી વિધેયકો.
(૩) સન ૨૦૦૬નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક.
(૪) સન ૨૦૦૬નું ગુજરાત વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક.
(૫) સન ૨૦૦૬નું મુંબઈ રાહત અન્ડરટેકીંગ (ખાસ જોગવાઈ) (ગુજરાત રદ કરવા બાબત) વિધેયક.
(૬) બિન-સરકારી વિધેયકો.

**૩. બુધવાર, તા.૨૯મી માર્ચ, ૨૦૦૬ના રોજ નીચે મુજબનું કામકાજ હાથ ધરવું.**

(૧) મંગળવાર, તા.૨૮મી માર્ચ, ૨૦૦૬ના દિવસના કામકાજની યાદીમાંથી હાથ ધરવાના બાકી રહેલા સરકારી વિધેયકો હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.
(૨) માનનીય સભ્યશ્રી બળવંતસિંહ રાજપુત (શ્રી જશાભાઈ બારડ)નો ખેડૂતોને ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ મળે તેવી વ્યવસ્થા કરવા બાબતને લગતો નિયમ-૧૦૧ નો પ્રસ્તાવ વિચારણા માટે હાથ ધરવો અને તેને ૧ કલાકનો સમય ફાળવવો.
(૩) છેલ્લા દિવસનો પ્રસ્તાવ.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

## સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના બારમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૨-૧૮ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા.૨૭મી માર્ચ ૨૦૦૬ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **અંબાલાલ આ. રોહિત** | | |
| | ટેક્નીક્લ શિક્ષણમાં ગુણવત્તા સુધારવા પ્રયત્નો | ૩૮૪ |
| | મહેસૂલી ગામો અને પરાઓને માર્ગોથી જોડાણ આપવા બાબત | ૧૭૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૪ |
| **અતુલ કે.પટેલ** | | |
| | ક્લોલ તાલુકાના છત્રાલ ગામની વાવનો યાત્રાધામ સ્થળ માટે વિકાસ કરવા બાબત | ૧૯૮ |
| | ક્લોલ તાલુકાના શેરીસા ગામના જેન મંદિરનો યાત્રાધામમાં સમાવેશ કરવા બાબત | ૨૧૦ |
| | ક્લોલ તાલુકામાં તલાટીઓની બદલી | ૫૧૩ |
| | ક્લોલ તાલુકામાં નર્મદા પાણીની પાઈપલાઈન અન્વયે ખેડૂતોને બાકી જમીન વળતર | ૧૭૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૪૪ |
| **અનિલ જોષીયારા** | | |
| | જયોતિગ્રામ યોજના અંગે | ૪૬૮ |
| | બેરોજગારીની સમસ્યા અને પગલાં | ૯૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૩૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૩૩૧ |
| | રાજ્યમાં પરિચારિકાઓની નિમણૂંક અન્વયે આરોગ્ય તબીબી ક્ષેત્રે સમાન ધોરણો નક્કી કરવા અંગે | ૧૦૮ |
| | સચિવાલયના બિન બદલીપાત્ર અધિકારી/કર્મચારીઓને રાહત દરના રહેણાંક્ના પ્લોટ આપવા બાબત | ૧૯૧ |
| | સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં વર્ગ- ૩નો અનુસૂચિત જનજાતિનો બેક્લોગ | ૫૦૧ |
| | સાબરકાંઠા જિલ્લાની માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અનુસૂચિત જનજાતિના શિક્ષકોનો બેકલોગ | ૩૬૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં આંગણવાડીઓ બાબત | ૩૯૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં જમીન દફ્તરની આવક અંગે | ૬૪ |
| | સાબરકાંઠા જિલ્લામાં જળાશયમાં પરવાનેદાર સામે ફરિયાદ | ૫૨૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં ભિલોડા તાલુકામાં પીવાના પાણીની એસ.કે. ૪ યોજના | ૧૬૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં સ્વજલધારા યોજના | ૨૦૭ |
| **અનિલકુમાર મો.પટેલ** | | |
| | એક રેશનકાર્ડમાંથી અલગ નામે રેશનકાર્ડ કાઢવાની પદ્ધતિમાં ફેરફાર | ૩૬૯ |
| | ગાંધીનગર શહેરમાં બિન બદલીપાત્ર અધિકારી/કર્મચારીઓને રાહત દરના રહેણાંક્ના પ્લોટ ફાળવવા બાબત | ૧૯૨ |
| | તળાજા તાલુકાની મેથળા બંધારા યોજના | ૧૭૦ |
| | બારડોલી અને માંડવી તાલુકામાં જમીન માપણી | ૯૧ |
| | બારડોલી તાલુકાની આશ્રમશાળાઓમાં ગેરરીતિઓ અંગે | ૬૧ |
| | માંડવી અને બારડોલી તાલુકામાં શ્રમ અધિકારી ધ્વારા શ્રમ ક્ર્તાઓની તપાસ | ૧૦૭ |
| | સુરત જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ અંગે | ૪૧૪ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અનિલકુમાર મો.પટેલ** | |
| સુરત જિલ્લામાં બાંધકામ સહકારી મંડળીઓ | ૫૩૧ |
| સુરત જિલ્લામાં વાઘેચા ગામને તીર્થગ્રામ તરીકે જાહેર કરવા અંગે | ૫૧૩ |
| સુરત જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ અને તેનો નિકાલ | ૪૦૦ |
| **અનિલભાઈ ત્રિ. પટેલ** | |
| ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચનાઓ | ૪૨૧ |
| ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ | ૧૧૬ |
| ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોરપોરેશન લિમિટેડ (ગ્રીમકો) નો વાર્ષિક અહેવાલ | ૫૪૬ |
| ગુજરાત લઘુઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ | ૧૧૭ |
| ગુજરાત ઔદ્યોગિક વિકાસનિગમનું અંદાજપત્ર તથા વાર્ષિક નાણાકીય પત્રક | ૪૨૧ |
| **અમિત અ. ચાવડા** | |
| આંક્લાવ અને બોરસદ તાલુકામાં વરસાદથી જમીનનું ધોવાણ | ૨૪૩ |
| આણંદ જિલ્લા મથકે સિવિલ હોસ્પિટલ માટે રજૂઆત | ૨૭૯ |
| આણંદ જિલ્લામાં ખેતી વિષયક સહકારી મંડળીઓની નોંધણી | ૨૧૫ |
| આણંદ જિલ્લામાં નહેર મારફતે સિંચાઈનો લાભ આપવા બાબત | ૨૩૮ |
| આણંદ જિલ્લામાં નીલગાયો દ્વારાખેડૂતના પાક્ને થતાં નુકશાન અંગે કરેલ આયોજન | ૭૫ |
| આણંદ જિલ્લામાં લઘુત્તમ વેતન ધારાના ભંગ બદલ જવાબદારો સામે પગલાં | ૨૮૧ |
| આણંદ જિલ્લામાં વિકાસના કામોની મંજૂરી | ૫૧૧ |
| કેન્દ્ર સરકાર દ્વારા ૧૨મા નાણાપંચ માટે ફાળવેલ ગ્રાન્ટ | ૨૧૬ |
| નગરપાલિકા વિસ્તારમાં ગરીબો માટે મકાનોની દરખાસ્તો | ૩૦૯ |
| પ્રવાસન વર્ષ-૨૦૦૬ની ઉજવણીનું આયોજન | ૧૮૩ |
| પ્રવાસના સ્થળોનું વિકાસ આયોજન | ૨૦૦ |
| યાત્રાધામના વિકાસ માટે કરવામાં આવેલ ખર્ચ | ૨૧૧ |
| રાજ્યમાં કિશાનપથ યોજના હેઠળ રસ્તાઓનો સમાવેશ | ૨૬૦ |
| રાજ્યમાં બક્ષીપંચની જ્ઞાતીઓ માટે મકાન સહાય યોજના હેઠળ રકમની જોગવાઇ | ૨૬૨ |
| રાજ્યમાં બી.પી.એલ. કુટુંબોની સંખ્યા | ૫૨૯ |
| રાજ્યમાં એમ.બી.એ. કોલેજો શરૂ કરવા માટે એન.ઓ.સી. | ૩૯૪ |
| **અમિત અ. શાહ** | |
| ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમનો અહેવાલ | ૪૨૦ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** | |
| તાકીદની જાહેર અગત્યની બાબતની નોટિસ આપનાર સભ્યશ્રીની ગેરહાજરી અંગે | ૫૪૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૩૦ |
| **અશોક ભટ્ટ** | |
| સભાગૃહના નેતાના જવાબમાં વિક્ષેપ અંગે | ૪૨૦ |
| **આનંદીબેન મ.પટેલ** | |

<u>વિષયસૂચિ</u>


| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **આનંદીબેન મ.પટેલ** | | |
| | તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫૮૨૮ના અનુસંધાને વધારાની માહિતી | ૪૨૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૩૫૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૩૧૭ |
| **આર.સી. પટેલ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૩૩૮ |
| **ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** | | |
| | ગુજરાત મેરીટાઈમ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ | ૩૧૪ |
| | ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૫૪૬ |
| | ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ | ૫૪૬ |
| | ગુજરાત હાઉસીંગ બોર્ડનું સન ૨૦૦૫-૨૦૦૬ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર | ૫૪૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૫૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૨૩ |
| **ઈશ્વરભાઈ ધ. મકવાણા** | | |
| | જામનગર જિલ્લામાં એ.ડી.બી. પુરસ્કૃત યોજનામાં પાઈપ પૂરા પાડવામાં વિલંબ થવા બાબત | ૧૬૭ |
| | પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોમાં કેરોસીનની ફાળવણી | ૩૮૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૯ |
| **ઈશ્વરસિંહ ઠા. પટેલ** | | |
| | નર્મદા નદીમાં સાત યુવાનોનાં ડૂબી જવાથી મૃત્યુ થવા અંગે | ૩૧૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૩૪૭ |
| **કનુભાઈ કળસરિયા** | | |
| | નગર તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ હેઠળના શિક્ષકોના પગાર ધોરણમાં વિસંગતતા | ૪૦૬ |
| | નવા બી.પી.એલ. રેશનકાર્ડ કાઢવા પર પ્રતિબંધ અંગે | ૩૮૩ |
| | પાક વીમાની રકમ ચૂકવણી | ૫૪૦ |
| | ભાવનગર જિલ્લામાં આરોગ્યની સંવર્ગવાર ખાલી જગાઓ | ૬૩ |
| | ભાવનગર જિલ્લામાં ડુંગળીના પોષણક્ષમ ભાવ | ૫૨૫ |
| | મહુવા તાલુકામાં તાતણીયા અને ક્લા નાની સિંચાઇ યોજનાઓ મંજૂર થવા બાબત | ૧૮૩ |
| | મહુવાના દરિયા ક્નિારે આવેલ ભવાની માતાના મંદિરનો વિકાસ કરવા બાબત | ૨૦૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૩૭ |
| | રાજ્યમાં બી. પી. એલ.ની યાદી સુધારણા | ૫૦૫ |
| **કનુભાઈ મે. ભલાળા** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૩૩ |
| **કાંતિભાઈ ભા. તડવી** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૪૪૨ |
| **કાંતિભાઈ રા. પટેલ** | | |
| | પોરબંદર જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક અને બિન રહેણાંક્ના કામો | ૪૦૮ |

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **કાંતિભાઈ રા. પટેલ** | | |
| | પાટણ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક અને બિન રહેણાંક્ના કામો | ૩૮૮ |
| **કાંતિભાઈ રા. લકુમ** | | |
| | અમદાવાદની ફતેવાડી યોજનાની કેનાલો પુરાણ થવા બાબત | ૨૧૦ |
| | બાવળા તાલુકામાં ભોગાવો નદી કિનારે નેશનલ હાઈવે પાસે પાકો પાળો બાંધવા બાબત | ૧૭૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૬ |
| | વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૪૨૧ |
| | વિરમગામથી બગોદરા જવાના રસ્તા પર નળ સરોવર ચોકડી પાસે નાળું બેસી જવા બાબત | ૧૯૮ |
| **કાંતિલાલ ધ. કચોરિયા** | | |
| | અંબાજી ખાતેની પાણી પુરવઠા યોજના મંજૂર કરવા બાબત | ૧૭૪ |
| | કૃષિ રથ યાત્રાથી કૃષિ આવકમાં વૃધ્ધિ | ૫૩૫ |
| | જયોતિગ્રામ યોજના અંગે | ૪૬૬ |
| | પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે બંધ પડેલ નર્સિંગ કોલેજ શરૂ કરવા અંગે | ૯૧ |
| | બનાસકાંઠા જિલ્લાના સ્થળોનો પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરવા બાબત | ૧૯૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગામતળ નિમ કરવાની પડતર અરજીઓ | ૬૩ |
| | રાજયમાં પંચવટી યોજનાનો લાભ | ૪૮૫ |
| | રાજ્યમાં ગ્રુપ ગ્રામ પંચાયતોનું વિભાજન | ૫૧૮ |
| **કાંતિલાલ શી. અમૃતિયા** | | |
| | મોરબી અને માળીયા તાલુકામાં સસ્તા અનાજની દુકાનો | ૩૯૨ |
| **કારૂભાઈ ના. ચાવડા** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૪૬ |
| **કુંવરજીભાઈ મો. બાવળિયા** | | |
| | ૧૧મા રાજ્ય નાણાં પંચ દ્વારા પંચાયતી રાજ સંસ્થાને ફાળવેલ ગ્રાન્ટ | ૨૯૨ |
| | આરોગ્ય વિભાગમાં જિલ્લાવાર રહેમરાહે નોકરી આપવા બાબત | ૨૭૭ |
| | ધોરણ-૧૦ ના નવા આભ્યાસક્રમની માર્ગદર્શિકાઓ અંગે | ૩૮૪ |
| | નાયબ નિયામક આરોગ્ય હેઠળ હોસ્પિટલોમાં એમ્બ્યુલન્સના ડ્રાયવરોની ખાલી જગાઓ | ૨૭૯ |
| | બોટાદ અને જસદણને જોડતા મોઢુકા- દેવધરી-તુરખા રસ્તો ખરાબ હોવા બાબત | ૨૧૨ |
| | ભેળસેળમુક્ત અને વિટામીન યુક્ત ખાદ્ય તેલની જાહેરાતની અમલવારી | ૪૧૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૩૬ |
| | રાજકોટ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઈન્દિરા આવાસના મકાનને રીપેર માટે ચુકવેલ રકમ | ૨૪૫ |
| | રાજકોટ જિલ્લા પંચાયત હસ્તક્ના કાચા રસ્તાઓને જોબ નંબર આપવા બાબત | ૩૦૨ |
| | રાજકોટ જિલ્લા પંચાયતમાં ખાસ મરામત ગ્રાન્ટ હેઠળ રસ્તા રીપેર કરવા બાબત | ૩૦૩ |
| | રાજકોટ જિલ્લાના વિછીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં એમ્બ્યુલન્સ વાહન અંગે | ૮૯ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કુંવરજીભાઈ મો. બાવળિયા** | |
| રાજકોટ જિલ્લામાં ૧૦૦૦ થી ઓછી વસ્તી ધરાવતા ગામોમાં ડામર સપાટીવાળા રસ્તાઓ | ૧૮૩ |
| રાજકોટ જિલ્લામાં ૫૦૦ થી વધારે વસ્તી ધરાવતા ગામોના રસ્તાઓ ડામર સપાટી વિનાના હોવા બાબત | ૩૦૧ |
| રાજકોટ જિલ્લામાં ગ્રામ વિકાસ દ્વારા થયેલ વનીકરણ | ૨૪૬ |
| રાજકોટ જિલ્લામાં પંચાયત હસ્તકના નવા રસ્તાના કામ બાબત | ૨૯૯ |
| રાજકોટ જિલ્લામાં સરકારી સહાય મેળવતી હોસ્પિટલોની સંખ્યા અને ખર્ચ | ૨૭૮ |
| રાજ્યના મહેસૂલ વિભાગમાં રહેમરાહે નોકરી આપવાના કેસોના નિકાલ અંગે | ૨૪૭ |
| રાજ્યની હોસ્પિટલોમાં બંધ સી.ટી. સ્કેન મશીનો અંગે | ૨૨૬ |
| રાજ્યની હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિની રચના, નિમણૂંક અને કાર્ય અંગે | ૨૨૬ |
| રાજ્યમાં ઉદ્યોગોને પડતર જમીનો આપવા અંગે | ૨૯૬ |
| રાજ્યમાં જિલ્લાવાર આયુર્વેદ ડૉકટરોની ખાલી જગા ભરવા આયોજન | ૫૫ |
| રાજ્યમાં જિલ્લાવાર એલોપેથીક દવાખાનાઓમાં ખાલી જગાઓ | ૨૨૭ |
| રાજ્યમાં ડી. આર. ડી.એ. યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ અને પૂર્ણ થયેલ કામો. | ૨૮૯ |
| રાજ્યમાં નાની સિંચાઈ યોજનાઓ | ૨૩૭ |
| રાજ્યમાં બી.પી.એલ. ના સર્વેની કામગીરી પાછળ ખર્ચ | ૨૯૩ |
| રાજ્યમાં મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ | ૨૩૭ |
| રાજ્યમાં સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના હેઠળ પૂર્ણ થયેલા કામો | ૨૯૧ |
| શિક્ષણ વિભાગની પરામર્શ સમિતિની બેઠકો | ૪૦૬ |
| સરસ્વતી, નર્મદા, મહાસંગમમાં સરસ્વતી નદીમાં પાણી ભરવા બાબત | ૨૦૦ |
| સૌરાષ્ટ્રમાં નવા ચેકડેમો | ૨૮૨ |
| **કૌશિકભાઈ જ. પટેલ** | |
| ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો વાર્ષિક અહેવાલ | ૪૨૦ |
| મહેસૂલ વિભાગની ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ અન્વયેની અધિસૂચના | ૪૨૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૧૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૧૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૧૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૫૧ |
| **ગણપતભાઈ વે. વસાવા** | |
| વિરમગામ અને સાણંદ તાલુકાની ફેક્ટરીઓમાં સ્થાનિક રહીશોને રોજગારી | ૯૦ |
| સુરત જિલ્લામાં ઉકાઈ વિસ્તારમાં સિંચાઈના પાણીની સુવિધા આપવા બાબત | ૧૬૮ |
| સુરત જિલ્લામાં જંગલ વસાહતના ગામડાઓમાં રસ્તાઓનું આયોજન | ૬૧ |
| **ગૌતમભાઈ જે. ઝાલા** | |
| કઠલાલ તાલુકા પંચાયતનું બાંધકામ | ૪૯૭ |
| ખેડા જિલ્લામાં તલાટી કમ મંત્રીની જગ્યાઓ અંગે | ૫૧૮ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ગોપાલભાઈ ગા. ધુઆ** | |
| કચ્છ જિલ્લાના બન્ની વિસ્તારમાં ગાંડો બાવળ કાપવા અંગે | ૧૦૫ |
| કચ્છ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૫૦૨ |
| કચ્છ જિલ્લામાં કિશાન પથ યોજનાના કામ | ૧૯૭ |
| કચ્છ જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત | ૫૨૩ |
| કચ્છ જિલ્લામાં નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવાની અરજીઓ | ૮૪ |
| નગરપાલિકાઓમાં ઇ-ગવર્નન્સની સેવાઓ શરૂ કરવા અંગે | ૧૭૮ |
| પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં કચ્છ જિલ્લામાં રસ્તાના થયેલ કામો | ૨૧૦ |
| ભૂજ અને નખત્રાણા તાલુકામાં નીલગાય તેમજ ભુંડ દ્વારા ખેતીના પાકને નુકશાન | ૧૧૧ |
| રાજયમાં વધતી જતી બેરોજગારી માટે સકારાત્મક પગલાં લેવા અંગે | ૪૭૭ |
| **ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** | |
| અમદાવાદ શહેરમાં શિક્ષિત બેકારોની સંખ્યા અને રોજગારી | ૭૫ |
| અમદાવાદ શહેરમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ સહાય | ૪૮૩ |
| અમદાવાદથી આબુરોડ સુધીનો માર્ગ ફોર લેન કરવા બાબત | ૧૯૫ |
| ગારીયાધાર તાલુકાના ગામોને પીવાનું પાણી મહી-પરીએજ નર્મદા આધારીત યોજનામાંથી આપવા બાબત | ૧૭૫ |
| ડુંગળીના ટેકાના ભાવો માટે આયોજન | ૫૧૬ |
| નિરાધાર વિધવા સહાય મેળવવાની યોજનામાં સમય-મર્યાદા | ૩૯૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૨ |
| રાજયની પ્રાથમિક શાળામાં બાળકોનો ડ્રોપઆઉટ રેટ | ૩૬૪ |
| રાજ્યના આરોગ્ય કેન્દ્રોમાં ખાનગી પ્રેકટીસ કરવાની છૂટ અંગે | ૯૮ |
| **ગોવાભાઈ હ. રબારી** | |
| જયોતિગ્રામ યોજના અંગે | ૪૬૭ |
| જિલ્લા પંચાયતોમાં રહેમરાહે નોકરીની અરજીઓ | ૫૧૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૩૩૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૪૭ |
| રાજયમાં વધતી જતી બેરોજગારી માટે સકારાત્મક પગલાં લેવા અંગે | ૪૭૪ |
| **ગોવિંદભાઈ વ. પરમાર** | |
| જુનાગઢ જિલ્લામાં ખેત મજૂર વીમા યોજના હેઠળ મળેલ અરજીઓ | ૫૧ |
| જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર નાગરિક અધિકારપત્ર અન્વયે પડતર અરજીઓ | ૮૯ |
| ફીશરીઝ ખાતા દ્વારા માછીમારોને ડીઝલ વેચાણમાં સેલ્સટેક્ષ ફી આપવા અંગે | ૨૧૪ |
| **ચંદ્રકાંત મો. પટેલ** | |
| ડભોઈ તાલુકાના ચાણોદ કરનાળીને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા બાબત | ૧૮૭ |
| રોજગાર કચેરી દ્વારા ઉમેદવારોના ઇન્ટરવ્યુ અને સવલતો | ૬૦ |
| **ચંદ્રિકાબેન કા. ચુડાસમા** | |
| ઓકટ્રોય નાબૂદ કરવાના કારણે નગરપાલિકાઓને આપવામાં આવેલ ગ્રાન્ટ | ૧૬૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **ચંદ્રિકાબેન કા. ચુડાસમા** | | |
| | કન્યા કેળવણી નિધિમાં જમા રકમ અને ખર્ચ | ૪૧૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૩૪૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૨૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) | ૫૬૧ |
| | રાજ્યની માધ્યમિક શાળાઓનાં વર્ગોમાં નિયત ધોરણ કરતાં વધુ સંખ્યા | ૩૯૨ |
| | શ્રમ આયુક્તની કચેરીમાં સંવર્ગવાર મહેકમ અને ખાલી જગ્યાઓ | ૬૪ |
| **ચીમનભાઈ ધ. સાપરિયા** | | |
| | જામનગર જિલ્લામાં આદિવાસીઓને સરકારી યોજનાનો લાભ | ૩૧૦ |
| **છત્રસિંહ પું. મોરી** | | |
| | તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૪૪૬૬ના અનુસંધાને વધારાની માહિતી | ૪૨૧ |
| **છનાભાઈ કો. ચૌધરી** | | |
| | માંડવી તાલુકામાં ખેડૂતોને બિયારણ કીટસ તથા જંતુનાશક દવા આપવા અંગે | ૨૭૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૨ |
| | વલસાડ જિલ્લામાં આયુર્વેદ દવાખાનામાં ડૉક્ટરની ખાલી જગ્યા | ૨૨૭ |
| | વલસાડ જિલ્લામાં ગોકુલ ગ્રામ યોજના હેઠળના પૂર્ણ થયેલ કામો | ૨૪૩ |
| | વલસાડ જિલ્લામાં વન વિભાગની સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૨૨૩ |
| | વલસાડ જિલ્લામાં વૃધ્ધ સહાય યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ | ૨૬૩ |
| **છબીલભાઈ ના. પટેલ** | | |
| | કચ્છ જિલ્લામાં ૭/૧૨ ના દસ્તાવેજોની કોમ્પ્યુટરાઈઝ ભૂલો | ૭૯ |
| | કચ્છ જિલ્લામાં કપાસ અને અન્ય બિયારણમાં ભેળસેળ | ૫૧૯ |
| | કચ્છ જિલ્લામાં ખેતીના પાકના રક્ષણ માટે તારની વાડની સહાયની અરજીઓ | ૧૧૧ |
| | કચ્છ જિલ્લામાં ગોચરની જમીન ઉપરના દબાણ દૂર કરવા અંગે | ૪૯૮ |
| | કચ્છ જિલ્લામાં ઓદ્યોગિક હેતુ માટે જમીનની માંગણીઓ | ૧૦૩ |
| | કચ્છ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના હેઠળ સહાય | ૩૦૭ |
| | કચ્છ જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ કરવાનું આયોજન | ૨૦૯ |
| | કચ્છ જિલ્લામાં રાજ્યકક્ષાના રમત-ગમતના મેદાનોના વિકાસનું આયોજન | ૩૯૮ |
| | માંડવી તાલુકાની પ્રાથમિક શાળાઓને પીવાનું પાણી પૂરું પાડવા બાબત | ૧૯૫ |
| | સહકારી કાયદો સુધારવા સમિતિની રચના | ૫૩૭ |
| **છોટુભાઈ અ. વસાવા** | | |
| | ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું મહેકમ | ૨૭૦ |
| | રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ | ૨૪૭ |
